॥ હરિ:ૐ ॥

ખંડ ૧

શ્રીમોટાનું આત્મકથન

આ પ્રસંગોમાં એક ને એક બે કહીએ તેમ સંપૂર્ણ વાસ્તવિકતા છે. જીવનમાં જે રીતે જે કંઈ બનેલું છે, તે રીતે જ તાદૃશ્યપણે હકીકતના રૂપમાં અમુક ખાસ ભાગવતી હેતુથી જ પ્રગટાવવું, તેને આત્મશ્લાઘા ન ગણાય..... જીવનના જે નક્કર સ્વાભાવિક વાસ્તવિકપણે બનેલા પ્રસંગો છે તેને તે રીતે કથવા અને તે પણ એવું નિમિત્ત પ્રગટતાં — કથવા તે અમારે માટે તદ્દન યોગ્ય છે. આ તો જીવનની એક હકીકતનું પ્રાગટ્ય ખાસ હેતુપૂર્વક થયેલું છે. વખાણમાં અને આવી હકીકતના પ્રાગટ્યમાં ફરક છે. આત્મશ્લાઘામાં પ્રત્યક્ષ જીવનની વાસ્તવિકતા પ્રગટેલી ન હોય ને અતિશયોક્તિ હોય.

'જીવનદર્શન' પૃ. ૯૨ — **મોટા**

॥ હરિઃૐ ॥

૧. વિદ્યાર્થીદશા★

છેક નાનપણમાં ભારે કઠણાઈમાં ગરીબાઈમાં જીવન વીતેલું. ત્યારે કોઈ આધ્યાત્મિક પ્રકારની ભાવના જાગેલી ન હતી, તેમ છતાં જીવનમાં પ્રાપ્ત થયેલા ઉત્કટ નિમિત્ત પ્રસંગને કારણે ભણવાની તીવ્ર મહેચ્છા પ્રગટી હતી.

હું ગુજરાતી નિશાળમાં ભણતો હતો, ત્યારે આગળ ભણવાની શક્યતા ન હતી; કારણ કે ગરીબાઈ ભારે કારમી હતી. અમારું એક ઓરડાનું ને આગળ નાનકડી ઓશરીવાળું ભાડાનું ઘર કાલોલ (પંચમહાલ જિલ્લો)માં મુખ્ય સરિયામ રસ્તા પર હતું. મારા બાપને અફીણની અને હુક્કો પીવાની ટેવ. રોજ રાતે તેઓ અમારા ઘર પાસે ઓટલાની નજીક છાણાંથી દેવતા જીવતો રાખ્યા કરતા અને રાતે હુક્કો પીવાનું મન થાય ત્યારે તેમાંથી દેવતા લઈને હુક્કો પીતા. રાતે રોન ફરનારા સિપાઈઓ પણ ત્યાં બેસી વાતોચીતો કરે, ને કોઈ કોઈ હુક્કો પણ પીએ. આમ મારા પિતાને સિપાઈઓનો ભાઈચારો થયો હતો. એક દિવસ અમારા ઘેર મહેમાન આવ્યા હતા. તે રાત્રે ઓટલા ઉપર ખાટલામાં સૂતા હતા. તે રાતે રોન ફરનાર બે સિપાઈઓ આવ્યા. તેઓ મારા બાપની સાથે બેઠા અને વાતો કરવા લાગ્યા. તેમાંના એકે પૂછ્યું, 'અલ્યા ભગત! આ કોણ સૂતું છે?'' મારા બાપે જવાબ આપ્યો, ''મહેમાન છે.'' એટલે પેલા સિપાઈભાઈએ પૂછ્યું, ''તો પછી પોલીસ-ચોકીએ તેની ખબર કેમ નથી આપી?'' મારા પિતાએ જવાબ વાળ્યો, ''એવી ખબર કોળીવાઘરીને આપવાની હોય, અમારે નહિ.'' સાંભળ્યું

★પૂજ્ય શ્રીમોટાનું નામ શ્રી ચૂનીલાલ આશારામ ભગત. એમનો જન્મ તા. ૪ થી સપ્ટેમ્બર, ૧૮૯૮માં વડોદરા જિલ્લાના સાવલી ગામે થયો હતો. એમના પિતા વ્યવસાયે રંગરેજ અને સ્વભાવે ભજનાનંદી હતા. પ્રસ્તુત પુસ્તકમાં હવે પછી જે ઉલ્લેખો થશે ત્યાં 'શ્રીમોટા' એ નામ હશે.

ન સાંભળ્યું ત્યાં તો તે સિપાઈનો પિત્તો ઊછળ્યો ને મારતો-ઝૂડતો મારા પિતાને પોલીસચોકીએ લઈ જવા લાગ્યો.

આવું કારમું દૃશ્ય મારાથી જોઈ શકાયું નહિ. હું પહેરેલે લૂગડે દોડ્યો નાગરવાડામાં. ત્યાં શ્રી મનુભાઈ કરીને રાવસાહેબ રહેતા હતા. તેમને રાતે જગાડીને મારા પિતાની મારઝૂડની બધી હકીકત જણાવી. તે મારી પરત્વે ઘણા સહાનુભૂતિવાળા હતા. રોજ અમારા ઘર આગળથી જતા આવતા હતા ને મારી મા તેમનાં દળણાં-ખાંડણાં કરે, તેથી અમને સારી રીતે ઓળખતા હતા. તે રાતે મારી કથની કહેતાં હું ડૂસકે ડૂસકે રોયો હતો. તેઓ તરત ગાડી જોડાવીને મારી સાથે રાતે પોલીસચોકીએ પધાર્યા અને રુઆબભેર જમાદારને બોલાવીને મારા બાપને એકદમ છોડી દેવાનું કહ્યું. કાલોલ ગામના તે કાળના આવા પ્રખ્યાત અને પ્રતિષ્ઠિત નાગરિકને રાતે પોલીસચોકીએ આવેલા જોઈને જમાદાર ને સિપાઈ વગેરે નવાઈ તો પામ્યા, પરંતુ મારા બાપને છોડી દેવાને આનાકાની કરવા લાગ્યા. આથી તેઓ સાહેબે ઘાંટો પાડીને કહ્યું, ''હમણાં ને હમણાં ફોજદારને બોલાવો. મારે આ રંગરેજને મારવા માટે તમારા પર કેસ કરવો છે. તમે જે માણસને પકડ્યો છે, તે માણસને મારે અત્યારે ને અત્યારે મારી ઘોડાગાડીમાં બેસાડીને દવાખાને લઈ જવો છે. તેના મારનાં નિશાનને મારે દાક્તર પાસે તપાસરાવવાં છે.''

આ સાંભળીને હાજર હતા, તે બે-ત્રણ પોલીસ અને જમાદાર ગભરાયા અને મારા બાપને તેમણે છોડી મૂક્યા. પરંતુ આ પ્રસંગે મને ચોંકીને વિચારતો કરી મૂક્યો, ''ગરીબને આ સંસારમાં સૌ કોઈ હડધૂત કરે છે, અપમાનિત કરે છે અને તેને ગાળો પણ દે છે. પરંતુ આપણે ગરીબ હોઈએ છતાં કોઈ અવહેલના ન કરે એવી સ્થિતિ પેદા કરવા શું કરવું જોઈએ?'' આવી ઉત્કટ લાગણી જાગી. વિચાર કરતાં સમજાયું કે અમારા તાલુકાના મામલતદાર સાહેબને ગામના પ્રતિષ્ઠિતમાં પ્રતિષ્ઠિત ગણાતા નાગરિક પણ સલામ ભરે છે, તો મારે પણ તેવા થવું. તે માટે ખૂબ ભણવું જોઈએ. આથી મને ભણવાની ખરેખરી તત્પરતા જાગી હતી.

કાલોલમાં અંગ્રેજી નિશાળ નવીસવી ઊઘડેલી. ફી વડે એનો આધાર, પહેલાં-વહેલાં માફી તો કોણ આપે? તેથી આખી નિશાળનું મકાન વાળવાનું માથે લીધું. તે કાજે માસિક દોઢ રૂપિયો મળે. બધી બેંચો, ટેબલો, પાટલીઓ, ખુરશીઓ, પાટિયાં વગેરે બધું લૂછવાનું ને સાફ રાખવાનું. કદી કદી નિશાળના પટાવાળાનું કામ કરવાનું ને ભણવાનું. ભણવામાં પ્રભુકૃપાથી પ્રથમ નંબર રહેતો. આમ ભણતાં વધુ વર્ષ લાગે. જો પ્રભુકૃપાથી બે-ચાર વર્ષ કૂદી શકાય તો તેટલાં વર્ષ બચે. શ્રીપ્રભુકૃપાથી એક નવા મુખ્યશિક્ષક આવ્યા. તેમની સાથે અંતર્ગતપણે તે હેતુથી દિલમાં પ્રાર્થનાનો ભાવ દૃઢાવી દૃઢાવીને સંબંધ સાધ્યો. તેમને ઘેર જાઉં-કરું. શાક ચીજવસ્તુ લાવી દઉં. કૈંક ને કૈંક મદદગાર બન્યા કરું. છોકરાંને રમાડ્યા કરું. તેમનાં પત્ની મારા પર ઘણો પ્રેમભાવ રાખતાં. મને જે-તે ખાવાનું આપ્યાં કરે. ઘરના દીકરાના જેવો પ્રેમભાવ રાખતાં. એમ કરતાં કરતાં કુટુંબીજન જેવો થઈ ગયો. પહેલાં ચાર ધોરણ દોઢ વર્ષમાં પૂરાં કર્યાં. **('જીવનદર્શન' આ. ૨, પૃ. ૧૭૪ થી ૧૭૬)**

('જીવનસોપાન' આ. ૪, પૃ. ૧૬૭)

કાલોલની અંગ્રેજી શાળામાં ભણતો થયો, ત્યારથી અમારી તે શાળાના મુખ્યશિક્ષકના સંપર્ક ને સંબંધને કારણે કાલોલના નાગરવાડામાં જવા-આવવાનું વધારે થયેલું. ગરીબ હોવાથી સૌ કોઈ દયા કરે ને બતાવે. પહેરવાને કાજે જૂનાં પણ સારાં, ફાટી ન ગયાં હોય તેવાં કપડાં આપે. જો કે આ જીવે તે પહેર્યાં નથી, તેમ પાછો નકાર પણ ભણ્યો નથી. પ્રેમભાવે તે લઈ લેતો, ને તેમને સારું લાગે તેથી થોડીક વાર પહેરી તે ઘેર લઈ જતો, કાં તો મારાથી વધારે ગરીબ હોય તેને આપી દેતો; પણ તે પ્રેમભાવથી કરીને, દયા ખાઈને તો નહિ જ.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૦૬)

આ બધું લખવાનું કારણ એ કે જ્યારે દિલમાં કાંઈ કરવું છે, તેની ભાવનાનો પ્રચંડ અગ્નિ ઝળહળ બળ્યા કરતો હોય છે, તે વેળા કામ ગમે તેટલાં મળ્યાં કરે તેની કંઈ કશી પડી હોતી નથી.

કાલોલમાં જ્યારે ગુજરાતી નિશાળમાં ભણતો હતો અને હજુ સાતમું ધોરણ પૂરું થયું ન હતું અને ગરીબાઈની ભીંસ તો એટલી સાલતી કે મને એમ થયું, ''ચાલને, હવે કમાવા માંડીએ; તેથી કરીને જે કાંઈ

થોડું ઘણું વળતર થશે તેમાંથી આ ભીંસ પ્રભુકૃપાથી કૈંક હળવી બની શકશે.'' મારા પિતા તે વખતે ગોધરામાં રંગરેજનું કામ કરતા એટલે હું ત્યાં ગયો. અમારી પડોશમાં એક વેપારી ભાઈ રહેતા હતા. તેમની દુકાને એકવાર જઈને મને નોકરીએ રાખવા મેં બહુ વિનવણી કરીઃ ''થોડા દિવસો મારું કામ જોઈને જો તે યોગ્ય લાગે તો રાખજો.''

તેમણે મને રાખ્યો અને રોજ દુકાન વાળવાનું તથા એવું બીજું તદ્દન સાધારણ પરચૂરણ કામ સોપ્યું. રોજ સવારમાં વહેલો ઊઠીને દુકાનની કૂંચીઓ લઈ જઈને બધું વાળી-ઝૂડીને બરાબર સાફ કરતો. સામાન્ય રીતે આવા વેપારીની ગાદી ઉપરનાં ચાદર, તકિયાના ગલેફ વગેરે કેટલાય દિવસો સુધી ધોવાયાં વગરનાં મેલાં અને શાહીના કાળા ડાઘાવાળાં એમ ને એમ પડી રહેતાં હોય છે. પરંતુ મારે તો નાનામાં નાનું મળેલું કર્મ ઉત્તમમાં ઉત્તમ રીતે કરીને શેઠના મનને રીઝવવું હતું, કારણ કે મારે નોકરીએ લાગવું હતું. રોજ ચાદર, ગલેફ વગેરે ધોતો અને તેને એક પણ કરચલી ન પડે એવી રીતે પાથરતો. ક્યાંય પણ જરા સરખી ધૂળ ન રહે તેની દરકાર રાખતો. બધું જ વ્યવસ્થિત રીતે સુંદર લાગે તેવી રીતે ગોઠવતો. રોજ પ્રવેશતાં દુકાનને ભાવનાથી પગે લાગતો હતો અને કંકુ-ફૂલ-ચોખા પણ ચઢાવતો.

મારું આવા પ્રકારનું કામ જોઈને શેઠ બે-ચાર દિવસમાં આપોઆપ પ્રસન્ન થયા અને મને નોકરીએ રાખી લીધો. પણ પગાર કેટલો? માત્ર માસિક ૫ રૂપિયા, તે કાળમાં તે પણ સારા ગણાય. એક પછી એક જવાબદારીવાળું કામ મને સોંપતા ગયા. પછી તો ગામડેથી ખેડૂતો અનાજનાં ગાડાં લઈને આવે, તે જોખવાનું કામ પણ સોંપ્યું. તે કાળે મણ ઉપર બશેર-અઢીશેર વધારે જોખીને લેવું એ તો એક સામાન્ય કાયદો અને રીતરિવાજ થઈ પડ્યાં હતાં. એમાં કશું ખોટું ન ગણાતું. હું તો ખેડૂતોની સાથે બહુ પ્રેમથી વાતો કરતો. તેમને પણ રાજી રાખવાનું કામ કરું. તોલ પણ બરાબર રીતે, સરખી રીતે, તોળી લઉં. પેલા શેઠ તો એમ સમજતા કે 'આ ચૂનીયો પોતાના (શેઠના) લાભમાં જે તે બધું કરવાનો છે.' તેમનો સ્વાર્થ તો ખેડૂતો પાસેથી કેમ કરીને વધારેમાં વધારે તોળીને અનાજ લેવાય તેમાં હતો, એવી એમની સમજણ હતી. મારે તો પૈસાની ઘણી ઘણી જરૂર ને ભીડ હતી, એટલે આ કામ કરવું પડતું.

જોકે તે કાળમાં આવો રિવાજ પડી ગયેલો હતો એટલે એમાં કશું ખોટું કોઈને લાગતું ન હતું. જ્યારે શેઠે જાણ્યું કે હું બરાબર સાચી રીતનો તોલ કરીને બધું અનાજ લઉં છું, ત્યારે તેઓ મારા ઉપર બહુ ગુસ્સે થયા અને કેવી રીતે વધારે અનાજ તોળીને લઈ શકાય, તે બધી પદ્ધતિ હું એકલો હતો ત્યારે મને સમજાવી દીધી. તોળવાની કંપાણ ઉપર અમુક રીતે વજનનાં માપનાં કાટલાંના પલ્લાંની સાંકળને બીજાથી જરા પણ ન જાણી શકાય એવી રીતે સૂક્ષ્મ ઝોકનું સિફતથી દબાણ આપવાથી બશેર-અઢીશેર સહજ રીતે આવી જાય એવી કળા તેમણે મને બતાવી હતી. પછીથી મેં અનાજનાં ગાડાં જોખવાં માંડ્યાં, પરંતુ તેમણે બતાવેલી સિફતની રીત મેં અખત્યાર કરેલી નહિ.

પરંતુ ઓચિંતું એક વખતે કોઈક ખેડૂતની સાથે તેમને પોતાને તકરાર થતા તે વજન બરાબર છે કે નહિ તે જાણવાને કોઈક બીજા માણસને સોંપવાનું કર્યું, ત્યારે મારો ભવાડો પૂરેપૂરો પકડાઈ ગયો. આથી બધાંના દેખતાં મને ધમકાવ્યો અને બહુ ઊધડો લીધો. આથી પૈસાની તાત્કાલિક મને બહુ જરૂર હતી, છતાં પણ મેં તે નોકરી મૂકી દીધી અને વળી પાછું 'પુનશ્ચ હરિઃૐ' કરી ભણવાનું શરૂ કર્યું. પ્રભુકૃપાથી ભણવામાં બહુ હોશિયાર હતો તેથી તેમાં લાગી જતાં મને વાર લાગી નહિ. **('જીવનદર્શન', આ. ૨, પૃ. ૨૪૯-૨૫૧)**

સને ૧૯૧૯માં સારા ઊંચા માર્ક્સે મેટ્રિક પાસ થઈ ગયો. ગણિત, સંસ્કૃત અને ગુજરાતીના વિષયમાં ૭૦ ટકાથી ઉપર માર્ક્સ આવેલ. પેટલાદ હાઈસ્કૂલમાં પ્રથમ નંબરે પાસ થયો હતો ને તેનું ઈનામ પણ મળ્યું હતું એટલે કૉલેજમાં દાખલ થવાનું પ્રભુકૃપાથી બન્યું. જેમની મદદથી કૉલેજમાં ભણતો હતો, તેમની રકમ ઓછામાં ઓછી વપરાય તે મારા માટે ઉત્તમ ગણાય, એવી ભાવના તે કાળે પણ જીવંત હતી. વડોદરા કૉલેજમાં ભણવાનું થયું, પણ રહેવું ક્યાં? એ એક પ્રશ્ન હતો. કાલોલ ગામના એક નાગરભાઈ વડોદરામાં કૉલેજના ફેલો થયા હતા. મેં તમને વિનંતી કરી, ''મને તમારા ઓરડામાં કૃપા કરીને રહેવા દો. હું ઓરડાની વ્યવસ્થાનું બધું કામકાજ સંભાળી લઈશ.'' એમણે મારા પરની પ્રેમની લાગણીને લીધે મારી તે વિનંતી સ્વીકારી. તે કાળે તે

હોસ્ટેલનું નામ 'રેસિડેન્સી હોસ્ટેલ' એવું હતું. કૉલેજથી તે હોસ્ટેલ તરફ આવતાં જે મોટું મેદાન છે, ને જ્યાં ક્રિકેટની મેચો રમાય છે તેની સામે જ આ હોસ્ટેલ હતી.

હવે માત્ર રહ્યો જમવાનો પ્રશ્ન. એ વખતમાં પણ હોસ્ટેલને રસોડે એક માસનું ખર્ચ રૂા. ૨૩-૨૪ આવતું. મારે માટે તેટલું ખર્ચવાની શક્યતા ન હતી. જો કે તેટલું ખર્ચ્યું હોત તો મને મદદ કરનાર તેટલી રકમ પ્રેમથી જરૂર મોકલી આપત. પરંતુ મેં વિચાર્યું કે ઓછામાં ઓછા ખર્ચે પ્રભુકૃપાથી જેટલું નભાવાય તેટલું ઉત્તમ. મેં એક ઉપાય શોધી કાઢ્યો. શહેરની મધ્યમાં માંડવીની પેલી બાજુ ચાંપાનેર દરવાજા તરફ જતાં ડાબા હાથે વૈષ્ણવની એક હવેલી આવે છે. એક વાર મારી બા સાથે ત્યાં હું નાનપણમાં ગયેલો; તે મને યાદ હતું. તે મંદિર ખોળી કાઢ્યું. મુખિયાજીને મળ્યો અને પગે લાગ્યો. મેં કહ્યું, ''હું કૉલેજમાં ભણું છું. રોજ મારે ભગવાનનો પ્રસાદ જમવો છે; તો કૃપા કરીને મને રોજ એક પતરાળી આપવાનું કરો તો આપનો મોટો ઉપકાર.'' તેમણે હા પાડી. તેની કિંમત હતી માત્ર દોઢ આનો. ખાવાનું તદ્દન ચોખ્ખું અને પાછું ચોખ્ખા ઘીવાળું. રોજ સવારમાં વહેલો કૉલેજની હોસ્ટેલમાંથી નીકળી ફૂટપાથ પર વાંચતો વાંચતો ચાલું. અઢી માઈલ જવાનું અને અઢી માઈલ પાછા ફરવાનું. મંદિરે જઈને નાહી લઉં અને પતરાળી જમીને પાછો ફરી જાઉં. ત્યારે પણ ફૂટપાથ ઉપરથી વાંચતો વાંચતો ચાલ્યા કરું. આ હતો મારો કાર્યક્રમ. પહેલા સત્રમાં આમ પ્રભુકૃપાથી બરાબર ચાલ્યું. પરંતુ આ હકીકત મારા આધ્યાત્મિક મા*ના જાણવામાં આવતાં મને તેમણે તેમ ન જ કરવા દીધું. તે તેમનો મારા પર કેટલો પ્રેમ!

---

*કાલોલની શાળાના આચાર્યશ્રી ઘનશ્યામ નટવરરાય મહેતાના માસીબા પ્રભાવતીબહેન એ શ્રીમોટાનાં આધ્યાત્મિક મા હતા. અવારનવાર તેઓ કાલોલ આવતાં. શ્રીમોટા પ્રત્યે એમને ખૂબ હેત હતું. એમનું હૃદય ભક્તિભર્યું હતું. એમનો કંઠ મધુર હતો. મૌલાબક્ષ નામના એક વિખ્યાત સંગીતકાર પાસે તેઓ સંગીત શીખેલાં. ભક્ત કવિ દયારામનાં ભજનો પ્રેમ-ભક્તિથી મધુર કંઠે તેઓ ગાતાં.

આચાર્યશ્રી ઘનશ્યામભાઈની ભલામણથી શ્રીમોટા એમનાં આ આધ્યાત્મિક માને ત્યાં વડોદરા રહેતા હતા. તેઓ એમનાં આ માનું બધું જ કહ્યું કરતા. એમનાં વચનમાં એમને અખૂટ શ્રદ્ધા હતી. શ્રીમોટા એમના નોકરોનું પણ કહ્યું કરતા; અને આ આધ્યાત્મિક માના કંઠે ગવાતાં ભજનોમાં રમમાણ રહેતા.

વળી, હું હોસ્ટેલમાં રહેતો ત્યારે તેમાં જે નાગર વિદ્યાર્થીઓ રહેતા તેમની એક ચાની ક્લબ હતી. રોજ તેમને માટે હું પોતે ચા બનાવતો. દિવસમાં બે-ત્રણ વાર ચા બનાવવાનું થાય. તેમાંનો કોઈપણ ભાઈ મને કાંઈક કામ સોંપે, તો તે પ્રેમથી કરતો. મારે ઘણા જણનું મારા ભણવાના કામની સાથે કામ કરવાનું આવતું, તો પણ તેમનું કામ આનંદથી કરતો હતો. તેથી તે બધા ભાઈઓ મને મદદ પણ કરતા. જ્યારે જ્યારે તેઓ નાટક કે સિનેમા જોવા જાય ત્યારે મારી ટિકિટ જરૂર ખરીદી લે. જ્યાં જ્યાં ફરવા જાય ત્યાં પણ જરૂર તેમની સાથે મને લઈ જાય. હું પણ તેમના બરાબર ઉપયોગમાં આવી શકું તેવી જ રીતની વર્તનકળામાં સાવધાનીમાં રહેતો હતો.★ **('જીવનદર્શન', આ. ૨, પૃ. ૩૨૧ થી ૩૨૩)**

૨. ગાંધીમાર્ગે

કૉલેજના અભ્યાસના કામમાં પ્રભુકૃપાથી ઠરીઠામ થઈ શકવાનું પૂરેપૂરું બન્યું હતું. એક પછી એક દિવસો આનંદથી વીત્યે જતા હતા, ત્યાં એક મોટો ભારે ધડાકો થયો. રૉલેટ કાયદાની સામે ગાંધીજીએ માંદગીને બિછાનેથી પડકાર આપીને સત્યાગ્રહ કરવાનો નિર્ણય જાહેર કર્યો. પ્રજાને અહિંસક તાલીમ આપવા એપ્રિલની છઠ્ઠી તારીખનો દિવસ સામુદાયિક પ્રાર્થના, ઉપવાસ અને હડતાલનો જાહેર કર્યો. પ્રજાએ આનો સારામાં સારો જવાબ આપ્યો; પણ તે દિવસે પંજાબમાં ભારે રમખાણો થયાં. સરકારે પ્રજાની ઉપર ભયંકર જુલમ કર્યો. પંજાબના હત્યાકાંડની હકીકતો જેમ જેમ બહાર આવતી ગઈ તેમ તેમ લોકોનાં દિલ ચોંક્યાં, તેનો ન્યાય મેળવવાના એક નિમિત્ત-કારણે ભારતને સ્વરાજ્ય અપાવવાના મુક્તિસંગ્રામનો પેગામ સત્યાગ્રહ દ્વારા ગાંધીજીએ દેશને આપ્યો.

★એક વખત શ્રીમોટાને સ્વતંત્ર રીતે સિનેમા જોવા જવાનું દિલ થયું. સ્વતંત્ર રીતે સિનેમા જોવા માટે આર્થિક શક્તિ નહિ. આથી અંતરમાં મંથન જાગ્યું. એમણે સંકલ્પ કર્યો કે મિત્ર સિનેમા જોવા લઈ જાય તો પણ ન જવું. કારણ કે એ રીતે સિનેમા જોવાની ટેવ પડી હોય તો પાછું મન થાય. જેથી સિનેમા જોવાનું જ બંધ કરવું; એમ એમણે નક્કી કર્યું.

મને પણ ત્યારે એટલું બધું લાગી આવેલું કે હવે કૉલેજમાં ભણવાનું નિરર્થક છે. દેશનું કામ દેશના જુવાનો નહિ કરે તો બીજું કોણ કરશે? વાતાવરણમાં ઉશ્કેરાટ ભારે હતો. કૉલેજ મારે માટે છોડી દેવી એટલે જીવનમાં જે બનવાનું ધ્યેય અત્યાર સુધી સેવ્યું હતું ને જે જે બધી અભિલાષાઓ ઘડી હતી, તે બધી ભાંગીને ભુક્કો થઈ જવાની હતી. કુટુંબીજનો પણ મારા પર આશા રાખતા મીઠાં સ્વપ્નાં સેવતાં હતાં. હું કૉલેજ છોડી દઉં તો જે અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠની સંસ્થા ઊઘડવાની હતી, ત્યાં જઈને તેમાં ભણવાની મારે માટે કોઈ શક્યતા ન હતી. વળી તે કાળે જે જે બધાં મદદ કરતાં હતાં, તે બધાંનો વિચાર હું કૉલેજમાં આગળ અભ્યાસ કરું તે પ્રકારનો હતો. તેમનો અણગમો વહોરી લેવાનું મારે આવે તો તેનું મને દુઃખ પણ ઘણું થતું હતું. મને તત્પરતાથી મદદ કરવાને માટે મારા સુધી લંબાયેલો જીવતો જાગતો મદદનો હાથ હું ધુત્કારી કાઢતો ન હતો, પણ તે વેળા દેશની સેવા કરવાનોય ધર્મ છે, એવું દિલમાં જરૂર લાગી ગયું હતું.

મને મદદ કરનાર સ્વજનોએ ઘણું સમજાવી જોયું કે ભાઈ, તું ઉશ્કેરાટનો માર્યો આ બધું કરે છે. તે તારે માટે અને તારા કુટુંબને માટે યોગ્ય નથી. તું રખડી પડશે અને તારું કુટુંબ પણ રખડી પડશે. તે બિચારાં તારા પર આધાર રાખી રહેલાં છે. તે બધાંને તું રઝળતાં કરી મૂકશે. તું જ પોતે વિચારને! તને આગળ ભણવાની ગરજ કેવું થવાને માટે પ્રગટી હતી? તારા જીવનનાં તે સ્વપ્નાં બધાં લટકી પડવાનાં. આ ઉશ્કેરાટ બે-ત્રણ વર્ષમાં શમી જાય ત્યાં સુધી તું ભણ ને પછી તને જેમ ઠીક લાગે તેમ કરજે!

જ્યાં ત્યાં બધે 'હો - હા'નું વાતાવરણ હતું. ત્યારે મારા જીવનનાં હિતૈષી સ્વજનો મને તે ઉશ્કેરાટના વમળમાં તણાઈ ન જવાને સંબોધે તે તદ્દન વાજબી હતું. તેથી તેમની સલાહ મેં કદી પણ અવગણી નથી એટલું જ નહિ, પણ કેટલાય દિવસ તેના પર દિલમાં મંથન ચલાવ્યા કરેલું છે ને શાંત ચિત્તે વિચાર્યું છે. મારા પિતાને પોલીસોએ જુલમથી મારેલા તે દશ્યે પણ મારા કૉલેજ-ત્યાગમાં ભાગ ભજવ્યો છે. ત્યારે એમ પણ લાગેલું કે હવે જીવનનો પ્રવાહ કોઈ બીજી દિશામાં પ્રભુકૃપાથી

આપણને દોરી જવાનું કરે છે. દેશની સેવા કરવાનો પણ આપણો ધર્મ છે. બીજા દેશોએ જે સ્વાતંત્ર્ય મેળવ્યું છે, તે સ્વાતંત્ર્ય-સંગ્રામમાં અમારા જેવા કેટલાય જુવાનોનો તે ખપ્પરમાં ભોગ અપાયો હશે! દેશનું સ્વાતંત્ર્ય મેળવવાનું કામ આપણે દેશના જુવાનીયાઓ નહિ કરીએ તો બીજું કોણ કરી શકવાનું છે?

હું આ વિચારની ધૂનમાં ગરકાવ રહ્યા કરતો હતો. કૉલેજ છોડ્યા પછી મારે માટે સાવ અંધારું હતું. સાવ અંધારામાં જ મારે ભૂસકો મારવાનો હતો. ઘેરથી કોઈ મદદ કરી શકે એમ તો હતું નહીં. કોઈ નોકરી ખોળવાની વાત ન હતી. ફક્ત આંધળિયાં કરી ઝંપલાવવાનો માર્ગ મારે માટે ખુલ્લો રહેલો હતો. મેં મારા મનને વારંવાર ટકોર્યાં કરેલું કે ભાઈ, આમાં ઝંપલાવીશું તો દિવસો બહુ દોહ્યલા આવવાના છે. કદાચ ખાવાનું પણ નહિ મળે. કોઈ મદદ કરશે નહિ, અને મદદની અપેક્ષા રાખવી તે તો ખોટું છે. મદદ આવે તો પણ તે લેવી નથી. હવે તો આપબળે જીવવું તે વાત નક્કી છે. માટે હે મનવા! કૃપા કરીને ફરી ફરી આ બાબતમાં વિચારી લે. કેવી કેવી કફોડી સ્થિતિ જન્મવાની છે, તેનું પણ તાદૃશ્ય ભાન વિચારી-વિચારીને મનની સમક્ષ જગાડ્યું હતું.

તે દિવસો એવા તો ભારે ઉશ્કેરાટના વાતાવરણના હતા કે કૉલેજના વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાનું સૂઝતું નહિ. જ્યાં ને ત્યાં એનું એ જ વાતાવરણ. તે જબરદસ્ત વાતાવરણના વંટોળમાં સૌથી પ્રથમ જે જે વિદ્યાર્થીઓએ કૉલેજનો ત્યાગ કરીને તેમાં ઝંપલાવ્યું, તે વિદ્યાર્થીઓ પણ હોશિયાર વિદ્યાર્થીઓ હતા. મારી સાથે બરોડા કૉલેજમાંથી ત્યાગ કરનાર શ્રી પાંડુરંગ વળામે (જેઓ 'શ્રીરંગ અવધૂત'ને નામે સમાજમાં બહુ પ્રખ્યાત થયેલ) હતા. સૌથી પ્રથમ બરોડા કૉલેજમાંથી નીકળીને અસહકાર કરનાર અમે બે જ વિદ્યાર્થીઓ હતા અને તે પણ ૧૯૨૦ની કલકત્તાની સ્પેશિયલ કોંગ્રેસમાં મહાત્મા ગાંધીજી અસહકારનો ઠરાવ મૂકવાના હતા, ને તે ઠરાવ કોંગ્રેસ પાસે પસાર કરાવવાના હતા, તે પહેલાં અમે બંનેય વિદ્યાર્થીઓએ કૉલેજનો ત્યાગ કરવાનું નક્કી કર્યું. આ છે કૉલેજ ત્યાગનો ઇતિહાસ. (**'જીવનદર્શન', આ. ૨, પૃ. ૩૨૫ થી ૩૩૦**)

● ● ●

ગુજરાત વિદ્યાપીઠમાં તે સાલના જૂન માસને અંતે પ્રવેશ થવાનું તો કર્યું, પણ પૈસા શી રીતે મેળવવા? દરેક અઠવાડિયે 'નવજીવન' વેચીને જે રકમ મેળવતો, તેમાંથી જેમતેમ કરીને બધું ચાલતું. રવિવારે તે નીકળતું. એક નકલે એક પૈસો મળતો એટલે જેટલું વેચાય તેટલા પૈસા મળે. જેટલા મળે તેમાંથી સાત દિવસ ચલાવવાનું. કેટલાક દિવસ તો એક ટંક જ જમવાનું થતું.

એક વખત એવું બન્યું કે, રવિવારે માત્ર પચાસ જ 'નવજીવન' વેચાયેલાં. સાત દિવસ ચલાવવાનું. તે વેળા કોચરબના ઢાળ પાસે શ્રી ડાહ્યાભાઈ ઈજતરામના બંગલામાં વિદ્યાપીઠના વર્ગો ચાલતા હતા, ને આ જીવ હતો ગુજરાત કૉલેજની સામેની ચાલના સૌથી પહેલા ઓરડામાં. હવે સાત પૈસામાં એકેક દિવસ ચલાવવાનું. વિદ્યાપીઠમાં ભણતો હતો, ત્યારે જાતે હાથે પકાવવાનું કરતો. તે દિવસોના ગાળામાં કદીક કદીક ચણા-મમરા ફાકીને દિવસો ગુજારેલા. શહેરમાં સગાં-વહાલાંનાં ઘર તો હતાં. ગયો હોત તો પ્રેમથી જમવાનું મળ્યું હોત, પણ એમાં શોભા ન હતી.

આમ કરતાં-કરતાં એક ટ્યૂશન પ્રભુકૃપાથી મળી ગયેલું. મહિને પાંત્રીસ રૂપિયા ને તે કાળમાં મારા જેવા માટે ભયોભયો થઈ રહે. આ હકીકત લખવાનું કારણ એ કે ગમે તેવી કફોડી દશા પ્રકટે ને ગમે તેવી કસોટી પ્રકટે, પણ તેમાં પ્રભુકૃપાથી શહૂર પ્રકટાવીને જીવવાનું ખમીર જો દાખવીએ તો તેના પણ ઉપાય મળી રહેતા હોય છે.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૯૯, ૨૦૨)

તે કાળમાં ગુજરાત વિદ્યાપીઠનું વાતાવરણ પણ અભ્યાસને માટે મુદ્દલે યોગ્ય ન હતું. અવારનવાર સરઘસમાં જોડાવું, દેશના મોટા-મોટા નેતાઓનું આવવું, તેમનાં ભાષણોમાં જવું—આવા જ પ્રકારના વાતાવરણથી વિદ્યાર્થીઓનું માનસ ઘેરાયેલું રહ્યાં કરતું. ત્યાં અભ્યાસ તો કેવી રીતે કરી શકાય? ને થઈ પણ શો શકે? એટલે સરકારી કૉલેજમાં અપાતા શિક્ષણના વિકલ્પમાં રાષ્ટ્રીય ભાવનાને પોષક એવો કેળવણીનો

અભ્યાસક્રમ કૉલેજિયનોની સમક્ષ મૂકવાની જરૂર છે અને રાષ્ટ્રીય ભાવનાવાળા વિચારકોએ વાતાવરણનો સદુપયોગ કરવાના હેતુથી વિચાર્યું.

આથી ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ અને ત્યાં કૉલેજ ત્યાગીને આવેલા વિદ્યાર્થીઓ ભણવા લાગ્યા હતા. પરંતુ તે કાળ જ ભણતર માટેનો ન હતો. અમને બધા વિદ્યાર્થીઓને જુદા જુદા વિષયના અધ્યાપકો ભણાવવાનું તો જરૂર કરતા હતા. તેમનાં તે તે વિષયનાં પ્રવચનો અભ્યાસપૂર્ણ જે વિષયના હાર્દને યોગ્ય રીતે વ્યક્ત કરી શકે એવા પ્રકારનાં પણ હતાં. તે તે અધ્યાપકોની વિદ્યાર્થીઓ સાથેની મમતા, સહાનુભૂતિ અને તેમને મદદ કરવાની તેમની ઝંખના બેનમૂન હતી. વિદ્યાર્થીઓને મદદ કરવાની તેમની ભાવના પણ જરૂર સાકાર પામતી. વિદ્યાર્થીઓને કેમ કરીને બધી સગવડ મળી રહે, તે વિશે પણ તેઓ સારી રીતે વિચારતા. થોડોક કાળ ગયા પછી કોચરબના ઢાળેથી ગુજરાત વિદ્યાપીઠ ભૂલાભાઈના વંડામાં એલિસબ્રિજ સ્ટેશનની સામે ખસેડવામાં આવી. ગુજરાત વિદ્યાપીઠને માટે નવું મકાન થવાની તૈયારીઓ પણ થવા લાગી.

આ બધું થવાનું હતું તે દરમિયાનમાં ગાંધીજીએ અમારી વચ્ચે આવીને અમને સંબોધ્યા, તે પણ એક નવો ધડાકો જ થયો. તેમણે તો કહ્યું કે, ''મેં તો ધાર્યું હતું કે તમે બધા કૉલેજ છોડીને દેશનું કામ કરવાને મંડી જશો. દેશમાં અસંખ્ય ગામડાંઓ છે. તે ગામડાંના રહીશોને આપણા દેશમાં બનેલા બધા બનાવોની હકીકત તમે ત્યાં જઈને કહો. આ દેશમાં અંગ્રેજ રાજથી જે બધું બન્યું છે, તે બધી હકીકત તમે ત્યાં જઈને ગામડાંના લોકોને સમજાવો. પંજાબના હત્યાકાંડની વાત કરો તથા બીજી અનેક રીતે સમાજમાં નવો પ્રાણ, નવું ચેતન પ્રકટી શકે એવા કામમાં લાગી જાઓ. એટલા માટે મેં તમને કૉલેજનો ત્યાગ કરાવ્યો છે. આ તો તમે એક પ્રકારની ડિગ્રીનો મોહ છોડીને બીજા પ્રકારની ડિગ્રીનો મોહ તાજો રાખ્યો છે. કૉલેજ છોડાવવાનો મારો હેતુ તમે બધા જુવાનિયાઓ

દેશનું કામ કરો ને દેશને જગાડો એવા પ્રકારનો હતો. માટે તમે તમારો ધર્મ વિચારો ને મારી આ જે વાત છે, તે વિશે તમે ગંભીરતાથી ઊંડા ઊતરી સંશોધન કરો ને જો યોગ્ય લાગે તો આ વિદ્યાપીઠનું ભણતર પણ મૂકી દો અને દેશના કામમાં લાગી જાઓ. અત્યારે તે દિશામાં તમારી જુવાનીનો ખરેખર ખપ છે.''

ગાંધીજીનું આ જાતનું પ્રવચન દિલને વેધક હતું. તેમની વાત પણ તદ્દન સાચી હતી. એટલે 'સ્વરાજ્ય આશ્રમ'ની સ્થાપના શ્રી ગિડવાણીજીના અધ્યક્ષપણા નીચે થઈ. તેમાં તાલીમ લેવાનું મેં સ્વીકાર્યું. તાલીમ મેળવીને ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં કામ કરવા જવાનું બન્યું. વાગરા તાલુકાના વતનીઓ પછાત અને ત્યાં કામ કરવાની ઘણી મુશ્કેલીઓ હતી. એક પૈસો પણ મને મળતો નહિ. ટપાલ માટે પણ નહિ ને મુસાફરી માટે પણ નહિ. અનેક પ્રકારની અગવડોની વચ્ચે કામ કરવાનું હતું. પૈસાની અમુક મદદની જરૂર ખરી પણ તેની પણ શક્યતા નહિ. મને ફાવ્યું નહિ.

ફરીથી મેં તો ગુજરાત વિદ્યાપીઠમાં જઈને અભ્યાસ કરવાનું સ્વીકાર્યું પણ મને કોઈ એમ ને એમ તો દાખલ થવા ન દે! એક પરીક્ષા આપવી પડે; તે પણ આપી. અમુક ઠેકાણે કામ કરેલું છે એવો સરદાર શ્રી વલ્લભભાઈ પટેલનો ભલામણપત્ર મેળવી લાવવાનું ફરમાન થયું. તે પણ મેળવી શક્યો હતો. મારી પરીક્ષા લેવાની થઈ તેમાં પ્રભુકૃપાથી એક ખૂબી થઈ. જે પ્રશ્નપત્ર વાર્ષિક પરીક્ષાને માટે નીકળ્યો હતો, તે જ પ્રશ્નપત્ર મને જવાબ આપવાને માટે અપાયો. તે પ્રશ્નપત્ર પરીક્ષામાં બેસતાં પહેલાં હું સારી પેઠે વિચારી ગયો હતો. તે પ્રશ્નપત્ર મળવાથી હું તો બહુ જ રાજી થયો. તેમાં સારી રીતે પાસ થયો ને પાછું આગળ ભણવાનું શરૂ થયું.

હવે સ્નાતક થવાને થોડાક મહિના બાકી હતા, ત્યાં ગાંધીજીએ પાછું વિદ્યાપીઠમાં પ્રવચન આપ્યું કે, ''દેશ ભડકે બળે છે ને તમારા બધાથી ઠંડે કલેજે આમ અભ્યાસ કરવા કેમ બેસી રહેવાય છે?'' એટલે આપણું મગજ પાછું ઊછળ્યું અને સ્નાતકની ડિગ્રી (જે ૩-૪ મહિના રહ્યો હોત તો જરૂર મેળવી શકત)નો મોહ સમૂળગો મૂકી દીધો.

તેવામાં શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકનો શ્રી ગિડવાણીજી પર કાગળ આવ્યો કે કોઈને હરિજન-સેવા કરવાનું દિલ હોય તો તે કામ કરવાને ક્ષેત્ર ઘણું બહોળું છે ને તે કામ માટે વિદ્યાપીઠના વિદ્યાર્થીઓની ખાસ જરૂર છે. મારા મોટાભાઈ તો શ્રી ઈન્દુલાલભાઈની પાસે જ કામ કરતા હતા. તેમના શરીરની તબિયત નાદુરસ્ત હતી, પણ તે કાળે તેમને ટી.બી. થયો છે તેવું સ્પષ્ટ નિદાન થયેલું નહોતું. નડિયાદમાં શ્રી ઈન્દુલાલભાઈએ એક હરિજન આશ્રમ સ્થાપ્યો હતો. તેમાં મારે કામ કરવાનું આવ્યું, ને આમ સ્નાતકની ડિગ્રીનો મોહ છોડ્યો તે છોડ્યો જ. **('જીવનદર્શન', આ. ૨, પૃ. ૩૩૧ થી ૩૩૫)**

બીજે નોકરી મળતી ન હતી માટે મારે કુટુંબના નિર્વાહ અર્થે દેશ સેવાનું કામ પરાણે સ્વીકારવું પડેલું એમ ન હતું. પૂર્વ આફ્રિકાના કંપાલા શહેરમાં માસિક ૨૪ પાઉન્ડના પગારમાં તે કાળમાં હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી મળતી હતી. વળી, દર વર્ષે બે પાઉન્ડનો વધારો. દર ત્રણ વરસે ચાર માસની રજા ને દેશમાં આવવા-જવા માટે સ્ટીમરનું બીજા વર્ગનું ભાડું મળતું હતું. આ અંગેનો જે તાર આવેલો, તે પરીક્ષિતભાઈને વંચાવેલો હતો. ૧૯૨૩ની અધવચ્ચથી તો દેશસેવાનો હેતુ પણ ત્યજી દઈને પ્રભુપ્રીત્યર્થે જ જે તે કાંઈ કરવાનું છે, એવી નિશ્ચયાત્મક ભાવનાથી જ તે કામને (હરિજનસેવાને) પ્રભુકૃપાથી વળગી રહેવાનું બન્યું હતું. **('જીવન-સંશોધન', આ. ૨, પૃ. ૩૮૧-૮૨)**

● ● ●

ગુજરાત હરિજન સેવક સંઘમાં હું સભાસદ પણ ન હતો, તેમ છતાં ઘણીય વેળા ગુજરાત હરિજન સેવક સંઘની સામાન્ય અને કાર્યવાહક સભા પણ નડિયાદમાં મારે ઘેર ભરાતી. એક વાર અમારી તેવી સભામાં 'નિત્ય યુવાન' શ્રી નરસિંહકાકા પણ પધારેલા. અમારી તે સભાનું બધું કામકાજ જે રીતે થતું હતું તે પણ તેમણે પહેલાં તો જોયા કર્યું. અમે પણ જે કામ પર જે-જે ઠરાવો કરવાના હતા તે કરી લીધા ને કામથી જ્યાં પરવાર્યા ત્યાં નરસિંહકાકા સંબોધવા લાગ્યા, ''આ રીતે કદી અસ્પૃશ્યતા

નાબૂદ થઈ જવાની નથી. હિન્દુ સમાજની સામે હરિજનોને સત્યાગ્રહ કરવાનો કાર્યક્રમ આપણે આપવો જોઈએ. જાહેર કૂવાઓ ઉપર હરિજનોએ પાણી ભરવા જવું, જાહેર તળાવમાં નહાવું-ધોવું અને મંદિરોમાં દર્શન કરવા જવું—આવા જુદા જુદા કાર્યક્રમો હરિજનો આગળ મૂકવા. ને તે રીતે એક ભારે પ્રચંડ વેગ પકડાવવો. તમારા સંઘની આવી બધી રીતોથી (અલગ શાળા, અલગ આશ્રમો, શિષ્યવૃત્તિ, અલગ કૂવા ખોદાવવા વગેરે વગેરે) અસ્પૃશ્યતાને કાયમ રાખવી હોય એવું મને લાગે છે અને તમે જુવાન લોકો આવો એકડો-બગડો શીખવાને મંડી પડ્યા છો, તે બધું તદ્દન અર્થ વગરનું છે.'' તેમના બોલવામાં તેમની સાચી લાગણી જરૂર પ્રકટેલી હતી.

અમે મહાત્મા ગાંધીની સલાહ અને દોરવણીથી એ કામ કરતા હતા. ગુજરાત હરિજન સંઘના કેટલાક કાર્યકર્તાઓને પણ આવા કાર્યક્રમ પરત્વે બરાબર સંતોષ થતો ન હતો. તેથી તેમણે મહાત્મા ગાંધીની સાબરમતી આશ્રમમાં એક વાર મુલાકાત થઈ, ત્યારે ગાંધીજીએ આ જ રચનાત્મક પ્રકારના કાર્યક્રમને વળગી રહેવાનું ખાસ સૂચવ્યું હતું. તેમણે કહ્યું હતું કે હરિજનોમાં ખાસ હળવું, ભળવું, મળવું. તેમની સાચી ફરિયાદ હોય, જે કાંઈ હિન્દુસમાજ તરફથી કનડગત થતી હોય ને હેરાનગતિ થતી હોય તે બધી દૂર કરવાને ઉત્સાહપૂર્વક મથવું. તેમના ઉદ્યોગોને સજીવન કરવાના પ્રયત્ન કરવા.

છતાં નરસિંહકાકાએ પડકાર આપતું પ્રવચન કર્યું, તેને ઝીલી લેવું એમ મેં મનમાં નિર્ણય કરી લીધો. સંઘમાંથી રાજીનામું આપીને તેમની પાસે જવું ને તેમના સૂચવવા પ્રમાણે સત્યાગ્રહના કાર્યક્રમમાં ઝંપલાવવું. તેથી મેં અને મારા સાથી હેમંતભાઈએ તત્કાળ સંઘમાંથી રાજીનામું આપી દીધું ને બીજે દિવસે સવારે બિસ્તરા પોટલાં બાંધીને આણંદમાં નરસિંહકાકાને ઘેર ગયા. તેમને ઘરે અમને આવેલા જોઈને તે બહુ અચંબો પામ્યા. અમે કહ્યું કે સંઘમાંથી રાજીનામું આપીને તમારા એ અસ્પૃશ્યતા નિવારણ માટે સૂચવેલા સત્યાગ્રહના કાર્યક્રમમાં ઝંપલાવવાને આવેલા છીએ. હવે તમે સરદારી લો. તમે કહો તે ઠેકાણે ને કૂવે માથાં

ભંગાવવાને અમારી તૈયારી કરીને અમે અત્રે આવેલા છીએ. અમને આવી રીતે તદ્દન અણધાર્યા આવેલા જોઈને અને બધું સાંભળીને તેઓ સ્તબ્ધ થઈ ગયા.

તે સમયે ઈર્વિન-ગાંધી કરાર થયા હતા. તેની તપાસણીના કામમાં મહાત્મા ગાંધી બોરસદમાં હતા. નરસિંહકાકાએ થોડીક વાર વિચાર કરીને અમને જણાવ્યું કે હું બોરસદમાં જઈને ગાંધીજીની પહેલાં સલાહ લઈ આવું. તેઓ ત્યાં ગયા અને આ બધી બની ગયેલી હકીકત તેમને કહી સંભળાવી. ગાંધીજીએ તેમને સમજાવ્યું કે હરિજનોમાં હજુ આંતરિક બળ પ્રગટ્યું નથી અને તેમની એવી પાકી તૈયારી નથી. આ સ્થિતિમાં આપણે જો તેમની પાસે સત્યાગ્રહ કરાવીશું તો ઊલટી એમની સ્થિતિ કફોડી થવાની. તેમને થનારી કનડગતનો પાર નહિ રહે. આપણે તેઓને મોકળાશ પ્રકટે એવું કશું કરી શકવાના નથી ને સત્યાગ્રહથી તે લોકો ઊલટા વધારે બીકણ અને વધારે નબળા પડવાના. માટે હાલમાં તેમની કને તમે સૂચવો છો તેવી જાતનો સત્યાગ્રહ કરાવવો મુદ્દલે યોગ્ય નથી. નરસિંહકાકા આણંદ પાછા ફર્યા અને અમને મળીને ગાંધીજી સાથે તેમનો થયેલો બધો વાર્તાલાપ કહી સંભળાવ્યો અને બોલ્યા કે દિલગીર છું કે આપણાથી આ બાબતમાં વધારે કશું બની શકે એવી શક્યતા નથી. પરંતુ તમારાં બન્નેનાં હિંમત, સાહસ અને સહનશક્તિ જોઈને મને આનંદ થયો છે.

આ પ્રસંગ લખવાનો હેતુ તો એ છે કે કોઈપણ આપણી મર્દાનગીને પડકાર કરે ને તે આપણે નીચી મૂંડીએ સહન કરી લઈએ તો તે મુદ્દલે યોગ્ય નથી. જો કે એ પણ ખરું કે જીવનમાં કેટલીક વખત આવા પ્રસંગ ઊપજતાં વિવેક પણ રાખવો પડે છે, નમ્રતા પણ રાખવી પડે છે. આંધળિયાં કરીને એકદમ ભૂસકો મારવો તેનું નામ સાચી મર્દાનગી નથી. **('જીવનદર્શન', આ. ૨, પૃ. ૨૯૭-૩૦૦)**

● ● ●

૩. જીવનસંઘર્ષ

આ જીવ ગુજરાત વિદ્યાપીઠમાંથી ગુજરાત હરિજન સેવક સંઘમાં જોડાનાર સૌથી પ્રથમ વિદ્યાર્થી હતો. તેણે શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકના મંત્રી તરીકે કામ કરેલું. વળી, આશ્રમ તથા શાળા ઉપરાંત સંઘનું હિસાબી કામ પણ કરવાનું હતું.

કોઈક સંજોગોને કારણે શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકે હરિજન સેવક સંઘનું કામ મૂકી દેવાનું કર્યું. તે કામનું કેન્દ્ર નડિયાદથી ગોધરામાં પલટાયું. શ્રી ઇન્દુલાલે આશ્રમના વ્યવસ્થાપક તરીકે રૂા. ૬૫નું વેતન આપવાનું નક્કી કરેલું. પરંતુ મને આર્થિક ભીડ સદાય રહેતી. દર માસે રોકડ રકમ મળે એવું તો કશું ન હતું. જોકે ગામડામાં કામ કરતા શિક્ષકોને ઘણુંખરું દર માસે રકમ મળી જતી. વિદ્યાપીઠની શાળાના કામને માટે માસિક રૂા. ૫૦નું વેતન મળતું. 'હરિજન સેવકને આટલું બધું મોટું વેતન!' એવી ફરિયાદ પૂ. બાપુજી (ગાંધીજી) પાસે ગયેલી. તેમણે મને તેમની કને બોલાવેલો અને મને પૂછેલું કે આપણા ગરીબ દેશમાં ગરીબોની સેવાનું વ્રત જેણે લીધું છે, તેને આવડો મોટો પગાર પોષાય ખરો કે? મેં જણાવ્યું કે મારે કોઈ જીવનનિર્વાહનો બીજો આધાર નથી. મારા મોટાભાઈ કેટલાય સમયથી હરિજનનું અને જાહેર રાજકીય પ્રવૃત્તિનું કર્મ કરતાં કરતાં ક્ષયના રોગથી પીડાતા આણંદની ડૉ. કૂકની મિશન હૉસ્પિટલમાં પડેલા છે. તે ઉપરાંત આ જીવ સાથે બીજા છ જીવોનું પાલનપોષણ કરવાનું છે. મારાં બા, ભાભી, વગેરે જાતે ઘણી મહેનત કરે છે. તે બધી હકીકત પૂજ્ય બાપુજીને જણાવી, ત્યારે તેમણે પૂછેલું કે બે સંસ્થાનું કામ તમે એકલા આટલી નાની ઉમરે કેવી રીતે કરી શકો? પ્રભુકૃપાથી તે વેળાએ તેમને સ્પષ્ટપણે કહેવાનું બની શકેલું કે, "William Pitt, the younger was the Prime Minister of England at the age of 24." (વિલિયમ પીટ ૨૪ વર્ષની જુવાન ઉમરે ઇંગ્લૅન્ડનો વડાપ્રધાન થયો હતો.) એ જવાબથી તેઓ હસ્યા, પરંતુ થોડા જ સમયમાં ગુજરાત વિદ્યાપીઠ તરફથી મને હુકમ મળ્યો કે તમારે

બે સંસ્થાઓમાંથી ગમે તે એકમાં કામ કરવાનું નક્કી કરી લેવું. કારણ એમ જણાવાયું કે તમારા એકલાથી બંને સંસ્થાઓ પૂરેપૂરી યોગ્ય રીતે ન સંભાળી શકાય.

આ પ્રસંગ બન્યા પછી માત્ર ત્રણેક માસ બાદ તે બંને સંસ્થાઓ પાછી આ જીવને કામ કરવાને સોંપાયેલ હતી. વળી, તે વેળા આશ્રમમાં રાંધવાનું જાતે કરવાનું રહેતું. પાણી ભરવાનું ને ભરાવવાનું. શરૂશરૂનો ગુજરાતમાં તે સૌથી પહેલો આશ્રમ હોવાથી છોકરાંને નહાવું કેમ, પહેરવું કેમ, ઊઠવું કેમ, વર્તવું કેમ, પથારી કેમ કરવી, જમવું કેમ, મતલબ કે એકેએક તેમનાં કામમાં આપણે જાતે હાજરી આપી ઊભા રહેવાનું હોય જ. આજની પેઠે તે વેળા વધારે માણસો કામ કરનારાં ન હતાં. આશ્રમમાં પણ આ જીવ એકલો હતો. શરૂશરૂના સમયમાં એક હરિજનભાઈ મદદગાર તરીકે હતા અને વચ્ચે બીજા એક સવર્ણભાઈ હતા. તેમના ગયા બાદ તો આશ્રમનો કારભાર આ જીવે ચલાવ્યા કરવાનો હતો ને શાળા પણ. જે સ્થિતિ ત્રણ-ચાર માસ પહેલાં અયોગ્ય હતી, તે જ સ્થિતિ હવે કેમ શક્ય થઈ ગઈ હશે! વળી, તે વેળા આ જીવને શરીરે ફેફરુંનો રોગ લાગુ પડેલો. તે હકીકત સંઘના બીજા ઉપરી જવાબદાર ભાઈઓ જાણતા હોય તેમ છતાં કોઈના દિલમાં એમ થતું નહિ કે આ ભાઈને બે સંસ્થાનો ભાર સોંપેલો છે, ને તેના શરીરની સ્થિતિ તેને પહોંચી વળવાને યોગ્ય પ્રકાર નથી; તો તેને બેમાંથી એક સંસ્થાનો કારભાર સોંપીએ તો ઉત્તમ. પરંતુ એવું કોઈને પણ સૂઝેલું ન હતું. અંતે ખેંચાય ત્યાં સુધી ખેંચેલું. ને આ જીવથી જ્યારે થઈ ન શકે એવી દશા શરીરની બની તે વેળા તેણે જાતે અરજી કરેલી કે હવે બેમાંથી એક સંસ્થાનો કારભાર સોંપાય તો ઉત્તમ. તેથી આશ્રમને કાઢી નાંખી માત્ર એકલી શાળાનો કારભાર આ જીવને સોંપાયો. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૧૭ થી ૧૨૦)**

મારા મોટાભાઈનું શરીર ક્ષયના રોગથી ભારે હેરાનગતિ ભોગવતું હતું. મારી આર્થિક સ્થિતિ એટલી બધી તંગ હતી કે તેના શરીરની દવા કરાવવા મારે દેવું કરવું પડ્યું હતું. હું પોતે મારી મેળે દેવું કરીને કંઈ ન કરું ને દેવું ન કરવું પડે એમ વર્તવાનું વધારે પસંદ કરું. પરંતુ મારી બા

અને મોટાભાઈ બંને મને મેણાંટોણાં મારતાં. મને 'કંજૂસ'ના નામથી બિરદાવતાં. તેમના શરીરનો રોગ મટાડવા ફર્સ્ટ ક્લાસની મુસાફરી કરાવીને ભાવનગર તેમને લઈ જવામાં આવ્યા હતા. મોટાભાઈ મારાથી છાનામાના મારા જે-જે સંબંધીઓ હતા, તેમને કાગળો લખીને ત્યાં પૈસા મંગાવતા તેની મને ખબર પડી. આ બધું મારે ભરપાઈ કરવાનું હતું. વળી, તેમાંની કેટલીક રકમ તો સગાંવહાલાં પાસેથી પણ લેવામાં આવી હતી.

ભાઈનું શરીર ગયું, પરંતુ માથે આ દેવું ઊભું રહ્યું, તે ભરવું કઈ રીતે? તે સમયે ગુજરાત હરિજન સેવક સંઘની સેવામાં હતો. જ્યારથી સેવાનું વ્રત લીધું હતું, ત્યારથી સેવા સિવાય બીજા કશા કર્મને સ્વીકારવું નહિ એવો તો દૃઢ મરણિયો નિશ્ચય હતો. તેવું વ્રત લેવાનું કારણ એ કે ગરીબાઈ એટલી બધી હતી કે મારી બા તથા મોટા ભાભીને પણ બીજું કામ કરવું પડતું. તેઓ પોતાના ફાજલ સમયમાં તેવું કામ કરે તે બધાંને માટે અને તેમને માટે પણ ઈષ્ટ હતું. પરંતુ મારી બાને એમ થતું કે દીકરો આટલું બધું ભણ્યો ને સારા ઓળખાણના સંબંધો છે, લાગવગ છે, તે બધાં એને ઠેકાણે પાડવા ઊલટા રાજી થાય તેમ છે. છતાં તે કોઈ સારી નોકરી લેતો નથી! ઠેકાણે પડી જવાય એવી પૂરેપૂરી શક્યતા હતી તેમ છતાં મારી તે બાબતમાં મુદ્દલે ઈચ્છા હતી નહિ, ને થતી પણ નહિ. ઘણીવાર મારી બા આર્થિક તંગીની ભીંસને લીધે મને મહેણાંટોણાં મારે અને ગરીબાઈની ઉત્કટ લાગણીથી પ્રેરાઈને કદાચ પૈસા કમાવાની વૃત્તિ ઊપજે તો તેનાથી કરીને તણાઈ જવાનું ન બને એટલા માટે સમજી કરીને મેં હાથમાં ગંગાજળ લઈને એકમાત્ર દેશની સેવા જ કરવાનું વ્રત લીધું હતું. એવું વ્રત લીધાથી મને કદી મનમાં અસંતોષ થતો નથી કે ચણભણાટી થઈ નથી. પરંતુ આવી આર્થિક તંગીને લીધે ભાઈના શરીરના રોગને માટે કરેલી દવાનું દેવું કેમ કરીને ફીટી શકશે, તેના ઘણા બધા વિચાર મને વારંવાર ઉત્કટ સંવેદન પ્રગટાવતાં! તે ઋણ ફેડવાનો કોઈ માર્ગ મારા માટે ઊઘાડો હતો નહિ એટલે વારંવાર ઊઠતા વિચારની ધોંસ એટલી બધી કેટલીક વાર પ્રગટતી કે તેથી વિહ્વળ થઈ

જવાતું. તેની સાથે બીજાં માનસિક કારણો પણ જીવનમાં પ્રકટ્યાં હતાં. એક બાજુથી ગરીબાઈની તંગી ને બીજી બાજુથી દેવું ભરપાઈ કરવાની તાલાવેલી ઘણી હોવા છતાં તે ભરપાઈ કરવાની અશક્યતા. આમાંથી એક એવા પ્રકારનું ઘમસાણ પ્રગટ્યું, કે તે ઘમસાણની અસર શરીર પર થઈ. તેનાથી ફેફરુંનો રોગ શરીરને લાગુ પડ્યો.

તે વખતે શ્રી ઇન્દુલાલભાઈ યાજ્ઞિકની સાથે હરિજન સેવક સંઘ (તે વખતના અંત્યજ મંડળ)નું જવાબદારીભર્યું કામ સંભાળતો હતો. ગુજરાતની તે વખતની નીકળેલી બધી હરિજન સંસ્થાઓને દર માસે નાણાં મોકલવાં, તેનો હિસાબ રાખવો. બધી તેવી સંસ્થાઓ સાથે પત્રવ્યવહાર કરવો ને રાખવો અને નડિયાદમાં સ્થપાયેલા હરિજન આશ્રમની વ્યવસ્થા તથા તે અંગેનું બધું કામકાજ કરવાનું અને આ ઉપરાંત નડિયાદમાંની ગુજરાત વિદ્યાપીઠે સ્થાપેલી હરિજન શાળાનું કામ પણ મારે ભાગે આવેલું હતું. ભાઈ પરીક્ષિતલાલ ત્યારે તેમાં જોડાયા ન હતા. કામની ભારે જવાબદારી ને કામ સખત. તેને લીધે માનસિક ખેંચ પ્રગટતી. તે કાળમાં જાહેર કૂવેથી છડેચોક હરિજન બાળકોને હાથે પાણી ભરાવવાનું થવું કે કરવું એ પણ એક મુસીબતનું કામ હતું. મિશન હૉસ્પિટલથી દોઢેક ફર્લાંગ ડભાણને રસ્તે આ હરિજન આશ્રમ હતો. ને ત્યાંથી પણ અર્ધોએક ફર્લાંગ દૂર રામ તલાવડી પર એક હિન્દુઓનો જાહેર કૂવો હતો. ત્યાંથી આગળ-પાછળના બધા ખેડૂતો પાણી ભરી જતા. ખ્રિસ્તીભાઈઓએ એક અલાયદો કૂવો બંધાવ્યો હતો, પરંતુ ભગવાનની કૃપાથી અમે તો સાહસ કરીને હિન્દુઓના કૂવેથી પાણી ભરવાનું ચાલુ રાખ્યું હતું. ખેડૂતો અમને ઘણીવાર તે કૂવેથી પાણી ભરવાને માટે માર મારવાની ધમકી આપતા ને કોઈ કોઈ વાર તો તેવા પ્રસંગ ઊભા થઈ જતા. તો પણ સાહસ, હિંમત રાખીને તે કૂવેથી પાણી ભરવાનું ચાલુ રાખ્યું હતું. સને '૨૨-'૨૩માં હરિજનો માટે હિન્દુ સમાજમાં આજના કરતાં ઘણી વધારે ઉત્કટ સૂગ હતી. તેથી આ ખેડૂત ભાઈઓ આશ્રમનાં બાળકોને કંઈક કરી બેસે એવી પૂરી શક્યતા હતી. તેમની ધમકીની વારંવાર છૂટતી બૂમરાણથી 'બાળકોને કંઈ કશું થશે

તો શું?' એવું પણ ત્યારે સતત લાગ્યા કરતું. નડિયાદના બાગ આગળ જે જાહેર તળાવ છે ત્યાં એકધારું જમીનમાંથી ઊનું પાણી નીકળીને નાના ધોધ રૂપે તળાવમાં પડ્યા કરે છે, ત્યાં બધા વિદ્યાર્થીઓની સ્નાનવિધિ રોજ પતાવવાનું થતું. ત્યાં પણ હિન્દુભાઈઓની સાથે રોજ ભારે બોલાચાલી થયા કરતી.

આની પણ એક પ્રકારની ભારે ખેંચ પડતી. માનસિક ખેંચના ને તાણના આવા પ્રસંગોથી પણ આ શરીરને ફેફરુંનો રોગ લાગુ પડ્યો હતો. જતાં-આવતાં કેટલીય વાર સાઇકલ પરથી ભારે પછાડ ખાઈને પડી જવાનું બનતું. કેટલીયવાર સંસ્થાનું નાણું ગજવામાં હોવા છતાં પ્રભુકૃપાથી જે બચી જવાયું છે, તે માટે તે વેળાએ તો ભગવાનનો આભાર માની શકવાનું દિલ પ્રેમભક્તિ ભરેલું જાગી ગયેલું ન હતું; પરંતુ આજે હવે મને ઘીના દીવા જેવું સ્પષ્ટ રીતે સમજાય છે કે તે હજાર હાથવાળો ને હજાર આંખોવાળો સમર્થ ધણી મારી બધા પ્રકારે ત્યારે પણ સંભાળ રાખ્યા કરતો અને મારું રક્ષણ કર્યા કરતો હતો.

('જીવનદર્શન', આ. ૨, પૃ. ૧૮૫ થી ૧૮૯)

૪. હરિને ભજતાં

(૧)

મને શરીરે ફેફરુંનો રોગ થયો હતો ત્યારે આરામ લેવાને નિમિત્તે બે વાર નર્મદા કાંઠે રજા લઈને જવાનું બનેલું. એક વાર મારી સાથે શ્રી મહેશભાઈ મહેતા તથા શ્રી ભાનુપ્રસાદ પંડ્યા હતા. બીજી વાર એકલો હતો. ત્યારે નર્મદા નદીના મોખડીઘાટની પાર એક રણછોડજીનું મંદિર છે ત્યાં થોડાક દિવસ રહેવાનું કરેલું. ત્યાં એક સાધુ-મહાત્મા રહેતા હતા. તેમની હું રોજ સેવા-ચાકરી કરું. આ શરીરને ત્યાં પણ ચાર-પાંચ વાર ફેફરું થયું હતું. નીકળતી વખતે તે સાધુ-મહારાજને હું પગે લાગ્યો અને તેમના આશીર્વાદ માંગ્યા. તેઓએ મને ભગવાનનું સ્મરણ કર્યા કરવાનું કહ્યું ને તેથી રોગ મટી જશે એમ પણ કહ્યું હતું. પરંતુ જ્યારે

મારા મને એમ વિચાર્યું કે આ સાધુ-મહાત્માએ જંગલની કોઈક જડીબુટ્ટી આપી હોત તો મને વિશ્વાસ બેસત, પરંતુ ભગવાનના માત્ર સ્મરણથી રોગ મટી જાય એવું બિલકુલ સાચું અને શ્રદ્ધાપ્રેરક લાગ્યું નહોતું. વળી, પેલા સાધુ-મહારાજે મને એમ પણ કહેલું કે એક વરસ પછી તને કોઈ સદ્‌ગુરુ મળી આવવાના છે, તે તારા જીવનનો વિકાસ કરશે. પરંતુ તે વખતે 'જીવન' ને 'વિકાસ' એ મારા માટે તો માત્ર શબ્દ જ હતા. દેશની સેવા કરવાની ઉત્કટ ધૂન મારા માટે તદ્દન સાચી હતી. સેવાની એ ઉત્કટ ધૂનથી પ્રેરાઈને ગરીબાઈની સ્થિતિમાં ટકી રહેવાનું બની શક્યું ન હતું. પાછા વળતાં નર્મદા નદીમાં ઝંપલાવીને શરીરનો અંત આણી દેવાનો પણ પ્રયત્ન કર્યો હતો.

ગરુડેશ્વરથી આગળ જતાં નર્મદામૈયાને કિનારે એક ઊંચી ભેખડ આવે છે. તે ભેખડની ધારથી જરા પાછા હઠીને એકદમ દોટ મૂકીને શ્રીનર્મદામૈયાના ખોળામાં પડતું મૂકેલું. નર્મદામૈયાના જળના પુનિત પ્રવાહનો પગને સ્પર્શ થયેલો, તેનું અત્યારે પણ તાદૃશ્ય ભાન છે અને તેનું જીવંત ચિત્ર હજી ખડું છે. તે મૃદુ, કોમળ, શીતળ સ્પર્શ થયો ન થયો ત્યાં તો પાણીના પ્રવાહમાંથી એક પ્રચંડ વંટોળ પ્રગટ્યો! તે વંટોળે શરીરને ઉછાળીને ભેખડથી ક્યાંયે દૂર ફેંકી દીધું. તે વંટોળની મધ્યમાં અદ્‌ભુત દર્શન થયેલું. તે દર્શનનું સ્વરૂપ કોઈ સ્થૂળ પ્રકારની માતા જેવું ન હતું. તે દર્શન અલૌકિક પ્રકારનું હતું. તે વેળાએ ચમત્કારિક રીતે બચી જવાનું બન્યું ત્યારથી જ દિલમાં ઊગી ગયું કે, "By His Grace I am meant for something."

આજકાલના બુદ્ધિયુગના જમાનામાં આવી હકીકતને કોઈ માને નહિ એ સ્વાભાવિક છે. આવી હકીકતને બહાર મૂકવી એમાં કેટલાકને ડહાપણ પણ ન લાગે. પરંતુ જે સાચો અનુભવ થયો હોય, તે જગતની આગળ પ્રેમભાવે નમ્રતાથી મૂકવો તે જરૂરનું લાગે છે. આપણે માનતા હોઈએ તે જ માત્ર સાચું છે અને બીજું સાચું નથી એવી માન્યતામાં એક પ્રકારનો જડ મતાગ્રહ રહેલો છે. ઉપર દર્શાવેલા અનુભવ માત્ર hallucination (ઉત્કટ કલ્પનાનું સર્જન) હતું એવું મુદ્દલેય નથી. તે દર્શનમાંથી પ્રભુકૃપાથી પ્રેરણા મળેલી છે. ઉપરાંત સાહસ, હિંમત,

ધીરજ, સહનશક્તિ, મક્કમતા વગેરે ગુણ અને તેની શક્તિ પણ મળેલાં છે. તે અનુભવથી ઓચિંતું આપોઆપ જીવનનું વહેણ બદલાયું તે કંઈ નાનોસૂનો પ્રસંગ ન ગણાય. આવું માત્ર કલ્પનાના કે ઊર્મિના ઉત્કટપણામાંથી જીવનમાં ઉદ્‌ભવવું શક્ય નથી.

આ બનાવ બન્યા પછી હું વડોદરા ચાલ્યો આવ્યો. ત્યાં મારાં આધ્યાત્મિક માના મકાનમાં બીજે માળે શરીરને ફેફરુંનો હુમલો થવાથી શરીર દાદરાથી ગબડતું છેક નીચે પડ્યું ને ઈંટોની પરસાળમાં ઘસાયું ને શરીરે સાધારણ લોહીની ટશરો ફૂટી હતી. જરી ભાનમાં આવતાં નર્મદાના તે સાધુ-મહાત્માનું મને દર્શન થયું અને તેમણે મને કહ્યું કે, ''અલ્યા! ભગવાનનું સ્મરણ તો કરી જો! પ્રયોગ કરી જોવામાં તારું જાય છે શું?'' આ બધું પ્રગટ્યું તો ખરું, પરંતુ તે કાળે મારાં મનાદિકરણો જરા પણ આ પ્રકારની ભાવનાવાળાં નહિ હોવાથી તે સાધુ-મહાત્માનાં વચનને ને તેના સંસ્કારને બિલકુલ મહત્ત્વ આપી શકેલ નહિ. તે પછી શરીરે ઠીક થતાં આ બધી બનેલી હકીકત મેં મારા આધ્યાત્મિક માને જણાવી. મારી આવી હકીકત સાંભળીને તે બહુ રાજી થયાં. તેમણે કહ્યું કે, ''અલ્યા ચૂનીયા! તું તો ભારે બડભાગી છે. તું તારે હવેથી ભગવાનનું સ્મરણ કર્યા કર. ઊઠતાં-બેસતાં, હરતાં-ફરતાં, ખાતાં-પીતાં, સકળ કર્મ કરતાં એકમાત્ર ભગવાનના સ્મરણમાં લાગી જા. તને જરૂર મટી જશે.'

મને તે કાળે તે સાધુ-મહાત્મા કરતાં મારાં આ માંમાં વધારે વિશ્વાસ હતો. હું તેમનાથી ભગવાનનું નામ લેવામાં પ્રેરાઈ શક્યો. તે પછી મનને ટકોરી-ટકોરીને ભગવાનનું સ્મરણ કરવા લાગ્યો. વારંવાર તે ભૂલાઈ જતું અને વળી પાછું યાદ કરી-કરીને લેવા લાગ્યો. ફેફરુંના હુમલાની તીવ્રતામાં અને તેના ગાળામાં ફેર પડવા લાગ્યો અને ત્રણ-ચાર મહિનામાં તે મુદ્દલે મટી ગયું.

આ પ્રકરણે મારા માટે જીવનમાં નવો માર્ગ પ્રભુકૃપાથી ખુલ્લો થયો. જીવનવિકાસની સાધના શરૂ થઈ. એક વરસ પછી સાચેસાચ અમદાવાદમાં સાબરમતીના કિનારે આ જીવને સાધનાના માર્ગમાં વિકસિત કરનાર એક સદ્‌ગુરુ પણ મળી ગયા.

('જીવનદર્શન', આ. ૨, પૃ. ૨૦૦ થી ૨૦૨)

(૨)

સારા કે માઠા ગણાતા પ્રસંગમાં શ્રીભગવાનની કૃપા વરસી રહેલી જ હોય છે. આ કાંઈ માત્ર કલ્પનાની વાત નથી. આ જીવનમાંથી તારવેલી હકીકત છે. ૧૯૨૮ની સાલમાં પૂ. શ્રી સરદારના હાથે બોદાલમાં (તા. બોરસદ) હરિજન આશ્રમ ખુલ્લો મૂકવાનો હતો. તે પ્રસંગે નડિયાદથી મારી બા સાથે ત્યાં જવાનું બનેલું. સરદાર હોય એટલે લોકોનાં ટોળેટોળાં ઉમટે અને ધાંધલ ને ધમાલ હોય જ! સવારમાં કેટલાક લોકો આશ્રમના ખેતરમાં એક સાપને મારવા લાગેલા. તેમને તેમ કરતાં રોકીને સાપને છોડાવેલો. તે દિવસે અને રાત્રે ગિરદી અને શોરબકોર હતો તેથી એકાંત, શાંતિ ને જરા નિરાંત મળી શકે એ હેતુથી જરા દૂરના ખેતરમાં હું સૂતો હતો. પૂ. શ્રી ઠક્કરબાપા મને આરામથી શાંત જગ્યામાં સૂતેલો જોઈને પોતે પણ ત્યાં સૂવા આવ્યા. તેમનું જોઈ શ્રી શ્રીકાંત શેઠ પણ ત્યાં સૂતા. હું વચમાં હતો. રાતે, મધરાતે, માથામાં એક એવો ભારે ઝાટકો થયો, જાણે મોટા ભારે વજન સાથેનું માથાના મધ્યમાં વેગથી સોંસરું ઝાટકા સાથે કંઈ થયું હોય એવું લાગ્યું. ફટાક કરતાં બેઠું થઈ જવાયું. સાથળમાં જરા લોહી તથા ડંખ જેવું લાગ્યું. બીજાઓ પણ સફાળા જાગી ઊઠ્યા ને લીમડો, મીઠું વગેરે આપવા લાગ્યા. લીમડો ને તેનો રસ ઘણો લીધેલો એટલો કદાચ કડવો ન લાગે એમ જણાવ્યું. પછી બેભાન થઈ જવાનું અનુભવાવા લાગ્યું. તે વેળા પૂ. ગાંધીજીનું એક વચન ઓચિંતું યાદ આવી ગયું. 'જેને સાપ કરડ્યો હોય તેને મારી મારીને પણ જાગતો રાખવો, એમાં હિંસા નથી પણ શુદ્ધ અહિંસા છે.' તે યાદ આવતાં મન સાથે નક્કી કરી લીધું કે ગમે તેમ થાય પણ બેભાન નથી થઈ જવું. જોરશોરથી સ્મરણ કરવા લાગ્યો. સતત સ્મરણ ખૂબ મોટેથી કરતો હતો. એક બાજુ સાપનું ઝેર બેભાન કરાવવા મથે ને બીજી બાજુ જાગૃતિ રાખીને નામ લીધાં કરી તેમ ના થઈ જવાય એની જોરદાર પ્રેરણા અંતરમાં થયાં કરે. આમ ગજગ્રાહ મચેલો. મૃત્યુનો અનુભવ થયો ને નામસ્મરણ આપોઆપ પ્રાણપૂર્વક ને વેગથી થયાં કર્યું, થયે જ ગયું.

મને બોદાલ ગામમાં સાપ ઉતારવા લઈ ગયા અને ત્યાંથી આસોદર લઈ ગયા. તે પછી આણંદના મિશન દવાખાનામાં મને રાખ્યો હતો. આ યુદ્ધમાં નામસ્મરણ પ્રભુકૃપાથી એવું લેવાયાં કરાયું કે તે પછી એ અખંડ રહ્યાં કર્યું ને હૃદયસ્થ થયું. આ પહેલાં સકળ કર્મ કરતાં નામ-સ્મરણનો મહાવરો પાડવા એની કૃપાથી મથવાનું ચાલુ હતું, પણ તે અખંડ થતું ન હતું. આ ગાળામાં કેટલીય વાર હાર ખાવાપણું બનેલું. આ ધન્ય પ્રસંગ એવો બન્યો કે જેથી કરીને જે અતિ મુશ્કેલીથી સાધ્ય થાય તે સરળ અને સહજ બની શક્યું. તેમાંથી મને શ્રીભગવાનની પરમકૃપાનો અનુભવ થયો. એની કૃપા જીવનના સારા કે માઠા બંને પ્રસંગોમાં તરવરતી હોય છે. કિન્તુ આપણું મોં એની પરત્વેનું તેવી રીતનું ને હૃદયની તીવ્ર ભાવનાથી વળેલું હોતું નથી; તેથી કરીને જીવનના સારાનરસા બનાવોમાં તેની પરમ મંગલમય કૃપાનો અનુભવ માનવીને થતો નથી.

('જીવનપગરણ', આ. ૩, પૃ. ૧ થી ૩)

(૩)

જ્યારે નડિયાદ મરીડા ભાગોળે શાળાનું કામકાજ કરતો હતો, ત્યારે કેટલાક મુસલમાન છોકરાઓ આવીને અમને બહુ પજવતા. તે છોકરાઓને સમજાવવાનું બહુ કરી જોયું. તેમના ઓળખીતા-પાળખીતાને મળીને તેમના ઘરનું ઠેકાણું મેળવીને તેમના મા-બાપોને કાને પણ આ ફરિયાદ પહોંચાડી દેવાનું બન્યું. તે મુસલમાન છોકરાઓ અમને અનેક રીતે હેરાન કરે. અમારી શાળાનું મકાન સરિયામ રસ્તા પર હતું. ખોબે-ખોબા ભરીને તેઓ શાળાની અંદર ધૂળ નાંખે, ગોકીરો કરે, જતાં-આવતાં વિદ્યાર્થીઓને હેરાન કરે. આસપાસ બધે મુસલમાન લોકોની વસ્તી, તેમને શાંત પાડવાને બુદ્ધિથી વિચારીને બધા ઉપાય કરી જોયા. પણ કંઈ વળ્યું નહિ. અંતે વિચાર્યું કે, ''હવે જો આ હેરાનગતિને તાબે થઈ જઈશું તો તે આપણી મર્દાનગીને પડકારરૂપ છે. ઉર્દૂ નિશાળના કેટલાક મુસલમાન શિક્ષકભાઈઓને વાત કરી ને તેમના કાજીસાહેબને મળીને આ બધી હકીકત જણાવી. તોયે જ્યારે કંઈ ન વળ્યું, ત્યારે મેં નક્કી કર્યું કે આ છોકરાઓને સારી રીતે હવે મેથીપાક ચખાડવો. એક

દિવસ તેમને માર મારવાની યોજના પાકી રીતે વિચારી લીધી. તેના પરિણામનો પણ વિચાર કરી લીધો. બીજે દિવસે જ્યારે તેઓએ ઓરડામાં ખોબે ખોબે ધૂળ નાંખવા માંડી, ત્યારે બારણા પાછળ નેતરની જાડી મોટી સોટી લઈને અગાઉથી સંતાઈ ઊભો રહ્યો હતો. એટલે તેઓ ત્યાંથી એકદમ નાસી ન જાય, એવી રીતે ત્રણ-ચાર જણ ઉપર વરુની જેમ તૂટી પડ્યો. તેઓ બૂમાબૂમ કરવા લાગ્યા અને દોડી જઈને ઘણા માણસોને એકઠા કરીને તેડી આવ્યા. એમાંના કેટલાક તો એવા હતા કે જેમના કાને મેં વારંવાર આ છોકરાઓની ફરિયાદ નાંખી હતી. આ મુસલમાન ભાઈઓનું ટોળું ઉશ્કેરાયેલું હતું અને મને મારવાને એકદમ તૈયાર હતું. પરંતુ તેથી હું મુદ્દલે ભયભીત થયો ન હતો. તેઓના મનમાં પ્રકટેલા ઉશ્કેરાટમાં એકદમ ઓચિંતો પલટો આવી શકે એવું તાત્કાલિક કશું કરવાની જરૂર હતી, ને તે ઉપાય ભગવાને કૃપા કરીને મને બતાવી દીધો. તુરત મેં તો શરીર પરના લંગોટ સિવાયનાં બધાં કપડાં કાઢી નાખ્યાં. તે જોઈને તે બધા ઘડીભર તો સ્તબ્ધ થઈ ગયા. ને મારા શરીરની અચાનક આવી થયેલી હાલત જોઈને તેમના મનમાં જે ઉશ્કેરાટ પ્રકટેલો તેમાં ઓચિંતો પલટો આવી ગયો. તે વેળા મેં તેમને કહ્યું કે, 'હવે તમે સારી રીતે મારી શકો છો. જુઓ, હું તદ્દન ઉઘાડો થયો છું. તમારામાંના કેટલાકને મેં આ છોકરાંઓની ફરિયાદ કરેલી છે. આ છોકરાઓને ઘેર જઈને તેમનાં મા-બાપને પણ મેં કહ્યું હતું. આપણા કાજીસાહેબને પણ મેં વાત કરી હતી. આપણી આસપાસ રહેતા મુસલમાન શિક્ષકભાઈઓને પણ આ છોકરાઓની અમને થતી હેરાનગતિની હકીકત જણાવી હતી પણ આમાંનું કોઈ જ આ છોકરાઓને વાળવા આવ્યું નથી; એ તો જુઓ. આ છોકરાઓનો વાંક તો તમારામાંનું કોઈ જોતું જ નથી! શું અમારે રોજ ને રોજ આ છોકરાંઓની હેરાનગતિ સહન કર્યા કરવી? તમે તો બધા સમજુ છો અને મોટા છો, તો તમે જ ન્યાય તોળો.'

આ લોકોનો મારા શરીરને ઉઘાડું થયેલું જોઈને, ઉશ્કેરાટ તો કંઈક શમી ગયેલો હતો, એટલે તેમણે મારી કહેલી વાત જરાતરા પણ શાંતિથી

સાંભળી ખરી, તેમાંથી કોઈક તો ડાહ્યું નીકળે ને? તેણે મારી વાતને પૂરેપૂરો ટેકો ને સમર્થન આપ્યાં, એટલે ટોળાનો પ્રવાહ એકદમ બદલાઈ ગયો. ને બધા જ પછી તો કહેવા લાગ્યા કે, ''આ છોકરાઓને માર્યા તે સારું જ થયું. હવે તે તોફાન કરવાનું ભૂલી જશે. અરે ભગત! હવે ફરીથી આ છોકરાઓ તોફાન કરવા આવે તો એમની ખાનાખરાબી કરી નાંખજો!'' આમ બધા વિખરાઈ ગયા.

તે પછી તે મુસલમાન છોકરાઓએ અમને રંજાડવાનું સપૂચું મૂકી દીધું. રોજ મારે ઘેરથી મરીડા ભાગોળ મુસલમાન મહોલ્લામાં થઈને આવવા-જવાનું. જે છોકરાઓને માર્યા હતા, તેમના ઘર વટાવીને જતાં આવતાં એ છોકરાઓને પ્રેમથી બોલાવતો અને બે-ચાર પૈસાના ચણા લાવીને આપતો. તે પછી તો તેમની સાથે પણ દોસ્તી બંધાઈ ગઈ.

મર્દાનગીને પડકાર થાય ને એમાં સાવ નાલેશી થાય એવી સ્થિતિ કદી સહન કરી લેવી નહિ. તેનાથી મુક્તિ મેળવવાને આંધળિયાં પણ કરવાં નહિ. આપણે પોતાની પાકી તૈયારી કેટલી છે, તેનો સારી પેઠે યોગ્ય રીતે વિચાર કરવો ને જે તે વિચારીને કરવું જોઈએ.

('જીવનદર્શન', આ. ૨, પૃ. ૩૦૧ થી ૩૦૪)

(૪)

ગુજરાત હરિજન સેવક સંઘના સહમંત્રી તરીકે હોવા છતાં કોઈપણ જાતનું કામ કરતાં પ્રભુકૃપાથી નાનમ અનુભવી નથી. એકવાર કંઈક પૈસાબૈસા બેંકમાંથી લેવા કાજે કે મૂકવા કાજે શહેરમાં જવાનું હતું. આશ્રમ પાસેની 'સર્વસાક્ષી આમલી' આગળનું બસનું સ્ટેન્ડ હતું. ત્યાંથી જેવો બસમાં બેસવા જાઉં છું, તે જ વખતે તેમાં બેઠેલા બે ભાઈઓની માંહોમાંહેની વાતચીતમાંથી એકના શબ્દો કાને પડ્યા અને હું બસમાંથી નીચે ઊતરી પડ્યો. અલબત્ત, એમની વાત કોઈ ભૂતકાળના એમના પોતાના પ્રસંગ અંગે હતી, પણ એથી વીજળીની માફક પ્રકાશ ઝબક્યો ને અંતરથી એમ જ થયું કે બસમાં બેસવું નહિ. કશા આગળ-પાછળના વિચાર બુદ્ધિથી ઊપજેલા ન હતા. તે પછી હું સાઈકલ લઈને શહેરમાં જવાને નીકળ્યો તો વિદ્યાપીઠ પાસે પેલી બસને ભારે અકસ્માત થયો હતો. તેમાં બેઠેલાને વાગ્યું હતું ને બસમાં હું હોત તો મારી પણ તેવી વલે થઈ હોત. ('જીવનદર્શન', આ. ૨, પૃ. ૨૩૮)

(૫)

એકવાર નવસારી આશ્રમમાં આશ્રમના ૪-૫ વિદ્યાર્થીઓ સાથે નાસિક જેલમાં રાજકીય કેદીને મળવા સાઇકલની મુસાફરીએ નીકળેલા. મોટા મકનભાઈ, મોરારભાઈ, સીમુભાઈ તથા બીજાં નામ યાદ આવતાં નથી. દિવાળીનો વખત. નવસારીથી વલસાડ અને ધરમપુર પછી ગાઢ જંગલો આવે. ધોધમાર વરસાદને કારણે બધી સડકો ધોવાઈ ગઈ હતી. ઘણે ઠેકાણે પાણીના પ્રવાહને લીધે મોટા ખાડા પડી ગયેલા. ધરમપુર વટાવ્યા બાદ અંધારું થવાની તૈયારી હતી. આખી સડકને રસ્તે માથાપૂર ઘાસ ઊગેલું હતું. એમાં સાઇકલથી રસ્તો પસાર કરતાં એકદમ દિલમાં સ્ફુરણ થયું કે હવે બસ આગળ નથી જવું. આશ્રમના વિદ્યાર્થી-મિત્રોને કહ્યું કે આપણે રાત્રે આ સ્થળે જંગલમાં પડાવ નાખીશું. એક મોટા ઝાડ તળે આસપાસ જગા સાફ કરી લાકડાં વીણી લાવી ધૂણી ધખાવી. વારાફરતી અમે ચોકીદાર થતા. સવારમાં સારી પેઠે સૂર્યોદય થતાં અમે પાછા મુસાફરીએ નીકળ્યાં. થોડુંક ચાલ્યાં ત્યાં રસ્તામાં મોટો, પહોળો, ઊંડો ખાડો દીઠો. અમે રાત્રે અંધારામાં આગળ સાઇકલ પર ચાલ્યા હોત તો તેમાં ગબડી જાત, પણ પ્રભુકૃપાથી બચી ગયા.

(**'જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૩૯**)

(૬)

નડિયાદમાં જ્યારે જ્યારે બોકડની બાવળી★માં સૂવા જવાનું થતું, ત્યારે મને બીવરાવવાનો ને ભય પમાડવાને ત્યાં આવનારા લોકો પેંતરા રચતા. મને મારવાની અને ખૂન કરવાની પણ ધમકી આપતા. એક વાર ત્રણેક ભાઈઓ ચોરીનો માલ લઈને તે બાવળીમાં છુપાઈને ભાગ વહેંચતા હતા. તેમણે મને જોયો. તેમાંનો એક જણ બોલ્યો કે, સાલાને પૂરો કરી નાંખો, જેથી આપણને ઓળખે નહિ. પરંતુ તેમાંનું કોઈ ભગવાનની કૃપાથી તે માટે સળવળ્યું નહિ. બોકડની જગ્યા બધી રીતે ભયંકર હતી. (**'જીવનદર્શન', આ. ૨, પૃ. ૩૦૪**)

★અત્યારે આ સ્થાનની ભયંકરતા નથી. તેમજ એનું નામનિશાન નથી. તે ઠેકાણે બધાં મકાનો નવાં બન્યાં છે.

(૭)

સત્યાગ્રહના સમયે કાચી જેલમાં કેદીઓને ભારે હેરાનગતિ ને કનડગત થતી. તેમની પાસેથી વાત કબૂલ કરાવવાને ઘણી વખત અધૂકડા પડાવે ને કશુંક વજન બરડા પર મૂકે. આવી ભારે નાલેશી પોલીસલોક કરતા. મને પોતાને તે લોકોએ આવી રીતે હેરાન કરી જોવાનો પ્રયત્ન કર્યો હતો. હું બધો વખત પ્રાર્થનામાં, ભજનમાં, સ્મરણમાં, ધ્યાનમાં વગેરે સાધનાના અભ્યાસમાં ભાવનાથી મારો સમય ગાળ્યા કરવાનું એકધારું પ્રભુકૃપાથી મથ્યા કરતો. ત્રાટકનું સાધન પ્રભુકૃપાથી હું સાધી શક્યો હતો—જે જમાદાર મારી પાસે અધૂકડો પડાવવા આવ્યો, તેની આંખ સામે પ્રભુકૃપાથી ત્રાટક માંડવાનું સૂઝી ગયું ને તેમ મેં કર્યું. મને આવું કંઈ કર્યા વગર ખેડા સબ જેલમાં મોકલી આપ્યો. **('જીવનદર્શન', આ. ૨, પૃ. ૩૦૪)**

(૮)

મને જે પ્રિય ભજન છે તે સૌ કોઈ જાણે છે :

''હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે.'' તે ભજનમાં *'વહાલે નરસિંહ મહેતાને હાર હાથોહાથ આપ્યો રે'*એમ છે. તે હકીકતને આપણી હાલની બુદ્ધિ સ્વીકારી શકે એમ નથી તેમ છતાં મારા જીવનમાં થોડા પ્રસંગો બનેલ છે તે લખું છું.

શ્રી માલવિયાજીએ આપણી હિન્દુ સંસ્કૃતિને જીવતી રાખવા કાશીમાં હિન્દુ યુનિવર્સિટી સ્થાપી છે. તેના નિભાવ માટે ભારતના હિન્દુ સમાજને ટહેલ નાખી હતી. જીવનનું મૂળ સંસ્કૃતિ છે. સંસ્કૃતિ પ્રત્યેનું મારું આકર્ષણ પ્રભુકૃપાથી અજબ અને અતૂટ હતું ને હજી પણ છે. તેના આનંદથી દિલમાં એક પ્રકારની આપવાની ભાવના—ઉત્તેજના પ્રકટી. પરંતુ આર્થિક સ્થિતિ એટલી બધી તંગ હતી કે ન પૂછો વાત. માત્ર ૪૭॥ રૂપિયામાં સાત જીવોનું પૂરું કરવાનું. બાકીના ૨॥ રૂપિયા સહકારી મંડળીમાં ફરજિયાત બચત તરીકે જતા. જીવન-વ્યવહારમાં મારા પોતાના માટે એક પૈસો નકામો ખરચવાનું મારાથી બની શકતું નહિ. હજામત મહિને એક વાર કરાવતો. હજામતનું સાધન પણ પાસે ન હતું. આર્થિક ભીંસમાં યુનિવર્સિટી ફંડમાં આપવાનું દિલ પ્રકટ્યાં કરતું હતું.

એવામાં અમે બંને મિત્રો સાબરમતી આશ્રમમાંથી શહેરમાં ક્યાંક જવા નીકળ્યા હતા. આશ્રમમાંથી થોડેક દૂર ચાલ્યા હઈશું, ત્યાં ચંદ્રભાગાના પૂલની નજીક જમણે હાથે એક વૃક્ષ આવતાં મને લઘુશંકાની વૃત્તિ થઈ. મેં મિત્રને 'જાઉં?' એમ પૂછ્યું અને એમણે સંમતિ આપી. તે કાળે એવું બધું પણ પૂછીને કરતો હતો. કોઈને આવું બધું ગાંડપણ લાગે પણ તેમાં મારો જીવનવિકાસનો હેતુ જાગૃતપણે રહેતો હતો. લઘુશંકા પૂરી થઈ રહેતાં ઊઠવાનું થતાં વેંત પાસે પડેલા એક કાગળિયા પર મારી નજર પડી. તે હાથમાં લેતાં પાસે ઊભેલા મિત્રને તે બતાવતાં તેમાંથી બે વીંટી નીકળી. સાથે લખાણ હતું કે, 'આ તારા ઉપયોગ માટે છે.' અમે બંનેએ બજારમાં સાથે જઈને તે વીંટીની રકમ બનારસ મોકલી દીધી. જીવતીજાગતી ભાવનાનો એક પ્રત્યક્ષ પુરાવો છે.

('જીવનદર્શન', આ. ૨, પૃ. ૮૩–૮૪)

(૯)

સને '૩૮માં આ જીવનું શરીર લોહીના ઝાડાથી પટકાયું. વાડીલાલ સારાભાઈ દવાખાનામાં દર્દી તરીકે દાખલ થવાનું બન્યું. તે રોગ મટ્યો નહિ એટલે કરાંચી જવાનું થયું. યોગ્ય સારવાર અને દવા થતાં તે મટી ગયો. તે પછી ગાંધીજીએ શ્રી ઠક્કરબાપાના શરીરને ૭૦ વર્ષ પૂરા થતાં ફાળાને કાજે 'હરિજનબંધુ'માં અગ્રલેખ લખેલો વાંચ્યો. તે ૭૦ હજારનો ફાળો તદ્દન નજીવો ગણાય અને એકદમ ભરાઈ જવો જોઈએ એમ ગાંધીજીએ લખ્યું હતું. મારે તે ફાળામાં કૈંક ભરવું જોઈએ એવો આગ્રહ ત્યાંના એક બહેને ખાસ કર્યો હતો.

મારી પાસે આપવાનું કંઈ નહિ. બીજા કનેથી લઈને ભરું એવું ગમે નહિ. તે બહેન મને કહે કે જો તમે દિલથી ફાળામાં ભરવાનું ખરેખરું ઇચ્છો, તો તમને રકમ આભમાંથી પડીને મળી આવે. શ્રી ઠક્કરબાપાએ જે પ્રકારની આદિવાસીઓ અને હરિજનોની સેવા કરી છે એમાં કેટલી ધગશ છે! એમાં કશું યદ્વાતદ્વાપણું નથી એટલું જ નહિ પણ તેમણે યોગ્ય વ્યવસ્થા ઉપજાવી છે. અમુક પ્રકારની ચોકસાઈ, કાળજી, ખંત, હિસાબની ચોખવટ વગેરે કળાઓ એમના જીવનમાં પ્રકટેલી છે. તે સેવાનું મૂલ્યાંકન ને યોગ્ય કદરભક્તિ ગુજરાતને પ્રકટેલી નથી એવું એવું મને ત્યારે પણ લાગ્યા કરતું હતું.

આમ એ બહેનની આગ્રહભરી ટકોરથી અને તેમના જીવનની આવી સેવાપરાયણતાના ભાવથી પ્રેરાઈને તે ફાળામાં જો કંઈક મારાથી આપી શકાય તો મને બહુ આનંદ પ્રકટે, એવી અભિલાષા મારા મનમાં થનગનાટ કરવા લાગી. પ્રભુકૃપા હોય તો તેવી શક્યતા જરૂર પ્રકટી શકે એવું ભાન ત્યારે જરૂર હતું. હવે બન્યું એમ કે બેસતા વરસના દિવસે બાપુ* તથા તે બે બહેનોની સાથે અમારે કરાંચીના કેટલાક સદ્‌ભાવી સજ્જનોને ત્યાં મળવા જવાનું થયું. કરાંચીના માજી મેયરશ્રી ચાગલા-સાહેબને ત્યાં તેમના બંગલે અમે ગયાં ત્યારે તેઓ નમાજ પઢી રહ્યા હતા, એવી અમને ખબર મળી. અમે બહાર જરા વાર મોટર ઊભી રાખી નીચે ઊતર્યાં. દીવાનખાનામાં પેસવા જતાં પહેલાં મારી નજરે એક વીંટળાએલો કાગળ રસ્તા ઉપર પડેલો જોવામાં આવ્યો. કરાંચીના રસ્તા એટલા બધા સાફ અને સ્વચ્છ કે કંઈક પડેલું નજરે ચડ્યા વિના રહી ન શકે. તે કાગળને ચીંધીને બહેનને મેં કહ્યું, ''જો, પેલું કશુંક પડ્યું છે!'' તે ઊંચકીને જોતાં એમાંથી પાંચ રૂપિયાની નોટ નીકળી. તેમાં ઉર્દૂ ભાષાનું લખાણ હતું કે તે રકમ તારે મનગમતી રીતે વાપરવા માટે છે. પ્રભુકૃપાથી આવી આભમાંથી પડેલી રકમ શ્રી ઠક્કરબાપાના ફાળામાં ભરી દીધી. ('જીવનદર્શન', આ. ૨, પૃ. ૮૬–૮૭)

(૧૦)

મારી આર્થિક તંગીની ભીંસ કેવી હતી, એ મારા મિત્રો જાણતા. તેમની પાસે કદી મેં કશું માંગ્યું નથી. એક વખત મારે કોઈ સંજોગોને કારણે પૈસાની ઘણીઘણી જરૂર પડી હતી. કોઈની પાસે માંગવાનું ત્યારે પણ દિલ થતું નહિ એટલે માંગણી કરતો નહિ. વળી, રકમની તાત્કાલિક જરૂરિયાત હતી. ભગવાન તેના ભક્તને આપત્તિના સમયમાં કોઈ રીતથી મદદ પ્રેર્યા કરે છે, એવા પ્રકારનું જ્ઞાનભક્તિપૂર્વકનું આશ્વાસન મારા માટે નાનુંસૂનું ન હતું. તે આશ્વાસનથી મને એક પ્રકારની ઓથ અને હૂંફ મળ્યા કરતા પણ તે નિરાકાર હતી. મારે તો ભગવાનની

*શ્રીમોટાના એક વડીલ સજ્જન શ્રી પરસદભાઈ ઊર્ફે પ્રિયંવદભાઈ નટવરલાલ મહેતા, જેઓ સિંધિયા સ્ટીમ નેવીગેશન, કરાંચીના મેનેજર તથા જાણીતા વિદ્વાન શ્રી નરિસંહરાવ ભોળાનાથ દિવેટીયાના જમાઈ હતા.

કૃપાથી તેવી ઓથ અને હૂંફ સાકારપણે પરિણામરૂપે પ્રકટેલી હોય ત્યારે ભીંસ ટળી શકે તેમ હતું. આવી સ્થિતિ માટે મેં ભગવાનને કદી પ્રાર્થના કરી નથી. ભારેમાં ભારે કટોકટી ભરેલી તંગ સ્થિતિ પણ ભાવ કેળવવા માટે, કે ભાવમાં ભાવથી જીવંતપણે જીવવાને માટેની હોય છે. હું ભીડને કદી ગણકારતો ન હતો, પરંતુ તેથી ભીડ જતી રહેતી હતી એવું કશું નહોતું. જો કે ભીડની ભીંસ મને દાબી દેતી ન હતી અને વળગતી પણ નહોતી, તે તો પ્રત્યક્ષ અનુભવે પરખાતું, એમાં ભગવાનની કૃપા અનુભવતો.

એક દિવસ સાંજે અમે બધા કાવેરી નદીકિનારે (કુંભકોણમ્) એક સાધુ મહારાજનાં દર્શને જતા હતા. તે વેળા મારી સાથે ત્યાંના વેપારી હસમુખભાઈ મહેતા, અમદાવાદના નાનુભાઈ ભટ્ટ વગેરે હતા. એક ઠેકાણે ફાટેલાંતૂટેલાં લૂગડાંની પોટલી જેવું મારી નજરે ચઢ્યું. તે હાથમાં લઈને ખોલતાં તેમાંથી એક સોનાની કંઠી નીકળી. તેની સાથે પણ તામિલમાં લખાણ હતું, ''તારા ઉપયોગને માટે આ છે.'' તે કંઠી હસમુખભાઈએ બજારમાં વેચીને તેની રકમ મને આપી, ને પ્રભુકૃપાથી તેનાથી મારી ભીડ ભાંગી. **('જીવનદર્શન', આ. ૨, પૃ. ૮૮–૮૯)**

(૧૧)

એક વખત કરાંચીથી સાબરમતી આશ્રમ પાછો આવ્યો ત્યારે જુલાઈ, ઑગષ્ટ અને સપ્ટેમ્બરનો અડધો માસ રોકાવાનું બન્યું હતું. મારે પાછું કરાંચી જવાનું હતું. ક્યારે જવું તે નક્કી ન હતું. એક દિવસ ટપાલીએ આવીને મારા હાથમાં રજીસ્ટર્ડ પાકીટ મૂક્યું. તેમાંથી રૂા. ૬૦૫ની નોટો નીકળી અને ઉર્દૂ લિપિમાં લખ્યું હતું, તે મારા સાથી શ્રી કુરેશી સાહેબ પાસે જઈને વંચાવી આવ્યો હતો. તે લખાણમાં એમ હતું કે તારે તારા જન્મદિવસે કરાંચી જવું ને તે પણ ઊડીને જવું તેવો હુકમ છે. ચાર સીટનું એક નાનકડું વિમાન ત્યારે જતું. તેમાં ટિકિટ મળવી બહુ મુશ્કેલ હતી. બે-ત્રણ વાર તપાસ કરતાં ટિકિટ મળી અને 'હવાઈ જહાજ'માં બેસીને 'પૈદાઇશ કે દિન' મુસાફરી કરી.

વિમાનમાં બેસવાનો તે કાળ કોઈ ન વર્ણવી શકાય એવી અગમ ધ્યાનાવસ્થામાં પસાર થયા કર્યો હતો. વિમાનમાં જવાની મારા જેવાને

તો કલ્પના પણ ક્યાંથી ઊગે? મારી પાસે આર્થિક સ્થિતિની તેવી શક્યતા પણ ન હતી. આવી રકમ ઓચિંતાની આપમેળે ક્યાંથી આવી પડી!

('જીવનદર્શન', આ. ૨, પૃ. ૯૦–૯૧)

૫. સાધના

પેટલાદમાં ભણતો હતો ત્યારે શ્રી જાનકીદાસ મહારાજના સમાગમમાં આવવાનું બન્યું હતું. હાઈસ્કૂલમાંથી છૂટીને અને કદીક જે સમય (period)માં ભણવાનું ન હોય તે વેળાએ વહેલો ત્યાંથી નીકળી તેઓશ્રીની પાસે પહોંચી જતો. ત્યાંની જગા વાળતો. કદીક તેમનાં કપડાં ધોવાનું પણ કરતો. વળી, કદી તેમની પાસે છાનોમાનો બેસી રહેતો. તેઓ બીજાની સાથે વાર્તાલાપ કરતા, તે શાંત ચિત્તે સાંભળતો. મારે કશું પૂછવાનું હતું નહિ. તેમનું કથન સાંભળ્યા કરવાનું મને દિલ થતું. તેઓ સરળ અને સાદા હતા. રહેણીકરણી પણ એવી જ. તેમના પ્રત્યે પેટલાદના રંગવાળા શેઠ બહુ આદર અને ભક્તિભાવ રાખતા. તેમના નિમિત્તથી તેઓ ત્યાં રહેતા હતા. તે શેઠસાહેબે જ તેમને રહેવાને માટે બધો પ્રબંધ કર્યો હતો. તેઓ કોઈ જાતનું પ્રવચન કે કથાવાર્તા કરતા ન હતા અથવા શાસ્ત્રનું વાચન પણ કરતા ન હતા. મારી ગેરહાજરીમાં કરતા હોય તો રામ જાણે. હાઈસ્કૂલમાં ભણતો ત્યારે બીજી કોઈ પણ પ્રકારની રમતગમતમાં મેં ભાગ લીધો ન હતો. જ્યારે સમય મળતો અને તેઓશ્રી પેટલાદ પધારેલા હોય ત્યારે અચૂક તેમની પાસે જવાનું કરતો હતો. કોઈ દિવસ તેમની સાથે મેં કશી વાતચીત કરી ન હતી. તેઓ કદીક મારી ખબર પૂછતા ખરા કે શું કરે છે? શું ભણે છે? ક્યાં રહે છે? મેટ્રિકમાં હતો ત્યારે તેમણે મને કૃપા કરીને ચેતવેલો કે તારા શરીરને ભયંકર માંદગી થવાની છે માટે તું સવેળા બધો અભ્યાસ કરી લે અને રંગવાળા શેઠ તરફથી ચાલતી સંસ્કૃત પાઠશાળાના આચાર્યને કહ્યું કે આ છોકરાનો મેટ્રિકના વિષયનો બધો અભ્યાસ તમે સારી રીતે પૂરો કરાવી દો. આ છોકરાને નવરાશ મળે, ત્યારે તમારે તેને શીખવવું. એ પારકે ઠેકાણે રહે છે, તેથી તે ધારેલ સમયે ન આવી શકે એવી એની પરિસ્થિતિ છે.

પેટલાદમાં દીવાનસાહેબના ઘરથી થોડેક દૂર સંસ્કૃત પાઠશાળા હતી. તે આચાર્યશ્રી પાસેથી બે-અઢી મહિનાના ટૂંકા ગાળામાં બધો જ સંસ્કૃતનો અભ્યાસ પાકો કરી લીધો હતો. ખાસ કરીને વ્યાકરણની બાબતમાં પૂરેપૂરો, ઉપરાંત શ્રી જાનકીદાસ મહારાજે મને કૃપા કરીને ચેતવેલો હોવાથી મેટ્રિકના બીજા બધા વિષયોનો અભ્યાસ તે વિષયોની છપાયેલ સમજૂતીઓ (ગાઈડ્ઝ) બહાર પડતી હતી, તથા તે તે વિષયોના પ્રશ્નો ને ઉત્તરોની પણ ચોપડી છપાતી હતી. તે બધાંની મદદથી ઝટઝટ અભ્યાસ કરી લીધો હતો. કોઈક પ્રસંગે અમદાવાદ જવાનું બન્યું. મારાં મોટાભાઈ, મા વગેરે ત્યાં રહેતાં હતાં, છતાં મેં શ્રી ઘનુભાઈને ત્યાં રહેવાનું રાખ્યું હતું. સાચે જ શ્રી જાનકીદાસજીની આગાહી પ્રમાણે આ શરીર બહુ માંદું પડ્યું અને મરણ નીપજી શકે તેવી ગંભીર સ્થિતિ થઈ હતી. કેટલાક દિવસ બેભાન અવસ્થામાં રહેવું પડ્યું હતું.

આ માંદગીમાં મને શ્રી જાનકીદાસ મહારાજનું બહુ સ્મરણ થતું ને તેમના પર મને ઘણું ઘણું વહાલ પ્રકટતું. શરીરની આ માંદગી લાંબી ચાલી હતી. શરીર કૈંક સ્વસ્થ થતાં અભ્યાસની પ્રવૃત્તિ શરૂ કરવાનું કરતાં ડૉક્ટરે મનાઈ કરી. મેટ્રિકની પરીક્ષામાં બેસવા માટે જે પ્રાવેશિક પરીક્ષા થાય છે, તેમાં બેસી શકાયું ન હતું. પરંતુ હાઈસ્કૂલના હેડમાસ્તર સાહેબ શ્રી ઈશ્વરભાઈ પટેલ જેઓ સોજિત્રાના વતની હતા, તેઓની મારા પર સારી મમતા હતી, કારણ કે હું વિદ્યાર્થી તરીકે અભ્યાસમાં તેજસ્વી હતો, તેથી પ્રાવેશિક પરીક્ષામાં ન બેસી શક્યો તોપણ મને ફોર્મ મળી ગયું હતું. શ્રી જાનકીદાસ મહારાજે કૃપા કરીને મને ચેતવ્યો ન હોત તો જરૂર હું નાપાસ થયો હતો. સદ્‌ભાવનાથી સેવાયેલો સત્સંગ મારી બાબતમાં સફળ પરિણામમાં પ્રગટેલો અનુભવાયો. મને એ પણ જણાયું હતું કે એવા સત્સંગની અભિરુચી પ્રગટેલી હોય અને આપણને તેવે ઠેકાણે જવાનું દિલ થતું હોય, તો એવા સત્પુરુષ પાસે ખાલી બેસવાથી પણ આપણને શાંતિ ને હળવાશ જરૂર પ્રકટે છે. તેથી વારંવાર તેઓશ્રીની પાસે જવા કરવાનો દિલમાં ભાવ થતો હતો.

વળી, તેઓશ્રીએ મને અમદાવાદમાં શ્રી સરયૂદાસ મહારાજને પગે લાગીને તેમના આશીર્વાદ લેવાની ખાસ સલાહ આપેલી. મેં તેમ કરેલું પણ ખરું. આ બધું બન્યું તે કાળે સત્સંગનો પૂરો મહિમા કે મહત્ત્વ જાણતો ન હતો. પરંતુ આજે retrospectionની ધારણાથી એટલે પૂર્વ-સ્મૃતિની ધારણાથી એટલું જરૂર કહી શકું છું કે શ્રી જાનકીદાસ મહારાજ અનુભવી મહાત્મા હતા. તેઓશ્રી નડિયાદમાં સંતરામ મહારાજના મંદિરમાં કોઈ કોઈ વાર પધારતા, ત્યારે તેમની કને જતો હતો. તેઓશ્રીએ અગાઉની મારી ઓળખાણ બરાબર રાખી હતી અને તે વેળા તો હું સાધના-પ્રદેશમાં પ્રવેશી ચૂક્યો હતો. તેઓશ્રીના પૂછવાથી મેં તેમને આવા પ્રદેશની ગડમથલ વિશે જણાવ્યું હતું. પરંતુ સાધનામાં મને જે મુશ્કેલી નડતી ને ગૂંચો પ્રકટતી તે વ્યક્ત રીતે હું તેમને કહેતો નહિ. છતાં તેમની પાસે જવાનું થતાં, તે બધું પ્રાર્થનાભાવે મારા મનમાં ધારણ કરીને બેસતો અને તેઓ બીજા કોઈ સાથે વાર્તાલાપ કરતા હોય, અથવા કંઈ કશું બોલતા હોય, તેમાંથી મને મારા કોયડાનો જવાબ મળી જતો હતો. આ રીતનું અનુસરણ શ્રી સંતરામ મહારાજના મંદિરમાં બીજા મહાત્મા પધારતા ત્યારે પણ કરવાનું રાખતો હતો.

('જીવનદર્શન', આ. ૨, પૃ. ૨૬૮ થી ૨૭૨)

● ● ●

હરિજન સેવક સંઘમાં કામ કરતો, ત્યારે કદીક એકાદ મહિનાની રજા લઈને દૂર એકાંત સ્થળે ચાલ્યો જતો. મારા તે સેવાના ક્ષેત્રમાં મેં કદી એક પણ ફાલતુ રજા ભોગવી નથી. રવિવારને દિવસે પણ હરિજનવાસમાં જતો અને કોઈ પ્રવૃત્તિ આદરતો. વાસના લોકોની સાથે સદ્‌ભાવથી હળવા, ભળવા, મળવાનું કરતો. નડિયાદમાં મારે ઘણા વખત સુધી આ ક્ષેત્રમાં રહેવાનું બન્યું. તેને હું ભગવાનની પરમકૃપા જાણું છું. તે કાળે સંઘમાં કામ કરતા મારા એક સ્નેહી શ્રી ચૂનીલાલ વ્યાસ હતા. તે હમેશાં મને ઉશ્કેરવાનું કર્યા કરતા. તે કહે કે સર્વથી પ્રથમ તમે હરિજનોની સેવામાં પ્રવેશેલા છો, અને એકલે હાથે ઘણાં કામ જવાબદારીવાળાં કરતા હતા. તે બધું તમારી કનેથી લઈ લઈને એક માત્ર નાનકડી નિશાળનું કામ આપ્યું છે, તે તમારું હડહડતું અપમાન છે. તમે સાવ બાયલા છો.

આનો સામનો પણ કરતા નથી! તમે બધાથી બીઓ છો. તમારામાં સાચું બોલવાની તાકાત ને હિંમત નથી.

તે ભાઈ નડિયાદમાં મારા હાથ નીચે કામ કરતા હતા, ત્યાં સુધી અવારનવાર મને તેવી રીતે ટકોરતા. અને તેમની ત્યાંથી બદલી થઈ ગયા પછી પણ જ્યારે મળવાનું થતું, ત્યારે તેમ કર્યા વગર રહેતા નહિ. હું પ્રભુકૃપાથી તે કાળે સાધનામાં પ્રવેશી ચૂકેલો હતો, એટલે મળેલાં પરિસ્થિતિ અને સંજોગ મારા પોતાના વિકાસ માટે છે, એ દૃષ્ટિએ દૃઢતાથી, સંતોષથી અને પ્રેમથી તેને સ્વીકારી લેવાનું કર્યા કર્યું હતું અને બીજી દૃષ્ટિએ વિચારવાનું બનતું નહિ. નડિયાદનો તે વરસનો ગાળો સ્થિત અને એકરસ થવાને કાજે મારે માટે ઘણો જરૂરનો હતો, ને તે પ્રભુની પરમકૃપા હતી.

નડિયાદમાં મારું કામ એક નાનકડી શાળા પૂરતું ભલે હતું, પરંતુ તેટલા જ પૂરતું તે કામને મર્યાદિત કરી નાખ્યું ન હતું. અસ્પૃશ્યતાનું નિવારણ થાય તેવા પ્રકારના સમારંભો પણ વરસમાં એક બે વાર યોજવાનું થતું. ભાદરવા વદ બારસ—ગાંધીજીના જન્મદિવસ—ના નિમિત્ત પ્રસંગે એક વખતે હરિજનો તથા ગામના પ્રતિષ્ઠિત સજ્જનોનું એક સ્નેહસંમેલન યોજ્યું હતું. તેમાં સૂકો મેવો તાસકોમાં આપવાનો પ્રબંધ કર્યો હતો. અમે બધા એક સાથે એક પંગતે પાથરણાં પર બેસીએ એવી વ્યવસ્થા કરી હતી. હરિજનના જુદા જુદા વર્ગમાંથી માણસો નોતર્યા હતા. નડિયાદ શહેરના પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થોને આમંત્રણ-પત્રિકાઓ જાતોજાત આપી આવવાનું કર્યું હતું. આ સંમેલન બહુ સારી રીતે પ્રભુકૃપાથી પાર પડ્યું. શ્રી ગોકુળદાસ તલાટી ('બાપુ' તરીકે તેમને બધા નડિયાદમાં સંબોધન કરતા) તથા શ્રી ફૂલચંદ બાપુજી શાહ ને એવા બીજા નામાંકિત સદ્‌ગૃહસ્થો ખાસ આમંત્રણથી પધારેલા હતા. આ જાતના સમારંભે બીજે દિવસે નડિયાદ ગામમાં ભારે હાહાકાર મચાવી મૂક્યો. શહેરને જુદે જુદે ઠેકાણે આનો ઉહાપોહ થયા કર્યો હતો.

શ્રી ગોકુળદાસ તલાટી ને શ્રી ફૂલચંદ શાહની જ્ઞાતિએ ભેગા મળીને તેમનો જ્ઞાતિબહિષ્કાર કરવાનું ઠેરવ્યું. તે બે સજ્જનોના પક્ષમાં તેમની

જ્ઞાતિમાં માણસો હતા એટલે જ્ઞાતિનાં બે તડ પડી ગયાં. તે વણિકોની જ્ઞાતિની અસર મારા શરીરની જ્ઞાતિ ઉપર પણ પડ્યા વિના ન રહી. મને જ્ઞાતિમાંથી બહિષ્કાર કરવાનો ઉહાપોહ જાગ્યો. પરંતુ તે અટકી જવામાં જ્ઞાતિ પરત્વેનું મારું હમેશનું નમ્રતા અને સદ્‌ભાવપૂર્વકનું વર્તન તથા પૂજ્યશ્રી ગોદડિયા મહારાજનું મારી પરત્વેનું સદ્‌ભાવનું કારણ હોય તો હોય. તેઓ નડિયાદ પધારતા ત્યારે નડિયાદના સ્મશાનમાં વાસો કરતા. મારે પણ રોજ રાત્રે ત્યાં સૂવાનું થતું. તે કારણે તેમનો અને મારો પ્રભુકૃપાથી મેળાપ ને સંગમ થઈ ગયો હતો. તેથી અવારનવાર તેમની પાસે જ હું જતો. મારી સાધના તરફની ગતિનો તેમને અણસારો પ્રકટી ગયો હતો. હું મારાથી બને તેટલી તેમના શરીરની સેવાચાકરી કરવાનું ચૂકતો નહિ. મારી જ્ઞાતિના સજ્જનો પણ તેમની પાસે અવારનવાર જતા-આવતા હતા.

('જીવનદર્શન', આ. ૨, પૃ. ૨૭૩–૨૭૪)

• • •

આ જીવને જ્યારથી સાધનાનું કર્મ પ્રભુકૃપાથી પ્રાપ્ત થયું ત્યારથી તે ભાગ્યે ઘરમાં સૂતો હોય, હંમેશાં તે સ્મશાનમાં સૂતો. જ્યાં જ્યાં ભય લાગે એવી ભયંકર જગ્યાઓ હોય ત્યાં તે જઈને રાતવાસો કરતો. વળી જે જગાએ સાપ, વાઘ, સિંહ વગેરે રાની પશુઓનો ભય હોય ત્યાં તે રાત ગાળવાનો જાગ્રત પ્રયત્ન પ્રભુકૃપાથી તક મળતાં બન્યા જ કર્યો હતો. લોકોના રીતરિવાજ અને તેની ભીંસથી પણ માનવી ભયમુક્ત થઈ શકતો નથી. લોકોનો પણ તેને ભારે ભય હોય છે. લોકોના વાતાવરણથી તે વિરુદ્ધ વર્તી શકતો નથી અને તેવા વાતાવરણથી તે ભયગ્રસ્ત રહે છે. આ બધાથી ભયમુક્ત થવાને કાજે જ્યારે જ્યારે તેવા પ્રસંગ પ્રગટ્યા ત્યારે ત્યારે આ જીવે પ્રભુકૃપાથી એવા અનેક પ્રકારના ભયમાંથી મુક્ત થવાને જબ્બર પ્રયત્ન કરેલ છે. તે કાળે શહેરમાં સગાંવહાલાંઓનાં ઘરની પાસે થઈને રસ્તા ઉપર ભજન ગાતાં ગાતાં અને નાચતાં કૂદતાં ચાલ્યા જવાનું બનતું. માસી, મામા અને બીજાં સગાંવહાલાં મળે, પરંતુ મને કોઈ અટકાવીને બોલાવતું નહિ. તેમને

હું જોઉં તો ભજનની મસ્તીમાં તેમને બે હાથ જોડીને માથું હલાવી પ્રણામ કરું, પરંતુ કદી ઊભો ન રહું. એવી મસ્તીના તાનના મદમાં ને મુક્ત કંઠે પ્રભુકૃપાથી ગાવાનું બનતું, તેથી કરીને દિલમાં જે એક મસ્તી ચઢતી તેની ખુમારી કોઈ સમજી શકનાર નથી. અભય કેળવવા માટે વિચારીને કોઈ પગલાં મેં લીધાં નથી. પરંતુ જીવનમાં અનેક પ્રકારના જ્યારે જ્યારે તેવા પ્રસંગો પ્રગટ્યા, ત્યારે ત્યારે તેમાંથી ભયમુક્ત થવાને પ્રભુકૃપાથી જબરજસ્ત સંગ્રામ પ્રગટાવવાનું ભાન જાગ્યા કરેલું હતું.

સ્મશાન અને એવી ભયજનક બીજી જગાઓએ રહેવાનું બનતું તેમાં એકલી ભયમુક્ત થવાની મહત્ત્વાકાંક્ષા હતી એવું છેક ન હતું. મને પોતાને માનવીના સમૂહના કોલાહલથી આઘે એકાંત જગા મળી શકે, તો સાધનાનું કામ ખૂબ શાંતિથી અને આનંદથી થઈ શકે તેવા હેતુથી પ્રેરાઈને એ જગાઓ પસંદ પડતી. શરૂમાં કંઈ ભય લાગતો ન હતો એવું ન હતું, પરંતુ તેમ થતાં સ્મરણ કર્યા કરતો, પ્રાર્થના કરતો. ભય એક પ્રકારના એવા સંસ્કારોના પરિણામે પ્રગટે છે. તેવા સંસ્કાર હઠી જાય તો ભય જેવું લાગતું નથી, એવી ઊંડી સમજણ પ્રભુકૃપાથી દિલમાં પ્રગટેલી હતી તેના કારણે ભયમાંથી મુક્ત થતું જવાનું બની શક્યું હતું.

('જીવનદર્શન', આ. ૨, પૃ. ૫૧–૫૨)

● ● ●

વળી, આ જીવ કદી કોંગ્રેસનો સભાસદ થયેલો નહિ. પ્રેમથી ૧૯૩૦ના રાષ્ટ્રીય યુદ્ધમાં પૂરેપૂરું ઝંપલાવ્યું ત્યારે અભય કેવો ને કેટલો કેળવાયો છે, તેનો અનુભવ કરવા માટે તે સંગ્રામમાં પ્રભુકૃપાથી ઝુકાવવાનું બન્યું હતું. બોરસદ તાલુકાના દેવાણ ગામના ઠાકોરે છેતરપિંડી કરી સ્વયંસેવકોને પોતાને ગામ નોતરી રાતે જાહેર ભાષણ ગોઠવ્યું. ચારે બાજુથી ઘેરી લાકડીઓના ભયંકર માર મરાવવાનું કર્યું હતું. આ જીવ મોટેથી હરિસ્મરણ કરતાં કરતાં લાઠીના ઘા ઝીલતો હતો અને ત્યાંથી એક ડગલું ખસ્યો ન હતો. તે ૧૯૩૦ના સંગ્રામમાં આવા કેટલાય બનાવો બનેલા છે. જેલમાં જવાનું પણ સાધનાના હેતુથી જ બનેલું. મારી મા મને કદી લાંબા સમય માટે દૂર એકાંતમાં સાધના સારુ

જવા આશીર્વાદ ના આપે. જ્યારે આ '૩૦નો સંગ્રામ પ્રકટ્યો ત્યારે મેં માને કહ્યું કે, બા! આ તો લૂણને હલાલ કરવાનો સમય પાક્યો છે. જેનું આપણે લૂણ ખાધું, તે લૂણ અત્યારે હવે દેશની સામે અમને ખુમારીથી યુદ્ધમાં જોડાવાને પડકાર આપે છે. હવે અમારાથી ટગર ટગર જોઈ બેસી રહેવાય નહિ. તું મને સંમતિ આપ. પ્રભુકૃપાથી સંસાર-વહેવારનું ખર્ચખૂંટણ ચાલી શકે એવી વ્યવસ્થા થઈ જશે. તેણે મને ઉમળકાથી તો નહિ પણ જેમ તેમ કરીને રજા આપી. મારી ઑફિસના કામકાજની વ્યવસ્થા માટે ભાઈ પરીક્ષિતલાલને મેં લખી જણાવેલું ને આર્થિક વ્યવસ્થા પણ કરી હતી. જેલમાં સતત મૌન પાળતાં કોઈની સાથે બોલતો કરતો નહિ. હું સ્મરણ, પ્રાર્થના, ધ્યાન આદિના મારા કાર્યમાં મશગૂલ રહ્યા કરતો. જેલનું આપેલું કામકાજ કરવામાં પ્રેમભક્તિથી ઉમળકો બતાવ્યા કરતો. જેલમાં ઘણાનું પોત સાવ ઉઘાડું પડી જતું. તેઓ એટલા બધા પ્રકારની છેતરપિંડી કરતા અને પ્રપંચ ચલાવતા કે તે જોઈને મને તો થયેલું કે આવા લોકો અહિંસાનો ભાવ શી રીતે રાખી શકે? એવી શક્યતા તેમનામાં હતી નહિ એમ લાગ્યું હતું. તેઓ વાતાવરણના આવેગમાં તણાઈને આવી ગયા હતા. જેલમાં સતત એકધારાં સ્મરણ, પ્રાર્થના, ધ્યાનાદિમાં પળેપળ જાગૃતિયુક્ત સમય પ્રભુકૃપાથી પસાર થતો. આ હકીકત ભાઈ પરીક્ષિતલાલ, હરિવદનભાઈ અને હેમંતભાઈએ અનુભવેલી છે. **('જીવનદર્શન', આ. ૨, પૃ. ૫૪ થી ૫૬)**

• • •

આ જીવે જ્ઞાનભક્તિપૂર્વક તેના સકળ પ્રકારના જીવનવ્યવહારમાં નમ્રતાનો ગુણ કેળવવાનો સતત એકધારો પ્રયાસ કરેલો છે. નમ્રતાને શૂન્યની હદે લઈ જવાને પ્રભુકૃપાથી આ જીવ મથ્યા કરતો હતો. નમ્રતા એટલી હદ સુધીની કે ઘણા 'ભોટ' ગણતા ને જાણતા. નમ્રતા એમ ને એમ કાંઈ કેળવાતી નથી. જીવનમાંની અનેક પ્રકારની સમજણો, માન્યતાઓ અને આગ્રહો વગેરે પરત્વેનું જોશ ઘટ્યા વિના સાચી નમ્રતા પ્રકટેલી જાણી નથી. તેથી મારી પોતાની આગવી સમજણને જરા પણ મહત્ત્વ આપ્યા વિના બીજા બધાની સલાહસૂચનાને પ્રેમભક્તિભાવે કર્યા કરવાનું કરતો. તે હકીકત ઘણાં બધાંની જાણમાં છે. આમ થવું અના-

સક્તિ યોગ્યપણે પ્રકટ્યા વિના બની ન શકે. જ્યારે સાબરમતી ગાંધી આશ્રમમાં ગુજરાત હરિજન સેવક સંઘના સહમંત્રી પદે હતો, ત્યારે કામ કરતાં જાજરૂ જવાનું થતાં તે તરફ પ્રયાણ કરતો. તે વખતે કન્યા છાત્રાલયની બહેનો મને મશ્કરીમાં કહેતી કે ચૂનીભાઈ, જાજરૂ જશો નહિ. પાછા જાઓ. હું તેના હેતુના જ્ઞાનભાન સાથે પાળવાનું કરતો. આને બીજા મૂર્ખામી ગણે. તેમાં પણ એક પ્રકારનો સંયમ કેળવવાનો હેતુ જીવતોજાગતો રાખતો. જાજરૂ જવાનું દબાવી રાખવાનું કરીએ તો આરોગ્યને નુકસાન થાય એ જાણતો હતો, પરંતુ જે કર્મ હેતુના જ્ઞાનભાન સાથે થતું હોય છે, તે કર્મમાંથી ગેરલાભ ઘણો ઓછો પ્રકટે છે, એવો અનુભવ મને અનેક વાર પ્રભુકૃપાથી થયા કરેલો છે.

('જીવનદર્શન', આ. ૨, પૃ. ૫૯)

● ● ●

નડિયાદનો આશ્રમ ચલાવવાનું કામ હતું ત્યારે રજાઓમાં વિદ્યાર્થીઓના ગામે જવાનું બનતું. તેમના વાસમાં રહેવાનું અમે કરતા. ભંગીવાસમાં પણ રહેતા. તેમનાં વાસણો—દેગડા, ઘડા, વગેરેને—નદીએ કે જળાશયે લઈ જઈને ખૂબ મંજાવી મંજાવીને એકદમ ચકચકાટ બનાવતા ને તેમાં પીવાનું પાણી ત્યાંથી ભરી લાવતા. વિદ્યાર્થીઓની સાથે અમે આવાં ચકચકાટવાળાં વાસણો લઈને આવતાં, તેથી તે ગામના લોકો ઉશ્કેરાઈ જતા ને અમને દમદાટી પણ આપતા. વાસમાં અમારું રાંધવાનું બનતું. રાત્રે ભજનકીર્તનનો કાર્યક્રમ રાખતા. આ બધું મારાથી થતું તે સાધનાની ભાવનામાંથી પ્રકટેલી કર્મ પરત્વેની પ્રામાણિક્તા, વફાદારી ને નિષ્ઠાને લીધે હતું. **('જીવનદર્શન', આ. ૨, પૃ. ૬૧)**

આ જીવને સાધનાકાળમાં પળવાર નવરાશ મળતી ન હતી. બસ કામ, કામ ને કામ. તેથી મને લાભ જ થયો છે, હાનિ થઈ નથી. મને પોતાને ઘણા અન્યાય થયા છે, તેની કથની ને ઈતિહાસ ક્યાં લખું? કામ કરતાં કરતાં આ જીવને ન્યાય મળ્યો છે કે કેમ તે જોવાનું કામ આપણું ન હોય. મનમાં તે કાજે ઓછું આણ્યું નથી. મિત્રો પર તો સદ્‌ભાવ ઊલટો વધ્યો છે, ઘટ્યો નથી.**('જીવનસોપાન', આ. ૩, પૃ. ૧૭૮)**

● ● ●

એકાદ માસ એકાન્ત નિર્જન સ્થળમાં સાધના માટે જતો, ત્યારે જમવાની કે ખાવા કરવાની પ્રવૃત્તિમાં પડતો નહિ. ભૂખ લાગે ત્યારે પાસેના જળાશયનું પાણી પી લેવાનું રાખતો. તે સ્થળ તદ્દન નિર્જન, વસ્તીથી ઘણું દૂર અને કુદરતી સૌંદર્યથી ભરપૂર પડ્યું હોય એવું પસંદ કરતો. કોઈ મનુષ્યની હડફેટે ચઢી જવાનું એકદમ બની શકતું નહિ. ઓછામાં ઓછા ૪-૫ દિવસના, કોઈક વખત તો તેથી પણ વધારે દિવસના કડાકા નીકળી જતા. છતાં પણ ભૂખના ત્રાસે મને કદી સતાવ્યો નથી. તે ભગવાનની પરમકૃપા. મને પણ એક લગની લાગેલી હતી. જુદા જુદા પ્રકારની સાધનાનો અભ્યાસ ને તેમાંથી નવું સૂઝ્યાં કરતું. જેમ ધનુર્વિદ્યામાં જેને તાકવાનું હોય ત્યાં એકાગ્ર ને કેન્દ્રિત દૃષ્ટિ નિશ્ચયપણે ચોંટી રહે, એવા પ્રકારની ભાવનામાં દિલ તલપાપડ રહ્યા કરતું. જોકે તેમાં મંદતાના તબક્કા અવારનવાર પ્રકટતા ખરા અને કદીક ઓટની અસર ભયંકર સાલતી હતી.

જેને 'ધુંવાંધાર' કહે છે, તે નર્મદાજીના એક સ્થળે પ્રભુકૃપાથી મારે જવાનું થયેલું. તે ધુંવાંધારની સામે ઊભા રહીને જોઈએ તો ડાબા હાથ તરફ ધોધની છેક છેવાડે એક ગુફા જેવું હતું. તેમાં બેસીને સાધના કરવાનો હુકમ મળ્યો. એક તો ધુંવાંધારના અવાજથી જ જીવ ગભરાઈ જાય, તેમાં ત્યાં બેસવું અને પાછું સાધનાની ભાવનામાં પ્રવર્તવું એ કાંઈ નાનીસૂની હકીકત નથી. કોઈનું ગજું ન ચાલી શકે એવું તે સ્થળ હતું. 'ન ચાલી શકે' એવું વક્તવ્ય પણ બરાબર નથી. ઘણાંની તો હામ જ હારી જાય એવું તે સ્થળ હતું. પ્રભુકૃપાથી આપણને હુકમ મળ્યો. તેનું પ્રેમભક્તિપૂર્વકનું પાલન કેમ થાય તે જ વિચારવાનું રહેલું હતું. જે તે કરવાનું ખરેખરું, ઉમળકાભર્યું દિલ પ્રકટે છે, ત્યારે તે કર્મ કરવાના ઉપાય ને હૈયાસૂઝ પણ તેમાંથી મળી રહે છે; એવો મારો એક વેળાનો નહિ પણ અનેક વેળાનો જીવતો જાગતો અનુભવ છે. કેવા કેવા ઉપાયો લીધા જેનાથી કરીને ધુંવાંધારની પાસેની ગુફામાં જઈ શકાયું તે લખતો નથી. ૨૧ દિવસ ત્યાં રહેવાનું પ્રભુકૃપાથી બન્યું હતું. દિવસની પળેપળ પ્રભુકૃપાની ભાવનામાં તથા જુદા જુદા સાધનાના અભ્યાસમાં ગાળવાનું બની શક્યું

હતું, તે તેની પરમકૃપા. ખોરાક ૫-૬ દિવસ સુધી હરિને આશરે જ. તે પછીથી કોઈ પાત્રમાં દોરડાથી ખોરાક બાંધીને તેને આમતેમ હલાવીને મારા હાથની પકડની મર્યાદામાં તે આવી શકે એવી રીતે એક વાર આપવાનું કોઈક લોક કરતા હતા. મળમૂત્ર પણ ત્યાં જ કરવાનું બનતું. આવી તો અનેક પ્રકારની કઠણાઈઓ આ જીવે સેવેલી છે.

એક વાર ગુજરાત હરિજન સેવક સંઘમાંથી એક માસની રજા લઈને મધ્યપ્રદેશમાં ગયો હતો. તે વેળા ૨૪-૨૫ દિન બીજો કોઈ જાતનો આહાર કે પાણી કે બીજું લીધા વિના મારો માત્ર મળ જે રોજરોજ છેલ્લા દિન સુધી સહજમેળે નીકળતો, એ જ હું ખાતો અને પેશાબ પીતો. આથી શરીરની મળશુદ્ધિ પણ સારી થયેલી ને શરીરની સ્થિતિ પણ સારી થઈ હતી. મળ ખાતાં સૂગ નહોતી ચઢતી. પેશાબ પીતાં એટલી સૂગ ના હોઈ શકે. મળમાં દુર્ગંધ નહોતી લાગતી. છાણના જેવો સ્વાદ લાગતો હતો. ઉત્કટ ભાવનાને કારણે એવું બધું શક્ય બની શકે છે. આવો પ્રકાર અઘોરીની સાધનાનો પ્રકાર ગણી શકાય. એવી સાધના હરેકને આવશ્યક જ હોય એમ કદી ન ગણી શકાય. મને કોઈએ સૂચવ્યું ન હતું; આપમેળે મને તેમ કરવાનું ઊગેલું હતું.

('જીવનસોપાન', આ. ૨, પૃ. ૨૫૯, ૨૭૫, ૩૯૩–૩૯૪)

● ● ●

એક વાર ચિત્રકૂટ નામના નિર્જન સ્થળે જવાનું આ જીવને બન્યું. ત્યારે એક બ્રાહ્મણ પંડિત રોજ એક વાર જમવાનું આપી જતા હતા. આવે વખતે જે કોઈ જમવાનું આપવા આવે તેની સાથે કોઈ પ્રકારની વાતચીત હું કરતો નહિ. તે પંડિતજી સાથે મેં વાતચીત કરેલી નહિ, પરંતુ ત્યાંથી જતી વખતે તેમણે મારું સરનામું લઈ લીધું હતું. આ પંડિત એક વાર નડિયાદ પધાર્યા હતા. મારી બાએ સીધુંસામગ્રી આપીને તેમની પાસે રસોઈ કરાવી હતી, કારણ કે તેઓ બીજા કોઈના હાથનું જમતા નહિ. મને તેમણે જણાવ્યું કે હું કદી ઘરમાં સૂતો નથી. મેં તેમને કહ્યું કે, હું તો રોજ ગામ બહાર સ્મશાનમાં સૂવા જાઉં છું એટલે તમે મારી સાથે આવજો. અમે બંને તે રાત્રે સ્મશાનમાં સૂતા. હું રાત્રે મારી સાધના

કર્યા કરું અને તે પણ તેમની. તેઓ મેલી વિદ્યાના સાધક હશે એવી છાપ મારા મન પર પડી હતી. તે પ્રકારની વાતચીત તે પછી તેમણે મને કરી. પ્રેતની પણ યોનિ છે, જેમ મનુષ્યની યોનિ છે તેમ. મંત્રવિદ્યાથી તે પ્રત્યક્ષ કરી શકાય છે, તેમ તેમણે મને તે પ્રત્યક્ષ કરીને બતાવ્યું. તે મને કહે કે, મારે આ વિદ્યાનું છેલ્લું એક ડગલું ભરવાનું છે. તેની પરિપૂર્ણતા થવા કાજે અમુક પ્રકારનો યજ્ઞ કરીને તેમાં અમુક અમુક હોમવાનું આવે છે. તે બધી વિધિ કરીને આની પૂર્ણાહુતિ થાય તો મને આ વિદ્યાની પૂરેપૂરી સિદ્ધિ મળી જાય. મેં તેમને કહ્યું કે, અમારે આવી વિદ્યા સાથે નિસ્બત નથી. અમારે સ્વરાજ જોઈએ છે. તે કહે કે, આ પ્રેતવિદ્યાથી વાયસરોયને પણ ડગમગાવી શકાય. પરંતુ તે વિદ્યાની પૂર્ણાહુતિ કરવાની જરૂર છે. તેમાં જે બધું હોમવાની વિધિ કરવાની છે, તેને માટેની રકમ લેવા તમારી કને આવ્યો છું. મેં તેમને મારી આર્થિક સ્થિતિની હકીકત જણાવી દીધી. તેમણે સૂચવ્યું કે ઉઘરાણું કરાવી આપીને મદદ કરો. તે મારાથી બની શકે તેમ નથી તેની સ્પષ્ટતા કરીને અમદાવાદ જવાનું ભાડું આપી તેમને વિદાય કરી દીધા હતા.

('જીવનદર્શન', આ. ૨, પૃ. ૨૭૬–૨૭૭)

★કરાંચીમાં મેં એક વાર રોજા કરેલા. ૪૦ દિનના ઉપવાસનો સંકલ્પ. ૩૮ દિવસો થયા ત્યારે એક ગોદડિયા મહારાજ મળ્યા. તેમણે કહ્યું કે, ''શું કામ આટલા બધા ઉપવાસ? બસ થયું, ખાઈ લે.'' પ્રથમ મેં ''સારું'' કહ્યું, પછી થયું કે બે જ દિવસ માટે શું કામ રોજા તોડું? આટલા દિવસ ગયા તો બે દિવસ વધુ. મેં સૂક્ષ્મ અહમ્‌ના જોરે ગોદડિયા મહારાજની આજ્ઞા પાળી નહિ. તે જ વખતે હું મારા યજમાન વડીલની ગાડીમાં બેસીને ક્યાંક જતો હતો. દરમ્યાન રસ્તા પરના ઓટલા પર બેસી રહેલા એક મેલાઘેલા ઓલિયા જેવા માણસે મને હાથના ઇશારાથી બોલાવ્યો. હું ગાડી થોભાવીને મારા યજમાનના વિરોધ છતાં તેની પાસે ગયો. પેલા ઓલિયાએ કહ્યું કે, હજુ તારો અહમ્ નથી ગયો? લે, આ મીઠાઈ ખાઈ લે ને રોજા પૂરા કર. મને આ વખતે સમજાઈ ગયું કે મારો

★શ્રીમોટા આ ઉપવાસ દરમ્યાન બે વાર ચા લેતા, બીજું કંઈ નહિ.

સૂક્ષ્મ સાત્ત્વિક અહંકાર તોડવા ભગવાને આ યોજ્યું છે, એટલે મેં પેલી મીઠાઈ ખાઈ જવાની તૈયારી દર્શાવી. મારા યજમાન કહે, ''અલ્યા આટલા દિવસના ઉપવાસ પછી આ મીઠાઈ ન ખવાય—માંદો પડીશ.'' પણ હું પેલા ઓલિયાના ફરમાનને માથે ચઢાવીને તેની આપેલી મીઠાઈ ત્યાં જ ખાઈ ગયો ને રોજા પૂરા કર્યા. શુભ સંકલ્પ-બળનું અભિમાન આપણામાં હોય તેને તોડવાનું હોય છે. ઈશ્વર કૃપા કરીને આપણી પાસે તે તોડાવે છે.

• • •

આ જીવે નમ્રતાની કેળવણી જાણીબૂઝીને સમજણપૂર્વક ખીલવેલી હતી. સેવાના ક્ષેત્રમાં હક્ક છોડી દઈને એનાથી નીચી પાયરીની જગા સ્વીકારવાનું કર્યા કરતો. નડિયાદની શાખામાં અને આશ્રમમાં આ જીવ મુખ્યપદે હતો, પણ મારા હાથ નીચેના શિક્ષકને આચાર્યપદે મૂકીને તેના હાથ નીચે કામ કરવાનું રાખતો. તેથી પેલા શિક્ષકને ઉત્તમ કેળવણી મળતી, શીખવાનું મળતું. બોદાલ આશ્રમમાં મુખ્ય વ્યવસ્થાપક તરીકે બદલી થયેલી, પણ તે ઠેકાણે હેમન્તભાઈને જ મુખ્ય વ્યવસ્થાપક નીમવા એમ મેં મારી જાતે અમારા સંઘની વ્યવસ્થાપક સભાને વિનવેલું. ને હેમંતભાઈને મારા ઉપરી મેં પોતે જ બનાવેલા, ને તે પણ મારી માગણીથી.

એક સંસ્થામાં સાથે કામ કરવા છતાં, કોઈ દિવસ ડહાપણ ડહોળવાનું કરેલું નથી. મુખ્ય પદવાળાને સૂચનાસલાહ દેવાનું ભાગ્યે બનતું. કદી આગળ પડીને કશું વહોરી લેવાનું બનતું નહિ. પ્રભુકૃપાથી બને તેટલું મૌન સેવાતું. કામ કરવામાં સૌની સાથે બરાબરીમાં પૂરેપૂરું રહી શકાતું. આ હકીકત લખવાનું કારણ બધાં સ્વજનો સમજે ને તેમ વર્તવાનું કરી શકે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૭૪ થી ૭૭)**

• • •

શાંતિનિકેતન મહર્ષિ દેવેન્દ્રનાથના સંસ્મરણમાં સ્થપાયું હતું, છતાં તેમની મૂળ સમાધિની જગ્યા બિસ્માર હાલતમાં હતી. વળી રોજ સવારના નાસ્તાના સમયે રસોડાના મકાનની બહાર ઘણાં માગનારાં સ્ત્રીપુરુષ ઊભાં રહેતાં અને નાસ્તો પતી ગયા બાદ લૂંટવાને પડાપડી કરતાં—આ

બે નિમિત્તે શાંતિનિકેતનના મુખ્ય સંચાલક કવિવર ટાગોરના પુત્ર શ્રી રથીન્દ્રનાથને મળવાની ઇચ્છા પ્રકટેલી. *શ્રી મલ્લિકજીએ એમને ના મળવાનું સૂચવ્યું હતું, કારણ કે તેમનો સ્વભાવ એવા પ્રકારનો હતો કે કદાચ મારી અવગણના તેઓ કરે. પરંતુ આપણે જે કરવા ધાર્યું હોય તે પ્રેમથી અને નમ્રતાથી કરવાનું હોય. આપણું શું થાય એની આપણને દરકાર હોતી નથી. સાચા સાધકનું એ એક લક્ષણ છે. તેઓ મળી શકતા હોય તેવા સમયે એક દિવસ કાગળ પર મારું નામ લખી મોકલ્યું. તેમણે મને અંદર બોલાવ્યો ને મળવા આવવાનું કારણ પૂછ્યું. મેં એમને જણાવ્યું કે, ''આ પવિત્ર વાતાવરણમાં મને બે વસ્તુ ખૂંચે છે. એક તો જે સ્થળે મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોરને ૮ કલાકની સમાધિ પ્રકટેલી અને તેથી 'શાંતિનિકેતન' એવું તે બોલી ઊઠ્યા તે પરથી આ સંસ્થાનું નામ પડ્યું છે. તે પવિત્ર સમાધિની જગા બિસ્માર હાલતમાં છે, તે આવી સંસ્થાને શરમાવે એવી છે અને બીજું સવારના નાસ્તાના સમયે રસોડાની બહાર ભીખ માંગનારાઓનું જે એક મોટું ટોળું જામે છે અને નાસ્તો પતી ગયા પછી એઠવાડ માટેની જે પડાપડી થાય છે, તે એક પ્રકારની દિલમાં જુગુપ્સા ઉપજાવે છે. આ બંને બાબતમાં આપ યોગ્ય વ્યવસ્થા કરો તો ઉત્તમ એવી વિનંતી કરવા આવ્યો છું.'' તેમણે મારી આ બંને વિનંતી ધ્યાનથી સાંભળી લીધી. હું તેમની રજા લઈને તરત બહાર નીકળી આવ્યો. તેમણે કશો જવાબ વાળ્યો ન હતો. એક શબ્દ બોલ્યા ન હતા. તેમની કને હું જઈ આવ્યો તેથી મને પોતાને સંતોષ વળી ગયો.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૦૧–૨૦૨)

• • •

આ જીવના સાધનાકાળમાં એક ગાળો એવો મહામુશ્કેલી ભરેલો આવેલો કે જ્યારે તેનાથી થતા સકળ પુરુષાર્થથી કશું બની શકતું ન હતું, ઊંચે પ્રકટી શકાતું ન હતું. તે વેળાએ તેણે જ્ઞાનભક્તિપૂર્વક

*શાંતિનિકેતનના અંગ્રેજીના પ્રોફેસર શ્રી ગુરુદયાળ મલ્લિકજીનું કુટુંબ કરાંચી રહે. એમની સાથે મારે ઠીક ઠીક વાર્તા થયેલી. તેઓ સત્સંગની ભાવનાવાળા અને સાધનાના માર્ગમાં પ્રવેશ પામેલા અને તેના આંતરપ્રદેશમાં પહોંચેલા જીવાત્મા છે. તેમની નમ્રતા સાધનાના આદર્શની અનુસરવા લાયક છે.

શ્રીસદ્‌ગુરુનો આશરો લઈને પોકાર પાડેલો, પ્રાર્થના અનેક કરી છે.* દરેક લીટીને છેડે મારા સદ્‌ગુરુનું નામ 'કેશવ' આવ્યા કરતું. એવી પ્રાર્થનાઓથી જીવનમાં રચનાત્મક લાભ થયો છે, એ મારો પ્રત્યક્ષ અનુભવ છે.** શ્રીસદ્‌ગુરુની મદદ મળે છે. તે હકીકત સાચી છે, પરંતુ જ્યારે એનામાં આપણું દિલ પ્રેમભક્તિપૂર્વક લાગેલું હોય છે, ત્યારે તે અનુભવાય છે. આપણો તેના પરનો પ્રેમ ન્યોછાવર થઈ જવાની ભાવના બીજા કોઈની સાથે સરખાવી શકાય તેમ નથી. શ્રીસદ્‌ગુરુ પ્રત્યેનો આપણા દિલમાં પ્રકટેલો ભાવ આપણને સાધનામાં વિશેષ ને વિશેષ એકાગ્ર અને કેન્દ્રિત કરવાને પૂરેપૂરો શક્તિવાળો છે.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૦૪–૨૦૫)

• • •

સને ૧૯૩૧માં સાબરમતી જેલમાં હેમંતભાઈ અને હું સાથે હતા, ત્યારે તેમણે પૂછ્યા કરેલું કે શું ગણગણ્યા કરો છો? તેમણે ઘણી વાર પૂછ્યું ત્યારે જ ''હરિઃૐનો જપ કરું છું'' એમ કહેલું. તે સિવાય બીજું કશું કહ્યું ન હતું. બીજા મારા કર્મસાથીઓને એટલીય ખબર પડી ન હતી. પછી જીવનમાંના અદ્‌ભુત ગણાય એવા પ્રસંગો કોઈને શેના જણાવ્યા હોય? સાધના પ્રદેશના અનુભવોની કંઈક હકીકતો એવી હોય છે કે

---

* *વૈષ્ણવ નથી થયો તું રે!*એ ઢાળ

'હરિ હું શું કરું રે, મુજને ચેન પડે નવ ક્યાંયે.
ચિત્ત ચોંટે મુજ કોઈ વિષે ના, મનોમથામણ ભારે.
કાં હડસેલી મુજને મૂક્યો, વ્હેણવમળમાં ભારે. –હરિ.
સુંદર મેળ હતો જામેલો, મુજ જીવનનો બાપુ!
કોણે મારું ઘર વણસાડ્યું, હતું જે લીંપ્યુંગૂપ્યું. –હરિ.
જીવન-પથમાં ક્યાંથી આવ્યાં સૂકાં રણ મેદાનો?
રસકસ મારાં ઊડી ગયાં ક્યાં? ક્યાંથી આ તોફાનો? –હરિ.
ડામાડોળ થતી મુજ નૌકા, ચઢ્યું મુજ મન વંટોળે,
નિવૃત્તિ-પ્રવૃત્તિ વચ્ચે કાં સપડાવી મારે? –હરિ.
જેમ સૂઝ્યું તેમ દીધે રાખ્યું, મદાર તુજ પર બાંધી
હાવાં કાં લથડાવી મારે આવી જ્યાં મને આંધી? –હરિ.

('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૫૧)

** 'કેશવચરણકમળે' એ મથાળે પ્રગટ થયેલા પુસ્તકમાં આ પ્રાર્થનાઓ છે.

દિલમાં ને દિલમાં ભરાઈને જીવતી પડી હોય છે. તેનું સહૃદયી આગળ પણ મૌન સેવેલું છે. જોકે મૌન રાખવું ને સંયમ જાળવવો એ આપણે ધારીએ છીએ એટલું સહેલું હોતું નથી. પ્રભુકૃપાથી જે કંઈ એનું કામ હતું, તે અત્યંત ગુપ્તપણે થાય એમ ઊગેલું હતું. તેથી છેક ૧૯૨૬થી હું અને હેમંતભાઈ સાથે હતા, છતાં ૧૯૩૮માં કરાંચીમાં પહેલો વહેલો આ જીવના આધ્યાત્મિક જીવનનો સ્પષ્ટ ખ્યાલ જાગ્યો હતો. માત્ર ૧૯૩૧માં અમે બોદાલ આશ્રમમાં સાથે હતા ત્યારે અંદરના ઓરડામાં વર્ગ લેતાં લેતાં એક વાર અચાનક કંઈક એવું નિમિત્ત મળતાં ને એનું સ્ફુરણ થતાં દેહભાન સંપૂર્ણપણે જતું રહેલું ને બહાર ઓટલા પર હેમન્તભાઈને બોલાવવા છોકરાઓ ગયેલા ત્યારે તેમણે આ જીવની તેવી દશા જોયેલી હતી. ત્યારે પણ મેં ''એવું મને કદી કદી થઈ જાય છે'' એવી રીતે કહેલું કે તેમને કુતૂહલ જાગે નહિ. વળી એકાદ બે વાર આ જીવને મધરાતે બે-એક વાગ્યે બહાર ભીંત આગળ કે રાયણના ઝાડ નીચે ધ્યાન પ્રાર્થનામાં બેઠેલો એ જોઈ ગયેલા હતા. આખો દિવસ ચાલતા ભારે શારીરિક શ્રમ પછી પણ મધરાતે જાગીને બેસવા જેટલી અને બીજે દિવસે એ જ નિત્ય ક્રમ ઊલટભેર ચાલુ રાખવા જેટલી શક્તિ મારામાં કેમ કરીને રહેતી હશે એવી નવાઈ તેમને લાગેલી હતી. એક વખત બોરસદના સાર્વજનિક દવાખાનાના નાગર દાક્તરસાહેબે તેમને કહેલું કે એમને ભજન કરતાં કરતાં દેહભાન જતું રહે છે. આંખમાંથી સતત પ્રેમભક્તિનાં આંસુની ધાર વહે છે, એવું કેટલીયે વાર જોયું છે. એ ખબર તેમને દાક્તરસાહેબની મારફત પડેલી ખરી, પણ તેમાં આ જીવની કોઈ ઇચ્છા પ્રવર્તેલી નહિ. આમ, હેતુપૂર્વક આટલાં વર્ષો મૌન પાળ્યું છે.

હવે આવા પ્રસંગો કેમ લખું છું? કોઈ ગુણ યોગ્ય અને પર્યાપ્ત પ્રાપ્ત થયા પછી તેની સળંગ ધારા વિકાસની અમુક કક્ષાઓ વટાવ્યા બાદ તેવી ને તેવી રહેતી નથી. પહેલાં આ જીવને મૌન અને ગુપ્તપણે થતી સાધના તે કાળ પૂરતાં યોગ્ય હતાં તેમ હવે એવી સ્થિતિનું પ્રાગટ્ય પ્રભુકૃપાથી થયું છે કે જીવનનો આખો તબક્કો બદલાઈ ગયો છે. એના એ દેખાતા દેહમાં નવો જ જન્મ થયો છે. તેથી હવે આ માર્ગના વિકાસના હેતુ માટે

પ્રભુકૃપાથી થયેલા સ્વજન આગળ વ્યક્ત કરવાનું યોગ્ય લાગેલું છે. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૩૨-૨૩૪)**

● ● ●

૧૯૩૧માં જ્યારે હેમન્તભાઈ અને હું સાથે બોદાલના હરિજન આશ્રમમાં રહેતા ને કામ કરતા, તે સમય પહેલાં હું નડિયાદમાં હતો, ત્યારે એક ભાઈએ તેમની વિરુદ્ધ મને ઘણું ઘણું કહી નાંખેલું હતું. તેમના વિશે એમણે ઘણી ફરિયાદો પણ કરેલી હતી. તેથી હું ભંભેરાઈ ગયો હોત તો તેમની સાથે મારો મેળ કદી ખાઈ શક્યો ન હોત. પરંતુ પ્રભુકૃપાથી બધાંનું સહાનુભૂતિપૂર્વક સાંભળવું ખરું, છતાં તેમાં દિલ ન જવા દેવું એટલી તટસ્થતા અને સમતા કેળવાયેલાં હોવાથી તેની કશી અસર પ્રકટેલી ન હતી. 'બધાંનું સાંભળવું ખરું પણ તેની અસર ન થવા દેવી' તે ધારીએ છીએ એટલું સહેલું નથી એટલે કોઈની નકારાત્મક હકીકત ન સાંભળવામાં સાર છે.

બોદાલમાં અમારી વચ્ચે કેવો પ્રેમપૂર્વકનો સુમેળ પ્રકટેલો હતો! તે જોઈને હરિવદનભાઈ અને પરીક્ષિતભાઈને પણ નવાઈ લાગેલી ને જણાવેલું કે આ લોકો પતિ-પત્ની હોય તેવો સંસાર ચલાવે છે! આથી મિત્રોએ વિનોદમાં અમારાં નામ 'ગુલાબ' અને 'કુસુમ' પાડેલાં! હેમન્તભાઈ એક વખત સુરત ગયા હતા, ત્યારે ટીખળ કરવા તેમને ખુલ્લા પોસ્ટકાર્ડમાં 'પ્રિય ગુલાબ' એમ સંબોધીને નીચે 'તમારી કુસુમ' એમ સહી કરી હતી. એ વાત એમનાં કુટુંબીજનો હજી પણ યાદ કરે છે. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૭૦–૨૭૧)**

સને ૧૯૩૨માં જેલમાંથી છૂટીને આવ્યો, ત્યારે પૂજ્ય ઠક્કરબાપા મુંબઈમાં હતા, એટલે તેમને પ્રણામ કરવા ગયો. એમણે હુકમ આપ્યો કે હવે તારે જેલમાં જવાનું નથી. તારે સંઘનું કામ કરવાનું છે. તેમાં મારા બાપુએ પણ સૂર પુરાવ્યો. તેમણે મને સલાહ આપી કે ઠક્કરબાપાની વાત સાચી છે. મારી પણ તને એ સલાહ છે. આપણે તે માન્યું. મંત્રીપદ પર નિમાયો. આશ્રમનો કારભાર હાથમાં આવ્યો. તે વખતની મંડળની બધી સંસ્થાઓની દેખરેખ, મનમાં પ્રકટેલી રચનાત્મક

જવાબદારીના ભાનને લીધે મારી સાધનાની ભાવનાના પ્રવાહની દિશા કંઈક નરમ થયેલી હતી. એની અથડામણ જાગેલી ત્યારે મને પાછા આ ભાવમાં સતત પ્રકટેલા રહેવા માટે પ્રભુકૃપાથી પ્રેરણા મળેલી હતી. તે પછી પેલું બધું કામ ગૌણ થઈ ગયેલું હતું.

ઘણી વાર એવું બને છે કે અંદર સમજાતું હોય, પણ પૂરું વ્યક્ત થઈ શકતું ન હોય. છતાં એમાંથી નવું સમજાય છે, નવું અનુભવાય છે ને નવું બળ મળતું હોય છે. શ્રીસદ્‌ગુરુ પરત્વે હૃદયમાં પ્રકટેલો જીવતો જાગતો સદ્‌ભાવ એ આપણને પ્રેરણા આપ્યા વિના રહી શકતો નથી એવો મારો પ્રત્યક્ષ અનુભવ છે.(**'જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૦૨–૩૦૩**)

શ્રી હેમન્તભાઈ નીલકંઠ મારી સાથે કરાંચીમાં રહેતા હતા, ત્યારે દિવસના કેટલીય વાર તેમણે મને ભાવાવસ્થામાં જોયો છે. કોઈ સુંદર દૃશ્ય, ભાવવાળું વચન, એવું વાચન, નૈસર્ગિક સરળતા, કોઈ સુંદર ભજન, એવાં એવાં નિમિત્ત મળતાં અનેક રીતે ભાવાવેશ પ્રકટતો અને તે લાંબા ગાળા સુધી ચાલતો હતો. આ સ્થિતિ ત્રણેક વરસ સુધી રહ્યાં કરી હતી. ભાવાવસ્થા પ્રકટતાં પ્રકટતાં તેમાં પણ સહજતા અને સાતત્ય પ્રકટી જાય છે. તે પછી તે સહજ જીવંત બની જાય છે. પછી તેવાને તેમ થવાની પણ જરૂર રહેતી નથી.

પ્રભુકૃપાથી અમારે અક્કલ હોશિયારીમાં ખપવું નથી. પહેલાં પણ એમાં કોઈ ગણતું ન હતું. હેમન્તભાઈ જૂના સાથી અને સાક્ષી છે. તે જાણે છે કે બે-ત્રણ ચોપડી ભણેલા તરીકે આ જીવ ઓળખતાો હતો. સ્વજન નંદુભાઈને એક વાર હરિજન સેવક સંઘની ઑફિસમાં મને ટાઈપ કરતો જોઈને નવાઈ લાગેલી કે ઓહો! આમને આટલું અંગ્રેજી આવડે છે! ટાઈપ પણ કરી શકે છે શું! આ જીવ તો હતો તેવો ને તેવો ''ભોટ'', ''અડબોથ'' જેવો કહો તેવો જ છે. એને જેટલી ગાળો પડે એટલી પડવા દેવી, એમાં વચ્ચે આવવું નહિ. (**'જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૩૮**)

અનેક સ્વજનોની ગાળો ખાધી છે, અનેક સ્વજનોથી ધુતકારાયેલો પણ છું. કેટલાંક સ્વજનોએ પાછો ધકેલવાનું પણ કરેલું છે, કેટલાકે ઘણો વિરોધ કરેલો છે, કેટલાકે મનમાં કાંઈ કાંઈ અન્યથાપણે માની લીધેલું

છે. ઉચ્ચ જીવનમાં પ્રકટી શકે એવા ગુણ પ્રસંગમાં પ્રકટેલા હોવા છતાં તેનું મહત્ત્વ કોઈને લાગેલું નથી. છતાં કોઈ પરત્વે આ જીવનો સદ્‌ભાવ ઘટેલો નથી. તેના ખપમાં આવવા પ્રભુકૃપાથી ખડે પગે તૈયાર રહી શકાયું છે. કોઈ કોઈ જીવની અતિ ગંદી ગાળો ખાવાનું બન્યું છે, છતાં પ્રભુકૃપાથી તેમના પર પ્રેમ કરવાનું જ ભગવાને અમને સુઝાડ્યું છે. તે એની પરમકૃપા છે. જો કોઈએ થોડો પણ ઉપકાર કર્યો હોય છે, કોઈનું આ જીવ પર થોડુંક પણ ઋણ હોય છે તો તેને ચૂકવવા માટે પ્રભુકૃપાથી આ જીવે ઘણી જહેમત ઉઠાવેલી છે. જીવનમાં જે કદી આચર્યું નથી એવું આચરવાને જે કદી આ જીવે કોઈને કહેલું નથી. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૨૫–૨૨૬)**

● ● ●

નિર્જન ભયભર્યાં સ્થળોમાં કોઈને રાત ગાળવા દેવામાં આવતી ન હોય, ત્યાં પણ પ્રભુકૃપાથી મને પરવાનગી મળી ગઈ છે. એવાં સ્થળોના થયેલા અનુભવોને કેમ વર્ણવાય? અને પ્રત્યક્ષ અનુભવ વગર તે કેમ બરોબર સમજાય? જેમ જેમ સાધનામાં એક પછી એક ઊંચા શિખરોને પહોંચીએ છીએ, તેમ તેમ એક દૃષ્ટિએ આપણે એકલા થતા જઈએ છીએ. તેથી બધામાં ભળી શકતા નથી એવું નથી બનતું. આ પ્રકારનો નિઃસંગનો ભાવ કંઈ ઓર પ્રકારનો હોય છે. એમાં આનંદનો ભાવ વધે છે. ભૂજ (કચ્છ)માં એ વખતે રાજ્ય ખાતાના પરવાનાની જરૂર રાત ગાળવા માટે રહેતી, કારણ કે ટેકરી ઉપર હિંસક પશુઓનો ખૂબ ભય રહેતો હતો. તે પરવાનગી મળી ને ત્યાં રાત ગાળેલી. તે રાતનું ભાવભર્યું સ્મરણ જીવનમાં મુદ્રાંકિત થઈ ગયેલું છે. કેટલીય વાર એના પવિત્ર મીઠાં સ્મરણ માત્રથી દિલમાં સવિશેષ આનંદ-પ્રેમ પ્રકટ્યાં છે. આ જીવની આધ્યાત્મિક માની સેવામાં એમના શરીરની અંત ઘડીએ હાજર રહી શકાયું ન હતું, તે દિલમાં ઘણું સાલતું હતું. પણ ઉપાય શો? ત્યાં એ ટેકરી ઉપર મંદિરમાં ખુલ્લા ચોગાનમાં સૂતાં મધરાતે પ્રભુએ તે સંતોષ મેળવી અપાવ્યો. તેઓ પોતે પ્રત્યક્ષ થયાં. તેમના ખોળામાં સૂવાનો લહાવો લઈ શકાયો ને વાતો પણ થઈ. પછી જ્યાં પડખું ફેરવું છું, ત્યાં એ અદૃશ્ય થઈ ગયાં. એ તંદ્રાવસ્થાનો કે સ્વપ્નનો અનુભવ ન હતો.

પૂરી જાગ્રત અવસ્થામાં તેમનાં પ્રત્યક્ષ સશરીર દર્શન થયેલાં. આવી હકીકત કોઈના માન્યામાં ન આવે. તેવી જ રીતે પાલનપુર પાસે બાલારામ આગળ પણ પ્રભુકૃપાથી અજબ અનુભવવાળી રાત ગળાઈ શકી હતી. ('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૫૯-૧૬૦)

અનેક પ્રકારનાં અહમ્‌થી ઊઠતાં આંદોલનો પ્રભુકૃપાથી સમજવા મથ્યા કરતો. આવા જ્ઞાનપૂર્વકના અભ્યાસનું પરિણામ એ થવા માંડ્યું કે સમતા, તટસ્થતા, શાંતિ, વિવેક, પ્રસન્નતા, સહિષ્ણુતા આદિ ગુણો એની મેળે પ્રકટતા અનુભવાતા હતા. આમ જ્ઞાનભક્તિપૂર્વકની જાગ્રતિથી ને તેના હેતુ અર્થે પળાતાં જતા સાધનાના અભ્યાસથી ગુણો આપોઆપ કેળવાતા જતા હોય છે. એકલા ગુણો કેળવવાનો મહાવરો આ જીવને કદી ન હતો ને એવું આવડતું પણ ન હતું. એકલા ગુણ કેળવવા છે એવો જાગ્રત ખ્યાલ પણ તે વેળા ન હતો. પરંતુ સાધનાના જ્ઞાનભક્તિયુક્ત યોગ્ય પ્રકારના એકધારા અભ્યાસમાંથી તેવા ગુણોનું કેળવવાપણું બનેલું ને તેવો અનુભવ થતાં કોઈ અનેરો આનંદ પ્રકટતો ને તેમાંથી યોગ્ય પ્રકારનો આત્મવિશ્વાસ પ્રકટ્યા કરેલો છે.

જેમ વેપાર કરવા મૂડી, તેની કળા, વિવેક, જ્ઞાન, અનુભવ વગેરે બધાંની જરૂર રહે છે; તેમ જીવનવિકાસની ભાવનાને વિકસાવવા કાજે પણ શક્તિ-રૂપી મૂડીની જરૂર રહે છે. આ મૂડી શરૂમાં લાવવી ક્યાંથી? આ પ્રશ્ને મને ઘણો મૂંઝવેલો. જેમ વેપાર કાજે બીજાં બધાં જોઈતાં સાધન હોય પણ ધનની મૂડી ન હોય, ને તે મેળવવા કાજે યોગ્ય ઓળખાણ કે સંબંધ ન હોય, તેવા માણસનો વેપાર કરવાનો ઘણો વિચાર હોય, તોપણ તે અમલમાં મૂકી શકતો નથી, તેવું આ જીવનું બની ગયેલું. પરંતુ નિરાશ થઈને લાચારી ભોગવીને બેસી ન રહેવું, એવું મારા શ્રીસદ્‌ગુરુનું આ જીવને આજ્ઞાવચન હતું. ગુરુના સદ્‌વચનને ગમે તેવો ભોગ આપીને યથાર્થપણે વર્તનમાં મૂકવું તે મૂકવું જ, એવી સમજણ શ્રીપ્રભુકૃપાથી દિલમાં ઊતરેલી. તેથી નિરાશ દશામાંથી ઊગરી જવાનું બની શકેલું. તે વેળા શ્રીસદ્‌ગુરુની ભાવનાની ધારણાને હૃદયસ્થ કર્યા કરતો. એને અત્યંત આર્ત અને આર્દ્ર ભાવે હૃદયમાં હૃદયથી પ્રાર્થના કર્યા કરતો.

સર્વ ધ્યાન તેનો ઉકેલ કરવામાં રોકી સમજણપૂર્વકનું વર્તવાનું કર્યા કરતો હતો. આ જીવને તેનો ઉકેલ આપોઆપ જેમ જમીનમાંથી વાંસ ફૂટી નીકળે છે, તેમ ઊગી જતો. તેથી આ જીવને સૂઝ્યું કે, હે જીવ! તારી જીવનવિકાસ કરવાની અદમ્ય ઝંખના, તે પરત્વેની દૃઢ શ્રદ્ધા, પુરુષાર્થ કર્યા કરવાની ખાંખત, શૌર્ય, અનંત ધીરજ આદિ ગુણની શક્તિઓ કંઈ જેવી તેવી નથી. **('જીવનપોકાર', આ. ૨, પૃ. ૧૨૪–૧૨૫)**

જ્યારે આ જીવને જીવનવિકાસના માર્ગ પરની ગાંઠ પડેલી અનુભવાતી, સાલતી ને ઉકેલ્યા વિના જંપ ન વળે તેવી ઉત્કટ દશા રહેતી અને હૃદયમાં હૃદયથી પ્રાર્થના થતી, છતાં તે ન ફળતી, ત્યારે આ આ જીવ પોતાની જાતને—મન, પ્રાણ, ચિત્ત, બુદ્ધિ, અહમ્—તેનાં અનેક પાસાં તપાસી લેતો. ક્યાંક કવાણું હોવું જ ઘટે, કાં તો પ્રાર્થનાના ભાવમાં તે તે મનાદિકરણો પૂરેપૂરાં યોગ્ય રીતે ભળેલાં ન હોય અથવા એવી એકાગ્રતા કે કેન્દ્રિતતા ન જામ્યાં હોય, એવું ઊંડું પૃથક્કરણ કરી પ્રભુના ભાવમાં એકાગ્ર થવા તેની કૃપાથી મથ્યા કરવાનું બન્યે જતું. તેથી હૃદયનો ઊંડો પ્રાર્થનાભાવ પણ ફળેલો. પછી પ્રાર્થનાથી પરિણામ નીપજાવવાની ઝંખના પણ ટાળી દીધેલી. તેવું હોવું એ પણ યોગ્ય ન હતું. આપણે આપણા ભાગનું આવેલું કર્તવ્ય યોગ્ય રીતે પૂરા ભાવથી એના સંપૂર્ણ યોગ્યપણામાં કર્યા કરવામાં જો પ્રભુકૃપાથી રત રહ્યા હોઈશું, તો તે તેના ભાગનું જરૂર કરવાનો જ છે, એવા આત્મવિશ્વાસ અને જ્ઞાનમૂલક શ્રદ્ધા આ જીવમાં પ્રકટી ગયાં હતાં.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૧૧-૧૧૨)

પ્રાર્થનાભાવની એકાગ્રતા અને કેન્દ્રિતપણું જામવામાં કે જમાવવામાં મન, બુદ્ધિ કદીક તર્ક ઉઠાવે તો તેમને કહેતો કે જીગર સોંપી દીધા કેડે, નકામા તર્ક શા ખપના? ને હૃદયની ભાવના મોળી પડતાં એને પ્રેમભાવે સંબોધતો કે ચરણમાં ખાખ થઈ મરવું, પ્રણયની એ નિશાની છે.

મારે જે ધ્યેયને પ્રાપ્ત કરવું હતું, તે આઠે પહોર સન્મુખ રહી શકે તો ઉત્તમ તે ભાવના પ્રકટેલી હતી. તે 'તુજ ચરણે'માં પ્રભુકૃપાથી વ્યક્ત થયેલી છે. એમાં એની પ્રાર્થનાનો ભાવ છે એ કયાં કયાં અને કેવાં કેવાં સાધનોથી પ્રાપ્ત થઈ શકે છે, તેનું પણ બ્યાન છે. ચેતનમાં નિષ્ઠા પામેલું,

વિકાસ પામતું, ને એના પ્રસાદને પામેલું જીવન કેવું હોઈ શકે, તેની હકીકત તેમાં છે. અંતે મારે એની કને શું માગવાનું છે, તેની પ્રાર્થના છે. એ પ્રાર્થના એવા પ્રકારની પ્રભુકૃપાથી પ્રકટી છે કે તેથી કરીને ધ્યેયની સન્મુખતા સદાકાળ મને ટક્યા કરતી. વળી, તે પ્રાર્થનાએ મારા જીવનનું એક મોટું કાર્ય પણ સાધેલું છે. નાનપણના કાળમાં મને હિમાલયનાં સ્વપ્નાં આવ્યાં કરતાં. હિમાલયમાં જવાની વારંવાર પ્રેરણા જાગ્યા કરતી. એટલું જ નહિ પણ સાધનાકાળમાં પણ એવું થયાં કરતું હતું. ગુરુમહારાજે સદ્‌ભાવના પ્રકટાવી કે 'તુજ ચરણે'ની પ્રાર્થના મારે છપાવવી ને તેમાંથી જે રકમ મળે, તે વડે હિમાલયની યાત્રા કરવી. ૧૯૨૩ની સાલમાં તે છપાવવા નાનકડી રકમ જોઈતી હતી. પરંતુ એટલી રકમ મેળવવી મારે માટે દોહ્યલી હતી. તે છાપવાની રકમ મારી પ્રથમ આધ્યાત્મિક માએ મને આપી હતી. તે વેચવાની ઝુંબેશ કરી ન હતી, છતાં પ્રભુકૃપાથી મને રૂા. ૪૩૭ની રકમ મળી શકી અને હિમાલયની યાત્રા કરી શક્યો હતો. ('જીવનપોકાર', આ. ૨, પૃ. ૧૮૧-૧૮૨)

જીવનવિકાસની સાધનાની સળંગ ધારા ન પ્રકટી શકી હોત, તો જીવનમાં આવી શક્તિ કદી પ્રકટી શકી ન હોત. નવી શક્તિ મેળવવા આપણામાં જે શક્તિ હોય તેનો ઉપયોગ કર્યા કરવો પડે છે. ઉપયોગની જેમ સમજણ વધે છે, તેમ ઉપયોગથી બળ પણ સાંપડે છે ને ગુણ પણ સાંપડે છે. માટે કૃપા કરીને ભાવનાનો ઉપયોગ કરતાં જો આપણે શીખીએ ને તેનો નિરંતર અભ્યાસ પ્રકટાવીએ તો જ કૈંક આપણો દહાડો વળી શકે. હું કંઈ હિમાલયની ગુફામાંથી આવીને તમારી પાસે એવી વાતો કરતો નથી કે જેની ખાતરી કોઈ રીતે ન જ કરી શકાય. પ્રભુકૃપાથી જે રીતે સંસારમાં ને સમાજમાં જીવન જીવી જાણ્યું છે ને વર્તવાનું બન્યું છે, તે રીતે વર્તવાનું તમને બધાંને કહ્યા કરું છું. ('જીવનપોકાર', પૃ. ૩૦૬)

પ્રાર્થના ઉત્કટ ભાવથી થયા કરવી જોઈએ. રોજ રોજ સાધનાના ગાળામાં તો એવી કેટલીય પ્રાર્થનાઓ જે દિવસે જે ભાવ પ્રકટે તે ભાવને દૃઢાવવા થયા કરતી! અને તે પ્રાર્થનાનો ગુંજારવ સ્મરણભાવની ધારણામાં પ્રકટાવ્યા કરતો. પ્રભુકૃપાથી હૃદયના તે ભાવનો અખંડ

જાગૃતિપૂર્વકનો અભ્યાસ અંતરમાં ધારવાનું બનતું કે જેથી તે ભાવ ઊંડો ઊતરી જતો અને સમસ્ત જીવનો આધાર તે ભાવમય બની જતો. અલબત્ત, આમાં પુનરાવર્તન આવે જ. કોઈપણ ભાવનું જીવનમાં સાકારપણું પ્રકટાવવું હોય તો જીવંત પુનરાવર્તન આવશ્યક અને અનિવાર્ય છે. પુનરાવર્તન અભ્યાસનું હાર્દ છે. એવા જીવંત પુનરાવર્તનમાંથી હૃદયમાં નવસર્જન કરાવનારાં ચેતન ને શક્તિ પ્રકટે છે. પુનરાવર્તનની સાથે કોઈ ને કોઈ પ્રકારની નૂતનતા પણ પ્રકટતી હોય છે, કારણ કે એવા પુનરાવર્તનમાં હૃદયનો ભાવ પ્રકટેલો હોય છે. ભાવમાંથી નવસર્જન થતું હોય છે. નવસર્જન થતું હોવાથી પ્રત્યેક પુનરાવર્તનનો પ્રકાર જુદો જુદો પ્રકટતો હોય છે. એવા પુનરાવર્તનના ભાવના સત્સંગવાળાં ભજનો કેટલાંય વર્ષો સુધી થયાં કરેલાં હતાં. દરરોજ બે કે ચાર તે તે સમયના અંતરના ભાવને દૃઢ કરાવવાને પ્રાર્થનાગીતો રચાતાં હતાં. મોટી ત્રણ-ચાર થેલીઓ ભરાય એટલી નોટો પ્રાર્થનાની થઈ હતી. એવામાં '૩૦-'૩૨ના ક્રાંતિકારીના દિવસો આવ્યા. તેમાં ભાગ લીધો. લાઠીમાર, જેલ, દંડની પ્રસાદીઓ મળી. અસહકારના તે જમાનામાં દંડ ભરવાનો ન હતો અને હોત તો પણ મારી પાસે એવી શક્તિ ન હતી. નડિયાદમાં મારે ઘેર ૪-૫ વાર જપ્તી થયેલી અને બધું ઉઝેડી ગયેલા; તેમાં પેલી પ્રાર્થના ને ભજનની થેલીઓ પણ ઘસડાઈ ગઈ. તે ગઈ તે ગઈ. આજની ઘડી ને કાલનો દહાડો! પરંતુ ત્યારે પણ તે ગયાનો હર્ષશોક પ્રકટ્યો ન હતો કેમકે એના સર્જનનો હેતુ સધાતો અનુભવ્યો હતો.

આ પરથી બીજો પ્રસંગ યાદ આવે છે. કવિ સાગર પાસે એક વાર પ્રેમલક્ષણા ભક્તિનાં ગીતો સંભળાવવા સરખેજ જવાનું થયેલું. તે સંભળાવતાં અગાઉ એમની સાથે ઠીક ઠીક સત્સંગ થયેલો. સાધનાની અંતરતમ હકીકત અંગે પણ વાતચીત થયેલી. તે પછી તેમને ગીતો સંભળાવ્યાં. તેમણે કહ્યું કે, તમારા દિલમાં શુદ્ધ અનાસક્ત પ્રેમ છે અને તે ઘણી ઊંચી કોટિનો છે. તમે કહેલી સાધનાના આંતરપ્રદેશની હકીકતોથી મને ઘણો આનંદ થયો છે. પરંતુ પ્રેમભાવે તમને કહું છું કે

લોકો આવાં ઉચ્ચ પ્રકારનાં ગીતોમાંથી પણ યોગ્ય સાર ગ્રહણ કરવાને બદલે પોતાની જીવદશાની વૃત્તિને પોષશે. માટે આ બધી કૃતિઓ આ પાસેના તળાવમાં ફેંકી દો.

અને એક પળની પણ વાર લાગવા દીધા વગર પાસેના તળાવમાં તે બધું પધરાવી દીધું. સાગર પણ સ્તબ્ધ થઈ ગયા હતા. હવે તે જૂના સાધનાકાળની પ્રાર્થનામાંથી માત્ર થોડુંક બચી ગયું છે.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૪૧–૩૪૨)

પ્રભુકૃપાથી આ જીવને સ્વપ્ન દ્વારા સાધનાની કેટલીક સૂક્ષ્મ રીતોની ખબર પડેલી. કેટલીક વખતે સ્વપ્ન દ્વારા કેટલુંક અનુભવવાનું ને જાણવાનું પણ બનેલું. સ્વપ્ન દ્વારા શ્રીસદ્‌ગુરુએ આ જીવને કંઈ કંઈ બતાવેલું હતું. મારા જીવનની તે નક્કર હકીકત છે. બીજા જીવોથી આવી હકીકતોમાંનું સાચું તથ્ય ન સ્વીકારી શકાય, તે પણ સમજી શકાય તેવું છે. આ જીવને અનેક પ્રકારના પ્રકૃતિમાં પડી રહેલા સૂક્ષ્મ દોષોનું તીવ્રતમ ભાન સ્વપ્નમાંથી જાગેલું હતું. અજાણતા થયેલા કેટલાય દોષો સ્વપ્ન દ્વારા સમજણમાં આવેલા. વ્યવહાર વર્તનમાં વિવેકથી વર્તવાની કળા વગેરે પણ શ્રીસદ્‌ગુરુએ સ્વપ્ન દ્વારા આ જીવમાં પ્રકટાવેલી. સ્વપ્નમાં પણ સ્વપ્ન દ્વારા શ્રીસદ્‌ગુરુએ કેટલાય પ્રકારની સૂક્ષ્મ વિધિઓ આ જીવના આધાર પર કરેલી. આવી હકીકતોની તાદશ્યતા, સચોટતા અને નક્કર વાસ્તવિકતા વગેરેનું જ્ઞાન આ જીવને એમની કૃપાથી થયેલું. તેથી કરી આ જીવની સાથે મારા શ્રીસદ્‌ગુરુ, જીવતાજાગતા, દોરવતા ને પ્રેરવતા જ્યાં ને ત્યાં રહ્યા કરેલા છે, એવો આત્મવિશ્વાસ પ્રકટપણે જીવનમાં અનુભવાયેલો છે. આ બધી હકીકત ચસકી ગયેલા ભેજાની નથી. ઘણાખરા આને એક પ્રકારનું માનસિક તૂત પણ માને, તો તેમાં એમનો દોષ લગાર પણ ન ગણાય. અનુભવે જેને જે સમજાય તે ખરું. અમારી ઉપલી હકીકતને સૌ કોઈ સ્વીકારે એવો અમારો દાવો નથી. અમારે મન જે સાચું હોય, તે બીજાને તેમ લાગવું જ જોઈએ એવું પણ કશું નથી. ('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૦૬)

'૨૪ની સાલમાં એક મહાત્માની પાસે પૂજ્ય શ્રી બાળયોગીના સૂચનથી ગયો હતો. એમને ત્યાં જેને આપણે 'નૈતિક' ગણીએ એવું બધું

ન હતું. ગમે તે લોકો આવે ને ગમે તેમ વર્તે. ઝઘડા પણ થાય. મારામારી પણ થાય ને ચોરી પણ થાય. એ બધું જોતાં મને ત્યારે ઘૃણા નહોતી થઈ કે એમની અવગણના પણ નહોતી કરી; પણ એ બધું સમજી શકાયું ન હતું. આજે એ બધું ખ્યાલમાં આવે છે. એમની મહત્તાની મને ખબર પડી હતી, તેથી અન્યથા કશું વિચારવાનું હતું નહિ. છતાં એમ થયેલું કે આવા મહાત્માઓ પાસે પણ આવું સેળભેળ કેમ ચાલતું હશે? પણ પછી સમજાયું : જેમ દરિયામાં નાની મોટી નદીઓનાં વહેણ જતાં હોય છે, તેમ સંત આત્મા પાસે પણ અનેક જાતના લોકો પોતપોતાની મુરાદો બર લાવવા માટે જતા હોય છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૧૫)**

● ● ●

આ જીવે શ્રીસદ્‌ગુરુના વચનને કદી મિથ્યા જવા દીધું નથી. નડિયાદમાં શ્રી બાળયોગી આ જીવને આ માર્ગમાં પ્રવેશ કરાવવાને પધારેલા. તેમણે કહેલું કે હું શ્રીધૂણીવાળા દાદાની આજ્ઞાથી આ બાજુ આવેલ છું. તારા ગુરુ તો તે છે. હવે તું તેમની કને જઈને આશીર્વાદ લઈ આવ. એવી તૈયારી કરીને જા. 'એવી તૈયારી'નો અર્થ તે વેળા આ જીવ શું સમજે? મેં મંત્રીને ૭-૮ દિવસની રજાની અરજી કરી દીધેલી. તેમને એ હકીકત જણાવી ત્યારે તેઓ ઘણા નારાજ થયેલા ને કહે કે એનું નામ તૈયારી ન ગણાય. તેઓ તને ત્યાં રહેવાનો હુકમ કરે તો? તારે એવા પ્રકારની તૈયારી કરવી ઘટે. મનથી પણ એવી તૈયારી કર. ઉમળકાભેર એવી તૈયારીને મનમાં ભજ્યા કર.

હવે એટલો સમય હતો નહિ. મારી બા વડોદરામાં હતી. 'મનને'—માં જે 'મા'ને સંબોધન કરેલું છે, એવાં એક મા, આ જીવના ખરાં મા પ્રભુકૃપાથી થયેલાં હતાં. તેમના વડે આ જીવમાં સાચા પ્રાણ પ્રકટેલા એટલે વડોદરા ગયો. મારી બાને તે મા દ્વારા જેમ તેમ કરીને સમજાવીને આશીર્વાદ લીધા. નડિયાદ આવી પરીક્ષિતલાલને નવસારી તાર કરીને એકદમ ત્યાં બોલાવ્યા. તેમને બધો ચાર્જ સોંપી દીધો. આવી ગાંડાઈ ન કાઢવા તેમણે ઘણું કહ્યું. મા, વિધવા ભાભી, તેનાં નાનાં છોકરાં, બે નાના ભાઈઓ—એ બધાંને છેક નોંધારા મૂકીને જવાનું. એમનું પોષણ

થઈ શકે એવી આર્થિક મૂડી નહોતી, એવા સંયોગોમાં ઓચિંતી આ પ્રકારની તૈયારી કરવાની ને તે પણ ઉમળકાભેર, તે એ કાળમાં આ જીવ કાજે ઘણું ઘણું દુર્ઘટ હતું. પણ જે કરવાનું જ છે તે કર્યે છૂટકો છે, એમાં મીનમેખ ફરક ન પડી શકે, તેમ વર્તવાનો આપણો ધર્મ હોય તેવો ભાવ પ્રભુકૃપાથી ચેતાવી ચેતાવીને આ જીવ મથ્યા કરતો હતો. તે પછી આ જીવ સાંઈખેડા ગામે જ્યાં શ્રીદાદા બિરાજતા હતા ત્યાં ગયો. તેમણે કૃપા કરીને જ્યાં હોઉં ત્યાં રહેવાનો હુકમ કરેલો. નડિયાદ પાછો ફર્યો. શ્રી પરીક્ષિતભાઈએ પ્રેમભાવથી ત્યાં ફરી પાછું કામ કરવાની સંમતિ આપી ને પાછો કામે વળગી ગયો.

એ સંસ્થાના જે સભાસદ થતા હતા તેમને ત્રણ ત્રણ વર્ષનું વ્રત લેવાનું બનતું. તેમાં હરિજનોનું સતત મનન ચિન્તન કરી ઉત્તમ સેવા કરવાની હતી. મારા ગુરુમહારાજે સૂચવ્યું કે તારે સભાસદપણામાંથી મુક્ત થઈ જવું. કામ તે ક્ષેત્રમાં કરવું ખરું. તેથી સભાસદ તરીકેનું અને વ્યવસ્થાપક તરીકેનું રાજીનામું મોકલી આપ્યું. મને સભાસદ તરીકે રહેવાનું ઘણું સમજાવવામાં આવેલું, પણ મેં ના જ પાડી. આ જીવને સંસ્થાના કામ કરનાર બધા ઉપર સદ્‌ભાવ રહ્યા કરતો. સંસ્થાની સભા નડિયાદમાં આ જીવને ઘેર રખાતી. પૂજ્ય ઠક્કરબાપા નડિયાદ પધારતા તો નાનકડા બે ઓરડાવાળા અમારા ઘરમાં ઊતરતા. આવા જીવનો સદ્‌ભાવ મેળવી શકવાનું બન્યું, તે શ્રીપ્રભુની પરમકૃપાની હકીકત છે. આપણે કામ કરતા હોઈએ, એ ક્ષેત્રના જીવોનો આપણા પરનો સદ્‌ભાવ પ્રકટપણે જીવતો થઈ શકેલો હશે તો આપણને ઘણી સરળતા મળ્યા કરવાની છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૮૦ થી ૧૮૨)**

● ● ●

મને મારા ગુરુમહારાજના પાસેપણાનો અનુભવ જીવનમાં થવા લાગેલો, ત્યારે જીવનવિકાસ અંગેની મારી ભાવના વધતી જતી અનુભવાયેલી. જ્યારે જ્યારે મન અવળચંડું બનતું ત્યારે ત્યારે તેમનું પાસેપણું જાણે કે પ્રત્યક્ષ મને ટકોરતું ન હોય એવો અનુભવ થતો. એમનું

પાસેપણું આ જીવને પથગામી પ્રેર્યા કરતું. હૃદયમાં સહાનુભૂતિ ને ઉષ્મા પ્રકટાવતું. ઓથ છે જ એમ લાગ્યા કરતું. માગી મદદ પણ મળી શકવાની છે, એવો દૃઢ નિર્ધાર હૃદયમાં જાગ્યા કરતો. એમના પાસેપણાની હૂંફ પ્રકટ્યા કરતી તેની વાત તો વળી કોઈ ઓર છે.

('જીવનસોપાન', આ. ૩, પૃ. ૧૨૨)

આ જીવના સાધનાકાળમાં જીવની અપરા પ્રકૃતિનું વલણ કંઈ ઓછું ન હતું. શ્રીપ્રભુકૃપાથી એને શોધતો રહેતો, તે કાજે સતત પ્રાર્થના-ભાવમાં રમ્યા કરતો હતો. તે સમયની તે કાજેની પ્રાર્થનાઓના નમૂનાઓ 'હૃદયપોકાર' ને 'કેશવચરણકમળે'માં છે. જીવપ્રકારની વૃત્તિઓ શોધી શોધીને નીંદવાની છે. નીંદવાની છે એટલે શું?એની નિંદા કરવાની છે એટલું જ નહિ, પણ એને ઉખેડી નાંખવાની છે. નીંદવાનું ક્યારે બને છે? જ્યારે ખેડૂતને એમ સમજાય કે ખરા ભેગું ખોટું ઊગેલું છે, તે ખરાને નુકસાનકારક છે. તેને જો નહિ ઉખેડી દઈએ તો ખરાને તે ઊગવા જ નહિ દે. તેથી એવા ખોટા ઊગેલાને ખેડૂત નીંદી નાંખે છે. એને નીંદામણ કહે છે. નીંદામણની ક્રિયા સાધકે જાગૃતિ સેવી કર્યા કરવાની છે. **('જીવનસોપાન', આ. ૩, પૃ. ૧૫૨)**

મને મારા શ્રીસદ્‌ગુરુમહારાજે ભંગીનું મેલું ઉપાડવાનું કામ કરવા જણાવેલું. તે કામ નડિયાદમાં કોઈ ન કરવા દે. આ જીવની પ્રતિષ્ઠા સુધરાઈવાળા જાણતા હોવાથી એવું કામ સોંપે પણ નહિ. તેથી નવસારીમાં શ્રી પરીક્ષિતભાઈ હરિજન સેવક સંઘના મંત્રી હતા. તેમને મેં સુધરાઈમાં ભંગીનું કામ મળે એવી જોગવાઈ કરવાનું લખેલું ને તેમણે તેવી જોગવાઈ કરેલી પણ ખરી. પરંતુ શ્રીગુરુમહારાજ કને તેમની આજ્ઞા ને આશીર્વાદ લેવા ગયો, ત્યારે તેમણે ના પાડીને કહ્યું કે, હવે તારે જવાની જરૂર નથી. તારી સાચી તૈયારી હતી તેટલું પૂરતું છે. છતાં શરૂશરૂમાં જે જે જીવોએ મૌન-એકાન્ત લીધાં તેમનું મેલું, પેશાબ આ જીવ જ સાફ કરતો હતો.

જે પ્રસંગો મળે છે, તે આપણને કંઈક શીખવવા કાજે મળે છે. પરંતુ આપણાથી જ્ઞાનપૂર્વકનો લાભ લઈ શકાતો નથી, એવી આપણાં મન-બુદ્ધિની બલિહારી છે. જે કાળે જે પ્રસંગ ઊપજે તે આપણને શું શીખવવા ઊપજ્યો તેનું સહજ જ્ઞાન તાત્કાલિક તે જીવને થઈ જતું હોય તો જાણવું, માનવું ને સમજવું કે તેવા જીવની ભૂમિકા સાધના કાજે પાકી થયેલી છે. તેને શીખી લેતાં વાર લાગતી નથી. (**'જીવનસોપાન', આ. ૩, પૃ. ૨૧૭–૨૧૮**)

પ્રભુકૃપાથી એક શેઠને ત્યાં શરીરથી મેં કામ કરી બતાવ્યું છે. કેટકેટલું કામ! ઢગલાબંધ કામ! એનું વર્ણન કરવાથી શો લાભ? શરીર ભલેને તૂટી પડે, પરંતુ મન વ્હાલા પ્રભુમાં હોય તો હામ મળ્યાં કરે છે. સ્થૂળ મદદ પણ મળ્યાં કરે છે. અંતે બે-ત્રણ દિવસ બાકી રહ્યા ત્યારે શેઠાણી પણ મદદ કરવાં લાગ્યાં. મારે ને તેમને ખૂબ હરિફાઈ થતી.

(**'જીવનસોપાન', આ. ૩, પૃ. ૩૦૨**)

શ્રીભગવાનની કૃપાએ આ જીવના જીવનના તેવા પ્રકારના તબક્કામાં કેવી ને કેટકેટલી સંભાળ રાખી છે, તેનો પણ એક ઇતિહાસ છે. મારા જીવનની સાધનાના જુદા જુદા તબક્કાના પ્રસંગોનો મને પૂરેપૂરો પ્રભુકૃપાથી તાદૃશ્ય ચિતાર છે. તેનો ઇતિહાસ લખું તો તેવી રુચિવાળાને એટલો રોમાંચક ને રસપ્રેરક નીવડે કે ન પૂછો વાત. પરંતુ જ્યાં સુધી પોતાની મેળે જે સ્વજન મળેલાં છે, તેમાંનું કોઈ એક પણ સ્વજન ચેતનની ભાવનામાં-નિષ્ઠામાં પૂરું પ્રકટેલું અનુભવાય નહિ, ત્યાં સુધી તેવો ઇતિહાસ લખવાનો મને હુકમ નથી. (**'જીવનદર્શન', આ. ૨, પૃ. ૧૭૨**)

જીવનવિકાસની મારી સાધનાનો ઇતિહાસ લખવાની ઉતાવળ કરવાનું મને કદી દિલ થયું નથી. કાગળ લખી વ્યક્ત થવાનું પણ મારી સાથે સાધનાના હેતુથી સંકળાયાં તેવાં નિમિત્તને લીધે જ એની કૃપાથી બને છે. (**'જીવનદર્શન', આ. ૨, પૃ. ૨૧૪**)

સાધનાકાળના જીવન વિશે મારે લખવાનો હજી સમય પાક્યો લાગતો નથી. કોઈને કંઈ વાત કરું કે લખું તો તેની પૂરી યથાર્થતા ગળે

ઊતરે તેવાં મન-હૃદય થયેલાં લાગતાં નથી. આ હકીકત અનુભવની સમજણથી કથું છું.★ ('જીવનસોપાન', આ. ૩, પૃ. ૨૦૫)

૬. માતૃભક્તિ

(૧)

ઓ મા! આજે તું મને કેટલી બધી યાદ આવી હતી! બધી બહેનોએ રાખડી બાંધી, ત્યારે તારા ભાવનાં દર્શન થયાં હતાં. છોકરાં ગમે ત્યાં રખડતાં હોય તોય એને માથે મા હાથ ફેરવતી જ હોય છે. એના દિલનો પ્રેમભાવ કેટકેટલો ન્યારો છે! માના છોકરાં પરત્વેના ભાવને મર્યાદા નથી. મા તે મા જ છે. મા તો જગતજનની છે. મા સર્વવ્યાપી છે. માને છોકરાં ભૂલે છે ખરાં, પણ મા છોકરાંને છાતીસરસાં ચાંપેલાં જ રાખે છે, એમ જે કહ્યું છે તે સાવ સાચું છે. જગતમાં જો મા ન હોત તો ચેતના, પ્રાણ, સ્ફૂર્તિ ને રસ છે, તે ન હોત. આ કથનનું રહસ્ય હવે મને સમજાય છે. માના દિલનો ઊછળતો ઉમળકો ને જેના હૈયામાંથી નિર્ઝરતી મધથીય વધારે મધુકર મીઠાશ જ્યાં જ્યાં કઠણાશ, શુષ્કતા છે, ત્યાં ત્યાં કોમળતા, પ્રેમ, સહાનુભૂતિ પ્રવર્તાવે છે. માના હૃદયમાં દિવ્ય અમી છે, તેથી બાળકના શરીર પર હાથ ફેરવી એને તે ચેતનવંતા રાખ્યા કરે છે. મા કદીક ભવાં પણ ચઢાવે છે ખરી, પરંતુ તેનું હાર્દ કલ્યાણની ભાવના છે. છોકરાંના હૃદયમાં ભાવ પ્રકટાવવા માને ગુણની સાથે ગુણની રમત ખેલવી પડે છે. માની સર્જનાત્મક શક્તિ અનેક આત્માઓના આંતરિક સ્ફુલિંગને આત્મભાવમાં ઉદ્દીપન કરાવવા માટે પણ હોય છે.

માના ખોળામાં મોકળે મને સૂવાનો જે આનંદ છે, તે અનેરો છે. આજે પણ મા—તને દૂરદૂરથી 'બા', 'બા'ના પોકાર પ્રેમથી કરતો તારી પાસે દોડ્યો આવતો હોઉં છું. મારા એ પ્રત્યેક 'બા'ના સંબોધનમાં એટલી

★શ્રીમોટાની હમણાં જ પ્રકટ થયેલી 'જિજ્ઞાસા', 'શ્રદ્ધા', 'નિમિત્ત', 'કૃપા', 'કર્મ-ઉપાસના', 'શ્રીસદ્‌ગુરુ', 'સ્વાર્થ', 'મોહ', 'પ્રેમ' વિષયક રચનાઓમાં સાધના-ઇતિહાસનાં કેટલાક ગૂઢ-સૂક્ષ્મ ઇંગિતો કરેલાં છે. જિજ્ઞાસુ-શ્રેયાર્થી શ્રીમોટાના એ ગૂઢ વક્તવ્યની કલાનો સ્પર્શ આ પુસ્તકોમાંથી માણી શકશે.

ભાવોર્મિ પ્રકટે છે કે કેટલીક વાર એવા ઉછરંગથી તને વળગી પણ પડું છું. રાત્રે બહાર એકાન્તમાં નિર્જન સ્થળે સૂતો હોઉં છું, ત્યાંથી વહેલી સવારમાં ઊઠીને આવીને તારી સાથે સૂઈ જવાનો જે લહાવો મળતો, તેથી સદાય મારા દિલના ભાવમાં વૃદ્ધિ થયેલી હું અનુભવતો. પરંતુ તું ત્યારે મને બહુ ભાંડતી અને બોલતી, ''મારા રડ્યા! ઉચ્છેદિયા! નખ્ખોદિયા!* મોટો પાડા જેવા થયો તોયે હજુ મારી સાથે સૂઈ જાય છે! તને તો કશું ભાન નથી. તું હજી નાના કીકો થોડો છે!'' છતાં હું તેને બહુ ભાવના તાનથી વિશેષ ને વિશેષ વળગતો ને ભેટતો તેમ તે વધારે બખાળા પાડ્યા કરતી હતી.

માનો વહાલભાવ જીવનમાં ઊર્ધ્વગામી થવા માણવાનો છે. મા આનંદ-સ્વરૂપ છે, કલ્યાણમયી છે, પરંતુ સાથે સાથે ચંડિકાસ્વરૂપ ને કાલિકા પણ છે. માના દિવ્યભાવને આપણે પ્રેમભક્તિથી આકાર પમાડી શકીએ, તો જીવનની ઉન્નતિ કરવામાં મોટી ફલાંગો ભરાવવાનું બની શકે છે, તે સાધનાના પ્રચંડ પુરુષાર્થથી પણ બની શકતું નથી. માની શક્તિ જ્યારે આપણને મળે છે, ત્યારે આપણી જીવનની સાધનાનો વેગ ઘણો વધી જાય છે. સને '૩૯ પછીની સાધના પ્રદેશની અમુક ભૂમિકાઓ વટાવ્યા બાદ માનું સાચું સ્વરૂપ ને તેની મહત્તાનું મને તેની કૃપાથી ભાન પ્રકટ્યું છે. મા તે મા છે. માનો ભાવ બેધારવાળો છે. એનો જેવી રીતે ઉપયોગ કરશો તેવી રીતે મા વૃદ્ધિ કરાવતી જશે.

મા સ્વતંત્રપણે જરૂર આપણને મદદ કરે છે. પણ તે ત્યારે જ બની શકે, જ્યારે માનામાં પ્રેમભક્તિપૂર્વકની ભાવનાથી આપણે પૂરેપૂરા ગળી ગયા હોઈએ. માનો ભાવ એ કંઈ માત્ર ઊર્મિની કલ્પના નથી. ए પ્રત્યક્ષ હાજરાહજુર છે. આપણે એવી માના શરણે રહીને માના ભાવને મદદમાં લેવા મળેલી માને સંતોષ આપીશું અને તે પણ આપણી પોતાની ભાવના સતેજ કરવાના હેતુથી જ્ઞાનપૂર્વક, તો માના દિલને પમાડેલો આત્મ-સંતોષ આપણી ભાવનાને ભીંજાવેલી રખાવશે એવો મારો પોતાનો અનુભવ છે. **('જીવનદર્શન', આ. ૨, પૃ. ૨૮૧ થી ૨૮૪)**

---

*શ્રીમોટાની બાને પ્રેમથી આવું સંબોધન કરવાની ટેવ હતી.

(૨)

હાલના હયાત કુટુંબીજનોમાં સૌથી મોટો હું એટલે વધારે જવાબદાર. મારા મોટાભાઈના દીકરા-દીકરીને તથા નાના ભાઈભાંડુને ભણાવવા કાજે મારાથી બનતી બધી જહેમત મારી તે કાળની સ્થિતિના પ્રમાણમાં પ્રભુકૃપાથી લીધેલી છે. પરંતુ મારી બા વગેરેને હું પૂરતો સંતોષ આપી શક્યો નથી, તે પણ હું બરાબર જાણું છું. હું એક ઘર બંધાવું, ધન એકઠું કરી કુટુંબની મૂડી તરીકે તેને આપી શકું અને છોકરાઓને પરણાવવા–પસ્તાવવામાં ને લગનની નાતો કરવામાં સારી રીતે બધું ખરચું તો તે મારા પર રાજી થાય ને સંતોષ પામે. જીવનમાં જ્ઞાતિવહેવારના પ્રસંગો ઊપજેલા ત્યારે કશું કર્યું નથી. મારી બાને તેમાં કુટુંબની આબરૂ જતી લાગતી. આ બધાં કારણોથી મારી માને મારા પર ઘણો અસંતોષ હતો. મારી બાબતમાં (ગાંધી) આશ્રમમાં તે કેટલાયની આગળ ફરિયાદ કરતી. શ્રી ગોદડિયા મહારાજ પાસે ફરિયાદ કરતી. પરંતુ મારી માની આવી સ્થૂળ પ્રકારની વૃત્તિઓનાં કૂંડાળામાંથી હું એની કૃપાથી ક્યાંયે દૂર નીકળી ગયેલો હતો. **('જીવનદર્શન', આ. ૨, પૃ. ૨૮૫ થી ૨૮૭)**

(૩)

શ્રીપ્રભુકૃપાથી જીવનમાં આદર્શનું સભાનપણું જાગેલું હતું. પરંતુ તે પહેલાં મારી બા તથા મોટાભાઈએ મારો વિવાહ કરી દીધો હતો, તેમાં મારી સંમતિ લેવાની હોય જ નહિ એમ તેમનું માનવું હતું. મેં બંનેને કહી દીધું હતું કે મારે જીવનને કેવી રીતે ફળાવવાનું છે, તેનું ઝાંખું ઝાંખું દર્શન પ્રભુકૃપાથી મને છે, તેને સાકાર કરવા યાહોમ થઈ જવાની એકમાત્ર ઝંખના છે. તેની સાથે વિવાહનું સુસંગતપણું ક્યાંયે બંધ બેસે તેમ નથી.

છતાં તેમણે કશું લક્ષમાં લીધેલું નહિ ને એમ એ હકીકત વિસારે પડ્યા કરી. હું જાણે તે હકીકત સાવ ભૂલી ગયો હતો. મારા મનમાં તે અંગે કદી કશો વિચાર સ્ફુરેલો નહિ. જ્યારે સને ૧૯૨૬માં બા પાસે મારાં લગ્ન લેવા અંગે વાત આવી ત્યારે તેણે મને પૂછેલું અને મેં ના જ પાડ્યા કરેલી. બા બિચારી મૂંઝાયા કરે. જ્યારે તેના પર દબાણ આવ્યું,

ત્યારે તે મારા પર ઘણી ચિડાઈ હતી. મને કહ્યું કે તમને ઉછેરવા આ બાએ દળણાંખાંડણાં કર્યાં, કેટકેટલી મહેનત કરી મોટા કર્યા, તેવી માનું વચન પળાતું નથી, તો પછી તું તારા ગુરુમહારાજનું વચન શું પાળવાનો છે? આગળના વખતમાં કેટલાય ભક્તો થઈ ગયા, પરણેલા હતા. તેમણે તારા જેવા ફતવા કર્યા ન હતા. હું જાણું છું કે તું ભગવાનનું ભજન કર્યા કરે છે, ઘરમાં સૂતો નથી. શરીર માંદું હોય તોપણ રાતે ગામ બહાર ગમે ત્યાં સૂઈ જાય છે, પરંતુ અમારે સંસારમાં રહેવાનું છે ને તારા બીજા ભાઈઓ પણ છે. જો તું પરણવાની ના પાડી દે તો અમારા કુટુંબકુળની આબરૂ જાય—તારા બીજા ભાઈઓનું શું થાય? તારે પરણવું જ પડે.

મારી બાએ રોકકળાટ કર્યો, તે મને સાચો લાગ્યો હતો. સૌથી વિશેષ મારી બાનું એ વાક્યબાણ, ''તમને ઉછેરવા માએ દળણાંખાંડણાં કર્યાં એવી માનું વચન તું પાળી શકતો નથી, તો તારા ગુરુનું વચન શું પાળી શકવાનો છે?'' મને સોંસરવું દિલમાં તીરની માફક પેસી ગયું ને હું પરણવા તત્પર થઈ ગયો.

લગ્ન કરવાની તત્પરતા દિલથી બતાવી તે સાથે જીવનના ધ્યેયને સાકાર કરવાના સાધનાના કાર્યક્રમમાં મુદ્દલ ફરક પડ્યો ન હતો. કોઈ પ્રકારની સગડગને મનમાં સ્થાન મળ્યું ન હતું. માત્ર એમ થતું કે જો લગ્ન થવાનું જ છે, જો તે આપમેળે આવે છે તો ભલે આવે. આપણા આ મનવા કેટલા ટકે છે, કેમ ઢળે છે તે પણ જાણવા-અનુભવવા મળશે. જો દિલનો આદર્શ પરત્વેનો નિશ્ચય દૃઢ હશે, તો તે સંગ્રામ ખેલ્યા વિના કેમ બેસી શકાશે? એ સંગ્રામ ખેલાશે તેમાંથી શૂરાતન, પરાક્રમ, તેજસ્વિતા વગેરે પ્રકટાવવાનાં છે ને જીવન પાંગરવાનું છે. જીવનના ધ્યેયને સાકાર કરવાની દિલની જિજ્ઞાસા અગ્નિ જેવી છે. એને સંકોરતા રહેવાનું શ્રીપ્રભુકૃપાથી બન્યા કરતું હતું.

આમ લગ્ન લેવાયું. દિલને દિલ કહ્યાં કરતું હતું કે બચ્ચા! હવે જ તમને ભાવનાની સાચી સમજણ પડવાની છે. ઘેર (નડિયાદ)થી લગ્ન કરવા નીકળ્યો, ત્યારથી આદર્શની જલતી રહેલી જ્યોત પ્રજ્વલિત

થયેલી અનુભવતો હતો. ભાવનાનો ઓઘ ઊડ્યા જતો અનુભવતો હતો. કદીક બાહ્ય ભાન ભુલાઈ ત્યારે જાગૃતપણે ટકવા મનમાં મનથી ભજન ગાવાને પ્રયત્નશીલ થતો ને સ્મરણ પ્રાર્થના પણ કર્યા કરતો હતો. લગ્ન કરવા ચોરીમાં બેઠો હતો. ગોર મહારાજ અગડમ્બગડમ્ બોલતા તેનું થોડુંક ભાન થયેલું. તે પછી ધીરે ધીરે શરીરનું ભાન જવા માંડતું હતું, ત્યારે ભજન ગાવાનો મોકો ન હતો. અજુગતું પણ લાગે. મારી બાને ન ગમે એટલું જ નહિ, એટલું બધું ખરાબ લાગે કે ચૂનીયાએ મારી આબરૂ લીધી!

મારી બાને ભયંકર આંચકો લાગશે તે કારણથી બાહ્ય ભાન જતું રહેતું લાગતું હતું, તેને સંકોરવા ભજન આદિ સાધન થઈ જ ના શક્યું. ને એવી ભાવાવસ્થા પ્રકટી કે જેમાં બાહ્યનું મુદ્દલે ભાન રહ્યું ન હતું. સ્થિતિ કલાકેક ટકી હશે. લગ્નજીવનના ખરા ટાંકણે જે પ્રસંગે ટક્કર લીધી તેના પરિણામે ભાવનાનો તોર ને ઝોક કેવા પ્રકારનો હતો તેનો પ્રત્યક્ષ અનુભવ મને તે વેળા થયો. તેથી શ્રીપ્રભુકૃપાથી આ જીવ નિશ્ચિંત થયો. જ્વાળામુખી સમી જીવનઆદર્શની જિજ્ઞાસા ખરેખરી પ્રકટેલી હોય છે, ત્યારે તેનો માર્ગ આમતેમ કરી લેતી હોય છે, એનો પણ પ્રભુકૃપાથી અનુભવ થયો. તે યુવતીનું મૃત્યુ લગ્ન પછી પાંચેક માસમાં થયું હતું.

(૪)

સાબરમતી આશ્રમમાં આ જીવના શરીરને લોહીના ઝાડાનો રોગ થયેલો તેથી આરામ ને દવા કરાવવા કરાંચી ગયો હતો. બધું ઠીક થઈ ગયા પછી, આશ્રમમાં આવ્યા પછી દિલમાં એમ જ નક્કી થઈ ગયેલું કે હવે આ કામ કરવું નથી. આપમેળે જે જે જીવો આવી મળે, તેમના માનસને જરા જેટલું પણ ભગવાનની કૃપાથી ઊંચે પ્રકટાવી શકાય એવા પ્રકારની સેવા કરવાનું સદ્ભાગ્ય થાય તો ઉત્તમ. ભાવનાથી પ્રેરાઈને હરિજન સેવક સંઘના કામમાંથી નિવૃત્ત થવાનું દિલ થયું હતું.

('જીવનદર્શન', આ. ૨, પૃ. ૩૦૭)

મારા મોટાભાઈનો દીકરો શાંતિ કામે વળગી ગયો હતો એટલે તે તેનું ને તેની માનું બન્નેનું સંભાળી લે તેવો થયો હતો. બા મારા નાનાભાઈ મૂળજી કે સોમાભાઈ સાથે રહી શકે. મેં મારી બધી હકીકત

તેને જણાવી. તેણે મને કહ્યું કે, પાશેર દાણા ચકલાંને નાખવાના મળતા નથી ને આટલી નાનકડી નોકરી છે તે મૂકી દઈને શો મોટો જંગ મારી નાખવાનો છે?*

આમ તેની નામરજી હતી એટલે મેં ૨-૪ દિવસ જવા દીધા ને વળી પાછી તેને સમજાવી. તેણે મને કહ્યું કે માસિક ૫-૬ રૂા.ની રકમ મારે તેને આપવી. મેં તેની વ્યવસ્થા પણ કરી. પરંતુ મારી પાસે એણે શરત મૂકી, ''જ્યારે હું મરી જાઉં એવી માંદી હોઉં ત્યારે મારી અંત ઘડીએ તારે મારી પાસે આવવું.'' મેં તે પ્રેમથી સ્વીકાર્યું અને કહ્યું કે તેવી વેળાએ તારી સેવા પ્રેમથી કરવી એ મને ગમે ને મારો ધર્મ પણ ગણાય. એવી ખબર પડતાંવેંત તરત હું તારી પાસે જરૂર આવી જઈશ.

તે પછી હરિજન સેવક સંઘની સેવામાંથી નિવૃત્તિ લીધી. આટલાં બધાં વર્ષોની એકધારી એક ક્ષેત્રની કરેલી સેવા—એણે કંઈ જીવનમાં ભાગ ભજવ્યો નથી એમ નથી. મારા સંઘમાંથી નીકળી જવાથી કરીને કોઈને મારી કશી ખોટ પડી હોય તેવું બન્યું લાગ્યું નથી. બધાંયની સાથે શ્રમ, સદ્‌ભાવ ને સુમેળની ભાવના જ કેળવીને કામ કર્યું હતું. તે પછી હું તો જુદે ઠેકાણે જતો ને ત્યાં રહેતો. ૨-૪ મહિને મારી બા પાસે હું જઈ આવતો. બા મારા ભાઈ મૂળજીની સાથે નડિયાદ રહેવા ગઈ હતી. વળી, મારે બે બહેનોને લઈને હિન્દુ વિશ્વવિદ્યાલયમાં બનારસ જવાનું આવ્યું હતું. ત્યાં મહિનો દોઢ મહિનો રહ્યા હોઈશું તેવામાં મૂળજીનો નડિયાદથી મારા પર કાગળ આવ્યો કે મારી બાના શરીરને નડિયાદમાં ગંભીર માંદગી છે. એટલે જેમની સંભાળ રાખવાનું ને જેમની સાથે જવાનું મારે બનારસમાં થયું હતું, તે બહેનોના પિતાને (બાપુને) મેં કરાંચી મારી બાના શરીરની માંદગી બાબતમાં તાર કર્યો. તેમણે તારથી જવાબ આપી દીધો કે મારે કોઈકને ત્યાં મૂકીને નડિયાદ જવું.

('જીવનદર્શન', આ. ૨, પૃ. ૩૦૭ થી ૩૦૯)

---

*માતાના આ વેણની સ્મૃતિમાં શ્રીમોટાએ નડિયાદના હરિઃૐ આશ્રમમાં એક દાતાની સહાયથી એક ચબૂતરો બંધાવ્યો છે. જ્યાં નિયમિત રોજનું દસ શેર જુવાર-બાજરીનું ચણ દાતાઓની સહાયથી નંખાય છે.

હિન્દુ યુનિવર્સિટીમાં એવો નિયમ હતો કે છાત્રાલયથી સ્વતંત્રપણે તેનાં મકાનોમાં કોઈ બહેન રહેતી હોય તો તેની સાથે તેમના કોઈ વાલી હોવા જોઈએ. મારાથી ગમે તેને જુવાન ઊછરતી બહેનો પાસે મૂકીને જવાય જ કઈ રીતે? અહીં 'ગમે તેને' એટલે કોઈક ઓળખીતા સંબંધીને. એવું ઓળખીતું—સંબંધી મારે બનારસમાં ખોળી કાઢવું? તે બહેનોના પિતાએ ખરી રીતે બનારસ આવી જવું જોઈતું હતું, પરંતુ તેમનાથી આવી શકાય એવું નહિ હોય. મળેલી પરિસ્થિતિનો ધર્મ (જે પણ સાચો ધર્મ છે) અને તેની પછીથી પ્રકટેલી બીજી પરિસ્થિતિનો ધર્મ, એમ બંને પ્રકારના સાચા ધર્મ વચ્ચે કોને પ્રથમ પસંદગી આપવી? એમ એક જટિલ કોયડો ઊભો થયો હતો. એક બાજુ મારી બાના શરીરની સખત માંદગી ને તેને આપેલું વચન; બીજી બાજુ આ બે બહેનોની સંભાળ ને તેમની અભ્યાસ વગેરેની વ્યવસ્થા કાજે તેમની સાથે મારે રહેવાનું આવ્યું હતું. સામાન્ય રીતે મને મારી મા પાસે છેવટની માંદગીમાં જવાનું દિલ થઈ આવે જ તે સ્વાભાવિક છે. વળી મેં તેને વચન આપ્યું હતું. પરંતુ આ બહેનોની પાસે રહે કોણ? તેમને એમ ને એમ મૂકીને જઈ શકાય તેવું હતું નહિ અને બા પાસે મારે હાજર થયા વિના ચાલી શકે એવું પણ હતું નહિ.

જ્યારે એમ લાગ્યું કે નડિયાદ જઈ શકાય એમ નથી, અહીં બનારસમાં રહેવું પડશે ત્યારે મારી પાસે ભગવાનની પ્રાર્થના સિવાય બીજો કોઈ ઉત્તમ ઉપાય રહ્યો નહિ. અમારા મકાનમાં છાનોમાનો મૌન ધારણ કરીને બેસી રહ્યો અને ભગવાનને પોકારવા લાગ્યો, ''હે પ્રભુ! મારી પણ કેવી વિચિત્ર પરિસ્થિતિ થઈ છે! બંને પ્રકારના ધર્મમાં, હે પ્રભુ, હું અટવાઈ ગયો છું. મારી મા પાસે તેની માંદગીના સમયે કેવી રીતે હાજર રહેવું તેનો ઉકેલ જડતો નથી. હવે હું કરું શું? આપેલું વચન કોઈ પણ ભોગે પાળવું જોઈએ અને તે પાળવાની મારી પૂરેપૂરી તત્પરતા પણ છે, પરંતુ હું ત્યાં જાઉં કેવી રીતે?''

વારંવાર હું ભગવાનને પ્રાર્થના જ કર્યા કરું. જમવા કરવાનું ને બીજી એવી શરીરની ક્રિયાઓ મૂકી દીધી હતી. એકમાત્ર ભગવાનને પોકાર પાડ્યા કરતો—મેં મારી માને વચન આપેલું ને હું પાળી શકતો

નથી. 'પાળી શકતો નથી' એટલે મારું દિલ નથી એમ નહિ, પરંતુ મારાથી સંજોગોને કારણે પાળી શકાતું નથી. તેનું દર્દ એટલું બધું સાલતું કે આના કરતાં જાણે કે હું ભગવાનને ચરણકમળે, જેમ પેલા ભાઈએ બાલારામમાં કમળપૂજા કરી હતી તેવી રીતે, મારું વચન પાળી ન શકાવાના એક પરિણામ તરીકે દેહનું સમર્પણ કરી દઉં!

મને એટલી બધી વ્યથા થઈ તો પણ એ પ્રકારની અદમ્ય પ્રેરણા દિલમાં જાગતી નહિ. હું વારંવાર ભગવાનને પોકાર પાડ્યા કરું કે હે પ્રભુ! હે દીનદયાળ! કેવી વિકટ પરિસ્થિતિ! ન આ છોડાય કે ન ત્યાં જવાય! વચન પાળવું જ રહ્યું. તું મારી લાજ રાખજે. તું મારું વચન પળાવજે. હે ભગવાન! મારી માના શરીરની છેલ્લી માંદગીના સમયે તેની પાસે હાજર રહેવાનું વચન મારી બાએ મારી પાસે માગ્યું હતું. તેણે બિચારીએ મારી કને બીજું કશું માગ્યું ન હતું. મારી પાસે તેને આપવા જેવું હતું પણ શું? આટલું પણ ન કરી શકાય એવી લાચારી ભરેલી પરિસ્થિતિમાં પ્રભુ, મુકાઈ જવાનું બન્યું છે, તે હવે તો તું લાજ રાખે તો જ ટકી શકે.

મારી મા આવે ટાણે મારી હાજરીને માટે જરૂર વલોપાત કરતી હશે. તેના મનમાં મારે માટે એટલો વિશ્વાસ જરૂર હશે કે, ચૂનીયો જરૂર આવશે. અરેરે! મારી માનો મારા પર જે વિશ્વાસ છે, તેનો પણ ભંગ થઈ જવાનો! હે પ્રભુ! આ તો કપરી કસોટી છે. આવી વેળા આ મારું વચન પાળવાનું કામ તારા સિવાય બીજું કોઈ કરી શકે એમ નથી. હે મારા વહાલા પ્રભુ! દીનાનાથ! કૃપા કરજે. મારો તારી પાસે કોઈ હક-દાવો નથી. તારી પાસે મારું કામ કરાવવા જેટલો પ્રેમભક્તિનો નાતો પણ જીવતો થયો નથી. તારા જે અનેક સંતભક્તો થઈ ગયા છે, તેમની ચરણની રજનીયે રજ હું નથી. પછી કયા દાવાએ તારી પાસે હું માગણી કરું? પરંતુ કટોકટીની આ અસહ્ય પરિસ્થિતિમાં તારા એકમાત્ર શરણ સિવાય મારો ગરીબનો કોઈ ઇલાજ નથી. હે ભગવાન! હે બાપા! તું કર્તાહર્તા છે. મારે આ બેડીમાં જકડાઈ રહેવાનું બન્યું છે એટલે હું નડિયાદ ઊડીને જાઉં પણ કેવી રીતે? મારું દિલ જરૂર મારી મા પાસે જ છે, પરંતુ

આ સ્થૂળ દેહને કેવી રીતે હાજર કરવો? મારા દિલનો ટેક મા પાસે સ્થૂળ દેહે હાજર થવાનો છે. તેને આપેલું વચન મારાથી પાળી શકાય તેની તમન્ના જવાળામુખીના જેવી ધગધગતી પણ છે.

સાધનાની જુદી જુદી ભૂમિકાઓમાં ભાવના પણ સાકાર થાય છે, તેવો અનુભવ પણ મને તારી કૃપાથી જરૂર થયો છે, તો મારી મા પાસે હાજર રહેવાની મારી આ પ્રચંડ ઉત્કટ ભાવના તારી કૃપાથી આકાર લે એવી મારી તને ઘણી ઘણી પ્રાર્થના છે. સાધનાકાળમાં સ્થૂળ માગણી માટે કોઈ દિવસ મેં તારી પ્રાર્થના કરી નથી. સાધનાના ક્ષેત્રમાં જે જે અડચણો, વિઘ્નો, મુશ્કેલીઓ નડતાં હતાં તે બધાં આવરણો દૂર કરવાને માટે હું વારંવાર પ્રાર્થના કર્યા કરતો હતો. હે પ્રભુ! તેં પ્રાર્થના સાંભળ્યા કરેલી છે અને મને કૃપા કરીને મદદ આપ્યાં કરેલી છે. તારી કૃપાનું અહેસાન કોઈ કાળે ભૂલી શકાય તેમ નથી. મારી ત્રિશંકુની સ્થિતિમાં તારા સિવાય મને બીજો કોઈ મદદગાર નથી. તારી કૃપાથી સંકલ્પશક્તિનું સામર્થ્ય જબરદસ્ત હોય છે, તેનું મને જ્ઞાન-ભાન છે. મારી સંકલ્પશક્તિનું સઘળું સામર્થ્ય એકમાત્ર તું છે. તારામાં હે પ્રભુ! બધું જ સમાયેલું છે. મારી મા પાસે સ્થૂળ દેહે હાજર થવાની મારી ભાવનાને તું જ એક સાકાર સ્વરૂપ આપી શકે તેમ છે. પ્રભુ, દીનદયાળ, મારા વહાલા! મારા ગરીબની સામું જોજે. મારી લાજ રાખજે. મારે ત્યાં હાજર થઈને પોતાને સંતોષ મેળવવો નથી. મારી સ્થૂળ હાજરીથી મારી માને સંતોષ થાય કે, હા, ચૂનીયો આવ્યો ને તેણે વચન પાળ્યું, એટલું જ મારે જોઈએ છે. તેના શરીરના અવસાન સમયની સ્થિતિમાં તેને મારે માટે આત્મસંતોષ પ્રકટે તે જ હેતુથી હે પ્રભુ! હું તારી પાસે માગું છું.

મારા દિલમાં પ્રકટેલી આ જાતની ભાવનાનો તલસાટ એટલો બધો પ્રચંડ અને ઉગ્ર હતો કે જે તલસાટની સાથે કદાચ ગોપીની વિરહ-ભાવનાના તલસાટને સરખાવી શકાય. આ તલસાટથી સતત ભગવાનને પોકાર્યા કરતો. એ તલસાટની વેદનાને કારણે તેમાંથી એવો આર્તનાદ જે આર્દ્રભાવે પ્રકટતો કે ભગવાનને તે તલસાટના ભાવથી પ્રેરાઈ પ્રેરાઈને પ્રાર્થના થયે જતી. આ બધું અંતરમાં અંતરથી જ થયે જતું હતું. આવી વિકટ પરિસ્થિતિમાં પ્રભુ સિવાય મારો બીજો કોઈ આરો

હતો નહિ. મારા દિલની ભાવનાને હમદર્દી ને સહાનુભૂતિ બતાવી શકે એવું કોઈ ન હતું. મારે કોઈના એવા આશ્વાસનની જરૂર પણ ન હતી. મારે હજાર હાથવાળો ધણી ને હજાર આંખવાળો સમર્થ એ જ સાચું આશ્વાસન હતું. આ રીતે અંતરની પ્રાર્થનામાં ત્રણેક દિવસો વીતી ગયા હશે અને આર્દ્રતા અને આર્તતાયુક્ત પ્રાર્થનાના તબક્કાના ગાળામાં એક પળે ઓચિંતો વીજળીનો દીવો સળગતો હતો તે બંધ થઈ ગયો. તે પરથી મને તાત્કાલિક ઊગી આવ્યું કે મારી માના શરીરનું અવસાન થયું અને જીવ ગયો. મારાથી રડાયું કરાયું ન હતું. તે કાળે પણ એકમાત્ર ભગવાનની પ્રાર્થનામાં જ મારું દિલ રહ્યાં કરેલું હતું. આમ, પ્રભુકૃપાથી માના દેહાંતના સમયની ખબર મને ત્યાં રહ્યે રહ્યે પડી ગઈ હતી.

પછી નડિયાદથી ભાઈ મૂળજીનો તાર આવ્યો કે માનું શરીર અવસાન પામ્યું છે. તે પછી કાગળ આવ્યો તેમાં તેણે લખ્યું હતું કે મારી માના શરીરના અવસાન પામ્યાના થોડાક સમય પહેલાં બાએ મૂળજીને બૂમ પાડીને કહ્યું હતું, ''અલ્યા! મૂળિયા! જો આ ચૂનીયો આવ્યો!'' ત્યારે મારા ભાઈ મૂળજીએ મારી બાને કહ્યું, ''ચૂનીલાલ કાશીમાં છે અહીં ક્યાંથી આવી શકે!'' ત્યારે વળતું મારી મા બોલી, ''અરે, એ તો આ રહ્યો! મારા પગમાં માથું મૂકીને બેઠો છે. મારા શરીરે હાથ ફેરવે છે. જો, તે અહીં જ છે.'' આવા પ્રકારના શબ્દો તે કાગળમાં વાંચીને ભગવાને મારી ટેક જાળવી, મારી લાજ રાખી, વચન પળાવ્યું. તેનાથી મને જે હર્ષોન્માદ પ્રકટ્યો, તે આનંદ કોટિ બ્રહ્માંડના આનંદની તોલે આવી શકે તેમ નથી. ભગવાન એટલો બધો સમર્થ છે ને તે સમર્થની મારે માથે જીવતી જાગતી જબરી ઓથ છે, એવો આ પ્રત્યક્ષ પ્રચંડ અનુભવ એની કૃપાથી પ્રકટ્યો, ત્યારથી મારું જીવન ધન્ય ધન્ય ને કૃતકૃત્ય થઈ ગયેલું અનુભવ્યા કરું છું. મારા જીવન અનુભવની દૃષ્ટિએ આ પ્રસંગનું મૂલ્યાંકન નાનુંસૂનું નથી.

મારા દિલમાં આ પ્રસંગ ભગવાનની સમર્થતા ને તેની અનંત શક્તિને માટે અને તેણે મારે કાજે જે કર્યું છે તથા મારા માટે જે પ્રત્યક્ષ કરી બતાવ્યું, જે બનવું જગતની વાસ્તવિકતાની દૃષ્ટિએ બની જ શકે નહિ તેવું છે, તે

મારા વહાલા પ્રભુએ કૃપા કરીને પ્રગટાવ્યું, તેવો દ્વંદ્વાતીત, ગુણાતીત પ્રકારનો અનુભવ એ તો એક ઘણો મોટો બનાવ છે.

('જીવનદર્શન', આ. ૨, પૃ. ૩૦૯ થી ૩૧૭)

૭. શ્રીસદ્‌ગુરુ

મારા જીવનપ્રદાતા, જીવનપ્રેરક, જીવનજ્યોતિ, જીવનઆત્મા સમા, પૂજ્યપાદ ગુરુમહારાજે મને આ માર્ગમાં ઊંડો પ્રવેશ કરાવતાં પહેલાં કહેલું તે કેટકેટલું યાદ આવે છે! એની પૂરી સમજ ત્યારે નહોતી આવી, પણ એની મહત્તા સમજાઈ હતી, એની અનિવાર્યતા ગળે ઊતરી હતી, તેથી એમનો હૃદયથી લાભ (એમની જ કૃપાથી) લઈ શકાયો હતો. તે અવાજ, એ અવાજની ગંભીરતા, મૃદુતા, સાત્ત્વિક પ્રેમ, સાત્ત્વિક હુંકાર, એ અવાજમાં એમનો નિર્મળ આત્મા, એ બધું આજે પણ વર્તમાનવત્ નજર સામે હૃદય આગળ પ્રત્યક્ષ થઈ જાય છે. એ સૌજન્યભરી સાક્ષાત્ આત્મપ્રેમમય મંગળ રમ્ય ભવ્ય ગૂઢ મૂર્તિને હૃદયની પ્રાર્થનાથી ભાવમય પ્રણામો કરું છું.

मम हृदयं ते अस्तु ।
मम चितं चित्तेन न्वेहि ॥
मम व्रते हृदयं ते दधामि ।
मम वाचमेकमना जुषस्व ॥

''મારા હૃદયમાં તારું હૃદય હો!

મારા ચિત્તને તારા ચિત્ત વડે શોધ-શોધ્યા કર-અનુસર.

મારા જીવનવ્રતમાં તારું હૃદય મૂકું છું અથવા ધારણ કરું છું.

એટલે કે તમારી હૃદયની ચેતનાનો ભાવ સતત મારા જીવનવ્રતમાં હું રાખ્યા કરું; મતલબ કે એવી ધારણા મારા જીવનમાં હું ધારણ કરું છું.''

મારી વાણીને એક મન વડે (એકમના) એટલે એકાગ્ર મનને વડે આનંદથી સેવન કર.

આ પુણ્યશ્લોકો એક વાર વિદ્યાપીઠમાં ગુજરાતના સંસ્કાર પ્રચંડ

વિદ્વદ્વર્ય શ્રીઆનંદશંકરભાઈના શ્રીમુખે સાંભળેલ ત્યારે પણ હૃદયમાં જે આનંદમય ભાવાવેશ જાગેલો તે આજે એટલો જ તાદૃશ્ય છે.

ઉપરના શ્લોકમાં સાધનાનું સાચું રહસ્ય સમાયેલું છે. એમના હૃદયમાં મારા ક્ષુલ્લક પામર અજ્ઞાન-હૃદયને સતત પરોવવાનો નમ્ર પ્રયાસ એની કૃપાથી કર્યા કરતો હતો. મારા ચિત્ત વડે (શુદ્ધ કરીને) એમના ચિત્તને અનુસરવાનું જેમ સૂઝતું તેમ મથ્યા કરતો. એમના જીવનવ્રતમાં—ચારિત્રમાં—મારી હૃદયભાવનાની સમગ્રપણે ધારણા રાખ્યા જ કરવાનું બન્યે જતું, ને એમની વાણીને એકાગ્ર મન વડે—એક મને—આનંદથી સેવન કર્યા કરવાને સતત અખંડ એકધારો પ્રભુકૃપાથી પ્રયત્ન કર્યા જ કરેલો. જેમની પાસેથી જે કાંઈ શીખવા મળ્યા કરેલું હતું. એમનામાં તે રીતને જીવનવૃત્તિ ને વલણ સહજપણે મારાથી રખાઈ શકાતાં. એવી એ ગુરુકૃપા હતી. **('જીવનપાથેય', આ. ૩, પૃ. ૭ થી ૯)**

• • •

પ્રભુકૃપાથી આ માર્ગમાં જવા માટે જુવાનીની છેક શરૂઆતમાં મને કોઈ પણ પ્રકારની તમન્ના કે જિજ્ઞાસા પ્રકટેલી ન હતી. તે માટેની કશી ઝંખના પણ ન હતી. પરંતુ જેમ ભૂગર્ભમાં પેટ્રોલ હોય તો જ તેમાંથી તે નીકળી શકે છે, તેવી રીતે મને દેશની સેવા પ્રત્યે ભારે ધૂન હતી ને એ ધૂનને ગુરુમહારાજે સાધનાના ક્ષેત્રમાં વાળી આપી. મારા ખરા ગુરુ શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદાજી. પરંતુ શ્રીકેશવાનંદજી, શ્રીસાંઈ-બાબા વગેરે એક જ ચેતનના આવિર્ભાવ હતા તેમ એમને બોલતા મેં સાંભળેલા. મને સાધનામાં પ્રથમ પ્રવેશ કરાવનાર શ્રીબાળયોગી હતા. કુંભના મેળામાં તેઓશ્રીને મળવા દોડી જવાનું બનેલું.

('જીવનદર્શન', આ. ૨, પૃ. ૨૩૩)

પ્રભુકૃપાથી મને વિશ્વાસ છે કે મારા ગુરુમહારાજ જીવંત સમર્થ છે. એમણે મારો પ્રેમભાવે હાથ પકડ્યો છે. કદી મેં તેમની છબી પાસે રાખી નથી. જોકે પ્રભુકૃપાથી મારા દિલની ભાવનાથી તેમનું સાકાર સ્વરૂપ પ્રકટાવવાનું હંમેશાં બન્યાં કરેલું છે. અને અંતરમાં તેવી રીતે તેમને જગાડવાનું અને તેમની મદદ અને પ્રેરણા પામવાનું કરી શકાયું

છે. શ્રીસદ્‌ગુરુનું પ્રેમભક્તિ-જ્ઞાનપૂર્વકનું અવલંબન અને તેમાંથી મળતાં ભાવ અને શક્તિ કોઈ જુદા જ પ્રદેશની હકીકત છે.

('જીવનદર્શન' આ. ૨, પૃ. ૨૧૬-૨૨૦)

હાલ જ્યાં એલિસબ્રિજ છે, તેનાથી ટાઉનહૉલ બાજુની દિશાએ જતાં પૂલનાં શરૂઆતના ભાગમાં જમણી બાજુએ સાધુઓની એક નાનકડી જગ્યા છે. ત્યાં ઘણાં વર્ષો પહેલાં એક બંગાળી શરીર ધારણ કરેલ સાધુ આવેલા. તેઓએ આ જીવને નડિયાદથી બોલાવેલ. ચાર દિવસની રજા મંગાવીને એમની કને ગયો હતો. એ ચારે દિવસ એટલું એમણે ખવડાવેલું કે ન પૂછો વાત. ખાધું તેનું વજન દસ શેર તો હશે. ઓછામાં ઓછું લખ્યું છે. કલાકે કલાકે, કેટલીક વાર અરધા કલાકે જુદી જુદી ભોજનની વાનગીના થાળ આવ્યા કરતા ને અમને તે ખાઈ જવાનો હુકમ થતો. છેક ગળા સુધી આવી ગયો હોય ને હવે એક કોળિયો ખાઈ શકાય એવી દશા નથી એવું થયેલું, છતાં ખાઈ જવાનો તેમનો હુકમ થતાં તે ખાઈ જવાતું. એમ દિવસમાં કેટલીય વાર બન્યે જતું. પણ શરીરને કંઈ જ થયેલું ન હતું. દસ્ત પણ સવારમાં એક વેળા રોજની જેમ જવાનું બનેલું, આ એક અનુભવની મોટી હકીકત બનેલી.

ત્યારે મને ભક્તિ વિશે કે ઈશ્વર વિશે કંઈ જિજ્ઞાસા જાગેલી નહિ. હું ભલો ને મારું નડિયાદનું હરિજન શાળાનું કામ ભલું. એક વાર નાનુભાઈ કંથારિયા મારી કને આવીને કહે કે, અરે! ભગત! અમદાવાદમાં સાબરમતીને કિનારે એક સાધુ રહે છે, તે તમને યાદ કરે છે! એ દિવસમાં પાંચ-દશ વાર બૂમો પાડે કે નડિયાદથી ચૂનીલાલને બોલાવો. મસ્ત માણસ લાગે છે. મેં કહ્યું કે મારે ને સાધુને શું? હું તે વખતે સાધુઓને સમાજ ઉપર આર્થિક ભારરૂપ માનતો. મેં નાનુભાઈના સંદેશાને કંઈ દાદ દીધી નહિ. પરંતુ થોડા દિવસો બાદ અમદાવાદ જઈ એ સાધુને મળવાની ઈચ્છા બળવાન બનવા લાગી. જાણે એ મને ખેંચતા હોય એમ મને લાગ્યું, એટલે હું રજા લઈને અમદાવાદ ગયો.

તેઓ બાળયોગી તરીકે જાણીતા. બહુ મસ્ત માણસ જણાયા. જ્યારે નદીમાં તેઓ નહાવા પડે, ત્યારે એક હાથીની જેમ નહાય ને કૂદંકૂદા કરે. મને તેમણે તેમની પાસે સાત-આઠ દિવસ રાખ્યો. એમની શક્તિના

એવા પરચા બતાવ્યા કે મને તેમના પ્રત્યે માન ઊપજ્યું ને એમની મોહિની હેઠળ હું ત્રણેક દિવસને બદલે આટલા બધા દિવસો કેમ રહી ગયો તે સમજાયું નહિ! તેઓ મને કહે કે તારા ગુરુએ તને દીક્ષા આપવા મને મોકલ્યો છે. ત્યારે હું દીક્ષા-બીક્ષામાં કાંઈ સમજું નહિ. મેં મનથી પ્રાર્થના કરી કે આપ નડિયાદ પધારો તો જે કંઈ લાભ મળવાનો હોય તે મળે! એમ કહીને હું નડિયાદ ચાલ્યો ગયો.

મારે મીરાખેડી (તાલુકો દાહોદ, જિ. પંચમહાલ) અંત્યજ સેવા મંડળની કાર્યવાહક સભામાં હાજરી આપવા જવાનું હતું. તે દિવસે સવારની ફાસ્ટમાં દાહોદ જવા ટિકિટ કઢાવી. જ્યાં અંદર જવા જાઉં છું, ત્યાં મારી દૃષ્ટિ એકાએક શ્રીસદ્‌ગુરુ પર પડી. તેઓ પ્લેટફોર્મની બહાર એક ખૂણામાં શાંતપણે બિરાજેલા હતા. જેવી દૃષ્ટિ પડી કે તુરત હું પાછો વળ્યો ને તેઓશ્રીને પ્રેમભક્તિથી સાષ્ટાંગ દંડવત્ પ્રમાણ કર્યા અને બહુ રાજી થયો. તેઓશ્રીએ હુકમ ફરમાવ્યો કે રેલવેની ટિકિટ મારે પાછી આપી દેવી. મેં ઉમળકાથી ટિકિટ પરત કરી દીધી ને મીરાખેડી નહિ આવી શકાય એવો તાર દાહોદ કર્યો. તેઓશ્રીને ઘેર આવવાને પ્રાર્થના કરી. તેઓ ઘરે પધાર્યા. મસ્તીમાં શી કૂદાકૂદ કરે! આમથી તેમ નાચે! અમે ત્યારે નરખી પોળમાં રહેતા હતા. ખડકી ઉપર એક નાનકડી મેડી હતી. ત્યાં તેમને બેસાડ્યા. તેઓ મેડીમાં બેઠા કે તુરત તેમણે મને કહ્યું કે હું તને સાધનામાં દીક્ષિત કરવાને આવ્યો છું. તે માટે એક મોટું મકાન જોઈએ.

મેં અચંબો પામીને કહ્યું કે, બાપજી! હું તો ગરીબ છું. મારે મોટા માણસોની ઓળખાણ-પિછાણ નથી કે મોટું મકાન મેળવી શકું. તેઓ આવેશમાં આવી જઈને કદાચ મને મારી બેસત. હું જરાક આઘો ખસી ગયો. તેમણે કહ્યું કે, તું તો ગધેડો છે. તારામાં કશી અક્કલ નથી. સાવ બુદ્ધુ છે. એવું એવું કેટલુંય બધું ઉચ્ચાર્યું હશે! તેઓ પાછા બોલ્યા કે, મોટું મકાન જોઈએ.

અરે! પ્રભુ! અહીં જ્યાં મોટું મકાન શક્ય નથી ત્યાં વળી એકાંત જગાની તમે વાત કરો છો! એવું મનમાં બોલું છું ત્યાં તે પાછા ભભૂકી ઊઠ્યા અને બોલ્યા કે, એક મોટું મકાન અને તે સંપૂર્ણ એકાંતમાં

જળાશય પાસે હોવું જોઈએ. એ મેળવીને જલદી મારી પાસે તું પાછો ચાલ્યો આવ.

આવું કેવી રીતે મેળવવું તેની મને કશી સૂઝ ન હતી. એટલામાં મારે કામે જવાનો સમય થયો. તેઓશ્રીને મેં તે માટે પ્રાર્થના કરી ને સંમતિ મેળવી. મારી બાને તેઓશ્રીની ભાળવણી કરીને હું મરીડા ભાગોળે શાળાના કામે જવા નીકળ્યો.

રસ્તે જતાં જતાં રોજ મારે વહોરવાડમાંથી પસાર થવાનું હતું. અમે બધા વિદ્યાપીઠમાં રહેલા એટલે તે સંસ્કારને કારણે હિન્દુ-મુસ્લિમ એકતાનો ભાવ પણ જાગેલો ખરો. તે ભાવથી પ્રેરાઈને રોજ જતાં-આવતાં વહોરવાડના એક પ્રતિષ્ઠિત સજ્જન કાસમસાહેબને હું ''અસ્સલામ્ આલયકુમ્'' ભાવથી નિયમિત સલામ કરતો અને તેઓ પણ તે રીતે પાછી વાળતા. આવો મારો અતૂટ નિયમ હતો. પરંતુ આજે તો ''એક મોટું મકાન, એકાન્ત જગા અને પાસે જળાશય!'' એ જ વિચારસરણીમાં મારું મન ડૂબી ગયું હતું. તે કારણે હાજી કાસમમિયાં-સાહેબ ઓટલા પર ઊભા રહ્યા હતા, તો પણ તેમને મેં જોયા નહિ, અને વીસેક પગલાં આગળ ચાલ્યો ગયો. રોજની સલામ ભરવાના અભ્યાસને કારણે સલામની સ્મૃતિ જાગી તેથી પાછો ફર્યો, અને કાસમ-મિયાંસાહેબ પાસે આવીને તેમને સલામ ભરવાનું ચૂકી ગયો, તે માટે તેમની ક્ષમા પણ માગી. તેઓ બોલ્યો કે, અલ્યા! તું આજે કયા વિચારમાં ડૂબી ગયો છે? મેં કહ્યું કે મારે ઘેર એક ઓલિયાસાહેબ પધાર્યા છે. તેમણે કહ્યું કે તારા સારા નસીબની હકીકત છે. મેં તેમને કહ્યું કે આટલાથી જ પતતું નથી. એ એવું માંગે છે કે જે કદી મેળવી ન શકું. તેમણે મને કહ્યું કે તું બરાબર માંડીને મને બધી હકીકત કહે તો ખરો! મેં તેમને બધી વિગતવાર હકીકત કહી સંભળાવી.

તેમણે કહ્યું કે અરે ભગત! તું મૂંઝાય છે શા માટે? આપણો એક મોટો બંગલો ડભાણને રસ્તે એકાંત જગામાં છે. પાસે રામતલાવડી છે. જા, તે તને વાપરવા આપું છું. લે આ તેની કૂંચી. તારા ઓલિયાને તે

બંગલામાં રાખજે. આ મકાનની મને ખબર હતી. શ્રી ઇન્દુલાલભાઈના સમયમાં ત્યાં હરિજન આશ્રમ ચાલતો હતો અને થોડો સમય હું રહ્યો હતો. તેથી કેટલો બધો આનંદ મને પ્રકટેલો તે કેવી રીતે સમજાવી શકું ને વર્ણવી શકું!

મને દોડીને મારા ગુરુમહારાજ પાસે જઈ તેમને પગે પડી જવાનું દિલ થયું. પરંતુ કર્તવ્યનું ભાન જબરદસ્ત હતું તેથી તેવી પ્રકટેલી ભાવનાના પૂરથી તણાઈ જવાનું માંડી વાળીને મળેલા કર્મમાં પ્રયાણ કરવાનું રાખ્યું. કામથી પરવારી પાછો ઘેર આવ્યો ત્યારે તેમને ગદ્‌ગદ ભાવથી પ્રણામ કર્યા અને બનેલી બધી હકીકત કહી સંભળાવી. તેઓને લઈને તે મકાનમાં રહેવાનું રાખ્યું ને ત્યાં મને તેઓશ્રીએ સાધનામાં દીક્ષિત કર્યો.

આ પ્રસંગની અસર મારા જીવન પર એટલી બધી ઊંડી પડેલી છે કે એ અસરથી જે ભાવના પ્રકટ્યા કરેલી, તે ભાવનાએ મને સાધનામાં ભાંગી પડતાં હંમેશાં ઉગારેલો છે. તેઓશ્રી મારે ત્યાં નડિયાદ પધાર્યા તે તેમની અપાર કરુણાનું પ્રત્યક્ષ જીવતું જાગતું દૃષ્ટાંત છે. તેમની આવી સહજ કરુણાનો અદ્‌ભુત પ્રતાપ કદી હું વીસરી શક્યો નથી.

('જીવનદર્શન', આ. ૨, પૃ. ૨૧૬ થી ૨૨૦)

• • •

નડિયાદમાં બાળયોગી મહારાજ કૃપા કરીને મારી સાથે દોઢ-બે કે અઢી માસ રહ્યા હશે. તેમણે કૃપા કરીને મારી પાસે આવવાનું ત્રણેક વાર કર્યું હતું. પ્રથમ વાર તેઓ રહ્યા ત્યારે તેમણે જણાવ્યું કે સાંઈખેડામાં ધૂણીવાળા દાદા છે. હું તેમનો પ્રેરાવ્યો તારી પાસે આવ્યો છું અને સાધનામાં તને દીક્ષિત કર્યો છે. તું તેમની પાસે જઈને તેમના આશીર્વાદ લઈ આવ. હું પૂરેપૂરી તૈયારી કરીને ગયો. અહીંની મારી નૌકાના બધા સઢમાંથી મુક્ત થઈને જવાનું કર્યું હતું એટલે સંઘમાંથી રાજીનામું આપ્યું હતું. મેં સાંઈખેડા જઈ ધર્મશાળાના એક ઓરડામાં મુકામ કર્યો. નાહીધોઈને ગુરુમહારાજ પાસે જઈ પગે લાગ્યો. મને ખબર નહિ કે લોકો તેમનાથી ડરીને દૂર ભાગે છે. મેં તેમના ચરણમાં માથું મૂકી દીધું.

લોકો જોરશોરથી બોલી ઊઠેલા, ''અલ્યા! ખસી જા! ખસી જા! દાદા તારું માથું ફોડી નાંખશે.'' પરંતુ મને કશું થયું નહિ.

હું રોજ તેમની બેઠક આગળ પાંચસાત ફૂટ દૂર બેસી રહેતો. દાદા યદ્વાતદ્વા કેટલીક વાર બિભત્સ ગમે તેમ બોલે! તેમના બોલવામાંથી કોઈ જાતનો સળંગ અર્થ ન નીકળે. તેઓ જે બિભત્સ વાણી બોલતા તે પણ એવા પ્રકારની કે સાંભળતાં કાનના કીડા ખરે. મને ઘૃણા થઈ આવી અને ત્યાંથી એકદમ નીકળી જઈને નડિયાદ પાછા આવતા રહેવાનું મન થયું. પરંતુ તત્ક્ષણ બીજો વિચાર આવ્યો કે જે બાળયોગી મહારાજ પોતે નડિયાદ પધાર્યા હતા, જેમની ભાવલીલાનું અનુભવ-દર્શન મને વારંવાર થયાં કરેલું હતું, જેમણે મને પોતાની કૃપાથી સાધનામાં દીક્ષિત કર્યો હતો, તેમના આ ધૂણીવાળા દાદા ગુરુ થાય. જે કેવાયે સમર્થ હોવા જોઈએ! માટે તેઓ જે બધું બોલે છે, ચાલે છે, તેની પાછળ કંઈક રહસ્ય હોવું જોઈએ ખરું. પરંતુ તે પરખાય શી રીતે?

એવું જ્યાં મારા મનમાં થયું ત્યાં તેઓને બોલતા મેં સાભળ્યા. તેઓ જ્યારે બોલે ત્યારે બે-ચાર ગાળ ચોપડી જ દે અને કદી સજ્જડ મારી પણ લે. આપણને તેમની ગાળોનો પ્રસાદ મળ્યો. જોકે કોઈને ખબર ન પડે કે તેઓ મને ઉદ્દેશીને બોલે છે. તેઓશ્રી બોલ્યા કે હું બોલું ત્યારે મારી સામે ટોળું ઊભું છે તેના મોઢા પર જે ફેરફાર થાય તે નીરખવા ને તે માણસને યાદ રાખીને તેની પાસે જઈ તેને બધી વાત પૂછવી. આ મને સંબોધીને બોલેલા કારણ કે તે કાળે મને તે પ્રકારનો સવાલ ઊપજતો હતો.

આ બનાવ બન્યા પછી હું તેઓશ્રીની સામે ઉપસ્થિત થયેલા ટોળાને જોયા કરતો. જે કોઈના મોઢા ઉપર અવનવા ફેરફાર થતા હોય તે નિહાળવાનું હું કર્યા કરતો. રોજ એવા ૫-૭ જીવોને મળવાનું કરતો, તો ખબર પડતી કે દાદાશ્રી જે બોલતા તેવું લોકોના જીવનમાં બનેલું તેમજ તે માંહે માંહે જે ગાળો દેતા હોય તેનું ઉચ્ચારણ તેઓ કરતા હતા.

તેઓ ઘણા માણસોની આવી કથની કહેતા હોય એટલે તેમાં ભાવાર્થની સળંગતા ક્યાંથી પ્રકટી શકે? દરેકનું જુદું જુદું હોય. કોઈનું સારું હોય તો કોઈનું નરસું હોય. દાદાજી જેનું જે પ્રમાણે હોય તેનું તે

પ્રમાણે બોલતા. સામાન્ય એક ત્રાહિત માનવીને તેમના બોલવામાં તદ્દન યદ્વાતદ્વાપણું, બિભત્સપણું, ગલીચપણું લાગે ને ગાળો બોલવાને કારણે તથા લોકોને મારતા પણ ખરા, તે બધાં કારણોને લીધે તેની યોગ્ય સમજણ ન પડે. કોઈ હિન્દી છાપામાં વારંવાર તેમની વિરુદ્ધનું લખાણ છપાતું. તે છાપું મારા મિત્ર ચૂનીલાલ વ્યાસ નિયમિત મંગાવતા ને તેમાં છપાયેલું મારા ગુરુમહારાજ વિરુદ્ધનું લખાણ તે મને મોકલવાનું ચૂકતા નહીં. છાપાંઓમાં આવા પુરુષો વિશે આવેલાં લખાણ તેમના જીવનનું સત્ય વ્યક્ત કરી શકે એમ હોઈ શકતું નથી. મને જે તેમનું રહસ્ય સમજવાની અને અનુભવવાની સૂક્ષ્મ કળા કૃપાથી મળી ગઈ તે બીજાને ક્યાંથી મળી શકે?

હું ત્યાં ગયો તેના બીજા દિવસની સવારથી દાદા રાજા મહારાજા વિશે ને તેમના અંગ્રેજ સરકાર સાથેના સંબંધ વિશે બોલ્યા કરતા હતા. તેઓ જ્યારે બોલતા હતા ત્યારે ટોળામાં એવો કોઈ માનવી હતો નહિ. રાજાલોક કેવી કેવી રીતે અંગ્રેજોને સંતોષ પમાડતા હોય છે તેવી બધી રીતરસમોને તેઓ ઉઘાડી પાડતા હતા—તેમાં કેટલીય ગંદી રમતો વિશે આબેહૂબ બન્યું હોય તેમ તે બોલતા હતા. આવું બોલતાં કલાકેક થયો હશે, ત્યાં બધી સવારી આવી પહોંચી. બે-ત્રણ ઘોડેસવારો આગળ, તેની પાછળ મોટર અને થોડાક ઘોડેસવારો, તે પછી પોલીસો હતા. મોટરમાંથી ઊતરીને યુવરાજે બે ચાંદીના થાળ, જેમાં એકમાં ચાંદીના રૂપિયા હતા ને બીજામાં થોડાક સોનાના સિક્કાઓ હશે. તે શ્રીદાદાને પગે લાગીને તેમના ચરણકમળમાં આગળ ધર્યા. તેમણે તે બે થાળને એવી જોરથી લાત લગાવી કે બેઉ થાળ ઊડીને આઘે પડ્યા ને તેમાંથી રકમો વેરણછેરણ થઈ ગઈ. પોલીસ ને રાજાના બીજા લોકોએ કોર્ડન કરી લીધી અને બધા સિક્કા વીણી લીધા. શ્રીદાદાજી તેના પર થૂંક્યા.

તેમણે યુવરાજને 'અહીં શું લેવા આવ્યો છે?' એમ ગુસ્સામાં કહ્યું. આ તો હું ઘણી સૌમ્ય ભાષા વાપરું છું. તેઓ જે બોલ્યા હતા, તે કાગળમાં લખી શકાય એમ નથી. તેમને ઘણું ભાંડ્યા ને તેમનો બધો

વહેવાર ખુલ્લો પાડ્યો. બીજા લોકો મારી પેઠે ભાગ્યે સમજતા હશે. તેમણે કહ્યું કે, તારા બાપની ગાદી જતી રહેશે ને તને મળશે. આ બધી હકીકત મેં પાછળથી તપાસ કરી તો જાણ્યું કે ઈન્દોરના તે કાળના મહારાજાએ અનેક કાવતરાં કર્યાં હશે ને તે બાબતમાં એક 'બાવલા ખૂન કેસ' ચાલતો હતો. ઈન્દોરના પાટવી કુંવર અહીં આવ્યા તે પહેલાંથી દાદા તેમના વિશે બોલ્યા કરતા હતા. તે મારી જાતમાહિતીની હકીકત હતી. આથી તેમની અંતર્યામીત્વની શક્તિ જાણવાનો મને પ્રસંગ મળ્યો. હું રહ્યો ત્યાં સુધી રોજના આવા ૫-૭ પ્રસંગો જુદા જુદા માણસોના તારવવાનું કર્યા કરતો હતો. હું બધું કરતો હતો, તે મારી બુદ્ધિને ગુરુમહારાજની દિવ્યશક્તિની સમર્થતાનું યોગ્ય ભાન પ્રેરવવાને કાજે કર્યા કરતો.

અનેક પ્રકારના માણસો ત્યાં આવતાં. જીવનનાં અનેક ક્ષેત્રનાં અને જુદી જુદી આશા-ઇચ્છાઓ ફળાવવા બાધા-આખડીઓ રાખીને લોક આવ્યાં કરતાં હતાં. નર્તિકાઓ અને સટ્ટાવાળા પણ આવતા. સાધુ-સંન્યાસીઓ, વિદ્વાનો ને પંડિતો આવતા ને રોગીઓ પણ આવતા હતા. સૌ પ્રથમ વાર ત્યાં ગયો ત્યારે જેટલાં ત્યાં રોગીઓ હતા તે બધાને મળવાનું કર્યું હતું. લગભગ ત્રીસેક ટકાને મટ્યું હોય એવું મને લાગ્યું હતું. ૧૦-૧૨ દિવસ થયા હશે. ત્યાં દાદાજીના હાથમાં એક નાળિયેર આવેલું. તેમણે તે જોરથી મારા તરફ ફેંક્યું. મારા કપાળમાં વાગ્યું ને ઢીમણું પણ થયું. તેમણે પછી મને હુકમ કર્યો કે તું તારે ઘેર ચાલ્યો જા. ત્યાં રહ્યે રહ્યે સાધનામાં વળ્યે જા. તું મારી પ્રાર્થના કર્યા કરજે. તને જે કર્મ મળ્યું છે, તેમાં તું લાગી રહેજે.

ત્યાંથી હું વડોદરા આવ્યા. ડફીન હૉસ્પિટલના ટી. બી. વોર્ડમાં મારા સ્નેહીશ્રી ભગવતપ્રસાદ પંડ્યા દરદી તરીકે હતા. તે ભાઈએ શ્રી ઠક્કરબાપા પાસે ઘણા વખત સુધી સેવા કરી હતી. તેમને T. B. of the testicles (નીચેની કોથળીનો ક્ષયરોગ) લાગુ પડ્યો હતો. તેની સારવાર માટે શ્રી ઠક્કરબાપાએ તેમને ડફીન હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા. મેં તેમને દાદાજીના દરબારની બધી હકીકત જણાવી. કેટલાક

રોગીઓનો રોગ મટી શકે છે. તેની ટકાવારી મેં કાઢી હતી તે સવિસ્તાર જણાવી. તમે પણ તે મટી ગયેલામાંના એક કેમ ન હો? તમે જાઓ તો પ્રભુકૃપાથી મટી પણ જાય એમ મેં એમને કહ્યું.

તેમણે મને કહ્યું કે જવા-આવવાનું ભાડું તું આપે તો હું જાઉં. મારી પાસે તે વખતે તેટલી રકમ ન હતી. મેં તેમને કહ્યું કે જો તમને નહિ મટે તો મારે તમને તેટલી રકમ ગમે તે રીતે આપવી. દાદા પાસે તેમનું રહેવાનું થતાં થોડાક સમયમાં તેમને રોગ મટી ગયો હતો.

તેમણે નવસારી હરિજન આશ્રમને કાગળ લખેલો કે તેમના નામે જે કાંઈ પૈસાટકા, સરસામાન હોય તે બધાંને વહેંચી દેવાં ને તેમને નામે કંઈ ન રાખવું. શ્રી ઠક્કરબાપાને આ હકીકતની જાણ થતાં તેમણે તેમ થવા દીધેલું નહિ. તેમનો દીકરો મોટો થાય ત્યારે સંઘમાં જે રકમ તેમને નામે હોય તે તેને સુપ્રત કરવી દેવી એમ પરીક્ષિતલાલને ભાળવણી કરી હતી. શ્રી ભગવતપ્રસાદ પંડ્યા દાદાજી પાસે સદા રહેતા અને નવસ્ત્રા પણ થઈ ગયા હતા. દાદાજી જ્યારે જ્યારે મારે અંગે કંઈ બોલતા, ત્યારે કાં તે લખી લેતા કે કાં ધ્યાન આપીને બરાબર સાંભળતા. નડિયાદના સ્મશાનમાં જે પ્રાર્થના હું કરતો, તે પ્રાર્થનાના શબ્દેશબ્દ દાદાજી બોલતા. તેમણે લખી રાખેલું મારું એક ભજન હું ગયો ત્યારે મને બતાવ્યું પણ હતું. એવી બે પ્રાર્થનાઓ તેમણે મને બતાવી હતી.

('જીવનદર્શન', આ. ૨, પૃ. ૩૬૦ થી ૩૬૭)

પ્રભુ શરણચરણમાં રાખો રે પાવલે લાગું.
રસિયાજી અંતરયામી, મારા હૃદયકમળના સ્વામી,
અલબેલા પ્રેમી નામી રે ..... પાવલે લાગું. પ્રભુ.
શરણાગતવત્સલ જાણી, તને જણાવી અંતર કહાણી,
તોય મન રહ્યું હજુ માની રે ..... પાવલે લાગું. પ્રભુ.
અડવું બધું એનું ટાળી, હેળાવી દઈ ગિરિધારી,
પદ લગાવી દોને તાળી રે ..... પાવલે લાગું. પ્રભુ.

વ્હાલાજી સાધન કૈં ના, દિલ પ્રેમભાવનાં ફૂલડાં,
વેરું હું નિત તમ પદમાં રે ..... પાવલે લાગું. પ્રભુ.

બાળકનું જોર કશું શું? જો હોય કશું તો રડવું,
એ જોરે મારે તરવું રે ..... પાવલે લાગું. પ્રભુ.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૭૧–૩૭૨)

એક વેળા* એવી કટોકટીની પળ જીવનમાં પ્રકટેલી કે પ્રાર્થના, બીજાં સાધન કશું કામમાં ન આવી શકે. કંઈ જ કારી ન ફાવી શકે. રાતની રાત રડ્યા કરતો. પ્રાર્થના પોકાર્યા કરતો. સ્મશાન પાસે તળાવ હતું, તેમાં ઊભો રહી પ્રભુને મોટેથી પોકાર પાડતો. નામસ્મરણ ગંગાની ધારની પેઠે ચાલ્યા કરતું. તે કટોકટી નિવારવા બીજા સ્થૂળ ઉપાયો જાણતો તે લીધા કરતો હતો. તે વેળા શ્રીસદ્‌ગુરુને સૂક્ષ્મ રીતે હૃદયમાં પ્રકટાવવાની કળા સાંપડી નહોતી, એટલે તેમની પાસે જઈ સાધના-ગાળાની તે ગૂંચની વાત જાતોજાત કરવી અને તેનો ઉકેલ મેળવવો એમ દિલમાં થયું. એમને ખોળવા જવા દિલ તલપાપડ બન્યું. સાધુનું પિયર કુંભમેળો. તે સમયે કુંભમેળો હરિદ્વારમાં ભરાવાનો હતો. મહામુશ્કેલીએ ત્યાં ગયો. ચાર દિવસ જ્યાં ત્યાં બધે ઊંઘ્યા વિના, એમને પોકાર પાડતાં પાડતાં, શોધ્યા જ કર્યું. છેવટે મળી ગયા ત્યારે છેક પાસે જ! એમનાં ચરણકમળમાં માથું મૂકી ક્યાં સુધી પડ્યો રહ્યો. જેમાંથી ઊગરવું હતું તે કાજે હૃદયમાં હૃદયથી પ્રાર્થના કર્યા કરવાની પ્રભુકૃપાથી ચેતનપૂર્વકની બસ જાગૃતિ હતી. પ્રાર્થનાભાવમાં પોણોએક કલાક પડી રહ્યો હોઈશ તે પછી એમણે મને ઉઠાડ્યો. મેં એમને કહ્યું કે હું ચાર દિવસથી લાંઘ્યા કરું છું પણ તમે અહીં નજીક છો તે દેખાયું જ નહિ.

''હું તો તને જોતો હતો, પણ જ્યાં સુધી તું મને જુએ નહિ, ત્યાં સુધી બધું નકામું.''

''અરે, બાપ! મને જરાક બોલાવવો તો હતો! આપને એમ પણ ન થયું કે આ છોકરો બિચારો ભૂખ્યો-તરસ્યો એના ગુરુને ખોળ્યા જ કરે છે ને સાનભાન વિનાનો થઈ ગયો છે.''

---

*સને ૧૯૨૮ પહેલાં

''તને બોલાવવાનું કામ મારું નથી. મને બોલાવવાનું કામ તારું છે. તું મને જુએ નહિ, ત્યાં લગી બોલાવાનું એ ફોગટ થતું હોય છે.''

આનો સૂક્ષ્મ અર્થ સમજવા જેટલી શક્તિ ત્યારે ન હતી. પણ એમના વિશે જે સદ્‌ભાવ અને શ્રદ્ધા મારામાં હતાં, તેથી તે વચન સ્વીકારાયું. કાળ જતાં તેના મર્મ અને અર્થ સમજાયાં. જે કારણ કાજે ગયો હતો, તે કારણથી મુક્ત થવાની સૂક્ષ્મ કળા અને સાધન કૃપા કરી એમણે આ જીવને બક્ષ્યાં. તે સાધના કરતાં કંઠે પ્રાણ આવી જાય એવું હતું. પણ જે કરવું છે તે બસ કરવું જ છે, ને શ્રીસદ્‌ગુરુના વચનમાં જીવતો વિશ્વાસ હતો. તેથી યાહોમ કરીને ઝંપલાવવાનું બની શક્યું. એવી રીતે અનેક વેળા આ જીવ જીવપ્રકારની પ્રકૃતિમાં હતો, ત્યારે શ્રીસદ્‌ગુરુની મદદ તેણે મેળવેલી છે. ('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૯૯–૪૦૦)

• • •

નડિયાદમાં પ્રભુકૃપાથી સાધનામાં દીક્ષિત થવાનું બન્યું, તેમ બીજો એક એવા પ્રકારનો પ્રસંગ ત્યાં બન્યો હતો. એક વાર હું મરીડા ભાગોળના વાસમાં વિદ્યાર્થીઓને હાકલ કરતો હતો, ત્યારે એક હરિજનભાઈએ કહ્યું કે ચૂનીભાઈ! આપણા કુંડની પાછળના ખેતરમાં એક તદ્દન નગ્ન માણસ પડી રહ્યો છે, મુદ્દલે સળવળતો નથી. મને પ્રભુકૃપાથી સૂઝ્યું કે નગ્ન હોવાની તાકાત કાં તો ગાંડામાં કે કાં કોઈ અવધૂતમાં હોઈ શકે. આ વિચાર આવતાંની સાથે બીજા શિક્ષક-ભાઈઓને કામ સોંપી હું પાછો ઘેર આવ્યો, નહાયો, ધોયેલાં કપડાં પહેર્યાં. એક મોટો લોટો મારે હાથે સારી પેઠે અજવાળ્યો ને તેમાં બશેરેક દૂધ લઈ જે ઠેકાણે તે નગ્ન માણસ પડ્યો હતો ત્યાં હું ગયો. જગા મને તરત જડી ગઈ. તે માણસ હજી ત્યાં એમ ને એમ પડી રહેલો હતો. હું ત્યાં બેસી રહ્યો અને પ્રાર્થના, સ્મરણ વગેરે કર્યા કરતો હતો. દોઢ-બે કલાક બેઠો હોઈશ, ત્યાં તેઓ સાહેબ જરાક સળવળ્યા. તે પછી હળવે હળવે થઈને તેમણે પડખું ફેરવ્યું ને તે પણ મારી તરફ નહિ. વળી પાછા તે પડ્યા રહ્યા. વળી પાછા પાએક કલાક પછી મારી તરફ પડખું ફેરવ્યું ને આંખો ઊઘાડી.

મને જરૂર ઊગી આવ્યું કે આ કોઈ ગાંડો માણસ નથી લાગતો. તેથી મારે બીજા અનુમાન પર આવવું પડ્યું કે, આ કોઈ અવધૂત કોટિનો આત્મા હોવો જોઈએ, તેવું સ્ફુરણ થતાં મને દિલમાં ભાવોર્મિ પ્રકટવા માંડી. તેમનું દર્શન થતાં મનમાં મારું સદ્‌ભાગ્ય માનવા લાગ્યો. ''હે પ્રભુ! મને કૃપા દેજો. મારા સાધનાના પુરુષાર્થમાં ચેતનવંતો વેગ પૂર્યા કરજો અને મારી સાધના એકધારી અતૂટ ચાલ્યાં કરે એવા પ્રકારનું ભાવનાનું બળ પ્રેર્યા કરજો.'' આ પ્રકારની પ્રાર્થના મનમાં મનથી કર્યા કરવાનું સહજ સ્ફુર્યા કરતું હતું. હું પ્રાર્થનાના ભાવ-તાનમાં મશગૂલ હતો, તેથી સમયનું કશું ભાન રહેલું નહિ.

જ્યારે ભાન જાગ્યું, ત્યારે સાંજના છ વાગવા આવ્યા હશે. તેઓશ્રી બોલ્યા કે મને કોઈ મુસલમાનને ઘરે લઈ જા. તેમની બોલી મરાઠી હતી એમ ચોખ્ખું લાગ્યું. મુસલમાનને ઘેર લઈ જવાની હકીકત સાંભળીને મને બહુ નવાઈ લાગી. વળી તે બને પણ કેવી રીતે? શરીરની નગ્નાવસ્થામાં કોઈને ઘેર લઈ જવા તે સામાન્ય સમજણની દૃષ્ટિએ અનુચિત હતું. પરંતુ આ જીવને અભ્યાસ પડી ગયેલો કે આવા લોકોનું જે પ્રકારનું વ્યક્તિત્વ હોય તે પ્રમાણે પાલન કરવા મારું દિલ સદ્‌ભાવથી તત્પરતાવાળું બની જાય. વિદ્યાપીઠમાંથી સાંપડેલી હિન્દુ-મુસ્લિમ એકતાની ભાવનાથી મુસલમાનભાઈઓને 'અસ્સલામ્ આલયકુમ્' કરવાની જે ટેવ હતી, તે ટેવે મને અહીં પણ સહારો આપ્યો.

મરીડા ભાગોળ તરફ આવતાં તે લત્તામાં એક યુનાની હકીમ સાહેબ (લોકો એમને વાયડા હકીમ કહેતા)ને 'અસ્સલામાલયકુમ્' કરતો ને તેઓ પણ તેનો જવાબ ભાવનાથી વાળતા. અમારે પરસ્પર આવી જાતનો નાતો કેટલાય સમય સુધીનો જીવતો ચાલ્યો આવતો હતો. આ સિવાય ભાગ્યે અમે એકબીજા સાથે કશી વાત કરી હોય. હું બાપજી પાસેથી ઊઠીને તે યુનાની હકીમ સાહેબને ઘેર ગયો. સદ્‌ભાગ્યે તેઓ હાજર હતા. મેં તેમને વાત કરી કે ચમાર લોકોના રંગવાના કુંડની પાછળ એક ખેતરમાં એક ઓલિયા પધારેલા છે. તેમને કોઈ મુસલમાનને ઘેર રહેવું છે. તેમની પાસેથી જ અત્યારે હું ચાલ્યો આવું છું. જો આપ કૃપા કરીને તેમને તમારી મેડી પર રાખી શકો, તો તેમની હું હરેક પ્રકારની

સેવા જરૂર કરીશ ને હું ખડે પગે હાજર રહીશ. હું આપને કોઈ પણ પ્રકારની તકલીફ પડવા દઈશ નહિ.

તેઓ સંમત થઈ ગયા પછી મેં તેમને જણાવ્યું કે હકીમ સાહેબ! તમે પ્રેમથી સંમતિ આપી, પરંતુ તે ઓલિયા શરીરે સંપૂર્ણ નગ્ન છે. હું તેમને ઘોડાગાડીમાં બધા પડદા નખાવી દઈને લાવીશ. તેઓ નાનકડું કંતાન પોતાના શરીરના તેટલા ભાગ પર નાખી મૂકે એવી એમને પ્રાર્થના અને વ્યવસ્થા જરૂર કરીશ. આપ કૃપા કરીને એવું એક નાનું કંતાન મને આપો. આ સાંભળીને તેઓ સ્તબ્ધ થઈ ગયા. થોડાઘણા ઉશ્કેરાયા એવું પણ મને લાગ્યું. શરીરની આવી સ્થિતિવાળા માણસને પોતાને ત્યાં રાખવાની તેમની તત્પરતા ઓગળી જતી હોય એવું સ્પષ્ટ મને જણાયું હતું.

મેં તેમને કહ્યું કે હું તેમને મારે ઘેર જરૂર લઈ જઈ શકું એમ છું. એમને પ્રેમથી રાખું. સંતરામ મહારાજના મંદિર પાછળ ઝાડી છે, ત્યાં લઈ જઈને પણ રાખી શકું. પરંતુ તેઓશ્રીને કોઈક મુસલમાનને ઘેર રહેવું છે એટલે મારી લાચારી છે. તેથી હું તમને પ્રાર્થના કરવા આવ્યો છું. હું તેમના શરીરે કંતાન જેમતેમ વીંટળાવવાનું કરીને તમારી મેડી પર ચઢાવી દઈશ. તેમનું મળમૂત્ર વગેરે હું મારા હાથે સાફ કરીશ. તેઓ કદાચ તેવા કર્મને માટે બહાર ન પણ નીકળે, એવી મસ્ત દશાના આ માણસ લાગે છે. એને માટેની માનસિક તૈયારી મેં ભક્તિપૂર્વક કરી રાખેલી છે. આવા લોકો બહુ ધૂની હોય છે. તેઓ કેમ બોલે ને કેમ વર્તે તેની આપણને કશી ગતાગમ પડી શકે નહિ.

આ સાંભળી હકીમ સાહેબના મોઢા પરથી રેખાઓ બદલાઈ અને મને કહેવા લાગ્યા કે, ભગત! તમે જતાંઆવતાં ભજન ગાયા કરો છો, ને ખુદાની બંદગી કરો છો, તે મેં ઘણા સમયથી જોયું છે એટલે તમારા કહેવાથી હું સંમતિ આપું છું, પરંતુ મારે કોઈ જાતની મુશ્કેલીમાં મુકાવું ન પડે ને અધવચ્ચે તમે જેને ઓલિયા કહો છો તેને કાઢી મૂકવાની જરૂર ન પડે તેની જવાબદારી તમારે માથે છે.

આ જવાબદારી મેં પ્રેમથી સ્વીકારી. જો કે તેવી જવાબદારી સ્વીકારતાં પહેલાં મને મનમાં જરૂર ઊગી આવેલું કે, આ કામ અઘરું

છે. આવા પ્રકારના માણસ એકદમ નીકળવાને તૈયાર ન થાય. તે અડ્ડો જમાવીને બેસે ને એમ પણ કહે કે હું અહીં જ બેઠો છું ને નીકળીશ નહિ. તેઓ જો ન નીકળે તો મારી ભારે કમબખ્તી થાય. આવો વિચાર ઝબકી ગયો પણ મારે તેમના વચનનું પ્રેમભક્તિપૂર્વક પાલન કરવું હતું. જે કાળે જે થશે, તે કાળે જોયું જશે. ભગવાનની કૃપાથી તેનો ઉકેલ જરૂર મળી આવશે. આમ વિચારી હકીમ સાહેબને બેધડકપણે હા પાડી દીધી. પ્રથમ મેડી ઉપર જોઈ આવ્યો, અમે આવીએ ત્યાં સુધીમાં મેડીમાં જે કંઈ રાચરચીલું પડ્યું હતું, તે લઈ લેવાનું હકીમ સાહેબને મેં જણાવ્યું. એમ પણ કહ્યું કે હું અર્ધો કલાક રોકાઈને આપ મને બતાવો તે રીતે તે બધું જાતે મૂકી દઉં. પરંતુ તેમણે મને ના પાડી ને પોતે બધું કરાવી લેશે એમ જણાવ્યું હતું.

હું નિશ્ચિંત થઈ હરખાતો હરખાતો ઘોડાગાડી લઈને પેલા ઓલિયા સૂતા હતા ત્યાં ગયો. ઘોડાગાડી આવેલી જોઈને તેઓ પોતે ઊઠ્યા. ઘોડાગાડીના પડદા મેં નીચા નાંખી દીધા હતા. ઘોડાગાડીવાળો પણ શરીરથી તદ્દન નગ્ન એવા માણસને જોઈ બહુ અચંબો પામ્યો. તેઓશ્રીને ગાડીમાં બેસાડીને પેલું ગુણપાટનું કપડું તેમના શરીરના તેટલા ભાગ ઉપર બે હાથ જોડી મેં પ્રાર્થના કરી ને મૂકી રાખવાનું કર્યું. તેઓ તદ્દન શાંત રહેલા એટલે તેમાં મેં તેમની મૂક સંમતિ માની લીધી. આવા પ્રકારનો અમારો વરઘોડો હકીમ સાહેબના ઘર તરફ ચાલ્યો. હકીમ સાહેબ અમારી રાહ જોતા બહાર ઊભા રહ્યા હતા. તે ઓલિયાનું શરીર ઘણું હૃષ્ટપુષ્ટ અને ભારે હતું. મેં તેઓશ્રીને કહેલું કે, ગાડીમાં ઊતરીને ઉપરની મેડી ઉપર આપ ઝપાટાભેર પધારી જાઓ. દુનિયાદારીના લોક આવી રીતનું કશું સહન કરી શકે નહિ ને ઊલટી હકીમ સાહેબની નાલેશી થાય. તેઓ સ્ફૂર્તિથી ઊતર્યા ને મેડી ઉપર ઝપાટાભેર ચડી ગયા!

મેં તેમને પ્રાર્થના કરી કે પાણી માટેની માટલી, બે-ચાર માટીનાં શકોરાં, બેસવા માટેનું ગાદી જેવું સાધન અને ભિક્ષાનો પ્રસાદ લઈને હું આવું છું, ત્યાં સુધી આપ શાંત બેસી રહેશો એવી મારી પ્રાર્થના છે. અમગચેતી વાપરીને તે ઉપરાંત સાવરણી પણ લાવ્યો હતો. તેઓશ્રીને

ધૂળ ન ઊડે તેવી રીતે ધીરે ધીરે આસ્તે આસ્તે બધું વાળ્યું. તેમને બેસવાને માટે ગાદી ને આસન પાથર્યાં. પણ તેનાં પર તેઓ બેઠા નહિ. મેં તેમને તે માટે આગ્રહ કર્યો નહિ. હકીમ સાહેબને ત્યાંથી એક શકોરું લઈને તેમાં ધૂળ ભરી લાવ્યો. બે-ચાર ઈંટો પણ લાવ્યો. તે ઈંટોની બેસણી કરીને તેની વચ્ચે ધૂળવાળું શકોરું મૂક્યું જેથી તેમને મળત્યાગ કરવો હોય ત્યારે સહેલાઈથી કરાય.

આ બધી મારી રમત તેઓ જોયા કરતા હતા. આ સમય દરમ્યાન હું પણ કશું બોલતો નહિ ને તેઓ પણ કશું બોલતા નહિ. તે પછી હાથ ધોઈને તેમની આગળ ભિક્ષાનો પ્રસાદ મૂકવાનું કર્યું. મારી પાસે તે કાળે તેઓશ્રીને પ્રસાદ આપવાને બાજરીનો રોટલો, શાક અને દૂધ સિવાય બીજું ન હતું. તેઓ પ્રેમથી રોટલો, શાક, દૂધ ખાઈ ગયા એટલું જ નહિ પણ રોટલાની થોડી કણો જમીન ઉપર પડી ગઈ હતી, તે પણ ઉપાડીને ખાઈ ગયા. મેં જાણ્યું કે તે પોતાનાં હાથ-મોં ધોશે, પરંતુ તેમણે કશું કર્યું નહિ એટલે મેં અંગૂછાને પાણી વડે જરા પલાળીને ધીરે ધીરે તેમના હાથ અને મોં લૂછી લીધાં.

મને રાત્રે વિચાર આવ્યો કે તેમને સૂવાનું શું કરવું? તેઓ કદીક મરાઠીમાં બોલે ને કેટલુંક ભાંગીતૂટી હિન્દીમાં બોલતા, પરંતુ મને કશી સમજણ ન પડે. પૂછવાની મારી હિંમત ન ચાલે. મને પાથરણા વિના ચાલી શકે તેવો અભ્યાસ હતો. મેં જેમતેમ કરીને શેતરંજી કે પથારી લઈ આવવા વાત કરી પણ તેઓ જવાબ આપતા જ નહિ એટલે વધારે પૂછવાનું માંડી વાળ્યું અને પાસે જઈને તેમને પગે લાગી ધીમે ધીમે તેમના પગ પર હાથ ફેરવવા માંડ્યા. પછી હિમ્મત પ્રકટતાં સેવા કરવાની સારી તક મળી. પરંતુ તેવું એક જ દિવસ કરવા દીધું. તે પછી તેમણે મને સૂઈ જવાનો હુકમ કર્યો. હું સૂઈ ગયો. સવારના દાતણ આપવાનું કર્યું તો તે તેમણે ફેંકી દીધું. તેમની પાસે પાણીનો લોટો અને તગારું મૂકીને મોં સાફ કરવાની તેમને મેં પ્રાર્થના કરી, પરંતુ તેમણે કશું કર્યું નહિ. તેમને માટે બે વાર જમવાનું લઈ જતો. તે જમતા ખરા પણ મળમૂત્રની વ્યવસ્થા કરી હતી તેનો ઉપયોગ ન કરતાં, મેડી ઉપર ગમે ત્યાં તેઓ દિશાએ બેસતા.

હું પ્રેમથી સાફ કરી લઉં ને તેમના શરીરનો તે ભાગ પણ હું જાતે ધોતો. મારી ગેરહાજરી દરમ્યાન બે-ચાર વાર એવી રીતે તેઓ ટટ્ટી ગયા હતા ત્યારે તેમણે તે ભાગ ધોયો ન હતો. હું જ્યારે આવ્યો ત્યારે તે બધું મેં સાફ કરી દીધું હતું. છાણમાટીથી તે જગા સારી રીતે લીંપી હતી. તે બધું દૂર જઈને મ્યુનિસિપાલિટીની કચરાપેટીમાં નાખી આવવાનું કર્યું હતું. તે પછી બે-ત્રણ દિવસ સુધી કે કદાચ ચાર દિવસ પણ હોય મળમૂત્ર-ત્યાગની ક્રિયાથી તેઓ તદ્દન મુક્ત રહી શક્યા હતા.

અમારું પરસ્પર બોલવાનું ભાગ્યે બનતું. હું પ્રાર્થના, સ્મરણ વગેરે સાધનાના અભ્યાસમાં મારો સમય વ્યતીત કરતો હતો. શરૂઆતમાં જે ખેતરમાં તેઓ પડ્યા હતા, ત્યાં તેમણે જ્યારે ચક્ષુ ખોલ્યાં ત્યારે જે પ્રકારની પ્રાર્થના મેં કરી હતી, તે ભાવમાં જીવતું જાગતું રહ્યા કરવાનું પ્રભુકૃપાથી બનતું. બેએક દિવસ તેમણે મારી ગેરહાજરીમાં પેલા હકીમ સાહેબ સાથે કંઈક વાતો કરી હતી, એમ તે હકીમ સાહેબના કહેવા પરથી લાગ્યું હતું. ૧૧-૧૨ દિવસ થયા પછી તેઓ એક દિવસ જતા રહેવાનું કરતા હોય એવું મને લાગવાથી હું ઘોડાગાડી લઈ આવ્યો અને તેઓશ્રીને ઉત્તરસંડા બાજુએ લઈ જવાનું બન્યું. ગામથી ઘણે દૂર ગાડી ઊભી રખાવીને તેઓને હું પગે લાગ્યો ને ઊતરી જવા કહ્યું. ગાડીવાળાને પૈસા ચૂકવીને હું તેમની પાછળ દોડીને તેમની સાથે થઈ ગયો. થોડેક સુધી તેમની સાથે ચાલ્યો હોઈશ, ત્યારે તેઓ બોલ્યા કે તું મારી સાથે ચાલ.

મેં તેમને પ્રાર્થનાભાવે કહ્યું, ''મળેલું કર્મ, મળેલી પરિસ્થિતિ, મળેલા સંજોગનું શ્રીપ્રભુપ્રીત્યર્થે યથોયોગ્યતાથી પ્રેમભક્તિથી પાલન કરવું એને હું પ્રત્યક્ષ ધર્મ માનું છું. છતાં જો આપ મને સાધનામાં આગળ વેગ પ્રાપ્ત કરાવવાનું દાન આપો તો હું આવું.'' તેઓ તરત બોલ્યા નહીં, પણ પછી બોલ્યા કે જરૂર તું મારે ઠેકાણે આવ. તેઓશ્રીને મેં કહ્યું, ''એક, સાધનાનો મારો હેતુ ફલિત કરાવવાની આપ કૃપા કરો. બીજું, મને આપનું જ એકમાત્ર દર્શન થયાં કરે ને આપની ભાવના મનમાં મહત્ત્વપણે પ્રકટ્યા કરે; ત્રીજું, સ્થળ જ્યાં હોય ત્યાં મને જવા-આવવાને માટે ગાડીભાડાની રકમ અણધારી કોઈની પાસેથી આપમેળે

મળી જાય, આ ત્રણ વિનંતીનો જો આપ કૃપા કરીને સ્વીકાર કરો તો હું આપને ઠેકાણે આવી શકું.'' તે પછી તેઓ ચાલ્યા ગયા અને મને પાછો વળી જવાનું કહ્યું.

શહેરમાં આવીને હકીમ સાહેબને ઘેર જઈ, તેમની મેડી ઉપરનું બધું ઠીકઠાક કરી તેમનો મેં ઘણો ઘણો આભાર માન્યો. હકીમ સાહેબે મને કહ્યું કે, આ બહુ મોટા ઓલિયા છે. તેઓ સાકોરીમાં રહે છે ને તેમનું નામ છે ઉપાસની મહારાજ. સાકોરીથી જાણી-જોઈને છાનામાના નીકળી આવેલા છે. ભગત! તમને તેની સેવા કરવાની ઉત્તમ તક મળી. તમે ભાગ્યશાળી છો. તમારે માટે તેમને બહુ હેત પ્રકટ્યું છે. મેં પણ તેમને જણાવ્યું કે તેઓશ્રીએ મને તેમની સાથે લઈ જવાની તૈયારી બતાવી હતી. વળી, તેઓશ્રીને મેં ત્રણ વિનંતી પ્રાર્થનાભાવે કરી હતી તે હકીમ સાહેબને કહી સંભળાવી. હકીમ સાહેબે મને કહ્યું કે, તેં સારું ન કર્યું. તું તેમની સાથે ગયો હોત તો તેમાં તારું કલ્યાણ થાત, પરંતુ મને તેથી કરીને જરા પણ અફસોસ થયો નહિ.

તે પછી કેટલોક કાળ વીતી ગયો. બારડોલી સત્યાગ્રહની લડત જાગી હતી. તેમાં બોલાવે ત્યારે જવાની તૈયારીવાળા સ્વયંસેવકોની યાદીમાં મેં મારું નામ નોંધાવ્યું હતું. જે દિવસે મને બારડોલી જવાના હુકમનું કાગળિયું મળ્યું, તે જ દિવસે મને ઓચિંતું ઉપાસની મહારાજનું દર્શન થયું ને ત્યાં જવાનું દિલ થયું. કોઈ દિવસ નહિ ને આજે આમ કેમ બને છે? એમ વિચારી વિચારીને તપાસી લીધું. વારંવાર શ્રી ઉપાસની મહારાજનું દર્શન થયાં કરતું. તેઓશ્રીને કરેલ ત્રણ વિનંતીઓનું મને ભાન પ્રકટ્યું. મને ત્યાં જવા-આવવાના ગાડીભાડાની રકમ આપમેળે મળે, ત્યારે જવાની વાત હતી એમ મનથી નક્કી કરી લીધું અને નિશ્ચિંત થઈ ગયો. જો તે દિવસે આપોઆપ ત્યાં જવાની ગાડીભાડાની રકમ મળી જાય, તો વળી બારડોલી જવાનું માંડી વાળી સાકોરી જવું જ એવો નિર્ણય પણ કરી લીધો.

રોજ મારે મરીડા ભાગોળે વૈષ્ણવની હવેલી પાસેથી જવા-આવવાનું થતું ને કેટલાક દિવસોથી હમણાંનો હું શ્રી દયારામભાઈનું *''વૈષ્ણવ નથી*

થયો તું રે, શીદ ગુમાનમાં ઘૂમે?'' એ ભજન મને પોતાને ઉદ્દેશીને પ્રાર્થનાભાવે જતાં-આવતાં મોટેથી ગાયા કરતો હતો. તે ભજનની લીટી, *''વૈષ્ણવ નથી થયો તું રે, શીદ ગુમાનમાં ઘૂમે?''* રોજ ને રોજ વૈષ્ણવની હવેલી આગળથી જતાં બોલાયે જતી હતી. હું કંઈ કોઈને સંભળાવવા તે ગાતો ન હતો. એક દિવસ એક વૈષ્ણવ સદ્‌ગૃહસ્થ મારું તે ભજન સાંભળીને ઉશ્કેરાઈ ગયેલા ને મને ધોલ મારી દીધી હતી. મેં તેમને કહ્યું હતું કે આપને સંબોધીને હું આ ગાતો નથી. હું તો મને પોતાને મઠારવા પ્રાર્થનાભાવે સતત ગાયા કરું છું. પરંતુ તે ભાઈને તો જાણે હું તેમને માટે ગાતો હોઉં એમ માથે લીધું હતું ને તે સાંભળીને ઉશ્કેરાઈ ગયા હતા.

હવે આ દિવસે મને સાકોરી જવાનું દિલ થયા કરતું હતું ને વારંવાર શ્રીમદ્ ઉપાસની મહારાજનાં દર્શન થયાં કરતાં હતાં. ત્યારે એ ભજન મોટેથી ગાતો ગાતો વૈષ્ણવની હવેલી આગળથી પસાર થતો હતો, તે વેળાએ એક બીજા સદ્‌ગૃહસ્થે આવીને મારા હાથમાં રૂા. ૪૫ની રકમ મૂકી દીધી. હું અચંબો પામ્યો, ''ભાઈ! આ રકમ શેની છે ને મને શા માટે આપો છો?'' તેમણે કહ્યું, ''રોજ તમે આ માર્ગેથી જતાં-આવતાં ભજન ગાયા કરો છો. આવો તમારો અભ્યાસ કેટલાય કાળથી ચાલુ છે, તે હું નીરખ્યાં કરું છું. વળી રોજ રાતે તમે કાકરખાડ બાજુથી સંતરામ ભાગોળે જાઓ છો, ત્યારે સંતરામ મંદિરથી પાછા વળતાં મેં તમને ઘણીય વાર રોજ મોટેથી ગાતાં સાંભળેલા છે. તમે બસ જ્યાં ને ત્યાં ભગવાનનું ભજન ગાવાનું કર્યાં કરો છો, તેથી મને તમારા પર ભાવ ઊપજે છે. કેટલાય દિવસથી તમને કંઈક આપું આપું એમ મનમાં થયાં કરતું હતું. પરંતુ આજે આપવાની ભાવના વિશેષ પ્રબળ બની ને હાથમાં જે રકમ આવી તે રકમ લઈને તમારી રાહ જોતો સામે ઓટલે બેઠો હતો. તમને જ્યાં *''વૈષ્ણવ નથી થયો તું રે''* એમ ગાતાં સાંભળ્યા કે તરત તમારી પાસે આવ્યો છું. માટે કૃપા કરીને આટલી રકમનો સ્વીકાર કરો. મને ત્યારે થયું, આ જ ભજનના ગાવાથી એક સજ્જને ધોલની પ્રસાદી આપી હતી અને આ એક બીજા સજ્જને રૂા. ૪૫ની રકમ આપી! હવે

આપણું સાકોરી જવાનું પાકું થઈ ગયું. રજાનું કાગળિયું ટપાલમાં નાખીને આપણે નીકળી પડ્યા સાકોરી જવા ગાડીમાં.

ત્યાં પહોંચી સામાન એક ઠેકાણે મૂકી નાહીધોઈ હું મહારાજશ્રીને પગે લાગ્યો. તેમણે મને જે લાકડાના મોટા પાંજરામાં તેઓ બેસી રહેતા, તેની પાસે બેસી જવા આજ્ઞા કરી. હું ત્યાં બેસી ગયો ને મારા સાધના અભ્યાસમાં લગાતાર મંડી પડ્યો. ૫-૬ કલાક વીતી ગયા. પછી મને લઘુશંકા કરવાની વૃત્તિ થઈ. મેં ઊઠીને બહાર જવા ગતિમાન થવા કર્યું, પરંતુ મારાથી ઊઠી જ શકાય નહિ. મેં ધાર્યું કે એકધારું ૫-૬ કલાક બેસી રહેવાથી મારા પગ અકડાઈ ગયા લાગે છે. મેં મારા પગને બરાબર હલાવી જોયા તો તે બરાબર હાલતા-ચાલતા હતા. ઘૂંટણમાંથી બરાબર વળી શકતા હતા. પગ અકડાઈ ગયા હોય એવું મને લાગ્યું નહિ. છતાં ઊભું કેમ થવાતું નથી તે મારે માટે એક ભારે કોયડો થઈ પડ્યો. હું ઊઠ્યા વિના બેઠેબેઠે ખસી-ખસીને દૂર જવાનો પ્રયત્ન કરવા લાગ્યો, પરંતુ તે પણ જવાય નહિ! એમ ૨-૨॥ કલાક પાછા ચાલ્યા ગયા કારણ કે હું પ્રાર્થના આદિ સાધનામાં જ રહ્યા કરતો હતો.

વળી શરીરનું ભાન પ્રકટતાં લઘુશંકાની વૃત્તિ બળવત્તર પ્રકટ્યા કરી. હવે તે કર્યા વિના કોઈ આરો નથી, પરંતુ આ ઠેકાણે લઘુશંકા કેમ કરીને થાય? તે સવાલ બહુ મૂંઝવતો; ને સંકોચ પણ ખરો. ફરીથી પ્રાર્થના આદિની ભાવનામાં ટકવા માટે સભાનપણે પ્રયત્ન કરી જોયો. અડધોએક કલાક ધ્યાનની પરિસ્થિતિમાં વીત્યો ન વીત્યો ત્યાં જાગી જવાનું બન્યું, અને લઘુશંકા કરવાની વૃત્તિ જબરદસ્ત બળવત્તર પ્રમાણમાં પ્રકટી ઊઠી. વળી પ્રાર્થના, સ્મરણ, ધ્યાન, આદિની ભાવનામાં મશગૂલ થવા પ્રયત્ન કર્યો ત્યારે ધ્યાનસ્થ દશાના ભાવમાં મને સૂઝી આવ્યું કે આ બધી કરામત આ ઉપાસની મહારાજની છે. બાકી મારા પગ અકડાઈ ગયા નથી! મારી દશા પ્રકટાવવામાં એમનો કોઈક હેતુ હોવો જોઈએ.

મને આવું જ્ઞાન થતાં ત્યાં લઘુશંકા કરવાનો સંકોચ જતો રહ્યો, અને ત્યાં જ તે પ્રમાણે વર્તવાનું કર્યું. પાણી તો શું નીકળે શું નીકળે!

પાર વિનાનું! મને ત્યાં એકઠા થયેલા લોકો ઘણું ભાંડવા લાગ્યા. પછી જાજરૂ જવાનું પણ ત્યાં જ થયા કરતું. મળમૂત્ર એટલી બધી વાર થયાં કે જેનો સુમાર નહિ. મારાં કપડાં તેનાથી લદબદ થઈ ગયાં. એ ચાર ફૂટની જગા મળમૂત્રથી ભરાઈ ગઈ હતી. આશરે પાંચેક દિવસ પાણી કે ખાવાનું કંઈ મળેલું નહિ, છતાં એટલાં બધાં મળમૂત્ર નીકળ્યાં કરતાં કે જેનો સુમાર ન હોય. મળની જાણે એક મોટી પથારી તે જગામાં થઈ ગઈ હોય તેવું બન્યું હતું.

મને લોકોએ માર મારવાનું ચાલુ રાખ્યું હતું. લોકો બોલતા કે સાલાને બાબા (ઉપાસની) થઈ જવું છે. ઊંચકીને ફેંકી દો બહાર! કેટલાક તેવો પ્રયત્ન કરવા તૈયાર થયેલા પણ મળની પથારીમાં પગ મૂકવાનું તેમનાથી સાહસ ન થઈ શક્યું. મારા શરીરને લોક વેગળેથી પથરા કે ઈંટાળા માર્યા કરતા હતા. આ બધો ખેલ ઉપાસની મહારાજ જોયા કરતા. પરંતુ તેઓ સંપૂર્ણ સાક્ષીવત્ રહેતા. એક ૧૩-૧૪ વર્ષની છોકરી મને નહિ મારવા લોકને વારંવાર સમજાવતી ને મને બચાવવા પ્રયત્ન કરતી હતી. (આ બહેન તે બીજાં કોઈ નહિ પણ શ્રી ગોદાવરીમાતા પોતે જ. એ હકીકતની જાણ પાછળથી થઈ હતી.) આટલો બધો માર પડ્યા કરતો હતો, છતાં મનાદિકરણની સમાધિના ભાવમાં જરા સરખો ભંગ પડી શકતો નહિ. એક બાજુ તેવા ભાવની સતત એકધારી પતિતપાવની ગંગધારા ચાલ્યા કરતી હતી; બીજી બાજુથી લોકોના મારની ગંગધારા ચાલતી હતી, પણ તે તૂટક તૂટક હતી. ત્રીજી બાજુ મળમૂત્રની ક્રિયાનો પ્રવાહ ચાલુ રહ્યા કરતો હતો; સાક્ષીભાવે તે ત્રણ પાસાનો સમરસ એકધારો એકસ્થપણાનો જીવતો જાગતો ટક્યા કરેલો અનુભવાતો હતો.

પાંચેક દિવસ આમ એક પળવારમાં વીતી જતી હોય તેવી તે સ્થિતિ હતી. ઉપાસની મહારાજશ્રીએ ગરમ પાણી મંગાવી મને પીવા અપાવ્યું. ૨-૩ દિવસ સુધી તે કાર્યક્રમ ચાલ્યો. શરીરની સ્થિતિ પૂર્વવત્ હતી. મળમૂત્રનો ભારે પ્રમાણમાં ત્યાગ થયે જતો હતો. તે પછી એક તદ્દન સૂકા રોટલાનો ટુકડો મહારાજશ્રીએ મને અપાવ્યો. અગિયારેક દિવસ આવી સ્થિતિમાં રહેવાનું ભગવાનની કૃપાથી બન્યું. બાદ ઓચિંતું એમ લાગ્યું

કે હવે ઊઠીને ચાલી શકાય એમ લાગે છે. હું તુર્ત જ ઊઠ્યો ને દૂર દૂર જઈ પેલાં મળથી ગંદા ને મેલાં બનેલાં કપડાંથી મુક્ત થયો ને શરીર સારી પેઠે સાફ કર્યું. પરંતુ તે ક્યાં કેવી રીતે સાફ કર્યું તે બિલકુલ યાદ નથી. તે પછી લંગોટ પહેરીને પાવડો-તગારું ક્યાંકથી લઈ આવી શ્રી ઉપાસની મહારાજના પાંજરા પાસેની બધી જગા લગભગ બેભાન અવસ્થામાં પૂરેપૂરી સાફ કરી. પાવડાથી સાફ કર્યા પછી તે જગ્યા હાથથી, ભીના લૂગડાંથી ને પાણીથી સાફ કરી દીધી. હું બજારમાં જઈને સુખડના તેલની એક શીશી લઈ આવ્યો ને બધી જગા પર સારી પેઠે છાંટ્યું. આ કામથી પરવાર્યો કે તરત જ ઉપાસની મહારાજની પ્રેમભાવે નડિયાદ પાછા ફરવાની રજા માગી, પરંતુ તેઓ બોલ્યા નહિ. અર્ધાએક કલાક પછી તેમણે મને નડિયાદ જવાની સંમતિ આપી ને બોલ્યા, કે હવે તારી આ સ્થિતિ કાયમ જીવંત રહેશે. **('જીવનદર્શન', આ. ૨, પૃ. ૩૪૧ થી ૩૫૯)**

● ● ●

સાધનાની આ બધી ઊંડી સૂક્ષ્મ રીતોનું મને કશું જ્ઞાનભાન ન હતું. હું તેમનામાં મારા ગુરુમહારાજનો ધ્યાનભાવ રાખતો. પહેલવહેલું જ્યારે મારા ગુરુમહારાજ પાસે જવાનું થયું હતું, ત્યારે તેઓને કેટલીક વાર બોલતા સાંભળેલ : ''હું સાંઈબાબા છું, તાજુદ્દીનબાબા છું, હું ઉપાસની મહારાજ છું, હું અક્કલકોટનો સ્વામી છું.'' એવાં કેટલાંય નામો તે સ્વમુખે બોલતા ને પાછા કહેતા, ''તે બધા હું જ છું.'' ત્યારે મને તેની સમજણ પડતી નહિ ને તે વદતોવ્યાઘાત જેવું લાગતું. તેવું કેમ કરીને બની શકે તે કંઈ સમજણમાં ઊતરતું નહિ. સાકોરીમાં પહોંચ્યા પછી ઉપાસની મહારાજના શરીરમાં મને મારા સદ્‌ગુરુનાં પ્રત્યક્ષ જીવતાં જાગતાં હાજરાહજુર દર્શન થયેલાં. મારા દિલમાં મારા શ્રીસદ્‌ગુરુ પ્રેમની ભક્તિની જે પ્રચંડ જીવંત ભાવના હતી, તે તેમનામાં પ્રત્યક્ષ સાકાર થઈ હોય, એમ આપણને લાગે. ગુરુમહારાજ બોલતા કે હું સાંઈબાબા છું, ઉપાસનીબાબા છું, તાજુદ્દીનબાબા છું, તેમનાં વચનોની યોગ્ય સર્જકતા અનુભવાઈ. હું નડિયાદ પાછો આવી મારા કામે લાગી ગયો.

('જીવનદર્શન', આ. ૨, પૃ. ૩૫૯–૩૬૦)

પરંતુ સાધના પરત્વેની ભાવનાની જરાસરખી મંદતા કે ધીમી ગતિ આ જીવથી સાંખી લેવાતી નહિ. હું મારા શ્રીસદ્‌ગુરુને વારંવાર પ્રાર્થના કરતો. પ્રાર્થનામાં આપણું દિલ પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક ભળેલું હોય તો આપણને શ્રીસદ્‌ગુરુ જવાબ પણ વાળે છે, તે કેવી રીતે વાળે છે, તે ખુલ્લા દિલથી અને પ્રેમથી લખું છું. મને કુદરતનું સૌંદર્ય અને એકાંત ઘણું ઘણું ગમે છે. નડિયાદમાં કામ કરતો તે વેળા રજા પડે, ત્યારે વિદ્યાર્થીઓને લઈને શેઢી નદીના દખ્ખણિયા ઓવારે ચાલ્યો જતો. મારો સમય ત્યાં એકાંતમાં ઉપાસના, પ્રાર્થના ને સાધનામાં પ્રભુકૃપાથી ગાળવાનું બનતું. રાત્રીની રાત્રીઓ સાધનામાં ગાળવાનું બનતું. બોદાલ આશ્રમમાં મને કોઈ કોઈ વાર રાયણના ઝાડ નીચે બેઠેલો કેટલાકે જોયો છે. ૧૯૩૨ના લડતના ગાળામાં નવસારી આશ્રમમાં મારે આવવાનું થતું, ત્યારે કોઈ એકાંત સ્થળે જવાનું નહોતું બન્યું. તેથી વિદ્યાર્થીઓની સંમતિ મેળવીને હાલ જ્યાં સૂપા ગુરુકુળ છે, ત્યાંથી થોડેક દૂર નાનું જંગલ છે, ત્યાં અમે જવાનું વિચાર્યું. બધો સર-સામાન રેંકડીમાં ભરી ચાલતા વિદ્યાર્થીઓ સાથે આનંદ કરતા અમે ધારેલે ઠેકાણે પહોંચ્યા અને નદીની રેતીમાં પડાવ નાખ્યો હતો. વિદ્યાર્થીઓ આગળપાછળથી લાકડાં વીણી લાવ્યા. રાતે અમારો જ્યાં પડાવ હતો, ત્યાં આગળ અમે ધૂણી ધખાવી હતી. નાના વિદ્યાર્થીઓ રાતના સાડા દસ સુધી ને પછી મોટા વિદ્યાર્થીઓ છાવણી આગળપાછળ પહેરો ભરતા હતા.

હું ધૂણી નજીક કોઈ વાર પ્રાર્થનામાં, તો કોઈ વાર ધ્યાનમાં, તો કોઈ વાર વળી બીજા પ્રકારની સાધનામાં રહ્યા કરતો. આંતરિક પ્રાર્થનાનો ભાવ તે વેળા દિલમાં દિલથી એકધારો પ્રકટેલો રહ્યા કરતો હતો. મધ્ય રાત્રી વીત્યા પછી થોડી વારમાં મને ધૂણીની પાસે શ્રીસદ્‌ગુરુનાં દર્શન થયાં. દિલ ભક્તિભાવથી પ્રેરાઈને આપોઆપ સહજપણે તેમને નમ્યું. આ વખતે નામસ્મરણ એકધારું અખંડ ચાલ્યા કરતું, પરંતુ તેમાં અવારનવાર ધીમી ગતિ થઈ જતી અને તે ઘણું સાલતું હતું. આ સાધનાની સ્થિતિમાં પણ મન ને બુદ્ધિ ગળી ગયાં ન હતાં; તેનું પ્રત્યક્ષ ભાન પ્રભુકૃપાથી ત્યારે પ્રકટ્યું હતું.

પ્રભુકૃપાના એ અનુભવને મન અને બુદ્ધિ ન માને. તે કહે, ''એ પંચત્વ પામ્યા પછી ક્યાંથી હોય? એ તારો તેમની પરત્વે પ્રેમભક્તિભર્યો અંતરનો ભાવ છે તે આ રીતે સાકાર થયો છે.'' આ રીતે મન અને બુદ્ધિએ સમાધાન મેળવ્યું. પરંતુ તે પળે શ્રીસદ્‌ગુરુ બોલ્યા, ''હે મૂર્ખ! હું પ્રત્યક્ષપણે, વાસ્તવિક રીતે, અહીં સ્થૂળ રીતે હાજર થયો છું અને તને ચેતવવા માટે. તારું જે મહત્ત્વનું કર્મ છે, જેને તું જીવનવિકાસની સાધના માને છે, તે પાકટ કરવા તને પ્રભુકૃપાથી આ પરિસ્થિતિ મળેલી છે. જે જીવ પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક પ્રભુનો દિલમાં દિલથી ભક્ત બની જાય છે, તેનું યોગક્ષેમ એ કૃપા કરીને પોતાના હાથમાં લઈ લેતો હોય છે. તે યોગક્ષેમ કંઈ એક પ્રકારનું હોતું નથી. યોગક્ષેમના ઘણા અર્થ થઈ શકે. જીવનનું એકેએક પાસું સાધનાનો ભાવ કેળવવા માટે છે અને જેનો એ જીવંત ભાવ એકધારો ટક્યા કરે છે, તેને શ્રીભગવાન કૃપા કરીને પોતાનો બનાવી લઈને તેનું સકળ પ્રકારનું તંત્ર તે ચલાવતો હોય છે. તું નિશ્ચિંત બની જા. તારું બધું જ ભગવાન કૃપા કરીને ચલાવવાનો છે, તેની તું પૂરેપૂરી ખાતરી રાખજે.'' વળી પાછું તેઓશ્રીએ કહ્યું, ''મારા અદૃશ્ય થઈ ગયા પછી તારાં મનબુદ્ધિ કંઈ સંશય પેદા કરે તો હું તને કહું છું કે અહીં એક ખરેખર મૃતદેહ પડેલો છે તેમ હું પ્રત્યક્ષ થયેલો છું.''

આવું પતિતપાવન દર્શન થયાં કરતું હતું. તે વેળા મેં મારી જાતને બધી રીતે ચકાસી જોઈ કે હું સંપૂર્ણ જાગૃત છું, સભાન છું અને મને જે દર્શન થાય છે, તે તદ્દન વાસ્તવિક છે. આ બનાવ થોડી મિનિટોમાં પતી ગયો, પરંતુ આ જીવ પર એની અસર પડી છે કે કેટલાય જન્મોના પુરુષાર્થ વડે જે પરિણામ ન મેળવી શકાય, તે આ પતિતપાવન દર્શનથી પ્રકટ્યું છે. તે વેળા મનબુદ્ધિ આ પ્રસંગને પ્રેમભક્તિપૂર્વક કબૂલે નહિ. તે કહે કે, ''આવું બની જ ન શકે. હું મનબુદ્ધિને ટકોરું કે, ભલા મેં મારી સગી આંખોએ જોયું છે. કાનથી જાતોજાત તેઓશ્રીના શબ્દો સાંભળ્યા છે. તેમણે જે જે કહ્યું, તેનો રણકાર દિલમાં પ્રકટેલો છે. તેમણે પોતે જ કહ્યું છે કે જેમ અહીં મૃતદેહ પડેલો છે તેમ હું સ્થૂળ રીતે તારી

પાસે હાજર થયેલો છું. તો મનબુદ્ધિ કહે કે અહીં મૃતદેહ ક્યાં પડેલો છે? મેં મનબુદ્ધિને વળી કહ્યું કે, ''તેઓશ્રી એકલું માત્ર બોલેલા જ નથી, પરંતુ તેમના જમણા પગના અંગૂઠાથી ગોળ કૂંડાળું કરીને બોલ્યા છે. આ રેતીમાં કેટલા બધા કલાકથી વિદ્યાર્થીઓ આમતેમ રમ્યા જ કરે છે! એટલે તાજું થયેલું કૂંડાળું હોય તો જ તે સ્પષ્ટપણે જણાઈ આવે, બાકી તો ભૂંસાઈ જાય! (તેઓએ એવે ઠેકાણે કૂંડાળું કરેલું હતું કે જ્યાં સતત વિદ્યાર્થીભાઈઓ જુદા જુદા પ્રકારની રમતો કર્યા જ કરતા હતા.)

આવી બધી ગડમથલ મનબુદ્ધિમાં ચાલ્યા કરતી હતી, તે વેળાએ પહેરો ભરતા બે મોટા વિદ્યાર્થીઓને મેં બોલાવ્યા અને તેમને પૂછ્યું કે, ભાઈ! જુઓને, તમને આ ધૂણીની આસપાસ મોટું કૂંડાળું દોરેલું દેખાય છે? તેમણે બેટરીથી પ્રકાશ ફેંકીને જોયું તો કૂંડાળું તાજું પડેલું હોય એવું જણાયું. વળી મનબુદ્ધિ કહે કે, પણ અહીં મડદું ક્યાં છે? તે ઉપરથી મોટા વિદ્યાર્થીઓને એકઠા કરી કૂંડાળા જેટલી જગ્યામાં વીરડો ખોદવાનું કહ્યું, જોકે મને પ્રભુકૃપાથી દિલમાં પ્રતીતિ હતી કે મૃતદેહ હોવો જોઈએ. મનબુદ્ધિને પ્રભુકૃપાથી સાબિતી મળે તો પ્રેમભક્તિપૂર્વકનું સમાધાન થઈ શકે. દિલની ભાવનામાં અંતરના બધાં કરણોનો પ્રેમભર્યો સહકાર, સાથ મળવો ઘણો જરૂરનો છે. વિદ્યાર્થીઓએ લગભગ બે હાથ ખોદ્યું, તો પાણી આવવાનું થયું પણ મૃતદેહ જણાયો નહિ. મનબુદ્ધિ કહે કે જોયુંને, અહીં શબ ક્યાં છે? છતાં દિલમાં પ્રતીતિ હતી એટલે વધારે ઊંડું ખોદવા જણાવ્યું. લગભગ એકાદ ફૂટ પાણીની નીચે એક મરેલા હોલાનું શબ નીકળ્યું. તે શબ પાણીમાં હોવા છતાં તદ્દન કોરું! આ પ્રત્યક્ષ પુરાવાથી મનબુદ્ધિને પણ સમાધાન થયું. **('જીવનદર્શન', આ. ૨, પૃ. ૭ થી ૧૨)**

● ● ●

પ્રભુકૃપાથી શ્રીસદ્‌ગુરુ મહારાજની આજ્ઞાનું પ્રેમભક્તિપૂર્વક પાલન કરતો તેના બે પ્રસંગો કરાંચીમાં બનેલા છે. ત્યાં રહેતો ત્યારે રોજ ક્યાંક ને ક્યાંક ફરવા જવાનું કર્યા કરતો હતો. એક વાર સવારમાં દરિયાકિનારે લાંબે સુધી ફરવા જવાનું બન્યું. તે સમયે શ્રીસદ્‌ગુરુ મહારાજની આજ્ઞા દરિયામાં ચાલી જવાની મને થઈ. સ્થૂળ રીતે તેઓશ્રી ત્યાં હાજર ન

હતા, પરંતુ દિલમાં તેઓએ પ્રકટ થઈને તેવી આજ્ઞા ફરમાવી હતી. આ કંઈ ભ્રમણાનો પ્રસંગ નથી, અથવા ગાંડપણ પણ નથી. એમણે મને દરિયામાં ચાલી જવાનો હુકમ કર્યો કે તુરત પ્રેમભક્તિના ઉમળકાથી તેનું પાલન કર્યું. છેક મોઢા સુધી દરિયાનાં પાણી આવ્યાં, ત્યાં સુધી એકમાત્ર શ્રીસદ્‌ગુરુના ચરણકમળે પ્રાર્થનાનો જીવતો-જાગતો ભાવ રહ્યા કર્યો હતો. તે પછી શું થયું તેની કશી ખબર નથી. કરાંચીના ક્લિફ્ટનના બંગલાથી ક્યાંયે દૂર કેટલે આઘે દરિયાના પાણીથી દૂર ફેંકાઈ જઈને શરીર પડી રહેલું હતું. અને શરીર પરનાં કપડાં ભીંજાયેલાં હતાં. હું જાગ્યો ત્યારે તે પાણીથી લદબદ થયેલાં ન હતાં એટલે ધાર્યું કે થોડોક સમય શરીરની બેભાન અવસ્થામાં ત્યાં પડ્યા રહેવાનું બન્યું હશે! શરીરનું ભાન પ્રકટતાં ઊઠીને ચાલવા માંડ્યું અને બંગલે આવ્યો. કપડાં પલળેલાં હતાં તે જોઈને બધાએ બહુ પૂછપરછ કરી હતી.

બીજા પ્રસંગની હકીકત એવી છે કે હું રમજાન મહિનામાં રોજા કરતો હતો. કરાંચીમાં તેમ કર્યું હતું. ઈદને દિવસે ઈદગાહના મેદાનમાં હજારો મુસલમાન ભાઈઓ એકીસાથે નમાજ પઢે છે. ત્યાં જવાનું મને ઘણી ઘણી આતુરતાથી દિલ થયું. બધાએ કહ્યું કે, આવા તમારા ધોતિયું, પહેરણ ને ટોપી સાથેના વેષથી મુસલમાનભાઈઓ કદાચ તમને કંઈક કરી બેસે તો? બધાંએ તે બાબતનો ભય પણ ઘણો બતાવ્યો અને મને વારવાનું કર્યું. પરંતુ મારે જવું હતું, એટલે મોટર લઈને તે સ્થળે પહોંચી ગયો. નમાજની જગ્યાએ હજારોની સંખ્યામાં મુસલમાનભાઈઓ એકઠા થયેલા હતા. તેઓ નમાજ પઢતાં જે રીતે નમતા ને ઊભા થતા ને ઘૂંટણીયે ઢળતા, તેમ હું પણ કરતો. હું મારા દિલમાં દિલથી પ્રાર્થના કરતો તે બધું પૂરું થયું ને બધા વિખૂટા પડવા માંડ્યા, ત્યાં મને શ્રીસદ્‌ગુરુનાં સહસા દર્શન થયાં. હું ગદ્‌ગદભાવે પગે પડ્યો. તેમણે મારી પીઠ થાબડીને માથા પર હાથ મૂકી હુકમ કર્યો કે અહીંથી નાગો થઈને તારે ઘેર ચાલ્યો જા!

મને સાચેસાચ દિલમાં લાગી ગયું કે હવે આ ખરેખરી પળ આવી લાગી. આ પળ ચૂક્યા તો અણીની વેળા ચૂક્યા. આ પળ જ પ્રેમ-ભક્તિથી આજ્ઞા પાળવાની સાચી પળ હતી. દેહનું મમત્વ, દેહની

મડાગાંઠ અને દેહ પરનો સંકોચ—તે બધાંથી મુક્ત થવાનો આ એક અમૂલો પ્રસંગ ભગવાને કૃપા કરીને સંપડાવ્યો. તે જ ઠેકાણે જો મારાં કપડાં કાઢીને હું ડ્રાઈવર ભીમજીભાઈને સોંપી દઉં, તો તે મને તેમ ન કરવા દે. મને મોટરમાં ઊંચકીને મૂકી દઈ બંગલે લઈ જાય. અમારે બંગલે કોઈ કોઈ વાર મલબારના વતની શ્રી કલ્યાણપુર આવતા ને તેમને આવા માર્ગ પરત્વે કંઈક અભિરુચિ પણ ખરી. તે ભાઈ મારા આવા પ્રકારના આજ્ઞાપાલનને કદાચ સમજી શકશે એમ જાણીને તેમને ઘરે જવા-બેસવાનું બહાનું કાઢીને મોટરને કલ્યાણપુરને ત્યાં લઈ જવાની સૂચના કરી. પછી ભીમજીભાઈને કહ્યું કે બાપુ અને બધાંને કહેજો કે હું કલ્યાણપુરને ત્યાં છું અને નિરાંતે આવીશ. મારી કશી ફિકર ન કરે ને બધાં જમી લે.

હું દાદર પર ચડીને શ્રી કલ્યાણપુરને ત્યાં ગયો. તેમને મેં જણાવ્યું કે આજે પરમ સદ્‌ભાગ્યનો ને સૌભાગ્યનો સૂરજ ઊગ્યો છે. મને મહેબૂબનો હુકમ મળ્યો છે ને તેનું મારે પ્રેમભક્તિથી પાલન કરવું છે. તે પણ ગભરાઈ ગયા—ના, ના, અહીં નહિ, અહીં નહિ! મેં તેમને શાંત પાડીને સૂચવ્યું કે તમે ગભરાઓ નહિ. તમે નીચે રસ્તા પર આવો. તમારા ઘેરથી થોડેક આગળ જઈને હું મારાં કપડાં તમને ઉતારી આપું છું. તે બધાં કપડાં લઈને સાઇકલ પર ક્લિફ્ટનના બંગલે જજો. બાપુ (પરસદભાઈ)ને તથા બધાને મારી આ હકીકત જણાવજો. કોઈ જરા પણ ગભરાય નહિ. હું નિરાંતે બધે ફરતો ફરતો ઘેર જરૂર આવી પહોંચીશ. માત્ર ક્યારે ઘરે પહોંચી શકીશ તે ચોક્કસપણે ન કહી શકું.

પછી મારાં બધાં કપડાં શરીર ઉપરથી ઉતારીને ભાઈ કલ્યાણપુરને મેં સોંપી દીધાં. જેવાં કપડાં ઉતર્યાં કે તરત શરીરના રોમેરોમમાં એક એવા પ્રકારના ભાવ ને મસ્તી પ્રકટ્યાં અને તેનો આવેશ ને જુસ્સો એટલો બધો પ્રચંડ હતો કે જમીન પર પગ પણ ટેકવી શકાતા ન હતા. જાણે પૃથ્વીથી અધ્ધર ઊડતો હોઉં એવું મને લાગ્યા કરતું. થોડીક પળોમાં તેવું ભાન પણ વિલીન થઈ ગયું. શરીર ચાલ્યાં કરતું હતું, પરંતુ તે ચાલ્યા કરવાના ભાન કરતાં, કોઈ જુદા જ પ્રકારનું ભાન અંતરમાં અંતરથી

પ્રવર્તતું હતું. એવી સ્થિતિમાં કરાંચીના મોટા મોટા રસ્તાઓ પર થઈને ક્યાં ક્યાંથી ચાલવાનું થયું હશે, તેની કશી જ ખબર નથી. માત્ર એક સ્થળે એક ગોરા સાર્જન્ટે મને રોકવાનો પ્રયત્ન કર્યો હતો, તે ખ્યાલ આછોપાતળો છે. ત્યારે એવી પ્રચંડ બૂમ મારી હતી કે ગોરા સાર્જન્ટે ''સાંઈબાબા, ઈદ મુબારક!'' એમ બોલી સલામ ભરી હતી, તેટલું જ પાર્થિવ ભાન મને પ્રકટ્યું ને પાછું વિલીન થઈ ગયું.

હું ગર્વનરના બંગલા પાસે આવ્યો ત્યારે શ્રીસદ્‌ગુરુ પોતે ત્યાં ઊભા હતા. તેમણે મને છાતી સરસા ચાંપીને ખૂબ વહાલ કર્યું. મારો બરડો ખૂબ થાબડ્યો. તે બધું મને બરાબર યાદ રહી ગયું છે. તેમણે મને રોજા ખોલવા માટે ૫ રૂપિયાની રકમ આપી. આ પછી પાછું બધું જ ભાન જતું રહ્યું અને ચાલવાનું શરૂ થયું તેનું કશું ભાન નથી. માત્ર દરિયાની બાજુથી ક્લિફ્ટનનો બંગલો બસોએક ફૂટ આઘો હશે. ત્યારે શરીરનું ભાન પ્રકટ્યું અને ત્યાંથી ખૂબ મોટેથી બૂમો પાડીને મારા પહેરવાનાં કપડાં મંગાવ્યાં હતાં.

મારા જીવનમાં શ્રીસદ્‌ગુરુ મહારાજની આજ્ઞાનું પ્રેમભક્તિપૂર્વક પાલન કરવાના જે જે પ્રસંગો છે, તે બધા આશ્ચર્ય પમાડી શકે એવી રીતના છે. અને સામાન્ય માણસની બુદ્ધિ તેને સાચા માની ન શકે એવા છે.

આ પ્રકારના આજ્ઞાપાલનથી તેઓ મારા પર ખૂબ ખૂબ રાજી થયા હતા અને સંતોષ પામ્યા હતા, તેનું પ્રત્યક્ષ પ્રમાણ તેઓશ્રીએ મને બહુ મોટા કરંડિયા આપ્યા તે છે. એક મોટા કરંડિયામાં જુદાં જુદાં ફળો ને સૂકો મેવો હતાં. સામાન્ય રીતે રવિવારે અમે બધાં ક્યાંય બહાર જતાં નહિ. પરંતુ એક રવિવારે મને કરાંચી શહેરમાં આવેલી માર્કેટ, કે જ્યાંથી હું રોજ શાકભાજી ખરીદતો, ત્યાં જવાનું દિલ થયું. નાની બહેન મારી મશ્કરી કરીને કહે કે તમને તમારા સાંઈબાબા બોલાવતા હશે! એમ કરીને મને તે દિવસે શહેરમાં તેણે જવા દીધો નહિ. તે દિવસે શ્રીસદ્‌ગુરુની હાજરીનું ભાન આખોયે દિવસ રહ્યું હતું. બીજે દિવસે સવારે સિંધિયા સ્ટીમ નેવીગેશનની ઑફિસમાં બધાંને મૂકીને મોટર લઈને હું શાક-માર્કેટમાં ગયો. પૈસાનું પાકીટ ઑફિસમાં જ રહી ગયું

હતું. રોજ ને રોજ એક જ દુકાનેથી શાક લેવાનું રાખતો, એટલે શાકવાળા ભાઈએ બધું જોઈતું શાક મને આપ્યું. જ્યાં હું દરવાજેથી બહાર નીકળું છું, ત્યાં જ શ્રીગુરુમહારાજ પોતે ઊભા હતા. તેમનાં દર્શન થતાંવેંત જ હૃદયમાં એટલો બધો પ્રેમનો ફુવારો ફૂટ્યો કે મારાથી તેમને સજ્જડ વળગીને ચોંટી જ જવાયું. તેઓશ્રીએ પણ મને બહુ પ્રેમથી ચૂમી લીધો હતો. પછી મને કહ્યું, ''ગઈ કાલે તારી કેટલી બધી રાહ જોઈ! બે મોટા કરંડિયા તારે માટે પ્રસાદી તરીકે લાવ્યો હતો. તે આખરે તારા નામ પર મેં ખેરાત કરી દીધા. હવે આ બે મોટા કરંડિયા મેં તારે માટે રાજી થઈને પ્રસાદ તરીકે આણેલા છે, તે તું લઈ જા.''

મોટરમાં માય તેવા ન હતા એટલે મજૂર કરીને લઈ ગયો હતો. આ પ્રસંગ જે દિવસે બન્યો ત્યારે બાપુએ મને કહ્યું કે તું તારા ગુરુમહારાજને આપણે ઘેર બોલાવી લાવ. ચા પીને તેમને વિદાય આપીએ. પરંતુ તે હાલ ક્યાં હશે અને ક્યાં રહેતા હશે તેની મને કશી ખબર ન હતી. આ બાબત પૂછવા કરવાનું કદી પણ મને દિલમાં ઊગી શકેલું નહિ. બાપુએ મને જણાવ્યું કે તું ધ્યાનમાં સંકલ્પ કર એટલે તેઓશ્રી ક્યાં છે, તે તને આપમેળે જણાઈ આવશે. પછી તેમને તું તેડી લાવજે.

પ્રભુકૃપાથી થયેલી સૂચનાનો સ્વીકાર કરવાનો અભ્યાસ ઘણા લાંબા વખતથી ચાલ્યો આવતો હતો. આપણે તો મંડ્યા ધ્યાન કરવા અને તદાકારપણું પ્રકટતાં શરીરની બેભાન થવાની લગોલગની અણીની પળે તેઓશ્રીના સ્થળના ભાવ વિષેનો સંકલ્પ હૃદયધારામાં એની કૃપાથી મૂકવાનું બની શક્યું હતું. તેઓશ્રીની કૃપાથી તેમનાં દર્શન કરાંચી શહેરથી બહુ દૂર છેક દરિયાને કિનારે તેઓ ચાલ્યા કરતા હતા, તેવી તેમની ગતિમાન સ્થિતિમાં મને થયાં હતાં. મેં તેમને ત્યારે ચા પીવા આવવાનું ભાવભીની નમ્રતાથી કહ્યું. તેમણે પોતે તે સાંભળીને કહ્યું કે, ''જો, તારે મને ચાહ જ પાવો છે ને? તો, લે, આ હું ચા પીઉં છું.'' એમ કહી પોતે ચા પીવા લાગ્યા હતા, એમ પણ મેં ધ્યાનમાં જ પ્રત્યક્ષ જોયું હતું. **('જીવનદર્શન', આ. ૨, પૃ. ૨૨૨ થી ૨૩૧)**

૮. સાક્ષાત્કાર

મને સાધનાકાળમાં કે તે પછી સંન્યાસ લેવાનો વિચાર કદીયે ઊઠેલો નહિ. શરૂથી જ જીવનનો સ્વીકાર એ મારું ધ્યેય હતું. સાધનાની આગલી કક્ષામાં જ્યારે અજપાજપ થતાં, ત્યારે કાનને આંતરિકપણે સ્પષ્ટપણે સંભળાતા. અજપાજપ સર્પદંશ પછી એટલે કે ઘણુંખરું ૧૯૨૮ પછીથી શરૂ થયેલા. મનની નીરવતા ૧૯૩૦ની આસપાસમાં પ્રાપ્ત થઈ. તે વેળા નિદ્રા નહિ જેવી આવતી. આખી રાત ને રાત જાગ્રત દશામાં રહેવાનું થતાં વર્ષોનાં વર્ષો તેવાં પસાર થયાં છે. દિવસે બારબાર કલાક ગુજરાત હરિજન સેવક સંઘની ઑફિસનું કામ કરતો હતો. ભાવનાના પ્રાબલ્યને લઈ તેમ આપોઆપ થતું હોય છે. તેથી શરીરને કે તેના બીજા આંતરિક ભાગોને કશી ઈજા થતી નથી. ભૂખ, તરસ, શૌચ, ઇચ્છા આદિ ઉપર સંપૂર્ણ કાબૂ આવી ગયા પછી મુક્ત દશા શરૂ થાય. ભાવનાના જોશને લઈને આ બધું વાસ્તવિક બની શકે છે. મન, પ્રાણ અને શરીરની સકળ માગણીઓ ત્યારે શાંત થઈ જાય છે ને તે સર્વ ઉપર સહજ રીતે કાબૂ આવે છે.

મને નીરવતાનો સાક્ષાત્કાર ૧૯૩૦માં થયો. દ્વૈતનો સાક્ષાત્કાર ૧૯૩૪માં થયા પછી પાંચ વરસે ૧૯૩૯માં અદ્વૈતનો સાક્ષાત્કાર થયેલો. અદ્વૈતના સાક્ષાત્કારની ક્ષણથી મુક્તની દશા પ્રવર્તી છે.

('જીવનદર્શન', આ. ૨, પૃ. ૩૮૫ થી ૩૮૭)

• • •

સગુણ બ્રહ્મના સાક્ષાત્કારમાં મને કૃષ્ણનાં બે-ત્રણ વાર દર્શન થયાં હતાં. તે કૃષ્ણ મુરલીધારી કે પાર્થિવ શરીરનાં તત્ત્વોનાં નહિ. છતાં પરમ સૌંદર્યથી છલોછલ અપાર તેજના અંબારથી ભરેલા સદેહી કૃષ્ણનાં તે દર્શન હતાં. બધું સૌંદર્યમય હતું. સૌંદર્ય જ સૌંદર્ય. તે અવર્ણનીય દર્શન હતું. તે સ્વરૂપ એવું મનોહારી ને હૃદયાકર્ષક હતું કે જેની તોલે બીજાની કલ્પના આવવી શક્ય નથી. તે મુલાયમ, આરપાર દર્શક, સ્ફટિક જેવું ખૂલતું, નીલવર્ણરંગી, જીવંત દર્શન હતું. દર્શન સ્થિર નહોતું; રમતું,

હાલતું-ચાલતું; પળમાં પાસે આવતું ને પળમાં થોડેક દૂર જતું લાગતું, તો વળી પળમાં શરીરની અંદર પણ પેસી જતું અનુભવાતું; ને તે આધારનાં જુદાં જુદાં મનાદિકરણોને સ્પર્શતું ને ત્યાં કંઈક સૂક્ષ્મ પ્રક્રિયા કરતું હોય એવું લાગ્યા કરતું હતું. ક્યાંક ક્યાંક તે અંદર પ્રવેશી તેનું સમારકામ કરતું પણ અનુભવાતું. ભ્રૂકુટિ ને બ્રહ્મરંધ્રના ભાગમાં પોતાને પ્રસ્થાપિત કરતું ને હૃદયમાં બિરાજેલું પણ અનુભવાતું હતું. સમગ્ર આધાર તપ્તવર્ણી ને પૂર્ણ પ્રકાશથી આલોકિત થયેલો જણાતો હતો. પોતે પોતાને પણ અનુભવી શકાય એવી ભૂમિકા પણ અનુભવાતી હતી, તો કોઈક પળોમાં તેનો વિસ્તાર પણ અનુભવાતો હતો. શ્રીકૃષ્ણનું અલૌકિક દર્શન એટલું અદ્‌ભુત, રોમાંચક, મુગ્ધ, સ્નિગ્ધ, કોમળ હતું કે ન પૂછો વાત! સમગ્ર શરીર વજન વગરનું બની ગયેલું હોય એવું લાગતું હતું ને અધ્ધર હોય તેવું લાગતું. તેની અસર ચિરસ્થાયી સમગ્ર આધારમાં ને તેનાં કરણોમાં રહ્યાં કરેલી અનુભવાયાં કરેલી છે. પછી તેની અસર ચિરસ્થાયી એની કૃપાથી નીવડેલી છે.

આ અનુભવ પછીથી સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ ને દિવ્ય-પ્રદેશોનાં વિઘ્નો નહોતાં પ્રકટેલાં એવું કશું નથી. પણ દિવ્યકૃપાની મદદથી તેનું નિવારણ થઈ શક્યું હતું. તેનાં આવાં કૃપામય મંગળ દર્શન—અનુભવ પછીથી આધારના કેન્દ્રમાં કોઈક અવર્ણનીય પલટો આવી ગયેલો અનુભવાતો હતો ને પછી તે કાયમ જ્વલંત પ્રકટતો રહ્યા કર્યો હતો.

એવાં પરમ દર્શનની પ્રાપ્તિ પછીથી તેનાં મુગ્ધ અને આહ્‌લાદકારક પરમ ચૈતન્ય સજીવ અને ચેતનાત્મકપણે જીવનમાં પ્રકટેલાં છે કે જેનું સાતત્ય કદી પછી તૂટી શકતું નથી. એવા આકર્ષણનો ભાવ ઉત્તરોત્તર એટલો બધો ગાઢ પ્રકટ્યા કરે છે કે આપણે તેનાથી કરીને ભાવની સહજ અવસ્થામાં પ્રકટી જતા હોઈએ છીએ. એવો ભાવ જે પહેલા દર્શનની સર્જન અવસ્થામાં જે એકમાં એકાગ્ર અને કેન્દ્રિત હતો, તે ભાવ તેની એકાગ્ર અને કેન્દ્રિતતાની સંપૂર્ણ ટોચે પહોંચે છે, તે બાદ તે જ ભાવને વિસ્તારની પાંખો પ્રકટે છે. તેવો ભાવ પછીથી તો કોઈ સુંદર રમણીય

દશ્ય, કુદરતનું નૈસર્ગિક સૌંદર્ય, કોઈક નદીનું ખળખળ વહેતું દશ્ય, નવપલ્લવિત થતું વૃક્ષ, સુંદર આરોગ્યપૂર્ણ બાળકનું દશ્ય, કે એવું સ્થૂળ રૂપનું દશ્ય, કોઈ ભાવનાત્મક વિચારનું વ્યક્તવ્ય કે એવું કોઈક ભાવાત્મક ભજન—આવા આવા પ્રકારનું નિમિત્ત પ્રકટતાં તેવો ભાવ તેવા તેવા દર્શનથી કરી ઉત્કટપણે જેને પ્રકટે છે, એવા જીવાત્માને આપમેળે ભાવ-સમાધિ પ્રકટી જતી હોય છે અને તેનાથી તે ધન્ય બનતો હોય છે. તેની અસર પણ તેને લાંબા ગાળા સુધી દિવસના કર્મ-વહેવારમાં અને રોજિંદા વર્તનમાં પણ જીવંત ચેતનાત્મકપણે રહ્યાં કરે છે.

('જીવનદર્શન', આ. ૨, પૃ. ૩૭૭ થી ૩૭૯)

● ● ●

કાનપુરથી તા. ૧૩-૩-'૩૯ના રોજ કાશી આવ્યો હતો. વળી કાનપુર જતાં પ્રયાગના સ્ટેશને પૂજ્ય ગાંધીજીને પગે લાગ્યો ત્યારથી દર્દ શરૂ થયું. તા. ૨૯-૩-'૩૯મીએ તે દર્દ તેની તીવ્રતમ માત્રાએ હતું. જીરવી શકાતું ન હતું. જોકે મન અસ્વસ્થ થયું ન હતું. ઉદાસી આવી નહોતી ગઈ પરંતુ દર્દ એટલું સખત હતું કે બધાંની સાથે આનંદપૂર્વક જે વિનોદ કરું છું ને હોહા કરું છું તે બધું ન હતું. છતાં પ્રત્યક્ષ આવી મળેલાં કર્મો પ્રભુકૃપાથી પૂરાં થઈ શકતાં હતાં. અમારે રહેવા માટે ત્યાં સગવડ કરવાની હતી, ઘણાંને મળવાનું હતું, તેમાં બીજું બધું પણ ગોઠવવાનું હતું. એ બધું કરતો હોઉં તે જાણે સપાટી પરની ચેતનાથી થતું હોય એમ લાગતું હતું. રાતે શું થવાનું છે એના વિચાર પણ નહોતા આવતા. જો કે રાત્રે દર્દ ઘણું વધે છે એવા અનુભવો ઘણા થયા. આ દર્દ દિવસે દિવસે રાડ પોકરાવે એવું હતું. જીવ ઊંડો ઊતરતો જતો લાગતો એટલે બહારની ચેતના કામ પૂરતી ઘણી ઓછી થઈ ગયેલી, પણ અંદરની ચેતના એકદમ તીવ્રતમ જાગૃત થઈ હતી. કરાંચીમાં મળેલાં... બાબાની સૂચના અનુસાર તા. ૨૯-૩-'૩૯મીએ કશુંક થવાનું છે એની ખબર *બહેનને હતી. તેથી તે જરાક ઊંચા જીવે ફરતી હતી, પરંતુ હું રાત્રે નિરાંતે સૂતો.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨)

● ● ●

*સદ્‌ગત શ્રી નરસિંહરાવ દિવેટીયાનાં દોહિત્રી.

રાતના એક પહેલાં દસેક મિનિટે અમારા બંગલાની આગળથી ''હરિઃૐ''ની બે બૂમો એકાએક સંભળાઈ. મને જ સંબોધીને એ બૂમ પાડવામાં આવી હતી, તે તરત સમજાયું. મેં પણ સામી તેવી ''હરિઃૐ''ની બૂમ મારી. બૂમ મારનાર ભાઈ સામેથી આવ્યા. તે સંપૂર્ણ નગ્ન હતા. તેમના માથે ઘણાંબધાં ગૂંચળાંવાળા વાળ હતા. નીચે ઊતર્યો ને જાણ્યું કે તેઓ મને એવી મધરાતે ક્યાંક લઈ જવા માગતા હતા. .... બહેનને ચિઠ્ઠી લખીને ઉપર મૂકી આવ્યો કે જેથી મારી ચિંતા ન થાય. મારી ગેરહાજરીમાં તે જાગી ગયેલી ને મને ન જોવાથી સહેજ ફિકરચિંતા પણ થયેલી. પરંતુ આવું બધું કરાંચીમાં બન્યાં કરતું, તેથી તેને વિશ્વાસ બેઠેલો કે બધાં ઠીક વાનાં થઈ જશે. વળી તા. ૨૯-૩-'૩૯ના રોજ કશુંક થવાનું છે, તેની તેને ખબર હતી એટલે નિશ્ચિંત થઈ હતી.

પેલા ભાઈએ મને જણાવ્યું કે મારે મણિકર્ણિકાના ઘાટની પેલી બાજુ ગંગાજીની સામી પાર જ્યાં તેમના ગુરુમહારાજ રહેતા હતા, ત્યાં જવાનું હતું. તેમણે તેમને મોકલ્યા હતા. એ ગુરુ પાસે મારે રહેવાનું હતું. મેં કહ્યું, ''હું રાત્રે ત્યાં આવું ને સવારે અહીં પાછો આવું. મારી ફરજ આ બહેનો પાસે રહેવાની છે એટલે એ મૂકી બીજું કંઈ કરવા જવું તે પરધર્મ છે—પછી એથી ભલેને મને ગમે તેટલો લાભ પ્રાપ્ત થતો હોય! परधर्मो भयावहः એટલે તમે જો મને રાત્રે ત્યાં આવવાનું કહો તો આવું.'' તે બાબતમાં તેમણે ના પાડી. વળી ...બાબાએ કરાંચીમાં બતાવેલું ધ્યાન કરવાની તેમણે ચોખ્ખી ના પાડી : ''કરશો તો ભયંકર આફત પડશે. વળી તે ધ્યાન શરૂ કરે, ત્યારે તારી અત્યંત કાળજીભરી સંભાળ લેવાય એવી વ્યવસ્થા હોવી જોઈએ. આ બાબતમાં તારી કોઈ પ્રેમભક્તિવાળી મા કે બહેન હોય તો તેમની કોમળ સારવાર નીચે તારે રહેવું અથવા અમારા ગુરુજી પાસે ચાલ ત્યાં તારી એવી સંભાળ અમે રાખીશું.'' મેં કહ્યું હાલમાં આ બહેનોની સંભાળ મારે લેવાની છે, એટલે એક-બે માસ પછીથી આવું. તેણે સાફ ના પાડી, ''આવવું હોય તો અત્યારે જ ચાલ.'' મેં તેમને ચોખ્ખી ના પાડી. કરાંચી... બાબાએ અત્યંત ગુપ્તપણે આપેલી વિદ્યા વિશે અને તેનો પ્રયોગ કરવાનો છું એ વિશે, આ ભાઈ અહીં

કાશીમાં કેવી રીતે જાણી ગયા એવા, અથવા ખરેખર મને ભયંકર આફત પડશે, એવા બધા વિચારો મને થયા નહિ. આ પ્રયોગની બાબતમાં જેમ થતું હોય તેમ થવા દેવું ધારી પાછો મેડા પર આવતો રહ્યો અને કરાંચીમાં મળેલા... બાબાએ બતાવેલો પ્રયોગ કરવા બેઠો.

હજી શરૂઆત થઈ ત્યાં જ સમગ્ર ચેતન એકાગ્ર થતું અનુભવાયું. શરીર, મન, બીજાં બધાં કરણો ભિન્ન છે એવું સ્પષ્ટપણે અનુભવાતું ગયું. થોડી વાર થઈ ત્યાં માથાના વચલા ભાગમાં સખત ગરમીના ઝરા વહેતા હોય એમ ભાન જાગ્યું ને આખા શરીરમાં એની અસહ્ય બળતરા થઈ લગભગ બેભાન થઈ ગયેલો. પડી જવાયું હતું. જીભ લગભગ બળી ગયા જેવી થઈ હતી. પેટથી છેક નીચેના ભાગ પરનો તે ભાગ પૂરેપૂરો બળી ગયેલો તેવું જણાયું. આખું શરીર લાય જેવું ગરમ બની ગયું હતું... બહેનને કશી ખબર નહોતી. પ્રભુકૃપાથી ઓચિંતું તેને શૌચ જવાનું થયું. મને બેભાન પડેલો જોઈ કંઈક સારવાર પણ કરી. અમારી જોડે કરાંચીના એક સંગીત-શિક્ષક હતા. તે બિચારા આ બાબતમાં કંઈ સમજી શકે નહિ.... બહેને ઘણી કાળજીથી સંભાળ લીધી. થોડી વારે કંઈક કળ વળી. આની અસર બે દિવસ સુધી રહી.

આ બધાનો કશો અર્થ સમજાયો નહિ. કંઈ આડાઅવળા વિચાર પણ મનમાં ઉદ્ભવ્યા નહિ. એક જ પ્રકારની ભાવનામાં અખંડિતતા પ્રકટેલી. ગંગાજીના પ્રવાહના જેવો એ ભાવ એકધારો ટકી શકે. માત્ર એક જ લક્ષ ને એક જ લક્ષ્ય એની કૃપાથી રહ્યા કરે. સમુદ્રની લહેરોની જેમ ભાવના અને આનંદ આનંદના ભાવ સાથે રોમેરોમમાં જે એક અકથ્ય ભાવ પ્રકટ્યા કરે છે તે શબ્દોમાં કેમ લખી શકાય!?

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩–૫)

• • •

સન ૧૯૩૯ની ૨૯મી માર્ચે રામનવમીની રાત્રે કાશીમાં અદ્વૈતના સાક્ષાત્કારનો અનુભવ થયેલો. જાણે અનેક કોટિ સૂર્યોનો પ્રકાશ આજુબાજુ પથરાઈ જઈને શરીરમાં પ્રવેશ્યો, ત્યારે મહાસમાધિમાં ઊતરી જવાનું બનેલું. સમાધિમાંથી જાગતાં શરીરનો ગુપ્ત ભાગ અને તેની

આજુબાજુનો ભાગ બળી ગયેલો, જેની દવા બનારસ યુનિવર્સિટીના આયુર્વેદિક કૉલેજના ડીન ડૉ. બાળકૃષ્ણ અમરજી પાઠક સાહેબની કરાવેલી. તે અનુભવની વેળાથી મુક્ત-દશાની શરૂઆત થઈ ચૂકી. "I am Omnipresent હું સર્વત્ર વિદ્યમાન છું." એવી ચેતનાત્મક ભાવનાનો સર્વ પ્રકારે વિકાસ પ્રવર્તમાન હતો ને છે.

તે કાળે જે અનુભવ થયો તે એક સગુણનો હતો. તેમાંથી તાત્કાલિક હનુમાન કૂદકો મારીને નિર્ગુણના અનુભવનું પોતાના આધારમાં સંપૂર્ણ પ્રતિષ્ઠિત થઈ જવાપણું બનીને તેમાં સંપૂર્ણ કેન્દ્રિતતા જીવંતપણે પ્રકટીને તે પછી તેના ભાવનો વિસ્તાર થયા કરતો અનુભવ પ્રકટ્યા કર્યો. તે ભાવરૂપે હતો તેમ પણ ન કહી શકાય. તે એકરૂપ પ્રવર્તતો અનુભવાય તેમ તે બધામાં હોવા છતાં નોખો પણ હોય એવું સતત અનુભવાયે જતું. તાદાત્મ્યનો ચેતનનો ગુણધર્મ તે પછીથી જીવનમાં પ્રકટવા માંડ્યો એમ જરૂર કહી શકાય. ('જીવનદર્શન', આ. ૨, પૃ. ૩૮૦–૩૮૧)

● ● ●

★૧૯૪૨માં ટ્રિચીથી સીધો મુંબઈ આ કામ માટે આવ્યો ને પૂજ્ય ઠક્કરબાપા તે વેળા મુંબઈમાં હતા, એટલે એમને મળવાનું રાખ્યું. ફાળો ઉઘરાવવા સારું એક ભલામણપત્ર લખી આપવાને વિનંતી કરી. તેમણે કહ્યું, "તું સંઘનો હાલમાં મંત્રી નથી, સભાસદ નથી, શિક્ષક નથી, વળી તું સંઘમાંથી છૂટો થયેલો છે, એટલે બંધારણીય રીતે તને ભલામણપત્ર કેવી રીતે લખી આપું? ખરી રીતે તને આવો ફાળો ઉઘરાવવા ન દેવાય. પણ તારા પર મને વિશ્વાસ છે એટલે ભલે તે કામ તું કર અને વારંવાર મને લખતો રહેજે! ભીલસેવા મંડળના ભાઈશ્રી ડાહ્યાભાઈ નાયક અને

★૧૯૩૯ પછી શ્રીમોટાએ હરિજન સેવક સંઘ તેમજ અન્ય કાર્યમાંથી મુક્તિ લઈ લીધી. શ્રીમોટા સ્નેહીઓને ત્યાં રહેતા અને સ્વજનોને જીવનમાં સાધના અંગેનું પ્રત્યક્ષ માર્ગદર્શન આપતાં. ૧૯૪૨માં બનેલી ઘટના એમના જીવનની એક મહત્ત્વની ઘટના છે. ટ્રિચીથી દસ માઈલ દૂર શ્રી નંદલાલ શાહ સાધના નિમિત્તે એકાંતમાં રહેતા હતા. '૪૨ના જુલાઈની આખર તારીખે શ્રીમોટા શ્રી નંદુભાઈ પાસે ગયેલા, પણ ૯મી ઑગસ્ટ '૪૨માં દેશભરના નેતાઓને પકડી લેવામાં આવ્યા. એ સમયે શ્રીમોટાને અંતરમાંથી આજ્ઞા થઈ કે હરિજન સેવક સંઘનાં બાળકો અને કાર્યકરો નાણાંભીડને લીધે મુશ્કેલીમાં મુકાઈ ગયાં છે અને તે લોકોને માટે નાણાંનું ભંડોળ કરવું એ એમની ફરજ છે. શ્રીમોટાએ આ આંતરઅવાજને પોતાના ગુરુમહારાજની આજ્ઞા માની.

શ્રી અંબાલાલ વ્યાસ ત્યારે પૂજ્ય ઠક્કરબાપા સાથે હતા. ભીલસેવા મંડળ માટેનું ઉઘરાણું ત્રણ દિવસમાં મુંબઈમાંથી પૂજ્ય બાપાએ કરી લીધું હતું. ભાઈ નાયક મને કહે, ''મુંબઈમાં લાગવગ વિના તમારા એકલાથી આ ફાળાનું કામ થવું શક્ય નથી. આ ફાળાનું કામ આપણે માનીએ છીએ, તેટલું સરળ નથી. લાગવગ વિના રકમો મેળવવી સહેલી વાત નથી.''

''મેં ક્યાં આ કામ આપણા માટે લીધું છે? ૧૯ વર્ષ સુધી હરિજન સેવક સંઘમાં કામ કર્યું. તેના લૂણે શરીર નભ્યું. એ સંઘે ભગવદ્‌કાર્ય કરી શકવાની સગવડ અને અનુકૂળતા કરી આપી. એ સંસ્થાને તેની ભીડ સમયે મદદ કરવામાં ધર્મ રહેલો છે, એવી ભાવનાથી પ્રભુભક્તિનો ઉત્કટમાં ઉત્કટ ભાવ દઢાવીને શ્રીપ્રભુપ્રીત્યર્થે આ કામ માથે લીધું છે.''

પૂજ્ય ઠક્કરબાપાએ ભલામણપત્ર ન લખી આપ્યો, છતાં હું મુંબઈમાં ફર્યા કરતો હતો. અમારા સંઘના એક દાતા શ્રીશાહને ત્યાં હું ગયો ને ૧૯૪૨ની સાલની બધી હકીકત જણાવી, ''મુખ્ય કાર્યકર્તાઓ બધા જેલમાં છે અને સંઘનું કોઈ ધણીધોરી રહ્યું નથી. આશ્રમમાં બાળકોને નિભાવવા માટે પૈસાની ઘણી જરૂર છે.'' તેમણે કહ્યું, ''વસ્તુસ્થિતિ યથાર્થ છે. હું મદદ કરવાને તૈયાર છું. પરંતુ તમને હું ઓળખતો નથી. તમે બદમાશ ન હો તેની શી ખાતરી?'' આથી મને ઘણું હસવું આવ્યું અને તેમણે મને હસવાનું કારણ પૂછ્યું. મેં કહ્યું, ''આપે મને આવા શબ્દોથી બિરદાવ્યો, તેથી હવે મારું કામ બરાબર થશે એની મને ખાતરી થઈ.''

પછી તુર્ત જ પૂનાની ટ્રેન પકડીને પૂજ્ય ઠક્કરબાપા પાસે ગયો. તેમણે મને જોઈને કહ્યું, ''કેમ અલ્યા કેટલી રકમ એકઠી કરી?'' મેં એકઠી થયેલી રકમની અને શ્રી શાહની હકીકત કહી. પૂજ્ય બાપાએ સાશ્ચર્ય કહ્યું : ''હેં! તેમણે તને બદમાશ કહ્યો!'' તેમણે પોતાનું પેડ કાઢી તેના ઉપર મને સુંદર ભલામણપત્ર લખી આપ્યો. તે લઈને બીજે દિવસે શ્રી શાહને મળ્યો. મેં પૂના જઈને પૂજ્ય ઠક્કરબાપા પાસેથી કેવી રીતે ભલામણપત્ર મેળવ્યો તેની હકીકત જણાવી. વધુમાં કહ્યું કે સમાજ જ્યારે આવી પાકી ખાતરી કરીને દાન આપતો થશે, ત્યારે કોઈ લુચ્ચા આવી બાબતમાં ફાવી નહિ જાય. મેં તેમને અભિનંદન અને મુબારકબાદી આપ્યાં હતાં.

એ સમય મુંબઈમાં ઘણો કઠણ હતો. કોઈ ધોળી ટોપીવાળું કે ખાદીના પહેરણવાળું ઝટ નજરે ચઢતું નહિ. બધા કામ કરવાવાળાઓએ વેશપલટા કરી લીધા હતા. કોઈ કોટપાટલૂન અને ટાઈ પહેરતા હતા.★

('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૬ થી ૩૯)

એક દિવસ શ્રી જીવણલાલ મોતીચંદ એલ્યુમીનિયમવાળાને ત્યાં ફાળા સારુ ગયો હતો. તેમને ત્યાં પૂજ્ય ગાંધીજીના નિકટના સહવર્તી તરીકે જેમણે ઘણાં વર્ષો ગાળેલાં છે અને જેઓ ગુજરાતી ભાષાના સારા વિદ્વાન લેખક તરીકે જાણીતા છે, તેઓ પણ ત્યાં બેઠેલા હતા. તેઓ કદાચ સ્વાતંત્ર્ય યુદ્ધની ભૂગર્ભ પ્રવૃત્તિમાં હોય કારણ કે ખુલ્લંખુલ્લા જો બહાર રહ્યા હોય તો સરકારે તેમને જરૂર પકડી લીધા હોત. મેં શ્રી જીવણલાલભાઈને બધી પરિસ્થિતિ જણાવી કહ્યું કે, આ કામકાજ એક શુદ્ધ ધર્મ-ભાવનાથી પ્રેરાઈને પ્રભુકૃપાથી કરી રહેલો છું. મુંબઈનું બસ-ગાડી વગેરેનું ખર્ચ પણ પદરનું છે. કંઈ પણ વેતન વિના માત્ર પ્રભુ-પ્રીત્યર્થે આ કામ માથે લીધેલું છે. આટલું કહેવાનું પૂરું થતાં પેલા બેઠેલા વિદ્વાન વડીલ સજ્જને કહ્યું કે, હાલ બીજી કોઈ પ્રવૃત્તિને સ્થાન નથી. સારાય હિન્દુસ્તાનનું લક્ષ એકાગ્ર અને કેન્દ્રિત એક પ્રવૃત્તિમાં રહેવું

★બીજા વળી પઠાણનો વેશ લઈ ફરતા. શ્રીમોટા આ બધાને જોતા અને ઓળખતા. એ કાર્યકર્તાઓને થતું કે ચૂનીભાઈ અમને ઓળખીને બૂમ પાડશે એટલે એ લોકો મોં પર આંગળી મૂકી ચૂપ રહેવાની નિશાની કરતા. ખાદીના પોષાકવાળાની ઘણીવાર ઝડતી લેવાય અને મારઝૂડ થાય. શ્રીમોટા ખાદીનો પોષાક પહેરી, હરિજન સેવક સંઘનો રિપોર્ટ અને પહોંચ બુકો થેલીમાં મૂકી ફાળો ઉઘરાવવા ફરતા. એમને પોલીસે પાંચથી છ વાર પકડેલા અને ઝડતી લીધેલી. પોલીસ એમ સમજતી કે આ માણસ કૉંગ્રેસનો ફાળો ઉઘરાવે છે. આ સમયમાં મુંબઈ જેવા શહેરમાં સખત હેરાનગતિ થતી. એક વખત શ્રીમોટા પર પોલીસે આરોપ મૂક્યો કે, આ માણસ હરિજન સેવક સંઘને નામે કૉંગ્રેસનો ફાળો ઉઘરાવે છે. એમને મુંબઈના સિક્કાનગરની સામેના મારબાવડી પોલીસ લોક-અપમાં પૂરવામાં આવ્યા અને બે દિવસ અને એક રાત પાણી કે ખાવાનું આપ્યા વિના ખૂબ મારઝૂડ કરી. શ્રીમોટાએ એક નવા આવેલા ફોજદાર સમક્ષ હકીકત રજૂ કરી. પૂ. ઠક્કરબાપાની વાત કરી. ફોજદારે શ્રીમોટાને છોડી દેવાનો હુકમ કર્યો.

શ્રીમોટાએ પૂજ્ય ઠક્કરબાપાવાળો ભલામણપત્ર 'જન્મભૂમિ'માં પ્રગટ કરાવ્યો. એ વખતે 'જન્મભૂમિ'માં એમના મિત્ર અને જાણીતા કવિશ્રી કરસનદાસ માણેક કામ કરતા હતા. શ્રીમોટાએ જ્યાં સુધી હરિજન સેવક સંઘ માટે ફાળો ઉઘરાવવાનું કામ ચાલુ રાખ્યું, ત્યાં સુધી પૂ. બાપાએ આપેલું પ્રમાણપત્ર પોતાની પાસે રાખ્યું. આથી પોલીસની હેરાનગતિ અટકી. એ વખતે સરકારમાં પણ પૂજ્ય ઠક્કરબાપા માટે ઘણું માન હતું.

જોઈએ. તમે આ કાં લઈ બેઠા છો? તેમણે ઉત્તેજિત બનીને અર્ધા કલાક સુધી પ્રવચન કર્યું. પ્રભુકૃપાથી શાંત અને મુગ્ધભાવે તે બધું સાંભળ્યાં કર્યું. તેમનું સંભાષણ પૂરું થયા પછી શ્રી જીવણલાલભાઈને ફરી વિનંતી કરી કે, આ કપરા કાળમાં આશ્રમોના બાળકોને સારુ ને હરિજનની ઈતર પ્રવૃત્તિઓને ચલાવવા માટે નાણાંની ઘણી જરૂર છે. જે કર્મ માટે પોતાની પસંદગી છે ને જે કર્મને જે વરેલો છે તે કર્મ તેને માટે શ્રેષ્ઠ છે. તેમણે મને ..... રકમનો ચેક આપ્યો. તેમનો આભાર માની ત્યાંથી રવાના થયો. પેલા વડીલ સ્વજનને તે પછી મેં નીચે મુજબની એક કવિતા લખીને સૌ. હર્ષદાબહેન મારફત મોકલી આપી.

શક્તિનાં રમકડાં

(શિખરિણી—મંદાક્રાન્તા)

ઘડાયે છે, જે જે નિજ જીવનમાં દુઃખને શીર્ષ વ્હોરે,
ઘડાયે છે, જે જે અવર જનને કારણે યજ્ઞ માંડે,
ઘડાયે છે, જે જે નિજ જીવનને પ્રેમભાવે સમર્પે,
ઘડાયે છે, જે જે નિજ જીવનને ભેટ માની જ વર્તે. ૧.

ઘડાયે છે, જે જે નિજ જીવનમાં ટોચ આદર્શ રાખે,
ઘડાયે છે, જે જે નિજ જીવનને લક્ષ્યવેધી બનાવે,
ઘડાયે છે, જે જે નિજ જીવનના હેતુ કાજે જીવે છે,
ઘડાયે છે, જે જે સતત નિજનો ભાવ એમાં ધરે છે. ૨.

ઘડાવાને માટે પરિસ્થિતિ મળે સર્વને વિશ્વ માંહે,
થતું એ હેતુનું નિજ હૃદયમાં ભાન કો ધન્ય વેળે,
છતાં યે ડૂબેલો નિજ રસમહીં માનવી ખોઈ બેસે,
ઘરેડે પોતાની નિજ જીવનને શો ઢસેડ્યાં કરે તે! ૩.

જનો જેને સેવા અવર જનની માનતા, તે મહીંયે
કંઈ રાગદ્વેષો મહીં પડી રહ્યા કોણ જાણી શકે તે?
મહત્ત્વકાંક્ષાઓ નિજ હૃદયની શુદ્ધતાથી ભરેલી,
પડેલા સેવામાં, નિજ જીવનના તત્ત્વનું શ્રેય પામે. ૪.

ખરો સેવાર્થી તે નિજ મન સદા જે ઉકેલ્યા કરે છે,
થશે કેવા કેવા મનમહીં ભર્યા, તે સદા જે નિહાળે,
નિહાળ્યાથી એવું નહિ કંઈ વળે ખાલી જો તે નિહાળે,
ઘડાશે એવો જે વિરલ વીરલો યુદ્ધ તે સાથ માંડે. ૫.

નથી સેવા પોતે નિજ પટ મહીં એકદેશીય ક્યાંયે,
રહ્યાં સેવામાંયે વિવિધ રીતનાં લક્ષણો, ક્ષેત્ર, દિશા;
ખરી સેવા એ તો નિજ જીવનને સર્વતોમુખી રાખે,
રુંધી ના રાખે કો નિજ જીવનની એક બાજુ મહીં તે. ૬.

કરે સેવા પોતે અવર જનની તે જ તે સત્ય માને,
થતી સેવા કેવી નિજ જીવનની તે ન તેઓ તપાસે,
વરેલા જેઓ છે નિજ જીવનમાં સત્યને કોઈ રીતે,
તહીં તેઓ સત્યે નિજ જીવનમાં સર્વ અંગો તપાસે. ૭.

કરે છે સેવા જે નિજ જીવનમાં માત્ર સેવાની કાજે,
નથી કાંઈ વાંછા અવર પણ કૈં એક સેવા વિના ત્યાં,
કદી જો તે સેવા પણ નવ કરે સર્વ અંગી વિકાસ,
રહેલી ત્યાં ખામી કહીં પણ કંઈ જાણી લેવી ઘટે જ. ૮.

(મંદક્રાન્તા)

પોતે જે જે કંઈક કરતા તે જ છે માત્ર સાચું,
તે વિનાનું અવર કંઈ જે સત્યની ખામીવાળું,
પોતા વિના ભ્રમિત મતિનાં જે બીજાં ચાલનારાં,
સેવાભાવી કંઈ કંઈ દીઠા માન્યતા એવી વાળા. ૯.

જેણે સાચું નિજ જીવનનું કાર્ય જ ઊર્ધ્વગામી
માન્યું, તેમાં નિજ જીવનનું સર્વ કાંઈ સમર્પ્યું
છોને ફાવે કંઈ પણ ભલે ક્ષેત્ર તે હો ગમે તે,
સેવા એવો પણ જગતની એની રીતે કરે છે. ૧૦.

જેનાથી કૈં જગત પરનાં સર્વસામાન્ય એવાં,
જેઓ જેઓ નિજ જીવનમાં કૈંક સામર્થ્ય પામ્યાં;
એવી શક્તિ ગૂઢ, સકળને જે રમાડી રહી જયાં,
તે શક્તિનાં સૌ રમકડાં આપણે તો બિચારાં. ૧૧.

આ મારી કવિતા વાંચીને તેમણે નીચે મુજબનો પ્રત્યુત્તર આપેલો છે.

મુંબઈ તા. ૨૦-૧૨-'૪૨

સ્નેહી ભાઈશ્રી,

તમારી કવિતા મને મળી. વાંચી ઘણો રાજી થયો. કર્મ એ જ યોગ અને એ જ જીવનનું સાચું રસાયણ છે. સેવા સીડી છે, કર્મ સામગ્રી છે. માણસ સતત કર્મ અને સતત સેવા કરીને જ ઘડાય છે. એ તમારી ભાવનામાં હું મળતો છું. તમારી આગળ મેં મારા અંતરના ઉદ્‌ગારો કાઢ્યા, તે એટલા જ હેતુથી કે દરેક સાચો માણસ પોતાના અંગીકૃત કાર્ય પાછળ મરી છૂટતો હોય , ત્યારે બીજા કશા તરફ વળવા, જોવા કે વિક્ષેપ પામવાનો એને અવકાશ જ ન હોવો જોઈએ. છતાં સૌ સૌનાં અંગીકૃત કર્મો જુદાં જુદાં હોઈ શકે. માણસે કરેલી પસંદગી યથોચિત થઈ છે કે કેમ તે બીજાએ ન જોવું; પોતે જ જોવું.

''તૃણાદપિ સુનિચેણ તરોરિવ સહિષ્ણુતા''

તરણાની પણ નીચે રહેવાની નમ્રતાવાળા અને તરુવર જેટલી સહનશીલતાવાળા સેવકો સમાજના ભૂષણરૂપ છે. તમારા કામમાં તમને સફળતા ઈચ્છું છું.

લિ. સેવક ... ...

આવો તેમનો કાગળ મળ્યો તેથી ઘણો આનંદ થયો. તેમણે સાચી વસ્તુ સ્વીકારી અને સદ્‌ભાવયુક્ત નમ્રતા દાખવી એ સદ્‌ગુણ સદ્‌બોધ રૂપ છે. કર્મનો વિવેક કેટલો સૂક્ષ્મ છે, તે અનુભવ વિના કોઈ પ્રીછી ન શકે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૯૨ થી ૯૬)**

(૨)

પૂજ્ય મોટાભાઈ (શ્રી વાડીભાઈ ભોગીલાલ શાહ) એ સ્વતંત્રપણે ઉમંગે પૂ. મામા (શ્રી ગોપાળભાઈ મહેતા)ને ટ્રિચી લખેલું કે ઝવેરી બજારમાંથી સંઘ સારુ ઉઘરાણું કરાવી આપવું. તે મુંબઈ આવ્યા ત્યારે ફોનમાં મેં કહ્યું કે, તમને તસ્દી આપવાનું દિલ થતું નથી. કારણ કે બાકીની રકમ મળી રહેશે. તે સાંજે તેમને પેઢીએ મળ્યો, ત્યારે કહેવા લાગ્યા કે આ વખત એવો છે કે પૈસા ઝટ મળી જાય. તમારે જો વધારે રકમ હજી કરવી હોય તો તમને હું બે-ચાર ઠેકાણે લઈ જાઉં. મેં કહ્યું, ''જો તમને સંકોચ ન થતો હોય તો સોનાથી વધુ રુડું શું?'' ઝવેરી બજારમાં ચાર-પાંચ ઠેકાણે મને લઈ ગયા છતાં કશું મળ્યું નહિ. એવા દિવસ પણ ગયા છે, જ્યારે ખૂબ રખડપટ્ટી થઈ હોય, છતાં કશું ન મળે પણ નિરાશા ન છવાય. કોઈ ગમે તેવું સંભળાવે તોપણ શાંતિ જળવાય, અહમ્‌ને આઘાત લાગે એવું કોઈ વર્તન દાખવે તોપણ સપ્રમાણ રહેવાય. આવા અનુભવો જેણે લેવા હોય તેણે આવું કામ સાધના તરીકે કરવું ઘણું જરૂરી છે. કરવા ધારેલી રકમ સુધીમાં ધીરજ અને સહનશીલતાની ઠીક ઠીક કસોટી થઈ જાય ખરી. નિશ્ચયની મક્કમતા ન પ્રકટી હોય તો માનવી જરૂર ડગી પણ જાય. પૂનામાં ગોપાળદાસ મહેતા મને ૪-૫ ઠેકાણે લઈ ગયા અને કંઈ ન મળ્યું. તેથી તેમણે મને કહ્યું કે, તમારી ધારેલી રકમમાં ખૂટતી બાકીની મારા પદરમાંથી આપી દઈશ, પરંતુ મેં તેમ કરવા આગ્રહપૂર્વક ના પાડી હતી. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૧૦૮–૧૦૯)**

(૩)

મુંબઈમાં ફાળા બાબતમાં એક મંડળના મંત્રી પાસે ગયો. તેમણે મને કહ્યું કે એક-બે દિવસમાં મંડળની સભા થવાની છે તેમાં તમે આવો તો મંડળના બધા સભાસદોને વાત કરી શકાય અને ગળે ઊતરી જાય તો ત્યાં જ ફાળાની ટીપ થઈ જાય. તેમની સભા થઈ ત્યારે તેમાં હાજર થયો. સભાની રુઢિ મુજબનું બધું કામ પતી જતાં મંત્રીએ બધા સભાસદોને મારી ઓળખાણ કરાવી. મારી હકીકત સહાનુભૂતિપૂર્વક સાંભળવા વિનંતી પણ કરી. બધી હકીકત એવી ભાવનાથી કહી કે સૌના

દિલમાં પ્રભુકૃપાથી લાગણી જન્મી. બધાએ પોતાની રકમની નોંધણી કરી. પ્રમુખ સાહેબે રૂા. ૫૦૧ની રકમ સૌથી પહેલી ભરી અને બીજા બધાએ પોતાની શક્તિ પ્રમાણે નાની મોટી રકમ ભરી. ૨-૩ દિવસ પછી પ્રમુખ સાહેબની પેઢી પર હું ગયો અને તેમને પ્રણામ કરી બેઠો. તેમણે રૂા. ૧૦૧નો ચેક આપવાનું કહ્યું. હું આભો જ બની ગયો. ''૫૦૧ને બદલે ૧૦૧ જ કેમ?'' એમ પૂછતાં તેમણે જવાબ આપ્યો કે, જો મેં ૫૦૧ ન ભર્યા હોત તો તમારા ફાળામાં આટલી રકમ ન થઈ હોત. તે રકમ ભરવાથી તમને તો લાભ થયો છે. તમને સારી રકમ મળે એટલા હેતુથી ૫૦૧ ભરેલા, નહિ કે તમને તેટલી રકમ આપવાના હેતુથી. આ સાંભળી દિઙ્મૂઢ થઈ જવાયું. આવો અનુભવ પહેલ-વહેલો હતો.

મેં તેમને સદ્ભાવથી અને નમ્રતાથી કહ્યું કે મને ૫૦૧ ખપે, તે નહિ આપો ત્યાં સુધી હું આપની પેઢી પર આવીને બેઠો રહીશ! તે પછી રોજ ને રોજ એમ પેઢી પર જઈને બેસું. મારા પર આવેલા કાગળોનો જવાબ આપવામાં એકધારો સમય ગાળું. એક-બે વખત પ્રમુખ સાહેબ ઘણું બબડ્યા પણ ખરા. તે અંગે મેં કશું ધ્યાન આપ્યું નહિ. રોજ આવીને તેમને પ્રણામ કરું. બધાના ગયા પછીથી અને તાળું વસાયા પછીથી હું રસ્તો માપું. આ રીતે ૭ દિવસ થયા. દરરોજ હું મારો બધો સમય કાગળો લખવામાં ગાળતો હતો. તેઓ તે જોતા હતા.

સાતમે દિવસે તેમણે મને તેમની પાસે બોલાવીને પૂછ્યું કે, ''તમે રોજનું રોજ આટલું બધું શું લખ લખ કરો છો?'' મેં જણાવ્યું કે મારા મિત્રોના કાગળો આવે છે, તેના જવાબ લખું છું. આજના લખેલા કાગળો જોવાનું તમારું દિલ હોય તો જોઈ શકો છો. સાતેય દિવસ તેમણે મને સતત લખતો જોયો હોવાથી તેમને થયું કે આ માણસ રોજ આટલું બધું શું લખતો હશે. એક પ્રકારની કુતૂહલતા જન્મી હશે તે કારણથી પ્રેરાઈને તેમણે મારા લખેલા કાગળો જોવા માંડ્યા અને જોતાં જોતાં કંઈક રસ પડવાથી વાંચવા પણ લાગ્યા. ઘણાખરા કાગળો તે જોઈ ગયા. અંતે તે બોલ્યા, ''વાહ, તમે તો કોઈ જ્ઞાની લાગો છો! તમે તમારા મિત્રોને

સાધનાના માર્ગનું જે જાતનું લખો છો તે ખરેખર ઉત્તમ છે. આવી ઉત્તમ ભાવના સાદી સીધી સરળ ભાષામાં લખી છે તે મોટી હકીકત છે. તમે સાત દિવસ ધીરજ રાખીને બેઠા ને રોજ સવાર-સાંજ મને પ્રણામ કરતા હતા. મેં તમને બે કડવાં વચનો પણ કહ્યાં છે. તમારો આ મીઠો સત્યાગ્રહ મને જીવનમાં યાદ રહી જવાનો છે. તમારા શાંત સદ્‌ભાવયુક્ત વર્તનથી રાજી થયો છું. તેમાં તમારા કાગળો આવા લખાણોથી તમારા પરત્વે મારા સદ્‌ભાવે ઉમેરો કર્યો છે. તમને સાત દિવસ તપાવ્યા તે માટે મને માફ કરશો. સાત દિવસ સુધી તમારું કામ મોકુફ રહ્યું તેની મને દિલગીરી જરૂર છે. તમારી નમ્રતાએ અને તમારા સદ્‌ભાવે ૫૦૧ની રકમ આપવા મને પ્રેર્યો છે, એમ કહીને તેમણે આખરે રૂા. ૫૦૧ આપ્યા હતા.

તે મળતાં મને ઘણો આનંદ થયો અને પ્રભુનો ઉપકાર પ્રાર્થનાભાવે ગદ્‌ગદ કંઠે માન્યો. આંખમાંથી આંસુ પણ પડ્યાં. પ્રભુની કૃપાનો તે પ્રસાદ જીવનને ધન્ય કરનારો હતો. પેલા વેપારી સદ્‌ગૃહસ્થે ભલે મારા સદ્‌-ભાવને નમ્રતાને તે રકમ દેવામાં મહત્ત્વની ગણાવી હોય, પરંતુ સાચું રહસ્ય તો શ્રીભગવાનની કૃપાનું હતું. (**'જીવનમંથન', આ. ૨, પૃ. ૧૨૧ થી ૧૨૩**)

(૪)

હરિજન સેવક સંઘના ૧૯૪૨માં ફાળાની રકમ દસ હજાર★ સુધી થવા આવી. એ ગાળામાં એક રમૂજી પ્રસંગ બન્યો. એક ઘણી મોટી સુવિખ્યાત પેઢીના શેઠની ઑફિસે જવાનું થયું. મુલાકાત માટે નામ લખીને પટાવાળાને આપ્યું. સાડા અગિયારથી ચાર સુધી રાહ જોતો બેસી રહ્યો, પણ અંદર જવા કોઈએ બોલાવ્યો નહિ. ધીરજને પણ મર્યાદા હોય છે ને કામમાં તો ખાસ. મેં વિચારી લીધું કે, અંદર પ્રવેશ કરતાં તે મળવાની ના પાડશે તોપણ ભલે, કાઢી મુકાવશે તોપણ આનંદ, પરંતુ હવે અંદર ઘૂસવું તે ઘૂસવું જ. હું એવો દૃઢ વિચાર કરી અંદર પેસી ગયો. કારકુન અને પટાવાળો બંને પાછળ દોડતા આવ્યા, ''સાહેબ, આ માણસ રજા વિના ઘૂસ્યો છે.'' શેઠસાહેબે ભવાં ચઢાવ્યાં. મને ધમકાવીને

★પૂજ્ય શ્રીમોટા તથા શ્રી નંદુભાઈ હરિજન સેવક સંઘ માટે ફાળો ઉઘરાવવા કોલંબો ગયા હતા. સંઘ પ્રત્યે પોતાનો ભાવ વ્યક્ત કરવા રૂપિયા ૩૬ હજારનો ફાળો કરીને આવ્યા હતા.

કહેવા લાગ્યા, ''ગામડિયો છે કે શું? રજા વિના અંદર ન અવાય એટલું પણ જાણતો નથી. શું ભણ્યો છે?'' ભણવા કરવાની હકીકત જાણતાં તેમણે મને ખુરશી પર બેસવા કહ્યું. પછી મેં જણાવ્યું કે સાહેબ! આ ભાઈઓ કહે છે તે હકીકત સાચી છે. પરંતુ સાડા અગિયારથી ચાર સુધી આપની ઑફિસ બહાર તપ કર્યું છે. મારી હકીકત કૃપા કરી જો સાંભળો તો બે મિનિટમાં સંભળાવી દઉં. તે શાંત રહ્યા એટલે મેં ઝટઝટ ભાવપૂર્વક કહેવા માંડ્યું અને અંતે જણાવ્યું કે મને પ્રભુકૃપાથી અને આપના આશીર્વાદથી વિવેકનું જ્ઞાન છે. પરંતુ ૪-૫ કલાક થવા આવ્યાં છતાં આપને મળવાની તક સુદ્ધાં ન મળે તેથી આ અઘટિત પગલું લેવાયું છે તો મને ક્ષમા કરશો. આ સાંભળી શેઠસાહેબે તે કારકુન અને પટાવાળાને કહ્યું કે હવેથી મને મળવા આવનારે અડધા કલાકથી વધારે થોભવું ન પડે એમ કરજો.આ નિયમને બરાબર પાળવાનો છે તેનું ધ્યાન રાખજો. મારે આટલો વખતે ખોટી થવું પડ્યું તે બાબત તેમણે ક્ષમા માગી. આ તેમનાં સદ્‌ભાવ ને સજ્જનતા ભૂલાય તેવાં નથી. સંઘને માટે સારી રકમનો ચેક પણ લખી આપ્યો. આમ કેટલીક વખત સમજીને જ્ઞાનપૂર્વક અવિવેકનું પગલું ભરવું પડે છે. તેમાં સાહસ, હિંમત ને પ્રેરણાની પણ જરૂર ખરી. ('જીવનમંથન', આ. ૨, પૃ. ૧૨૭–૧૨૮)

(૫)

તા. ૧૭-૧-'૪૩ની રાતે ગુજરાત મેઈલમાં નડિયાદ જવા બેઠો. તે ડબ્બાના જાજરૂમાં બોંબ ફાટ્યો. બીજા વર્ગના ડબ્બામાં પણ તેવું થયેલું એટલે કીમ સ્ટેશને મેલ ઊભો રહ્યો. અમારા ડબ્બાના જાજરૂમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા હતા. હું પાટિયા પર સૂતો હતો. ત્યાંથી મેં બૂમ મારી કે સાંકળ ખેંચો, સાંકળ ખેંચો. કોઈકે સાંકળ ખેંચી. ગાડી ઊભી રહી. પોલીસના માણસો અમારા ડબ્બા અગાડી આવ્યા અને કોણે સાંકળ ખેંચી છે એમ જોરથી બૂમ મારી. સાંકળ પ્રત્યક્ષ ખેંચનાર કો'ક બીજું હતું, કારણ કે હું સૂતો હતો, એ જગ્યાએથી સાંકળ ખેંચાય એવું ન હતું. મેં તે માથે લઈ લીધું. પોલીસને મેં કહ્યું કે જાજરૂમાં કૈંક ફૂટ્યાનો જોરથી મોટો ધડાકો થયો છે. બધાએ તે સાંભળ્યો છે. તેમાંથી આ

ધુમાડાના ગોટેગોટા નીકળે છે ને ગંધકની વાસ આવે છે. તેથી કદાચ આખો ડબ્બો સળગી ઊઠે ને માણસોના જીવ જોખમાય, તેથી અગમચેતી વાપરીને મેં સાંકળ ખેંચી છે!

પોલીસે મારો ખાદીનો પહેરવેશ જોઈને મને નીચે ઉતાર્યો ને ધમકાવીને કહ્યું કે જાજરૂમાં તેં જ બોંબ મૂક્યો છે માટે તું માની જા. કબૂલ કરી દે અને ક્યાંથી બોંબ લાવ્યો છે, ક્યાં તે બને છે ને બીજા કોણ કોણ તેમાં સામેલ થયેલા છે તે બધું કહી દે, નહિતર તારું આવી બન્યું સમજવું. તારું એક હાડકું પાંસરું નહિ રહે. થોડી વાર ગાડી થોભી ને કીમ સ્ટેશને મેલ ઊભો રહ્યો. ફરી પાછી મારી ઝડતી લેવાઈ. મેં પહેલાં કહ્યું હતું તે જ કહ્યું. ભરૂચ સ્ટેશને તારી ઝડતી લેવાશે, એમ ધમકી આપીને એક પોલીસને મારા ડબ્બામાં બેસાડ્યો ને ગાડી ઊપડી. ભરૂચ સ્ટેશને ગાડી જેવી ઊભી રહી કે તરત પોલીસનું ટોળું, બે-ચાર પોલીસ ઇન્સ્પેક્ટર આવીને ઊભા રહેલા. તેમણે મને એકદમ હાથ પકડીને જોરથી ખેંચીને ડબ્બાની બહાર ધક્કેલીને કાઢ્યો. સ્ટેશન પરની વેઇટિંગ રૂમની એક ઓરડીમાં લઈ ગયા અને બધી હકીકત પૂછી. મેં જે બન્યું હતું, તે સંપૂર્ણ સ્વસ્થતાથી કહ્યું. મને ઘણું ઘણું ધમકાવ્યો પણ જાણતો હોઉં તો બીજું કહું ને? થોડી ધોલધપાટ પણ થઈ. પછી ફોજદાર સાહેબ તાડૂકીને બોલ્યા કે, સાલાને બરાબર ગરમ કરો, તે વિના એ નહિ માને!

તે સમયે, કોણ જાણે દિલમાં એવું થઈ આવ્યું કે પળવારમાં શરીર પરનાં બધાં કપડાં આપોઆપ કાઢી નંખાયાં. તે જોઈને તે લોક બધા સ્તબ્ધ થઈ ગયા. મેં કહ્યું કે હવે આ શરીરને મારવામાં તમને ઘણી સરળતા થઈ પડશે. એને જોઈએ તેટલું મારી લો. આથી ઘણા ગુસ્સે થઈને તેમણે કહ્યું, ''તું પહેલાં કપડાં પહેરી લે પછી બીજી વાત.'' ફોજદાર સાહેબે મારી બધી વિગત પૂછી. નામ પૂછ્યું અને મને ભરૂચમાં રોકી લેવાનો હુકમ કર્યો. મેં કહ્યું કે મારી ટિકિટ નડિયાદની છે. કોઈ પણ મુસાફરને ચાલતી ગાડીએ અધવચ ઉતારી ન શકાય. મને નડિયાદમાં તમારે રોકવો હોય તેટલો રોકજો. આ દિવસોમાં કાયદાનું રાજ મુદ્દલ નહોતું છતાં એ લોકોએ વળી મારું કહ્યું માન્યું, એ પ્રભુનો ઉપકાર.

સવારે નડિયાદના સ્ટેશને ઊતરતાં ત્યાંની પોલીસ સામી હતી જ. તેમણે પણ બધું ફરીથી પૂછ્યું. મેં બધી હકીકત કહી. એથી કોને ત્યાં જવું છે, કેટલું રહેવું છે, ક્યાં જવાના છો? એ બધું પૂછ્યું. ''મારા નાનાભાઈ મૂળજીભાઈ ભગતને ત્યાં જવાનો છું ને સાંજે સાબરમતી ગાંધી આશ્રમ જવાનો છું.'' એમ જણાવ્યું એટલે એક પોલીસ અમલદારે કહ્યું કે, જો આ ભાઈ આજે ને આજે જવાનો છે તો આપણે આ બધી માથાકૂટમાં ક્યાં પડવું? સાંજે અમદાવાદ ઊતર્યો ત્યારે પોલીસ ભેટી. જે દિવસે મને સીધો આશ્રમમાં જવા દીધો તે તેમનો મોટો ઉપકાર. બીજે દિવસે આશ્રમમાં એક પોલીસ અમલદાર આવીને મારું નિવેદન લખાવી ગયા. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૭૦ થી ૨૭૩)**

૯. નિષ્કામ-કર્મ

ભગવાનની કૃપાથી પૈસા વિના આ જીવ હેરાન થવાનો નથી. એને પૈસા કરતાં દિલની અને પ્રેમની કેટલી બધી જરૂર છે! અત્યાર સુધી જીવનમાં નંદુભાઈ કે હેમંતભાઈ વગેરે ક્યાં હતા? છતાં જીવનનું નાવ શ્રીહરિકૃપાથી ચાલ્યા કરેલું છે. વેતન સ્વેચ્છાએ ઘણું ઓછું મળતું હતું. ને કુટુંબની નિભાવવાની વ્યક્તિઓ ઘણી વધારે હતી. જીવનમાં આર્થિક મુશ્કેલીઓ નહિ નડી હોય એવું તો કશું નથી. ભગવાનની કૃપાએ આ જીવને મદદ કર્યા કરેલી છે. એકલા, અટૂલા, ખ્યાતિ વિનાના જીવને સંઘના કામ માટે મોટી રકમ મળે એ નાનોસૂનો અનુભવ છે?

('જીવનમંથન', આ. ૨, પૃ. ૧૮૮-૧૮૯)

મેં આ કામ મારા ધર્મને માટે લીધેલું છે, નહીં કે સંઘને કારણે કે પરીક્ષિતલાલ કે ઠક્કરબાપાને કારણે. આ કામ કરતાં માર ખાધો. શરીરની હેરાનગતિ થઈ. વજન ૧૧૭માંથી ૯૭ થઈને ૨૦ શેર ઘટ્યું. છતાં કોઈ કદર કરે એવી આશા અપેક્ષા મુદ્દલે નહોતી. આ કામ હાથમાં લેવાથી મને એ જ્ઞાન મળ્યું કે જે કોઈ અનુભવી છે તેણે ગમે તેવી આફતો હોવા

છતાં પોતાને મળેલા યોગ્ય ધર્મનું પરિપાલન કરવું જ. તે કશાથી અલગ ન રહી શકે. તે બધામાં કાળ પાકતાં સમરસ થાય. અલગ હોય કે અલગ થાય તેને અનુભવી કેમ કહેવાય! એનાં તટસ્થતા અને તાદાત્મ્ય કોઈની સાથે સરખાવી ન શકાય તેવાં હોય છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૧૨૪)**

પછી એક વખત ઠક્કરબાપાને મળવા ગયેલો. તેમણે મને મંત્રીપદ લેવા ઘણું કહ્યું, પરંતુ ઘસીને ના પાડી, ત્યારે તેમણે સૂચવ્યું કે, ''હેમંતભાઈને મૂકીને તારે બધી દેખરેખ રાખવી. પરીક્ષિતલાલ આવે ત્યારે તારે છૂટા થવું.'' એમણે વેતન લેવાને મને સૂચવ્યું હતું, પરંતુ તે બાબતમાં મેં સ્પષ્ટ ના પાડી. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૪૫)**

ઉઘરાણીની પણ બધી હકીકત પૂછી. એકલે હાથે કશી લાગવગ વિના આટલી મોટી રકમ એકઠી થઈ શકી, તે માટે તેમણે ઘણી ખુશી બતાવી. ગુજરાત હરિજન સેવક સંઘને એક વર્ષની નિરાંત થઈ ગઈ. પૂ. બાપાએ કહ્યું કે, ''સંઘમાંથી મુક્ત થયા પછી પણ, તું આપમેળે આટલું બધું કામ કરશે એવો ભરોસો નહોતો. તારા આ કામથી રાજી થયો છું.'' **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૪૫)**

વડોદરાવાળા પૂજ્ય ઘનુભાઈને જેમણે મને કેળવણીમાં આગળ વધવાને માટે મદદ કરી હતી, તેમને મદદરૂપ થઈ શકું તે માટે મેં પૂ. ઠક્કરબાપાને લખ્યું હતું, તેમણે માસિક રૂા. ૩૦ થી ૩૫ આપવાનું મને કહેલું. આ હકીકત જણાવીને પૂ. ઠક્કરબાપાનો પત્ર પૂજ્ય બાપુને (વડીલ સ્વજન) કરાંચી જેલમાં બતાવ્યો હતો.★

('જીવનમંથન', આ. ૨, પૃ. ૧૯૮)

૧૦. પરાર્થે આત્મભોગ

અહીં જે કેટલીક અદ્‌ભુત ઘટનાઓનો ઉલ્લેખ છે, તે હકીકત સાચી હોવા છતાં તેવું ગમે ત્યારે ફરીફરી બની શકવું જોઈએ તેવું એનું કશું ધારાધોરણ નથી હોતું—જો કે એવું બધું કાંઈ યદ્વાતદ્વાપણે હેતુ વિના તે

★શ્રી ઘનુભાઈના ઋણ-સ્વીકારનો શ્રીમોટાનો હેતુ હતો.

બનતું હોતું નથી, એની પણ કોઈ ગૂઢ સૂક્ષ્મ કાર્યકારણ પંરપરા હોવી ઘટે. એની કાર્યકારણ પરંપરા જાણનારા કોઈ વીરલા હોય છે. અદ્‌ભુત ઘટનાઓ જે જીવને તેના સત્ય સ્વરૂપમાં સમજવાનું ને સ્વીકારવાનું બને છે, તો તેવા જીવને ઊંચે આવવાપણું સરળ બની જતું હોય છે. જે જીવથી જીવનમાં મળતી આવી ઉત્તમ કૃપાતકોને ઓળખવાનું, સમજવાનું, એના યથાર્થ ગૂઢ-ભાવાર્થથી સ્વીકાર કરવાનું બની શકતું નથી, તે જીવની હજી અંતરની આંખ ઊઘડી નથી એમ નક્કી સમજવું. આવા ચમત્કારિક પ્રસંગો પોતાના જીવનમાં પ્રત્યક્ષપણે થયેલા અનુભવવા તે પણ કંઈ નાનીસૂની વાત નથી. કૃપા હોવા છતાં, કૃપાને તેના યોગ્ય ભાવાર્થમાં હૃદયથી સ્વીકારી શકાતી નથી, ત્યારે કૃપાને વ્યક્ત થવાનાં કારણો તે પોતે (તેવો જીવ) અફળ બનાવી દેતો હોય છે. પછી ભલે તેવું તે જીવોથી તેના વાસ્તવિકપણામાં સ્વીકારાતું ન હોય.*

('જીવનપોકાર', પ્રસ્તાવના)

૧૯૩૯ની રામનવમીની રાતના સાક્ષાત્કારના પાંચેક મહિના પછી એક સવારે અમદાવાદથી કરાંચી જતાં પ્રેમમય વાતાવરણ ભૂલી શકાય નહિ! કેટલાં બધાં એકઠાં થયેલાં! તે પણ કેટલા ઉમળકાથી, પ્રેમભાવથી! એ એની મોટામાં મોટી કૃપા છે. તે બધું જ્ઞાનભક્તિપૂર્વક એને જ ચરણકમળે ધરાવું છું. આટલી બધી બહેનોના નિર્મળ પ્રેમભાવની તોલે શું આવી શકે? બાકી આશ્રમમાં માત્ર ટૂંકામાં ટૂંકી ચડ્ડી પહેરીને ફરનાર, 'બાઘા' જેવો જાણી જોઈને દેખાનાર, કહેવાતી સભ્યતા જરાક ન પાળનાર, ગાંધીજીના આશ્રમ જેવા ગંભીર વાતાવરણમાં પણ મો...ટેથી બૂમો પાડીને કેટલાયને આઘાત, ને તે નહિ તો તાજુબી, ઘૃણા, અવમાનના ઉપજાવનાર, કેટલાકને અભણ દેખાનારા, કેટલીક આશ્રમ

---

*૧૯૩૯માં પૂજ્ય શ્રીમોટાનું જે વિશેષ ભાવે જીવન પ્રાગટ્ય થયું, એ પછીના સમયમાં જીવ દશાની તર્કસંગતિમાં ન બેસે એવા સંખ્યાબંધ અનુભવો, પ્રસંગો બનેલા છે. કોઈ શ્રેયાર્થી જીવ વધુ ચેતનાત્મક બને એવા હેતુથી આ પ્રસંગો અહીં તેમજ અન્યત્ર પ્રકટ કર્યા છે. પણ કોઈ સાધક પુરુષાર્થને વેગળો મૂકી માત્ર કૃપા યાચતો, પાંગળો, નિર્બળ કે પ્રમાદી બને તેમજ આવા પ્રકારના ચમત્કારોમાં જ રસ લેતો રહ્યા કરે એ સામે પૂજ્ય શ્રીમોટાને ઉગ્ર રોષ છે અને સખત વિરોધ પણ છે.

કન્યાઓ મને ગાંડો ગણતી ને કેવી પજવતી! ત્યાંની સભ્ય રીતભાતમાં પણ તદ્દન બોડકું માથું રાખી નિઃસંકોચપણે ફરનાર, અરે! ફાટેલાં કપડાં પહેરી સેન્ટ્રલ બેંકમાં જવાથી ક્લાર્ક પૈસા આપવાની ના પાડે ને મેનેજરને મળવું પડે એવો દેખાવ ધારનાર, બને તેટલી રીતે સા...વ ગમાર દેખાનાર, અક્કલ હોશિયારીનો મોઢા પર છાંટો...ય ન મળે ને એવી રીતે ''ગધેડા''ની ઉપમા પણ પામનાર, એવા મારા પર આ બધાંનો આટલો ભાવ ક્યાંથી!

''દીસે બારે મેઘો સમ વરસતો પ્રેમ જીવને,
ડૂબે છે તેમાં જે, તરી જઈ બને ધન્ય બસ તે.''

આટલો બધો ને આવો ભાવ મળે તે શાથી?

''એ છે પ્રતાપ પદની રજધૂલિકાનો,
દાંડી પીટી જગતને કહું ધ્યાન લેજો.''

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૫–૧૬)

● ● ●

પરમકૃપાળુ શ્રીભગવાને આ જીવનો સ્વાંગ ને જીવનપ્રવાહ બદલાવ્યો છે. એથી જોઉં છું કે મારે એના નિમિત્ત રૂપ બની જે સ્વજનો આ માર્ગે વળવાના હેતુથી મળશે તેમને એની કૃપાથી દોરવાનાં છે. આમ એનું સાધન, એનું નિમિત્તરૂપ, એને જ બનાવવા ઇચ્છ્યું છે, પછી તે અંગેનાં કર્મોમાં બીજું તત્ત્વ પ્રવેશ પામવાનું નથી; એવી દૃઢ શ્રદ્ધા એની કૃપાથી હતી ને છે.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૬–૧૭)

(૧)

ધ્યાનનો ચમત્કાર કહો કે ધ્યાનમાંથી પ્રકાશ પામતો સંકલ્પ કેવા પ્રકારનો આકાર લે છે, તેનો એક પ્રસંગ કહો તેવો એક મારા જીવનનો ખરો બની ગયેલો દાખલો ટાંકું.

બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં એક બંગલો ભાડે લઈને બે બહેનો* સાથે મારે રહેવાનું હતું. સામાન્ય રીતે તેઓ ઘરેણાં બહુ ઓછાં પહેરતાં. એક વખતે બંને બહેનોએ બહાર ફરી આવીને તેમની પાસે જે કંઈ ઘરેણું હતું, તે બધું મને આપી દીધું. મેં મૂર્ખાએ તે મારા પહેરણના ગજવામાં

*સાક્ષરશ્રી નરસિંહરાવ દિવેટીયાની દોહિત્રીઓ.

મૂક્યું. થોડા કલાક પછી એ બે બહેનો સાથે અમારે વિશ્વનાથના પ્રખ્યાત મંદિરમાં મહાદેવનાં દર્શને જવાનું થયું. અમે ધક્કામુક્કીમાંથી પસાર થઈ મંદિરના ગર્ભદ્વારે જઈ પ્રેમભાવે દર્શન કર્યાં. ત્યાં મધુરભાવે શરણાઈ વાગતી હતી તે સાંભળવા રોકાયાં. તે પછી અમે અમારે મુકામે પાછાં આવ્યાં.

બીજે દિવસે અમારે ગંગા નદીમાં નૌકાવિહાર અર્થે જવાનું હતું. ..... બહેને મને કહ્યું કે તમારાં કપડાં બધાં બદલો. બધાં કપડાં મેં બદલ્યાં. પહેરેલાં પહેરણના ગજવામાંથી જે તે બધું નવા પહેરણના ગજવામાં મૂકવા માટે જૂના પહેરણનાં ગજવાં ફંફોસવાં માંડ્યાં; તે વેળા માલૂમ પડ્યું કે મારા પહેરણનું ગજવું કપાઈ ગયું હતું. ઘરેણાં ચોરાઈ ગયાં છે! મને થયું કે મારે ભરોસે જે મૂક્યું તેની સહીસલામતી ને જે જવાબદારી મારી પોતાની જરૂર ગણાય એનું ભાન મને બહુ તીવ્રતમ પ્રકટેલું. બહેનને તે હકીકત જણાવતાં એણે તેને નજીવી ગણીને જરાકે મહત્ત્વ આપ્યું નહિ. તેને માટે તે ઘણું ઉત્તમ ગણાય, પરંતુ એનું મને દુ:ખ ને દર્દ હતું.

અમે ગંગામાતાના પુનિત પ્રવાહમાં નૌકાવિહાર માટે ગયાં. નૌકામાં બહેનનાં એક સખીએ મુગ્ધ કરી દે એવા ભાવથી કેટલાંક ભજનો ગાયાં. ભજનો સાંભળતાં મને દિલમાં ભાવાવેશ પ્રકટ્યો, અને શરીરની સ્થિતિ બાહ્ય ભાન-રહિત થઈ ગઈ. તે પહેલાં ઘરેણાંનું ગજવું કોણે કાપ્યું હશે અને મારી જવાબદારી હું અદા ન કરી શક્યો, તે દર્દનો વિચાર સ્ફુરી ગયેલો ખરો. ભાવાવસ્થામાં ઊંડું જવાતાં ત્યાં એક દૃશ્યનો અનુભવ થયો. તે અદ્‌ભુત ને રોમાંચકારી હતો. વિશ્વનાથના મંદિરમાં કોણે ને કેવી રીતે ગજવું કાપ્યું તે દૃશ્ય આબેહૂબ દેખાયું. તે વેળાએ મારાથી કહેવાઈ ગયું કે, ''અલ્યા, આ ઘરેણાં મારાં નથી. મને કોઈકે મૂકવાં આપેલાં છે અને હું તો ગરીબ માણસ છું. હું ભરપાઈ કરી શકું તેમ નથી. આ મિલકત તારાથી જીરવી શકાશે નહિ. તું મને પાછી સોંપી જા. મારું રહેઠાણ અમુક ઠેકાણે છે. સવારે પરીક્ષાનો ટાઈમ હોવાથી અડધો પોણો કલાક હિન્દુ યુનિવર્સિટીના અમુક સ્થળે હોઉં છું. આ બધું

ધ્યાનાવસ્થામાં બનેલું. એવી અવસ્થાથી નાની બહેન મારા પર ખૂબ ચિડાતી. તેને આવું ન રુચે એ સ્વાભાવિક હતું. નૌકા ઓવારાને સ્પર્શી ત્યારે જેમતેમ કરીને મને ભાનમાં આણવાનું મોટી બહેન કરી શકી. તે પછી અમે પાછા હિન્દુ યુનિવર્સિટીનાં અમારાં મકાનમાં આવી ગયાં.

બીજે દિવસે યુનિવર્સિટીના જે મકાનમાં પરીક્ષા લેવાની હતી, ત્યાં અમે ઉપરના માળે હતાં. મોટી બહેન તેના પરીક્ષા હોલમાં હતાં. હું તથા બહેનની એક સખી બહારના વરંડામાં ઊભાં હતાં. તે વેળા વેગળેથી એક માણસ હાંફતો દોડતો આવતો હતો અને મને બોલાવવાની નિશાની કર્યા કરતો હતો. મારી સાથેની બહેને મારું લક્ષ દોર્યું. મને તે ભાઈએ બૂમ પાડીને જણાવ્યું કે, ''ભાઈ સાહેબ! કૃપા કરીને નીચે ઊતરો.'' હું નીચે ગયો ને તેને મળ્યો. તેણે મને કહ્યું કે, ''આ તમારાં ઘરેણાં પાછાં લઈ લો. હું આખા શરીરે એટલો બધો દાઝી મરું છું કે મારાથી અગ્નિનો દાહ જીરવી શકાતો નથી. કૃપા કરીને તે મટી જાય એવું કરો.''

પ્રભુની કૃપાનો ચમત્કાર અનુભવીને મારું હૈયું ભાવથી ગદ્‌ગદ થઈ ગયું. મને ઘરેણાં મળી જવાથી એવી નિરાંતનો અનુભવ પ્રકટ્યો કે જેનું વર્ણન ભાષામાં ઉતારી શકું એવું જોર મારી કલમમાં નથી. વળી, પેલા માણસે કાલાવાલા કરી મને પગે પડી કહ્યું કે, ''ભાઈસા'બ! મારો આ પ્રચંડ દાહ મટાડી દો.'' મેં તેને કહ્યું કે, ''ભાઈ! આ મારા ભગવાનની કરામત છે. તું કેવી રીતે પારખી શક્યો કે આ ઘરેણાંનો માલિક હું પોતે છું?'' તેણે કહ્યું કે, ''ગઈકાલની સમીસાંજ પછીથી મને ઓચિંતો એવો આખા શરીરે પ્રચંડ દાહ પ્રકટેલો છે કે તે સહ્યો જતો નથી. આ આખા સમય દરમ્યાન મને તમારા શરીરની આકૃતિ આબેહૂબ વારંવાર નજર સમક્ષ તર્યા કરતી હતી. તમે ક્યાં રહો છો તે જગાની મને ખબર પડી હતી. સવારના તમે ક્યાં હશો તે પણ હું દેખી શકતો હતો. રાતે આવવાની મારા શરીરમાં શક્તિ ન હતી. અત્યારે પણ નથી, પણ જેમતેમ કરીને આવી શક્યો છું. નીકળવાનું થયું, ત્યારે ચાલી નહિ શકાય એમ લાગતું હતું. પણ પછી એમાં એટલી બધી ગતિ પ્રકટી કે

દોડ્યા જ કરવાનું બન્યું છે અને એકીશ્વાસે અહીં આવ્યો છું. માટે કૃપા કરીને તમે આ દાહ મટાડો.''

મેં તેને અચાનક એમ કહ્યું કે, ''ભાઈ! તું હવે એક વ્રત લે. વિશ્વનાથના મંદિરમાં દર્શને આવનારનું ગજવું કાપીશ નહિ. તું તે વચનનું પૂરેપૂરું પાલન કરશે તો પ્રભુકૃપાથી તારા શરીરનો દાહ જરૂર મટી જશે. કોઈ બિચારો મારા જેવો ગરીબ દર્શન કરવાને આવે અને તેનું ગજવું તારા જેવાથી કપાઈ જાય, તો તેના કેવા હાલહવાલ થાય! તે બિચારા ગરીબને કેવી હેરાનગતિ ભોગવવી પડે. માટે કૃપા કરીને મંદિરમાં કોઈનું ગજવું કાપવું નહિ. એવી અડગ ટેક લે.'' તેણે કહ્યું કે, ''ભૂખે મરીશ પણ મંદિરમાં કોઈનું ગજવું કાપીશ નહિ.'' મને તેના કથન પર વિશ્વાસ પ્રકટ્યો. મેં પ્રભુને તેનો દાહ મટાડી દેવા દિલમાં દિલથી પ્રાર્થના કરી અને થોડીક વારમાં તેના શરીરનો દાહ મટી ગયેલો તેણે અનુભવ્યો અને તે માણસ મને પગે લાગીને રસ્તે પડ્યો.

આ પ્રકારનો અનુભવ મને પ્રભુકૃપાથી થયો. ધ્યાનાવસ્થામાં શરીરનું ભાન જતાં જતાં જે સંકલ્પ પ્રકટે અથવા જે સંકલ્પ તે વેળા કરી શકવાનો જ્ઞાનયુક્ત સંયમ આપણાથી જો મૂકી શકાય તો તે સંકલ્પ કેવો સાકાર બની જાય છે, તેનો આપમેળે પ્રકટેલો પ્રત્યક્ષ પ્રયોગ હતો.

('જીવનદર્શન', આ. ૨, પૃ. ૯૪ થી ૯૯)

કાનપુરમાં એક ગાંડા જેવા માણસને મળવા ગયા હતા. નવાબ-ગંજમાં એક રાજારામ કરીને સદ્‌ગૃહસ્થ રહેતા. લગભગ ૭૦ વરસની ઉમર હશે (૧૯૩૯માં). પોતાનું ઘર છે, પણ તદ્દન બેહાલ, બિસ્માર સ્થિતિમાં. આંગણામાં એક નાનકડી કૂઈ છે. પોતે કશો સંગ્રહ કરતા નથી. પોતે સવાર-સાંજ ફરવા નીકળે તો નીકળે. લોકો એને ગાંડો ગણે છે. મુસલમાનોને સલામ કરે ને હિન્દુઓને 'સીતારામ' કહે. કોઈ પાઈ-પૈસો આપે ને વળી લહેરમાં હોય તો લે ને કોઈને આપી દે. કદીક કદીક ચાહ પોતે બનાવે ને તેમાં દહીં નાંખે! કોઈક ખાવાનું આપે તો ખાય. કશાની પરવા નહિ. આકાશવૃત્તિ રાખે. સરસ ભજન ને સાખીઓ ગાય. મસ્તરામ હતા. તા. ૨૨-૯-'૩૯ની રાતે અમે તેમની પાસે ગયા હતા.

તે તથા હું ધ્યાનમાં જતા રહ્યા. ધ્યાન છૂટ્યા પછી અમે બંને ખૂબ ભેટ્યા. તેઓ ધ્યાનમાં મને પગે લાગ્યા હતા. બીજે દિવસે પાછા અમે જ્યારે અમસ્થા વાતો કરવા ને મળવા ગયા, ત્યારે છૂટા પડતી વખતે એ ભેટ્યા. આ જીવને પગે લાગવા જતાં જરા આઘો ખસી ગયો. એ તો આઘે સુધી મને વળાવવા આવતા હતા, પણ મેં ના પાડી ત્યારે એમણે પોતે જ કહ્યું કે, ''ગઈ કાલે તો તમને હું પગે લાગ્યો હતો. આજે કેમ લાગવા દેતા નથી?'' મસ્ત લોકના ઊલટા વહેવાર હોય છે. એમનો પ્રેમ પણ એવો જ જબ્બર હોય છે. તે વેળા એમના સુંદર ભાવની ઝાંખીનો અનુભવ થયેલો પરંતુ ''રબકી મરજી ક્યા જાને!''

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૬૬–૧૬૭)

(૨)

મારા એક વડીલની દસ વર્ષની બાલિકા ખૂબ રડતી હતી. એને એની મા યાદ આવ્યા કરતી. એની યાદ એટલી બધી ઉત્કટ હતી, કે એનાં ડૂસકાં જ બંધ ન થાય. મા વગરની બાળકીના હૃદયનો તલસાટ અફાટ હતો. એના તલસાટની ઉત્કટ લાગણીથી પ્રભુકૃપાથી હૃદયમાં ખૂબ કરુણાનો ભાવ જાગ્યો. એની માને ગુજરી ગયાને પાંચેક વરસ થઈ ગયાં હતાં. તોપણ પ્રભુકૃપાથી બોલાઈ જવાયું કે, ''બહેન! મા તને જરૂર દેખાશે. હા, હા, જરૂર દેખાશે. તું જો!'' અને સાચે જ તેનાં સદ્‌ગત મા તેને દેખાયાં. તેમણે તેને શાંતિ આપી ને ન રડવા કહ્યું. તે હકીકત તેણે અમને કહી, ત્યારે દિલમાં એવી એક ભાવના પ્રકટી ઊઠી કે આપણે પણ એ બાલિકાની જેમ પૂરા વિશ્વાસવાળા થઈ શક્યા હોત તો આપણને પણ તેની માની જેમ પ્રભુનાં દર્શન ક્યારનાંય થઈ ગયાં હોત! **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૩૦)**

(અનુષ્ટુપ)

મરેલું હો પૂરેપૂરું માંહેથી તૂમડું યદિ,
પોતાને તારવા શક્તિ પામે છે તે હૃદે નકી.

પારો જ્યારે મરેલો હો, શક્તિ રોગ સુધારવા,
—આપમેળે મળે એને, એવું આપણું જાણવું.

મહાત્મા ધન્ય કે જેણે મૃત્યુને ઘોળી પી લીધું!
એવી કૃપાની શી શક્તિ, આજે તે જાણવા મળ્યું!
મૃત્યુને ભેટવામાંયે જેને પ્રેમ રહ્યા કરે,
મૃત્યુ ને જીવવું—બેથી એઓ નિત્ય વસે પરે.

ઉપરનું લખાણ એક કાગળિયામાં લખીને રાખી મૂક્યું હતું. હસમુખભાઈ તે વાંચવા જતા હતા ત્યારે મેં ખેંચી લીધું. મહાત્મા ગાંધીજીની બગડેલી તબિયત અંગે રેડિયોમાં બ્રોડકાસ્ટ થઈ ગયા પછી વાંચવા આપીશ એમ કહ્યું હતું. એક વાર તો જાણે જતું જતું ચેતન અમોને તક આપવાને ણે રહેવા દીધું. એ પ્રસંગના સ્મરણના અનુભવ ઉપર ઉપલું લખાણ લખ્યું હતું.

તેવી રીતે કવિવર ટાગોરના શરીરના મૃત્યુ વિશે પહેલેથી જાણવાનું બની શકેલું. હું ને હેમંતભાઈ ખારમાં બજારમાં ફરવા નીકળેલા. તે વખતે કંઈ પણ છાપાના સમાચાર જાણ્યા વિના તેમને એ હકીકત કહેવાપણું બનેલું. આ બધું લખવામાં આ જીવનું મહત્ત્વ બધામાં પ્રકટાવવાનો હેતુ નથી, પરંતુ સાધના-માર્ગમાં આગળ જતાં જતાં આવી શક્યતાઓ પણ છે. તે સમજાવવાને કારણે ઉપરની હકીકત લખવી પડેલી છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૪૬–૩૪૭)**

(૩)

ગાંધીજીને પેશાબમાં ઝેરી જંતુઓ ઘણાં જણાતાં હતાં, તે અંગે 'આજે હવે નહિ હોય' એવું તા. ૨૪-૨-'૪૩ના રોજ તે અંગેનું બ્રોડકાસ્ટમાં જાહેર થયું, તે પહેલાં મેં જણાવેલું. મારો પેશાબ લઈને વહેલી સવારમાં હસમુખભાઈને તાત્કાલિક તપાસ કરાવી લાવવાને સુધરાઈના દવાખાનામાં મોકલ્યા હતા. ગાંધીજી સાથેનો હૃદયથી સરળતાભર્યો ભાવ, અત્યંત સ્નિગ્ધ માર્દવયુક્ત આદરભાવ, ૧૯ વર્ષ તે ક્ષેત્રમાં કામ કરેલું હોવાથી હૃદયનો પ્રેમભાવ રહેલો હોય, તેથી તેમની સાથે તટસ્થતા-યુક્ત તાદાત્મ્ય પ્રકટતાં તેમનું આપણામાં તેવું પ્રકટાવે છે.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૪૯)

(૪)

કુંભકોણમ્‌માં બપોરે અમસ્તો જાગતો પડેલો, ત્યારે શરીરે ઓચિંતો ધક્કો લાગ્યો. સૂવાની જગાથી ૪૦૦ ફૂટ દૂર આશ્રમનો દરવાજો ચણાતો હતો. ત્યાં એક કડિયો કામ કરતો હતો. એક નાનકડી બેન્ચ, દેવદારનું ખોખું ને તે ખોખા ઉપર ઊભો ઊભો તે સિમેન્ટનું પ્લાસ્ટરિંગ કરતો હતો. તેના શરીરના વજનથી દેવદારનું ખોખું નમ્યું ને શરીર ધડાક દેતાંને નીચે પડ્યું. તે પછી હું ઊઠીને ત્યાં ગયો ને નંદુભાઈને બૂમ મારી. નંદુભાઈ કડિયા કામ કરતા હતા ત્યાં જ બેઠા હતા. એમને પૂછ્યું, ''એને બહુ તો વાગ્યું નથીને?'' પ્રભુકૃપાથી તેને કશી ઊની આંચ આવી નહોતી ને કામ કરી શકતો હતો. થોડાક દિવસ ઉપર એક ઝાડનું મોટું થડ ચાર મજૂરો આશ્રમમાં ઊંચકતા હતા. તેમાંથી થડ લથડ્યું અને એક જણના પર પડ્યું. ખભાથી સાથળ પર, સાથળથી ઢીંચણ પર અને ઢીંચણથી નળા ઉપર ને નળા ઉપરથી પગની પાનીના ઉપલા ભાગ પર પડ્યું. દોઢેક કલાક એને શેક કરવો પડ્યો. પણ વીસ મણ ઉપરાંતનો બોજો પડવા છતાં પ્રભુકૃપાથી તેને કશી ઈજા થઈ નહિ.

અહીં આશ્રમમાં કામ ચાલતું, તે વેળાએ કેટલાક બનાવો બનેલા, જેમાં જાતે સહન કરીને પણ બીજા જીવોને આ કામ નિમિત્તે ઊની આંચ ન આવે તેમ પ્રભુકૃપાએ થયેલું, પરંતુ એમાં અમારી કશી ખૂબી નથી. એ બધી કરામત જો હોય તો તે શ્રીભગવાનની કૃપાની છે.

('જીવનમંડાણ', આ. ૩, પૃ. ૧૩૬–૧૩૭)

૧૧. પ્રભુકૃપા

ભગવાનનો ભાવ એ તો સચરાચર એ હાજરાહજૂર છે. એના અનુભવ પણ એણે કૃપા કરીને જીવનમાં આટલા થોડા સમયમાં પણ કરાવ્યા છે. એનું હાજરાહજૂરપણું મહી ગળતેશ્વર જતાં એણે બતાવ્યું હતું. મેં અને હેમંતભાઈએ ક્યાંક ખાસ એકાંતમાં જઈને એકાદ દિવસ રહીને

ત્યાં ધ્યાનમગ્ન રહીએ એવો વિચાર હતો. પહેલાં અમે ગોધરા ગયા. ત્યાં પહોંચ્યા ત્યાં સુધી તો કંઈ નહિ. રાત પડી ને મૂશળધાર વરસાદ. વીજળીના કડાકા અને મોટાંમોટાં ઝાડો હાલી ઊઠે એવું તોફાન થયું. સવારે નીકળી મહી ગળતેશ્વર જવું તદ્દન અશક્ય લાગતું હતું અને ટ્રેન તો બહુ વહેલી સવારે સાડાચારેક વાગ્યે નીકળી જાય. એટલે આશ્રમમાંથી (ગોધરાના) સાડાત્રણેક વાગ્યે નીકળવું પડે એમ હતું. છતાં પ્રભુકૃપાથી બરાબર નીકવાનો વખત થયો ત્યાં વરસાદ બંધ થઈ ગયો! એવી તોફાની રાતે એટલા વહેલા બહારગામ જનારા પણ કોણ હોય? રેલવેના અમારા આખા કંપાર્ટમેન્ટમાં અમે બે જ એકલા હતા. એકાંતમાં પ્રભુકૃપાથી હેમંતભાઈને એક હાથનો સ્પર્શ જીવંત ચાલુ રહે એવી રીતે ભાવસ્થ દશામાં જવાનું થયેલું. એમનું જીવનપ્રયાણ કેવા ઘોર વનમાંથી મારી સોબતમાં થશે અને કેવો દાવનાળ એ વનમાં સળગશે તથા અસંખ્ય જૂનાં (જીવન-પ્રકૃતિરૂપી) વનવાગળાં અને ચામાચીડિયાં વગેરે તેમાં બળીને કેવાં ભસ્મ થઈ જશે અને અમે મંદિરે પહોંચીશું એ બધું પ્રભુકૃપાથી સિનેમાની જેમ પ્રત્યક્ષપણે દેખાયું. તેમને તે બધું કહેલું, એટલે અમારો જવાનો હેતુ તો ત્યારે જ મહી ગળતેશ્વર જતાં પહેલાં, સિદ્ધ થઈ ગયો હતો. પરંતુ એમની ખાસ ઈચ્છાથી અમે અંગાડી સ્ટેશને ઊતરેલા. સવારના પાંચેક વાગ્યે સ્ટેશને ઊતર્યા ત્યારે અંધારામાં મહી ગળતેશ્વરનો રસ્તો ક્યાંથી સૂઝે? તેથી અમે માંહેમાંહે વાત કરતા હતા કે શું કરવું, એટલામાં એક બીજો ઉતારુ અંગાડી સ્ટેશને ઊતર્યો હશે કે સ્ટેશને પહેલેથી જ હશે. તેણે અમારી વાત સાંભળીને જાતે તરત કહ્યું, ''ચાલો, મારી સાથે. મારે ત્યાં જ જવું છે.'' ધોધમાર વરસાદ અમે નીકળીએ ત્યારે જ રહી જાય, ટ્રેનમાં અમારા ડબ્બામાં કોઈપણ બીજું ન હોય, અંગાડી સ્ટેશને કોઈ એક જ તૈયાર ઊભેલું હોય અને આપણને રસ્તો વગર પૂછ્યે બતાવે—એ બધા યોગાનુયોગમાં પ્રભુનો હાથ—એનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર—શું નથી દેખાતો? ('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૬૮)

• • •

અમે બધાં હિમાલયની યાત્રાએ જતાં હતાં. એક બહેન અમારી સાથે વહેલી સવારથી મુસાફરીમાં પગપાળા નીકળી પડતી. નંદુભાઈ બધો સામાન ઠીકઠાક કરી પછીથી મોડા નીકળતા. અમે બંને તો વહેલાં નીકળી જતા. કેટકેટલીક વાર માથે વરસાદ પડતો હોય ને હું મોટેથી સાંભળી શકાય એવી રીતે, અમે મુકામે પહોંચીએ ત્યાં સુધી વરસાદ અટકી જવાની પ્રાર્થના કરતો. આવું કંઈ એક-બે વાર થયું નથી. કેટલીક વાર તેવું બનેલું ને પ્રાર્થનાથી વરસાદ પડતો અટકી જતો.★

રસ્તામાં ચાલતાં ચાલતાં એ બહેનને ચૂંક આવતી હતી. અને ચૂંક તે કેવી! તે જરા પાછળ હતી. આ જીવ આગળ ચાલતો હતો. તેણે તે હકીકત જણાવેલી નહિ. એને શેકની ઘણી જરૂર હતી. અમારી સાથે રસોઈયો હતો. તેણે ને આ જીવે થઈને સળગી શકે એટલાં લાકડાં એકઠાં કર્યાં, તેની કને દીવાસળી હતી તે બધી તેણે પેટાવી જોઈ. પરંતુ કર્મ-સંજોગે બધી ખલાસ થઈ. દેવતા ન સળગ્યો તે ન સળગ્યો. હવે દીવાસળી તો રહી નહિ; દેવતા સળગાવવાની ઘણી જરૂર હતી. ત્યાં ઘાસ ને એવું બધું જે એકઠું કરેલું હતું, ને તેના પર નાનાં નાનાં ઝટ સળગી શકે એવાં સળેકડાં ગોઠવીને મૂક્યાં હતાં. ત્યાં આગળ આ જીવે મોંથી ધમણની પેઠે ફૂંકવા માંડ્યું. ઘણી વાર સુધી એમ ફૂંક્યા જ કર્યું ને પ્રભુકૃપાથી દેવતા સળગ્યો. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૬૪–૬૫)**

વળી જે સ્થળે અમારે પહોંચવાનું હતું, તે અઢી માઈલ દૂર હતું. થોડો થોડો વરસાદ પડ્યા જ કરતો હતો. અહીંના વરસાદમાં અને હિમાલયમાં પડતા વરસાદમાં ફરક છે. વરસાદમાં અમે એટલું ચાલ્યા કર્યું : માથે પડતો વરસાદ અનુભવી રહેલા છીએ; ને ચાલતાં ચાલતાં મુકામે પહોંચ્યા ત્યાં સુધી માથે તેવો વરસાદ પડ્યા કરતો હતો. તેમ છતાં અમે પહોંચ્યાં ત્યારે અમારાં કપડાં કોરાં હતાં! પડતા વરસાદમાં એટલું બધું ચાલવાનું થતાં પણ કપડાં પાણીથી તરબોળ ન થઈ ગયાં.

★અમારી સાથે ૯ માણસો હતા. તેમની પાસે ઓઢવા-પાથરવાનું ખાસ સાધન નહિ. વરસાદમાં તેઓ ભીંજાય. તેથી કરુણા જાગી. નિમિત્તના સંજોગે કરીને વરસાદને અટકવાની પ્રાર્થના કરતો.

એ ભારે નવાઈ નહિ તો બીજું શું? અમે કાંઈ માથે ઓઢ્યું ન હતું એ નક્કી વાત છે.

એક વાર પૂજ્ય મોટીબાની પાલખી ગબડી પડેલી. હું પોતે પાલખીના સ્થળથી ઘણે દૂર હતો. હું ગબડ્યો ને બોલ્યો કે, 'આજે તો બાની પાલખી પડી ને બધાં બચી ગયાં.'

હિમાલયમાં રસ્તે ચડતાં શ્રી નંદુભાઈના પત્ની કાન્તાબાને ભારે થાક લાગ્યો અને ભારે તરસ લાગી! કંઠમાં જાણે કાંટા ભોંકાતા હોય તેવું લાગ્યા કરે. હવે એક ડગલું આગળ ચાલી શકાય એવી સ્થિતિ ન રહી. તરસ કહે મારું કામ! એક ઠેકાણે ભેખડની છેક નીચે પાણીનો મોટો વેકળો વહેતો હતો. ઊતરવું ઘણું જોખમકારક ને કઠણ હતું ખરું, પણ કરવું શું? તરસ છીપાવ્યા વિના એનાથી ચલાય એવું હતું નહિ. મેં તે વેળાએ શ્રીભગવાનની પ્રાર્થના કરી. અંતે પોતે પાણી લેવા નીચે ઊતરવાની તૈયારી કરી. જેવાં ડગલાં ભરવાં માંડ્યાં ત્યાં અચાનક એક છોકરો એકદમ બહુ જ પાસે પાણી લઈને ઊભેલો દેખાયો ને બહેનને પાણી આપ્યું. તે બહેને પેટ ભરીને પાણી પીધું. પોતે તૃપ્ત થઈને પાછું વળીને જુએ તો તે છોકરો દેખાયો નહિ. રસ્તો સીધો હતો. નીચે ખીણમાં ઉતર્યો હોય તો તે જોઈ શકાય તેવું હતું. ગમે તેમ થયું. પણ પ્રભુકૃપાથી પાણી મળ્યું. તે હકીકત કંઈ જેવી તેવી નથી. છોકરો કદાચ ઝપાટાભેર ક્યાંક જતો રહ્યો હોય ને દેખ્યામાં ન આવ્યો હોય એમ પણ બને.

અમારે રાત રહેવાની જગા ઘણી જ રળિયામણી હતી. ત્યાં મોટી વેલ વગેરે ચડેલી હતી, તેથી તે યાદ રહી જાય તેવી હતી. રાત્રે સામાન વગેરે પેક કરીને દસેક વાગ્યે પરવાર્યા હોઈશું ને મધરાતે બે-અઢી વાગ્યે તો ત્યાંથી નીકળ્યા હોઈશું અને રુદ્રપ્રયાગ આઠેક વાગ્યે પહોંચી ગયેલાં. અમને શરીરે કોઈને કશો જ થાક લાગેલો નહિ ને બહેનનો તો રસોઈ કરવાનું પણ ત્યાં કામ હતું. ઘી નહોતું, એટલે તે બહેનને ભિક્ષા માગીને લઈ આવવાનું સૂચવેલું. આટલા બધા માઈલ એકધારું ચાલવું ને રાત્રે માત્ર થોડાક કલાક સૂવાનું મળ્યું હોય એવી સ્થિતિમાં શરીરે થાક ન લાગવો અને પાછું કામે વળગી જવું અને વળી જેને જીવનમાં ચાલવાનો

જરા પણ મહાવરો ન હોય તેવા માટે—આ બધી ઘટના સામાન્ય માનવીથી બની શકે તેવી નથી. ૨૮ કલાકમાં અમે લગભગ ૩૨ માઈલ ચાલ્યા હોઈશું. ત્રણ કટકે તેટલો પંથ કપાયો હતો. ૧૩ કલાક ચાલવામાં ગયેલા. શ્રી નંદુભાઈ તેમની હિમાલયયાત્રાની નોંધમાં લખે કે ''૨૮ કલાકમાં (જેમાં ચાલવાના કલાક તો ૧૩ હતા) અમે સૌ ૩૨ માઈલ ચાલ્યા. આ એક હેરત પમાડે એવી ઘટના મને લાગી અને જ્યારે ચમોલીમાં તો શરીર-દુઃખથી થાકીને હારી ગયેલો જ્ઞાનસિંગ પણ ૨૮ કલાકમાં ૩૨ માઈલ પાલખી લઈને ચાલ્યો. આ જ્ઞાનસિંગ માંદો હતો. એને ચમોલીથી છૂટો જ કરી દેવાનો હતો, અને કરી પણ દીધો હતો. તેને બદલે બીજો માણસ પણ રાખી લીધેલો. ને તેને પાલખી ઊંચકનાર માણસો સાથે રાત્રે સુવાડેલો પણ વહેલી સવારે પેલો નક્કી કરેલો માણસ ક્યાંક ભાગી ગયો હતો; જ્ઞાનસિંગે પણ ચાલતી પકડેલી, જેને બીજો માણસ દોડતો જઈને આઘેથી બોલાવી લાવ્યો. ત્યારે આ જ્ઞાનસિંગની ચાલવાની ઘટના અને અમે સૌ ચાલ્યાં એ ઘટના આશ્ચર્યકારક ગણાય!''

હિમાલયની યાત્રાએ નીકળ્યાં ત્યારે અમે હૃષિકેશ સીધા જઈને શ્રીકાળી કામળીવાળા બાબાની ધર્મશાળામાં ઉતારો કરેલો. ત્યાંથી અમે હરિદ્વાર આવેલાં. હરિદ્વારમાં ભાઈ સિદ્ધાર્થનું શરીર સારું નહિ. તેના શરીરને ઘણા ઝાડા પણ થયા કરતા. એ અમદાવાદ હતો ત્યારથી દવા તો શરૂ કરેલી અને નીકળતી વખતે પણ ઝાડા હતા. હરિદ્વારમાં હૃષિકેશથી આવીને દવા તો શરૂ કરેલી પણ મટતા ન હતા. અમે તેની દવા લઈને પાછા હૃષિકેશ જતા હતા, ત્યારે આપોઆપ એમ ઉચ્ચારાયું કે આવતીકાલે તો આપણી હિમાલયની યાત્રા શરૂ થવાની ને સિદ્ધાર્થને હજી ઝાડા બંધ થયા નહિ! એનું શરીર સાજું હોત તો ઘણો આનંદ પડત. ત્યારે નંદુભાઈએ કહ્યું કે, ''એને સાજો કરી દોને!'' શી ઘટના બની તે તો એકલો શ્રીપ્રભુ જાણે પણ તે જ વખતથી તેના શરીરને સારું થયું. પરંતુ તેને જે પીડા હતી અને રોગ હતો તે આ જીવ ભોગવતો હતો.

આટલું શરીરે ભોગવતા હોવા છતાં તેની અશક્તિ શરીરને નહોતી અને હિમાલયમાં ચઢવાનું નિરાંતે બની શકતું.

આવું બધું લખવાની પાછળ બીજો એક એવો પણ હેતુ છે કે જેથી સારી રીતે હૃદયની ભાવનાથી મથનાર જીવ જીવન પ્રકટાવવામાં પ્રાર્થનાના રહસ્યનું કેટકેટલું ઉપયોગીપણું છે, તે સમજે ને પ્રાર્થનાનો જ્ઞાન-ભક્તિપૂર્વકનો અંતરથી આશ્રય લે. ('જીવનપોકાર', આ. ૪, પૃ. ૬૬ થી ૭૧)

• • •

કરાંચીમાં રહેતો હતો, ત્યારે કોઈકના એક જણ પર કાગળ આવતા હતા અને કાગળને ફોડ્યા વિના તેમાં શું શું લખેલું છે, તે બધી હકીકત તેની હાજરીમાં કહેવાનું પ્રભુકૃપાથી થતું. આવા પ્રસંગો એકબે વાર નહિ, પણ આઠ-દસ વાર બનેલા. એ તો એક પ્રયોગ તરીકે અનુભવવા પૂરતું તેમ બનેલું. તેવો પ્રયોગ ચાલુ ન રાખી શકાય. વળી કરાંચીમાં પૂજ્ય બાપુ મને અમુક માણસો વિશે પૂછતા ત્યારે તે જીવ અંગે કહેવાનું બનતું. પરંતુ પ્રભુકૃપા કરીને સૂઝાડ્યું કે તેમ કરવું અને તેમ કહેવું એ અયોગ્ય છે. પછી તેમને પણ મેં જણાવી દીધેલું કે ફરીથી તેઓ મને કૃપા કરીને ન પૂછે. સાધનાની અમુક કક્ષાઓ વટાવ્યા બાદ આવી સ્થિતિ પ્રકટે છે તે હકીકત છે. ('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૪૫–૨૪૬)

• • •

તા. ૨૧-૨-'૪૩ના રોજ તાંજોર છોડ્યા પછી આનંદની લહેર વધવા લાગી, બ્રહ્મરંધ્રમાં અંદરબહાર બધો પ્રદેશ ખુલ્લો થઈ ગયો. રોમરોમમાં આનંદનાં ઉત્સવનું થનગનાટ કરતું નૃત્ય પ્રસરેલું હતું. તેવું અત્યંત ઉત્કટ માત્રામાં પોણો કલાક હતું. ત્યારપછી થોડુંક ઊતરતું હતું. તે રાત્રે પાછું ચઢતું હતું. એ ક્રિયા સળંગ, પ્રશાંત, સક્રિય, વેધક, છંદોમય અને સુખદ હતી તોપણ તે પીડા કરતી હતી; કારણ કે જ્યારે પસાર થતી હતી, ત્યારે તેને પોતાનો માર્ગ કરવા માટે કંઈક સખત ગાંઠ કાપવાનું બનતું હતું. આમ છતાં અતિશય આનંદને કારણે દુઃખ હોવા છતાં લાગતું ન હતું અને છતાં તે દુઃખના અનુભવનું ભાન તો હતું જ.

ઉપર્યુક્ત અનુભૂતિની લાગણીઓ, મારામાં ને મારી એમ પારસ્પરિક હતી. છતાં તે હું તટસ્થભાવે એકલો અનુભવું છું. એકીસાથે ત્રિવિધ ક્રિયાઓ અને સાક્ષી ચોથો; તેમ છતાં ચારેની એકરૂપતા-

એકસામ્યતા-એકરસતા એકમાં જ અનુભવાતાં હોય, એવો તે લીલા-ખેલ હતો. એ તો આપણા હૃદયમાં બીજા પરત્વે જે હૃદયનો પ્રેમ હોય છે, એ પ્રેમમાં જેટલા પ્રમાણમાં એકરૂપતા હૃદય-હૃદય વચ્ચે જામવા માંડે છે ત્યારે એવું અનુભવાયા વિના રહેતું નથી. આમાં મહત્ત્વ ને મહત્તા હોય તો તે પ્રેમનાં છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૩૩–૩૩૪)**

● ● ●

એક વાર હેમંતભાઈ અને આ જીવ બન્ને ચોરવાડ ગયેલા. ત્યાં એક સદ્‌ભાવી સજ્જન શ્રી હરખચંદભાઈ હતા. તેઓ શ્રી જીવણલાલ એલ્યુમીનિયમવાળાના સગા ભાઈ થાય. ઘણા સેવાભાવી અને ગાંધીજીની આદર્શ ભાવનાથી જીવનમાં રંગાયેલ હતા. પૂજ્ય શ્રી ઠક્કરબાપાને માટે તેમને ઘણો ઘણો પ્રેમભાવ અને ભક્તિ હતાં. જેમણે 'સ્વર્ગની સીડી' વગેરે પ્રકારનાં પુસ્તકો લખેલાં છે તે સ્વર્ગસ્થ શ્રી અમૃતલાલ પઢિયારને અને તેમને ઘણો નિકટનો સમાગમ હતો. તેમને રહેવા માટે તેમણે એક ઘર પણ બાંધી દીધેલું. હજી એ તેમના નામથી જાણીતું છે. તે કોઈને જપાદિ સાધન કરવું હોય તો ત્યાં બેસીને તે નિરાંતે કરી શકે. તે કાજે જે સરળતા જોઈએ, તે તે સગવડ અને સરળતા ત્યાં મળી શકે.

તે શ્રી હરખચંદભાઈએ આ જીવને તાર કરીને એમને ત્યાં રહેવા આમંત્રણ આપેલું. ત્યાં બેત્રણ દિવસ રહ્યા હોઈશું. એમને ચોરવાડમાં જમીન-જાગીર પણ ઘણી. વાડી-બગીચાના ભારે રસવાળા. ખેડૂતો ને તેમનો સંબંધ હૃદયના અનોખા ભાવનો. આવેલા ખેડૂતો માટે, એમનાં પત્ની જાતે રોટલા-શાક આદિ બનાવે. શ્રી હરખચંદભાઈ તેમને જાતે પ્રેમથી પીરસે. એક દિવસ તો ઓચિંતા ૧૨-૧૪ ખેડૂતો આવી ચઢેલા. તે વેળા આ જીવે પણ પીરસવાનું કામ તેમની સાથે કરેલું. શ્રી હરખચંદભાઈનો તે લોકોને જમાડવામાં જે પ્રેમભાવ હૈયામાં પ્રકટેલો નીરખ્યો છે, તે જીવનમાં યાદ રહી જાય તેવો હતો.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૦૨)

● ● ●

ત્યાં આ જીવને કમળો થયો ને તેમાંથી સખત કમળી થઈ. અમે ત્યાં હતા ત્યારે જૂનાગઢના નવાબ સાહેબ પણ ત્યાં હતા. તેમના દાક્તર પણ ત્યાં હતા. એમની કને યોગ્ય સારવારાદિ કરવાનું તેમણે ઘણું કહ્યું પરંતુ આ જીવને તો જીવ બસ ઊઠ્યો તે ઊઠ્યો જ. તેમણે તો ઘણોય આગ્રહ કર્યો, કે આવી દશામાં છેક ટ્રિચી સુધી ૧૫૦૦ માઈલ દૂર ક્યાંથી આરામ લીધા વિના—એકધારું આટલા બધા માઈલો આગગાડીમાં જવું ને તે પણ આવા શરીરે—તે ઘણું જોખમકારક છે.

પણ આ મૂર્ખાનંદ કંઈ માને એવા થોડા હતા! એ તો નીકળ્યા તે નીકળ્યા. વીરમગામ તો આવી પહોંચ્યા. તે જમાનામાં (૧૯૪૪માં) બીજા વર્ગની ટિકિટ ઓચિંતી મળવી તે તો અશક્ય ઘટના હતી. બલકે મળી જ ન શકે ને! વીરમગામ પર એક ટિકિટ ઈન્સ્પેક્ટર મળી ગયા. તેમણે જ આ જીવને ઓળખ્યો. તેઓ નડિયાદના હતા. તેમને મારા નિર્ણયની બધી વાત કરી. તેમણે બીજા વર્ગની ટિકિટ લઈ આપી. મેં મુંબઈ પહોંચી, તે જ દિવસે બપોરે દોઢ વાગ્યે ઊપડતી ગાડીમાં મદ્રાસ જવા બીજા વર્ગની ટિકિટ તો ન મળી. ઈન્ટરની મળી, તે પણ મહા-મુશ્કેલીથી. મુંબઈથી મદ્રાસ પહોંચી, મદ્રાસમાં ક્યાંયે ઊતર્યા વિના ત્યાંથી તે ને તે રાત્રે ટ્રિચી જવાની ગાડી પકડેલી. વહેલી સવારે ત્રિચિનાપલ્લી જંકશને પહોંચીને બળદગાડી કરાવીને કેરાપટ્ટી (ટ્રિચી શહેર પાસેનું નાનકડું ખ્રિસ્તી લોકોનું પરું) પહોંચેલો. શરીરની કમળીની દશામાં આવી રીતે ઠેઠ ચોરવાડથી ટ્રિચી આવી શકવાનું બનવું તે હકીકત શ્રીભગવાનની પ્રત્યક્ષ કૃપા જ હતી.

તે વેળા આ શરીરની દવા વગેરે કરાવવાનું પૂજ્ય મામાએ અને નંદુભાઈએ ઘણું જ આગ્રહપૂર્વક કહેલું. તેમને જણાવેલું કે હમણાં નહિ, આ રોગ એની મેળે મટી જશે. ત્યાર પછી આ શરીરમાં જે જે બધું થાય છે, તે બધું જ લખાવીશ. તે પછી દવા કરાવવાનું રાખીશું. થોડાક દિવસો બાદ તે રોગ મટી ગયો. પછીથી આ શરીરમાં જે જે થતું હતું, તે શ્રી નંદુભાઈ કને લખાવેલું. બે-ચાર પાનાં ભરીને તે લખાણ થયેલું. નંદુભાઈએ તો આ શરીરમાં જે જે થતું હતું તે બાબતનું લખેલું કાગળિયું

ડૉક્ટરના હાથમાં મૂકી દીધેલું. તે વાંચી તેઓ તો આભા જ બની ગયા હશે! પછી તેમણે કહ્યું કે, આ કાગળિયું હું મારી કને રાખું છું. આનો હું બરાબર અભ્યાસ કરીશ. તમે કાલે આવજો. એટલે દવા કરવાનું શરૂ કરીશું. બીજે દિવસે શરીર જોયું ને દવા શરૂ કરી. નંદુભાઈએ ડૉક્ટરને ત્યાં જવા કાજે એક બળદગાડી ભાડે રાખેલી. એમાં રોજ ત્યાં જતો. દરેક ૪-૫ દિવસે તો કોઈક વાર ૩-૪ દિવસે શરીરમાં જુદાં જુદાં લક્ષણો પ્રવર્તતાં હતાં, તેમ તેમ તે દવામાં પણ ફેરફાર કર્યા કરે.

એક દિવસે દવાખાને મારે અડધા કલાકથી વધારે ખોટી થવું પડ્યું. જવાનો વારો આવતાં ડૉક્ટરને મેં કહેલું, Well Doctor Saheb! I am not in the habit of waiting. (ડૉક્ટર સાહેબ, મને રાહ જોયા કરવાની ટેવ નથી.) ડૉક્ટરે તુરત જ મારી સામું જોઈને કહ્યું કે, ''હા, હું તે હકીકત જાણું છું. તેથી હવેથી જ્યારે તમે આવો ત્યારે તરત જ જરા પણ સંકોચ પામ્યા વિના મારી કને તમારે આવી પહોંચવું. તુરતા-તુરત તમારું શરીર જોઈ લઈશ; ને તમને જવાને માટે સવેળા જ મુક્ત કરી દઈશ.'' પછી તે દાક્તરે કહ્યું કે સામિયાર (દક્ષિણમાં સંત માટે વપરાતો શબ્દ.) તમારે દવા લેવાની જરૂર જ નથી. દવા શેની કરું? આમ અમુક હોય તો કાલ વળી બીજું તો અમુક વેળાએ ત્રીજું હોય તે પછી ખાસ ગંભીર વદને એમણે કહ્યું કે, મને તમારી આગળ આવીને મારા જીવનની સઘળી કથની કહી સંભળાવવી ને ખાલી થઈ જવાનું દિલ આ બે-ત્રણ દિવસથી થયાં જ કરે છે. જો તેવી ને તેવી પ્રેરણા અદમ્ય નીવડશે તો કોઈ દિવસે તમારી પાસે આવીને બધુંય કહી દઈને શાંત બનીશ. આવું કદી મને થયું નથી. તમારી કને જ હૃદય ઠાલવવાનું દિલ થયાં કરે છે.

તે પછીથી જે બારેક વાગ્યા પછી એક દિવસે ભાઈ રહેતા હતા તે જગાએ તેમની મોટરમાં આવી પહોંચ્યા, ને કહેવા લાગ્યા કે તમારી કને આવ્યા વિના આખરે તો રહેવાઈ જ શકાયું નહિ, તેથી આવ્યો છું. ને પોતાના જીવનની હકીકત ઉઘાડી રીતે જણાવી.

કાંઈ એમની જીવનની કથનીમાં અવનવું આડાઅવળાપણું હતું. તે બધું જ એકધારું મુદ્દલે ખચકાયા વિના તેઓ બસ કહ્યે જ ગયા. ને કહી રહ્યા બાદ તેમને શાંતિ થઈ હોય એમ તેમને જરૂર લાગેલું.

તે સંબંધ ત્યારથી જે જીવતો થયેલો છે, તે સંબંધ આજે પણ કાયમ છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૦૩ થી ૩૦૬)**

• • •

ભાઈ હેમંતકુમારને પરમ પૂજ્ય શ્રી નાનચંદ્રજી મહારાજ સાહેબ પાસે 'જીવનસોપાન'નું હાથે લખેલું બધું લખાણ વાંચી સંભળાવીને તેમની (મહારાજશ્રીની) પ્રસ્તાવના લેવાના કાજે જવાનું બનેલું. જે એક દિવસ તો સારી રીતે વાંચવાનું બન્યું, પરંતુ બીજે દિવસે બહાર શૌચ જવાનું થતાં તેમના વાંચવાનાં ચશ્માં ક્યાંક પડી ગયાં. છતાં પાંચ-છ દિવસ સુધી ચશ્મા વિના વાંચવાનું બન્યું તે એક આશ્ચર્યકારક ઘટના હતી. ચશ્મા પહેર્યા વગર તેમણે વાંચી જોવાનો પ્રયોગ કરી જોયો હતો, પણ બરાબર ફાવેલું નહિ. એકલા નામસ્મરણના ભાવથી કે પ્રાર્થનાથી સાયલામાં તેવી રીતે તે બધું લખાણ વાંચી શકવાનું બન્યું તે જો હકીકત સાચી હોય, તો કોઈ બીજા સમયે પણ તેવા જ સાધનથી તેમ બની શકવું ઘટે. પરંતુ સાચી હકીકત તો એ છે જેનું તે લખાણ હતું તેની કોઈ ચેતનાની શક્તિએ તેમને પ્રેરાવીને તે કામ કરાવેલું હતું.

તે ઉપરાંત તેઓએ મારા પરના એક કાગળમાં લખેલું કે, હિમાલયમાં કેદારબદ્રી જવા સારુ રોજના ૧૦-૧૧ માઈલ ચડી શકવાનું મારાથી બન્યું, તે મારા જેવાના શરીરની સ્થિતિથી બનવું કદી પણ શક્ય ન હતું, તે હજી પણ નથી. વળી ત્યાં કડકડતી ને શરીર ઠરી જાય એવી ઠંડીમાં શરીર સારી રીતે ટકી શક્યું, તે હકીકત મારા જેવાને કાજે એક ચમત્કારિક ઘટના છે. હિમાલયની મુસાફરીમાં ચાલી શકવાનું બન્યું, ને આખી યાત્રામાં પ્રત્યેક સ્થળે જે અણધારી છક કરી નાંખે એવી સગવડો મળ્યા કરી, તે કોઈકની ચેતનાત્મક શક્તિને આભારી હતું, તેના વિશે મારા મનમાં લવલેશ સંદેહ નથી. મારા જીવનમાં આવા એક બે અટૂલાં કંઈ પ્રસંગો નથી. એવા કેટલાય પ્રસંગોનું વર્ણન લખી શકું એમ છું.

પરંતુ ઘણી દિલગીરી અને દુઃખની હકીકત તો એ છે કે એવા પ્રસંગોથી જીવનવિકાસના માર્ગમાં જે ઉડ્ડયનની ગતિ પ્રકટવી ઘટે તેમાં હજી પૂરેપૂરા ચેતનાત્મક પ્રાણ પ્રકટેલા અનુભવી શકતો નથી!

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૩૨ થી ૪૩૪)

હેમંતભાઈ જ્યારે મારા મિત્ર તરીકે ઓળખાતા હતા, તે વેળા જ્યારે શિરોહીમાં માંદા થઈને રહેલા, ત્યારે તેમને નવસારીથી મળવા જવાનું આ જીવે કરેલું. માત્ર ત્યાં ૩ દિવસ રહેલો. એ ત્રણ જ દિવસમાં હેમંતભાઈના શરીરનું વજન દોઢ શેર જેટલું વધેલું. બીજા એક પ્રસંગે એમનું શરીર માંદું હતું. તેઓ દવા લઈને મારી સાથે આવેલા પછીથી તો દવા લેવાનું જ ન કર્યું. અને મારી કને માત્ર રહેવાથી તેમના શરીરનું વજન ૧૦ શેર વધ્યું હતું. તેમના શરીરની સ્થિતિ કેટલી ખરાબ હતી, ને કેટકેટલી નબળાઈ રહ્યા કરતી, તે તો તે પોતે જાણે છે. એ વખતે તો બે ફર્લાંગ ચાલવું એમને માટે શક્ય નહોતું. '૩૮ની સાલ પછી એમને આખે શરીરે ઘણી ખંજવાળ આવ્યા કરતી. જ્યારે જોઈએ ત્યારે એમને ખંજવાળતાં જોયા કરીએ. તેમના આ જીવનવિકાસના માર્ગ પરત્વેના વલણ પછી તેમના શરીરની તે ખંજવાળ ગઈ તે ગઈ. આ જીવના શરીરે તે ચઢેલી તે કેવો મારો નક્કર અનુભવ છે! એક વેળા આ જીવ બનારસમાં હતો ને હેમંતભાઈને ખરજવાની પીડા વિશેષ હતી. એટલે આ જીવે હેમંતભાઈ માટે બે તાર કર્યા. એક ડૉક્ટરને ને બીજો બીજે. ડૉક્ટરે તેમની સેવા તો કરી, પણ પૂજ્ય મોટીબાએ હેમંતભાઈની દવા કરી. તેમને મટાડ્યું પણ તે વેળા આ જીવના શરીરે તે પીડા ઉદ્ભવેલી, જે તેનું બાકી રહેલું ચિહ્ન આજે પણ મારા ડાબા હાથની કોણી આગળ રહેલું છે.

એક વાર આ જીવ ટ્રિચી નજીક કેરાપટ્ટીમાં હતો. મારા પેટમાં ઘણો દુઃખાવો થયો ને ત્રણ દિવસ રહેલો. તે વેળા અમારાં મિત્ર-પત્નીને પ્રસવની પીડા પ્રકટેલી ને તે ત્રણ દિવસ પછી ઠીકઠાક બનેલું. તારીખો પણ મળતી આવેલી.

જે જે જીવો આ જીવના સંબંધમાં આવ્યા છે ને જેમની સાથેનો કંઈક હૃદયનાં સ્વજન જેવો સંબંધ થયો છે, તે દરેક જીવનાં તેમનાં તેમનાં

શરીરની માંદગી જે રોગ આ જીવના શરીરે પ્રેમભાવે ભોગવ્યા કરેલા છે. તેવા ખરા ને સાચેસાચા અનુભવ આ જીવનાં ઘણાં સ્વજનોને થયેલા છે. કોઈપણ તેની ના પાડી શકે એવું નથી. દરેકની સાથે હૃદયની સહાનુભૂતિપૂર્વકની તાદાત્મ્ય એકતાનો ભાવ સહજપણે પ્રકટતાં, આ જીવમાં તેમ બની જતું હોય છે. આ જીવના શરીરમાં તો એવું કેટલું બન્યાં કરતું હોય છે! કેટલીક વાર તો આવીને પસાર પણ થઈ જતું હોય છે; કોઈક વાર શરીરના આધારમાં થોડોક સમય ટકે પણ ખરું.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૩૬–૨૩૮)

કુંભકોણમ્‌માં પેઢીએ પૂજ્ય મામા (ગોપાળદાસ) અને મોટાભાઈ (વાડીભાઈ) રહેતા હતા. ઘરમાં એક નાની દીકરી પણ રસોઈ વગેરે શીખવાડવું જોઈએ તેટલી ઉંમરની ખરી. તેથી તેને રોજ વહેલી ઉઠાડું. ચૂલો કેમ સળગાવવો તે બતાવું. રસોઈ તેની કને જ કરાવવાનું બનતું. સવારમાં તે વહેલી રસોઈ કરીને થોડુંક ખાઈને મિશનની કોન્વેન્ટ શાળામાં જતી રહેતી. એટલે ખાવાનું તો લગભગ ૮-૩૦ વાગ્યા સોરું-વહેલું થઈ જતું, ને ૮-૪૫ પછીથી તે બસની રાહ જોતી, ઓટલા પાસે ઊભી ઊભી કે બેઠીબેઠી વાંચે. તે છોકરીના પિતા તો રોજ બપોરે સવા વાગ્યે પેઢીએથી ઘેર આવે. એ દીકરીનાં બા હાજર હોય તો તેના પિતાને રોજ ઊનું જ જમાડેને? ને સાડા આઠ વાગ્યામાં ખાવાનું થયેલું હોય તે કાંઈ સવા-દોઢ વાગતાં સુધી ઊનું થોડું જ રહી શકે? એટલે બપોરના પોણાએક વાગતાં ચૂલામાં કોલસા નાંખી તે સળગાવીને બધી રસોઈ ગરમ કરી લે, જેથી તેમને જમવાનું ગરમાગરમ મળી શકે. તેઓ તો આ જીવને એમ જ કહે, ''મોટા! આવી તકલીફ તમે લો છો, તે તો મુદ્દલે ગમતું નથી. મારે તો બધું જ જરૂર ચાલશે. પરંતુ આ જીવને તો કામ કરવાનું હતું—ભાવનાની ખાતર તેથી કરીને જે તે જીવને ઊગવાપણું હોય તો ઊગે કે મારા હૃદયનો પ્રેમભાવ બધાં પર કેવો છે! બધાંને માટે આ જીવ મથતો હોય છે. બીજાં વહાલાં અને અમુક અળખામણા એવું આ જીવમાં તો કશું જ નથી. તેથી કહેતો, ''ભાઈ! ક્યાં કોઈની ખાતર કરવાનું બને છે? તે બધું ભાવના ખાતર જ હોય છે. હૃદયની ભાવના જો સાચી હોય તો બધુંય એની મેળે બન્યાં કરે.''

હવે એક દિવસ એવું બન્યું કે પૂજ્ય મામા ને મોટાભાઈ સાડા અગિયાર વાગ્યાના સુમારે બાને ત્યાં ઘેર આવ્યા. જે વાતોમાં ને વાતોમાં એક થવા આવ્યો. ને સવા વાગ્યે તો પેલા ભાઈ પેઢીએથી ઘેર આવી ચડ્યા ને અમે તો જમવા બેઠા, પણ રસોઈ તો એવી ને એવી ઊની હતી. દાળ વગેરે પણ ઊનાં ને ઊનાં જ હતાં. જે તે પણ ઘણાં સારાં ઊનાં જ હતાં. રસોઈ થઈ ગયેલી તો પોણા નવ વાગ્યે. જમવા બેઠા લગભગ દોઢ વાગ્યે. ચૂલા તો ટાઢા-ટપ કરીને પેલી છોકરી જતી રહેલી. એટલા બધા કલાક રસોઈ એમની એમ વગર ગરમીએ રહેવા છતાં ઘણી સારી પેઠે ઊની રહેલી, તે અમારી બંનેની પ્રત્યક્ષ અનુભવની હકીકત છે.

માટે ભાવનાનું બળ પ્રચંડ હોય છે તેથી દરેક સમયે તેવું જ બની શકે, એવો કંઈ તેનો કાયદો હોતો નથી. આ તો કંઈ કંઈ, કેવી કેવી શક્યતાઓ આવા આધ્યાત્મિક જીવનમાં પડેલી છે, જે સમજવા જણાવેલું છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૩૮ થી ૨૪૦)**

● ● ●

એક ઠેકાણે એક જીવનું મૌન-એકાંત ચાલતું હતું. એક દિવસ સાંજના ટાણા પછી ભાઈ કુમારને ત્યાં મૌનના ઓરડા આગળ જપ કરવાનું સૂચવ્યું. તે પછી તે ઓરડા આગળ, દસેક મિનિટ જપ બોલવાનું બન્યું, પછી એમને એવો ભાવ જાગેલો કે રસ્તામાં ઘરે જતાં-જતાં જપ બોલતા બોલતા તેઓ ગયા. ઘરે ગયા પછી પણ અડધા પોણા કલાક સુધી એકતાનતાની મંત્રમુગ્ધ દશામાં તે રહ્યા કરેલા હતા. આ જીવ પણ તેમની પાછળ પાછળ તેમને ઘેર જઈને તેમની સ્થિતિ જોઈ આવેલો, પણ તેમને તે હકીકતની ખબર ન હતી.

એકવાર પૂજ્ય વડીલને એક એવા પ્રકારની દશા પ્રકટેલી રહ્યા કરેલી કે એક વિચાર સરખો પણ મનમાં ફરકી ન શકે.

આમ જે જે જીવો આ જીવના સંબંધમાં આવેલા છે, તેમને તેમને કોઈક રીતે એવા અનુભવો થયેલા છે. જેથી તેમને પોતાની જીવ દશાથી કોઈ ઉચ્ચતર અને ઉચ્ચતમ ભૂમિકાઓ છે જ, એવું નક્કી ખાતરીથી તેમના

દિલમાં દૃઢપણે વસી જાય. જો એવા જીવો પ્રેમભક્તિજ્ઞાનયુક્ત ભાવથી જીવનવિકાસની ભાવનાના સાધનમાં જાગ્રતપણે તેમના રોજિંદા વ્યવહાર વર્તનમાં જીવતા રહી શક્યા હોત તો તેમને આ માર્ગની કંઈ વધારે ગતાગમ પડતી બની ગઈ હોત. ('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૪૦–૨૪૧)

• • •

આ જીવને પ્રભુકૃપાથી સાધનામાં મંડવાનું થયું, ને શરૂઆતમાં બે-એક વર્ષમાં તામિલનાડુ પ્રદેશનાં દૃશ્યો સ્વપ્નમાં આવતાં હતાં. હિમાલયનાં સ્વપ્નાં તો છેક નાનપણથી આવ્યાં કરતાં હતાં. તામિલનાડુ પ્રદેશનાં દૃશ્યો સ્વપ્નમાં આવ્યાં કરતાં પણ તે કયા દેશનાં છે, તેની તો ગતાગમ તે વેળા લાગેલી જ નહિ, કોઈ ઠેકાણેનાં તે દૃશ્ય હશે એમ લાગતું. જ્યારે '૪૧ની સાલમાં પહેલ-વહેલો આ બાજુ આવેલો ત્યારે તે બધું એકાએક તાજું થયેલું. ('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૦૮)

• • •

સને ૧૯૪૪ની સાલ હશે. નંદુભાઈ કેરાપટ્ટી રહેતા હતા. આ જીવ તેમની ટ્રિચીની પેઢીએ થોડાક દિવસ રહેવા ગયેલો. ત્યાં તેમના કોઈ સગાનું શરીર ઠીક રહેતું ન હતું. તેથી પૂજ્ય મામાને જણાવ્યું કે, અહીં મોટેથી નામસ્મરણનો યજ્ઞ ચાલુ કરી શકાય કે કેમ? કારણ કે બહાર ઘરાક વગેરે આવે, ને મોટેથી નામસ્મરણ થયા કરતું હોય, તેથી તેમને અડવું નહિ લાગ્યા કરેને? તેમણે જણાવ્યું કે અહીંના લોકોને તો ઊલટું તે ઘણું સારું લાગશે. મેં કહ્યું કે આજે આ જીવથી નામસ્મરણ થયા કરે, તેમાં મારી બહેન પોતાનાં મન-દિલ રાખ્યાં કરે ને ધીરે ધીમે નામસ્મરણ કર્યા કરે, ચાર દિવસમાં બશેર-ત્રણ શેર વજન વધવાનું હોય તો વધે! એવી રીતે પ્રભુકૃપાથી આ જીવે ત્યાં પેઢીએ સતત મોટેથી નામસ્મરણનો જપયજ્ઞ આરંભેલો. તેમાં આ જીવનો જે સંકલ્પ હોય તે હોય. એથી તે બહેનનું વજન ત્રણેક શેર જરૂર વધેલું, એટલું જ નહિ. પણ બીજા જીવો તે વાતાવરણમાં હતાં ને જેમણે સાંભળ્યાં કરેલું તેમનું વજન પણ વધેલું. ('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૧૧–૩૧૨)

૧૨. 'મોટા' અને 'સ્વજન'

આ જીવ માટે જે પ્રેમની ઊર્મિ ઊઠે છે તેનો જો સાધનાની પ્રગતિમાં ઉપયોગ ન થઈ શકતો હોય તો તેવી ઊર્મિ સાબુના ફીણના પરપોટા જેવી જ ગણાયને? પ્રેમોર્મિ તો શક્તિ છે. તે આપણું ઉત્તમ સાધન છે. આ જીવ પરત્વેની તમારામાં પ્રકટતી પ્રેમની ઊર્મિને શક્તિરૂપ સમજીને કૃપા કરીને તેનો ઉપયોગ કરવાનું લક્ષમાં લેવાનું છે.

તમે જે લાગણી આ જીવ પરત્વે રાખો છો તે 'મોટા'ને નામે ઓળખાવાતી વ્યક્તિ પરત્વે નહિ, પરંતુ તેમાં જે 'ચેતનભાવ' પ્રકટેલો છે, તે ભાવ પરત્વે, અને તે ભાવના આવિર્ભાવ પરત્વે તે લાગણી રાખો છો. તેથી દિલમાં એવા ભાવની ભાવનાને દૃઢાવવાને સચેતન થવું. આટલો બધો ભાવ રાખો છો, તેમ છતાં આ જીવ કેવો નિષ્ઠુર છે? તમને પ્રસન્ન પણ રાખી શકતો નથી.

આ માર્ગમાં "Thus far and no further" ''બસ આટલેથી જ અટકવાનું ને આગળ કશું નથી'' એવું નથી.

મારા જેવા છેક અભણને, કોઈ એક અજાણ્યે ઠેકાણે પડેલાને તથા જેને કોઈ જાણતું નથી એવા ગરીબને, તમે બધાં સ્વજનો પ્રેમભાવે ન્યોછાવર કરી દો છો, એ મારે મન તો પ્રત્યક્ષ પ્રભુકૃપા જ છે. બાકી જો હું વિચાર કરું તો મારી કને છે શું? આજે લોકો જેની કને કંઈક પ્રતિષ્ઠા હોય, કંઈક પ્રતિભા, કંઈક લક્ષ્મી, કંઈક સત્તા, કંઈક વૈભવ, કંઈક આંજી દે એવી તેજસ્વિતા, ને એવી કંઈ સ્નિગ્ધ વાક્કુશળતા, કંઈક સાક્ષરપણું હોય એવાને જાણે ને ઓળખે ખરું. આમાંનું મારી કને કશુંય નથી. મારો વેપાર તો સ્વજનોની પ્રેમભાવના અને જીવનની કદર-ભાવના પર જ નભી શકે. એના વિના હું તો સાવ દેવાળીયો છું. સાવ નરાતર ભિખારી. પ્રભુનાં આપેલાં મારા સ્વજનોએ પ્રેમભાવની ખોટ પડવા દીધી નથી. તેમ છતાં હૃદયમાં અસંતોષની જ્વાળા આજે જે ધગધગે છે, ને તેમાંથી જે વેદના પ્રકટે છે, તેનાથી હું બળ્યોઝળ્યો રહું છું.

સ્વજનનાં દિલને જીવનનાં ધ્યેય અંગેની જ્વાળામુખી સમી ઝંખના

જાગે એ જ મારા જીવનની, ફળીભૂત થયા વિનાની મહત્ત્વાકાંક્ષા છે. એના કાજે જ મારું જીવન ટકી રહેલું છે. એને કાજે બીજાં કેટલાંય જીવન જીવવાનાં હશે તોય તે મને મુબારક છે. તેને ફળીભૂત કરવા માટે અગ્નિપરીક્ષામાંથી કે નર્કાગારમાંથી કે ગમે તેવા આકરા ને આડાઅવળા સંજોગોમાંથી આબરૂ કે બેઆબરૂપણામાંથી પસાર થવું પડે તોય તે બધું પ્રભુકૃપાથી ગનીમત હશે, જો કે એ પ્રચંડ અસંતોષ જ મારા ભાંગ્યાતૂટ્યાં જીવનનો જીવન કાજેનો આધાર છે. એ છે એટલા કાજે તો જીવનની ધન્યતા છે. જીવનને સાથે થયાનું કરવાનું, પ્રભુકૃપાથી જોકે થવાનું હો ત્યારે ભલે હો, કિન્તુ મારા જેવાના જીવનનું તે અભાગ્યાપણું ને તેટલું વાંઝિયાપણું છે તે કેટલું સાલતું હોય ને ખૂંચતું હોય એ તો જે જીવ તેવી દશામાં હોય તેને એકલાને જ તેવી ભાવનાનું શૂળ કેવું હોય એની સમજણ પડે. મારું વાંઝિયાપણું એ પરમકૃપાળુ શ્રીભગવાનની મંગળમય કૃપાનું જ પરિણામ છે. એ મારા જીવનનું પરમસદ્‌ભાગ્ય છે, એમ પણ હું અનુભવું છું. જગતમાં સ્થૂળ વાંઝિયાપણું એ કદાચ કલંકરૂપી કોઈને લાગે, જ્યારે મારે મન આવું વાંઝિયાપણું એ તો આ જીવના ભાગ્યના સર્વોદયના સૂર્યોદયનો પ્રાતઃકાળ છે. એનું વાંઝિયાપણું રાખવું એ તમે બધાં પ્રભુકૃપાથી મળેલાં સ્વજનોના હાથમાં છે. પ્રભુકૃપાથી તમોને મળેલા સ્થૂળ ઐશ્વર્યનો મારે ખપ નથી. જીવનનું ઐશ્વર્ય પણ અનેક પ્રકારનું હોય છે. તે બધાં ઐશ્વર્યોમાં, જીવનના આધ્યાત્મિક જીવનનું જે ઐશ્વર્ય છે, તેના આગળ બીજાં ઐશ્વર્યો સાવ ઝાંખાં પડી જાય તેવાં હોય છે. બધાં સ્વજનોનાં એવાં ઐશ્વર્યવંત જીવન બને એ જ મારે તો જોવું છે. ત્યાં સુધી ભલેને લાખો જન્મ લેવાના આવે, તોય તે પ્રભુપ્રસાદી જ હશે.

જે જેવા ભાવે ને જે રીતે પ્રભુકૃપાળુ શ્રીભગવાનને મન-હૃદયથી ભજે છે, તેનું તે ભાવે ને તે રીતે શ્રીભગવાન પોતે યોગક્ષેમ વહન કરે છે, એવો શ્રીભગવાનનો સાક્ષાત્ કૉલ છે. એ જો આપણા મનહૃદયમાં પૂરું ઊગી જાય તો ચેતનને છતું થતાં વાર ન લાગે. તો તે બાબતમાં તમે બધાં મળેલાં કૃપા કરશોજી. (**'જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૬૫ થી ૧૬૭**)

જે જે સ્વજનો જીવનવિકાસના હેતુ અર્થે આપમેળે મારી કને આવેલાં છે, તેમને મારી પ્રાર્થના છે કે 'કૃપા કરીને મને તમારા વર્તનથી

સંતોષ થાય એવું જીવતું જાગતું ભાન પ્રકટાવતાં રહેજો—જીવનમાં યદ્વાતદ્વા જીવીને જો પછી તમે મારી આગળ શ્રીભગવાનની કૃપાનું નામ લેશો, તો હું કદીપણ સહી લઈશ નહિ. સ્વજનોનાં વર્તનને સહેવાની પણ અમુક મર્યાદા છે.' તમારે જો યોગ્ય રીતે ન વર્તવું હોય તો શ્રીભગવાનની કૃપાનું નામ મૂકી દેજો. એ કંઈ રેઢી પડી નથી. જગત-વહેવારમાં પણ જો આપણે કોઈને રીઝવવું હોય છે તો તે જે રીતે પ્રસન્ન થાય, તેમ આપણે વર્તવાનું કરીએ છીએ. તેવી રીતે શ્રીભગવાનને રુચે તેવું વર્તન ને જીવન પ્રકટાવવાનું કરી શકીએ, તો જ આપણો મળવાનો અર્થ છે. અનાસક્તિ, નિર્મમત્વ, નિષ્કામ, નિર્મોહ, નિરાગ્રહ, નિરહંકાર વગેરે વગેરે સંસારવહેવારનાં કર્મ કરતાં કરતાં જીવનમાં જો પ્રકટાવતાં રહીએ તે પ્રભુને રુચે તેવી હકીકત છે.

કૃપા કરીને તમને બધાંને પ્રાર્થના છે કે જીવનમાં વ્યવસ્થિતિ પ્રકટાવો, જે જે કર્મ મળેલું છે તેમાં જો વ્યવસ્થા, ખંત, ઉત્સાહ, હિંમત, સાહસ, ધીરજ, સહનશક્તિ વગેરે વગેરે પ્રકટાવવાનું આપણાથી નહિ બની શક્યું તો જીવનવિકાસના ક્ષેત્રમાં આપણે બીજું બળ ક્યાંથી પ્રકટાવી શકવાના છીએ? માટે કૃપા કરીને જો મળ્યાં છો, તો મળ્યાની સાર્થકતા થાય તેવું ભાન પ્રકટાવજો. **('જીવનદર્શન', 'શ્રીમોટાનું નિવેદન')**

પ્રભુકૃપાથી આ જીવ તો મળેલાં સ્વજનોને કેળવવા ને ઘડવાને માટે અનેક રીતે મથતો હોય છે, અને મળેલાં સ્વજન પર પ્રેમ પણ કરતો હોય છે. જીવનને ઘડવાને કાજે સ્વજનની તાલાવેલીયુક્ત તત્પરતા અને ઝંખના જ્યારે તે જોતો નથી, અથવા તો અનુભવતો નથી, ત્યારે તેના સંતાપનો પાર હોતો નથી. તે બધાં સ્વજન તેની કને આપમેળે તેમની પોતાની સ્વયંમંજૂરીથી આવેલાં છે. તે કોઈને બોલાવવા ગયો નથી. તેમ છતાં તે સ્વજનોમાં તેમના જીવનના હેતુનું ભાન તેમનાથી થતાં રહેતાં કર્મમાં પ્રકટેલું મારાથી જોવાતું નથી અને કર્મને માત્ર ઉડ્ડૂડિયા રીતે કરાતાં જોઈને મને કેટલો ત્રાસ થતો હશે, તેની સમજણ ભાગ્યે જ કોઈ સ્વજનને પડે છે. જો જીવન કેળવવાને અર્થે મળ્યાં છો, આવ્યાં છો તો તેનું ભાન હવે પ્રકટાવો. તમે મને જે ભાવથી સ્વીકાર્યો છે તે ભાવનું દિલમાં દિલથી

જીવતું જાગતું અનુસંધાન ન રાખો ને યદ્વાતદ્વા વર્તો પછી તમારી પર મને કેટકેટલી ઝાળ ઊઠે, તે કૃપા કરીને તમે સમજો એવી મારી તમને પ્રાર્થના છે. સ્વજનના પ્રેમભાવને આ જીવનું હું તો અણમોલું સાધન ગણું છું. એ મારે દિલ પ્રભુની અણમોલ પ્રસાદી છે. અને એવી પ્રસાદીને મારી છાતીએ, આંખે, કપાળે ને કંઠે લગાડું છું—જેમ ભક્ત ભગવાનનું ચરણામૃત લીધા કરે છે તેમ. ('જીવનદર્શન', આ. ૨, પૃ. ૬૯)

બાકી હું તો સદ્‌ગુરુ છું અથવા એ રીતે તમે બધાં મને સ્વીકારો એવું કદી પણ કહેલું નથી ને કહેતો પણ નથી.

ભગવાનનું નામ-સ્મરણ એ તો એક સરળ સાધન છે; તે પણ હજી સુધી કોઈથી યોગ્ય રીતે બની શકતું નથી; અને આપણે તો નીકળ્યાં છીએ હિમાલયનો પહાડ ચડવા! આપણે બાથ ભીડવી છે તો આકાશને અને એક નાનકડી બે ફૂટની જગાને તો બાથ ભરી શકાતી નથી! મને તો આપણાં બધાંના ફતવા જોઈને દિલમાં એક પ્રકારની ઘણી દિલગીરી થાય છે. માણસોને કંઈ કશું કરવું નથી ને ખાલી ખાલી કશુંક મહત્ત્વ મેળવવાનાં ફાંફાં મારવાં છે! તે છતાં પાછું પોતાને હોશિયાર ગણવાની તુમાખી રાખવી છે, અનેક પ્રકારનાં ફાંકા રાખવા છે ને અહમ્ હિમાલય કરતાંય મોટું રાખ્યાં કરવું છે! આવી બધી હકીકત હું સ્વજનનાં દિલમાં જોઉં છું. કોઈને જીવનની ખરેખરી પડી હોય એવું હું અનુભવી શકતો નથી. 'જીવન', 'જીવન'ની ખાલી બૂમો પાડવાથી તે કદી પણ પામી શકાવાનું નથી. જીવન પામવાને માટે તો ભારે તપશ્ચર્યાની જરૂર છે. તેવો તપ કરવાનો ઉમળકો કોઈ સ્વજનના દિલમાં હું નિહાળી શકતો નથી.

ત્યારે ભલાં! તમે બધાં નીકળ્યાં હતાં શું કરવા? કોણે તમને બોલાવ્યાં હતાં? અને જો તમે તમારી મેળે આવ્યાં છો, તો જે કામ કરવાને માટે આવ્યાં હો તેને માટે સાવધ થાઓ. જીવન-વિકાસ તો માગી લે છે, આકરામાં આકરો, ઊંચામાં ઊંચી કોટિનો પ્રચંડ પુરુષાર્થ. જીવન-વિકાસ એ કાંઈ રસ્તામાં પડેલું અથડાતું-અફળાતું કોઈ ફૂલ નથી કે નીચા વળીને લઈ લઈએ. એ તો મળતા જેવું લાગે ત્યારે પણ પાછું ઊડીને આઘે કેવી ભભકદાર રીતે આકર્ષણ પમાડીને

આપણને આકર્ષ્યા કરતું હોય છે! આવા પ્રકારનો જીવન-વિકાસ પામવાને માટે વણનોંતર્યા તમે બધાં મારી પાસે આવ્યા છો ને જીવનનો ઘાટ ઘડવાનો અધિકાર તમે બધાંએ પ્રેમથી મને સોંપ્યો છે. ઘાટ કેમ કરીને યોગ્ય રીતે ઘડી શકાય તેનો નિર્ણય તો પ્રભુકૃપાથી મારે કરવાનો હોય. અનેક વેળા મેં જાતે ખાતરી કરીકરીને અનુભવ્યું છે કે જીવન-વિકાસને માટે આમ કરવાની કે તેમ કરવાની કોઈ જીવને સૂચના કરી હોય, તેમાં પણ તેવા કોઈ જીવે પ્રેમભક્તિથી અને દિલના ઉમળકાથી કોઈ જાતનાં વલણો જન્મવા દીધા વિના તેને ઉમળકાથી સ્વીકારી લીધું હોય, એવું હજી સુધી અનુભવવામાં આવ્યું નથી. આવી હકીકત એ જરૂર જીવનની કમનસીબી છે.

આપણી ખરેખરી તૈયારી પ્રકટેલી નહિ હોવા છતાં મનની તુમાખી અને તરંગો નિહાળતાં આપણો જીવ કેવો પામર છે; પોતાને થવું છે કંઈક, પણ કરવું નથી કંઈ જ, એવી આપણી દશા છે—એમ જોઈને ઘણો ખેદ થાય છે. માનવી પોતાને અમુક કરવું છે એમ કહે છે ખરો; પરંતુ તેમ કરવામાં પણ તેનું દિલ પ્રકટેલું પ્રભુકૃપાથી હું જોઈ શકતો નથી. પોતાને થવું છે તો સંપૂર્ણપણે સ્વચ્છ. તેમ છતાં દુર્ગંધથી ભરેલા એવા કાદવકીચડમાં અવારનવાર રગદોળાયા કરે છે ને વળી પાછું તે પોતે સ્વચ્છ હોવાનું ગુમાન ધરાવે છે. આ બધું જ્યારે પ્રભુકૃપાથી નિરખાય છે, ત્યારે મને મારા ગુરુમહારાજ યાદ આવે છે. તેમણે મને કૃપા કરીને દંડો આપવાનું કર્યું હતું, પરંતુ મેં મૂર્ખાએ તે સ્વીકાર્યો જ નહિ. પોતે જરૂર સાચા હતા અને હું પોતે ન સ્વીકારવામાં ખોટો હતો. તે દંડો પ્રભુકૃપાથી જો મારી પાસે હોત તો મળેલાંની તુમાખીને દંડા મારી મારીને વિખેરી શકાત. પરંતુ આવા પ્રકારની જુદા પ્રકારની તુમાખી તોડવાને માટે દંડો એકલો પણ બસ નથી. નકામા નકામા મારી પાસે કોઈ ન આવત એ પણ ઉત્તમ થાત. આ તો લોક આવ્યા છે પોતાની મેળે, કરવું તો કશું નથી! પોતાનાં મનાદિકરણને પાંશરાં કરવાનું તો નેવે મૂક્યું છે! તેના કરતાં યે તેમનાથી કરી વિશેષમાં વિશેષ જે ત્રાસ મને થાય છે, તે તો બધાં સ્વજન તેમનાં મનાદિકરણને બગાડતાં રહે છે તેથી અનેક પ્રકારના મળ, વિક્ષેપ અને આવરણને

હઠાવવાનાં છે. ત્યાં તેઓ તેમાં ઉમેરો જ કરતાં રહે છે! કોઈનામાં કોઈક સમજણ, માન્યતા, મતાગ્રહ વગેરે વગેરે કંઈક મોળું પડવાનું થાય, ત્યાં તેને ઠેકાણે બીજા પ્રકારનું એવું પ્રગટે છે કે તેની પકડ પાછી જામતી જાય છે. જૂનું જાય અને નવું આવે ને તે પણ ઘર કરી ન બેસે તેની પણ ઘણી કાળજી રાખવાની હોય છે.

સ્વજનનાં મનાદિકરણની રમત પ્રભુકૃપાથી જ્યારે જ્યારે નજર સમક્ષ પ્રવર્તે છે, ત્યારે તેમાં નથી જોઈ શકતો દિલનો થનગનતો પ્રેમભાવ કે નથી જોઈ શકતો કોઈ પ્રકારની નિર્ણયશક્તિ કે નથી પરખાતી જીવનને ઉન્નત કરવાની સાચી ધગશ. આવું બધું મારાથી સહેવાતું નથી. આ તો જાણે કે તમે મને સુખ આપવાને બદલે ભારે ત્રાસ આપી રહ્યાં છો. ને પાછું તેનું પણ તમને ભાન હોતું નથી કે થતું નથી. આપણે પોતાની મેળે થઈને કોઈકને સદ્‌ગુરુ તરીકે સ્વીકાર્યા તો તે સદ્‌ગુરુને આપણા વર્તનથી કરી, આપણી ભાવનાથી કરી, તેને પૂર્ણ સંતોષ આપવાનો આપણો ધર્મ છે, પણ તે તો બધું ક્યાંય ઊડી જતું હોય છે. હજી તો જીવનને ઊંચે માર્ગે લઈ જવું છે, એમ આપણે બોલીએ છીએ પણ લોકના રાગદ્વેષ હજી તો પૂરેપૂરા મોળા પડેલા હું અનુભવી શકતો નથી. ત્યાં મારે કરવું શું? જડ જેવા પથ્થરની સાથે માથું અફાળતાં આપણને પોતાને જ માથામાં વાગવાનું છે, તેના જેવી આ હકીકત છે.

('જીવનદર્શન', આ. ૨, પૃ. ૧૪૯ થી ૧૫૧)

ખાલી ખાલી તુક્કા કર્યા કરવાથી જીવનને કદી પામી શકાતું નથી, એટલું જ નહિ પણ એનાથી તો જીવન વેડફાઈ જતું હોય છે. ઉચ્ચ આદર્શ રાખીને તે પરત્વેના એક ડગલાને માટે પણ જો ઉમળકાથી આપણા દિલમાં ન્યોછાવર થઈ જવાની ભાવનાનું થનગનાટ કરતું નૃત્ય પ્રકટે તો જ આપણાથી કંઈક થઈ શકવાનું છે તેવું મને જરૂર લાગે છે. સૂર્ય ઊગવાનો થાય છે, ત્યારે સૂર્યની પ્રભાનાં દર્શન થયાં વિના રહેતાં નથી, તેવી રીતે મહાભિનિષ્ક્રમણ કરવાનું હોય કે થવાનું હોય તો તેની પૂર્વ તૈયારી રૂપે આપણાથી જે કંઈ પગરણ મંડાતાં હોય તેમાં તેનું વ્યક્તવ્ય પ્રકટેલું જો અનુભવી શકાય તો જ સમજવું કે આપણા મનની

સાચી ધગશ જીવનને ઉન્નયન કરવામાં પ્રકટેલી છે... આપણાથી ભરાતા નાનામાં નાના ડગલામાંથી આપણને પરખાઈ આવવું ઘટે કે તે ડગલું ભરવામાં આપણાં મનાદિકરણની સ્થિતિ કેવી કેવી પ્રકટેલી રહે છે. તેવી તેવી તે તે પળનું માપ કાઢવાનું શીખો. જો આમ આપણે નહિ કરતાં રહીએ તો આપણે પૂરો ભવાડો કરીશું. આ માર્ગ કંઈ હાંસીખેલ નથી. ને આપણે હજી કેવી કેવી રમત રમીએ છીએ, તેનું પણ પૂરેપૂરું ભાન ન જાગી શકતું હોય તો આપણે આપણને પોતાને જ છેતરી રહ્યાં છીએ, તે નક્કી પ્રમાણવું. આપણે તો સુગંધીદાર ફૂલોની સુવાસ પળેપળ લેવાનું કરવું છે, અને અનેક પ્રકારની દુર્ગંધ પ્રકટે એવા મનાદિકરણના ખેલોમાં હજી તો આપણે અટવાઈ પડીએ છીએ.

પ્રભુકૃપાથી તમે જો મારાં ખરેખરાં સ્વજન હો તો, મારા આવા દિલના બળતાઝળતા બળાપાને કૃપા કરીને નીરખવાનું કરો. તેથી પણ જો તમે ચેતવાનું કરી શકો તો તે ભારે કૃપા થશે. આપણે જ્યાં જેમ જવું છે, ત્યાં તેમ જવાની તૈયારી ન કરી શકીએ, તૈયારી કરવાને બદલે આપણાથી નીચું જવાતું હોય, ને તેવું નીચું જવામાં પણ આપણને તેવી રીતે નીચે ગયા કરવાની સભાનતા પણ ન પ્રકટતી હોય અને ત્યાં યુદ્ધ આપવાનું આપણાથી ન બનતું હોય, ત્યારે મારે આપણી જીવન પરત્વેની ભાવનાને કેવી રીતે સમજવી તે મને સમજાતું નથી. પ્રત્યક્ષ લક્ષણ વિના કંઈ પણ મારાથી માની શકાતું નથી. માટે કૃપા કરીને ઊઠો! જાગૃત બનો! અને જાગીને ટટ્ટાર થાઓ! અને ટટ્ટાર થઈને કટિબદ્ધ થઈ, વિચાર, વૃત્તિ અને વલણની સામે ભારેમાં ભારે સંગ્રામ પ્રકટાવો. જીવનસાધનાના સંગ્રામ એ તો ખાંડાની ધારે ખેલવાના છે અને એ માગી લે છે ભારેમાં ભારે પુરુષાતન. એ પુરુષાતનનો ઉત્સાહ અનંત પ્રકારનો અને અનંત બળ-શક્તિનો છે. એમાં હવાતિયાં માર્યે કશું પ્રકટી શકે તેવું નથી. મારે તમને બધાંને ગભરાવવા નથી, પરંતુ જે સાચું છે, તે જ કહેવું છે. આપણે જે કરવાને માટે પ્રભુકૃપાથી મળેલાં છીએ, તે કરવાને માટે તમે જો સભાનતા ન જગાડી શકતાં હો, અને તેમાં તમારા હિંમત, ઉત્સાહ, કાળજી, ખંત અને ચીવટાઈ ન દાખવી શકતાં હો, અને તેવી તમારા દિલની ખેવના તમારામાં હોય જ નહિ તો આપણે તે

નેવે મૂકી દેવું તેમાં સાચી પ્રામાણિકતા છે. અને આપણે તે માર્ગના સ્વજન તરીકે નહિ, પરંતુ જેમ સામાન્ય પ્રકારનાં બીજાં માનવીઓ પ્રભુકૃપાથી મને મળે છે, કરે છે તેમ તેવા એક સામાન્ય માનવી તરીકે રહીએ, તે આપણે માટે તેવી સ્થિતિમાં વધારે યોગ્ય છે.

મારે તો પ્રભુકૃપાથી જે હેતુ માટે જે જે મળેલાં છે, તેમને તેમને અનેક રીતે આમ ને તેમ ઊલટાંસૂલટાં ફેરવાવી ફેરવાવીને પણ હલાવતાં કરવાનાં છે. ઊલટપલટ થયા વિના જમીનમાં બી કદી પણ વાવી શકાતું નથી. શ્રીસદ્‌ગુરુ પરત્વેની દિલમાં દિલથી દિલની પ્રેમભક્તિ પ્રકટ્યા વિના અને તેવી પ્રેમભક્તિની તદાત્મતા પ્રકટ્યા વિના શ્રીસદ્‌ગુરુ પણ આપણામાં જીવન-વિકાસની ભાવનાનું બીજ વાવી શકતો નથી. શ્રીસદ્‌ગુરુની તો આપવાની ને બી રોપવાની સદાય સહજ તત્પરતાયુક્ત તાલાવેલી જ હોય છે. તેવી તાલાવેલીમાં નિરંતરતા પણ પ્રકટેલી જ હોય છે. પણ તે શું કરે, બિચારો! એની પણ કેવી કેવી લાચારી છે, એ કોણ સમજી શકે? હું તો પ્રભુકૃપાથી પ્રકટેલા આત્મનિર્ધારથી જરૂર કહી શકું છું કે કોઈપણ સ્વજન જીવન-વિકાસ પરત્વેની ખરેખરી જ્વાળામુખીના જેવી ધગધગતી તમન્ના પ્રકટાવીને પોતાના આધારને પ્રપત્તિયોગને યોગ્ય શરણાગતિની સ્થિતિમાં પ્રકટાવી જુએ અને પછીથી તેને શ્રીસદ્‌ગુરુની કેટલી ને કેવી મદદ મળે છે, તે જાતે પોતે જ અનુભવી લે. હજી આપણે તો સાધનાની ભાવનાના પ્રકારનું કશું મંડાણ તો કર્યું નથી, ને ઉપરથી શ્રીસદ્‌ગુરુને ગોદા માર્યા કરવા છે, તે ક્યાંની વળી વાત! સંસાર-વ્યવહારમાં આપણને મળેલાં કોઈને પણ જો આપણે નકામા ગોદા મારીશું તો તે સહન કરશે કે? અને શું તેવા પ્રકારના વર્તનનું પરિણામ નહિ પ્રકટે કે? **('જીવનદર્શન', આ. ૨, પૃ. ૧૫૨ થી ૧૫૫)**

શ્રીસદ્‌ગુરુ પણ તેવી રીતે બધું સહન કરી લેશે તેવું તો કૃપા કરીને કદી માનશો જ નહિ. આપણે તેના પર કરેલું દોષારોપણ આપણને પોતાને જ વિશેષ હેરાન કરનારું થઈ પડવાનું છે એ પણ નક્કર હકીકત છે. આપણે તેના વિશે જે જે કંઈ અન્યથાપણે વિચારતા હોઈશું, તેવું તેવું ને તેવી રીતે સ્વીકારી લેતો નથી, એટલે તેના પરત્વેની જાગેલી

આપણી વૃત્તિઓ તેની કનેથી પાછી ફરીને આપણા પોતાનામાં જ પાછી પ્રવેશે છે. આમ દ્વિગુણિત, ત્રિગુણિત થઈને તેનું જોશ વિશેષપણે પકડી શકે એવી ઊંધા પ્રકારની શક્યતાને આપણે પોતે જ કરીને જન્માવતા હોઈએ છીએ. તેનું ભાન પ્રકટાવવાને તમારા પરત્વેની પ્રેમભાવનાથી પ્રેરાઈને આ લખું છું.

પ્રભુકૃપાથી મેં સંપૂર્ણ હોવાનો દાવો કદી કર્યો નથી. પરંતુ તમે મને તમારી પોતાની મેળે સદ્‌ગુરુ તરીકે ઠેરવ્યો; તો પછી તેના પરત્વેની તમારી ભાવનાનું વર્તન જો ન વર્તી શકાય, તો તેવાં સ્વજનની શ્રીસદ્‌ગુરુ પરત્વેની ભાવનાનું બીજું કયું લક્ષણ પારખવું કે જેથી તેની સાચી સમજણ પડી શકે? આ લખ્યું છે એક વ્યક્તિને, પણ તે બધાં સ્વજનોને લાગુ પડે છે. જીવન પરત્વેનું દૃષ્ટિબિંદુ સાચી રીતે કેળવાય અને તે તરફ સ્વજનોનું લક્ષ પ્રેરાય એવી મારી ધગધગતી તમન્નાને તમે બધાં જો પ્રેમભક્તિથી સ્વીકારવાનું કરી શકો તો હાલનું જીવન, વેગ અને ગતિ બંને પકડી લે. અરે! એટલુંયે જવા દો; પરંતુ તમે મને તમારા દિલનું એક સાચેસાચું, ખરેખરું સ્વજન ગણતાં હો, અને અહીં પ્રેમના ભાવની વાત જવા દો—તમને બધાંને આ જીવ પરત્વે હૃદયની લાગણી જ માત્ર જો હોય, તો તેને કેમ કરીને આપણે આપણા વર્તનથી રાજી રાખી શકીએ, અને સંતોષ પમાડી શકીએ એવી ભાવના તો પ્રકટવી જોઈએને? તમે બધાંએ મને સ્વજન તરીકે સ્વીકાર્યો હોય તો તેનું પણ માપ-લક્ષણ તમારા મારા પરત્વેના વર્તાવમાં પ્રકટેલું હોવું જોઈશે કે નહિ? **('જીવનદર્શન', આ. ૨, પૃ. ૧૫૭–૧૫૮)**

માટે મળેલાં સ્વજનને મારી એટલી વિનંતી છે ને પ્રાર્થના છે કે મુશ્કેલી, વિઘ્નો, ગૂંચો, કોયડાઓ, ઉપાધિઓ વગેરે પ્રકટવાનું બનતાં કૃપા કરીને મરદ બનજો. અને તેનો સાધનાના ભાવથી પ્રચંડ સામનો કરજો. મુશ્કેલીને ટાણે વિશેષ ને વિશેષ સાબદા બનજો. ભાવનાને પ્રજ્વલિત જીવતી જાગતી રાખજો. મુશ્કેલી વગેરે શેને માટે પ્રકટેલાં છે, તેના હેતુનું સમજી સમજીને ભાન પ્રકટાવજો. આ બધું કરવાની ખાસ જરૂર છે. પ્રયોગો કરવાથી જ તારતમ્ય સમજાય છે ને પ્રયોગો કર્યા કરવાથી

જ નવું નવું અનુભવાય છે; ને નવું નવું શીખાય છે. માટે કૃપા કરીને મરદ બન્યાં કરો. તે વિના કદી પણ ચાલી શકવાનું જ નથી, એવું કૃપા કરીને ભાન પ્રકટાવવાનું રાખો, અને તેવી રીતે જીવવાનું કરી શકો તો મને તમારી ઉપર વહાલ છૂટે. ('જીવનદર્શન', આ. ૨, પૃ. ૧૭૨)

આપણે અનેક રીતે, જીવનનાં બધાંય પાસાંમાં જીવનની સાધનાનું ભાન પ્રકટાવ્યાં કરવાનું છે. પરંતુ તે પ્રકટેલું કે પ્રગટતું કોઈ સ્વજનના દિલમાં હું અનુભવી શકતો નથી. કારણ કે ખરેખરી સાધનાયુક્ત, તત્પરતાયુક્ત તાલાવેલી અને ગરજ કોઈનામાં પ્રકટેલી અનુભવતો નથી. ''તો પછી આ બધાં મળ્યાં કેમ?'' એમ પૂછો તો મારો જવાબ છે એ કે તેવા પ્રકારની તે તે કાળની કોઈ આવેશની ભૂમિકામાં તમે આવી ચઢેલાં હતાં. હજી પણ તમારું આ માર્ગે જવાનું દિલ પ્રકટેલું ન હોય, તો પણ તે ક્ષેત્રના સાધનના અભ્યાસમાં મચેલાં રહેવાનું કર્યા કરો. જે તેમાં ને તેમાં કોઈ ને કોઈ રીતે મચેલો ને વળગેલો રહ્યા કરે છે તે આજ નહિ તો કાલ પ્રભુકૃપાથી ફાવી જવાનો છે. ('જીવનદર્શન', આ. ૨, પૃ. ૧૭૮-૧૭૯)

આપણી વચ્ચેનો સંબંધ, જે જે ભ્રમણાઓ અને અહમ્ વગેરેનાં કૂંડાળામાં આપણે પડેલા હોઈએ, તેમાંથી મુક્ત કરાવવા માટેનો છે, નહિતર તે સંબંધનો કંઈ અર્થ નથી. ખાલી તમે આ જીવને બહુમાન આપો અને વાણીથી કે ઊર્મિના ઊભરાથી તેના વિશે જે કંઈ વ્યક્ત કરો, તેથી આપણો સંબંધ ફળી શકતો નથી. આ જીવ સાથેના જીવનના સંબંધનો હેતુ તો એ છે કે તે તે સ્વજન જે માટે પ્રભુકૃપાથી મળ્યાં હોય, તે હેતુની ભાવનાનું જીવનમાં સાતત્ય પ્રકટાવવામાં તેઓ મચેલાં રહ્યાં કરે, ને એવા સંબંધનો હેતુ કેમ કરીને ફળે તે જોવાનો છે. તેમાં જ્યાં અને જ્યારે લાગણીને પંપાળવી પડે ત્યાં તેમ કરવાનું હોય ને આઘાતની જરૂર હોય ત્યારે તેમ કરતાં કશો ખટકો આ જીવને હોતો નથી. સ્વાભાવિકપણે તેવી રીતે વ્યક્ત થવામાં મને કશો વિચાર પણ પ્રકટતો હોતો નથી. આઘાત દેવાથી કે આઘાતને વાણીમાં કે લખાણમાં વ્યક્ત થવામાં તે સ્વજન અથવા પાસેના તે વેળા હોય તેવા જીવો મારે માટે શું વિચારશે તે બધું પ્રભુકૃપાથી ખ્યાલમાં હોવાનું બની શકતું નથી. સંબંધનો

હેતુ પાર પાડવામાં અમારે તો સકળ પ્રકારની રીતોનો ખપ છે. પ્રભુકૃપાથી વૃત્તિ—તે દેખીતી રીતે વૃત્તિ તરીકે લાગતી હોવા છતાં એની પાછળનો જીવતો જાગતો રણકાર દેતો અમારા દિલનો તે રીતે વ્યક્ત થવાનો જે હેતુ છે તે હેતુનું જ મહત્ત્વ અમારા દિલથી સવિશેષપણે રહે છે.

મારા ગુરુમહારાજ તો મને શત્રુની જેમ વળગ્યા હતા. કેટલીયે વખત કડવી ગોળી પ્રેમથી તેમણે ગળાવી છે. કેટલુંયે એવું કરાવ્યું છે કે જેથી તમે બધાં તો હબકી પણ જાઓ. શ્રીભગવાન કૃપાળુ છે. એ આપણી આંખો અને હૃદય ઉઘાડવાને સદા જીવંત છે. એના રસ્તા પણ ન્યારા છે. આ જીવને ભાગે પ્રભુકૃપાથી જો તમને પ્રેમથી દુઃખ જ દેવાનું આવ્યા કરશે તોયે તેમાં પણ એટલા જ આનંદથી ભાગ ભજવ્યા કરવાનો. તેમાં પણ પ્રસન્નતા પ્રકટે. આપણે એક તસુ જેટલા પણ ચસવું નથી અને તેને તો આપણને ત્યાંથી ખસેડવા છે. એક બાજુ આપણે જડસુ થઈને પૂરેપૂરા પડી રહેવું છે અને પેલાને ત્યાંથી ધક્કો મારીને પણ તેમાંથી ખસેડવાનું કરાવવું છે. આવી એક રમત છે, પરંતુ તેનું સાચું ભાન કૃપા કરીને આપણે જો પ્રકટાવી ન શકીએ, તો પેલો શું કરી શકે? તમને સારું લાગે કે ન લાગે, તેની તેને મુદ્દલે પરવા નથી. તે તો પોતાનું ધારેલું કરવામાં એકધારો પ્રભુકૃપાથી મથ્યો રહેવાનો છે. **('જીવનદર્શન', આ. ૨, પૃ. ૧૯૬ થી ૧૯૮)**

મારે તમને બધાંને નાસીપાસ તો કરવાં નથી. પરંતુ મારે તમને, આપણે બધાં કેવાં છીએ, તેનું ભાન તો પ્રભુકૃપાથી કરાવવું જ જોઈએ. આપણે જે કામ હાથમાં લીધું છે, તે કરવાની ખરેખરી દાનત, ખંત, ઉદ્યોગ અને તે પરત્વેનો ઉત્સાહ વગેરે વગેરે દાખવતાં આપણને, હું ન જોઉં ત્યારે શું મારે હાથ જોડીને બેસી રહેવું? જે રસ્તે જવાનું છે, તેનું જ ભાન તમને બધાંને ભૂલી જતાં જોઈને મારું ચાલે તો તમારે ગળે ટૂંપો દઈને પણ તમને તે ભાન પ્રકટાવવું. ખરી રીતે તો તમારે બધાએ જાતે થઈને આવી બાબતમાં જાગ્રત થવું ઘટે અને ચાનક પ્રકટાવવી જોઈએ. તે તે બધું ન થતું હોય ત્યારે જો હું તમારા બધાં પર લાલચોળ આંખ કરું, ત્યારે તમે તો ઊલટું મારા પર દોષ ઢોળો

છો. અરે! જો ખરેખર મારું ચાલે તો ધગધગતો લોઢાનો લાલચોળ રસ તમારા બધાં પર ઢોળું; કારણ કે આપણે બધાં આપણી જાતને છેતરી રહેલાં છીએ, તે મારાથી કદી પણ સહ્યું જતું નથી. પ્રભુકૃપાથી મેં મારી જાતને પુરવાર કરી આપીને તમારા બધાં આગળ ખુલ્લી મૂકેલી છે. કો'કને ત્યાં આપણે બધાં નોકરી કરતા હોઈએ અને જો તે કામ બરાબર ન કરીએ, તો શું તે આપણને એમ ને એમ બેસાડી રાખશે કે? તે તો તરત જ વિદાય કરી દેશે. ત્યાં તે કાંઈ તમારી ભૂલો કે દોષો સહન કરી લેશે નહિ. અમે તો સાફસાફ, ચોખ્ખે-ચોખ્ખું કહીએ છીએ કે કર્મની બાબતમાં અમે કંઈ કશું આડુઅવળું કોઈનું સહી શકીશું નહિ. જો તમને ખરેખરી મારા પરત્વે ભાવના કે પ્રીતિ પ્રકટેલી હશે, તો તેનાથી પ્રેરાઈને પણ તમે યોગ્ય થવા મથી શકશો. ઊલટું મને પોતાને તો તેનાથી તમારી મારા પરની પ્રીતિ ને ભાવના કેવી ને કેટલીક છે તે પણ પ્રભુકૃપાથી સમજાઈ જવાનું છે. તમે બધાં જે કામને માટે આવ્યાં છો, તે જો ન કરી શકતાં હો, તો પછી ખાલી વેશ કાઢવાનો અર્થ શો? અને ખાલીખાલી બકરીનાં આંચળની પેઠે વળગવાનો પણ અર્થ શો?

હું જે પ્રેમભક્તિ માગું છું, તે તમારા પોતાના હિતને ખાતર. મારે પોતાને એની જરાપણ પરવા નથી; કૃપા કરીને મારી સાથે રહેવાનું જો કરવું હોય, તો આપણે બધાંએ પળેપળ ચેતતા રહેવું જોઈશે. આવા પ્રકારની જાગૃતિ જ્યારે હું સાધનાના માર્ગે કામ કરવાને નીકળેલા જીવોમાં જોતો નથી, તેમ છતાં જે લોક 'સાધનાના પંથે છીએ' એમ માને છે, ત્યારે તેમના દંભને ફિટકારવાને મારા સર્વ પ્રકારના જોમથી હું પ્રયત્નવંત થતો હોઉં તો તેને હું ભગવાનની કૃપા સમજું છું. સાચો ભાવનાવાળો અને પ્રેમી તો એનું નામ કે સામો આપણા પરત્વે આમ જે વર્તે છે, તેનું મૂળ કારણ તો આપણામાં જ હોવું જોઈએ એમ જુએ. તે જો તપાસવાનું રાખીશું ને વિચારવાનું રાખીશું તો તે આપોઆપ જડી આવશે. કૃપા કરીને જુઓ કે આપણે બધાં મળેલાં છીએ તે હવે બહુ ઘોર્યાં : એલાર્મ વાગે છે તોય જાગી શકતાં નથી એટલે ઢંઢોળીને ઉઠાડવાં

પડે છે, ત્યારે પેલા ઉઠાડનારનો દોષ તમે કાઢો છો! આ ક્યાંનો ન્યાય? જે કામ આપણે માથે લીધું હોય, તે કામ પરત્વેની ખરેખરી દાનત, પ્રમાણિકતા ને વફાદારીની પરીક્ષા થતી રહેવાની જ.

આ માર્ગમાં માથે હાથ મૂકીને બેસી રહ્યે ચાલવાનું નથી. ઝટ દઈને એમ પોકારી નાંખ્યેથી નહિ ચાલે કે, ''ના, અમારાથી તો સુધરી નહિ શકાય!'' ભલેને તે ક્ષણિક આવેશથી બોલાયું હોય, પરંતુ અમને તેવું બોલવાપણામાંથી તે તે જીવના સત્ત્વની ને તેના આધારની તૈયારી સમજાઈ જાય છે. જેમ કોઈ વેપારીને ત્યાં જમા થયેલી રકમ પણ અને ઉધાર રકમ પણ કોઈને માત્ર 'જવા દો' એમ કહ્યે છૂટી જઈ શકતી નથી તેમ જે જીવ શ્રીસદ્‌ગુરુ કને ગયો હોય અને તેવા જીવે તેને શ્રીસદ્‌ગુરુ તરીકે સ્વીકાર્યો હોય, તો તેવો જીવ તેવું માત્ર બકી નાંખવાથી કંઈ શ્રીસદ્‌ગુરુની ભાવનામાંથી અને તેના દિલમાંથી છૂટો થઈ જઈ શકતો નથી. **('જીવનદર્શન', આ. ૨, પૃ. ૨૩૪ થી ૨૩૭)**

મારી તમને બધાંને હૃદયની પ્રાર્થના છે કે તમે બધાં મને પ્રભુકૃપાથી જો મળ્યાં છો, તો મને હવે ખરેખરો સહકાર આપો; મારું જીવનનું સ્વીકારેલું જે કર્મ છે, તે કર્મને ગૌરવવન્તુ પ્રકટાવવાને માટે તમે બધાં ઉત્સાહ, ખંત, કાળજી વગેરે બધું નદીના પૂરની પેઠે દાખવો તો તમે મારી સાચી સેવા કરી ગણાશે. તે સેવા પણ આપણા પોતપોતાના જીવન-વિકાસના હેતુથી પોતાની ખાતર જ કરવાની છે તે પણ નક્કી જાણજો.

હું તો કોઈનું પણ કશું ઋણ ભગવાનની કૃપાથી માથા પર રહેવા દેતો નથી. અત્યાર સુધીના સમય દરમિયાન કોઈનાંયે લાગણી, ભાવના, ઉત્સાહ અને મને કરેલી મદદનો મેં પ્રભુકૃપાથી તેવા જ ઉત્સાહથી પ્રતિ-ઉત્તર વાળ્યા કરેલો છે. મારો હજાર હાથવાળો સમર્થ ધણી મને કોઈનાયે ઋણમાં રહેવા દેતો નથી. કોઈનીયે કરેલી મદદથી કે સેવાથી આ જીવ કદી પણ લદાઈ જતો નથી અથવા તો કોઈના પણ કરેલા ઉપકારથી તે આભારવિવશ પણ થઈ જતો નથી. લેવું ને દેવું બંને પ્રક્રિયા સતત ચાલી રહેલી જ હોય છે. આજે તમને બધાં સ્વજનને છડેચોક કહું છું કે પ્રભુકૃપાથી અમે જે લઈએ છીએ તેના બદલા તરીકે

તો નહિ જ, પરંતુ ભાવનાના સામા પ્રતિભાવ તરીકે અમારો ભગવાન અમને કૃપાથી કરીને વર્તાવી શકવાને પૂરેપૂરો જીવતો જાગતો સમર્થ બેઠેલો છે. તમે ધારો કે સેવા ન કરી શકો તો વાંધો નથી. પરંતુ તમે જે પ્રકારનું અન્યથાપણું પ્રકટાવો છો અને મનમાં ને મનમાં દોષારોપણ કર્યા કરો છો, તેથી કરીને તમારું પોતાનું જ પતન થતું હોય છે અને તે મને વિશેષ ને વિશેષ એટલું બધું વેદનાભર્યું સાલે છે! તેથી તમને જાગ્રત કરવાને, ચેતાવવાને અને ફરીથી ભાવનામાં સજીવન થવાને પ્રભુકૃપાથી ઠબકારતો હોઉં છું. ('જીવનદર્શન', આ. ૨, પૃ. ૨૩૯–૨૪૦)

પ્રભુકૃપાથી આ જીવના શ્રીસદ્‌ગુરુ એટલા બધા સમર્થ હતા કે તેઓશ્રીએ જો ધાર્યું હોત તો તો આ ગધેડાશંકર તેમના સહજ કૃપાના ઇશારાથી ચેતનામાં પ્રતિષ્ઠા પામી શક્યો હોત, તેમણે કૃપા કરીને આ જીવને સાધનાના અનેક પ્રકારના તબક્કાઓમાં પ્રવેશાવી ઘડવાનું કર્યું. જે જે સ્થિતિ, સંજોગ, પરિસ્થિતિ એમની કૃપાથી મળ્યાં, તેનો હૃદયના ઉમળકાથી સ્વીકાર કરી તેને તેને દિલના ભક્તિભર્યા સહકારથી વધાવીને તેમાં યથાયોગ્ય વર્તીને બનીને તેમના હેતુને ફળાવવાને પ્રભુકૃપાથી જ્ઞાનભાવે મથવાનું બન્યા કર્યું, ત્યારે જ આજે જે છું તે છું. તેથી જ તમને બધાંને મારી પ્રાર્થના છે કે તમે બધાં જીવનને સ્વીકારીને જે જે કાંઈ મળે એનો સહર્ષ સ્વીકાર કરી, તેને જ્ઞાનભાવે સહકાર આપી જીવનને ફળાવવાનું જ્ઞાનભાન પ્રકટાવવાનું કરી, ચેતનાને પ્રકટવા માટેની યોગ્ય ભૂમિકા સરળ કરી આપવાનું કર્યા કરશો, ત્યારે જ શ્રીસદ્‌ગુરુની કૃપા ફળી શકવાની છે. બાકી મિથ્યાડંબરમાં પડ્યા રહેવાથી તો દંભ વધવાનો છે. આપણે શ્રીસદ્‌ગુરુના ભાવને સાનુકૂળ વર્તવાનું જ્ઞાનભાન પણ રાખવું નથી, શ્રીસદ્‌ગુરુની ખાતર સર્વ ભાવે ને સર્વ રીતે પ્રેમ-ઉમળકાથી પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક ન્યોછાવર થઈ જવાનું દિલ પ્રકટેલું નથી, ત્યાં શ્રીસદ્‌ગુરુ જે તે બધું કરી દેશે, તેવી માન્યતામાં નર્યું અજ્ઞાન ને દંભ છે. શ્રીસદ્‌ગુરુનું ચેતન આપણા આધારમાં કદીક એવા અણધાર્યા પ્રસંગોએ કામ કરતું ચોક્કસપણે અનુભવાય છે, તે

હકીકત સાચી છે, પરંતુ તેથી આપણી યોગ્ય લાયકાત પ્રકટ્યા વિના ચેતનમય કરી દેશે એમ માનવું તે મિથ્યા છે.

('જીવનદર્શન', આ. ૨, પૃ. ૩૭૧)

હું તો મારા વહાલા પ્રભુને ઘણી વાર પ્રાર્થના કરું છું કે, 'આ બધાં સ્વજનો જે અર્થે મળેલાં છે તેમને કૃપા કરીને સાચું ભાન પ્રકટાવ કે જેથી કરી તેમને યથાર્થપણાનું સાચું નગ્ન જ્ઞાન પ્રકટે. તે પ્રમાણે એમનાથી તે અંતઃકરણથી સાચી રીતે ને પૂરી રીતે સ્વીકારાય તો જ તેઓ પોતાના યોગ્ય જીવનમાં પ્રકટી શકે.'

એક કાળ એવો પણ આવશે કે જે વેળા આવાં બધાં સ્વજનો પસ્તાશે કે, ''મળેલા પુરુષને આપણે અવગણ્યો. એને યોગ્ય સાથે ન રાખી શક્યાં. આપણે જે અર્થે એને સ્વીકારવાનું કરેલું તે અર્થે યોગ્ય ઉપયોગ કરવાનું આપણને સૂઝ્યું જ નહિ! એને પૂરું આપણે સમજી પણ શક્યાં નહિ. એ હતો તો પાસે ને પાસે. પણ એને સાચો પૂરો જોયો પણ નહિ, તો અનુભવી તો ક્યાંથી જ શકાય?'' આવું કંઈક કંઈક સ્વજનોને જરૂર થવાનું છે. તે વેળા જે પસ્તાવો થશે એનાથી કશું વળવાનું નથી. જે કોઈ જીવતાને માનતા નથી કે માની શકેલાં નથી, તે તેના ગયા પછી તેને શું માની શકવાનાં છે? રામ રામ કરો. માટે જેને માનવાનું આપણે કરેલું હોય, તેને તેની જીવતી હયાતી સુધીમાં યોગ્યપણે સમજી લેવાય, ને તે પણ તેના પૂરેપૂરા યથાર્થપણામાં સાચી રીતે સમજાય—પાછું સમજી તેનો જીવનવિકાસના સાધન તરીકે જ્ઞાનભક્તિપૂર્વક જેટલો ઉપયોગ કરી લેવાય તેટલું ઉત્તમ છે. ('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૩૧)

તમારા બધાના યોગ્ય જીવનને વિકસાવનારા સથવારાની મને કેટકેટલી જરૂર છે! મારી તે પ્રકારની ભૂખ કેવી ને કેટકેટલી છે! એને કોણ સંતોષે છે? એને તો બિચારાને ભૂખ્યો ને ભૂખ્યો જ સૌ કોઈ રાખે છે. એની દયા કોઈને પણ આવતી નથી. કોઈને એમ પણ વિચાર થતો નથી કે આપણી અનેક પ્રકારની આડીઅવળી કરણીથી, વિચાર-સરણીથી, અનેક પ્રકારના ઊઠતા વૃત્તિ-વિચારથી જાગતાં પ્રકરણોથી એને શું શું થતું હશે? એનો એવો યોગ્ય વિચાર પણ આપણા રોજિંદા વ્યવહાર-

વર્તનમાં કોણ કરે છે? **ઘણાંખરાં તો એનું ખૂન કરતાં હોય છે. કો'ક કો'ક તો વળી એનું ગળું દબાવી એને ગૂંગળાવી મારે છે. આ હકીકત કપોળ-કલ્પિત નથી, તેમ કલ્પનાની પણ નથી. કિન્તુ અનુભવની સાચી હકીકત છે પણ એને કોણ માને?** ('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૩૩–૧૩૪)

• • •

હૈયાથી કરેલ ને ખચકાયા વિના કરેલ સાફ, પૂરું ઠલવાયેલ આત્મ-નિવેદન—એ અમને ઘણું ઘણું વહાલું લાગે છે. એવો જીવ અમારું સ્વજન થઈ ચૂકેલ છે. એવાને પછી ભલેને મળવાનું બને કે ન બને, ભલેને તેવો જીવ પોતાની ઘટમાળમાં અમને ભૂલી ગયો હોય, પરંતુ તે અમારામાંથી ભુલાઈ શકતો નથી.

ભાવે અપાયેલાં કે અપાતાં હૈયાં, તે તો એને એનામાં જીવવા કાજેનો ખોરાક છે. તેથી આપવું હોય તો હૈયાના પૂરા ઉમળકાથી, પોતાના જીવનવિકાસના હેતુ કાજે, કોઈપણ જાતની અંદરની કે બહારની (સ્થૂળ-સૂક્ષ્મ-કારણ) શરત વિના બસ આપજો. જેમાં પારદર્શક ભાવથી નીતરતું, ઉમળકાથી છલકાતું હૈયું નથી, તે અમને ખપતું નથી.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૦૬ થી ૩૦૮)

જે કોઈ પોતાની જાતને મદદ કરે છે, એને ભગવાન જરૂર મદદ કરે છે તે નક્કી જાણશો. તમને તે સમજણનો અનુભવ થવાનો જ છે. તમારા પર મારો જીવ રાજી રહે છે. તમે મંડ્યા રહેજો. હિંમત રાખીને તે તે કરતા રહેજો. 'હિંમતે મર્દા તો મદદે ખુદા' એવી એક કહેવત છે. હિંમતથી મરદ બનીને જો મરદ બનશો તો શ્રીભગવાનની કૃપા-મદદ તો છે જ. **તમે 'મોટા'ને ખૂબ યાદ કર્યા કરજો. જો હૃદયના સાચા ભાવથી 'મોટા'ને યાદ કરશો તો 'મોટા' એ કંઈ માટીનું ખાલી પૂતળું નથી. જેમ સહુ કોઈનામાં ચેતન છે તેમ એનામાં જાગતું ચેતન છે. તેનો તમને અનુભવ થશે. એક વાર 'મોટા'નો તમને હૃદયથી અનુભવ થયો તો તમને ઘણી જ હિંમત આવી જવાની છે, પછી તમે 'મોટા'ને કદી જ છોડી શકવાના નથી.** માટે જે ઉપાયો બતાવ્યા છે તે કરતા રહેજો ને ભગવાનનું નામ લેતા રહેજો. હૃદયથી પ્રાર્થના કરતા રહેજો.

તમને મારા હૃદયની વિનંતી છે કે બતાવેલાં સાધન ઉમંગથી, ઉત્સાહથી, શાંત અને પ્રસન્ન ચિત્તે કરતા રહેશો તો જ કાંઈ પરિચય થયાનો અર્થ સધાય. નામનો મહિમા ભારે છે, જે તે કંઈ કરતાં કરતાંયે એનું એકધારું સ્મરણ જીવતું કાયમ રહી શકે તેટલું કર્યા કરજો. એનું સ્મરણ જીવતું થતાં તેમાં ભાવ પણ પ્રકટવા માંડશે. હમણાં તો બધું જ મહત્ત્વ શ્રીભગવાનના સ્મરણમાં જ આપ્યાં કરવાનું છે. જીવનનું આપણું એ જ મહત્ત્વનું કામ છે.

મારો સ્વભાવ ઘણો જ પરવાવાળો હોવા છતાં સાથે સાથે તે તેટલો જ પાછો બેપરવાવાળો પણ રહ્યા કરે છે, માટે તે પ્રકારની થતી વ્યક્તતાથી તે અંગે કદી પણ ગેરસમજ ન થતી રહે તે જોવા વિનંતી છે.

('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૯૫–૯૬)

● ● ●

તમારા બધાના પરિચયમાં પ્રભુકૃપાથી થોડું થોડું કરીને પણ આવવાનું બન્યું છે; તો મારા જેવા ભાંગ્યા-તૂટ્યાની પ્રેમ-સંભાળ લેશોજી. એનું કંઈ-કશું ક્રોધે ભરીને, રાગે કરીને, મોહે કરીને, પ્રેમે કરીને કે કોઈ બીજી રીતે કશું લાગે, તો તે કાજે કશી મડાગાંઠ ન વાળી લેવા પ્રાર્થના છે. પ્રભુકૃપાથી એટલું તો પ્રભુને હૃદયે રાખીને કહી શકું છું કે શ્રીગુરુમહારાજના કૃપાબળે કરીને જે કંઈ યત્કિંચિત્ શ્રીપ્રભુની કૃપા-ચેતના આધારે પ્રકટેલ છે, તે મારે મન નક્કર હકીકત રૂપે છે. એના અનુભવો પણ કોઈ કોઈ જીવોને પ્રભુએ કરાવેલા છે.

મારે કોઈના ધનનીયે પડી નથી. ધનની એવી લોલુપતા નથી. ધનની જીવનમાં કદી આકાંક્ષા સેવેલી નથી, ને સત્તાનો તો શોખ કદી પણ પ્રકટેલો નથી.

હા, આ જીવમાં એક પ્રકારનો '''હું'કાર'' છે, પરંતુ તે હુંકાર અને જીવપણાનો 'હુંકાર'—એ બંનેમાં ફરક છે. ઉપર જણાવેલો હુંકાર, એ જીવ પ્રકારના અભિમાનની ભૂમિકા પરનો નથી હોતો. તેવા વાસ્તવિક હુંકારમાં મદ પણ નથી, તેવો સાત્ત્વિક હુંકાર તો જ્ઞાનના વ્યક્ત-પણામાંથી પ્રકટે છે; જેમ ફૂલ ખીલતાં સુવાસ આપમેળે જ જન્મે છે તેમ તેમાં સહજતા છે.

આ જીવ તેની જાતને તમારા બધા પર ઠોકી બેસાડવા પણ માગતો નથી એવી મરજી પણ નથી. કિન્તુ આ પ્રશ્નને કે હકીકતને એક આધ્યાત્મિક માર્ગના પ્રયોગ તરીકે જો આ જીવને લેખવાનું કરી શકતાં હો, તો જેમ યુરોપાદિ દેશોમાં કોઈ વૈજ્ઞાનિક શોધખોળના પ્રયોગ કરનારને, જેમ ત્યાંનો સમાજ ઉત્તેજન, મદદ, સહાનુભૂતિ, પ્રેરણા, હૂંફ, ઓથ, સગવડ, સાધનો પ્રેમથી કરી આપે છે, તે રીતે પણ આ જીવને લેખવા વિનંતી છે. આ જીવનો પણ જીવનવિકાસના પ્રયોગનો યજ્ઞ તેની પ્રત્યેક ભૂમિકામાંથી પસાર થતો થતો અખંડપણે શ્રીપ્રભુકૃપાથી ચાલ્યા જ કરે છે. તે કોઈકનું કશું વાંછતો નથી. નથી માગતો ધન-દોલત, સત્તા કે એવું બીજું કશું. માગે છે તમારા બધાંનાં હૃદયનો નિર્મળ પ્રેમભાવ, તમારાં બધાંનાં હૃદયનો ઉમળકાભર્યો સત્કાર, સ્વીકાર અને સહકાર. એટલું જો થઈ શકે તો તમારા જીવનમાં ભાગ લઈ શકવાની આ જીવમાં પ્રભુકૃપાથી જે કંઈ શક્તિ હોય તે કામયાબ (ઉપયોગી) થઈ શકે. **('જીવનસોપાન', આ. ૩, પૃ. ૩૧૧ થી ૩૧૩)**

૧૩. લીલા-કળા

''અમારે ચાહવા કેરી બધાંને રીત ન્યારી છે!''

– મોટા

મદદ કરવાને પ્રભુકૃપાથી આ જીવ તૈયાર છે, ઉત્સુક છે, પણ તમારી પૂરી તૈયારી મને તેમાં મળે, એમાં તમારી હોંશ, તમારી હિંમત હોય, કૂદકો મારવાનું સાહસ હોય, માની લીધેલાં સમજણો, માન્યતાઓ, માપો, ટેવો વગેરેની પકડમાંથી ખસવાની જિજ્ઞાસા, તમન્ના હોય, તો પ્રભુકૃપાથી આ જીવનું કામ થઈ શકે; બાકી તો મારી મદદ કામ લાગવાની નથી. તાળી પાડવામાં બે હાથ તો જોઈએ જ ને? તમારા પ્રત્યે પ્રેમ ઊપજ્યો, ભાવ આવ્યો, એમ તમે લખો ને હું માની લઉં એવું મારા નસીબે માનવાપણું મારામાં રહ્યું નથી. બીજાઓનું માની લઉં છું ખરો, પણ તે વિશે પરવા કરતો નથી. પરંતુ સાધના કરતા જીવોની બાબતમાં મારી વર્તણૂક જુદી જ રહ્યા કરે છે.

હું ઢીલું મૂકું છું તો એવી બાબતમાં મારી સંમતિ માની ન લેવી. મારા માટેની છાપ ને અસર તો ત્યારે સુંદર દીપી ઊઠશે કે જ્યારે આપણા જીવનનો સુંદર વિકાસ થતો અનુભવાશે. તેથી આપણા પલટાતાં જતાં વર્તનો, સમજણો ને એવા જીવનની અસર બીજાને લાગશે. આવો અનુભવ થાય તે વધારે તત્ત્વવાળું ને ઊંડી અસર કરનારું છે. આપણી પોતાની નમ્રતા, શરણ-ભાવ, સહાનુભૂતિભર્યું વર્તન—એ બધું તથા બીજાના કર્મના હેતુને સમજી જવાની આપણી કદરવૃત્તિ એ બધું જેમ જેમ બધાં નિહાળશે તેમ તેમ જે ભાવ એમને થશે એથી એમના પરની આ જીવની અસર વધવાની છે. સાધકનું શરણપણું કેટલી હદ સુધી કેળવાયેલું થયેલું છે, તેનું માપ જોવા પણ કેટલીક વાર તેવાં વિચિત્ર ગતકડાં કરવાનું સૂઝી આવે છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૬૧)**

આ જીવ Perfect Master છે કે નહિ એ સમજવાની આપણને જરૂર પણ શી છે? આપણે તો 'મમ મમ સાથે કામ છે; 'ટપ ટપ' સાથે નથી.' મમ મમ જ્યાં સુધી સધાતું હોય ત્યાં સુધી માટીનું ઢેફું હોય ને એનાથી જો સધાતું હોય તો તે આપણો પરમ ગુરુ છે એમ સમજવું.

હૃદયનું ગૂઢત્વ (mysticism) આ જીવના પ્રેમને આભારી છે. એ બધું આ જીવે સાંભળવાનું હોય જ શાનું? કશુંયે એનામાં માની લેવાપણું રાખવાનું નથી; એનાથી કરી જો કંઈ આપણામાં સદ્‌ભાગ્યે એની કૃપાથી કશું ઉદય થઈ શકતું અનુભવી શકતા હોઈએ તો તે આપણા જીવનના ઊર્ધ્વગામી પુરુષાર્થના પરિણામ રૂપે જે તે બધું છે. આપણા જીવનનો વિકાસ ગમે તેટલો ઉચ્ચતમ બને તોયે એમાં જો ભૂલેચૂકે પણ મારું માની લઉં તો આ જીવની નરી પામરતા જ ગણાય. આ બધું હકીકતરૂપે છે. તમારા બધાના જીવનના થતા જતા મૂળગત પરિવર્તનને લીધે પ્રભુકૃપાથી આ જીવનું પણ તેવું ઉપયોગીપણું વધારે ને વધારે સ્ફુટ થતું જવાનું છે; અને તેની અસર આપણી આગળ-પાછળનાને પણ થયા વિના રહી શકવાની નથી.

પ્રભુકૃપાના બળ વડે આ જીવ તો અત્યંત પામર છે. માટે કૃપા કરીને એની વકીલાત કોઈ આગળ કશી કરવાની રહેતી નથી. જે સમજુ છે તે

તો આજ કે કાલ સમજશે જ, ને મારા જેવા ભિખારીને બારણેથી પાછો ઠાલો તો નહિ જ કાઢે એવી શ્રદ્ધા છે.

પૂરતો સાથ, સહાનુભૂતિ, હૂંફ, પ્રેમભાવ, મનહૃદયની તેવી ભાવના, કદરવૃત્તિ, શ્રદ્ધા, વિશ્વાસ, ઉત્સાહ, પ્રેરણા વગેરે મને મળતાં નથી. એ મારી ફરિયાદ છે. તે મારું કમનસીબ છે. છતાંયે આ જીવે તો હિંમત હારવાની નથી અને ધીરજ પણ ખોઈ બેસવાની નથી.

પ્રભુકૃપાથી આ જીવના હૃદયની તેવી ધગશની ભાવનાને સામેથી જો પોષણ ન મળ્યાં કરે ને તેના ભાવને યોગ્ય પ્રતિ-ઉત્તર હૃદયથી ન મળ્યા કરે તો પણ એવી ભાવના ત્યાંની ત્યાં રહ્યા કરવાની છે. એવા જીવની એવી ભાવના ફળતી કે પરિણામની કશી આશા અપેક્ષા સેવતી હોતી નથી. એટલે એને શું થશે એ વિશે તે—ભાવના—કશુંયે વિચારતી હોતી નથી. એ તો માત્ર પોતાની મેળે વહ્યાં જશે ને એના યોગ્ય સમયે વિલીન થઈ જશે. પરંતુ એવું થતાં પહેલાં એનાથી એટલું તે કર્યાં કરશે; કશાનીયે અપેક્ષા રાખ્યા વિના તે તે કર્યાં કરવાની છે, પરંતુ એવી ભાવના આપણી તરફ વહેતા જવામાં જ આપણું કલ્યાણ-શ્રેય રહે છે, એની ખાતરી શી? એનો પુરાવો શો મળે? એનું યથાર્થ દર્શન કે અનુભવ હૃદયમાં હૃદયથી થાય ત્યારે સમજાય તો સમજાય. બાકી બધાયના જીવનમાં અથડામણો તો ઊભી કરાવવાની આવે છે. અથડામણથી સંઘર્ષ જન્મે છે. સંઘર્ષણથી સમજણ પ્રકટે છે—જો આપણું તેવું દિલ થયેલું હોય તો.

કોઈ સાધક સૂચનો પ્રમાણે ન વર્તતો હોય છતાંયે છેલ્લામાં છેલ્લી હદ સુધી એની સાથે હૃદયથી રહું—જો જવાય તો—તેનાથી આગળ પણ જાઉં, પરંતુ સંબંધ તો તોડાય જ કેમ? ધારો કે એવો કોઈ સાધક મને નકારે, મને ફેંકી દે, તિરસ્કારે; તોપણ મારાથી તો બીજું થઈ જ ન શકે. આપણે ગમે તેવા થઈ જઈએ છીએ તોપણ ભગવાન આપણને શું નકારે છે? ખરાબ છોકરાને શું મા ફેંકી દેવાની છે? કિન્તુ જે સાચી મા હોય તો એવા ખરાબ છોકરાને—એની રીતને—ઉત્તેજશે તો નહિ જ.

પ્રભુકૃપાથી આ જીવનું કામ તો વૈદ્યનું છે. રોગ, ગુમડાં, ચાંદાં, એવું એવું, પ્રભુકૃપાથી અમારે જોવાનું પ્રકટે છે. ‘શું મારામાં કશું સારું

જ નથી? એમને તો બધું ખરાબ દેખાયા કરે છે!'—એવું સ્વજનોને થાય, પણ જે ગુણ કે સારું છે તે તો જતું નથી રહેવાનું; પરંતુ જે અવગુણ છે તેને અમારે પ્રથમ જોવાના છે; કારણ કે પ્રભુકૃપાથી તેને યોગ્ય રીતે મઠારાય અને તે યોગ્યપણામાં પ્રકટી શકે, તો તે કર્મથી તે જીવની ઉત્તમ સેવા થઈ ગણાય. આમ તે જીવનું બધું જ સારું થઈ જાય તો આ જીવનું કામ પૂરું પાક્યું ગણાય.

શ્રીભગવાને કૃપા કરીને અમારા ભેખને એવો ધર્મ સોંપેલો છે. સ્વજનનું તેવું તેવું બતાવવાનું થતાં અમારા વિષે અણગમો પ્રકટે છે, તેની અમને જાણ છે. સ્વજનની સેવા કરવાનો અમારો ધર્મ છે. કોઈને ગમે કે ના ગમે તેની ઝાઝી પરવા નથી હોતી. સ્વજન પ્રત્યેનો પ્રેમ અમને તેમ કરાવે છે. સ્વજનમાંનું કશુંક અવળચંડાપણું બતાવવાનું બને છે તે તેના શ્રેય માટે છે; એમ જ્ઞાનપૂર્વકની પૂરેપૂરી ભાવના સ્વજનના દિલમાં પ્રકટેલી નથી એ અમારું દુર્ભાગ્ય છે.

મારા ધર્મને હું કેમ કરીને જતો કરી શકું? કોઈક સમયે રૌદ્ર સ્વરૂપ પણ ધારણ કરવાની જરૂર પડે, કોઈ વખત જબરજસ્ત આઘાત આપીને પણ કંઈ જન્માવવાને મથવું પડે. પ્રભુકૃપાથી એવું મારે કરવું પડે તેનાં શોક કે દિલગીરી ન અનુભવવી ઘટે.

મને તો કોઈ બાબતમાં નિરાશા નથી. હું તો જે તે બધું એના પર જ છોડી દઉં છું. એને જેમ કરવું હોય એમ ભલે થાય. કોઈના પર મને રોષ નથી. પરસ્પરના જીવનમાં સુમેળ સધાતો રહે એ જ ઉદ્દેશ રહે છે. જીવન-માર્ગમાં અંતરાય પડવાની અણીના સમયે જો કોઈ ચેતી શકે તો ચેતવવાં જેથી કોઈને એમ ન થાય કે, ''ભલા! અમને ચેતવવાં તો હતાં! કહ્યું તો અમે પ્રયત્ન તો કરત! અમને તક ન આપી!''

જેની જેની સાથે પ્રભુકૃપાથી સંબંધ થયા છે, તે બધા જીવોએ પોતાના અંતરની છાની છાની હકીકતો, વહેલી યા મોડી પ્રભુકૃપાથી આ જીવ આગળ ખુલ્લી કરેલી છે. લોક કંઈ જેની તેની આગળ આવી હકીકત કહેવા બેસી જતા નથી. જે વ્યક્તિ આગળ જે જે કોઈ પોતાનું સર્વ રીતે અંતર ખુલ્લું કરે છે, તે વ્યક્તિ સવિશેષપણે હોય છે.

બજારમાં ઘણી દુકાનો હોય છે. ત્યાં દરેક પ્રકારના સોદા હોય છે. ભગવાનની કૃપાથી આ જીવે પણ દુકાન ખોલી છે. એમાં સોદો થાય છે, પરંતુ તે સોદો છે ફકીરીનો. જેણે તે કરવો હોય એણે જ એ દુકાને પગ માંડવાનું મન કરવાનું છે. ફકીરી એટલે બધું હોવા છતાં નિર્મમત્વ-વાળા થઈ, જ્ઞાનભક્તિપૂર્વક તેનો ઉપયોગ કરવાનો છે. ખાલી વાસણ હોય તો જ તેમાં કંઈ ભરવાનો સંભવ હોઈ શકે. ભરેલું હશે એમાં કંઈ ભરવું હશે તોપણ જે ભરેલું હશે તે બધું પૂરેપૂરું કાઢી નાંખવું પડશે.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૬૨, ૬૬, ૬૯, ૭૦, ૭૨, ૭૩, ૮૬, ૧૩૩, ૧૩૪, ૧૫૧, ૧૫૫, ૧૯૧, ૨૦૦)

• • •

અમે તો જીવનનો પોકાર પાડ્યા જ કરવાના. અમારો તો તે ધંધો છે. ફળિયામાં જે કોઈ વેચવાનું લઈને આવે તે તેની વેચવાની ચીજની બૂમો પાડે, તેમાં વળી ખોટું શું હોઈ શકે? જેને પાલવે તે લે, પણ એની બૂમો સાંભળીને ચીઢ ચઢાવીએ તે કેમ પાલવે? **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૩૨)**

હું તો પ્રભુકૃપાથી કોઈનું કશું સાંખી લેતો નથી. જ્યાં જ્યાં સાંખી લેવાનું બને છે ત્યારે તેનો હેતુ સામા જીવમાં સહાનુભૂતિપૂર્વક ભળવા-પણાનો હોય છે. સાંખી તે લે છે કે જેને કંઈ ગરજ હોય છે. મારે કશી કંઈ કોઈની ગરજ નથી. પ્રભુકૃપાથી એક ગરજ છે કે જે હેતુ અર્થે સ્વજન મળ્યાં છે, તે હેતુ હૃદયથી કેમ કરીને તેઓ પ્રીછ્યાં કરે ને તે પ્રમાણે વર્ત્યાં કરે અને જીવનમાં પ્રકટે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૨૫)**

• • •

આ શરીરનું બાકીનું જીવન જે કોઈ ભગવાનનું નામ શીખવાને એની કને આવશે એને આ જીવે એની કૃપાથી ગોદાટીને કરાવીને પણ તે રસ્તે લઈ જવામાં ગાળી શકાવાનું છે. એ જ એના જીવનનું અંતિમ કર્તવ્ય છે. પછી તો જેની જેટલી જિજ્ઞાસા હશે તેટલું થયે જશે. ગોદાટીને લીધે પણ કેટલાને ચસવું પડશે. આ જીવતરમાં પ્રભુકૃપાનો એવો યોગ છે. પ્રભુના નામનું સાચી રીતનું મહત્ત્વ જો કોઈપણ જીવમાં જગાડી શકાયું, તો તેવા આછા-પાતળા કર્મથીયે મને પૂરેપૂરો સંતોષ થવાનો છે. જે કોઈ જેવી પ્રકૃતિ-સ્વભાવવાળું મળશે, તે એની રીતે એના

પ્રમાણમાં લાભ લઈ શકાવો શક્ય હશે તો લેશે. પ્રભુકૃપાથી આ જીવે તો એનો ધર્મ બજાવ્યે જ જવાનો. જે જે મળે એમને આ ધર્મમાં એમની રીતે—એ ન જાણે તેમ—સૂક્ષ્મપણે દોરવાં. જે બધાંમાંથી છૂટો થઈ ગયેલો છે, તેવો જ બધાનામાં એની રીતે જકડાયેલો પણ રહી શકે છે.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૩૧)

પણ આજે આ કઠણ કાળમાં સહુ કોઈને તેમની રીતે રહીએ, જીવીએ, વર્તીએ તો તે રુચતું હોય છે. હવે આ જીવથી તેવી રીતે સદાકાળ વર્તવાનું ન બની શકતાં જીવને તે ન રુચે તે પણ સમજાય એવું છે. સાધનાની અમુક કક્ષાઓ વિતાવ્યા બાદ એક ગાળો એવો પણ પ્રકટે છે કે જીવાત્મા તે વેળા એક સાથે પરવાવાળો તેમજ બેપરવાવાળો બનેલો હોય છે. પરવાવાળાનાં રંગઢંગ સૌ કોઈને ગમે ને બેપરવાવાળાના રંગઢંગ તો કોને ગમે? હવે શ્રીપ્રભુકૃપાથી અમારે માત્ર કોઈને ગમાડવાને કારણે જીવવાનું રહેલું નથી. પૂર્વના જીવનનો તો પ્રભુકૃપાથી કાયાપલટો થઈ ગયેલો છે.

એને નીરખવાને, સમજવાને, અનુભવવાને જે જીવને જેમ લાગે તે ખરું, અમારે હવે એની કૃપાથી કોઈને સારું-માઠું લગાડવા પણ જવાનું દિલથી નથી. સમજણથી ઘણો સમય એવો વેશ એની કૃપાથી પહેર્યો હતો. સહુ કોઈ જીવ જો પોતપોતાની રીતે, મરજીએ, ઇચ્છાએ ચાલે છે, તો પછી તેવી રીતે આ જીવથી તેમ વર્તવાનું બને એમાં વાંધો-વચકો શાને? હું ક્યાં કોઈને કહેવા જાઉં છું કે આ જીવ કને આવો?જો તમે તમારી જ મરજીથી આવવાનું કરો, તો જે હેતુ કાજે આવવાનું બન્યું હોય તે હેતુના ઘડતર કાજે તેમ કહેવા-કથવાનું પ્રકટે, તેને યોગ્ય રીતે સ્વીકારવાની તૈયારી ન હોય તો તેવા જરૂર ખસી જાય. તેનો હર્ષશોક પ્રભુકૃપાથી અમને નથી. અમે તો શ્રીપ્રભુકૃપાથી અમારા રંગમાં જેમ છીએ તેમ છીએ. અમારે અમારું કશું જ ઢાંકવું નથી. જેમ જેવા જણાઈશું, લાગીશું કે વરતાઈશું તેનો વાંધો નથી. વાંધો જો કંઈ કશો હોય તો તે અમને હોવો જોઈએ. જેને વાંધો લાગે તો પળવાર પણ ઊભો ન રહે એવી અમારી લળી લળીને વિનંતી ને પ્રાર્થના છે. જીવનમાં અમને વાંધા-વચકા દિલમાં

કેવા કેવા લાગેલા હતા તે વેળા તે કાજે શ્રીપ્રભુકૃપાથી જે પ્રાર્થનાઓ થયેલી છે તે જોઈ કોઈ જીવ તે અંગે વિચારે, તેવી પણ અમારી તેવા જીવને વિનંતી છે. ('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૪૯–૧૫૦)

જો આપણા હૃદયમાં સર્વ પરત્વેનો સદ્‌ભાવ જીવતો જાગતો પ્રકટી ગયેલ હશે તો, તેવો હૃદયનો પ્રકટી ગયેલો સદ્‌ભાવ આપણને જેની તેની સાથે તેના તેના યોગ્યપણામાં જ એની કૃપાથી વર્તવાનું કરાવશે, એવો આત્મવિશ્વાસ આ હૃદયમાં તો પ્રકટી ગયેલો છે.

તેથી તે સદાય નિરાંતવાળો ને નિશ્ચિંતતાની ભૂમિકાવાળો એની કૃપાથી રહ્યા કરે છે, જે કશાથી ઘવાઈ શકાતાં નથી. જેને કાંઈક લખવાની કે કહેવાની શક્યતા કે પ્રસંગ ઊભો થાય છે, ત્યારે આ જીવનો જ્યારે સાધનાકાળ હતો, ત્યારે તેનાથી જેમ બોલાતું હતું, તેવી રીતે હવે તેનાથી વર્તાતું નથી; એ તો આ જીવ કબૂલ કરે છે, પરંતુ તેમ કરવામાં અભિમાનથી તેમ બને છે એમ માનવાની આ જીવ પ્રભુકૃપાથી જ્ઞાનપૂર્વક ના પાડે છે. આ જીવ આવી બાબતમાં જેમ માને છે, તેમ બધા જ જીવ માને એવું કહેવાનો પણ હેતુ નથી. અમુક વડીલો જેમ આ જીવને માને છે તેવી તેમની, દશામાં યોગ્ય સમજણ હોય એમ પણ સંભવી શકે છે. માત્ર મેં તો આ અંગે સ્પષ્ટીકરણ કરેલ છે.

માનવી માત્ર પહેલાં જેવો હતો તેવો ને તેવો સદાય કાયમ રહી શકતો નથી. દરેક જીવ બદલાયા કરતો હોય છે, તેમ આ જીવ પણ બદલાયા કરેલો હોય એમ બને. આ જીવને તેના સાધનાકાળમાં એનું પોતાનું નિર્દયમાં નિર્દય રીતે તટસ્થતાપૂર્વક પૃથક્કરણ કરવાનો જ્ઞાનપૂર્વકનો જીવતો અભ્યાસ હતો, તેણે કરેલી પ્રાર્થનાઓ અને ભજનોથી આજે પણ તે સમજી શકાય તેવું છે. એવા લાંબા કાળના જ્ઞાનપૂર્વકના અભ્યાસની અસર જીવનમાં પ્રકટ્યા વિનાની રહી શકે ખરી? જો જીવ કક્ષામાં તે જીવને કોઈ પ્રકારની લઢણ પડેલી હોય છે, તે તેવા લઢણના પ્રકારની અસર તેના જીવનમાં પ્રકટેલી સૌ કોઈ અનુભવી શકે છે; તો આ જીવે વર્ષોનાં વર્ષો સુધી જે અભ્યાસ પ્રભુકૃપાથી પાડેલો છે, તેની અસર શું ઊડી ગયેલી બની જાય ખરી કે?

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૪૮–૧૪૯)

આ જીવ એના સાધનાના કાળમાં કેટકેટલું મૂંગો રહ્યા કરતો? ઝાઝું કશું બોલતો-ચાલતો નહિ, કંઈ કશા ઉપર ચર્ચા-બર્ચા કરતો નહિ. વડીલો પરત્વે તો જીવતો જાગતો સદ્‌ભાવયુક્ત આદર જ તેનામાં પ્રવર્ત્યા કરતો હતો. તેવો જીવ આજે જેમની તેમની સાથે જે જે પ્રકારનો પ્રસંગ સાંપડતા તેમને તેમને પ્રસંગને યોગ્ય જે કંઈ હોય, તે તે તેમને તેમને કહે, લખે કે સંભળાવે છે.

તેવી રીતનું તે જીવનું વ્યક્ત થવું બીજા જીવોને કદાચ ન ગમે તો તે સમજાય તેવું છે. આ જીવના તેના વર્તાવથી આ જીવ હવે તો 'બદલાઈ ગયો છે' (એવું એના યોગ્ય જ્ઞાનના હેતુમાં બોલાતું હોતું નથી.), 'અભિમાની થઈ ગયેલો છે' એમ કેટલાક માન્યા કરતા હોય છે. પણ જે જીવો આ જીવના પૂરેપૂરા નિકટના પરિચયમાં આવેલા છે, ને જે જીવો ઘણા કાળથી જીવનસાથી તરીકે પ્રભુકૃપાથી મળેલા છે ને જેમને આ જીવના જીવનનાં ઘણાં ઘણાં પાસાંનો અનુભવ પૂરો પાકો થયેલો છે, તેવા જીવો આ જીવમાં તેવું અભિમાન કે 'હુંપણું' છે, તેનું યોગ્ય તારતમ્ય જોઈ શકેલા છે. **('જીવનપોકાર', આ. ૨, પૃ. ૧૪૬–૧૪૭)**

વર્ષોનાં વર્ષો સુધી પ્રિય મિત્રો સાથે હરિજન સેવક સંઘના કાળમાં લગોલગ કલાકોના કલાકો સુધી એકધારું કામ જેમણે કરેલું છે, જો એનામાં 'હુંપણું' કે 'અભિમાન' હોય તો તેવા મિત્રની જાણમાં આવ્યા વિના કેમ રહી શક્યું હોય? હુંપણું તો અનેક રીતે વ્યક્ત થતું હોય છે. રોજ-બ-રોજના કામમાં વર્ષોનાં વર્ષો સુધી સતત રહેવાનું બન્યાં કરતું હોય તેમ છતાં ત્યાં કદી પણ કશું ઘર્ષણ થયું ન હોય કે અથડામણ ઊભી થઈ ન હોય, કે ક્લેશ-સંતાપ ન થયા હોય, માત્ર સહકાર ને સહચાર જ જીવનમાં પ્રવર્ત્યા કરેલાં હોય તો તે શું સૂચવે છે? પણ કોઈ ગમે તેમ માને, આપણને કશી જ પરવા ન હોય. આપણે તો જે કાળે પ્રભુકૃપાથી યોગ્ય વર્તવાનું બન્યાં કરે, તેમ વર્તવાનું છે. તેમ કરવાથી બીજાંને શું લાગશે એવો વિચાર કરવા જો બેસાયું, તો તો તેવા યોગ્ય પ્રકારના વર્તવાપણામાં મોળાશ પ્રકટી જતી અનુભવાય છે.

અનેક સ્વજનોનાં જીવનની લાહ્ય ને બળતરા અંતરમાં બળ્યાં કરતી હોય છે. અમને અંતરમાં લાળા બળતા હોય છે. તેવા પ્રકારની કોઈ

ઉત્કટ દશામાં તાત્કાલિક તે વેળા જે કોઈ સ્વજન હડફટે નિમિત્ત ઊપજતાં આવી ચઢ્યું, એના પર આ જીવથી તે તે બધાં સ્વજન પરનો રોષ તેમને તેમને ચેતવવા નિમિત્તે, જગાડવાને કારણે ઢોળાઈ જતો હોય છે. બધા જાણે છે કે, ''આ **મોટા** એકને જ વઢે છે'' જો તે વેળા તે સ્વજનો એમ સમજતાં હોય કે તેમાં આપણો પણ ભાગ છે, તો તેઓ પણ પ્રભુકૃપાથી જાગ્રત બનવાનું શીખી શકે છે.

જોકે પ્રભુકૃપાથી હવે તો એવું પણ સમજપૂર્વક મૂકી દેવાનું ધારેલું છે. કાળ પણ બદલાતો રહ્યા કરે છે. જે સાધન જે હેતુ કાજે વાપરવાનું ઊભું થતું હોય છે, તેના પર કોઈક જીવ પોતાની બુદ્ધિથી આ જીવને માથે દોષનો ટોપલો ઓઢાડે તો તે કબૂલ-મંજૂર છે. એમાં અમને તો કશું નુકસાન નથી. ('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૭૦)

આજે તમે લોકો આ જીવને કંઈ જ કશું ન કરતો અનુભવો છો, પણ તે જેવો દેખાય છે તેવો નથી. એના અંતરનો ચરખો તો ચાલ્યા જ કરે છે. આવું થવાનું જે પ્રભુકૃપાથી બનેલું છે, તે કેવી રીતે બનેલું છે, તેને કેવી રીતે ચીતરી બતાવું? ('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૭૬)

પ્રભુકૃપાથી આ જીવે કાયરતાને કદી પણ જીવનમાં સાથ દીધેલો નથી. તે ક્યાંયે પણ કશાથી ભાગેડુ બન્યો નથી. કેટલાંયે વર્ષોના એટલે કે લગભગ ૩૦ વર્ષના મિત્રને ખરી વાત કહેવામાં કદી પણ મચક આપી નથી. તેને તેથી ખોટું લાગશે અથવા આ જીવને છોડી દેશે, એવો ભય ક્યાંયે ખૂંણેખાંચરે રહેલો નથી. પ્રેમનો ભાવ જેટલો કઠણ છે તેટલો જ કોમળ છે. પ્રેમની કુમળાશને સૌ કોઈ સ્વીકારે ને સમજે, પણ પ્રેમની કઠણાશને જ્યારે પ્રેમભક્તિથી સ્વીકારાય ત્યારે જ સાચો પ્રેમ પમાય. જીવનવિકાસને કાજે જે સ્વજનો પ્રભુકૃપાથી આ જીવ સાથે સંકળાયેલાં છે, તેમના કોઈ અવગુણને આ જીવ ઉત્તેજન આપી શકે તેમ નથી. હા, તે કોઈ જીવના અવગુણને સ્વીકારી લે ખરો—જેમ સાધક પોતાના દોષ સ્વીકારે છે પણ તે તેને યોગ્ય રીતે મઠારવાના હેતુ કાજે; તેવી રીતે સ્વજનનો અવગુણ સ્વીકારવાનો ધર્મ છે, પરંતુ તેમાંથી તેને તારવીને યોગ્ય સ્થળે મૂકવાને કાજે. જીવનનો ધર્મ સાંપ્રદાયિકતાનો નથી.

જીવનનો વાસ્તવિક ઉદ્દેશ વિસ્તારપણાનો છે. જીવનની સાધનાનો મર્મ ને અર્થ એ માત્ર ભાષાના શબ્દભંડોળથી નથી મળી શકવાનો. એ તો યોગ્યપણે જીવન જીવવાથી જ મળી શકવાનો છે.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૭૧)

કોઈ ઊંચી ઊંચી વાતો કરે તો મનમાં હાલ્યા વિના સહાનુભૂતિ-પૂર્વક સાંભળું છું. આશ્રમથી મારા જૂના વખતના કૉલેજના એક સ્નેહી કુંભકોણમ્ ૨૪ કલાક માટે આવ્યા હતા. તેઓ સવારથી સાંજ રહ્યા ત્યાં સુધી ઘણી ઊંચી ઊંચી વાતો પોતાના વિષે બોલ્યા કરતા. મારા વિશે નંદુભાઈને જણાવ્યું કે 'ભગતની ત્રણ પૈસાની કિંમત છે. પરંતુ મારી ત્રણ પૈસાની કિંમત ને સામાન્ય માણસની ત્રણ પૈસાની કિંમતમાં આસમાન જમીનનો ફરક છે.' એવી રીતે કંઈ કંઈ વાતો કરે તો મને કોઈ જાતનો વાંધો નથી, હું તે પ્રેમથી સાંભળ્યાં કરું છું.

પણ કોઈ સ્વજન–તેવી વાતો કરે તો તેને 'સંભળાવવાનું' કામ પ્રભુકૃપાથી થાય. **('જીવનમંડાણ', આ. ૧, પૃ. ૧૩૭)**

આ જીવની મૂર્ખામીનો તો પાર નથી. પ્રભુકૃપાથી જે જે જીવને ચાહતો થાઉં છું તેમના તેમના દોષ પર નજર ઠરે છે. ને તે કાજે તેમને ભાંડવાનું બને છે. એટલે આ જીવ તો એક રીતે વિષ્ટાની માંખના જેવો ગણાય. માટે તેવાનો સંગ શા ખપનો? જેના સંગથી એક પછી એક પગથિયાં ચઢીને જીવાત્મા પરમાત્મતત્ત્વ અનુભવે તેવાનો સંગ અતિ ઉત્તમ. જીવનમાં ઉચ્ચ ગતિમાં પ્રવર્તવું છે, એવી ભાવના પ્રકટવી એ મહાદુર્લભ ઘટના છે, અને તેમાંય સત્પુરુષનો આશ્રય અંતરની પ્રેમ-ભક્તિભાવે જાગૃતિ સાથે પોતાના આંતરિક વિકાસની સમજણના ધોરણથી હૃદયમાં પ્રકટતો રહે તે તો વળી તેનાથીયે દુર્લભ છે, ને તે તેનાથીયે વિકટ તો સત્પુરુષના હૃદયને સમજવું ને અનુભવવું તે છે.

('જીવનપ્રવેશ', પૃ. ૨૯)

મારાં સ્વજનને, કોઈને, હું પોતે 'સંત' છું એમ મેં કહેલું નથી. હું તો કશુંય નથી. આ જીવ વિષે અમુક માનો એવું કહેવું નથી. કિન્તુ જીવનવિકાસની દૃષ્ટિ ને હેતુ જો આપણાં જીવનનાં હોય તો જેની કનેથી

આપણે કંઈક શીખવાનું છે, તેનામાં જો આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ યોગ્ય રીતે વિચારવાનું ન કરી શકતાં હોય, ને તેવા જીવ વિશે આપણાં માન-આદર ન પ્રકટી શકેલાં હોય તો તેવા જીવ કનેથી આપણે કશો લાભ મેળવી શકવાનાં નથી. મેં કદી કોઈને પૂજા-અર્ચન કરવાનું કહ્યું નથી. આ જગતમાં સૌ કોઈ પોતપોતાની ટેવ પ્રમાણે જ ચાલે છે, મને પણ કોઈ ક્ષેત્રની એવી ટેવ હોય, ને ન પણ હોય, તે કોઈ જાણવા બેસી રહ્યું નથી, ને તે ભાવનાથી પુરવાર થઈ શકે તેવું હોય તો તેનો કશો અર્થ નથી. ('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૪૪–૧૪૫)

મારા ફોટાનું ભલા શું કરશો? મને એ પસંદ નથી. પહેલાં તો હું ફોટો પડાવતો ન હતો, પણ એ આગ્રહ મેં છોડી દીધેલો છે. તમને જ્યારે દિલ ચાહે ત્યારે તમારી આંખો સમક્ષ શું હું આવી શકતો નથી? ફોટાની જરૂર પડે? એની પાછળના તમારા પ્રેમની ઊર્મિની કદર હું નથી કરી શકતો એવું નથી, પણ એ નકામું છે. મનને એવામાં પડવા ન દેવું. મન એવું કરે તોય એને કહેવું કે જેના ફોટાની તું ઈચ્છા કરે છે એને જ્યારે જોવા હોય ત્યારે મનની આંખો સામે તો આણી શકાય એમ છે જ ને? પછીથી એ સ્થૂળની શી જરૂર? સ્થૂળને આપણે ઉત્તેજન આપવું નહિ. ('જીવનપગરણ', આ. ૩, પૃ. ૧૦૮)

હું પણ મારા મિત્રોને બીજા એવા સંતાત્માઓ પાસે જવાને જરૂર સૂચવું છું. અમદાવાદમાં પૂજ્ય શ્રી આનંદમયીમૈયા પધારેલાં ત્યારે ભાઈ નંદુને મેં ખાસ મોકલેલો તેમ જ પોંડિચેરીના આશ્રમે પણ તથા એવે બીજે ઠેકાણે જવાને સલાહ આપેલી. આધ્યાત્મિક માર્ગમાં જેણે જીવન-વિકાસ કરવો છે તેણે તો જ્યાં જ્યાં સદ્‌ગુણ કે એવી દૈવી સંપત્તિનાં અનુભવદર્શન થાય ત્યાં કદરભક્તિ ભાવે અને જ્ઞાનપૂર્વક પોતાનું માથું નમાવવાનું રહે છે. તમે અમુક સંતની જ સેવા કરો એ આનંદનો વિષય છે, તે ઉપરાંત જે કોઈ ઉચ્ચાત્માને પ્રભુકૃપાથી સંજોગોવશાત્ આપમેળે મળવાનું થાય તેની સેવાચાકરી કરવાનું રાખો તો તેમાં કશું ખોટું નથી.

પ્રભુકૃપાથી કંઈ કોઈને 'મૂંડવાના' નથી.

('જીવનપ્રેરણા, આ. ૧, પૃ. ૫૨–૫૩)

• • •

આ શરીરનો જન્મદિવસ ભાદરવા વદ ચોથના રોજ આવે છે. તે દિવસે તમારાં બધાંના હૃદયની શુદ્ધ ભાવના, ધારણા ને હૃદયના આશીર્વાદ માગું છું. તમારા મનની ભાવના પ્રેરકપણે તે દિવસે આ જીવમાં રાખવા વિનંતી છે. ને તે દિવસનાં થતાં સકળ કર્મમાં આ જીવની ચેતનાસ્મૃતિની ધારણા હૃદયથી રાખવાનું કર્યા કરશો તો આ ગરીબ ન્યાલ થયો ગણાશે. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૮૮)**

● ● ●

આપણે મળવાનું છે તે સ્થૂળ નહિ જ. પરંતુ મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્‌માં જ્ઞાનની ભાવના વડે અને જીવનવિકાસના હેતુ કાજે મળવાનું છે. ત્યાં જો એવી રીતે મળવાનું રાખીએ તો એ તો વળી અતિ ઉત્તમ ઉપાય છે.

મારી એ શરત છે કે આ જીવમાં કશું દૈવત છે એમ માનવાનું નથી; અથવા તો મહાન છું એમ પણ ગણવાનું નથી. આ જીવ તો એક સામાન્ય પ્રકારનો માનવી છે. એને પૂજવા કરવાનો પણ ન હોય. એવા પ્રકારની શ્રદ્ધાનો પણ મારે ખપ નથી. શ્રદ્ધા તો ધગધગતી તમન્નામાંથી આપો-આપ પ્રકટે, અને જીવનવિકાસની સમજણ પ્રકટાવે તે શ્રદ્ધા ખપની. કોઈનામાં પણ જે શ્રદ્ધા રાખવાની હોય છે તે તો આપણા પોતાને માટે છે. ઊંડી જીવની શ્રદ્ધા પ્રકટ્યા વિના શ્રદ્ધાના વિષયમાં આપણે કદી પણ ચોંટી શકતા નથી. અને પ્રવેશ પામી શકતાં નથી. તો પ્રેરાઈ તો ક્યાંથી જ શકીએ? શ્રદ્ધા જો હો તો તે એમ ને એમ કંઈ પડી ન રહે. એટલે આપણે જે તે કંઈ સમજી-વિચારીને કરવાનું છે. 'મનને'માં મેં એક ઠેકાણે લખ્યું છે કે પોતાના વિચારથી ચાલવામાં ખત્તા ખાવા પડે તેનો વાંધો નથી, કારણ કે જો જીવ સાધક દશામાં હશે તો તેનાથી તે જરૂર શીખવાનો છે ને તેની આંખ ઊઘડવાની છે; પરંતુ બીજાના વિચારથી ખાલી ખાલી આંધળાની જેમ દોરવાયા ન જઈએ એ તો ખાસ ખ્યાલમાં રાખવાનું છે. **('જીવનસોપાન', આ. ૩, પૃ. ૬૮ થી ૭૦)**

મારા તરફથી ભય રહ્યા કરે છે તેનું કારણ સમજાતું નથી. મેં ઊંચા સાદે કશું કહ્યું પણ નથી. પરંતુ ભવિષ્યમાં ન કહું એવો નિયમ પણ નથી. જે સંસારી ભાવ જાગે છે, તેનું કારણ તેવા તેવા પ્રકારના

અનુભવોની સમજણ સંસ્કારરૂપે પડી ગયેલી હોય છે તેથી જાગે છે. પ્રેમમાં એક પ્રકારનો ભય રહેલો હોય છે એ ખરું છે, પરંતુ ભયની લાગણી મનમાંથી નીકળી જવી જોઈએ; તો જ વધુ નિખાસલ થઈ શકાય છે. હજી તો કેટલું બધું એવું પડ્યું હશે કે જે કહેવાનું બાકી હશે! હૃદયના મધ્યબિંદુમાં જે કંઈ છે તે છે ખરું, પણ એનું વ્યક્ત થવાપણું એમ ને એમ બનતું નથી. એ તો અમુક પ્રકારનું નિમિત્ત બને ત્યારે જ વ્યક્ત થાય છે. એક પ્રકારનો ભક્ત નિમિત્ત બનતાં કે જાગતાં પ્રભુને પ્રાર્થના કરે ને બીજા પ્રકારનો ભક્ત સદાય પ્રભુના ભાવમાં જ રહે, નિમિત્ત હોય કે ન હોય તોપણ. મનમાં જે કંઈ ઊર્મિ પ્રકટે તેને તેવા ને તેવા જ આકારે મારી આગળ મૂકી દેવામાં કોઈ પ્રકારે સંકોચ અનુભવવો નહિ, તે ઊર્મિ પછી ભલેને સારામાં સારી હોય કે નઠારામાં નઠારી હોય તોપણ. જ્યારે એ રીતે ખુલ્લાં થયે જવાશે ત્યારે ઘણો ભાર હળવો થઈ જશે. જીવનમાં કોઈ સાચું સ્વજન મળેલું છે, તેનો પૂરો અનુભવ તે વેળા થશે.

('જીવનસોપાન', આ. ૩, પૃ. ૩૮)

આ જીવ વિશે પ્રેમભાવ નથી રહેતો તેને વિશે તો હું શું લખું? ને જીવથી આપણે હૃદયનું સદ્‌ભાવયુક્ત આકર્ષણ અને તેના વડે આપણા જીવનની ઉચ્ચ પ્રકારની મહત્ત્વાકાંક્ષા ફલિત થવાની છે એવી હૃદયપૂર્વકની સંપૂર્ણ ખાતરી થયા વિના ગમે તેવો જીવ ભલેને પછી તે મહાન ગણાતો હોય તેને ન વળગવામાં સાર છે. ઉચ્ચાત્માનો આશ્રય જીવનના ઊર્ધ્વીકરણ સારુ છે ને તે પણ સાધનરૂપ છે. સર્વશ્રેષ્ઠ અને સર્વોત્તમ તો એકલા શ્રીભગવાન જ છે.

આ જીવમાં પ્રકૃતિની રીતે તો અનેક પ્રકારના દોષો લાગે, જેનો ગણાવ્યે પાર આવે એવો નથી, એટલે અમારી વાત તો અમે શું લખીએ? સમજણથી ને વધારે અનુભવથી—અને તે અનુભવ જ્યારે અંતરમાં ઠરે ત્યારે ખરો—એ બધાંયથી જે સમજાય તે ખરું. મેં કદી કહ્યું નથી કે આ જીવનો સમાગમ કરવો.

મારા પર હૃદયની ઊર્મિ છે કે નહિ એ વિશે મારે કશું કહેવાનું હોય નહિ. તમે એમ જણાવો કે, ''**મોટા!** તમારા પર મને પ્રેમ સ્થાયી

એકધારો રહેતો નથી, ને અમાસ-પૂનમ થયા કરે છે.'' હું કોઈનેય મારી સોબત કરવાને કે મારી પાસે આવવાને કે સમાગમ કરવાને કદી પણ કહેતો હોતો નથી; અથવા તો એવું નિમિત્ત પણ હું પોતે ઊભું કરતો નથી. પોતાની મેળે જે કોઈ આવે તેને ના પાડતો નથી. ને કોઈ સંબંધ વધારવા કે ઘટાડવા માગે, તો તેમ પણ ભલે થાય. અમારું દિલ જેના વિશે ભગવાનની કૃપાથી રહે છે, ત્યાં અંતરમાં અંતરથી ભરતી ઓટ થતી નથી. બહારથી કોઈને એમ લાગે તો ભલે, પરંતુ જો જોવાની સૂક્ષ્મ આંખ હોય ને પારખવાનું હૃદય જો જાગેલું હોય, તો હૃદયનો પ્રેમ છૂપો રહી શકતો નથી. તમારા હૃદયની ઊર્મિ સાચી છે કે ખોટી તેની જાણી જોઈને પરીક્ષા કરવી નથી. પ્રભુકૃપાથી કોઈનીય પરીક્ષા કરવાનું દિલ થતું નથી; કારણ કે એ અમારી સંસ્કૃતિમાં નથી. અમારી સંસ્કૃતિમાં તો સર્વમાં ભળવાનું જ લખેલું છે; અને તે પણ કંઈ કશામાં બાકી ન રહે એવી રીતે. ('જીવનસોપાન', આ. ૩, પૃ. ૫૧, ૫૭–૫૮)

મફતમાં હું માનતો નથી. જેની તેની કિંમત આપવી જ પડે છે. જીવનમાં કે જગતમાં કે વહેવારમાં કશું એમનું એમ મળતું નથી. તમારા જીવનવર્તાવ વડે અમારી આબરૂ ટકી શકવાની છે. તમારા ભાવ વડે અમારે શોભવાનું બનવાનું. જો ભાવનાના જ્ઞાન પ્રમાણે તમારું યોગ્ય વર્તન ન રહી શકે તો તમારે ને મારે મરવા જેવું થવાનું. માટે ગરીબની દયા જાણજો. મને તો જશ કે આબરૂનો ડર ક્યાંયે નથી. પરંતુ તમારો જશ વધે ને તમારી પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થયા કરે એ જોવાની દિલમાં ઝંખના-ભાવના છે. તમારી કીર્તિ જાય તો મને મરણ કરતાંય વધારે સાલે, જો કે મૃત્યુ તો મને જરાકે ન સાલે. તેને તો પ્રેમથી ભેટી શકું. પરંતુ તારે લીધે મારે શરમથી નીચું જોવું ન પડે એવી ને એટલી તું જીવતી રહ્યાં કરજે એટલી મારી તને હૃદયની પ્રાર્થના છે. ('જીવનસોપાન', આ. ૩, પૃ. ૧૦૭–૧૦૮)

• • •

મારે તો ઘણું ઘણું લેવું છે. હજી તો લેવાનું જરાતરા જ શરૂ થયું છે. મારી તમને પ્રાર્થના છે કે બધું આપ્યાં જ કરજો. જીવસ્વભાવનું બધું જ—પાપ અને પુણ્ય બધું જ—આપ્યાં કરજો. જે જે વિચાર, વૃત્તિ,

લાગણી, ઊર્મિ, ભાવના, વિકાર, રાગ, મોહ, ક્રોધ, કામ, મદ, અહંતા, ઇત્યાદિ જે જે ઊગે તે બધું, તે તે પળે, જ્ઞાનભક્તિપૂર્વક આપવાની જાગૃતિ રાખી રાખીને આપ્યાં જ કરવું. ('જીવનસોપાન', આ. ૩, પૃ. ૧૧૬)

(અનુષ્ટુપ)

કોઈક ગૂઢ યોગીઓ, યોગ જે જાણતા નથી,
—એવા માનવીઓ લેઈ, પોતાને વશ ચિત્તથી,
ઇચ્છા પોતાની કૈં એની પ્રમાણે, ચિત્તના ઊંડા,
—સંસ્કારોને કરાવે છે પૂરા જાગ્રત ત્યાં ખરા.
તે વેળાનો ખરો લાભ, જો કોઈ ઉગ્ર સાધક,
લઈ લેશે હૃદે ચેતી પામે લાભ પૂરો ઉર.

('કર્મગાથા', આ. ૧, પૃ. ૧૩૭)

શ્રીપ્રભુકૃપાથી આ જીવ કશું પણ યદ્વાતદ્વા કરતો હોતો નથી. તમારા ચિત્તમાં જે સંસ્કરો પડેલા હતા, તેને પ્રત્યક્ષ કોઈક સૂક્ષ્મ પ્રકારની વિશિષ્ટ કળા-પદ્ધતિ (Technique)થી તેને પ્રત્યક્ષ સ્પષ્ટપણે મૌન એકાંતમાં ખરેખરા રૂપમાં નજરેનજર જોઈ શકાય તેમ બતાવી દેવામાં આવ્યા છે. ઉપર જે કવિતામાં લીટીઓ ટાંકી છે, તે પરથી સ્પષ્ટ સમજાય એવું છે કે આ જીવમાં તેવી Techniqueનું જ્ઞાન એની કૃપાથી રહેલું છે અને તે પ્રમાણે તેણે એની કૃપાથી કરી બતાવેલું છે. તેનો લાભ કેવો લેવો એ કામ દરેકનું પોતપોતાનું છે. આ જીવે પ્રભુકૃપાથી સાબિત કરી આપ્યું હતું તે કરી બતાવેલું છે. કેવા રહેવું-થવું-જીવવું એ વિશે કશી પરવા હોતી નથી કે રહેતી નથી; પરંતુ જે કાંઈ થયેલું એનું યોગ્ય, ઉત્કટ સભાનપણું-ને ભાવપ્રદેશમાં ખેંચી જઈને દિલને દિલમાં પ્રકટાવવું ઘટે-એ તો એની કૃપાથી કરેલું છે. બીજી કોઈ રીતે તેવું થવું કદાપિ પણ શક્ય નથી એટલું તો ચોક્કસ છે.

એક આશ્રમમાં આ જીવને પ્રત્યક્ષ અનુભવ થયો છે કે બીજાના શરીરમાં થતાં વિકારને જાતે શરીરે સહન કરી લેવાના હતા. વળી બીજા જીવોને જે જે થયાં કરતું હતું, તે તે હકીકત પણ આ જીવ કનેથી બીજા

જીવોને સાંભળવા મળેલી. આ જીવ શરીરે જે રીતે સહન કરતો, તે એ જીવોને લીધે જ હતું એની અનેક રીતે ખાતરી થયેલી.★

આ જીવને વિકાર નડતો નથી એવા જાતજાતના પ્રત્યક્ષ અનુભવથી આ હકીકત તારવેલી છે એવું તો કેટલીય વાર આ જીવના શરીરના અણુએ અણુમાંથી પસાર થઈ જતું હોય છે.

(**'જીવનસોપાન', આ. ૩, પૃ. ૩૨૩–૩૨૪**)

● ● ●

મને મળેલાં સ્વજનોને જીવનવિકાસ કાજે કામ તો ઢગલાબંધ મળે એવું હું સદાય વાંછતો રહેલો છું. નંદુભાઈ આદિ તે હકીકત જાણે છે. કામમાંથી માથું ઊંચું કરવા વારો પણ ન આવે, એક કામ પૂરું થતાં બીજું કામ સવાર થઈને ઊભું જ હોય, એવું બન્યાં કરે તે મને વધારે ગમે. નવરું મન નખ્ખોદ વાળે. એના કરતાં તો કામ કરતાં કરતાં શરીર તૂટે એનો વાંધો ન હોય. કર્મ તો પ્રત્યક્ષ યજ્ઞનારાયણ છે. કર્મમાં જો પ્રભુ-પ્રીત્યર્થની ભાવના રહે તો કર્મ કરતા કદી થાક ન લાગે એવો મારો અનુભવ છે.

પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનાં હૃદય ને સદ્‌ભાવથી હૃદય ભેળાવી ને તેમાં મળીને ત્યાં ગળી જઈને એની પ્રાર્થના કર્યા કરવાના પ્રયોગો કરવાનું જો શહૂર ન જાગી શકાયું હોય, તો પછી **'મોટા'** શું મરે? ઊલટું મને તો એવી કથની સાંભળીને વધારે ત્રાસ થાય છે. મારે તો એવાં સ્વજનનો ખપ છે કે જેઓ પલે પલે જીવનને પ્રેમભક્તિપૂર્વક ન્યોછાવર કર્યા કરે અને એવા ન્યોછાવર થવામાં તો હૃદયનો નર્યો ભક્તિભાવ હોય. મારે તો કોઈનાં રોદણાં સાંભળવાં નથી. એવાં રોદણાં તો જીવને નામર્દ બનાવે છે. ગમે તેવા વિકટ સંજોગોમાં જે જીવ જવાંમર્દ બનવાનું કરી શકતો હોય છે; તે ભલેને કદાચ હારે પણ તે હારમાંથી વિજય મેળવવાની જ ભાવનામાં ને પ્રયત્નમાં મગ્ન રહ્યાં કરતો હોય છે. ગમે તેમ થતાં જે જીવ ટટ્ટાર ઊભો રહેવાનું શીખે છે ને તેમાં પ્રભુની સહાય-મદદના હાથનો પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક હૃદયમાં હૃદયથી અનુભવ કરે છે એવા

★આવા ગૂઢ કર્મની ટેકનિકનું રહસ્ય શ્રીમોટાએ 'જીવનસ્પંદન' પુસ્તકની પ્રસ્તાવનામાં આલેખ્યું છે.

જીવને ક્યાંય એકલાપણું નથી એ તો શત્રુઓના ઘમસાણ વચ્ચે ને બોંબમારાની વચ્ચે પણ નિરાંતવાળો રહી શકે છે. આ જીવને એવા સ્થૂળ અનુભવો તો થયા નથી, પણ આંતરિક હુમલાઓનાં કારમામાં કારમા અનુભવો થયા છે. ('જીવનસોપાન', આ. ૩, પૃ. ૨૬૪-૨૬૫)

• • •

લતા નામની (નાની બાળકીને પત્ર)

ઘણી વહાલુડી,

હું તને યાદ કરું છું. એટલે શું તેની ખબર છે? ખબર ન હોય તો બહેનને પૂછજે. વેલને તો કોઈ આધાર જોઈએ જ. આધાર વિના એ મોટી ના થાય. વેલને એકલું રહેવું પાલવે નહિ ને એકલું રહેવું ગમે પણ નહિ; તે એકલી જીવી શકે નહિ. મારે તને ખૂબ જોવી છે ને ખૂબ વહાલ કરવું છે, પણ હું તો સાવ ગામડિયો છું. દીઠે જરાકે ગમું એવો નથી. જેની ઘણી હજામત* વધી ગઈ હોય, માથે ઠોબરા જેવું ફેંટિયું હોય, એવાને જોઈને તું બી તો નહિ જાય ને? રોજ ભગવાનનું નામ લેતી રહેજે. બહેન તને વઢશે નહિ અને કદાચ ધારો કે વઢે તો પણ મા વઢે તેથી ખોટું શું લગાડવાનું? મારી મા મને ઘણું મારતી પણ તોય હું તો માને બહુ હેત કરતો. મા જેવું બીજું કોઈ વહાલું નથી. ''મા તે મા, બીજા બધા વગડાના વા'' એવી એક કહેવત છે. બહેનને મારી વતી બોલાવજે. અહીં હું લતા તો ઘણીય દેખું છું પણ તે તું નથી.

('જીવનમંડાણ', આ. ૩, પૃ. ૧૪૭–૧૪૮)

આ જીવને ખાલી ખાલી પૂજાવું નથી. તેમાં તો જીવનનું મૃત્યુ છે. મારે તો તમારાં બધાંમાંનું સર્વ કંઈ ખાવું છે. શ્રીપ્રભુકૃપાથી આ જીવનો વૈશ્વાનર જે તે પચાવવાને તત્પર છે, પણ તે માને કોણ ને સમજે કોણ?

('જીવનપ્રવેશ', પૃ. ૨૨૭)

• • •

(વડીલો પરત્વે)

મનમાં જે ઊગે તે કહેવાનો તમારો તે અધિકાર સર્વ રીતે ને સર્વ ભાવે આ જીવ પર છે. આ જીવથી ભૂલ થતાં કે કરાતાં તમને કાનપટ્ટી

*એ વેળા પૂ. શ્રીમોટા અઠવાડિયે એક વાર હજામત કરાવતા હતા.

પકડાવાનો અધિકાર પણ છે. ભૂલ કબૂલ કરવા જેટલાં સાહસ ને હિંમત પ્રભુએ આપેલાં છે, એટલું તો આ દિલમાં લાગ્યા કર્યું છે, જેને જે ભાવે માન્યાં છે, તે ભાવે તેનામાં જીવવું એવી શ્રીગુરુકૃપાયુક્ત સમજ એણે ઉગાડી, એનાથી બીજી રીતે વર્તી જ ન શકાય, એવું જીવન-વલણ કૃપાથી એણે પ્રવર્તાવેલું છે. તેથી મળેલાં સ્વજનોને ન કલ્પી શકાય એટલી હદે તેમને લાગતી રીતે કડવા થવાનું પ્રભુએ કરાવેલું છે. કોઈનેય અમથું રાજી રાખવાનું આ જીવથી બન્યું નથી. એવાં વડીલોને પણ તેવો પ્રસંગ ને સમય આવતાં સંભળાવી દેવાનું પ્રભુકૃપાથી આ જીવ ચૂક્યો પણ નથી.

સર્વ કોઈને કોઈ રીતે ઊંચાનીચાં કરવાં આ જીવ એની કૃપાથી કંઈ ને કંઈ એવું કર્યા જ કરતો હોય છે. તેમાં જો ક્યાંક અજુગતું બની જતું લાગે તો હૃદયની ઉદારતાથી તે ક્ષમ્ય ગણવાની પ્રાર્થના છે. એ પાછળ માત્ર આ જીવનો બીજા જીવ પરત્વેનો ઉગ્ર તલસાટ ઊકળ્યા કરે છે; એટલું જોવાનું-વિચારવાનું જો બની શકે તોયે આ જીવનું સદ્‌ભાગ્ય માનીશ. **('જીવનપ્રવેશ', પૃ. ૧૫૫-૫૬)**

● ● ●

આ જીવમાં કોઈનું કશું જાણી લેવાની શક્તિ નથી, કોઈના વિચારો પણ જાણી લેવાની કળા તેનામાં નથી. તેવું તને તથા તેના પરિચયમાં આવેલા બીજા જીવોને જો તેમ લાગ્યું હોય તો તેમનો આ જીવ પરત્વેનો સદ્‌ભાવ છે.

કોઈ કોઈ વેળા કોઈ જીવ અમુક પ્રકારનો હુમલો કરે, તે વેળા મારો વહાલો શ્રીભગવાન પેલાને મઠારવા તેવાં તેવાં ગતકડાં કરાવતો હોય તો તેની લીલા તે જાણે.

આ જીવ તો ગધેડા જેવો છે. ભાર પણ ઊંચકે ને ઉપરથી ડફણાં ખાવાનાં મળે. ભાર તે પણ જેવો તેવો નહિ. ઊંચકાશે કે નહિ તેનો લાદનાર શેનો વિચાર કરે? જરાક શ્વાસ ખાવા ઊભો રહ્યો કે ડફણું પડ્યું જ સમજો. એવાં ડફણાં અમે તો ખાઈએ જ છીએ. કોઈ મોઢે મારે, કોઈ મનમાં મારે, કોઈ મૂંગું મારે, કોઈ ગુસ્સો કરે, કોઈ ચીડ ચઢાવે ને

કોઈ આળ પણ ચઢાવે. કોઈ વળી જુદા જુદા ઈલકાબ પણ આપે. માટે આપણે કોઈને કશું માનવું કરવું નહિ. આપણને અનુભવે જે જે થાય તે સાચું પ્રમાણવું. જે એવું અનુભવે લાગ્યું હોય, ને તે સાચેસાચ તેમ હોય, તો પછી તેમાંથી પાછા પડવાપણું ન બને તેનું જ નામ સાચો અનુભવ. ('જીવનસોપાન', આ. ૩, પૃ. ૨૬૯–૨૭૦)

• • •

આ જીવ કનેથી લાભ મળે એવું કશું નથી. કોઈને પણ આવવાનું નિમંત્રણ કે આમંત્રણ આપવાનું તો થતું નથી. કોઈ જીવ પોતાની મેળે આ જીવ કને આવે તો તેની ના કંઈ થોડી જ પાડી શકાય છે? અહીં આવવા કરતાં એવા જીવ પોતાને ત્યાં લઈ જવા કહ્યા કરતા હોય છે, તે હૃદયની સ્વયંસહજ ઊર્મિ થતાં જે તે કંઈ આપોઆપ બન્યા કરે છે. અમુકને ત્યાં જવું અને અમુકને ત્યાં ના જવું એવો કશો નિયમ કે વ્રત તો નથી. 'અમુક અમુકને ત્યાં જાય છે ને અમારે ત્યાં કેમ નહિ?' એમ જેને મનમાં થતું હોય તેમણે કૃપા કરીને અહીં ના આવવું. વળી એક બીજી પણ પ્રાર્થના છે કે 'કોઈએ આ જીવ કને કોઈપણ પ્રકારની આશા-અપેક્ષા સેવવી નહિ.' આ જીવ ગધેડા જેવો છે. અમારી પાસે કશો લાડવો દાટેલો નથી.

કોઈ પણ સંત આપણે ત્યાં પધારે તો આપણું દળદર ફીટી જાય એવી જે લોકમાન્યતા છે, તેમાં નર્યું અજ્ઞાન છે. માટે એવા ફોગટ પ્રયત્ન કરવા કરતાં એની પ્રત્યક્ષ સેવા, એનું કામ, એના કહ્યા પ્રમાણે વર્તવાથી વિશેષ લાભ થાય. તેમ છતાં કોઈને આ જીવે પોતાને ત્યાં બોલાવવો હોય તેણે સમર્પણ ભાવે કંઈક ને કંઈક આપવાની દાનત પહેલાં પરખવી. ('જીવનમંડાણ', આ. ૧, પૂ. શ્રીમોટાના બે બોલ)

• • •

મારા અંગેનું કશું પણ—અનુભવ વિના કે માન્યતા વિના—કલ્પનાથી માની લેવાનું નથી. પણ એની નક્કરતા સ્વીકારી શકાય એટલું દિલમાં લાગે તો જ તે સ્વીકારવું. 'સ્વીકારવું' એ એનું નામ કહેવાય કે

સ્વીકારાયા પછી તેમાંથી પાછું હઠી જ ન શકાય. એટલે લાગણીને આવેશમાંથી કશું માની લેવું નહિ એવી મારી ફરી ફરીને વિનંતી છે.

અમારા વિષે અમારે કશો દાવો કરવાનો નથી. પરંતુ અમે બધી રીતે સમજાવવાની માથાકૂટમાં પડી શકવાના નથી. અમારે કેમ લખવું, કેમ રહેવું, કેમ વર્તવું એ બધું કંઈ કહીને થતું હોતું નથી. અને મારું કશું ઠેકાણું પણ હોતું નથી. ને તેથી સામાવાળામાં મારે અંગેની યોગ્યતા અથવા અયોગ્યતા વિશેનો ખ્યાલ પણ જાગવાનો પૂરો સંભવ રહે છે. તેવી વેળા મનમાં સગડગ જાગે અને આપણો આધાર ને પાયો હાલી જાય એવું બને છે. પરંતુ મારે સમજાવવું પડે ને એવી માથાકૂટમાં ઊતરવું પડે એ જ મને તો અઘટિત લાગે છે. મારે કેમ ચાલવું, કેમ વર્તવું, કેમ કહેવું ને કેમ લખવું એ મારા પોતાની વાત છે. આ જીવમાં ચેતનાપણા વિશેની પૂરેપૂરી સમજણ ના હોય તો—અથવા તો આપણી માનસિક ભૂમિકા અને સમજણ વડે કંઈ ધારવાનું ને માનવાનું બને તો—તે પહેલાં ચેતવવા આ લખું છું. સાધારણ રીતે હું સમજણ નથી આપતો એવું નથી બનતું, પણ આમ જ વર્તું એવું કશું ચોક્કસ ધારાધોરણ નથી.

('જીવનમંડાણ', આ. ૩, પૃ. ૭૩ થી ૭૫)

આ જીવની શ્રીગુરુમહારાજની કૃપાથી અને પ્રભુકૃપાથી જીવનની સાધના ફળેલી છે, તેની તો હકીકત ને પુરાવા છે. કુટુંબની અત્યંત ગરીબ દશા હોવા છતાં, સ્થૂળ રીતે તે પ્રકારના જીવનમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ અને હેરાનગતિ ભોગવવાનું થવા છતાં, શ્રીપ્રભુપ્રીત્યર્થે સેવા કાજે એણે સમગ્ર જીવન ગાળેલું છે એ પણ નક્કર હકીકત છે. જીવમાં વિશ્વાસ શ્રદ્ધા મૂકવા માટેની જીવ સ્વભાવની ભૂમિકા પરથી પણ જેટલી પૂરતી યોગ્ય હકીકત મળવી ઘટે કે હોવી ઘટે તેટલી આ જીવમાં છે, એ તો સ્પષ્ટ ખાતરીથી અનુભવી શકાય તેવું છે. જીવનવિકાસના હેતુ કાજે બધાં મળેલાં સ્વજનોમાં શ્રદ્ધા, વિશ્વાસ, પ્રેમભક્તિ અને જીવનવિકાસ કાજેની તમન્ના હૃદયમાં પ્રકટ્યા વિના આ જીવનું બધાં મળેલાં સ્વજનના જીવનમાં મન, ચિત્ત, પ્રાણ, મતિ, અહમ્ આદિમાં પ્રવેશવાનું ને જીવનવિકાસ કાજે કામ કરવાનું અશક્ય જ બનતું હોય છે.

તેથી આ જીવની તો તમારા બધા કને તેવી માગણી છે. ભિક્ષાની ઝોળી ધરીને તમારાં બધાંને આંગણે અટવાયા કરું છું, હજી કોઈ કનેથી તે મળતું નથી. અહાલેક પોકાર્યે જાઉં છું. મારો ભગવાન સાચો છે તેની ખાતરી છે. એથી તે વહાલાની આશા પર જીવાય છે. જે સ્વજનોને જીવનવિકાસાર્થે હૃદયથી એના કૃપાબળે વળગવાનું થયેલું છે, તે કોટિ જન્મ થતાં પણ તેમનાથી વછૂટી શકાવાનું નથી.

વેપારની કળામાં વેપારની લગની લાગ્યા વિના પારંગત થઈ શકાતું નથી; આમાં પણ લગની લાગ્યા બાદ જીવનને જે અનેક પ્રકારના જુદા જુદા પ્રકારના સંગ્રામના મોરચાઓમાંથી પસાર થવાયા બાદ તે જીવ રૂપાંતર પામે છે, તેને ઓળખવાની ને સમજવાની શક્તિ ત્યારે તેનામાં પેદા થતી હોય છે. સામાન્ય વહેવારમાં પણ ચાલાક, દક્ષ, નિપુણ, વહેવાર-કુશળ માનવીને આપણે પૂરો પારખી શકતા નથી. તો આવાને કેમ કરીને પારખી શકવાના છીએ? એટલે એવાને પારખવાની કે સમજવાની ખટપટમાં પડવા કરતાં એની સાથે હૃદયની જ પ્રેમભક્તિથી જેટલો રાગ કરી શકાય, તેટલો રાગ કર્યા કરવો. એનાં વચનોને આપણી સમજણથી નહિ, પણ કંઈક યોગ્ય પ્રકારનું તથ્ય હશે, એમ તે પળે એવા પ્રકારનાં જીવતાં શ્રદ્ધા, વિશ્વાસ, ભક્તિથી જેટલું હૃદયના ઉમળકાથી સ્વીકારવાનું બની શકે તેટલું કરવું એ આપણે કાજે ઉત્તમ છે. તેથી કંઈ તમારાં બધાંનું લાખોનું નુકસાન થઈ જવાનું નથી. ઊંધો આડોઅવળો ધરતીકંપ થઈ જવાનો નથી. તેવા સ્વીકારની ભૂમિકામાં તે વેળા કશી ગણતરી ન હોય કે બીજી કંઈ કશી સમજણ ન હોય, અથવા તો, 'ચાલો! **મોટા**ને એથી ગમશે.' એવી વૃત્તિ પણ ન હોય. તેમાં એકમાત્ર સમજણ, પોતાના જીવનવિકાસ પરત્વેની હોવી ઘટે. અથવા એવાં વચનોને ન સ્વીકારવાનું બને તો પણ હરકત નથી. તે માત્ર માગે છે બધાં સ્વજનોનો પ્રેમભક્તિભર્યો સત્કાર, સ્વીકાર, સહકાર ને સહચાર. તેવું થાય તો જ પરસ્પર એક-રાગ થઈ શકે છે. રાગ જો ખરેખરો દિલમાં પ્રકટ્યો તો આપણે પરસ્પર ચોંટ્યાં સમજવું. આવા પ્રકારનો રાગ પણ હજી કોઈ સ્વજનમાં લાગેલો નથી. જીવનવિકાસના ઉત્કર્ષનો માર્ગ માગી લે છે

કેટલીક અનિવાર્ય શરતો. તે શરતોનું હૃદયપૂર્વકનું પ્રેમ-ભક્તિ-જ્ઞાનપૂર્વકનું પાલન એ એક મોટામાં મોટું આ માર્ગનું સાધન છે.

This is an appeal from the heart, of the heart, to the heart.

આ હૃદયમાંથી નીતરતા અંતરતમ હૃદયના સ્વજનના અંતરતમ હૃદયને પોકાર અને આરજૂ છે.

સ્વજનોને અનેક રીતિઓએ કરી શ્રીપ્રભુકૃપાથી મારે તો ભેળવવાનું કરાવવું કે કરવું છે. **('જીવનસોપાન', આ. ૩, પૃ. ૩૧૬ થી ૩૧૮)**

॥ હરિઃૐ ॥

આ સમાજ કબરને પૂજનારો છે.

— મોટા

॥ હરિ:ૐ ॥

ખંડ ૨

શ્રીમોટાનું સાહિત્ય

લક્ષ્મી તે માતા છે, લક્ષ્મી વડે કરાયેલો દુર્વ્યવહાર માતા સાથે કરેલા વ્યભિચાર બરાબર છે.

— મોટા

॥ હરિઃૐ ॥

૧. મારું સાહિત્ય

પ્રભુકૃપાથી આ જીવ તો જે અનુભવે છે, તે જ લખે છે. પછી બીજા કોઈ સમર્થ કે સત્પુરુષની વાણી સાથે તેનું સામ્ય હો કે ન હો. આ જીવે કંઈ કશું વાંચ્યું-કર્યું નથી. મહાત્મા પુરુષોનાં તેવાં તેવાં વચનોની સાથે આ જીવનાં લખાણોનું સામ્ય ઘણે ઠેકાણે પ્રકટેલું હોય છે; પરંતુ તેથી તો એમ નહિ જ માની શકાય કે તે તે બધું મારું પોતાનું નથી. જીવન-વિકાસની સાધનામાં આ જીવ પડેલો હતો. કેટલીક વાર વર્ગ ચલાવતાં ચલાવતાં ૧૯૩૧માં બોદાલમાં ધ્યાનસ્થ થઈ જવાનું પ્રભુકૃપાથી બન્યાં કરતું હતું અને કરાંચીમાં ઘણી વાર મારી એવી અવસ્થા થયેલી. જીવન-વિકાસની સાધનામાંથી જે જે સમજણ પ્રકટી છે તે તે પ્રમાણે હું તો લખું છું; એટલે તે રીતે તેની યથાર્થતા કૃપા કરીને સ્વીકારશો. પ્રત્યેકના અનુભવ જુદા હોઈ શકે છે. સત્યરૂપી હીરાનાં પાસાં અનંત છે. અને પ્રત્યેક પોતપોતાને થયેલા અનુભવ-પાસા અનુસાર તે વિશે લખતા હોય છે. **('જીવનદર્શન', આ. ૮, પૃ. ૨૪૯–૨૫૦)**

મારા આ પ્રકારના સાહિત્યમાં કેટલુંક તો એવું છે જ અને તે પણ fundamental—આખી જીવનસાધનાના પાયારૂપ કે ચાવીરૂપે કે જે બીજાઓનાં લખાણોથી નિરાળું પણ છે. આધ્યાત્મિક ભૂમિકાઓ માટેનાં સ્પષ્ટ લક્ષણોની હકીકત અને તે રીતે મનને ભાનવાળું કરાવતું લખાણ બહુ જ ઓછું પ્રકટ થયેલું છે. અનુભવ થયો હોય તેમ છતાં, તેની તેની રીતે તેટલા જ પ્રમાણમાં વ્યક્ત થવાની કળા, એ પણ એક જુદી કળાના અભ્યાસનું પરિણામ છે. **('જીવનદર્શન', આ. ૮, પૃ. ૨૫૦–૨૫૧)**

મને સમજાવતાં આવડતું નથી. ઘણીવાર ગૂંચવાડો ઊભો થાય એવું પણ લખી જવાય છે. લખાણમાં આરપાર ઊતરી જાય ને એનો મર્મ સ્પષ્ટપણે કળી શકાય એવું વેધકપણું નથી. સર્વ પરિસ્થિતિમાં ચેતનાયુક્ત જ્ઞાનપૂર્વકની તટસ્થતા રાખ્યાં કરવાની જે આવશ્યકતા છે, તે મારામાં

વાસ્તવિકપણે હોય તો આનંદ જ છે. વળી ચર્ચામાં કદી પણ મને રસ નથી પડ્યો. **('જીવનપ્રવેશ', આ. ૧, પૃ. ૧૯૮–૧૯૯)**

નાનપણનું જીવન ગરીબાઈમાં ગાળેલું ને મજૂરીમાં દિવસો ગાળેલા. વચલો ગાળો જેમને જેમને ત્યાં રહેવાનું બન્યું, તેમની તેમની પ્રેમભાવે સેવા કરવામાં વ્યતીત થયો. આમ વચગાળાના જીવનમાં પણ શાળા-કૉલેજના અભ્યાસ વિના બીજું કશું વંચાયેલું નહિ; ને પછીનો ગાળો તો દેશસેવાનો પ્રકટ્યો તેમાં તો વખત જ ક્યાં હતો?

('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૨૭)

મારું લખાણ સાદુંસીધું છે, કારણ કે મને આધ્યાત્મિક સાહિત્યના શાસ્ત્રીય શબ્દોની જાણ નહોતી અને નથી. જેનો જરાતરા પણ આ માર્ગમાં પ્રવેશ હોય તેને સમજણ પડે એવું છે. એ વાંચતાં બીજું આધ્યાત્મિક સાહિત્ય પણ સમજાવા માંડશે. **('જીવનસોપાન', આ. ૩, પૃ. ૫૩)**

• • •

આ જીવના અનુભવમાં અને તેની સમજણમાં શાસ્ત્રનો કે ચેતેલા આત્માના કથનનો કોઈ સજીવ આધાર મળે છે; તો તે ઘણું ગમે છે.

('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૨૬)

• • •

સને ૧૯૩૯ પછી at random—ગમે તેમ—જેમ કશું મળતું તે તે ગાળામાં જે જે સમાધાનરૂપે અનુભવની ભૂમિકા પર જે દઢાઈ ગયેલું હતું અને તેને અનુરૂપ ક્યાંક ક્યાંક તેવું સાંભળવામાં, જોવામાં કે વાંચવામાં આવતાં ઊલટો સવિશેષ આનંદ પ્રકટતો.

('જીવનપ્રવેશ', આ. ૧, પૃ. ૧૭૭)

• • •

મારા જીવનના અનુભવમાંથી તારવીને તથા જે જીવન-ધ્યેય નક્કી કર્યું છે, તે તરફ જવાની ભાવના-ધારણાથી તે તરફનો પ્રભુકૃપાથી બન્યે જતો પુરુષાર્થ અને તે પરત્વેની સતત જલતી રહેતી જિજ્ઞાસા અને ધગશ એ બધાં તરફ દૃષ્ટિ રાખીને જે તે કંઈ લખું છું—એટલે એવાં લખાણમાં એક જ બાજુની દૃષ્ટિએ લખાયેલું હોવાની શક્યતા ખરી.

મેં જે વિચારસરણી—જીવનદૃષ્ટિ—પસંદ કરેલી છે, તે થતા રહેતા અનુભવમાંથી પ્રકટેલી છે. તેની સામે બાજુનો પ્રત્યક્ષ તેવો અનુભવ થયા વિના ઝટપટ મારી વિચારસરણી બદલતો હોતો નથી.

('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૬૧)

● ● ●

ધ્યાનનો હેતુ અથવા તો સાધનના અભ્યાસનો હેતુ તેવા સાધનના અભ્યાસ સિવાયના જીવનના બીજા ગાળામાં તે તે પ્રકારના સાધનની ભાવનાને સળંગપણે પ્રકટાવવામાં રહેલો છે. આમ જો થયા કરે તો જ જીવનમાં ભાવનાની એકતારતા અને એકતાનતા પ્રકટી શકે. સાધના કરતી વખતે ભાવના પ્રકટે અને તેના સિવાયના જીવનના બીજા ગાળામાં ભાવનાનું જો ખૂન થયા કરે તો પછી આ બંને પરસ્પર વિસંવાદી રીતથી ભાવનામાં એક એવા પ્રકારની ક્ષતિ પ્રકટે છે કે જેથી ભાવનાનો ઉચ્છેદ જ થયા કરતો હોય છે. તેથી સાધકે જીવનના જુદા જુદા પ્રકારના સાધનના અભ્યાસમાં જેટલું મહત્ત્વનું લક્ષ આપવાનું છે, તેનાથીય વિશેષ લક્ષ અને વિશેષ ચેતનવંતું લક્ષ રોજ-બ-રોજના થતાં રહેતાં વ્યવહારમાં રાખ્યા કરવાનું છે ને એના પરત્વેનો તેનો વિશેષ જ્ઞાનભક્તિપૂર્વકનો ઝોક પૂરેપૂરો વળી ગયેલો હોવો જોઈશે. જો આવું બનવાનું ન થયા કરતું હોય તો ધ્યાનનો કે એવા બીજા કોઈ સાધનના અભ્યાસનો કશો અર્થ નથી. આ માર્ગને તો હું એક પ્રત્યક્ષ જીવનસાધનાનો માર્ગ ગણું છું; ને તેથી જ એને 'જીવનયોગ' કહું છું.

('જીવનદર્શન', આ. ૨, પૃ. ૧૧૭)

● ● ●

જીવનવિકાસ પરત્વેનો ઉત્કટમાં ઉત્કટ દિલમાં દિલથી ભાવ પ્રકટતાં ગુણ આપોઆપ પ્રકટ્યા વિના રહી શકતા નથી; એવો મારો પોતાનો જાત-અનુભવ છે. ગુણનું મહત્ત્વ છે એ તદ્દન ખરું છે. પરંતુ ગુણ કરતાં પણ જીવનવિકાસ પરત્વે એટલે કે દિલનો ભાવ પ્રકટાવવા પરત્વે જ વિશેષ ને વિશેષ મહત્ત્વ આપણે પ્રકટાવ્યા કરવાનું છે, કારણ કે ભાવમાંથી તેને તેને લગતું યોગ્ય આપમેળે પ્રકટતું જતું હોય છે; તે

પણ અનુભવની હકીકત છે. આમ એક બાજુથી ભાવને મહત્ત્વ આપી આપીને ગુણને કેળવ્યા કરવાના છે; તે સાથે સાથે ભાવ પ્રકટી શકે એવા સાધનના અભ્યાસમાં આપણું દિલ સતત એકધારું, એકતાનતાથી પરોવાયેલું રહે તેવા પ્રકારની જાગ્રતિની પણ ઘણી ઘણી જરૂર છે. આને હું 'જાગ્રતિ-યોગ' એવું નામ પણ આપું. જાગ્રતિ જીવતી જાગતી પ્રકટેલી રહેતી હોય તો જ તે પ્રકારનો પ્રયત્ન બનતો રહે છે. જાગ્રતિ વિનાનો પ્રયત્ન, ધારો કે થતો હોય તો પણ તે યોગ્ય પરિણામ નિપજાવી શકતો નથી. ('જીવનદર્શન', આ. ૨, પૃ. ૬૦)

૨. જીવન

જીવન એટલે અનંત જન્મોના સંસ્કાર લઈને આવેલી જીવની ચેતનશક્તિની માનવી દેહ દ્વારા થતી વહનક્રિયા.

જીવન નદીના પ્રવાહની જેમ પ્રતિક્ષણે પલટાતું જાય છે; ને છતાં તે પલટા જૂનાના આધાર ઉપર જ થતા રહેલા હોય છે; જૂના સંસ્કારોએ નદીના પટની માફક એક પટ રચેલો હોય છે; તે પટમાં વહેવા તરફ જીવન-પ્રવાહનું વલણ અને નવા સંસ્કારોનું ઘડતર સાધારણતઃ અને સ્વાભાવિકપણે હોય છે. તેથી ઇન્દ્રિયોના સામ્રાજ્ય હેઠળ માનવીઓ કર્મનાં-સંસ્કારનાં-પોટલાં બાંધીને જગતમાં આવ્યા હોય છે અને વધારે મોટાં પોટલાં બાંધીને જગતમાંથી ચાલતા થાય છે. આપણને કોઈએ એક વસ્તુ ભેટ આપી હોય તો એને કેટલા આદરપૂર્વક સંભાળીને કબાટમાં સારે ઠેકાણે ગોઠવીને શોભે ને સારું દેખાય એવી રીતે આપણે રાખીએ છીએ! તો પ્રભુએ આપણને આ જીવન-ભેટ આપી છે એનું મૂલ્ય પેલી ભેટ જેટલુંયે શું આપણે નહિ આંકીએ?

જીવન એ અંધારો કૂવો નથી, અથવા તો વાવાઝોડાના પવનની પેઠે ગમે તેમ ઊડી આવતો ઝંઝાવાત નથી. જીવનની આકરામાં આકરી કસોટીમાં ને તેના પ્રસંગોમાં જીવનનો એકધારો વણાટ સળંગપણે વણાયે જતો હોય છે. એમ સળંગ પટ વણાવાને કાજે જેવા પ્રસંગોમાં જીવને મુકાવું ઘટે તેવા તેવા પ્રસંગોમાં તે મુકાતો જતો હોય છે.

પ્રત્યેક પ્રસંગમાં જીવનના ઘડતરનો હેતુ હોય છે.

જીવનનું ઘડતર કંઈ એમનું એમ બનતું નથી. એ કાજે તો હથોડાના ઘા પણ સહન કરવા પડે છે. ચારે બાજુથી તથા ઉપર અને નીચે ટીપાવું પડે છે. જીવન જીવવું હોય તો, જીવનવિકાસના યજ્ઞ કાજે, મરી ફીટી સર્વ રીતે ફના થઈ જવા કાજે, જીવન એ તો આપણું સદ્‌ભાગ્ય છે. એવી જીવનની ફનાગીરીમાંથી જીવનની ફોરમ પ્રકટે છે.

જીવન કંઈ કાળ-પ્રવાહમાં તણાયા કરતું માત્ર લાકડું નથી. પરંતુ જીવન તો કાળને પણ વશ રાખી શકે એવી ચૈતન્યશક્તિનો આવિર્ભાવ છે.

પ્રતિક્ષણ બદલાઈ રહેલા વિશ્વમાં જીવનના જેટલું જ મહત્ત્વ ધરાવતી વસ્તુસ્થિતિ મૃત્યુમાં છે. જીવન અને મૃત્યુ ઉભયનું વાસ્તવિક સ્વરૂપ એક જ છે. જ્યાં જીવન છે ત્યાં મૃત્યુનું પરિણામ પણ નિશ્ચિત છે. મૃત્યુ અને જીવન એક જ જીવનતત્ત્વનાં બે દર્શન છે.

મૃત્યુ પ્રતિ માનવીને હંમેશાં બીક રહ્યાં કરે છે, તેનું કારણ તેની અપરિવર્તનશીલ મનોદશા અને અગમ્ય વિશેની ભીતિ છે.

મૃત્યુ પાછળ શોક કરવાની અસાત્ત્વિક વૃત્તિમાં, લાગણીમાં નરી આસક્તિ છે; અને અજાણી ઊંડી સ્વાર્થવૃત્તિ પણ હોવાનો સંભવ છે.

('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૨૨૪-૨૫-૩૫-૩૬-૩૭,
'જીવનપગથી', આ. ૩, પૃ. ૭૧)

• • •

જીવન એ કંઈ માત્ર જીવનને માટે નથી, પણ ભગવાનને માટે છે. જે મનુષ્યનું જીવન જીવંત બનેલું છે તે તો જરૂર ભગવાનની લીલા જ પ્રકટ કરતું હોય છે. એવા જીવનવાળું હૃદય ભગવાનના ભાવને ખરેખર તત્ત્વતઃ પ્રત્યક્ષ નજર સામે જીવતું જાગતું અમૃતતત્ત્વ જાણે છે, માને છે ને માણે છે તથા અંતરમાં તેમ અનુભવીને એના હેતુને પિછાનીને એના ઇશારે સતત અનુસરતું હોય છે. આપણામાં જ્યાં સુધી દ્વંદ્વભાવ છે, આસક્તિ છે, બહારના આવરણ-વાતાવરણમાં ભળી જવાની વૃત્તિ ને રસ છે; બધી પરિસ્થિતિમાં તટસ્થતા કેળવાઈ નથી, ત્યાં સુધી ઉપરની સ્થિતિનો ખરો ખ્યાલ આપણને કદાપિ આવી શકવાનો નથી. જ્યાં લગી આપણામાં standards (મંતવ્યો કે ધારાધોરણ પ્રમાણે જ મૂલ્યાંકનની

ટેવ) છે ત્યાં લગી આપણે તે રીતે જ જોવાને ટેવાયેલાં રહીશું, ને આપણી દૃષ્ટિ ને વૃત્તિ તેટલા પ્રમાણમાં સંકુચિત રહેશે.

આપણા આંતરિક જીવનને શોધી કાઢવાનો—આવિર્ભાવ કરાવવાનો—ને એને સ્વરુપમાં પ્રકટાવવાનો Urge (સતત આંતરિક ગોદાટી) અને તે પણ ઉત્કટ સ્વરૂપનો થવા માંડશે, ત્યારે આપણને જરૂર બધાંયથી ઉપરવટ થતાં આવડતું જશે. જગતમાં જો આપણે ઝીણવટથી જોઈશું તો જણાશે કે જે તે કંઈ એકબીજાને અવલંબીને જીવતું હોય છે. આપણે જાણેઅજાણે કંઈક કંઈક પ્રવૃત્તિ કરતા હોઈએ છીએ ને એને આપણું જગત બનાવીએ છીએ. એવાં અનેક નવાં જગત આપણે રચીએ છીએ ને જૂનાંને છોડી દઈએ છીએ. જો માર્મિક રીતે તપાસીએ તો ખબર પડે કે નવા જગતમાં પ્રવેશતી વખતે કશુંક જૂનું આપણે છોડીએ છીએ. પણ સાધારણ રીતે તો એનું આપણને ભાન સરખું પણ હોતું નથી. આમ છોડવું ને પ્રવેશવું એ તો આપણો એક ક્રમ જ થઈ પડ્યો છે, પણ એ બધું આપણે સ્વભાવ અને પ્રકૃતિને વશ થઈને કરતાં હોઈએ છીએ. આપણે હવે તેમ કરવાનું નથી. તે બધાં કામોથી અલગ પડીને તટસ્થપણે રહીને—એ આપણાં કામો આપણા સ્વભાવનાં પરિણામો છે; ગુણોની અસરને લીધે થાય છે, તેમ જાણીને એની અસરમાં તણાયા વગર તેને જોયાં કરવાનાં છે. એના પ્રવાહમાં તણાઈ જવાનું નથી, ને તે રીતે તે થવા દેવાનાં છે. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૭૨–૭૩)**

જીવનમાં એવો ભાવ વિકસે એ માટેના આપણા સર્વ પ્રયત્નો આપણે કરવા રહ્યા. એ પ્રયત્નો અનેક રીતે થઈ શકે. એ પ્રયત્ન એ જ યોગ. પરંતુ એના માટેની આપણી તમન્ના દિન-પ્રતિદિન વધ્યાં કરવી જોઈએ. એ તમન્ના વધારવા માટે આપણે જે ભાવને જીવનમાં પ્રકટાવવો છે, એ ભાવને અનુકૂળ ભૂમિકા થાય એવું વર્તન જ માત્ર નહિ, પરંતુ આપણું માનસ પણ તે રીતે કરવાની જરૂર છે. જીવન માત્ર એકલું કોરું જડ હકીકતોથી ભરેલું નથી, તેમ એ માત્ર ઊર્મિ કે લાગણીનું બંડલ પણ નથી; પણ એ બધું મળીને સાકાર સ્વરૂપ થાય, એવું આપણે જીવનને કરવાનું છે. ઊર્મિ, આવેશ, લાગણી, ભાવના, પ્રેમ—એ બધાંને આપણે

બઢાવવાં જ પડશે. એ ત્યારે જ બઢશે કે જ્યારે આપણને એવી તકો મળતાં તેવી તકોથી આપણામાં જાગૃતિ રાખીને તે તે વખતે ઊર્મિઓને જગાવવા દઈશું, પણ તે ભોગવી લઈશું નહિ, અને એવી વરાળ બનાવતાં રહીશું. એમ કરતાં કરતાં આપણે ઘનિત, પુનિત બનતા જઈશું.

જીવનનું મૂલ્યાંકન અમુક રીતે જ આંકવાની અથવા આપણી રીતે જ ગણવાની આદત તો આપણે મનમાંથી કાઢી નાંખવી જ પડશે. હીરાને જો અનેક પાસાં છે તો જીવનરૂપી હીરાને તો કેટલાં બધાં પાસાં હોઈ શકે! પણ આપણો જીવન-હીરો તો ઘડાયા વિનાનો છે. હજી એને ઘડવાનો છે, સાફ કરવાનો છે, એને પહેલ પાડવાના છે અને બીજું ઘણું ઘણું કરવાનું છે. એ માટે એને ભગવાનના હાથમાં—એ કારીગરના હાથમાં સંપૂર્ણપણે મૂકી દેવાનો છે ને આપણું બધું જ મૂકી દેવાનું છે, તો જ આપણે ઘડાતા જઈશું. પણ ત્યારે જેમ જેમ સરાણે આપણે ચઢતા જઈશું, તેમ તેમ એ પ્રયોગમાંથી મળતી ચેતનાનો અનુભવ પણ આપણને થયા વિના રહેવાનો નથી. આવો અનુભવ એટલે જ પ્રભુની ઝાંખી. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૭૯–૮૦)**

• • •

બાળક શિક્ષણનાં સાધનો સાથે રમે છે, ત્યારે એ સાધનોને માત્ર રમત તરીકે તે સ્વીકારે છે, પણ એને ખબર ન પડે એવી રીતે એ એમાંથી જ્ઞાન મેળવે છે. આપણે પ્રકૃતિથી કે સ્વભાવથી થતાં કામોને માત્ર રમત માનીએ પણ એમાંથી સમજણપૂર્વક, જ્ઞાનપૂર્વક, સતત કંઈક શીખીએ, અંદરના ગુણોની રમત જાણતા રહીએ તથા ક્યાં ક્યાં એની ઉપરવટ જવું એ કળા જાણીએ ને તે પ્રમાણે વર્તીએ તો જ ફાવી શકાય તેમ છે. બાકી તો આ તો અનંતકાળની રમત મંડાઈ ચૂકેલી છે. એમાંથી અંત આવવો સહેલો લાગતો નથી. આ બધું ત્યારે જ થઈ શકે કે જ્યારે આપણા ધ્યાનને જીવંત રીતે ને સચોટ રીતે દિલના બધા જ વ્યવહારમાં ઉતારવાની ટેવ પાડ્યાં કરીએ. આમ થાય તો સર્વ કંઈ સહેલું છે.

આપણી દરેક ક્રિયામાં રાગ, સુખ, લહેર, વગેરે ન રાખીએ પણ એની પાછળના ચેતન બળમાં જ લક્ષ રાખીએ તો જીભની સ્વાદવૃત્તિ,

કાનની વૃત્તિ, નાકની વૃત્તિ, આંખની દૃષ્ટિ ને ઇન્દ્રિયની લોલુપતા વગેરેનું જોર એકદમ ઘટી જશે. છેવટે તો બધી ઇન્દ્રિયો પેલા સૂક્ષ્મ ચેતન-તત્ત્વમાં રસ લેતી થઈ જશે. માણસોએ પામર બનીને ભગવાનનું જે સર્જન છે, દિવ્ય તત્ત્વ રહેલું છે, એને પાશવી વૃત્તિમાં લીન થઈને તદ્દન અધોગતિના રૂપમાં પરિણત કરી દીધું છે, એ સર્જનની પાછળ જે લીલાનું તત્ત્વ રહેલું છે, એને બદલે આપણે તો આપણા ગુણોના-સ્વભાવ-પ્રકૃતિના જ ગુલામ બન્યાં છીએ ને એમાં રત રહેલા પડી રહીએ છીએ. અરે! આપણે ગુલામ બની ગયા છીએ, એનું ભાન પણ આપણને થયું નથી. જ્યાં સુધી ગુલામ છીએ, એનું દુઃખ-દર્દ પણ આપણને સાલતું નથી, ત્યાં સુધી એ સ્થિતિમાંથી આપણો ઉદ્ધાર થવો પણ શક્ય નથી.

આજથી આપણે આપણી સંકલ્પશક્તિને અંતર્મુખ બનાવી એને અંદરમાં ગતિ કરતી કરીએ. લાગણીઓ અને વાસનાની પેલે પાર, ઇન્દ્રિયગમ્ય વિષયો ને તેનાં આકર્ષણોની પેલે પાર આપણે આપણી સંકલ્પશક્તિના પ્રેરણાત્મક બળથી આપણી જાતને લઈ જઈએ. મનપ્રદેશ અને મનના સહગામી સંસ્કારાદિની ભૂમિકાથી ઊંચે એને આપણે લઈ જઈએ. વિચારની, પ્રકૃતિજન્ય પ્રેરણાની, આસક્તિની અને વાસનાની વાડાબંધીમાંથી બહાર એને કાઢીએ. આમ આપણી અંદર રહેલા એવા તત્ત્વને આપણે પામીએ કે જે શાશ્વત છે, શાંત છે, નિર્મળ છે, નિઃસ્તબ્ધ છે, અવિકારી છે, સમ છે, બધા પ્રસંગો, બધી વ્યક્તિઓ ને વસ્તુઓ પ્રત્યે જે નિષ્પક્ષપાતી છે, જે કશા કાર્યથી હાલી ઊઠતું નથી અને પ્રકૃતિના સર્વ કોઈ આકારથી જે પોતાનામાં વિકારી થતું નથી. જો એક શાશ્વત આધ્યાત્મિક અનુભૂતિને પરિણામે એવા તત્ત્વને આપણે પામીએ તો આપણને એક એવો સદ્ધર પાયો મળી રહેશે કે જેના ઉપર ઊભા રહેવાથી આપણાં મન-સર્જિત વ્યક્તિત્વની પરિસીમા કે બંધનમાંથી—વાડામાંથી આપણે છૂટીશું. મનઃપ્રસાદ ને જ્ઞાન તથા શાંતિમાંથી ચ્યુત થવાનો આપણને સંભવ જ નહિ રહે અને અહમ્‌માંથી મુક્તિ પામીશું.

જીવનનો નિચોડ અનુભવમાં છે. પણ 'અનુભવ' તો ત્યારે જ આવે કે જ્યારે એની પાછળ આપણે આપણા હેતુને પ્રત્યેક કાર્યમાં જીવતો જાગતો રાખીએ. બહારના, બીજાના કૂટપ્રશ્નોમાં જેટલો રસ લઈએ છીએ, એનાથી હજારગણાં ધ્યાન, લક્ષ, વૃત્તિ, રસ, તટસ્થતા, એકાગ્રતા વગેરે આપણે—આપણા પોતાના જીવનપ્રશ્નમાં આપણા હેતુને પ્રેરક, ચાલક બળ તરીકે સ્થાપીને તે ઉપર મીટ માંડીને—લાવવાં પડશે. આપણો ભગવાનમાં સતત યુક્ત રહેવાનો 'જીવલેણ' પ્રયત્ન અવિરત અને દીર્ઘકાળ સુધી ચાલતો રહેશે તો આપણમાં એવી આંતરિક વૃત્તિ ખીલી ઊઠશે કે જેને જે કંઈ થવું શક્ય છે. એનું કારણ ત્યારે આપણામાં એક એવી દિવ્યશક્તિ આપણે પ્રકટાવી શક્યા હોઈશું, કે જે માત્ર એની ઈચ્છાથી જ સર્વ કાંઈ કરવા શક્તિમાન થશે જ થશે. એની ઈચ્છામાં સર્વ બળની માત્રા આવી ગયેલી હોય છે. પણ ત્યારે એવી ઈચ્છા કરવામાં આપણે ઘણો ઘણો સૂક્ષ્મ વિવેક રાખવો પડશે. એવી ઈચ્છા અજમાવી જોવાની લાલચ રોકવી એ તો ઈન્દ્રિયની લોલુપતા કરતાં ક્યાંય અઘરી વાત છે. આ તો પ્રમાણમાં સહેલું છે પણ પેલામાં તો અપાર સંયમની જરૂર છે, એ મારા પોતાના અનુભવની વાત લખું તો એમાં જરાકે અતિશયોક્તિ નથી. આપણને 'સંયમ' એટલે શું એનું ત્યારે જ સાચું ભાન થવાનું છે. ત્યારે જ 'અનંત શક્તિ' ને એનું બળ ને એનું પરિણામ વગેરે શું છે, એની કંઈક ઝાંખી થવાની છે. એમ જ્યારે થશે ત્યારે દુનિયામાં કોઈ એવી બીજી શક્તિ નહિ રહે કે જેના બળ વડે આપણને પોતાનામાં તે લપટાવી દે એવી એ અનંત દિવ્ય શક્તિની આલિંગન-લીલા છે. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૭૩ થી ૭૫)**

● ● ●

જીવનમાં મળતી જતી પરિસ્થિતિ ને સંજોગો—જો ધ્યેય પરત્વેનું દૃષ્ટિબિંદુ એકાગ્ર અને કેન્દ્રિત, જીવતું જાગતું એકધારું રહ્યાં કરતું હોય તો—આપણને વેધક ને પ્રેરણાત્મક જીવનદૃષ્ટિ પ્રેરવતા રહે છે. જીવન જેમ સમગ્ર, સળંગ અને એકપણે હોય છે, પરંતુ તેમ તેવું દૃષ્ટિબિંદુ જીવનમાં જીવનથી આપણે રાખી શકતા હોતા નથી. આવી પડેલા સંજોગને તે કામ પૂરતા જીવનના એક વિભિન્ન ટુકડા તરીકે લેખીને

આપણે વર્તતા હોઈએ છીએ; તેથી તેવા જીવનના વર્તનમાં સળંગતા ને સમગ્રતા પ્રકટતાં નથી, ને તે કારણે સમગ્ર જીવનના મૂળભાવનું સાતત્ય કદી કાર્યમાં પ્રકટતું જ નથી. સમગ્રતા, સળંગતા સામાન્ય જીવાત્માને જીવનમાં ખ્યાલમાં પ્રકટવાં શક્ય નથી હોતાં. જીવનમાં જીવનના ધ્યેયની ભાવના જવાળામુખીના જેવી ધગધગતી જ્યારે જ્વલંતપણે પ્રકટી ઊઠતી હોય છે, ત્યારે ધ્યેય પરત્વેની ભાવના પ્રમાણેનું વર્તન થતા જતા ક્રમમાં પ્રકટી શકે છે અને એવો માનવી સજાગ રહી શકે છે. જે जीवात्मा પળે પળ સજાગ રહેતો હોય છે, એવો પછી કઈ રીતે કર્મથી વિમુખ બની શકે? એવો 'जीवात्मा' તો જે કંઈ મળે છે, તેને ધ્યેયની ભાવનાના ત્રાજવાથી તોલી તોલીને તેવી ભાવનાના જ્વલંતપણે પ્રકટાવવાને અને તેને પોષણ આપવાને જ એની કૃપાથી જીવતો રહ્યો હોય છે, એવો जीव કશાથી વિમુખ નથી બની શકતો.

સાધનામય જીવન એ જ સાચું જીવન છે, સાધનાથી જીવનમાં જીવનનાં સહસ્ર નયન ખૂલતાં હોય છે. જીવનમાં અનેક પાસાનાં એને દર્શન ખૂલતાં જતાં હોય છે. જીવનનાં સર્વ પાસાંને તે સાદર અને સદ્‌ભાવથી નીરખે છે. જીવનના દરેક ક્ષેત્ર પરત્વેની સદ્‌ભાવનાની સાથે તે તો સુમેળ સાધતો રહે છે. જીવનની સર્વ પ્રકારની રચનાત્મક પ્રવૃત્તિમાં તે સમાધાન મેળવતો રહે છે; એને કશા સાથે વિરોધ નથી. એ તો જેની તેની સાથે સમરસ થતો રહે છે. અને એ જ છે એના જીવનનું સાચું રહસ્ય. એને કશાથીય પછી અલગ થવાપણું કેમ હોઈ શકે?

સેવાના જીવનમાં ગુણ ખીલે છે ને એની શક્તિ પણ સહજ રીતે પ્રકટીને પ્રવર્તે છે, પરંતુ તેમાંય તે આપમેળે નિર્મમત્વથી, નિરાસક્ત-ભાવે તરતો રહે છે. જીવનનું ધ્યેય જીવનના કોઈ એક પાસામાં સમાઈ જતું નથી હોતું, તે તો પ્રથમ એકાગ્ર ને કેન્દ્રિત થતું થતું એની પરાકાષ્ટાએ પહોંચી પછી તો તે વિસ્તાર પામતું પામતું જીવનનાં સર્વ પાસાંને સ્પર્શતું હોય છે, તેથી તે જેમ એકમાં છે તેમ અનેકમાં પણ હોય છે.

જીવનનો સાધક તો જ્યાં ત્યાંથી સદ્‌ભાવનાની પિછાણ ને કદર કર્યા વિના રહી શકતો નથી. જેનું તેનું યોગ્ય મૂલ્યાંકન તે યથાભાવે કરતો રહે છે. કોઈપણ સદ્‌પ્રવૃત્તિના હાર્દને અનુભવ્યા વિના રહી શકતો

નથી; તેથી તે જીવનની સકળ સદ્પ્રવૃત્તિના મૂળમાં છે. જીવનના સાધકની ભાવના કંઈ વેરવિખેરપણે પડેલી નથી હોતી. તે જેમ એકાગ્ર ને કેન્દ્રિત હોય છે, તેમ તે પાછી સર્વતોમુખી થવાને પણ એકધારી મંડ્યા કરતી રહે છે. સાધકના જીવનની દૃષ્ટિને એકમાં એકાગ્ર કેન્દ્રિતપણે થવાવાનું જે પ્રકટે છે તે તો વિસ્તાર પામવાપણાની દશાને પામવાને કાજે. તેથી તેનું એકમાં જે પુરાઈ રહેવાપણું એક કાળ પૂરતું બન્યા કરતું હોય છે. તે તો જ્વાળામુખીની જેમ બહાર ફૂટી નીકળતાં પહેલાં અંદરના ભૂગર્ભમાં ઘણા સમય પહેલાંથી બહાર ફાટવાની ક્રિયા-પ્રક્રિયા સતત ચાલી રહેલી હોય છે, તેના જેવી આ પૂર્વ તૈયારી છે. આવા પ્રકારની પૂર્વ તૈયારીરૂપ સાધકનું સાધનામાં એકાગ્ર કેન્દ્રિત થતું જતું જીવન હોય છે, તેથી તે સમાજથી અટૂલો ને એકલો પડી ગયેલો છે એમ માનવું તે યોગ્ય નથી. કોઈક વૈજ્ઞાનિક જેમ પોતાની શોધના પ્રયોગમાં મનન-ચિંત્વનમાં રહ્યા કરતો હોય છે ને તેવા એકાગ્ર મનના કાળમાં તબક્કા પૂરતી બીજા બધા પ્રકારના જીવન પરત્વે એની દૃષ્ટિ જતી નથી હોતી તેમ સાધકનું પણ થતું હોય છે.

જેણે જેણે કંઈક કેળવેલું છે તેણે તે મેળવવાના પ્રયત્નમાં એકાગ્ર ને કેન્દ્રિત થયા વિના ચાલવાનું નથી. જેણે જે જે પ્રવૃત્તિ જીવન-ધ્યેયને વિકસાવવાને કેન્દ્રિત થવું જ પડે છે તેમાં તેણે એકાગ્ર ને કેન્દ્રિત થવું જ પડે છે. આ હકીકત જીવનમાં સર્વ ક્ષેત્રોને લાગુ પડે છે. લડાઈના જોશને થનગનતું રાખવા તે ગાળામાં સમગ્ર પ્રજાની દૃષ્ટિને જેમ એકાગ્ર, કેન્દ્રિત ને તત્પરતાવાળી રાખવામાં આવે છે ને તે કામ પૂરતું જેમ બીજા કશાને મહત્ત્વ અપાતું નથી—એક માત્ર લડાઈ ટકી રહેવા ને જીતવા પરત્વેની પ્રવૃત્તિને જ જેમ મહત્ત્વ અપાયા કરાય છે—તેમ જીવનમાં સાધના પરત્વેના વલણને સમજવાનું છે.

જીવનના રાગદ્વેષાદિક પ્રવૃત્તિનાં વલણોથી—તે તે પ્રકટતાં—દોરવાઈ ન જતાં શાંતિ, સમતા, તટસ્થતા કેળવવાને જાગ્રતિપૂર્વક મથ્યા કરવું; જે જીવનના સકળ વર્તનભાવમાં સત્ત્વગુણ પ્રકટાવવાને એકધારું જ્ઞાનપૂર્વક મથવું—એને શું કર્મ નહિ ગણાય કે? ને તેવું કર્મ પણ શ્રીપ્રભુપ્રીત્યર્થ થયા કરે, પ્રભુભાવે થયા કરે, ને તે જ્ઞાનભક્તિપૂર્વક

શ્રીભગવાનના ચરણકમળે સતત અર્પણ થયા કરે—એવું બધું કઈ જેવું તેવું કર્મ નથી. સાધનામય જીવન પરત્વેના સંસારના વિચારકો ને વિવેચકોના ટીકાયુક્ત પ્રહારને જીવનનો સાધક સમભાવે નીરખી નીરખી પોતે પોતામાં વધારે પ્રામાણિકપણે નિરંતર એક જ ભાવમાં પ્રવર્તવાનું કર્યા કરે તે જ યોગ્ય છે.

૩. જીવનવિકાસ

જીવનવિકાસની દૃષ્ટિ, વૃત્તિ અને વલણ જ્યાં સુધી એકાગ્ર ને કેન્દ્રિત, જીવતાં જાગતાં એકધારાં પ્રકટેલાં હોતાં નથી ત્યાં સુધી શ્રેયાર્થીની ભૂમિકા Reception and Responsive—સ્વીકારાત્મક, સંગ્રાહક અને તેને અનુલક્ષીને તેનો હેતુલક્ષી ભાવનાથી પ્રત્યુત્તરાત્મક સામો જવાબ પ્રેમથી, હૈયાના ઉમળકાથી વાળી શકે એવી બની ગયેલી—હોઈ શકેલી—ન હોવાથી, તેનું દિલ જે તે બધું પૂરું પચાવી શકે એવું નથી હોતું. એનો આધાર તો એનું દિલ જીવનવિકાસના ધ્યેય પરત્વે કેટલું ને કેવું ધગધગતા તલસાટયુક્ત ને સતત ઉન્મુખી પ્રકટેલું છે, તેના પર છે. એવા દિલનો દિલમાં દિલથી પ્રકટેલો એવો તલસાટ એ જ સાચી રીતે જીવનને ઘડનારો સાચો ગુરુ છે, ને ત્યારે જ નિમિત્ત-ગુરુ એને પ્રભુકૃપાથી આકાર દેવામાં પ્રેરણાત્મક સૂક્ષ્મ મદદ પ્રેરાવી શકતો હોય છે. એવો દિલનો ઉત્કટ તલસાટ, પ્રચંડ ધગશ, ઉત્સાહ, ઉમંગ, ન્યોછાવરી, સાહસ, હિંમત, ધીરજ, ત્યાગ, સમર્પણ વગેરે જીવનમાં જ્યારે એક અંગભૂત વણાઈ જઈને તેના તેવા સ્વરૂપની કાયા ઘડાયેલી હોય છે, ત્યારે જ એવો શ્રેયાર્થી વારી વારી જઈને એમાં સર્વભાવે ને સર્વ રીતે પોતે ફનાગીરીનો આનંદ સેવી સેવી ફલંગો પર ફલંગો કૂદી કૂદી આગેકદમ ભરતો જતો હોય છે ને એવાના દિલની જે જીવનની મસ્તી હોય છે તે કોઈ ઓર જ હોય છે. એવી ખાખ થતા જીવનની મસ્તીમાંથી જ જીવનનું પુનર્જીવન ને નવસર્જન થતું રહેતું હોય છે.

જીવનનાં અનેક પાસાંઓમાં, ક્ષેત્રોમાં ને જીવનના જુદા જુદા સંજોગોમાં, પરિસ્થિતિમાં, જુદાં જુદાં કર્મોમાં તેવો જીવ ભલે જુદો જુદો

વર્તતો લાગે, પરંતુ તેનાં દૃષ્ટિ,વૃત્તિ ને વલણ તો ધ્યેય પરત્વેના હેતુથી એકધારા પ્રેરાઈને ધ્યેયના હેતુની સફળતા પરત્વેની એના દિલની સચોટ મીટ મંડાયેલી ત્યારે રહ્યા કરતી હોય છે, ને એવામાંથી જ તે પોતાના જીવનને તારવતો તારવતો આગળ ધપ્યે જતો હોય છે.

જીવનમાં અનેક પ્રકારનાં ઘમસાણ, પ્રલયો એને પ્રકટે છે, પરંતુ એના દિલની મસ્તીનો પારો ત્યારે પણ કદી નીચે ઊતરી શકતો નથી. ત્યારે એવા એવા પ્રસંગોથી તો એના દિલની ખુમારી વધારે પ્રકાશી કેવી મદમસ્ત ટટ્ટારી અનુભવે છે એની કક્ષા તો કોઈક એવો ન્યારો વિરલ વીર જ અનુભવી શકે છે.

જીવનના વિકાસનો માર્ગ તો જીવનની મસ્તીનો, ખુમારીનો ને જીવનને હૈયાના ભાવના ઉમળકાથી સ્વાર્પણ કર્યે જવાનો છે. જીવન-વિકાસની કથા એવા સ્વાર્પણનાં એક પછી એક પગલાં ભરાયે જવામાંથી નવા નવા ભાવે ને નવા નવા રૂપે કોઈક ભવ્ય, રમ્ય અને દિવ્ય કળામાં પરિણમતી જતી જ્યારે પોતે અનુભવે છે, ત્યારે જીવનની ધન્યતા, કૃતાર્થતા અનુભવતો તે શ્રેયાર્થી એવી જ્ઞાનયુક્ત દિલની કુરબાનીઓ ને આહુતિઓ આપતા આપતા એના દિલનો ભાવ દરિયાની ભરતીનાં મોજાંઓથી પણ અનેક ગણો ઊછળતો તે પોતે અનુભવે છે. તેથી જીવન એક પરમ આનંદનો લ્હાવો છે, એવી એને દિલમાં દિલથી સભાનતા પ્રકટે છે એવાને ત્યારે દિલમાં મસ્તીની જીવન-ઘડતરની એકધારી સતત ભાવનાં પ્રકટેલી રહ્યા કરે છે. તેવી ભાવના વડે કરીને હાર કે નિરાશાના વમળમાં તે કદી પણ ગર્ત થઈ શકતો નથી, કારણ કે દિલમાં એવી પ્રકટેલી પ્રચંડ, ઉત્સાહ, તલસાટવાળી ભાવના એનામાં એવી તો હૈયાસૂઝ પ્રકટાવે છે કે તે તેવી તેવી વેળા તટસ્થતા ને સમતાથી એનું આકલન કરી કરી, તેને તેને પાર કરી જતો હોય છે, તે ત્યારે તે તેના વહાલા પ્રભુની પરમ મંગળમયી કૃપાનો સહારો અનુભવે છે કે જેના આધારે તે પોતાના જીવનનું સુકાન ધ્યેયના હેતુને હૃદયથી અનુલક્ષીને પ્રભુકૃપાથી દોરવ્યા કરતો હોય છે.

૪. શરીર

શરીર તો આપણું રક્ષણકર્તા છે. એ ન હોત તો શું થાત? આ આપણી આસપાસના વાયુ-મંડળમાં વાયુરૂપ તેમજ પ્રવાહી હોવાથી પોતપોતાના mood પ્રમાણે—મનની આડીઅવળી કે ઊંચીનીચી દશા પ્રમાણે—આકાર બદલી શકે એવાં અને વાસનાથી ભરેલાં સૂક્ષ્મ તત્ત્વો એટલાં બધાં છે કે તે, આપણને ભગવાને શરીર આપ્યું ન હોત તો આપણાંમાં પેસી, આપણને તેનું એક સાધન બનાવી, પોતાની વાસના સંતોષત અને આમ આપણને અધોગતિમાં નાખત. પણ તેમ તેમનાથી થઈ શકતું નથી. કારણ કે આપણું શરીર પાર્થિવ તત્ત્વનું છે, ઘન છે. એટલે પેલાં વાયુરૂપ-પ્રવાહી, બદલાતાં આકારવાળાં, વાસનાથી ભરેલાં તત્ત્વો એ સ્થૂળ તત્ત્વની સાથે અથડાઈને પાછાં જાય છે અને આપણને પોતાનાં સાધન બનાવી શકતાં નથી. આપણને કેટલીક વાર કામ કે ક્રોધની વાસના ખૂબ જોરદાર થાય છે. ત્યારે પણ શરીર આપણું રક્ષણ-કર્તા થઈ પડે છે અને આપણા કામ-ક્રોધના આવેગને રોકે છે, નહિ તો આપણે કોણ જાણે કેટલુંય નુકસાન કરી નાંખત! પણ પેલું શરીરનું સ્થળૂતત્ત્વ આપણી આગળ પર્વત જેવું રહે છે.

('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૪૪)

• • •

શરીરનાં જન્મમરણ તો અનેક થયાં જ કરેલાં છે, પણ માનવીના શરીરનું માહાત્મ્ય ઘણું ઘણું છે. અને એવું એનું માહાત્મ્ય અને રહસ્ય સમજાય તે કાજે જ જન્મદિવસને આપણામાં મહત્ત્વનું સ્થાન છે. આ મળેલા શરીરથી જ તે, જે તે કરી શકતો હોય છે. શુભ કે અશુભ કર્મ પણ એના વડે જ જીવ કરી શકે છે. તે શરીર વડે જ જીવ કાં તો બંધાતો હોય છે, કે કાં તો વધારે મુક્ત થતો જતો હોય છે.

શરીર છે ત્યાં સુધી જીવની ભોગ-ક્રિયા તો ચાલુ રહેવાની જ, પરંતુ તેવી તેવી ક્રિયામાં જે જીવ બળિયો, રસિયો ને ચેતેલો થયેલો છે, તેવો જીવ તો તેમાં કોઈ અનોખી રીતે જ પ્રવર્તતો હોય છે. એક મા પોતાના

બાળકનું મેલું ઉપાડે તેમાં જે વૃત્તિ હોય ને એક ભંગી જાજરૂમાંથી મેલું ઉપાડે, એ બે જીવની, તે તે કર્મ કરતી પળેની વૃત્તિમાં આસમાન જમીનનો જેમ ફરક હોય છે, તેમ તે તે બળિયા, રસિયા ને નિષ્ઠાવાન જીવના તેવા કર્મમાંના હેતુ, સમજણ અને કર્મને ભોગવતા સમયના ધ્યાન અને લક્ષ—સંસારી જીવ કરતાં જુદા જુદા પ્રકારનાં રહેતાં હોય છે. બન્નેય ભોગવે છે તો કર્મ; અને બંનેનું કર્મ તો એકસરખું લાગે છે, પણ બંનેની ભોગવવાની માનસિક રીતમાં ને હૃદયની તે વેળાની ભાવના-ધારણામાં ઉત્તર-દક્ષિણ જેવો તફાવત હોય છે. જે જે કંઈ, જીવ જો કરી શકતો હોય છે તો તે શરીરને કારણે જ. તેથી શરીરનું મહત્ત્વ દિલમાં પૂરેપૂરું જાગૃત અને સચેતન બને તો જન્મદવિસનું ભાન થવું તે યોગ્ય પ્રકારનું ગણાય; પરંતુ એ રીતે શરીરના જન્મદિવસને આપણે કોઈ ખ્યાલમાં રાખતા નથી.

માનવ-શરીર દ્વારા જીવ મુક્તિ પામી શકે છે, બીજી કોઈ યોનિના શરીરથી તેમ થવાની શક્યતા લાગતી નથી. તેથી આ માનવ શરીરની મહત્તા અનંતગણી છે, ને એમ જાણી એને જે જીવ ભગવાનનું મંદિર ગણીને પ્રત્યેક કર્મ કરતી પળે એનો સદુપયોગ જ કર્યા કરે છે, તે જીવ તરી જાય છે.

શરીર રહે છે ત્યાં સુધી એને સારું કર્મ ને નરસું કર્મ પણ મળ્યાં જ કરવાનું. બંને પ્રકારના કર્મમાં જીવે ધારણા તો પોતાની ભાવના-સમજણની કર્યાં કરવાની છે. ન તો સારાને જોવાનું છે કે ન તો નરસાને જોવાનું છે. પણ તે બંને તો માત્ર ગુણની લીલા છે. તેવાં કર્મ જીવનને વિકસાવવાને જ મળેલાં છે અથવા મનને સમતા, શાંતિ, તટસ્થતા, સાક્ષીપણું, ધીરજ, સહનશીલતા, ઉદારતા, વિશાળતા કેળવવાને કાજે તે તે કર્મ મળ્યાં કરે છે, એવો હેતુ જો જીવ પ્રત્યેકમાં જીવતો રાખી શકે તો સારાં કે નરસાં કોઈ પણ કર્મ એને બંધનકર્તા નથી નીવડતાં. તે તે કર્મમાંથી તે જીવ પોતાના જીવનનો હેતુ ફળાવતો જતો હોય છે અને એમ પ્રત્યેક કર્મ એને જીવને—જીવનને ફળાવનારાં થયે જતાં હોય છે. જેમ વેપારીને ત્યાં અનેક પ્રકારના સારા ને નરસા સ્વભાવના ઘરાકો

આવે છે, પણ તે દરેક સાથે એને નિસ્બત છે માત્ર કમાવાની જ. તે તેના તેવા તેવા સ્વભાવને મહત્ત્વ દેવાનું કરતો હોતો નથી. પરંતુ કમાવાનો હેતુ લક્ષમાં રાખીને સારા કે નરસા પાસેથી તે પોતાનો હેતુ જ ફળાવી લેવાનું કામ કરતો હોય છે, તે હકીકત જેમ સમજી શકાય તેવી છે, તેવી રીતે જે જીવ પોતાને મળતાં રહેતાં સારાં કે નરસાં કર્મમાં એકમાત્ર પોતાના જીવનનો હેતુ જ ફળાવી શકવાના એકતાનમાં રહે છે, તેવા જીવને કર્મનું સારા કે નરસાપણું નડતું હોતું નથી. એ તો માત્ર સમજે છે તેમાં તેમાંથી પોતાના જીવનનો હેતુ જ ફળાવવાનું જ, અને એવો હેતુ ફળાવવાનું શરીર વિના શક્ય હોતું નથી. તેથી શરીરનો હેતુ પણ અનંતગણો છે ને તે સાચો છે. (**'જીવનપ્રેરણા', આ.૩, પૃ. ૮૨ થી ૮૪**)

૫. સંસાર

જગત માત્ર એકત્વની સાંકળથી સંકળાએલું છે, પરંતુ જીવ સ્વભાવે કરીને તેમાં ભિન્નત્વ મનાતું જતું હોવાથી જગત વધારે ને વધારે રાગ-દ્વેષમાં સપડાતું જાય છે. તે આપણે તેમાંથી જેટલાં પ્રેમભક્તિભાવથી ને વિવેકબુદ્ધિની સમજણથી મોકળા બની શકીએ તેટલી એની ઝાળ આપણને ઓછી લાગશે. બળતું બળતું લાગવાનું તો બધાંને ને આપણને પણ લાગે, તેમ છતાં જો ઉપર પ્રમાણેનો જીવતો અભ્યાસ કેળવાતો જતો હોય તો તે લાગવાનું નહિ.

એવી જ રીતે છોકરાં-છૈયાં પણ જો બુદ્ધિથી વિચારીએ તો કંઈ જુદાં નથી. આપણાથી અને આપણામાંથી જ તે પેદા થયેલાં છે, અને તેમનામાં જે કંઈ સારું કે નરસું રહેલું છે તે તેમનું નથી—પણ તે બધું આપણામાંનું છે તે નક્કી સમજજો. જોકે તેવી તેવી તે જીવની પ્રારબ્ધ સંસ્કારની ભૂમિકા તેવી તેવી હોય; પણ તે તો એક જુદી હકીકતની વાત છે. તેથી કરીને આપણાં છોકરાં કે આપણો સંસાર એ આપણે પોતે જ છીએ. ત્યાં એવી અભેદતા કેળવતા રહીએ એ સાથે તટસ્થતા, સમતા, ધીરજ, સહનશીલતા, શાંતિ, અપાર પ્રેમભાવ આપણે કેળવતા રહેવાનું

છે. જગતમાં સમજુને જ વધારે સહેવાનું આવે છે ને વધારે પડતું સહેવું પડતું હોય છે. એ જ મારે મન તો તપશ્ચર્યા છે. સંસારમાં જે સહેવાનું આવે છે, તે જીવનની કેળવણી કાજે છે. જો આપણે તેવું તેવું સહેવાનું આવે ત્યારે તેમાં જો તટસ્થતા, સમતા, ધીરજ, સહનશીલતા, હૃદયની ઉદારતાનું દૃષ્ટિબિન્દુ ને તેવું લક્ષ, શાંતિ અને અપાર પ્રેમભાવના આદિ દૈવી સંપત્તિના ગુણો તે તે વેળા ભળી શક્યા તો જીવનમાં એના જેવી બીજી પ્રખર સાધના કે તપશ્ચર્યા નથી. તેવું જીવન તે તો એક ઉત્તમમાં ઉત્તમ યજ્ઞ છે. આપણે એ જ યજ્ઞમાં હોમાયે જવાનું છે; ને એમાં એક પછી એક આહુતિ (એટલે કે આપણાંથી થતાં સકળ કર્મો, વિચારો, વૃત્તિઓ, લાગણીઓ, ભાવના, ભાવ, સંસાર ને સંસારનો સંબંધ, તેની સાથેના વર્તાવ આદિ પ્રત્યેક સ્થૂળ-સૂક્ષ્મ) પ્રેમભક્તિભાવે હૃદયના ઉમળકાથી હોમ્યે જવાનાં છે, એવી આહુતિ અપાયે જતાં જેમ યજ્ઞની વેદિમાંથી અગ્નિજ્વાળાઓ પ્રકટે છે, તેવું જો સંસારયજ્ઞની વેદિમાં જ્ઞાનભક્તિપૂર્વકના આપણા તેવા હોમાવાપણામાંથી આપણા જીવનનું ઊર્ધ્વગામી ઉડ્ડયન થતું આપણે અનુભવી શકીએ તો નક્કી જાણવું કે આપણે આપેલી આહુતિઓ યથાર્થપણે હતી ને છે.

પ્રત્યેક માનવીને, તે ઇચ્છે કે ના ઇચ્છે તો પણ હોમાવું તો પડે છે જ. તેથી જ આ સકળ વિશ્વ એ તો એવા યજ્ઞની અખંડ તૈલધારાવત ચાલતી આવતી એક વિધિ સમાન જ છે, તેવી રીતે પ્રત્યેકનું જીવન પણ યજ્ઞરૂપે જ ચાલી રહેલું છે. માત્ર તે તે જીવને તેનું જીવતું-જાગતું જ્ઞાનભાન પોતાને હોતું નથી. પ્રત્યેકને એકબીજા કાજે સહેવું જ પડે છે, પ્રત્યેકને પરસ્પર નભાવવાં જ પડે છે; એમ આ જગતમાં પ્રત્યેક પરસ્પરથી જકડાએલાં, સંકળાએલાં હોવાથી કોઈ પણ કોઈનાથી ભિન્ન નથી. તે કારણે એકેએક જીવ પોતાના કાજે ભલેને સ્વાર્થી હોય તેમ છતાં બીજા કાજે પણ જીવતો જ હોય છે; પરંતુ માત્ર તે અજ્ઞાન, અંધકાર દશામાં તેમ કરતો હોય છે. તેમ કર્યા વિના કોઈને ચાલતું નથી, એવું આ વિશ્વનું સનાતન વિધાન છે. એમાં સર્વ કોઈને જોડાવું જ પડે છે. એવો આ બ્રહ્માંડનો આદિ-અનાદિ યજ્ઞ ચાલી રહેલો છે. સર્વ કોઈ એમાં

હોમાયે જ જાય છે અને એમાં આપણે પળે પળ હોમાયે જ જઈએ છીએ. તે જો વાસ્તવિકપણે તેવું છે ને જો તેવું આપણી બુદ્ધિ સ્વીકારી શકતી હોય તો પછી ઘાંચીના બળદિયાની જેમ આંખે ડાબલા ઘાલીને શા માટે હોમાવું? હોમાવું તો પડવાનું જ છે તેમાં સંશય નથી; એમાં ઇચ્છાનો પણ પ્રશ્ન નથી રહેતો.

માનવી મૂર્ખપણે 'પોતે સ્વતંત્ર છે, સ્વતંત્ર છે' એમ બૂમો પાડ્યા કરે છે. એ તો વિશ્વનો સહજ અને અબાધિત એવો સ્વાભાવિક ક્રમ છે. તેવો (સમર્પણ થયા જવાનો) એનો સ્વભાવ છે, વિશ્વયજ્ઞજીવનનું તે એક અંગ છે, એટલે તો પછી આપણે આપણા સંસારયજ્ઞમાં જે હોમવાનું આવે તેમાં જ્ઞાન-ભક્તિપૂર્વકથી જો તટસ્થતા, ધીરજ, શાંતિ, સહનશીલતા, હૃદયની ઉદારતા, અપાર પ્રેમભાવે ત્યાગ-સમર્પણની ભાવના જો કેળવ્યાં કરીશું તો તેવી રીતે તપશ્ચર્યાના ભાવે જ્ઞાનપૂર્વકનું જે આપણું હોમાવાનું બનશે, એનાથી કરી જીવન ઉન્નત થયે જવાનું છે. એવી રીતે એવા પ્રત્યેક ઉન્નત થતા જતા જીવનનો સ્પર્શ બીજાંને પણ લાગતો જ હોય છે. એવું જીવન થવાની ભાવના આપણા હૃદયમાં જીવતી બનતાં દૈવી સંપત્તિના ગુણો પ્રકટતા જતા આપણે અનુભવી શકવાના છીએ. પ્રભુમય જીવન એટલે પહેલાં તો સાત્ત્વિક જીવનનો વિકાસ, અને એવા ગુણોની શક્તિ વડે કરીને મળેલા સંસારયજ્ઞની વેદિમાં પળેપળ આપણું જે હોમાવાપણું બન્યે જતું હોય છે, તેમાં આપણે તો જ્ઞાનભક્તિપૂર્વકનું ઉપર મુજબની ભાવના પ્રમાણે જ જીવવું, અને એવી રીતે જીવવામાં જ્યારે જ્યારે અપાર આનંદ, રસ, પ્રેમભાવ લાગે ત્યારે જાણવું કે જીવનમાં હવે રસ જામવા લાગે છે ખરો!

સંસાર એ બીજું કશું નથી પણ વૃત્તિ કે ભાવનાનો વિસ્તાર છે.

ઉપાધિ તો મનને લીધે છે. સૌ કોઈનું યોગ્ય થયે જશે એવો વિશ્વાસ હૃદયથી રાખવો.

ઘરના વ્યવહારમાં વીંછીના ડંખ જેવી વેદના જેને થતી હોય તે કોઈની સલાહ લેવા થોભતો નથી; તે તો તરત નિવૃત્તિ લે છે. બાકી

મારા તત્ત્વજ્ઞાનમાં તો એમ છે કે જે જે પરિસ્થિતિ મળતી રહે છે, તે તે માનવીના અભ્યુદય કાજે પૂરેપૂરી શક્યતાથી ભરપૂર હોય છે. કશાથી ભાગી છૂટવાની જરૂર નથી. પરિસ્થિતિ ને પ્રસંગો તો અનેક પ્રકારના આવશે ને જશે, પરંતુ એમાં આપણે કેમ રહીએ છીએ ને કેવી રીતે જીવીએ છીએ એના પર આપણા જીવનવિકાસનો આધાર છે.

આપણા પરિવારનો મન, વચન અને હૃદયનો પ્રેમભાવ અને સંસ્કાર મેળવ્યા વિના જે તે કામ યોગ્યપણે ટકી શકવાનું નથી એની તો ખાતરી છે.

જે મોટું છે એને વધારે સહેવાનું આવવાનું છે. એવું સહેવું દિલના પ્રેમભાવથી જે જીવ સ્વીકારી લે છે અને તેમાંથી જે જીવ આનંદને બહેલાવે છે એવા જીવને સકળ પ્રકારના સંતાપ ટળી જાય છે.

સંસાર એ જીવનનો પ્રત્યક્ષ બોધપાઠ શીખવાની પાઠશાળા છે અને જીવનવિકાસ કાજેની પ્રયોગશાળા છે, એના જેવો બીજો કોઈ જીવતો ગુરુ નથી.

મારા તત્ત્વજ્ઞાનમાં તો કશાથી ક્યાંયે પણ ભાગી છુટાય નહિ. એ તો નરી કાયરતા છે. **('જીવનપ્રેરણા', આ. ૩, પૃ. ૭૪ થી ૭૯)**

● ● ●

સંસાર મળેલો છે તે શક્તિનો વિકાસ કરવા ને શક્તિના જ્ઞાનના અનુભવ કાજે. જીવનમાં સંગ્રામ ક્યાં નથી? સંગ્રામ ન હોય તો કશા કંઈનો વિકાસ શક્ય નથી. સંગ્રામ માનવ ઇચ્છે કે ન ઇચ્છે તો પણ પળે પળે યુદ્ધ તો આપવું જ પડે છે; બલ્કે માનવીને બેળે બેળે એમાં પણ પડવું જ પડે છે. જે એવા સંગ્રામથી કંટાળે છે, ત્રાસે છે ને એવા યુદ્ધની જે અવગણના કરે છે, એને ઉવેખે છે, એવા જીવના ત્રાસનો તો પાર રહેતો હોતો નથી. સંગ્રામનો હેતુ જીવને શક્તિની પિછાણ થવાનો તથા તેથી કરીને શક્તિનો ઉદ્‌ગમ થવાનો ને જ્ઞાનનો અનુભવ થવા કાજેનો છે. સંગ્રામ એ તો પ્રકૃતિના સ્વભાવનું એક સહજ લક્ષણ છે.

સંસારમાં જે જે કંઈ બને છે તેની ભૂમિકા તો આપણામાં જ રહેલી છે. બીજાનાંમાંની તે નથી; બીજા તો માત્ર ખાલી નિમિત્તરૂપે છે; તેથી બીજાથી એવું કંઈ થતાં મનને ક્લેશ, સંતાપ કે દુઃખ થવા ન દેતાં એના

નિમિત્ત કારણને સમજીને તેમાં મનને કદી પણ ડહોળાવા ન દેવું. તો જ તટસ્થતા તેમ જ વસ્તુસ્થિતિથી અલગ થઈ શકવાની કળા આપણને પ્રાપ્ત થતી હોય છે. સંગ્રામના પ્રસંગો ઊપજ્યા વિના માનવીનું મન તેમાં કેવું રહે છે તે બધું કઈ રીતે માનવી જાણી શકવાનો હતો? માનવીએ પોતાના મનને અને પોતાની પ્રકૃતિને પહેલાં તો સમજી લેવી પડશે.

સંસારના આપમેળે મળી રહેતાં સકળ કર્મમાં માનવીએ પોતાના મનને રાગાદિથી વિમુક્ત કરવાનું શીખવું જોઈએ. તેવું થયા વિના તે મન એની મેળે કશાથી અલગ થવાનું શીખેલું હોતું નથી. સંસારમાં જે જે કંઈ એવું ઉપાધિરૂપ આવે છે, તે દેખીતી રીતે ઉપાધિ લાગે છે, પરંતુ એવી ઉપાધિ તો માનવીના મનને નવું નવું કૈંક શીખવવા, બોધ દેવા, અનુભવ કરાવવા મળેલી હોય છે. તેથી જીવનમાં મળતી એવી ઉપાધિને જે જીવ પોતાના ગુરુરૂપે સમજે છે તેવા જીવો જ એવી ઉપાધિના હેતુને કળી જઈને તેમાંથી ચેતના-પ્રાણ-શક્તિ મેળવવા ભાગ્યશાળી થઈ શકે છે.

જ્યાં સુધી જીવન છે, ત્યાં સુધી જીવનમાં અનેક પ્રકારની ગડમથલો, મંથનો, મથામણો, વિટંબણાઓ અને યુદ્ધો આવ્યાં જ કરે છે. એની ભૂમિકા આપણા પોતાનામાં જ રહેતી હોવાથી તે તે બધું આપણને તે તે રૂપે સ્પર્શતું હોય છે. એટલે આપણે કાળજીપૂર્વક બને તેટલી તટસ્થતા કે સહાનુભૂતિ રાખીને પ્રત્યેક ગૂંચનો, ભાવનાના વિકાસની દૃષ્ટિએ યોગ્ય ઉકેલ કર્યા કરવાનો રહે છે. એટલે આમ નિશ્ચિતતા ને નિરાંતની ભૂમિકા જીવતી રહી શકે તેવી રીતે જે જીવ મળતા પ્રસંગોમાં હૃદયથી સાવધ બનીને કર્મ-કુશળતા દાખવે છે, ને તે પળે પળે શ્રીભગવાનની ધારણા જો હૃદયથી સેવતો રહે છે, તો જીવનના તેવા તેવા વર્તનમાંથી સર્વકોઈનું શ્રેય જ નીપજી શકે છે. તેને સંબંધીઓ, માતા, પિતા, પુત્ર, પરિવાર આદિ મળેલાં છે, તે આપણાં પોતાનાં જ કર્મ-પરિચયને પરિણામે મળેલાં છે. જે જે સંબંધ સંસાર-વ્યવહારમાં પ્રત્યેક જીવને જે જે રીતનો મળેલો હોય, ત્યાં તે તે રીતે જ તેને રહેવાનું હોય છે અને તે રીતે જ રહેવું, વર્તવું, ભોગવવું યોગ્ય છે. તેનાથી અતિરિક્તપણે બીજા કોઈ જીવમાં બીજા કોઈ પ્રકારની વૃત્તિ જાગે તો

તે પૂર્વજન્મના પેલા બીજા કોઈ જીવ સાથેના આપણા તેવા કોઈ કર્મના પરિણામનો ઉદય છે; એમ સમજવું ને ધારવું પણ ત્યાં જો પ્રત્યેક જીવ જીવભાવે વર્તે તો પેલા બીજા જીવ સાથે વધારે નવા બંધનમાં જકડાતો જાય. એટલે સંસાર-વ્યવહારમાં જે રીતના મળેલા સંબંધો છે, એટલા જ ક્ષેત્રની મર્યાદામાં પ્રત્યેક જીવે તે તે રીતે જ વર્તવાનું હોય છે. એટલે તે કારણથી જે જે સંસાર-વ્યવહારમાં જેવી જાતનો સંબંધ મળેલો છે, ત્યાં ત્યાં માત્ર તે સાંસારિક કે વ્યાવહારિક વૃત્તિથી ત્યાં વર્તવાનું થતાં તે તે જીવ સાથેનો આપણો સંબંધ વધારે અજ્ઞાનમાં આપણને ઘસડતો જવાનો છે અને જીવનના ભાવનાના વિકાસના આદર્શથી આ જીવ એટલા પ્રમાણમાં વેગળો થતો જવાનો છે. એ કારણથી કરીને જે જીવનું લક્ષબિંદુ જીવનના ઉન્નતગામી વલણ પરત્વે છે, તે જીવની મળેલા સંબધો સામે જીવદશાની વૃત્તિ જેટલી મોળી પડે તેટલું તેને માટે યોગ્ય ને કલ્યાણકારક છે.

ઉપરની બાબત બહુ સમજવા જેવી છે અને ધ્યાનમાં રાખવા જેવી છે. મળેલા ને સંબંધમાં આવેલા જીવો સાથેના જીવસ્વભાવની દશા-વૃત્તિ મોળી પડે તે જરૂરનું હોવા છતાં તેમની સાથેનું આપણું ધર્મ્ય-વર્તન અને તેમના તેમના જીવન સાથેના આપણા હૃદયની પ્રેમભાવના મોળી ના પડે, બલ્કે વધારે ને વધારે સચેતન બને, તે પણ એક નોંધવા જેવી હકીકત છે. મળેલા સંબંધોવાળા જીવોનું જો આપણું પણ કર્મ, પ્રારબ્ધ ઘટાડવું હોય તો તે જીવાત્મા સાથેના વર્તન-વ્યવહારમાં આપણી જીવની દ્વંદ્વ-ભૂમિકા જેમ જેમ અને જે જે રીતે પલટાતી જાય એવું જ્ઞાનભક્તિપૂર્વક વલણ જો આપણે તેમની સાથેના પ્રત્યેક વર્તન-વ્યવહારમાં જાગ્રતિપૂર્વક કેળવતા રહીએ તો આપણે કર્મ કરતા હોવા છતાં કર્મની જંજાળમાંથી મુક્તિ પામવાની દશા જરૂર પામી શકીએ. જે જે મળેલું છે તેનાથી કદી ભાગી તો શકાય નહિ, મળેલા સંજોગો અને મળેલી પરિસ્થિતિ—એ આપણા જીવનવિકાસના હેતુ કાજે જ છે એવું આપણે સતત હૃદયમાં સમજી સમજીને વધારે ને વધારે દઢાવવાનું કર્યા કરીએ તો જ આપણે ચિત્તની તુલાને સમતોલ રાખવાને શક્તિમાન થઈ શકીશું.

જીવનના ધ્યેય-આદર્શની ભાવના અને તેની ધારણા પ્રત્યેક થતા જતા કર્મમાં તે તે પળે જ જેટલી જેટલી જીવતી રાખ્યા કરવાને આપણાથી મથવાનું બની શકશે, તેટલા પ્રમાણમાં આપણે જીવનના ધ્યેય આદર્શને મૂર્તિમંત કરી શકવાના છીએ. જીવનમાં જેમ વ્યવહારનો માર્ગ અનેક ગૂંચ, મુશ્કેલીઓ અને અનેક બીજી મથામણોથી ભરપૂર રહેતો હોય છે; તેમ આધ્યાત્મિક માર્ગમાં પણ તેવું જ છે. સંસારવ્યવહારમાં ગૂંચ-મુશ્કેલીઓ આદિ પ્રશ્નો બહુ ભારે મૂંઝવી શકતા નથી; કારણ કે ત્યાં આપણને રાગ, મોહ, લોભ, લાભ, આદિ દ્વંદ્વાદિ વૃત્તિઓ રહેલી હોય છે અને એમાં સતત પ્રવેશેલો રહેવાને કોઈક એક પ્રકારનું impelling force—ધકેલ્યા કરતું જોશ—હોય છે. તેવી જ રીતે આધ્યાત્મિક માર્ગમાં અનેક પ્રકારની સૂક્ષ્મ મુશ્કેલીઓ અને કસોટીઓ તો આવવાની જ. કસોટી ને મંથન વિના જીવનનું સાચું હીર જાણી કે પરખી શકાતું નથી. એટલે કસોટી ને મંથન જીવનવિકાસ કાજે ઘણાં ઘણાં મહત્ત્વનાં અંગો છે. જીવનના ઊર્ધ્વગામી પથિકને કાજે પ્રત્યેક ડગલું એ એની સમજણને કાજે કસોટી ને મંથનરૂપ હોય છે. એ પ્રત્યેક ડગલામાં કેવી ભાવનાથી, કેવી સમજણથી, કેવી ધારણાથી વર્તે છે, એના પર તેના જીવનવિકાસનો ખરો આધાર રહેતો હોય છે. એટલે પ્રત્યેક થતા જતા કર્મમાં જીવન-વિકાસની ભાવનાને ધારણા મન-હૃદયથી આપણે ઊર્ધ્વગામી રાખ્યા કરવાનું કેળવવું જ પડશે. પ્રત્યેકના જીવનમાં, વ્યક્તિગતપણે શું કે સમગ્રપણે શું, અંતર્ગતપણે સુમેળ પ્રવર્ત્યા કરતો હોય છે. વિસંવાદ દેખાય છે ખરો પણ સુમેળ કે સંવાદ એ સારાય સંસારનો પાયો છે. સંવાદ કે સુમેળ વિના આ વિશ્વ એક પળવાર પણ ના ટકી શકે. સંવાદ અને સુમેળ એટલાં બધાં તો સચરાચરપણે ને સહજપણે વ્યાપેલાં છે કે તેનું આપણને સ્પષ્ટ ભાન પણ જાગતું હોતું નથી. જેમ આપણા જીવનમાં, જો વિચારીએ તો, સળંગ અને સમગ્રપણે સુખાકારી જ વધારેમાં વધારે રહેતી હોય છે. દુઃખ, દર્દનો કાળ સુખાકારીના પ્રમાણમાં ઘણો નજીવો હોય છે. પરંતુ દુઃખ, દર્દ કે મુશ્કેલી એનું ભાન જીવને સવિશેષપણે થાય છે, અને સુખાકારીનું ભાન તો

જીવને થતું નથી. તેવી જ રીતે સંવાદ-વિસંવાદનું સમજવું. આ રીતની સમજણથી જો વિચારીએ તો પ્રત્યેક જીવને તેના જીવનમાં જ્યાં જ્યાં વિસંવાદ, મુશ્કેલી, ગૂંચ, નડતર, યુદ્ધ, મંથન વગેરે મળ્યા કરે ત્યારે ત્યારે તે જીવ એના પર પોતાનું મન વિશેષ ને વિશેષ ભાર ના મૂકે એની કાળજી એણે રાખવી જ પડશે. જો તે જીવ સાવધાની રાખીને તેમ નહિ વર્તે તો તેવો જીવ ગૂંચવાડાના વમળમાં વધારે ગૂંચવાતો જશે.

ઉચ્ચ જીવનના પથિકને માટે એવું હકીકતપણે વર્તવાનું યોગ્ય ને કલ્યાણમય હોવા છતાં જીવનમાં મળતા પ્રત્યેક કર્તવ્યમાં અને એના નીપજતાં જતા પરિણામ વિશે પોતાને નિરપેક્ષપણે જીવતો ખ્યાલ રાખવાનો હોવા છતાં, પોતાનાથી જે જે કર્મ બનતાં જાય તે તે અને જેના પરિણામને પણ પોતાને એકલાને જ ભોગવવાના છે. ભોગવતી વેળાએ જે જીવ પોતાના મનની જેવી સ્થિતિ રાખ્યા કરે છે, તેના પર જીવનમાં પોતાની કક્ષાની સમજણ કેવી જીવતી થાય છે તે તેને સમજાયે જશે. કોઈ પ્રસંગ કે બીજા કોઈ જીવને લક્ષમાં રાખ્યા વગર, આપણે આ માર્ગમાં કેવી જાતની સમજણ રાખવાની છે તે સ્પષ્ટપણે તરતી બને તે ઉદ્દેશ ખ્યાલમાં રાખીને જે તે લખેલું છે.

ભાવનાનું ઉદ્દીપન કંઈ એમ ને એમ થતું નથી. ભાવના તો પ્રત્યેક જીવમાં હોય છે જ. જો તે ના હોય તો આપણો સંસાર-વ્યવહાર ટકી જ ના શકે. આપણું ક્ષેત્ર સંસાર છે; પરંતુ સંસારમાં સંસારની ભાવના રાખવાની નથી. જે જીવ સંસારમાંથી મુક્ત થવા ઇચ્છે છે, તે કંઈ સંસારમાંથી મુક્ત થતો હોતો નથી; કારણ કે તેને વળી બીજા પ્રકારનો સંસાર મળતો હોય છે. એમ જીવનના ઊર્ધ્વગામી પથિકને પણ તેની તેવી જીવન-કક્ષામાં ચઢતી ચઢતી ભાવનાના સંસાર મળતા રહેવાના છે, અને એમ ઉત્તરોત્તર વધતાં, પછી જે સંસાર મળ્યા કરે છે એ તો જીવનની તત્ત્વભાવનાના રૂપે મળતો હોય છે. પછી એવા સંસારમાં જીવની દ્વંદ્વભૂમિકા રહેતી હોતી નથી. એવા સંસારનો લહાવો, આનંદ, મીઠાશ, રસ-માધુર્ય અને ઉદાત્તતા તથા એની સમગ્રતા ને સળંગતા

અનેકલક્ષી હોવા છતાં એનું મધ્યબિંદુ તો પોતાનામાં જ સમાયેલું તે અનુભવે છે; પરંતુ એ તો બહુ ઊંચી આધ્યાત્મિક કક્ષાની હકીકત છે અને એવું આપણે થવું છે એવો દૃઢ નિર્ધાર કરીને પ્રભુની કૃપાથી આપણે પગલાં ભરવા માંડીએ. એમાંથી હઠાવવાને મન, સ્વભાવ તથા પ્રકૃતિ આપણને અનેક ગડમથલો કરાવશે જ. પાછળ (પીછેહઠ) પડાવવાનું તે જરૂર કરશે. પરંતુ જે જીવ ખંતપૂર્વક ઉત્સાહથી પોતાના જીવનધ્યેયની પાછળ મંડ્યા જ કરશે; અને ધ્યેય પરત્વેની તમન્નાને ગતિ અને પ્રાણ અર્પ્યા કરશે તેવાને પણ કર્મ-સંજોગે પાછા પડવાનું કદાપિ બને તોપણ તેવા પાછા પડવાપણામાંથી તે જીવ સચેતપણે વહેલો જાગી જવાનો છે; અને આગળ કૂદવાને માટે વધારે ચેતનાથી ઉદ્યત થવાનો છે, તે નક્કી છે. ઉપર કહ્યા તેવા પ્રકારના જીવનું પાછું પડવું એ તો impetus–પ્રેરણાત્મક ધક્કો મેળવવા કાજેનું એક પ્રભુકૃપા નિમિત્તકારણ છે. એવું એને અનુભવમાં આવ્યા વિના રહેશે નહિ. અથડાવાનું અને કુટાવાનું તો સંસાર-વ્યવહારમાં પણ હોય છે. પણ એવા અથડાવા-કુટાવામાં તો પરિણામ અંધાર ને અજ્ઞાનનું છે; તે જીવને તેમાં ને તેમાં પાછા પડવાપણાનું છે. જ્યારે આધ્યાત્મિક માર્ગમાં અથડામણ-કુટામણ એ તો તે જીવને બોધપ્રદ, ચેતવનારા ને પ્રેરણાત્મક બને છે અને વધારે ઉચ્ચતર કક્ષાની યોગ્ય સમજણને પ્રકટાવે છે, એ જીવનને આગળ ધકેલનારાં પણ બને છે. આપણી સમજમાં એ જો યોગ્ય રીતે ઊતરી જાય તો. તેવો સમજેલો જીવ જીવનમાં મળતી પ્રત્યેક અથડામણ-કુટામણમાં જીવન-વિકાસની જીવતી ભાવના રાખ્યા વિના રહી શકવાનો નથી. એટલે જીવનમાં સાંપડતી એવી અથડામણ-કુટામણની સ્થિતિમાં ઉપર કહ્યું તે પ્રમાણે જો આપણે વર્તી શકીએ તો જીવનનો ઉદ્ધાર નિશ્ચિત છે; એમ સમજવું.

આપણી પરસ્પરની ભાવના રોજના વ્યવહારનાં કર્મમાં પણ જ્ઞાન-યોગભક્તિભાવે હૃદયથી જેટલી જીવતી રહ્યા કરશે, એટલાં વેગ ને પ્રેરણા મળતાં આપણે અનુભવી શકીશું. આપણી સાથેના તાદાત્મ્ય-ભાવની ધારણા જેટલી જીવતી રહ્યા કરે, એટલે પ્રત્યક્ષ કર્મ થતી વેળાએ આપણે ભેળા હોઈએ કે સાથે હોઈએ એવી વિચાર-ભાવની સંકલના

જળવાયે જાય તો એનું પરિણામ કોઈ જુદું જ આવે. એટલે તે પણ સાથે સાથે આપણે કર્યા કરવાનું રહે છે. પ્રત્યેક કંઈના અંતરમાં ચેતના જ રહે છે; એ તો બુદ્ધિથી પણ સમજાય એવું છે. તે કારણથી પણ આપણા પ્રત્યેક થતા કર્મમાં જે ચેતનાની ભાવનાનો જ મહત્ત્વે કરીને ખ્યાલ દઢાવ્યા કરે છે, અને એવું એવું જેમ જેમ અનુભવથી જેના જીવનમાં ઊગતું જાય, તે તો સંસાર સમુદ્ર તરીને જવાનો એ નક્કી.

('જીવનપ્રેરણા', આ. ૩, પૃ. ૩૩૬–૩૩૭, ૩૫૫ થી ૩૬૨)

૬. શ્રદ્ધા

જીવનસાધનાને આવશ્યક પુરુષાર્થના અભ્યાસમાં નડતી મુશ્કેલી-ઓમાં શ્રદ્ધા આપણને ટકાવી રાખે છે, ધ્રુવતારાની જેમ આપણી નજર સામે રહી જે આપણને યાગ્ય દિશાસૂચન કરીને ધ્યેયથી વિમુખ થતાં અટકાવે છે, અને અંતે આપણા સત્ત્વને સંપૂર્ણપણે જાગ્રત કરી, એને પરિપૂર્ણ સ્થિતિ પ્રાપ્ત કરાવી, દિવ્ય-જ્યોતિનાં દર્શન કરાવે છે.

('જીવનસંદેશ', આ. ૨, પૃ. ૧૨૦)

• • •

શ્રદ્ધા હોય છે ને વધતી જાય છે, તેનાં પણ લક્ષણો છે. જે કંઈ પણ કશામાં આપણે પ્રવેશ કર્યો, તેથી બીજી રીતનું વિચારતાં મન અટકવા માંડશે ને દ્વિધાપણું ઓછું થતું જશે ને મનમાં નિરાશાને કે હારને ક્યાંય સ્થાન નહિ હોય; ''પલમાં તોલા, પલમાં માસા!''ની સ્થિતિ નહિ હોય. આવું બધું અનુભવાય તો સમજવું કે શ્રદ્ધા હવે દઢપણે જામતી જાય છે. બાકી શ્રદ્ધા એકદમ શરૂશરૂમાં જામી જાય તે કંઈ સહેલું નથી.

• • •

શ્રદ્ધાથી જીવનનું વાસ્તવિકપણું પ્રકટતું હોય છે, એ કંઈ નકારાત્મક લક્ષણ નથી. જીવનમાં તે પ્રેરણા અને બળ ઉપજાવે છે. સાધનાપથમાં શ્રદ્ધા એ પરમ સાધન છે. શ્રદ્ધા પામવા માટે પણ મહેનત સાધન છે. શ્રદ્ધા જ્ઞાનાત્મકપણે હોવી ઘટે છે. અંધશ્રદ્ધા આ માર્ગમાં કામ નહિ આવી શકે. શ્રદ્ધાને દઢ થવા માટે પણ પાયો મજબૂત હોવો જોઈએ.

સાધકની લક્ષવૃત્તિ દ્વિધાપણે કામ કરતી રહે તો તે જીવનવિકાસ માટે ખતરનાક છે. પ્રેમપૂર્વક અથાગ ને અતાગ શ્રમ કર્યા વિના પરમ ભાવના અનુભવની ઇચ્છાને સેવ્યા કરવી તેય શ્રદ્ધાનું સાચું સ્વરૂપ નથી; એ તો માત્ર શેખચલ્લીના વિચાર ગણાય. જેની શ્રદ્ધામાં પ્રાણ પ્રકટેલા નથી, એવાની શ્રદ્ધા જીવનવિકાસના કર્મમાં ખપ લાગતી નથી. હૃદયપૂર્વકની ભાવનાથી થતા જતા પુરુષાર્થમાં કાળે કરીને સમજણ અને અનુભવ પ્રકટવા માંડે છે એવી સમજણ છે. અનુભવની પરંપરામાંથી પ્રકટતી શ્રદ્ધાના બળે તેના જીવન-ધ્યેયમાં તેને એક પ્રકારનું આત્મબળ પ્રકટે છે અને એવા આત્મબળના આધાર વડે અનુભવની શ્રેષ્ઠતામાં પ્રવેશીને, શ્રદ્ધાને ભાવમાં પરિણત કરાવીને, પછી તેવા ભાવથી હૃદયમાં તત્ત્વને પ્રીછી શકે છે.

કોઈના પરની શ્રદ્ધા એટલે તેના સર્વ પ્રમાણમાં વિચારરહિત મૂઢપણે જે થયા કરે, યંત્રની જેમ જે થયા કરે તે નહિ, પરંતુ તે તો જડતા-ભર્યું અજ્ઞાન છે. એને શ્રદ્ધા ન કહી શકાય. શ્રદ્ધા એટલે તો આંતરદૃષ્ટિ. અંધશ્રદ્ધા કરતાં તો શ્રદ્ધા ન હોય તેવી સ્થિતિ સારી.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૫૩)

• • •

જ્ઞાનાત્મક શ્રદ્ધા કદી આંધળી હોઈ શકતી નથી. સાચી શ્રદ્ધા આંધળી ન હોય ને અંધશ્રદ્ધા એ સાચી શ્રદ્ધા નથી.

શ્રદ્ધાના ત્રણ પ્રકાર છે : તામસિક, રાજસિક અને સાત્ત્વિક. આદર્શ શ્રદ્ધા એનાથી પણ આગળની વાત છે. આદર્શ શ્રદ્ધા તો એવાને મળતાની સાથે એક ક્ષણમાં દિલ આપોઆપ એવાનામાં ચોંટી જાય. તેય પછી કદી તેવા પરત્વે કોઈ જાતના સંકલ્પ-વિકલ્પ જ ઊઠે નહિ; એનું નામ આદર્શ શ્રદ્ધા.

સાધનાના ક્ષેત્રમાં જીવન હેતુને ફળાવવાને અર્થે ભાવનાગત જે એકધારો અભ્યાસ પ્રકટ્યા કરે છે, તેથી કરીને જે શ્રદ્ધા એકનિષ્ઠાથી શક્તિસ્વરૂપે પ્રકટે છે, તે બધું કાંઈ એકદમ ઓચિંતું બની જતું નથી.

('જીવનસંશોધન', આ. ૧, પૃ. ૨૯૫)

• • •

(અનુષ્ટુપ)

પ્રભુમાં સર્વ આધાર, શ્રદ્ધા, વિશ્વાસ જીવતાં,
જેને બેઠાં હશે ઊંડા, તેવા નિર્ભય રે' સદા.
સર્વશ્રેષ્ઠ પ્રભુ જાણી, એને મહત્ત્વ આપજો,
જે તે કાર્યમહીં એનો ઊંડો ખ્યાલ ધરાવજો.★

('જીવનપગલે', આ. ૧, પૃ. ૧૩)

૭. ભાવ

ભાવ એ વિચારનું અવ્યક્ત મૂળ અને વિચાર એ ભાવનું વ્યક્ત રૂપ છે; એટલે ભાવને મહત્ત્વ આપ્યા કરવાનું છે, પણ ત્યાં સુધી 'ભાવ' એ શું એની હજુ ગતાગમ માનવીને પડેલી નથી. ત્યાં લગી એનું બાહ્ય સ્વરૂપ, એટલે ભાષા, વિચાર, વર્તન, કર્મ; તેમાં વિચારભાવ, ભક્તિજ્ઞાનપૂર્વક સાધનાથી પ્રેરવાનો રહ્યો. એવા પ્રત્યેક સ્થૂળમાં ભાવ પ્રેરાવવાનો જીવતો અભ્યાસ કેળવવાનું બન્યે જતાં અંતરસ્થ ભાવ છતો થવાનો જ, અને એ છતો થતાં બાહ્યમાં એટલે કે વ્યક્તમાં—સ્થૂળમાં પરિણામ પામતો જવાનો; એટલે તેને જ્યાં જ્યાં જીવતો સ્પર્શ થવાનો, ત્યાં ત્યાં તેમનું રૂપાંતર પણ થતું જવાનું. આમ કર્મને મહત્ત્વ આપવા છતાં—તેનાથી એ સવિશેષ મહત્ત્વ માનવીએ કર્મનાં આદિ, મધ્ય ને અંતમાં સતત એકધારો ગંગાના પ્રવાહ જેવો હૃદયનો ભાવ પ્રેરવવાનો અભ્યાસ જીવતાં કર્મો કરવામાં જ સળંગ, સમગ્ર, લક્ષથી રાખ્યા કરવાનો છે. પ્રત્યેક કર્મમાં જેનો એવો ભાવ ભક્તિજ્ઞાનપૂર્વક રહ્યા કરતો હશે, એને ક્યાંય છેતરાવાપણું નથી. એવાનો રક્ષક એનો ભાવ જ બન્યા કરે છે. હૃદયમાં જાગેલી સદ્‌ભાવના અભેદ્યરૂપે જ પ્રવર્ત્યા કરશે ને એને અંતરથી યોગ્ય કર્મની ભૂમિકામાં જ પ્રાણવાળો રખાવશે. જેનામાં એવી સદ્‌ભાવના પ્રવેશતી હોય છે, જેના વિશે એ કેન્દ્રિત, એકાગ્ર ને એકાંગી બને છે, તેને એ પોતાનું જ સાધન બનાવી લે છે. ને એ બંને જાગતાં—એકભાવે તાદાત્મ્ય સાધી શકે છે, એટલે આપણા હૃદયની તેવી

★પૂ. શ્રીમોટાએ 'શ્રદ્ધા' વિષયક શાસ્ત્રીય વિવરણ કરતું એક સ્વતંત્ર પુસ્તક પણ રચ્યું છે.

સદ્‌ભાવના તેને પણ તેવી રીતે જ પ્રવર્તાવશે. આમ જે માનવી પોતાની સદ્‌ભાવના કેળવવાના એકમાત્ર કર્તવ્યમાં જ નિર્ભય ને નિર્ભર મસ્તપણે રહ્યા કરે છે, તેનું તેના હૃદયની જીવતી થયેલી ભાવનાથી અતિરિક્તપણે કશું પણ અકલ્યાણ કરવાને કોઈ શક્તિમાન થઈ શકતું નથી. પરંતુ માનવી પોતાની એવી સદ્‌ભાવના સાથે પોતાનામાં પડી રહેલા ને બની ગયેલા આકારવાળા વિચારો, માન્યતા, સમજણ, ટેવ, આગ્રહ આદિ તેમાં (સદ્‌ભાવનામાં) ભેળવ્યા કરીને ને તે બધું તે આધારમાપથી સમજવાનું ને વર્તવાનું કર્યા કરે છે. ત્યાં તે પોતે ભૂલથાપ ખાય છે, તેથી તેવો માનવી પૂરો પોતે કેળવાઈ શકતો નથી ને યોગ્ય કળી શકતો પણ નથી; તો પછી એનું શુદ્ધ સ્વરૂપ એને હાથ તો ક્યાંથી લાધી શકે? જેમ કેટલીકવાર દવા એકની હોય પણ અનુપાન જુદા જુદા હોય તો જુદી જુદી અસર નીપજ્યા કરે છે; તેમ સદ્‌ભાવના સાથે જે જે બધું પોતાનામાંનું ભળ્યા કરે છે, તેથી કરીને પેલી સદ્‌ભાવનાની અસર કે મહત્ત્વ મોળાં પડતાં જાય છે; માટે જ માનવીએ સતત જીવતું ભાન રાખીને સર્વ પ્રકારથી મુક્ત બન્યા કરવાનું એટલે કે હૃદયનો સદ્‌ભાવ કેળવ્યા કરવાનો છે. જેમ કોઈ વૈજ્ઞાનિકને અમુક જાતનો પ્રયોગ કે શોધ કરવાની હોય તો તે તેમાં જ મશગૂલ રહ્યા કરે છે. તે બીજા કશામાં પ્રવર્તતાં છતાં અંતરસ્થપણે તો તેનું ચિંતન પેલા પ્રયોગના વિચારમાં જ રમ્યા કરે છે; તેમ જીવનમાં મહત્ત્વ ને રસ પેલી જે શોધ કરવાની છે, તેમાં જ તે સહજમેળે—એના ધોરણે—પ્રવર્તાયા કરવામાં રહેતો હોય છે. ને બીજું બધું તો ગૌણપણે થયે જતું હોય છે; તેવી જ રીતે સાધકના જીવન પરત્વેનાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ થઈ જવાં ઘટે છે. વૈજ્ઞાનિક અને સાધકમાં એક ફરક છે. વૈજ્ઞાનિક તો એની આગળ પાછળનું જતું પણ કરી શકે. તે બધું તો એની જીવનભાવનાનિષ્ઠા થવાને કારણે મળેલું છે, એની ભૂમિકારૂપે, તેને તેણે જ્ઞાનપૂર્વક સ્વીકાર ને ઉપયોગ કર્યા કરવાનો છે ને તે બધાં જાણે પોતાની જ જાત હોય એમ સર્વ કંઈ ભગવાનના ભાવની નિષ્ઠા કેળવવા માટે જ મળેલું છે, તે વિના તેને બધાનો રજમાત્ર જેટલો પણ અર્થ નથી.

જેમ સંસારમાં જે બધું છે ને જ્યાં સુધી આપણે જીવતા છીએ, ત્યાં લગી તો તે બધું તેવું સમજવામાં વાર લાગતી નથી, તેમજ જે બધું છે તે ભગવાનના ભાવ નિમિત્તે જ છે એમ સમજ્યા તો તે બધું સમજાય છે, પરંતુ એવું વર્તતાં ભાવયોગયુક્ત વર્તાતું નથી, કારણ તેવું તેવું વર્તતી પળે તેવી તેવી જ્ઞાનભાવનાયુક્ત ચેતના જાગૃતિની સ્મૃતિ રાખી, જાળવી કે જીવતી કરી શકતો હોતો નથી. એ તેવું તે કરતો બની જાય તો અઘરું નથી. તો તે કેમ થતું નથી એમ પ્રશ્ન ઉદ્‌ભવે. એક તો તેવો રસ નથી જાગ્યો, બીજું તેની તમન્ના તે બાબતમાં પ્રકટી નથી; કિન્તુ એથી માનવીએ લાચારી ભોગવવાની જરૂર નથી. શ્રીભગવાનની સ્મરણ-ભાવના ને ધારણા સામે પ્રત્યેક થતાં કર્મમાં જે જીવ તેવાં તેવાં સાધનોથી સતત એકધારું હૃદયથી મચી રહેવાનું કરશે ને પોતાને મળતી સર્વ પ્રવૃત્તિ ને પરિસ્થિતિમાં એકમાત્ર હૃદયસ્થ ભાવને કેળવ્યા કરવાની, તેમજ તે જીવતા આદર્શને ચેતનારૂપ મૂર્તિમંત કર્યા કરવાની ધારણા, તે સેવતો જશે તો તે જીવાત્મા તેવો થવાનો જ તે નિર્વિવાદ વાત છે. એવી સદ્‌ભાવના કેળવતાં કેળવતાં સર્વ કંઈ ગુમાવવું પડે છે, એવા ગુમાવવામાં એનો એક એક કરીને ભાર હળવો થાય તેમ તે હકીકતપણે અનુભવતો હોય છે. એવા ગુમાવવા પાછળ તો જીવનનું સાચું રળતર રહેલું છે. વેપાર-ધંધામાં કંઈક ગુમાવતાં જરાતરા પણ માનવી ભાર લાગ્યા વિના રહેતો નથી; કિન્તુ આમાં તેવું નથી એ તેની ખૂબી છે. સાધનાના માર્ગમાં જીવનું જે તે કંઈ બીજી તરફનું ગુમાવવાપણું જો બનતાં અકળામણ, ભાર કે એવું લાગે તો તે જીવની યોગ્ય તૈયારી થયેલી નથી એમ જાણવું. જે જીવન ગુમાવવાની જ્ઞાનયુક્ત તૈયારીઓ સેવે છે, તેવો જીવ કશુંક મેળવી શકે છે અને ખરી રીતે તો એણે કશું જ ગુમાવવાનું હોતું નથી. માનવીને તેવી ખાલી ખાલી બીક રહ્યા કરે છે. તે તો તેવામાં મેળવવાની ક્રિયામાંથી જ પસાર થતો હોય છે; કિન્તુ માનવીનું મન ગુમાવવાના લક્ષ પર રહ્યા કરે છે. જે પળે સર્વ પ્રવૃત્તિમાં એકમાત્ર મેળવવાની ધૂન જેને લાગ્યા કરતી રહેશે, તે વેળા એને ગુમાવ્યા જવાય છે એવું ભાન પણ રહેવાનું નથી. એક વૈજ્ઞાનિક પોતાની શોધને

માટે કરોડો રૂપિયા ગુમાવતો હોય છે, એટલું જ નહિ પણ પોતાનું સર્વસ્વ હોમી દેવા છતાં તે કદીક પૂરી એને શોધી શકતો પણ નથી; છતાં અંતકાળ લગી એને અડગપણે એકધારું, નિશ્ચિતપણે, કશીયે સગવડ વિના, હાલમ-ડોલમ થયા વિના, એના પોતાના પ્રયોગના ચિંત્વનમાં જ વળગી રહેવાનું કર્યા કરે છે. એમાં જ એના જીવનની ફત્તેહ રહેલી છે. આપણે ભલે આંધળા હોઈશું, પણ ભગવાનના ભાવની આંગળી પકડી રાખીને તેને છોડ્યા વિના, એકધારું ચાલ્યા કરવાનું રાખીશું તો નિશ્ચિત ધામે પહોંચવાના જ છીએ.★

('જીવનપ્રેરણા', આ. ૩, પૃ. ૨૧ થી ૨૫)

૮. ભાવના

આપણામાં રહેલી સ્મરણશક્તિ પણ ભગવાનની એક કૃપાપ્રસાદી છે. જોકે માનવીએ એને મળેલી બીજી ચેતનશક્તિની માફક કેટલીક વાર એ ભગવતીશક્તિનો પણ દુરુપયોગ કર્યો છે અને વેર-ઝેર ઉત્પન્ન કર્યાં છે ને ચાલુ રાખ્યાં છે, તેમ છતાં એ સ્મરણશક્તિ દ્વારા માનવીએ અમૃતના ઘૂંટડા પણ પીધા છે.

એ શક્તિના બે વિભાગ પાડી શકાય : એ શક્તિથી ભૂતકાળને વર્તમાનમાં જાગૃત કરી શકાય છે. માનવીની જે કંઈ ભૌતિક કે આધ્યાત્મિક પ્રગતિ સધાઈ છે, એમાં એ સ્મરણશક્તિનો પણ હિસ્સો છે. વળી, સ્મરણશક્તિ કલ્પનાને પણ ઉત્તેજિત કરે છે. એથી ભવિષ્યને વર્તમાનમાં જીવંત પણ કરી શકાય છે. આવો ભવિષ્યકાળ જ્યારે વર્તમાનમાં આપણે ઊભો કરીએ છીએ, ત્યારે કાંતો એનાં મધુર સ્વપ્નમાં આપણને જાણે ગલગલિયાં ન થતાં હોય એવો, મોહભર્યો સુખદ અનુભવ થાય છે, અથવા બીજી રીતે આપણા આદર્શને નજીક આણવાને માટે તે આપણામાં તમન્ના પણ પેદા કરે છે. **દરેક શક્તિનો ઉપયોગ પોતાના જ વિકાસમાં કરી લેવાની જીવંત કળા પ્રત્યેક સાધકને હસ્તગત હોવી જોઈએ.** આપણી

★'ભાવ' ને સમજાવતી એક નાનકડી પુસ્તિકા પણ પૂ. શ્રીમોટાએ રચી છે.

સ્મરણશક્તિ જ્યારે જ્યારે ભૂતકાળનાં સ્મરણોને આપણી આગળ જીવંત ઊભાં કરે છે, ત્યારે ત્યારે તેમાં ભળી ન જતાં તટસ્થ રહીને તેમાંથી જે બોધપાઠ શીખવાનો મળતો હોય છે, તે લઈ લઈને આપણી વૃત્તિને રચનાત્મક રીતે આપણે વળાંક આપવો પડશે. જે સંસ્મરણો પાછળ લાગણી ને કૈંક ભાવના રહેલી છે, એવાં સંસ્મરણોમાં આપણો જીવ ભરાઈ જવાનો સોળે સોળ આના સંભવ રહે છે. પણ સાધકે તો એમાં જરીકે જીવ ચોંટાડવાનો નથી; ને તે એવી રીતે અલગ કરવો ને રાખવો કે તે રીતમાં આપણી ઉદાસીનતા ભલે કારણરૂપ હોય, પણ તે ઉદાસીનતામાં એની અવમાનના ન હોવી ઘટે. ક્યાંયે કશા પ્રત્યે આપણને લોલુપતા કે અનુરાગ ન હોવાં જોઈએ; તો જ એ સંસ્મરણો આપણને મદદકર્તા થઈ પડશે. સ્મૃતિ એ કેવડી મોટી જબરજસ્ત શક્તિ છે કે જે થોડા કાળ માટેના સંબંધને અથવા સંસ્મરણને ખરેખર જાણે કે તે આપણી આંખ સામે જીવતાં હોય તેવાં તાદૃશ્ય ખડાં કરે છે. સ્મૃતિમાં જો એટલી શક્તિ છે તો લાગણી અને ભાવના એનાથીય વધારે સૂક્ષ્મ છે. એની શક્તિ તો એના કરતાં ક્યાંય ચઢી જાય. એ બુદ્ધિથી તો આપણને સમજાય એવું છે. જો એ લાગણી અને ભાવનાનો સતત વિકાસ કર્યાં કરવાનું રાખીએ તો આપણે માટે શું અશક્ય છે? **અગમ્ય અને અકલ્પ્ય એવી આપણી હૃદયની ભૂમિકાની અંદર અવતરણ કરાવનાર સાધન લાગણી ને ભાવના જ છે.** એનાં પણ સ્થૂળ, સ્થૂળ અને સૂક્ષ્મ વચ્ચેનું અને સૂક્ષ્મ એવાં રૂપ હોય છે. આપણે ભલે એના પૃથક્કરણમાં ના પડીએ, પરંતુ આપણામાં એ વધતાં જાય છે કે ઘટતાં એની આપણને સમજણ પડવી જોઈશે. આપણે એક સાદો દાખલો લો. આપણે જો શાક સમારવું હોય તો ચપ્પુ કે છરી તો જોઈશે જ. પરંતુ એની ધાર બરાબર તીક્ષ્ણ નહિ હોય તો તે સમારતાં મુશ્કેલી પડશે અને તેમ કરતાં આપણામાં આનંદ-ઊર્મિ નહિ રહે, પૂરેપૂરી સફળતા પણ નહિ થાય, ને તેટલે અંશે પ્રસન્નચિત્ત પણ નહિ રહેવાય. જેમ આપણામાં લાગણી ને ભાવના સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમ થાય છે, તેમ તેમ આપણે જો જોઈશું તો આપણી સમજણ ને અનુગમની દૃષ્ટિ વધારે ને વધારે સ્પષ્ટ થતાં જશે અને તે મર્મવેધક પણ નીવડશે જ. એટલે આપણે

આમ સાધનામાં સર્વ ભાવે અર્પણ કરવાને મથ્યા કરીને ભલે એના પરિણામ ઉપર દૃષ્ટિ ન રાખીએ, તો પણ ભગવાનમાં આપણી ચિત્તવૃત્તિ કેવી રહે છે તથા સર્વ પ્રકારની ઊથલપાથલની વૃત્તિની દશામાં આપણાં શ્રદ્ધા ને વિશ્વાસ, શરણાગતિ, તમન્ના અને જિજ્ઞાસા આગળ લઈ જનારાં નીવડ્યાં છે કે નહિ, તે તો આપણને સ્પષ્ટ દેખાવું જ જોઈએ. તો જ આપણાથી એમ કહી શકાશે કે આપણે સાચી રીતે પંથમાં ખૂંપતા જઈએ છીએ. એને છેક નકાર્યે સાધકને ચાલવાનું નથી. જેમ જેમ સૂક્ષ્મતમ ક્ષેત્રમાં જવાશે તેમ તેમ દૈવાસુર યુદ્ધ પણ સૂક્ષ્મતમ રીતે આપણામાં ખેલાતું દેખાશે; તે વખતે આપણને આપણી સમજણ પડવી જોઈશે.

આમ લાગણી અને ભાવના જોકે જીવનવિકાસની સીડી ચડવાનાં પગથિયાં છે ખરાં, તો પણ તે આડખીલી રૂપ થઈ શકે છે, કેમકે તે જ સાધન મનનાં પણ છે. સાધનામાં જેમ જેમ આગળ વધાય છે તેમ તેમ મનનું આપણા ઉપરનું સામ્રાજ્ય જોખમાય છે, એટલે પોતાનો આપણા ઉપરનો કબજો ચાલુ રાખવાને મન આ લાગણી અને ભાવનાના સાધનનો પણ ઉપયોગ કરે છે. મનને અથવા તો ચિત્તના સંસ્કારોને અનેક જીવન સુધી જે વળાંકમાં પટ વાળવામાં આવેલા છે, તે રીતે જ વહેવાનું તેમને ગમે છે. આવા સંસ્કારોની પકડ જો એમાં લાગણી ભળેલી હોય તો વળી વધારે જોરદાર થાય છે. એટલે આપણે તો આ બધી અસરોમાંથી મુક્ત થવાનાં અઘરા કામ માટે **શ્રીભગવાનની કૃપાનું સતત અવતરણ થતું રહે એ માટે યાચ્યા કરવાનું છે.** આલંબન મુખ્ય છે પણ ખરું અને નથી પણ ખરું. આલંબનથી ભાવનાનો વિકાસ થતો હોય તો ભાવના વિકાસ ઉપર જ લક્ષ રાખીને આલંબનનો ઉપયોગ કર્યા કરવો ને ત્યારે આલંબનને મુખ્ય ન ગણવું. નહિતર તો આલંબનની ઘેલછામાં પડી જવાનો સંભવ રહે છે. ઘેલછા એ મૂર્છાવસ્થાનું પરિણામ છે, ને મૂર્છાવસ્થામાંથી આપણે સહેલાઈથી જાગ્રત થઈ શકતા નથી. એટલે આલંબનને શુદ્ધ રીતે અને તેના યોગ્ય ઉપયોગ માટે જ આધારમાં લીધા કરીએ તો આપણો ઉદય થવાનો છે.

('જીવનસંદેશ', આ. ૨,પૃ. ૨૪૩ થી ૨૪૬)

૯. ગુણ

» ખંત :

જેને ખંત નથી એટલે કે અમુક લક્ષ સિદ્ધ કરવા માટે તેની પાછળ ને પાછળ મંડ્યા રહેવાની ટેવ નથી તેવાને કશી પણ પ્રાપ્તિ થવી દુર્લભ છે. ખંત ન હોય તો એનો અર્થ જ એ કે એનામાં ઉત્સાહ નહિ હોય, ઉમંગ નહિ હોય. આળસુની જેમ, એદીની માફક એ પોતાનું જીવન જેમ તેમ કરીને વિતાવ્યે જતો હશે.

માણસે અમુક કામ પાર પાડવાનું ભલેને મનમાં વિચાર્યું હોય, અને તેની યોગ્યતા તથા અનિવાર્યતા ભલેને એને બુદ્ધિથી સમજાઈ હોય તોપણ તે હેતુને સતત ખ્યાલમાં રાખીને એના ધ્યેયની પ્રગતિ માટે મરી ફીટવાની તમન્ના તો એની ખંતની ભાવનામાંથી જ જન્મશે. ખંતથી જે ચીવટાઈ, એટલે કે કાળજી અને ધારેલું કામ કોઈ પણ વિઘ્ન છતાં ન છોડી દેવાની અડગતા આવે છે, તેથી આપણને ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ હૂંફ રહે છે અને આપણા સાધ્યથી આપણે વિખૂટા–અળગા પડી જતા નથી. ખંતના ગુણની વૃત્તિ એની પરાકાષ્ટાએ જો આપણે કેળવી શકીએ તો ગમે તેવું ભારે કર્તવ્ય ભલેને હોય પણ તે સિદ્ધ થયા વિના રહેશે જ નહિ. આપણને ત્યારે એટલું બળ મળ્યું હશે કે આપણા વિચારમાં પણ મક્કમતા આવી જશે—અગવડ નહિ રહે અને વિચાર કાર્યમાં આકાર લેતો થઈ શકશે. ખંતીલા માનવી માટે શું અશક્ય છે! ખંતથી આપણામાં ઉત્સાહ, ઉલ્લાસ, જોમ, હિંમત, સાહસની વૃત્તિ વગેરે અનેક ગુણોનો વિકાસ થાય છે. ખંતીલાપણાથી—કશાક એક જ પાછળ મંડ્યા રહેવાની વૃત્તિથી—આપણને તે વસ્તુ પ્રાપ્ત કરી લેવા માટેની દૃષ્ટિ પ્રત્યેક ડગલે મળતી જાય છે. એમાં આવતી કે પડતી ગૂંચોને ઉકેલવાની સમજ પણ સાથે સાથે ખંતમાંથી આવતી જાય છે.

ખંતનો મુગટ વિશ્વાસ છે, એનું હૃદય શ્રદ્ધા છે, એના હાથપગ ચીવટાઈ છે ને એના પ્રાણ એ એની તમન્ના છે. ખંત વિના તમન્ના ટકતી નથી. એમાં જોશ નથી આવતું. ખંતની પાંખ સતત ચિંત્વન છે અને

ખંતનો આત્મા ધીરજ છે. ખંતવાળો માણસ એક જ પગથિયું સર કરવાનો વિચાર રાખે છે. ને તે શક્તિનો ઉપયોગ તે બીજું પગથિયું—જે ત્યારે દૃષ્ટિ સમક્ષ આવી પડેલું હોય છે—તે મેળવવામાં કરે છે. ખંત વિનાનો પુરુષાર્થ એ પુરુષાર્થ નથી. એમાં પ્રાણ જ ન હોઈ શકે. ખંતથી સર્વ કંઈ શક્ય છે. **('જીવનપ્રેરણા', આ. ૩, પૃ. ૧૦ થી ૧૩)**

» સહિષ્ણુતા :

બીજાના ભોગે આપણો કક્કો ખરો કરવાનો પ્રયત્ન આપણે છોડી દેવો જોઈશે. સામાવાળાને નકામો અથવા મૂર્ખ ગણીને એનો મનમાં તિરસ્કાર કરવાનો નથી; પરંતુ એના દૃષ્ટિબિંદુને ભાવપૂર્વક સમજવાનો પ્રયત્ન આપણે કરવો ઘટે. આપણા પ્રાણપ્રિય આદર્શોને કે આદર્શ વ્યક્તિનો કે તેના વિચારોનો કોઈ વિરોધ કરે એ હસતે મોઢે જોઈ રહેવું એ મુશ્કેલ છે, પણ એમાં જ આધ્યાત્મિક જીવન જીવતા મનુષ્યનું બીજાઓ કરતાં ચઢિયાતાપણું રહેલું છે. 'શું હોવું જોઈએ ને શું છે' એ બે વચ્ચેની વિસંગતિ સામે એ બળવો જગાડતો નથી. તે તો જીવનનો સ્વીકાર કરે છે. એનો અર્થ એવો નથી થતો કે તે વસ્તુસ્થિતિને તાબે થઈ જાય છે. તે કશાને અસહાય થઈને તાબે થઈ જતો હોતો નથી; પણ જે તે પરિસ્થિતિનો યોગ્ય પરિપાક થવા દે છે. તેમ છતાં પાછો તે જેઓ વસ્તુસ્થિતિનો અસ્વીકાર કરે છે, તેમનો પણ હસતે મોઢે સ્વીકાર કરે છે. જેઓ એક જીવનમાર્ગ વિરુદ્ધ બીજો જીવનમાર્ગ ખડો કરે છે તેમનાં જેવાં ક્ષોભ કે નિરાશા તેને હોતાં નથી. એટલે એ કશા પ્રત્યે—પરિસ્થિતિ કે વ્યક્તિ—પ્રત્યે અસહિષ્ણુ હોતો નથી. તે તો સામાને પોતાના જેટલો જ પ્રામાણિક અને નિઃસ્વાર્થ માને છે. જે ધર્મ અમુક એક જણ પ્રત્યે પક્ષપાત કરનાર ઈશ્વરને માનતો નથી અથવા જે ધર્મ કોઈ કિન્નાખોર સંહારક દેવને માનતો નથી, તે ધર્મ તો આપણી પાસે એવી અપેક્ષા રાખે છે કે કોઈ આપણો વિરોધ કરે, ત્યારે આપણે ધીરજ ન ખોઈ બેસીએ, અને જેમની સાથે આપણને વિરોધ થાય તેમના પ્રત્યે પણ આપણે નમ્રતાથી ને આધ્યાત્મિક વૃત્તિથી વર્તીએ; આપણો એ

સ્વભાવ જ પડી ગયો છે, કે જે કોઈ આપણા મતને ના માનતો હોય, એને આપણે વિરોધી કે જુદો માની લઈએ છીએ અને જે કોઈ આપણા જેવી માન્યતાઓ ન ધરાવતો હોય એને કદાચ મૂર્ખ કે એવો બીજો ગણી કાઢીએ છીએ, અથવા એવો અન્યથાભાવ રાખવા લલચાઈએ છીએ. સામા માણસની દૃષ્ટિ સમજવાથી આપણે એને સમજી શકીએ છીએ. એટલું જ નહિ પણ આપણે એનો 'સમજ-આધાર' આંકી શકીએ છીએ. ગમે તેવા દુષ્ટમાં દુષ્ટ માનવીમાં પણ સારો અંશ રહેલો છે. તે સદ્‌અંશનું દર્શન આપણને આમ કરવાથી થઈ શકે છે.

આજના દેશદેશાંતરના વિદ્વેષોનું કે આપણા દેશની વ્યક્તિઓ કે પક્ષો વચ્ચેના ભેદોનું પૃથક્કરણ કરીશું તો તેમાં પણ આ 'ઊંડા ઘા ને ઊંડા વેરનું' સત્ય જણાઈ આવશે. ઘવાયેલો માનવી પછી જોઈ શકતો નથી કે 'ઘા કરનાર કોઈક છે અને હવે હું જેને ઘા કરું છું તે વળી બીજું જ છે'. પણ એથી કંઈ એનામાં બીજા પ્રકારના ઉદાત્ત તત્ત્વનો નાશ થતો હોતો નથી. બીજી દૃષ્ટિએ એનામાં પણ સ્વાર્થત્યાગ, નીડરતા વગેરે ગુણોનું દર્શન આપણને એના જીવનમાં થઈ શકે છે. આપણે જેને સમજવાને તસ્દી લીધી નથી; એમના કરતાં આપણે ઉચ્ચ છીએ એવા મિથ્યાભિમાનથી ફુલાઈ જવાની વૃત્તિ ઉપર આપણે અંકુશ મૂકવો જોઈએ.

ઈશ્વરની દુનિયામાં નિર્ભેળ અનિષ્ટ જેવી વસ્તુ જ નથી. જ્યારે આપણને સામાન્ય રીતે અનિષ્ટ ગણાતી વસ્તુનો જો સામનો કરવાનો આવે, ત્યારે તેમાં કશુંક તો સારું છે એમ સમજીને તેનો સામનો જ ના કરવો, એ જેમ એક પ્રકારની ભ્રમણા કે અયોગ્યતા છે, તેમ તેનો સામનો કરવામાં તાટસ્થ્ય ગુમાવી કડવાશ ધારણ કરવી એ પણ ભ્રમણાનો બીજો પ્રકાર છે. એવે પ્રસંગે આપણે સ્વીકાર અને સમજણપૂર્વકની, જ્ઞાનપૂર્વકની, હૃદયના ઉદાત્ત ભાવયુક્ત સાહસની વૃત્તિ ધારણ કરવી ઘટે છે. સંપૂર્ણ સમભાવ અને પ્રેમજન્ય સમજણથી આપણે જગતનાં અનિષ્ટોનો સ્વીકાર કરવો જોઈએ. એ કંઈ કોઈના ઉપર આભાર ચઢાવી ઉદારતા બતાવવાનો કે કોઈને ક્ષમા કરવાનો પ્રશ્ન નથી; પણ બંનેથી અત્યંત ઉચ્ચતર એવી દૈવી ભાવનાનો પ્રશ્ન છે. એવી દિવ્ય ચેતનાશક્તિ

તો માણસને જેવો હોય તેવો ને તેવો જ સ્વીકારી લે છે. સામાના વર્તન કે વલણ ઉપરથી પોતામાં ફેરફાર થતો નથી. આ દિવ્ય ચેતનાશક્તિ પ્રેમશક્તિથી જ દુષ્ટમાં દુષ્ટ લૂંટારાને અથવા છેક જ મામૂલી ગણાતા સાધારણ માનવીને તેઓ સંત બનાવી શક્યા છે, તેના અનેક દાખલા ઇતિહાસ-પ્રસિદ્ધ છે. **('જીવનસંદેશ', આ. ૨, પૃ. ૨૬૬ થી ૨૬૯)**

» ઉદારતા :

જેમ પ્રભુને અને માનવીને જોડનાર સૂક્ષ્મ દોરી પ્રભુકૃપા છે, તેમ માનવી-માનવીને સાંકળનાર એટલી જ ને એવી સૂક્ષ્મ દોરી ઉદાર માનસ છે.

પ્રેમ દુન્યવી જીવનમાં ઉદાર માનસના સ્વરૂપમાં અવતરે છે. ઉદાર માનસવાળામાં પ્રેમ ન હોય એ અશક્ય છે. આમ પ્રેમ અને ઉદાર માનસ પરસ્પર અવલંબિત છે. પ્રેમ-સ્વરૂપ થઈ જવા માટે કશાની પણ અનિવાર્ય આવશ્યકતા હો તો તે હાર્દિક અને માનસિક ઉદારતાની ને પ્રેમપાત્રનું સર્વ કંઈ સહી લેવાની તત્પરતાની. જેમ જેમ આ સહનશક્તિ વધતી જાય છે, એની અનિવાર્યતાની સમજણ પડતી જાય છે, તેમ તેમ આપણાં જ્ઞાનચક્ષુ ખુલ્લાં થતાં જાય છે. એ નવી નવી સૃષ્ટિઓ નવાં નવાં ભવ્ય દૃશ્યો આપણે તે નજર આગળ ખુલ્લાં થતાં જાય છે, અને આપણે એક નવો જ જન્મ ધારણ કર્યો હોય, તાત્ત્વિક અર્થમાં દ્વિજ બન્યા હોઈએ એવો અનુભવ આપણને થાય છે. આમ માનસિક ઉદારતા અને સહિષ્ણુતાનો અભ્યાસ આપણા સમસ્ત સૂક્ષ્મ શરીરમાં નવજીવનનો સંચાર કરે છે અને આપણા જડત્વને હઠાવવા માંડે છે. આપણામાં જે જે જાતની સંકુચિત મનોદશા રહેતી હોય, સ્વાર્થવૃત્તિ રહી હોય, 'મમત્વ' રહ્યાં કરતું હોય, તે બધાંને તે આપણાં મનઃપ્રદેશમાંથી હાંકી કાઢવા માંડે છે અને આપણા જીવનને સાર્થક તથા આનંદમય કરે છે. આપણે સહિષ્ણુતા દ્વારા આનંદ, શાંતિ ને સુખ પ્રસારાવનાર હિમરશ્મિ (ચંદ્ર) બની જઈએ છીએ તેટલે અંશે આપણે ભગવાનના યંત્ર બનીને તેના દિવ્ય હેતુના સાધન બનીએ છીએ.

જીવનના કોઈપણ ક્ષેત્રમાં માનવી-માનવી વચ્ચે સહકાર અને સંમિલન વગર કોઈને ચાલી શકતું નથી. હાર્દિક ઉદારતા વગર આ સહકાર અને સંમિલન અશક્ય છે. પતિ-પત્ની વચ્ચે સ્વભાવના, દૃષ્ટિકોણના, બુદ્ધિના કે એવા ગમે તે જાતના વિભાજક ભેદો હોય તોપણ જો બેમાંથી એકમાં પણ આવો હાર્દિક ઉદારતાનો ગુણ કેળવાયો હશે તો તેઓ એકબીજામાં ભળી જ જાય છે અને પૃથ્વી ઉપર સ્વર્ગ ઉતારી શકે છે. દુનિયા આપણી જ રાહે ચાલે, આપણા જ વિચારોને અનુસરે, આપણાં જ મૂલ્યાંકનો સ્વીકારે, આપણી જ રહેણીકરણીને અપનાવે અને આપણી જ લાગણીને માન આપે એવી એવી આશાઓ સેવ્યા કરવાથી આપણે જ દુઃખી થઈએ છીએ. અને આપણે મૃગજળની પાછળ દોડતા હતા એવો કડવો અનુભવ છેવટે આપણને થયા વિના રહેતો નથી. દુનિયા તો શું પણ આપણાં સ્વજનો પાસેથી પણ એવી આશા રાખવી વ્યર્થ છે. અને તેથી જ આપણે કેવળ પોતાના ભલા સારુ પણ ઉદાર-માનસ રાખવાની જરૂર છે.

હાર્દિક ઉદારતા એટલે જીવમાત્ર પ્રત્યે મૈત્રીભાવ. એનાથી જ આપણે વિશ્વબંધુત્વના સર્વોચ્ચ શિખરે પહોંચી શકીશું અને 'સર્વ'ને 'સ્વ' તરીકે ઓળખતા તથા અનુભવતા થઈ શકીશું. આપણામાં જો ઉદારભાવ કે સૌજન્ય હોય તો આપણને સ્પર્શતા સર્વ જીવન-પ્રવાહોને આપણે પ્રભુ-સાગર તરફ વહેતી આપણી જીવનસરણીમાં વાળી શકીએ છીએ અને તેમ કરીને આપણી આધ્યાત્મિક ઉત્ક્રાંતિમાં વેગ આણી શકીએ છીએ.

અન્યના સ્વભાવને, વાણીને, જીવનદૃષ્ટિને, માનસને, લાગણીને, વૃત્તિને, જીવન-વ્યાપારને, ટૂંકમાં અન્યના સમગ્ર વ્યક્તિત્વને સન્માન આપવું એનું નામ જ હૃદયસૌજન્ય અથવા માનસિક ઉદારતા. પણ એનો અર્થ એમ નથી કે તેમ કરવા જતાં—યોગ્ય રીતે કરવા જતાં—આપણે બીજાંઓના દોષો પણ અપનાવી લઈએ છીએ. અનિષ્ટ પ્રત્યે ઉદાર માનસ એટલે એની ઉપેક્ષા. પણ જો બીજાઓ આપણા પોતાના ક્ષેત્ર પર હુમલો કરે, આપણા જીવનવિકાસની આડે આવીને ઊભા રહે તો એમને નમી પડવું, ઘેટાં જેવાં થઈ જઈને એમનાં આક્રમણોથી એમનો

તેજોવધ થવા દેવો કે પરાસ્ત થઈ જવું એ કાંઈ ઉદાર માનસનું લક્ષણ નથી. તેવે વખતે તો આત્મશ્રદ્ધાપૂર્ણ, શાંત અને સબળ વિરોધ કરવો અને આપણને સફળતા મળે એટલી દૃઢતાથી ને એટલા પ્રમાણમાં વિરોધ કરવો એ જ ઉદાર-ભાવનું લક્ષણ છે. પણ તે જ સાથે હરકોઈ પ્રત્યે આપણું અનિષ્ટ કરનાર કે કરવા ઈચ્છનાર પ્રત્યે પણ તિરસ્કારની વૃત્તિ તો ઉદાર-ભાવનો લોપ જ બતાવે છે.

ઉદારભાવ એટલે જ સ્વાર્થી સુખની ભાવનાનો ત્યાગ. કશાનાયે પરિગ્રહથી ઉદારભાવથી ઉદ્‌ભવતો આનંદ મળી શકતો નથી.

('જીવનસંદેશ', આ. ૨, પૃ. ૧૩૨ થી ૧૩૮)

» નમ્રતા :

જે ગરીબ બકરીથીયે વધારે ગરીબ છે, પણ જેના અંતરમાં સિંહના જેટલી શક્તિ ભરેલી છે, તે સાચા અર્થમાં નમ્ર છે. **નમ્રતા બુદ્ધિપૂર્વક કેળવી શકાતી નથી. એ તો આપમેળે જ હૃદયમાંથી ઊગી નીકળે છે.** તેના પ્રાકટ્યને અનુકૂળ ભાવનાઓના પરિશીલનથી આપણે નમ્ર બની શકીએ.

જીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં હંમેશાં અંતર્ગતપણે વહી રહેલી 'હુંપણા'ની વૃત્તિ હોય છે. સંસારના વિધવિધ અનુભવોથી જ્યારે અંતરમાં એમ સમજાય છે કે જે જે કંઈ બને છે કે બની રહ્યું હોય છે, તે આપણી નહિ પણ ઈશ્વરની ઈચ્છાને આધીન છે, ત્યારે સંસાર પ્રતિનું 'હુંપણું' મોળું પડે છે. જગત પ્રત્યે ઊંડી ઉદાસીનતા અને વૈરાગ્યની ભાવના પ્રકટે છે.

શૂન્યતા એ નમ્રતાનું માપ છે. શૂન્યતા એટલે અહંતાનો સર્વાંશે લય. જેને લેશ પણ અહંતા કે અભિમાન નથી રહ્યું તેને જ નમ્રતા વરે છે.

પરંતુ આવું થતાં પહેલાં પોતે વિચારી વિચારીને, સમજી સમજીને, વારેવારે, ટકોરી ટકોરીને, પોતાની જાતને સંકેલી સંકેલીને અને સંકોરી સંકોરીને નમ્રતાનો ભાવ કેળવવો પડશે. એ ભાવ કેળવ્યા વિના

સાધનાના માર્ગમાં એક ડગલું પણ આગળ તે ચાલી શકવાનો નથી. જેનામાં સાચી નમ્રતાનો ગુણ છે અથવા એવા થવાની હૃદયની જેની ઝંખના છે, તેવા જીવને તો જીવનપથમાં વચ્ચે મળતાં વિઘ્નો વટાવવાની હિંમત, સાહસ, ખંત અને ઉદ્યોગની ભાવના સહજ મેળે જન્મીને તેને વેગ આપ્યાં કરે છે અને એવા પ્રકાશથી દોરાઈને જ સાધુહૃદય પંથ કાપ્યે જાય છે. નમ્રતા વિનાની કોઈ પણ જાતની સાધના અંધકારમય છે, ને અજ્ઞાનમય છે.

નમ્રતાનો ગુણ કેળવવા માટે સાધકે પોતાના સ્વભાવના અંતરમાં અનેક વાર જ્ઞાનપૂર્વક ઊતરવું પડશે. ત્યાં એના સ્વભાવના હૃદયમાં અનેક પ્રકારની અહંતાઓ ભરાઈ પડેલી છે. એ અહંતાનાં સ્વરૂપો સ્થૂળથી માંડી સૂક્ષ્મ સુધીના જુદાં જુદાં પ્રકારનાં હોય છે. અહંતા પોતે જ કદી તો નમ્રતાનું રૂપ ધારણ કરીને પોતાનો વેશપલટો છુપાવી રાખે છે. એની ચાલબાજીની કોને સમજણ પડે? પરંતુ જેને સાધનાના એકધારા પ્રયત્નમાં જ મંડ્યા રહેવાનું સૂઝી ગયું છે, તેવો જીવ તેમાંથી ઊગરી ગયા વિના રહેતો નથી.

બધી ઇન્દ્રિયો ને મન તથા પ્રાણ સમગ્રપણે જ્યારે મૌન સેવે છે, ત્યારે જ નમ્રતાનો સાત્ત્વિક ગુણ જીવનમાં સાકાર થાય છે. જીવનવિકાસને યોગ્ય એવી નમ્રતાના સહજ, સતત પરિશીલનથી જીવન આપોઆપ સાધનામય બની જાય છે, તે એમ થતાં કોઈ પરમ ગૂઢ અંતરશક્તિના પ્રદેશમાં મન પ્રવેશી ત્યાં પ્રશાંત થાય છે.

('જીવનસંદેશ', આ. ૨, પૃ. ૨૬૩ થી ૨૬૫)

» તમસ-રજસ-સત્ત્વ :

તમસ ગતિ કરતું જણાય પણ હોય ઠેરનું ઠેર. પરિમિતપણું, સ્થિતિ-સ્થાપકપણું ને નિષ્ક્રિયપણું એ એનાં લક્ષણ છે. એટલે આપણે જો વિશેષ અર્થમાં ગતિ કરવી હોય તો રજસ ગુણને ધક્કેલવો પડશે. પ્રત્યેક વસ્તુમાં આ ગુણ પણ રહેલો છે. આમ પ્રકૃતિમાં ફેરફાર થવાનાં કારણોમાં પદાર્થનો ગતિશીલતાનો—રજસનો—ગુણ છે, પરંતુ જો આ ગુણો જ માત્ર

પ્રત્યેકમાં હોત તો વસ્તુમાત્રમાં જે પ્રકાર-ભેદ છે તે ન હોત. જડ અને ચેતન, અથવા પશુ અને માનવી—એવા ભેદો ન પડત. સ્થિતિસ્થાપકતા (તમસ) અને ગતિશીલતા (રજસ)ના ગુણધર્મોના પરિણામને લીધે જે ગોઠવણી થયા કરે છે તે પણ પદાર્થનો ગુણ જ છે અને તેને પદાર્થનો સત્ત્વગુણ ગણાય. પ્રત્યેક ચીજ પોતપોતાની સ્થિતિમાંથી સહજમેળે નીકળવાના સતત પ્રયત્ન કર્યા જ કરતી હોય છે.

આમ જો આપણે આપણા જીવનધ્યેયો સાકાર કરવાને કાજે જીવતો ખ્યાલ સેવીને રજસના ગતિશીલતાભર્યા ક્રિયાધર્મને આપણા પ્રત્યેક કર્મ, વ્યવહાર, વર્તન-સંબંધ આદિનો આદિમાં એને ધ્યેયાકાર વૃત્તિમાં સ્થિર કરવાને જાગૃતિવાળા રહ્યા કરતા હોઈએ તો ઘણો ફેર પડ્યા કરે. પરિમિતતામાંથી (તમસમાંથી) જીવનધ્યેયાકારની વૃત્તિ ગતિશીલક્રિયા ધર્મમાં (રજસમાં) જીવંતપણે બન્યા કરે ત્યારે આપણને આધ્યાત્મિક અનુભવો થવાના અને તેમાં યોગ્ય વ્યવસ્થિતિ (સત્ત્વ) પ્રકટે. જ્ઞાન-પૂર્વકની ચેતનાની વ્યવસ્થિતિ તે સત્ત્વનું લક્ષણ છે. તેમાં સમતા છે, એકની એક સ્થિતિ છે, પરંતુ ચેતન છે, જડતા નથી.

પ્રત્યેક કર્મ આ ત્રણ ગુણ અંગે થાય છે. આ ત્રણેય ગુણનાં જુદી જુદી રીતનાં સંમિશ્રણથી જુદી જુદી ભૂમિકાવાળી જુદી જુદી દશાઓ જન્મે છે અને તે દશામાંનાં કર્મોનો પ્રકાર પણ ભિન્નભિન્ન બન્યા કરે છે. જ્યારે જ્ઞાનમય ચેતનાભરી જાગ્રતિ સતત પ્રકટે છે, ત્યારે જ સમતાયુક્ત પ્રસન્ન મસ્ત ડોલન પ્રકટે છે, તે સાત્ત્વિક ભાવનાનો પ્રકાર છે અને અંતે તો જીવની શિવપણામાં ગતિ થતાં તમસ સત્‌માં, રજસ 'ચિત્ત'માં અને સત્ત્વ આનંદમાં—સચ્ચિદાનંદમાં પરિવર્તન પામે છે.

('જીવનપ્રેરણા', આ. ૩, પૃ. ૧ થી ૫)

• • •

સાધકે પોતાના જીવનમાં ક્યારે કયો ગુણ કામ કરી રહેલો છે તે સમજવું જોઈએ, ને તે સમજી સમજીને તેને ગુણોની અસરથી ભાવના-બળ પ્રકટાવીને મથવું જોઈએ. એક જ દિનના ગાળામાં ઘડીકમાં તમસ, ઘડીકમાં રજસ અને બહુ જ ઓછો કાળ સત્ત્વગુણ પ્રવર્તેલો હોય છે.

તમોગુણમાં આળસ, જડતા, પ્રમાદ, નિર્બળતા, અશ્રદ્ધા, શિથિલતા, અશક્તિ, અકૌશલ, બસ પડ્યા જ રહેવું, ઉમંગનો અભાવ, બેળે બેળે થવું, શંકા-કુશંકા, નિરાશા, વિષાદ, રોદણાં, મંદતા, અગ્રહણાત્મક સ્થિતિ, સાનમાં સમજી જવાની અશક્તિ, ખાંખત ને ખંતનો અભાવ, અચોક્કસતા, બેપરવા, બેદરકારી, અનિયમિતતા, સાતત્યનો અભાવ, યદ્વાતદ્વાપણું, થાક, મોહ, અજ્ઞાન, આળસ, ઠંડા ને વાસી પદાર્થ-ખાદ્યવૃત્તિ, મંદગતિ, ભૂલકણાપણું, રગશિયાપણું, નિર્બળતા, મંદ સૌંદર્યગ્રહણશક્તિ, મંદરસવૃત્તિ, લાગણીના મર્યાદિત પ્રત્યુત્તર આદિ હોય છે.

રજસમાં વેગ, ગતિ, શક્તિ, કુશળતા, ચપળતા, પરિસ્થિતિને કાબૂમાં લેવાની ઇચ્છા, સક્રિયતા, સબળપણું, હોંશ, પુરુષાર્થ કરવાની ખેવના, આશાવાદ, એક ને એક સ્થિતિમાં રહેવાની અનિચ્છા, ઝઝૂમવાની વૃત્તિ, આગ્રહો, નેતા થવાની વૃત્તિ, અહમ્‌નું જોશ, કીર્તિની ઝંખના, ચોકસાઈ, નિયમિતતા, સાતત્ય, ખંત, શીખવાની આતુરતા, સર્જનશક્તિ, ઉમંગ, ગ્રાહકતા, આવેગ, આવેશ, કામના, આશા, ઇચ્છા, અપેક્ષા, ચંચળતા, સ્ફૂર્તિ, તરવરાટ, આસક્તિ, ધાંધલ, પ્રવૃત્તિ-પ્રિયતા, હરીફાઈ, લોભ, હિંસાખોરી, અભિમાન, તીખું-ખારું ખાદ્યવૃત્તિ, અનુદારતા, બુદ્ધિની હઠીલાઈ આદિ હોય છે.

સત્ત્વમાં સમતા, શાંતિ, આનંદ, પ્રેમ, પ્રસન્નતા, સ્થિરતા, મુલાયમતા, નિરાગ્રહ, સરળતા, સત્યપ્રિયતા, ક્ષમા, કરુણા, નમ્રતા, નિર્દોષતા, અભય, અહિંસા, ઇન્દ્રિયદમન, દાન, શાસ્ત્રાભ્યાસ, ત્યાગ, નિર્લોભતા, અદ્રોહ, અવિચળતા, કોમળતા, ન્યાય, બ્રહ્મચર્ય, પવિત્રતા, ભક્તિ, આરોગ્ય શક્તિપ્રદ ખાદ્યવૃત્તિ, સહિષ્ણુતા, અમાનિત્વ, સર્વભૂતહિતરતપણું, બુદ્ધિશાળી અને સમપ્રમાણ મન, બુદ્ધિ અને સૌંદર્યરસવૃત્તિથી પ્રેરાતી સંકલ્પશક્તિ, આત્મસંયમ, સંસ્કારિકતા, સપ્રમાણતા, મધ્યમમાર્ગપ્રવણતા આદિ હોય છે.

• • •

સત્ત્વગુણ આપણા આધારમાં જીવતો મહત્ત્વપણે પ્રકટ્યા કરેલો હોય છે; તે વેળા શરીર, મતિ, મન, પ્રાણ એ ચારેમાં તે મુખ્ય ભાગ ભજવ્યા કરે છે ને સાત્ત્વિક ગુણો ઊભરાયા કરે છે. સત્ત્વગુણનું બળ જામતાં જામતાં એક એવી દશા પ્રકટતી હોય છે કે તેમાંથી જ્ઞાનદશાનો અભ્યુદય થતો અનુભવી શકાતો હોય છે. સત્ત્વગુણ મહત્ત્વે કરીને જ્ઞાનપ્રધાન હોય છે ખરો; પરંતુ એનો અર્થ એવો નથી કે એમાં ભાવના-ભક્તિ ન જ હોય; કે કર્મયોગ પરત્વેનાં લક્ષણો પણ ન હોય. સાત્ત્વિક ગુણ પ્રકટતાં સાધનાના ભાવનો વિકાસ સહજપણે થયા કરતો હોય છે.

સત્ત્વમાં સાત્ત્વિક ગુણોનું પ્રાકટ્ય સહજ હોવાથી તેનો લાભ પૂરેપૂરો સમય એકાગ્રતાથી સાધનાના કર્મમાં જ વપરાય. એમ જો જાગ્રતિયુક્ત તકેદારી ને સાવચેતી રાખી શકાય તો સાધના કર્મના ફાલની પ્રક્રિયામાં વધુ ને વધુ ઉત્સાહ પ્રકટ્યા કરે. સત્ત્વગુણમાં ઉચ્ચ ક્ષેત્રનો પુરુષાર્થ કરવામાં ઉત્સાહ ને ઉમંગ પ્રવર્તે છે. ઝાઝા કશા વિચારોની ગડમથલો હોતી નથી. સગડગ, સંશય, શંકા, ઘમસાણ, દ્વિધાભાવ, આદિની ગેરહાજરી હોય છે. એટલે સબળ ભૂમિકાનો લાભ જેટલો ઉઠાવાય તેટલું ઉત્તમ છે.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૯૪, 'જીવનસંશોધન' આ. ૨, પૃ. ૨૫૭–૨૫૮)

• • •

સાધનામાં આગળ જવાતાં એક એવી સ્થિતિ પણ પ્રવર્તે છે કે કોઈ કરણમાં સત્ત્વગુણ તો કેટલાંક કરણોમાં રજોગુણ પણ કાર્ય કરતો હોય છે.

રજોગુણમાં અંહપ્રાધાન્યપણું ઘણું રહે છે. તેમાં જે પ્રકારનો અહમ્ છે તે અત્યંત વેગવાળો હોય છે; તેથી એવા સાધકે વધુમાં વધુ ચેતનયુક્ત જાગ્રતિ રાખીને નમ્ર રહેવાને સજાગ રહેવું.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૯૫–૯૬)

દરેક જીવમાં અને પદાર્થમાં ત્રણે ગુણ રહેલા છે. એક કે બે ગુણોવાળું અસ્તિત્વ અશક્ય છે. ત્રણે ગુણોમાં અવારનવાર ચઢઊતર, ઓછા વધતાપણું થયું જતું હોય છે. સત્ત્વ ઉત્તમ, રજસ મધ્યમ અને તમસને કનિષ્ઠ કહેવાયો છે. તમસ ને રજસને સત્ત્વમાં, તથા રજસને

સત્ત્વમાં પરિમણાવી શકાય છે; આખરે સાધકે તો ત્રણેય ગુણોથી પાર થઈ ત્રિગુણાતીત થવાનું છે.

• • •

મન-બુદ્ધિથી પ્રાણ કે અહમ્ પર કાયમનો ને ભરોસાપાત્ર કાબૂ લાવી શકાતો નથી. તે કાબૂ જીવતો નથી હોતો. જીવંત, ચેતનામય ને જ્ઞાનાત્મક સંયમ કાજે તો એનાથી પર જે શક્તિ છે તે દ્વારા તે યોગ્ય રીતે સાધી શકાય. પ્રભુની કૃપાશક્તિમાં જે સાધકને શ્રદ્ધા, ભક્તિ પ્રકટેલાં છે, એવો જીવ જ્યારે પોતાનાં કરણોની શુદ્ધિ કાજે શ્રીહરિને હૃદયમાં હૃદયથી હૃદયનો આર્ત અને આર્દ્ર પોકાર પાડે છે, ત્યારે તેવા પોકારથી જે કામ બને છે, તેવા પ્રકારનું કામ (કે શક્તિ) નીતિ કે સદાચારના નિયમો માત્ર પાળવાથી બની શકતું નથી. નીતિ કે સદાચારના નિયમો પાળવાની જરૂર છે, તે હકીકત તદ્દન યથાર્થ છે, કિન્તુ તે એકલું ને એટલું જ પૂરતું નથી. જ્ઞાનભક્તિકર્મયોગથી અંતઃકરણની પૂર્ણ વિશુદ્ધિ પ્રમાણમાં જેટલી સરળતાથી, ઝડપથી અને આસાનાથી થઈ શકે છે, તેટલું ને તેવું મન-બુદ્ધિજન્ય સંયમથી કે ગુણોની ખાતર ગુણોના વિકાસની સાધનાથી થવું શક્ય નથી લાગતું.

અનેક પ્રકારનાં પ્રાણ, અહમ્થી ઊઠતાં આંદોલનો પ્રભુકૃપાથી પ્રેમભક્તિ ભાવે પ્રભુસ્મરણ સાથે સમજવાને મથ્યા કરતો. આવા જ્ઞાનપૂર્વકના અભ્યાસનું પરિણામ તો એ થવા માંડ્યું કે સમતા, તટસ્થતા, શાંતિ, વિવેક, પ્રસન્નતા, સહિષ્ણુતા આદિ સાત્ત્વિક ગુણો એની મેળે પ્રકટતા અનુભવાયા હતા. આમ, જ્ઞાનભક્તિપૂર્વકની જાગ્રતિથી ને તેના હેતુ અર્થે પળાતા જતા સાધનાના અભ્યાસથી ગુણો તો આપોઆપ કેળવાતા જતા હોય છે, તે નિશ્ચિત અનુભવની હકીકત છે. એકલા ગુણો કેળવવાનો મહાવરો આ જીવને કદી ન હતો.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૨૪, ૩૫૨)

૧૦. આધ્યાત્મિક ક્ષેત્રપ્રવેશ

કોઈપણ જાતનાં સાધન કે શિક્ષણ કે તાલીમ લીધા વિના માનવી કેળવાઈ શકતો નથી. હૃદયમાં રહેલા ગૂઢમાં ગૂઢ આત્માના કોમળમાં કોમળ ને સૂક્ષ્મમાં સૂક્ષ્મ સાદને સાંભળવાની શક્તિ પ્રાપ્ત કરવા માટે ખાસ કોઈ ઘડતરની જરૂર રહે છે જ. જો કોઈ એમ કહે કે માનવીમાત્ર જન્મથી જ પોતાના આત્માના અવાજને સાંભળી શકે ને ઓળખીને તેને અનુસરી શકે તો તેનો અર્થ તો એમ જ થયો ગણાય કે કેળવણી, અભ્યાસ, સમાગમ, સાધન કે યોગ—એનો કશો અર્થ નથી. પ્રત્યેક ક્ષેત્રમાં માનવી તાલીમ પામીને જ નિષ્ણાત બને છે. પણ આપણા લોકો અઘરામાં અઘરો ને મુશ્કેલમાં મુશ્કેલ આધ્યાત્મિક વિષય—તેમાં તાલીમ પામ્યા વિના કે મેળવ્યા વિના આત્મજ્ઞાનની વાતો કરવા મંડી પડે છે.

'જાણતા હોઈએ ના કૈં જાણવાનો છતાં ધરે
—પૂરો દેખાવ', એ વ્યાધિ માનસિક જનો તણો.

જો એકેએક ક્ષેત્રમાં તાલીમની જરૂર રહે છે તો આ ક્ષેત્રમાં એનાથીયે કેટકેટલા ગણી તાલીમની જરૂર હોય? આ ક્ષેત્રની સરખામણીમાં તો સ્થૂળ એવા કેળવણી ક્ષેત્રમાં પણ એમ.એ. થતાં ૧૬ વર્ષ થયાં, ને તેમાં જેટલો વખત અપાતો હતો, તેનાથી ચોથા ભાગનો વખત પણ આમાં ન અપાતો હોય તો ગણિતશાસ્ત્રની દૃષ્ટિએ ગણીએ તો આમાં ૬૪ વર્ષ સુધી રાહ જોવાની રહે. પેલામાં એકના એક અભ્યાસે એકધારું સતત રહ્યાં કરવાનું બનતું હતું અને one pointed attention એકાગ્ર, કેન્દ્રિત ધ્યાન એમાં અપાતું હતું ને બીજી કશી લુબ્ધા વિનાનો કાળ આપણો રહ્યા કરતો હતો; તો આમાં પણ આપણે તેવી પરિસ્થિતિ ઉપજાવવાની છે. એ કામમાં એના કરતાં વધારે સમય ને ચેતનાપ્રાણ પરોવ્યાં કરવાનાં છે. ને તે ખંતપૂર્વક, જ્ઞાનપૂર્વક ને ચીવટપૂર્વક, શ્રદ્ધા-વિશ્વાસપૂર્વક, શરણાગતિની એકમાત્ર ભાવનાથી. આપણે ત્યાં એવી માન્યતા ફેલાયેલી છે—પછી તે પશ્ચિમના સંસ્કારોને લીધે હોય કે માનવીના અજ્ઞાનને લીધે હોય—કે આત્માનો અવાજ સાંભળવા ને

સમજવા દરેક માણસ ભાગ્યશાળી છે જ, એમાં એવું કશું અઘરું નથી. એની એવી વિકાસ–શક્યતા (potentiality) માનવીમાં રહેલી છે તેટલી વાત સાચી, ને માનવીને તેવું માનવું ઘણું સગવડતાભરેલું લાગે છે, કારણ કે એમાં એક પ્રકારનું કુમળું કુમળું આશ્વાસન રહેલું છે. આજના યુવાનો સ્વાર્થ-વાસના ને બીજી અનેક વૃત્તિઓથી ભરપૂર એવા માનસવાળા હોય છે. એવી વૃત્તિઓના અવાજને, ઉપરના એના એવા ખ્યાલથી પ્રેરાઈને, તેઓ આત્માનો અવાજ માની લે છે. પણ એની એવી સમજણ એની અમુક માન્યતાને આધારે હતી, તેટલા જ કારણસર કંઈ એને ક્લેશ થવાનો નથી કે ઓછો થશે એવું થોડું છે?

વળી કેટલાંકને એવાં કષ્ટો ને ક્લેશ ભોગવવાનું આવતાં એવું કહેતાં જાણ્યાં છે કે આત્માના અવાજ પ્રમાણે વર્તતા સંતોને અને મહાત્માઓને અવધિ વિનાનાં દુઃખો સહેવાં પડ્યાં છે; તેમ તેઓ પોતે પણ વેઠી લે છે; એટલે કે પોતે પણ તેવા જ છે પણ એ તો એવા મૂર્ખ લોકોની ભ્રમણા જ છે. એવી ભ્રમણા કોઈને કદી આત્માના પ્રદેશમાં લઈ જઈ શકે નહિ. **વાસનાનો અવાજ અને આત્માનો અવાજ બંને નોખાં છે. આજે તો લોકો સ્વતંત્રતામાં માનતા થયા છે. પોતાની વાતમાં કોઈને ડખલગીરી કરવાનો હક્ક નથી એમ સમજે છે. તેવા માનવી પણ પોતાના બીજા કોઈ પણ કામમાં તે કામના નિષ્ણાત પાસે મદદ, સૂચના લેવા જશે. એની સલાહ પ્રમાણે વર્તશે પણ ખરા, પણ જો એવાને કોઈ એના જીવનક્ષેત્રની બાબતમાં એવા વિષયનો જાણકાર કદી એને સલાહ આપે કે 'તમારું આવું માનવું ભૂલભરેલું છે' તો તે એને ઠીક નહિ લાગે. <u>બધી જ ભૌતિક બાબતમાં ને તે વિષયોના જાણકારની સલાહ લેવામાં તે પૂરું માને છે. માત્ર આમાં તેમ કરવું જોઈએ તે સૂઝતું નથી, ને ઈચ્છા પણ કોઈને થતી નથી એવું આંધળાપણું બધે પ્રસર્યું છે. આપણો ભણેલો સમાજ છેક પામર બન્યો છે.</u> એ સમાજજીવનના બીજા એકેએક ક્ષેત્રમાં તેના જાણકારની સલાહ પ્રમાણે વર્તવાનો. જો ડૉક્ટર ઘરમાં કોઈ માંદાની સારવાર માટે જે સૂચના આપી ગયો હોય તેનાથી બીજું કાંઈ પણ કરવાનું ઘરનું કોઈ ઘરડું માણસ કહે તો આ ભણેલો સમાજ તડૂકી ઊઠશે, 'તમે**

શું જાણો? ડૉક્ટરે આમ કરવાનું કહ્યું છે.' મકાન ચણવાનું હોય કે મોટી નાત જમાડવાની હોય તો કડિયા કે રસોઈયાની સલાહ પ્રમાણે ચાલવાના; પણ આ એક આધ્યાત્મિક ક્ષેત્રની બાબતમાં મનને તેમ ચાલવાનું ફાવતું નથી, એ આપણી બલિહારી છે! એ બાબતમાં કોઈ યોગ્ય ગુરુનું શરણું લેવું, એમાં સમાજને કે ભણેલાને નાનમ લાગે છે; બીજી વિદ્યા મેળવવા માણસને એની પાછળ શક્તિ ગુમાવવી યોગ્ય લાગે છે. એની પાછળ સઘળો સમય આપવાનું પાલવી શકે છે; જ્યારે માનવીને આ ક્ષેત્રમાં તેમ કરવા જતાં અનેક બહાનાં ઊભાં થાય છે. સંસારમાં, માતાપિતા, વડીલબંધુ, સગાંવહાલાં—એમનું શાસન આપણે સ્વીકારીશું. આપણે રાજકર્તાનું ગમે તેટલું ન ગમતું હોય, પીડાકારી હોય તોયે તે શાસન સ્વીકારીશું, જીવનમાં બીજાં ક્ષેત્રમાં કે વેપારીને ત્યાં શીખવા જતાં શેઠનું શાસન સ્વીકારીશું, ત્યાં આપણને ગુલામી લાગતી નથી. પણ ગુરુનું શાસન સ્વીકારતાં ગુલામી લાગે છે; એવું આજના ભણેલા લોકોની ખૂબી છે!

પહેલાં પહેલાં તો સાધકે દૈવી અને આસુરી એ બે વૃત્તિઓ વચ્ચે ભેદ પારખવો પડશે. એ સમજવો પડશે ને જાણ્યા અનુભવ્યા પછી આસુરી વૃત્તિઓને પારખી પારખીને એને તાબે થવાનું છોડવું પડશે; એટલું જ નહિ દૈવી વૃત્તિઓને કેળવવી પડશે, ખીલવવી પડશે. એના શાસન તળે જ રહેવું પડશે ને? દૈવી સંપત્તિનું સતત પરિશીલન થયાં કરતું હોવાથી એના આધિનપણામાં રહ્યાં કરવાનું સ્વીકારવું જ પડે છે. આમ માનવીને કોઈક ને કોઈકના કહ્યામાં તો રહ્યાં જ કરવાનું હોય છે; પણ ગુરુના કહ્યા મુજબ કરવામાં સંપૂર્ણપણે એનાથી રહેવાતું નથી એ જ મોટી ખાટલે ખોડ છે ને? દુનિયામાં જે તે કંઈ આપણે કોઈની મદદ લઈને શીખતા હોઈએ છીએ. ત્યાં ખુશીથી મદદ લેવામાં માનવીને કશું લાગતું નથી. ગુરુની મહત્તા સ્વીકાર્યા વિનાની તાલીમ સર્વ કંઈ નકામી છે. એક જ વાતમાં કંઈ કરવાનું હોય છે તે જ હકીકત ગમે તે કોઈ કહેશે તો આપણે નથી કરતા, પણ જેના પર આપણને ખૂબ શ્રદ્ધા, વિશ્વાસ હોય છે, અથવા જેને વિશે આપણને ખૂબ ખૂબ પ્રેમ, આદરભાવ

હોય છે, તે કહે છે તો તે આપણે તુરત કરીએ છીએ. તેમ ગુરુના વચનમાત્ર કહ્યેથી આચરણમાં ઊતરી શકવાનાં નથી. એને આચરણમાં મુકાવનાર, ઊંડા ઉતારનાર, એનું પ્રેરણાત્મક બળ, એનામાંથી લેવાની કળા પણ સાધકે શીખવી પડશે. તે કેમ શીખાય તે પણ એક કોયડો જ છે ને? **('જીવનસંદેશ', આ. ૨, પૃ. ૨૭૧ થી ૨૭૫)**

૧૧. સાધના અને સાધક

સાધના એટલે જ કાળને જલદી છતાં યોગ્યપણે પકાવવાની જડીબુટ્ટી. પ્રતિકૂળ સંજોગોને અનુકૂળ કરવાની કળા એટલે સાધના એમ પણ કહી શકાય. પ્રકૃતિ દ્વારા જીવની થતી ઉત્ક્રાંતિમાં શક્તિ ને પ્રાણ-સંચાર પ્રકટાવી તેને વેગવાન ને ભાવાત્મક બનાવનાર જે ચેતનાની પ્રક્રિયા તે સાધના એમ પણ કહી શકાય.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૪૫–૩૪૬)

સાધના એટલે ભક્તિ, જ્ઞાન, ધ્યાન અને કર્મમાર્ગનો સમન્વય. ભક્તિ એ ભાવનાનો ધોધ, જ્ઞાન એ હેતુ, ધ્યાન એટલે એકાગ્રતા અને કેન્દ્રિતતા, કર્મ એટલે એ બધાંને સુયોગ્યપણે, સુમેળ રીતે વહેવા માટેનો પટ–channel. **('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૦)**

» સાધનામાં રસ ક્યારે? :

૧. જીવનમાં જેને આપણે સૌથી મહત્ત્વનો પ્રશ્ન ગણતા હોઈશું એમાં રસ પડશે ત્યારે.

૨. જેને માટે પ્રયત્ન થયા કરતા હશે, એને માટે લાગણી, પ્રેમ હશે તોપણ રસ પડશે.

૩. જે મેળવવાનું હશે તેની ઉત્કટ જિજ્ઞાસા ને તમન્ના પ્રકટી હશે તો એની તીવ્ર ભૂખ જાગશે અને રસ પડશે.

૪. 'ગરજ' જાગી હશે તો રસ પડશે; અમુક વસ્તુ કર્યે જ છૂટકો છે એવો દૃઢ મરણિયો નિર્ધાર કર્યો હોય, કે જે ન થાય તો જીવ્યું નકામું બને, તો રસ પડશે.

૫. જેનું સતત ચિંત્વન થયાં કરતું હશે એવામાં રસ પડશે.

૬. જીવન-ધ્યેયની પ્રતીતિ થઈ ગઈ હોય ને એના વિના જીવનમાં બીજા કશામાં રસ ન જામે, તો રસ પડે.

૭. ઐહિક પુરુષાર્થને પરિણામે મળેલાં તમામ પ્રકારનાં દુન્યવી સુખ, સગવડ હોવા છતાં એ બધાંથી દિલમાં ચેન ન હોય ને હૃદય અંદરથી હજી કશાક ઑરને ઝંખતું થયું હોય તો રસ પડે.

આવાં કારણોથી સાધનામાં રસ પડવા સંભવ છે. ભલેને આપણને શરૂ શરૂમાં રસ ન પણ કદાચ જામે, યા શરૂમાં રસ પડીને પછીથી મંદ ગતિ થઈ જાય તોપણ, જીવનનું ધ્યેય—શેષ કાર્ય આ જ હોઈ શકે એવો દૃઢ નિર્ધાર જો પ્રકટાવી શક્યા હોઈશું તો એક યા બીજા સાધનને વળગી રહીને જ્ઞાનપૂર્વક પ્રેમભક્તિથી કશુંક ને કશું કર્યા કરતા રહીશું તો કો'ક દિન એમાંથી વેગ જન્મી જવાનો છે. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૫૬-૫૭**)

(અનુષ્ટુપ)

લાખો વાર કંઈ બોધ સાંભળ્યાં કરશો ભલે,
જશો કોટિ ય વારે છો સંતના ય સમાગમે;
શાસ્ત્રનાં ચિંત્વનો ઊંડાં ને અભ્યાસ કરો કર્યાં,
તો યે ના તે પમાવાનું વિના કૈં સાધના કર્યાં.
સાધના માત્ર ઉપાય એકલો એક ત્યાં ખરો,
શક્તિને પામવા કેરો, ફાંફાં બીજાં બધાં ગણો.

(**'કર્મગાથા', આ. ૧, પૃ. ૪૪-૪૫**)

» આરંભમાં એકાંતિક સાધના :

જીવનનો સાધક તો જ્યાં ત્યાંથી સદ્‌ભાવનાની પિછાણ ને કદર કર્યા વિના રહી શકતો નથી. જેનું તેનું યોગ્ય મૂલ્યાંકન તે યથાભાવે કરતો રહે છે. કોઈ પણ સદ્‌પ્રવૃત્તિના હાર્દને તે અનુભવ્યા વિના રહી શકતો નથી, તેથી જે જીવનની સકળ સદ્‌વૃત્તિના મૂળમાં છે, તેની ભાવના જેમ એકાગ્ર ને કેન્દ્રિત, તેના લક્ષ પરત્વે રસ રહ્યા કરે છે તેમ તે પાછી સર્વતોમુખી થવાને એકધારી મંડ્યા કરતી હોય છે. તેની દૃષ્ટિ એકમાં એકાગ્ર કેન્દ્રિતપણે થવાવાનું જે થાય છે તે તો વિસ્તાર પામવા-

પણાની દશા પ્રાપ્ત કરવાને માટે. તેનું એકમાં જે પુરાઈ રહેવાપણું એક કાળ પૂરતું જે બન્યા કરે છે તે તો જવાળામુખીની જેમ બહાર ફૂટી નીકળતા પહેલાં તેના અંદરના ભૂગર્ભમાં ઘણા સમય પહેલાંથી બહાર ફાટવાની ક્રિયા-પ્રક્રિયા સતત ચાલતી રહેલી હોય છે તેના જેવી, અથવા તો માખણ મેળવવા સારુ દૂધને દહીં કરવા સારુ તેને થોડો સમય હલાવ્યા વિના એકાંત સ્થળે રાખવાની જરૂર રહે છે તેના જેવી આ પૂર્વ-તૈયારી છે. આવા પ્રકારની પૂર્વતૈયારીરૂપ સાધનામાં એકાગ્ર ને કેન્દ્રિત થવાની સાધકને કામચલાઉ આવશ્યકતા નીપજે છે. તેથી જે સમાજથી વેગળો, અટૂલો ને એકલો પડી જાય છે એમ માનવું તે યોગ્ય નથી. વૈજ્ઞાનિક જેમ પોતાની શોધના પ્રયોગના મનન, ચિંત્વનમાં એકલો રહીને, જે કામના તબક્કા પૂરતું એકાકી જીવન જીવીને બધા પ્રકારના જીવન પરત્વે દૃષ્ટિ દોડાવતો નથી હોતો—જે આજે જગત યોગ્ય પણ ગણે છે—તેમ સાધકનું પણ થતું હોય છે.

જેણે જેણે કંઈક મેળવવું છે, તેણે તે મેળવવાના પ્રયત્નમાં એકાગ્ર ને કેન્દ્રિત થાય વિના ચાલતું હોતું નથી. જેણે જે જે પ્રવૃત્તિ જીવન-ધ્યેયને વિકસાવવાને હાથમાં લીધી હોય છે, તેમાં તેણે એકચિત્ત થવું જ પડે છે. આ હકીકત જીવનમાં દરેક ક્ષેત્રને લાગુ પડે છે. લડાઈના જોશને જીવતું ને થનગનતું રાખવા તે ગાળામાં સમગ્ર પ્રજાની દૃષ્ટિ એકમાત્ર મુક્તિ ને વિજયના મુદ્દા પર જેમ એકાગ્ર ને કેન્દ્રિત રાખવામાં આવે છે—તે તે કામ પૂરતું જેમાં બીજા કશા પર મહત્ત્વ અપાતું નથી—તેમ જીવનમાં સાધના પરત્વેના વલણને સમજવાનું હોય છે.

આવો સાધક અકર્મણ્ય છે એમ કદી નહિ ગણી શકાય. જીવનમાં ઉદ્ભવતાં રાગદ્વેષાદિક પ્રકૃતિનાં વલણોથી દોરવાઈ ન જતાં શાંતિ, તાટસ્થ્ય, સમતા કેળવવાને જાગૃતિપૂર્વક મથ્યા કરવું, ને જીવન પરત્વેના, સકળ વર્તનભાવમાં સત્ત્વગુણને પ્રકટાવવાને એકધારું જ્ઞાનપૂર્વક મથ્યે જવું એને શું કર્મ નહિ ગણાય કે? ને એવું કર્મ પણ પ્રભુપ્રીત્યર્થે, પ્રભુભાવે ને જ્ઞાનભક્તિપૂર્વક શ્રીભગવાનના ચરણકમળે સમર્પણભાવે થયા કરે આ બધું કંઈ જેવું તેવું કર્મ નથી. સંસારના કર્મથી

સાધનામય કર્મ નિરાળું છે. સંસારનું કર્મ સ્થૂળ હોઈ દેખી શકાય છે, સાધકનું કર્મ સૂક્ષ્મ હોઈ દેખી શકાતું નથી.

સાધનાનો અર્થ ગળે ટૂંપો દઈને જીવનને ગૂંગળાવી દેવાનો નથી, પરંતુ સહજ સ્વાભાવિકપણે તેનો વિકાસ થાય અને એ જ રીતે વૃત્તિઓનો સુમેળ ઊપજે તે તેમાંથી શાંતિ, સમતા, તટસ્થતા, ધીરજ, સહિષ્ણુતા, પ્રસન્નચિત્તતા આદિ ગુણોનો વિકાસ થયો અનુભવાય, તે તે ગુણોની શક્તિનો જીવનમાં સાંપડતા પ્રસંગોમાં જ્ઞાનપૂર્વકનો ઉપયોગ થયા કરે, ને તેના વડે જીવન ભર્યુંભર્યું લાગે ને ધન્ય થતું અનુભવાય એનું નામ સાધના.

મૌન-એકાંત લેવાનો હેતુ લગની લગાડવાનો છે, ને સાધનામાં વિશેષ એકાગ્રતા, કેન્દ્રિતતા પ્રાપ્ત થાય તે કાજેનો છે, મૌન-એકાંતની સાધનામાં અનુષ્ઠાનોથી જીવ એકદમ કંઈ શિવ થઈ શકતો નથી; પણ એમાંથી શિવ થવાની શક્યતા સાંપડતી જતી હોય છે. આધ્યાત્મિક જીવનના વાંછુને એકાંત અને મૌન એ ઘણાં ઘણાં જરૂરનાં છે. અહીં મૌન એટલે મનની નીરવતા પ્રાપ્ત થવામાં સહાયરૂપ થાય તે પ્રકારનું મૌન, અને એ ઉત્તમ પ્રકારનું મૌન છે. મૌન તો સારું જ, પરંતુ તે મૌન ઘરેડ પ્રકારનું, શુષ્ક, કોરું કોરું ન હોવું ઘટે. મૌનમાં આંતરિક પ્રવાહ ભાવનામય પ્રકટેલો રહે અને તેવું ન હોય તે વેળાએ મનન-ચિંત્વનની પ્રક્રિયા ચાલતી રહે; એટલે કે કોઈ ને કોઈ પ્રકારે મૌન પાળતી વેળાએ સાધનાના રચનાત્મક સાધનમાં વળગેલા રહ્યા કરતા હોઈએ તો તે પ્રકારનું મૌન વિકાસાત્મક છે.

» સાધક અને સ્વજન :

કોઈપણ આપણું સ્વજન આપણી સાથે ઝઘડવાનું કરે, ક્લેશ, સંતાપ કે કંકાસ કરે ને તેથી જો આપણે લેવાઈ નહિ જઈએ કે આવરાઈ નહિ જઈએ તો તેનાં એ હથિયાર ભોંઠાં પડવાનાં છે; પરંતુ જો આપણે એથી કરીને ખીજવાયા, ચિડાયા કે ક્રોધે ભરાયા તો એ જીવનાં તે હથિયાર વધારે ધારવાળાં થવાનાં. એટલે એવી સ્થિતિમાં તો પ્રભુકૃપાથી

આપણે વધારે સરળ, શાંત, ધીરજવાળા, સમતાવાળા; ને પ્રેમભાવી બનીને વધારે સહનશીલતા કેળવ્યા કરવાની છે. આપણા સત્ત્વગુણને કેળવવા, ખીલવવા માટે તથા આપણામાંની ખીજવાટની, અકળામણની ક્રોધની વૃત્તિને સબૂરી પકડવાની કસોટીરૂપે તે કૃપાતક મળી છે એમ હૃદયમાં માનીને ત્યારે આપણે વર્તવાનું છે. વળી ત્યારે આપણું હૃદય પ્રેમભાવની ખૂબ ભીનાશવાળું, કુમાશવાળું ને સહાનુભૂતિવાળું ને સામા જીવની અંદરનું જે જે સારું હોય તેની કદર કરવાની તત્પરતાભરી ભાવનાવાળું હોવું જોઈએ ને તેવે સમયે આપણામાં તેવી જાગૃતિ પૂરેપૂરી જાગેલી હોવી જોઈશે, તો તેમ બની શકે.

જીવન આવા પ્રકારની અથડામણોથી ઘડાય છે. જે જીવનમાં કદી એવી અથડામણો, યુદ્ધો, ગૂંચો, ઉપાધિઓ આવી નથી, તે જીવનમાં નક્કરતા કેમ કરીને આવી શકવાની છે? ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ આપણી માનસિક સ્થિતિ પૂર્ણ સમજવાળી, શાંતિવાળી, ધીરજ-વાળી રહી શકે તેવા પ્રકારના શિક્ષણ કાજે ઈશ્વરે કૃપા કરીને તેવા સંજોગો આપણી માટે ઊભા કર્યા છે તેવી જાગૃતિ હોવી જોઈએ.

સામા જીવની પ્રકૃતિમાં ગમે તેવાં દર્શન થાય, તોયે આપણી પ્રેમ-ભાવનામાં તો બિલકુલ ફરક ન પડવો જોઈએ—બલ્કે તે વધ્યાં કરવી જોઈશે. તો જ જગતનાં ગમે તેવાંની સાથે આપણે સમતાયુક્ત વર્તન રાખી શકવાને સમર્થ નીવડીશું; તો જ પાપીમાં પાપીને, દુષ્ટમાં દુષ્ટ જીવને આપણે ચાહી શકીશું.

આપણો દોષ થયો હોય તો લાખ વાર માફી માગી લઈએ. એમ કરવામાં ક્યાંયે સંકોચ ન સેવીએ.

જો કોઈ જીવની પ્રકૃતિ સામાને નમાવવા કે ઘસડવા એવી છેલ્લી હદ સુધી જતી અનુભવાય તો એમાં આપણી પોતાની કસોટી છે અને આપણી કક્ષા કે દશા કેવી થઈ છે તે જાણવા માટેની એક પારાશીશી છે, તેવા સમયે સામા તરફ સહેજ પણ અવહેલના કે તિરસ્કાર થતાં આપણો પ્રેમભાવ અને સદ્‌ભાવ ઓછો થવા પામે તો આપણું પતન થયું સમજવું. સેવાનો પ્રસંગ સાંપડ્યે પ્રેમભાવે એની સેવા પણ કરીએ; પરંતુ

જ્યાં આપણે નમવું ન ઘટે ત્યાં તો ન જ નમીએ. એના આત્માને જરૂર વંદીએ, નમીએ, પરંતુ એની પ્રકૃતિને કે એના સ્વભાવને તો નહિ જ. કોઈની પણ પ્રકૃતિને કે સ્વભાવને નમ્યા કે આપણે નીચા ઊતર્યા સમજવું. ધ્યેયની બાબતમાં ને આદર્શ પરત્વે તો મક્કમ જ રહેવાનું હોય.

સાધકના જીવનમાં એવો પણ સમય આવે છે કે જ્યારે આપણાં પોતાનાં આપણને નીચે ખેંચી પાડવા મથે છે, તે 'માર'નાં મોટાં મોટાં હથિયાર પણ બને છે. કારણ કે તેમના પરત્વે આપણને બીજાં બધાં કરતાં વધુ પ્રેમ જામેલો હોય છે. પરંતુ એવી જે કૃપાતક મળે છે તે જો સાધક ખરેખરો જાગ્રત રહેલો હોય છે તો આંખ ઉઘાડનારી બની શકે છે. આથી એવાં પરત્વે આપણને રાગ, મમતા, આસક્તિ, મોહ આદિ જે જે હશે તે એમની પ્રકૃતિનાં દર્શન થતાં કપૂરની જેમ આપણામાંથી ઊડી જ જશે. સાધકના જીવનમાં નરી શુષ્કતા પણ ન હોવી જોઈએ. તે તો સદાય કોમળમાં કોમળ બનેલો હશે. તે સાથે તેના ધ્યેય પરત્વેની તેની મક્કમતા વજ્ર કરતાંય કઠણ હશે. જીવનમાં કારુણ્ય, ઉદારતા, વિશાળતા, પ્રેમ વગેરેને સ્થાન છે, પરંતુ તે બધાં વાપરવાનાં છે ધ્યેયને ખાતર; અસત્ય કે પ્રકૃતિના નીચલા થરોને અપનાવવા ખાતર નહિ. ઊંધાં સમજાઈશું, ઘાતકી લાગ્યાં કરીશું, એવું એવું બનવાનો સંભવ લાગે તોપણ ધ્યેયને યોગ્ય એવા સમગ્રતાભર્યા પ્રેમના ભાવયુક્ત અડગ વર્તનથી સામાને જીવનની સાચી સમજ અને ઉચ્ચ બાજુ દર્શાવી શકવાના છીએ. એક વખત સામી વ્યક્તિને આપણી મક્કમતાનો ખ્યાલ જાગી ગયેથી આપણને ચસાવવું અશક્ય છે એમ તેને લાગતાં આખરે તે પોતાનો તંત મૂકી પણ દે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૭૫ થી ૮૨)**

» સાધક અને જીવનસાથી :

(અનુષ્ટુપ)

યોગ માર્ગે જવું જો હો એનાથી અન્ય રીતમાં,
તમને કો જવા પ્રેરે 'ના' કહો દૃઢતાથી ત્યાં.

દુભાતાં દિલ બીજાનું એવું કૈં કરવા જતાં,
પ્રેમ ઊંડો હૃદે ધારી એવાંને સમજાવવાં.

સાથીનો સાથ લેવાનો સાથ દેવાં કહ્યા કરી,
આપણે તો રહેવાનું સ્વમાર્ગે દૃઢતા ધરી.

એકની એક વાતે તે ઝાઝું ત્યાં નહિ ચૂંથવું,
સ્પષ્ટ કે'વાતું જે હોયે, તે કહી શાંત ત્યાં થવું.

બીજું તો માગતું રે'શે, એની રીતે ચલાવવા,
આપણે ડગવું ત્યાં ના રે'વું મક્કમ ત્યાં સદા.

જેને જે જોઈતું હોય લેવા દ્યો તેમને બધું,
નિઃસ્પૃહી આપણે રે'વું ભાગ આવેલ તે કરી.

સંડોવાઈ જવાનું ના કશામાં થાય આપણું,
એ રીતે વર્તવાનું છે સ્વસ્થ શાંતપણે જ શું!

('જીવનપાથેય', આ. ૩, પૃ. ૧૧૯–૧૨૦)

» સાધક અને નોકર :

પોતાના જીવનને સાધનામાં સાંગોપાંગ વણી લેવા ઇચ્છતા સાધકે ઘર-નોકર પરત્વે સંપૂર્ણ ભાઈચારાની ભાવના રાખવી જોઈશે. નોકરના ભાગે આવેલું કામ નોકર કરે એટલે તે હલકો થઈ જઈ શકતો નથી. તેમ જ કોઈ લખપતિ કે કરોડપતિ પોતાને ભાગે આવેલું કામ કરતો હોય તો તેથી તે ઉચ્ચ દરજ્જાનો થઈ શકતો નથી. કામના પ્રકારને લઈને ઊંચાનીચાના ભેદ કદી હોઈ શકે નહિ. સાધકને એવા ભેદ કલ્પનામાંય ન હોવા ઘટે.

અંતરમાં અને બહાર, ઉપર અને નીચે બધે જે ભગવાનનો ભાવ સચરાચરપણે પ્રસરેલો છે, એને જીવનમાં અનુભવરૂપે હૃદયથી પ્રમાણિકપણે ઉતારવા મથનાર તે સાધક. તેવો સાધક પોતાના નોકર અને કુટુંબીઓ વચ્ચે સદ્‌ભાવની રૂએ કે ભાવનાની રૂએ કશો ફરક નહિ જુએ. તે માંદો પડતાં અગર તેની કોઈ અગવડભરી સ્થિતિનો ખ્યાલ

આવતાં પોતાનાં કુટુંબીજન જેવી તેની મર્યાદાની સ્થિતિનો વિવેક રાખીને તેની યોગ્ય સેવા કરવાનું ને તેના ઉપયોગમાં આવવાનું ચૂકશે નહિ. તેની પાસેથી ગજા ઉપરાંતનું કામ કદી લેવાય નહિ. નોકરને કામ કેટલા કલાક ને કેટલા વાગ્યા સુધી પહોંચે છે તેનું જીવતું ભાન રખાવું જોઈએ. કામને લીધે તેને મોડે સુધી જાગ્યા તો નથી કરવું પડતું નથી ને? તે પણ જોવાનું ઘટે છે. તેને જમવાની ને રહેવા કરવાની સગવડ તેના જીવનની મર્યાદા અનુસાર જોવાનાં રહેશે. કોઈપણ યોગ્ય કારણસર આપણે ત્યાંથી એને જવાનું બને તો બીજાને ત્યાં ગમે તેવા સંજોગોમાં યશસ્વીપણે તે પોતાનું કામ કરી શકે એવી કેળવણી ને તાલીમ પણ આપણે ત્યાં એને મળવી જોઈએ.

નોકર સાથે સાધક કદી પણ અસભ્ય નહિ બને ને હરેક પ્રસંગમાં, વાણીમાં મીઠાશ જાળવશે. નોકર એટલે તેને નવરો રખાય જ નહિ અને સતત દિવસભર એક પછી એક બીજું કામ એમ બતાવ્યા કરવું એ તો ઘણી હલકટ મનોવૃત્તિ છે. નોકર પણ માનવી છે. એને પણ લાગણીઓ હોય છે. એને પણ આરામની જરૂર હોય. વળી કેટલેક ઠેકાણે તો ઘરનાં મુખ્ય માણસો ન સૂવે ત્યાં સુધી નોકરથી સૂવાનું બનતું નથી. તેવે ઠેકાણે પોતે વિચાર કરીને નોકરને પણ ઓછામાં ઓછી સાતથી આઠ કલાક ઊંઘ મળવી જોઈએ. એવો વિચાર સમજદાર જીવ કર્યા વગર નહિ રહે. નોકરનું શરીર માંદું હોય તે વેળા તેને કામ ન કરવા દેતાં તેને આરામ, દવા ને આપણી હૂંફ મળે તેવી સગવડ, મોકળાશ ને સહૃદયતા જો આપણે દાખવી શકીએ તો નોકરને આપણા વિષે સદ્‌ભાવ રાખવામાં સહાયરૂપ થઈ શકાશે. એવું કરવું તે આપણો ધર્મ પણ છે. નોકરની શક્તિની મર્યાદા જોઈને તેનાથી આસાનીથી થઈ શકે તેટલું જ કામ કરાવવું જોઈએ. નોકર ગરજનો માર્યો આપણે ત્યાં કામ ભલે કરશે, પરંતુ જો તેની પ્રત્યે આપણો વર્તાવ સખત અને કઠોર હશે તો તેના દિલમાં આપણા પ્રતિ સદ્‌ભાવ કે પ્રેમ કદિ નહિ જાગે. આપણે પોતે તેની તેવી સ્થિતિમાં હોઈએ તો આપણને કેવું લાગે તે આપણે વિચારવું.

સાધકનું નોકરની સાથેનું વર્તન પ્રેમભાવભર્યું હોવું ઘટે છે. સાધક એમ કદિ ન માને કે તેની સાથે તેવું વર્તન રાખવાથી નોકર ચઢી વાગશે કે ફાટી જશે. તેની સાથે સાથે નોકરનું અયોગ્ય વર્તન થતાં તેમાંથી તેને વારવાનું કરવાને પણ નહિ ચૂકે. સાધકના હૃદયને સહજ પ્રેમભાવ ને તેની સાથેનું નૈસર્ગિક વર્તન નોકરના દિલમાં કોઈ અનેરો ભાવ પેદા કર્યા વિના નહિ રહે. નોકર એ નોકર નથી, પણ કુટુંબનું જ એક અંગ છે એવો ભાવ હૃદયમાં સ્ફુરવો ઘટે. નોકરને બને ત્યાં સુધી વજૂદવાળા યોગ્ય કારણ વિના આપણે રજા ન આપવી. તે પોતાની મેળે જવાનું કરે તો જુદી વાત છે.

નોકર પ્રત્યે સાધક સંપૂર્ણ વિશ્વાસ રાખે ખરો, પરંતુ પોતાના એવા વિશ્વાસભર્યા વલણથી જો નોકર પોતાના સ્વભાવ પ્રમાણે આડેઅવળે પ્રેરાતો હોય તો તે બાબતમાં તેને સમજાવવાનો અને જરૂર પડતાં અટકાવવાનો પણ સાધકનો ધર્મ બને છે. પોતાની વિશ્વાસની લાગણીને લઈને પેલાનું અકલ્યાણ થવાનું નિમિત્ત તે નહિ બની શકે. તેમ જ જાણી જોઈને નોકરને બેદરકાર થવા નહિ દે, સાથે સાથે ખોટી રીતે એને ઘોંચપરોણા પણ નહિ કરે.

વર્ષમાં એક મહિનાની ચઢતે પગારે રજા અને જો તે ન ભોગવે તો તેનું જુદું વળતર અને મહિનામાં ચાર દિન છુટ્ટી એને મળવી જોઈએ. નોકર પોતે કુટુંબીજન જેવો થઈને છુટ્ટી ન ભોગવે તો તેનું વળતર દેવાનું હોય. વર્ષના અંતે એકાદ મહિનાનો પગાર બક્ષિસરૂપે આપી શકવાની શક્યતા હોય તો તેમ પણ વિચારાય.

આખરે સાધક તો નોકરને નોકર રીતે નહિ સમજતાં, તેને આવી મળેલું સ્વજન દેખશે ને એવી ભાવના રાખશે. જ્ઞાનપૂર્વક ભાવનાથી પ્રેરાયેલા સદ્‌ભાવનો કોઈ ગેરલાભ લઈ જશે એવી ભીતિ સાધકે સેવવાની ન હોય. પોતાનો ધર્મ તેના પરત્વે સર્વપ્રકારે યોગ્ય પ્રકારના વર્તનમાં પરિણમે એ જોવામાં સાધકનો સંતોષ સમાયેલો હોય.

('જીવનસંદેશ', આ. ૨, પૃ. ૨૧૬ થી ૨૨૧)

અહીં નોકર એ માત્ર 'ઘર-નોકર' જ સમજવાનું નથી; પરંતુ એકથી વધુ નોકર હોય તો તેમ તથા રસોઈ કરનાર મહારાજ, આયા, ગુમાસ્તા, કારીગર, શોફર, માળી, ચોકિયાત, મદદનીશ મંત્રી આદિ સર્વ પ્રકારની વ્યક્તિઓને સંકળાયેલ ગણવાનું છે. ને તેઓ જેઓ પરત્વેનો પૃથક્ પૃથક્ ધર્મ સાધકે યથાયોગ્યપણે ભાવપૂર્વક પોતાના હૃદયનો ભાવ વિકસાવવાને માટે જ જાણે બધું ભગવાને સાધનરૂપે બક્ષ્યું હોય તેમ સહૃદયી વલણ રાખીને તેવી બધી પ્રભુભેટને નવાજવાનું હોય.

» સાધક અને સાધક :

સાધકોના સૂત્રધાર એક જ ગુરુ જ્યાં હોય ત્યાં, ને તેમ છતાં પણ સાધકોના પરસ્પરના વર્તનમાં ઘણી વાર તેમને છાજે નહિ એવું વર્તન જોવા મળતું હોય છે. ખરું જોતાં તો સાધકો એટલે ગુરુરૂપી વિરાટ શરીરનાં જુદાં જુદાં અંગો. જેમ માનવીશરીરનાં જુદાં જુદાં અંગોનાં નામ, કામ અને પ્રકાર જુદા જુદા હોય છે, તેવું જ ગુરુના વિરાટ શરીરનાં આ અંગો વિશે છે.

જ્યારે કોઈ જીવ સાધકદશામાં આવે છે, ત્યારે તેનાં સ્વભાવનાં સારાં અને અનિષ્ટ તત્ત્વો, બંને જે અત્યાર સુધી સાધકમાં ઊંડે પડી રહેલાં હતાં, તે ઉપર તરી આવે છે, બહાર વ્યક્ત થાય છે. તેમાં નિમ્ન તત્ત્વોના હુમલા ઝટ થાય છે. તેમનું વ્યક્ત થવાપણું વેગથી અને ઝડપથી બને છે, અને એ સવિશેષપણે જોર પર આવતા જણાય છે. ઈર્ષ્યા, અસૂયા, 'હું'પણું, ક્રોધ, મત્સર, અયોગ્ય સ્પર્ધા, ગુરુ ઉપર પોતાની માલિકીની વૃત્તિ, બીજાના ભોગે પોતાનું સારાપણું દાખવવાની અને દેખાડવાની વૃત્તિ, પોતાને વધુ મહત્ત્વ મળ્યા કરે તેવી ગોઠવણી આદિ જીવપ્રકારની નિમ્ન-વૃત્તિઓ એકદમ જોરથી હુમલો કરે છે. ઘણાં વરસથી વહેતી કોઈ નીકમાં કે ખાળકૂંડીમાં નીચે કચરો પડી રહ્યો હોય અને તેની ઉપરથી પાણી વહી જતું હોય, તો તે પાણી પ્રમાણમાં સ્વચ્છ હોય છે, પણ જ્યાં નીક સાફ કરવાની, ખોતરવાની શરૂઆત થાય છે, ત્યારે તે પાણી ઊલટું વધુ બદબોવાળું, મેલું ને ડહોળાએલું બને છે, તેવું જ કંઈક સાધકના જીવન વિષે બને છે.

આવી વેળાએ ઘણીવાર સાધક તેના નીચલા થરના જોરથી વહેવા માંડેલા પ્રવાહમાં તણાઈ પણ જાય છે—જો કે પછી જાગ્રતિમાં આવતાં તેને તેનું ભાન પણ થાય છે. અને સાધકોમાં કદી કદી માંહોમાંહે હૂંસાતૂંસી, ખેંચતાણ ને ઝઘડા પણ થતા હોય છે. આથી આવા સાધકો ઘણા નીચલા દરજ્જાના છે એવું માનવા તરફ સંસારી લોકો દોરાય છે, પરંતુ વાસ્તવિકપણે તે માન્યતા અઘટિત છે.

સાધકમાં અને સંસારીમાં એક મોટો ફેર છે. એની બધી વિકૃતિઓ છતાં સાધક ભગવાન તરફ અભિમુખ થોડે ઘણે અંશે પણ હોય છે, એટલે કાળક્રમે તે પોતાના સ્વભાવને વધુ ને વધુ ઊંડી રીતે પારખતો જતો હોય છે. અને નીચલા થરના વહનના પટને છોડતો જતો હોય છે એટલે કે તે સ્વભાવને વશ થવાનું ઓછું ને ઓછું કરતો જાય છે. એટલે આવા સાધકો વચ્ચે અંતે તો એક દિન સુમેળ જાગ્યા કે જામ્યા વિના રહેવાનો જ નથી. એટલે તે જેમ જેમ જાગતો જશે અને તેનો જેમ જેમ ક્રિયાત્મક ઉપયોગ થતો જશે, તેમ તેમ નવી આવેલી કે ખીલેલી શક્તિ જ આપોઆપ બધેય સુમેળ પ્રસરાવશે.

પ્રકૃતિના ગમે તેવા પ્રબળ હુમલાઓ આવે તો પણ સાધકે જાગ્રતિ-પૂર્વક તેમનો સામનો કરીને બીજાં સાથે અઘટિત વર્તાવ ન થઈ બેસે તે જોવાનું રહેશે. એણે પોતાના વર્તનને પ્રત્યેક પળે સમજવા માંડવું પડશે. અને તે ક્યાં ખોટું છે એનો પૂરેપૂરો ખ્યાલ એનામાં જાગવો જોઈશે. સાધકે પોતાની જાતને પૂરેપૂરી ઓળખી લીધી હશે તો હંમેશાં તેની દૃષ્ટિ, વૃત્તિ ને વલણ એના પ્રત્યેક પ્રસંગમાં, વિચારમાં, વાણીમાં ને વર્તનમાં પોતાની ભૂલ ક્યાં છે એ જ જોવા પ્રતિ તેનું લક્ષ રહેશે. પોતાને થયેલા કે થતા કોઈ પણ આઘાત વિશે કે અન્યાયી દેખાતા વર્તન વિશે જે કોઈ સાધક સામાનો દોષ જોશે અથવા શોધવાનું કરશે તો તો તે કાં તો ખરેખરો સાધક નથી કાં તો તે પ્રસંગ પૂરતો કોઈ ભારે ભ્રમણામાં પડેલો જીવ છે. **('જીવનસંદેશ', આ. ૨, પૃ. ૨૧૦ થી ૨૧૩)**

• • •

ગુરુ પ્રત્યેક સાધક સાથે તેની તે તે કાળની જરૂરિયાત, સંજોગો, પરિસ્થિતિ, આદિ જોઈને વર્તતો હોય છે; જેમાં કોઈ પ્રકારની અંગત પક્ષાપક્ષી કે ગણતરીઓ—considerations—ગુરુને હોતી નથી; તો પણ સાધકો કેટલીક વાર પોતાના અહમ્‌ના ને પ્રાણના પ્રેરવ્યા ગુરુના વર્તાવ ઉપર મનમાં ટીકા કરવા, ન્યાય તોળવા બેસી જાય છે. આમાં સાધક પોતાની જાતને, ગુરુને અને સંકળાયેલા સાધકને એમ ત્રણેને અન્યાય કરે છે. સાધકને જ્યારે આવાં વલણો ઊઠે, ત્યારે તેણે સવિશેષ જાગ્રતિ રાખીને તેમાંથી તરત દૂર થઈ જવાનો મક્કમ પ્રયત્ન કરવો ઘટે છે.

જે જે સાધકો જે એક સાથે સંકળાયેલા હોય, તેઓ અરસપરસ મળવાનું થતાં પોતાના અનુભવોની આપ-લે કરે, કઈ કઈ રીતો ગ્રહણ કરવાથી સાધનાપથે સરળતા સાંપડી છે, તે બધાનો વિનિમય કરે ને એકબીજાના ઉત્કર્ષમાં પ્રીતિ ધરાવી ઊલટ દાખવી સંઘબળનો એ રીતે લાભ ઉઠાવે એ ઈચ્છવા યોગ્ય છે. **('જીવનસંદેશ', આ. ૨, પૃ. ૨૧૫)**

» સાધક અને બહેનો :

બહેનો તરફનું આપણું દૃષ્ટિબિંદુ ખૂબ જ લાગણીવાળું—જેમાંથી કઠોરતા અને રુક્ષતા નીકળી ગયેલી હોય તેવું—હોવું જોઈશે. તેમ જ તેમને માટે માન, આદર ને પૂજ્યભાવની લાગણી આપણામાં ખૂબ વિકસવી જોઈશે. તે સિવાય આપણામાં રહેલી વિકાર-વાસના મૂળથી નાશ નહિ પામે. પુરુષોએ પોતાની જાતને સર્વોપરી માની લઈને જગતભરમાં વાસનાને વધુ પોષી છે ને સ્ત્રીઓને પણ એવી બનાવી મૂકી છે. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૦૯)**

• • •

બહેનો સાથેનો ભાવ ખૂબ નિર્મળ થવા દઈ તેમાં હૃદયના પ્રેમ-ભાવનો વિકાસ કર્યા કરવો. સાધકે હૃદયના ભાવથી નિઃસંકોચપણે બહેનો સાથે વર્તવાનું છે. મોટા ભાગના લોકોમાં એક જાતની અભડાઈ જવાની એક જાતની સૂક્ષ્મ પ્રકારની ભીતિની લાગણી હોય છે. તેવી લાગણી હોવામાં અને સેવાવામાં જોકે વજૂદ રહેલું છે, પણ અસલ

આપણી પ્રાચીન સંસ્કૃતિમાં તો આ અંગેનું વલણ તદ્દન જુદા પ્રકારનું હતું. કિન્તુ સંસ્કૃતિનું પતન થતાં પાછલા ગાળામાં આવા આદર્શને માર્ગે જનાર સાધક માટે કડક નિયમો સૂચવેલા છે, તે પણ યોગ્ય હતું. વળી આજના કાળમાં જ્યાં સ્વચ્છંદ પ્રવર્તે છે, ત્યાં એ વિશેષ યોગ્ય પણ હોય. તેમ છતાં વેગળા રહેવાથી, અથવા તો ફડક અને ભડક રાખવાથી સાધક તે વૃત્તિથી મુક્ત થઈ શકે એવું માનવું તે અજ્ઞાન છે. એવી દૂર અને દૂર રહેવાની એક જાતની સૂક્ષ્મ પ્રકારની લાગણીનું જો તટસ્થતાપૂર્વક પૃથક્કરણ કરીશું તો તેમાંથી જીવનથી ભાગી જવાની—ભય સેવીને ભાગી જવાની—વૃત્તિ દેખાશે. આપણે તો જીવનનો સ્વીકાર કર્યો છે. આપણે જ્ઞાનપૂર્વક જીવનમાં જે કંઈ એવા બહેનો સાથેના પ્રસંગ મળે, જે કંઈ સંજોગો ઊભા થાય, પ્રાપ્ત પ્રવૃત્તિ અનુસાર જે કોઈના સંબંધમાં આવવાનું બને, તેનાથી આવા કોઈ ભય સેવીને દૂર ભાગી જવાનું ન હોય. આમ કરવામાં કોઈ રીતે અસંયમ સૂચવ્યો નથી. સર્વ પ્રકારના ભય ને સંકોચથી બીજાઓએ કે આપણે ઉપજાવેલા ને બાંધેલા ને સમજેલા નિષેધોથી પણ જ્ઞાનભક્તિપૂર્વક મુક્ત થવાનું છે. આ બધું પૂરી જાગૃતિથી હેતુના તથા જીવન-ધ્યેયના જ્ઞાન-ભાવ સાથે આપણે કરવાનું છે. બહેનોના અંતરના આશીર્વાદ મળે, તો તે જીવનમાં ઘણા સહાયક થઈ પડે છે. જીવનમાં શુદ્ધ પ્રેમભાવનો વિકાસ એકાગ્ર ને કેન્દ્રિત થાય તે જોવાનું છે. **('જીવનસંશોધન', આ. ૧, પૃ. ૧૦–૧૧)**

● ● ●

બહેનો સાથે વર્તાવ અંગે ''ભાઈ! ઊંડા પાણીમાં ઊતરવામાં સાર નથી.'' એ જાતની વ્યવહારુ, દુન્યવી સલાહ આપણે સાંભળીએ છીએ. વાડ બાંધીને જેમ ખેતરના અનાજની રક્ષા કરવામાં આવે છે, તે પ્રમાણે સંસારવહેવારની નીતિને જેમ તેમ કરીને જાળવવા માટે ઉપરનું કથન યોગ્ય છે. આપણે તો એ યાદ રાખવાનું છે કે જેનો કર્મમાં ખરેખરો જીવતો ભાવ રહેતો હશે, તેને કશા પ્રકારના સંકોચ અને ભયની લાગણી ઉદ્ભવતી નથી. જેને જીવનની સાધના યથા-યોગ્યપણે કરવાની છે, તેણે તો સર્વથી પ્રથમ અભય-ભાવના કેળવવાની છે. ભય અનેક પ્રકારના હોય છે. ભયમાં અનેક પ્રકારના સંકોચો પણ રહેલા છે.

બહેનોથી ભયના માર્યા આભડછેટ રાખવાની નથી, તે હકીકત હોવા છતાં, સાથે સાથે તેમના ઝાઝા પરિચયમાં અમથું અમથું આવવાનું પ્રકટે તેને તો કાળજીપૂર્વક સમજી સમજીને ત્યજવાનું છે. વધારે જરૂર તો એમના યોગ્ય સંસર્ગ વડે દિલમાં જીવ પ્રકારની વૃત્તિઓને મુક્તિ મળે તેવો ભાવ રાખવાની છે. **('જીવનસંશોધન', આ. ૧, પૃ. ૨૭૪)**

• • •

બહેનો સાથેનો સંબંધ ને સંમતિ પાછળ ભાવનું જ્ઞાન રાખીને, સંબંધનો હેતુ સમજીને જો વર્તવાનું બની શકે તો કોઈ પણ પ્રકારનું અનિષ્ટ જન્મવાનો સંભવ નથી. એમની ત્યાગ-ભાવના, ધીરજ, સહિષ્ણુતા, કોમળતા, સ્વાર્પણશક્તિ આદિ ગુણો આપણે જાગૃતિ રાખીને હેતુપૂર્વક કેળવવાના છે. આવા બધા ગુણભાવનું ઉદ્દીપન બહેનોની સાથેના સંબંધથી શક્ય બની શકે છે.

('જીવનસંશોધન', આ. ૧, પૃ. ૧૫૨–૧૫૩)

• • •

૧૨. નામસ્મરણ

પહેલાં તો આપણે મનને જ કેળવવાનું છે. જેવું મન તેવી સૃષ્ટિ. જીવનમાં મળતા પ્રત્યેક પ્રસંગમાં, સંબંધમાં, વહેવારમાં, કર્મમાં આપણું મન જ્યાં સુધી શાંતિ, ધીરજ, તટસ્થતા, પ્રસન્નચિત્તતા, યોગ્ય જ્ઞાન-પૂર્વકનો વિવેક, સમતા વગેરે બધું જ્ઞાનભક્તિપૂર્વક રાખી ન શકે, ત્યાં સુધી આધ્યાત્મિક જીવનમાં આપણો પ્રવેશ પણ ન થઈ શકે. એટલે મનને એના મનગમતા વિષયમાં મહાલવાનું અટકાવવા આપણે એને જીવન-ધ્યેયના વિષયનું કોઈ બીજું કામ સાથે સાથે આપવું જ જોઈશે અને તે છે પ્રેમભક્તિપૂર્વકનું પ્રભુનું નામસ્મરણ તથા જીવનમાં મળતા પ્રસંગોમાં જીવંત ખ્યાલ ને ભાન રાખીને આપણું મન તેના પડેલા સ્વભાવ પ્રમાણે ન વર્તી જાય, તેનાં ચીવટ-કાળજી આપણે રાખવાનાં છે. મન શિવ-સંકલ્પ-રૂપ બની ગયા વિના જગતના વિચારો જે આવશે તે જગતસ્વરૂપના જ રહેવાના; માટે તેમાંથી મનને સંકેલવાને, સંકોરવાને, એવું જીવતું જાગતું આંતરિક બળ પ્રાપ્ત કરવાને માટે સાધના કરવાની

જરૂર રહે છે. સાધનાથી મન પરનો કાબૂ જામતો જાય છે. પ્રત્યેક થતાં કર્મોમાં જો આપણે આપણા મનની ગતિને યોગ્યતા અથવા અયોગ્યતાનો ખ્યાલ રાખીને ભાવનાના વિકાસ કાજે જ્ઞાન-ભક્તિભાવે સમજપૂર્વક વહેવરાવવાનું કર્યા કરીએ તો મન જેટલી પ્રત્યક્ષ સહાય આપણને આપે છે, તેટલું કોઈ આપણને આપી શકતું નથી. ઘરમાં પ્રવેશ કરવાને જેમ ઊમરો એ પ્રથમ પ્રવેશરૂપ છે, અને બહાર ને અંદર એ બંનેને સંકળાવનારો છે, અને તેને ઓળંગ્યા વિના આપણે ઘરમાં જઈ શકતા નથી, તેવી રીતે મનરૂપી ઊમરાને ઓળંગ્યા વિના જીવનના ચેતનાના ઘરમાં આપણે જઈ શકતા નથી. માટે આપણે મનને ઓળંગવું જ પડશે, એટલે કે મનની પડેલી રીતરસમો, સમજણો, ટેવો, કલ્પનાઓ, આગ્રહો, માન્યતાઓ, મતો, ધારણાઓ, અટકળો વગેરે બધાંથી વિચારવાનું અટકાવવું જ પડશે.

એની મેળે મન તેવું થઈ જતું નથી. તેથી કરીને મનને વારંવાર જીવનના વિષયમાં ખેંચી લાવવાને કાજે એને ગળે દોરી બાંધવાની જરૂર રહે છે. જેમ ખીલે બાંધેલું વાછરડું ગમે તેટલું છૂટું ચર્યા કરે તો પણ તે ખીલાથી અળગું હોઈ શકતું નથી, તેમ મનને આપણે ઊર્ધ્વ જીવનનું સતત એકધારું ચિંત્વન કરાવવાનું રહે છે. આપણને સંસારમાં જકડી રાખનાર મન જ હોય છે. મન જેવું પકડી રાખનાર બ્રહ્માંડમાંય બીજું કોઈ નથી. એટલે એણે આપણને બાંધ્યા ન હોવા છતાં આપણે એના બંધાયેલાં રહીએ છીએ, એવી એની ખૂબી છે. સર્વ કોઈ જે જે કંઈ કરે છે, તે આનંદ માટે કરતું હોય છે, પરંતુ તેમ હોવા છતાં જીવની થતી રહેતી પ્રવૃત્તિમાંથી તેને જોઈએ તેવાં ને તેટલાં સુખ-આનંદ મળતાં હોતાં નથી. એ તો સર્વ કોઈના અનુભવમાં આવેલું છે અને જેવું જેવું મન તેવો તેવો આનંદનો પણ પ્રકાર રહે છે.

વળી, જેવું જેવું મન, જેવી મનની ભૂમિકા અને જેવી જેવી વેળા મનનું વાતાવરણ તેવી તેવી રીતે સુખદુઃખનો પણ તેવો જ પ્રકાર રહે છે. પ્રત્યેક માનવી દુઃખ ભલે વેઠતો હોય પણ તે કોઈ ને કોઈ પ્રકારની આનંદની આશા સેવીને જ વેઠતો હોય છે. જો કોઈના જીવનમાં આનંદ

જ ન હોય તો જીવન ટકી પણ ન શકે. આમ સકળ પ્રવૃત્તિમાં જ્યાં સુધી જગતનું દૃષ્ટિબિંદુ છે, ત્યાં સુધી તેમાં રાગ-દ્વેષ, સુખ-દુઃખ, કંટાળો, ત્રાસ, સંતાપ, મુશ્કેલી, ગૂંચો, અથડામણ, મૂંઝવણ, વગેરે વગેરે બધું થયાં જ કરવાનું. આ બધાંનો અંત એની મેળે આવી શકવાનો નથી. અંત લાવવાનું જ્યાં આપણું દિલ થયું અને તેમાં જો હૃદયથી કૃતનિશ્ચયી થઈ શક્યા તો જ અંત આવી શકશે. સારોયે સંસાર આપણાથી છે, આપણામાં રહેલો છે અને જે બહાર છે તે પણ આપણાથી જુદો નથી. આવી જીવતી જાગતી સમજણ જો હૃદયથી ઠસી જાય કે ઊગી જાય તો સંસારમાં મળેલા સંબંધો, સ્વજનો—એ બીજાં કોઈ નથી, પરંતુ આપણા પોતામાંથી જ આપણામાં પોતાનાં કર્મનાં સંબંધોનાં પ્રત્યક્ષ પ્રત્યેક સ્વરૂપો જ છે. આવું જીવતું જ્ઞાન જો તેમાં તેમાં હૃદયથી પ્રવર્તે તો, અને તે આપણને ખરેખરું યોગ્ય અને હૃદયથી સાચું લાગતું હોય તો આપણું મન આપણને એકભાવે સુમેળની ભાવનાએ—સર્વમાં પ્રવર્તાવશે. એવું થતાં બીજાં આપણને જે મળેલાં હોય, તે આપણી સાથે યોગ્ય ન વર્તી શકે તો, એમાંથી ઊપજેલાં દુઃખ, ક્લેશ, સંતાપ, ત્રાસ, આદિ વૃત્તિઓ આપણા મનમાંથી ઓછી થતી જતી આપણે અનુભવી શકીશું. એકાત્મભાવ જો આપણે મળેલામાં અને મળેલાંથી હૃદયમાં હૃદયથી જો નહિ ઉપજાવી શક્યાં હોઈએ તો આધ્યાત્મિક એકતાનો ખરો અનુભવ આપણે કદી પણ કરી શકવાના નથી.

જગત એ આપણી નજરે જુદું જુદું લાગે છે, કારણ કે આપણે જુદા જુદા થયેલા અને જુદા જુદા રહેલા છીએ, કિન્તુ સાચે સાચી રીતે તો તે જ્ઞાન અને ભાવની કક્ષામાં સળંગપણે એક જ છે. તેવી જ રીતે અને તેમ છતાં આપણો સંસાર તે જુદો જુદો લાગતો હોવા છતાં તે એક જ છે, કારણ કે તે આપણો પોતાનો જ વિસ્તાર છે ને આપણા પોતાનામાંથી ઊપજેલો છે. ને જેવો તે સંસાર છે, તેવો તેના સ્વરૂપમાં આપણે જ તેને તેમ રાખેલો છે. એટલે ત્યાંથી ઊર્ધ્વમાર્ગના પ્રત્યેક જિજ્ઞાસુએ સંસારમાંથી સંસારની વૃત્તિ હઠાવ્યા વિના તેનો સંસાર કદાપિ મીટી શકવાનો નથી. સંસારને આપણે પોતે જ ઉપજાવ્યો છે ને સંસારને આપણે પોતે જ પોષ્યો

છે ને નિભાવ્યો છે. એટલે એને આપણે પોતે જ પરમ-ભાવનામાં પલટાવવા કાજે પ્રત્યક્ષ ભાવના-સ્વરૂપ જ આપણે બની જવું પડશે. એવું આપણું થઈ જતાં આપણાથી તે જુદો લાગી શકવાનો નથી. જે તે કંઈ બને છે, તેનું કારણ બીજું કોઈ નથી, આપણે પોતે જ છીએ, એમ વિચારીને સંસાર-વ્યવહારનાં થતાં કર્મમાં ભાવનાનું હૃદયથી ઉદ્દીપન થતું રહે એવો જીવતો મનથી ખ્યાલ અને તેનો અભ્યાસ આપણે રાખ્યા જ કરવો પડશે અને એને કાજે, આવું થવાવા કાજે—આપણને બુદ્ધિની સાત્ત્વિક સૂક્ષ્મતાની ઘણી જરૂર રહે છે અને તેવું કંઈ ભાવનાના જીવતા અભ્યાસ વિના ઊપજી શકતું નથી.

ભગવાનનું નામસ્મરણ મનને એના ચીલામાંથી હઠાવવાને કાજે ઉત્તમ સાધનરૂપ છે. મન જે જે વિચારે છે, તેના પરિણામને તેવી રીતે થતું અટકાવવા નામસ્મરણનું તે તે પળે તેની તેની સાથે ભેળવવું મન-હૃદયથી બન્યાં કરશે તો મનના તેવા તેવા તે તે પળોના વિચારોનું જોશ, તેની છાયા અને તેના સંસ્કાર મોળાં પડતાં જવાનાં છે તે વાત નક્કી છે. જેમ કે ઝેર હોય પરંતુ તે સાથે તેની વિરુદ્ધનું બીજું કશું ભેળવ્યું હોય તો તેની માત્રા ઘટે ને ઝેરનું જોશ પણ ઘટે. અને જે જાતનું પરિણામ તેનાથી આવવાનું હોય તે રીતે તે પરિણામ ન નીપજવાનો સંભવ રહે છે. એવી રીતે જો મનની મનથી થતી સકળ પ્રવૃત્તિમાં સમજણ સાથેનું ભાવનાપૂર્વકનું ભગવાનનું સ્મરણ જીવતું ચાલુ રહ્યાં કરે તો આપણે સંસારના સકંજામાંથી મુક્ત થઈ શકીએ. જ્યાં સુધી મનનો સ્વભાવ પલટાતો નથી, ત્યાં સુધી માનવીને કશામાંથી મુક્તિ મળી શકતી નથી. એટલે જ બધા ધર્મોએ મનની કેળવણી ઉપર મહત્ત્વ આપેલું છે. જીવનની સમજણ અને જીવનને આપણે કયે માર્ગે લઈ જવાનું છે એ બંનેની જીવતી ધારણા મનને કેળવવાને કાજે મુખ્ય સાધન છે. સંસારની પ્રવૃત્તિમાંથી જીવને કદી પણ નિરાંત વળી શકવાની નથી, એ તો નક્કર હકીકતની વાત છે. સંસારને છોડ્યો છોડી શકાતો નથી. સંસાર આપણને વળગેલો નથી કિન્તુ આપણે સંસારને વળગેલા છીએ અને તેથી કરીને જ આપણે મનની સ્થિતિને જ ત્યાં માત્ર પલટાવવાની રહે છે. મન એની

મેળે પલટી જઈ શકતું નથી એટલા કાજે જ સાધનાની જરૂર છે. મનને પલટાવવા કાજે જ પ્રભુના નામનું પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનું સતત એકધારું સ્મરણ—એ એક મુખ્ય સાધન, અને બીજું સાધન જે રોજ-બ-રોજનાં થતાં જતાં કર્મોમાં શ્રીભગવાનની ભાવના ને ધારણા જીવતી રહે તે કાજેનો દૃઢતાભર્યો અભ્યાસ, અને ત્રીજું સાધન તે જીવનમાં મળતા સર્વ પ્રસંગોમાં સમતા, શાંતિ, ધીરજ, તટસ્થતા, બીજાંઓ પરત્વેની સહાનુભૂતિ વગેરે ગુણો આપણે કેળવતા રહેવાનું છે. જો જીવનની ભાવના કેળવવાની આપણને સાચેસાચી ભાવના જીવતી થઈ ગયેલી હોય છે તો જે કંઈ થતું રહે છે, તે આપણા વિકાસ માટે જ છે; એવી અનુભવની સમજણ તેમાં તેમાંથી જાગતી જ રહે છે. આમ હોવાથી મનની સકળ જાતની પકડમાંથી મોકળા થવાને કાજે પ્રત્યેક સાધકે એટલું તો જરૂર કરવું જ પડશે.

જે ચાલતો છે તેને કશી ગૂંચ નડતી નથી. ચાલનારો તો ગૂંચ, મુશ્કેલી, અથડામણ, મૂંઝવણ, અકળામણ, સંતાપ, ત્રાસ, દુઃખ—એ બધાંને યોગ્ય રીતે ઉકેલીને આગળ જવાનું જ સમજે છે. ચાલવાનો જ જેણે દૃઢ નિશ્ચય કરેલો છે, તેને કોઈ પણ જગતમાં અટકાવી શકે એમ નથી; એવી એની ખૂબી છે.

મનની સ્થિતિ જ્યારે જ્યારે રચનાત્મકપણે યોગ્ય પ્રકારની ન રહે, ત્યારે ત્યારે તેમાં ભેરવાઈ પડવું નહિ; પરંતુ તેવી સ્થિતિમાંથી નીકળી જવાને સમજપૂર્વક મથવું. જેણે ચાલવાનું જ નક્કી કર્યું છે, તેનું ચાલવાનું બંધ થતાં, ચાલવાનું બંધ થવાનું કારણ તેવો જીવ તે તે પળે વિચારીને તેવા કારણથી અળગો બનીને પાછું ચાલવાનું આદરી જ દે છે. એવું જે જીવ કરે છે તેણે જ સમજવું કે ચાલવાનો સાચો નિર્ધાર થયેલો છે. ક્યાંક કશાકમાં ભરાઈ પડીએ ત્યારે મનહૃદયથી પ્રબળ ભાવનાપૂર્વક સ્મરણ કરવું. જો તેમ કર્યા છતાં પણ મનનો બોજો, મનનો સંતાપ, મનની ચિંતા, મનની મૂંઝવણ, મનની અથડામણ, મનનો ત્રાસ, વગેરે બધું હળવું પડતું ન લાગે તો જેને તમે જીવનના ગુરુ માનેલા છે, તેને મન-હૃદયમાં ભાવનાથી નજર સમક્ષ પ્રકટ કરવા અને એમ મન-હૃદયમાં

એને પ્રત્યક્ષ કરીને એની સાથે તે તે પ્રસંગોની વાતોચીતો કર્યા કરવી. એમ કરવાથી જરૂર મનમાં પ્રસન્નચિત્તતા પ્રકટી જશે. આપણો જીવનનો ગુરુ એ માટીનું પૂતળું હોવા છતાં તેનામાં બીજું કશુંક છે. એનો જીવતો અનુભવ તો આપણે સમજણ અને ભાવનાપૂર્વક મન-હૃદયથી કરતાં રહીશું તો જ થશે. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૬૫ થી ૭૨)**

• • •

મારે મન તો ગુરુ એ સ્થૂળરૂપ નથી, પણ ભાવના ચેતનારૂપ છે; અને એ રીતે એનું સ્મરણ એનો ચેતનભાવ—આપણો વિચાર, કર્મ, વ્યવહાર, સંબંધ આદિમાં—જીવતો રહ્યા કરવાનો અભ્યાસ કેળવતાં રહીશું તો આપણને હૃદયમાં અનુભવ થવાનો જ છે.

('જીવનપ્રેરણા', આ. ૩, પૃ. ૭૦)

• • •

નામનું સતત સ્મરણ થવું એ કંઈ સહેલી વાત નથી. કોઈ જીવ ભગવાનનું નામ એમ ને એમ લઈ શકતો નથી. સતત ભગવાનનું નામ લેવું એ હાંસી-ખેલ નથી.

આટલી બધી કાળજી, જાગૃતિ રાખ્યા છતાં નામસ્મરણ સતત રહેતું નથી. તો ઘરેડ પ્રમાણે કેમ રહી શકે? અને ધારો કે ઘરેડ પ્રમાણે રહે તોપણ તેનું પરિણામ નકામું જતું નથી. જેમ કોઈ ખેડૂત બી વાવતાં પહેલાં ખેતરમાં ખાતર નાંખીને તેને ખેડીને પોચું બનાવે છે અને પછી બી નાંખે તો, અને ભગવતકૃપારૂપી વરસાદ વરસે તો એમાંથી મબલખ શુભ પરિણામ નીપજ્યા વગર રહેતું નથી. પરંતુ કોઈ આળસુ ખેડૂત બરાબર ખેડ-ખાતર ન કરે અને બી વાવી દે તોયે થોડું ઘણું ઊગ્યા વિના રહેતું નથી. કંઈ નહિ તો ઢોરને ખાવાનાં રાડાં પણ પાકે. એમ ભગવાનનું નામસ્મરણ ખાતર-ખેડ કર્યાની માફક એટલે કે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહંકાર એ બધાંને નામસ્મરણ ઊગી નીકળવાની ભૂમિકાને યોગ્ય કેળવ્યા કરવાનું રાખીને નામ લીધા કરીએ તો તેવો માનવી પ્રત્યક્ષ પરિણામ પોતાના જીવનમાં અનુભવ્યા વિના રહેતો નથી. આને માટે અત્યંત, અપાર ધીરજ ને ભારે પુરુષાર્થની જરૂર છે.

('જીવનપાથેય', આ. ૩, પૃ. ૧૮૧–૧૮૨)

જપનું ઉદ્‌ભવસ્થાન હૃદય છે. જપ આખરે તો એક ભાવ જ છે. જો જપ હૃદયના ધબકારા સાથે આપણે બરાબર કર્યા કરીએ તો ધ્યાન પણ આપોઆપ ત્યાં રહેશે. એ અભ્યાસ સ્થિર થતાં જપ હૃદયમાંથી સ્વતંત્રપણે થયે જશે ને જો એમાં ભાવ ઉમેરી શકાયો તો ધારણા પણ રહ્યા કરશે. એમ ત્રણે—જપ, ધ્યાન ને ધારણા—બરાબર થશે.

કોઈનાય સ્મરણે ઊર્મિ જાગતા કે કોઈ પણ લાગણીને ઉદ્યક્ત થતાં તેનો સદુપયોગ જપભાવથી કરી લેવાનો થઈ શકે છે.

('જીવનપગરણ', આ. ૩, પૃ. ૪૯ થી ૫૧)

જપ ભાવુક અને સાત્ત્વિક તો અંદરથી ચાલ્યા કરતો હોય તે જ સારો. પણ જેમ આદર્શને એકદમ પહોંચી શકાતું નથી, જે રસ્તે જેને પહોંચવાની શક્યતા જણાતી હોય તે માર્ગ હાલ લેવો સારો. એટલે મોટેથી જપ કરાય તો વાંધો નથી; પણ ક્રમશઃ જીભ માત્ર હલાવીને, મનમાં જપ થઈ શકે અને અંતે તો અંદરથી હૃદયમાંથી આપોઆપ તે થયે જાય. જપના ધ્યેયને જો ભૂલીશું નહિ, તો યાંત્રિક જડ ટેવ પડવાની નથી. ખરા અર્થમાં ધારણા એ તો કર્મમાંથી પરિણામ પાડનારી અસર છે. મુખ્ય તો હૃદયના ધબકારા સાથે ખૂબ ભાવાવેશ સાથે જપ થાય એ જરૂરી છે. **('જીવનપગરણ', આ. ૩, પૃ. ૧૬૬)**

પ્રતિદિન જપ બોલવામાં આપણને ઉમળકો વધ્યે જવો ઘટે. જપનો હેતુ શ્રીભગવાનનું ભાવાત્મક સાતત્ય જીવતું એકધારું રહ્યા કરે તે કાજેનો છે. જપ એ તો માત્ર સાધન છે. સાધન એ તો સાધ્યનો, ધ્યેયનો, મેળાપ કરાવનાર હોવાથી, તે દૃષ્ટિએ સાધનની તેટલી મહત્તા છે. માત્ર સાધનને જડપણે ખાલી ખાલી પકડી રાખનાર કદી ધ્યેયને હાંસલ કરી શકતો નથી. તેથી આપણે ધ્યેયને ભૂલવાનું નથી. પણ જે જીવ કોઈ પણ પ્રકારનું સાધન જ લેવાનું કરતો નથી અથવા જે જીવને સાધનાની ભાવનાની ધારણા કોઈ ને કોઈ પ્રકારે જીવતી રહી શકતી નથી, એ જીવને ધ્યેયને પામવાની અવધિ લાગશે નહિ. એકધારી રીતે જપ ભલે ના થઈ શકે, પણ જે હેતુથી તે લેવાતો હોય, તેને દિવસના સળંગ વહેવારમાં

અંતર્ગતપણે જાળવી શકાય, તો એનું નામ પણ જપ છે. જપ તો સ્થૂળ છે, પરંતુ તેનાથી ઉત્પન્ન થતી ભાવના જ મહત્ત્વની છે.

('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૯૦–૧૯૧)

બીજાં કર્મોમાં આપણે પરોવાયેલાં હોઈએ ત્યારે શરીરનો કોઈ પણ સહેજ છૂટો પડેલો ભાગ જેમ કે પગનો અંગૂઠો, હાથનો અંગૂઠો કે આંગળી હલાવ્યા કરવાનો ને તેની સાથે જપયજ્ઞ ચાલુ રાખવાનો અભ્યાસ તેની તેવી સજીવ જાગૃતિ સાથે પાડ્યા કરવાથી તો બીજું કામ કરતાં કરતાં પણ અંતરમાં સ્મરણ ભાવની ધારણા જરૂર ચાલુ રહેશે. આવી ભાવનાથી જ્ઞાનપૂર્વક થતો રહેતો પ્રયોગ ચાલતાં, ઊઠતાં, ફરતાં, બેસતાં રોજની હરેક ક્રિયાઓ કરતાં કરતાં સ્મરણભાવની ધારણા જીવંત રાખવામાં સરળતા પ્રકટાવે છે. જોકે આવું પણ એકલા કંઈ નહિ થઈ જાય.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૦–૩૧)

શરૂ શરૂમાં માનસિક જપ થવો શક્ય નથી. મન તો સંકલ્પ-વિકલ્પ કરી શકે તેથી જપની સ્મરણભાવની ધારણાનો એકધારો અભ્યાસ બોલી-બોલીને પાડવાનો રહે છે. જ્યારે અજપાજપ પ્રકટે છે ત્યારે જ માનસિક જપની ધારણા રહી શકે છે. બાકી તો આપણે માનીશું કે મનમાં જપ થઈ રહેલા છે અને જપનું થવું તો ક્યાંયે ગેપ થઈ ગયું હશે, એની ખબર પણ નહિ પડે. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૮૯)**

જપને યજ્ઞમાં ગણેલો છે. એ એક મોટું, સહજ, સરળ સાધન છે. સામાન્યપણે જપ ટૂંકામાં ટૂંકો હોય તો ઉત્તમ; જે જપવામાં ક્લિષ્ટ ન હોવો જોઈએ, સરળ હોવો જોઈએ. હ્રસ્વ ને મૃદુ, તથા કઠણ નહિ એવો (ઘોષ વ્યંજન) હોય તો વધુ સારું. શબ્દનાં ત્રણ સ્થળ છે : નાભિ, કંઠ ને બ્રહ્મરંધ્ર. જપ એવો હોવો ઘટે કે એ ત્રણને સ્પર્શી શકે. એક એક સ્થળ ઉપરથી જપના પ્રત્યેક અક્ષરનું ભાવપૂર્વક હેતુની સળંગ ધારણા સાથે ઉચ્ચારણ થાય તો તે સાધના અતિ ઉત્તમ છે. જપ-મંત્ર શ્વાસોચ્છ્વાસ અથવા નાડીના ધબકારા સાથે લેવાય તો ઉત્તમ. જપને યજ્ઞ કહેવાનું કારણ એ છે કે યજ્ઞમાં જે તે બધું હોમવાનું હોય છે. એટલે આપણે

મનાદિકરણનું જે જે બધું ઊભરે, તે બધું તેમાં પ્રાર્થના સાથે જ્ઞાનભક્તિ-પૂર્વક હોમ્યાં કરવાનું છે. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૨૦–૩૨૧)**

મંત્ર એકધારો, નિરંતર હૃદયથી લેવાયા કરાય તો તેવા મંત્રના ઉચ્ચારણમાંથી પ્રકટતી ધારણાથી જ્ઞાનતંતુઓ Tone up–પ્રાણવાન થાય છે. તેથી સમતા ને શાંતિ પ્રકટે છે. એવી સમતા ને શાંતિ જ્યારે જ્ઞાનતંતુઓમાં પ્રકટીને ટોચ પર પહોંચે છે, ત્યારે શરીરના રોગને પણ નિવારવા શક્તિમાન બને છે. જપમાં આ કારણે ગંગાના પ્રવાહ જેવી સતત, એકધારી સળંગ નિરંતરતા પ્રકટવી એ ઘણી જરૂરી છે. તે વિના પૂરા અસરકારક નીવડી શકતા નથી. જ્યારે જપમાં એવી ભાવનાત્મક નિરંતરતા પ્રકટે છે, ત્યારે કરણોમાં પ્રાકૃતિક વલણોને યોગ્યપણે પ્રકટાવવામાં તે પ્રેરણાત્મક બને છે.**('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૮૪)**

જપ એટલે ચેતન-ભાવનું સાતત્ય અખંડ રહેવું તે. મનને ચેતન પરત્વેના સદ્‌ભાવથી જે રીતે પ્રેરાયેલું રાખી શકાય તે જ જપયજ્ઞ. મનનો સ્વભાવ જ્યાં લગી ચેતન પરત્વેની રસાર્દ્રતા અને આર્તતાવાળી ભૂમિકા-યુક્ત ન બની જાય, ત્યાં લગી તે યદ્વાતદ્વા રહ્યા કરવાનું; એટલે હૃદયથી એવા સદ્‌ભાવમાં રહેવાનો જેટલો જ્ઞાનયુક્ત અભ્યાસ વધે એટલું ઉત્તમ.

('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૮૭)

નામસ્મરણનો પ્રભાવ અપરંપાર છે. દિવસના સમયનો વધુમાં વધુ સમય જો એમાં આપી શકીએ, આપણી બધી શક્તિના સરવાળાનો મોટો ભાગ એમાં ખર્ચીએ, તો ભાવનાની સળંગતા પણ પ્રકટી શકે. નામસ્મરણની ભાવના જેને દિલમાં ઊગીને, તે પ્રમાણે જાગૃત બનીને, ઊર્મિ સહ તેમાં પરોવાઈને તે તરફ વળવાનું દિલથી બને તો તેને તે માર્ગ પરત્વે વળી શકવાની પૂરી શક્યતા છે.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૪૫)

સ્થૂળ રીતે, દેખીતી રીતે નામસ્મરણ વિના સ્થૂળ જીવન નભી શકે છે, પણ પ્રભુમય જીવન માટે નામસ્મરણ પ્રાણ સમાન છે. એ ન હોય તો કશું નથી. એટલે ધ્યાન આદિ બીજાં સાધનો કરતાં પણ એનું સવિશેષ ધ્યાન રાખવાનું છે. નામી કરતાંય નામ ચઢી જાય છે. દિવસભર જમ્યા

વિના જીવી શકાય પણ જેને ભગવાનને શરણે જવું છે તેવાને નામસ્મરણ વિના એક ક્ષણ પણ ન ચાલવું જોઈએ. નામસ્મરણ એ આપણું એક રીતનું જીવન છે.

કંઈ પણ કામ કરતાં કરતાં પણ જો ભાવપૂર્વક નામસ્મરણ રહ્યાં કરતું હોય તો એ કામ આપણે સાધનાના એક સાધન તરીકે જ કરીએ છીએ. એવી ભાવના આપણામાં ઊંડી ઊતરતી જાય, કેમકે આપણને ઊંડું ભાન તો એ સ્મરણને લીધે રહે કે આપણે એ કામ કરતાં ભગવાનની શક્તિનું આહ્વાન જાણ્યે-અજાણ્યે કરીએ છીએ, એટલે એ શક્તિ થોડીવત્તી આપણામાં ઊતરે જ.(**'જીવનસંદેશ', આ. ૪, પૃ. ૨૩૯–૨૪૦**)

● ● ●

જેમ H_2Oની હકીકતને સર્વ કોઈ પ્રયોગસિદ્ધ હકીકત તરીકે સ્વીકારે છે, તેવી જ રીતે અનેક દેશના, અનેક સમાજના, અનેક ધર્મના, અનેક જુદી જુદી સંસ્કૃતિના જુદા જુદા માનવીઓએ પ્રયોગ કરી યાહોમ ભાવનાથી ઝંપલાવી સર્વ રીતે ને સર્વ ભાવે સંપૂર્ણ સમર્પણમાં તદાકાર થઈ જઈ જે સત્યને અનુભવ્યું ને જીવનમાં વણી લીધું ને તેના શક્તિબળ વડે જીવ્યા ને સમાજના ઇતર જનોને પણ તેવી તેમની અસરથી પ્રભાવિત કરી, જીવનનો નવો રાહ બતાવવામાં ને નવા રાહે ચલાવવામાં પ્રત્યક્ષ ક્રિયાશીલ, સર્જનશીલ બને છે. તે આવા મહાનુભાવોના જીવનનો તે તે કાળે તેમના જીવનનો તેવા પ્રેમભક્તિ-જ્ઞાનકર્મભાવપૂર્વકના સમર્પણના પ્રયોગો કરી કરી સિદ્ધ કરી જગતને પ્રત્યક્ષ તેનું તેવું સત્ય પુરવાર કરી આપ્યું છે. તેવી જ રીતે જીવનનું નવનીત તારવી તારવી સમાજને એવા મહાનુભાવોએ પોતાના જીવનના તેવા પ્રત્યક્ષ સમર્પણના પ્રયોગો વડે કરીને જગતને અને સમાજને તેના પ્રત્યક્ષ દર્શનનો અનુભવ કરાવેલ છે. એવા પ્રત્યક્ષ જ્ઞાનભક્તિભાવે પ્રકટેલાં જીવન એ શું પ્રયોગો નથી?

એવા લોક પોતે તો જીવનમાં જીવનથી બદલાયાં છે, એ તો પ્રત્યક્ષ હકીકત છે. એટલું જ નહિ પરંતુ તેવા લોકના જીવનની અસરથી બીજા લોકોનાં જીવનને બદલાવાપણાની અસર પણ તેમણે ઉપજાવી છે. અનેક

નકારાત્મક વલણવાળા જીવનને પણ તેવા આત્માઓએ નવો પલટો પ્રકટાવવામાં અનેરો વેગ પ્રકટાવ્યો છે. તે પણ ઐતિહાસિક હકીકત છે.

શ્રીપ્રભુનું સ્મરણ એટલે ભાવનાત્મક જપ જીવનને પલટાવવાની એક પ્રકારની સૂક્ષ્મ પ્રક્રિયા છે. એમાં શ્રદ્ધાની જરૂર છે ખરી, પણ જેનામાં તે ન હોય તેનામાં પણ તે જન્માવી શકે છે.

કોઈને તર્ક ઊઠે કે જપથી વળી કામ, ક્રોધાદિ કેમ કરીને મોળા પડી શકે? એનો જવાબ તો એ જ કે જે કોઈ તેમાં યાહોમ કરીને ઝંપલાવે અને જપને પ્રેમભક્તિની નિષ્ઠામાં જો જીવંત પ્રકટાવી શકે તો તેવાને તેની ખબર પડી જ શકે. તેમ છતાં બુદ્ધિ પણ સ્વીકારી શકે તેવી હકીકત કેટલીય વાર પ્રવચનોમાં જણાવેલી છે તે નીચે મુજબ છે.

પાંચ તત્ત્વ છે—આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી. પ્રત્યેક તત્ત્વની તન્માત્રા નીચે મુજબ છે.

આકાશ — શબ્દ
વાયુ — સ્પર્શ
તેજ — રૂપ
જળ — રસ
પૃથ્વી — ગંધ

હવે આ પાંચ તત્ત્વોનો ત્રણ ગુણો સાથે સંબંધ છે.

સત્ત્વને આકાશ સાથે.
રજસને વાયુ ને તેજ સાથે.
તમસને જળ ને પૃથ્વી સાથે.

શબ્દ ને આકાશ પરસ્પર સંપૂર્ણપણે સંકળાએલાં છે. પરસ્પર જુદા હોવા છતાં એક જ છે; જેમ પ્રકાશ ને સૂર્ય, ગરમી ને અગ્નિ.

શબ્દ આદિ અનાદિથી છે. એવા ચેતનના પ્રતીક શબ્દમાં જ્યારે જીવંત નિરંતરતા, અખંડતા, સળંગતા પ્રકટે છે. ત્યારે આધાર*માં આકાશતત્ત્વ ખીલે છે ને મોખરે આવે છે. હવે આકાશતત્ત્વને અને સત્ત્વને

*મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહં.

પરસ્પર સંબંધ હોવાથી જ્યારે આકાશતત્ત્વ ખીલે છે ને મોખરે પ્રકટે છે, ત્યારે આકાશના ખીલવા સાથે સાથે સત્ત્વગુણ પણ ખીલવા માંડે છે ને સત્ત્વગુણ ખીલવા માંડતાં અને સત્ત્વગુણ મોખરે જીવતો થતાં રજસ, તમસ ગૌણ બનતાં જતા હોય છે. કામ-ક્રોધાદિક વિષયો તો રજસ ને તમસ ગુણને આધારે હોય છે, એટલે જ્યારે રજસ તમસ ગુણો મોળા પડે, ત્યારે આપમેળે કામ-ક્રોધાદિક મોળા પડે છે. આમ ચેતના-વાચક, ભાવવાચક શબ્દમાં જ્યારે જીવંત, સહજ નિરંતરતા, અખંડતા ને સળંગતા પ્રકટે છે, ત્યારે કામ-ક્રોધાદિક, રાગદ્વેષને મોળા પાડવાનું કે પડી જવાનું શ્રેયસાધકને કશું ઝાઝું મુશ્કેલ લાગતું નથી. એનું મૂળ કારણ તો એ છે કે એવા ચેતન-વાચક શબ્દમાં જ્યારે જીવંત સહજ અખંડતા પ્રકટે છે, ત્યારે સમગ્ર આધારમાં એક એવા પ્રકારની—A distinct kind of awarenss—એક વિશિષ્ટ જીવંત સહજ સભાનતા પ્રકટે છે. એના વડે કરીને તેને પોતાના ધ્યેય પરત્વેનો વિવેક એટલો બધો સજીવ પ્રકટી જાય છે કે જેથી તે સત્-અસત્નો પાકો નિર્ણય કરી શકે છે. એટલું જ નહિ પરંતુ ધ્યેયથી વિરુદ્ધનું જે જે કંઈ હોય તેનાથી નોંખા થતાં તેને વાર લાગતી નથી. એવી વેળાનો તેનો વિવેક એ તો પૂરેપૂરો ધ્યેય પરત્વેનાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણવાળો જીવંત, ગતિશીલ, ક્રિયાશીલ અખંડપણે સભાનતાયુક્ત સદાય ચેતનવંતો પળેપળનો સહજ જાગ્રત રહ્યાં કરે છે. એવો જીવંત, સહજ, ક્રિયાશીલ, ગતિશીલ ને સર્જનશીલ વિવેક પ્રકટતાં શ્રેયસાધકનાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ એકધારાં સહજપણે સદાય પળેપળ ધ્યેય પરત્વે જ વર્તતાં પ્રકટેલાં થઈ જતાં હોય છે.

મંત્ર-શબ્દમાં એવી જીવંત સહજ સભાનતા જાગ્રત થતાં, એમાંથી એક એવા પ્રકારની ભાવપ્રેરક સંનિષ્ઠા જન્મે છે કે એવી સહજ, જીવંત સંનિષ્ઠામાંથી અનંતગણા ગુણ ને શક્તિ પ્રકટ્યા કરે છે. ત્યારે ગુણને કેળવવાની જરૂર હોતી નથી. ઉપર્યુક્ત સંનિષ્ઠાનું ગુણ ને શક્તિ પરિણામ હોય છે.

શ્રેયસાધકના આધારમાં એવી સંનિષ્ઠા જ્યાં સુધી પ્રકટેલી નથી, ત્યાં સુધી તેવા સાધકે ગુણ ને શક્તિ કેળવવાની પણ તેટલી જ જરૂર હોય છે.

પ્રભુનું સ્મરણ થાય, પરંતુ જો રાગદ્વેષાદિક મોળા ન પડી શક્યા હોય, તો તેવા સ્મરણનો ઉઠાવ થઈ શકતો નથી તે પણ તેટલું જ સાચું છે. સામાન્ય જીવ અખંડ, જીવંત, સળંગપણે પ્રભુસ્મરણમાં લાગી જઈ શકે એવું તો બની શકે એવું હોતું નથી. એ તો જે જીવને Volcanic Aspiration જાગે છે, એવી કે જ્વાળામુખીના જેવી ઉત્કટ ધ્યેય પરત્વેની તમન્ના જાગે છે, તેવા જીવ જ શબ્દની નિરંતરતામાં પ્રકટી શકવાના છે ને આવા જીવો તો અત્યંત લઘુતમ સર્જક લઘુમતીમાં જ (Microscopic Creative Minority) હોવાના. આમ સામાન્ય જીવ માટે તો નામસ્મરણ કે જપ તેના જીવનના વિકાસ માટે ઉત્તમમાં ઉત્તમ સરળ, નિર્દોષ, નિર્મળ સાધન હોવા છતાં એવા જપની સાથે સાથે એણે એમાં ચેતન-પ્રાણ પ્રકટી શકે તે માટે રાગદ્વેષાદિક મોળા પાડવા કાજે મથવાપણું રહેવાનું જ. ને તેમ કરી શકે તો જ જપમાં ઉઠાવ આવી શકે છે.

કોઈપણ વિષયનું હાર્દ પામવું હોય તો તેમાં સંપૂર્ણપણે ઝંપલાવવાનું રહે છે. સંપૂર્ણ રીતે સંપૂર્ણભાવે તેના સમર્પણભાવમાં લીન થયા વિના તેનું હાર્દ પામવું કદી શક્ય નથી.

જીવન શેને માટે, જીવનનો મૂળભૂત હેતુ શો—આવા અંતરગત પ્રશ્નો જેના દિલમાં જ્યાં સુધી પ્રત્યક્ષ જીવંતપણે પ્રકટેલા નથી, એવા જીવોને જપમાં ચેતનપ્રાણ પ્રકટી શકવાની શક્યતા બહુ ઓછી ગણાય.

શબ્દમાં જ્યારે ચેતનપ્રાણભાવપ્રેરક જીવંત સહજ સંનિષ્ઠા પ્રકટે છે, ત્યારે તેનાં કરણો—મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ વિશેષ ને વિશેષ તેજસ્વી ને સૂક્ષ્મ બન્યે જતાં હોય છે. તેમના તેમના વિહારનો પ્રદેશ ધ્યેય પ્રતિ લઈ જતો કોઈ નિરાળો જ હોય છે. એવી સંનિષ્ઠામાંથી જે ચેતનપ્રેરક શક્તિ પ્રકટે છે, તેવી શક્તિ વડે પછી તો શ્રેય-સાધક દૈવાસુર સંગ્રામને ખાંડાની ધારે પૂરેપૂરી સભાનતાથી ને મર્દાનગીથી ખેલી શકતો હોય છે. આવા પ્રકારનો શ્રેય-સાધક પછીથી તો સંગ્રામવીર બને છે. એની ભાવના તો પછી પ્રચંડ શક્તિ બનેલી હોય છે. એની ભાવના જ્યારે આધારમાં પ્રકટે છે, ત્યારે એવી જીવંત સહજ ભાવનામાંથી

ગુણશક્તિ તો પ્રકટ્યાં જ કરે, એટલું જ નહિ પરંતુ કળા, સૌંદર્ય, વ્યવસ્થિતિ વગેરે વગેરે જેવા જીવનનાં aspects–સ્વરૂપો પરત્વે પણ તેની સભાનતા ખીલતી જતી હોય છે, ને આમ તે સત્યમ્, શિવમ્, સુંદરમ્ પરત્વેની દિશામાં અનુભવની ભૂમિકામાં પ્રકટતી થઈ શકે છે.

પ્રભુ-સ્મરણમાં કે તેવા પ્રકારના જપમાં જ્યારે સહજ નિરંતરતા અને સળંગ સાતત્ય પ્રકટી ઊગે છે, ત્યારે પછીથી જ આધારના પ્રત્યેક કરણમાં ઊર્ધ્વીકરણની એક સાહજિક સર્જક અને ક્રિયાશીલ સતત જીવંત પ્રક્રિયાનો પ્રારંભ થાય છે.

(A spontaneous, creative, dynamic and continuous process of sublimation begins.)

ભાવના પ્રકટેલી હોય છે. તેનાં પણ પ્રત્યક્ષ લક્ષણો છે. એ પારખી પણ શકાય. ભાવના પ્રકટતાં હૈયાસૂઝ, પ્રત્યેક કર્મનું વિવેકભાન વગેરે બધું એનામાં પ્રકટ્યા વિના રહી શકતું નથી. ભાવના એ તો સર્વ પરત્વે પ્રકાશ પાડનાર, તેના તેના સ્વરૂપને ઓળખાવનાર ને તેના તેના મર્મનું દર્શન કરાવનાર પ્રચંડ શક્તિ હોય છે. એવી ભાવના જે જે સત્કારવાનું, સ્વીકારવાનું હોય છે, તેને તેને જ પ્રેમથી સત્કારે ને સ્વીકારે છે. એવી ભાવના તો શ્રેય-સાધકના જ્ઞાનનાં ચક્ષુ હોય છે. એવી જીવંત સહજ ભાવનામાં જ્ઞાન, કર્મ ને ભક્તિનો સમન્વય ને સુમેળ જન્મતો હોય છે. ભાવના જેમ ભક્તિપ્રેરક છે તેમ તે જ્ઞાનપ્રેરક પણ છે, જે કર્મથી જ્ઞાન ને ભક્તિને તે સાકાર પમાડે છે.

ભાવનાયુક્ત શબ્દની સાધનાથી હૃદયની સંપૂર્ણ એકાગ્રતા ઊગે છે. હૃદયની સંપૂર્ણ એકાગ્રતા પ્રાપ્ત થયા વિના ધ્યેયનું હાર્દ પકડી શકાતું નથી. એકાગ્રતા કેન્દ્રિત થવાથી વસ્તુની સાથેનું હૃદયપૂર્વકનું તાદાત્મ્ય સાધી શકાય છે.

જપની Technique (પદ્ધતિ ને ગુણમાપ) : જપ ટૂંકામાં ટૂંકો હોવો જોઈએ.

જપમાં અઘોષ (hard) અક્ષરો ન હોવા જોઈએ. જે જપ બોલવામાં ઘણો ઘણો સરળ હોય તે ઉત્તમ.

શબ્દનાં ત્રણ સ્થળ : નાભિ, કંઠ ને બ્રહ્મરંધ્ર. એ ત્રણેને સ્પર્શે ને ભેદે એવા અક્ષરો જે જપના શબ્દમાં હોય તે શ્રેષ્ઠ.

શ્વાસોચ્છ્વાસ સાથે અથવા નાડીના ધબકારા સાથે જપમંત્ર બોલાવો જોઈએ.

જપના મંત્રમાં ગંગાના પ્રવાહ જેવી સતત એકધારી જીવંત સહજ નિરંતરતા પ્રકટે, ત્યારે જ અંતઃકરણ અને આંતરિક કરણોને યોગ્ય ધ્યેય પરત્વેના માર્ગે વાળવામાં તે સાચો મદદગાર થઈ પડે છે.

જપમાં નિતરંતરતા પ્રકટે તે અત્યંત જરૂરનું છે. તે પ્રકટે તો તો ચેતનદ્યોતક ભાવ તો ઊગવાનો જ.

જપ જેટલો ઊર્મિથી, લાગણીથી ને ભાવનાથી બોલાય તેટલું ઉત્તમ.

માનસિક જપ ઉત્તમ એ વાત ખરી; પરંતુ શરૂઆતમાં સામાન્યતઃ કોઈ પણ જીવ મનમાં તો જપ ન કરી શકે, કારણ કે મન તો સંકલ્પ-વિકલ્પ જ કરી શકે. દ્વંદ્વ ને ગુણની ભૂમિકાવાળું મનનું (functioning) કાર્ય તો સંકલ્પ-વિકલ્પનું જ હોય, તે વિના તે બીજું ન કરી શકે. જ્યારે જપનો સતત, દૃઢ અનુરાગભર્યો જીવતો ચેતનવંતો અભ્યાસ પ્રકટી જાય ને એમાં એકધારી સહજતા ને નિરંતરતા પ્રકટે ત્યારે જ મનમાં જપની ધારણા ઊગે છે.

અનેક પ્રકારના આઘાત-પ્રત્યાઘાતને લીધે આપણા શરીરમાં જ્ઞાન-તંતુઓમાં કંપ પેદા થાય છે. એવા કંપના પ્રકાર પણ જુદા જુદા હોય છે. જુદા જુદા કંપથી શરીરમાં જુદું જદું સંવેદન ઉદ્ભવતું હોય છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહમ્ વગેરેના ઉત્કટપણાથી અમુક પ્રકારના આવેગ ને આવેશ પ્રકટે છે; ને તેના આઘાત-પ્રત્યાઘાતોથી જ્ઞાનતંતુઓમાં જુદાજુદા પ્રકારના કંપ પ્રકટે છે. શરીરના આધારમાં એક પ્રકારની સમતા જ સમતોલપણું હોય છે. તેમાં આવા પ્રકારના કંપ ગેરવ્યવસ્થા પ્રકટાવે છે. અશાંતિ-અસમાનતા ઉપજાવે છે. ને તેથી કરીને જ્ઞાનતંતુની સરળતાયુક્ત વ્યવસ્થિતિનો ભંગ થયા કરવાથી જ્ઞાનતંતુની કાર્યક્ષમતા ઘટતી જાય છે ને તેમની ધારણાશક્તિ ઘટતી જાય છે. સમત્વ તૂટે છે, સમતોલપણું ઘટે છે ને તેથી કરીને રોગાદિ થાય છે. જપ કે

મંત્ર એકધારો નિરંતરતાપૂર્વકનો હૃદયથી લેવાયા કરાતો હોય તો તેવા મંત્રની ધારણાથી જ્ઞાનતંતુઓ પ્રાણવાન (tone up) બને છે. તેનાથી જ્ઞાનતંતુઓમાં સમતા, શાંતિ, સમતોલપણું આદિ પ્રકટે છે. જ્ઞાનતંતુમાં એવાં શાંતિ, સમતોલપણું ને સમતા પ્રકટીને એની ટોચ પર પહોંચે છે, ત્યારે શરીરના રોગ પણ તે નિવારી શકવાની શક્યતામાં પ્રકટી શકે છે. એટલા માટે જપમાં ગંગાના પુનિત પ્રવાહ જેવી સતત એકધારી સળંગ નિરંતરતા પ્રકટવી એ ઘણી જરૂરની હકીકત છે. જ્યારે જપમાં એવી ભાવાત્મક નિરંતરતા ઊગે છે ત્યારે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્‌નાં પ્રાકૃતિક વલણો ને ધ્યેયને યોગ્ય મઠારવામાં તે પ્રેરણાત્મક અને કાર્યસાધક બને છે. મનના સંકલ્પ-વિકલ્પ ઘટી જાય છે. ચિત્તનો સાત્ત્વિક પ્રકારનો સંસ્કાર જન્મે છે. પ્રાણની કામક્રોધાદિક વિષયોની સ્ફુરણામાં આપોઆપ ઘણી ઘણી મંદતા પ્રકટે એવી સ્વાભાવિક ભૂમિકા પ્રકટે છે. બુદ્ધિમાં સમત્વ પ્રકટીને તેની ધારણા તેને અખંડપણે રહે છે; ને અહમ્ જે પહેલાં જીવદશામાં દ્વંદ્વાદિક ને ગુણાદિક વિષયોમાં રોકાયેલું રહ્યાં કરતું હોય છે, તે હવે તેમાંથી અટકીને ચેતન પરત્વેના જ્ઞાનપ્રેરક અભ્યાસમાં ગતિ કરવાને પ્રેરાયેલું રહ્યાં કરે છે.

જપમાં શ્રદ્ધા જરૂરી ખરી, પરંતુ એમ તો પ્રત્યેક કંઈક કશું સાકાર કરવાને તે વિષયના કર્મને પરિપૂર્ણપણે પાર ઉતારવાને માટે તે કર્મ પરત્વેની શ્રદ્ધા અનિવાર્ય છે; તેવી શ્રદ્ધા વિના તેવું થઈ શકતું હોતું નથી.

('જીવન-સ્મરણ', આ. ૧, પૃ. ૧૬ થી ૨૨)

૧૩. સત્સંગ અને ચરણમહિમા

મનમાં કોઈ વૃત્તિ ઊઠતાં તો સ્થગિત—static સ્થિતિચુસ્ત નથી રહી શકતી. તો સદ્‌ભાવ કે સદ્‌વસ્તુ પરત્વેની વૃત્તિ કે ભાવના સ્થગિત કેમ રહી શકે? પણ બંને પ્રકારની વૃત્તિમાં ફરક રહે છે. એક તો છે પ્રકૃતિથી જન્મેલી વૃત્તિ, બીજી વૃત્તિ પણ જો માત્ર તેવી જ હોય, ને ગુણાત્મક ભૂમિકા પરથી સેવાયા જશે ને તે પણ માત્ર એક વૃત્તિની નજરે—તો

એમાંથી જીવને તાત્કાલિક તત્ત્વલાભ થવાવારો કદી પણ જન્મી શકશે નહિ. સત્સંગ આદિ ભાવનામાંથી ક્રિયાત્મકશક્તિનો પ્રવાહ ન જન્મી શકે તો માનવીએ વિચારવું રહ્યું. એના ચિંત્વનનો ધોધ એકધારો ચાલુ વહ્યા કરવો ઘટે. જે માર્ગે જવું છે, તે માર્ગ ઉપર તેનું દૃઢ, નિશ્ચયાત્મક વલણ એકાગ્રપણે કેન્દ્રિત થયું નથી, એ જ એનો અર્થ નીકળી શકે. વળી, તેથી એમ પણ જણાય કે તે જીવનું ધ્યેય ભલે પ્રભુભાવ પ્રત્યેનું જણાતું હોય, પરંતુ એ ધ્યેય ઉપર જીવનનું મંડાણપૂર્વકનું, સ્થિરતાપૂર્વકનું વલણ હજુ થયું નથી. છેક ઉપરછલ્લી બુદ્ધિ વડે જ સત્સંગની પ્રવૃત્તિમાં રસ લેવાઈ રહ્યો છે. આટલોયે રસ તે જીવ લે છે, તેનું કારણ તો એના અંતરનો સૂક્ષ્મ અનુરાગ એ સત્સંગની પ્રવૃત્તિ તરફ રહેલો છે તે છે. પણ સૂક્ષ્મ અનુરાગને જીવનમાં, જીવનના સર્વ ક્ષેત્રમાં, સર્વવ્યાપી—સર્વભક્ષી ચેતનાત્મક સ્વરૂપે બનાવવાની કળા હસ્તગત કરવાનું સદ્‌ભાગ્ય તો જેને ખરા જીવનની ધગધગતી ભૂખ લાગે છે એવા જ પામી શકે છે.

જીવનનું ચિંત્વન કર્યા વિના અથવા તો એકધારાપણું હોઈને કોઈ રીતે ચલાવ્યા વિના માનવીનું મન પીગળી શકતું નથી. સદ્‌ભાવની ભૂમિકા હોવી એ એક વસ્તુ છે ને એને જીવનના પરિણામ કે પરિપાકમાં કામ કરાવતી—અનુભવાતી જોવી એ બીજી વાત છે. એવી સદ્‌ભાવની ભૂમિકા મળેલી હોવા છતાં જે જીવ સળવળવાનું કરતો નથી, તે મળેલી મૂડી હોવા છતાં ભિખારીની દશામાં પડી રહેવા જેવું કરે છે.

જો એવું ખરેખર હોય તો એવા જીવે શું કરવું એવો પ્રશ્ન સહેજે ઊઠે છે. એવા જીવે ભાવનાનું જોર કરી, બુદ્ધિનો ઉપયોગ કરી, જીવનના સર્વ પ્રસંગોમાં, સંબંધોમાં, વર્તનમાં, પ્રભુભાવની ધારણા જીવતી રખાવવા કે રહ્યા કરે એ રીતે વર્તવા માટે ભગીરથ પ્રયત્ન કરવો જોઈશે. કોઈ કોઈ ઠેકાણે પાણી નજીકમાં હોવા છતાં તેનું ઉપરનું પડ એવું તો કઠણ પથ્થરવાળું હોય છે કે સુરંગ ફોડતાં પણ તે તૂટતું નથી. જેને સદ્‌વસ્તુ પરત્વેની ભાવનાયુક્ત સમજણ છે, જેણે સંત જીવાત્માઓનો સત્સંગ સેવ્યો છે, તે જીવને પડી રહેલો જોતાં દિલમાં દુઃખની કંપારી વછૂટે છે.

તો શું જે સત્સંગની ભાવના યુગયુગથી સમાજમાં ચાલી આવેલી છે અને આજે પણ જે ભાવના મરી પરવારી નથી, એ ભાવના સાચી કે ખોટી? જો સાચી ગણીએ તો ખામી આપણી કે સત્સંગની? જો સત્સંગની ખામી ગણીએ તો એવા સંત જીવાત્માની હાલની દશા આપણને સૂચવશે કે તેઓ પોતાની દશામાં મસ્ત જેવા છે; અને આત્મદશાનાં પ્રત્યક્ષ લક્ષણ એમના જીવનમાં કે એમના પરિચયમાં આવેલાંઓને પ્રત્યક્ષ અનુભવે સમજાય એવાં હોય છે. જો તેવું તેમના વિષે આપણને લાગે તો પછી આપણી સદ્‌ભાવના તેમના વિષે પૂરી હોવા છતાં આપણી તે ભાવના ભગવાનની ક્રિયાત્મક શક્તિના પ્રવાહરૂપ કેમ નથી બની એ પ્રશ્ન પણ ઊઠે જ. જેવી રીતે રૂપા ઉપર સોનાનો ઢોળ ચડે, પણ વપરાશમાં આવતાં ઢોળ ઊતરી જાય છે, તેવી રીતે સત્સંગનો પાસ તો લાગે, પણ પાછો માનવી સંસારમાં પડીને એનું સેવન-ચિંત્વન ભાવનાના સ્વરૂપમાં ચાલુ રાખી શકતા નથી. પરિણામે આવેલો કે ચઢેલો ભાવનો સ્પર્શ તદ્દન મોળો પડી જાય છે; અને તે માનવી પોતે ખાલી ને ખાલી જેવો જ રહી ગયેલો હોય એમ તેને લાગે છે.

તો શું સત્સંગનો સ્પર્શ પણ મોળો પડી જાય? શું એ પણ નક્કર વસ્તુ નથી? એવા સવાલ પણ ઊઠે. જવાબ એ છે કે સત્સંગના સ્પર્શના સંસ્કાર માનવીના અંતરમાં પડવા એ એક વાત છે, અને તે સ્પર્શ તેના હાલના જીવનમાં કામ કરતો થઈ જવો એ બીજી વાત છે; અને તે એમ કામ કરતો કેવી રીતે બની જાય એ વળી જુદી જ વાત છે.

સત્સંગનો સ્પર્શ (એટલે કે 'તેની ચાલુ જીવનમાં પરિવર્તનકારી અસર') એ કંઈ એક બાજુના બળનું પરિણામ નથી. એનો મેળ તો સદ્‌ભાવથી જીવે પણ પોતાની તરફથી કરવો પડશે. જીવનનાં બીજાં બધાં ક્ષેત્રો કરતાં સત્સંગના સ્પર્શની કિંમત હજારગણી એવા માનવીના મનથી અંકારેલી હોવી જોઈએ. જીવનના સર્વ પ્રસંગો—વર્તન—સંબંધ—વ્યવહારમાં એનું મન સદ્‌ભાવને જ મહત્ત્વ મળ્યા કરે એવી રીતે વર્તતું થઈ ગયેલું હોવું જોઈએ.

એને જ્યાં ત્યાં યુદ્ધ આવ્યા જ કરવાનું બનશે. જેમ જેમ ભાવનાની અખંડતા જળવાયા કરશે, તેમ તેમ તે યુદ્ધની તેવી અનેક પરંપરાઓ અને હારમાળાઓ તેના જીવનમાં અખંડ ધારાવત્ પ્રત્યક્ષ અનુભવશે; એટલું જ નહિ, પણ તેમાં ઝંપલાવ્યા વિના તે રહી શકશે નહિ. એ તો એના જીવનનું એક લક્ષણ બની રહેલું હશે. એનું માનસ સંસારી ઘટનાઓને સંસારીની રીતે વિચારતું જ અટકી જશે. એના તે સત્સંગના સ્પર્શના ભાવ અને પ્રકાર એવા કોઈ ઑર છે કે જમીન ઉપર છે એવું લાગતું હોવા છતાં સંસારના સંબંધોમાં, વર્તનમાં, વ્યવહારમાં, વિચાર-વૃત્તિમાં—બધામાં જ કોઈ એક ચેતનાયુક્ત સાંકળ જોડાયેલી અનુભવશે.

('જીવનસંદેશ', આ. ૨, પૃ. ૫૮ થી ૬૨)

» શ્રીગુરુચરણમહિમા :

શ્રીગુરુચરણ, શ્રીભગવાનના ચરણકમળનો મહિમા ભક્તિમાં અનેકગણો ગવાયેલો છે. ચરણ એટલે ગતિ પ્રેરવનાર-ગતિપ્રેરક. સાધકને ધ્યેયને માર્ગે લઈ જનાર. ચરણમાં સ્થિતિ-સ્થાપકતા પણ છે, ગતિ પણ છે ને ઊર્ધ્વપણું પણ છે; તેથી તેમાં ત્રણે ગુણોનો સમાવેશ પણ થાય છે ને તેનાથીયે તે પર પણ છે.

ચરણ જેને તેને સ્પર્શે છે. વળી તે તેના ઉપર ટકતાં હોવા છતાં તેના તેનામાં જે જડાઈને રહેલાં નથી. જેને જેને સ્પર્શે તેને તે ઓળખી લે; પણ તે તેનામય થઈ જતાં નથી—એને પાર કરે છે; એના ઉપર તે રહે છે. જેના પર થઈને તે જાય તેના ગુણદોષને તે પિછાણે ખરા, પણ તે મનમાં કદી સંગ્રહી રાખતા નથી.

ચરણ ઉપર જ જે તે બધું ઊભું રહી શકે છે. ચરણથી જ જ્યાં જ્યાં જવાનું હોય ત્યાં જઈ શકાય છે. ચરણ જ શરીરના આધારરૂપ છે, છતાં તેની કશી ગણતરી ના હોય તેમ તે પ્રવર્ત્યા કરે છે. એ એક મહત્ત્વનું અંગ હોવા છતાં કશા જ મહત્ત્વનું ન હોય એવું લાગે છે. ચરણની ભાવનામાં જ્ઞાનભક્તિપૂર્વકની નમ્રતા રહેલી છે. તેવું આપણાથી થવાય તે કાજે પ્રતીક—symbol—તરીકે આધ્યાત્મિક માર્ગમાં એની પૂજાને સ્થાન

છે, પણ તે જડ રીતે નહિ. તે નીચામાં નીચા હોવા છતાં આપણને તે જ ટટ્ટાર રખાવી કે રાખી શકે છે. તે જો નબળા હોય તો શરીર નબળું જ પડે. જેનાં ચરણ સાબદાં હોય તે પણ તેવો જ હોય. ચરણની સાથે જ જે તે બધું સંકળાયેલું છે. ચરણનો મહિમા જેને સ્થૂળ અર્થમાં સમજાય તે તો ચરણને તેની યોગ્યતામાં જો રાખી શકે તો આખાયે શરીરને માનવી તેની યોગ્યતામાં રાખી જ શકે. ચરણનો જ્ઞાનભાવ તો દાસાનુદાસ છે. ભક્તિ-ભાવ તો પોતે નીચામાં નીચે પદે રહીને પણ ટટ્ટાર રહી શકે છે; તેવી જ્ઞાનદશામાં પ્રકટવા કાજેની એની એવી ધારણા છે. ચરણ વિના બીજો ક્યાંયે આધાર નથી. તેમ આપણામાં પણ રજનીયે રજ થયા વિના જીવનનું યોગ્ય થવાપણું નીપજવાનું જ નથી. ચરણથી જ શરીરની સાર્થકતા છે. ચરણ પોતે શરીરને સધ્ધર રાખે છે. તેથી તેવી જ્ઞાનભક્તિપૂર્વકની હૃદયની નમ્રતા પ્રકટ્યા વિના જીવનવિકાસ દુર્લભ છે. ચરણનો મહિમા એટલે જીવનવિકાસ કાજેની એક પ્રાથમિક જરૂરિયાત—મુખ્ય ને મહત્ત્વના અંગ તરીકેની શરત; નમ્રતા કેળવવાનું તે પ્રત્યક્ષ પ્રતીક છે. ચરણમાં જ જે તે સમાયેલું છે. ચરણનાં તળિયાંની ચામડી ઘણી જ બરછટ—જાડી હોવા છતાં, તેમાં જે સૂક્ષ્મપણું રહેલું છે તેવું શરીરના બીજા ભાગોમાં નથી. રાત્રે અંધારામાં ચાલતાં પણ જો પગ તળે સુંવાળું સુંવાળું કંઈક આવે તો પગને એકદમ ખબર પડી જાય છે, પગ તળે કશુંક દબાતું હોવા છતાં પણ એને કચરી દેતા નથી. જીવનમાં એવું જ્ઞાન-ભક્તિભાવે પણ વર્તવાની જરૂર રહ્યા જ કરે છે. ચરણમાં બરછટપણું હોવા છતાં એના સૂક્ષ્મ ભાવમાં ફરક પડી શકતો નથી. એ પોતે જડ જેવો હોવા છતાં એના ચેતનપણામાં ફરક પડતો નથી. ચરણ ચાલે છે, ત્યારે એને કશું ને કશું તો દબાવવું જ પડે છે. એ ચાલે છે ત્યારે રસ્તો કાપ્યા જ કરે છે ને જીવનસાધનામાં પણ એમ જ બન્યા કરતું હોય છે. ચરણની રજનીયે રજ થયા વિના કોઈ જીવનો જ્ઞાનમાર્ગે ઉદ્ધાર નથી, એમ જે કહ્યું છે એનો અર્થ સરળ અને સહેલો છે. સંપૂર્ણ નિરાભિમાની અને ભક્તિજ્ઞાનપૂર્વકની નમ્રતાની છેલ્લામાં છેલ્લી હદ સુધી જીવથી પહોંચાયા વિના તેની ઊંધી ગતિ થવી કદી પણ

શક્ય નથી. તે ઉપરાંત વળી સાચા અર્થમાં આપણે કશું જ નથી. તેમ જ આપણાથી કશું થઈ શકતું હોતું નથી, જે તે કર્તા–કારવતા ચેતન જ છે. જે કંઈ થતું બનતું દેખાયા કરે છે, તે સઘળું ચેતન દ્વારા જ બનતું હોય છે. એ ચેતનને વ્યક્ત થવાની ભૂમિકા માનવીમાંથી ગુણભાવનું અહમ્ નષ્ટ નથી થતું ત્યાં લગી પાકી શકતી નથી. એટલે માનવી સાચી રીતે પરમ મંગળમય ચૈતન્યની રજનીયે રજ નથી.

શરીરની રચનામાં અર્ધો ભાગ તો ચરણ રોકી લેતાં હોય છે. એ રીતે જોતાં ચરણનું મહત્ત્વ શરીરમાં જેમ છે તેમ, એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવામાં ચરણ જ માનવીનું યોગ્ય સાધન છે. માનવીનું મન એવું ન બને ત્યાં લગી ઊર્ધ્વ ગતિ શક્ય નથી. મનને બોધ પ્રેરાવવાને તે પોતે કેવા સાધનથી ને કેવી રીતે થઈને ઊર્ધ્વ ભૂમિકાને યોગ્ય બનવાનું છે, તેનો દાખલો લેવાના કાજે એ તેને માટે ઉત્તમ નમૂનો છે.

સંત-મહાત્મા-ઉચ્ચાત્માની ચરણરજ માથે ચઢાવવાથી માનવી પાવન થાય છે એવી માન્યતા સમાજમાં પ્રચલિત છે. પરંતુ એવી રીતે ચરણરજ માથે ચઢાવવાથી જ કોઈ જીવનું કશું વળતું હોતું નથી. નમવું એટલે જેને નમન કરવામાં આવે છે, તેનામાંથી ગ્રહણ કરવા લાયક જે કાંઈ ઉત્તમ હોય તે ગ્રહણ કે સ્વીકાર કરવાની હૃદયની ઉત્કટ ભાવનાથી નમીને તે લેવા જવાનો ભાવ રાખવો તે. નમવું એ પોતાના જીવનવિકાસ અંગે છે. સ્થૂળ નમવામાં કશો લાભ નથી, બલ્કે દંભ વધવાનો પૂરો સંભવ રહે છે. જે કાર્ય પાછળ હૃદયની જીવતી જાગતી, જાગ્રતિપૂર્વકની ચેતના તથા તે કાર્ય માનવી જીવનને કદી પણ ઊર્ધ્વ જીવનમાં લઈ જઈ શકતું નથી. જે ગતિમાંથી આપણા જીવનમાં જીવંત શ્રદ્ધા જન્મે, ને જે ગતિમાંથી હૃદયમાં ભક્તિની પ્રેરણા જાગે ને સચરાચરમાં વ્યાપ્ત રહેલા ચૈતન્યને અંતરના ઉમળકાથી પ્રણામ કરવાની સહજ ઊર્મિ જાગે ને એવું જ્યાં જ્યાં ને જ્યારે જ્યારે થાય ત્યાં ત્યાં 'મારા શ્રીગુરુનાં ચરણ છે'— એમ અનુભવવું. શ્રીગુરુ એટલે શરીર નહિ, તેમ તેની તેજસ્વી પ્રભા પણ નહિ, પરંતુ તેના જીવનની અલૌકિક, દિવ્ય, રમ્ય ને ભવ્ય શક્તિ, ને તેના જીવન દ્વારા ગતિમાન થઈ રહેલું ક્રિયમાણ થઈ રહેલું વ્યક્ત

જીવંત દૈવત. સંત-મહાત્માઓને પગે લાગવાથી કશું વળે નહિ. જે કર્મ થતી પળે સાધનાનું જેમાં જીવંત જ્ઞાન નથી એવું કર્મ એ કર્મ નથી, પરંતુ ઊલટું વેઠરૂપ છે. આંધળું અનુકરણ કર્યે પણ કશું ના વળે. કોઈ પણ મહાન આત્માની જગતમાં પ્રતિષ્ઠાથી અંજાઈ ગયે પણ જીવનો ઉદ્ધાર નથી. પરંતુ એ સાધુ, સંત, મહાત્માઓમાં જે પ્રચંડ ઝળહળતી ચેતના જાગી રહેલી છે અને તેમનામાં અથવા તેમની દ્વારા જે કંઈ નવું સર્જન કરવાને તેમનામાંનું તત્ત્વ ઈચ્છે છે, તે તત્ત્વના ભાવને સાધક જો જ્ઞાન-ભક્તિપૂર્વકની ધારણાથી હૃદયમાંથી આવકારવાનું કરે, એટલું જ નહિ પરંતુ એને કામે લગાડ્યા કરવાની કળા શીખે તો જ આપણને કંઈ સાચું તત્ત્વ મળી શકવાનું છે. સંત-સાધુ-મહાત્માઓનાં ચરણકમળનો મહિમા અનેક જ્ઞાની સંતભક્તોએ ગાયો છે. પરંતુ તેનો જ્ઞાનભક્તિપૂર્વકનો જીવતો ખ્યાલ આજે સમાજમાં નથી. સમાજ આજે ચરણમાં પડે છે ખરો, પરંતુ એની એ ટેવમાં ક્યાંય જીવતાપણું નથી. એ તો ખાલી અજ્ઞાનતા ભરેલી જડતા છે. એવી ટેવથી ઉદ્ધાર થવો તો ક્યાંય રહ્યો પણ પતન જ થાય. સંસાર-વ્યવહારના કર્મમાં પણ જડસુ માનવી તે તે કર્મનો કંઈક ખ્યાલ રાખતો હોય છે. જો તે સાચું હોય તો સાધનાના માર્ગમાં કર્મમાં રાખવાનો જીવંત હેતુ કેટલો બધો પ્રાણવાળો હોવો ઘટે, તે સમજી શકાય તેવું છે. સાધનામાંથી માનવીની દૃષ્ટિશક્તિ ખીલતી જવી જોઈએ તો જ કર્મમાં અને પ્રત્યેક કર્મથી જીવનની ગતિ થવાનો પૂરતો સંભવ રહે છે.

ચરણની સેવા કે ભક્તિ એ તો જીવનમાં જીવનને ગતિ આણવા કાજે છે. સંત, સાધુમહાત્માઓ તો ચાલતા જ હોય છે. તેઓ કદી પણ સ્થિર, સલામત સ્થિતિમાં હોતા નથી. એટલે તેઓ એક રીતે ગતિમાન ચરણરૂપે જ છે અને તેઓ **'સર્વભૂતેહિતરત'** છે, એવો એમનો સહજ સ્વભાવ છે. એમાં એમને કશું વિચારવાપણું રહેતું નથી. એવા જીવતા ચરણનો આદર્શ ખ્યાલમાં રહે એ કાજે ગુરુચરણનો મહિમા ગાયેલો હશે એમ હું માનું છું. **('જીવનપાથેય', આ. ૩, પૃ. ૧૦ થી ૧૫)**

૧૪. પ્રાર્થના

પ્રાર્થના એ તો જીવનનો પ્રત્યક્ષ સહારો છે. જીવનને યોગ્ય બળ, પ્રેરણા, સહાનુભૂતિ, ધીરજ, હિંમત એવું એવું પ્રાર્થનામાંથી મળી રહે છે—જો પ્રાર્થનાની કળા સાધકને સાંપડી હોય તો. જેમ શરીર સાફ રાખવા નિયમિત નહાવાનું છે, તેમ અંતઃકરણને સ્વચ્છ ને શુદ્ધ રાખવા માટે પ્રાર્થના છે. પરંતુ તે સ્વંય ઊર્મિથી ને ભાવનાથી થવી જોઈએ. પ્રાર્થના જીવનને તેજસ્વી બનાવે છે. પ્રાર્થના એ કાંઈ લૂલી લૂલી લાગણીની વ્યક્તતા નથી; પરંતુ લાગણીને યોગ્ય પ્રકારનો આકાર આપવાનું એ તો એક ઉત્તમ સાધન છે. પ્રાર્થનાના એકધારા ભાવભીના અભ્યાસથી કર્મોના દોષો ઓછામાં ઓછા થતા હોય છે. તેથી જીવનમાં સદ્‌વિચારોની પ્રેરણા પણ સાંપડે છે.

કોઈની સેવા કરવી, સદ્‌વર્તાવ કરવો, સત્કર્મો કરવાં, સદાચારી ને પરોપકારી રહેવું ને થવું એ બધી પ્રાર્થનાની જ એક પ્રકારની રીત છે; પરંતુ આપણા માર્ગમાં સૌથી ઊંડી અસર કરે એવી પ્રાર્થના તે ઈશ્વરનું ધ્યાન, મનન, ચિંત્વન છે. પ્રાર્થનાના અભ્યાસથી મનાદિ-કરણોમાં શુદ્ધિ પ્રાપ્ત થાય છે. જીવનવિકાસમાં પ્રાર્થનાનું મહત્ત્વ અપાય છે. પ્રાર્થનાની પણ આપણને ગરજ લાગી જવી જોઈશે. તે વિના તેમાં સાચો ભાવ પ્રકટી શકતો નથી. પુરુષાર્થથી બનવા કાજે ઘણો કાળ લાગે, અને કોઈક વાર તો અશક્ય જેવું લાગે તેમ છતાં પ્રાર્થનાના બળથી તેવું તેવું થઈ જતું ઘણાંએ અનુભવેલું છે. (**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૭૧–૨૭૨**)

• • •

પ્રાર્થના જેવું ચેતનવંતું ને બળવાળું બીજું કોઈ સાધન નથી. હૃદયમાં હૃદયના સાચા ભાવથી આર્તનાદે ને આર્દ્રભાવે જે જીવ એનો આશરો લે છે, એને તેવી પ્રાર્થના કદી નિરાશ કરતી નથી. એવી છે પ્રાર્થનાની અંતરતમ શક્તિ. પરંતુ જીવની કેવી પરમ લાચારી છે કે એને પ્રાર્થનાનું શરણું લેવાનું કદી સૂઝતું નથી! કોઈક જીવ કરે છે તો તે કેવી લૂલી લૂલી પ્રાણ વિનાની. જ્યારે કંઈક સાચી ગરજ જાગે, કંઈક ઊંડું દર્દ થાય,

ઘણું ઘણું સાલવા માંડે, ત્યારે જે પ્રાર્થના થાય છે એટલે કે જે પ્રાર્થનાના ભાવમાં અંતરનું દર્દ વ્યક્ત થાય છે, તેવી તે વેળાની પ્રાર્થનાનો ભાવ વળી કંઈ ઑર હોય છે. પ્રાર્થના તો સકળ કંઈ કામ કરતાં કરતાં થઈ શકે. તે કેટલું સરળ, સહજ ને ઉત્તમ સાધન છે!

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૭૧–૭૨)

● ● ●

બાળકને જોતાં એના જેવી નિર્દોષતા જીવનમાં પ્રકટો, કોઈ પ્રેમી ખરા હૃદયના પ્રેમવાળું જોઈએ તો એમના જેવો ખરેખરો પ્રેમ પ્રભુ પરત્વે આપણા જીવનમાં પ્રકટો; કોઈ કાર્યનિષ્ઠ, કાર્યરત જીવને જોઈએ તો એના જેવી લઢણ આપણા ધ્યેય પરત્વે આપણને પ્રકટો; કોઈ સાધુ-પુરુષને જોતાં એમના જેવી સાધના કરવાની તીવ્ર તત્પરતાવાળી ભાવના અને શક્તિ તથા એવું ઓજસ આપણામાં પ્રભુકૃપાથી પ્રકટો, કોઈ નિર્મળ ભાવવાળાં બહેન કે મા જોઈને એમના જેવી નિર્મળતા આપણામાં પ્રકટો; કોઈ નૈસર્ગિક સુંદર દૃશ્ય જોવાતાં એના જેવો પ્રભુનો આવિર્ભાવ આપણામાં ઉદ્ભવો; વેગવંતી નદીને જોતાં એ જેવા ઉત્સાહ અને ઉન્માદથી અવિરતપણે ધસારાબંધ જેમ પોતાના ધ્યેય પ્રતિ ધસ્યા કરે છે, એવું આપણા જીવનમાં મળતા અનેક પ્રસંગોમાં અને દૃશ્યોમાં એવો ભાવ જાગ્રતિ રાખીને, પ્રકટાવીને, હૃદયમાં કેળવીને ધ્યેયના હેતુને ફળવવા અર્થે જે તે પ્રકારની હૃદયમાં પ્રાર્થના કરવી તે પણ એક મોટું સાધન છે. **('જીવનસંશોધન', આ. ૧, પૃ. ૨૮૭)**

» પ્રાર્થનાભાવે પ્રવૃત્તિઓ :

(અનુષ્ટુપ)

અન્ન કે સ્થૂળ એવું જે આવે તે ઉપયોગ સૌ;
ચેતના-શક્તિ પ્રેરાવા મળેલા ધારીને ગ્રહો.

('જીવનપગલે', આ. ૧, પૃ. ૧૭)

અન્નથી તો ટકે પ્રાણ, અન્નમાં ચેતના ખરે,
શક્તિ જન્માવવા કેરી જીવને ધારવી ઘટે.

પાણી ઓગાળવાને છે, આપણામાંની વક્રતા,
પાણીને લેતી વેળાએ રાખજો એવી ધારણા.

દુર્વૃત્તિરૂપ સૌ ત્યાગ મળ વાટે જતો દીસે
થવાવા દૂર તેવું સૌ તે વેળા પ્રાર્થજો હૃદે.

સૂતી વેળા સૂઈ જાતું, આપણામાંનું સ્થૂળ તે,
'જાગતાં સૂઈ તે રે'જો, પ્રાર્થજો એવું તે પળે.

પ્રાર્થનાભાવ હૈયામાં દઢાવી કર્મ સૌ કરો,
વિના ભાવ થતાં કામો, નકામાં સર્વને ગણો.

પ્રાર્થના દિવ્ય શક્તિની શુદ્ધ આધાર સૌ થવા,
ધારી ત્યાં ધારણા એની તે તે સર્વ કર્યા જજો.

('કર્મગાથા', આ. ૧, પૃ. ૧૦૬, ૧૧૮)

૧૫. ગુરુ

કોઈ પણ વિષય કે કાર્યક્ષેત્રમાં કોઈ સારો ને સહૃદયી હોશિયાર શીખવનાર પ્રત્યક્ષપણે મળી જાય તો તે વિષયમાં કે કાર્યક્ષેત્રમાં કુશળતા મેળવવી શીખનારને ઘણી સહેલી થઈ પડે છે. સંસારમાં જ્યાં જ્યાં નજર નાંખીશું, ત્યાં ત્યાં માલૂમ પડશે કે દરેક વ્યક્તિ કોઈ ને કોઈ શીખવનાર પાસેથી પોતાને જોઈતું શીખી લે છે. અજાણ્યા પર્વત પર ચઢવું હોય તો આપણે ભૂલા ન પડીએ, સંકટોમાંથી ઊગરી જઈએ તે કારણે ભોમિયાને સાથે લઈએ છીએ. તેવું જ અધ્યાત્મમાર્ગે છે.

જેને પ્રભુના માર્ગે વળવું છે, અંતર્મુખ થવું છે, ભગવાનને શરણે રહેવું છે અથવા ઊર્ધ્વગામી જીવન પોતાનામાં ઉદ્ભવાવવું છે, તેણે એવા કોઈક સાથે સંપર્ક સાધવો જરૂરી છે. પેલાના સંપર્ક ને સંબંધને પરિણામે પોતાનામાં ઊર્ધ્વગામી પ્રવાહો અથડાય અને જન્મે એવી વ્યક્તિ-વિભૂતિ નિરાસક્ત, અહંરહિત, દ્વંદ્વાતીત, ત્રિગુણાતીત અને ભગવાનની

ભાવનામાં સદાય રત હોવાથી સાધારણ માનવીમાં જે રાગાત્મક પ્રવાહો પડેલા છે, તેનાથી ઉચ્ચ કોટિના પ્રવાહો તે જીવમાં અથડાશે. જોકે સાધકને શરૂમાં આની જાણ થઈ શકતી નથી, પરંતુ આગળની કક્ષાઓમાં જાણ થઈ શકે છે—અને એક જાતનું સંઘર્ષણ થઈ મંથન જાગશે—આમ સામસામા રાગાત્મક અને અરાગાત્મક પ્રવાહો જાગ્યા કરતા હોવાથી જીવની ચેતનાશક્તિમાં જરૂર ફેરફાર થવા માંડશે. જ્યારે આપણા બીજા સંબંધો પાર્થિવ હોવાથી એવા સંબંધો આપણને પાર્થિવપણાથી ઉપર લઈ જઈ શકતા નથી. ગુરુની પ્રથા આ કારણે હશે.

કેવળ સંપર્ક કે સંબંધ એકલાથી આપણને સામી વ્યક્તિનું ચિંત્વન થતું નથી, પણ એમાં જ્યારે રાગ કે આસક્તિ પ્રકટે છે, ત્યારે તેનું ચિંત્વન થયા કરે છે—ને રાગ જેટલો વધુ તેટલું ચિંત્વન વધુ—તેમજ એવા ગુરુ પ્રત્યે પણ એ ખૂબ પ્રેમ જામ્યા કરશે તો એનું ચિંત્વન પણ જરૂર સવિશેષ રહેશે. ગુરુ પ્રત્યેના પ્રેમનો હેતુ આપણી ચેતનાને જગાડવાનો, જગાડીને ક્રિયાત્મક બનાવવાનો અને તેમ થતાં થતાં, આપણું સર્વાંશે દિવ્ય રૂપાંતર થવાનો છે. આ સંબંધના હેતુમાં પૂરેપૂરી રીતે જ્ઞાન અને ભાન હોવા ઉપરાંત ગુરુ પ્રત્યેનો આપણો ભાવ Receptive and Responsive–ગ્રહણાત્મક અને ક્રિયાત્મક સહકારવાળો હોવો જોઈશે. ખરી આતુરતાભર્યાં વલણ, વૃત્તિ ને દૃષ્ટિ આપણામાં કેન્દ્રિત, એકાગ્ર અને હૃદયથી રહેવાં જોઈશે.

('જીવનસંદેશ', આ. ૨, પૃ. ૪૪, ૪૫, ૧૦૪)

(અનુષ્ટુપ)

ગુરુ ના દેહધારી છે, ગુરુ તો સૂક્ષ્મ ભાવ છે,
ગુરુ આધાર ભૂમિકા પામવા ગૂઢ તત્ત્વને.

('જીવનપાથેય', આ. ૩, પૃ. ૫)

પ્રસંગે પ્રસંગે જે સદ્‌ગુરુની સમજણ પ્રવર્તતી હોય છે, ને સમજણ, વ્યવહાર વર્તન, પ્રસંગમાં તે બીજાને દોરવણી આપે છે; તે હકીકત તથા તેમનું કર્મ-કૌશલ; એનો સૂક્ષ્મ વિવેક; એની જેમાં તેમાંથી તારતમ્ય શોધી લેવાની કળા, જરાક જેટલા પરિચયમાં પણ આવતાં કોઈની પણ

પ્રકૃતિની યોગ્ય સમજણ પ્રકટી જવી; પ્રસંગને તેની યથાર્થતામાં સમજવાની તેની સૂઝ; સર્વ મળતા જીવોને સમજવાની ને તેમના તેમના યથાર્થપણામાં સ્વીકારવાની શક્તિ, જુદી જુદી પ્રકૃતિ અને સ્વભાવના જીવો સાથે એનો વર્તનપ્રકારના સુમેળભાવ, ને તેવા તેવા જીવો સાથેની તેની સુમેળભાવની વર્તનકળા, વૃત્તિ, વિચાર, ભાવના આદિનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ સમતાપૂર્વકનું નિરીક્ષણ, અવલોકન, પૃથક્કરણ કરી કરી તેનું યથાસ્થાને શું શું યથાયોગ્યપણું હોઈ શકે એનું સ્પષ્ટ હકીકતપણામાં વર્ણન કરી બતાવવું; પ્રત્યેક મનાદિકરણના પ્રાકૃતિક ધર્મ અને ગુણોની રમત અમુક અમુક કક્ષામાં કઈ કઈ ને કેવી કેવી હોઈ શકે તેનું યોગ્ય આકલન કરીને તે આપણને સમજાવવાનું બની શકવું; તેવાના જીવનની બીજી લાક્ષણિક ઢબો; એવાથી અનેક પ્રકારના જુદા જુદા થતા રહેતા અનુભવો, એવાનાં સંબંધ-સંપર્કના પરિચયથી ઓછા-વધતા પ્રમાણમાં કોઈ કોઈ બદલાતી રહેતી પ્રકૃતિના દાખલાઓ; એનું નિરહંકારીપણું, નિર્મળત્વપણું, એની અપાર નિઃસ્પૃહતા અને સાથે સાથે અપરંપાર સ્પૃહા, એનો રાગ અને રાગનું અભાવપણું; આપમેળે જે તે કંઈ બન્યા કરે, એ જ કર્મ એવી એની સમજણ ને વર્તન; કર્મને કે સંબંધને ખોળવા જવાની જરા સરખી પણ વૃત્તિનો તદ્દન અભાવ; જેના વડે કરીને આપણા જીવનમાં ધીરજ, હિંમત, સહનશીલતા, મતસહિષ્ણુતા, પ્રેમ, સર્વ પરત્વે સદ્‌ભાવ ને સમભાવ આદિ પ્રકટેલાં અનુભવી શકાય છે; જેના વડે અણદીઠ, ઓચિંતી, કંઈક કશા વિશે પ્રેરણા મળ્યા કરતી હોય છે—જેના વડે આપણું સારુંય જીવન ઊર્ધ્વગામી થયે જતું જણાયું છે; જેના વડે કરીને આપણાં શારીરિક દર્દો સાથેની તેની તાદાત્મ્યતા તેના શરીર પર અનેક વાર પ્રત્યક્ષ અનુભવે વર્તાઈને જેણે આપણાં દુઃખોમાં સહભાગી બનીને આપણને સરળતા ને હળવાશ કરી દીધાં છે—વગેરે વગેરે બધાંથી કરી સદ્‌ગુરુની યથોયોગ્યતા સમજી શકાય તેવું હોય છે. આવું જો બધું તેનું આપણને તદ્દન વાસ્તવિક લાગતું હોય તો પછી એવાને આપણે સ્વીકારવો તે યથાયોગ્યપણે છે—એમ માનવું ને જાણવું.

('જીવનપોકાર', આ. ૨, પૃ. ૨૩૧ થી ૨૧૬)

વ્યાયામ શિક્ષકનું કાર્યક્ષેત્ર શરીર-વિકાસ છે. શિક્ષકનું કાર્યક્ષેત્ર મનોવિકાસ કે બુદ્ધિવિકાસ છે, તેમ ગુરુનું કાર્યક્ષેત્ર માનવસ્વભાવનું દિવ્ય રૂપાંતર કરવાનું છે; શીલ-વિકાસનું કાર્ય ભાગ્યે જ શિક્ષકના કાર્યક્ષેત્રમાં આવી જાય છે. માનસિક વિકાસ થોડોઘણો શિક્ષક કરાવી શકે છે, આધ્યાત્મિક વિકાસ થતો હોય તો બહુ જ નજીવો ને આડકતરી રીતે. આમ જ્યાં શિક્ષકનું કાર્ય પૂરું થાય છે ત્યાંથી શ્રીસદ્‌ગુરુનું કાર્ય શરૂ થાય છે.

લાગણીઓ, પ્રેરણાઓ, પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત, સંસ્કાર, સુષુપ્ત માનસ, વગેરેમાં જે જે કુટેવો ગળે ઘંટીના પડ જેવી લટકતી રહ્યાં કરીને સાધકનો આત્મિક વિકાસ અટકાવતી હોય છે, તે બધી દૂર કરી અથવા શુદ્ધ કરી, આત્મસ્થિતિમાં પ્રકટાવવામાં સાધકની પ્રથા અને શ્રીસદ્‌ગુરુ સહાય કરે છે. ગુરુનું કાર્ય માત્ર બોધ દેવાનું નથી, પરંતુ સાધકની સુષુપ્ત શક્તિઓને છતી કરી જાગ્રત કરવામાં મદદરૂપ થવાનું છે.

આવા અતિ સૂક્ષ્મ કાર્ય માટે કુદરતી રીતે સાધન પણ સૂક્ષ્મ યોજાતું હોય છે. આ સાધન એટલું તો સૂક્ષ્મ હોય છે કે સાધકને શરૂમાં તો ખબર પણ પડતી નથી, કે પોતે ગુરુની અસર નીચે પ્રવર્તતો હોય છે. અલબત્ત, આ વિદ્યામાં વાણી છેક વર્જ્ય નથી, પરંતુ સૂક્ષ્મ સંબંધ કરતાં ઉપદેશાત્મક વાણી ઓછી અસરકારક હોય છે ને તેથી તેનો ઉપયોગ પણ ઓછો કરવામાં આવે છે. આવા જ કોઈ કારણસર સદ્‌ગુરુ અને સંતો ઘણીવાર નિષ્ક્રિય અથવા તદ્દન સ્થગિત જેવા દેખાય છે અને તે કેવળ જગતમાંનાં આંદોલનો પરત્વે જ નહિ પણ જેઓએ એમને માર્ગદર્શન માટે સ્વીકાર્યા હોય તેવાઓ પ્રતિ પણ, ખરી રીતે પેલા સાધકો કે જગત જાણે કે ભલે ન જાણે, તેમ છતાં તેઓ તો સૂક્ષ્મ અને અદૃશ્ય રીતે, પેલાઓના હિતના કારણે જ ખૂબ જ પ્રવૃત્તિશીલ રહ્યા કરતા હોય છે. તેઓ વાણી દ્વારા ઉપદેશ આપે કે ન આપે, સાધકોને સમીપમાં રાખે કે દૂર રાખે, તો પણ આધ્યાત્મિક શક્તિનાં આંદોલનો સાધકોના વ્યક્તિત્વમાં ઊંડા પ્રવેશીને, તેમનું પરિવર્તન કરવા માંડે છે. સાધકની નિદ્રાવસ્થા વેળા જ્યારે તેના આંતરસત્ત્વને પહોંચવું કૈંક વધુ સુગમ હોય છે, ત્યારે પણ શ્રીસદ્‌ગુરુ આવાં આંદોલનોનો ઉપયોગ કેટલીક વાર કરતા હોય છે.

સાધકનાં આંતર-મંથનો તથા તેની સમીપ ખડા થતા કોયડાનું જ્ઞાન ગુરુને હોવાથી તે એવા કોયડાનો ઉકેલ કદીક કદીક વાતવાતમાં ત્રીજી વ્યક્તિની સાથે વાત કરતાં જ આપી દેતા હોય છે. સાધકે આ કારણે ખૂબ જાગ્રત રહેવાની જરૂર પડતી હોય છે ને તેની ચકોરતાને તાલીમ પણ મળતી રહે છે. કેટલીક વાર કડવા અનુભવે જ શીખવા દેવાની ગુરુની દેખીતી રીતે નિર્દય પદ્ધતિમાં, સાચી કરુણા, ડરામણ ને પ્રેમ સમાયેલાં છે, એમ સાધકને ભાન થાય છે. જે પોતાના એકમાત્ર સાચા ને પ્રેમપૂર્ણ હિતકારીને તે ભ્રમણામાં તણાઈને મનમાં દોષ દેતો હતો એવું ઝળકતાં તે વળી વધારે ગુરુ પ્રતિ આકર્ષાય છે. હવે એને સૂઝે છે કે કપરા સંજોગોમાં જાણી જોઈને એને મૂકવામાં આવ્યો તો જ એની અંદર દટાઈ રહેલી શક્તિ જોર કરીને ફૂટી નીકળી ને લાભ થયો. ઊંડા પાણીમાં હડસેલનાર ગુરુ તરફડિયાં મારી કિનારે પહોંચવાના તેના પ્રયાસમાં ગુપ્ત સહાય આપનાર પણ ગુરુ છે. કેટલીક વાર દુન્યવી કાર્યોનો લગભગ અસહ્ય બોજો નાંખીને ગુરુ તેની પ્રગતિ સાધતો અથવા પીછેહઠ કરાવતો લાગે, પરંતુ એમાં પણ એને કલ્યાણકારી પરિણામ સાધક અનુભવે છે. શ્રદ્ધાની આકરી કસોટી થાય એવાં કાર્યો પણ ચીંધવામાં આવે છે. આવી બધી પ્રવૃત્તિઓ દ્વારા શ્રીસદ્‌ગુરુનો હેતુ પોતાની સાથે સાધકની ચેતનાની સાંકળ દૃઢ અને અતૂટ થવા માંડે તે પણ હોય છે. કેટલીક વાર સૂક્ષ્મ, દ્વિઅર્થી કે અનેક અર્થી વાણીનું પણ અવલંબન સાધકની સૂક્ષ્મતા, ચકોરતા અને વિવેકશક્તિના વિકાસ માટે લેવામાં આવતું હોય છે.

શરૂઆતના સાધકને કેટલીક વાર અનુભવ થાય છે કે ગુરુ એની યોગ્ય કે અયોગ્ય એવી ઘણી ઈચ્છાઓ પૂરી કરે છે; અને ગુરુને આથી કેટલીક વાર ઘણું સહન કરવાનું આવે છે. તો તેને તે પોતાનું પ્રારબ્ધ ભોગવાઈ જાય છે; એમ જાણીને તેવું બધું થવા દે છે. જ્યારે સાધકને આની જાણ થાય છે, ત્યારે એનો ગુરુ પ્રત્યેનો ફુવારો જોરથી ફૂટી નીકળે છે. શરૂઆતમાં સાધકને જાણ નથી થતી કે પોતે કોઈ સૂક્ષ્મ અસરને પરિણામે ઘડાતો જતો હોય છે. તે વખતે દુઃખદ લાગતા અનુભવો પણ

એને થવાના; પરંતુ જો એવા વિષમ સંજોગોને પણ તે આનંદપૂર્વક સ્વીકારી લે છે તો પ્રગતિ ઝટ થાય છે. કો'કવાર ગુરુ પોતાની દિવ્ય ચેતનાશક્તિનો સહજ પરચો પણ સાધકને બતાવે છે—જેને સાધક ચમત્કાર તરીકે લેખતો હોય છે અને એ સાધન દ્વારા પણ સાધકને પોતાના પરત્વેના આકર્ષણમાં પ્રેરવતો હોય છે. કેટલીક વાર આઘાત આપીને પણ પોતાનાં મન, બુદ્ધિને સંકોરીને સતેજ કરીને પોતા તરફ વાળતો હોય છે. જેમ મા પોતાના બાળકને કો'કવાર હસાવે છે, કો'ક વાર પટાવે છે તો કો'ક વાર રડાવે છે, ને કો'કવાર તેની સાથે ગુસ્સે પણ થાય છે, તેમ ગુરુ સાધક સાથે વર્તતો હોય છે. પરંતુ અલબત્ત માની જેમ પ્રકૃતિવશપણે નહિ, કિન્તુ સભાન–સજ્ઞાનપણે–પ્રકૃતિ પરના સ્વામિત્વ સાથે હેતુપૂર્વક સાધકની પ્રગતિ જેમ જેમ સધાતી જાય છે તેમ તેમ તેને પ્રતીતિ થતી જાય છે કે ગુરુનું માર્ગદર્શન ને વર્તન કશા પણ અગાઉથી કરાયેલ વિચારથી પ્રેરાયેલ નહિ પણ સહજ અને સ્વતઃ સ્ફુર્ત હોય છે અને એનો એકેએક કાર્યમાં, વાણીમાં અને હાવભાવમાં ગૂઢ હેતુ પણ સમાયેલો હોય છે. એવો કોઈ જાતનો મત કે સિદ્ધાંત નથી હોતો કે ગુરુનો પોતાનો આગવો અંગત ગણાય. એ તો પળપળ બદલાતી પરિસ્થિતિ અને વ્યક્તિને–સાધકને–યોગ્ય જે જાતનું ત્યારે લક્ષણ ને વર્તન ઘટિત હોય તે તટસ્થતાપૂર્વક રાખે છે. તેનું આજનું વર્તન કાલ કરતાં તદ્દન ભિન્ન પ્રકારનું પણ હોઈ શકે છે.

('જીવનસંદેશ', આ. ૨, પૃ. ૧૬૪ થી ૧૭૩)

● ● ●

જ્ઞાનની કક્ષામાં આવ્યા પહેલાં તે સ્થિતિ પ્રાપ્ત કરવાને માટે પોતાની જાત પ્રત્યે સખત અને નિષ્ઠુર શ્રીસદ્‌ગુરુ બન્યા કરેલો હોય છે, તેવો જ નિર્દય સાધક પ્રત્યે પણ વખત આવ્યે જરૂર થતો હોય છે. દરેક સાધક સાથે પાછો તે પ્રમાણે જ વર્તશે એવું પણ નથી. કયા સાધકની પ્રકૃતિ કેવી છે, અને તેના પોતાની સાથે કર્મ પ્રારબ્ધના સંજોગો કેવા છે, તેની તેને જાણ હોવાથી સાધક સાથે યોગ્ય સમયે તે તે સાધકના કલ્યાણ અર્થે જ તેનો તેવો વર્તાવ રહેતો હોય છે. શરૂઆતમાં ને ઘણીવાર

તો લાંબા કાળ સુધી પણ સાધક આવું વર્તન સમજી શકતો હોતો નથી. ને તેથી ગુરુ પ્રત્યે તે ક્રોધે પણ ભરાય કે મનમાં અન્યથાપણે પણ વિચારે; પરંતુ તેથી તો સાધકને પોતાને જ નુકસાન થાય છે. સાધકને ગમે તેવું દુઃખ કે કષ્ટ થાય તોપણ જરૂર ઊભી થતાં જે કંઈ યોગ્ય કરવાનું હશે, તે કરતાં ગુરુ અચકાશે નહિ. જ્યાં સુધી એવી ઘડતરની ને ચણતરની ક્રિયાને સાધક દુઃખ અને કષ્ટ ગણ્યાં કરશે, ત્યાં સુધી એને સંતાપ અને ક્લેશ રહ્યા કરવાના. **('જીવનસંદેશ', આ. ૨, પૃ. ૧૦૭)**

• • •

એક જ ગુરુને સાધકો જુદી જુદી રીતે અનુભવતા હોય છે. એક સાધકને તે વ્યવસ્થિત, કાળજીવાળો, ચોકસાઈવાળો, સ્મૃતિવાળો એવા એવા પ્રકારનો દેખાય, વળી બીજો સાધક એને બીજી રીતના અનુભવ-વાળો નિશ્ચયપૂર્વક તેમ જાણતો હોય છે. વળી ત્રીજા પ્રકારના જીવ સાથે તે ત્રીજી જ રીતે માલૂમ પડતો હોય છે. એમ તે અનેકની સાથે જુદો જુદો દેખાતો હોય છે; તેથી કોઈએ પણ તેવી કોઈની જણાવેલી હકીકતમાં ભેદ માનવાપણું નથી. પોતપોતાને તેવાનો થયેલો અનુભવ જેને તેને સ્થાને યથાર્થ હોવાનો પૂરતો સંભવ રહે છે.

• • •

જીવ તો હંમેશાં પાર્થિવતાની પકડમાં જ રહીને, એના ચોકઠામાં જકડાઈને જ બધું વિચારતો હોય છે. ગુરુની સલાહથી એને દેખીતો ગેરલાભ પણ થતો દેખાય—તેમ પણ બને—તેમ છતાં ગુરુનો હેતુ તો પેલાના જીવનના કલ્યાણ કાજેનો હોય છે. એટલે એવાનું કહેવું જો માત્ર પોતાના આંતરિક જીવનવિકાસની ભૂમિકા પરથી અને માત્ર અંતર્મુખ-પણાના નામથી તટસ્થ સાત્ત્વિકતાથી જો ગ્રહણ કરવાનું બની શકે, તો તેથી ઉપજતી સર્વ કોઈ સ્થિતિમાં માનવીની દૃષ્ટિ, વૃત્તિ અને વલણ જીવનવિકાસ પરત્વે રહેવામાં કરવામાં પ્રેરણારૂપે ઝળહળ્યાં કરે. જે સંતના સમાગમમાં આપણે આવ્યા હોઈએ અને જેની અતિમાનવતાનાં દર્શન અને અનુભવ આપણને હૃદયથી થયાં હોય તે પછી કોઈ એવા કશાકના કંઈક વિશે, તેમના વિશે, આપણામાં ગડમથલ જાગે, તો એનાં

પેલાં અતિમાનવતાનાં દર્શન ને આપણને એના થયેલા દૃઢ ખ્યાલથી, તેવા તેના 'કંઈક'ને આપણા જીવન વિશેનો શો હેતુ હોઈ શકે, એવું તટસ્થતાપૂર્વકનું પૃથક્કરણ જ્ઞાનપૂર્વક જો કરવામાં આવે, તો તેવાનો કોઈક દિવ્ય હેતુ સમજાયા વિના રહે નહિ. જેના વિશે અતિમાનવતાનાં દર્શન ને અનુભવ આપણને ખરેખર થયા હોય, તેને વિશે કશી સગડગ પણ ન હોય, અને જેના વિશે બુદ્ધિ પણ તે કબૂલ કરતી હોય, તો તેવી વ્યક્તિ કદી પાર્થિવપણાની જીવનવાળી હોઈ શકતી નથી. જેમ વિજ્ઞાનશાસ્ત્રમાં ગમે તેમ અલેલટપ્પે કશું જ સ્વીકારી લેવાનું નથી, તેના કરતાં પણ વિશેષ આમાં એનાં યોગ્ય પ્રમાણો ને લક્ષણો હોય છે. કાં તો એમ સંભવ છે કે એવાના અતિમાનવતાનાં દર્શન કે અનુભવ કરવામાં આપણી માત્ર સાવ અંધશ્રદ્ધા હોય તો પછી જુદી વાત. પરંતુ જેનો અનુભવ નરી પ્રમાણભૂત હકીકતોને આધારે, નરી શુદ્ધ આંખે, બુદ્ધિ ને મનથી પ્રત્યક્ષ થયો હોય, તો પછી એના વિશે કશું વિચારવા કરતાં પોતા વિષે જ સાધકે ઊંડામાં ઊંડું વિચારવામાં લક્ષ આપવું યોગ્ય લાગે છે. **('જીવનપ્રવેશ', આ. ૧, પૃ. ૧૨૧–૧૨૨)**

● ● ●

સાધક એક વખત પોતાના જીવનમાં ગુરુની આવશ્યકતા સ્વીકારી લે છે; તે પછી એને એની મહત્તા સમજાયા વિના રહેતી નથી. એને સમજાતું જાય છે કે ગુરુ એટલે વિશ્વની પ્રત્યેક વસ્તુનું કોઈ પરમ ચેતનાશક્તિ સાથે શા માટે ને કેવી રીતે સંકળાવાનું બને છે, તે સમજાવનાર જ્ઞાન-શક્તિ. માનવ-જીવનનું શું રહસ્ય છે, શા માટે આપણને જન્મ મળેલો છે, જીવનનો શો હેતુ છે, તેની સાથે જગતનો શો સંબંધ છે, એ બધાંની ક્રમશઃ સમજણ જેની ચેતનાશક્તિ વડે પોતાનામાં પ્રકટ થતી જાય છે, તે ચેતનાશક્તિ જ ગુરુ છે.

આમ જે સાધકને ગુરુની મહત્તા સમજાય છે, તે જીવનમાં નવું નવું શીખતો જાય છે, ને પછી ધીમે ધીમે ગુરુની નજીક આવતો જાય છે. શરૂઆતમાં સાધકને ગુરુની સ્થૂળ સમીપતાની જરૂર વધુ લાગે છે, તો પણ યોગ્ય ગુરુ તો તે સાધકને જરૂર પૂરતો જ પાસે રહેવા દેશે. જરૂર

કરતાં વધુ રહેવું, એ સાધકમાં ગુરુ પ્રત્યેની જે યોગ્ય સમજણ કે આદર-વૃત્તિ જન્મેલાં કે જન્મતાં હશે તે માટે લાભકારક ન પણ હોય. ગુરુ તો સાધકના આધારમાં અદૃશ્યપણે પોતાનો ભાવ જરૂર જેટલા પ્રમાણમાં રાખીને તટસ્થતાથી જોયા કરે છે. સાધક જ્યારે ગુરુની સમીપ હોય છે, ત્યારે પણ ગુરુ એવા કંઈ ને કંઈ પ્રસંગો ઉપજાવે છે કે જેથી સાધકનું મન ગુરુમાં આકર્ષાયેલું રહ્યાં કરે.

જે સાધક પોતાનાં જૂનાં મંતવ્યો, સમજણો, ગણતરીઓ, મડાગાંઠો, આગ્રહો, આદિ રાખ્યાં કરતો હશે, તેને તે બધાંમાંથી છોડાવવા ગુરુ કોઈ ને કોઈ સૂક્ષ્મ પ્રયત્ન કર્યા કરતા હોય છે—આથી કોઈક વાર આઘાત આપીને પણ સાધકને અંતરમાં વિરોધ પણ જાગતો હોય છે. પરસ્પર બે વિરોધી અથડામણોને લીધે આવું થવાનું જ. ગુરુનો ભાવ સાધકના પ્રત્યેક તબક્કામાં તેની સાથે રહ્યા કરતો હોય છે.

જે સાધકને પોતાના જીવનના હેતુની ગેડ હજી બરાબર બેઠી નથી કે તેનું પૂરેપૂરું મહત્ત્વ હજી અંતરમાં બેસી ગયું નથી તેવો સાધક ગુરુને યથાર્થ રીતે સમજી શકતો નથી. એટલું જ નહિ પણ પોતાની અધૂરી સમજણ અનુસાર ગુરુ વિશે મત બાંધીને તેમને અન્યાય પણ કરતો હોય છે. આવા વલણથી ગુરુની નિકટતા કંઈ લાભ અપાવી શકતી નથી. જો સાધક અભિપ્રાય ન બાંધી લેતાં ખુલ્લો રહેવા મથે ને રહે તો લાભ મેળવી શકે.

કદાચ કર્મ-પ્રારબ્ધના સંજોગે કોઈ અતિ નીચલા થરના સાધક સાથે ગુરુનો સંબંધ થયો હશે તો અનેક જાતની મથામણો તે સાધકના જીવનમાં ઉદ્ભવાવીને તેને ઊંચે લાવ્યા વિના ગુરુ રહેનાર નથી. આ કાર્યની પરિપૂર્ણતા માટે એને મન તો અપાર ધીરજ હોય છે. સાધકને પોતાનું સ્પષ્ટ ભાન જાગે એવું કરાવવામાં તે કશુંયે બાકી રાખતો નથી. અલબત્ત, સાધકના હાથે જ તે બધું થવા દે છે. એની પાછળના સંજોગોમાં પોતે ઊભો છે; એ ખ્યાલ પણ તે સાધકને જાગવા દેતો નથી. પરંતુ સાધક જ્યારે ગુરુનો સૂક્ષ્મ હાથ ઓળખી કાઢે છે, ત્યારે તેને પોતાના જીવનની કૃતાર્થતા થતી લાગે છે.

ગુરુની સમીપતા વેળાએ જુદી જુદી પ્રકૃતિના અનેક માનવીઓ સાથેના ગુરુના વર્તાવમાં શરૂઆતના સાધકને જીવનદૃષ્ટિના અભાવે દંભ, ડોળ, આડંબર, અહંભાવ, ક્રોધ એમ પ્રકૃતિની જુદી જુદી દરેક વૃત્તિઓ જણાયા કરે છે. ગુરુને પોતાનો પ્રભાવ, ઓજસ, મહત્તા, શક્તિ વગેરે સાધકના દિલમાં જોરજુલમથી જાણે ઠસાવવા માગે છે; એવું પણ સાધક કલ્પ્યા વિના નથી રહી શકતો. આવાં બધાં સાધકનાં વલણોને ગુરુ સ્પષ્ટપણે જાણી જતો હોય છે; તોપણ પોતાના વર્તનનો યોગ્ય ખુલાસો ગુરુ ભાગ્યે જ કરે છે. પોતાને ઊંધી રીતે આસાનીથી સમજાવા દે છે. તેને ધીરજ હોય છે કે સાધક જો સાધનાને જ મહત્ત્વ આપ્યા કરશે તો આજે નહિ તો કાલે, ગુરુનું વિચિત્ર કે દેખીતી રીતનું અયોગ્ય લાગતું વર્તન તેના યોગ્યપણામાં સાધકને સમજાયા વિના રહેવાનું નથી.

કોઈને પણ એનાં લખાણો, એના પત્રોના અભ્યાસથી કે તેના તત્ત્વજ્ઞાનની સમજણથી પણ આપણે પૂરેપૂરી રીતે સમજી શકીશું નહિ. એ કાજે એવાનો નિકટ સહવાસ જરૂરી ભલે હોય છતાં તે પણ પૂરતું નથી. સતત એકધારો જીવનવિકાસનો અભ્યાસ અને હૃદયની ભાવનાથી સેવેલો સહવાસ, તે ઉપરાંત તેનું હૃદય સમજવાનો ને એની જીવનની સમગ્ર, સળંગ, સર્વતોમુખી વિચારસરણી, ભાવસરણી ને જીવનસરણીની ઇમારત કયા પાયા ઉપર ચણાયેલી છે, તે સમજવાને પ્રયત્ન થાય તો જ તેનું જીવનમૂળ આપણને કદાચ હાથ લાગશે અને જો હાથ લાગે તો પણ તે પૂરેપૂરી રીતે તો નહિ જ. આથી સાધક પોતામાં થતાં પરિવર્તનોને સત્ય હકીકતરૂપે અનુભવશે, ત્યારે તેના દિલમાં ગુરુની પરમ મહત્તાનો ને ઉપયોગીપણાનો વધારેમાં વધારે સ્ફોટ હૃદયથી થતો જશે.

ગુરુની સમીપતા યોગ્યતાવાળી અને ફળદાયી તેટલા જ પ્રમાણમાં ગણી શકાય કે જેટલા પ્રમાણમાં સાધકનું સમગ્ર જીવન તેની ચેતનાશક્તિ સાથે સંકળાતું જાય અને તેનો દૈવી લાભ લેવાતો જાય. સાધકે પોતે જ આ બાબતમાં સજાગ રહીને પોતાની નિમ્ન પ્રકૃતિઓનાં વિકૃત વલણોનો ઇન્કાર સતત કર્યા કરીને મથ્યા કરવાનું રહે છે.

જે સમજણ કે પ્રેરણાઓ સાધકને મળે તે સાધકને રચનાત્મક મદદ અને વેગ આપનારી હોય, તેની અસરને આડફેટે લઈ જનારી ન હોય તે વિશે સાધકે સૂક્ષ્મ જાગ્રત વિવેક કર્યા કરવાનો રહેશે; કારણ કે જે ચેતનાશક્તિ સાથે આપણો સંબંધ થયેલો છે, તે ચેતનાશક્તિ વ્યક્તપણે નિર્ભેળ સરળતાથી આપણી સાથે કામ લઈ રહેતી હોતી નથી. આપણને તો કદીક બીજું પણ બતાવે, અને તે વેળાએ આપણી પૂરી કસોટી થઈ જવાનો સંભવ રહે છે. આ કારણથી સાધકે કદી પણ વિવેકશક્તિ નહીં વાપરવી કે બુદ્ધિનો ઉપયોગ નહિ જ કરવો એમ માનવું બરાબર નથી. આપણામાં પૂરેપૂરી સમજ, તુલનાત્મક બુદ્ધિ ને શક્તિ, પ્રત્યેક પરિસ્થિતિમાં પોતાનો શો ધર્મ છે એ સમજી લેવાની સહજ શક્તિ, ગૂંચોનો ઉકેલ તરત જ કરવાની હૈયાસૂઝ—એવું બધું આપણામાં ઉગાડવા માટે ગુરુની ચેતનાશક્તિ છે. એ શક્તિ આપણને પરાધીન રાખવા માગતી નથી; પણ પોતાના જેવા જ ચેતનાશક્તિવાળા બનાવવા તે ઈચ્છે છે. **('જીવનસંદેશ', આ. ૨, પૃ. ૩૨ થી ૫૩)**

• • •

વળી, ઘણીવાર ગુરુ જેમ થતું હોય તેમ નિરાંતે થવા દે છે. તે કશું બેળે બેળે લાદી શકતો નથી. એ પણ તેની તેની તેવી તેવી ભૂમિકાઓ માગી લેતો હોય છે. સમષ્ટિની ને વ્યક્તિની રચનામાં અને ચલણમાં આ જગતમાં રહેલા મહાન આત્માઓ સાક્ષીવત્ જ રહેતા હોય છે. વળી, સાધક ગુરુને પૂરેપૂરા હૃદયથી સ્વીકારી પણ શક્યો હોતો નથી. કદાચ ધારો કે ગુરુ એને હંકારવાનું ઈચ્છે તો પણ પેલો જીવ એને સમજી ના શકે; એના ભાવની રીતે તે ચાલી પણ ન શકે. ગુરુના આઘાત-પ્રત્યાઘાત સ્વીકારવા એ સહેલું નથી, કેમકે તે અટપટા છે. સાધકની કક્ષા જ્યાં સુધી જીવભાવમાં હોય છે, ત્યાં સુધી તેવો જીવ ગુરુની ભાવનાને ને ચેતનાને અને તેના યોગ્ય પ્રકારના હકીકતપણાને સમગ્ર અને સળંગપણે સમજી શકવાને સમર્થ બની શકતો નથી. ગુરુની જાગી ગયેલી ચેતના-શક્તિની પ્રતીતિ અને અનુભવો જીવને અનેક વાર થયા હોવા છતાં સાધક જીવદશામાં છે, ત્યાં સુધી તેવા આત્માની યોગ્યતામાં

એને સગડગ જાગ્યા વિના રહી શકતી નથી. જીવ-સ્વભાવમાં જકડી રાખવા આપણામાંની પ્રકૃતિ આપણને અનેક સૂક્ષ્મ ને કારણરૂપે કંઈ ને કંઈક કશું બતલાવી કે અમુક આપણી તેવી દશામાં 'હકીકતપણે' દેખાય તેવું બતાવી બતાવી મનને પેલાનામાં એકરાગ થતું અટકાવવા બધા તનતોડ પ્રયત્ન તે કરતી રહેવાની જ.

જ્યાં સુધી સાધકનો સંપૂર્ણભાવ એકરાગપણે ગુરુમાં સર્વ ભાવે ને સર્વ રીતે શરણપણાની જીવતી ભાવનામાં પૂરેપૂરો ન બની શક્યો હોય, ત્યાં સુધી ગુરુ પણ બિચારો સાવ લાચાર હોય છે. એની લાચારીનો તો પાર નથી હોતો—એવા એના દર્દને કોણ પિછાની શકે કે કોણ અનુભવી શકે? ગુરુ તો મડદા જેવો છે. એને જીવાડો તો જીવે ને મડદા જેવો રાખી મૂકો તો તે તેમ પણ નિરાંતે પડી રહે. તે જીવતો આપણા આધારે જ બની શકે. ગુરુની ભાવના, સર્વાર્પણભાવે, સમર્પણભાવે ને કેન્દ્રિતપણે જીવતી જાગતી આપણા આધારના એકેએક કરણમાં ન બની જાય, ત્યાં સુધી ગુરુ પણ લૂલો-પાંગળો હોય છે. ગુરુમાં આપણો પૂરેપૂરો હૃદયથી હૃદયમાં એકરાગ થઈ જવો—તેમનામાંનું સ્વીકારવાની ભૂમિકા યોગ્યપણે થવા કાજે—ઘણો જરૂરી છે. તેવું થઈ શકે તો જ યોગ્ય ગુરુ યોગ્ય સાધકને તેની યોગ્ય રીતે હંકારી શકે. આવું આખું વિજ્ઞાનશાસ્ત્ર છે.

('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૨૩ થી ૧૨૭)

એમની પ્રત્યેક સૂચના નમ્રપણે, પૂરા ભક્તિભાવથી, કંઈ પણ કશી આશા-અપેક્ષા રાખ્યા વિના, આપણા પોતાના જ કલ્યાણ અર્થે તે તે બધું છે એમ સમજીને અને તે વેળાએ એ સૂચનાથી બીજો સામો વિચાર ઊગવા દીધા વિના તે તે સૂચનાનો હૃદયપૂર્વક અમલ કરવાનું રાખવું.

ગુરુ અંગેની કોઈ ઘટના કે ગમે તેવી જાતની આકરી તેમના તરફની પ્રસંગ—કસોટીમાં, મન-બુદ્ધિથી ન સમજાય તેવી વેળાએ પણ મનમાં અકળામણ, ઉદ્વેગ કે બીજી વૃત્તિ ન જાગી શકે, એવી દશા મનની રહ્યા કરે અને મનમાં કંઈ કશા બીજા ખ્યાલ ન જાગી શકે તો આપણા મનને જીવનના રચનાત્મકપણામાં જીવતું થવાને, તે એક ભારે ઉત્તમ પ્રકારની તાલીમ થઈ પડે. સદ્‌ભાવ, ભક્તિ કે આદરભાવ જે આપણે રાખવાનો છે, તે આપણા પોતાના જ જીવનવિકાસ કાજે કરવાનું છે.

વ્યાવહારિક ક્ષેત્રની જેમ આધ્યાત્મિક ક્ષેત્રે પણ જ્યાં સુધી આપણને તે ક્ષેત્રનું જ્ઞાન, સમજ કે અનુભવ નથી, ત્યાં લગી એને (ગુરુને) આપણે યોગ્ય રીતે સમજી શકવાનાં નથી. આથી એના અંગે કોઈ પણ વિષે જેટલા ખુલ્લા મનવાળા આપણે રહી શકીએ, તે આપણા કાજે ઉત્તમ છે.

ગુરુ પણ સાધનરૂપ છે. એનું મહત્ત્વ હોય તો તે સાધન પૂરતું જ છે. એને—એ સાધનને—ઘટતું ને જરૂર જેટલું ને યોગ્ય મહત્ત્વ હોય તેટલું આપણે આપવાનું. તેનાથી ઓછું પણ નહિ ને વધારે પણ નહિ. વધારે આપવા જતાં સાધનમાં જ આપણે ભરાઈ પડવાનો સંભવ રહ્યા કરે છે; ને ઓછું અપાતાં સાધનનો પૂરો લાભ ઉઠાવી શકાતો નથી.

આપણો પ્રેમ તેઓ (ગુરુ) માગે છે. જેટલો વધુ અપાય એટલું આપણું જ વધુ શ્રેય છે. આપણા પ્રેમ વડે કરીને તેના કામમાં તે આપણને ભાગીદાર બનાવે છે. તેને આપણામાં કામ કરી શકવાને આપણામાં ભૂમિકા રચવાના હેતુ અર્થે તે માંગે છે.

સાધકે કોઈ પણ પ્રકારનો સંકોચ કે અંતર ગુરુની અને પોતાની વચ્ચે ન રાખવું ઘટે. **('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૨૬)**

પોતાના રાહબર પ્રત્યે અશ્રદ્ધા, અસદ્‌ભાવનું મનનું કે એવા કશાયનું એક પણ મોજું—લહરી—ન ઊઠે એ જોવાનું ને ઊઠે તો તેનો તત્ક્ષણ ઈન્કાર કરવાનું કાર્ય સાધકનું હોવું ઘટે.★

('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૨૧૮)

૧૬. ધ્યાન

ધ્યાન આપણા અંતરની શોધ માટે થાય. સમર્પણની ભાવના માટે, ખાલીપણું, નિર્વિચારીપણું કેળવવા માટે લય થઈ જવા માટે, પ્રાર્થનાના mood (ભાવ–તરંગ) જેવું થાય; આમ ધ્યાનના અનેક પ્રયોજનો છે. તેથી એક વખત આમ થયું ને બીજી વખત આમ કેમ થયું? એવી સ્થિતિચુસ્તતા એમાં નથી. જે થાય તે જોયા કરવું—ધ્યાનમાં એકાગ્રતાનો ભાવ એ મુખ્ય વસ્તુ છે. તે સ્થિરતા—જડતાવાળી એકાગ્રતા નહિ પણ ચેતન-સ્ફુરંતી એકાગ્રતા હોવી જોઈએ.

★પૂ. શ્રીમોટાએ 'શ્રીસદ્‌ગુરુ' વિશે વિસ્તૃત સમજૂતી આપતું એક પુસ્તક રચ્યું છે.

ધ્યાન સમયે તંદ્રા, એ એક મોટો સામાન્ય અવરોધ આવતો હોય છે. તે આવતાં આપોઆપ સામાન્યતઃ તો ખબર પડી જતી હોય છે. ધ્યાનમાંથી કોઈ ખાસ પ્રકારની લાગણી ઊપજે એવી કશી અપેક્ષા ન રાખવી. માત્ર એમાંથી આપણે સતત જાગ્રતિ મેળવીએ ને સાધનામાં વેગ મળે તો તે ઘણું છે. તે વેળા આગ્રહ—મંતવ્યો—લાગણીઓ, વિચારો, આદિ બધું જ સાચા અર્થમાં લય પામી શકે તો તેટલી વેળા આપણી અંદરની ચેતનાનો—જેને ભગવાનનો ભાવ પણ કહી શકાય—તેનો સ્પર્શ થાય, જાણ થાય, અનુભવ થાય.

ધ્યાનમાં સમયની ગણતરી એ મહત્ત્વનું માપ નથી. અમુક કલાક ધ્યાન થયું તે ગૌણ છે. ઊંડાણનો ખ્યાલ રાખવો. તે ખ્યાલને પણ મહત્ત્વ દેવાનું નથી. ધ્યાન વેળા જે કંઈ અનુભવો થાય તે તટસ્થપણે જોયા કરવા.

ધ્યાનમાં આપોઆપ સ્વાભાવિકપણે શ્વાસોચ્છ્વાસ ધીમા પડતા જશે ને અંતે તો તદ્દન શાંતપણે ચાલશે. તેમાં પ્રાણાયામના નિયમો સ્વતઃ પળાયા જશે—જો ધ્યાન યોગ્યપણે કરાતું હશે તો. ને તદ્દન છેવટે તો શ્વાસોચ્છ્વાસ તદ્દન લય પણ પામ્યા જેવી સ્થિતિ થશે.

ધ્યાન વખતે ધ્યાન જ. પ્રાર્થના વખતે પ્રાર્થના જ. જે કરતા હોઈએ એના ભાવને જ પ્રધાનપણે વળગી રહેવું. ધ્યાનને છોડવાની ઈચ્છા ન થાય તો ચાલુ રાખવું. સમય થયો માટે છોડી દેવું તેમ ન કરવું.

ધ્યાનમાં જવાતાં જપ ઉપર ભાર રાખવાનો નથી. જ્યારે પૂરી લીનતા અનુભવાય, ત્યારે અંદરની જે ચેતના છે, એ અનુભવવામાં ચિત્તનું લક્ષ રાખવાનું છે. ધ્યાન પૂરું થયા પછી જે ઘૂમરી ને એકાગ્રતા જેવું રહે છે તેનાથી જપ, ધારણાનો ભાવ ઊંડો હૃદયસ્થ ઉતારવો.

ધ્યાન શરૂ કરતી વેળા જપનો આશ્રય લઈ શકાય, પણ તેના પર ઝોક દીધા વિના, પછી તેનો પણ આગ્રહ ન હોય. ખરેખરી સર્જનાત્મક શક્તિનો અનુભવ પ્રત્યક્ષ કાર્યક્ષેત્રમાં ઊતરી સર્વાંગે ધ્યાનની સાધના ચાલુ રાખવાની છે. ધ્યાન માત્ર શાંત બેસી રહેવા માટે નથી. મનને નીરવતામાં પ્રકટાવવા ધ્યાન મદદરૂપ છે—એ તો જોકે તેનો તાત્કાલિક લાભ છે. તેમ થવાતાં મનથી ઉપરનો અનુભવ શક્ય બને છે. ધ્યાન એટલે જ આપણા આંતર્તત્ત્વની ખોજ.

હળવા ધ્યાનમાં મનની ચાલબાજીઓ જણાઈ શકે છે—ધ્યાનમાંથી શક્તિ, આનંદ, નૂતનતા સાંપડે છે. તથા આપણાં દૃષ્ટિબિંદુઓમાં તે ફેરફાર કરાવી આપે છે. આત્મવિશ્વાસ અને શ્રદ્ધાની વૃદ્ધિ કરે છે—આવા બધા આડકતરા લાભ પણ મળે છે. મૂળ હેતુ તો આત્માની ખોજ છે.

ધ્યાન સમયે આસનની ફેરબદલી ન કરવી. શરીર ઠીક ન હોય ત્યારે સૂતાં સૂતાં પણ ધ્યાન થઈ શકે. સૂતાં સૂતાં પલાંઠી વાળીને પણ થાય. તે વેળા તંદ્રા કે નિદ્રામાં ના પડી જવાય તેની તકેદારી રાખવી જોઈશે. ધ્યાનનો સમય પણ બનતાં લગી અમુક મુકરર રાખવો અને સ્થળ પણ. આસનની જરૂર ધ્યાનમાં શરૂમાં જ રહે છે. તેમાં તરબોળ થવાતાં અમુક ચોક્કસ આસનની જરૂર રહેતી નથી.

ધ્યાન વેળા બહારના અવાજો સંભળાય તેનો અર્થ કે હજુ એકાગ્રતા જામી નથી. એનો અર્થ એમ પણ નથી કે ધ્યાનમાં મૂઢ થવાનું કે રહેવાનું છે. અજ્ઞાન, મૂઢપણું તો ઇન્દ્રિયોનું કેળવવાનું છે. મનની શૂન્યતા તો ક્રમશઃ વધવી જ જોઈએ ને મનનાં અંગ ઉપાંગો પણ સાથે સાથે રસ લેતાં થવાં ઘટે. **('જીવનપગરણ, આ. ૨, પૃ. ૩૭, ૪૪, ૪૭, ૫૨, ૫૩, ૫૫, ૬૪, ૬૮, ૬૯)**

ધ્યાન વેળા ભાવો જાગે તે ઠીક નહિ. ગમે તે તબક્કે અવ્યક્ત ને નિરાકાર ભાવ જાગે તો ઠીક. જે જે વિચારો આવે તેમાં રસ ન લેતાં, સાંકળ ન જોડી દેતાં, તેમને વહી જવા દેવા.

નક્કી કરેલો સમય પૂરો થયા પછી જ બનતાં લગી ધ્યાન છોડવું. વધુ મન થાય તો ભલે વધુ બેસવું, પણ વચ્ચેથી ઊઠી તો ન જ જવું, અપવાદ માફ. કશુંયે યદ્વાતદ્વા કરવાનું ન હોય તેમ જડ નિયમ પ્રમાણે પણ નહિ. ધ્યાનમાં સારા વિચારો આવે તે પણ તે વેળા માટે યોગ્ય નથી.

એકાગ્ર ધ્યાન વેળા મન, બુદ્ધિ, ચિત્ત બધું લય પામી જાય છે ને એમનો સુમેળ જામે છે. ધ્યાન વખતે લક્ષ્ય ને ચિત્ત હૃદયે રાખવાં ઠીક. હૃદયે લક્ષ્ય રાખીને ભ્રૂમધ્યે ચિત્ત (ધારણા) રાખો અથવા તો નાકના ટેરવે બન્નેનાં લક્ષ્ય તો હૃદયે જ હોય. એનાથી વિચારો એકદમ ઘટી જશે.

'ધ્યાનમાં અમુક અમુક થાય તો જ સારું' એવી લાગણી ન રાખવી. ત્યારે જે કંઈ થાય તેમાં મન ભળી ન જાય તેની ખબરદારી રાખવી ઘટે.

લીન ને એકાગ્ર થવાતાં ઊંડું ઊંડું ઊતરતાં જવું. ને જ્યાં સુધી ખ્યાલ રહ્યાં કરે ત્યાં સુધી ભગવાનના ભાવનો ખ્યાલ રાખવો; એ પણ ઊડી જાય તો ઊડી જવા દેવો ને શું થાય છે તે તટસ્થપણે જોયા કરવું.

ધ્યાન વેળા કે પછી હાથપગ આદિ શારીરિક અવયવોના અસ્તિત્વનો ખ્યાલ જતો રહે છે. એનું કારણ કે એ બધાં એકની એક સ્થિતિમાં રહેવાથી એમ બને છે.

જે ભાવનાને વધાર્યા કરવી હોય તે ભાવના પણ ધ્યાનથી વધી શકે છે. રોજ નવી નવી ભાવના રાખવાથી તેનો કંઈ ખાસ ફાયદો ન થાય. તેમજ ભાવનાને નડતરરૂપ જે કંઈ હોય તેનું તે દિવ્ય રૂપાંતર કરવાને માટે પણ ધ્યાનનો ઉપયોગ થઈ શકે છે.

ધ્યાનમાં લીનતા હોય તે વેળા હૃદય ઉપરથી લક્ષ્ય ખસી જતાં લીનતા ઘટી ન જતી હોય તોપણ લક્ષ્ય તો હૃદયે જ હવે રખાયાં કરાય તે ઉત્તમ છે. લીનતા વખતે ચેતનાની સ્થિતિ બદલાતી જતી હોય છે. ત્યારે તેવી તેવી પ્રત્યક્ષ કક્ષામાં ભળી ન જવું, નહિતર વિકાસ અટકી જશે. (**'જીવનપગરણ', આ. ૨, પૃ. ૭૦, ૭૨, ૮૩, ૯૫, ૧૨૬–૧૨૭ ૧૭૨**)

● ● ●

ધ્યાનમાં એકાગ્રતા થતાં પછી વિચારનો હુમલો નહિ આવે. વિચારો આવતાં તેઓ સપાટી પરથી વહી જશે. બંને નસકોરાંમાંથી પવન સરખો આવતો જતો હશે એટલે શ્વાસોચ્છ્વાસ સમ હશે. છાતીમાં ખેંચાણ થાય છે, કેટલાકને કંઠમાં શોષ પડે છે. ને જીભ સુકાય છે; તો કેટલાકને મુખમાં અમીરસ પણ ઝરે છે. કો'ક ધ્યાનના અંતે માથું કાં તો હળવું હળવું કે સ્ફૂર્તિજનક ભારે ભારે લાગે છે.

લક્ષ્ય એટલે એક પ્રકારનો એકાગ્ર, કેન્દ્રિત ને ધ્યેયલક્ષી ઉત્કટ ખ્યાલ ને ચિત્તની એના પર જ્ઞાનભક્તિયુક્ત ચેતના. લક્ષ્ય એટલે ભાવ, અને ચિત્ત એટલે એના પ્રાણ અને શક્તિ એવો અર્થ અહીં કરું છું.

બહિર્‌માં એક દૃષ્ટિ રહી શકે તે માટે ભક્તિની જરૂર અને અંતરમાં તેમ થવાવા માટે ધ્યાનની જરૂર. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૪૮, ૫૫, ૮૪**)

● ● ●

ધ્યાનમાં એક પ્રકારની ઉન્માદભરી લહરીઓ આવવી જોઈએ. એક પ્રકારની અલગપણાની શક્તિ એમાંથી મળી આવવી જોઈએ. અને તેને દિવસના બીજા વ્યવહારમાં સક્રિય બનાવવી ઘટે.

● ● ●

ધ્યાનમાં વૃત્તિઓ અને આસક્તિનું બળ આપણને માલૂમ પડી આવે છે. કેટલીક વાર ધ્યાન વેળા સૂક્ષ્મ તત્ત્વો અથડાય છે. દા.ત. સૂક્ષ્મ કર્ણેન્દ્રિયને અસર કરી શકે એવાં નાદનાં સૂક્ષ્મ તત્ત્વો એને અથડાય છે. દિવ્ય સંગીત સંભળાય છે. આવી વખતે જાગ્રતિ રાખીને પોતાનું ધ્યેય જુદું છે એવો દૃઢ ખ્યાલ રાખવાનો છે. 'નાદબ્રહ્મ' સ્થિતિ કંઈ સર્વોપરી નથી. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૪૪–૧૪૫, ૧૮૪)**

● ● ●

ધ્યાનમાં નાડીના ધબકારા ઘટે તે સારું છે. તે ચેતનાવાળી સ્થિતિ છે. ધ્યાનની સંપૂર્ણતામાં નાડીના ધબકારા શૂન્યની દશાએ પહોંચે છે. ધ્યાન પૂરું થયા પછી જો ધબકારા ૫૦ થયા, તો ધ્યાનની ખરી વેળાએ તો એનાથીયે ઓછા હોય છે. ધ્યાનની એકાગ્રતામાં હૃદયના ધબકારા ઓછા થતા જાય છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૧૧૬, ૧૪૫)**

● ● ●

ધ્યાનની એકાગ્રતામાં આંતરિક ચેતનની સ્ફૂર્તિ સતેજ થતી હોય છે.

ધ્યાનમાં તદાકાર થવાને માટે મન-હૃદય સર્વ-પ્રકારે સરળતાવાળાં, નિશ્ચિંતતાવાળાં, નિર્દ્વંદ્વભાવવાળાં બની જવાં જોઈએ. આ બધા માટે રોજના કર્તવ્યવ્યવહારમાં મનાદિ વલણોને જ્ઞાનપૂર્વક કેળવવાં ઘટે છે.

૧૭. ત્રાટક

ત્રાટકનો હેતુ આપણી આંતરિક ક્રિયાઓ ઉપર કાબૂ વધારવાનો છે. આપણા વિચારો, લાગણીઓ, ભાવનાઓને ગમે તેમ અસ્તવ્યસ્ત રીતે વિહરવા ન દેવા માટે આ સાધન છે. આનાથી એ બધાનો યોગ્ય

પટ આપણે રચી શકીશું ને તેવી આત્મશ્રદ્ધા આપણને ત્રાટકમાંથી જન્મવી જોઈએ.

ત્રાટકમાં હૃદય ઉપર આંતરદૃષ્ટિ રાખવાથી લીનતા આવે છે, એ સાચું છે. પણ બાહ્યદૃષ્ટિ તો ત્રાટક બિન્દુમાં જ રાખશો. આજુબાજુનું કશું દેખાવું ન જોઈએ. માત્ર બિન્દુ જ દેખાય. પાંપણ પણ ત્યારે મુદ્દલ ફરકવી ન જોઈએ. ત્રણ કલાક સુધી તે પ્રમાણે લઈ જવાનું છે, પરંતુ વૃત્તિ ઉપર કોઈ જાતનો બળાત્કાર નથી કરવાનો. જેમ જેમ પ્રેમ, રસ તેમાં જામતા જાય, તેમ તેમ સમય વધારતા જવું. આંખ મીંચાઈ જાય કે પાંપણ ફરકી જાય તો બંધ કરી દેવું રહ્યું. તે વખત પૂરતું તે પૂરું થયું ગણી લેવું. પૂરું થયા બાદ ઠંડા પાણીથી આંખોને છાલકો મારવી યા ઠંડા પાણીમાં પાંચેક મિનિટ બોળી રાખવી. ને તે બાદ આંખો મીંચીને, થોડા સમય બેસી રહેવું યા સૂઈ રહેવું ને નામસ્મરણ કરવું. આંખે લૂગડાનો સ્વચ્છ જાડો પાટો રાખવાથી પણ વધુ ઠીક રહેશે—આંખને આરામ વધુ મળશે. **('જીવનપગરણ', આ. ૨, પૃ. ૫૩, ૭૨)**

શરૂઆતમાં જરા પણ ભાર આંખનાં પોપચાં ઉપર ન દેશો. ધીમે ધીમે સહજ રીતે હળવે હળવે આંખ ઉઘાડવાનું રાખવું ને ત્યારે જો ખૂબ પ્રેમભાવ ઊભરાતો રાખી શકીએ તો ઉત્તમ.

બિન્દુ-ત્રાટક એ આપણી બહિર્મુખ સર્વ સ્થૂળ અને સૂક્ષ્મ પ્રવૃત્તિ-ઓમાંથી એકમાં કેમ કરીને એકાગ્ર રહી શકાય એને માટે છે. જ્યોતનું ત્રાટક શક્તિના આહ્વાન માટેનું છે. (જ્યોત તદ્દન સ્થિર, લગીર પણ હાલ્યા વિનાની રહેવી ઘટે) બન્નેયે જરૂરી છે.

ત્રાટકમાં બેસતાં પહેલાં મનથી ખૂબ નિશ્ચય કરીને બેસવું કે પાંપણો ફરકવાની નથી જ. આપણે આપણી સંકલ્પશક્તિને જન્માવવાની ને સર્વોપરી કરવાની છે. આંખની પાંપણો ફરકે તો તે ત્રાટક ન કહેવાય. જ્યોત-ત્રાટક દિવસમાં બે વાર થઈ શકે. બિન્દુ ત્રાટક ત્રણ-ચાર કલાકને અંતરે બે થી ત્રણ વાર થઈ શકે. બિન્દુ ત્રાટક કે જ્યોતની ઊંચાઈ આંખની સીધાણમાં સામે જ આવે તેમ રાખવાનું. અંદરની કીકી હાલતી

નહિ લાગતી હોય પણ એની Pitch–એકાગ્ર દૃષ્ટિપાતની જગા કંઈક બદલાતી હશે, પણ નજર જો મધ્યબિન્દુ પરથી ખસતી ન હોય તો હરકત નથી. દેખાવ ઝાંખો ઝાંખો થઈ જાય છે એ તો એકટશે જોઈ રહેવાની લીધે. **('જીવનપગરણ', આ. ૨, પૃ. ૭૩, ૮૫, ૧૦૮, ૧૧૬)**

સૂર્યનું ત્રાટક છ સાત મિનિટ જ રાખશો અને તે પણ તદ્દન ઊગતા સૂર્યનું. કિરણો તદ્દન કુમળાં હોવાં જોઈએ.

('જીવનસંશોધન', આ. ૧, પૃ. ૩૬૬)

• • •

ત્રાટક વેળા સૂક્ષ્મ આંખ અને મન હૃદયમાં કેન્દ્રિત હોવાં જોઈએ.

ચંદ્રમા સામે પણ ત્રાટક કરી શકાય, પણ ત્યારે શો ભાવ ધારણ કરીએ છીએ એ મહત્ત્વનું હશે. **('જીવનપગરણ', આ. ૨, પૃ. ૧૧૬)**

ત્રાટક વેળા જપ તો આપણે ચાલુ રાખ્યા જ કરવાના છે. ત્રાટકથી આંખો બગડે નહિ એટલું જ નહિ પણ આંખોનું તેજ વધે છે, દૃષ્ટિ લાંબે સુધીની થાય છે. **('જીવનપગરણ', આ. ૨, પૃ. ૧૧૭)**

ત્રાટક સમયે જે જે વિચારો આવે તે ગમે તેવા લલચાવનારા હોય તો તેમાં રસ ન લેવો. એને આનુષંગિક વિચારની સાંકળ ન જોડવી. ત્યારે નાડીના ધબકારા ગણજો. ત્રાટક વેળા હૃદયમાં જેટલા ઊંડા ઊતરી શકાય તેટલું ઉત્તમ. ત્યાં જ વધારે મહત્ત્વ આપશો. ધૂન, જપ, ભજન સિવાય પણ તેમાં ભાવ જામી શકે તો તે ઉત્તમ. અંતર્મુખતા પણ પ્રકટવી જોઈએ.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૦૨)

• • •

ભાવમાં જ્યારે ઘણી ઘણી એકાગ્રતા પ્રકટે છે, ત્યારે આંખ એની મેળે સ્થિર રહે છે. આંખને તે વેળા સ્થિર કરવી પડતી નથી. એવી જ રીતે જ્યારે આપણને જીવનસાધનામાં ખરેખરો રસ જામે છે, ને તેથી તેમાં એકાગ્રતા જામે છે, ત્યારે સાધના કરવી નથી પડતી; ત્યારે તે તો સહજમેળે થયે જાય છે. એકીટસે જોઈ રહેવાથી એકાગ્રતા સર્જાય છે.

('જીવનસંશોધન', આ. ૧, પૃ. ૪૮)

પ્રકૃતિમાંની સગડગ વૃત્તિને નિશ્ચયાત્મકપણામાં પ્રકટાવવાને ત્રાટક સારું સાધન છે. હૃદયમાં પ્રકટેલો ભાવ વ્યવહારમાં પણ જ્ઞાનપૂર્વક ઉપયોગમાં પ્રકટાવવાનો છે.

• • •

શ્રીસદ્‌ગુરુના હૃદય પર ત્રાટક કરવાથી તેના ભાવની અસર જીવનમાં ઉદ્‌ભવે ખરી, પરંતુ તેમ થવાનો સાચો આધાર આપણા પોતાના હૃદયમાં તેના પરત્વે કેટલો ઉત્કટ ભાવ પ્રકટેલો છે, તેના પર છે અથવા કોઈ પવિત્ર જીવંત જાગેલા પુરુષની મૂર્તિ કે છબીની ઉપર અથવા તો મંદિરની મૂર્તિ ઉપર પણ એવી રીતે હૃદયની ભાવના પ્રકટાવી ત્રાટક થઈ શકે છે. ત્રાટકની પાછળનો હેતુ, ઉદ્દેશ ભુલાવો ન જોઈએ. બાકી ખાલી ખાલી આંખો ફાડીને જોયા કરવું એનું નામ ત્રાટક નથી. ત્રાટકમાં ભાવ પ્રકટતાં એકાગ્રતા વધે જ. એવી ભાવાત્મક એકાગ્રતા પ્રકટતાં આંખમાંથી અશ્રુ નીકળે છે કે નહિ; તેની પણ સમજણ પડતી હોતી નથી. દેહચેતનાનું ભાન પણ રહેતું હોતું નથી; અને અંતરમાં, અંતરની ભાવનામાં, એકાગ્રપણે ત્યારે મશગૂલ થઈ ગયા હોઈએ છીએ.

('જીવનસંશોધન', આ. ૧, પૃ. ૩૪૯–૩૫૦)

૧૮. વૈરાગ્ય

આપણામાં વૈરાગ્ય બાબતમાં જુદા જુદા ખ્યાલો છે. સાધારણ રીતે લોકો કુટુંબીજનોથી વિખૂટા ને કંઈ કામકાજ ન કર્યા કરવું એટલે 'વૈરાગ્ય' એમ સમજે છે. પણ એ સમજણ સાચી નથી. 'વૈરાગ્ય' શબ્દના મૂળ અર્થમાં જઈએ તો 'રાગ' એટલે આસક્તિ. તે ઉપરથી વિરાગ કે વૈરાગ્ય એટલે અનાસક્તિ. આપણો આ માનવ-દેહ થયો ત્યારથી જ અમુક કર્તવ્યો તો આપણા ભાગે આવેલાં જ છે ને જીવીશું ત્યાં સુધી આવવાનાં જ છે. તે આવેલાં કર્તવ્યો કર્યાં વગર આપણો છૂટકો નથી, તે તો આપણે પ્રેમપૂર્વક જ્ઞાનભક્તિભાવે ચેતનાથી કરવાનાં છે અને તે ભગવાનને

સમર્પણ કરવાનાં છે. પણ જો આપણને આપણા ધ્યેયની ખબર ન પડી હોત તો આપણે કેટલાંય નવાં બંધનોમાં પડતાં જતાં હોત. એ ધ્યેયનું જાગ્રતિપૂર્વકનું જ્ઞાન-ભાન આપણાં કર્મમાં તેટલે અંશે રહેતું હશે, એટલે અંશે જ આપણા સાધના કામમાં પણ નવાં બંધનોમાંથી આપણે ઊગરી શકીશું. એટલે હવે જ્યારે આપણું ધ્યેય—આદર્શ નક્કી થયું જ છે ને એ જ જીવનનો સાચો ઉદ્દેશ છે, એમ આપણને સમજણની ખાતરી થઈ છે, ત્યારે આપણે સમજણપૂર્વક ખ્યાલ રાખવો ઘટે કે જેટલાં કર્મ આપણે ભાગે આવેલાં કે આવતાં હોય ને તે પણ યોગ્ય હોય તેટલામાં જ આપણે રહેવાનું છે ને તે પણ અનાસક્તિ-પૂર્વક કરવાનાં છે. એનો અર્થ એમ નથી કે કાર્યો જીવ વિના, જડની જેમ કરવાનાં છે. પણ તે કરતી વખતે પરિણામ વિશે આસક્તિ આપણામાં ન હોવી ઘટે. વળી, તે તે કાર્યમાં આપણી મર્યાદાનો ને જવાબદારીનો તેટલા કાર્ય પૂરતો જ ખ્યાલ રાખ્યા કરી તે તે જેમ આવતાં જાય તેમ કર્યા કરીએ ને તે વિષે મનમાં કાર્ય કરતાં પહેલાં કે થઈ રહ્યા પછી વિચારો ન કર્યા કરીએ, કશી સગડગ ન થવા દઈએ અને મનને ડામાડોળ ન થવા દઈએ. આપણે જ્યારે જે જે કરવાનું આવે, ત્યારે તે તે કરી નાંખવું ને મનમાં તે વિશે પછીથી કશું ન રાખવું ને એમ જ્યારે તે તે કાર્યમાં આપણે સમજણપૂર્વક અનાસક્ત રહ્યાં કરીશું તો તેમ આપણને રંગ ચડવા લાગશે. ને લોકો એમ વાત કરતા હોય કે 'એમ કરતાં કરતાં બીજા વિષયોમાં પણ માથાં મારવાં, તેમને એમ ભલે કરવા દઈએ, તેમને વિશે મનમાં કશો અન્યથા ભાવ ન આણવા દઈએ. પણ આપણે તો એકમાં જો રસ લીધા કરીશું તો જ આપણે અંતર્મુખ થઈ શકીશું, કારણ કે આપણું મન, ઇન્દ્રિયો, બુદ્ધિ, ચિત્ત જેવી રીતે ગ્રહણ કરે તેવી રીતે મેળવ્યા કરે છે'. એટલે એકમાં રસ લેવાનું રાખીએ તો જ ઇન્દ્રિયો, બુદ્ધિ, ચિત્ત એમાં રસ લેવા માંડશે ને તે દ્વારા મન અને તો જ મનની અંતર્મુખતા શક્ય થશે. આવી દૃષ્ટિ, વૃત્તિ ને વલણથી જે જીવન ગળાય તે વૈરાગ્યમય જીવન.

તો હવે સવાલ એ થાય છે કે એવી સમજણ ક્યારે ને કેવી રીતે આવે? 'ક્યારે'નો સવાલ આપણે કદી ઊઠાવવાનો નથી. એનો અર્થ

એમ નથી કે આપણે ઉત્સુકતા, તમન્ના વધે એ માટે કશી ઇચ્છા ન રાખવી, કે તે દિશા તરફ લક્ષ ન જ આપવું. પણ એનો અર્થ એ થાય છે કે તેની સાથે આપણામાં અપાર ધીરજ જોઈએ. ગીતાજીમાં જેને 'સાત્ત્વિક' સાધક કહ્યો છે એટલે કે ધીરજ અને સાથે સાથે ઉત્સાહવાળો—એવું આપણે રહેવાનું છે.

જીવનની તમન્ના કેમ પ્રકટે એ વિચારવાનું કામ આપણું રહ્યું જ છે. જીવથી જે જે કાર્યો આસક્તિથી થતાં જાય છે, એની ગૂંગળામણ, અમૂંઝણ ને અકળામણ એમાં વધતી જ ચાલે છે. એની ચિંતાનો પાર જ રહેતો નથી. ઉદ્વિગ્નતા, ક્લેશ, સંતાપ ને મુશ્કેલીઓ એ તો જાણે એને વરેલાં જ હોય છે. એમાંથી કદી ઊંચો જ આવી નથી શકતો. એવા જીવના સુખના અનુભવમાં કશું સુખ પણ શું? એના સુખમાં પણ એને નિરાંત નથી, ચેન નથી. પરંતુ જ્યારે જીવને એવું જીવન ખૂબ સાલવા માંડે છે, ત્યારે જ તે પોતે કંઈક ઊંચે આવવાની શક્યતામાં પ્રવેશે છે, ને ત્યારે જ એ ઉચ્ચતમ જીવન વિષેની તમન્ના કેમ પ્રકટે તેની આશા પ્રકટી શકે છે. અનાસક્તિથી જેમ જેમ કર્મ થતાં જાય છે તેમ તેમ એનામાં એક પ્રકારની મોકળાશ પ્રકટે છે; એને નિરાંત વળે છે. એને કશો કોઈ જાતનો ઉજાગરો રહેતો નથી. પોતે અનાસક્ત થતો જતો હોવાથી એના રાગદ્વેષ મોળા પડતાં જાય છે. એને કશા વિષે કશાનો ભાર લાગતો નથી. એ વધારે ને વધારે નિશ્ચિંત બનતો જાય છે. એક પ્રકારનું એવું હળવાપણું એનામાં પ્રકટે છે કે જેથી એ ઊડ્યા કરે છે. સકળ કર્મ એ સમર્પણયજ્ઞાર્થે જ કર્યા કરે છે. ઉચ્ચતમ જીવનની જીવનમાં હાકલ પ્રકટાવવાને માટે અનાસક્તિભર્યું જીવન જીવવાનો જેને અભ્યાસ છે—એવાના જીવનમાં તમન્નાની જ્વાળા ભભૂકવાની છે. આપણું મન તે વેળા તે જ દિશામાં રહ્યાં કરશે. જે દિશામાં જબરજસ્ત આપણી ગતિ હોય તેમાંથી ઊંધી દિશામાં જવાનું કદી બની શકતું નથી. એ જેમ હકીકત છે તેમ જીવની ગજગ્રાહની એવી મથામણમાંથી એટલે કે આસક્તિ-અનાસક્તિનાં એવાં મંથનોમાંથી અને મથામણોમાંથી જીવ જ્યારે નીકળવા માંડે છે, ત્યારે જે પર્વતોની કરાડોમાં, જે પર્વતોની કરાડો ને

કંદરાઓમાં પુરાઈ ગએલી નદી, તે બધાંને વટાવી જ્યારે મેદાનમાં વહેવા લાગે છે, ત્યારે તેના વહેણમાં જે એક પ્રકારની મોકળાશ ને ઉત્તમપણું આવે છે, તેમ જીવનમાં પ્રત્યેક સાધક અનુભવે છે. અનાસક્તિ પ્રકટતાં જીવ કશામાં બંધાઈ જતો નથી. તેની તમન્નાનો જ્વાળામુખી પછી તો વધ્યા જ કરે છે. એ કશામાં ભેરવાઈ પડતો નથી. એની અંતર્મુખતા પૂરેપૂરી જળવાઈ રહે છે. એવી લઢણમાંથી જ એની અંતરશક્તિ પ્રકટતી હોય છે. તમન્ના અને અનાસક્તિ એ બે પરસ્પર સંકળાએલાં છે. એકબીજાની સાથેનો સંબંધ એકબીજાથી છૂટો નથી. એક આવે તો બીજું આવે, બીજું હોય તો પહેલું હોય જ.

અનાસક્ત થતા જતા જીવાત્માને જેમ જેમ પ્રવૃત્તિ આવે તેમ તેમ તે અંદરથી વધારે પૂરી નિવૃત્તિથી વર્તાયાં કરાય એવી રીતે જ તે તે વેળા કર્મને તેનાથી આચરાય છે. પ્રવૃત્તિમાં એની હૃદયની નિવૃત્તિ જોખમાતી નથી. નિવૃત્તિની ભૂમિકા પરની તેની પ્રવૃત્તિ બનતી જતી હોય છે, એટલે જ હંમેશાં તે નિશ્ચિંત ને પ્રસન્નચિત્ત રહ્યા કરતો હોય છે; પરંતુ આપણી ચેતનાની ભૂમિકા તો એ બેમાંથી એકમાંની પણ રહેતી નથી. ને બન્ને ભલેને વર્ત્યાં કરતાં હોય તો પણ એ પ્રવૃત્તિ એ પ્રવૃત્તિ પણ નથી. ને નિવૃત્તિ એ નિવૃત્તિ પણ નથી, એટલે આપણે જો જીવનની ઉત્તમોત્તમ કક્ષાની ધગધગતી તમન્ના પ્રકટાવવી હોય તો સૌથી પહેલું કર્તવ્ય અને ધર્મ, જીવનમાં જે જે મળેલા સંબંધો, વ્યવહાર, વર્તન તથા મળતાં જતાં કર્મોમાં આપણો જ્ઞાનભક્તિપૂર્વક રહ્યાં કરવાનો જીવતો અભ્યાસ કેળવવાનો છે. એવી જીવનમાં પ્રકટતી જતી વૈરાગ્યની ભાવના આપણા મનને બીજા બધા વિષયોમાંથી સંકળાઈ જતું અટકાવવાને જીવતા સાધનરૂપે બનશે. વૈરાગ્ય વિના જીવનનો ઉદ્ધાર નથી. વૈરાગ્ય વિનાની સકળ પ્રવૃત્તિ જીવને બંધનરૂપ જ છે. વૈરાગ્યની ભાવના પણ જીવનમાં જુદાં જુદાં ક્ષેત્રો પરત્વેની એકધારી, એકસરખી રહી પણ શકતી હોતી નથી. **જીવ એટલે દ્વંદ્વમાં જકડાઈ રહેલી મૂઢપણાની ચેતના.** એ ચેતનાને મુક્ત કરવાનો પ્રથમ પાયો અનાસક્તિનો છે.

('જીવનપાથેય', આ. ૩, પૃ. ૧૩૭ થી ૧૪૨)

૧૯. વાતાવરણ

સાધારણ રીતે આપણે વાતાવરણનો અર્થ હવામાન કરીએ છીએ અને કેટલીક વખતે આપણી આસપાસ તે વખતે વહેતા મનઃપ્રવાહ—mood—ને પણ વાતાવરણ કહીએ છીએ. જેમ કે, ભાષણની શરૂઆતમાં તો શાંતિ હતી, પણ પછીથી વાતાવરણ ગરમ થયું, એમ આપણે કહીએ છીએ; ત્યારે તે વેળાના તે ટોળાની લાગણી કે મનના પ્રવાહને 'વાતાવરણ' કહી નામ આપીએ છીએ. પણ હરહંમેશ આપણી આસપાસ એવાં એક બે નહિ પણ અનેક પ્રકારનાં વાતાવરણ છવાએલાં રહે છે, અથવા કહો કે અનેક પ્રકારના ભેદથી ભરેલું વાતાવરણ છવાયેલું રહે છે. એની જાણ બધાંને નથી થઈ શકતી. જેણે સંપૂર્ણ એકતા સાધી લીધી છે, તેને આ ભેદની કંઈ ઝાંખી થઈ શકે છે.

વાતાવરણ માનવીને હલાવી મૂકે છે. તે વાતાવરણના બળે ઘડાય છે. **બળવાન આત્મા પોતાનામાંથી જ વાતાવરણનું સર્જન કરે છે.** તેથી એવા પ્રબળ આત્માને વાતાવરણ અસર કરી શકતું નથી. આ સૂક્ષ્મ વાતાવરણ કંઈ હંમેશાં માનવીને ઊંચી ગતિએ લઈ જનારું નથી હોતું. ઘણી ઘણી વાર તેની અસરમાંથી ઊગરી જવું જોઈએ એવું તે હોય છે. આ સૂક્ષ્મ વાતાવરણમાંથી ઊગરી જવાનો એક માર્ગ, કંઈ પણ **પારમાર્થિક વિચાર કે કાર્યમાં સતત સતત મંડ્યા રહેવાનો છે. કોઈપણ રીતે મનને સતત સાત્ત્વિક રીતે પ્રવૃત્તિશીલ રાખવાથી આપણી ઉપર બીજા વાતાવરણની અસર થતી નથી.** 'સાત્ત્વિક રીતે પ્રવૃત્તિશીલ' એટલે એવી પ્રવૃત્તિમાં કે જેમાં મનને આસક્ત થવાપણું રહેલું નથી. એ પ્રવૃત્તિ સ્થૂળ કર્મની હોય તો તેમાં પણ સતત ભગવદ્‌ભાવ રહેવો જોઈએ અને તેનો હેતુ પણ સમજણપૂર્વક ભાગવતી-કાર્યનો હોવો જોઈએ.

આપણી સર્વ શક્તિઓમાં મન અતિશય સૂક્ષ્મ વસ્તુ છે, તેને વાતાવરણ સરળતાથી હલાવી શકે છે. ઈન્દ્રિય-સ્પર્શથી ઊભા થતા સ્થૂળ વાતાવરણમાં તો તે વધારે અફળાય છે. પણ તેથી વધારે સૂક્ષ્મ વાતાવરણમાં તો તે વધારે અફળાય છે. સજ્જન કે દુર્જનનો સંગ એ

બન્નેને લીધે થતાં મન પરના આઘાતો ને આંચકા મનને વધારે લાભ-હાનિ પહોંચાડે છે. કેમ કે તેવા આઘાતો ને આંચકાની અસર મન ઉપર વધારે થાય છે. દાખલા તરીકે ગમે તેટલા ઉગ્ર સંયમથી બધી ઇન્દ્રિયોને પોતપોતાના વિષયોમાંથી ખેંચી લીધી હોય તેમ છતાં મનથી તે તે ઇન્દ્રિયોના વિષયના સેવનનો વિચાર થતાં સંયમથી ઊભું કરેલું વાતાવરણ નિરર્થક અને મિથ્યા થઈ જતું હોય છે.

સાધુપુરુષોની સમીપમાં રહેવામાં પણ વાતાવરણની સારી અસર થાય છે; પણ જો એ સાધુપુરુષ પ્રત્યે આપણને શ્રદ્ધા, વિશ્વાસ ને અત્યંત આદર તથા પ્રેમભક્તિ આપણા હૃદયમાં પ્રગટી ગયેલાં હોય તો જ. ને એમ પરસ્પર સદ્‌ભાવ હોવાથી આપણો હૃદયનો સંબંધ આપોઆપ તે સાથે બંધાય છે, ને જો આપણે અજ્ઞાનથી એનાથી વિખૂટા પડીએ તો (એટલે કે આપણે સતત પ્રયત્ન કરતા ન રહીએ ને એના પ્રત્યેનો સદ્‌ભાવ—આદરભાવ—આપણામાંથી કોઈ કારણને લીધે અદૃશ્ય ન થાય) તો એ સંબંધ કાયમ રહે છે. ને ઉત્તરોત્તર આપણે તે અસરમાં આપણી તે તે વખતની મનઃપ્રવાહની ઇચ્છા-અનિચ્છા છતાં તણાયા કરીએ છીએ.

જીવનવિકાસના માર્ગમાં (ગુણોથી) વિશુદ્ધિ જેટલી આવશ્યક છે, એથી અનેકગણી વધારે આની શુદ્ધિની છે. તેથી સાધકના તોલવાનાં માપ ઇતર માનવી કરતાં થોડાં ઘણાં જુદાં છે. પોતાના રાહબર પ્રત્યે અશ્રદ્ધા કે અસદ્‌ભાવનું મનનું કે એવા કશાનું એક પણ મોજું—લહરી—ન થાય એ જોવાનું તેને માટે વધારે આવશ્યક છે. આવી નજર અને આવી શુદ્ધિ સારા વાતાવરણથી જ આવે છે. સારું વાતાવરણ ઊભું કરવા માટે ખરાબનો સામનો કરવા કરતાં સારાનું બળ વધારવાનો પ્રયત્ન કરવો એ વધારે સહેલો માર્ગ છે. જે બળવાન છે, તે જ સારા વાતાવરણને ઉપજાવી શકે છે, તે વિશે તો શંકાને કોઈ સ્થાન જ નથી; કારણ કે ખરાબ વાતાવરણને ઊભું કરીને ફેલાવનાર શયતાની વૃત્તિઓ એના મનને હરાવી કે હંફાવી શકતી નથી. સારું વાતાવરણ સાચવવાના પ્રયત્નમાં પણ સારા ને બૂરાના સંગ્રામમાં સારું જ વિજય પામે છે ને ટકે છે.

ગમે તેવા ખરાબ વાતાવરણની અસરમાં આપણે હોઈએ પણ જો પ્રભુકૃપાને લીધે કોઈક ક્ષણોમાં સારા સંસ્કારોનાં મોજાં આપણને અથડાઈ–સ્પર્શી જતાં લાગે ને એને પકડી લઈએ અને આવી રીતે એવી સારી તકોને એટલે કે એવાં મોજાંને પકડી લેવાની કળા જો આપણને આવડી જાય તો આપણે આપણામાં નવું જીવન સર્જાવી શકીએ છીએ. વળી અવળા વાતાવરણમાં પડેલા હોવા છતાં કોઈ સંસ્કાર બળે આપણે સત્સંગમાં ભળ્યા હોઈએ તોપણ આપણને લાભ થાય જ છે. થોડાક સમયને માટે જૂનું વાતાવરણ આપણી સામે રહ્યાં કરશે ને એનું ગુંજન ને અસર આપણા પર રહ્યાં કરશે. પરંતુ જો સામાનું ખેંચાણ હશે અને જો આપણે જૂનામાંથી દિલ હઠાવ્યું હશે (હૃદયથી ભાવભર્યું સ્મરણ થયા કરતાં) તો એ સુંદર વાતાવરણ જામતાં વાર નહિ લાગે. એક વખત એની લહેજતની મઝા દિલમાં પડવા લાગી તો પછી કોઈ બળ એવું નથી કે જે એ વાતાવરણને બદલાવી શકે. જેમ ખરાબનાં પ્રલોભનો છે, એના કરતાં એનાથીયે વધારે ખેંચાણવાળાં પેલાંનાં આકર્ષણો હોય છે. જો આપણામાં તેવી તીવ્ર ઉત્કટ ઈચ્છા પ્રકટેલી હોય તો. ખરી રીતે માનવી માત્રની અંતર્ગત વૃત્તિઓ ભગવાન તરફ વળવાની જ હોય છે. આમ વાતાવરણ આપણા સર્જનમાં ઘણો ભાગ ભજવે છે.

('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૨૧૬ થી ૨૧૯)

૨૦. સલામત સ્થિતિ

બાહ્ય સંયોગોમાં સલામત સ્થિતિ એટલે સ્થિતિચુસ્તતા અને એ સ્થિતિચુસ્તતા એટલે જ્યાં જેમ હોઈએ એમાં જ સંતોષ તથા પરિણામે વિકાસની રુકાવટ અને અંતે પતન; આથી સાધકને ક્યાંયે સલામત સ્થિતિ કરી દેવી પાલવી શકે નહિ, જ્યાં કોઈપણ પગથિયે સંતોષ લેવાયો કે પતનનાં મૂળ એમાં રહ્યાં જ સમજવું. આ નિયમ વ્યક્તિ તેમજ સમષ્ટિ ઉભયને એક સરખી રીતે લાગુ પડે છે.

સાધનાના લાંબા ને અવિરત પરિશ્રમના ગાળા દરમ્યાન ક્યાંયે સંતોષ માનીને સ્થિર બેસી રહેવાનું સાધકને હોઈ જ ન શકે. પ્રત્યેક સ્થિતિ આપણી અપૂર્ણતાસૂચક હોઈ તેનું જીવંત સ્પષ્ટ ભાન આપણને રહે તથા એક પ્રકારની દૈવી અસંતોષની પ્રચંડ જવાળા અંતરમાં ભભૂકતી રહેવા સાથે ખૂબ ધીરજ પણ હોવી જોઈશે. આમ વિકાસની અદમ્ય, તીવ્ર સક્રિય ઝંખના અને અપાર ધીરજનો સુંદર સુમેળ સાધકે સાધવાનો રહે છે.

જીવનનાં પ્રત્યેક પાસામાં (phase) આપણે આપણી સલામતીની સ્થિતિ અનુભવવાનું રાખવાનું નથી—એ બધું જ ચલ છે—અચલ તો એક સનાતન પ્રભુ જ છે, એવું હંમેશાં લક્ષમાં રાખવું જોઈએ. જીવનમાં પસાર થતા કે સ્થિર થતા પરિણામના પ્રત્યેક પાસામાં સલામતીની લાગણી (sense) આપણે અનુભવવાની નથી; પણ તે એક ક્ષણજીવી પાસું છે; એમ સમજવાનું છે. મન જ્યાં સલામતીની લાગણી ક્યાંયે, કશામાંયે રાખવાનું કરે કે અનુભવે ત્યાં તુર્ત તેનો સામનો કરીને તેવા મનઃપ્રવાહને રોકવો ઘટે. સલામતીની સ્થિતિમાં જ રહેવાની ટેવ પડી જવાથી પ્રકૃતિનું ત્રિગુણાત્મક જોર આપણા ઉપર ચડી બેસે છે. પ્રકૃતિના એવા જડ જોરને ઘટાડવાને કે નિર્મૂળ કરવાને પણ કશામાંયે આપણી સ્થિતિ સલામત રાખવા દઈએ નહિ; તો જ જૂના સ્વભાવને પલટાવવા માટે—દિવ્ય રૂપાંતર થવા માટે—આપણને સરળતા અને વેગ મળી શકે છે. સલામત સ્થિતિમાં તો સ્વભાવને પલટાવવાને ક્યાંયે અવકાશ રહેલો નથી. એટલું જ નહિ પણ ઊલટું તે સ્થિતિમાં પડ્યા રહેવાથી એ જૂનો સ્વભાવ વધારે દૃઢ થતો જાય છે.

મનની વૃત્તિઓનાં સ્વરૂપ જેમ અસંખ્ય છે, તેમ તેની ચાલ પણ અનંત અને અનેકમુખી છે, એવું જ સત્ય વિશે પણ કહી શકાય. સત્યનાં શરીર યા સ્વરૂપ પણ અનંત છે. એક સ્થિતિમાં જે સત્ય જણાય, એને પકડી રહીએ તો એનાથીય પરનું સત્ય બાકી રહી જાય છે; ને અધૂરા કે એક જ બાજુના સત્યને વળગી રહેવાનું બન્યા ન કરે, માટે પણ કશામાંયે સલામત સ્થિતિ આપણે રાખવા દેવાની નથી. તો જ આપણાથી એકમાંથી બીજામાં ને બીજામાંથી ત્રીજામાં જવાશે. એકમાંથી બીજામાં

જવા માટે પણ ક્યાંયે આપણે સલામત સ્થિતિ રાખીએ નહિ. સલામતીભરી સ્થિતિ ભોગવતાં ભોગવતાં એક પ્રકારનો જડ સંતોષ આપણને રહ્યા જ કરવાનો, અને એને લીધે તેવી સ્થિતિમાંથી કોઈ અજ્ઞાત (unknown) સ્થિતિમાં ભૂસકા મારવાનું સાહસ, હિંમત, બળ, જોશ, ઉત્સાહ, ઉન્માદક નશો— કશું એવું પણ આપણામાં નહિ આવી શકે. સાહસિકતાને તે ઉત્તેજી પણ નહિ શકે ને અંતે સલામતીની મનોદશાને લીધે જ્યાં જેવા પડ્યા છીએ, ત્યાં જ તેવા ઠીક છીએ એમ માની લેવાને કે મનાવી લેવાને તે આપણને મથાવ્યા કરશે. નવી સ્થિતિમાં જવાને માટે તે આપણને ખચકાવ્યા કરશે, અનેક અથડામણો ઊભી કરાવશે ને માનસિક દુઃખોની પરંપરા ઠાલવશે. આવું ન થાય— ન થતું રહે—માટે સાધકે સલામત સ્થિતિ ક્યાંયે થવા દેવી નહિ. આથી જ કદાચ **'સાધુ તો ચલતા ભલા'** એમ કહેવાયું હશે. **'ચલતા'**નો અર્થ સ્થૂળ ચાલવાનો ન કરતાં, સતત વિકાસ સાધ્યા કરવો એવો કરવાનો છે. સાધકની સ્થિતિ પણ એવી જ હોવી ઘટે. મથામણ વિના અમૃત કદી પણ સાંપડવાનું નથી. મથામણ સાધકના જીવન વિકાસાર્થે જરૂરી છે; મથામણ પોતાની અંદર જ માત્ર નહિ પણ બહારના સંજોગો સાથે પણ જરૂરી છે. કંઈક ને કંઈક નવું શીખવા માટે તે આપણને સાંપડેલી તક હોય છે. જો તેવી સ્થિતિ રાખી શકાય, શ્રીભગવાનનો હેતુ સમજી શકાય ને તેની સાથે સાથે સાધનાને યોગ્ય વેગ તથા જીવનમાં જોશ આણી શકાય તો આપણું કલ્યાણ થયા વિના રહી શકે જ નહિ. આવી આંતર-બાહ્ય મથામણોનો ઇતિહાસ, વૃત્તાંત, આધ્યાત્મિક દૃષ્ટિથી કોઈ સાધકે લખ્યાનું જાણમાં નથી, પણ જો તે સમદૃષ્ટિએ લખાયા હોય તો જગતને અમૂલ્ય લાભ થયા વિના રહે નહિ. જગતનાં યુદ્ધો કરતાં એવાં યુદ્ધોની કિંમત અનેક ગણી ચડિયાતી છે. આપણું દિવ્ય રૂપાંતર થવાની દૃષ્ટિએ તો એવાં આંતરિક યુદ્ધોના ઇતિહાસનો અભ્યાસ અનિવાર્ય અને આવશ્યક છે. **('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૬૪ થી ૬૬)**

૨૧. સાક્ષીભાવ

સાક્ષીભાવ ત્રણ પ્રકારે રાખી શકાય, ને તદ્દન એકલો પણ તે રહી શકે ને વળી નિરપેક્ષભાવે. આપણા વિચારો, લાગણી, ભાવના, રસ, રસની પ્રવૃત્તિ, સંબંધો, વ્યવહારનાં ક્ષેત્રો—એવા અનેક પ્રસંગોમાં આપણે સાક્ષીભાવ એટલે કે તેમાં અલગપણું તો રાખવાનું છે જ. પણ તે અલગપણું તદ્દન અલિપ્તપણાનું ન હોવું જોઈએ; કારણ કે આપણે આપણામાં રૂપાંતર કરવું છે, અથવા તો એ આવરણો છે, એટલે તે આવરણોથી પર થઈને જે સ્થિતિ આપણે સતત—પ્રેમભાવથી—રસથી સ્થિત રહ્યા કરીએ અને તેમ છતાં જે કંઈ કર્યા કરીએ એવી સ્થિતિ આપણે ઉપજાવવાની છે, એટલે કે સાક્ષીભાવ રાખવાનો છે. તે સાથે ને તેમાં આપણે એટલા પ્રમાણમાં રસ લેવો પડશે કે જે રસના સ્નિગ્ધપણાને લીધે આપણે તેને તેને આપણા વેગમાં ભળવાને મથાવી શકીએ. આપણે તે તે બધા સાથે જો Indifferent રહ્યા કરીએ, તેમને કંઈ ગણકારીએ નહિ કે પૂરતું લક્ષ ન દઈએ કે પૂરતું ધ્યાન ન રાખીએ તો જે જે બધું થયા કરશે, પરિણમશે, તેમાંથી જે ગતિ ઉત્પન્ન થશે એ આપણને મદદ કરનારી નહિ હોય. આ વાત નક્કી છે.

એ વાત પણ બાજુએ મૂકો. આપણે જેને 'સાક્ષીભાવ રાખ્યા કરીએ છીએ' એમ ગણીએ છીએ, તે આપણી માન્યતા પણ યોગ્ય વાસ્તવિક નથી. આપણું એ વલણ આપણને સહાયકારક નથી, અવરોધ કરનારું છે. આપણે જે સાક્ષીભાવ રાખવાનો છે તે તો આ જાતનો છે. આપણે જે જે સંબંધમાં હોઈએ કે આવીએ તેમાં ભળી કે ભેળવાઈ જવાનું કે તણાઈ જવાનું અલબત્ત નથી જ. પણ તે સાથે સાથે સામાનામાં (એટલે કે વ્યક્તિ કે પ્રસંગ કે વાતાવરણ કે જે કશાની સાથે આપણે સંબંધ છે કે થયો છે તે સાથે) તેવી રીતે રસ લેવાનો છે કે જેથી તે યોગ્ય રીતે વર્ત્યા કરે ને આપણને પરિણામે સરળતા મળ્યા કરે. આપણી અંદર જે જીવ સ્વભાવ છે, એને ઝીણવટથી તપાસ્યા નહિ કરીએ અને એને વારેવારે

ઉથલાવ્યા નહિ કરીએ તો એ એની જૂની ટેવોના પટ પ્રમાણે વર્ત્યે જશે ને આપણું સાક્ષીપણું ક્યાંયે તણાઈ જશે. આપણને તેનું ભાન પણ ન રહે એવોયે પૂરો સંભવ છે, એટલે સાક્ષીભાવ સાથે સાથે આપણે વિવેકવૃત્તિ પણ રાખવાની તેટલી જ જરૂર છે.

આને એક સાધારણ નિયમ ગણીને આપણે બીજાં બધાં સાથે વર્તવાનું છે, પણ બીજાંઓની સાથે તેમ વર્તવા જતાં પાછી આગ્રહવૃત્તિ ન આવી જાય, એવો આસક્તિભર્યો રસ ન લેવાઈ જાય કે જેથી એની આગ્રહવૃત્તિથી આપણે તણાઈ ન જઈએ એ પણ આપણે જોવાનું છે. આપણી આગ્રહવૃત્તિ પણ હોઈ શકે છે; જો તે સાથે સાથે જ આપણે તટસ્થતા રાખી શકતા હોઈએ તો. આગ્રહ કે અનાગ્રહ કે તટસ્થતા એનો સંવાદ કેમ થાય—સુમેળ કેમ જામે એ વળી જુદો સવાલ છે. પણ એવી તટસ્થતા સાથેની આગ્રહવૃત્તિમાં પણ સામાના હિતનો જ સવાલ મુખ્યપણે આપણામાં ભાગ ભજવી રહ્યો હોવો જોઈએ.

આ બધા સાથે આપણને પ્રત્યેક પરિસ્થિતિમાં સમતોલપણું જાળવતાં આવડવું જોઈએ. આ બધું એકસામટું કેમ થાય એવો વિચાર આવે, પણ આપણામાં તેવું તેવું ઊગવા માંડશે અને તે જોયા કરવાનું છે.

મેં કેટલાય એવા પણ જોયા છે ને અનુભવ્યા છે કે જેઓમાં સાક્ષીભાવ પૂરો હોવા છતાં બીજા સાથે ભળેલા કે ભળી ગયેલા લાગ્યા કરે. પણ એવાઓનો તો એવી વૃત્તિમાં કોઈ ઑર પ્રકારનો હેતુ હોય છે એટલે આપણે તો બધી બાજુએથી જોઈ વિચારીને કામ લીધા કરવાનું છે.

જેને એક વખત આમાં રસ હોય છે, પણ તે જો યોગ્ય વહેણમાં ગતિ કરી શક્યા નથી હોતા તો એમની અંદરની બધી શક્તિઓ વેડફાઈ જાય છે ને રસ માર્યો જાય છે. (**'જીવનસંદેશ', આ. ૪, પૃ. ૨૦૬ થી ૨૦૮**)

૨૨. પ્રેમતત્ત્વનિરૂપણ

જીવનસાધનામાં આપણને ખૂબ આગળ ધપાવનાર તત્ત્વ પ્રેમ છે. આપણે જેટલા પ્રમાણમાં ખુલ્લા હૃદયે, નિઃસંકોચપણે, નિર્મળભાવે, શ્રદ્ધાથી ને વિશ્વાસથી પ્રેમભાવના રાખ્યા કરીશું તેટલા પ્રમાણમાં આપણને ચેતનતત્ત્વનો અનુભવ થતો જશે.

ભગવાનના આનંદભાવનું જીવનમાં વ્યક્ત થવું ને તે અનુભવમાં આવવું એટલે કે તે પ્રમાણે સચરાચરપણે અનુભવવું, તે સ્વરૂપ તે પ્રેમ. વ્યક્તિ વિના એવા ભાવનું અસ્તિત્વ સંભવતું નથી, એટલે આપણામાં ભગવાનના ભાવનો અનુભવ કરનાર ને કરાવનાર તે પ્રેમ.

વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના અને વ્યક્તિ તથા દુનિયા વચ્ચેના દ્વૈત અને અદ્વૈત—બન્નેને ઓળખાવનાર જે તત્ત્વ તે પણ પ્રેમ. પ્રેમમાં ભાવ છે, ગતિ છે, સ્થિતિ છે ને તે હૃદયમાંના એક બિન્દુમાં મળે છે. પ્રેમની શાંતિમાં (અંદર જે શાંતિ અનુભવાય છે તેમાં) અતિશય વેગવાળી ગતિ અને ક્રિયાશીલતા તથા કાર્યસાધકતા પણ છે. સંપૂર્ણ શાંતિ અને અપાર શક્તિ, પરબ્રહ્મનું નિર્ગુણ તત્ત્વ ને સગુણ સ્વરૂપ અથવા સત્ ને ચિત્નો સુમેળ પ્રેમમાં છે; અને પ્રેમ પોતે આનંદ-સ્વરૂપ છે, એટલે પ્રેમ સત્-ચિત્-આનંદની ત્રિપુટીને પોતાનામાં પ્રકટ કરે છે ને સમાવે છે. તેથી પ્રેમમાં સુસંવાદીપણું પ્રકટે છે. એમાં ક્યાંયે ખોવાપણું કે ખોટ નથી. કેવળ લાભ, લાભ ને લાભ જ છે. પણ પહેલાં એ આપણી પાસે ખોવાપણું—ફનાગીરી માગે છે. આપણે એના ભાવમાં જેટલા ખોવાઈ જઈશું તેટલો વિશેષ એનો રસ અનુભવાશે, માણી શકાશે. 'ચાહ આપો અને ચાહ લો' એ પ્રેમપ્રાપ્તિની રીત છે. પણ પ્રેમ પાછો સ્વયંભૂ અને નિરાવલંબી છે એટલે (કોઈનો—ભગવાનનો પણ) ચાહ લેવાના હેતુથી કે આશાથી જો ચાહ-પ્રેમ અપાયો તો તે સાચો પ્રેમ નથી. પ્રેમ તો કશી પણ સામા તરફથી આશા અપેક્ષા રાખ્યા વિના માત્ર પોતાની જાતને આનંદપૂર્વક, રસપૂર્વક હોમવામાં જ અથવા અર્પણ કરી દેવામાં જ માને છે. તેથી પ્રેમ સૌથી મુક્ત હોવા છતાં પાછો સૌથી બદ્ધ પણ છે. પ્રેમ

પોતાની જાતને પ્રેમપાત્ર સાથે એવી રેશમગાંઠથી બાંધે છે કે જેથી પોતે સંપૂર્ણપણે એની સાથે બંધાયેલો રહેતો હોવા છતાં સામાને (પ્રેમપાત્રને) સંપૂર્ણ મુક્ત રાખે છે. એ તાબેદારી પણ કોઈ અનોખી ચીજ છે. પ્રેમની તાબેદારી ને ગુલામી મુક્તિના જેટલી જ પ્યારી છે.

પ્રેમની શક્તિ વિરાટ છે. આપણામાં એ વ્યક્ત થાય ને એનો અનુભવ થાય એમાંથી આપણે એનો ઉપયોગ પ્રચંડ બળ તરીકે કર્યા કરવાનો છે. એ શક્તિનો જેટલો ઉપયોગ કર્યા કરીશું, એટલો લાભ છે, એ સર્વોત્કૃષ્ટ પ્રેમની ભાવનાથી પણ આપણે તો પર છીએઃ પ્રેમની શક્તિ ગૂઢ છે ખરી, પણ એ અચેતન કે જડ નથી. એના આવિર્ભાવમાં તો પ્રચંડ ચેતન-શક્તિ પ્રકટ થાય છે અને તે ઉપરાંત એનો ધોધ સતત વહેતો હોય છે.

આપણા હેતુઓથી પણ સ્વતંત્રપણે પ્રેમભાવ પોતાનો હેતુ (શ્રીભગવાનની પ્રેરણાથી) સાધવાને જગતમાં કાર્ય કરી રહેલો છે એવું એનું સ્વતંત્ર ક્ષેત્ર છે. ને સ્વતંત્ર એની મર્યાદા પણ છે, એટલે જો આપણે સૂક્ષ્મ રીતે અંતર્મુખ થઈને એ પ્રેમભાવનો ઉપયોગ આપણી સાધનામાં નહિ કરીએ તો એ પ્રેમભાવ, એ દિવ્ય શક્તિ પોતાનાં જૂનાં સાધનોનો, એ નકામાં તથા અર્થ વિનાનાં લાગવાથી ત્યાગ કરે છે, ને જ્યાં સચોટ ઉપયોગ થતો હોય છે, ત્યાં વિકસે છે ને પોતાની ભૂમિકા ખોળી લે છે. એ પ્રેમની વિરાટશક્તિ એકલી માનવીઓમાં વ્યક્ત થાય છે એમ નથી. એ તો સાક્ષાત્ વિશ્વનિયંતા શ્રીભગવાનનો ભાવ છે. તેથી તે સચરાચરમાં વ્યાપેલો છે. પરંતુ આપણી પોતાની અશુદ્ધિઓને લીધે એમાં વિકારીપણું, ક્ષુદ્રતા ને પાશવીપણું આપણને દેખાય છે. પણ આપણે જેમ જેમ એ બધાંથી પર થતા જઈશું ને અંતર્મુખ રહીને આપણા વિકારીપણાને, ક્ષુદ્રતાને ને પાશવીપણાને દૂર કરતા જઈશું, તેમ તેમ પ્રેમના સ્વરૂપની શક્તિ આપણને સ્પષ્ટ સમજાતી જશે ને તેમ તેમ આપણે એનો ઉપયોગ વધારે ને વધારે કરતા થતા જઈશું. એમ થતાં થતાં જીવનમાં પ્રેમનો ઉપયોગ કરવાની સહજ કળા પણ પ્રાપ્ત થશે. આપણને મળતી શક્તિઓનો ઉપયોગ જો આપણે આપણા માર્ગમાં

સતત નહિ કરતા રહીએ તો એ શક્તિઓ આપોઆપ અદૃશ્ય થઈ જશે ને એની આપણને સમજણ પણ નહિ પડે.

ભગવાનના ભાવવાળો પ્રેમ જેમ જેમ ખીલતો જશે તેમ તેમ વધારે ને વધારે આત્મસમર્પણ તે કરાવશે. આપણે જેમ જેમ સમર્પણ કરતા જઈશું તેમ તેમ પ્રેમભાવ પણ આપણામાં પ્રકટ્યા કે ઊતર્યા કરશે. સમર્પણ પર આપણે ખૂબ જોશ રાખવાનું છે. પ્રેમમાં કોઈ આશા નથી કેમ કે તે તો સહજમેળે, સરળપણે, આપોઆપ વહ્યા કરતો હોય છે. હૃદયના કુંડમાંથી ફૂટી નીકળતા ફુવારાની ઉપમા તેને આપી શકાય, કારણ કે તે સર્વતોમુખી છે અને સ્વયં-સ્ફુર્ત પણ છે.

આ પ્રકારના પ્રેમને સમજવા ને અનુભવવા માટે દુન્યવી ભાવોથી આપણે પર થવું પડશે, અને તે કંઈ તેવી વાતો કર્યા કરવાથી, બોલવાથી કે લખવાથી બનવાનું નથી. પરસ્પરની પ્રેમની ભાવના દ્વારા જીવન જીવનને સંકળાવવાનો સાધનાનો જે પરમ માર્ગ છે એવા પ્રીતિયોગના માર્ગની સાધનામાં (જો તે કરી શકાય તો) ઘણી શક્તિ પ્રકટે છે. પરંતુ તે તમારા મારા જેવા માટે એકદમ શક્ય નથી. જ્યાં સુધી જીવદશાનાં અનેક પ્રકારનાં આવરણમાં આપણે ખદબદ્યાં કરતાં હોઈએ છીએ, ત્યાં સુધી ખરી રીતે તો આપણે આ પ્રેમના નામને ઊલટા અભડાવી મારીશું. આવા દિવ્ય પ્રકારના પ્રેમને સમજવા ને અનુભવવા માટે જીવદશાની અનેક પ્રકારની વૃત્તિઓને આપણે ખંખેરી નાખવી પડશે. જો એ પ્રેમભાવના પ્રવાહની પરત્વે આપણે સચેતન પૂરેપૂરા ન રહી શક્યા, તો એ આપણને છોડી દેશે ને પોતે યોગ્ય પાત્રમાં કામે વળગી જશે. એટલે એની જ્ઞાનભક્તિપૂર્વકની જાગ્રતિની ગરજ જીવનમાં પ્રકટેલી હોવી જોઈશે.

વૈષ્ણવ સંપ્રદાયમાં ભગવાનને ભક્ત માટે ઝંખતા વર્ણવવામાં આવ્યા છે. એ ભાવથી પણ વધારે દિવ્ય ને વધારે ઊંડું પ્રેમનું તત્ત્વ છે. એટલે આપણા પ્રેમનો આદર્શ એકબીજા સાથે પ્રેમની ભાવના દ્વારા સંકળાવાનો ને સંધાવાનો નથી; પણ ભગવાનના ભાવનો આવિર્ભાવ કરાવવા માટે છે. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૬૨ થી ૩૬૫)**

• • •

પ્રેમનું સામ્રાજ્ય સારાય વિશ્વ ઉપર રહેલું છે. તે સચરાચર બધે જ છે. પ્રેમથી જ એકબીજાં સંકળાઈ રહેલાં છે. જડ પદાર્થોમાં તે આકર્ષણના નામે ઓળખાય છે; જીવંત પ્રાણીઓમાં વિષયવાસના અને ઉચ્ચતર સ્વરૂપમાં પ્રેમ તરીકે પ્રવર્તે છે. માનવીમાં પશુત્વનાં અવશેષ અને પ્રભુત્વનાં બીજ રહેલાં છે.

પોતાના સર્વપણાની ને સ્વાર્પણની બાબતમાં પ્રેમ જેટલો મૌન રહે છે તેટલો જ નિરાભિમાની રહે છે. અહંકાર-મદ અને પ્રેમ એ બે વચ્ચે કદી મેળ ખાઈ શકે નહિ. પ્રેમ અને મોહને પણ તેજ-તિમિર જેવો સંબંધ છે. જેટલે અંશે મોહ તેટલે અંશે પ્રેમનો અભાવ. મોહ આંધળો છે. પ્રેમ અસંખ્ય આંખોવાળો છે. એમાં વિસ્તાર પણ છે અને ઊંડાણ પણ છે. એને સમુદ્ર કરતાં વ્યોમની ઉપમા વધુ બંધ બેસતી છે.

('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૬૦ થી ૧૬૬)

● ● ●

પ્રેમ એટલે જ્ઞાન. પૂર્ણ પ્રેમ અને પૂર્ણ જ્ઞાન એ તો પર્યાયવાચક શબ્દો થઈ રહે છે. **('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૬૯)**

● ● ●

પ્રેમની ગરમી ધગધગતા અગ્નિ કરતાંયે વધુ છે અને તેની શીતળતા મલયાનિલ કરતાં પણ વધારે શીતપ્રદ છે. પ્રેમનું સ્વરૂપ સૌમ્ય પણ છે અને રૌદ્ર પણ છે. બંને સ્થિતિમાં તે કલ્યાણકારી છે. પ્રેમની પોષણકળા સૂક્ષ્મ, અતિ સૂક્ષ્મ છે. સર્જન કળા એટલી સૂક્ષ્મ નથી તેથી તે પરખાય તેવી છે, પણ તે પરખવા એકાગ્ર ને કેન્દ્રિત થયેલી જ્ઞાનભક્તિનો ઉપયોગ કરવો રહે છે. પ્રેમથી થતો નાશ એ જીવનનું ઉત્તમ પ્રકારનું રચનાત્મક પાસું છે. આમ પ્રેમ સર્જક છે, પોષક છે અને વિનાશક પણ છે. પ્રેમની વર્ષા, ઉષ્મા, ગરમી, શીતલતા, સૌમ્યતા, હૃદ્રતા, હૂંફ, આશા, સહાનુભૂતિ, પ્રેરણા એ બધાં સૂક્ષ્મ પ્રકારનાં આંદોલનો છે; એ બધાને પ્રીછવા માટે હૈયામાં પ્રેમ જોઈએ છે.

('જીવનસોપાન', આ. ૩, પૃ. ૭૯–૮૦)

● ● ●

પ્રેમને અજીઠો પ્રેમ ખપતો નથી. તેને તો કશુંય અજીઠું ખપતું નથી. એને તો ખપે હૃદયનું શુદ્ધ પ્રેમભક્તિપૂર્ણ સમર્પણ; એથી જરાયે ઓછું નહિ. પ્રેમ કંઈ રસ્તામાં રેઢો નથી પડ્યો.

('જીવનપ્રવેશ', આ. ૧, પૃ. ૧૧)

• • •

પ્રેમના વ્યવહારમાં સંપૂર્ણ કરુણાદૃષ્ટિ જ વરસતી હોય છે. એ કરુણાના હાર્દને ભલે આપણે ન પરખી શકીએ કે ન સમજી શકીએ, પણ તેથી તેનું અસ્તિત્વ કંઈ મટી જતું નથી.

• • •

સાચો પ્રેમ હક્ક માંગતો નથી; પ્રેમ તો ફના થવામાં પોતાની ફત્તેહ સમજે છે. પ્રેમનું રાજ્ય તો હૃદય પર છે. પ્રેમને ઉપરચોટિયા ભાવ કે લાગણી સાથે કશી નિસ્બત નથી. પ્રેમમાં પોતાને ભૂલી જઈને જેના પર પ્રેમ છે એનામય બની જવાનું રહે છે. પ્રેમમાં માગણીને, આશાને, અપેક્ષાને, બદલાને, કશાને સ્થાન નથી. પ્રેમ તો પોતાને ન્યોછાવર કરવાનું જ સમજતો હોય છે. પ્રેમનું પ્રત્યક્ષ લક્ષણ આકર્ષણ છે. પ્રેમ એટલે સ્વજનની ગુલામી. પ્રેમમાં ત્યાગ, બલિદાન ને સર્વસ્વનું સમર્પણ આવી જાય છે. પોતાના અસ્તિત્વને મિટાવી દેવાપણું તેમાં રહેલું છે. પ્રેમમાં ગેરસમજૂતીઓ નથી; ઓછું આવવાપણું નથી; અભિમાન નથી. પ્રેમ—ભાવાત્મક પ્રેમ—જ્યાં જ્યાં પ્રકટે છે ત્યાં ત્યાં તે નંદનવન પ્રકટાવે છે; લાળા પ્રકટાવતો નથી. પ્રેમમાં તપ છે, કષ્ટ છે, મુશ્કેલી છે, પરંતુ તે બધું સહેવામાં ક્લેશ, કંકાશ કે સંતાપ નથી જાગતાં; પ્રેમમાં કશું ઘટવાપણું નથી. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૬૩)**

• • •

પ્રેમના સર્જનને અંત નથી. એ તો સદાય ઉન્નતગામી રહે છે. તેની દૃષ્ટિ નીચી નથી. તે દૃષ્ટિ નીચી કરે છે, તે ઉપર તારવવાને કાજે. પ્રેમ નીચે ઊતરે છે ખરો પણ ઊંચે લેવાને કાજે. પ્રેમ મથામણ કરાવે છે, પણ તેની મથામણમાં તે જીવને સાચું સમજાવવા મથતો હોય છે. પ્રેમને સમજવા

પ્રેમમાં ભળી જવું જોઈએ, તે સદાય જાગૃત છે; સહજ પ્રયત્નશીલ છે. પ્રેમ સૌથી મુક્ત હોવા છતાં પાછો સૌથી વધુ બદ્ધ પણ છે.★

('જીવનમંથન', આ. ૨, પૃ. ૧૦૩)

૨૩. અનુભવ

આપણને જે જે કંઈ અનુભવ થાય, તેને ઊંડા ને ઊંડા ઉતારતા જઈએ તો, તે અનુભવ અને તેની અસર ઝાઝો વખત ટકશે. પછીથી જીવંત સ્વરૂપ બનશે અને તેનો ખરો લાભ ઉઠાવી શકીશું.

આપણા જીવનનો જો સૂક્ષ્મની ભાવનામાં વિકાસ કરવો હશે તો આપણે સૂક્ષ્મ અનુભવોમાં સૂક્ષ્મભાવ સમજવાનો પ્રયત્ન કરવો પડશે. એ જાતની સમજ પહેલાં તો આપણે આપણામાં બુદ્ધિથી ઉતારવી જોઈશે. બુદ્ધિથી તે સમજણમાં ઊતરી શકશે ખરી, પરંતુ તેને લાગણી અને ભાવનાના પ્રદેશમાં લઈ જઈને પોતાના વિકાસ માટેનાં અર્થવાળાં સૂચન મળ્યાં કરે અને અનુભવો તેવી રીતે આપણા હૃદયમાં અંકાય તો એમ કરતાં કરતાં આપણને સ્થૂળમાંથી સૂક્ષ્મભાવ સમજાતો જશે અને તેનું રહસ્ય હૃદયમાં ઊતરવા માંડશે.

અનુભવ એવો હોવો જોઈએ કે તે અનુભવમાંથી મળેલું જ્ઞાન હૃદયમાંથી ખસી ન જાય.

ભગવાન ભલેને કદાચ ભારેમાં ભારે મોટા અનુભવ કરી બતાવે, પરંતુ તેથી કરીને આપણામાં જ્યાં સુધી અનુભવનો યોગ્યપણે લાભ લેવાની શક્તિ, દૃષ્ટિ ને તેવી અભિલાષા પ્રકટ થયેલી હોતી નથી, ત્યાં સુધી તેવા અનુભવો ઉપર ઉપરથી ચાલ્યા જાય છે.

અનુભવ કશા આધાર વિનાનો હોવો જોઈશે, એટલે કે સ્વયંભૂ પ્રકટ્યા કરેલો હોવો જોઈશે. એવા અનુભવની આગળ-પાછળ કશી સમજણ, માની લીધેલી કલ્પનાનું જોશ, સંસ્કાર વગેરે એવું કશું ન હોવું જોઈએ. જે અનુભવ થયો હોય અને તેની યોગ્યતા ને તેના મહત્ત્વની

★પૂ. શ્રીમોટા રચિત 'પ્રેમ' વિષયક પુસ્તકમાં પ્રેમનું વિસ્તૃત વિવરણ છે.

દૃષ્ટિ સાથે જે સાધક હૃદયથી એની નિષ્ઠા રાખ્યા કરે છે, ને એની શક્તિ પર પોતાના જીવનનું સર્વ કંઈ ન્યોછાવર કર્યા કરે છે તો તેને જીવનમાં પ્રકટેલો તેવો અનુભવ આગળનો માર્ગ ખુલ્લો કરીને બતાવ્યા કરે છે ને તેમાં પ્રવેશ કરાવ્યા કરે છે. આમાં ભ્રમણામાં પડી જવાનો કદી સંભવ રહેતો નથી. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૪૨)**

(પરમ) અનુભવ થવા માટે સતત ચિંત્વન અને ધ્યાન જરૂરનાં છે. તેનાથી ભૂમિકા રચાય છે. અમુક ભૂમિકા રચાય તે પછી અનુભવ થવા માંડે છે. જીવનનો નિચોડ અનુભવ છે. પણ તે ત્યારે જ થાય કે જ્યારે આપણે ભગવાનમાં સતત યુક્ત રહેવાનો જાગ્રત પ્રયત્ન કર્યા કરતા હોઈશું ને એવો યજ્ઞ અવિરત દીર્ઘકાળ પર્યંત ચાલુ રહે તો આપણામાં એવો આંતરિક ભાવ ખીલી ઊઠશે કે તેના પ્રતાપે સર્વ કંઈ થવું શક્ય છે.

('જીવનપગથી', આ. ૩, પૃ. ૭૪-૭૫)

૨૪. આત્મનિવેદન

આત્મનિવેદન એટલે આપણને ચેતનના ભાવથી સંકળાવનાર દિવ્ય સાંકળ. **('જીવનપ્રવેશ', આ. ૧, પૃ. ૬૦)**

જે કોઈ પોતાની નબળાઈઓ છુપાવતો નથી ને નિવેદન કરતો રહે છે તે તો સારી વાત છે, પરંતુ જો તેવાં નિવેદનોમાંથી પ્રાણ ન પ્રકટતા હોય ને તેવાં ને તેવાં જ જીવપ્રકારનાં વલણોમાં ફરી ફરીને પરોવાવાનું બન્યાં કરતું હોય તો તેવા જીવે ચેતવું જોઈએ, વિચારવું જોઈએ, કારણ કે હૈયાના નિર્ગળતા ભાવભર્યા, સચ્ચાઈભર્યા, પ્રામાણિક નિવેદનથી તો ટટ્ટારી આવવી ઘટે, કેટલાક જીવોને વિશે એવો પણ અનુભવ છે કે તેઓ આત્મનિવેદન તો કરે છે, તેમ છતાં પોતાની નિર્બળતાઓને છાવરતા હોય છે. **('જીવનપ્રવેશ', આ. ૧, પૃ. ૨૩)**

આત્મનિવેદનમાં હૃદયનો ભાવ મહત્ત્વપણે હોય તો તેમાં અભિમાન નથી હોઈ શકતું. આત્મનિવેદનથી આપણા હૃદયનો સંબંધ વધુ ને વધુ ચેતનભાવે નિકટવર્તી બનતો જાય છે ને વધુ ને વધુ ખુલ્લા થતા જઈએ છીએ. આપણામાં સરળતા, પ્રસન્નતા, સંતોષ પ્રકટતાં હોય

છે. જેમ મળની શુદ્ધિની વિધિની પ્રક્રિયા છે તેમ શ્રીપ્રભુના ચરણકમળે થયેલા નિવેદનનું છે. આત્મનિવેદનમાંથી પ્રત્યક્ષ નમ્રતા પ્રકટવી ઘટે. કરણોની શુદ્ધિ થતી અનુભવાવી જોઈએ. (**'જીવનપ્રવેશ', આ. ૧, પૃ. ૬૦**)

હૃદયનાં આત્મનિવેદનો કાંઈ રોદણાં નથી. રોદણાં રડવાથી શું વળે? સાચું ખરેખરું હૃદયથી હૃદયનું થતું આત્મનિવેદન તો એક પ્રકારની શક્તિ પ્રકટાવે છે. તે આપણને વિશેષ જાગ્રત કરે છે. આપણી નિર્બળતાને ચીંધે છે. તેમાંથી સબળ બનવાની પ્રેરણા આપે છે. જે બાબતનું આત્મનિવેદન આપણે કરતા હોઈએ તે અંગેની સતત જાગ્રતિ જો આપણામાં પ્રકટતી અનુભવાય તો તે આત્મનિવેદન સાચું પ્રમાણવું. જે બાબતનું નિવેદન થઈ શક્યું હોય તેવા એકરારમાંથી તો ફરીથી તેવું કર્મ ન બની શકે એવી જ્ઞાનયુક્ત જાગ્રતિ પ્રકટવી ઘટે; તો જ તે સાચો હૃદયનો એકરાર ગણાય. (**'જીવનમંથન', આ. ૨, પૃ. ૧૫૦–૧૫૧**)

૨૫. વિવેકશક્તિ

પ્રભુ આપણી પાસેથી જે જાતની દિવ્ય જીવનની અપેક્ષા રાખે છે, તેવું જીવન પ્રાપ્ત કરવાને માટે વિવેકશક્તિ અનિવાર્ય છે. જુદી જુદી ચીજો કે જુદા જુદા વિચારો, લાગણીઓ વગેરેનાં લક્ષણો પારખીને તેમની વચ્ચેનો ભેદ ને તેમની વિશિષ્ટતા જોઈ શકવાની શક્તિ—એ એક જ કંઈ વિવેકશક્તિનું લક્ષણ નથી. અલબત્ત, આ શક્તિનું એ એક મુખ્ય કાર્ય છે. પણ એનો વિકાસ થતાં એ શક્તિ વડે વધારે ઉચ્ચ, વધારે જટિલ અને વધારે સૂક્ષ્મ સ્વરૂપોનાં દર્શન થઈ શકે છે; તેમની પ્રત્યે સાચું વલણ ધરાવી શકાય છે અને તે દ્વારા તેમનું યોગ્ય વર્ગીકરણ કરીને તેમનું સાચું મૂલ્યાંકન કરી શકાય છે. બુદ્ધિની આ શક્તિનો યોગ્ય રીતે વિકાસ થયો હોય અને તેનો સદુપયોગ કરવાની જ્ઞાનપૂર્વક ટેવ પડી હોય તો એથી સત્યની સૂઝ પણ પડતી જાય છે. તથા કઈ બાબતને કેટલું મહત્ત્વ આપવું તે પણ માલૂમ પડે છે. આવી સમજણ વિના સાચું જીવન અશક્ય છે.

માણસ ચતુર હોય, હોશિયાર હોય, પણ તેનામાં ડહાપણ-જ્ઞાન ન પણ હોય. સાચા જ્ઞાનનું એક મુખ્ય લક્ષણ વિવેક છે. વિવેક ન હોય

ત્યાં જ્ઞાન સંભવે જ નહિ. કેટલાક માણસો ખૂબ લાગણી-પ્રધાન હોય છે અને તેમનામાં વિવેકશક્તિ ઘણી ઓછી હોય છે. આનું પરિણામ ઘણું હાનિકારક નીપજે છે. કેવળ બુદ્ધિથી કે કેવળ લાગણીથી કે બંનેમાંથી એકના વધારે પડતા ઝોકથી જે જીવન જીવાય છે, તેવું જીવન વિવેકશક્તિ ત્યાં ન હોવાથી અપૂર્ણ જ છે.

વિવેકશક્તિ તો એક ન્યાયાધીશની અને પછી શ્રીકૃષ્ણ જેવા સારથિની ગરજ સારે છે. અમુક વિચાર કે વૃત્તિ, લાગણી કે ભાવ, અમુક વર્તન યોગ્ય છે કે નહિ એવો પ્રશ્ન જ્યારે ઊઠે છે અને એની ગડમથલ જ્યારે માણસના અંતરમાં થાય છે, ત્યારે વિવેકશક્તિ તેની વહારે ધાય છે. તે તે પ્રશ્નને લગતી બધી બાજુઓનો વિચાર કરે છે, એ પ્રશ્નની તરફેણનાં ને વિરુદ્ધનાં લક્ષણો કે તત્ત્વો શોધીને એની તુલના કરે છે અને છેવટે જાણે પોતે કોઈ ત્રીજી જ વ્યક્તિ હોય અને ગડમથલ ઉપજાવનાર પ્રશ્નની સાથે જાણે પોતાને કંઈ જ નિસ્બત ન હોય એવી તટસ્થતા ધારણ કરીને પછી પોતાનો ચુકાદો જાહેર કરે છે. આવી તટસ્થતાના પરિણામે જે નિર્ણય થાય છે, તેથી જ માણસ ભગવાને નિષિદ્ધ કરેલા માર્ગે ભટકતો અટકી જાય છે અથવા ભટકેલો પાછો વળે છે. વિવેકશક્તિ ન હોય તો જીવનનો કોઈ હેતુ, કોઈ કારણ કે ધ્યેય રહેતું નથી. જીવનમાં જે કંઈ ભવ્યતા છે, પ્રસંશાપાત્ર લક્ષણ છે, આનંદ છે, તે એ શક્તિને આભારી છે. એ શક્તિ જેટલી ઓછી તેટલી આપણી જીવનપથમાં પડી જવાની ને ઠોકરો ખાવાની સંભવિતતા વધારે.

વિવેકયુક્ત મનોદશા ને વર્તન માટે જે તટસ્થતાની જરૂર છે, તે તટસ્થતા અનાસક્તિ વગર અસંભવિત છે. તટસ્થતા ને અનાસક્તિ લગભગ પર્યાયવાચક શબ્દો છે, છતાં તેમાં ભેદ પણ છે. તટસ્થતાને એક રીતે અનાસક્તિનું પરિણામ પણ ગણી શકાય. એ અનાસક્તિ મેળવવા માટે આપણે આપણા મનના વળાંકો પ્રમાણે ચાલવાનું મૂકી દેવું પડશે અને દરેક પ્રશ્ન, પ્રસંગ કે વ્યક્તિ પરત્વે તે અંગેની જે સાચી મૂળભૂત હકીકતો હોય તે જ, કેવળ તે જ, જોતાં શીખવું પડશે અને ફક્ત એના આધાર ઉપર જ આપણું વર્તન રાખવાનું સાહસ, હિંમત અને શક્તિ મેળવવાં પડશે.

જીવનમાં એવા અનેક પ્રસંગો આવે છે—ખાસ કરીને આજના સામાજિક, રાજકીય, ધાર્મિક, આર્થિક વગેરે જાતની ઊથલપાથલના જમાનામાં—કે જ્યારે આપણે લાગણીના પૂરમાં એક લાકડાની માફક તણાયા જઈએ છીએ. આવાં પ્રલયનાં પૂર એવાં તો પ્રચંડ હોય છે કે તેમાંથી બચવા વિવેકરૂપી નોઆની નૌકા (Noah's Ark)ની જરૂર રહે છે અથવા હિન્દુ ધર્મનું દૃષ્ટાંત લઈએ તો આપણામાં પ્રભુના કૂર્માવતારની જરૂર રહે છે. એના વિના આપણી લાગણીઓ, આપણી ચેતનાને વધતા જતા બળથી વળગતી જાય છે ને ઘેરી લે છે. પરિણામે વિવેકશક્તિ ગૂંગળાઈ જાય છે અને લાગણીઓએ સજાવેલા, દેખીતી રીતે સ્વર્ગના જેવા પણ ખરી રીતે પરિણામે વિષમય એવા સુખમાં મહાલ્યા કરીએ છીએ. આમ ધીમે ધીમે, આપણને કલ્પના પણ ન હોય એવી રીતે, આવી લાગણીઓ આપણને પોતાની માયાજાળમાં ફસાવે છે અને આપણો સર્વનાશ કરે છે. તેમ છતાં જો કોઈ આપણને આપણી આ મોહનિદ્રામાંથી જગાડવાનો પ્રયત્ન કરે છે અથવા કોઈ એવો પ્રસંગ બને છે કે તેથી આપણું એ મનોરાજ્ય રમવાનાં પાનાંના મહેલની માફક એકદમ ભાંગી પડશે, એવો સંભવ ઊભો થાય છે તો આપણે આવાં આપણાં સાચાં હિતેચ્છુ સ્વજનો કે પ્રસંગો સામે તાડૂકી ઊઠીએ છીએ અને વાઘની જેમ એમના ઉપર તરાપ મારવા તત્પર થઈ જઈએ છીએ; અને એક પ્રત્યાઘાત તરીકે સવિશેષ જોરથી આપણે એ વિનાશક પણ મોહક લાગણીના આવેગને વળગીએ છીએ. છેવટે આપણે આપણું પૌરુષ, આપણું સાચું હીર, વ્યક્તિત્વ ગુમાવી બેસીએ છીએ એટલું જ નહિ પણ આ જે ગુમાવીએ છીએ તેનું ભાન પણ રહેતું નથી. આપણે તો પ્રામાણિક નિષ્ઠાથી, ખરા દિલથી એ આવેગને જ આપણું સ્વત્વ, આપણું જીવન માની બેસીએ છીએ. આપણે જ સાચા છીએ, આપણે લીધેલો રાહ જ સાચો છે અને તે જ એક સાચો છે, બીજાઓ નથી આપણને સમજતા, નથી આપણા સંજોગોને જોતાં, નથી આપણી લાગણીઓ કે ભાવ કે વિચારોને માન આપતાં અને નકામી દખલ કર્યા કરે છે તથા કડવાશ ઊભી કરે છે, એમ આપણને લાગ્યા કરે છે. આવી

આપણી દૃષ્ટિ ને વૃત્તિ થઈ જવાથી આપણાં સાચાં સ્વજનો આપણને આંખની કણીની માફક ખૂંચે છે. આપણને એમ જ દેખાય છે કે આખી દુનિયાએ આપણી સામે કાવતરું કર્યું છે અને આપણી મુરાદો બર ન લાવવા માટે જ કટિબદ્ધ થઈ છે. આવી દશાએ પડ્યા પછી આપણું જીવન નિઃસત્ત્વ કે દ્વેષમય અને ખારું બની જાય છે. ખરી રીતે જોતાં આવી લાગણીથી વિવશ બનવું એ માનવીના વિકૃત સ્વરૂપની નિશાની છે. જ્યારે જ્યારે કોઈ માનવીના કે વાતાવરણના કે તેથી નીચી કક્ષાના બળના પંજામાં આપણે સપડાયા છીએ એવું આપણને સૂઝે ત્યારે ત્યારે એ દશામાંથી આપણો ઉદ્ધાર કરવા માટે, આપણું સમગ્ર બળ કેન્દ્રિત કરવા માટે, આપણે અંતરના ઊંડાણથી પ્રભુની પ્રાર્થના કરવી જોઈએ કે તેમાંથી આપણને મુક્ત કરે. વિવેક-સૂર્યનાં કિરણો લાગણીના અંધ કરી દેતાં ધુમ્મસને વિખેરી નાંખે તે માટે સૂર્યનું આવાહન કરવા પ્રચંડ પુરુષાર્થ આપણે કરવો જોઈએ.

મનુષ્યમાં અંતર્ગત રહેલા પરમાત્મા તત્ત્વનો પૂર્ણ આવિષ્કાર થવામાં લાગણીનું આવરણ અવરોધ પેદા કરે છે. પણ કદાચ વિશેષ અવરોધ તો બુદ્ધિનું આવરણ કરે છે. બુદ્ધિ લાગણી કરતાં પણ વધુ આગ્રહી અને વધારે લાંબો કાળ પોતાનું જીવન ટકાવવાની શક્તિવાળી છે. બુદ્ધિની પકડ લાગણીની પકડ કરતાં વધારે મજબૂત છે. બુદ્ધિથી દોરાતા મનુષ્યો ઘણી વાર પોતે સેવેલી ખોટી માન્યતાને એવા સજ્જડ વળગી રહે છે કે તેથી તેમનો વિકાસ થતો અટકે છે. વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન કે ધર્મજ્ઞાનમાં નિષ્ણાત એવા કેટલાય પંડિતો વિશે આપણે જાણીએ છીએ કે તેઓ પોતાના વાદમાં જ એટલા બધા ગૂંચવાએલા હોય છે કે એ વાદની વિરુદ્ધની કોઈ પણ વિચારસરણીમાંનું તથ્ય તેઓ જોઈ શકતા નથી.

આપણા જીવનપથમાં અનેક જટિલ અને નાજુક પ્રશ્નો ઉદ્‌ભવ્યા કરે છે. આપણે ઘણી વાર મૂંઝાઈએ છીએ કે અમુક પ્રશ્નનો નિકાલ કેમ આણવો. તે પ્રશ્નને અંગે ઉદ્‌ભવેલા અનેક જાતનાં મનનાં, લાગણીનાં, પ્રાણતત્ત્વનાં બળો આપણને જુદી જુદી દિશાએ ઘસડી જવા મથે છે. આવે વખતે આપણું સમતોલપણું સાચવનાર વિવેકશક્તિ છે. એ શક્તિ

તો બળવાન છે અને દૃઢતા એ એનું સાચું લક્ષણ છે. હેમ્લેટના જેવા 'આ કરવું કે આ ન કરવું' એવા શંકા-વમળમાં જ રચ્યાપચ્યા રહેવાની વૃત્તિ કોઈ વિવેકશક્તિ નથી. કેવળ તર્કશક્તિ શંકા જ ઉપજાવે, કે ખાલી દિવાસ્વપ્નો રચે, કેવળ બુદ્ધિપ્રભાવ આપણને આંજી નાંખે, કેવળ લાગણીઓ આપણને ક્યાંના ક્યાં ઘસડી જાય. પણ વિવેકશક્તિ આપણી સહાયે આવીને એ ત્રણે શક્તિઓનું યોગ્ય પ્રમાણમાં સંમિલન કરે છે અને તે દ્વારા આપણા કૂટ પ્રશ્નોનો ઉકેલ સુઝાડે છે તથા કુશળ વર્તન કરવાનું સરળ કરી મૂકે છે.

વિવેક એટલે સમ્યક્‌દર્શન કરાવનારી આપણી દૃષ્ટિ, યોગ્ય ભાવ રખાવનાર આપણું હૃદય, યોગ્ય કર્મ સુઝાડનાર સદ્‌બુદ્ધિ. શ્રીભગવાનને પંથે ધપતા, અથડાતા-કૂટાતા અજાણ પ્રવાસીને તો તે આંધળાની લાકડી સમાન છે. માનવીનો સાચો સુહૃદ તો આ શક્તિ છે. આ શક્તિ જ તેની શ્રદ્ધા ટકાવી રાખે છે. તેનામાં નવા પ્રાણ રેડે છે અને અનેક મુસીબતોનો સફળ સામનો કરવાની યુક્તિ બતાવે છે. આપણા આંતર-માનસનું પૃથક્કરણ કરતાં કરતાં તે શક્તિ આપણને આત્મચિંતન સુધી લઈ જાય છે. અરે! એને પ્રાર્થના કહીએ તો પણ ચાલે. એક આદર્શનું ખૂબ ભાવપૂર્ણ ચિંતન એ પણ પ્રાર્થના જ છે ને? આમ તે બલપ્રદ અને ઊર્ધ્વગામી છે.

પણ આ શક્તિનો વિકાસ દંભી, આત્મવંચના કરનાર વ્યક્તિથી કદી થઈ શકે નહિ. સ્ફટિક જેવા સ્વચ્છ એટલે કે નિખાલસ અંતઃકરણના પાયા ઉપર જ પૂર્ણ જીવનનો ભવ્ય મહેલ રચી શકાય. મનની સ્થિરતા વિવેકશક્તિના વિકાસ માટે આવશ્યક છે, પરંતુ અંતરની તીવ્ર અભિલાષા હોય તો એ સ્થિરતા અને વિવેકશક્તિ બન્ને પ્રાપ્ત થઈ શકે.

વિવેકશક્તિ કેટલીક વાર આપણામાં વિષાદની છાયા પણ ઉપજાવે; આપણી મનીષાઓની અયોગ્યતા, આજ સુધીના આપણા પ્રયત્નોની દિશાભૂલ તથા આપણા માની લીધેલા વિજયોની પોકળતા ઉઘાડી પાડીને કેટલીક વાર વિવેકશક્તિ આપણને દુઃખી દુઃખી કરી મૂકે છે. પણ આપણો આધ્યાત્મિક પ્રગતિ કરવાનો પ્રયત્ન જોરદાર હશે અને આપણામાં ખરી

જિજ્ઞાસા જાગી હશે તો એ વિષાદ ક્ષણજીવી જ નીવડે છે અને નિરાશા આણનાર એ વિવેકશક્તિ આપણામાં સાહસ અને નિર્ભયતાનો સંચાર કરે છે. આપણામાં આત્મશ્રદ્ધા અને આત્મવિશ્વાસ વધારે છે અને દૈવી શક્તિના ઓજસથી આપણું આખું વ્યક્તિત્વ ભરી દે છે.

દરેકે દરેક વિચાર, લાગણી, ભાવ, વર્તનનું, સત્યના જેવી જ કઠોરતાથી અને ન્યાયના જેવા નિર્દય નિષ્પક્ષપાતથી નિરીક્ષણ કરાવનાર સૂક્ષ્મદર્શક યંત્ર આ વિવેકશક્તિ છે. દરેક વૃત્તિ, લાગણી આદિનું રહસ્ય જોયા વગર એનો કેડો તે મૂકતી નથી. તેથી જ તે પ્રત્યેકનું સારા-ખોટાપણું કે તેના સારા-ખોટાપણાનો અંશ આપણી નજર સમક્ષ ખડો કરે છે. સાધારણ માણસને તો તેનો સ્વપ્ને પણ ખ્યાલ ન આવે એવા, પાતાળના ગર્ભમાં પેઠેલા હેતુઓને તે બહાર ખેંચી કાઢે છે અને એ દ્વારા યોગ્ય માર્ગદર્શન કરે છે.

વિવેકશક્તિ બહારના દેખાવોથી છેતરાતાં આપણને બચાવે છે. 'પીળું એટલું બધું સોનું નથી' એ કહેવતની યથાર્થતા એ જ સિદ્ધ કરે છે. સત્ય અને સત્યનો આભાસ એ બેની વચ્ચે તો આસમાન-જમીનનો ફરક છે. મોહક દેખાવ અને સાચું હીર એ બે જુદાં જ તત્ત્વો છે, એ શીખવાડનાર વિવેકશક્તિ છે; તેવી જ રીતે કુરૂપ અરુચિકર દેખાવથી ઉત્પન્ન થતી ઘૃણામાંથી પણ એ જ બચાવે છે. એ જ સમજાવે છે કે **ખેતરમાંનું ખાતર ગમે તેટલું દુર્ગંધ ફેલાવતું હોય તોપણ એને સૃષ્ટિમાં સ્થાન છે જ અને ત્યાં એનો ઉપયોગ પણ છે જ.** આવી રીતે આપણામાં માનસિક ઉદારતા, તેવી સમજ-કળા પ્રકટાવે છે. કઠોર દિલના માણસનો માણસો કે પ્રસંગો પાછળ પણ અમુક હિતકારક, કલ્યાણકારક ઉદ્દેશ છે એમ સમજાવીને કેટલું ધૈર્ય અને આશ્વાસન અને બળ તે આપે છે! એ શક્તિ વડે જ આપણને ખ્યાલ રહે છે કે મધમાખ ડંખ દે છે, પણ મધ જેવું સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ખાદ્ય આપનાર પણ મધમાખ જ છે. કોયલ છે તો કાળી પણ એના કંઠે કોને મુગ્ધ નથી કર્યા?

પરમ હિતકારી અને આનંદદાયી આ ગુણ કેળવવો એ દરેકના પોતાના હાથની વાત છે. વિદ્યાની માફક તે પણ વાપરવાથી વિકસે છે.

જીવનના મહાન કોયડા વખતે જ નહિ પણ ઝીણા ઝીણા દેખાતા રોજે રોજના પ્રસંગોએ પણ તે વાપરવાની ટેવ આપણે પાડવી જોઈએ. આમ થતાં જ તે ગુણને લીધે આપણું દિવ્ય રૂપાંતર થતું જાય છે. આપણું જીવન વ્યષ્ટિમાંથી સમષ્ટિ સુધી પથરાયેલું થતું જાય છે. પછી તો એ શક્તિ દૈવી પ્રેરણા કે આંતર્નાદમાં પરિણામે છે, ત્યારે સત્ય તારવી કાઢતાં આંખના પલકારા જેટલી પણ વાર લાગતી નથી. સ્થૂળ ચીજોની માફક પ્રત્યેકનું હાર્દ આપણી અંતરની આંખની આગળ તરત જ ખડું થાય છે. છેવટે નિર્ભ્રાન્ત માર્ગદર્શક શક્તિ તે થઈ જાય છે.

કોઈપણ વિચાર કે લાગણી કે વૃત્તિ ગમે તેટલી જોરદાર હોય, આગ્રહી હોય, આવરી લેનાર હોય તોપણ તેની સામે વિવેકબુદ્ધિએ આપેલા શસ્ત્ર વડે આપણે લડવું જ પડશે. એને આપણા હૃદયમાં કાયમનું સ્થાન તો ન જ આપી દઈ શકાય.

આવાં અનેકવિધ દિવ્ય આયુધોવાળા અને બળવાન યોદ્ધાને આપણે સતત પોતાની સહાયે રાખવા પ્રયત્ન કર્યા જ કરવો જોઈએ. વિવેક-શક્તિની અનિવાર્યતા તથા ઉત્તમતાનું સત્ય આપણને જેટલું વહેલું સૂઝે અને તેનો જ્ઞાનપૂર્વકનો ઉપયોગ જેટલો વધારે કરતા થઈ શકીશું તેટલો વિશેષ લાભ આપણને થશે. **('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૨૭ થી ૧૩૫)**

૨૬. કર્મ-સાધના★

જે જે પરિસ્થિતિમાં આપણે મુકાઈએ તે તે સાધનાના વિકાસાર્થે જ જો તે કર્યા કરવાની ખેવના હોય તો, તેમાંથી આપણને ઘણું ઘણું સૂઝવું જોઈએ જ. આપણી અનેક પ્રકારની ઊણપો એમાંથી આપણને દેખાશે જ. પણ જો સાધક તે પ્રત્યે બેપરવા—બેધ્યાન રહ્યા કરે ને તેમાં એને જરાકે મહત્ત્વ ન આપે, કે તે સુધારવા પ્રત્યે ખંતવાળો, ઉદ્યમશીલ ન રહ્યા કરે, જીવતો ન રહે, જાગૃતપણે યુદ્ધ આપ્યા ન કરતો હોય તો તે સાધક સાધનામાં ઊંડો પ્રવેશી શકવાનો નથી. જેમાં જેમાં પરોવાવાપણું

★ 'કર્મ-ઉપાસના' નામની પૂજ્ય શ્રીમોટાની એક સ્વતંત્ર રચના પણ પ્રકટ થઈ છે.

બને છે ત્યાં ત્યાંથી સાધકે શીખ્યા જ કરવાનું છે. જો તે શીખ્યા ન કરતો હોય તો તે કર્મ એક સામાન્ય માણસ ઘરેડની પેઠે કર્યાં કરતો હોય ને આપણે તે કરતા હોઈએ એમાં પછી કશો ફરક ન રહ્યો. આપણી અનેક ભૂલો, દોષો એવાં છે કે જે કહેવાથી કે બતાવ્યાથી ન સુધરી શકે. તેથી એવા સંજોગોમાં આપણને મૂકવાનું શ્રીપ્રભુ કરે છે કે જેથી સચોટપણે પોતાના સ્વભાવની પકડ ક્યાં ક્યાં રહ્યા કરે છે તથા કઈ કઈ ભૂલથી—દોષથી કર્મમાં કુશળપણું પ્રવર્તી શકતું નથી, તે તે બધું વારેવારે એની નજરે ચડ્યા જ કરે છે ને તોપણ સાધક ફરી ફરીને તેવું કર્યાં કરે તો પરિસ્થિતિ-નો હેતુ માર્યો જાય છે. પરિસ્થિતિને સહન કરી લેવી ને એનો સ્વીકાર કરવો એ બેમાં આસમાન જમીનનો ફરક છે. સાધક પરિસ્થિતિને સહન કરી લે એમાં એના જીવનનો વિકાસ થતો નથી. એ તો જ્યારે એને હૃદયથી સ્વીકારે ત્યારે જ એ એની સાથે પોતાનું તાદાત્મ્ય સાધી હૃદયથી લાભ મેળવી શકે છે. જ્યારે સહન કરી લેવામાં તો અંતર જ રહ્યાં કરે છે ને તેવી પરિસ્થિતિનો હેતુ માર્યો જ જાય છે. આમ સાધકે કર્મનો કહો કે પરિસ્થિતિનો જીવંત હેતુ શો છે તે સતત સામે રાખીને જ તેમાં પ્રવેશવાનું કે ઊતરવાનું છે. તેથી નીચેના મુદ્દાઓ તેમાંથી સરતા હોવા જોઈએ :—

(૧) ભાવનાને કર્મમાં ઉતાર્યા કરવી ઘટે, કે જેથી ભાવના વધારે ને વધારે જ્વલંત, પ્રાણવાન, ચેતનપ્રદ ધ્યેયની ઝંખનાવાળી બને.

(૨) કર્મ કરતી વખતે તેમાં બીજાનો ખ્યાલ ન રાખવો ઘટે. બીજું તો ત્યાં માત્ર નિમિત્ત હોય છે. પોતાને ઉથલાવવા પોતાને જ માટે જે તે કંઈ થયાં કરે છે, એવો અભ્યાસ કેળવવો ઘટે. કર્મમાત્ર જીવનના વિકાસ કાજે મળેલું છે. એ વિના કર્મનો કશો ઉદ્દેશ નથી.

(૩) કર્મ કરતાં કરતાં જે જે આપણી ભૂલો જણાયા કરે તે સુધારવા આપણો દૃઢ સંકલ્પ થવો ઘટે. ને ધીરે ધીરે એમાં ઓછા થવાપણું બનવું જ ઘટે; તો જ એનો કંઈ અર્થ સરે.

(૪) તે તે કર્મ સ્વસ્થતાથી—ઘાંઘલિયાપણાથી નહિ, ને તે પણ બને તેટલું તટસ્થતાથી—તેમાં ભેળવાયાં વિના થયાં કરે.

(૫) તે તે કર્મની પાછળ આપણી સાથે કોઈક ઊભું જ છે એવી અનુભવથી નિષ્ઠા સાધકની કેળવાતી જતી હોવી જોઈએ.

(૬) તે તે કર્મ થઈ ગયા કેડે એના વિચારો એને ઉદ્‌ભવવા ન ઘટે અથવા સાધકને આવતા હોય તો એણે મનને સમજાવીને તેમ થતું હોવાનાં કારણો તપાસવાં ઘટે; તેના વિચારો આવ્યા કરવાનું મુખ્ય કારણ તો મન એમાં ભેળવાયેલું છે એમ સમજવાનું છે. સાધકનું મન ખાલી જ રહ્યાં કરવું જોઈએ ને એનો એવો જીવતો ખ્યાલ—અભ્યાસ—એણે પાડતા જ રહેવું પડશે.

(૭) તે તે કર્મના આદિ, મધ્ય ને અંતમાં સમર્પણની ભાવના જીવતી રાખવી ઘટે.

(૮) તે તે કર્મ કરતી વખતે તેમાં તે આત્મ-કલ્યાણ અર્થે જ થયા કરે છે (પ્રભુનું કામ છે એટલે આપણું રૂપાંતર થવા માટે છે) એવો ભાવ રહ્યા કરવો ઘટે. આ અઘરું લાગશે પણ તે ભાવના સાધકે રાખ્યા કરવી જ પડશે.

(૯) કર્મને કરતાં કરતાં જો આપણું રૂપાંતર થયાં ન કરતું હોય તો પછી તે કર્મનો કંઈ ઝાઝો અર્થ સરતો નથી, એ સાધકે લક્ષમાં રાખવાનું છે. સ્વભાવનું દર્શન થવા—એનું રૂપાંતર થવા—માટે તો કર્મ-પ્રસંગો સાધકને સાંપડે છે. સાધક જો તે તે બધાંથી લેવાઈ જાય, તો તે કદાપિ પણ એની ઉપરવટ આવી શકવાનો જ નથી. એટલે એણે કર્મ કરતાં કરતાં અંતરની શક્તિ પ્રકટાવી પ્રકટાવીને પોતે સર્વ કાંઈ કરવા શક્તિમાન છે જ એવા નિશ્ચયનો સાક્ષાત્કાર કર્યા કરવો પડશે ને તેમ તેમ થતાં સાધકની શક્તિ બઢતી જવાની છે.

(૧૦) તે તે કર્મના ફળ કે પરિણામની આશા સાધક કદી પણ સેવે જ નહિ, એ વિષે તો એણે વિચારવાપણું રહેતું જ નથી; એનો અર્થ એમ નથી કે એનું પરિણામ નથી.

(૧૧) ત્રાક ઉપરથી જેમ સરળપણે સૂતર ઉકેલાતું હોય છે, તેમ સાધક પોતાના કર્મને ઉકેલવાનો અભ્યાસ કેળવે. એ કદી હાંફળોફાંફળો ન બને. ઘણું ઘણું અનેક જાતનું કામ આવી પડ્યું હોય તો કયું પ્રથમ થવું ઘટે એ વિચારીને તે તે કામ ઉકેલતો જાય, ત્યારે (તે તે વખતે) તે

મનમાં બીજાં કામોનો બોજો માથે લઈને ન ફરતો હોવો ઘટે. આ તો જ બની શકે કે જો સાધકમાં યથાયોગ્યપણે વ્યવસ્થાશક્તિ, વ્યવસ્થિતિ આવી ગઈ હોય; કે ન આવ્યાં હોય તો તે આણવાનો એનો સતત જીવતો જાગતો પ્રયાસ હોય; પણ એમાં એણે કોઈ પણ રીતે સ્વભાવવશ ન થઈ જવાયાં કરાય તે તો ધ્યાનમાં રાખવું જ પડશે.

(૧૨) જે જે કર્મ કરવાનું હોય એના સર્વાંગીપણાનો ચિતાર સાધકને આવવો ઘટે; તે તે કર્મ સાથે સાથેનું જે જે કંઈ સળંગપણે થવાનું હોય તે તે કર્મ પણ તે કર્મ સાથે લેવાવું જ જોઈએ. નહિતર તે તે કર્મ બધાં અધૂરાં જ થયાં કરવાનાં.

કૃપા કરીને આ આપણે બધાંયે વારેવારે ધ્યાનમાં લેવાનું છે; બબ્બે, ત્રણ-ત્રણ દિવસે એનું મનન-ચિંત્વન પણ થવું ઘટે કે જેથી જે કાર્યમાં કર્મકુશળપણું જન્મ્યાં કરે.

(૧૩) જે તે કર્મમાં સાધકે વિવેકશક્તિ-બુદ્ધિ-સમતોલપણું-આકલન-શક્તિ—બધું જ વાપર્યાં કરવું પડશે. એમાં એનાથી ડહોળાઈ ન જવાય તે માટે પણ સાવચેતી રાખવી પડશે. જે તે વસ્તુની સમજ-પકડ સાધકને આવી જવી જ જોઈએ.

(૧૪) જે તે કર્મ કરાતાં કરાતાં અનેક માણસોનો અથવા પોતાનાં કે પારકાંઓના સ્વભાવનાં એને દર્શન તો થવાનાં જ, પણ સાધકે તે તે કશું પણ મનમાં સંઘરવાનું નથી. કોઈ માણસની પ્રકૃતિ ભૂલકણાપણાની હો ને તે એવું યાદ ન રાખે તો એ કર્મ સ્વભાવવશ જ કર્યું ગણાય. જ્યારે સાધક પોતે તે તે જ્ઞાનપૂર્વક કર્યાં કરે, ત્યારે તે સ્વભાવથી ઉપર તર્યાં કરતો હશે. જે માણસની ભૂલકણી પ્રકૃતિ કે સ્વભાવ હોય ને એ બધું ભૂલ્યા કરતો હોય, પણ એની પાછળની જે ચેતના જાગ્રતિમય સાવધાની—સાવચેતી—ને એની જ્ઞાનપૂર્વકની સમજણ એ બધું જો ન હોય તો તે એક પ્રકારની જડતાનો જ પ્રકાર કહી શકાય. સાધક પોતાની એવી જાતની પ્રકૃતિ કે સ્વભાવની ખાસિયતનો લાભ જરૂર ઉઠાવી શકે છે. એવા જીવે એ પોતાનો કોઈ સદ્‌ગુણ છે એમ ધારી લેવાનું નથી જ. તેવી જ રીતે એક વ્યક્તિને ચોક્સાઈની ટેવ હોય, પણ ત્યારે કર્મમાં તે તે ટેવને આધારે કર્મ-કુશળપણું આણ્યા કે પ્રવર્ત્યા કરે, તે ઠીક છે પણ

એવા એ પણ કર્મમાં પૂરતી જાગ્રતિ, સાવચેતી, સાવધાની, વિવેકશક્તિ, એની (કર્મની) સર્વાંગ સળંગપણાની પકડ—સમજ—ચેતના—કર્મના હેતુનો જીવંત એનો ખ્યાલ તેમાં (કર્મમાં) રહેવાં ઘટે. મતલબ કે બન્ને પ્રકૃતિવાળાને કર્મ કરવાનાં લક્ષણો તો સરખાં જ હોવાં ઘટે. જેનામાં ચોક્સાઈ નથી એણે તે આણવી તો પડશે જ. તે વિના એનો આરો નથી, કારણ કે તે વિના એના સ્વભાવનું રૂપાંતર તે કરી શકવાનો જ નથી તેવું જ બધું બધામાં સમજી લેવાનું છે.

(૧૫) કર્મમાં તાદાત્મ્ય હોવું એ એક જુદી વાત છે ને કર્મમાં ડૂબી જવાપણું રહે તે વાત જુદી છે. ડૂબી જવાપણામાં મુખ્યત્વે કરીને સ્વભાવ-વશપણે તે થયાં કરતું હોય છે, ને તાદાત્મ્યમાં જ્ઞાનપૂર્વકની જાગ્રતિ ચેતના હોવી ઘટે.

નદીના પૂરમાં તણાતું લાકડું જેમ પરવશ હોય છે, પણ પૂરમાં તણાતો માણસ તો પાર નીકળી શકવાનો છે. તેવી જ રીતે આપણે બધા સ્વભાવના પાશના પૂરથી જે તે કર્યા કરતા હોઈએ છીએ, પણ આપણે ત્યાં ત્યાં તરતાં રહેવાનો જીવતો જાગતો પુરુષાર્થ કર્યા જ કરવાનો છે. સાધક કર્મ સાથે પાછો એનાથી આવરાઈ ન જવાને દિલમાં ખ્યાલ—ભાન—જ્ઞાન તો જરૂર રાખ્યાં જ કરે.

એવો જ સ્વભાવ કે પ્રકૃતિના જોશમાં જે કોઈ કર્મ કર્યાં કરે છે, તેના કરતાં જે કોઈ વિચાર કરીને કર્મ કરે છે, એવાના જીવનમાં વિકાસ થવાનો સંભવ વધારે રહે છે. જો વિચાર કરીને કરવાની માત્ર ટેવ હોય, પણ એમાંયે જો સાધક એનું જ્ઞાન, જાગ્રતિ, ચેતના, વિવેકશક્તિ, તટસ્થતા, સમતોલપણું વગેરે એમાં તાદશ્યપણે ન રહ્યાં કરતાં હોય તો તે પણ એક જાતનો સ્વભાવ થઈ ગયેલો ગણાય. જો કે તે સ્વભાવ ઘણા ઊંચા પ્રકારનો ગણાય એ વાત નિઃસંદેહ છે. એટલે કશું ઘરેડ પ્રમાણે ન થવાવું જોઈએ.

આ બધું જો આપણે ખ્યાલમાં રાખીએ ને તેનું ચિંત્વન-મનન કરીએ તો કર્મમાં કુશળપણું જન્મ્યાં કરે.

('જીવનપાથેય', આ. ૩, પૃ. ૬૧ થી ૬૮)

૨૭. વૃત્તિઓ

વૃત્તિ એટલે ગતિ. જો આપણને સાચી વૃત્તિ—ગમે તે પ્રકારની તે હો—જાગી હશે તો તે ગતિ કરાવશે જ. એવી ગતિ જાગે તો સમજવું કે વૃત્તિ જાગી છે. બાકી તો માત્ર સામાન્ય લહરી—વૃત્તિની લહરી—આવીને પસાર થઈ ગઈ એમ પ્રમાણવું.

પ્રભુએ આપણને અનેકવિધ પ્રકારની વૃત્તિઓ બક્ષી છે. તે બધીયનો દિવ્ય હેતુ છે. વૃત્તિની પાછળનો જ્ઞાનપૂર્વકનો હેતુ માનવી જો પ્રીછી શકે તો કુદરતની એ તો એક મોટી ભેટ છે એવું એને જ્ઞાન થાય.

આપણી વૃત્તિઓને આપણે કેન્દ્રિત કરવાની રહે છે. જો તે વેર-વિખેરપણે વહેંચાયેલી દિશામાં પ્રવર્તશે તો એનું બળ ઘટી જશે. તે પોતે જ આપણને મદદરૂપ બને તેમ અંતે તેમનું નિયમિત થઈ જવું રહે છે. આપણે તેના નચાવ્યા નાચવાનું મૂકી દેવું પડશે.

આપણી સર્વ વૃત્તિઓનો જીવનમાં સમન્વય કરવો પડશે. ભલેને એ બધી વૃત્તિઓ આમથી તેમ સ્વચ્છંદપણે પ્રવર્તતી હોય તો પણ જો એકાદ કોઈ એવી ભાવનામાં ખૂબ દૃઢપણે ને તેના ઉત્કટપણામાં જાગી ગયેલા થતા જઈશું, તો આપોઆપ બીજી વૃત્તિઓનું જોશ નરમ પડી જવાનું જ છે. જ્યારે આપણે અત્યંત ક્રોધે ભરાયેલા હોઈએ છીએ, ત્યારે બીજી વૃત્તિઓ શાંત થઈ ગયેલી હોય છે, ને ક્રોધની વૃત્તિ જ મોખરે તરવરીને આપણો કબજો લઈ લેતી હોય છે અથવા તો કોઈ ભારે ગૂંચાયેલા કોકડામાં તેને ઉકેલવાને માટે ખૂબ એકાગ્ર થયેલા હોઈએ છીએ, ત્યારે પણ એક વૃત્તિ મોખરે રહે છે, એટલે જો આપણે બીજી વૃત્તિઓને મોળી કરવી હશે, તેમનું સ્વચ્છંદીપણું મિટાવવું હશે તો સાધકે તેના ધ્યેયની ભાવનામાં ખૂબ ઉત્કટપણે વળગ્યા રહેવું જોઈશે. તે વિના ધ્યેયની પ્રાપ્તિ થવી શક્ય નથી. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૦૧)**

(અનુષ્ટુપ)

વૃત્તિઓ તો કંઈક ઊઠતી ભોરમાં ઝાકળે શું!
એનાં બિન્દુ પ્રથમ કિરણે લુપ્ત થાતાં દિસે સૌ.

વૃત્તિઓ જે મનમહીં થતી તે કરી સૌ નિહાળ્યા,
ક્યાં ક્યાં એનું અવળું સવળું પારખી લેવું ત્યાં ત્યાં;
જ્યાં જ્યાં એની અવળી ગતિ ત્યાં ના જવું એની પૂંઠે,
એવી રીતે રહી નીરખતાં, કામ લ્યો એની સાથે.

(શિખરિણી)

મિનારાઓ લાખો જગજન ચણે વૃત્તિઓ લૂલીથી તે,
સમો આવે ત્યારે કડડભૂસ થૈ તે મિનારા પડે છે.

('પુનિત પ્રેમગાથા', આ. ૨, પૃ. ૧૪૪, ૧૪૮)

» વૃત્તિનો સદુપયોગ :

લગ્નજીવન એ કાંઈ એકલું માત્ર કામતૃપ્તિના નર્યા સંતોષ માટે નથી. જીવનમાં તે વૃત્તિનો સંયમ કેળવવાને માટે અને તેમાંથી જીવનની સમજણ અને ભાવના જ્ઞાનભક્તિપૂર્વક કેળવવાને માટે લગ્નજીવનનો હેતુ છે. માનવી-શરીરમાં જે અનેક જાતની વાસનાઓનો ઉદય થાય છે તેવા સંસ્કારના ઉદયના પરિણામ પરત્વે જો માનવીનું મન જોવાનું રાખે અને તેની સાથે જીવનના આદર્શને ઘટતો સુમેળ ક્યાં ક્યાં નથી બની શકતો તે તે અંગે તટસ્થતાથી વિવેકપૂર્વક વિચારે, તો તેવો માનવી વાસનાને તેવી તેવી રીતે ભોગવવામાં જરૂર ખંચકાય. જીવનનું રહસ્ય અને મહત્ત્વ સમજાયા વિના, જીવનનો આદર્શ પણ નિશ્ચિતપણે હૃદયમાં આકાર પામ્યા વિના, કોઈ પણ જીવ કામવાસનાને સંયમની ભાવનાથી કેળવી શકવાનો નથી. જો લગ્નજીવનમાં કામતૃપ્તિ અનિવાર્ય છે ને પ્રજાની ઉત્પત્તિ પણ થવાની છે, તે વાત પણ જો નક્કી છે—આમ આ બંને હકીકત જો નક્કી હોય, તો માનવીએ જેમ દરેકને મર્યાદા હોય છે તેમ તેની પણ મર્યાદા બાંધી લેવી ઘટે. વસ્તુનો સદુપયોગ કરવાનો હક્ક છે, બગાડવાનો નથી. જેમ વસ્તુનો વધારે પડતો યદ્વાતદ્વા ઉપયોગ થવાથી તે ઘસાઈ જઈ નકામી બની જતી હોય છે, તેમ કામ-વાસનાનું પણ છે. કામની વૃત્તિ માનવીના હૃદયનો એકરાગ પ્રકટાવવા, કરાવવા ને એકભાવે

સંકળાવવા કાજે છે, તેના સાધનરૂપે છે. પ્રજાની ઉત્પત્તિ જો થવાની જ હોય, તો તે ઉત્તમોત્તમ થાય એવું વિચારવાનું કામ પણ માતાપિતાનું છે. ગમે તેવાં છોકરાં પેદાં કરવાં એ તો અણઘડનું કામ કહેવાય. જેનામાં સહેજે અક્કલ છે, તે તો છોકરાં જેટલાં સારાં થાય તેટલું વધારે સારું એમ જ ઇચ્છે. છોકરાં સારાં થવાં તેનો માબાપનાં માનસિક દૃષ્ટિ, વૃત્તિ ને વલણ ઉપર સકળ આધાર છે. એટલે મા-બાપ જેટલાં ઉત્તમ, સાત્ત્વિક વિચાર, વર્તન ધરાવનારાં હોય ને કર્મ કરતી પળે જેટલાં વધારે હૃદયની ભાવનાથી ચિંતનશાળી રહેતાં હોય તેના પર બાળકના સંસ્કાર ઘડાવાનો પૂરો આધાર રહે છે. સંસાર તો ચાલતો જ રહેવાનો છે—જે સરે છે, એનું જ નામ સંસાર. પ્રત્યેક કાંઈ એકથી અનેક થવાને જ સરજાયેલું છે. જીવમાં પણ તેવી સહજ વૃત્તિ છે જ. કામની વૃત્તિની પાછળનો તેવો જ્ઞાનપૂર્વકનો હેતુ માનવી જો સમજી શકે તો કુદરતની એ મોટામાં મોટી અને ઉત્તમમાં ઉત્તમ બક્ષિસ માનવીને મળેલી છે, એનું એને જ્ઞાન થાય. તેથી કામની વૃત્તિ જ અયોગ્ય છે એમ કહેવું તે ઠીક નથી; પણ એનો જીવનવિકાસને કાજે જ્ઞાનપૂર્વકનો ઉપયોગ થવો ઘટે; નકામો નકામો નહિ. બાળકને ઉત્પન્ન કરવાનું હોય તો તે ઉત્તમમાં ઉત્તમ પાકે એવું માનસ, વિચાર, ભાવયુક્ત જ્ઞાનપૂર્વકનું વર્તન કરી કરીને તે પછી કામની વૃત્તિનો ઉપયોગ લેવો એ યથાર્થ ગણી શકાય. ને તે કામવૃત્તિના રસમાં તે વેળા આંધળા થઈને ગુલતાન ન થઈ જવાય, પણ બાળકના જીવનની ભાવના તે વેળા મનહૃદયમાં જાગતી રહે, તેવી consciousness ચેતનાભરી જાગૃતિ આપણામાં રહે, એવા આપણે રહી શકીએ તો જ તે કામવૃત્તિનો સદુપયોગ, નહિતર દુરુપયોગ છે.

જેને માનવી પોતાની મહેનતથી રળેલું ધન કે એવું જે કંઈ તે પોતાનું માને છે, તેનો ઉપયોગ તે ગમે તેમ કરતો હોતો નથી, તેની પાસે હોય છે, તેટલું તે ખરચી નાંખતો નથી, તે તો દેખીતી સમજાય તેવી વાત છે. પોતાને મળેલી મિલકત ગમે તેટલી તે રફેદફે કરે, છતાં પણ તેમાં તેવી રીતે ખર્ચાઈ જવાનાં માઠાં ફળનો એને વિચાર આવ્યા વિના રહી શકતો નથી અને બધું ખર્ચાઈ જશે તો બૂરા હાલ થશે, તેની પણ તેને ખબર પડે

છે. લાખોમાં કોઈક જ એવો હશે કે પોતાને મળેલી મૂડીનો એવો ફનાફાતિયાં થઈ જાય એવો દુરુપયોગ કરે. એવાને નસીબે અંતે તો કમનીસીબી જ લખાયેલી હોય છે, એ પણ આપણે જગતમાં જોયું છે. આમ માનવી મળેલી જગતની શક્તિને સામાન્યપણે તો ગમે તેમ વેડફી દેતો હોતો નથી, ઊલટું સાચવી સાચવીને વાપરે છે. કેટલાક તો વળી કંજૂસાઈથી વાપરે છે; ને કેટલાક કરકસરથી પણ વાપરે છે ને કેટલાક એને દિલની ઉદારતાથી દાનમાં પણ વાપરતા હોય છે, કિન્તુ એવી સંખ્યા બહુ જ નજીવી હોય છે. માત્ર કુદરત તરફથી માનવીને મળેલી જે મૂડી છે, એને માનવી યદ્વાતદ્વાપણે વાપર્યા કરે છે. તેમાં તે સ્વચ્છંદીપણે વર્ત્યા કરે છે. એનો તે બેફામપણે દુરુપયોગ પણ કર્યા કરે છે ને પોતે તે રીતે જીવનથી ખુવાર થતો જતો હોય છે, એનું એને ભાન પણ રહેતું હોતું નથી. કુદરત તરફથી માનવીને મળેલી કામવૃત્તિ એના પોતાના ઉપભોગ કાજે છે, એમ માનવામાં તે ભૂલ કરતો હોય છે. તે શક્તિ તો મળેલી છે, પરસ્પર હૃદયથી એક થવા, એકબીજાનાં હૃદય પરત્વે આકર્ષણ થવા, એકબીજામાં એકભાવે, એકરાગે, એકરસ પ્રવર્તવાને, એકબીજાનાં હૃદયમાં એકનિષ્ઠાથી રહેવા કાજે પ્રેરણાત્મક બળ તરીકે મળેલી છે. સ્ત્રીના સ્વભાવમાં ને પુરુષના સ્વભાવમાં સ્થૂળપણે જે અદેખાઈની વૃત્તિ છે (સ્ત્રી પોતાના પુરુષને અન્ય સ્ત્રી સાથે ખેલતો, વાતો કરતો કે વિનોદ કરતો સાંખી શકતી નથી, તેવી જ રીતે પુરુષ પોતાની સ્ત્રીને બીજા પુરુષ સાથે વાતો કરતી, હસતી, ખેલતી, કૂદતી કે આનંદ કરતી સાંખી શકતો નથી) તે પણ એકબીજાનાંમાં બેળેબેળે પણ એક રખાવવાના કારણે રહેલી હોય છે. જો તેવું સ્ત્રીપુરુષના સ્વભાવમાં જ ન હોત તો તો સમાજનું બંધારણ મૂળ લૂલું લૂલું પ્રવર્ત્યા કરત ને કોઈ પણ પોતપોતાના ઠેકાણામાં વર્તી શકતું ન હોત. આ તો પુરુષ કે સ્ત્રીની બહિર્મુખ વૃત્તિને પાછી ઠેકાણે લાવ્યા કરવામાં એકબીજાને તેવી વૃત્તિ કુદરતી રીતે માનવીને મદદકર્તા બનતી હોય છે. બાકી સ્ત્રી કે પુરુષ પોતપોતાની મેળે પોતાની ઉપર સ્વેચ્છાએ અંકુશ સ્વીકારી લઈને ભાનપૂર્વક, જ્ઞાનપૂર્વક, રામસીતા જેવી ભાવના કે વૃત્તિ જીવતી રાખી શકે એવું ભાગ્યે જ બને છે. આમ કુદરત તરફથી

મળેલી શક્તિ જે કામવૃત્તિ છે, તે તો માનવ જીવનને ઉદ્ધારવા અને માનવ જીવનને સચેતન બનાવવા, એને નવપલ્લવિત, પ્રેરણાન્વિત કરવા, એને એકોઽહમ્ બહુસ્યામ્ના ભાવની લીલામાં વ્યક્ત કરાવવા શ્રીભગવાનના શક્તિ-પ્રસાદ રૂપે મળેલી છે. કિંતુ એને એ સ્વરૂપે કોણ ઓળખે છે? ને કોણ જાણે છે? એને ભોગવવાની છે, પણ ત્યાગ કરીને. માનવીની પ્રકૃતિમાં ભોગ અને ત્યાગની વૃત્તિ કુદરતે મૂકેલી જ છે. માનવી ભોગવતો પણ હોય છે ને ત્યાગ પણ કરતો હોય છે. કિંતુ તે બંને કર્મ જડસુ રીતે કરે છે, એનું એને ભાન સરખું પણ હોતું નથી. ભોગ ને ત્યાગ એ તો પ્રકૃતિનાં સહજ લક્ષણો છે. આપણે જો બરાબર ઊંડું વિચારીએ તો જીવનનાં સર્વ ક્ષેત્રોમાં તે તે ક્ષેત્રના વ્યવહારમાં ભોગવતા પણ હોઈએ છીએ ને ત્યાગ પણ કરતા હોઈએ છીએ. માત્ર એનું તે તે વેળા સમજણપૂર્વકનું જાગ્રતિભર્યું જ્ઞાનભાન આપણને હોતું કે થતું હોતું નથી. જે માનવી ઓછામાં ઓછો ભોગ ભોગવે છે ને વધારેમાં વધારે ત્યાગ કરે છે તે દૈવી બની શકે. તેવો જ જીવ શ્રીભગવાનની લીલા સમજવાને દિવ્ય દૃષ્ટિ કેળવી શકે છે. તે કારણથી કુદરત તરફથી મળેલી શક્તિસ્વરૂપ જે કામવૃત્તિ છે, તેને ભોગવવાનું કોઈ ના પાડતું નથી, પણ એને ગમે તેમ વાપરશો તો તે પોતે અસલ શક્તિ સ્વરૂપે છે, પણ એનો જે દુરુપયોગ કરે છે એને તે કદી 'જતાં' પણ કરી શકતી નથી; એનો જે જ્ઞાનપૂર્વક સદુપયોગ કરે છે, એનાં ઉત્તમ ફળ પણ તે માનવીને ચખાડે છે.

કુદરતે જે જે શક્તિ કૃપા કરીને માનવીને બક્ષી છે, તે કંઈ એમ ને એમ તો નથી જ. એનાં પણ કારણો છે. એનો હેતુ પણ છે. શ્રીભગવાનના દિવ્ય હેતુને ફળાવવા કાજે જે એવી શક્તિનો જ્ઞાનપૂર્વક તેના યોગ્ય ભાન સાથે સદુપયોગ કરે છે, તેને તે શક્તિ અનંતગણી શક્તિરૂપે વરે છે. એવી શક્તિનો ઉપયોગ જીવનની શક્તિ વધારવામાં, જીવનનું નવસર્જન કરવામાં રહેલો છે ખરો, પણ તે સર્જન કલાત્મક, કુદરતી સૌંદર્યમાં ભળી શકે એવું હોવું ઘટે; તેવા કળા સૌંદર્યનો જન્મ દેવા કાજે પ્રત્યેક પતિપત્નીએ કલા સૌંદર્યના ભક્ત બનવું કે થવું પડશે. કોઈને પણ એના સાચા સ્વરૂપમાં સમજવાનું કરવું હોય તો નમ્રમાં નમ્ર

પણે, હૃદયના સંપૂર્ણ પ્રેમભાવે, એના હૃદયથી પરિપૂર્ણ આપણે ભક્ત થઈશું, તો જ તે વસ્તુનું હાર્દ કે મર્મ આપણા ખ્યાલમાં જાગી શકવાનો છે. એટલે એવી કુદરતી મળેલી શક્તિનો ઉપયોગ આપણાથી મનફાવે તેમ—મનસ્વીપણે—કદી પણ થઈ શકે જ નહિ.

આ જો પૂરેપૂરું ખ્યાલમાં ઊતરી શકતું હોય તો પ્રત્યેકે પરસ્પર સમજી લેવાની ઘણી ઘણી જરૂર છે. એનો અતિરેક કદી પણ ન જ થાય તે જોવાનું, સંભાળવાનું કામ આપણું છે. એમાં પતિ પત્ની ઉપર કે પત્ની પતિ ઉપર બળાત્કાર કરે તો એવા બળાત્કારનો સામનો કરવાની હૃદયથી હૃદયની તાકાત કેળવવાની રહી. પુરુષની તેવી યદ્વાતદ્વાપણાની ઘેલછાવૃત્તિનો સ્ત્રીએ સામનો કરવો જ રહ્યો. એથી અનેક રીતે હેરાન થવા વારો આવે, તો તે સહર્ષ એણે સ્વીકારી લેવું ને એને ત્યાગ, બલિદાન કે સમર્પણ પોતે ગણવું. જીવનમાં એના જેવી બીજી કોઈ તપશ્ચર્યા નથી ને સ્ત્રીની એવી વૃત્તિનો પુરુષે જ્ઞાનપૂર્વક સામનો કરવો. જે હેતુ કાજે જે કુદરતી શક્તિ મળેલી છે, તે હેતુને ફળાવવાના અર્થ વિના તે બીજા કશામાં વાપરી શકાય જ નહિ. પુરુષ ને સ્ત્રી જીવે તો એવી શાહુકારી પણ ગુમાવી દીધી લાગે છે. આપણને કુદરતે જે હેતુ કાજે દીધી છે, તે હેતુને તો એ સાવ ભૂલી જ ગયો છે; એનું ભાન સરખું પણ એને રહ્યું નથી. માનવી જીવે તે બાબતમાં તો પૂરેપુરું દેવાળું જ કાઢેલું છે. આપણે કોઈને અમુક કામ કરવા કંઈક રકમ ધીરીએ અને તે માણસ જો તે કામ ન કરતાં દારૂ પીવામાં કે એવી ખરાબ રીતે તે રકમ ખર્ચી દે તો આપણે તેને કેવો ગણીએ? એવું આપણું માનવીનું બન્યું છે. સર્વ કંઈ માનવીને મળેલું ભોગવવાનું તો છે જ, પણ તે ભોગને મહત્ત્વપણે જીવનમાં સ્થાન નથી. મહત્ત્વપણે ત્યાગને સ્થાન દેવાનું છે. જોકે સહજપણે તો માનવીપ્રકૃતિમાં ભોગ અને ત્યાગ સરખેસરખાં છે, કિન્તુ આજે માનવીના સ્વભાવમાં ભોગની પ્રવૃત્તિને પ્રધાનપદ મળેલું છે. એટલે જયાં ત્યાં ત્યાગની સમતુલા નથી. એ કાજે સમતામાં પ્રકટાવવા મળેલી કુદરતી કામવૃત્તિની શક્તિને પહેલાં તો ત્યાગમાં જ પરિણમાવવી જ પડશે. આવો ત્યાગ સહજ બની જતાં, પછીથી જે ભોગ

થશે તે ઉત્તમ, સાત્ત્વિક ભોગ હશે. એવો ભોગ તે કુદરતી પ્રકૃતિનું જ વલણ હશે તેમ ગણી શકાય. પરંતુ આવી સૂક્ષ્મ હકીકત ખાલી કોરી કોરી બુદ્ધિથી કલ્પનામાં પણ આવી શકે તેવી નથી, તે નક્કી છે. એને દ્વંદ્વની ભૂમિકાવાળી બુદ્ધિથી વિચારવું એ મિથ્યાડંબર છે. જો એને આપણે વર્તમાન જીવનમાં ભાનજ્ઞાનપૂર્વક અમલમાં મૂકતા જઈએ, તો તો કૈંક ભણેલાંગણેલાં ગણાઈ શકીએ. બાકી આપણા કરતાં તો હજારો દરજ્જે ગામડિયા ગણાતા ખેડૂતો કે નિરક્ષર લોકો સારાં છે. કારણ કે એ બિચારાંને શરીરની મહેનત એટલી બધી તો કરવી પડે છે કે એમને કુદરતી મળેલી કામવૃત્તિની શક્તિને જેમ તેમ બેફામપણે વેડફી દેવાનું પોષાઈ શકે તેવું નથી.

જે લોક ખૂબ ખૂબ મહેનતુ છે, એમનામાં કામવૃત્તિની લાલસાની માત્રા પણ ઓછી રહેતી હોય છે. જ્યારે બેઠાડુ, આળસુ લોકોના જીવનમાં એ તો અગ્નિની જવાળાની પેઠે ભભૂકતી રહ્યા કરે છે. એ વાત જો સાચી લાગતી હોય તો, માનવીએ શરીરની મહેનતને ખાસ મહત્ત્વનું સ્થાન પોતપોતાના રોજિંદા વ્યવહારમાં આપવું જ ઘટે. નહિતર એવાં પતિપત્ની કદી પણ કામવૃત્તિને સંયમથી વાપરવામાં શક્તિમાન થઈ શકવાનાં નથી, તે પણ નક્કી વાત છે.

વળી જો આપણે એક પ્રાણવાન પ્રજા તરીકે જીવવું હોય તો પણ આપણો ધર્મ છે કે આપણી પ્રજા સારા સંસ્કારવાળી, પ્રાણચેતનવાળી હોવી જોઈશે. ગમે તેવાં છોકરાં જણવાં એ તો પાશવી વૃત્તિનું કામ છે. એના જેવી પોતાની કે સમાજની બીજી કોઈ કુસેવા નથી. પોતે જીવતા રહેવું હોય ને સમાજને પણ ઊંચો આણવો હોય ને ઘેર બેઠે બેઠે પણ સમાજની સેવા કરવી હોય, એવાંઓને કુદરતની મળેલી કામવૃત્તિની શક્તિને ગમે તેમ વેડફી દેવાનો અધિકાર નથી.

વળી શરીરમાં જે વીર્ય પેદા થાય છે, તેને લીધે માનવીનું મન ગમે તેમ વિચાર કર્યા કરતું હોય એના શરીરમાં યોગ્ય રીતે રહી શકતું પણ નથી. વીર્યનું અમુક પ્રકારનું સ્થિર થવાપણાનું માનવીની ભૂમિકા કેવા પ્રકારની રહે છે એના પર બધો આધાર રહેલો છે. માનવીનું મન ગમે

તેવા વિચારો સેવતું હોય તો એનું પરિણામ માનવીના વીર્ય પર થયા વિના રહેતું જ નથી. શુક્રની ગતિ માનવીના વિચારની જેવી ભાવના તેવી પરિણામે થતી હોય છે. તેથી કામવૃત્તિને સંયમમાં રાખવી હોય તો માનવીએ પોતાના મનને યોગ્ય વાસ્તવિક વિચારમાં રાખવાની જીવતી-જાગતી ટેવ પડાવવી જ પડશે. એવો જીવતો અભ્યાસ મનને પડાવ્યા વિના કોઈપણ માનવી પોતાના શુક્રને સ્થિર રાખી શકવાનો નથી તે વાત નક્કી છે. વીર્યને સ્થિર રાખવું કે કરવું તે કોઈ નાનીસૂની વાત નથી. પ્રથમ તો એ કાજે માનવીનું એવું મન થઈ જવું જોઈએ, એવી તમન્નાપૂર્વકની સાચી સમજણ ને લગની માનવીના હૃદયમાં પ્રકટવી ઘટે તો જ તે બની શકે, બાકી તે શક્ય નથી. બાકી ખાલી ખાલી મોટી મોટી વાતો કરવી એ નકામું છે. જો આપણને આ સમજાતું હોય ને સાચું લાગતું હોય તો આપણે જીવનમાં હૃદયની ભાવનાથી જાગૃત રહીને પ્રયત્નપૂર્વક એમ જીવવાનું રાખીએ તો જ યોગ્ય ગણાય ને યોગ્ય થાય.

('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૨૭૮ થી ૨૮૬)

૨૮. શ્રીભગવાનનું દર્શન

શ્રીભગવાનનું દર્શન એટલે અમુક કાલ્પનિક ભાવ કે એવી મનની કોઈ કલ્પના નથી. સંસ્કારપરંપરાગત જામેલી એ બાબતની જે એક પ્રકારની ભાવના છે તે પણ તે નથી. શાસ્ત્રોમાં વર્ણવેલી દર્શનની એક સ્થિતિ તે પણ એક પ્રકારની મર્યાદા છે. શ્રીભગવાનના ભાવનું આપણામાં પ્રત્યક્ષ થવું એનો અર્થ એ કે એના ભાવની અંદર રહેલાં તત્ત્વો જેમ કે એનું સચરાચરપણું, એની અનંત અમર્યાદિત શક્તિ, એનું અવિકલ્પપણું, એનું વૈકલ્પિકપણું વગેરે આપણામાં પ્રત્યક્ષ અનુભવરૂપે પ્રકટ થાય ત્યારે એનાં દર્શન થયાં ગણાય. શ્રીભગવાને જે આ સૃષ્ટિ રચી છે તેની પાછળ કોઈ ગૂઢ હેતુ હશે જ—છે; એ હેતુને પાર પાડવામાં પ્રત્યેક જીવ સંકળાયેલો છે. આપણને આત્માની સ્થિતિનું ભાન થતાં એ હેતુનું સ્પષ્ટ દર્શન થાય છે ને એમ આપણે એના યંત્ર બનીએ છીએ.

પળેપળ એવી ભાગવત સ્થિતિમાં રહેવાયાં કરાય અને પળેપળ એવાં ભાગવતી કાર્ય થયાં કરે એનું નામ શ્રીભગવાનનું દર્શન.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૪)

• • •

શ્રીભગવાનના અનુભવ માટે અમુક શરતો પૂરી કરવી પડતી હોય છે. તેમાંની કેટલીક નીચે પ્રમાણે હોઈ શકે છે. શ્રીભગવાનના અસ્તિત્વનો હૃદયથી જ્ઞાનભક્તિપૂર્વક નિશ્ચય, 'સર્વરૂપ ભગવાન એ મારો આત્મા છે' એવી ઊંડી અંતરની જ્ઞાનપૂર્વકની સમજ, સર્વરૂપ ભગવાન જ છે એવો હૃદયમાં હૃદયથી જ્ઞાનભક્તિપૂર્વકનો સ્વીકાર, પોતાની જાતની સંપૂર્ણપણે ઓળખ, એને સ્વકર્મથી સંતોષવા એ જ એની એક પાકી સમજ, આવું આપણે શ્રદ્ધાથી રોજ ને રોજ નિશ્ચયાત્મક બુદ્ધિથી, હૃદયથી હૃદયમાં તે બધું કેળવતા રહીએ અને તે બધું ઊંડું ને ઊંડું સમજથી ઉતારીને તેનો અનુભવ કર્યા કરીએ તો આપણે શ્રીભગવાનના છીએ અને એ આપણો છે એવા તત્ત્વનો અનુભવ થશે જ થશે.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૪૫)

• • •

માનવીના જીવનમાં જે અવ્યક્ત ઈશ્વરનું સ્વરૂપ છે. એને એકાગ્ર ને કેન્દ્રિત સાધનાના ભાવ વડે છતું કરીને એને ક્રિયાના પ્રવાહ-સ્વરૂપમાં એની કૃપાથી વહેતું મૂકવાનું કરવું તેનું નામ સાક્ષાત્કાર. આપણામાં જે અવ્યક્ત પ્રભુમય જીવન છે તેને પ્રેમભક્તિ-જ્ઞાનપૂર્વકની ચેતનયુક્ત જાગ્રતિમય સાધનાના પળેપળના અભ્યાસ વડે જીવનમાં પ્રત્યક્ષ કામ કરતું અનુભવવું તે જ છે સાક્ષાત્કાર.

આપણામાં પણ પ્રભુની શક્તિ જ કાર્ય કરી રહેલી છે, પરંતુ આપણને તેનું સાચું પૂરું જ્ઞાન-ભાન પ્રકટેલું નથી. આપણે તો પ્રકૃતિની રીતે ને સ્વભાવે જેમાં તેમાં પ્રેરાતા હોઈએ છીએ. આપણે બધાં જીવ-પ્રકૃતિમાં છીએ. જ્યારે સાક્ષાત્કાર પામેલો આત્મા તો પ્રકૃતિનો સાક્ષી, અનુમત્તા, ભર્તા કે ભોક્તા બનેલો હોય છે એવું તે પોતાની સકળ પ્રકારની પ્રવૃત્તિમાં સહજ ભાવે અનુભવ્યા કરે છે. એમ કરતાં કરતાં,

થતાં થતાં તે માત્ર તેટલો જ છે તેવું પણ નથી. વળી તે પોતે પ્રકૃતિનો ઈશ્વર પણ છે તેવું પણ તેના અનુભવમાં એની કૃપાથી તેને જ્ઞાન પ્રકટે છે. તેવી વેળાથી તે અનુભવનું સત્ય કંઈ માત્ર એક ઠેકાણે જ પડી રહ્યા કરતું હોતું નથી, પણ વિસ્તાર પામીને સમષ્ટિને સ્પર્શતું હોય છે.

સાક્ષાત્કાર પામેલા એવા મુક્તાત્માની પ્રકૃતિ કંઈ ઊડી જતી નથી હોતી, તે રહેતી હોય છે ને કામ પણ આપતી હોય છે. પણ સામાન્ય માનવીમાં તે (પ્રકૃતિ) શેઠ બનીને પ્રવર્તે છે. જ્યારે સાક્ષાત્કાર પામેલામાં શેઠ તરીકે નહિ પણ ચેતનના એક જ્ઞાનપૂર્વકના એક કરણ તરીકે રહે છે.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૪૨ થી ૩૪૪)

● ● ●

શ્રીભગવાનનો ભાવ જ્યારે સાધકમાં (સાધનાની અમુક કક્ષામાં) જરાતરા પણ જાગવા માંડે છે, ત્યારે મન દ્વારા, બુદ્ધિ દ્વારા, ઈન્દ્રિયો દ્વારા, હૃદય દ્વારા એમ અનેક રીતે વ્યક્ત થવાને સહજ રીતે તૈયાર થાય છે. આ ભાવ અત્યંત સૂક્ષ્મમાં સૂક્ષ્મ, કોમળમાં કોમળ ને ભીષણમાં ભીષણ પણ છે. જ્યારે તે આંખ દ્વારા વ્યક્ત થતો હશે, ત્યારે જ્યાં ત્યાં આપણને સૌદર્યનાં દર્શન થયાં કરશે. ગમે તેવામાં પણ અતિ સુંદરતાનાં દર્શન થશે ને તેમાં અનહદ આનંદ પણ થશે. કોઈક વાર ભયંકર થથરાવી મૂકે એવાં પણ દૃશ્ય જોઈ શકીશું. શ્રવણ દ્વારા એવું તો મધુર સંગીત અને દિવ્ય નાદના સૂર આપણા કાને અથડાયા કરશે—ક્યાંયે કશું તેવું નહિ હોય તો પણ જીભ ગમે તેવા ખોરાકમાંથી ઉત્તમોત્તમ પ્રકારનો સ્વાદ અનુભવશે. ચામડી એટલી તો કોમળ અને દિલને ગલીપચી થાય એવી સૂક્ષ્મપણે મધુર મધુર લાગશે. ને તેમાંથી કુમળા કુમળા સ્પર્શનો એવો આનંદ જામે કે તેવા સ્પર્શનો ખ્યાલ કોઈ પણ પાર્થિવ ચીજથી ન આવી શકે. તેવું જ બીજી ઈન્દ્રિયો વિશે સૂક્ષ્મ ભાવ તે દ્વારા વ્યક્ત થતો હોવાથી ને બહાર ચેતનરૂપે તે ભાવ હોવાથી, વ્યક્ત થતો ભાવ તે ભાવને પકડે છે અને જે ઈન્દ્રિયો દ્વારા વ્યક્ત થાય છે, તે ઈન્દ્રિયના સ્વભાવનું પ્રકૃતિમાં જે મૂળ છે, તે મૂળ પ્રમાણે તેનો અનુભવ થાય છે.

આ અનુભવમાં એટલો તો આનંદ રહેલો છે કે તેનાથી અલગતા અનુભવવી લગભગ અશક્ય જેવું બને છે. સાધકના ખરા સંયમની કસોટી ત્યાં છે. ઘણા સાધકો ત્યાં અટકી પડે છે. તેઓ એમ માની લે છે કે હવે પોતાનું ઈતિકર્તવ્ય આવી રહ્યું, કારણ કે તેને દિવ્ય આનંદ મળતો હોવાથી તેમાં તે ગરકાવ થઈ રહે છે. શ્રીભગવાનનો જાગેલો ભાવ આમ એ આનંદને ભોગવ્યા કરવાથી એક દિવસ અલોપ થઈ જાય છે.

('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૫૨–૧૫૩)

૨૯. મુક્તાત્મા

પોતાના સત્ત્વને ઝટ ઓળખી શકાય એવો આવિર્ભાવ મુક્તાત્માઓ સાધારણ રીતે થવા દેતા નથી. આથી શરૂ શરૂના સાધકને, જિજ્ઞાસુને તથા આધ્યાત્મિક પથથી અણજાણ એવા જીવને મૂંઝવણ અને ગૂંચવાડો ઊભો થતાં હોય છે. કેટલાકની શ્રદ્ધા આથી હાલી જાય છે યા ઊઠી જાય છે. પોતાનાં સંકુચિત, વિકૃત, ક્ષુલ્લક માનસને માપે કે દંડે સંતોને માપવા જતાં તેમનાં આવાં કાર્યોનો મૂક પણ કલ્યાણકારી હેતુ એવાઓની સમક્ષ ખુલ્લો કરીને સમજાવવામાં આવે તોપણ તેઓ તે હેતુની કદર કરી શકતા નથી હોતા. તેઓના મનમાં એમ થાય છે કે જાણી જોઈને સંતો શા માટે વર્તતા હશે? શા માટે પોતાને વિશે લોકોમાં ગેરસમજૂતી થવા દેતા હશે? **('જીવનસંદેશ', આ. ૨, પૃ. ૧૬૨)**

સૌથી પ્રથમ તો એ સમજી લેવાની જરૂર છે કે મુક્ત આત્માનું જો કે સામાન્ય માનવી જેવું હલનચલન જણાય છે; પરંતુ તે છે તેની પ્રકૃતિનો સ્વામી, આત્મનિષ્ઠ. જ્યારે સામાન્ય માનવી તો પ્રકૃતિનો દાસ છે, ગુણોથી પ્રેરાઈને તેની બધી ક્રિયા થાય છે. એટલે બંનેની બહિર્ પ્રક્રિયાઓની દેખીતી રીતની સમાનતા પાછળ ધરમૂળનો, પાયાનો તાત્ત્વિક તફાવત આવી રહેલો છે. સાધારણપણે સમાજમાં એવી સમજ પ્રવર્તેલી હોય છે કે મુક્ત એટલે સામાન્ય માનવી કરતાં કંઈ તદ્દન ભિન્ન પ્રકારનો માનવી કે જેની સ્થૂળ ક્રિયાઓ પણ સામાન્ય માનવી કરતાં

જુદી જ હોય, પણ આ સમજણ યોગ્ય નથી. જીવનમુક્તમાં પ્રકૃતિ, ઇન્દ્રિયો, ગુણ, ભાવના, લાગણી, ઊર્મિ નાશ પામી છે એવું નથી હોતું, શરીર છે ત્યાં સુધી તો એ બધું હોવા કરવાનું, પણ એ આ બધાનો સ્વામી બની રહેલો છે. એ વર્તે છે પરિસ્થિતિના માલિકની રીતે—જડ યંત્રવત્ તે દોરાતો નથી. તેમનાં કાર્યક્ષેત્ર પ્રકૃતિને વશ નથી હોતાં એટલું જ. તેવાં તેવાં કાર્યક્ષેત્રમાં જ્યારે તે બધાં પ્રેરાય છે, ત્યારે એને એના જ્ઞાનહેતુની જીવંત સજ્ઞાત ધારણા રહ્યા કરતી હોય છે.

મુક્તાત્માઓને કર્મ આવશ્યક નથી હોતાં. એ કર્મ કરે છે ખરો, પણ તે પ્રભુપ્રેરિત હોય છે માટે. પ્રભુના આદેશની સમજણ કહો કે આત્માના સહજ જ્ઞાનના કોઈ અકળ એવા સહજ હેતુથી કહો, તે રીતે તેનું તેવા કાર્યમાં પ્રેરાતું જવું બનતું હોય છે. તે અમુક જ કાર્યો કરશે એવું નથી. તે પૂર્ણ ગૃહસ્થાશ્રમી હોઈ શકે છે; તેમ જ સહજમેળે સંપૂર્ણ સંન્યાસી પણ હોય, દેશસેવક પણ હોય ને આંતર-રાષ્ટ્રીય સેવક પણ હોય ને જેમ પોતાની પ્રજાનો હોય તેમ સૃષ્ટિનો પણ હોય—એનામાં હૃદયથી સમદૃષ્ટિ સહજ હોય છે. એને કંઈ તેવું કે તેવા થવાપણું નથી. ત્યાં વિચાર પણ નથી ને સંકલ્પ પણ નથી. જેવી જેવી જેને જીવનમાં પરિસ્થિતિ મળ્યા કરતી જાય, તેમ તેમ તે ઉપર વહન કર્યા કરે છે. તે રાજ્યોનું સંચાલન, શાસન કરનાર રાજા પણ હોય ને અદનામાં અદનો દાસ, સેવક પણ હોય. એને કોઈ દૃષ્ટિ, વૃત્તિ કે વલણ નથી હોતાં. તે ફરતોય હોય ને સ્થિર પણ. તે બંનેમાંથી એક પણ ન હોય ને બંને સાથે પણ હોય. તે એક કાર્ય કરતાં કરતાં અનેક કર્મમાં પ્રવર્તતો રહ્યા કરે છે ને કશું નથી કરતો હોતો તો પણ તે ખરા ભાવમાં સહજપણે પ્રવૃત્ત રહેલો હોય છે. એને કશામાં પ્રવેશવું પડતું નથી, કારણ કે તે પ્રત્યેકના સહજ સ્વભાવરૂપ છે. તે જેમ એક છે તેમ અનંત પણ હોઈ શકે ને તેમ છતાં સંપૂર્ણ શૂન્ય પણ થઈ શકે. એ કર્મ છે. કર્મની અંતરમાં છે, કર્મની આદિમાં છે ને કર્મ જ એનામાં છે ને તેથી તે પર પણ છે.

• • •

જીવનમુક્ત દ્વંદ્વથી પર હોવા છતાં હર્ષ, શોક, લાગણી, આદિ નથી હોતાં એમ નહિ; એવી એવી વૃત્તિ ઉદ્‌ભવતાં તે એનો ભોગ થઈ પડતો નથી; પણ ત્યાં એને કેવી રીતે, કયા કેટલા પ્રમાણમાં પરોવવી એ બધાનું જ્ઞાન રહ્યા કરે છે. જ્યાં સુધી શરીર છે, સમાજમાં છે, ત્યાં લગી પ્રારબ્ધ કર્માનુસાર કર્મ ભોગવવાનાં હોય તેમાં, કે આદેશ કાર્ય હોય તેમાં, કે સમષ્ટિરૂપ કાર્ય હોય તેમાં, પોતે જ તેનો સ્વામી છે; જન્મદાતા છે ને ભોક્તા છે, ને છતાં પણ પાછો તે ક્યાંય નોખો છે. તે ભાવયુક્ત રહી ત્યાં ત્યાં પ્રવર્તતો હોય છે. તેને ઐહિક દૃષ્ટિએ કશું વિકાસ પામવાનું બાકી રહી જતું નથી રહેતું, પરંતુ પરબ્રહ્મભાવમાં તો વિકાસ સહજમેળે તે પામ્યા કરતો હોય છે. **('જીવનસંદેશ', આ. ૨, પૃ. ૨૦૫–૨૦૬)**

સાધારણપણે સમાજની જુદી જુદી સમજણ જીવનમુક્ત અંગે કંઈક એવી હોય છે કે તેણે પોતાના જીવનની જરૂરિયાતો ઓછામાં ઓછી કરી નાંખી હોય; દલિતો અને ગરીબો માટે અત્યંત 'દયા' હોય ને તેમને માટે સેવાકાર્ય પણ કરતો હોય, સમસ્ત માનવસમુદાય માટે દયાનો સાગર જ હોય; અને માનવજાતના ઉદ્ધાર માટે જ તે મથે; ને મૌન પાળતો હોય કે ઓછામાં ઓછું બોલતો હોય; એનો ચહેરો શાંત, ગંભીર હોય ને તેની સમીપ પહોંચતાં જ તેની ભવ્યતાની અથવા સાધુતાની છાપ પડે એમ હોય; વગેરે વગેરે. જો તે ખડખડાટ હસતો માલૂમ પડ્યો કે કોઈ સાધારણ પ્રવૃત્તિમાં મશગૂલ થતો દેખાયો તો દુન્યવી વિષયોમાં રસ ધારણ કરતો અને તેથી 'ક્ષુલ્લક' બાબતો વિશે છૂટથી વાતો કરતો જણાયો, તો બસ ખલાસ—તે ગમે તેવો મહાન હોય તો પણ લોકોની નજરે તો એ બહુ બહુ તો પોતાને ભારે શક્તિ અને બુદ્ધિથી તેમના ઉપર પ્રભાવ ને સત્તા બેસાડનાર ને પોતા તરફ બધાને આકર્ષનાર છતાં તોયે એ પણ 'દુન્યવી' એટલે પાર્થિવ ભૂમિકામાં વિહરનારો જ લાગે.

લોકોની આવી સમજણ પ્રવર્તે તેમાં તેમનો પણ શો દોષ? જીવનમુક્તની વિશિષ્ટતા કોઈ સ્થૂળ આંખોથી દેખાય એવા સ્થૂળ ક્ષેત્રમાં નહિ પણ મન અને હૃદયના સૂક્ષ્મ પ્રદેશમાં રહેલી છે ને તે જોવા માટે તો સૂક્ષ્મદૃષ્ટિ જોઈએ. તેના કપાળે કંઈ 'લેબલ'-ચિઠ્ઠી ચોંટાડેલી હોતી નથી કે એવી કંઈ બાહ્ય નિશાની કે ચિહ્ન હોતું નથી કે તેને તેના સાચા

સ્વરૂપમાં જાણી શકાય. કશાનેય પણ બરાબર જાણવા ને તેનું હાર્દ પિછાનવા જરૂર રહે છે—કદરભક્તિભર્યા ભાવુક સપ્રેમ અભ્યાસપૂર્ણ અનુશીલન પરિશીલનની.

મુક્તાત્મામાં માનવી પ્રત્યે દયા નહિ પણ દિવ્ય અનુકંપા ભરી પડેલી છે. એ નિષ્ઠુર નથી. દયાહીન નથી. જગતનાં દુઃખો—સંઘર્ષો અને ઉલ્કાપાતો વચ્ચે પણ એ નિશ્ચલ રહેતો જણાય છે. તેનું કારણ એ છે કે એને અનુભવ છે કે વસ્તુમાત્રની ઉત્ક્રાંતિ બહારની દખલગીરી વિના—પોતાની મેળે—થવાનું તે યોગ્ય ગણે છે. તેથી તે નિશ્ચેષ્ટ પણ રહે છે કે દેખાય છે. વળી તેની માત્ર સૂક્ષ્મ કે મૂક અનુકંપા બીજાઓની દોડધામ કે ધાંધલિયા પ્રવૃત્તિ કરતાં ક્યાંયે વધુ અસરકારક છે, કેમકે એ સક્રિય છે. તેનો તેને એકલાને જ અનુભવ છે. કાળથી થતાં પરિવર્તનો તેને અસ્વસ્થ કરી શકતાં નથી, કારણ કે તે કાળચક્રની ગતિને પારખતો હોય છે. આમ તે જ્યારે કાળને પારખે છે, ત્યારે તે તેનાં કારણો શોધવા નથી બેસતો. વિસંવાદી ઘટનાઓમાં તે સંવાદ જોઈ શકે છે અને અનુભવી શકે છે. એને 'હું' જેવું કશું નથી, તેથી તેને કશામાં રાગ નથી. વિધિની વક્રતા એને હચમચાવી શકતી નથી. એ કોઈ જાતની યોજના ઘડતો નથી. એના વિચારવર્તનમાં કોઈ જાતની ન્યૂનતા નથી. તેથી નૈતિક સિદ્ધાંતોની કે આલંબનની જરૂર રહેતી નથી. એને કશું ભૂલીજવાપણું નથી ને યાદ રાખવાપણુંયે નથી. પ્રકૃતિ ને પુરુષનું તે એકીકરણ છે. એ કશાનો માલિક નથી અને બધાનો માલિક છે. એ કોઈનું અનુકરણ કરતો નથી, કેમ કે અનુકરણથી સમયોચિત વર્તન થાય નહિ. એને બીજા કોઈ સાથે સરખાવી શકાય નહિ. એવો એ અનુપમેય અને અનોખો છે. તે અત્યંત ગતિમાન હોવા છતાં—યા તે કારણે જ બહુ સ્થિર છે, પેલા ભમરડાની જેમ.

ટૂંકમાં એ માનવી વ્યક્તિ હોવા છતાં માનવી વ્યક્તિ નથી, પરંતુ જે વિરોધાભાસી ગુણોનું વર્તન આપણે પ્રભુ વિશે કરીએ છીએ એ પરમતત્ત્વનો એ શરીરધારી આવિર્ભાવ છે.

('જીવનસંદેશ', આ. ૨, પૃ. ૩૨૩ થી ૩૩૨)

● ● ●

મુક્તાત્માનો કાયદો બધો અંતરનો હોય છે. એને નિયમ હોય છે ખરા ને નથી પણ હોતા. તેથી ત્યાં નર્યું માનવીના અજ્ઞાન જેવું સ્વચ્છંદ પ્રવર્તે છે, એમ માનવાની ભૂલમાં નથી પડવાનું. તેને તો જે તે બધું દીવા જેવું સ્પષ્ટ દેખાતું હોય છે. તેથી એને સ્થળ, કાળ, મર્યાદાની સમજણ રહે છે ને પ્રત્યેકના ઉદય, સ્થિતિ ને ભાવની પણ સમજણ સહજપણે—નિમિત્ત થવાતાં—પ્રકટ્યા કરે છે. જેમ આરસીમાં કૈંક સામે આવતાં દેખાય છે તેમ, એવો એ જાણે એ હાલતોચાલતો ન હોય એમ પ્રવર્તે છે. તેના પેટનું પાણી પણ ન હાલતું હોય તો એટલા વેગવાળું હોય, કે તેની લાગણી—ભાવના—તે વેળાની કોઈ પણ માનવીની લાગણી ભાવનાની સાથે સરખાવી શકાય તેવી હોતી નથી. એ કશામાંથીયે ચલિત થતો નથી, જે ચલિત થાય છે તે એની સહજગતિમાં સ્વયંભૂ ગતિમાં ચલિત થતો હોય છે. તે કદી મૂંઝાયેલો હોતો નથી. તેવી રીતનો દેખાય કે આપણને લાગે પણ એની ભૂમિકા તો તદ્દન શાંત પ્રકારની હોય છે. તટસ્થ રહેવાની જીવતી કળા એને સાંપડી ગઈ હોય છે એટલે તેનામાં આનંદ જ પ્રવર્તતો હોય છે.

('જીવનપ્રેરણા', આ. ૩, પૃ. ૧૯–૨૦)

• • •

મુક્તાવસ્થા પ્રાપ્ત થયા બાદ તેવા આત્મામાં સામસામા જણાતા એવા ગુણોનું પ્રાકટ્ય થતું તે અનુભવી શકે છે; જેમ કે કૃપા અને અવકૃપા. દયાળુપણું ને કઠોરતા, પરવા ને બેપરવાપણું, ગુણ અને અવગુણ. આમ તે પોતે કોઈ પણ સંસારી જીવ કરતાં પ્રેમભાવના ગુણમાં શ્રેષ્ઠ થતો જાય અને તે સાથે સાથે પ્રેમના પ્રદેશમાં રહી શકતો પોતાને અનુભવી શકે છે. એવાનું પછી ચોક્કસ કશું ધોરણ કે માપ રહી શકતું નથી. એ પછી કોઈ ચોકઠામાં પણ રહી શકતો હોતો નથી.

('જીવનપ્રેરણા', આ. ૩, પૃ. ૧૨૫–૧૨૬)

• • •

મુક્તાવસ્થા એટલે સ્વચ્છંદતા નથી; માનુષી whims–મનના તુક્કા કે તરંગો પ્રમાણે તેમાં ચાલવાનું નથી હોતું. લખલૂટ ખર્ચ કરતો હોવા

છતાં, વૈભવવિલાસ ભોગવતો હોવા છતાં યા ઘરેઘરે રખડતો ને ભીખ માગતો હોવા છતાં, બૈરાંછોકરાંવાળો હોવા છતાં, તેમજ વેપાર ખેડતો હોવા છતાં, ટૂંકમાં ગમે તે ક્ષેત્રમાં ગમે તે પ્રકારે તે હોવા છતાં તે મુક્ત થઈ શકે છે—મુક્તાવસ્થામાં જેમ સ્વૈરાચાર કે વિહાર નથી તેમ તેમાં કશાં બંધન પણ નથી. તેમાં આમ જ વર્તાય એમ પણ નથી, કારણ કે મુક્તને એવા કશા વિધિનિષેધ નથી. સામાન્ય રીતે એ જે કરતો હશે, તે આપણી સમજમાં નહિ આવે અથવા ન યે આવે, કારણ કે એની સમજ ને આપણી સમજમાં ફેરફાર હોય છે.

• • •

જીવ જ્યારે ચેતનમાં નિષ્ઠા પામે છે, ત્યારે એનામાં રહેલો પુરુષ જાગૃત બની જાય છે. પુરુષના આધાર વડે જ એની અનુમતિથી પછી પ્રકૃતિ બધાં કામ કરતી હોય છે. પુરુષ નિષ્ક્રિય છે ખરો અને તદ્દન પાછળ રહે છે, પરંતુ ચેતનની દશામાં તે સભાન અને પૂરેપૂરો જાગૃત બને છે. તેનામાં તે વેળા સાક્ષીપણું, ભર્તાપણું તથા સમતા, તાટસ્થ્ય આદિ ગુણો જીવતાં થયેલાં છે એટલું જ નહિ, પરંતુ જે તે રીતે કામ કરતા થઈ ગયેલા હોય છે. એટલે પ્રકૃતિ અને એના ત્રણ ગુણો અને ઇન્દ્રિયો પોતપોતાના વિષયમાં જેમ પ્રવર્તતી હોય તેની સાથે તે ઓતપ્રોત નથી, પરંતુ સાક્ષીભાવે રહે છે. પોતાની સંમતિની મહોર ક્યાં આપવી અને ક્યાં ન આપવી તેનું જ્ઞાન મળેલું છે.

• • •

મુક્તદશાને પામેલા આત્મા આપણા વિશે કશી ગેરસમજૂત કરતા હોતા નથી. આપણે પોતે જ એમના વિશે ગેરસમજૂત કરતા હોઈએ છીએ. જો કોઈ ગેરસમજૂત કરે એવા હોય તો એને જીવનમુક્તનું લેબલ ન લગાડી શકાય. આપણે ઊભાં રહેલાં છીએ દ્વંદ્વની ભૂમિકા પર અને એ જો સાચા સંત હોય તો તેઓમાં દ્વંદ્વ હોવા છતાં દ્વંદ્વની ભૂમિકામાં તેઓ ઊભેલા નથી. આપણાં સમજણ, માપ ને ધોરણો એ બધાં બહુબહુ તો નૈતિક ધોરણ પર અવલંબેલાં હોય છે. ભેદમાં અભેદ હજી આપણે

અનુભવી શક્યા નથી. જગત તો અભેદમાં ભેદ જુએ છે. જ્યારે તે લોકોને એવું કશું ભાન હોતું નથી, પરંતુ એનો અર્થ એવો નથી કે એ લોકો અનૈતિક છે. તેઓ જીવનની પરમ આદર્શ સ્થિતિમાં પહોંચવાને માટે જીવનની તેવી તેવી સ્થિતિઓમાંથી પસાર થઈ ગયેલા હોય છે; જેમ હોડીમાં બેસીને નદી પાર કર્યા બાદ હોડીને સાથે રાખવાની જરાયે જરૂર રહેતી નથી, તેવી રીતે તેવા લોકો સાધનના ભાર ગળે વળગાડીને ફર્યા કરતા હોતા નથી. એવા લોકોને આપણાં માપ, સમજ, ગણતરી ને કલ્પનાથી માપવાનું કરવું એ જ આપણું અજ્ઞાન છે. સંત આપણને કદી ગેરસમજૂત ન કરે. એ તો ભૂલેલાંનો જેટલો છે તેટલો કોઈનોય નથી—જો પેલો તેમનો થવાને હૃદયથી ખરેખરું ઝંખતો હોય તો. **('જીવનપ્રવેશ', આ. ૧, પૃ. ૧૨૦–૧૨૧)**

● ● ●

જીવનમુક્ત થતાં એને કર્મ નથી હોતાં એમ તો નથી. જેમ બ્રહ્મ નિષ્ક્રિય હોવા છતાં પાછો ક્રિયમાણ પણ છે તેમ જીવનમુક્ત કર્મ કરતો હોવા છતાં તેમાં નિષ્ક્રિયપણે રહી શકે તે પ્રકારનાં શક્તિ, જ્ઞાન, ભાવ-વાળો તે પ્રકટેલો પણ હોય છે, એટલે એને કર્મ નથી એમ ભલે કહી શકાય.

આત્યંતિક અનુભવ ક્યાં જઈને વિરમે છે એમ નિશ્ચયાત્મકપણે કહી શકાતું નથી. તે કારણથી પણ જ્ઞાનયુક્ત ચેતનાપ્રેરક તટસ્થતાની અત્યંત જરૂર રહે છે. એવાને (મુક્તને) લાગણી, વૃત્તિ, વિચાર, ભાવના વગેરે નથી થતાં એમ તો નથી, પણ એ એને આવવા દે છે. એ તો જેના તેના નિમિત્ત સંપર્કથી તેવું તેવું ઉદ્ભવે છે ને એનો જ્ઞાનપૂર્વક ઉપયોગ કરવાની કળા એવાને પ્રાપ્ત થયેલી હોય છે.

('જીવનપ્રવેશ', આ. ૧, પૃ. ૧૭૦–૧૭૧)

● ● ●

મુક્તાવસ્થા પ્રાપ્ત થતાં એક એવી અવસ્થા બની રહે છે કે જેમાં પ્રાકૃતિક ઈચ્છા, આશા, કામના, અહમ્ વગેરે વગેરે ઉત્પન્ન થવા દીધા વિના પોતે એકાગ્ર ને કેન્દ્રિતપણે પ્રભુભાવમાં સતત એકધારો રમી રહેલો

હોય છે. તેવાને શ્રીભગવાન જે કંઈ અનુભવ કરાવે તે સ્વીકારી તેનો રસ ભોગવવાની આંતરિક કળા તેના હૃદયમાં જાગેલી હોય છે. એમાં સ્થૂળ પ્રાણ કશો પણ ભાગ ભજવતો હોતો નથી. સ્થૂળ પ્રાણ, સૂક્ષ્મ પ્રાણ ને કારણ પ્રાણ કરતાંયે સાધના થતાં થતાં એ ત્રણે પ્રકારનાં કરતાં એક એવા પ્રકારના પ્રાણનું જન્મવું પ્રાપ્ત થતું હોય છે કે જેને તે વેળા સર્વ જે કંઈના ભોગના સામર્થ્યની સંપૂર્ણ શક્તિ ને સર્વ પ્રકારના મૂળનો રસ ગ્રહણ કરી, સ્વીકારી, એનો ભોગ કરવાની શક્તિ તેનામાં પ્રકટતી જતી તે અનુભવી શકે છે. **('જીવનપ્રવેશ', આ. ૪, પૃ. ૩૧)**

● ● ●

કોઈ જ્ઞાની કે અનુભવી શ્રીભગવાનનો પ્રેમીભક્ત જગત સાથેના વ્યવહારમાં તો જગતના સામાન્ય માનવી જેવો જ લાગ્યા કરવાનો. એની દ્વંદ્વાદિક વૃત્તિ જેમ કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે તેના મૂળ સ્વરૂપે તેનામાં નહિ હોય, પરંતુ તેવા પ્રકારની રૂપાંતરિત ભાવના તેના જીવનમાં પ્રકટેલી રહે છે ખરી. પહેલાં જેમ જીવદશાની પ્રકૃતિની વૃત્તિઓ તે વેળા બીજા જીવોની સાથે ઉપભોગમાં, ખપમાં આવતી હતી, તેમ હવે તે તે વૃત્તિની પેલી રૂપાંતરિત થયેલી ભાવના ભાગવત હેતુ અર્થે બીજા જીવના જીવન પરત્વે ઉપયોગમાં પ્રવર્તે છે. વિષ, ઝેર આમ તો પ્રાણનાશક છે, પરંતુ યોગ્ય રીતે મારેલું ઝેર દવા તરીકે ઘણું જ પ્રાણવાળું ને જીવન ઉગારનારું નીવડે છે. તેવી રીતે જીવપ્રકારની વૃત્તિઓનું રૂપાંતરિત થયેલું સ્વરૂપ ઉપયોગમાં આવી શકે છે, પરંતુ બીજા માનવીઓને એની કશી ગતાગમ પડી શકે નહિ. બધાં માણસો તેવાને યોગ્ય રીતે સમજી શકે એ પણ શક્ય નથી. એવાને સમજનારા માત્ર ગણ્યાગાંઠ્યા જ હોવાના.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૬૯–૨૭૦)

● ● ●

એવાઓ તો કંઈ પરમ આખરના સત્ય વડે પોતાનું જીવન નિયત કરતા હોય છે. એવા ઉચ્ચ જીવનની સાચી અસર પામવા માટે સ્થૂળ પુરાવા મળી શકે નહિ. એ તો એવાના જીવનમાં જિજ્ઞાસાભાવે,

પ્રેમભક્તિથી જે ડૂબવા માગતો હોય ને પોતાની પ્રકૃતિના થરોને સમજી સમજીને, મથી મથીને, યાહોમ થઈ જઈને પલટાવવા માગતો હોય એવા કોઈક જીવને એમાં કંઈક સમજ પડવાની. બાકીનાને તો તેની કશી ગતાગમ પડવાની નથી, તે જાણજો. (**'જીવનમંથન', આ. ૨, પૃ. ૨૭૩**)

• • •

એવું બને છે ખરું કે જેની આશા, ઇચ્છા નિર્મૂળ થઈ ગઈ છે ને અહમ્‌થી મુક્ત બનેલો છે, તેવો મુક્ત આત્મા અને જેની હજુ આશા, ઇચ્છા, વાસના, અહમ્ આદિ પ્રવર્તમાન છે તે બંને એક જ પરિસ્થિતિમાંથી, પ્રસંગમાંથી પસાર થતા હોય ત્યારે કોઈ અન્યને તો તેમની પરિસ્થિતિમાં કશો ફરક ન લાગે, પરંતુ તે બંને પ્રસંગનું જે Reaction–અંતરમાંથી પ્રતિકૃતિ એમના સત્ત્વમાં જાગે છે તેમાં જમીન-આસમાનનો ફરક છે. (**'જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૯૫**)

૩૦. પૂર્ણપુરુષ

ગુરુ એ તો ચેતનમાં સંપૂર્ણતાની કક્ષાએ સંપૂર્ણતઃ સતત વિકસતી જતી એક ભૂમિકા છે. ગુરુ એ એક વ્યક્તિ હોવા છતાં વ્યક્તિ નથી. એવા અનુભવી કેવા હોઈ શકે, તેનું વર્ણન મારી ભાંગીતૂટી બોલીમાં કરું છું, કે જેથી તેવી અવસ્થાની થોડીક પણ સમજણ વાચકને પડી શકે. મારા આવા નાદાન પ્રયત્નને સુજ્ઞ પુરુષ પ્રેમભાવથી નિભાવી લેશે એવી પ્રાર્થના છે.

સાચો અનુભવી કેવો હોવો જોઈએ તે વિશે જ્યાં સુધી આપણા મનમાં અમુક મંતવ્યો જડ ઘાલીને બેઠાં હોય, ત્યાં સુધી હિરણ્યમય પાત્રમાં છૂપાયેલું સત્યનું મુખ—આ ઠેકાણે અનુભવીનું સાચું દર્શન—જોવું અશક્ય છે. એને માટે તો પૂરેપૂરા નિરાગ્રહી એટલે કે પરિણામની ભીતિ રાખ્યા વગર સત્યદર્શનની ઉત્સુકતા જ્યાં આપણને દોરી જાય ત્યાં જવાની તૈયારીવાળા, સાહસવાળા અને શ્રદ્ધાવાળા માનસની જરૂર છે. તે વિના સત્યદર્શન અશક્ય છે.

પૂર્ણપુરુષની પૂર્ણતા એ કંઈ સ્થૂળ આંખોથી દેખાય એવા સ્થૂળ ક્ષેત્રમાં નહીં પણ મન કે હૃદય કે આધારના સૂક્ષ્મ પ્રદેશમાં જ રહેલી છે; ને તેથી તે જોવા માટે સૂક્ષ્મ દૃષ્ટિ જ કામ લાગે, એ મહત્ત્વની હકીકત આપણે આ બાબતમાં ભૂલવી ન જોઈએ, તેથી જ અનુભવીને ઓળખવા માટે ઉપર લખેલું વિવરણ કરવું પડ્યું છે.

વળી, બીજું કારણ એ છે કે ઉચ્ચ કોટિનો આત્મા લગભગ અપારદર્શક છે, કોઈ ખટપટિયા, પ્રપંચી માણસની ચાણક્યનીતિ હજુ પારખી શકાય, તેને પકડી પાડી શકાય; પણ પૂર્ણપુરુષ કયા ઉદ્દેશથી કામ કરે છે, તે શોધી કાઢવું ઘણું કઠણ છે. તેના ઉદ્દેશોને આપણી કલ્પના સાધારણ રીતે પહોંચી શકતી નથી.

આપણે તો આપણા ક્ષુદ્ર માનસના ગજથી તેના માનસનું માપ કાઢવા જઈએ છીએ; પણ જો કે પૂર્ણપુરુષ પણ આપણા જેવો જ હાડ-ચામનો મઢેલો માણસ છે. તેમ છતાં એનો દેહ તો એ વિભૂતિનો બહુ જ અલ્પાંશ છે, પણ તેના અસામાન્ય, અદ્‌ભુત, કેટલીકવાર ચમત્કારી લાગે એવા અનુભવને લીધે મનુષ્યરૂપ ધારણ કરનાર એ પુરુષ ખરી રીતે ગગનસ્પર્શી છે. એનું માનસ કે દિલ આકાશ જેટલાં વિશાળ છે અને તેથી એમાંથી ઉદ્‌ભવેલી કૃતિઓ બહારથી તદ્દન સાધારણ કે કેટલીક વખતે ઊલટી વિકૃત દેખાય છે, છતાં સાચી રીતે તો તે લોકોત્તર જ હોય છે.

દાખલા તરીકે જે જે પ્રસંગો સંસારના રસિયાઓને ખૂબ ક્લેશ કરાવનારા અને દિલ હચમચાવનારા થઈ પડે છે તે પ્રસંગોએ એ તો પૂર્વવત્ શાંત જ રહેલો દેખાય. દયાહીન શત્રુનું ભયંકર આક્રમણ, દુષ્કાળના રાક્ષસનું સર્વભક્ષણ કે બીજી કોઈ આસમાની સુલતાની કે જીવલેણ વ્યાધિનો ઝપાટો વગેરે ઉલ્કાપાતો સુદ્ધાં એને સ્પર્શ પણ કરી શકતાં દેખાતાં નથી. ઉપરછલ્લી દૃષ્ટિએ આમ છેક હૃદયહીન પણ દેખાય, પરંતુ સાચી રીતે એ નિષ્ઠુર નથી. જે બીજાઓ જોઈ નથી શકતા, તે એને દીવા જેવું દેખાય છે, તેથી જ તે આવા પ્રસંગોએ નિશ્ચલ રહે છે. એ જાણે છે કે વસ્તુમાત્ર પોતે પોતાની નિયતિને અનુસરે છે, ને તેથી જ વસ્તુમાત્રની ઉત્ક્રાંતિ બહારની દખલગીરી વગર પોતાની મેળે

જ થવા દેવાનું તે યોગ્ય ગણે છે. તેથી આવા પ્રસંગે તે નિશ્ચેષ્ટ રહે છે કે દેખાય છે. વળી તેની માત્ર સૂક્ષ્મ, મૂંગી અનુકંપા બીજાઓની દોડધામ અને ધાંધલિયા પ્રવૃત્તિઓથી ક્યાંયે વધારે અસરકારક છે. તેનો એના એકલાને જ અનુભવ છે.

સરળ રીતે પોતાને માર્ગે વહી જતી નદી જેવી એની વૃત્તિ હોય છે. પોતાની જાતને નિર્બન્ધ રાખે છે અને એવી જ રીતે બીજાઓને પણ મુક્તપણે વિહાર કરવા દે છે, કે જેથી તેઓ પોતપોતાની પ્રકૃતિ અનુસાર ઘડાય. આમ જોકે દેખીતી રીતે એ તદ્દન નિવૃત્ત લાગે છે, પણ ખરી રીતે તો બીજાઓની એ સારામાં સારી સેવા કરે છે.

એની દૃષ્ટિએ કંઈ પણ તત્ત્વતઃ બીજાથી ચડિયાતું નથી. એ પોતાનું સ્વત્વ ભૂલે છે અને તેથી એ બધા ભેદભાવોથી પર જઈ શકે છે. કશાની પણ એને લાલસા કે આકાંક્ષા ન હોવાથી એને કશા માટે જહેમત ઉઠાવવી પડતી નથી. એટલે એને માટે વિજય, ફળપ્રાપ્તિ કે પૂર્ણાહુતિ જેવું કશું જ રહેતું નથી. એનો આત્મા સર્વનો સમાવેશ કરે છે, તેથી તે સંપૂર્ણ સમતાથી વસ્તુમાત્ર સાથે એકાકાર થાય છે. આમ, પોતાનું વ્યક્તિત્વ લુપ્ત કરે છે. તેથી સંતાત્માને કોઈ નામ નથી.

વસ્તુમાત્રથી, સંજોગમાત્રથી અને સ્થાનમાત્રથી એને પૂર્ણ સંતોષ છે. તેથી તે સદાનો સુખી જીવડો છે. ફેરફારો એને તો શાશ્વત સમુદ્રના તરંગો જ લાગે છે, અને એવા તરંગો ઉપર સહેલાઈથી તે તરે છે. કશાની પણ ખોટ, ઇચ્છા કે જરૂર એને ન હોવાથી રાજ્યકાર્ય સંભાળવાને માટે પણ એ જ સૌથી વધુ લાયક છે.

દરેક વસ્તુ આપોઆપ, પોતાની મેળે જ એનામાં સર્જાય છે, એમ એ જાણે છે. મતમતાંતરો માટે કોઈપણ જાતનો પક્ષપાત કે અણગમો, ભોગ કે ત્યાગ એને હોતાં નથી એટલું જ નહિ પણ એને પોતાને મત જ હોતો નથી. જુદાં જુદાં મંતવ્યોમાંથી કોઈનો પણ તે વિરોધ કરતો નથી. માત્ર તે તેની પાર જાય છે ને પર હોય છે. સ્વાભાવિક રીતે અને સરળભાવે થઈ રહેલી બધાની ઉત્ક્રાંતિને તે સ્વસ્થતાથી જોયા કરે છે, તેથી તે કુદરતી રીતે પરિણામ પામતી વસ્તુ-સ્થિતિમાં આડખીલીરૂપ થતો નથી.

તે પરમતત્ત્વમાં સદાય ડૂબેલો હોય છે અને તેથી તે પોતે જ અંતિમ જ્ઞાન છે. તે કોઈપણ જાતની રચના કરતો નથી. તે કશાનો વિનાશ કરતો નથી. તે પ્રત્યક્ષ અનુભવમાં જ રહ્યા કરે છે. એના પર સંસ્કારો પડે છે પણ તે તેને સંઘરી રાખતો નથી. અનુભવની પહેલાં કે પછી તે વિશે તે કશો વિચાર કરતો નથી. ભાવિ માટે તેને કશી પણ ઉત્સુકતા હોતી નથી અને તે બાબત તે તદ્દન નિઃસ્પૃહ રહે છે. જેવી અદૃશ્ય રીતે વખત પસાર થાય છે, તેવી જ રીતે ભૂતકાળ એનામાંથી પસાર થઈ જાય છે. તેને માટે વર્તમાન જેવું પણ કશું નથી. બહારની દુનિયાનું સભાન અવલોકન કે આંતરિક દુનિયાનું સભાન સંવેદન એને થતું નથી. પ્રત્યેક ચીજમાં એ તે તે રૂપે આનંદ માણે છે અને પ્રત્યેક સ્થળ અને પ્રત્યેક ફેરફારને તે અનુકૂળ થાય છે. જીવન અને મરણ માટે તેને કશી પરવા નથી હોતી, એનું મન ખાલી છે, જે કંઈ છાપ એનામાં પડે છે, તે છાપ એની ચેતનામાં પડે છે, એનો આત્મા તો અલિપ્ત રહે છે, પરંતુ સામાન્ય રીતે એને એવી કશી છાપ પડતી હોય એવું ભાન હોતું નથી. કોઈક વખત જ્યારે એની ચેતનામાં છાપ ઊઠે છે, ત્યારે તે ભગવત્કાર્યમાં પરિણામ પામીને આપોઆપ પછી વિલીન થઈ જાય છે. અનુભવીઓની આવી વૃત્તિઓને કોઈ પણ બંધનકારક પાળ હોતી નથી, એટલે અનુભવીઓની વૃત્તિને આપણે પામી શકતા નથી. ખરી રીતે જોતાં એમને વૃત્તિ હોતી જ નથી.

એ તો માત્ર સ્વયંસંચાલિત બળ છે. કોઈ વાર એ શાંત ઉપાયોથી કામ લે છે, તો કોઈ વાર બીજી રીતે—જેવી પ્રસંગની જરૂર અને પરિસ્થિતિ. પરંતુ એની ભૂમિકાઓ તો ગુણોથી પર જ રહે છે. કોઈક વાર વળી ગુણોમાં પણ હોય છે ને કેટલીક વાર તો ગુણોમાં ય નહીં, ને ગુણોથી પર પણ નહીં એવી કોઈ અગમ્ય મધ્યમ સ્થિતિમાં પણ એની ભૂમિકા રહે છે. જે કંઈ અનિવાર્ય છે, તેને એ વિધિનું નિર્માણ જાણે છે અને તેથી તે હંમેશાં સ્વસ્થ રહે છે. દેખીતી રીતે બીજાઓને અનુપયોગી છે, પણ એના અસ્તિત્વ માત્રથી જ આપોઆપ સમસ્ત વિશ્વની ઉત્ક્રાંતિમાત્રમાં તે ભાગ લે છે. આમ પૂર્ણપુરુષ પ્રત્યેકને પોતપોતાની પરિપૂર્ણતાની પ્રાપ્તિ તેમની તેમની રીતે કરવા દે છે. તત્ત્વથી વિરોધાત્મક એવું એને કશું દેખાતું નથી.

તે સ્તુતિનિંદાથી પર છે. તેની પ્રકૃતિનાં સ્વરૂપ ને લક્ષણો જુદી જુદી જાતનાં હોય છે. કાળના પ્રવાહ ઉપર તે તરતો વહે છે અને કશાનેયે આગ્રહ રાખી પકડી રાખતો નથી. તે કદી ઊંચે ને કદી નીચે હોય છે. બનાવો પ્રત્યે એ સદાયે પ્રશાંત હોય છે. એ પોતે પ્રસંગોને પ્રસંગો જ માત્ર ગણે છે ને તેમ વર્તે છે. પ્રસંગો તેને પોતાના પ્રવાહમાં તાણી શકતા નથી. પ્રસંગોની ગતિ, એનું જોમ અને તેનો વળાંક તે પોતાનામાં વાળે છે.

એ પોતે જ પરાકાષ્ઠા છે, કારણ કે તે કાળચક્રની ગતિને પારખે છે. તેથી કાળથી થતાં પરિવર્તનો તેને અસ્વસ્થ કરી શકતાં નથી. આમ જ્યારે તે કાળને પારખે છે, ત્યારે તે તેનાં કારણો શોધવા બેસતો નથી.

વિસંવાદી ઘટનામાં પણ એ સંવાદ જુએ છે. એને 'હું' જેવું કશું નથી. તેથી તેને કશામાં રાગ નથી અને પરિણામે કોઈ જાતનું યુદ્ધ કે હાર તેને વેઠવાં પડતાં નથી. વિધિની કૃતિઓ એને હચમચાવી શકતી નથી. એનામાં સદ્‌ગુણો છે, પણ જાણે નથી એવો જ દેખાય છે તે શરીરથી માનવ છે ખરો, પણ તે માણસ જેવો સ્પષ્ટ જણાતો નથી. એ કોઈ જાતની યોજના ઘડતો નથી, તેથી તેને તેના જ્ઞાનની જરૂર પડતી નથી, એના વિચાર-વર્તનમાં કોઈ જાતની ન્યૂનતા નથી, તેથી તેને નૈતિક સિદ્ધાંતોની જરૂર રહેતી નથી. એનામાં કોઈ પરત્વે પાર્થિવ પ્રેમ નથી. પરાક્રમથી મળે એવી કોઈ સિદ્ધિ એને જોઈતી નથી. તેથી નિષ્ફળતા માટે શોક કે વિજય માટે હર્ષનું તેને કારણ રહેતું નથી. એને કશું ભૂલી જવાપણુંય નથી ને યાદ રાખવાપણુંય નથી. તે જાતે જ શુદ્ધ અનુભવ છે તેથી તે શુદ્ધ વિજ્ઞાન છે. પ્રકૃતિ ને પુરુષનું તે એકીકરણ છે અને તે વસ્તુ-માત્રને તત્ત્વમાં સરખી રીતે જુએ છે. એને માટે વસ્તુઓ વચ્ચે ક્યાંય પરસ્પર વિરોધ નથી. ને તે, તે વસ્તુઓને તેમના તેમના અનુભવની દૃષ્ટિએ જુએ છે. તે બધાંની ઉપર, બધાંની અંદર અને બધાંની વચ્ચે તે તત્ત્વરૂપે છે, તેથી તે ખાલી છે અને ભરપૂર પણ છે. તેને પોતાની અલગ અસ્મિતાનું ભાન નથી હોતું, કારણ કે તે સહજપણે તત્ત્વથી સરળપણે સર્વત્ર હોય છે. આમ તે અદ્‌ભુત રીતે પોતાની જાતનું એકીકરણ અને સમીકરણ પોતાની બીજી જાત સાથે કરે છે. તે ગુણોની

સમગ્રતા છે. અસ્તિત્વમાત્રની, સર્જનની, પ્રેરણાની જડ અને ચેતનની, મન અને પદાર્થની, કાળ અને અવકાશની એ બધાની સમગ્રતા પણ તે જ છે. ટૂંકમાં, પ્રકૃતિના સ્વયંભૂપણાની સમગ્રતા પણ તે પોતે જ છે.

એક રીતે એ કશું જ કરતો નથી, કારણ કે પ્રત્યેક જે તે કંઈ સ્વયંભૂ છે; પરંતુ તે સ્વયંભૂત્વની સમગ્રતા હોવાથી, બીજી રીતે જોતાં તે બધું જ કરે છે. આમ સર્જન ન કરતો હોવા છતાં તે સર્જન કરે છે. એને તો બધું જ સર્જન અને વિનાશની મર્યાદામાં સપડાયેલું લાગે છે. વળી એને વિનાશની પ્રક્રિયામાં યે સર્જનની જ પ્રક્રિયા દેખાય છે. સર્વવ્યાપી, પૂર્ણ શાંત કલ્યાણકારી સત્‌થી જુદી એવી એને એકે ઇચ્છા નથી. તે આમ નિવૃત્તિમાં પ્રવૃત્ત રહે છે. એ કશું અયોગ્ય કરતો નથી. તે રડે છે, હસે છે, વિનોદ કરે છે, બોલે છે, વાતો કરે છે, ગણગણે કે બબડે છે અને એવી બધી ક્રિયાઓ કરે છે; પણ તે આપોઆપ અનુકંપાથી; નિર્મળ, સરળતાથી વિહરે છે અને સર્વ સાથે અભેદ અનુભવે છે. વ્યક્તિગત વલણ જેવું એને કશું હોતું નથી. આપોઆપ એની અસર સર્વવ્યાપી થાય છે અને આમ જે તે કંઈ પોતાના સ્વરૂપને મેળવે છે. કોઈ વાર તે નિશ્ચેષ્ટ દેખાશે, તો કોઈ વાર ખૂબ સ્ફૂર્તિવાળો ને પ્રવૃત્તિમાન જણાશે; કદીક સ્થિર, સ્વસ્થ ને શાંત, તો કદીક ઉદાસીન. આમ તે સર્વ આવેશ અને વૃત્તિઓની પણ સમગ્રતા છે ને તેની પાર તે જાય છે. આવી રીતે પ્રવૃત્તિમાં પણ તે નિવૃત્ત રહે છે.

એને ને કીર્તિને કશું લાગતું વળગતું નથી. એ કશાનો માલિક નથી અને બધાનો માલિક છે. તે અનંતની સાથે તન્મય હોય છે. એનું મન આરસી જેવું છે, તેથી તે પરિસ્થિતિ પ્રત્યે કુશળ વર્તન રાખી શકે છે. પરંતુ પરિસ્થિતિ એને કદી પણ આવરી લઈ શકતી નથી. કાળના સમજુપણાની અને તેના હેતુની તથા સંજોગોની યથાર્થતાની તેને સૂઝ પડી જાય છે અને તે રીતે દુનિયાને તે પોતાનું સંભાળી લેવા દે છે. એ કોઈનું પણ અનુકરણ કરતો નથી; કેમકે અનુકરણથી સમયને યોગ્ય વર્તન થાય નહિ. એને એકલા એની પોતાની સાથે જ સરખાવી શકાય, બીજા કોઈની સાથે નહિ, એવો એ અનેરો છે. તે બીજા કશા ઉપર આધાર રાખતો નથી અને તે પોતે સ્વતંત્રપણે સંપૂર્ણ હોય છે.

ઘણી ચીજો તરફ એ એકસામટું લક્ષ આપે છે, પણ તેમાં તે તણાઈ જતો નથી અને ઘણો બોજો ઉઠાવે છે; છતાં તેનું હૈયું હળવું જ રહે એવી એની કળા તેનામાં એની મેળે જ પ્રકટ થયેલી હોય છે. વસ્તુમાત્રની તાત્ત્વિક સમતાનું જ્ઞાન એને હોય છે. દેખીતા ભેદમાં એ તો સત્ય દૃષ્ટિએ એકતા જ જુએ છે. આમ તે અગમ્ય છે. તેને માટે 'નેતિ નેતિ' જ શબ્દો વપરાય. ('જીવનસંદેશ', આ. ૨, પૃ. ૩૨૫ થી ૩૩૨)

૩૧. ભ્રમણા : 'ધાર્યું ધણીનું થાય'

સર્વ કંઈ ઈશ્વર કરાવે છે. એ વાત તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ સોએ સો ટકા સાચી છે; પણ એ આપણે ત્યારે કહી શકીએ કે જ્યારે આપણે પળે પળ ભગવાનના એ ભાવમાં રહી શકતાં રહ્યા કરતાં હોઈએ. અહમ્ પૂરો ઓગળી ગયો હોય, ત્રિગુણાતીત થયા હોઈએ. આપણે એનાં પૂર્ણપણે સચેતન યંત્ર બન્યાં હોઈએ.

આપણા મનમાં પસાર થતા અનેક વિચારો, આપણામાં ઉદ્‌ભવતી વૃત્તિઓ, આપણા ચિત્તના સંસ્કારો, આપણા આગ્રહો વગેરે જ્યાં સુધી મનમાં ડોકિયાં કરતાં હોય, ત્યાં સુધી આપણાથી એમ ન કહેવાય કે, 'એ બધું ભગવાન કરાવે છે!' 'જેમ એ કરાવશે એમ કરીશું' 'બધું જ પ્રભુ કરાવે છે ને કરાવશે' આવું બધું બોલવાનો કશો અર્થ નથી.

('જીવનસંદેશ' આ. ૨, પૃ. ૮૪, ૮૫)

આપણા મનને, પ્રાણને, ચિત્તને, બુદ્ધિને, અહમ્‌ના અનેક પ્રકારના વળાંકોને—વગેરેને આપણે જો પૂરેપૂરું સમજી ન શક્યાં હોઈએ તો પૂરું સમજી લેવું ઘટે. આપણે તો પ્રકૃતિના પ્રેર્યા વર્તીએ છીએ તો આપણો અહમ્ આપણને ધક્કેલ્યા કરતો હોય છે.

શ્રીભગવાનના પંથે જેને જવું છે, એના બધા ભ્રમો ભાંગી જવા જોઈએ. 'ધાર્યું તો ધણીનું થાય છે' આ સૂત્રની ભાવના ઉત્તમ છે; પણ જીવમાત્રમાં જે ચેતન રહેલું છે, એ કંઈ નમાલું નથી. સર્વ કંઈ કરવાને શક્તિમાન છે. મરણિયો નિર્ધાર જો પ્રકટે છે તો પ્રભુકૃપાથી બધું થઈ

શકે છે. લોક જેમાં ને તેમાં ઉપરનું કથન ને એવાં બીજાં કથનો ટાંકતાં હોય છે. આમ જે બોલે છે, તેનામાં અહંકાર નથી હોતો એમ નહિ. જેનામાં સંપૂર્ણ જ્ઞાનભક્તિપૂર્વકની નમ્રતા પ્રકટેલી છે ને જેનું અહમ્ પૂરેપૂરું ઓગળી ગયેલું છે તેવો જીવાત્મા તેવું બોલે તો તે યોગ્ય ગણાય. અથવા બહુ બહુ તો તે સાધક સંપૂર્ણ જ્ઞાનપૂર્વકની નમ્રતા કેળવવાનો જીવતો જાગતો સચ્ચાઈ ભરેલો અભ્યાસ કેળવે છે. તેવો જીવ નમ્રતા કેળવવાના હેતુથી તેવું ઉચ્ચારે તો કંઈક યોગ્ય ગણાય. પરંતુ જેનામાં નર્યું અહમ્ ભર્યું પડ્યું છે ને જેને સાધનાની કશી ગતાગમ નથી, તે જો તેવું બોલે તો 'વદતોવ્યાઘાત' છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૧૬૦)**

● ● ●

'કર્તાહર્તા તો ભાઈ! ભગવાન છે, એની મરજી પ્રમાણે બધું ચાલ્યા કરે છે' એવું બોલનારા જગતમાં ઘણા લોક નજરે પડે છે. તેવું બોલવું માત્ર ઉપરછલ્લું ને ખાલી ખાલી છે. જ્યાં સુધી ભાગવત જીવન જીવવાનો મરણિયો નિર્ધાર પ્રકટ્યો નથી, જ્યાં સુધી તેમાં યાહોમ કરીને સંપૂર્ણપણે ઝંપલાવવાની શક્યતા પ્રકટી નથી, જ્યાં સુધી આધારનાં નિમ્ન કરણોના વળાંકોને પકડી પકડીને ટાળવાનું કર્યું નથી, ત્યાં સુધી ઉપર પ્રમાણે બોલવું તે તે પ્રમાણેની માન્યતામાં રહીને પ્રકૃતિવશ હંમેશ વર્ત્યે જવું એને એક પ્રકારનો દંભ લેખી શકાય. કેટલાક એનો એમ પણ બચાવ કરતા જોયા છે કે તે સમયે તેનો તેવો—mood—માનસિક વૃત્તિ—તરંગ હોય એટલે તેના પ્રવાહમાં તણાઈને બોલાતું હોય છે. તે ગમે તે હો, એમ બોલીને માનવી પોતાને કાંઈ કરવું ન પડે, એવા પ્રકારની છટકબારી શોધતો હોય છે. જીવની એવા પ્રકારની સંપૂર્ણ શ્રદ્ધા, વિશ્વાસ- ભક્તિ, આદિ તો પ્રભુ ઉપર પ્રકટેલાં હોતાં નથી ને બોલવા પ્રમાણેની નિષ્ઠા તો છે જ નહિ, એટલે નર્યો મિથ્યાચાર ગણાય.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૪૩, ૨૫૦)

કેટલાક જીવોને પરમાત્મા તરફ વળવાની વૃત્તિ થાય છે, ત્યારે અને તે વૃત્તિ તમન્નાનું થોડું જોશ પકડે છે ત્યારે પણ—એક વિચિત્ર મંતવ્યની પકડને લીધે તેમનો વિકાસ રૂંધાય છે અથવા બહુ ધીમો થાય છે. પોતે હવે તો શ્રીભગવાનને શરણે ગયો છે એટલે બાકીનું બધું સચરાચર પરમ

ચૈતન્યશક્તિ જ સંભાળી લેશે અથવા લે છે અને હવે તો એણે શ્રીભગવાનમાં દૃઢ શ્રદ્ધા રાખ્યા સિવાય બીજું કશું કરવાનું નથી એમ તે કલ્પી લે છે.

આ માન્યતાની રાહે આગળ ચાલતાં ચાલતાં, પોતે જે કંઈ કરે છે તે, અને પોતાથી જે કંઈ સંજોગોમાં આવવાનું થાય છે, તે બધું શ્રીભગવાન જ કરાવે છે અને પોતે તો એનું એક નિમિત્તમાત્ર છે એમ જીવ કલ્પવા માંડે છે. આવી માન્યતાથી જ સાધકમાં જે નમ્રતા હોવી જોઈએ તે પોતામાં આવે છે, એમ એ માનવા માંડે છે. 'ભગવાનની ઇચ્છા વિના એક પાંદડું પણ હાલતું નથી' એવાં એવાં શ્રુતિવાક્યોનો તથા અનેક સંતોએ એવો શરણભાવ રાખ્યો ત્યારે તેમની કસોટી તો થઈ પણ તેમાંયે તેમણે શ્રદ્ધા કાયમ રાખી તો તેમનાં દુઃખો પરમાત્માએ ટાળ્યાં; એવા પ્રસંગોનો પણ જે આધાર લે છે એટલે તેઓની માફક પોતે પણ શ્રીભગવાનને શરણે ગયો છે. એટલે 'જે કંઈ સુખદુઃખ આવી પડે તે બધું સહી લેવું અને તે શ્રીભગવાને જ મોકલ્યું છે' એવી માન્યતાને આધારે પોતાનું જીવન ઘડવાનો દેખીતો પ્રયાસ કરે છે.

પણ એવા સંતોની શરણાગતિમાં ને આવી પ્રાથમિક, પ્રારંભિક કક્ષાની કલ્પી લીધેલી શરણાગતિમાં ઘણો ફેર છે, એટલે જ આવા સાધકને શોષવું પડે છે ને તેની પ્રગતિ ધીમી થાય છે. આપણામાં કર્મના નિયમની ઉપરછલ્લી સમજણને લીધે એક જાતની નિઃસત્વ દૈવાધીનતા કદી કદી આવી જાય છે. તેનો જ એક સ્વાંગ પ્રાથમિક કક્ષાના સાધકની ઉપરની કલ્પના કે માન્યતા છે.

આવી માન્યતાથી સાધક પોતે સાધક છે ને સિદ્ધ નથી એ હકીકત ભૂલી જાય છે અથવા તેનો ઇન્કાર કરે છે. 'ઈશ્વર સર્વ કર્મનો કર્તાહર્તા છે' એ અંતિમ સત્ય તરીકે ભલે સાચું હોય ને છે, પણ સાધક જો પોતાનાં બધાં વર્તનમાં અને પોતાના બધા સંજોગોમાં ઈશ્વર ઉપર જવાબદારી નાંખી દેશે તો એનાં અનેક પૂર્વ કર્મોને પરિણામે પડેલા સંસ્કારો, તેની માન્યતાઓ, તેની લાગણીઓ, તેની બુદ્ધિનાં વલણો, તેના પ્રાણની વાસનાઓ, તેનો અહંભાવ કંઈ કંઈ અશુદ્ધ—નીચલા થરની પ્રકૃતિનાં—

તત્ત્વો અસર પાડ્યાં કરતાં હોય છે. કેટલીક અસરો તો એવી સૂક્ષ્મ અને છૂપી હોય છે કે તે પારખવા માટે પણ ભારે જાગ્રતિની અને સાધનાની જરૂર રહે છે, અને તે ભૂંસી નાંખવા તો વધારે પરિશ્રમ ને ખંત જોઈએ છે. જેમ પથ્થરમાં પણ ઈશ્વરનો—ચેતનાશક્તિનો—આવિર્ભાવ છે તે માનવીમાં પણ છે. પણ બન્નેમાં ઘણો વાસ્તવિક ફરક છે. તેમ પ્રકૃતિનાં બધાં બળોમાં જો કે ચેતનાશક્તિ રહેલી જ છે, તો પણ તેમાં ઘણો ફેર હોય છે. એટલે સાધકના દરેક કામમાં કે દરેક સંજોગમાં પરમાત્માનો પૂરો આવિર્ભાવ સાથે સાથે હોય છે. આથી પ્રકૃતિના સ્વભાવથી કયું કામ તે કરે છે, જે શોધી કાઢવાનું સાધકને માટે ઘણું જરૂરી છે.

જે અંતિમ સત્ય છે, તે સત્યનો અનુભવ કરી શકવાની કક્ષાએ પહોંચ્યા પહેલાં તેવા અનુભવીનું અનુકરણ કરવું કે તેવું કલ્પવું કે માનવું એ સાધક માટે જોખમકારક છે. નવાનવા સંજોગો, વ્યક્તિઓ, સંબંધો, વિચારો—એ બધાંમાંથી તે નવજાત અનેક મથામણો ને ઠોકરો ખાઈને તેણે તારવવું જ પડશે; તે નવજાત તારવણીમાં અને એવી માન્યતાથી વળી કેટલીક વધારે ઠોકરો ખાવી પડશે. પોતાની ભૂલ જ્યાં સુધી સૂઝે નહિ, ત્યાં સુધી તેને નિવારવા કોઈપણ તૈયાર થઈ શકતું નથી. દરેક સંજોગ એને શીખવવા માટે પ્રભુકૃપા કરીને આવ્યો છે, અને એમાંથી એણે પોતાની પ્રકૃતિનું કઈ બાબતમાં રૂપાંતર કરવાનું છે, તે જોવા સદાય જાગ્રત રહેવું પડશે. તેથી તેવી દૃષ્ટિએ તેણે તે સંજોગોને જોવા જોઈએ, તો જ પોતાના વર્તન, વાણી કે વિચારમાં ક્યાં અકુશળતા છે, તેની તેને ખબર પડશે. શરણભાવ—સાચી રીતનો શરણભાવ—પણ એમ ને એમ મળતો નથી. તે માટે પણ ભાવનાપૂર્વક, જ્ઞાનપૂર્વક પુરુષાર્થથી કેળવવો પડે છે. જેમ જેમ એનો સ્વભાવ, એની પ્રકૃતિ પ્રભુભાવના સંચાર માટે લાયક થતી જાય છે, તેમ તેમ જ એનો શરણભાવ વધે છે. તે પહેલાંનો શરણભાવ તો એક માન્યતા જ છે—જીવનની નક્કર હકીકત નહીં. એના પુરુષાર્થનું ફળ અપવાનાર ચૈતન્ય શક્તિ જ છે, એમ પાછું દૃઢાવીને, પુરુષાર્થના કારણે આવી જતા અહંભાવને એણે ટાળવાનો છે, એ વળી બીજો પ્રશ્ન છે.

પ્રભુ જરૂર એને સહાય કરવા ઉત્સુક હોય છે, પણ તે કલ્પે છે, તે રીતે સહાય મળી શકે નહિ. પ્રભુનો ઉપદેશ જીવનમાં મળતા પ્રસંગો દ્વારા અપાય છે અને અનેક જાતના અનુભવ કરાવીને તે ઉપદેશ પાકો કરાવવાનો તેનો હેતુ હોય છે. એટલે જ પોતાની ભૂલ ક્યાં થઈ તે જોવા આંખ તત્પર હોય તે જ અનુભવ ઉપરથી શીખી શકે.

સર્વ ભાવે ને સર્વ રીતે શરણાગતિની ભાવના જ્ઞાનપૂર્વક સાધકમાં પ્રકટે એટલે કે જો તેના આધારનાં સર્વ કરણો સર્વ પ્રકારની શુદ્ધિની પામ્યાં હોય તો બાળક જેમ પ્રકૃતિવશાત્ નિશ્ચિંતતાથી ને નિરાંતથી આનંદ માણતું માના ખોળામાં રહે તેવી, પણ પ્રજ્ઞાપૂર્વકની ભૂમિકા સાધકની બને તે વેળાએ—તેનું 'ઈશ્વર બધું સંભાળે છે'—તે હકીકતે સાચું ઠરે છે. તેવી દશા થયા પહેલાં સાધકે તેવું માનવાની ભ્રમણામાં કદી પડવું નહિ, પરંતુ તેમાં સર્વ પ્રકારનો ઝોક પ્રભુની કૃપાનો એક માત્ર સહારો લઈને તેનાં સર્વ કરણોની શુદ્ધિ થાય તેમાં જ એકાગ્ર ને કેન્દ્રિત હોવો ઘટે.

('જીવનસંદેશ', આ. ૨, પૃ. ૧૯૦ થી ૧૯૩)

» ચમત્કાર :

સાધના કરતાં કરતાં અથવા ધ્યાન સમયે કે ગમે તે સમયે ચમત્કારો દેખાય; આપણામાં કોઈ નવી શક્તિ આવી છે એવું સમજાય; અમુક સિદ્ધિ મળે, પરંતુ આ બધા તરફ કશું લક્ષ પરોવવું નહિ. તે ફસાવનારી વસ્તુઓ છે. આપણને તો બસ શ્રીભગવાન જ ખપે.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૩)

• • •

સાચો ને યોગ્ય ચમત્કાર તો પ્રકૃતિનું રૂપાંતર થાય તે છે. ભાવનામાં અખંડતા પ્રસરતાં પ્રસરતાં મનમાં નીરવતા, બુદ્ધિમાં પ્રજ્ઞાવસ્થા, ચિત્તમાં ચેતનાની ભાવના, પ્રાણમાં એકમાત્ર ભગવદ્ ભાવનાની ઝંખના ને અહમ્માં પ્રભુપ્રેરિત શક્તિ—એવાં પરિણામ પ્રકટતાં પ્રકટતાં શરણાગતિને પ્રભુકૃપાથી પામીશું. આપણે તો આ પ્રકારની ભાવાત્મક પરિણામજનક ચમત્કારની વાંછના રાખવી.

ચમત્કાર તો જોવા જઈએ તો પળેપળ જડે તેવા છે. ચમત્કાર અંગેની સમજણ સમાજમાં જે પ્રવર્તે છે, તે જ્ઞાનને દ્યોતક નથી. આપણા પોતાના જ જીવનમાં જીવદશાની કક્ષામાં પણ કેટકેટલા ફેરફાર થતા હોય છે! તે શું ચમત્કાર નથી? જડ પ્રકારના વિધવિધ ચમત્કારો જીવનમાં જોઈએ તેટલા જડે તેમ છે. સાચી રીતે તો આપણાં કરણોની પૂર્ણ શુદ્ધિ થઈને આપણે પૂર્ણ નિરંહકારી, કામરહિત, દ્વંદ્વાતીત, ગુણાતીત આદિ પ્રભુકૃપાથી થઈ શકીશું એ જ આપણા માટે ખરો ચમત્કાર છે. આપણે તો આ ચમત્કારની વાંછના રાખવી. (**'જીવનસંશોધન', આ. ૧, પૃ. ૨૬૮–૨૬૯**)

સાધકના દિલને અથવા એના હૃદયને આઘાત આપવા માટે, એટલે કે એના જીવન-વલણને પલટાવવા માટે, પ્રેરણાત્મક ભાવનાયુક્ત-યોગ્ય ચમત્કારનું સ્થાન રહે છે ખરું. સાધનામાર્ગમાં યોગ્ય ચમત્કારને સ્થાન છે. પરંતુ જો એવા ચમત્કાર ઉપર આપણી શ્રદ્ધા ને વિશ્વાસ ઠરેલાં ન હોય અને શંકા-કુશંકા એના પર થયા કરી તો તે પોતાના ભાવ યોગ્ય રીતે ભજવી શકશે નહિ. તે જોઈતું પરિણામ ભજવવામાં નિષ્ફળ જશે. ચમત્કાર એ કંઈ જાદુના ખેલ નથી. હાડકું ઊતરી ગયેલું હોય, ત્યારે તેને એક સખત આંચકો મારીને બેસાડવામાં આવે છે. તેવી રીતે સાધકને તેવો અનુભવ શ્રીભગવાન કો'કવાર કરાવે છે ખરો.

(**'જીવનપગથી', આ. ૩, પૃ. ૧૫૯**)

૩૨. અર્થદર્શનો

તમેવ શરણં ગચ્છ સર્વભાવેન ભારત । (૧૮/૬૨) એમ ગીતાજીમાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે. એમાં **'સર્વભાવેન'** અને **'તમેવ શરણં'** આ બે મૂળ હકીકતોને ખાસ લક્ષમાં રાખવાની છે. અહીં સર્વભાવ કહ્યા છે. જીવનમાં જીવનના અનેક પ્રકારના ભાવો છે. એ સકળ ભાવોને આપણે શ્રીભગવાનના ચરણકમળમાં પ્રેમભક્તિ ભાવે વાળવાના છે, તો જ તેને શરણે આપણાથી વળી શકાય. વર્તમાનમાં શ્રીભગવાનના ભાવમાં, એના ચરણમાં, એના પ્રેમમાં એવા તો તલ્લીન થઈ જઈએ કે આપણે

આપણું અસ્તિત્વ ભૂલી જઈએ ને એવું થવા માટે આપણા રોજ-બ-રોજના વ્યવહારમાં જ્ઞાનભક્તિપૂર્વકની નમ્રતા કેમ કરીને પ્રકટે અને તેની સાથે સાથે અથવા તેવું થવાવાને માટે આપણે રોજ રોજ સકળ વ્યવહાર વર્તનમાં કેમ કરીને નિરહંકારી થઈએ, વગેરે વગેરે બધાં કાજે તે તે પળે સભાનપૂર્વક શ્રીપ્રભુમાં દિલ પરોવી પરોવીને તે હેતુથી વર્તવાનું રહે છે. દિલથી ભાવનાપૂર્વકનું તેવું આચરણ પ્રકટ્યા વિના ભાવનામાં કદી પણ શક્તિ પ્રકટી શકતી નથી. ભાવનાને તેના યોગ્ય આચરણમાં મૂકવાનું થવાથી ભાવનામાં ઓજસ પ્રકટે છે. જે તેજ તેનું વીર્ય છે. ભાવના પોતે કર્મનું સ્વરૂપ લે છે અને પ્રેમભક્તિજ્ઞાનમૂલક હેતુના જ્ઞાનભાનવાળું કર્મ તે જ સાચો યજ્ઞ. ગીતા-માતાએ કર્મને યજ્ઞ ગણેલો છે. **('જીવનદર્શન', આ. ૮, પૃ. ૪૮–૪૯)**

• • •

ગીતાજીના પહેલા અધ્યાયના પહેલા શ્લોકમાં લખ્યું છે કે—

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।
मामकाः पांडवाश्चैव किमकुर्वत संजय ॥

અહીં આ શ્લોકમાં ભગવાને કેવી ખૂબી વાપરી છે તે જુઓ. પહેલું **'मामकाः'** (એટલે મારા) એમ લખ્યું છે. એનો અર્થ એમ કે અત્યાર પર્યંતના જીવનમાં આપણે ઇન્દ્રિયોના વિષયો, લાલસાઓ, વાસનાઓ વગેરેના દોરવાયેલા જ ચાલ્યા કર્યું છે (ને તેને 'મારા' માન્યા છે) એટલે જીવનનદીમાં એક જાતનો એમના જ ચલણનો ને વહનનો પટ પડી ગયો છે. પરિણામે સ્વાભાવિક રીતે જ આપણું તે બાજુનું વલણ રહે છે. પરંતુ હવે ઊર્ધ્વગતિની દૃષ્ટિ જીવનમાં આવવાથી પાંડવ પણ આપણામાં જાગે છે. એવી ઉચ્ચ પ્રકારની વૃત્તિ થતાં આપણામાં ધર્મક્ષેત્ર પણ છે અને કુરુક્ષેત્ર પણ છે, તેની આપણને સમજણ પડે છે અને તે વખતે બે પરસ્પર લડવાને તત્પર થયા હોય એવું પણ આપણને સમજાય છે. પરંતુ એવી પરિસ્થિતિનું દર્શન આપણા લાભમાં ત્યારે જ થશે કે જ્યારે આપણામાં સંજયની વૃત્તિ જાગ્રત થઈને કામ આપતી હશે. **સંજય એટલે કે એક પ્રકારની અલિપ્ત તટસ્થતા.** વળી, ભગવાને એમ પણ કહ્યું છે કે,

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥ (૧૮/૬૬)

અહીં **'સર્વધર્માન્'** એમ ભગવાને બહુવચનમાં કહ્યું છે. એક જ જણ વૈષ્ણવ, જૈન, શૈવ, ખ્રિસ્તી, પારસી એમ જુદા જુદા ધર્મોનો ન હોઈ શકે. તેથી **'ધર્માન્'**નો એવો જુદા જુદા ધર્મો છોડવાનો અર્થ તો ન નીકળે. વળી આપણી સંસાર પ્રત્યેની ફરજો જેમ કે માતા-પિતા તરફની, પત્ની તરફની, બાળક તરફની, બીજા સંબંધો તરફની, જગત પ્રત્યેની, એવી ફરજોને પણ આ ઠેકાણે વપરાયેલ શબ્દ 'ધર્મ'ના અર્થમાં ઘટાવી ન શકાય, કારણ કે જો તે અર્થ હોત તો તેની સાથે **'પરિત્યજ્ય'** (છોડી દઈને) એ કૃદંત બંધબેસતું નથી. કર્મ ન ત્યજવાનો ઉપદેશ આપનાર ભગવાન એમ ન કહે. અહીં મને **'ધર્મ'**નો અર્થ ઇન્દ્રિયો, મન, ચિત્તના સંસ્કાર, બુદ્ધિ, વૃત્તિ વગેરેના જે જીવ પ્રકૃતિના ધર્મો છે ને આપણને લઢણ પડી છે, તેમને સમગ્રપણે પૂરેપૂરા તજવાના છે એમ લાગે છે. ઇન્દ્રિયો, મન વગેરે જે જીવ પ્રકૃતિનાં દાસપણામાંથી છોડાવવાનાં છે, એમ શ્રીભગવાન સૂચવે છે. મન વગેરે કરણોના જે જીવ પ્રકૃતિના જુદા જુદા ધર્મો છે ને તેની દોરવણી અનુસરવાથી આપણા જીવનમાં ગતાનુગતિક રીતિનો જે ચીલો પડી ગયો છે, તેને છોડીને જો આપણે **'મામેકમ્'** (મને એકલાને જ) એકલા શ્રીભગવાનને જ શરણે જઈશું, એટલે કે જૂના ચીલાએ ચાલવાનું છોડી દઈને, તેમની વૃત્તિઓ અને લાગણીઓની અસરમાં તણાયા વગર તટસ્થ રહીને શ્રીભગવાનમાં જ ચિત્ત રાખ્યા કરીશું તો આપણો વિજય જરૂર થવાનો છે. અહીં આગળ શ્રીભગવાન આપણને પૂરેપૂરું આશ્વાસન આપે છે કે તારે કોઈ રીતે ગભરાવાની જરૂર નથી. માત્ર તું મને જ અનુસર, મને જ પગે લાગ, મને જ નમસ્કાર કર, મારું જ ભજન કર, તો તારો ઉદ્ધાર થયેલો જ છે એમ જાણજે. વળી, અર્જુનને એટલે કે આપણને,

क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते ।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप ॥ (૨/૩)

એમ બીજા અધ્યાયની શરૂઆતમાં જ કહ્યું છે. અર્જુનને **'પરંતપ'** કહીને શ્રીભગવાન સંબોધે છે એ ખાસ ધ્યાનમાં લેવા લાયક વાત છે. એવા પરંતપ એટલે કે શત્રુને જીતનાર હોવા છતાં આપણે क्लैब्यं એટલે કે શક્તિહીનતા આપણા સ્વયંભૂ સત્ત્વનું સભાન થયેલું હોવું તે—એટલે કે આપણે માત્ર શરીરના જ, એકલા વૃત્તિના જ બનેલા હોઈએ એવા આપણે જીવનમાં કેટલીક વાર બની જઈએ છીએ. એટલા માટે સાધકને શ્રીભગવાન કહે છે, ''અરે, ભલા માણસ, તું સાવધાન થા. જરા સાવધાન થા. એવી **'ક્લૈબ્યં'**ની—એટલે કે શક્તિહીનતાની એટલે નિરાશાની દશામાં તું રહીશ નહિ, તને તે છાજતું નથી. તારો પોતાનો તું વિચાર કર, તારી શક્તિથી તું કેટલું કરી શકે છે તે જો. તારા માનસિક નિર્ધારોને તારી શક્તિથી, તારા જીવનમાં જે પ્રત્યક્ષ કર્યા છે, તો પછી જે શક્તિથી તે તે નિર્ધારોને તું મૂર્તિરૂપ જન્માવી શક્યો, જીવનમાં તેં જહેમત ઉઠાવી છે ને હજી ઉઠાવવાનો છે તેનો વિચાર કર. તે શક્તિ શું છેક નકામી છે તેમ તું સમજે છે? જે નિર્ધારોને તું જન્માવી શક્યો તેની પાછળ જો શક્તિ ન હોત તો તું કંઈ કરી શક્યો ન હોત. એટલે એવી નિરાશાની વેળાએ તારી શક્તિનું આવાહન તું કરી તેનું ચિંત્વન કર. તેના સ્વરૂપને તું જો. એના મહત્ત્વને પિછાન. એનો વિચાર કરીશ તો એવી નિરાશાને તું ક્યાંયે ભગાડી મૂકીશ. તેં કેટલાય વિજયો મેળવ્યા છે. તેં ઘણુંય કરી જાણ્યું છે. તેં મોટાં મોટાં રાજ્યો મેળવ્યાં છે ને નવાં રાજ્યો સ્થાપ્યાં છે. ઘણું દુઃખ પણ વેઠ્યું છે. તે વખતે તને નિરાશા થઈ ન હતી, કારણ કે તે તે કાર્યોમાં તને લાલસાનો રસ હતો—હવે જ્યારે તારે તારી ભૂમિકા બદલવાની છે, તે વેળાએ તે રસની પાછળ જ્યારે જે શક્તિનું બળ હતું, તેનો એકલાનો જ આધાર પણ હવે લાલસાનો રસ છોડીને—તારે લેવાનો છે. તેમજ તું જાગ્રત થઈ શકીશ ને જાગ્રત કરી શકીશ. એવી જ જાગ્રત સ્થિતિમાં રહીને તે શક્તિનો આધાર તું લઈ શકીશ તો તું તારા વરને (ધ્યેયને) પ્રાપ્ત કરી શકીશ. આપણે શ્રીભગવાને અર્જુનને જે કહ્યું છે તેમ વર્તવાનું છે. તેથી નિરાશા આવતાં ઉપર જણાવ્યું છે તે પ્રમાણે વર્તવું.

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।

श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥ (ગીતા. ૧૨/૨)

અહીં આગળ શ્રીભગવાન કહે છે, 'પોતાના મનને મારામાં પરોવીને, સતત જોડાએલ રહીને જે મારું ભજન કરે છે, સ્તવન અને ઉપાસના કરે છે, અને જેઓ 'ખરી' શ્રદ્ધાથી એટલે કે શ્રદ્ધામાં સંપૂર્ણપણે આ બાબતમાં વિશ્વાસ અને ભક્તિભાવના રહેલી છે એટલું જ નહિ, પણ એનાથી યોગ્ય કલ્યાણ થવાનું જ છે, એવું જેના હૃદયમાં ઠસી ગયેલું છે એવી શ્રદ્ધાથી, તે ઉપરાંત બુદ્ધિ, મન ને ચિત્તના સંસ્કારોથી જેની વૃત્તિ ચલાયમાન થતી નથી, અથવા ચલાયમાન થાય છે તો શક્તિનો આધાર લઈને તેને જે તાત્કાલિક સ્થિર કરે છે અને જેના ઊડતા વિચારો, લાગણી અને એવા બીજા ચીલે જતાં જાગૃતિ રાખીને ભગવાનના જ સ્મરણમાં પાછા વાળવાને જે પ્રેમથી મથ્યાં કરે છે, એવી શ્રદ્ધાથી જ મારી ઉપાસના કરે છે, તે મારામાં જ ઉત્તમ રીતે જોડાએલા છે એમ હું માનું છું.(**'જીવનપગથી', આ. ૨, પૃ. ૧૩૨ થી ૧૩૫**)

'यो मद्भक्तः स मे प्रियः' એ ચરણ બારમા અધ્યાયમાં વારંવાર આવે છે. એનો અર્થ એ કે આપણે એના ભક્ત બની જઈએ. અત્યારે તો આપણે તેના હોવા છતાં એની જ્ઞાનાત્મક, ચેતનાત્મક દશામાં નથી અને જીવદશાવાળા હોવાથી એનાથી પારકા બની ગયેલા છીએ. માટે પહેલાં તો આપણે એના જ બની જઈએ એમાં જ દિલ લગાડો.

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया । (ગીતા. ૪/૩૪)

प्रणिपातेन એટલે પ્રણામ વડે, એટલે ભક્તિ વડે. પહેલાં એવું ભક્તિવાળું હૃદય કેળવી કેળવીને તે પછીથી **'परिप्रश्नेन'** હોય.

પરિપ્રશ્ન અને સેવાથી (तत्)=તે (પ્રભુનું તત્ત્વ) તું જાણ એમ કહીને જિજ્ઞાસાને લીધે પ્રેરાયેલા પ્રશ્નો તે પ્રણિપાત, પરિપ્રશ્ન અને સેવા વડે શમાવવાનું જણાવ્યું છે. 'સેવાથી' પદ મૂક્યું છે એ પણ અર્થગંભીર, રહસ્યપૂર્ણ, લાક્ષણિક હકીકત સૂચવતો શબ્દ છે. સેવા યોગ્ય ભાવે ત્યારે જ બની શકે છે કે જ્યારે આપણો તે વ્યક્તિમાં ઘણો ઘણો આદરભાવ ને પ્રેમભાવ પ્રકટેલો હોય. સાચી પ્રેમાર્દ્ર હૃદયની દશામાં જે પરિપ્રશ્ન

ઉદ્‌ભવે તેમાં આળસ, કુતૂહલ ન હોય, એક જાતની ઉપરછલ્લી ખંજવાળ પણ ન હોય, થોડો વખત જેમ સિનેમામાંથી મઝા મેળવીએ છીએ તેવી જાતની તેમાં બુદ્ધિની ક્ષણિક મઝા ને રમત પણ ન હોય. પણ તે 'પરિપ્રશ્ન' હોય એટલે કે હૃદયના ખૂબ ભાવથી ઉત્પન્ન થયેલો અને વારંવાર દિલમાં ઘૂંટાયેલો હોય છે. વળી પોતાની અંદર એ પ્રશ્ન વિશે ગડમથલ ચાલ્યા કરતી હોય, ને એક એવો જીવનપ્રશ્ન થઈ રહ્યો હોય કે જેથી એ પ્રશ્નનો ઉકેલ ન મળે ત્યાં સુધી પ્રગતિ થંભી જતી પોતાને લાગે ને પરિણામે અંતરવ્યથા થઈ રહી હોય ને ઉકેલ થયા વિના ચેન જ ન પડે એવે સમયે જ્ઞાનપ્રાપ્તિના એકમાત્ર જીવતાજાગતા હેતુથી, તે કોયડાની બધી બાજુનો ઉકેલ મેળવવાની અંતર્સ્પૃહા ભભૂકી ઊઠી હોય તેવી સ્થિતિમાં નમ્રભાવે પુછાયેલો પ્રશ્ન તે 'પરિપ્રશ્ન'. એવી રીતે પ્રશ્ન જેને પુછાય છે તેને પણ પૂછનારના દિલના ભાવથી આનંદ થાય છે ને પૂછનાર પ્રત્યે આત્મીયતાનો ભાવ પ્રકટેલો હોય છે. એટલે તે ભાવને લીધે પેલો સત્પુરુષ પૂછનારને તેની બધી ગૂંચોમાંથી બહાર કાઢીને સરળપણું પ્રેરાવે છે. આપણે પણ આપણી એવી જીવંત સંસ્કૃતિના ભક્ત બનીને જ્ઞાનપૂર્વકના પરંપરાગામી બનીએ ને આપણી ગૂંચો, પરિપ્રશ્ન અને સેવા માટેના યોગ્ય ભાવ સાથે સરળતાથી નિવેદન કરીએ અને વધારે ને વધારે આત્મીયતાનો ભાવ પ્રકટાવીને ને અંતર્મુખ રહી રહીને જે આવે તેને તેના બહારના સ્વરૂપભાવથી નહિ પણ તેના હાર્દના ભાવથી સ્વીકાર કરીએ તો સરળતા પ્રકટે છે એ નિર્વિવાદ છે.

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मंतव्यः सम्यग् व्यवसितो हि सः ।
क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति ।
कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ॥

(ગીતા. ૯/૩૦/૩૧)

આમાં શ્રીભગવાનની વાક્યરચનાની ખૂબી તો જુઓ! એ શ્લોકો ઘણા રહસ્યપૂર્ણ છે. જોકે સામાન્ય રીતે દુરાચારી પ્રભુને ભજતો નથી, પણ જો કદી દુરાચારી ભજે એવો અર્થ 'अपि चेत्'નો ઘટાવું છું. કોઈ

પણ સુભાષિતનો અર્થ વ્યાકરણની દૃષ્ટિએ બરાબર બંધબેસતો ન લાગે કે સંદિગ્ધ લાગે તોપણ ભાવનાની દૃષ્ટિએ જે અર્થ કરવાથી તે સુભાષિતનું આંતરિક રહસ્ય વધારે ખૂબીવાળું થતું હોય અને તેથી ભાવનાની દૃષ્ટિએ યોગ્ય, સુંદર અર્થ નીકળતો હોય તો તેવો અર્થ કરવાનો આ જીવનો અભ્યાસ છે. સુજ્ઞજનો માનવીની કિંમત એના આંતર-સત્ત્વ ઉપરથી આંકે છે, નહિ કે બહારના પોષાક કે દેખાવ પરથી; તેમ ભાષાના પ્રાસંગિક અને પ્રાસાદિક અલંકારો કરતાં એના સમગ્ર રૂપરંગ પરથી અને સમગ્ર રૂપરંગ કરતાં પણ એમાંથી નીકળતા ભાવરહસ્ય ઉપરથી કોઈ પણ સાહિત્યિક રચનાની કદર કરવી એવું ધોરણ આ જીવે તો પોતાના જીવનવિકાસને અર્થે હંમેશ ગ્રહણ કરેલું છે અને ભાષાના રૂપરંગ કરતાં જીવનવિકાસના હાર્દને વિશેષ મહત્ત્વ આપ્યું છે; તથા તેવા હાર્દ અનુસાર તેનું રહસ્ય સમજી, તેનો અર્થ તે દૃષ્ટિએ ઉત્તમ હોઈ તેના સંસ્કાર અંતરપટમાં ગ્રહણ કરવાની સાવધાની ને કાળજી રાખી છે. એટલે 'સુ' મૂકવામાં અહીં શ્રીભગવાનની ખાસ સવિશેષ કળા મને દેખાય છે. **'સુદુરાચારી'** એટલે એ દુરાચારી તો છે, પણ સાથેસાથે **'સુ'** પ્રકારનો છે, એટલે કે એના ઉપરનું આવરણ માત્ર એવું છે, અંદરથી તો એ **'સુ'**—અનુકૂળ, સારો છે. અંદરથી તો અગ્નિ ભડભડતો હોય પણ ઉપરથી તો રાખનો ઢગલો ફરી વળ્યો હોય એમ કદીક બને છે. તેવા પ્રકારનો દુરાચારી એ છે કે **'સુદુરાચારી'** હોય. તે મને જો ભજે એમ ભગવાન કહેવા માગે છે, અને તે કેવી રીતે ભજે? **'ભજતે મામનન્યભાક્'**—તે વિશેષ લક્ષમાં રાખવાનું છે. એનો અર્થ મનસા, વાચા ને કર્મણા, એટલે કે પૂરેપૂરાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ પ્રભુની ભક્તિના રંગથી ઓતપ્રોત થઈને રંગાયેલા રસથી આકર્ષાઈને મુગ્ધ થયેલા હૃદયથી, જે મને ભજે તે **'અનન્યભાક્'** એવો એનો અર્થ છે. ગીતાજીમાં **'ભજતે'**નો અર્થ ઉપરછલ્લું વાણીમાં જ ભજન કરે છે, એવો અર્થ કે ભાવ હોતો નથી પણ એનો અર્થ **આપણી આખી ચેતના પળેપળ એના ભક્તિભાવની સતત, સળંગ ધારાથી ઉભરાયા કરે તે 'ભજતે'નો અર્થ છે.** આમ જો ભગવાનને

અનન્ય ભાવે ભજે તો તેને સાધુ ગણાય. વળી, આ રીતે ભજ્યા ઉપરાંત અથવા તેના વધુ સ્પષ્ટ અર્થ તરીકે 'सम्यग् व्यवसितो हि सः' કહ્યું છે એટલે કે એના જીવનના પ્રત્યેક આચાર-વિચાર યોગયોગ્ય ચેતનાત્મક પ્રકારના પ્રકટેલા હોવાં જોઈશે. તેનાં અંદરનાં બધાં મનાદિકરણોમાં સુમેળ, સુસંવાદ હોવો જોઈશે. એટલે તેઓ સુવ્યવસ્થિત હોવાં જોઈશે; તેમજ તેનાં જીવનમાં અને જીવનનાં સર્વ ક્ષેત્ર અને સર્વ પાસાંમાં ભાવપૂર્ણ યોગયોગ્ય વ્યવસ્થિતિ પ્રકટેલી હશે ને તેથી તેનો જીવનવ્યવસાય પણ એ પ્રકારનો હશે. એવો ભક્ત क्षिप्रम्—જલદી ધર્માત્મા થાય છે, ચિરશાંતિને પામે છે, અખંડ-ધારાવત્ હૃદયનો આહ્લાદ પામે છે. એવા ભક્તને માટે શ્રીભગવાન વચન આપે છે કે તેની ભક્તિ મિથ્યા નથી, તે નાશ પામતો નથી.

આમાં બીજા શ્લોકમાં જે પરિણામ વર્ણવ્યું છે, તે પરિણામ પર નહિ પણ પહેલા શ્લોકમાં ભક્તિની ભાવના પ્રકટ કરવાની ને કેળવવાની જે શરતો મૂકી છે તેના પર સર્વ લક્ષ વિશેષપણે આપણે રાખવાનું છે. કારણ કે એમ થતાં બાકીનું તો છે જ, પરિણામ તો છે જ. બીજા શ્લોકમાં 'क्षिप्रम्' કહીને સાધકને શ્રીભગવાન વચન આપે છે તે તેના દિલમાં એવો વિશ્વાસ પેદા કરવા માટે. બાકી એ તો પોતે ભરપૂર પડ્યો છે. એને જલદી કે મોડા કશું પ્રકટ થવાપણું નથી. એટલે **'भजते मामनन्यभाक्'** એ સાધનાનું હાર્દ મેળવવાની ચાવી છે. એમ જો પ્રભુકૃપાથી આપણાથી બની શક્યું તો તે પોતે હૃદયમાં સર્વ ભાવે બિરાજેલો જ છે. બાકી જે આપણે કરવાનું છે તે ખરું તો પહેલા શ્લોકમાં છે. **'अनन्यभाक्'** જો થઈ શકાયું તો બીજું બધું તો પ્રત્યક્ષ ને આનુષંગિક છે. એની મેળે ફળતું પરિણામ છે.

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥

(ગીતા. ૯/૨૯)

''બધાં પ્રાણી તરફ મારી સમદૃષ્ટિ છે. કોઈ મારું માનીતું નથી, કોઈ અળખામણું નથી, કોઈનો દ્વેષ કરતો નથી, તેમ જ કોઈ પ્રત્યે રાગ

નથી, 'તેમ છતાં' અથવા તો 'તોપણ' (तु) જેઓ મને ભક્તિભાવપૂર્વક (भक्त्या) ભજે છે, તેઓ મારામાં છે અને તેમનામાં હું છું.

આમાં પણ શ્રીભગવાને ભક્તિની સાધનાને કેટલું બધું મહત્ત્વ આપ્યું છે! જાણીતા કે અજાણ્યા ભાષ્યકારો આ ત્રણ શ્લોકનો શો અર્થ ઘટાવે છે તે જાણતો નથી ને તેવી ઇચ્છા પણ નથી, પણ ગમે તેવા સુવિખ્યાત ભાષ્યકારની મધ્યસ્થી વિના, સીધા જ મૂળ લખાણને તે પરત્વેની હૃદયની ભક્તિવાળી દૃષ્ટિથી જોઈએ તો તે લખાણનું હાર્દ અને રહસ્ય સાધનાની દૃષ્ટિએ વિશેષપણે યોગ્ય પ્રકારનું સમજાય છે, એવો મારો અનુભવ છે. કારણ કે ભાષ્યકારો ઘણાખરા અમુક સાંપ્રદાયિક મતને પોષણ આપનારા કે પોતાની રુચિ ને કક્ષા અનુસાર કે પોતે માનેલા કાળધર્મ અનુસાર કે પોતાનાં 'mission' અનુસાર (પ્રભુપ્રેરિત તે સ્થળ–કાળ માટેના તેમના કર્તવ્ય અનુસાર) મૂળ શ્લોકનો અર્થ કરનારા હોય છે ને તે યોગ્ય પણ છે પણ આપણે તો મૂળ શ્લોકનો જ આપણા પોતાના જીવનયોગને અનુકૂળ જે રીતે અર્થ સૂઝે તેમ તેમાંથી તેનું હાર્દ પકડવું. 'तु' શબ્દનો અર્થ 'પણ' થાય છે; અને અમસ્તો expletive (માત્ર શ્લોકની રચના બરાબર ને પૂરી થાય તે માટે એકાદ અક્ષર ખૂટતો હોય તો તે રીતે મુકાયેલો અર્થ વગરનો શબ્દ) પણ તેને ગણ્યો છે; એમ આપણે વિદ્યાર્થી અવસ્થામાં શીખી ગયા છીએ. આ જીવની નજરે એમાં 'तु' શબ્દનું મહત્ત્વ ને રહસ્ય ઘણું છે ને તેથી આખા શ્લોક પર તેના રહસ્યનો પ્રકાશ પડે છે. કેમકે એમાં બીજી લીટીમાં 'तु' મૂકીને શ્રીભગવાન કહે છે કે, 'જોકે મારું કોઈ અણમાનીતું ને માનીતું નથી, તોપણ, જેઓ મને ભક્તિથી ભજે છે, તેઓમાં તો હું છું ને તેઓ મારામાં જ છે;' એટલે કે અમારી વચ્ચે સંપૂર્ણ એકભાવ, એકાત્મતા છે અને એવા ભક્તને હું સવિશેષ ચાહું છું. આવી રીતે ભગવાન આ ઉપરના શ્લોકમાં પણ નીચેના બે अपि चेत्‌વાળા શ્લોકોમાં જે શરત મૂકે છે, તેને મહત્ત્વ આપીને આપણા જીવનવિકાસની સાધનાના કર્તવ્ય તરફ અથવા તો એને પામવાના ગૂઢ માર્ગ તરફ અંગુલીનિર્દેશ કરે છે.

('જીવનસંશોધન', આ. ૧, પૃ. ૩૨૩ થી ૩૨૮)

અનિશ્ચયાત્મક દશાથી જેમાં ને તેમાં પ્રવર્તવું; પ્રકટ્યાં કરવું એ સાધનાપથમાં ઘણું ઘણું ગેરરસ્તે દોરનારું છે.

व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनंदन ।
बहुशाखा ह्यनन्ताश्च बुद्धयोऽव्यवसायिनाम् ॥

(ગીતા ૨/૪૧)

'હે કુરુનંદન! જે બુદ્ધિ 'વ્યવસાયાત્મિકા' એટલે કે નિશ્ચયી, કાર્યસાધક, પોતાનો વ્યવસાય પાર પાડે તેવી છે, તે તો 'એકેહ' એકાગ્ર છે અને જેઓ 'અવ્યવસાયી' છે, સગડગવાળા છે, અનિર્ણયાત્મક છે, એટલે કે કાર્યમાં યદ્વાતદ્વાપણે કામ કરનારા અને તેથી અકુશળ અને નિષ્ફળ જીવન જીવનારાઓ છે, તેઓની બુદ્ધિ વેરવિખેર થયેલી, બહુ શાખાવાળી અને અનંત છે.'

કોઈપણ મહત્કાર્ય એવી સગડગવાળી અનિર્ણયાત્મક બુદ્ધિથી થઈ શકતું નથી. એને માટે તો શારડી જેમ લાકડાને કોરીને આરપાર કાણું પાડી દે છે, તેના જેવી એકાગ્ર ને વેધક કેળવાયેલી જ્ઞાનપિપાસુ બુદ્ધિ હશે તો જ આ સાધનાના માર્ગમાં આગળ જઈ શકાશે તે નક્કી જાણશો.

('જીવનસંશોધન', આ. ૧, પૃ. ૩૫૦–૩૫૧)

અનન્ય ચિંતનનો અર્થ

એક વાર એનું પ્રેમભક્તિથી અનન્ય ચિંતન પ્રકટ્યું તો તો બીજું થઈ શકવાનું છે તે નિશ્ચે જાણશો. આપણું એનામાં અનન્યપણું પ્રકટવું જોઈશે. આપણો એનામાં સંપૂર્ણ અનન્યભાવ પ્રકટે છે, ત્યારે જીવનના યોગક્ષેમનો ભાર એ પોતાને માથે લઈ લે છે.

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥

(ગીતા ૯/૨૨)

આ શ્લોકનો એક એક શબ્દ બરાબર સમજવા જેવો છે. મારું અનન્ય ચિંતન કરતાં કરતાં જે (પર્યુપાસતે=પરિ+ઉપાસતે) સર્વ ભાવે

તથા બધી બાબતમાં મને જ કેન્દ્રમાં રાખીને ('પરિ' પૂર્વગ આ અર્થ બતાવવા હેતુપૂર્વક વપરાયો છે) ઉપાસના કરે છે, તેવા (નિત્ય) સતત હરહમેશના (અભિયુક્ત) મારી સાથે પ્રેમભક્તિથી દિલમાં દિલથી બરાબર જોડાયેલા (અહીં પણ 'અભિ' પૂર્વગ હેતુપૂર્વક મુકાયેલો છે ને તેનો ઉપર મુજબ અર્થ કરું છું) એટલે હૃદયના ભાવમાં એકાગ્રતાથી પૂરેપૂરા રત રહેનારા અને તેથી મારામાં એકનિષ્ઠાથી જીવતા થયેલા ને હમેશ મારી સામે જોનારા ભક્તોના યોગક્ષેમનું વહન કરવાનું હું મારા માથા પર ઉપાડી લઉં છું. આનો અર્થ એ થયો કે જે મન, વચન ને કર્મથી સાધનાના ભાવમાં સતત એકધારો રત થયેલો છે અને જે સકળ પ્રકારથી નિર્બળ થયેલો છે અને જેનો સકળ આધાર એકલા શ્રીભગવાન પર જ જ્ઞાનભક્તિભાવે સંપૂર્ણપણે પ્રકટેલો છે, તેની સાધનાનું યોગક્ષેમનું વહન કરવાનું કામ શ્રીભગવાન પોતે પોતાના પર ઉપાડી લે છે, એટલે કે સાધનામાં તેને સરળતા સહજપણે મળ્યાં કરે છે અને સાધનામાં પ્રકટતાં અનેક પ્રકારનાં અવરોધાત્મક સૂક્ષ્મ બળોને ए પોતાની કૃપાથી નિવારતો રહે છે. **('જીવનસંશોધન', આ. ૧, પૃ. ૨૦૦)**

૩૩. જીવન-સંગ્રામ

ગીતાજીમાં યુદ્ધક્ષેત્રની ભૂમિકા ઉપર શ્રીઅર્જુનને શ્રીકૃષ્ણ ભગવાન તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપે છે. તત્ત્વજ્ઞાન પ્રેરાવા કાજે જરૂરી શાંતિ, સમતા, ધીરજ, તટસ્થતા આદિ સાત્ત્વિક ગુણોની જરૂરિયાતવાળી ભૂમિકા વિના યુદ્ધ-ભૂમિકા એને કાજે નિમિત્તરૂપ આધાર તરીકે શ્રીભગવાને કેમ લીધી હશે, તે પ્રશ્ન ગીતાના વાચકને થયા વિના નહિ રહ્યો હોય. યુદ્ધક્ષેત્ર ઉપર ગીતાજી જેવો પ્રેરણાત્મક-ચેતનાત્મક બોધ એક રીતે અસંબંધ કે જરા અસંગત લાગે છે, પણ એનું રહસ્ય વિચાર કરતાં ઘણું ઊંડું અને ભારે છે.

સારુંય જીવન—સમગ્ર વિશ્વ યુદ્ધથી જ જીવતું રહે છે. એટલું જ નહિ, યુદ્ધથી જ તે વિકાસ પામે છે અને યુદ્ધથી જ તે ઘડાય છે. યુદ્ધના કારણે એની જૂની વિચારસરણી, જૂની ઘરેડ, જૂનાં માપો, જૂનાં મૂલ્યાંકનો, જૂની ટેવો અને બીજી એવી અનેક પ્રકારની ધારણાઓ, માન્યતાઓ ને જીવનની લઢણો—એ બધાંને સખત આઘાત લાગે છે. એથી જ કરીને કંઈક નવું તત્ત્વ, જે જીવનમાં પ્રવેશવા કાજે જરૂરનું હોય છે, તેને પ્રવેશવા માટેની ભૂમિકા પણ યુદ્ધથી જ પાકે છે. સામાન્ય સ્થિતિના માનવીનું મન પડેલા ચીલાથી બીજી રીતે વર્તવા કદી પણ તૈયાર થઈ શકતું નથી. યુદ્ધને લીધે એવી પરિસ્થિતિ ઊપજે છે કે માનવીને તેમ કર્યા વિના ચાલી જ ન શકે. જે નવી પરિસ્થિતિ માનવીના જીવનમાં ઉદ્ભવે છે, તે પ્રત્યેક માટે કોઈ ને કોઈ આવા જ પ્રકારનું નિમિત્ત—કારણ હોય છે. સૃષ્ટિના જીવનવિકાસના ઇતિહાસમાં મૂળ તત્ત્વની અંતર્ગત રહેલી ચેતના—એ અંતરમાં રહીને કોઈ ને કોઈ રીતે વ્યક્ત થયાં કરીને નવાંનવાં રૂપાંતરો પામે છે. સૃષ્ટિના જીવનવિકાસમાં યુદ્ધ એ એક અનિવાર્ય અને વિશ્વને ચલાવનારી અને ચાલુ રખાવનારી અખંડ રચનાનું અને એના દિવ્ય, રમ્ય અને ગૂઢ હેતુનું એક લાક્ષણિક અંગ છે. પ્રત્યેક તત્ત્વમાં અંતર્ગત રહેલી ગૂઢ ચેતનાશક્તિને આધારે જ

તે જુદા જુદા પરિણામમાં વિકસ્યા કરે છે. માનવીનું ભાવિ એ જ કારણથી ઘણું ઊજળું છે. માનવીના મનનો વિકાસ યુદ્ધની એવી અનેક પરંપરાઓમાંથી જ થયેલો છે. તે સાથે માનવજીવનની રચનામાં આત્માનું સહેતુક જોડાણ થયેલું હોવાથી, તેનો ભાવ કોઈ ને કોઈ કાળે વ્યક્ત થવાનો જ છે. એ જોતાં માનવીની એવી કોઈ ભૂમિકા થવાનો સંભવ રહે છે, કે જ્યાં કોઈપણ પ્રકારનું ઘર્ષણ જ ન હોય અને કોઈ એક એવી ચેતનાશક્તિનો આવિર્ભાવ માનવીના આધારમાં થવાની પૂરેપૂરી શક્યતા લાગે છે. માનવજીવનના પ્રત્યેક થરમાં—ભૂમિકામાં યુદ્ધ રહેલું જ છે. પ્રત્યેક ડગલું ભરવામાં પણ માનવીને શ્રમ લેવો પડે છે જ. 'યુદ્ધ એટલે માત્ર સંહાર જ' એવી કલ્પના ને સમજ બહુ અધૂરાં છે. પ્રત્યેક વ્યક્તિ યુદ્ધથી જ જીવનને ટકાવે છે ને વિકસાવે છે. જે કોઈને ટકવું છે, જે કોઈને જીવવું છે, એને યુદ્ધથી ઊપજેલી એવી પરિસ્થિતિ અંગે ફેરફાર કર્યે જ છૂટકો છે. જે કોઈ એમ કરી શકતું નથી, તે કાં તો પાછળ પડે છે કે નાશ પામે છે. એવાની જીવનશક્તિ બહેર મારી જાય છે ને તે એમનું એમ પડી રહેતાં વિકાસ કાજે નકામું બની જાય છે.

વિશ્વની રચનામાં કોઈક એવો ગૂઢ હેતુ સમાયેલો છે, કે જેની આંતર-પ્રેરણાને કારણે એમનું એમ કોઈ પડી રહી શકતું પણ નથી. જાણ્યે-અજાણ્યે સર્વ કોઈને જડ-ચેતન વસ્તુમાત્રને હડસેલાયાં કરવું જ પડે છે. જે ઊભું રહે છે, તેને પાછળનાનો ધક્કો લાગે છે; અને જો તે ચાલતું નથી તો પડીને અનેક પાછળ આવનારાઓના પગ તળે છૂંદાઈ-કુટાઈને તે નાશ પામે છે. આપણા શરીરમાં પણ અણુએ-અણુઓ વચ્ચે પ્રત્યેક પળે, અરે! એનાથીયે નાના નાના સમયે એકધારું સતત યુદ્ધ ચાલ્યા જ કરે છે. એને લીધે શરીરમાં જોમ, ચેતન આદિ પ્રકટ્યાં કરતાં હોય છે. પ્રત્યેકના એક બીજા સાથે કોઈ ને કોઈ રીતે મેળાપ કે અથડામણથી કંઈ ને કંઈ નવું જન્મતું હોય છે. એવા મેળામાં પણ એક પ્રકારનું અદીઠ સૂક્ષ્મ યુદ્ધ જ હોય છે; એટલે યુદ્ધની ભૂમિકા વિના ક્યાંય વિકાસ નથી. પ્રત્યેક જીવાત્મા જો વિચારે તો એના જીવનમાં એક પછી એક થરના પ્રત્યેક ગાળામાં એને

કોઈને કોઈ પ્રકારનું યુદ્ધ કે સામનો કે પ્રતિકારની ભૂમિકા ઘણી જરૂરની છે. તે વિના તે તે કદી પણ આગળ ડગલું ભરી ન શકે. મનની ભૂમિકા એમની એમ કદી પણ બદલી શકાઈ જાણી નથી. મનને પોતાના પડેલા ચીલામાંથી બીજે કૂદવા કાજે કશું અવલંબન જરૂરનું રહે છે; ને જ્યાં લગી અત્યંત કટોકટી ભરેલી દશા પેદા થતી નથી, ત્યાં લગી મન પોતાની મેળે કદી પણ કશું જ બદલવાનું કરી શકતું નથી. મનને આગળ ચલાવવા કે એને યોગ્ય દર્શન પ્રાપ્ત કરાવવા અથવા એ જે ભૂમિકા ઉપર ઊભું છે, એથી બીજી કોઈ ઉચ્ચતર દશામાં એને લઈ જવા કાજે સંઘર્ષણ, અથડામણ, સંતાપ, ક્લેશ, દુઃખ કે એવી રીતનું યુદ્ધ એને માટે અનિવાર્ય છે. આવી જાતની મથામણોના માનવ જીવનના પ્રત્યેક જુદા જુદા થરમાં જુદા જુદા પ્રકાર પણ હોય છે. જ્યાં સુધી માનવીનું મન દ્વંદ્વની ભૂમિકા પર રચાયેલું છે, અને દ્વંદ્વમાં રમ્યાં કરતું હોય છે ત્યાં સુધી એને કોઈ ને કોઈ પ્રકારની મથામણ કે અથડામણની સ્થિતિ પ્રાપ્ત થયા જ કરવાની. આ વિશ્વની રચનામાં યુદ્ધ સંકળાયેલું જ છે અને તેનો વિકાસ યુદ્ધની ભૂમિકાથી જ થયા કરવાનો છે. પ્રત્યેકના જીવનમાં એનું સ્થાન—તે ઇચ્છે કે ન ઇચ્છે છતાં—રહેવાનું જ છે.

યુદ્ધના પ્રકાર અનેક જાતના છે. યુદ્ધ સ્થૂળ અને સૂક્ષ્મ પણ હોઈ શકે. યુદ્ધનાં સ્વરૂપો પણ એક-એકથી નિરનિરાળાં રહ્યાં કરવાનાં. પ્રત્યેક ભૂમિકામાં યુદ્ધનાં સ્વરૂપ પણ જુદાં જુદાં જ રહેવાનાં. યુદ્ધની સ્થિતિમાં મુકાયા વિના માનવીના મનમાં કદી પણ મંથન જાગી શકતું નથી ને મંથન થયા વિના તે ઊંડું વિચારવાને તકલીફ પણ લેતું નથી, મનનો એવો સ્વભાવ છે. આથી જેને આધ્યાત્મિક જ્ઞાન મેળવવાની તમન્ના છે, જેને કકડીને તેની ભૂખ લાગેલી છે, એના જીવનમાં યુદ્ધની સળંગતા અનેક પ્રકારે જળવાઈ રહેલી અનુભવાશે. એક જ જાતનું કર્તવ્ય યુદ્ધની જુદી જુદી ભૂમિકાઓમાં જુદાં જુદાં પરિણામ નિપજાવે છે અને એનો વ્યૂહ પણ જુદો જુદો બદલાતો રહે છે, એટલે કર્તવ્યના પરિણામનો આધાર તે કઈ ભૂમિકા ઉપરથી બનતું હોય છે, એના પર રહેલો છે.

જેને આધ્યાત્મિક માર્ગે જવાનું છે, તેને તો એકની એક સલામત દશામાં પડી રહેવું પાલવી શકે તેવું હોતું નથી. આમેય પ્રત્યેક જ્ઞાની કે અજ્ઞાની એકની એક દશામાં રહી શકતો હોતો જ નથી. પ્રત્યેકના જીવનમાં ફેરફાર થયા જ કરવાનો; માત્ર તે થયા કરે છે એવું એને (અજ્ઞાનીને) જ્ઞાન હોતું નથી. ફેરફાર થયે જવો એ તો આ સૃષ્ટિના જીવનનો એક નિત્યનો સળંગ ક્રમ છે અને એ ફેરફાર કોઈ ને કોઈ પ્રકારના યુદ્ધના પરિણામ અંગે જ નીપજતો હોય છે. યુદ્ધ આંતરિક પણ હોય અને જેમ જેમ એની ભૂમિકા સૂક્ષ્મ થતી જાય છે, તેમ તેમ યુદ્ધના આકાર ને પ્રકાર પણ સૂક્ષ્મ થતા જાય છે.

યુદ્ધ એટલે માત્ર સ્થૂળ હિંસા એવું કશું જ નથી. હા, યુદ્ધથી ખંડન સ્થૂળ પણ હોય અને સૂક્ષ્મ પણ હોય. યુદ્ધથી એકલું ખંડન જ થાય છે, એવું કહેવું કે ધારવું ભૂલભરેલું છે. યુદ્ધથી મંડન પણ થાય છે. યુદ્ધથી જ સર્વ કોઈ બદલાવાની પરિસ્થિતિમાં મુકાતા હોય છે. માનવી જીવનમાં, કોઈ પણ યોનિના જીવનમાં, આમ યુદ્ધની પીઠભૂમિકા કે અંતર્ભૂમિકા કે એનું આંતરિક વહેણ સતત એકધારું ચાલ્યા જ કરતું હોય છે. એવા થતા રહેતા યુદ્ધને જે જીવ જોઈ શકે છે, અનુભવી શકે છે અને એમાંથી પોતાના જીવનવિકાસનો હેતુ પરખીને તે પ્રમાણે વર્તવાને નદીના પૂરની જેમ ઉત્સાહપૂર્વક એનો સ્વીકાર કરીને અપનાવવા તૈયાર થાય છે, તે જ યુદ્ધથી વિકાસ પામે છે. અંતર્ગત સાધના થતી રહે છે, તેનું પ્રત્યક્ષ પ્રમાણ આવી જાતના યુદ્ધની અનેક સૂક્ષ્મતમ પરંપરાઓમાંથી જે રીતે એમાંથી તે જીવ યોગ્યપણે ગ્રહણ કરતો રહે છે, તે રીતે સમજાતું હોય છે.

સાધકની બહાર અને અંતર્દશામાં સતત યુદ્ધ ખેલાયે જ જવાનું છે અને આ સંસારને વિશે વિચારીએ તો તે પણ કુરુક્ષેત્ર જ દેખાય છે. ગતિ અથડામણમાંથી જ ઉદ્ભવતી હોય છે. તેમાં ભલે હથિયારથી લડવાનું ન બનતું હોય, પરંતુ પ્રત્યેક સ્થિતિ અને સંબંધ સાથે તથા સંસારની સર્વ પ્રકારની પ્રવૃત્તિમાં માનવીને સ્થૂળ કે સૂક્ષ્મ સામનો કર્યા વિના ચાલી શકતું નથી—કરવો જ પડે છે. કોઈ ને કોઈ રીતે માનવીના

મનમાં ગડમથલો ચાલ્યાં જ કરતી હોય છે. આ સચરાચર જગતમાં સર્વ જે કંઈ છે, તે બધાના જીવનનો આધાર પણ સંગ્રામથી જ ટકી રહેલો હોય છે. આવું વિધાન ઘણાને મનથી અજુગતું લાગે, કિંતુ એમાં જુગતા-પણાનો કે અજુગતાપણાનો પ્રશ્ન જ રહેતો નથી. પ્રત્યેક જીવનની સંગાથે એ તો ઓતપ્રોત સંકળાયેલું જ રહેલું છે. યુદ્ધ પ્રત્યેક જીવનની ભૂમિકામાં સળંગ એકધારું પ્રવર્તી રહેલું હોય છે. માનવીના મનમાં સતત એકધારી સુખાકારીના સમગ્ર પ્રમાણના જેટલું દુઃખ કે રોગ ન હોવા છતાં તેનું ભાન માનવીને જલદી થતું હોય છે. જે આપણી સાથે સતત એકધારું સંકળાયેલું રહ્યાં કરેલું હોય છે, એનું સ્પષ્ટ ભાન માનવીને થતું રહેતું નથી, એવું જ યુદ્ધને વિષે છે. એમ સર્વ રીતે વિચારતાં ને જોતાં યુદ્ધ સર્વ પ્રકારના વિકાસનું એક યોગ્ય સાધન છે. એટલું જ નહિ, પણ એ એક અવિચળ અને અનિવાર્ય અંગ છે. એટલે શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને યુદ્ધ-ભૂમિ પર તત્ત્વજ્ઞાનનો બોધ પ્રેર્યો છે, એ તો એક આધ્યાત્મિક સત્યના સૂક્ષ્મ પ્રત્યક્ષ પ્રતીક રૂપે છે.

માનવીના મનમાં જાણ્યે અજાણ્યે દિવસમાંની તેની સર્વ પ્રકારની પ્રવૃત્તિમાં કોઈ ને કોઈ રીતે મથામણ ચાલ્યા જ કરતી હોય છે. એકલા માનવીના ક્ષેત્રમાં જ નહિ, પણ સકળ વિશ્વમાં—જડ ચેતન બધામાં—ફેરફાર થતો જતો આપણે અનુભવી શકીએ છીએ; પણ એ ફેરફાર તો એમનો એમ તો થાય જ નહિ, તે તો સૌ કોઈની સમજમાં આવી શકે એવું છે. આમ સંસારક્ષેત્રની-કુરુક્ષેત્રની રણભૂમિ સર્વ માનવીના જીવનમાં કે અંતરમાં એક પ્રચંડ હકીકત રૂપે સદૈવ ખડી જ હોય છે. કાળ અને દેશના લક્ષણે મર્યાદા વિનાનો અને અનંત પ્રકારની જડ અને ચેતન સામગ્રીવાળો આ સંસાર એટલો તો વિશાળ છે, કે માનવીનું મન સમગ્રપણે કલ્પનામાં પણ ન ઉતારી શકે. એવા આ સંસારમાં ખરું જોતાં, અનેક જુદા જુદા હેતુથી યુદ્ધ ખેલાયાં જ કરે છે. માનવી-માનવી વચ્ચે તેમજ જડ-જડ વચ્ચે (તેમજ જડ અને ચેતન વચ્ચે પણ!) અને એમ સર્વ કોઈની વચ્ચે એકબીજાનાં પરમાણુઓ સ્થૂળ અને સૂક્ષ્મપણે અથડાયા જ કરે છે. એવા અણુ-પરમાણુઓની અથડામણ સતત ચાલી જ રહેલી છે. એની લીલા કોઈ અપરંપાર છે. એમાંથી ઘણુંય નવું જન્મે છે અને

ઘણું જૂનું વિલીન થાય છે. એ અણુ-પરમાણુઓને ક્યાંય આરામ નથી અને એ રીતે પ્રાણીમાત્ર યુદ્ધ કરતાં કરતાં જ પોતાના જીવનને ધારણ કરી શકે છે અને વિકસાવે છે. જુદાં જુદાં તત્ત્વો પરસ્પર આકર્ષણથી જોડાયેલાં રહે છે, નભે છે અને એવા આકર્ષણમાંથી પણ કોઈ જુદા જ પ્રકારનું યુદ્ધ જન્મતું હોય છે. યુદ્ધની આવી પડેલી સ્થિતિમાં જ પ્રાણી-માત્ર પોતાનું સર્વશ્રેષ્ઠ અને સર્વ પ્રકારનું શક્તિબળ એકાગ્રપણે અજમાવવાના તાનમાં રહે છે. પોતાની સર્વ શક્તિ કેન્દ્રિત કરી તેમાં ખર્ચે છે અને એમ કરતાં કરતાં જ જીવનશક્તિનો વિકાસ કરતાં રહે છે. યુદ્ધની એવી અનિવાર્યતાને લીધે જ ઇન્દ્રિયો, મન અને મનમાંની વિચિત્ર શક્તિઓનો ઉદય થતો રહે છે અને તે વિકસ્યા કરે છે.

જીવવાની અને વિજય મેળવવાની સહજવૃત્તિ સર્વમાં રહેલી જ છે. યુદ્ધમાં જય મેળવવાની અને જીવનને પ્રતિષ્ઠિત કરવાની અથવા તો જીવનપ્રતિષ્ઠા કાજેની એકધારી ઝંખનાવાળા કાર્યને લીધે સર્વ કોઈ તેમાં વિચાર ને કર્મ કરવાને સ્વભાવતઃ પ્રેરાતાં જતાં હોય છે. એમ સહજમેળે પ્રેરાતાં જવામાં વિચારશક્તિ, પ્રાણશક્તિ, જીવનશક્તિ અને બીજાં સૂક્ષ્મ આંતરિક કરણોની શક્તિ વગેરે ખીલતાં જતાં હોય છે. આવા થતા સર્વ પ્રકારના વિકાસમાંથી દોષ અને ગુણ પણ જન્મતા હોય છે અને એમનો પણ પરસ્પર સંગ્રામ મચે છે. વ્યષ્ટિ ને સમષ્ટિ સુધી જો અંતર્ગતપણે વિચારીએ તો સર્વત્ર એકમાત્ર સંગ્રામ જ ચાલી રહેલો છે. જીવ જન્મતાંની સાથે સાથે જ વિધવિધ અનુકૂળ-પ્રતિકૂળ બળ લઈને અથવા તો એના સૂક્ષ્મ બીજરૂપે સંસ્કાર ધારણ કરીને જગતમાં જન્મે છે અને જીવને જીવનયુદ્ધમાં ધકેલે છે. આવા સંગ્રામમાં જય મેળવવા માટે વ્યષ્ટિ કે સમષ્ટિની સર્વશ્રેષ્ઠ શક્તિ યોગ્યપણામાં સંઘબદ્ધ રહ્યા કરે છે; તે જ જીવવાને લાયક રહે છે. જેની એવી શક્તિ સંઘબદ્ધ થતી નથી, તે બધાં પોતાની મેળે નિર્બળ થતાં જાય છે ને તેમની—તેમની જીવનશક્તિ, આત્મરક્ષા અને આત્મપ્રતિષ્ઠાની શક્તિ આ સંસારના યુદ્ધ માટેની યોગ્ય લાયકાત ખોઈ બેસતાં પોતે જીવતાં છતાં હાર પામતાં જાય છે.

એવી હાર પામતી જતી વ્યક્તિ, જાતિ કે સમાજ, જેનું લક્ષ પોતાના જીવનધ્યેય પર જીવતું, એકધારું રહ્યાં કરે છે, તે એવી જણાતી હારમાંથી

પણ જીવનની પ્રેરણાત્મક અને ચેતનાત્મક શક્તિ મેળવે છે. જેનાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ ધ્યેયમાં જ એકાકારપણે જીવતાં રહે છે, તેને મન દેખીતી હાર કે નિરાશા નથી; ઊલટું તે તો જીવનસંગ્રામને આગળ ધપાવવાનું કોઈ એક જુદા જ પ્રકારનું પાસું છે. એવાને મન હાર એ તો માત્ર જગતની દૃષ્ટિએ જ છે; શબ્દની જંજાળરૂપ છે. જીવનવિકાસની દૃષ્ટિએ હાર કે નિરાશા એ તો એવી સાંપડતી જતી સ્થિતિનો તે જીવાત્મા કેવી રીતે સ્વીકાર કરે છે અને કેવી રીતે ઉકેલ કાઢે છે, એના ઉપર આધાર રાખે છે. એના પરથી જ એના જીવનની ચેતના લક્ષણાનો આપણને ખ્યાલ આવી જાય છે. અને એવી રીતે સ્થૂળ ને સૂક્ષ્મરૂપે સમગ્ર સૃષ્ટિમાં જ્યાં ત્યાં યુદ્ધ ચાલી રહેલું હોવાથી આંતર સજાતીય પ્રાણીઓમાં તેમની અંતરની આત્મીયતાનું ભાન જેમનામાં સવિશેષપણે જાગતું રહે છે, એવા આગળ વધેલા અનેક પ્રકારના જીવોમાં કે પ્રાણીઓમાં, તેમના જીવન અને વ્યવહારમાં યુદ્ધની પીઠભૂમિકા સળંગપણે વર્ત્યા હોવાના કારણે કુળ, કુટુંબ, સમાજ, સંઘ અને જાતિના જથ્થાઓ બંધાતા—સંધાતા જાય છે. એમ 'સર્વ કંઈનું' જન્મવું અને નાશ પામવું, એ તો આ વિશ્વની રચનાનું એક સનાતન મહત્ત્વનું અંગ થઈ પડેલું છે.

જીવનની સાધના કરનારા સાધકે પોતાના અંતરમાં સતત યુદ્ધ ખેલ્યાં જ કરવું પડશે; એ તો એના કે સર્વ કોઈના જીવનમાં જીવનના એક ભાગ તરીકે વણાઈ ગયેલી નિર્માણ થયેલી દશા જ છે. આવી રીતે સ્વભાવતઃ ખેલાતા રહેતા યુદ્ધમાં—જે સાધક જીવનવિકાસનો એકાગ્ર, કેન્દ્રિત, જીવતો ખ્યાલ રાખ્યા કરીને તથા ચેતનાભરી જાગૃતિ રાખીને—મન, ચિત્ત, બુદ્ધિ, પ્રાણ અહમ્ વગેરે જે અજ્ઞાનની ભૂમિકામાં દોરાયેલા રહ્યા કરે છે, તેમને તે રીતે વહેતા જવામાં, મતલબ કે સાધકની તે તે કરણોની અધોગામી પ્રવૃત્તિમાં જે કદી સાથ આપી શકતો નથી અને તેને અનુમતિ પણ આપતો નથી, તેવા સાધકને પ્રત્યેક પળ યુદ્ધરૂપે જ હોય છે. વિચાર, વૃત્તિ કે લહરી ઊઠી તે સાથે સાધક હંમેશાં તેના પર સતત જીવતો ચોકીપહેરો રાખતો હોય છે. એવા જે ચોકીપહેરા પોતાનાં કરણોની અધોગામી પ્રવૃત્તિ વિશે (અને આગળ જતાં કોઈપણ પ્રવૃત્તિ વિશે) સતત રાખી શકે છે, તે જ સાધક જીવનવિકાસ પામતો જાય છે;

એવી સહજ ચેતનાભરી જાગૃતિ જેના જીવનમાં એકધારી પ્રવર્તે છે, તેવો જ સાધક જીવનને પોતાના ધ્યેયે પહોંચાડી શકે છે. જેને યજ્ઞની ગગનચુંબી જ્વાળાઓની માફક ઉચ્ચ જીવનની તમન્ના ભભૂકેલી છે, તે ઠરીઠામ બેસી રહી જ કેમ શકે? તેની પ્રકૃતિ તેને કોઈ ને કોઈ પ્રકારે કશામાં ધકેલ્યા જ કરશે. બીજી બાજુથી તેમાં સાથ કે અનુમતિ દેવાની તે ના પાડશે. આ જ તેનામાં તેની દ્વિમુખી ગતિ ઘમસાણ મચાવે છે. એવા ઘમસાણમાં જે જીવ પોતાના અહમ્ પર મુસ્તાક રહીને ટટ્ટાર ઊભો રહેવા મથે છે, તેના તો સાવ ભુક્કા ઊડી જાય છે. એવા જીવને અનેક વાર પાછા પડવાપણું બને છે. છતાં તેની પ્રવૃત્તિ ઊર્ધ્વજીવનની ભાવના કાજે (ભલે પછી તેની તેવી પ્રવૃત્તિ તેના એકમાત્ર અહમ્ વડે કરી પ્રેરાએલી રહ્યા કરી હોય) શ્રીભગવાન એના પર કૃપા કરીને તેના અહમ્ને તોડીફોડીને ચૂરા થઈ જવા માટે એવા ઘણાય પ્રસંગો પ્રકટાવે છે. જે જીવ શ્રીભગવાનના એવા કૃપા પ્રસંગને સ્વીકારી શકે છે, તે ધન્ય બને છે. વળી, જીવનમાં મળતા સર્વ પ્રસંગો અને પરિસ્થિતિની પાછળ જીવનવિકાસના સમગ્ર હેતુ જે જીવ ખ્યાલમાં રાખી શકે છે તેને તો તે સર્વ તેના જીવનના સાફલ્યાર્થે જ કૃપાથી મળ્યા લાગે છે અને તેથી બધાંનું તેવી જ ભાવનાથી જીવનને કૃતકૃત્ય કરવાને કાજે જ તે ઉપયોગ કરે છે. જે જાતિ, સંઘ કે સમાજ જેટલા પ્રમાણમાં જય મેળવવા માટેનાં સાધન અને સામગ્રીને એકઠાં કરવામાં સમર્થ બને છે. તેટલું જ નહિ, પણ જે કાળે ને જે સ્થળે યુદ્ધને સફળ કરવામાં જે યોગ્ય ને જરૂરનું હોય છે, તેને ત્યાં ત્યાં તુરત લઈ જવામાં એકદમ ચેતનાયુક્ત જાગૃતિ રાખે છે અને સમગ્રપણે યુદ્ધનું અવલોકન કર્યા કરીને જે રીતે વિજય મેળવી શકાય એવા મોરચા માંડી માંડીને પ્રતિપક્ષનો સતત સામનો કર્યા જ કરે છે, તે જ જાતિ, સંઘ કે સમાજ તેટલા પ્રમાણમાં યુદ્ધને જીતવા શક્તિમાન બને છે એમ આપણે જોયું, જાણ્યું અને અનુભવ્યું છે. આવી લૌકિક, પારલૌકિક જય અને પરાજયની સર્વ ક્રિયાઓમાં વિજ્ઞાન-પ્રજ્ઞાનનો વિકાસ થયા કરે છે અને એમ કરતાં કરતાં તે તે કાર્યમાં તે એકાગ્રપણે તેમાં જ પ્રવર્તેલો રહ્યા કરતો હોવાથી તેમાંથી માનવીને કુદરતી શક્તિઓ

સાંપડે છે. જે સાધક પોતાનાં મન-ચિત્તાદિ કરણની પ્રવૃત્તિનો જ્ઞાન-ચેતનાયુક્ત સામનો કરતો નથી અને તેવી ને તેવી સ્થિતિમાં જો તે ઘસડાયા કરે છે તો તેવાને આવી શક્તિનો અનુભવ કોઈ કાળે થતો જ નથી. પોતાના જીવનની પડેલી રીતરસમોની રીતે જીવવાનું, વિચારવાનું, માનવાનું, માપવાનું, કલ્પવાનું, અનુભવવાનું એને છોડવું જ પડે છે. આવું આંતરિક યુદ્ધ ખેલીને તે પોતાના જીવનનો વિકાસ સાધી શકે છે.

માનવીના આધારના પ્રત્યેક કરણની પ્રવૃત્તિમાં યુદ્ધ ખેલાયે જતું હોય છે. અજ્ઞાની માનવીને પણ જુદા જુદા પ્રકારની મથામણ થયા વિના રહેતી નથી. માનવીની બુદ્ધિના ક્ષેત્રમાં પણ જુદી જુદી જાતનાં યુદ્ધ જાગે છે. માનવીને અનેક પ્રકારના વિચારો ઊઠે છે. જે વિચારો ઊઠે છે, તેમનાથી વળી સામી બાજુના કોઈ બીજા પ્રકારના વિચાર પણ એને ઊઠે છે. ઊંધા-ચત્તા, આડા-અવળા, અવળા-સવળા, નીચા-ઊંચા, કાળા-ધોળા, નરસા-સારા એવા પ્રત્યેક વિચારની સાથે એની સામી બાજુના વિચારના પણ સંગ્રામ ખેલાય છે. તે સાથે સાથે વળી માનવીના મનમાં અનેક પ્રકારના જુદા જુદા મતાગ્રહોનો અને તે તે મતાગ્રહોના પણ અંતરમાં મંથન જાગે છે. એક પ્રકારમાં આગ્રહ જાગ્યો કે સાથે સાથે તેની સામેની બાજુનો બીજી તરફનો આગ્રહ પણ હોય છે જ. તેવી જ રીતે માનવીની ટેવ વિશે પણ છે. તે ઉપરાંત વળી પ્રાણની જુદી જુદી કામના, આશા, લાલસા ને વાસનાઓનાં પણ યુદ્ધ જાગ્યાં કરે છે. એક ઇચ્છા ઉદ્‌ભવી તો તેની સામેની બીજી ઉદ્‌ભવીને અથડામણ ઊભી કરાવે છે. વળી માનવીના મનમાં તેના જીવન વિશેના કંઈ કંઈ જાતના આદર્શો પણ જાગતા રહે છે અને તેનું પણ યુદ્ધ હંમેશાં ચાલ્યાં કરતું હોય છે. આપણા જીવનમાં અનેક પ્રકારના વિચાર, મત, ટેવો, માન્યતાઓ, કલ્પનાઓ, સમજણો, ખ્યાલો, આદર્શો આદિની અથડામણો અને મંથનોનાં જે યુદ્ધ જન્મે છે, એની અસર મન પર પડ્યા વિના રહી શકતી નથી. માનવીના આધારમાં એની પ્રત્યેક ભૂમિકા પર અને એનાં કરણોની પ્રવૃત્તિમાં ત્યારે જુદી જુદી કક્ષાનાં યુદ્ધ મંડાયાં જ

કરે છે. તે ઉપરાંત આ સૃષ્ટિમાં પણ અનેક તરેહનાં યુદ્ધો ચાલ્યાં જ કરતાં હોય છે. પ્રત્યેક જીવન, આદર્શ અને એના વિચાર અને તેના પ્રવાહની દિશા કે પટ ઘડાયા કરવાને માટે અને એને ચિરંજીવી બનાવવા કાજે મનમાં તેમ જ અનેક સંઘ, સમાજ અને જાતિઓમાં પણ અનેક પ્રકારની અથડામણો જન્મે છે. આમાં જે જાતિનો વધારે સંહાર થાય છે અને એમ જે વધારે દુર્બળ બને છે, તેનો નાશ થાય છે. પરંતુ જે જાતિ ઉચ્ચતમ જીવનના ધ્યેય કાજે ભલે સ્થૂળપણે નાશ પામે છતાં જે જીવનની ઝંખના કાજે તેણે મત્યુનો પણ સ્વીકાર કર્યો એવા દિવ્ય સમર્પણની અસર ઊપજ્યા વિના રહી શકતી નથી, એનો એવો વારસો માનવજીવનના વિકાસમાં અમૂલ્ય ફાળો આપે છે અને એનું સ્થૂળ અસ્તિત્વ ન હોવા છતાં પણ જીવતા જીવતા જીવનરૂપે સર્વમાં પાંગરે છે. એટલે એવી વ્યક્તિ, સંઘ કે જાતિ સ્થૂળ મૃત્યુ પામતી હોવા છતાં જીવતી જ રહ્યા કરે છે. એવું જીવન સંપૂર્ણપણે નષ્ટ થયેલું લાગે છે, છતાં એ જીવનનું અસ્તિત્વ માનવજીવનની કોઈ ને કોઈ ભૂમિકામાં રહ્યા જ કરતું હોય છે. તેવી જ રીતે માનવીના મનાદિકરણની પ્રવૃત્તિ પર શ્રીભગવાનની કૃપાથી જે વિજય મેળવે છે, તે સાચા અંતર-તત્ત્વને પામી સંપૂર્ણ વિકાસ પામતો જાય છે અને એમ જીવન-સંસ્કૃતિનાં એક પછી એક વિકાસનાં એવાં પગલાંઓમાં તેનો સંસ્કારપ્રાણ એટલો તો ઉન્નત થતો જાય છે કે એના વિચાર અને કર્મની ભૂમિકામાં એનું જીવન સળંગપણે કદી પણ ચલિત કે તૂટક બની શકતું નથી.

તે સાથે સાથે વળી જીવનના અનેક પ્રકારના સૂક્ષ્મ થરોમાં થતા જતા યુદ્ધની નવી પરંપરાઓ પણ ઊભી થાય છે. જેમ પર્વતની સર્વોચ્ચ ટોચે પહોંચવા અગાઉ અનેક શિખરોની હારમાળાઓ એક પછી એક આવતી જ રહે છે, તેવું જ જીવનની સાધનામાં પણ હોય છે. એવા જીવને અમુક હદ સુધીની મનની આગળની કક્ષા વટાવતાં એક પ્રકારની નિરાંત લાગે છે, છતાં ત્યાંયે પણ યુદ્ધ તો રહ્યા જ કરે છે. એવા યુદ્ધથી એની નિરાંત ઘવાતી નથી તે ખરું, પણ તે છતાં કેટલીક વાર તે તેનાથી આવરાઈ પણ જતો હોય છે. એવા સૂક્ષ્મ યુદ્ધને કે સૂક્ષ્મ વાતાવરણને

તે સૂક્ષ્મ જાગૃત વિવેકશક્તિથી સમજવામાં ગફલત પણ કરી બેસે છે. તે વેળા તેને ભ્રમણામાં પડી જવાનો પાકો ભય રહે છે. કિંતુ જે શ્રીભગવાનને સતત પ્રાર્થના કર્યા કરવામાં જ જીવતું એકાગ્ર લક્ષ રાખ્યા જ કરે છે, એને શ્રીભગવાન ઊંચકીને પણ તેમાંથી ઊંચે લઈ ગયા વિના રહેતો નથી. શ્રીભગવાનનો ભાવ એ કાંઈ બુદ્ધિગમ્ય રમ્ય કલ્પના માત્ર નથી. એવી સાધનામાં સર્વ ભાવે ને સર્વ રીતે જેણે ઝંપલાવ્યું છે, એવા અનુભવીઓની પરંપરાઓ આ દેશમાં અખંડ ધારાવત્ ચાલુ રહ્યા કરેલી છે. જેમ વિજ્ઞાનના પ્રયોગથી સિદ્ધ થયેલી હકીકત માનવામાં આપણને હરકત હોતી નથી, તેમ આવા સંત, ભક્ત, જ્ઞાની, યોગી આત્માના તેવા તેવાના જીવન અનુભવના સંસ્કાર આજે પણ પ્રજા-માનસમાં સંસ્કારના પ્રાણરૂપે જીવતા રહેલા છે. પણ એને તે રીતે સ્વીકારવા આજે માનવીનું મન તૈયાર નથી.

આમ જ્ઞાન, પ્રેમ, ભક્તિ, યોગ, ભાવનાની ચેતનાભરી ઉત્કટ જાગૃતિપૂર્વકનો જ્યાં જેઓને જે કંઈ ઉત્કર્ષ સધાયો હોય છે, એટલે કે માનવીના જીવનની આંતરિક સર્વ ભૂમિકામાં જેટલો પ્રાસાદ ભાવ વિકાસ થયો હોય છે અને જીવાત્મા જેટલી પરિપૂર્ણતાની સીમાએ પહોંચતો જાય છે; તે બધું જો વિચારીએ તો તે યુદ્ધ દ્વારા જ થયું હોય છે. સમગ્ર દૃષ્ટિએ વિચારતાં અને જોતાં સંગ્રામ એ સકળ સંસાર પ્રવાહની એક ગૂઢ સનાતન સમસ્યા છે, અને તે સાથે એ એક અટલ વિશ્વનિયમ છે એટલું જ નહિ, પરંતુ તે અનિવાર્ય પણ છે; કારણ કે સૃષ્ટિની અંદર તેના વિકાસના હેતુને અર્થે શ્રીભગવાને એને એક વિધાન તરીકે ત્યાં મૂકેલું છે. તેથી સમગ્ર વિશ્વ-જીવને જગતના ઉત્તરોત્તર ચડતા વિકાસ માટેની તે શ્રીભગવાનની એ લીલા કળા રચના, અપાર કૌશલ્યરૂપે જણાયા વિના આપણને રહેતી નથી.

આ વિશ્વની રચનામાં અને તેના જીવનપ્રવાહમાં જો આપણાં ઊંડી દૃષ્ટિ, વૃત્તિ ને વલણ રાખ્યાં કરીને, તટસ્થતાપૂર્વક વિચાર કરીએ તો અનેક પ્રકારનાં સામસામેનાં જોડકાં દેખાયાં જ કરે છે. એ જોડકાંની લીલા જડ, ચેતન સચરાચરમાં વ્યાપેલી છે. દિવસ અને રાત્રિ, તેજ અને અંધકાર, આશા અને નિરાશા, વિજય અને પરાજય, જશ અને અપજશ,

માન અને અપમાન, કરુણા અને ઘૃણા, પ્રેમ અને ધિક્કાર, દયા અને હિંસા, સત્ય અને અસત્ય, લાભ અને ગેરલાભ, સંપત્તિ અને વિપત્તિ, સંયોગ અને વિયોગ, ઉત્પત્તિ અને વિનાશ, આરોગ્ય અને અનારોગ્ય, સુખ અને દુ:ખ, જુવાની અને ઘડપણ, જન્મ અને મરણ, રાગ અને દ્વેષ, સંબંધ અને અસંબંધ, ભાવ અને અભાવ એમ કામ, ક્રોધ, લોભ, મોહ અને તેની સામસામેના એવાં બીજાં જોડકાં કે દ્વંદ્વ હોય છે. એવી રીતે અનેક જુદાં જુદાં પ્રકારનાં દ્વંદ્વોની પરંપરા સકળ વિશ્વમાં મૂળભૂત પાયારૂપે રહેલી છે. આ દ્વંદ્વોની રચના, એટલે કે સંસાર અને એ દ્વંદ્વની રચનાની ગોઠવણમાં જ અનેક પ્રકારનાં યુદ્ધ સમાયેલાં રહે છે. એથી જ કરીને જીવનમાં પ્રતિદિન ક્યાં ક્યાં અથડામણ, મથામણ, સંતાપ, ક્લેશ અને દુ:ખરૂપી ઉલ્કાપાત તથા એવા અનેક પ્રકારના માનસિક ઉદ્વેગો અને સ્થૂળ ને સૂક્ષ્મપણે થતા ધરતીકંપ, આગ, આંધી, તોફાન, વિપ્લવ અને એવી અનેક જાતની ક્રિયાઓ ચાલી આવી છે. માનવી જો જ્ઞાનપૂર્વક વિચારે તો આવું બધું તેના જીવનનો એક નિત્યનો ક્રમ હોય તેવું એને લાગ્યા કરે છે. એમાં કોઈને કશી નવાઈ લાગતી નથી. માનવીનું મન એવા પ્રકારની એક ઘરેડવાળું બની ગયેલું હોય છે. જીવનમાં અનેક જુદી જુદી જાતનાં દ્વંદ્વોની સાથે તે ઈચ્છે કે ન ઈચ્છે તો પણ તેને યુદ્ધ ખેલ્યાં જ કરવું પડે છે. કોઈ પણ એનાથી મુક્ત થઈ શકતું નથી. વિશ્વ-જીવનની કોઈ પણ ભૂમિકામાં યુદ્ધ ચાલતું ન હોય એવું ક્યાંય પણ નથી, કારણ કે એ તો પ્રકૃતિના સ્વભાવનું સહજ લક્ષણ છે. માનવીના જીવનમાં તે એટલું બધું તો સહજપણે ઓતપ્રોત થયેલું છે કે એનો એને ખ્યાલ ઝટ આવી શકતો જ નથી. આવાં અનેક પ્રકારનાં દ્વંદ્વોનાં યુદ્ધ દ્વારા જ સૃષ્ટિમાં શ્રીભગવાનનો દિવ્ય સૂક્ષ્મ હેતુ સધાયે જતો હોય છે.

માનવીમાં આવાં અનેક પ્રકારનાં જે દ્વંદ્વો છે, તેમાંનું તેને એક ગમતું હોય છે અને બીજાં ગમતાં હોતાં નથી. અનેક પ્રકારનાં દ્વંદ્વોનાં જે જોડકાં ઉપર ગણાવ્યાં તેમાંનું સારું સારું માનવીના મનને ગમે અને તેનાથી ઊલટા કે ઊંધા પ્રકારનું તેને ગમતું હોતું નથી. પરંતુ તેના આવા ગમવા કે ન ગમવા પર તેવા કશાનો આધાર રહી શકતો નથી. એક વસ્તુ તેને

ગમે તે તેને મળવી જ જોઈએ, એવું સાધારણ રીતે બનતું નથી અને માનવીના મનના એવી રીતના ગમવા કે ના ગમવાના વલણના લીધે એને કદી નિરાંત કે શાંતિ મળી શકતાં નથી. માનવીનું મન જે જે ઇચ્છે અને જે જે ન ઇચ્છે તે પ્રમાણે કદી પણ બન્યાં કરતું નથી. માનવી ત્યાં તટસ્થતાપૂર્વક—સમતાથી નિરપેક્ષપણે અને તેવી તેવી ભાવનાથી જો વિચાર કરે તો તે સહજપણે અંતરમાં સમજી શકે, કે એક બાબતના સુખમાં એની સામેની બાબતનું દુઃખ સમાયેલું જ છે. એકનો જે લાભ તે બીજાને હાનિરૂપ બને છે. એકનો જે વિજય તે બીજાનો પરાજય હોય છે, અને એવી રીતે આ સકળ વિશ્વના દ્વંદ્વની રચના એ એક બીજાથી સ્વતંત્રપણે કદી અલગ થઈ શકતી નથી. દ્વંદ્વનો એક ભાગ જ્યાં છે, ત્યાં બીજો ભાગ પણ સાથે હોવાનો જ એમ આંતરિક જીવનના સંયોગમાં ઊપજતું સુખ કે આનંદ જે તેના વિયોગની ભૂમિકાની આંતરિક વ્યથા વિના કદાપિ પણ જન્મી શકવાનું નથી. વિશ્વજીવનમાં દ્વંદ્વની રચના જ એવી છે, કે એમાં એકને ત્યજી બીજાનો ઉપયોગ કરવાનું કદી પણ શક્ય થઈ શકતું જ નથી. જ્યાં એક છે ત્યાં બીજું છે જ. જો રાગ છે તો દ્વેષ પણ છે. જ્યાં જન્મ છે, ત્યાં મરણ છે જ, જો સુખ છે તો દુઃખ પણ છે જ. જશમાં અપજશ સમાયેલો છે જ; એવી રીતે જયમાં પરાજય પણ રહ્યા જ કરેલો છે; એમ અનેક રીતે એકની સાથે બીજું તેનું વિરોધી અનુષંગી સ્વભાવતઃ વળગેલું રહ્યાં કરેલું છે.

આ બધું માનવીની બુદ્ધિ કબૂલે છે ખરી, તેમ છતાં એકની પ્રાપ્તિ અને બીજાના ત્યાગ કાજે જીવમાત્ર આકાંક્ષા સેવ્યા જ કરતો હોય છે અને આવી આકાંક્ષાને સંતોષ આપવા જતાં અથવા તો તે આકાંક્ષાઓને મૂર્તિમંત કરવાની હરેક એક પછી એક થતી ક્રિયામાં એને સંગ્રામને ભેટવું જ પડે છે. એ બધાંની રચનાના અંતરમાં માનવી જરાક ઊતરે, તો દ્વંદ્વ અને તેને લીધે ઊભું થતું યુદ્ધ એ જાણે કે સમગ્ર વિશ્વની રચનાનો એક અંતર્ગત મૂળભૂત અનુલંઘ્ય સનાતન નિયમ હોય એવું સમજાશે. આવાં દ્વંદ્વ અને એનાથી જાગતાં યુદ્ધ સર્વ કોઈના જીવનમાં, અરે એટલું જ નહિ, જડ અને ચેતન સર્વમાં, દ્વંદ્વ દ્વારા યુદ્ધ પ્રત્યેક ક્ષણે પ્રસરેલું આપણે

જોઈ શકીએ છીએ. એની અખંડ પરંપરા સતત ચાલ્યા કરતી જ રહે છે. તેમાં ત્રુટિ કદી પણ આવી શકતી નથી, તેથી માનવીમાત્ર આવી જાતનાં અનેક તરહનાં દ્વંદ્વ અને એના યુદ્ધમાં જોડાયેલો રહ્યા જ કરે છે; એવું હોવા છતાં એનો એ કદી ગંભીરતાથી વિચાર પણ કરતો હોતો નથી. કોઈ જીવ કોઈ ધન્ય પળે એવું કરે છે, તો એના મૂળ સુધી જવાની ધીરજ તેને હોતી નથી. વળી ભાગ્યે જ કોઈ જીવ એવા એના હેતુનું સમગ્રતાથી ભાન કે જ્ઞાન રાખી શકતો હોય છે, તો પછી એનો એવો અનુભવ તો ક્યાંથી જ તે કરી શકે? એના સમગ્ર વ્યાપક રૂપમાં એવું એનું ચિંતન—મનન કરવાનું તો એને સૂઝે જ ક્યાંથી? કારણ કે આવાં અનેક પ્રકારનાં દ્વંદ્વોનો અને તે દ્વારા થતાં યુદ્ધનો સ્થૂળ અને સૂક્ષ્મ ખેલ જે સર્વ કોઈના જીવનમાં રચાયા ને રમાયા કરે છે, તે તો મહામાયા પ્રકૃતિનો સનાતન ખેલ છે. એનાથી અલગ થઈને જોવાની, વિચારવાની કે અનુભવવાની દૃષ્ટિ, વૃત્તિ ને વલણ ભાગ્યે જ કોઈનામાં જાગેલાં રહી શકવાનો સંભવ છે. એટલે તો શ્રીભગવાન સમસ્ત વિશ્વને પોતાની માયાથી મૂઢપણે ભમાવ્યા કરે છે; એમ ગીતાજીમાં લખ્યું છે તે અક્ષરશઃ સાચું છે.

આવા યુદ્ધનું ભયંકર મૂર્તિમંત સ્વરૂપ માનવીના મન સમક્ષ કોઈક વાર આવી જ્યાં ઊભું થાય છે અને વળી જ્યારે એનાં ન ઈચ્છવા યોગ્ય પ્રકારનાં પરિણામો અથવા તો જેને આપણે પોતાનાં માન્યાં કરેલાં છે, એવાંઓનો નાશ કરવા કાજે તે પ્રત્યક્ષપણે પ્રવૃત્ત થયેલું અનુભવવામાં આવે છે, ત્યારે માનવીનું મન ભય, વેદના અને દુઃખથી બહુ જ આકુળ-વ્યાકુળ બની જાય છે. જ્યારે એવું યુદ્ધ પોતાના જીવનમાં નક્કર હકીકત રૂપે એની સામે આવેલું એને લાગે છે, ત્યારે માનવીની સર્વ વિચારશક્તિ લય પામે છે ને તે તેના મૂળમાંથી જ ઘેરાઈ જાય છે અને પોતાની કર્તવ્યબુદ્ધિનું તેમ જ તે આવી પડેલી પરિસ્થિતિના યોગ્ય ધર્મનું એને પૂરેપૂરું જ્ઞાનયુક્ત ભાન રહેતું જ નથી. આવી વેળાએ તેનામાં સમતા, શાંતિ અને પ્રસન્નચિત્તતા ટકી શકતાં નથી. માનવી પોતાની જાતને ત્યારે ગુમાવી બેસે છે, અને એમ જ્યાં માનવી પોતાની જાતને ગુમાવતો જતો હોય છે, ત્યાં એની નિર્બળતાની હદ આવી પહોંચે છે. તેવી પળોમાં એને ઊભા થવાનું મુશ્કેલ બની જાય છે. એવી વેળાએ જેને કોઈ આધાર નથી,

તેવો તો મૂઓ જ પડ્યો જાણવો. જીવનની સાધનામાં માનવીને એવાં અનેક પ્રકારનાં દ્વંદ્વો સાથે સતત જાગ્રત ચેતના સાથે યુદ્ધ આપવું જ પડે છે. એનાં માની લીધેલાં મંતવ્યો, સમજણો, ટેવો, આગ્રહો, અભિપ્રાયો, ગમતું અને અણગમતું, રુચિ અને અરુચિ તેમજ પ્રાણની અનેક પ્રકારની કામનાઓ, લાલસાઓ, વાસનાઓ અને પડેલાં સંસ્કારો—બધાં પણ માનવીના અંતરમાં જીવતાં રહેલાં સ્વજનો જેવાં જ છે. એ સ્વજનો જીવદશાનાં સ્વજનો છે. ઊર્ધ્વજીવનનાં સ્વજનો નથી. જીવને જીવદશામાં જકડી રખાવવાની એમની અનેક પ્રકારની પેરવીઓ એક પછી એક સૂક્ષ્મ રીતે નવાં નવાં રૂપ ધર્યાં કરી અનેક લીલા ખેલતી રહે છે.

આવાં સ્વજનોનો સંહાર કરવા માનવીનું મન તૈયાર હોતું નથી, અથવા સાચું કહીએ તો તૈયાર થતું નથી. એમનો સાથ છોડવા માનવીનું મન જરાય રાજી હોતું નથી. આવું હોવા છતાં પણ પ્રકૃતિથી સ્વભાવતઃ મૂઢપણામાં માનવજીવનમાં યુદ્ધ તો ચાલી રહેલું જ હોય છે; કિંતુ તેમાં તે બેળે બેળે ઘસડાતો હોય છે એમાં એનું કશું ચાલતું હોતું નથી. પ્રત્યક્ષ-પણે જીવતું જાગતું જ્ઞાનપૂર્વક તેવું યુદ્ધ આપવામાં અને એનો પરાજય કરવામાં માનવીને કંઠ પ્રાણ આવે છે અને તેવી વેળાએ આ કરવું કે આ ના કરવું, એવી એક પ્રકારની દ્વિધા તેના મનમાં જાગે છે.

બરાબર આ જ પ્રમાણે કુરુક્ષેત્રના મેદાનમાં બે આત્મીય પક્ષની વચમાં—યુદ્ધ માટે તૈયાર થયેલા પક્ષોની વચમાં—અર્જુનની પણ કંઈક આવા જ પ્રકારની માનસિક દશા બને છે. ભલા જરા વિચાર તો કરી જુઓ! અર્જુન કંઈ સામાન્ય સંસારી માનવી જેવો નથી, તેમ એ જેવો તેવો યોદ્ધો પણ નથી. અગાઉ એમના જીવનમાં અનેક પ્રકારની સમસ્યાઓ આવી ઊભી થયેલી હતી, ત્યારે તેનામાં દ્વિધાપણું ઊભું થયું ન હતું. એણે તો અનેક યુદ્ધો ગાંડીવના ટંકારે રંગથી ખેલેલાં હતાં અને યુદ્ધવિદ્યામાં તે કાળનો એક મહાવીર ગણાતો હતો; એટલું જ નહિ, પણ 'નર'ના પ્રતીક સમો ગણાતો હતો. પ્રતીક સમો શા માટે? નર જ હતો. નરના અવતાર તરીકે મહાભારતમાં અર્જુનને સ્વીકારેલો છે. અનેક યુદ્ધોમાં વિજય વરમાળા પહેરી ચૂકેલ તે પીઢ મહારથી હતો. અનેક

યુદ્ધોમાં તેણે વિજેતાપદ પ્રાપ્ત કરેલું છે. મહાવીર તરીકેની અસાધારણ યશપ્રાપ્તિ પણ તેને વરેલી છે. તેણે આદરેલાં આવાં યુદ્ધોમાંથી અકથ્ય ભયંકર વ્યથાઓ, ભારે અવ્યવસ્થા, ગેરવહીવટ, નુકસાન, અંધાધૂંધી શું ત્યારે નહિ જાગ્યાં હોય? અર્જુનથી લડાયેલાં તે યુદ્ધોથી કેટલાંય માનવી-કૂળોનો સર્વનાશ પણ થયો જ હશે. અનેક જીવ ભયંકર દુઃખની વેદનામાં પડ્યા હશે. અનેક જાતિ ને સમાજ છિન્નભિન્ન થઈ ગયાં હશે. અનાજથી ભરચક ભરેલાં લીલાંછમ ખેતરોનો કેટલોય નાશ થયો હશે અને એમ અનેક દેશ વેરાન બન્યા હશે! હજારો કુટુંબોમાં જેના પર સુખની આશા છે અને જેઓ પ્રેરણારૂપ છે, એવાં સ્વજનો પણ હણાઈ ગયાં હશે જ. અર્જુનની આવી વિજય-પરાક્રમની ગાથાઓમાં વેદનાઓની હૃદયભેદક કથાઓ સમાયેલી હશે!

કુરુક્ષેત્રના યુદ્ધ-મેદાન ઉપર અર્જુનના દિલમાં યુદ્ધનાં પરિણામો વિશે જે જે વિચારો સૂઝે છે, તે તે પરિણામો એણે આદરેલાં યુદ્ધોમાંથી નીપજી ચૂક્યાં હતાં જ; પરંતુ યુદ્ધનાં—પ્રત્યેક વસ્તુની જેમ—અનેક પાસાં હોય છે. અર્જુનને ત્યારે યુદ્ધમાંથી વિજય પ્રાપ્ત કરવા સિવાયનો બીજો કશો હેતુ અંતરમાં પ્રકટ્યો ન હતો. એના સિવાય બીજો કોઈ પણ યુદ્ધના પાસાનો મૂંઝવતો—દિલમાં અથડામણ ઊભી કરતો ખ્યાલ તેને જાગ્યો ન હતો. એના મનમાં તો ત્યારે યુદ્ધથી વિજય મેળવવાનો—અને તેથી કીર્તિ પ્રાપ્ત કરવાનો—એક પ્રકારનો ઉગ્ર આવેગનો ઉત્સાહ હતો. અર્જુને એવો જય પ્રાપ્ત કરવા પૂરેપૂરી લાયકાત મેળવવાની તૈયારી પણ ભારે હર્ષ સાથે કરી રાખી હતી અને તે ઉપરાંત તેને યુદ્ધને અત્યાર લગી તો જય મેળવવાના એકમાત્ર સાધન તરીકે જ સ્વીકારેલું હતું; એટલું જ નહિ, પણ પોતાની યશપરંપરાથી કૌરવોને ડારવાની દૃષ્ટિથી તે યુદ્ધ સ્વીકારતો હતો. વિજય પ્રાપ્ત કરવા સિવાય બીજી કોઈ પણ દૃષ્ટિ એના દિલમાં ત્યારે જાગેલી ન હતી. યુદ્ધનાં બધાં પરિણામો વિષે અર્જુનને તે વેળાએ મનમાં કશું પણ મંથન જાગતું ન હતું. વિજયસૃષ્ટિના સ્વપ્નમાં તે મશગૂલ હતો. એકમાત્ર જય, જય અને જય જ એના મનમાં રમ્યા કરતો હતો. યુદ્ધમાંનું નિશાન જીતવું જ એ એકમાત્ર એના દિલમાં

સચોટપણે જાગતું રહેતું. એ એકલાનું જ ચિંતન એને થયા કરતું અને એને સફળ બનાવવા કાજે એકમાત્ર તે બાજુનું જ જે જે વિચારવું ઘટે, તે બધું જ તે વિચારતો; એટલા માટે તેના દિલમાં તે વિના બીજા કોઈ પણ પ્રકારનું ગંભીર સંવેદન પ્રકટ્યું જ ન હતું. એને માટે એના મનમાં જરાયે નિરાંત કે ફુરસદ એને ન હતાં. એક વિજયી વીર તરીકેની પ્રતિષ્ઠાની જ ત્યારે એના મનમાં કામના જાગેલી હતી. એ ઉન્માદભરી ઝંખનાએ તેને આવરી લીધેલો હતો. એવી કામનાયુક્ત ઝંખનાએ એને એના વિના બીજું કશું ન વિચારવાને આંધળો બનાવી દીધો હતો. આમ, માનવ જીવને જેવા જેવા પ્રકારની ઉન્માદભરી ઝંખના પ્રકટે છે, તેને લગતું જ વિચારવાની દશામાં તે હોય છે. જ્યાં લગી માનવીના મનમાં સ્થિરતા, સમતા, શાંતિ આદિ ગુણો પ્રકટ્યા નથી, ત્યાં લગી એના જીવનમાં ઊભા થતા પ્રશ્નોનું સમગ્રપણું અને એમાંથી મળતું જીવન-વિકાસના હેતુનું જ્ઞાન એને કદી મળી શકતાં નથી. જીવન-પ્રશ્નને યોગ્ય ઉત્તમ પ્રકારે, જીવનવિકાસની દૃષ્ટિએ જો ઉકેલવાનો હોય, તો પ્રશ્નથી અલગ થયા વિના એને કદી પણ પૂરેપૂરી યોગ્ય રીતે ઉકેલી શકાતો નથી, એવું અલગ થવાપણું હજુ અર્જુનના મનમાં તે વેળા જાગેલું ન હતું. ઝંખનાનો આવેશ કે આવેગ જ્યારે જ્યારે માનવીના દિલમાં જાગે છે, ત્યારે ત્યારે એને એક પ્રકારનું ઝનૂન કે ધૂન પ્રકટે છે. તે વેળા ઓરથી જેમ ગર્ભ રુંધાય છે, પ્રકાશ વાદળાંથી ઘેરાય છે, તેમ માનવીની મતિ પણ એવી જ રીતે આવરણથી ઢંકાઈ જાય છે. આમ હોવાથી ઉપર જણાવેલા પ્રશ્નો, ગૂંચો કે સમસ્યાઓ અર્જુનના દિલમાં ઉદ્‌ભવી શકે એવું હતું નહિ અને કદાચ ઉદ્‌ભવ્યાં હશે, તો તે પણ ઉપરછલ્લી રીતે જ અર્જુને લડેલા યુદ્ધથી અને તેના વિજયથી સામો પક્ષ કે જેનું અસ્તિત્વ છેક લુપ્ત થઈ જવાની અણી ઉપર પહોંચી જતું હતું. એનું જીવનસત્વ સાવ હણાઈને છિન્નભિન્ન થઈ જતું હતું. તે કેટકેટલો કચડાઈ જતો હતો તથા સર્વસામાન્ય પ્રજાની અપરંપાર પાયમાલી થતી હતી અને સારોય દેશ કેટકેટલો વેરાન થતો હતો, તેની સ્થિર બુદ્ધિએ સમાલોચના અર્જુન યુદ્ધથી મળતા જતા વિજયોન્માદથી અને એના લાભથી કરી શક્યો ન

હતો. તે સાથે સાથે તેના મનને તે બીજી રીતે પ્રેરાવી શકે તેમ હતું પણ નહિ અને તેથી કરીને જ આવાં ભયંકર વિકરાળ યુદ્ધો અને એમનાં અનિષ્ટ પરિણામો તેનાં મનહૃદયને હલમલાવી શકવાને સમર્થ બની શક્યાં ન હતાં.

પરંતુ અત્યારે તો પરિસ્થિતિ સાવ નિરાળી હતી. કુરુક્ષેત્રના યુદ્ધ-મેદાનમાં ઊભેલા અર્જુનની સામે અત્યારે કોઈ નવો જ કોયડો ઊભો થયો હતો. જે જીવન-સમસ્યા તેની સામે ઊભી થઈ હતી—આવી પડી હતી—તે યુદ્ધનો પ્રકાર, તેના જીવનમાં જે બીજાં અનેક યુદ્ધો લડાઈ ચૂક્યાં હતાં તેનો પ્રકાર, એ બંનેમાં આકાશ-પાતાળનો ભેદ હતો. પોતે જેમની સામે લડવાને તૈયાર થયો હતો, તેવા આ યુદ્ધમાં પોતાનાં જ આત્મીય સ્વજનો ઊભાં હતાં. ત્યાં સામે પોતાના જ દાદા હતા, જેમણે તેમને હૃદયની મમતાથી ઊછેર્યા હતા. જેમની પાસેથી જીવનના સંસ્કાર પામ્યા હતા ને જીવનની કેળવણી મેળવી હતી અને જેમની જીવન-કારકિર્દી પોતાના ગૌરવનો વિષય હતી. જેમના વિશે તેના દિલમાં ભક્તિભર્યો સદ્‌ભાવ, પ્રેમભાવ અને અત્યંત મમતા હતાં, એવા દાદાને સંહારવાની પરિસ્થિતિ સર્જાઈ ત્યારે જ તે વિચાર ને મંથનમાં પડી જાય છે. વળી અત્યારે તેની પાસે પોતાના જ વિદ્યા-ગુરુ હતા. જે ગુરુની કૃપાથી આજે તે યુદ્ધકળામાં નિષ્ણાત હતો, એનું પ્રેરણા-મૂળ તે ગુરુ જ હતા. આજે તે જેવો હતો તેવો એના જ પ્રતાપે ને પ્રભાવે બન્યો હતો. એમની જ પ્રતિભાથી એણે પ્રતિભા સંપાદન કરી હતી. એવા ગુરુ પ્રત્યેનો આદર ભક્તિભાવ તે કેમ ભૂલી શકે? શ્રીભીષ્મપિતામહ ને શ્રીદ્રોણાચાર્ય જેવા ગુરુનું ઋણ નર-પુરુષ સંસ્કારી અર્જુન કેમ વીસરી જઈ શકે? એની સામે પોતાના જ બાંધવો હતા, જેમની સાથે સાથે નાનપણમાં પોતે રમ્યા હતા. નાનપણના જીવનના અનેક પ્રસંગો જેમની સાથે ગાળેલા હતા. અને તે ઉપરાંત, જેની સાથે સારુંય જીવન સંકળાયેલું અને વણાયેલું હતું એવા ઘણાઘણા પોતાની સામે યુદ્ધમાં ઊભેલા હતા. જેને પોતાના જ માનેલા છે, એવા પણ આજે સામા પક્ષમાં ઊભેલા છે. એ જ નિમિત્ત-કારણથી અર્જુનના મનમાં ભારે મંથન જાગે છે. પોતાનાં

જ વડીલ, ગુરુ ને સ્વજન સામે લડવું, એ એના સંસ્કારને આઘાતજનક લાગે છે ને મનમાં કંઈક વિચારોની ભારે ગડમથલ જન્મે છે. યુદ્ધની વિનાશક બાજુ એના મન આગળ તાદૃશ્ય ખડી થાય છે. બંને પક્ષે પોતાનાં સગાંવહાલાં છે. ગમે તે હારે કે ગમે તે જીતે તોપણ પોતે પોતાને જ જાણે હણતો હોય કે જીતતો હોય, એવી આકરી કસોટી ને ગૂંચ એનાં આંખ અને મન આગળ ઊભી થાય છે. એથી તે વિચારમૂઢ બની જાય છે, તે કિંકર્તવ્યમૂઢ બની જાય છે. શું અયોગ્ય ને શું યોગ્ય, એનો વિવેક તે કરી શકતો નથી. અને ઊલટું મનમાં એ વિચારવા લાગે છે કે આવા ભયંકર યુદ્ધના પરિણામે જગતને શોભારૂપ, જગતની સંસ્કૃતિરૂપ, જગતને પ્રેરણારૂપ એવા કેટકેટલા ને કેવાકેવા મહાન પુરુષોનો નાશ થવાનો! કેટકેટલા લોકોનો સંહાર, કેટલાંય કુટુંબ અને કુળોનો નાશ થશે! એટલું જ નહિ કિંતુ એમાંથી જે વર્ણસંકર પેદા થશે, તેનાથી કુળનો અને જાતિનો, ધર્મ ને જીવન–સંસ્કૃતિનો સમૂળગો નાશ થવાનો, યુદ્ધથી જગતમાં કેટકેટલું નુકસાન થવાનું, એની એવી એક લાંબા વિચારની પરંપરા તેના મનમાં જાગે છે. એવા વિચારથી તે વ્યાકુળ થઈ જાય છે. ને જ્યાં માનવીનું મન વ્યાકુળ થઈ જાય, ત્યારે એને સૂઝે પણ શું? અને શાંતિ કે સમતા જેવું પણ ક્યાંથી રહે? અને વિચારી તો જુઓ કે અર્જુન કંઈ જેવો તેવો યોદ્ધો ન હતો! પોતાના ક્ષત્રિય-ધર્મનું એને ભારે અભિમાન હતું—ઘમંડ પણ હશે. યુદ્ધ જીતવું એ તો ક્ષત્રિયનો પરમ ધર્મ તે માનતો હતો. એ ધર્મ પાળવામાં અત્યાર લગી એણે પાછી પાની કરી નથી, બલ્કે એવો ધર્મ પાળવામાં અત્યાર સુધી પોતે ગૌરવ અને કૃત-કૃત્યતા માનતો હતો. કિંતુ એવા અત્યાર લગી આચરેલા સ્વધર્મને એ અધર્મ છે એમ એને પહેલી વાર સૂઝે છે. માનવીના જીવનકાળમાં એક પરિસ્થિતિ ઉત્પન્ન થતાં જે સ્વધર્મ લાગે છે તે જ 'સ્વધર્મ' બીજી પરિસ્થિતિ ઉત્પન્ન થતાં તે અધર્મ પણ લાગવા માંડે એવું બને છે. એટલે અર્જુનને પહેલાં જે ધર્મ લાગતો અને તે તેમ માનતો તે સાચો, કે અત્યારે જે બધું સૂઝી રહેલું છે તે સાચું? એનો નિર્ણય અર્જુન પોતે કરી શકતો નથી. એવી ડામાડોળ દશા અર્જુનની થાય છે. આમ, ધર્મ અને કર્મની

બાબતમાં શું કરવું કે શું ન કરવું, તે બાબતમાં પોતે સંશયગ્રસ્ત બને છે અને તેથી કરીને તે કોઈક અકલ્પનીય વેદના ભોગવી રહેલો છે. એક રીતે જોતાં તો માનવીના જીવનનો પ્રવાહ જે વહ્યા કરતો રહે છે, તેમાં કોઈ કોઈ જાતનું યુદ્ધ-ઘમસાણ ચાલ્યા જ કરતું રહે છે.

સર્વ કોઈ પ્રકારના જીવનમાં તેના વિકાસ કાજે યુદ્ધ એ એક અનિવાર્ય હકીકત છે. તેમ છતાં આ યુદ્ધની ભયંકરતા, નિર્દયતા અને એની મહાનમાં મહાન સંહારકતા તથા યુદ્ધનાં એવાં બીજાં અનેક આનુષંગિક પરિણામો અને ખાસ કરીને તો સામે પક્ષે ઊભેલ વડીલ, ગુરુ અને સ્વજનોનો સંહાર—એ બધું—તેના મન આગળ કારમું નૃત્ય કરી રહેલું દેખાય છે. પોતાના જ પિતામહ, જેના લાડકા હાથમાં તે પોતે રમ્યો છે, ઊછર્યો છે, જેનો પ્રેમ અત્યારે પણ તેની રગેરગમાં ઊછળી રહ્યો છે, જેના પ્રત્યેનો ભક્તિભર્યો સદ્‌ભાવ અત્યારે પણ એના ચરણમાં પોતાનું માથું સહજમેળે કૃતકૃત્યભાવે નમવાને ઉદ્યત છે. જે ગુરુ જેની ભક્તિ ને જેના પ્રેમ-અનુરાગથી એનું જીવન ભરપૂર છે, એવા બીજા અનેક આત્મીય સ્વજનોનો લડાઈમાં સંહાર કરવાનું પોતાને ભાગે આવતાં તે બેબાકળો બની જાય છે. અત્યાર સુધીનો મહાબાહુ નરકેસરી પોતાના પ્રભાવ ને પ્રતાપ, તેજ ને શક્તિ, શૌર્ય ને લડાઈની વિદ્યાકળા જાણે હરાઈ જતાં પોતે અનુભવે છે. અને અનિષ્ટ યુદ્ધક્ષેત્રને છોડી પોતે પાછો ફરવાની તૈયારી બતાવે છે, એવી લાગણીથી એટલો બધો તો દોરવાઈ જાય છે કે 'કાર્પણ્યદોષ'થી પોતે આવરાઈ જાય છે. પોતે—અર્જુન કેવી રીતે ભાગી શકે? શ્રીકૃષ્ણ જેવા જેના સારથિ છે, તે તેને ભાગવા પણ કેમ દે?

શ્રીકૃષ્ણને પોતે અત્યાર લગી મિત્ર સમાન ગણ્યા છે, પોતાના યુદ્ધના વિજયનાં યશોગાન જે શ્રીકૃષ્ણે અત્યાર લગી ગાયાં છે ને જે પોતાના જીવનના એક મૂળ આધારરૂપ પ્રેરણારૂપ છે. એવા શ્રીકૃષ્ણ ભગવાન જેને મન એકમાત્ર આશારૂપ ને સહભાગી છે; જેણે અત્યાર લગી તેને સહાનુભૂતિ પ્રેર્યા કરેલી છે. તે જ શ્રીકૃષ્ણ અત્યારે પણ તેની સાથે જ હોવા છતાં તે સાવ પાણીમાં બેસી જાય છે. રાજ્ય મેળવવાનો તેણે કરેલો

દૃઢ નિશ્ચય પણ ક્યાંય અદૃશ્ય થઈ જાય છે. જીવનનો નક્કી કરેલો આદર્શ પણ જાણે ઓગળી જતો તેને લાગે છે. પોતે કરેલી પ્રતિજ્ઞાઓ પણ ભૂલી ગયો હોય એવી એની દશા થાય છે. આના કરતાં તો રાજ્ય જ નથી જોઈતું એમ તેને લાગે છે. રાજ્ય મેળવવું હોય તો સ્વજનોને હણવાં જ પડશે, એવી પ્રત્યક્ષ દિલમાં ખૂંચતી સમસ્યા એની સામે જ્યારે ખડી થાય છે, તે વેળા તેનું બધું અંતર્જ્ઞાન ક્યાંય ઊડી જાય છે. દિલને ડહોળાવી નાંખે, હલમલાવી નાંખે, એવા આકરા પ્રસંગોમાંથી જ માનવીના મનની સાચી સ્થિતિ પરખાઈ જાય છે. પોતાના એકમાત્ર આદર્શને સિદ્ધ કરવાને જે એકધારો મંડ્યો રહે છે, એવાને આવી સમસ્યાઓ તો જીવનમાં મળ્યા જ કરવાની તેવી વેળાએ જે માનવી પોતાના જીવનધ્યેયનો સળંગ અને સમગ્ર વિચાર ચૂકે છે, તે પડે છે. ધ્યેય-પ્રાપ્તિ કાજે સર્વ ભાવે ને સર્વ રીતે સર્વ સમર્પણ કરવાની જેની જીવતી-જાગતી તૈયારી થયેલી નથી, તેવો માનવી તે વેળા ભાંગી પડે છે.

આટલી એકલી જડસુ તૈયારી કામ લાગતી નથી; પણ એવા સ્વજનોને અથવા ધ્યેયને મૂર્તિમંત કરવાના માર્ગમાં જે સામે પક્ષે ઊભાં છે, તેને હરાવવામાં જેને એક પ્રકારનું—ભક્તિજ્ઞાનપૂર્વકનું—ઝનૂન પ્રકટે છે ને તે નિર્ણયને પોતે નદીના પૂરના જેટલા આનંદોત્સાહથી સ્વીકારી લે છે, તેવો જ જીવ તેમાં ફાવી શકે છે. જે નિર્ણયની પાછળ વિષાદ રહે છે, દુઃખ રહે છે, સંતાપ જાગે છે, ક્લેશ ઊપજે છે, તે નિર્ણય યોગ્ય રીતે હૃદયથી સ્વીકાર પામેલો નથી એમ જાણવું. જે નિર્ણયની પાછળ શુદ્ધ, સાત્ત્વિક આત્મસમર્પણ નથી, તેવું બલિદાન જીવન-વિકાસના યજ્ઞમાં યોગ્ય પરિણામ ઉપજાવી શકતું નથી. જીવનમાં યુદ્ધ છે ને યુદ્ધ છે તો સમર્પણ કરવું જ પડશે. બેળેબેળે અનિચ્છાએ થયેલું સમર્પણ જીવનને ઊલટું કચરી નાંખે છે. તેજસ્વિતા, શક્તિ, આનંદ, સમ્યગદૃષ્ટિ, યોગ્યાયોગ્ય કર્તવ્યની અણિશુદ્ધ વિવેકશક્તિ, સમતા, સ્થિરતા, તટસ્થતા, શાંતિ, ધીરજ આદિ જીવનવિકાસશક્તિનાં રચનાત્મક પાસાં ખીલતાં જતાં પોતાના આધારમાં તે પોતે અનુભવી શકતો હોય, તો જ તેનું આત્મસમર્પણ શુદ્ધ અને સાત્ત્વિક છે એમ

કહેવાય. ધ્યેય-પ્રાપ્તિ અર્થે એવું આત્મસમર્પણ કરી ન શકે, તે ધ્યેયને કેમ વરી શકે? ને ધ્યેયને પ્રાપ્ત કરવા જતાં જીવ અનેક ડગલાં ભરી ભરી, જે ઠીક ઠીક તૈયારીઓ કરી ચૂક્યો હોય તેવાને પણ એની પરીક્ષાની પળ આવ્યા વિના રહેતી નથી. એવા જીવે જો સતત શ્રીકૃષ્ણને જ એકમાત્ર મિત્ર તરીકે સ્વીકારી પોતાના જીવનરથના સારથિને નિયંતા તરીકે નિશ્ચિતપણે તેમને લગામ સોંપી દીધી હોય છે, તો તેને ભગવાન કદી પણ વીલો મૂકતા નથી. તેની ઇચ્છા અનિચ્છા હોવા છતાં એને તે એના યોગ્ય ધર્મમાં જકડી લે છે. શ્રીકૃષ્ણ ભગવાન કદી પણ એને છટકવા દઈ શકતા નથી; અને એવા જીવને એનાં યોગ્ય ધર્મમાં—કર્મમાં કૃપા કરીને પ્રેર્યા કરે છે.

અર્જુનને જેમ સ્વજનો સામે ઊભાં છે, તેમ સાધકને પણ એવાં જ સ્વજનો યુદ્ધમાં સામે આવીને ઊભાં રહેવાનાં જ. એ સ્વજનો કયાં કયાં તે તો આપણે ઉપર જોયું. એમને હણવાની તાકાત અને વિષાદ, સંતાપ, ક્લેશ કે દુઃખ વિના, એટલે કે તે પરિસ્થિતિનો સ્વીકાર કરતી હૃદયની નિર્મળ આનંદની ભૂમિકા સાથે જો તે કટિબદ્ધ હશે, તો એનો બેડો પાર થવાનો જ છે. જો તેવી તૈયારી નહિ હોય, તો પણ જેણે શ્રીકૃષ્ણ ભગવાનના હાથમાં પોતાના જીવનરથની લગામ સોંપી દઈ પોતાના એકમાત્ર આધાર અને પોતાની સર્વ પ્રવૃત્તિઓના પ્રેરક, સંચાલક અને નિયામક સૂત્રધાર તરીકે તેમના જીવનમાં સર્વ ભાવે સ્વીકાર્યા છે, તેને શ્રીભગવાન કદી પણ છોડી દેતા નથી; કારણ કે જેની પ્રેરણાથી ને અનુગ્રહથી પોતે પોતાનું ધ્યેય પ્રાપ્ત કરવા ઉદ્યત થયેલો છે, એને તે અધવચ મૂકી શકતો નથી—એ ઇચ્છે કે ન ઇચ્છે તો પણ.

માનવીને પોતાના માની લીધેલા આગ્રહો, મતો, ટેવો, માન્યતાઓ, કલ્પનાઓ, સમજણો, સંસ્કાર તથા એવાં અનેક જાતનાં સ્વજનો પ્રત્યે આદર અને રાગ પણ હોય છે. એ બધાંય જ્યાં લગી સાધકના જીવનમાંથી ખસી ન જાય, ત્યાં લગી તેનાં આવરણ દૂર થઈ શકતાં નથી ને તે દૂર ન થાય ત્યાં લગી એ ધ્યેયને પણ વરી શકતો નથી. એવાં એનાં આવરણો તોડાવવાને કારણે એવા પ્રસંગ પણ સાધકના

જીવનમાં શ્રીભગવાનની કૃપાથી ઊભા થાય છે. તે વેળા તે શું પસંદ કરે છે ને કેવી રીતે વર્તે છે ને કયા ભાવે તે પ્રસંગને વધાવે છે એના પરથી જ એનું જીવનસત્ત્વ કેવા પ્રકારનું છે, તે પરખાઈ આવે છે. એવી જ રીતે અર્જુનને અત્યારે એવો પ્રશ્ન ઊભો થયો છે. અર્જુન, ભીમ, આદિ માનતા હતા કે પોતાને રાજ્યના હક્ક બાબતમાં અન્યાય થયો છે એટલું જ નહિ, પણ રાજ્ય પર પોતાનો જ હક્ક છે. તે ઉપરાંત વળી કૌરવો આદિ અધર્મથી રાજ્ય કરે છે; તેથી પ્રજાના કલ્યાણમાં પણ ધર્મ-ભાવનાથી રાજ્ય કરી શકે તેવો રાજા હોવો જોઈએ એવું પણ તેમના મનમાં હતું. જેનાથી સર્વ સાધારણ જનતાના જીવનનું કલ્યાણ છે ને પોતાનું પણ છે એમ જેમને લાગ્યું હતું, તે ધ્યેય પ્રાપ્ત કરવા તેઓ અત્યાર સુધી સતત મચેલા રહ્યા હતા. તેમના જીવન આગળ અત્યારે કટોકટીની પળ આવેલી છે. તે વેળા અર્જુનના મનમાં આત્મીય સ્વજનો પરત્વેનો રાગ જાગી ઊઠે છે. અજ્ઞાનની પરાકાષ્ઠા ક્યાં સુધી પહોંચતી હોય છે, એનું ભાન તેવી વેળાએ જ માનવીને થાય છે.

સાધકના જીવનમાં પણ એવી ભ્રમદશા આવતી હોય છે. પોતે ક્યાં તો મેળવ્યું છે ને ક્યાં તે સંપૂર્ણ તૈયારીવાળો ને તાકાતવાળો પોતે છે એવું અંતઃકરણપૂર્વક સાચી રીતે માનતો હોવા છતાં એવી કટોકટીની પળો એના જીવનમાં આવે છે; ત્યારે એનો ભ્રમ ભાંગે છે. એમાં જ શ્રીભગવાનની અપરંપાર કૃપા રહેલી છે. શ્રીભગવાનને શરણે રહ્યા કરે છે. એનો ભ્રમ ભાંગવાને કૃપા કરીને શ્રીભગવાન એને મથાવવાના જ. એને એકની એક સલામત સ્થિતિમાં તે કદી પણ પડી રહેવા દેશે નહિ. એને તો તે ઉથલાવ્યા જ કરશે. જરૂર પડતાં મુશ્કેલીઓના દાવાનળ પણ પ્રકટાવશે. યુદ્ધ એ તો શ્રીભગવાને આપેલો કૃપાપ્રસંગ છે અથવા શ્રીભગવાનની પ્રત્યક્ષ કૃપાનું તે મૂર્તિમંત સ્વરૂપ છે; એવું જેને હૃદયમાં જ્ઞાન જાગેલું છે, તે માનવી એવા કાળે શ્રીકૃષ્ણ ભગવાનને મૂકી તો શાનો દે, પણ તે વધુ ને વધુ વળગતો જાય છે અને માર્ગદર્શનની સહાય ખરા હૃદયથી યાચે છે. એવી કારમી વેળાએ—જીવનનાં નવાં દર્શન પામવાની વેળાએ—એને જ જે સતત પાસે રાખ્યા કરે છે અને આવી પડેલા યુદ્ધનું સંચાલન કરવાનું જ જે મન-

હૃદયથી સોંપ્યા કરે છે, તેને શ્રીકૃષ્ણ ભગવાન હાથ પકડી ઊભો કરે છે ને સાચી દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત કરાવે છે.

જીવને જ્યારે એનું યુદ્ધમાં પડવાનું આવે છે, ત્યારે એમાં જીવન-વિકાસનો હેતુ તે જ્ઞાનપૂર્વક ખ્યાલમાં—ભાનમાં રાખી શકતો નથી. એવો પ્રસંગ કયા ઉદ્દેશથી ઊપજ્યો છે, એનો યોગ્ય વિવેક જે જીવ કરી શકતો નથી, તે તેમાં પડતો હોવા છતાં જીવન-ઉત્કર્ષના માર્ગમાં એનો યોગ્ય લાભ લઈ શકતો નથી. એવાને કર્મે તો અજ્ઞાનભર્યા દુઃખ, ક્લેશ, અથડામણો, મૂંઝારો આદિ જ રહેવાનાં; પરંતુ જે જીવ એમાં પોતાનાં અનેક માની લીધેલાં એવાં સ્વજનોનો સંહાર થવાની અણી વેળાએ એવા સંહારના અંતરનું હાર્દ જાણી લે છે ને એમાં જે એવી રીતે અને જે ભાવનાએ એ પ્રસંગને આનંદથી સ્વીકારે છે, તેવા જીવને તો તે પ્રસંગ તેના જીવનનું એક મહાપર્વ કે મહા-ઉત્સવ લાગ્યા વિના રહેવાનું નથી; એટલું જ નહિ, પણ તે શ્રીભગવાનની પોતાના પર એવી પ્રત્યક્ષ કૃપા થતી જોઈ શ્રીભગવાન પર વારીવારી જઈ એનાં ચરણકમળનો જ એકમાત્ર આશ્રય સ્વીકારી—સ્વીકારી એનામય જ બનવામાં પોતાનો ભક્તિ-જ્ઞાન-યોગ સેવશે. જેને શ્રીભગવાનની જ આસક્તિ લગાડવી છે, એનામાંથી બીજાં બધાંની આસક્તિ નીકળી જવી જોઈશે. સાધકના મનની તે દશા પરિપૂર્ણ થઈ જતાં તે પછી તો બીજાં બધાંમાં પણ શ્રીભગવાનની આસક્તિ ને ભાવના તે અનુભવશે, કિન્તુ જીવની તેવી દશા થયાં પહેલાં તો સર્વ કોઈની સાથેની તેની આસક્તિ તૂટી જવી જ જોઈએ. તે આસક્તિ તૂટ્યા વિના કોઈપણ જીવ શ્રીભગવાનની આસક્તિમાં રહી કે ટકી શકવાનો નથી. અર્જુન આગળ પણ તેવો પ્રશ્ન ઊભો થયો છે. અત્યાર સુધી દૃઢતાથી વળગી રહેલા ધ્યેયને તે ભૂલી જાય છે. આત્મીયજનો પરત્વેની તેના હૃદયમાંની આસક્તિ તે વેળા ચીસ પાડી ઊઠે છે. જીવનમાં આવી મળતા પ્રત્યેક પ્રસંગમાં જીવ કોને પ્રથમ પંક્તિનું મહત્ત્વ આપવાનું પસંદ કરે છે, તેના પરથી તેની જીવન-ભાવનાની કક્ષા કેવા પ્રકારની છે, તે પરખાઈ આવે છે. બીજો કોઈ સામાન્ય જીવ તે ઠેકાણે હોય તો તે તેમાં ડૂબી જ જાય; કિંતુ અર્જુને તો

શ્રીકૃષ્ણ ભગવાનને—પોતાના મિત્રને સારથિ કરેલા છે ને એને એવો કેમ રહેવા દે? વિશ્વની અખંડ ચાલુ રખાવનારી રચનાના હેતુના અંગભૂત વણાઈ ગયેલા તત્ત્વને કોઈ કોરાણે મૂકી શકે તેમ નથી કે એને ફેરવી શકે તેમ પણ નથી; એટલે જ સંસારમાં મળ્યે જતા એવા યુદ્ધમાં જે જીવ તપશ્ચર્યાની ભાવના ભક્તિ-જ્ઞાન-યોગની ધારણા, ભાવનાપૂર્વક, ચેતનાભરી જાગૃતિથી રાખી શકે છે; તેવા જ જીવ સંસારને શ્રીકૃષ્ણ ભગવાનની કૃપાથી તેના લીલાત્મક સ્વરૂપમાં ફેરવીને એમાં એના જ હેતુને સિદ્ધ કરવાને પોતે યંત્ર બની શકે છે.

સંસાર અનેક પ્રકારનાં યુદ્ધોની પરંપરાનું ક્ષેત્ર છે. જીવને તેમાં જાણ્યે-અજાણ્યે પડ્યા જ કરવું પડે છે. તો જીવ એને તપશ્ચર્યાની ભાવનાથી કેમ સ્વીકારી-વધાવી શકતો નહિ હોય? એ એક પ્રશ્ન ઉદ્‌ભવે ખરો જ; પણ જેવા જેવા પ્રકારની સામગ્રી-શક્તિ જે જીવની હોય, એને એના જીવનયુદ્ધમાં તેવી તેવી રીતનો જ પ્રકાર લાગ્યા કરવાનો; તેથી બધા જીવ સંસારના એવા યુદ્ધમાં તપશ્ચર્યાનો ભાવ અનુભવવા સમર્થ નીવડતા નથી; કિન્તુ જેને જીવનની સાધના કરવી છે, તે કાજે જેણે હૃદયની ભાવનાથી પ્રયત્નો આદરવા માંડ્યા છે. જેનામાં એવા સંસ્કાર છે, જેણે પોતાના જીવનનું એને જ એક માત્ર ધ્યેય કર્યું છે, એવા સાધકે એની કૃપાથી થતા આવા યુદ્ધમાં તપશ્ચર્યાનો જ ભાવ જીવતો રાખવો ઘટે. જીવની એવી ભાવના સહજમેળે હૃદયથી પ્રત્યેક પરિસ્થિતિમાં જીવતી રહ્યા કરે, તો જ સાધકનું મન જીવનધ્યેયમાં નિષ્ઠાવાળું છે એમ ગણી શકાય. પરિસ્થિતિ અથવા તો પ્રસંગો—એ પણ બધાં—એક પ્રકારનાં યુદ્ધ જ છે. પ્રત્યેક યુદ્ધનો હેતુ પણ હોય છે. તે હેતુને જીવનસાધનાને અનુકૂળ નીરખી અને તેવી ભાવનાથી સ્વીકારી લઈ જે વળાવી શકે છે, તે જ પ્રભુનો ભક્ત બની શકે છે. એવું કરવા જતાં જે કાયર બને છે, છતાં એવો હૃદયનો ખુલ્લા મનનો એકરાર પ્રભુના ચરણકમળમાં આર્દ્ર અને આર્ત ભક્તિભાવે કરે છે ને પોતાને યોગ્ય શક્તિ ને દર્શન આપવા ગદ્‌ગદભાવે પ્રાર્થના કર્યા કરે છે, એવાને શ્રીકૃષ્ણ ભગવાન કૃપા કરી પોતાનો હાથ આપી ઉઠાડે જ છે. એવા ધન્ય

અનુભવ સાધકને થયા વિના રહેતા નથી. એવા સાધકને શ્રીભગવાન કે એનો ભાવ દિલમાં સુપ્રતિષ્ઠિત બની જાય છે. યુદ્ધની એવી અનેક પરંપરાઓમાંથી જીવ પસાર થયા કરતો હોય છે. એમાંથી સ્વતંત્રપણે અલગ પડી વર્તવાની કોઈની તાકાત નથી. છેક મૃત્યુની પળે પણ જીવ સ્વભાવતઃ મરણની સામે યુદ્ધ કરીને બચવાની કોશિશમાં જ રહેતો હોય છે અને આખરે મૃત્યુથી હાર પામી પોતાની હાર કબૂલી એને મરવું પડે છે. જે શરીરને તે પોતે જીવરૂપ જ માનતો હતો, જેનો તે રાગી બની ગયો હતો, જેનામય જ જે થઈ ગયો હતો, એને પણ છોડવું પડે છે, પણ એમાંની એની વાસના એને મૂકી શકતી નથી. ત્યાં પણ એના કર્મે તો યુદ્ધ જ લખાયેલું છે. એમ જોવા જતાં આ સસારમાં રહીને કોઈપણ જીવ શ્રીભગવાનના એ અવિચળ અટલ નિયમનું ઉલ્લંઘન કરવાને કદી પણ શક્તિમાન થતો નથી. સંસારના ક્ષેત્રમાં હો કે માનસિક ક્ષેત્રમાં હો કે પછી દિવ્ય ભૂમિકાના ક્ષેત્રમાં હો, અથવા બીજા ગમે તે ક્ષેત્રમાં હો, ત્યાં યુદ્ધ તો હોવાનું જ અને યુદ્ધ એટલે જ ખંડન અને મંડન. આમ યુદ્ધ જો જીવનનું—સૃષ્ટિનું—તેની સર્વ પ્રકારની કક્ષાઓમાં એકધારું વહેતું રહેતું એક તત્ત્વ છે; તો પછી જીવનને તેજસ્વી બનાવવા, જીવનનું રૂપાંતર કરવા, એને દૈવી બનાવવા, ભક્તિ-જ્ઞાન-યોગભાવે જે જીવ યુદ્ધને સ્વીકારે છે, તે જ જીવ જીવનને એની યોગ્યતામાં પ્રભુકૃપાથી ફળાવી શકવાનો છે. યુદ્ધમાં સર્વ કોઈને ઘસડાવું તો પડે છે જ. હતાશ થઈને, નિશ્ચેતનભાવથી, બેળેબેળે—જે—તે—માં ઘસડાયે જાય છે, તેવા નિર્માલ્ય જીવ જીવનનો સર્વનાશ વહોરે છે.

અહીં એક શંકા ઉપસ્થિત થાય, કે જો યુદ્ધ એ વિકાસની ભૂમિકા કાજે જ નિર્માણ થયેલી સ્વાભાવિક હકીકત છે; તો તેનાથી વિનાશ કેવો? પ્રત્યેક કર્મના પરિણામનો આધાર તો તે કર્મ કેવી વૃત્તિથી કરાય છે, તેના પર રહેલો છે; કિન્તુ નાશ અને તેનાથી વિરોધી ભાવવાળું દ્વંદ્વ તો વિશ્વની રચનામાં સમાયેલું જ છે. જે જે કર્મક્ષેત્ર જીવનમાં જીવને મળે છે, તેમાં યુદ્ધનું તત્ત્વ રહેલું છે જ; એટલે તે કર્મક્ષેત્ર પ્રભુની પ્રસાદી ગણીને એમાંથી જે જીવને વિકસાવવા ભક્તિ-જ્ઞાન-યોગભાવે, કર્મક્ષેત્રમાં તપશ્ચર્યાની

ભાવનાથી એને સ્વીકારી પ્રભુને જ સઘળું સમર્પણ કર્યા કરે છે, એવા જીવને આદિ રહેવાનું નથી. એવા જીવને ક્યાંય આરંભ નથી અને એમ કરતાં કરતાં એની સર્વ ક્રિયા સહજ આરંભ વિનાની થયે જશે. આમ વિશ્વની રચનામાં દ્વંદ્વને લીધે ઊપજતું યુદ્ધ જેથી કરીને જીવનના સર્વોચ્ચ આત્યંતિક આદર્શની સિદ્ધિમાં જીવને પ્રત્યક્ષ મદદ મળતી હોય, તે જાતના યુદ્ધમાં તેવાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણથી પોતાની સમગ્ર શક્તિ વડે શ્રીભગવાનની તે અટલ યોજનામાં જે પોતાની જાતને લગાડી દેવાનું કરે છે, તે જ જીવ પોતાને મળતી જતી પરિસ્થિતિનો સાચામાં સાચો જ્ઞાનપૂર્વક ઉપયોગ કરી જાણે છે એમ કહેવાય. તે જ જીવ જીવન-ઉત્ક્રાંતિ પામી શકે છે. કોઈપણ માનવી યુદ્ધને નકારી શકે તેમ તો નથી. તેમાં તેને વશે કે કવશે જોડાવું તો પડે છે; તો પછી જો માનવી ધારે તો અને અંતરથી ચાહે તો તેવા પ્રાકૃતિક યુદ્ધને પોતાના જીવનધ્યેયની પ્રાપ્તિ અર્થે જીવનમાં વધાવી શકે છે અને હૃદયથી એનો સ્વીકાર કરી એનો હેતુ જીવનમાં ફળાવી શકે છે. જીવનમાં મળતા સંજોગો ને પ્રસંગોમાં વ્યષ્ટિ અને સમષ્ટિના જીવનભાવનો સમન્વય રહેલો છે. વ્યષ્ટિ ને સમષ્ટિ બેઉના જીવનહેતુ ને શ્રેય એકસાથે રહેલાં છે. એ દૃષ્ટિથી જે એનો આનંદથી સ્વીકાર કરે છે, તે જ પ્રભુની ઇચ્છાને ઓળખે છે ને તેની ઉત્તમ સેવા-ભક્તિ કરે છે.

આમ જીવનમાં જ્યાં ત્યાં અને જ્યારે ત્યારે યુદ્ધ તો રહેલું જ છે અને તેમાં કોઈ હારીને, કોઈ આનંદથી પડે છે; એટલે એ યુદ્ધની ભૂમિકામાં માનવીનું મન કેવા પ્રકારની ભાવનાવાળું રહે છે, એના ઉપર તેના જીવનવિકાસનો ખરો આધાર રહેલો છે. યુદ્ધક્ષેત્ર પર અર્જુનના મનને જીવન કલ્યાણના હેતુથી વાળવા કાજે શ્રીકૃષ્ણ ભગવાને તેને ગીતાબોધ આપેલો છે; એ કારણે માનવીનું મન શ્રીભગવાનની કૃપાથી યુદ્ધને જીવન-કલ્યાણ અર્થે સ્વીકારી શકે એવું જ્યાં સુધી ન બને ત્યાં સુધી માનવીનું જીવન જેમતેમ વેડફાવાનું, માનવીનાં મનાદિકરણો જેમ જેમ શુદ્ધ થતાં જાય છે, તેમ તેમ તેનું ચૈતન્ય વધુ ને વધુ વિકાસોન્મુખ બનતું જાય છે. માનવીના આધારમાં સાત્ત્વિક ગુણનો વિકાસ થઈ જાય

છે, ત્યારે પ્રેમ, મૈત્રી અને કરુણાની જુદી જુદી દિવ્ય કક્ષાની ભાવનાઓ જીવનમાં સહજમેળે વિકાસ પામતી માનવી અનુભવે છે.

માનવીનાં મનાદિકરણોનું અધોગામી વલણ ત્યારે શૂન્યવત્ થતું જાય છે અને મનની ચંચળતા, વ્યગ્રતા, અસ્વસ્થતા વગેરે કોઈ ચમત્કારિક રીતે અદૃશ્ય થઈ જતું માનવીને લાગે છે. સ્વાભાવિક રીતે જ ત્યારે જીવને સાચો વૈરાગ્ય પ્રકટે છે. **અહીં વૈરાગ્યનો અર્થ એટલે સંપૂર્ણ અનાસક્તિભાવ એટલે કે શ્રીભગવાનના ચરણકમળમાં જ અનન્ય આસક્તિ.** માનવીજીવનનું જે નકારાત્મક વલણ છે, તેમાં તેને હવે જરાકે વૃત્તિ રહેતી નથી, તો પછી રુચિ તો થાય જ શાની? કર્મક્ષેત્રની વાસના-મૂલક ભૂમિકાથી અને આ સંસારના અધોગામી પ્રકારના કોલાહલથી ક્યાંય દૂર પરમશાંતિમાં લય પામવા માનવીની ચેતના વિરહાકુલ બને છે. આવી વેળાએ માનવીને જે લગની લાગે છે અને એ લગનીમાં જે એકાત્મભાવ પ્રકટે છે અને એમાંથી એને જે અનુભવ-દર્શન થાય છે, તે અનુભવથી એને પોતાની તે વેળાની જીવન-ભૂમિકાથી મુક્તિ પ્રાપ્ત કરવામાં જ પરમ પુરુષાર્થ રહેલો છે, એનું એને સ્પષ્ટ દીવા જેવું જ્ઞાન થઈ જાય છે. એવો જીવાત્મા તે વેળા પોતાની આસપાસ દ્વંદ્વ અને એનાથી ઉત્પન્ન થતું સંઘર્ષણ અને યુદ્ધ નિહાળે છે અને સારોય સંસાર એનાથી વીંટળાયેલો એને જણાય છે. એવા સંસારમાંથી મુક્તિ પામ્યા વિના જીવને ક્યાંય સુખ નથી, ચેન નથી, શાંતિ નથી, એવું એને ઉત્કટતાપૂર્વક ભાન જાગે છે. એ વેળાએ એના જીવનની યોગ્ય રચનાત્મક બાજુએ વળવાના વળાંકરૂપી કટોકટીની પળ પર ઊભો હોય છે. તે વેળા તે સફાળો જાગે છે અને સહજમેળે તેમાંથી ઊઠવાના સતત પ્રયત્નોમાં જ મથ્યો, મંડ્યો રહે છે. એવો પ્રયત્ન પણ એક યુદ્ધ જ છે.

માનવ-જીવનની પ્રત્યેક ભૂમિકામાં જુદી જુદી જાતનું યુદ્ધ સમાયેલું હોય છે. આધ્યાત્મિક ઉચ્ચ ભૂમિકામાં જે યુદ્ધ સાધક સામે આવી ઊભે છે, તે કોઈ ઑર જ હોય છે. સંભવ છે કે સાધક એવા યુદ્ધને યુદ્ધ તરીકે કદાચ પ્રથમ સમજી પણ ન શકે. તેમાં એને ભુલાવામાં પડી જવાની પણ શક્યતા રહે છે. ઉચ્ચતમ ભૂમિકાના યુદ્ધનો પ્રકાર આગળ જતાં

સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ થતો જાય છે. જીવનની સાધના માટે પ્રવૃત્ત થયેલા સાધકને તે વેળા અનેક બાજુનું જુદું જુદું યુદ્ધ ખેલવાનું સાંપડે છે. એક બાજુ માનવીના જીવપ્રકૃતિના સ્વાભાવિક વલણ અનુસાર સંસાર જીવને યુદ્ધ કાજે પોકારી રહ્યો હોય છે અને બીજી તરફ એને સંસારના એવાં રાગ-વિષયાત્મક યુદ્ધ પરત્વે દિલમાં વૈરાગ્યની ભાવના પ્રકટે છે. તેવી પળે એવી સાંસારિક મથામણોમાંથી મુક્તિ મેળવવા કાજે જીવનું મન ઉત્કંઠ થયેલું હોવાથી, તે ક્ષેત્રમાં પેલી સંસારીવૃત્તિથી પળવાર પણ રહેવા તેનું મન માનતું હોતું નથી. વળી, કર્મ માત્ર વાસના, કામનાની કે દ્વંદ્વની ભૂમિકા ઉપર બને, ત્યારે તે સંસ્કારજનક અને બંધન-કારક નીવડે છે; એટલે એવી ભૂમિકા ઉપર થતાં કર્મથી નિવૃત્ત થવાને તેનું મન તલસે છે, કિન્તુ તે સાથેસાથે કર્મ કર્યા વિના ચાલતું પણ હોતું નથી. એ કારણે કર્મની પ્રવૃત્તિ સામે કર્મ-ત્યાગની પ્રવૃત્તિથી તુમુલ અને અવર્ણનીય મથામણોની હારમાળા માનવીના અંતઃકરણમાં જન્મે છે. કર્મમાત્રનો ત્યાગ તો તે કરી શકતો નથી, અને તે સાથે સાથે તેવી પરિસ્થિતિને કારણે મનમાં ઊપજતાં અનેક જાતનાં મંથનોથી જુદાં જુદાં કર્મને લીધે થતા દોષ પણ એની નજરમાં સ્પષ્ટ તરી આવતા હોવાથી, આગળ જતાં સાધકના મનમાં તેવું મંથન કરવાની વૃત્તિ પણ શમતી જાય છે. આવી બે, એકબીજાથી વિરુદ્ધ એવી સામસામેની બાજુની વૃત્તિ માનવીના દિલમાં ઊભી થાય છે, ત્યારે તે પાછો મૂંઝાય છે. તે સ્થિતિ એને ઘણી જ આકરી લાગે છે. જીવનમાં આવી સ્થિતિ, જીવનના ઉચ્ચતર અને ઉચ્ચતમ શિખરો વટાવીને જે જે ગયા છે, તે સર્વ મહાપુરુષોના જીવનમાં જન્મ્યા વિના રહેલી નથી, કેમકે એમનું એમ સ્થિતિસ્થાપક દશામાં—ત્યાંનું ત્યાં—તો કોઈપણ પડી રહી શકતું નથી. ગમે તેવા પર્વતોમાં અટવાઈ ગયેલી નદી પોતાનો માર્ગ કર્યા વિના રહેતી નથી. તેવી રીતે તેવા લોકોની, જીવનને પાર કરવાની જ્વાળામુખી સમી તમન્ના એમને યોગ્ય નવો માર્ગ સુઝાડ્યા વિના રહેતી નથી. સર્વ પ્રકારના વિચારશીલ માનવી આગળ જીવનમાં અનેક કોયડા અનેક પ્રકારે ઊભા થતા હોય છે. એવી સમસ્યા તેમના દિલમાં આંતરિક યુદ્ધ

જન્માવે છે. અને તેનો ઉકેલ કરવા માટે તેઓ સર્વ રીતે તૈયાર થાય છે. જ્યાં જ્યાં તેઓ મૂંઝાય છે કે અટકી પડે છે, ત્યાં પોતાના જીવન-સારથિ આગળ એનો નિવેડો લાવવાને તે પોતે શાંત ભાવે, પ્રસન્ન ચિત્તે શરણે જાય છે. યુદ્ધ જાગ્યા વિના, મનોમંથન થયા વિના કોઈપણ પ્રશ્નનો ઉકેલ માનવી પોતે એની મેળે કરી શકતો નથી. જીવનમાં એવી પરિસ્થિતિ પણ ઊભી થાય છે, કે જેનો યોગ્ય ઉકેલ માનવી પોતે કરી શકવાને અસમર્થ નીવડે છે. એવી વેળા એને કોઈનું શરણ લેવું જ પડે છે. જીવનની એવી પળોએ માનવીને શરણ લીધા વિના ચાલતું નથી, પછી તે પ્રશ્ન ગમે એ ભૂમિકા પરનો હોય.

માનવીના જીવનમાં જન્મથી તે તેના દેહના મૃત્યુપર્યંત વિધવિધ પ્રકારની અસંખ્ય પરિસ્થિતિ આવે છે ને જાય છે. માનવી જીવના સકળ સંસારના જે જન્મદાતા, નિર્માતા અને નિયંતા છે, તે જ એક રીતે તો સર્વ કોઈને યુદ્ધના ક્ષેત્રમાં પ્રેર્યા કે યોજ્યા કરતા હોય છે; એવું કોઈ માને તે પહેલાં તે વિધાનનું સત્ય માનવી જીવની કઈ ભૂમિકા પરથી જાગેલું છે, તેનો વિચાર કરવો જરૂરી છે. માનવીના જીવસ્વભાવનાં વલણો, વિચિત્ર પ્રકારની વૃત્તિઓ અને તેનાથી ઊપજતાં વિચિત્ર પ્રકારનાં આંદોલનો, તેના મનની જુદી જુદી જાતની રુચિ અને તેની સામેની જુદી જુદી સુરુચિ, મનની વિચિત્ર પ્રકારની પ્રવૃત્તિઓ અને તેના હેતુઓ, માનવીના મનમાં એવી પ્રકૃતિ દ્વારા ગડમથલ જન્માવે છે. તે પોતે તો તદ્દન સૂક્ષ્મ, અલિપ્ત રહીને જીવનાં તેનાં વિચિત્ર કર્મનાં પરિણામો ઉપર અંકુશ રાખે છે. (જો તેમ ના હોત તો માનવીના મનમાં કશાની વૃત્તિ ઉત્પન્ન થતાં તેના જીવનનો સર્વનાશ થઈ જાત; ત્યાં સુધી તે તેમાં પ્રવૃત્ત રહ્યા કરત. અથવા તો ઊર્ધ્વમુખી ભાવના જાગતાં તેમાં જ તે એની ટોચ સુધી પહોંચ્યા કરવામાં એકધારું રહ્યા કરી ત્યાં જઈને સમાઈ જાત.) જે બધીય કર્મપ્રવૃત્તિઓ અને ભોગપ્રવૃત્તિના પ્રેરક તથા નિયંતાના રૂપમાં દરેક જીવની અંદર હોવા છતાં પણ પોતાનું અસ્તિત્વ છૂપું રાખે છે, તેને માનવી જીવ અજ્ઞાને કરીને પોતાના જીવનના સારથિ તરીકે સ્વીકારી શકતો નથી. સમસ્ત વિશ્વની રંગભૂમિનો તે જ માત્ર

અદ્વિતીય અને અવર્ણનીય તેમજ સૂક્ષ્મપણે સર્વ ચરાચરના અંતરમાં અંતર્યામી સારથિરૂપે વિરાજેલો એવો જે નિર્માતા ને નિયંતા છે, તે જીવનમાં સાથે ને સાથે હોવા છતાં કોઈને પણ એના પ્રત્યેનું સાચું પૂરેપૂરું પ્રત્યક્ષ ભાન-જ્ઞાન પ્રકટતું નથી. તે જ આપણા જીવનને દોરવે છે, તે જ આપણો સાચો સાથી છે અને તે જ જીવનસારથિ પણ છે; પરંતુ આપણે તેને ઓળખીને તે ભાવે તેનો તેનો સ્વીકાર કરી શકતા નથી.

આવો જે આપણા જીવનને દોરનારો સારથિ માનવીથી પરખી શકાતો કેમ નથી? માનવીમાત્ર પોતાના જીવનને પોતે જ ચલાવી રહ્યો છે. પોતે જ તેનો સર્જક છે અને પોતે જ તેનો ભોક્તા છે એમ માને છે ને પોતા વિના બીજા કોઈનું એને ભાન જાગી શકતું નથી. એટલે જ આ વિશ્વની રંગભૂમિનો અંતર્યામી નટખટ ખેલાડી તેને તેના સાચા સ્વરૂપમાં અનુભવજ્ઞાનમાં કદાપિ પણ આવી શકતો નથી; કારણ કે કર્મમાર્ગમાં પોતાની જીવ પ્રકૃતિ કે સ્વભાવના પ્રેરણાબળથી જ દોરાયા કરવામાં મસ્ત હોય છે; પરંતુ તે પ્રકૃતિ કે સ્વભાવને સતત પ્રેરનારી જે અકલ્પ્ય, ગૂઢ, સૂક્ષ્મ ને દિવ્ય ચેતનાશક્તિ છે. જેના ચલણ વિના કોઈપણ કર્મ થવાં શક્ય જ નથી ને ચેતનાશક્તિનું કર્મ કરતી વેળા જીવને કદી પણ ભાન જાગતું નથી. એ જ કારણે શ્રીકૃષ્ણ ભગવાન પ્રેરકરૂપે કે પરમ ચૈતન્યરૂપે કદી પણ અનુભવમાં આવી શકતા નથી. વળી, શ્રીભગવાનનું એવું સ્વરૂપ ને એવું કાર્ય સમજાયા છતાં માનવીનું મૂર્ખ, પાજી, અજ્ઞાની મન, તેનો તેવા ભાવમાં પૂરી રીતે જ્ઞાનભક્તિપૂર્વક સ્વીકાર કરી શકતું નથી. તેને માત્ર એક મદદ કરનારા અથવા બહુ બહુ તો તેને પોતાની કામનાઓને સંતોષનાર સમજે છે તો વળી કોઈક એને ઉદાસીન માને છે. કોઈક જીવ તો વળી એને સર્વ સંબંધથી રહિત એવો નિષ્ક્રિય પણ ગણે છે અને શ્રીભગવાન વિષેની જુદા જુદા જીવની જુદી જુદી માન્યતાઓમાં પૂરતું યોગ્ય સજીવપણું પણ જુદા જુદા જીવોમાં જુદા જુદા પ્રકારનું રહ્યાં કરે છે. માનવીનું અભિમાન પણ જુદી જુદી ભૂમિકામાં ચડતાં-ઊતરતાં, સ્થૂળમાં સ્થૂળ, સૂક્ષ્મ ભૂમિકામાં સૂક્ષ્મ, એમ જુદા જુદા આકાર ધરતું હોય છે. જીવ પોતાના એવા અભિમાનને જીવનની કોઈ પણ કક્ષામાં વેગળું કરીને

જ્ઞાનભક્તિપૂર્વક વર્તતો ન હોવાથી, શ્રીભગવાનને—તેના જીવનના સર્જક, ચાલક, નિયંતા ને અંતર્યામીના સ્વરૂપમાં અનુભવી શકતો નથી. પરંતુ માનવીનું અભિમાન પણ એના જીવનકાળમાં ઘણીયે વેળા ભાંગીને ભૂકો થઈ જાય છે, એના ચૂરેચૂરા બની જાય છે; એવી વેળા એના જીવનમાં સાંપડે છે, તે તેના જીવનની, પોતાના જીવનના નિયોજક, સંચાલકને ઓળખવાની એક અમૂલ્ય દૈવી પળ છે એમ સમજવું. માનવીની બુદ્ધિ અને માનવીની શક્તિ ત્યારે કંઈ જ કામ કરી શકતી નથી અને પ્રવૃત્તિમાત્ર સંકોચ પામે છે. પોતાપણાનું અભિમાન અને પોતા ઉપરનો વિશ્વાસ અને પોતા પરનો સર્વ કાબૂ માનવી ખોઈ બેસે છે; તેવી વેળાએ માત્ર શ્રીભગવાનનાં દર્શનની ઝંખનાની શક્યતા એનામાં જાગે છે. તેના જીવનની એવી પળે જો તે યોગ્ય રીતે વિચારે અને પ્રસન્ન હૃદયે શ્રીભગવાનને પ્રાર્થે તો શ્રીભગવાન કૃપા કરીને પ્રકટ થાય છે અને સમગ્ર વિશ્વની તેમ જ વ્યષ્ટિના જીવનની સમસ્યાનો ઉકેલ તેને કૃપા કરીને બતાવે છે. આ સકળ વિશ્વમાં પળેપળ અણુએ અણુમાં ચાલી રહેલા યુદ્ધનું રહસ્ય, મહત્ત્વ અને એનો હેતુ એ સકળ જીવનના વિકાસ અર્થે છે તેનું જ્ઞાન શ્રીભગવાન તેનામાં પ્રેરે છે અને એમ કરીને જીવનના પરમ કલ્યાણનો માર્ગ તેને બતાવે છે. માનવીના જીવનમાં વિષમ પરિસ્થિતિ ઉત્પન્ન થયા વિના તે કદી ઊંડું વિચારી શકતો નથી. શ્રીભગવાન પરમ કૃપા કરીને તેને એવી વિષમ પરિસ્થિતિમાં મૂકે છે કે જેથી તે પોતાને વિષે યોગ્ય વિચાર કરવાને પ્રેરાય. ઐહિક અને પારલૌકિક કર્મનું આચરણ કરતાં કરતાં શ્રીભગવાનની દૈવી માયાથી મોહ પામીને અભિમાનથી પ્રેરાઈને માનવી પોતાની વિદ્યાને, બુદ્ધિ શક્તિને, પોતાના જીવનમાર્ગમાં પ્રવૃત્ત કરી રહ્યો છે અને તેના બાહ્ય અને અંતઃસ્વરૂપના જીવનમાં કુરુક્ષેત્ર જ્યારે પ્રકટે છે, તે વેળા બંને બાજુએ એનાં પોતાનાં જ સ્વજનોને ઊભાં રહેલાં તે પોતે જુએ છે. આમ નકારાત્મક વલણવાળા जीवस्वरूपवाळा સ્વભાવનો પરાજય કરીને, તેમનો લય કરીને, તેમના સ્વભાવના ધર્મમાંથી મુક્તિ પ્રાપ્ત કરાવીને યુદ્ધમાં વિજય મેળવવાનું તે કરે છે; પરંતુ પોતાના જીવનના એવા સ્વધર્મના આચરણમાં જે ભયંકર ઘોર અધર્મ થતો પોતે જુએ છે

અને જેમાં મનુષ્યત્વહીનતા પણ સમાયેલી જ છે, તેનો નાશ કરવાનું નિમિત્ત તેને થવું પડે છે. તેમ કર્યા વિના પ્રભુમય જીવનને તે પામી શકતો નથી. અત્યાર સુધી જેને પોતાના માન્યા છે, જેના વડે જીવનને પોષણ મળ્યું છે, જીવનનું શિક્ષણ મળ્યું છે અને જીવનને ચલાવ્યા કર્યું છે, તેમને હરાવીને, તેમને વટાવીને જવાનું આવતાં માનવીનું મન ત્રાહિત્રાહિ પોકારી ઊઠે છે. એની બુદ્ધિ ત્યારે કિંકર્તવ્યમૂઢ થઈને શ્રીભગવાનનું સારથિ તરીકેનું શરણું લે છે. શ્રીભગવાનની ચૈતન્યશક્તિ સર્વ કોઈ જીવના અંતરમાં વસેલી છે અને માનવી એનો જ પ્રેરાયો સર્વ ક્ષેત્રમાં પ્રેરાય છે, કિન્તુ મનુષ્ય તો 'હું જ બધાં કર્મોનો કર્તા છું, કશામાં પ્રવૃત્ત થવામાં કે ન થવામાં હું સંપૂર્ણ સ્વતંત્ર છું અને મારી સ્વતંત્ર વિચારશક્તિ, પ્રાણશક્તિ, બુદ્ધિશક્તિ ને ચિત્‌શક્તિ જ બધાં કર્મનું નિયમન કરે છે.' એમ ધાર્યા કરે છે ને સમજ્યા કરે છે. જીવ સંપૂર્ણ જ્ઞાનની કક્ષામાં આવ્યા પછી તેવી સમજ યોગ્ય ગણાય, પણ જીવ બિચારો અજ્ઞાનની કોટિમાં પણ તેવું જ માન્યા કરે છે એવી એની વિચિત્રતા છે. જીવમાં બુદ્ધિ હોવા છતાં જો તે પોતે સર્વશક્તિમાન છે, તો તેને કશામાં મંથન કરવાપણું રહેતું નથી ને સર્વ વ્યવહારમાં એવું બનતું હોતું નથી; તેમ છતાં પણ તેવું માનવાની ભ્રમણામાં આવો અલ્પજ્ઞાની જીવ પડ્યો રહે છે. ઊંઘતો બોલે કિંતુ જાગતો હોવા છતાં ઊંઘવાનું કરીને પડી રહ્યો હોય તે ન બોલે, એવી એક કહેવત છે, એટલે એવા પ્રકારના જીવનો ઉદ્ધાર થવો કદી શક્ય નથી.

માનવી જ્યાં સુધી બધી બાબતમાં પોતાને જ સર્વશ્રેષ્ઠ સમજતો હોય છે, ત્યાં સુધી શ્રીભગવાનનો ભાવ કદી પણ તેના આધારમાં જાગી શકવાનો જ નથી. શ્રીભગવાનના ભાવને અનુભવવા જેવી પણ માનવીના મનની ભૂમિકા એમની એમ કદી તૈયાર થઈ શકતી નથી. તેના મન સાથે ને તેના સ્વભાવ સાથે તથા અનેક પ્રકારનાં એનાં વહાલાં સ્વજન સાથે તેને અનેક વાર લડવું પડે છે. આમ તો જીવદશામાં પણ તેવું લડવાનું તો ઊપજ્યાં જ કરે છે, પરંતુ તેવી રીતે ઊપજ્યાં કરેલા યુદ્ધમાંથી જીવનો જ્ઞાનભૂમિકામાં વિકાસ થવો કદી પણ શક્ય નથી.

એટલા સારુ જે જીવ પોતાના મન ને સ્વભાવને પલટાવવાનું સમજ-પૂર્વકનું જ્ઞાન પોતાનાં રોજનાં કર્મ, વ્યવહાર અને સંબંધમાં ખંતપૂર્વક ચેતનાભરી જાગૃતિથી ભગવાન-ભક્તિની ધારણે રાખ્યા કરશે, તેના સ્વભાવમાં જરૂર ફેરપલટો થવાનો છે. એટલું જો નક્કી છે કે જીવ ઇચ્છે કે ન ઇચ્છે, તો પણ અથડામણો તો અનિવાર્ય છે, તો તેમાં એવી જ્ઞાનપૂર્વકની સમજણ રાખવાનું તે કેમ નહિ કરતો હોય? જે જીવના જીવનકાળમાં લાંબા ગાળા સુધી કોઈ ને કોઈ રીતે શ્રીભગવાનનો સંબંધ રહ્યા કરેલો હોય છે, તેવો જીવ જ જાગી શકવાનો છે. શ્રીભગવાન કૃપા કરીને એવા જીવને એની અનેક પ્રકારની પકડો કે ગ્રંથિઓ તોડાવવાને જીવનમાં એવી જાતના પ્રસંગો સાંપડ્યા કરે છે અને એવા ધન્ય પ્રસંગવેળાએ જ જે જીવ પ્રભુનો હાથ જુએ છે, તે જ જીવ ભાગ્યશાળી છે. એવો જીવ ચેતેલો છે એમ સમજવું. શ્રીભગવાન એવા જીવના અનેક પ્રસંગોમાં રહેલા હોય છે. તેને કૃપા કરીને જગાડવા, ચેતવવા, અવનવા પ્રસંગો આપે છે અને એવા અનુભવ પણ કરાવે છે. પરંતુ હજુ ભક્તિના ભાવથી જે જીવ કદી પણ અળગો થઈ શકતો નથી, તેના પૂર્વજીવનની રચનાનાં અને પુનર્જીવનની રચનાનાં તે બધાં અંગ છે, સાંકળરૂપ છે. જેમ શરીરનાં આંખ, કાન, હાથ, પગ વગેરે સકળ અંગો શરીરથી જુદાં નથી, તેમ તે સર્વ માનવજીવનની સાથે ગાઢ રીતે સંકળાયેલાં છે. કોઈ એને પોતા સાથે કશો સંબંધ નથી એમ ગણી ત્યાગ કરે; તો પણ તે બધું એનામાં સૂક્ષ્મપણે સંસારની દશામાં રહેતું હોય છે જ, એટલે સાચી રીતે તો બધાથી મુક્ત નથી.

સમસ્ત વિશ્વ ને સંસાર ભગવાનનાં છે; કારણ કે એની ચેતના-શક્તિ જ સમસ્ત સંસારની બધી ક્રિયાઓની સંયોજક, નિયોજક, વિયોજક, વિધાતા ને નિયંતા છે. બધાંયે માનવી, બધા જ પ્રકારનાં જીવો તેની સૂક્ષ્મ ગૂઢ રચનાની એક સળંગ ને સમગ્ર સાંકળરૂપે જ છે; તેથી કોઈપણ પોતપોતાના આંકડાથી વિમુખ બની શકતો નથી. શ્રીભગવાન પોતાની મોહમાયાથી જીવમાત્રને ભમાવે છે. સમસ્ત વિશ્વના રચના-વિકાસ અને તેના ગૂઢ-દિવ્ય હેતુને, પ્રભુના દિવ્ય સંકલ્પને, મૂર્ત સ્વરૂપ

આપવા બિચારો જીવ તો પૂતળાની જેમ બસ એકમાત્ર નિમિત્તરૂપે જ વર્તે છે. આ મહાન તત્ત્વજ્ઞાન અર્જુનના હૃદયમાં ઊતરી શક્યું ન હતું. અર્જુન ભ્રમમાં પડેલો હતો. હજુ એનું આવરણ દૂર થયું ન હતું. આ સંસારરૂપી સમુદ્રમાં તેના ક્ષણજીવી તરંગોમાં આમથી તેમ અફળાતો—ફેંકાતો દરેક માયામુગ્ધ જીવની મનોભૂમિકા આર્દ્ર બનેલી નથી, તે જીવના આધારમાં તેવા અનુભવો મળ્યા હોવા છતાં, તેનો ઉઠાવ, છાપ કે અસર પૂરતાં પડી શકતાં નથી. જીવનના પ્રત્યેક વ્યવહાર, સંબંધમાં જે જીવ શ્રીભગવાનની ભાવનાને હેતુપૂર્વક જોડ્યા કરે છે અને એવી વેળા જે જીવનું મન શ્રીભગવાનની ભક્તિમાં રમ્યા કરે છે, અથવા એવો જેને અભ્યાસ છે અને હૃદયની જેને ઉત્કંઠ એવી ઝંખના છે, તે જીવ શ્રીભગવાનને સર્વ ભાવે ને સર્વ રીતે, સર્વ શ્રેષ્ઠ,સર્વ સમર્થ માનીને એને જ શરણે દોડ્યો જશે. જીવનના રોજના વ્યવહારમાં પણ કોઈ પણ મોટા ગણાતા સજ્જનનો સંબંધ આપણા ખપમાં આવે છે, તો જ્ઞાન-ભક્તિ-યોગ ભાવનાથી કરી શ્રીભગવાનનો સંબંધ જે જીવ કેળવે છે, તે તો કેમ ફરી ફોગટ થઈ શકે? આપણે જ શ્રીભગવાનને હડસેલી મૂકીએ છીએ અને ઘણીય વેળા તેનો સ્પષ્ટ ઇન્કાર પણ કરીએ છીએ. જીવ એના પર શ્રદ્ધા-વિશ્વાસ રાખતો નથી, પણ તે તો રાખે છે જ. જીવ એને ઘણાંયે અન્યાયો કરે છે. એના અસ્તિત્વને પણ તે સ્વીકારતો નથી, તેમ છતાં તે જીવને અવગણતો નથી. જીવ એને અવગણે છે, પરંતુ એવું હોવાં છતાં પણ જીવ જ્યારે એને પ્રેમ-ભક્તિ-ભાવે યાદ કરે છે, ત્યારે તે આવ્યા વિના પણ રહેતો નથી.

જીવનમાં સતત સર્વ પ્રસંગો, પરિસ્થિતિ, કર્મ, વ્યવહાર, સંબંધ આદિથી જીવ કોઈ અને કોઈ આવી જ જાતની ભ્રમણામાં પડેલો હોય છે; કિન્તુ સામાન્ય જીવમાં ને અર્જુનમાં ફેરમાત્ર એ છે કે, તેને શ્રીભગવાનનો સંબંધ કોઈ ને કોઈ પ્રકારે જીવનમાં રહ્યા કરેલો છે. શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને પોતાનો ભક્ત બનાવવા માગે છે. તે જ્યારે કૃપા કરે છે, ત્યારે તેની કૃપાનો પાર રહેતો નથી. પોતે પોતાને પ્રકટ કરીને અર્જુનને તે વેળાએ દિવ્ય અંતર્દૃષ્ટિ આપે છે અને સ્પષ્ટપણે અનુભવ કરાવે છે કે આ સકળ સંસારનો કર્તા મનુષ્ય નથી, એટલું જ

નહિ, પરંતુ માનવીમાત્રનાં સકળ કર્મો તેમની સ્વતંત્ર ઇચ્છાથી, શક્તિથી કે બુદ્ધિથી નથી બનતાં; પરંતુ તેમની પ્રકૃતિમાં પ્રેરાઈ રહેલી ચેતનાશક્તિને આધારે તે તે સઘળું થયા કરતું હોય છે; પણ માનવી તેમાં પોતાપણાનું અભિમાન રાખ્યા કરતો હોય છે; એટલે તેમાં તે વધારે ને વધારે જકડાતો જાય છે. આ સંસારના ક્ષેત્રમાં સર્વત્ર જે અનેક પ્રકારનાં યુદ્ધ ખેલાઈ રહેલાં છે, તે એની મેળે કદી પણ ઉદ્‌ભવતાં હોતાં નથી. જે જાતની શક્તિ-સામર્થ્યવાળી પરિસ્થિતિમાં જીવ હોય છે, તે પ્રમાણે એનું કર્મ રચાતું હોય છે અને તે પ્રમાણે જ આ સંસારના યુદ્ધક્ષેત્રમાં એને પ્રવૃત્ત થવાને યોજાવું પડે છે. સર્વ કોઈના જીવનમાં તેના જીવનવહેણનો પટ નિશ્ચિત થયેલો હોય છે અને પ્રત્યેક જીવને પોતાના જીવનમાં એને એ રીતે વ્યક્ત કરવો પડે છે.

'તો પછી માનવી જીવને પોતાના વિશે સ્વતંત્રતા જેવું ભાન ઊઠ્યા કરે છે તેનું શું?' એમ સહેજે મનમાં પ્રશ્ન ઊઠે. જમીન પર વરસાદ પડતાં લીલાં અંકુરો ફૂટી નીકળે છે. એમાં જમીનમાં તે લીલોતરીનું ચેતનબીજ અંતર્ગત હતું જ ને તે માટી સાથે વરસાદનો સ્પર્શ થતાં તે ઊગી નીકળ્યું. જનસમાજનું અવલોકન કરતાં જણાશે, કે કેટલાકમાં દાખલા તરીકે, સંગીતની વિદ્યા-કળા ખૂબ વિકસેલી હોય છે. સાધારણ રીતે તેવો સંગીતકાર પોતે અને બીજાં બધાં માને છે કે તે અમુક કુશળ ઉસ્તાદ પાસે શીખ્યો અને આટલાં વર્ષો મહેનત કરી, તેથી તેવો પ્રવીણ થઈ શક્યો. પણ એનામાં સંગીતને ઝીલવાની અને એ વિદ્યા-કળાનો વિકાસ કરે એવી અંતર્ગત ચેતનાશક્તિ જ ન હોત તો?—એનામાં સંગીતશક્તિ બીજરૂપે ન પડી હોત તો? એટલે એનામાં પહેલેથી જ એવું 'કૈંક' હતું કે જે સંજોગો મળતાં આપોઆપ બહાર ખીલી નીકળ્યું. એવી રીતે દરેક ક્ષેત્રમાં માનવીનું વ્યક્ત થવું થાય છે; કેમ કે માનવીની રચનામાં જ કૈંક એવું છે કે જે વ્યક્ત થાય છે. એમાં કંઈ તે વ્યક્તિની સ્વતંત્રતા નથી.

માટી જો એમ સમજે, કે મેં મારામાંથી ઝાડ કે વનસ્પતિ ઉપજાવી તો તે અયોગ્ય છે. માટીમાં જ કંઈક એવું તત્ત્વ રહેલું છે કે જે વરસાદ, તાપ વગેરે સંજોગો મળતાં વનસ્પતિ રૂપે વ્યક્ત થાય. જો એમ ન હોત તો અળસિયાં વગેરે જીવોની ઉત્પત્તિ માટીમાંથી કેમ થાય?

તેવી જ રીતે અવકાશમાં કે આકાશમાં પણ નિહારિકા અને તેમાંથી તારાની ઉત્પત્તિ થાય છે; કેમ કે આકાશમાં જ એવું કૈંક છે, કે જે એવી રીતે છેવટે વ્યક્ત થાય છે. એક નાના સરખા અણુમાં એક આખા શહેરનો વિનાશ કરવાની અંતર્ગત શક્તિ છે ને તે પણ સંજોગો મળતાં તેનું આપોઆપ એવું વિનાશકારક તત્ત્વ બની શકે છે, એ તો આપણી માહિતીની વાત છે.

નદીનો પ્રવાહ પણ એવી જ રીતે અંતર્ગત કૈંકના વ્યક્ત થવાથી થાય છે. પાણીનો ગુણ જ એવો છે કે તે નીચાણવાળા ભાગે વહી જાય; એટલે આપોઆપ રેલો થાય છે અને ઘણા રેલા મળતાં નદી થાય છે.

જો બાળકમાં કૈંક અંતર્ગત એવું ન હોત, કે જેથી તે મોટું થઈ શકે; તો પછી માનવજાતિની હયાતી જ ન હોત. માના પેટમાં, જ્યારે એને 'બાળક' પણ ન કહેવાય, એવી સ્થિતિમાં પણ એના સહજ સ્વભાવથી એની અભિવ્યક્તિ થયા કરે છે. અંગ્રેજીમાં કેળવણી માટે 'એજ્યુકેશન' શબ્દ છે. તેનું મૂળ લેટિન ભાષાના બે શબ્દો છે. ઈ એટલે બહાર અને ડ્યુકો એટલે હું ખેચું છું. આમ એજ્યુકેશન એટલે અંદર હોય તે બહાર ખેંચી આણવું. કેળવણી કંઈ નવું જ તત્ત્વ—બાળકમાં જેનું બીજ જ ન હોય તેવું તત્ત્વ-બહારથી આણતી નથી. માત્ર બાળકમાં જે અંદર રહેલું જ છે, તેને બહાર ખેંચી આણે છે ને વ્યક્ત કરાવે છે.

આમ સર્વ કંઈની રચનાના મૂળમાં જ એવું કશુંક રહેલું છે, કે જેનાથી કરીને સર્વ કોઈ વ્યક્ત થયા કરે છે અને કર્મમાં પ્રવેશે છે ને નવું નવું રૂપાંતર પામે છે. અને તે તે પોતાની સ્વતંત્રતા છે એમ સમજે છે.

શ્રીભગવાનની ચેતનાશક્તિ બધામાં રહેલી છે. તે વ્યક્ત થયા કરવાની જ. એ વ્યક્ત થવાની ક્રિયા પણ તેના અંતરમાં ને તેની રચનામાં અંતર્ગૂઢ રહેલી જ છે. તેવી જ રીતે પ્રત્યેક માનવી જીવની પ્રકૃતિની અંદર પોતાની વિચારશક્તિરૂપ ઇચ્છા-શક્તિને સૂક્ષ્મપણે સંગ્રહી રાખેલી હોય છે, એને લીધે જ માનવીને પોતાની સ્વતંત્રતાનું ભાન તે કર્મક્ષેત્રની મર્યાદા પૂરતું થતું હોય છે. માનવી જીવ જો ખરેખર સ્વતંત્ર હોય, તો એનાં જીવનમાં સર્વ પાસામાં તે પોતાના ધાર્યા પ્રમાણે જ વર્તવા

શક્તિમાન હોવો ઘટે. માનવી પોતાના ઘરની મર્યાદામાં જ સ્વતંત્ર છે, મર્યાદા બહાર સ્વતંત્ર નથી. અને પોતાના ઘરમાં પણ તે તદ્દન સ્વતંત્ર તો નથી જ. ત્યાં પણ એને ઘરનાં કેટલાંય સ્વજનોની ઇચ્છાને આધીન રહેવું જ પડે છે. આમ વિચારતાં જીવને લાગતી સ્વતંત્રતાનું ભાન પણ શ્રીભગવાને ઘડેલી માનવીની પ્રકૃતિનો જ અંશ છે. જીવને નક્કી થયેલા પોતાના જીવનક્ષેત્રમાં જ એવી સ્વતંત્રતાનું ભાન જાગે છે અને એવા નિશ્ચિત થયેલા સાધનક્ષેત્રમાંથી ભાગી છૂટવાની સ્વતંત્રતા માનવીને નથી. માનવી જો ખરેખર એવો સ્વતંત્ર હોત તો પોતાની બધી ધારણાઓ ફળાવી શક્યો હોત. માનવી ધારે છે, તે રીતે તેવું કશું પૂરું ફળાવી શકાતું નથી. એમ હોત તો નરસિંહ મહેતાના ગાવા પ્રમાણે સૌ કોઈ શત્રુ મારીને મિત્ર જ રાખત અને ભવન પર છત્ર દાખવત. જીવનમાં સદ્‌ભાવના કેળવી કેળવીને જીવમાત્ર પ્રત્યે જે જીવ પ્રેમભાવ જ રાખે છે, તે પણ સંપૂર્ણ સ્વતંત્ર નથી. માનવી જો પોતાની વિચારશક્તિ, ઇચ્છાશક્તિ, બુદ્ધિશક્તિ અને ચિત્તશક્તિને યોગ્ય રીતે કેળવીને, ખીલવીને ઉપરનું તત્ત્વજ્ઞાન સમજી લે અને શ્રીભગવાને નિર્મેલી વિશ્વરચનાના સાધનસંગ્રામમાં શ્રીભગવાને જ આપેલાં શક્તિ અને સામર્થ્ય પૂરેપૂરાં અજમાવે, કર્મનાં કર્તૃત્વની અને એનાં ફળની આકાંક્ષા અને ક્ષમતાની પૂરેપૂરી નિરર્થકતા મનથી સમજી લે, જે છે ને જે મળે છે ને જે મળશે, તે બધું એની પ્રસાદીરૂપ ગણી એને સ્વીકારી લે, અને પોતાની પ્રકૃતિ અને અવસ્થાને યોગ્ય હૃદયની પ્રેરણાથી જીવન-સાધનામાં જો લાગી જાય, તો તે જીવનસંગ્રામમાંથી મુક્ત થઈ શકે અને એનું જીવતર ધન્ય થઈ જાય. માનવી જો આવી રીતે ભક્તિ-જ્ઞાન-યોગ-ભાવે પોતાનું જીવન શ્રીભગવત્પ્રીત્યર્થે જ ગાળવાનું કરે, તો તેને રાગ, દ્વેષ, સુખ અને દુઃખ, શોખ અને મોહ વગેરેનું કંઈ કારણ રહેતું નથી; અને મનમાં તેવું જ્ઞાન ઊગે, તો કોઈપણ પ્રકારનો વિષાદ જાગવાનો સંભવ પણ રહેતો નથી.

દરેક માનવી પોતાના કાર્યમાં કઈ રીતે દોરાય છે તે આપણે વિચારવું જોઈશે. શ્રીહરિની અકળ અને અટળ વિશ્વરચનાના દિવ્ય ગૂઢ

હેતુના ફલનાર્થે વિશ્વની પ્રકૃતિ અને જીવની પોતાની પ્રકૃતિ, એનાથી ચલાયમાન થઈને, પોતાના જ જીવનક્ષેત્રને અનુલક્ષીને પ્રત્યેક માનવી કર્મમાં પ્રેરાતો જતો હોય છે; કિન્તુ પ્રત્યેક માનવીની વિચારશક્તિનો વિકાસ જે જે પ્રમાણે થતો જાય છે, તે તે પ્રમાણે તેના આકાર પણ થતા જતા હોય છે. માનવીનું માનસ તેણે રચેલી દુનિયાની મર્યાદામાં જ રમ્યા કરે છે. તેનાથી છૂટું તેનું જવું, રહેવું, ઊડવું, જીવવું ઘણું કરીને શક્ય હોતું નથી. પ્રત્યેક માનવીને પોતપોતાના કર્મક્ષેત્રની મર્યાદા હોય છે. તે મર્યાદાનો વિસ્તાર પણ તે ધારે તેમ કરી શકતો નથી. માનવીની માનસિક દુનિયા પણ જુદા જુદા પ્રકારની હોય છે. કોઈકની ઇન્દ્રિયોની લોલુપતામાં, તો કોઈકની લૌકિક સંપત્તિમાં, તો કોઈકની દુનિયામાં માનમરતબો મેળવવામાં સમાયેલી રહ્યા કરે છે. કોઈકની સત્તાની પ્રાપ્તિમાં, કોઈકની સદ્‌ગુણ-પ્રાપ્તિમાં, કોઈકની અનુયાયી મેળવવામાં ને તેમને દોરવામાં, કોઈકની સમાજરચનાના તેમને ગમેલા ધ્યેયની પ્રાપ્તિમાં કે પોતાના કોઈ સમૂહ કે ભૌગોલિક મર્યાદાથી અંકાયેલા દેશમાં કે પોતાને મનગમતા મંતવ્યના ફેલાવામાં કે મનગમતી રીતે પોતાની કલ્પના મુજબની માનવસેવામાં, કોઈની ભૌતિક કે માનસિક વિજ્ઞાનની કોઈ શાખાના લક્ષણની શોધમાં કે કલ્પના કે લાગણીને શબ્દનો આકાર આપવામાં, કોઈની સ્વજનોને સહાયરૂપ કે વિઘ્નરૂપ થવામાં, વેપાર-ઉદ્યોગ વગેરેમાં, કામક્રોધાદિ વૃત્તિઓના વમળમાં કે તેમાંથી કોઈપણ એક કે વધારેના તીવ્ર અનુશીલનમાં—એવી એવી અસંખ્ય જુદી જુદી જાતની પણ તેમ છતાં સંકુચિત પટમાં સમાયેલી હોય છે.

જેટજેટલા પ્રકારની વાસના, કામના, લાલસા, આશા, ઇચ્છા, વૃત્તિ અને ભાવના છે, તેટતેટલા પ્રકારની તેવા તેવા જીવની તેવી તેવી સૃષ્ટિ નિર્માણ થયેલી રહે છે. જીવની જે જે પ્રકારની જે જે કામ પૂરતી વૃત્તિ રહ્યા કરે છે; તે પ્રકારે જ માનવી દોરવાયે જતો હોય છે; ને તે તે કર્મક્ષેત્રની મર્યાદામાં પોતાની શક્તિનો ઉપયોગ તે પ્રમાણે કર્યા કરે છે. તેમાંયે વળી કોઈક જ જીવ એવો હોય છે કે જે પોતાની સમગ્ર શક્તિનો પૂરેપૂરો ઉપયોગ કરે છે; કિન્તુ તેવા કર્મનું ભલેને ઉત્તમ પરિણામ આવતું

હોય; તો પણ માનવી પોતાની જાતને પોતાના મનની ક્ષુદ્ર સીમાની અંદર જકડી લે છે—બાંધી રાખે છે. વિચાર તેવી સૃષ્ટિ, વિચાર કે વૃત્તિને પાર જવાને તે સમર્થ થતો નથી અને આખરે તો એણે દ્વંદ્વની ભૂમિકા પર કરેલાં કર્મોનાં તે તે જાતનાં પરિણામો—જે ઇચ્છે કે ન ઇચ્છે તોપણ—તેને સ્વીકારવાં જ પડે છે. જીવમાત્રની કર્મની ભૂમિકા પણ જુદા જુદા પ્રકારની હોય છે. એવી ભૂમિકાનો જેવો હેતુ હોય છે, તેટલા ને તેવા પ્રમાણમાં જીવની વૃત્તિ તેવી થવાનો સંભવ રહે છે. સાંસારિક વૃત્તિમાં માત્ર જે જીવ ખૂંચેલા રહ્યા કરે છે અને એવી બસ એક સ્વાર્થની પરંપરામાં જે જીવ જકડાયેલો રહે છે, તેના કરતાં જે જીવ સારાયે દેશ, જાતિ કે સમાજનાં કલ્યાણને લક્ષમાં રાખીને—પોતાના સ્વભાવને યોગ્ય ભાવમાં વિકસાવવાને—જે કર્મ કર્યા કરે છે, તો તેવો જીવ પોતે પસંદ કરેલા કર્મક્ષેત્રની ઉચ્ચતર કક્ષાએ ગુણભાવે પરિણામે દૈહિક અને કૌટુંબિક વૃત્તિના ટૂંકા કૂંડાળામાંથી વધારે મોકળો થતો જાય છે; કિન્તુ આવા ઉચ્ચક્ષેત્રના કર્મમાં પણ જે જીવ રાગદ્વેષની ભૂમિકાને કાયમ રાખીને જ અથવા તો તે ભૂમિકા પરથી જ જો કામ કરવાનું રાખે છે, તો તે કર્મનું ક્ષેત્ર ઊંચી ભાવનાનું હોવા છતાં સાંસારિક **કર્મક્ષેત્રવાળા જીવના ગુણવિકાસની સ્થિતિમાં ફેર પડતો નથી. કર્મનું ક્ષેત્ર ઊંચું હોય કે નીચું, તેના પર કર્મના પરિણામનો આધાર નથી; કિંતુ પોતપોતાને મળતા જતા કર્મક્ષેત્રમાં માનવી પોતાના મનનો જીવતો જાગતો હેતુ કેવો પ્રકારનો રાખે છે, તેના પર કર્મના કનિષ્ઠ કે ઉત્તમ પરિણામનો આધાર રહે છે.** દેશ, જાતિ કે સમાજના કલ્યાણમાં—સેવામાં—પડેલો માનવી જીવ દૈહિક કે કૌટુંબિક સંબંધોની અવગણના કરી શકે નહિ. જો તે તેમ કરે તો તેની સેવાનો દાવો ખોટો ઠરે. પોતાને મળતા જતા કર્મક્ષેત્રમાં પોતાના જીવનઆદર્શનો હંમેશાં જે સુમેળ સાધવાને હૃદયની ચેતનાભરી ઉત્કટ જાગૃતિથી એકધારો પ્રયત્નશીલ રહે છે, તે માનવીનું નૈતિક અને આધ્યાત્મિક જીવન ઉન્નત બનતું જાય છે. તે તે કર્મ કરવાના સમયે જો તે માનવીના અંતઃકરણનું વલણ તેના જીવન-ધ્યેયને અનુરૂપ હોય ને તે સાથે સાથે તેને યોગ્ય જીવતીજાગતી ધારણા તેમાં (કર્મમાં) એ રાખ્યા

કરે, તો એનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ નિર્મળ થતાં જાય છે; કારણ કે કર્મના ફળનો, કઈ કઈ ભૂમિકા પર એ બન્યા કરે છે એના પર સકળ આધાર રહે છે. જે માનવી પોતાની ક્ષુદ્ર વાસનાઓને—સ્વાર્થને છોડી એકમાત્ર પારમાર્થિક જીવન સતત એકધારું ગાળવાનું કરે છે, તે સાપેક્ષ રીતે ઉચ્ચ જીવનનો અધિકારી બને છે ખરો; પરંતુ તે તે ક્ષેત્રના થતા તે તે કર્મથી જો તેની માનસિક ભૂમિકામાં મૂળભૂત ફેરફારો થયા કરતા, અથવા પોતાના જીવનનો સર્વાંગી વિકાસ થતો જે ન અનુભવી શકે, તો તેના ધ્યેયની તમન્નામાં ને તેના આચરણની ભાવનામાં ક્યાંક વિસંવાદ છે, તે વાત નક્કી. જ્યાં વિસંવાદ ત્યાં અશાંતિ, જ્યાં અશાંતિ ત્યાં વિકાસની રૂંધામણ. એવી રીતે જે કર્મક્ષેત્રની આંતરિક પ્રવૃત્તિમાં તટસ્થતાથી, નિરપેક્ષપણે પોતે પોતાને જોતો રહે છે; તે પરમાર્થ–પ્રાપ્તિ માર્ગમાં આગળ વધી શકે છે. કર્મ કરતી પળે માનવીનું મન કેવા કેવા તુક્કા ઉઠાવે છે અને કેવી કેવી રીતે તેમાં પ્રેરાતું હોય છે, તે તેણે જાણવું જ પડશે. ત્યાં પણ યુદ્ધ જ થતું હોય છે. તેવું યુદ્ધ જ્ઞાન-ભક્તિ-યોગની યોગ્ય સમજણપૂર્વક ખેલ્યા કરવાનું જે રાખે છે, તે જીવનો ભાવના-વિસ્તાર પણ થતો જ રહે છે. અનેક પ્રકારની ક્ષુદ્ર મર્યાદાઓમાંથી પોતે મુક્ત થતો જતો તે પોતાને અનુભવશે. **મનુષ્ય એકમાત્ર શ્રીભગવાનની સેવારૂપ સર્વોત્તમ જીવનધ્યેયને પોતાના અંતઃકરણથી લક્ષમાં રાખી-રાખીને જે જે પરિસ્થિતિ મળતી જાય, તેમાંના પોતાના સ્વધર્મને પિછાનીને યથાયોગ્ય યથાપ્રાપ્ત આચરણ કરે, તો તે કર્મ દ્વારા જ સંસારબંધનમાંથી પૂરેપૂરો મુક્ત થઈ શ્રીભગવાનની પ્રાપ્તિ કરી શકે છે. માનવી હૃદયની ભાવના કેટકેટલી સર્વોત્કૃષ્ટ અને કેટકેટલા પ્રમાણમાં જીવતી-જાગતી કર્મ કરતી પળે રહે છે, તે પ્રમાણે કર્મના પરિણામનો આધાર રહે છે. તેવી રીતનાં થતાં કર્મોથી ઉત્પન્ન થતા આગલાપાછલા કોઈ દોષ કે ગુણ બંધનકર્તા બનતા નથી.** શ્રીભગવાનની ભક્તિ, જ્ઞાન ને યોગ અને ધ્યાનની એકાગ્ર, કેન્દ્રિત અને સમગ્ર હૃદયની ભાવનાથી આદરાયેલાં અને તેવા જીવન-આદર્શના સ્વધર્મથી અનુષ્ઠાતાં કર્મોમાંથી કશું ઊંધું નીપજી શકતું નથી. કશું ઊંધા જેવું દેખાય, છતાં

તેનું પરિણામ તો શ્રીભગવદ્‌ભાવનાની પરમ કલ્યાણની સ્થિતિમાં જ પરિણમે છે તે વાત નક્કી છે.

જીવનની તેવા પ્રકારની સાધનાનાં કર્મોમાં હૃદયમાં સુમેળ જાગેલો ને જામેલો હશે; છતાં તેવાં કર્મોનાં બાહ્ય સ્વરૂપમાં કદીક સાત્ત્વિક ઉગ્રતા પણ આવી જવાનો પૂરો સંભવ છે. ત્યાં પણ યુદ્ધ જ રહેલું છે. એવા કર્મના ક્ષેત્રમાં ભગવાન બ્રહ્માનું સર્જન પણ હોય, ભગવાન વિષ્ણુનું રક્ષણ અને પોષણ પણ હોય અને ભગવાન શંકરનું વિનાશકારી તાંડવ પણ હોય; પરંતુ કશુંક ઉપરથી દેખાતું હોય, તે પરથી કશાનો ખ્યાલ બાંધી લેવો તે જ્ઞાનયુક્ત નથી. જેની અંતરની ભૂમિકા તદ્દન શાંતિવાળી ને પ્રેમભાવથી અવિચ્છિન્નપણે સંપૂર્ણ એકતાના આનંદભાવવાળી હોય છે, તેના કર્મના આકાર-પ્રકાર સામાન્ય માનવ જીવ કરતાં કોઈ જુદા જ પ્રકારના હોવા જોઈએ, એવું અનુમાન સ્થૂળ રીતે પૂરેપૂરું સાચું નથી. તેવા કેટલાકની બાબતમાં સ્થૂળ રીતે તેમના કર્મનો આકાર ને પ્રકાર જુદો પણ હોય છે; તેમજ જીવનની સાધનાની સર્વોત્કૃષ્ટ દશામાં પણ તે તે સમયના યુદ્ધની ભયંકરતા જુદી જુદી હોય છે. તેવી દેખીતી ભયંકરતા એ નરી સ્થૂળ ભયંકરતા છે, એમ માનવું એ ભ્રમજનક છે. આધ્યાત્મિક જીવનની સાધનાની ભૂમિકાનો પ્રકાર પણ બદલાતો જતો હોય છે. જેમ જેમ ભૂમિકા બદલાય, તેમ તેમ પ્રકાર ને આકાર પણ બદલાય. એક કર્મ જે સંસારી ઘરેડમાં પડેલો માનવી કરે, તેનું તે જ કર્મ સર્વોત્કૃષ્ટ કક્ષામાં પહોંચેલો આધ્યાત્મિક જીવન-સાધનાવાળો જીવ કરે તે બંનેમાં કર્મ એક હોવા છતાં તેમના બંનેની આંતરિક મનોભાવનામાં સ્પષ્ટ ફેર હોય છે. પહેલો જીવ વાસનાથી ભરપૂર છે, જ્યારે બીજો સાત્ત્વિક જીવનના માધુર્યથી ભરપૂર હોય છે. કોઈ પણ માનવી પોતાની આવી પડેલી પરિસ્થિતિમાંથી ભાગી જઈ કદી પણ છૂટકારો મેળવી શકતો નથી. દેખીતી રીતે કોઈ તેવો છૂટકારો મેળવે છે, તો કંઈ તે પરિસ્થિતિનાં તે કર્મના વિચાર કે તે કર્મની સુખ-દુઃખાદિ વૃત્તિ તેને કદી છોડી શકતી નથી. જે માનવી જેવી જાતની પરિસ્થિતિમાં આવી પડ્યો હોય તેમાં તેને તે પ્રમાણે જોડાવું જ પડે છે. 'જોડાવું' પડવાના અર્થમાં જ સંગ્રામ

રહેલો છે. આવા સંગ્રામમાંથી મુક્ત થવાનો એકમાત્ર રામબાણ ઉપાય અંતરથી અંતરમાં શ્રીભગવાનને આપણા જીવનરથનો સારથિ બનાવી દઈને, ભાવનાથી તેને ભાવનામાં દૃઢપણે સ્થાપન કરીને, જીવનનાં સર્વ કર્મોમાં, આદિ, મધ્ય અને અંતમાં, તેને તેના સંચાલકના ભાવમાં ને રૂપમાં નીરખ્યા કરી અને તેના ચરણકમળમાં સર્વ ભાવે ને સર્વ રીતે આત્મસમર્પણ કરવામાં જ રહેલો છે. શ્રીભગવાન દ્વારા મળેલા સંસાર ક્ષેત્રની મર્યાદામાં અને એ મર્યાદાના વિસ્તારમાં પણ તેણે કૃપા કરીને આપેલા શક્તિ-સામર્થ્યનો તેની જ જીવનભાવનાને અર્થે હૃદયથી ભક્તિ-જ્ઞાન-યોગ-ધ્યાનપૂર્વક ઉપયોગ કર્યા કરી, તેના અટલ વિધાન અનુસાર મળતા જતા સંગ્રામના અંતર્બાહ્ય રૂપમાં જ્યારે જ્યારે જે પ્રકારનું જે કંઈ ઉદ્ભવ્યા કરે, એનો હૃદયથી સત્કાર કરવો જ પડશે; એટલું જ નહિ, પરંતુ જીવનનું દિવ્ય ઉચ્ચતમ ભૂમિકાઓ પર આરોહણ કરાવવા, તેનામાં પ્રભુતા પ્રકટાવવા, જીવનના આદર્શને તેજસ્વી રાખીને જીવનની સાધનાને વધારે પ્રજ્વલિતપણે તેના એક પછી એક ઊંચા શિખરો કુદાવતી આપણે કરવી જ પડશે.

જીવનમાં જ્ઞાન-ભક્તિ-યોગપૂર્વક શ્રીભગવાનના યંત્ર બનવાને માટે અથવા તો જીવનની તે તે અવસ્થા પછીની સ્થિતિમાં, તેવા ભાવનું સ્વરૂપ જીવતું રહે તે કાજે, તે તે ભૂમિકાઓમાં પણ યુદ્ધ આવવાનું જ. તે યુદ્ધ વળી જુદી જ તરેહનું હોય છે; કિન્તુ જીવનની ઉચ્ચતર અને દિવ્ય થતી જતી ભૂમિકાઓમાં યુદ્ધની મથામણ પણ સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ થતી જાય છે. જીવનની જે પ્રકારની ભૂમિકા પર પોતે ઊભો હોય, તે પ્રકારના હેતુની સમજણથી તેને ઓળખવાનું કે સમજવાનું બહુ ઓછા જીવથી બની શકે છે. જ્યારે માનવી પોતાનાં જીવ કરણોના સ્વધર્મ છોડી શ્રીભગવાનને શરણે જાય છે, ત્યારે શ્રીભગવાન એને એનાં બધાં પાપોમાંથી મુક્ત કરે છે. મનનો સ્વધર્મ સંકલ્પ-વિકલ્પનો, બુદ્ધિનો સ્વધર્મ એને પટ આપવાનો, ચિત્તનો સંસ્કારનો અને પ્રાણનો કામનાઓનો હોય છે. આ અને તેનાથી પણ બીજાં સૂક્ષ્મ કરણોના સ્વધર્મને જે જીવ સંપૂર્ણપણે છોડી દે છે, તેને કર્મબંધન નથી. જેને કર્મબંધન નથી તેને યુદ્ધ પણ નથી.

'સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ' અહીં 'બધા ધર્મો છોડીને' એવું સૂચન શ્રીભગવાન અર્જુનને કરે છે. માનવી જીવથી એવા ધર્મો કંઈ એમ ને એમ છૂટી શકતા નથી; એટલે જે જીવને એ બાબતની ધગધગતી તમન્ના લાગેલી છે; તેને તેના આધારનાં કરણોના તેવા તેવા પ્રકૃતિજન્ય ધર્મોથી મોકળા થવા કાજે ઝૂઝવું જ પડે છે. આવા ધર્મોને છોડવા એ મહાન ભગીરથ કાર્ય છે; એવું કેટલાકનું કહેવું છે ને માનવું છે. કિન્તુ જીવનના ધ્યેય માટે હૃદયની તાલાવેલી જેને લાગેલી છે, તેવા મનુષ્યને ધ્યેય પરત્વેની ચેતનાભરી જાગ્રતિ રહે છે જ. જેને એવી જીવતી જાગ્રતિ રહે છે, તેવાને માટે પોતાનાં કરણોના પ્રકૃતિજન્ય ધર્મો છોડવા, એ અઘરું બનતું નથી. કોઈ મોટા વેપારીને ત્યાં ભારે રકમનો સોદો કરવા કોઈ ઘરાક આવે છે. તેનું વર્તન, તેની રીતભાત, પહેરવેશ અને હલનચલન એટલાં બધાં વિચિત્ર ને બેહૂદાં હોય છે કે, તે ઘૃણાને પાત્ર લાગે ને મનમાં સહેજે ક્રોધ ઉદ્ભવે; પરંતુ વેપારીના મનમાં 'ક્રોધ કરીશ તો આવડો મોટો સોદો બગડી જશે' અને થવાના સોદાની સાથે પેલાની બધી વિચિત્રતા અને બેહૂદાપણાનો કશો સંબંધ નથી, એવી મનમાં સમજ રહેતી હોવાથી તે ક્રોધને ઊગવા દેતો નથી. આ હકીકત બરાબર સમજી શકાય તેવી છે. ઘરાક એવો હતો કે સ્વાભાવિક ક્રોધ ચઢે; પરંતુ વેપારીના દિલમાં સોદો બગડી જવાની જાગૃતિ રહેતી હોવાથી ક્રોધને નિવારી શકવામાં એને સફળતા મળે છે. સાધકના હૃદયમાં જો પોતાના જીવન-ધ્યેયની ચેતનાભરી અખંડ જાગૃતિ હોય, તો બધા પ્રકૃતિ-ધર્મો છોડવાનું તેને માટે જરાકે મુશ્કેલ નથી. સાધકને પોતાના જીવનધ્યેય પરત્વેનું, પોતાના આધારનાં બધાં કરણોનું ધ્યેયને યોગ્ય જ્ઞાન-ભક્તિ-યોગની ભાવનાવાળું વલણ રહ્યાં કરે, તો શ્રીભગવાને તેને બધાં પાપોમાંથી મુક્ત કરવાનું અભયવચન આપી રાખ્યું છે. અજ્ઞાની કે જ્ઞાની, સર્વ કોઈના જીવનમાં, જીવનની સર્વ પ્રકારની ભૂમિકા પર યુદ્ધ તો રહેલું જ છે અને માનવી તે યુદ્ધનો જે રીતે સ્વીકાર કરે છે અને જે હેતુથી ને જે ભાવનાથી તેમાં પોતે પરોવાય છે, તેના પર એના જીવનવિકાસનો આધાર રહેતો હોય છે. યુદ્ધ વિના મંથન નહિ. મંથન વિના કશાનો ઉકેલ નથી.

આમ યુદ્ધથી જ જીવનનું વિકસન અને ઊર્ધ્વારોહરણ થતું હોય છે.

૩૪. સાધકોને શીખ

(૧) મુખથી કે મનમાં જાગ્રતપણે જપ; સાથેસાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

(૨) પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમજ નરસું, બન્નેનું.

(૩) સાક્ષીભાવ, જાગ્રતિ, વિચારોની સાંકળ ન જોડો.

(૪) બને તેટલું વાચિક ને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગ્રતિથી કેળવ્યાં કરો.

(૫) આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો; નમ્રતા કેળવો; શૂન્ય થવાનું ધ્યેય રાખો.

(૬) ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર ને આર્ત ભાવથી પ્રાર્થના કરો; ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો. તેની સાથે આત્મનિવેદન દ્વારા ખૂબ ગાઢો અંગત સંબંધ બાંધો. મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

(૭) આવી મળતાં કામો પ્રભુનાં સમજો; જરાયે કચવાટ વિના તે ખૂબ પ્રેમપૂર્વક કરો. પ્રત્યેક પ્રસંગ, બનાવ આપણા કલ્યાણ અર્થે જ આવી મળે છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

(૮) આત્મલક્ષી—અંતર્મુખી થાઓ. માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી જોઈને જાતને સંડોવાવા દો નહિ.

(૯) પર (પારકા)ની સેવા પ્રભુની સેવા સમજો; સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર છે. રામે આપ્યું છે ને રામને દઈએ છીએ. ત્યાં 'મારું' 'મારું' ક્યાં રહ્યું? તારું આ જગતમાં છે શું?

(૧૦) પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર હેતુનું જીવંત લક્ષ રાખીને કરવાં. વાંચતી લખતી વખતે ને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ-ધારણાનો અભ્યાસ કેળવ્યાં કરો.

(૧૧) વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો, તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક ને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

(૧૨) પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

(૧૩) ઊર્મિ, આવેશ, લાગણીને એમ ને એમ વહી જવા ન દો તેમજ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

(૧૪) જમતી વખતે, પાણી પીતી વખતે, જીવનમાં ચેતન-શક્તિના અવતરણભાવની પ્રાર્થના કરવી. શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

(૧૫) સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મ તત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો. ભાવની વૃદ્ધિ કરો.

(૧૬) પ્રભુ સચરાચર છે, 'आत्मवत् सर्वभूतेषु'ની ભાવના કેળવો.

(૧૭) પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ. કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો. વાદ-વિવાદ ન કરો; પોતાનો આગ્રહ ના રાખો; બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો. માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રકટાવો; ખૂબ પ્રેમભાવ કેળવો. પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ થતાં કર્મોની ઉપરવટ વર્તો; ફળની આસક્તિ છોડો, પોતાને થતા અન્યાયો, આવી પડતાં દુઃખો આદિનું મૂળ પોતામાં જ છે તેમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો, અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણી-સંગમ ઉદ્ભવાવો. સદાય પ્રસન્નતા પ્રવર્તાવી કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો; પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રકટાવો; મન નિઃસ્પંદ કરો; રાગ, દ્વેષ, કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, મત્સર, અહમ્ આદિ નિર્મૂળ કરવા યાને તેમનું રૂપાંતર કરવાને જાગ્રતિ રાખો; થયેલા આધ્યાત્મિક

અનુભવો, પ્રત્યક્ષ રોજિંદા વ્યવહારમાં જીવતા કરો; ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય; યદચ્છા જે આવી મળે, તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. કયાંયે કોઈની સરખામણી ન કરો. અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવન-સાધના સારુ સર્વ કાંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય—તેના મૂક યંત્ર—થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

(૧૮) કર્મમાં કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યાં કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે, તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવો.

— મોટા

• • •

॥ હરિઃૐ ॥

ખંડ ૨

મારું પદ્ય-લખાણ

'જે કાંઈ પદ્ય-લખાણ છે એને કવિતા તો ગણતો નથી, માત્ર જોડકણાં ગણું છું. એમ લખવામાં મઝા પડે છે. જે કહેવાનું હોય તે બધું લખવાનો—ઠીક રીતે લખવાનો—મહાવરો પડતો ગયો છે. જે કહેવાનું હોય છે તે તેમાં પૂરું સ્પષ્ટતાથી મુદ્દાસર બની શકે છે ને વ્યક્ત પણ સચોટપણે થતું હોય છે. ગદ્યમાં તેવું પૂરું નથી બનતું. ગદ્યમાં પણ તેવું તેવું વ્યક્ત તો થઈ શકે. પરંતુ શ્રીપ્રભુકૃપાથી જે જે કાળે જે જે સાધન મળે, તેમાં જ્ઞાનભાવે ઉપયોગની દૃષ્ટિ પ્રવર્તે એટલું જ આ જીવે તો જોવાનું રહે છે.''

— મોટા

પરમાર્થ એવો કરો કે તે સમાજની સમગ્રતાને સ્પર્શે.

— મોટા

॥ હરિઃૐ ॥

'મનને'

(ભુજંગી)

બધાં સાધનોમાં મને તું જ શ્રેષ્ઠ,
ન ચાલે લગારે, ન જો તારી હૂંફ,
કરું કામ મારાં તહારી સહાયે,
તને યાચું હું સંગ રે'વા સદાયે.

તને સે'જયે પાપબુદ્ધિ ન જાગો,
તને વાસના કોઈ રીતે ન લાગો,
સદા સર્વ-સંકલ્પ ને કલ્પનાઓ,
ધરી કાળજી, જાગૃતિ રાખી ત્યાગો.

સદા સર્વની સાથ રૈ' નમ્રભાવે,
સદા સર્વને પ્રેમથી રીઝવી લે,
નકામા નકામા તરંગે ચડ્યું તે,
ગુમાવીશ તું મેળવેલું, રળેલું.

મને છોડશે તું, છતાં કેમ છોડું—
—તને? સંગ રાખીશ ભાવે મથાવી,
તને ચિત્ર એકાગ્ર જે એક મેળ
—તદાકાર રાખી ડુબાવીશ છેક.

બળાપો કઢાપો ઘણી વેળ થાયે,
અને ક્રોધવાળું ખરે ત્યાં થવાયે;
સ્વભાવે સદા શાંતિ રાખી રહેવા,—
—તને ચેતવું, તેથી કૈં દૂર રહેવા.

કરી વૃત્તિને શાંત સાત્ત્વિક થાજે,
બધો સ્વાંગ તારો પૂરો ફેરવી દે;
કૃપા જો પ્રભુની, ગિરિ પંગુ પહોંચે,
કૃપાના બળે તે, સદા આશ્રયે રે!

ભુલાવું તને કેટલું કેટલું હું?
ખજાનો ન તારો થતો ખાલી કે શું?
રૂડી વાત તારી ગમી છે, હવાં કે—
જમા ને ઉધારે પ્રભુપાદ અર્પે.

થયાં જે કરે અંતરે યુદ્ધ તારે,
જણાવા ન દે જે કદી કોઈ વારે;
બીજા નિત્યનાં કામની ઉપરે કૈં—
રખે છાપ એની પડે બાપ! જોજે.

સદા ઉદ્યમી રૈ' અને ખંતીલું થૈ—
—ઊંડા ઊર, વિશ્વાસ, શ્રદ્ધા ધરીને—
—જજે પંથ કાપ્યે પ્રભુને સ્મરીને—
જણાવ્યા કરી તારી મુશ્કેલીઓને.

કદી રાગ-દ્વેષે ન તું લક્ષ દેજે,
ન ચિંતા બીજી કોઈ તું વ્હોરી લેજે,
અને ભાગ આવેલ જે કર્મ તેને—
—કરીને પૂરું નિત્ય નિશ્ચિંત રે'જે.

ગતિ તારી એકાગ્ર, શક્તિ બનાવી,—
વળી ભાવના જોશ એમાં ચડાવી;
બધા શત્રુઓ યુદ્ધના ક્ષેત્રમાંથી—
—ભગાડી ચહે કાં ન સંતાપ-મુક્તિ?

પ્રભુના વિના આશ કો'ની ન ધારો,
ન આધાર એના વિના દિલ ન્યાળો;
ન એના વિના પ્રેમ ક્યાંયે ધરાવો,
ન એના વિના તે કશુંયે વિચારો.

પ્રભુ-પ્રેમની વેદીની ઉપરે તું—
—કરે પીઠ કાં કુરબાની કરંતાં?
ગયો કાળ પાછો ન આવે કદાપિ—
અવેળા-સવેળા તું લે કામ સાધી.

મથીને મથીને ફરીને ફરીને
—હૃદે શોધતાં શોધતાં તત્ત્વ લાધે,
પુરુષાર્થ ભારે કરીને કરીને,
હૃદે એમ ઉતારજે સ્વર્ગ-ગંગા.

કૃપા તો પ્રભુની સદા વર્ષતી જો!
પૂરી ઝીલવા તારી તાકાત ક્યાં છે?
થશે જેમ આધાર જ્યાં શુદ્ધ તું-માં,—
વધે જશે, ઉત્તેજના, પ્રેરણાઓ.

લહ્યાં તું કરી વૃત્તિનાં સર્વ રૂપ,
અનુકૂળ થાવા તને ઝોક દેજે;
મથાવે ભલે તોય પૂંઠે પડીને,
તદાકાર એને કરો પાદપદ્મે.

ગમે ત્યાંથી નિર્દોષ આનંદ લેજે,
પૂરાં શાંતિ ને પ્રેમભાવેથી રે'જે;
દયા, શાંતિ, વૈરાગ્ય, ત્યાગ, ક્ષમાથી,—
તું ટેવાઈ રે' એમને નિત્ય સાધી.

તને વૃત્તિનું મૂળ મેં શોધવાને
—બતાવ્યા કર્યું છે ઊંડું વારેવારે;
અને વેગ એનો પ્રભુ-પાદપદ્મે
શમાવા કરું છું તને ગોદ નિત્ય.

પ્રભુ-પ્રેમના સ્વાદમાં લુબ્ધ રે'વા—
તદાકાર વૃત્તિથી ત્યાં મસ્ત થાવા—
અને એમ અસ્તિત્વ તારું મિટાવા—
પ્રભુના પદે નિત્ય તું લીન રે'જે.

હરિ-નામને ચિત્તમાં તું મઢી લે—
હૃદે શ્રેય ને પ્રેય બે સાધી લેજે;
હંમેશાં પ્રભુ આશ્રયે લીન રૈને,
સ્મર્યા વિણ તું ના ઘડી એક ખોજે.

હૃદે નામના જાપની પ્રેમ-માળા—
વહાવો પદે તે સદા ગંગધારા;
શમાવી પૂરાં બુદ્ધિ ને ચિત્ત ભાવ,
તહીં હોમજો પ્રાણની વૃત્તિ સર્વ.

પ્રભુ પ્રેમની ધૂનમાં મસ્ત રે'જે—
સદા કામ તારાં ઉકેલી જ લેવાં,
પ્રભુના પદે ચિત્ત મધ્યસ્થ રાખી,
ઊંડા પ્રાણ પ્રેરી, પીજે પ્રેમ-પ્યાલી.

'તુજચરણે'

(વસંતતિલકા)

સંધ્યા હમેશ પીંછી દિવ્ય વડે અનેરું,
આલેખવા બહુ મથે તુજ ચિત્ર ઘેરું;
સોળે કળા ખરચતાંય કળાય ના તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

પાપી છતાં મલિન ઉર અનન્ય ભાવે,
તારું કરે સ્તવન જો, પ્રભુ, નિત્ય તેને,
—સાધુ બનાવી ઉર દુર્ગુણ કૈં ન રાખે,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

જ્ઞાનેન્દ્રિયો મનસહિત પદે જ રાખી,
કર્મેન્દ્રિયોથી વ્રત-જીવન આચર્યેથી,
તું હેમખેમ સઘળું ચલવે જ તેનું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

થઈ તત્ત્વવિત્ત સ્મરશે ઉર ભક્તિ-જ્ઞાને,
તું માં ધરી હૃદય આદર પ્રેમ, તેને
સાયુજ્ય-મુક્તિ કરુણાનિધિ! આપશે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

કર્મો કર્યે અવતરે પણ કર્મને જે
આસક્તિ છોડી કરશે, પદમાં સમર્પે
તેના, પ્રભુ, મરણજન્મ ફિટાડશે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

જેવો તને અનુભવ્યો પ્રભુ, ઉર જેણે,
તેઓ તને નિજ મને ત્યમ ઓળખે છે,
ભાસ્યો ન એક સરખો કદી કોઈને તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

વ્યાપી રહ્યો સકળમાં નિજ આત્મરૂપે,
છે વિશ્વમાંહી સચરાચર નાથ તું, જે
બ્રહ્માદિ દેવ, ત્રણ લોક-તણો પતિ તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

જે બહાર છે, પણ મહીંય ભર્યો પડ્યો છે,
તે તું જ શુદ્ધ સ્વરૂપે સહુમાં ઠર્યો છે;
તું છે અખંડિત, અબાધ, સ્વયંભૂ છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

ના આદિ, મધ્ય, નહિ અંત જણાય જેનો,
પામી શકાય નહિ પાર કદીય જેનો,
ખેલી રહ્યો અણુ-અણુ મહીં વિશ્વમાં તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

હોવાપણું કદીય હોય જ કોઈને જો,
એવો નથી તુજ વિના કહીં કોઈ બીજો;
છે યોગ્ય એક જગ ચિંતવવા પ્રભુ, તું;
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

તું જે તપેય, વરસે, સહુ જે પ્રભુ તું,
જે કાર્ય-કારણ તણો મૂળ હેતુ છે તું,
તું ચેતને, જડ, મૃતે, પ્રભુ, અમૃતે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

યોગી તણો પુરુષાર્થ સમર્થ, છે તું,
ને બુદ્ધિશાળી જનની પ્રભુ, બુદ્ધિ છે તું;
તું મૂળ સત્ય, પરબ્રહ્મ પવિત્ર છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

આકાર ના, નહિ વિકાર, તું નિર્ગુણી છે,
ને બુદ્ધિ, તર્ક, મન, વાચની પાર તું છે;
આનંદ ચિત્ત સત-તણું મૂળધામ છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

સ્ત્રી જેમ જે પતિ થકી જગ ઉપજાવે,
સંતાન સૌ, ત્યમ બધું જગ ઉદ્‌ભવાવે,
માયાથી આ અચળ ને ચળ જે, પ્રભુ તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

માયા મહીં સ્મરણ નિત્ય કર્યા કરે છે,
નિર્લેપ તું, ત્યમ છતાં તું રહી શકે છે;
રે' શૂન્યમાં, પણ વિકારી થતો પ્રભુ તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

સૌનોય તું, પ્રભુ, ન કોઈ તણો વળી તું,
કોનો ન સંગ તુજને, પણ સંગી છે તું;
છે ભાવનામય જ ભાવઅતીત છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

દુષ્ટોતણો જગતમાં યમદંડ છે તું,
હાર્યાતણો મદદગાર પ્રભુ, નકી તું;
ભાવે જતાં શરણ લે કરને ગ્રહી તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

આધાર ના જગત કોઈ તણો જ જેને,
આધાર તું જરૂર છે પ્રભુ સર્વ તેને;
છે સૂત્રધાર સચરાચર વિશ્વનો તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

ખોલે જરા પ્રણય-ઘૂંઘટ તાહરો તું,
ડોલે ડૂબી રસમહીં જન યોગીઓ સૌ;
અર્પે કદી જીવન લાખ ભુલાય ના તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

જેને જપે હૃદયમાં સ્મરીને ઊંડું કો,
જેને ભજે તપ-વ્રતો કરીને જનો સૌ;
રિઝાવવા જન મથે કરી યજ્ઞ-યાગો,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

કર્મે, મને, શરીર, વાચ, પગેથી હાથે,
ને આંખ, કાનથી ગુના બહુ મેં કર્યા છે;
દેજે વિસારી, શરણાગત જાણ તે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

સંબંધી ને સ્વજન, દિ' વસમો જ આવ્યે,
રે'શે બધાંય અળગાં પ્રભુ, હુંથી જ્યારે;
ત્યારે ભૂલી નવ જતાં મુજ ભાળ લેજે,
આ એકલી અરજ દીન તને કરું છું.

માથે સમર્થ ધણી છે પ્રભુ, એમ જાણી,
નિશ્ચિંત હું રહું પડ્યો પ્રભુ, સોડ તાણી;
જાણું ન કૈં કરવી શેં તુજ પ્રાર્થના હું,
ગાંડાની જેમ બકવાટ કર્યા કરું છું.

પાડ્યા કરીશ પ્રભુ, બૂમ તને હું નિત્યે,
ના આપશે જ્યહીં સુધી, પ્રભુ, માગું હું જે;
કંટાળતો પ્રભુ, રખે કંઈ તેથી, જોજો,
છોરું ગણી તુજ, મને પ્રભુ અંક લેજે.

• • •

[૧૯૨૪માં રચાયેલી પ્રાર્થનાઓ]

‘દોરજે તું’

(વસંતતિલકા)

તારો પ્રતાપ જગમાં સઘળે પ્રકાશે,
તો એકલો ગરીબ વંચિત કેમ રાખે?
એવો ગુનો તુજ કર્યો પ્રભુ, શો હશે મેં?
કે સામું ના નીરખતો કંઈ તું જરીયે!

• • •

લેશે કદી ખબર ના મુજ કાંઈ જો તું,
જ્યાં ત્યાં મરીશ ભટકી, કર કૈં નિઘા, તું;
મારો પ્રભુ! જીવનપંથ નિહાળજે તું,
આડો જતો હઉં જહીં તહીં દોરજે તું.

(‘જીવનદર્શન’ આ.૮, પૃ. ૨)

‘છોને ભલે ના જીવું!’

(વસંતતિલકા)

છેલ્લી પળે સ્મરણ ભાવથી થાય તારું,
એ એકલું જ પ્રભુ, હું કર જોડી માગું;
પ્રેમામૃતે ડૂબવજે મુજને પ્રભુ, તું,
ને ધન્ય રાંક કરજે, તુજ દાસ હું છું.

(‘જીવનદર્શન’ આ.૮, પૃ. ૧)

(શાર્દૂલવિક્રીડિત)

લોભીને ધન વ્હાલું છે જયમ, વળી છે કામીને કામના,
તેવું હું તવ નામ વ્હાલું કરવા હૈયે ધરું ભાવના;

રૂહેવાયે પળ એક ના તુજ વિના, તું અગ્નિ એવો પ્રભુ!
હૈયામાં પ્રકટાવજે વિરહનો, છોને ભલે ના જીવું.

ભાંગે ના ભ્રમ શેં પ્રભુ, મુજ બધો? સંદિગ્ધ શેં રાખતો?
દે વાકેફ બનાવી તું, તુજ મને દૈ મંત્રવિદ્યા પ્રભુ!
જો ને! હું કરીને ક્રિયા તુજ બધી તૈયારી ઊભો પ્રભુ!
ખામી તોય કંઈ રહી ગઈ હશે, તેથી પ્રભુ, દે ન શું?

('જીવનદર્શન' આ.૮, પૃ. ૮)

'મુજ નસીબમાં'

(મંદાક્રાંતા)

બોલાવ્યો છે બજવી બજવી બંસી તારી મને તેં,
જાતાં પાસે પણ જરી હવે દૃષ્ટિ ના તું કરે છે;
આકર્ષ્યો'તો મન, હૃદય ને ચિત્તને નાદથી જે,
તેયે હાવાં મુજબ નસીબમાં હાય! ના કૈં સુણાયે.

('જીવનદર્શન' આ.૮, પૃ. ૧૩)

ગોથાં ખાધાં યુગ યુગ થકી કૈંક મેં આ જગે ને,
ના છૂટાયું, મથી મથી મર્યે પાર ના આવતો કૈં;
લે છે હાથે, વળી પ્રભુ, મૂકી દે પછી શેં મને તું?
એવું એવું કરી ગરીબનું પારખું તું જુએ શું?

('જીવનદર્શન' આ.૮, પૃ. ૧૭)

(શાર્દૂલવિક્રીડિત)

તારું મંદિર સ્વચ્છ સાફ કરવા ભારે મથું છું પ્રભુ!
ક્યાંયે રૂહે કચરો જરી નહિ સદા એવા હું યત્નો કરું;
તોયે કૈં મનને પસંદ પડતું ના કામ એવું થતું,
રૂહેવા યોગ્ય પૂરું તને ક્યમ કરી એને બનાવું? પ્રભુ!

તું મારું મન મંત્રમુગ્ધ કરજે, તાબે રહે જેથી તે,
ક્યાંયે ના ચસકી શકે પણ જરી તે ઠામ મેળે રહે,
માગ્યામાં ઉર એટલું તુજ કને માગું પ્રભુ એક હું,
એ દે, તો મુજ રંક ભાગ્ય ફળશે, દેખું રુડો દી' પ્રભુ!

તારું મંગલ નામ હું હૃદયથી ભૂલીશ કેમેય ના,
છોને પ્રાણ જતા, છતાં પણ કદી હું ટેક મૂકીશ ના;
જારી યત્ન રખાવવો હૃદયથી છે હાથ તારે પ્રભુ!
મારો યત્ન કરાવતો ન તપનો તું ભંગ કો' દી' પ્રભુ!

('જીવનદર્શન' આ.૮, પૃ. ૨૨-૨૩)

'કરું શું'

(વસંતતિલકા)

આ ધૂળનાં રજકણો કંઈ કામ લાગે,
હું તેટલોય ખપ આવું નહીં જરીયે;
આવી દશા અધમ છેક નિહાળી મારી,
હું તો બળી બહુ મરું, પ્રભુ! લે ઉગારી.

પોકાર પાડી તુજને વિનવ્યા કરું છું,
શાને પ્રભુ! મુજ કશું નવ સાંભળે તું?
આ રાંકની દિલ દયા ધરજે પ્રભુ! તું,
કહેવા મને હક નથી વધુ એથી બીજું.

કર્તવ્ય હું રીઝવવા તુજને કરું શું?
શા મંત્ર કે સ્તવનથી તુજને સ્તવું હું?
પૂજા હું તારી મનસા રીતથી કરું શું?
હું મૂઢ, માત્ર તુજ નામ લઈ જ જાણું.

('જીવનદર્શન' આ.૮, પૃ. ૩૦, ૫૦)

'યાચના'

(શાર્દૂલવિક્રીડિત)

તું મારાં મદ, મોહ, મત્સર, પ્રભુ! ને ક્રોધ સંહારજે,
મારાં સર્વ વિકાર ને વિષય, તું બાળી પ્રભુ! નાંખજે;
જે કૈં આળસ ને પ્રમાદ મનથી કાઢી બધું નાંખજે,
ખાલી સાવ તરંગથી કરી મને હે તાત! ઉદ્ધારજે.

ભૂલો દોષ થતાં કબૂલ કરતો, હું પાય તારે પ્રભુ,
ને શિક્ષા મળતાં ન હું બડબડું, પ્રેમે સહી તે લઉં;
રૂહેવા જાગ્રત હું મથું, ત્યમ છતાં દોરાઈ આડો જઉં,
તે વેળા હૃદયે સતેજ કરજે હું—મૂર્ખને હે પ્રભુ!

મારા સંકટને સમે સતત તું રૂહેજે સહાયે પ્રભુ!
હૈયે હિંમત ડામવા દુઃખ બધું તું આપજે હે પ્રભુ!
સામે બાથ, ઝઝૂમવા બળ મને તું એવું દેજે પ્રભુ!
કે હાથે મુજ એકલે દુઃખતણો હું અંત લાવી શકું.

('જીવનદર્શન' આ.૮, પૃ. ૩૬, ૬૨, ૬૩)

(શિખરિણી)

મડાગાંઠે તારે ચરણ વળગીને રહીશ હું,
હવાં સૂઝે તેવું મુજ કર તને જેમ ગમતું,
ને કો'ને તાબે તું, નવ કરી શકું આગ્રહ તને,
મને દેતો રૂહેજે, પ્રભુ, ઘટતું જે હોય મુજને.

('જીવનદર્શન' આ.૮, પૃ. ૬૯)

શ્રદ્ધા

(વસંતતિલકા)

તેં પાપના કીચડમાંથી બહાર કાઢી,
દીધો પ્રકાશ મુજને ધપવા અગાડી;
મૂર્ખાઈથી બૂઝવી દીપ હું નાંખતો ને,
પાછો મથું ફરીથી ચેતવવા પ્રભુ! તે.

તારો લીધેલ નહિ છોડી દઈશ કેડો,
ના આવશે જહીં સુધી, ન મૂકીશ છેડો,
લાંઘ્યા કરીશ તુજ દ્વાર પડ્યો રહી હું,
શ્રદ્ધા, હું ઉર પીગળાવી શકીશ તારું.

કોને કહું હૃદય-પીડ થતી ઊંડી જે?
માને ન કો, મૂરખમાં ગણી કાઢતા ને,
તુંયે ન કાન ધરતો કરવું હવાં શું?
છાનું રડું કૂટી કૂટી શિર નિત્ય મારું.

મારે નથી તુજથી કાંઈ પ્રભુ, વધારે,
માગી જ લે, મુજ થકી પ્રભુ, જોઈએ તે,
તારું જ જ્યાં સઘળું છે, વળી હુંય તારો,
'મારું' કહી તુજ પદે દઉં શું પછી તો?

વાંકા બધા જહીં સુધી ગ્રહ જો! પડ્યા છે,
કોટિ કર્યે પણ ઉપાય ન કામ ધારો;
તોયે હું બેસી કર જોડી નહીં રહીશ,
મારાથી જે બનતું સર્વ કર્યા કરીશ.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયામાં ધરી હામ બ્હાર નીકળ્યો હું આવવા તું-કને,
હું છું બાળ, ન ભોમિયો, ચઢી જતાં આડો પ્રભુ! શું થશે?
તારો તું ધ્રુવ ધ્યેય બાળ મુજ છું, સામે જ એને પ્રભુ,
રાખી દૃષ્ટિ મહીં જ જેમ ડગલાં હુંથી ભરાતાં ભરું.

તારા જાપ જપ્યા કરું, નિશદિને હૈયે ઊંડા હું પ્રભુ!
શ્રદ્ધાથી મુજ કો'ક દી' પણ પ્રભુ, સંતોષશે આશ તું;
ને યત્કિંચિત્ તારી હુંથી બનતી સેવા કર્યા જો! કરું,
જો આવે મુજ કૈં દયા ઉર તને, તો ભાળ લેજે પ્રભુ!

('જીવનદર્શન' આ.૮, પૃ. ૬૯, ૭૯, ૮૪, ૮૮, ૮૯, ૯૪)

તુજ પાસ માગું

(વસંતતિલકા)

લજ્જા મૂકી દઈ બધી તુજ પાસ માગું,
કે રંગી દે પ્રભુ, મને તુજ રંગમાં તું,
ને ઓતપ્રોત વણી ભેળવી દે મને તું,
તું–સાથ એક કરી મસ્ત બનાવજે તું.

હું દુઃખમાં પણ મજા, પ્રભુ! ભોગવું છું,
તેથી જ માર તુજ હું જીરવી શકું છું,
બાકી રહ્યો ન હોત કૈં જીવતો હજી હું,
આભાર એ તુજ પ્રભુ! ક્યમ ભૂલી જાઉં?

તારું પ્રભુ! કિરણ-તેજ ઉતારવા હું,
મારે હૃદે સતત નિત્ય મથ્યા કરું છું;
પાણી મથું બનાવવા સ્થિર, સ્વચ્છ મારું,
કે જેથી ત્યાં પડી શકે પ્રતિબિંબ તારું.

કૈં દોષ આવરણ જે મુજમાંહી હોયે,
તે બાળી સર્વ કર ભસ્મ કૃપા-કટાક્ષે,
મારો બધોય મળ, ત્રાસ, નિવારજે ને
તારી પરે પ્રભુ! મને દિલ વ્હાલ દેજે.

પ્રારબ્ધ-કર્મ, પુરુષાર્થ વડે બધા યે,
બાળી જ નાંખીશ પ્રભુ! જડમૂળથી એ,
ચોળીશ રાખ પછી એની બધા શરીરે,
તેવી દશા મુજબ થવા પ્રભુ! તું કૃપા દે.

('જીવનદર્શન' આ.૮, પૃ. ૯૪, ૯૯, ૧૧૮)

છતાં શ્રદ્ધા

(શિખરિણી)

બધા મારા જોરે વિકટ લડું સંગ્રામ પ્રભુ, હું,
પ્રભુ! તોયે કેમે નવ છૂટી શકું, હારું વળી હું,
અહાહા! જાણું છું, ગહન ગતિ છે કર્મ તણી તે,
છતાં શ્રદ્ધા, કો' દી' હૃદય મુજ આરામ મળશે.

('જીવનદર્શન' આ.૮, પૃ. ૧૧૦)

ધ્યેયલક્ષિતા

(વસંતતિલકા)

ના જન્મ સાર્થક થતો મુજ રાંકનો જો!
એળે જતો સમય વીતી બધો જ મારો,
ના જ્યાં સુધી જીવનનું મુજ ધ્યેય લાધે,
આ વિશ્વમાંહી મુજને બધું વ્યર્થ લાગે.

શાંતિ સરિત્સલિલમાં પ્રભુ ડૂબવું છે,
એના અગાધ જળમાં વળી ન્હાવું મારે,
ધક્કા-કૃપાથી હડસેલી મહીં મને દે,
કે બ્હાર ના નીકળી હું શકું કોઈ વારે.

('જીવનદર્શન' આ.૮, પૃ. ૧૩૪-૧૩૫)

શરણાગતિ

(શાર્દૂલવિક્રીડિત)

તારે પાલવ હું પડ્યો ત્યમ છતાં ના દર્દ પૂરું મટ્યું,
એવું ઔષધ આપ કે મૂળ થકી જાયે બધું તે બળી;
તું-જેવો ન સમર્થ વૈદ કહીંયે જાણી ઢળ્યો પાદ હું,
નિંદાશે તુજ નામ રોગ મટશે જો ના પૂરો, તો પ્રભુ!

('જીવનદર્શન' આ.૮, પૃ. ૧૪૦)

જીવ-શિવ

(શિખરિણી)

પ્રભુ! તારે મારે જુગ જુગથી સંબંધ કંઈ છે,
નિભાવે જો ના તે, કહીં જઈ, કહે, બાળ ઠરશે?
બધું તું તો મારે મન જીવન-સર્વસ્વ પ્રભુ, છે,
બન્યો છે તેયે તું પરમ પ્રભુ, હા! શત્રુ મુજ શેં?

હઠાવી મારી કો હૃદય-ગમગીની નવ શક્યું,
ફર્યો જ્યાં જ્યાં હું ત્યાં, ઘુવડ સમ દીઠું જગ બધું,
નિરાશામાંથી હું કદીય નીકળી શું નહીં શકું?
અરે! ખંડાવાનું નિશદિન રહેશે કરમ શું?

પ્રભુ! હંમેશાં હું રહું જગતને બાપ, નમતો,
કદી ભૂલેચૂકે શિર મુજ ઊંચું હું ન કરતો;
રહેવામાં નાના અણુ પણ થકી લાભ બહુ છે,
મને એવો રાખી મુજ હૃદયને ઊર્ધ્વ કરજે.

('જીવનદર્શન' આ.૮, પૃ. ૧૫૮-૧૫૯)

(વસંતતિલકા)

છે ગોકુલેશ, પરિપૂર્ણ તું એકલો જ,
ને હું સ્વભાવવશ જીવ છું એક માત્ર;
તોયે છતાં તુજ ભણી મુજ દૃષ્ટિ રાખું,
પોતા તણો ગણી મને તુજ અંક લે તું.

આડું કશું અવળું મેં કર્યું હોય જે જે,
મારી પરે કરી દયા પ્રભુ! માફી દેજે;
ના જે તને રુચતું, ના મુજથી બનો તે,
ને હોય જે પ્રિય તને મુજથી થજો તે.

હૈયું પ્રભુ, કરવું છે મુજ એવું મારે,
ને કોઈને પથ મળે નવ પેસવાને,
મારે તને પ્રભુ, તહીં પધરાવવો છે,
હું યોગ્ય સ્વાગત તને કરું શોભતું શેં?

જો દે મને હુકમ આંખ તણા ઇશારે,
તો તારી પાસ કરું સાહસ આવવાને,
તારો પ્રભો! દબદબો નિરખી અચંબો,
પામું હૃદે, ડગ ભરાય ન, સ્તબ્ધ ઊભો.

તારા વિના સ્મરણ કોઈ તણું ન થાય,
નિષ્ઠથી યોગ કંઈ સાધી હુંથી શકાય;
જો એટલું કરી શકાય કૃપાથી તારી,
તો હું-સમો જગતમાં નહિ ભાગ્યશાળી.

છોને ભલે અવગણે હમણાં મને તું,
કો' દી' શકીશ રીઝવી તુજને પ્રભુ! હું,
હું પ્રાણ પાથરી મૂકીશ પ્રભુ! તું-કાજ,
શ્રદ્ધા પવિત્ર કરશે મુજ રંક-ધામ.

('જીવનદર્શન' આ.૮, પૃ. ૧૬૬, ૧૭૧, ૧૮૪, ૧૮૮, ૧૮૯)

ક્યારે?

ક્યારે થશે હૃદય કોમળતા-સ્વરૂપ?
ક્યારે ત્યહીંથી ફૂટશે પ્રભુ, ભાવ-ગંગ?
ક્યારે પવિત્ર કરશે વહી સર્વ અંગ?
ક્યારે થશે તુજ અનંત સમુદ્ર સંગ?

હું કામ, ક્રોધ, મદ, મત્સર, લોભ પાયે,
તારે ધરું, પ્રભુજી, ભેટ સ્વીકારી લે તે;
ને કૈં બીજા હૃદય હોય વિકાર જે જે,
હું-પાસથી ઝૂંટવી સર્વ લઈ જ લેજે.

('જીવનદર્શન' આ.૮, પૃ. ૧૯૪, ૨૦૪)

કૃપા દે

તારા પ્રભુ હુકમને વશ રૂહેવું મારે,
તારા પ્રતિ ઉરથી નમ્ર રહેવું ભાવે;
ઇચ્છા હશે તુજ પ્રભુ! જયમ તે પ્રમાણે,
હું તો મથીશ ભરવા ડગ; તું કૃપા દે.

આંખે તું અંજન કૃપા તણું આંજ એવું,
આસક્ત કો' વિષયમાં રહું ના કદી હું,
જાદુ કરી જ પ્રભુ, ભેળવી દે મને તું,
કે જોઈ ના શકું બીજું પ્રભુ તું-વિના હું.

સંસાર આ ગહનથી જગદીશ! રક્ષ,
ને કામ, ક્રોધ, મદ, મત્સર, મોહ, ભક્ષ;
મારું વળી સમૂળગું અભિમાન ટાળ,
ને પાઈ દૂધ પ્રભુ, તારી કૃપાનું પાળ.

આ અંધકાર ઉર વ્યાપી રહેલ મારે
તેને પ્રભુ દૂર કરી તુજ તેજ દેજે;
એ સત્પ્રયાસ કરવા વળી સાહસે, તે
શ્રદ્ધા અનન્ય તુજ શક્તિ અમોઘ દેજે.

શેક્યોય પાપડ નહીં મુજથી ભંગાશે,
એવા હું નિર્બળ થકી પ્રભુ! શું સધાશે?
તારે કરાવવું હુંથી પ્રભુ હોય જે જે,
જો કૈં તને પડી જ હોય, કરાવજે તે.

તારા ગુના પળપળે કરું છું અનેક,
જોયું ન જોયું કરજે તુજ જાણી બાળ;
કહેવાય ના મુજથી એમ પ્રભુ! છું મૂર્ખ;
દે યોગ્ય દંડ, બબડ્યા વિણ તે સહીશ.

ઊંડી વિવેક તણી શક્તિ તું આપ જેથી
પારે તરાય અવિચાર, વિચાર સૌથી,
મારે તને હૃદય અંતરદૃષ્ટિ વાળી,
છે ખોળવો, કહીં ભળાય ન તારી ઝાંખી.

ક્યારે અકિંચન પૂરું મુજથી થવાશે?
ક્યારે કશાની મુજને ન જરૂર રહેશે?
ક્યારે પ્રભુ! સહુની પાર તરી જવાશે?
ક્યારે હું–થી પ્રભુ નચિંત પૂરું થવાશે?

સંપૂર્ણ સંયમ પ્રભુ! જો કરી શકાય,
સર્વેન્દ્રિયો પર હું–થી, મુજ કામ થાય;
તો જે નિષિદ્ધ પ્રભુ, બાબત હોય તે તે,
છોડી શકાય મુજથી, તે દિલ ભાન દેજે.

જે કૈં કરાય પ્રભુ! સર્વ કરાવતો તું
'કર્તા હું' તોયે અભિમાન ધરાય તેવું,
અજ્ઞાન કેટલું હજી મુજમાં વસ્યું છે!
તે ટાળવા સમજ-શક્તિ પ્રભુ, મને દે.

('જીવનદર્શન' આ.૮, પૃ. ૨૧૭, ૨૨૩, ૨૨૪, ૨૨૮, ૨૩૦, ૨૪૧)

ધન્ય કરજે

(શિખરિણી)

મૂક્યો જાણે હોયે ગિરિ-સમ મને ભાર હૃદયે,
કરે લાગ્યા એવું સતત, સમજું કારણ ન તે,
ઉપાડું શી રીતે? કરવું ગમતું ના કશું મને,
થવાયું આવું શેં મુજ થકી હશે સૂનમૂન જે?

ગમે તેવી હોતાં દુઃખદ સ્થિતિ મારી ત્યમ છતાં,
ન છોડાજો હું-થી ધીરજ વળી સંતોષ દિલમાં,
કશો ત્યારે હું-માં કંઈ પણ નહિ ફેર પડજો,
રહેવાજો હું-થી સમરસ દશામાં સહુ, પ્રભો!

નથી લાધ્યો બુદ્ધિ પર હૃદયનો કાબૂ હજુ કૈં,
જઉં ઉશ્કેરાઈ બહુ સમય આવેશ થકીયે,
નથી પૂરો જન્મ્યો મુજ પર હજી સંયમ મને,
પ્રભો! એવો હું તો બહુ છું નબળો; તું મદદ દે.

ચૂમી જો, લેવા દે ચરણરજ તારી પ્રભુ! મને,
લઉં સંકેલી તો પછી જીવનની બાજી સરવે,
બીજી કોઈ આશા રમી રહી નથી આ મુજ દિલે;
ફળાવીને એને મુજ જીવનને ધન્ય કરજે.

હજી એની મેળે મુજ હૃદય ઉકેલ ન થતો,
થવાયું છે, જાણું ત્યહીં સુધી પાકું મુજ થકી,
તવાશે ભઠ્ઠીમાં સખત બહુ ત્યારે પીગળશે,
વહ્યું જાશે ત્યારે રસ-ઝરણું હું-માંથી સતતે.

પ્રભુ મારામાં કો રીતની કશી ના ખોડ વસજો!
જીવાવા એ રીતે મુજથી સઘળા યત્ન બનજો!
વળી આકાશેથી કદીય મુજ દૃષ્ટિ ન ખસજો!
ધપાતું રૂહેવાજો સતત મુજથી તું-ગમ પ્રભો!

('જીવનદર્શન' આ.૮, પૃ. ૨૮૬, ૩૦૨, ૩૧૫, ૩૨૮, ૩૩૬)

દેજે

(વસંતતિલકા)

દૃષ્ટિ વિશાળ કરજે મતિ, રુડી દેજે,
ઉત્સાહ ને ઉર-ઉમંગ વળી તું દેજે;
ઉદ્યોગ-ખંત મુજને તું અપાર દેજે,
શ્રદ્ધા ઊંડી તુજ પદે વળી પ્રેમ દેજે.

નિત્યે સદા મન ચિંત્વન-મગ્ન રૂહેજો!
દેહાત્મભાવ સમૂળો મુજથી ભુલાજો!
એના વિના મુજથી કામ કશું ન થાજો,
એ આશ એટલી પ્રભુ, મુજ પૂર્ણ હોજો.

('જીવનદર્શન' આ.૮, પૃ. ૩૩૬)

(માલિની)

સમજણ પડતી ના માર્ગ ના ખૂટતો શેં?
પથિક કંઈક રસ્તે આડફંટે વળ્યો છે;
શ્રમ જરૂર બધો આ જાય મિથ્યા જ, તેથી,
કરગરું, લઈ લેની રાહ સાચે કૃપાથી.

પ્રભુ મુજ પુરુષાર્થે હામ પ્રેરતો રહેજે,
નહિતર મુજથી તો કામ આ ના સધાશે,
મતિ, બળ મુજમાં તો બાપ, ઝાઝાં નહિ છે,
પ્રભુ મુજ મદદે તું, નિત્ય તેથી રહેજે.

કહું હૃદય-વ્યથા કેટલી વાર? તું કહે,
રડી રડી કથી ચૂક્યો, કેટલી વાર તો તે;
ક્યમ કરી પ્રભુ, તું લે, ધ્યાનમાં વાત મારી?
ક્યમ કરી દિલ થાયે એક તું-માં? મુરારી!

('જીવનદર્શન' આ.૮, પૃ. ૩૩૬, ૪૦૪, ૪૦૫, ૪૨૯)

નિવેદન

(શિખરિણી)

અધોગામી મારી હજી પણ વહે વૃત્તિ મનની,
તને પોકાર્યા હું કરું હૃદયથી, દે સહાય પ્રભુ, તું,
મને મારાનું રહે પૂરું સતત ને ભાન હૃદયે,
અને તારા ખ્યાલે મન રમી રહે, માંગુ પ્રભુ, તે.

ધર્યામાં હું તારે ચરણ સમજ્યો ચિત્ત ન કશું,
ક્યા મોઢે તારી રહમ પછી શેં માગી શકું હું?
પૂરું હૈયું મારું કરી નવ શક્યો શુદ્ધ હું હજી,
ટકી રહેવા તેથી તુજ બળ હું માગું પદ ઢળી.

ફસ્યો છું ફંદામાં, નીકળી શકું ના બહાર પ્રભુ, હું,
છુટાવા એનાથી પ્રભુ, શરણ મેં તો તુજ ગ્રહ્યું;
હવાં સહેવાતું ના મુજથી પ્રભુ, વાતાવરણ આ,
કસોટીની આવી ગઈ હદ, હવે તો કર કૃપા!

વિલાસી વૃત્તિઓ હજી ભટકવું છોડતી નથી,
પૂરેપૂરી એની છૂટતી નથી આસક્તિ દિલથી;
જરા જો દે ખોલી, તુજ પ્રણયનો ઘૂંઘટ પ્રભો!
બધી આકર્ષાશે તુજ તરફ આઠે પ્રહર તો.

કુવિચારોથી હું-હૃદય કદી ડ્હોળાઈ જઉં છું,
વિવેકેથી ત્યારે જરૂર પ્રભુ, હું ભ્રષ્ટ થઉં છું,
પ્રભુ, બન્ને રીતે પતિત બનતો, કર્મ કરતાં,
બચાયું છે, તેમાં પ્રભુ, તુજ કૃપાનો જ મહિમા.

બહુયે જન્મોમાં વિષયતણું તેં સેવન કીધું,
ધરાયો તોયે ના, હજુ પણ ધરે રાગ દિલ શું?
પડેલા સંસ્કારો હજી નથી ભૂંસાતા બહુ મથ્યે,
નવા પાડીને તું, રગરગ વિશે કાં વિષ ભરે?

('જીવનસંશોધન' આ.૧, પૃ. ૩૫, ૬૯, ૭૦)

આત્મનિરીક્ષણ

(વસંતતિલકા)

વર્ષાની માંહી ઊભરાય અસંખ્ય કીડી,
તેવી રીતે ઊભરતી ઉરવૃત્તિ મારી;
કેમે કરી નવ શમે, મથતો ઘણો હું,
એ તાપ ના સહી શકું, કર કૈં કૃપા તું.

મારો સ્વભાવ કરુણા–મુદિતા–સ્વરૂપે,
સંપૂર્ણ ફેરવી શકું યદિ મૈત્રી રૂપે,
તો વાસના ક્ષય સમૂળગી સર્વ થાશે,
તેવું થવા પ્રભુ મને બળશક્તિ દેજે.

મારું નિરીક્ષણ કર્યા કરતો રહું છું,
તેથી જ દોષ મુજ ખોળી શકું, પ્રભુ, હું;
ને હું મથ્યા જ કરું નિત્ય સુધારવા તે,
તેવી, કૃપાથી, રહી જાગૃતિમાં શકાયે.

આવીશ યત્ન કરી કો' દી' હું તારી પાસ,
હું તે વિના જરી ન જંપીશ, ના ઠરીશ,
સર્વસ્વ શક્તિ મુજ ત્યાં બધી વાપરીશ,
ધાર્યું ગમે ત્યમ કરી પણ મેળવીશ.

દાવાનળે દુઃખ તણા બળી હું રહ્યો છું,
પાડ્યા હું બૂમ કરતો, બચવે ન શેં તું?
ના સાંભળે કંઈ કશું મુજ રાંકનું તું,
તોયે મને હૃદય આશ, ઉગારશે તું.

પાસે ન કૈં સબળ સાધન, હું કરું શું?
એવો હું નિર્બળ પ્રભુ, બહુ રીતથી છું,
તોયે છતાં હૃદય હિંમત ભીડી ભારે,
યત્નો કર્યા કરું કને તુજ આવવાને.

તું-દેખતાં અવગુણો બહુ મેં કર્યા છે,
લાગું પછી હૃદયમાં પ્રિય હું તને શેં?
મોઢે કયેથી વિનવું તુજને પ્રભુ, હું?
આવે મને બહુ જ લાજ, છતાં હું છોરું.

('જીવનસંશોધન' આ.૧, પૃ. ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૦૮, ૧૦૯, ૧૫૫, ૧૫૬)

સાધના

(વસંતતિલકા)

જે જે વિકાર ઊઠતા મનમાંથી, તેને
સ્હેજેય પોષું પ્રભુ, હું ઉર ના કદીયે,
તેને વળી ન વધવી તક આપતો હું,
એ તો કૃપા તુજ, કરી શકું બાકી હું શું?

રૂહેવા કૃપાથી તવ હું સહુથીય જુદો,
ન હું નિમિત્ત બનવા કંઈ ના કશાનો,
નિત્યે મથ્યા કરું, છતાં મુજ હું-પણું જે,
તે કો'ક વાર ભૂલવે, કર નાશ તું તે.

આશા ધરી નસીબની પર હું કદાપિ,
બેસી રહું નહિ, થતું કરું કામ હું-થી;
'જો હિંમતે મરદ રૂહે, મદદે ખુદા છે',
વિશ્વાસ એ વચનમાં હૃદયે મને છે.

તું-પ્રેમથી હૃદય કોમળ ભાવ વૂહેતું
મારે પ્રભુ, કરવું છે, તુજ સૂહાય દે તું,
હું યોગ્ય પાત્ર બનવા બનતું કરીશ,
ને સ્વર્ગથી હું ઉતરાવીશ ભાવ-ગંગ.

પૂરું સમર્પણ થતાં સુધી નિત્ય મારા
યત્નો બન્યા જ કરજો, પ્રભુ, એકધારા!
માયાનું જોર મુજમાં, પ્રભુ, જ્યાં સુધી છે,
મારે પ્રયત્ન કરવાની જરૂર રૂહે છે.

મારા હું દોષ પ્રભુ, જોઈ શકું સદાયે
એવી મને હૃદય દિવ્ય તું દૃષ્ટિ દેજે;
જેથી પૃથક્કરણ નિત્ય કરી શકાયે,
ને ભૂલ કૈં થતી સુધારી હુંથી શકાયે.

જ્યાં શાંત થાય મુજ ના હજુ કામવૃત્તિ,
એકાગ્ર ત્યાં ક્યમ કરી શકું ચિત્તબુદ્ધિ!
તોયે મહેનત બધી કરું રાખી શ્રદ્ધા,
કે તે ઊગી નીકળશે, જીવું આશમાં આ.

હું તો ઘણા અવગુણોથી પ્રભુ! ભરેલ,
ને ચિત્ત, બુદ્ધિ, મન, પ્રાણ નથી ઠરેલ,
મેં કૈં ઉકાળ્યું નથી, છે ભટક્યા કરેલ,
ને યોગ્ય જે પ્રભુ, તને, નથી કૈં દીધેલ.

જો રાગદ્વેષ મુજમાંથી હજી હઠે ના,
એના ખસ્યા વગર કામ કશું થશે ના,
એ ભૂંડું બંધન થશે પ્રભુ, દૂર ક્યારે?
એનાથી મુક્ત મુજને તું બનાવી દેજે.

શિક્ષા સહ્યા વગર કર્મ પૂરાં ન થાશે,
ને ભોગવ્યા દુઃખ વિના સુખ ના પમાશે,
છે સ્પષ્ટ એ, મન-વકીલ છતાં ચગાવે
ને યુદ્ધ પીઠથી કરાવી મને ભગાડે.

મારા વિકાર કરી દૂર, મને ઊંચે લે,
સૌ વાસનાથી, પ્રભુ, નિર્મળ તું કરી દે,
ને ક્રોધ હું-પદ, બધું પ્રભુ! બાળી દેજે,
પૂરો પવિત્ર મુજને તું બનાવી દેજે.

ક્યારે તું રંક તણી આશ પૂરી કરીશ?
ક્યારે તને દિલ ભરી નીરખી શકીશ?
ક્યારે પ્રભુ ઊઘડશે મુજ દિવ્ય આંખો?
ક્યારે હૃદે પ્રકટશે તુજ જ્ઞાન-દીવો?

(શિખરિણી)

તમારી ઇચ્છાને વશ થઈ રહું છું ગરીબ હું,
મને જેવો રાખે ત્યમ પ્રભુ, રહું, કૈં ન બબડું,
શિરે નાંખે જે જે સહન કરું છું સર્વ પ્રભુ, હું,
તપાસી જોજે જા! મુજ કરી કસોટી ખરી પ્રભુ!

('જીવનસંશોધન' આ.૧, પૃ. ૨૫૯ થી ૨૬૭, ૩૩૫)

(શાર્દૂલવિક્રીડિત)

પ્રાર્થું પ્રીતથી નિત્ય હું, હૃદયથી પાયે ઢળું રાંક હું,
શી રીતે રીઝવી શકું, ન સમજું વાંછું દિલે તોયે હું,
હૈયેથી ઊભરાઈ ભાવ ચરણો તારાં પખાળે પ્રભુ!
પોકારું અતિ આર્ત હું હૃદયથી વાંછેલ દેજે વિભુ!

'મારો છે હક્ક પ્રેમ-ભાવ થકી' મેં માન્યું હતું એમ ને,
ફાવ્યું તે તુજ પાસ માગ્યું 'હક્ક'થી બીજું વિચાર્યું ન મેં,
આજે કિન્તુ સૂઝ : નથી હક્ક કશો પ્રેમના પંથમાં
માટે કેવળ માગું છું તુજ કૃપા આધાર કોઈ વિના.

('જીવનસંશોધન' આ.૧, પૃ. ૩૪૪)

સૌ સત્ય બનશે

(શિખરિણી)

રહી યંત્રી તું જો પ્રભુ, ગરીબને નિત્ય ચલવે,
અને આ આધારે અવતરણ તું જો કરી વસે,
પછી ઇચ્છાઓ જે હૃદય સ્ફુરશે, સર્વ ફળશે,
અને વાચા, કાર્યો, જરૂર મુજ સૌ સત્ય બનશે.

('જીવનસંશોધન' આ.૧, પૃ. ૩૪૪)

હૃદય-પોકાર

(શિખરિણી)

પ્રભો! જન્મ્યો'તો હું ગરીબ જન તેથી રઝળવું,
અને કર્મે મારે જગ રખડવાનું, બહુ થયું,
ગયો છું જ્યાં જ્યાં હું તહીંથી શીખવા કંઈ મળ્યું,
ખરે! તારી શાળા જગતભરમાં વ્યાપ્ત પ્રભુ! શું?

દુઃખોનું છે તૃષ્ણા મૂળ, હું કરવા તે દૂર ચહું,
પરોવેલાં હોવાં મન, ચિત્ત, તું-માં તેથી શું મથું!
પ્રયત્નોમાં મારા પ્રભુ! બળ તું દેજે તુજ સદા,
ભુલાતાં લૈ લેજે પ્રભુ! પથ સીધે, તું કરી કૃપા.

નિરાશાથી મારા મન પર થઈ છે અસર હા!
ભૂંસાતી ના કેમે બહુ બહુ વિચારો ઉપજતા;
હતો કેવો ઊંડો મુજ હૃદયમાં નિશ્ચય છતાં,
જતી દીસે લજ્જા, મુજ પર પ્રભુ! તું કર દયા.

ભરી મુઠ્ઠી મુઠ્ઠી જીવન-ધન મેં વેડફી દીધું,
હવાં રોવા બેઠો કર શિર ધરી બેઉ મુજ હું,
છતાં બાજી હાથે સમજી, કરતો યત્ન પ્રભુ! હું,
મને પાછું મારું ધન કરવી દે પ્રાપ્ત મૂળનું.

હજી કેમે મારું પ્રભુ! હૃદય ભીનું નવ થતું?
નથી રંગાતું તે કંઈ કંઈ પ્રયોગો કરું, પ્રભુ!
ગણી તારું જો તું મુજ પર દયા પૂર્ણ કરશે,
નવું, સૂકી સૃષ્ટિ પર, જીવન પાછું પ્રગટશે.

વિચારો આડા જ્યાં મન-મહીં સ્ફુરે તે પળ મને,
મૂંઝારો આવે છે હૃદ-અનુભવેલો ન કદીયે,
વળી છૂટે મારી પર બહુ જ ધિક્કાર મુજને,
મને આનાથી તો મરણ અદકું પ્રિય પ્રભુ! દે.

પ્રભો કેવું મારું હૃદય નબળું! ખ્યાલ મુજને,
સદા રે'તો એનો સતત, કરું જોયા હૃદય તે,
કરું રાખ્યા હું તો મુજ હૃદય સામે 'કરવું શું?'
છતાં માગું દેજે, ધીરજ બળ ને હિંમત પ્રભુ!

ભલે રેલો આવે જ્યમ જળતણો તે વહી જશે,
વિચારો છો આવે, ત્યમ મન મહીં સૌ સરી જશે,
નિશાની રે' એની પણ ન જરી તે સાવધ રહું,
અને કેમે મારું કદી નવ ચૂકું ધ્યેય મનનું.

બધી બાજુઓનો મુજ ભય ટળ્યો છે નવ હજુ,
છતાં આશા રાખું તુજ તરફથી તોય પણ હું;
કરે શેખી જેવી ફૂવડ વહુ તેવો જ પ્રભુ! હું;
મને, આવેલો છું શરણ સમજી, રક્ષ પ્રભુ! તું.

હજી લુચ્ચું મારું, મન ઝટ વળે પંથ અવળે,
બહુ ખેંચી તાણું પણ ન પદ* રંગાય પૂરું એ,
ભલેને તે દોડે પણ થઈશ હું સંમત નહિ,
અને એની જોડે કરીશ ઝઘડ્યા નિત્ય હઠથી.

ગુનાઓ જે જે કૈં મુજ થકી થયેલા પ્રભુ! હશે,
બધી શિક્ષા એની સહી લઈશ જે હું—પર થશે;
છતાં મોટો છે તું વળી નિધિ દયાનો તું પ્રભુ! છે,
પડ્યો છું તારે હું શરણ, કરવું યોગ્ય કરજે.

---

*પ્રભુપદ

પહેલાં તો મારા બળ થકી તને પામી શકવા,
ભીડી'તી મેં બાપુ! મુજ હૃદયમાં હામ પણ હા!
પ્રભો એવી રીતે કંઈ નવ મળ્યું આથડી મર્યે,
હવાં જાણ્યું મારા બળ તણી કશી કિંમત ન છે.

કરીને તૈયારી પથ હું નીકળ્યો, ત્યાં અધવચે,
અને ગાડું ઘાંચે અટકી પડિયું છે; મદદ દે;
રચેલા આદર્શો જીવનમહીં ઉતારી શકવા,
વળી આવ્યો તારે શરણ, પૂરું હું તો સમજવા.

તને રાજી રાખી શકું ત્યમ હું–થી યત્ન બનજો,
હમેશાં કર્તવ્યે મુજ મતિ પ્રભો! સ્થિર ઠરજો,
પ્રભો! મારે માથે તુજ વરદ બે હાથ ધરજે,
મને સંભારીને મુજ પર કૃપાદૃષ્ટિ કરજે.

ઘણું પશ્ચાતાપે હૃદય તપવ્યું મેં ત્યમ છતાં,
કસોટી પૂરું ઊતરી શકતું તે હજીય ના,
'પુરુષાર્થીને તું સતત બળ વિશ્વાસ ઉર દે!'
જીવું એ શ્રદ્ધાએ અવર કંઈ આધાર ન મને.

કરેલા ધ્યેયેથી કદી મુજ ન પ્રવૃત્તિ ખસજો,
અને ત્યાં ચોંટેલું મન, ચિત્ત તણું ધ્યાન ઠરજો;
થતાં સૌ કામોમાં મુજ થકી સદા મેળ બનજો,
પ્રભો! એવી મારી પર તુજ કૃપા તો ઊતરજો.

સ્વીકારાજો હું–થી મુજ ભૂલ ગમે તે પણ થતાં
અને પ્રેરાયેલા પથ ગમ જવા દે બળ કૃપા,
ઊંડું ભાવે તારું સતત મુજ ચિંત્વન થજો;
અને બુદ્ધિ મારી કદી પણ વિપથગામી ન બનજો.

ભલે બાહ્યાચારો જગ તુજ હશે શુદ્ધ સઘળા,
તને કૈં એનાથી નથી જ મળવાની કશી મતા;
કૂંડાળે એના એ પડી ન રહેતાં, દૂર કહીંયે,
જવાનું છે તારે, ભૂલી જઈશ ના તે મન વિશે.

પુરુષાર્થેથી જે નવ મળી શક્યું, તે પદરજે,
મળ્યું કૈં સદ્ભાગ્યે હરિજન તણીથી ગરીબને,
હતી શ્રદ્ધા ના કૈં, મુજ મતિ બહુ તર્ક કરતી,
વિચારો ઊંધા તે કરતી હતી, હાવાં જરી ઠરી.

ઢળી શીખ્યો તારે ચરણકમળે સ્વાશ્રયી થવું,
કમાયો તેથી ને અનુભવી શક્યો જોર મુજ હું,
કૃપા વિના તારી બની શક્યું હતે કૈં ન મુજથી,
પ્રભુ! તારો માનું ફરી ફરી હું તો પા'ડ હૃદયથી.

વિચારો વિકારી હજીય મુજ કેડો નવ મૂકે,
મને ક્યાંનો ક્યાં તે ઘસડી જઈ ફેંકે દૂર ઘણે,
બની જ્યારે આવું, મન હું હઉં ના સાવધ પૂરો,
હું તો હૈયે ત્યારે, પ્રભુ! તુજ બની સ્થસ્થ બનતો.

પ્રભુ! પૂર્વેના કો' જરૂર મુજ સંસ્કાર હૃદયે,
કૃપાથી જાગ્યાથી, કંઈક વળી હું જાગૃત થયો,
પ્રયત્નો શ્રદ્ધાથી તહીંથી કરવાના શરૂ થયા,
છતાં અંધારું આ ફીટતું નથી, દેની તુજ કૃપા.

પ્રભુ! મારામાંથી દૂર તું કરની આળસ બધું,
વળી બાળી દેની મન, હૃદયથી ક્રોધ પ્રભુ! તું,
અહંતા હું-માંથી સમૂળગી કરી દેની દૂર તું,
શકું પ્હોંચી જેથી પ્રભુ! તુજ કને એમ કર તું.

મને મારામાં તો હૃદય દૃઢ વિશ્વાસ બહુ છે,
જીવાતું રેવાયે મુજથી પ્રભુ! તે કારણ વડે;
નિરાશામાં બાકી ટકી રહી શક્યો હોત નવ હું,
કૃપા એવી હોજો મુજ પર સદાયે તુજ પ્રભુ!

મને ઉદ્ભવ્યો જે હૃદય મહીં સંદેહ પ્રભુ! હું
શકું રૈ એનાથી દૂર જ, મુજને પ્રેર ત્યમ તું,
વળી શોકે, હર્ષે સમ રહી મતિ, ચિત્ત તુજમાં
રહે મારાં એવી ચરણ પ્રભુ! દે ભક્તિ હૃદયમાં.

'જગે જીતી પ્રેમે વશ કરી શકું ક્રોધ મુજ હું'
'બૂરાઈને જીતું પ્રભુ! મુજ ભલાઈથી જગ હું'
'જૂઠું સત્યે જીતું, જીતું કૃપણ દાનેથી પ્રભુ! હું'
હૃદે એવું ઊંડું બળ પ્રભુ! મને દે વિનવું હું.

હું તો ઘંટીના બે પડ મહીં પિલાઈ મરું સદા
કૃપાદૃષ્ટિ મારી તરફ કરતો તોય ક્યમ ના?
ભલે જેમાં રાજી હઈશ, હું સ્વીકારી લઈશ ને,
દશા હું સંતોષે વગર બબડ્યે ભોગવીશ તે.

હંમેશાં રે'વાજો મુજથકી સદાચારી મનથી,
થવામાં નિષ્પાપી મદદ મુજને આપ પ્રભુજી,
કૃપા વિના તારી મુજ થકી સધાશે નવ કશું,
પ્રભો! એ રીતે હુંપદ, કર છતાં, પંગુ-જન છું.

મને મારા દોષો તણું સતત સૌ ભાન ઊઠજો,
અને તે દોષોને ક્યમ દૂર કરું, ચિંત્વન થજો,
ભૂલો, ચૂકો જે જે મુજથી બનશે, તે હું તુજને,
જણાવ્યાં હંમેશાં કરીશ, મતિ દે સૂક્ષ્મ મુજને.

ચળાજો ના કેમે મુજથી કદીયે નિશ્ચય થકી,
મને દેતો રે'જે પ્રભુજી! બળ એવું ઉરમહીં;
કશું યત્કિંચિતે કદી બનતું ના તાત! મુજથી,
છતાં થાતું જે કૈં, બનતું બધું તારી રહમથી.

મને તીવ્રાકાંક્ષા પ્રભુ! તુજ વિષે તું જગવજે,
હૃદે તારા દૈવી પ્રણય થકી ઉન્મત્ત કરજે;
વળી જ્ઞાનાગ્નિથી મન, હૃદયને શુદ્ધ કરજે,
સદાયે તારું ત્યાં ઘર બનવીને વાસ કરજે.

રહેવાજો નીચું જગત નિત્ય મુજથી,
સહેવાજો પ્રેમે દુઃખ શિર પડે જે, મુજ થકી,
સદા મારી રે'જો પદ કમળમાં વૃત્તિ મનની,
અને તું–માં મારી સતત સ્ફુરજો ભક્તિ હૃદથી.

કરેલો છે મેં તો મનહૃદય ચિત્તે નિશ્ચય મહા,
ગમે તે થતાંયે નવજીવનને પ્રાપ્ત કરવા,
નિરાશાથી જ્યારે પણ મનડું મારું ડગમગે,
મને દેતો રે'જે તુજ બળ-કૃપા-હામ હૃદયે.

સ્વીકાર્યું'તું ના મેં પ્રભુજી! તુજ અસ્તિત્વ જગમાં!
અરે! વર્ત્યો હું તો મનગમતી રીતે જીવનમાં,
કૃપા તેં એવાની પર પણ કીધી તે જીવનમાં,
નવી દૃષ્ટિ આપી, વીસરું તુજને તે ક્યમ હવાં?

ભલેને સંજોગો અનુકૂળ હશે ના મુજ બધા,
વિચારો જો રાખી દૃઢ શકીશ, તો તો બસ ભલા!
પ્રભો! તેથી તું-માં સતત, ઉરશ્રદ્ધા ધરી રહ્યે,
પહોંચાશે ધ્યયે, જરૂર મુજથી એક દિવસે.

મને ક્યારે તારા પદ-કમળમાં સ્થાન મળશે?
મહેચ્છા એ ઊંડી મુજ જીવનની એક પ્રભુ! છે.
સધાશે જ્યાં સુધી મુજ જીવનનું ધ્યેય નહિ તે,
નિરાંતે જંપીને ઠરી હું નવ બેસીશ કદીયે.

હૃદયે જે ધારેલું તુજ થકી લીધા તે વગર હું,
હવાં કેડો તારો કદીય પણ મૂકીશ નવ હું,
તને શ્રદ્ધાથી હું રહીશ વળગી આગ્રહ થકી,
ભર્યાં હૈયું મારું કરીશ પ્રભુ! તારા સ્મરણથી.

ભલે વિઘ્નો આવે, ઊતરી પડતા પા'ડ શિર છો,
અને અગ્નિ-જ્વાળા ફરી વળતી ચોપાસ મુજ છો,
ગમે તેવું થાઓ મુજ, પણ હઠો તું-પરથી ના,
પ્રભો! શ્રદ્ધા મારી, કંઈ જ બસ માગું અવર ના.

હૃદે ઊંડો ઊંડો પ્રણય પ્રગટાવી હું તુજને
કરી એવો મારો લઈશ, છટકી કે નવ શકે;
તુમાખી તું તારી ચલવી પછી જોજે મુજ પરે,
તને થૈ થૈ કેવો નચવીશ તુંયે તે સમજશે.

શ્રીગંગાચરણે

(શિખરિણી-મંદાક્રાંતા)

મળી માતા ગંગા પછીથી પરવા શી રહે રાંકને આ?
મળ્યા કેડે માતા કંઈ જ પરવા શી રહે ભૂખની ત્યાં?
શિરે માતા કેરા કર-કમળની હૂંફ જ્યાં સ્નિગ્ધ હોય,
હશે ત્રિલોકે કો' મુજ સમ બીજો ભાગ્યશાળી શું ક્યાંય?

સદા કેવી માતા સતત વહેતી શુદ્ધ ને બુદ્ધ મુક્ત!
શકે બાંધી રાખી પછીથી મુજને વિશ્વમાં બીજું કોણ?
ત્રિલોકે કો' બીજું મુજ જનની જેવું ના શક્તિશાળી
પડ્યો માને ખોળે, પછીથી ક્યમ રે' માથી મારી જુદાઈ?

હૃદે જેમાં તેમાં મુજ જનનીને હું નીરખતો,
મને જેમાં તેમાં મુજ જનની આશ્રય વડો;
મને જેમાં તેમાં શરણ જનનીનું જ બસ છે,
સદા મારી માતા અમર તપજો મારી પર તે.

વિના માડી કેવા જગ અમ થતા હાલ-હેવાલ બૂરા!
અમે માર્યા માર્યા જીવન જીવતા કેવું તારી વિના મા!
વિના માડી ક્યાંયે સુખ ન મળશે સાવ નિશ્ચિંતતાનું
હૃદે એ ઊગ્યાથી મુજ મન થયું માડીને શોધવાનું.

જવા જેણે જેણે નિજ મન કર્યું માડીની પાસ પ્રેમે,
વિના માડી તેણે મન-ચિત-હૃદે સ્વાદ ના કૈં' ધર્યો છે;
સમર્પ્યું છે જેણે જીવન સઘળું માડીને કાજ ભાવે,
નવાજ્યા વિના તે જનની ન રહે એહને કોઈ કાળે.

હું તો આવ્યો આવ્યો રખડી ભટકી લોથ કેવો થઈને,
મને મારું નો'તું જરી પણ રહ્યું ભાન પૂરું કશુંયે;
રડી આળોટ્યાં મેં બહુ બહુ કર્યું આર્ત ને આર્દ્ર ભાવે,
કૃપા ત્યારે માએ મુજ પર કીધી, ધન્ય હો મારી માને.

હજારો ને લાખો રૂપ અવનવાં માડી! તારાં બધે છે,
બધાંનામાં મા! જે સજીવન ભર્યું પ્રાણ ચૈતન્ય તું તે!
બધાંમાંની શક્તિ સકળ, ચરણે માત્ર બિંદુ સમી તે
મહાશક્તિ એવી અમ જનની તે રીઝજો પ્રેમભાવે.

સમાઈ રે'વાને, રસ તુજ નર્યો પામવાને અનેરો,
—અનેકે આપ્યાં છે, નિજ શિર પદે હર્ષઘેલાં થઈને
મરીને તે જીવ્યાં, રળી જીવનનો પ્રેમ આનંદ લૂટ્યો,
ગુણો ગાતાં એવી મુજ જનનીના પ્રાર્થના-ભાવ ખૂટ્યો.

તને છાનું છાનું હૃદય નીરખવું વ્હાલું વ્હાલું ગમે છે,
લપાવા તારામાં હૃદય ઊછળતું, નાચતું તે તરંગે,
છુપાયેલું તારું જીવન સ્થૂળમાં શોધી તે કાઢવાને,
—મહાત્માઓ કેંક પણ ગળી ગયા પામતાં પામતાં તે.

કઈ રીતે ગાઈ શકું તુજ મહાશક્તિ-સૌંદર્ય-ગાથા?
વિના અંજાયા કો રહી નવ શક્યું તું-પ્રભાવેથી માતા;
કૃપાથી તે તારો પણ હૃદય જરા જો રસાસ્વાદ ચાખ્યો,
વિના મૂઆ તેનો કદિય પણ તે છૂટકો ના થવાનો.

તણાતાં દેખાયે જગજન બધાં કોઈ ને કોઈ લોભે,
મને તેમાં માના પ્રણયરસની શી કળા ગૂઢ લાગે!
સમાઈ છે મારી જનની સહુમાં કોઈ ને કોઈ રૂપે,
હું તો તેથી જ્યાં ત્યાં ફરી શકું બધે માની સંગાથ પ્રેમે.

અરે! દુઃખી લોકો, દુઃખ મહીં સડી કાં રહ્યાં છો નકામાં?
ઊભી છે પ્રત્યક્ષે જનની સમીપે સાદ એને ન દો કાં?
પડેલાં દુઃખોમાં જનની સ્તવશે, રે' ટકી તે જ ઊભો,
છતાં માને કોઈ સ્મરણ ન કરે, મા બિચારી કરે શું?

સ્મરે છે માડીને નિજ જીવનનાં ધર્મ-કર્તવ્યમાં જે,
સ્વીકારે જે માને મળી પરિસ્થિતિ-માંહી સૌ યોગ્ય ભાવે,
મળેલું એ ક્ષેત્ર નિજ જનનીનું ભક્તિ કેરું ગણે જે,
કરે શો એવાને હૃદય સરસો ચાંપીને પ્રેમ મા તે.

મળેલાં કર્તવ્યે મન-હૃદયનો પ્રેમનો ભાવ પૂરો
—ફળાવા ભક્તિને સમજી સમજી જે ઉતાર્યા કરે સૌ;
છતી તેનામાં તો મુજ જનની તે થાય પ્રત્યક્ષ ભાવે,
જગે મારી મા તો હસતી રમતી સર્વમાં ગૂઢ ખેલે.

મળેલું મા કાજે સમજી સમજી પ્રેમથી વાપરે જે,
મળેલું એવાનું કંઈપણ કશું ના નકામું જતું તે,
કરે જે જે તે તે નિજ જનનીના પ્રેમના ભાવ અર્થે,
સમર્પી તે માને નિજ મન કદી સાવ ખાલી રહે છે.

લપાઈને સૂવું જનની પડખે મીઠું તે કેવું લાગે!
નથી માડી જેને સમજી ન શકે સુખ તે કોઈ રીતે;
અમર્યાદાવાળી મુજ જનની પ્રેમ-વિસ્તાર પાંખ,
જહીં હું હોઉં ત્યાં પ્રસરતી રહે આંખ એની અમાપ.

અપાપી-પાપીનો તુજ શરણમાં ક્યાંય મા! ભેદ ના છે,
પછી મૂર્ખા લોકો તુજ શરણું મા! કેમ લેતા નથી તે?
ગ્રહે જેનો હાથ રહમ કરીને જ્યાં તું મા! એક વાર,
કરાવી દે તેનો ભવ-વમળથી માડી! બેડો તું પાર.

પહોળા મા હાથો કરી કરી ચહે બાળને ચાંપી લેવા,
જુઓ માડી કેવી તલપ તલસે બાળ કાજે હૃદયમાં,
ઊઠો જાગો, લોકો નિજ જનનીને પ્રેમભાવે પુકારો,
ભૂલી સૌ જંજાળ, લપછપ, હૃદે માડીનું લક્ષ ધારો.

જતાં માના પંથે નિજ જીવનની ભાવનાનો વિકાસ
—થતાં રે'છે કેવો શરણજન જે જાણશે એકમાત્ર,
હશે માડી પાસે, પણ મન ઠર્યું જેનું ન હોય મામાં
—ન એને દેખા દે, મન શરણ તો રાખજે લીન તુંમાં.

ગુમાને પોતાના બળ પર રહી આવવાનું કરે જે,
કૃપાનો તેવાને અનુભવ હૃદે ના થશે કોઈ રીતે,
અહં મૂકી પૂરું શરણ તુજમાં જે રહે પ્રેમભાવે,
બતાવે છે લીલા તુજ રમતની એહને મુક્તરંગે.

સ્વભાવે રે' જેનું મન પકડમાં, રૂપ માનું સ્વતંત્ર
—શકે ના પામી તે, થઈ નવ શકે માનવી મુક્ત એવું,
મથે જે રંગાવા મન, મતિ, અહં, ચિત્ત ને પ્રાણ તું-થી,
—કૃપાની ઝાંખીનો અનુભવ થશે; એ જ રંગાય માથી.

કરાવે છે મા તો અનુભવ ઘણા, બુદ્ધિ જો હોય કોરી,
—ઠરે છે ના એને મન અનુભવો, તે ન રંગાય કો' દી',
'કૃપા તારી માડી સતત વિલસે એવું સદ્‌ભાગ્ય રે' જો'
—ઝિલાવાને એને કરગરી લળી યાચું એ રાંક હું તો.

વિના તારા કોઈ મનન મનમાં ના થજો કોઈ વેળા,
રહો રંગાયેલાં મન, મતિ, અહં, ચિત્ત ને પ્રાણ તું-માં,
કદી મૂર્ખાઈથી તુજ પકડથી હુંથી ભાગી જવાતાં
—મને પાસે લેજે મુજ પકડીને કાનપટ્ટી જ તું મા!

જતાં તારે પંથે મન નીરખિયાં પાંગળાં ને અશક્ત,
''ચઢાવે લૂલાંને ગિરિ તુજ કૃપા'', ઉક્તિ તે ભાળી સત્ય,
જનો કોઈ એને કવિ-મનતણી કલ્પના ખાલી માને,
પરંતુ જેઓને અનુભવ થયો હોય તે સાચી જાણે.

તપશ્ચર્યા વિના નવ જઈ શકે કોઈ તું પાસ માડી!
ભણાવે છે એવા જગતજનને પાઠ પ્રત્યક્ષ આંહીં,
રહે છે ચેતેલી મન-હૃદયની ભાવના જેની માંમાં,
અહં તેવા કેરું ગળી જઈ બધું, ને બને ભક્ત તારા.

સ્વભાવે પોતાના મનમહીં કરે ચાલવાનું અજાણ્યે,
તહીં જે ચેતે તે મન રહી શકે જીવતાં જ્ઞાનભાવે;
'ઊભી છે મા પાસે નિજ મદદમાં એમ વિશ્વાસ ધારી',
પથે ઝુકાવે જે હૃદય શકશે માનું તાત્પર્ય ન્યાળી.

''થતાં જુદી જુદી પરિસ્થિતિ જગે જીવને હેતુ એનો
—હશે શો'' એવું જે મનન કરીને વર્તશે, જીવશે તો,
મળેલાં કર્તવ્યે મન, હૃદયથી, જ્ઞાનથી, ભક્તિભાવે
—ધરે છે જે ઊંડો, હૃદય બની શકે મા તણો તે જ ભક્ત.

મળેલાં કર્તવ્યે નિજ જીવનનો ધર્મ જે સત્ય માને,
મળેલાં કર્તવ્યે નિજ તણું થતું શ્રેય સૌ માનતા જે,
'મળેલું કર્તવ્ય નિજ જીવનના ક્ષેત્ર વિકાસનું છે'
લહી લેવું કર્મે, મન જનનીને જે ધરે લ્હાણ પામે.

જગે માડી કેરા પદ-કમળના આશ્રયે જે રહેશે,
શકે દંડી એને જગતભરમાં કોઈ ના કોઈ રીતે,
મળેલ જે નિર્દ્વંદ્વ સુખ, અનુભવી હોય તે એક જાણે
બીજાંને સ્વપ્નેયે જનની-સુખનો ખ્યાલ કેમે ન આવે.

બીજા લોકો એને નવ સમજતા, કલ્પના માત્ર ધારે,
જગે લોકો એને 'ઊંઘ મહીં મળ્યું સુખ' એવું પ્રમાણે;
પરંતુ જે રીતે સુખ મળી શકે તે રીતે વર્તી જોઈ
પછી હૈયે એવું સુખ ન મળતાં બોલવા સર્વ છુટ્ટી.

ભલે માને કે ના, જગ જન મને ના પડી કાંઈ એની,
કરે કિંતુ માની શી અવગણના! તે ન સ્હેવાય હું-થી,
પડી પાયે તેથી જગતજનને પ્રાર્થના રાંકની કે
'ઊંડી તીવ્રાકાંક્ષા જગવી હૃદયે, વર્તી નિર્દ્વંદ્વ જોજો!'

કશું માગી માગી વધુ તુજ કને માગતો હું નથી મા!
ન જો મા! હું માગું લખી તુજ કને માગવા જાઉં હું ક્યાં?
મને જેમાં તેમાં મુજ જનની! તું કામધેનુ રૂપે છે,
બધી આશા ઈચ્છા મુજ વગર મા! કોણ પૂરી કરી શકે તે?

હું તો અજ્ઞાની છું, મતિ વગરનો મારું કલ્યાણ શેમાં
—ન જાણું તે પૂરું, પણ ત્યમ છતાં હું કરું નિત્ય માગ્યા;
હૃદે માગ્યાનો મા! લખી તુજ કને ઑર આનંદ આવે,
શિશુ માને કેવું પજવી પજવી મોજ ને વ્હાલ માણે?

સહી લે મા સૌ નિજ શિશુ તણું કંઈ થતાં આડું-તેડું,
અને શિક્ષા દેવી ઘટતી જહીં હો, પ્રેમથી આપતી સૌ,
જગે મારી માના સમ અવર ના કોઈ નિષ્ઠુર પૂરું
વળી સાથે માના સમ અવર ના કોઈ પ્રેમાળ એવું.

ન રંગાયે બુદ્ધિ જહીં સુધી ખરી ભક્તિના રંગથી તે,
ન માને આવે તે મદદ ખપમાં પૂરી પિછાનવાને,
કર્યે કોરી બુદ્ધિ થકી જનનીની ખાલી વાતો ન પામે,
રહ્યો ખાંડા ધારે પથ; મરજીવા શૂર જે ભક્ત પામે.

મડાગાંઠો જે જે સમજી હરખે કાપવાનું કરે છે,
ગુમાવામાં એવું મન સમજતો શ્રેય પોતાનું સૌ તે,
ચહે જે તે કાજે જન દઈ શકે મૂલ્ય માગ્યું બધુંયે,
વિના ચાહ્યા કોને જનની ન મળે, મૂલ્ય આપ્યા વિના તે.

તમારી રીતેથી, તમ સમજણે ખાલી રે'શો પડી જો,
હૃદે માને પામી કદી નહીં શકો નિશ્ચયે જાણી લે'જો,
થશો જ્યાં નિર્દ્વંદ્વ મન-હૃદયથી શુદ્ધ હોમાઈ યજ્ઞે,
મળી માને ત્યાં કંઈ કળી શકો, ખેલશો સર્વભાવે.

કૃપા-લીલા તારી અકળ વદતા છો ભલે સર્વ લોક,
પ્રવેશ્યા ના જેઓ જનની હૃદયમાં, ને વદે એમ કો'ક,
દિલાસો ખાલી તે નિજ મન થકી મેળવી શાંતિ લે છે,
મર્યા વિના સ્વર્ગે નવ જઈ શકે કોઈ કોના બતાવ્યે.

કઈ રીતે મોઢે મુજ જનનીનાં હું વખાણો કરું શાં?
બધાંનેયે લાગે નિજ જનની શી વ્હાલી વ્હાલી હૃદેમાં!
મને મારી માના કરકમળનો સ્પર્શ જાદુભર્યો શો
—થતો રે'જો જ્યાં ત્યાં લળી કરગરી પ્રાર્થતો રાંક હું તો!

'તને મા જીવાડી હૃદયપટમાં ચેતના-યુક્ત હોવા'
હતો એવો મારો કંઈ જીવનનો સ્વપ્ન-આદર્શ ઊંડો,
મથાવ્યાં જેણે સૌ કીધું જ મુજને, ઊંઘવાયે ન દીધો,
કૃપા માડી તારી મુજ પર હતી, ઊજળા દી થયા તો.

હતું કેવું મારું ગત જીવન જે, તે બન્યું આજ કેવું!
શકે જાણી એને ક્યમ કરી બીજાં, જાણતી એક મા તું,
મને દુર્ભાગીને જનની મળતાં સર્વ સદ્‌ભાગ્ય લાધ્યું,
હવે મારે કોનો જગ ખપ નથી, માડીથી સર્વ પામું.

ત્રિલોકે મા! તારી જય જય હજો, સર્વ સત્તા પ્રવર્તો,
કૃપા સત્તાધીશ મુજ પર હજો તારી સૌ વાતમાં તો;
''બધું તારું ચાલ્યું મુજ પર થજો, શૂન્ય રે'વાઈ પૂરું
—ભરાવ્યાં તારાં તે ડગ મુજ થકી સૌ ભરાજો'' હું યાચું.

જનેતાને અંજલિ

(મંદાક્રાંતા)

જે માતાએ નિજ ઉદરમાં ભાર સેવ્યાં કરીને,
કષ્ટો વેઠી નવજીવનનો આપિયો જન્મ વિશ્વે;
એ માતાને જીવન મહીં મેં કૈં ન સંતોષ દીધો,
ને આઘાતો વળી ઉપરથી કૈંક આપ્યા કરેલા.

(શિખરિણી-મંદાક્રાંતા)

છતાં જેણે મારી પર હૃદયમાં ના અસંતોષ આણ્યો,
ગણી વ્હાલો હૈયે સગવડ મને દીધી શી માર્ગ પ્રત્યે;
ઘણું વેઠ્યું પોતે જગત-જનની-શી ટીકા તેં સહી મા!
અમોને તેં તો મા! કદી નથી દીધું આવવા એવું કૈં મા!

તને પૈસે પૂરી સુખી નવ કરી, તારી મા, પૂરી આશા
ફળાવી એકે ના કદી પણ શક્યાં—શું અમે પુત્ર પાક્યા!
રહ્યો'તો મારામાં મુજ જીવનની ધૂનમાં મસ્ત હું ને,
જરાયે આપ્યું ના તુજ પર કદી ધ્યાન મેં કોઈ વાતે.

તને ઓછું આવે ત્યમ જગતમાં વર્તવાનું બન્યું'તું,
છતાંયે તેં માડી! અમ શિર પરે હાથ રાખ્યો કૃપાળુ;
સહી લીધું જાતે પણ દુભવા ના દીધાં તેં અમોને,
કઈ રીતે તારું ઋણ પતવું ના સૂઝે મૂર્ખને તે.

હતા આશીર્વાદો તુજ અમ પરે પામિયા તેથી લ્હાણ,
છીએ આજે જે કૈં અમી નજરનું તે પરિણામ સ્પષ્ટ;
અમોને આપીને તુજ જીવનથી માનવી જન્મ રૂડો,
ગણાવું શા તારા અમ પર બધા જીવને ઉપકારો.

કઈ રીતે ભૂલું જનની તુજને! પ્રેમ-કલ્યાણવાળું,
મને તો લાગે તુજ બિરદ મા! શ્રેયને આપનારું,
જતાં તેં ના વાર્યો ધરી મુજ કને મારી મુશ્કેલીઓને,
પછી મૂંગે મોઢે સહન કરવું જાણ્યું મા! માત્ર શું તે?

ગરીબીમાં કેવી તુજ જીવન મા! આખુંયે ગાળ્યું તોયે,
ન બૂમો પાડી કે અવર સમીપે રોદણાં ના રડ્યાં તેં,
થતી જ્યારે દુઃખી અતિશય મને* ને અસંતોષ સાલ્યે,
બળાપા કાઢ્યા છે અમ વિષયમાં શો છતાં પ્રેમ હૈયે?

શકું જો સંતોષી મુજ જીવનથી હું તને માડી પૂરું,
શકું જો દીપાવી મુજ જીવનથી નામ તારું મધુરું;
શકું જો ફેલાવી જીવન-સુરભી એક તારી કૃપાએ,
જીવ્યું મારું તો હું સફળ ગણું ને શો કૃતાર્થી થવાયે!

કૃપાદૃષ્ટિ તારી અમ પર સદા રાખતી માડી! રે'જે,
અમોને પ્રેરાવ્યાં જીવન કરજે શ્રેયને માર્ગ ખંતે,
જતાં ઊંધું ક્યાંયે વલણ અમને, વાળજે માર્ગ સીધે,
અમારામાં તારું જીવન પૂરું ખીલજો ભાવમાં તે.

('જીવનસંદેશ' આ.૨, પૃ. ૨૮૭)

સાચી ઈશ્વરભક્તિ

(અનુષ્ટુપ)

દેવમંદિર બેઠેલો, ખરો તે દેવ ના ગણો,
જગાડવા ખરો દેવ, એ છે સાધન માત્ર તો.

કામાદિ રાગ ને દ્વેષ, થતાં ઓછાં અનુભવો,
પ્રભુમાં રે'તું હો ચિત્ત વધુ, તો યોગ્ય જાણજો.

પ્રભુની ભક્તિ જો સાચે ભાવે તે કરતાં હશું,
પ્રત્યક્ષ પરિણામો સૌ જીવને ભાળતાં જશું.

---

*મનમાં

ખાલી નામ લીધાથી કૈં આપણું વળવાનું ના,
ભાવવૃદ્ધિ થતાં જાણો ફળંતુ નામ ઉરમાં.
આશા, ઇચ્છા, કશી તૃષ્ણા એવાએ રાખવી નહિ,
ઊઠતી તે જુઓ ત્યારે, પ્રભુને સ્મરવા ચહી.
પ્રભુ વિના કશો ખ્યાલ ઊઠવા દ્યો ન ચિત્તમાં,
કામ સૌ આપણાં એ તો થયાં તે કરશે સદા.

(૧)

અનંત કાળથી વિશ્વ ચાલ્યાં જ કરતું દીસે,
એની સંભાળ લેનારું બેઠેલું કોઈ તો હશે.
પ્રભુમાં સર્વ આધાર શ્રદ્ધા, વિશ્વાસ, જીવતાં
જેને બેઠાં હશે ઊંડા તેવા નિર્ભય રે' સદા.
આપણે આપણા ભાવે રળવાનું ચહ્યાં કરો,
એ જ મહત્ત્વનું કાર્ય આપણું સૌ ગણ્યાં કરો.
લગાતાર રહે છે જે એકના એક કામમાં,
બુદ્ધિ તે કામ ઉકેલે કેવી સૂક્ષ્મ કરે થયાં!
એવી પ્રત્યક્ષ જે વાત એને લાગ્યા કરે હૃદે,
પોતાનો ગુરુ એવો તે ત્યારે ખરેખરો બને.
કોઈના પર આધાર ત્યારે ના રાખવો પડે,
ઉકેલ સર્વ વાતોમાં મેળે એને જડ્યા કરે.
થતાં પૂરી પ્રભુભક્તિ એવું આપણુંયે થશે,
સાચી ભક્તિ ઊગી ત્યારે ઘટે તે પ્રીછવી હૃદે.

('જીવનપગલે' આ.૧, પૃ. ૧૧)

સાધનાની પારાશીશી

(અનુષ્ટુપ)

પ્રભુ દોરવણી નીચે મુકાઈ પ્રેમથી જવું,
કોઈ ભાગ ન બાકી રે' એવું સૌ કરી નાખવું.

ખુલ્લા થાઓ પ્રભુ પ્રત્યે, આપણાં સર્વ કર્મને,
પ્રભુ-દોરવણી નીચે મૂકી દ્યો પ્રાર્થીને હૃદે.
ઉન્મુખતા પ્રભુ પ્રત્યે પ્રેમ-ભાવથી રાખજો,
એવા પ્રયત્નની ધારા વ્હેતી અખંડ રાખજો.
તટસ્થતા, હૃદે શાંતિ, સ્થિરતા, સમતા-દશા,
થવા સારુ, પ્રભુની તે કૃપા-સ્હાય કરો ચહ્યાં.
તેવું તેવું થવા સારુ પોતાથી બનતું બધું,
કરી સૌ છૂટવું ખંતે, કૃપા તે સાથ માગજો.
પોતે કર્યા વિના એની કૃપા જો માગશો તમે
ઊભો ના પડખે રે'શે પ્રભુ પોતાની મેળ તે.
જે તે કર્યા કરો તેમાં પ્રત્યક્ષ કેટલાં રહે,
એ બધાં સાધના-માપો આપણે જાણવાં હૃદે.
ઈશ્વરેચ્છા પરે રે' છે કેટલી શરણાગતિ
વિચારો શા કરે પેદા તેયે જે એક માપ છે.
જ્ઞાન-વિવેકની શક્તિ ખીલેલી પુષ્પ જેમ રે'
વર્તન કોરું એવાનું થશે ના કોઈ રીતિએ.
પ્રત્યેક વર્તને એવા પ્રાર્થના કરવી હૃદે
પ્રાર્થ્યા વિનાનું એવાને કશુંયે ખપશે ન તે.
આહારે ભાવના રાખી જે યોગ્ય પ્રાર્થના કરો,
મળમૂત્ર જવા કાળે યોગ્ય તે ભાવના ધરો.
બીજાંની સાથ શી રીતે વર્તતાં શ્રેય સૌ તણું
થતું રૂહે હૃદે એવો ભાવ ત્યાં રાખવો ઊંડો.
'વર્તતાં કાંઈ કો' સાથે એથી એને થશે શું શું'
આવી જવો ઘટે ખ્યાલ મેળે એવો હૃદે પૂરો.
પરોવી ભાવના કામે કરો ઉકેલ કામનો,
થયેલું કામ તે વિના આપણું કામનું ન તો.

કેટલી જાગૃતિ રાખી, કેટલી કાળજી લીધી,
ચેતના કેટલી રાખી આધાર એ પરે બધો.
હૃદયે પ્રભુ-તણો ભાવ પ્રત્યેક કર્મમાં રહે,
આપણો કેટલો કેવો, તોળાય સર્વ તેથી જે.
કર્મ પ્રભુતણો ભાવ બઢાવવા મળ્યાં કરે,
ખ્યાલ તે રાખીને ઊંડો કર્મ સૌ કરવાં ઘટે.
શુષ્કતા ના થવા દેવી કર્મમાં પેસતાં હૃદે,
આપણે આપણું જોતાં રહેવું બધી પેરથી.
છેતરાઈ જવાવાનું ક્યાંયે જે રાખવું નહિ,
શુદ્ધ ચિત્ત કરી રાખ્યાં ભાવ-કક્ષા વધારવી.
અજંપો તે કશી વાતે આપણે ધરવો નહિ,
થતું હો જેમ તેવું સૌ થવાવા દ્યો બધું સહી.
કિંતુ વિવેકનું જ્ઞાન ચેતનાવાળું રાખવું,
થતું રે' તેથી કોઈનું કૈં ન ખોટું ઘટે થવું.
બધા દોર મૂકી છૂટા એક તારે હૃદે ઊંડે
પ્રભુભાવે રહેવાનું રાખ્યા કરો મથી ઘણું.

('જીવનપગલે' આ.૧, પૃ. ૩૪ થી ૩૮)

દુઃખ—પ્રભુના આશીર્વાદ

(ઝૂલણા છંદ)

કારમું દર્દ જે દેહનું કુશળ કો,
વૈદ્ય નસ્તર મૂકી દૂર કરશે;
તેમ સૌ દુઃખ તો સ્થૂળનાં પડળને,
ચીરીને સૂક્ષ્મને બ્હાર આણે.
જેમ આ જગતમાં કૈં અનુભવ વિના,
સાંપડ્યું સાંભળ્યું છે કદી ના;
ભાવ જન્માવવા ગૂઢ ત્યમ અખતરો,
ભૂમિકા સ્થૂળમાં દુઃખનો ત્યાં.

('જીવનપગલે', આ. ૧, પૃ. ૪૨)

જીવનદાતા દુઃખ

(અનુષ્ટુપ)

મોંઘામૂલો મહામંત્ર જીવન-સિદ્ધિનો કશો,
વિશ્વે અસ્તિત્વમાં હોયે, દુઃખ તો એક જાણશો.

દુઃખને જે સહે પ્રેમે, દુઃખમાં હેતુ જે જુએ,
દુઃખને યજ્ઞ-ભાવે જે સહે, કલ્યાણ મેળવે.

આવેલું દુઃખ પોતાની મેળે ના તે જતું રહે,
સહેવું પડવાનું તે છૂટકો કોઈનો ન છે.

સહ્યા વિના ન જો આરો તો કંટાળવું શું પછી?
ભોગવો એ રીતે દુઃખ જેથી મૂડી શકો રળી.

દુઃખને જે શકે વાળી જીવને રચનાત્મકે,
દુઃખને ફેરવી એવો શકે લાભે સુખાત્મકે.

દુઃખ એ તો નિશાની છે, પ્રભુકેરી કૃપાતણી,
દુઃખને અવમાને જે નકારે પ્રભુની પ્રીતિ.

વિચારતાં કરી મૂકે દુઃખ જીવન જન્મતાં,
સ્હેતાં સ્હેતાં દુઃખોથી શી પ્રાણશક્તિ કરે મળ્યા.

સ્થિતિમાં એકની એક પડી રે'વા ન દુઃખ દે,
દુઃખ ગોદાટીને કેવો પોતાનો માર્ગ તે કરે!

પૂરી જીવનની ક્રાંતિ દુઃખ દ્વારા થયાં કરે,
દુઃખ એ તો તપશ્ચર્યા માનવીની જગે ખરે.

દુઃખથી જો ઘડી વાર દબાઈ માનવી જતાં,
પ્રેરાવશે છતાં દુઃખ ધક્કેલ્યા કરી કર્મમાં.

દુઃખ વેઠ્યા વિના જન્મ કશાનોય થતો નથી,
દુઃખ આઘાત આપીને પ્રેરાવે બોધ આપથી.

દુઃખ જે આપશે એને પોતાને દુઃખ મારશે,
દુઃખ જે ફેડશે એને દુઃખ તે મુક્તિ આપશે.

દુઃખની સાધના દિવ્ય માનવી જીવને મળી,
જીવન-માનુષી તેથી દિવ્યતામાં જતું મળી.

જન્માવવા પુરુષાર્થ, ચેતના પ્રકટાવવા,
મળેલું દુઃખ સદ્‌ભાગ્યે ઉષ્મા જીવન પ્રેરવા.

હતાશ દુઃખથી જેઓ બને નિર્માલ્ય જીવને,
દુઃખ એનું ચડી વાગે દુઃખમાં તે ડૂબ્યા કરે.

રોદણાં રડવાથી કૈં દુઃખ તો ઓછું ના થતું,
ઊલટો દુઃખનો ભાર વધે સાલે હૃદે ઘણો.

''જીવન-સિદ્ધિને માટે મળેલું દુઃખ'' જાણીને,
મુકુટ શિરનો એને જે ગણી શિર પ્હેરશે.

('જીવનપગલે' આ.૧, પૃ. ૪૩-૪૬)

દુઃખ—મર્મ

(અનુષ્ટુપ)

ભોગ આપ્યા વિનાનું સૌ સુખ ના સુખ જાણશો,
પૂરી યજ્ઞાહુતિથી જે જન્મે તે સુખ જાણજો.

ઊંડો આઘાત જ્યાં લાગે લાગણી તેથી જન્મશે,
ભાવના-જોમને ત્યારે હૈયે જે અપનાવશે.

એવો હેતુ દૃઢાવી જે વહી દેશે જવા ન કૈં,
ભાવના એવી જન્મેલી ભાવે કેન્દ્રિત તો થશે.

• • •

સાંપડે યાતનાઓ તો મહેચ્છા જાગી જેહને,
દુઃખોને યજ્ઞભાવે જે સ્વીકારે, લ્હાણ પામશે.

• • •

પ્રભુ તો સ્હાય દેવાને ઊભો પ્રત્યક્ષ સૌ પળે,
કિંતુ તે સ્હાય લેવાની તૈયારી આપણી ન છે.

આપણે આપણી રીતે ચાહ્યાં સૌ કરીએ છીએ,
એ રીતે ખેંચવા પ્રેરે પ્રભુનેય જનો ખરે.
અનેક સંત-ભક્તોએ પોતાને દળી નાંખીને,
નમ્રમાં નમ્ર થૈ પૂરા ઓળખ્યા છે પ્રભુ હૃદે.
સૌ સહ્યા કરવામાં તે પ્રભુનું જ્ઞાન-ભાવથી,
જીવનની પરાકાષ્ઠા પમાશે આપણા થકી.
ઉર-દૌર્બલ્યથી જન્મ્યો સંતોષ ખપનો જ શો!
એ તો મૃત્યુ પમાડે છે, અગ્નિને બૂઝવે પૂરો.

(શિખરિણી-મંદાક્રાંતા)

બધા નાના મોટા નિજ જીવનમાં સાંપડે જે પ્રસંગો,
નકામા તે ના'વે જરૂર પ્રભુનો ગૂઢ હેતુ રહેલો.
શકો ના પ્રીછી તે પછીથી પ્રભુ શું કરે બાપડો હા!
મળે જ્યાં વેતા ના નિજ મહીં પૂરા, દોષ શો કાઢવો ત્યાં?
નડે વિઘ્નો જ્યાં જ્યાં પ્રકૃતિ નિજની માનજો ત્યાં રહેતી,
જીતી લેવા એને હૃદય દૃઢતા રાખજો ખંતવાળી.

• • •

પ્રભુ ડાહ્યો જ્ઞાની તમથી અદકો શ્રેય જે છે તમારું,
તમોને પ્રેરાવે તહીં, પણ છતાં ધ્યાન બેસે ન પૂરું.
સ્વભાવે દોરાઈ જીવન ઘડવાના પ્રસંગો ગુમાવો,
હશો દેતાં શાને પછીથી અમથો દોષ એને જ માથે?

• • •

જુઓ જે જે વિશ્વે પરિણત થતું લાગતું રે' સદાયે,
ન એવી ને એવી સ્થિતિ મહીં પડી કોઈ રે' છે કદીયે.

(ગઝલ)

જીવન વેપાર કરવાની પ્રભુએ પેઢી ખોલી છે,
કશું આપ્યા વિના સોદો કશોયે ના થવાનો છે.

જીવનને સાચવી રાખે સદા નિજ સ્વાર્થ કાજે જે,
જીવન તે મેળવી શકશે નહીં ઉપાય કોટિએ.

(ઝૂલણા છંદ)

મથવું એ જીવન આનંદ પ્રકટાવવા,
એમ ગણીને જ જે યુદ્ધ ખેલે,
મૃત્યુ એને કરી શું શકે ત્યાં ભલા?
મૃત્યુ ગળી ત્યાં જશે આપમેળે.
દુઃખ અનિવાર્ય છે જીવનના પંથમાં,
સ્હેવું તે સકળને ભાગ આવે.
પણ ઝઝૂમ્યા કર્યે જીતશે તે ખરે;
આખરે વિજય-વરમાળ પ્હેરે.

(શાર્દૂલવિક્રીડિત)

જે જે સર્વ પરિસ્થિતિ જગ મળે તે તે વિકાસાર્થ છે,
એ રીતે ઉપયોગ શક્તિ કરીને ત્યાં શોધજો તત્ત્વને.

(શિખરિણી-મંદાક્રાંતા)

કસોટી આપે છે પ્રભુ, કરી કૃપા આપણું સત્ત્વ જોવા,
''સ્વીકારો શી રીતે મન હૃદયથી'' પારખું તેનું લેવા;
ગમે તેવું આવે સહન કરતાં હાલી ત્યાં કૈં ન જાતાં;
પ્રભુને સંભારી બનતું સઘળું સૌ કરો સોંપી એને.

('જીવનપગલે' આ.૧, પૃ. ૪૮ થી ૫૪)

દુઃખ

(અનુષ્ટુપ)

દુઃખ એ કલ્પના માત્ર માનવીના મને વસે,
દુઃખ એને ગણે જે ના દુઃખ તેને નહીં હશે.
પ્રેમની તે પરાકાષ્ઠા પહોંચવા શો વિયોગ છે!
તેવું જ દુઃખનું જાણો વિકાસાર્થે મળ્યું જ તે.

દુઃખ-દ્વાર જરૂરી છે પ્રભુ-મ્હેલ પ્રવેશવા,
દુઃખથી જ થયા સંતો, મહાત્મા પૃથ્વીની પરે.
દુઃખથી તો જણાયે છે સાચું વિશ્વસ્વરૂપ શું!
દુઃખથી તો પમાયે છે તત્ત્વ જીવનનું ખરું.
દુઃખ તો પ્રકૃતિ છાયા આપણામાંની તે રહી,
સંજોગો જ્યાં પ્રતિકૂળ થતાં તે દૃષ્ટિમાં પડી.

(મંદાક્રાન્તા)

એ તો તાવ્યા જરૂર કરશે કેટલા પાણીમાં છો?
એણે તાવ્યા શરણ જનને મૃત્યુથીયે વધારે.
જેવું સોનું અગન તપતાં શુદ્ધ થાયે વિશેષે,
તવાવામાં તેવું શરણ જનની પ્રેમ-ભક્તિ વધે છે.
દીધેલું સૌ પ્રિય પ્રભુતણું કષ્ટ તે ના નકામું,
એની શિક્ષા અટપટી દીસે બુદ્ધિ ત્યાં બ્હેર મારે.
શા કાજે તે દુઃખ અપવતો તે લહ્યા જો કરાય,
તો સ્હેવામાં સહન કરતા હો, ન તેવું જણાય.

(અનુષ્ટુપ)

જડની પેઠ સૌ સ્હેવું માત્ર એ દેહકષ્ટ છે,
એવું કષ્ટ સુધારે શું? એમાં શો ભલી વાર છે?
માનવી જાગૃતિ માટે દૈવી સંદેશ દુઃખ હા!
દયા લાવી પ્રભુ દુઃખ નાંખે સૌને જગાડવા.

('જીવનપગલે' આ.૧, પૃ. ૫૫ થી ૫૮)

દુઃખનો મર્મ

(અનુષ્ટુપ)

ધીરજ, હામ ને આશા દુઃખથી જીવને ઊગે,
કાપતાં કાપતાં દુઃખ જીવને શ્રેય સાંપડે.

દારિદ્ર્ય, ત્રાસ, કંટાળો ભલે દુઃખથી ઊપજે,
સાથે સાથે સુઝાડે છે ઉપાયો દુઃખ જીવને.
કોઈને સુખી જોઈને સુખી એને ન માનવું,
એનાય જીવને દુઃખ હશે કોઈ પ્રકારનું.
સર્વને દુઃખની છાયા જીવને તો પડ્યા કરે,
આવરાઈ ન જાયે જે દુઃખથી જે જીવ્યા કરે.
દુઃખથી જન્મવાનું છે સુખ સર્વ પ્રકારનું,
દુઃખને વેઠજો પ્રેમે, દુઃખને અપનાવજો.
દુઃખથી જીવને દ્વેષ જન્મે બીજાંની ઉપરે,
દ્વેષથી કામ ત્યાં લેતાં દુઃખનો હેતુ ના ફળે.
દુઃખ પામરતા પ્રેરે માનવી જીવને ખરે,
અજ્ઞાન અંધકારે શું જીવન છાવરી જ દે!
ક્રાંતિને પ્રેરનારું છે દુઃખ એ તો સનાતન,
દુઃખ જીવનનું પર્વ, દુઃખ જીવન-ઉત્સવ.
દુઃખ દેનારનો હેતુ, દબાતાં દુઃખથી ફળે,
દુઃખથી જે દબાતો ના એને કો' શું કરી શકે?
દુઃખને જે ઉકેલે તે શકે ઉકેલી જીવન,
જીવન માનવી કાજે દુઃખ શું દિવ્ય ઔષધ!

('જીવનપગલે' આ.૧, પૃ. ૫૯ થી ૬૨)

પુરુષાર્થ

(અનુષ્ટુપ)

બને છે કાલથી આજ, આવતી કાલ આજથી
નિશ્ચયે બનવાની તે જાણજો લક્ષ તે ધરી.
મહત્ત્વ આજનું તેથી જેના જીવનમાં ઊંડું
કરે ભવિષ્યને તેવા પોતાનામાં નકી ઊભું.

આજમાં તો સમાયેલાં ભૂત ને ભાવિ બેઉયે,
ધરી ભવિષ્યનો ખ્યાલ ચેતે ભૂતથી, તે જીતે.
આજમાં શક્યતા પૂરી જન્મ દેવા ભવિષ્યને,
આજ જે જીવી જાણે છે, તેવા જીવનને રળે.
કાલ ને આવતી કાલ બેનો સુમેળ આજમાં
કરે વિવેકશક્તિથી, જીવને તે કરે ફળ્યાં.
પ્રવૃત્તિ-હીન જાગીને પ્રવૃત્તિમાં રહ્યાં જવું,
સંકેલી લેવી પ્રવૃત્તિ આજનો તે સ્વભાવ શો!
દિવ્ય જીવનની ગૂઢ શક્યતા માનવી-હૃદે,
આજ ઉકેલવાને દે પ્રસંગો કર્મ જીવને.
અંધારું ના નકામું છે અંધારું તેજ પામવા,
અંધારા માંહી તે દૃષ્ટિ સાધકે રાખવી સદા.
અંધારું માનવી માને અભાવાત્મક તત્ત્વ તે,
કિંતુ તેમાંય છે ગૂઢ ચેતના ઈશની ખરે.
આજ ને કાલનાં પાસાં બંનેમાં ગુરુએ મને
ચેતનાનો ઊંડો ખેલ બતાવ્યો ગૂઢ શો હૃદે!
હજારો વંદનો એને, હજારો પ્રાર્થના પદે,
મને પામરને જેણે હાથ આપી દીધો ખભે.
એવા ગુરુ તણા પાદો ધોવાનેય ન યોગ્ય હું,
કિંતુ તે સામું ના જોતાં કૃપા-ધોધ વહાવીઓ.
મારા તે જીવને એણે ભાગ શો ભજવ્યા કર્યો!
એને સમક્ષ રાખી હૈયે વર્ત્યા કર્યો ઊંડો.
પ્રત્યક્ષ જીવને લાભ થતો દેખી બીજા કશે
ગુરના વર્તનોમાં મેં ખ્યાલ રાખ્યા કર્યો ન કૈં.
ગુરુ એવા મને જેણે કૃપાથી જીવને દીધા,
પ્રભુ વિના બીજા કોની શક્તિની બ્હાર વાત ત્યાં.

બલિહારી પ્રભુની તે જેણે તે ગુરુપાદમાં
ચિત્ત મુગ્ધ કરાવીને ગુરુને ઓળખાવિયા.
આપના પાદને મારા ગુરુપાદ ગણી હૃદે,
નમ્રભાવે પ્રણામો ત્યાં કરીને વિરમું પદે.

('જીવનપગલે' આ.૧, પૃ. ૭૭ થી ૮૦)

સાચી જીવનદૃષ્ટિ

(અનુષ્ટુપ)

સંપત્તિ જે ગમે તેવી વેપારે રળી હો ભલે,
યદ્વાતદ્વાપણું જો રે' ત્યાં તો સર્વ ગુમાવશે.
વર્તમાને કરે જેવું ભવિષ્યે તેવું જન્મશે,
એ તો ઉઘાડી છે વાત ઊતરે સર્વને ગળે.
ફાવી જતા જ દેખાયે પ્રપંચી જગમાં ભલે,
ચિત્તની શાંતિ કૈં પૂરી ભોગવી શકશે ન તે.
પ્રસન્નચિત્તનું સુખ એને જે ના ગણે સુખ
સાધનામાં પ્રવેશાવું એવા માટે નિરર્થક.
હળવા ઉરની કેવી મઝા જેને મહાલવી,
એવાને કાજ તો માર્ગ સાધનાનો નથી વળી.
સ્થૂળ દૃષ્ટિ પડી જેમાં લેવાનું નહિ છે કશું,
ખોવાનું ઊલટું સૌ જ્યાં પોતાનું મન જે ગણ્યું.
તૈયારી એટલી ના હો લેશો ના નામ કોઈએ,
તૈયારી કરીને પૂરી પ્રવેશો સાધના-પથે.
દોહ્યલો માર્ગ એથી તો સાધનાનો ઘણો જગે
જેને હો કિન્તુ જાગેલી ભૂખ તે ખાવું ખોળશે.
કેવું સ્વરૂપ પોતાનું સાધના-માર્ગથી જડે,
જડે જેમ, સૂઝે એના ઉપાયો આપમેળ તે.

શોધશે મૂળ પોતાનાં ક્યાં ક્યાં તે નડતાં દીસે,
પ્રેમભાવે થવા એનું મથે તેવા રૂપાંતરે.

('જીવનપગલે' આ.૧, પૃ. ૮૧-૮૨)

'લગની'

(અનુષ્ટુપ)
(૨)

'કરીશું આમ તો આવું આમ થાશે' એ વિચાર
સૌ કાર્યને કરતી વેળા આપણે ધારવા ન કો'
કાર્યનું જોશ તો તેથી માર્યું શું જાય છે બધું,
કાર્યમાં હેતુનો પ્રાણ પરોવી સૌ કર્યાં જવું.
હૈયાના ભાવને આપી મહત્ત્વ, કાર્ય સૌ કરો,
ભલેને બગડે કાર્ય ચિંતા તેની ન કૈં ધરો.
વિવેક જ્ઞાનવાળો તે હોવો ત્યાં આપણો ઘટે,
છતાં પાછું, વિચારોથી ડો'ળાઈ ના જવું કશે.
તાટસ્થ્ય, સ્થિરતા, હૈયે શાંતિ, ઊંડી પ્રસન્નતા,
સર્વ કર્મ કરાતાં ત્યાં રે'વાં ઘટે પૂરેપૂરાં.
અભ્યાસ એક વેળાએ જ્ઞાન-પૂર્વક આ બધો,
કેળવાઈ જતાં હૈયે સ્થિતિ નિર્બંધ પામશો.
ભક્તિ ને ધ્યાન ને યોગ, જ્ઞાન—સૌનો સમન્વય,
આપણામાં થશે ત્યારે સુમેળ જન્મશે ઉર.
નિશ્ચળ, નિશ્ચયી ખંત ધાર્યા ઊંડો કરો હૃદે,
જીત્યા વિના કશુંયે તે મૂકી દેવું ન આપણે.
સર્વથી આત્મની શક્તિ સર્વ સામર્થ્યવાળી શી!
શ્રદ્ધા વિશ્વાસ હૈયે તે ધારી મેળવવો જય.
કશું ના અધૂરું મૂકો ઉતારો આરપાર તે,
સાર પામ્યા પછી છોડો આવેલું હાથ હોય જે.

પ્રમાણ આપણે સૌનાં જાણવાં જોઈએ હૃદે,
ભરાઈ પડવા ક્યાંયે જેથી સંભવ ના રહે.
ઉઘાડી આંખથી છોને કૂવામાં પડીએ ભલે,
જાણીને તે કરેલું ત્યાં વિશ્વાસ એટલો હશે.
લોકોની રીતથી કૈંયે આપણે કરવાનું ના,
લોકોત્તર પૂરેપૂરું આપણે તો થવાનું ત્યાં.

('જીવનપગલે' આ.૧, પૃ. ૯૪ થી ૯૭)

પ્રેરણા

(અનુષ્ટુપ)

સાધના વિકસે જ્યારે પ્રેરણાને અનુસરો,
સ્થૂળ ને સૂક્ષ્મ અંગોનાં થાય ત્યારે રૂપાંતરો.
થાય સાધકને જ્યારે પ્રેરણાના અનુભવો,
સાધના-વર્તને એણે વાપર્યા કરવા ઘટે.
વિના સંબંધ, વિચાર વિના કૈં જ પ્રયોજન,
ઉદ્‌ભવે ખ્યાલ જે વેળા આચરી જોવું તે હૃદે.
એથી લાભ થતો જો કૈં આવે અનુભવે પૂરો,
જાગૃતિ રાખીને પૂરી આચરવા ન ચૂકજો.
ઉદ્‌ભવ-સ્થાન બુદ્ધિનું મસ્તકે જાણતા બધા,
હૈયું એ પ્રેરણાનું છે મૂળ ઉદ્‌ભવ-સ્થાન ત્યાં.
થતું જ્યાં ચિત્ત નિષ્કામ અહં નિર્મૂળ સૌ થયે,
સંસ્કારોનો થતાં નાશ, પ્રેરણા જન્મશે હૃદે.
પ્રેરણાથી જ પ્રવૃત્તિ આઠે પ્હોર પળે પળે,
કરે જે યોગ્ય સંપૂર્ણ જાણવો આત્મનિષ્ઠ તે.

('જીવનપગલે' આ.૧, પૃ. ૧૦૨–૧૦૩)

ગૂઢતત્ત્વ

(અનુષ્ટુપ)

સર્વ પ્રતિકૃતિઓમાં માનવીની પ્રતિકૃતિ,
સર્વ રીતે પૂરી શ્રેષ્ઠ જાણવી પ્રભુની કૃતિ.
પાછલા કર્મ-સંસ્કારો પ્રારબ્ધ તે ભલે ગણો,
દોષ-દેવો કશો એને યોગ્ય માનવીને ન તો.
'અંધકાર ભર્યા કોઈ ભૂત કે તૂતથી જગે,
હંકારાતા નથી ક્યાંયે', આપણે જાણજો ખરે.
આપણે કબજે પૂરું હોતું તે આપણું નથી,
આપણામાંનું કો બીજું ભાગ ત્યાં ભજવે નકી.
વળાંકો આપણા સર્વે કર્મનું પરિણામ છે,
છતાં તે બાંધી ના લે છે ક્યાંયે આપણને કશે.
માની જો લઈએ એમ, 'કર્મથી જ બધું બને',
સ્વતંત્ર ના થવાનું તો નિશ્ચયે કો કદીય તે.
કર્મનો કાયદો એક સત્તાવાન સ્વતંત્ર જો,
કર્મ ઓળંગવા એવાં કોઈ કાળે બને ન તો.
મૂઢ યાંત્રિક સંબંધી જીવન માનવી તણું,
નથી તે, સંકળાયેલું એનાથી ત્યાં બીજું ઘણું.
જીવને માનવી કેરા થરો અનેક જાતનાં,
એક બીજા વિશે તેઓ પ્રવેશ્યા કરતા સદા.
યાંત્રિક પ્રાણથી યુક્ત, ચેતના-યુક્ત હોય તે,
બુદ્ધ્યાત્મક, શરીરે આ આધ્યાત્મિક થરો વસે.
પ્રવાહો જીવને આવા ઊઠતા આવતા-જતા
પ્રવાહ પાડતા રે' તે એક બીજા વિશે સદા.
માનવી જીવને કોઈ અનંત તત્ત્વ ગૂઢ છે,
કર્મના નિયમેથી તે લેપાયેલું કદી ન રે'.

(શિખરિણી-મંદાક્રાન્તા)

ગમે તેવી છોને, પણ અટલતા કર્મ કેરી ભલે હો,
છતાંયે મર્યાદા જરૂર સઘળાં કર્મની ત્યાં રહેલી.
અમર્યાદાવાળું જીવન મહીં કો તત્ત્વ જે છે વસેલું,
થવા નિત્યે એ તો પ્રગટ જીવને ગૂઢ પ્રેરાયેલું શું!

(અનુષ્ટુપ)

સ્વભાવ ઊર્મિના જોશે આઘાત-જન્ય સ્ફૂર્તિથી,
પરોવાયેલું એવાનું કર્મમાં ચિત્ત ના રહે.
ઉદ્યોગ-શીલતા જેની ચેતના મૂળ-શક્તિથી,
પ્રેરાયેલી રહે તેની કર્મના હેતુ-લક્ષથી.
યાંત્રિકતા મહીં પ્રાણ ચેતનાના સ્ફુરે ન જ્યાં,
ને અંતર સ્ફૂર્તિ ના જેમાં, ગણો સાત્ત્વિકતા ન ત્યાં.
પ્રકૃતિ-કાયદાઓથી બન્યું જો માનવી હતે,
કર્મના કાયદાઓથી બંધાયેલું જ રે'ત તે.

(૨)

આખરી સત્ય ના કર્મ, સત્ય છે પર કર્મથી,
પ્રીછવા સત્યને કર્મ, કર્મ સર્વોપરી નથી.
પોતાના ધ્યેયથી કામ રાખતો તે હશે હૃદે,
જે જે મળે પ્રભુનું તે, બીજું જોવા ન તે જશે.
જેમાં તેમાં પ્રભુ-હાથ પ્રીછી તારવવા મથે,
માયામાં હોય છો એવો એને ચેતન ત્યાં મળે.
ના માયા, સત્, અસત્, પોતે, માયા કેરા સ્વરૂપમાં,
મથે જે ખોળવા એને મેળવે ઈશ ચેતના.
માયાને જાણવાથી તો માયાને મેળવે જનો,
માયાના પડદા ચીરી જે જુએ, મેળવે ખરું.
એકલી પામવા એને જે તે સર્વ મહીં ઊંડી,
કેન્દ્રિત વૃત્તિ જેની રે', તેવો શ્રેષ્ઠ શકે વરી.

(૩)

યાંત્રિક વ્યવહારોમાં ભાવ કુંઠિત તો રહે,
ત્યાં ઘટમાળમાં પૂરાં બંધાતાં મુક્તિ ના મળે.
વિશ્વમાં પ્રકૃતિ-જન્ય કામે લાગી રહ્યાં બળ,
જાગેલી ચેતનાને તે ના રે' થયા વિના વશ.
સુમેળ ભાવમાં એનો જયારે પૂરેપૂરો બને,
સ્વતંત્રતા પૂરેપૂરી માનવીને મળે હૃદે.
પ્રભુના ભાવની સાથે તાદાત્મ્ય જીવને થતાં,
નૈસર્ગિકપણે ત્યારે ખીલે ઓર સ્વતંત્રતા.
પ્રભુના ભાવમાં ઊંડું જેટલું જીવશું હૃદે,
પ્રભુના ભાવનું હૈયે મહત્ત્વ તેટલું રહે.
મહત્ત્વ એકલું એવું ચાલે આપવું ના હૃદે,
એને તો સર્વ કર્મોમાં પૂરું ઉતારવું પડે.
ભવિષ્યે જીવને પૂરી શક્યતાઓ ભરી પડી,
વાળતાં વલણો રે'વું જીવને રચનાત્મકે.
વિવેકશક્તિને હૈયે જાગૃત રાખતો હશે,
ઊઠતાં વલણો એને વાળવા સૂઝ તો પડે.
જીવતી જાગતી એવી જેનામાં જાગૃતિ નથી,
જીવન શોધી ના તેઓ શકે કોઈ ઉપાયથી.
ખરું કે ખોટું કર્મોનું જોવા તે બેસશે નહિ,
'પોતાની ચેતના કર્મે શું આપે કામ' તે જુએ.
પ્રભુના ભાવની હૈયે જીવની ધારણા ધરી,
કર્મે પ્રવેશવાનું જો બને, શ્રેય વરે નકી.

('જીવનપગલે' આ.૧, પૃ. ૧૦૩ થી ૧૧૦)

આત્મનિવેદન

(શિખરિણી-મંદાક્રાન્તા)

વિના સંકોચે જે મન-હૃદયને ભાવથી ઠાલવે છે,
ભલેને લાગે કે હૃદય તમને ના પ્રભુ સાંભળે તે;
હૃદે કિંતુ જ્યારે ઝળહળ થતી ભાવના જાગી ઊઠી,
પરોવી કર્મે જ્યાં પ્રભુ-પદ ઢળે, સાંભળે તુર્ત શ્રીજી.

કહેવામાં એને મનહૃદયથી સર્વ ખુલ્લાં થવાનું,
કહેવામાં એને લળી લળી હૃદે ભાવનું વ્યક્ત હોવું;
કહેવાનું રાખો ચરણ-કમળે જે કર્યાં સૌ કરો તે,
વધારો એ રીતે પ્રિય પ્રભુ તણો પ્રેમ-સંબંધ હૈયે.

('જીવનપગલે' આ.૧, પૃ. ૯૪)

તમારું જે જે કૈં બનતું પ્રભુને આત્મભાવે નિવેદો,
બધું આરોગાવી પછીથી ગ્રહજો તે પ્રસાદી જ રૂપે;
અજીઠું એને તો કશું ન ધરશો, ના ગમે એવું એને,
ચખાડ્યા વિના તો હૃદય પ્રભુને ના કશો સ્વાદ લેશો.

एक

(અનુષ્ટુપ)

આખરે એક તો સર્વ, એકમાં સૌ સમાયેલું,
એકથી સૌ પરિવ્યાપ્ત, છતાં કાં અન્ય લાગતું?

આપણે એક તો પૂરા થયેલા ના બધા વિષે,
તેથી તો સર્વમાં એક દીસે આપણને ન તે.

એકમાં એક સંપૂર્ણ, એકથી એક એકમાં—
એકાકાર થયા વિના જણાયે કેમ એક ત્યાં?

એકની આગળે શૂન્ય, શૂન્ય પ્હેલાં થવું પડે,
થવાતું જાય છે જેમ શૂન્ય, એક ઝગ્યાં કરે.

શૂન્યતામાં રહેલો છે, એકનો ગર્ભ ગૂઢ શો!
નકારાત્મક જે માત્ર ભાવ, 'શૂન્ય' ન જાણશો,

('જીવનપાથેય' આ.૩, પૃ. ૧૪૩)

શૂન્ય

(અનુષ્ટુપ)

'કશુંયે જે ન કૈં' એને લોક તો શૂન્ય કહે જગે,
ભાવમાં 'શૂન્યતા'નો તો એવો અર્થ ન સંભવે;
અભાવાત્મક ના જાણો શૂન્યતાને ભૂલે-ચૂકે,
શૂન્યતા પ્રકટાવે છે ભાવ કો ઓર ગૂઢ તે.
પ્રેરક ભાવ તો શૂન્ય શૂન્યની શક્તિ ઓર શું!
'ખાલી'માં શક્તિ શી ભવ્ય! વિજ્ઞાને સિદ્ધ તે કર્યું.
ખાલી ના કૈં થવાયે છે એમનું એમ કોઈથી,
પૂરેપૂરો પુરુષાર્થ તે માટે કરવો પડે.

('જીવનપાથેય' આ. ૩, પૃ. ૧૪૩-૧૪૪)

નઠારું—સારું—નરસું

(અનુષ્ટુપ)

સારા કે નરસા કેરું આપણે કૈં ન ચિંત્વવું
પરંતુ સર્વમાંથીયે ભાવને નિત્ય પ્રીછવું.
સારા ને નરસા કેરું રહેતું દ્વંદ્વ સદા જગે,
જીવને પાર તેનાથી પ્રભુભાવે થવાનું છે.
'નઠારું' તે નઠારું ના જો પ્રભુભાવ ત્યાં હશે,
દ્વંદ્વની પાર એ રીતે જિંદગીમાં થવાનું છે.
દ્વંદ્વમાં તે પ્રભુભાવ જો રાખી ન શકાય તો,
દ્વંદ્વથી શી રીતે પાર થવાના પછી જીવને?
દ્વંદ્વની વૃત્તિ તે દ્વંદ્વે રાખવાની ન જીવને,
એકધારું ઊંડું એવું ભાન તે રાખજો હૃદે.

('કર્મગાથા' આ.૧, પૃ. ૧૫૫, ૧૫૮, ૧૬૫)

કસોટી

(અનુષ્ટુપ)

કસોટી પ્રભુની એ તો અમોલી ભેટ-દાન છે!
એને જે કો નકારે તે પ્રભુતા પામી ના શકે.
કસોટી પાર થાનારો એને જો સમજ્યા કરે,
એવા જીવનનું પામે રહસ્ય કો'ક દી' ખરે.
માનવી જાગૃતિ માટે કસોટી દૈવી શી અહા!
દયા લાવી પ્રભુ આપે તે તો સૌને જગાડવા.

નામસ્મરણ

(ઝૂલણા)

જો જરી ઊતરી કૈં ઊંડું ત્યાં જુઓ, નામરૂપે બધુંય જણાશે,
'નામ' વિણ કૈં કશું વિશ્વમાં શું દીઠું? નામ સર્વસ્વ જ્યાં ત્યાં બધેયે;
માનવી મૂર્ખતા ક્ષુદ્ર કેવી દીસે, ત્યાગ મિથ્યાત્વનો કેમ આવે?
સૂર્યની આગળે આગિયો ક્ષુદ્ર છે તેથીયે તે બધું નામ આગે.
જાનમાં ઓળખે કોઈ પણ ના છતાં, ફોઈ વરની થઈ ખૂબ મ્હાલે,
ભારનો ટોપલો માનવી શિર લઈ, વરની મા ના, છતાં મોડ ઘાલે.
નામની નથ મહીં હૃદય નથ્થઈ જતાં દોરશે નામ ત્યાં આપમેળે,
કૈં કશો ભાર ના કૈં જ ચિંતા ન ત્યાં, દિવ્ય નિશ્ચિંતતા નામ ખોળે.

('જીવનપાથેય' આ.૩, પૃ. ૧૧૦–૧૧૧)

ગુણોની રમત

(અનુષ્ટુપ)

ગુણોથી ગુણની રીતે કામ લીધા કર્યે બધું,
ગુણની ચેતના-શક્તિ ફળાવે છે ન ત્યાં કશું.
ગુણોથી આવવું ઊંચું એમનું એમ ના બને,
જાણવા જોઈશે 'ગુણો', 'સ્વામીત્વ ગુણનું શું?' તે.

ગુણનું કામ ગુણો તે એમ ને એમ ના કરે,
સ્વભાવે ગુણ વર્તાવ્યા સામાન્ય જનને કરે.
ગુણોની ઉપરે કાબૂ પૂરો મેળવવા હૃદે,
કર્મમાં જ્ઞાનના ભાવે વર્તવું તેથી સાધકે.
ગુણોને સેવવાથી તો મળે ના કાબૂ એમનો,
જ્ઞાન-ભાવેથી વર્તાતાં કાબૂ ત્યાં મેળવી શકો.
પુરુષ-પ્રકૃતિ-જ્ઞાને વિવેકશક્તિ સત્ત્વ દે,
અનાસક્તિ પરાવૃત્તિ સંપૂર્ણ રાજસે રહે.
જીવનાસ્તિત્વમાં પૂરી સમતા તામસે રહે,
દૈવી તે ચેતનાનું દે કામ ગુણો ત્રણે ખરું,
ભાવે તટસ્થ જો પોતે બેઠો જોતો રહે બધું.

ગુરુ-માહાત્મ્ય

(અનુષ્ટુપ)

સ્થૂળ દેહ ગુરુ ના છે, સૂક્ષ્મથી સૂક્ષ્મ ભાવ શો!
ગુરુના જીવને જયારે ભળશો, તો પિછાનશો.
ગુરુની ચેતનાશક્તિ જીવને તે પ્રવેશવા,
અને કરી શકે કાર્ય આપણાં, તે પ્રમાણવા.
ગુરુમાં લક્ષ રે'વાનું તે મહત્ત્વનું કેટલું,
જીવન-સાધના જેઓ કરે તે જાણશે ખરું.
ગુરુના સ્થાનનું કેવું મહત્ત્વ જીવને ઊંડું!
જે કોઈ જાણશે એને નવાં રૂપે દીસે ગુરુ.
મહત્તા ગુરુની એવી જ્ઞાનભાવે ગ્રહ્યાં કરી
ઠસાવો જીવને ઊંડી જેથી તે તો ફળે નકી.

('જીવનપાથેય' આ. ૩, પૃ. ૫)

શિલ્પી-ટાંકણાં શો પ્રેમ

(અનુષ્ટુપ)

શિલ્પીના ટાંકણાં જેવો પ્રેમ હોવો ઘટે હૃદે!
આકાર ભાવને યોગ્ય તેવો પ્રેમ દઈ શકે.
કાળની જેમ તે ક્રૂર મૂર્તિને ઘડવા સમે,
સૂક્ષ્મ જ્યાં ઘાટ દેવો હો, હાથ એનો મૃદુ બને.
જેવું કામ, હૃદે તેવો ભાવ તે પ્રકટાવશે,
ભાવ કેન્દ્રિત તે રાખી કામમાં જીવ પ્રેરશે.
પંપાળ્યે કામ ના આવે વૃત્તિને એમ તો કદી,
ટાંકણાં-પ્રેમથી વૃત્તિ નિત્ય યોગ્ય ઘડ્યા જવી.

('પુનિત પ્રેમગાથા' આ. ૨, પૃ. ૮૨-૮૩)

પાછળ શો પડે પ્રેમ કેમ કેડો ન છોડી દે,
પ્રેમ તે પરવા કોની ક્યાંયે રાખે ન સ્હેજયે.
મર્યાદા બાંધવા યોગ્ય ત્યાં તો બાંધે ખુશી ચહી,
પોતાની મેળ તે વર્તે સ્વયંભૂ પ્રેરણા થકી.

ચૈતન્ય—કર્મોનાં મૂળમાં

(અનુષ્ટુપ)

જે પ્રભુત્વ રહેલું છે ગૂઢમાં ગૂઢ જીવને,
થવા પ્રાગટ્ય તે માટે નિમિત્ત કર્મ-સાધન.
ચેતના-શક્તિના ભાવે મૂલ્યાંકનો સનાતન,
મૂલવવાં સદા સૌનાં, યોગ્ય તે માપ નિયમ.
ચૈતન્ય જે અવસ્થા રે' મથે પ્રાગટ્ય તે થવા,
તે પરે સર્વ આધાર રહેલો કર્મમાં સદા.
સ્વરૂપ મૂર્ત ચૈતન્ય આપવા કર્મ સૌ મળે,
કર્મમાં હેતુ ને જ્ઞાન રાખવાં તેથી જીવને.

આબેહૂબ પ્રતિકૃતિ જે નથી ચેતનાતણી,
એવાં કર્મતણું મૂલ્ય લગારે જીવને નથી.
ચૈતન્ય-અંતરેથી સૌ કર્મ તે જન્મવાં ઘટે,
કર્મનું મૂળ ચૈતન્યે રે'વું તે આપણું ઘટે.
દ્વંદ્વાદિ અસરોથી કૈં જે જે કર્મ થયાં કરે,
ચેતનાશક્તિ પ્રાબલ્ય ઓછું ઓછું કર્યાં કરે.
રાગમોહાદિથી મુક્ત ભાવને અર્થ કામ સૌ—
જેમ જેમ થતાં રે'શે ચૈતન્ય તેમ જાગશે.
આલંબન લીધેલું છે જેનું ભાવ જગાડવા,
હૈયામાં શ્વાસ તે એનો કરો રાખ્યા કૃપાથી ત્યાં.
પ્રાણવાળી સ્મૃતિ એની હૈયે જો ચેતતી રહે,
ઉપજાવ્યા વિના ભાવ તેવી સ્મૃતિ ન તે રહે.
માનવીનાં બધાં કર્મ તે ચૈતન્ય દબાવી દે,
કેટલી વાર શો ભાવ મારી નાંખે બધોય તે!

('કર્મગાથા' આ. ૧, પૃ. ૮૭–૮૮)

જન્મ-મૃત્યુના રાસ

(શાર્દૂલવિક્રીડિત)

કેવો રાસ રચાય છે પળપળે મૃત્યુ અને જન્મનો!
એની એ ઘટમાળમાં સરકતું એ વિશ્વનો ખેલ શો!
તેમાં જીવ રમ્યાં કરે, પણ ખરું ના ભાન એને થતું,
કેવો આપ વહ્યા કરે પ્રકૃતિથી કોઈ ન ત્યાં જાગતું.
જેનામાં પ્રભુ ભાવના તરવરે, ઉન્મુખતા અંતરે,
જેનામાં નિજ કર્મમાં નિતરતો રે' ભાવ તેવો ખરે,
જેને છૂટી જતા દીસે મન તણા સંકલ્પ-વિકલ્પ સૌ,
એવા જીવ રહી શકે પળપળે ત્યાં જાગતાં આપ તો.

• • •

શા શા રાસ રચાય છે નવનવા વૃત્તિ કુંડાળાં રચી!
ને શા હ્રાસ થઈ જતા અવનવા સ્હેજે ઘડીવારમાં!
જન્માવે પલકાર માંહી, પલકે શું મૃત્યુ ઉદ્ભાવતો!
એ તારી ઘટમાળમાં અમર થૈ રે'વા કૃપા દે પ્રભો!
કેવું પ્રેમ-સ્વરૂપ દિવ્ય રસીલું શું મુગ્ધ-રૂપે રસ્યું!
તે આકર્ષણ જાદુ કે અવનવું દુર્ગા અને કાલીશું!
લીલા પ્રેમ-કળા ખરી જીવનમાં સર્જ્યાં કરે સૃષ્ટિ શી!
મૃત્યુ જન્મ થયાં કરે પળપળે તોયે રહી એક શી!

('પુનિત પ્રેમગાથા' આ. ૨, પૃ. ૧૪, ૨૨૩-૨૨૪)

જોબનિયે જીવન-સિદ્ધિ

જોબનિયું, ખાંડાની ધારે ખેલો,
જોબનિયું, આજ આવ્યું ને કાલ જાશે;
જોબનિયું, પ્રેમ-મસ્તીમાં મહાલો,
જોબનિયું, આજ આવ્યું ને કાલ જાશે.
જોબનિયું, આત્માની એંધાણે પેખો,
જોબનિયું, આજ આવ્યું ને કાલ જાશે;
જોબનિયું, રસ-રંગ હિંચે હિલોળો,
જોબનિયું, આજ આવ્યું ને કાલ જાશે.
જોબનિયું, ફાટું ફાટું ઉર રાખો,
જોબનિયું, આજ આવ્યું ને કાલ જાશે;
જોબનિયે કરવાનું સૌ કરી નાંખો,
જોબનિયું, આજ આવ્યું ને કાલ જાશે;
જોબનિયે જીવન-સિદ્ધિ પામો,
જોબનિયું, આજ આવ્યું ને કાલ જાશે.
જોબનિયું, ખાંડાની ધારે ખેલો,
જોબનિયું, આજ આવ્યું ને કાલ જાશે.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૯)

(અનુષ્ટુપ)

ગુણ દોષ મળે બન્ને માનવી-જીવને સદા,
થવા નિર્મળ, જુવાની ઋતુ તે માટ યોગ્ય છે.
અંતે જુવાનીની કાં તો મૂર્ખ કે સમજુ બને,
માનવી જે જુવાનીમાં વળે તે ગમ, તે ઢળે.
જોશ યૌવન ઊભું છે, ત્યાં સુધી માત્ર જીવન,
જિંદગીના વિકાસાર્થે યોગ્ય શો કાળ યૌવન!

('કર્મગાથા' આ. ૧, પૃ. ૬૨)

'જ્ઞાની ને અજ્ઞાની વચ્ચેનો ફેર'

(અનુષ્ટુપ)

કામ સૌ જ્ઞાની, અજ્ઞાની કર્યા ગુણાશ્રયે કરે,
બન્નેના હેતુમાં જ્ઞાન ભિન્ન-પરસ્પરે રહે.
નદીના પટની જેમ કર્મનો પટ તો ગુણો,
ગુણોમાં જેવું હો જ્ઞાન તેવો રે' પટ કર્મનો.
સોનાની ભસ્મ તો થાતાં ગુણ એનો જુદો બને,
તત્ત્વ તો એકનું એક, છતાં ભેદ મહીં પડે.
યદ્વાતદ્વાપણે પેલો અજ્ઞાની વર્ત્યા જશે,
જ્ઞાનીના કર્મની આગે ધારણા-પગથી હશે.
'જ્ઞાની-અજ્ઞાનીમાં ફેર પાયાનો શો હશે ખરો!'
અનાસક્ત હશે પ્હેલો, બીજો આસક્ત માનવો.

('કર્મગાથા', આ. ૧, પૃ. ૧૬, ૧૩૬)

‘ઝંખના-અગ્નિ’

(અનુષ્ટુપ)

‘થવું છે, થવું છે’ માત્ર પોકારો પાડવા થકી,
થવાશે ના થવું જેવું, ઇચ્છા એવી ભલે રહી.
ઝંખના તે થવા કેરી એકલી કામ શું કરે?
બિચારી વાંઝણી એ તો ઠેરની ઠેર ત્યાં રહે.
ઝંખના જો પુરુષાર્થે ધક્કેલા મારતી રહે,
એકની એક જગ્યામાં બેસી રે’વા ન દે પળે.
તોયે કેડો ન મૂકી દે આપણો ફરી ને ફરી,
ટકોર્યા તે કરે ઊંડું ધ્યેય-પ્રાપ્તિ થવા ચહી.
જવલંત ઝંખના એવી જેના હૈયે જલી રહી,
કૈં ન દુર્લભ એવાને, એવો પ્રાપ્તિ કરે બધી.
મન-બુદ્ધિ અને ચિત્ત, પ્રાણ, વૃત્તિ, અહં બધાં,
તેજસ્વી ઝંખના થાતાં ફેરવાયાં કરે સદા.
અગ્નિથી ભસ્મ સૌ થાએ કૂડું સો ગણું હો ભલે,
કૂડાનું ચાલશે ના ત્યાં ઝંખના-અગ્નિ જો જલે.
કૂડું સૌ જે, કૂડા રૂપે પછી રે’શે ન તે કદી,
દિવ્ય રૂપાંતરે એવું ફેરવાઈ જશે નકી.
ઝંખના એવી તે હૈયે ઉગ્રમાં ઉગ્ર ભાવથી—
વર્ધતા, યજ્ઞની જ્વાળા રીતે, અર્થ જતો સરી.

(‘કર્મગાથા’ આ. ૧, પૃ. ૩૧)

(વસંતતિલકા)

જે ઝંખના હૃદય શક્તિ ન પ્રેરતી રે’
જે ઝંખના હૃદય ચેતનતા ન પ્રેરે;
જે ઝંખના સ્મરણ-ભાવ ન દિવ્ય પ્રેરે,
સાચી ન તે હૃદયની મૂળ ઝંખના છે.

(‘પુનિત પ્રેમગાથા’ આ. ૨, પૃ. ૨૦૯)

સ્મરણ-સાથી

(હરિગીત)

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન-વાસનામાં, પાપમાં, ચિત્તના બધા સંસ્કારમાં;
મનની રમત ને ગમતમાં મનનાં રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન હૃદયમાં.

ખટરસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર-ચેતનામાં, બુદ્ધિમાં, ચિત્ત પ્રેરણા મહીં પ્રાણમાં;
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં.

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇન્દ્રિયોના વિષયમાં,
અમ શરીર કેરા રોમ-રોમે હૃદય કેરા લોહીમાં;
રગ-રગ મહીં, નખ-શિખ મહીં, ને શરીરના નવદ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.

જીવન તણા સહુ ભંગમાં, જીવન તણા સહુ રંગમાં,
જીવન તણા એ અટપટા આડાઊભા સહુ તારમાં;
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવન-ભાતમાં,
રસીલું વણાયા ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.

સારાય જીવનપટ તણા તાણા અને વાણા વિષે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા;
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુ-પદ હો સમર્પિત આજીવન હો તવ કૃપા.

('શ્રીગંગાચરણે', આ. ૧, પૃ. ૩૦ થી ૩૨)

પૂજા-અર્ચન-આહાર

(અનુષ્ટુપ)

પૂજા, અર્ચન સેવા સૌ, પ્રભુ મેળવવા હૃદે,
યદિ તેવું થતું ના હો, ભૂલા ક્યાંક પડેલ તો.

પૂજા આદર જે આપો, મહત્ત્વ એનું કાંઈ ના,
કિંતુ એનાથી શો પામો લાભ, એ જ મહત્ત્વ ત્યાં.

વિધિ કે માન્યતાઓમાં રહેવું જકડાઈ ના,
ભાવ-પ્રાગટ્ય અર્થે સૌ તે તે છે ખપનું ભલા!

મને મહત્ત્વ ના આપો, આપ્યા તે સત્યને કરો,
સર્વશ્રેષ્ઠ ગણી ભાવ, એને યોગ્ય મહત્ત્વ દો.

વ્યક્તિ પરંપરાથી સૌ સત્ય મહત્ત્વનું ઘણું,
સત્યને જાળવી રાખી તેવા ભાવેથી જીવવું.

વર્તને હેતુનું જ્ઞાન આપણું જેવું રે' હૃદે,
વિકાસ તેટલો થાય જીવને સર્વ નિશ્ચયે.

ધર્મ-આત્મા પુરાયેલો આચાર-પિંજરા વિષે,
આચાર-કોટલા બ્હાર થૈને તત્ત્વ જગાડજો.

સૌ આચાર કરેલા તે શક્તિને પ્રકટાવવા,
કિંતુ આચારમાંથી સૌ ધર્મ-પ્રાણ જતા રહ્યા.

આચાર મડદાં જેવા આજે તો પ્રચલિત છે,
એને જે ગ્રહી રાખે છે, મેળવી પ્રાણ ના શકે.

કિન્તુ આચારને જેઓ ભાવ-જ્ઞાન-હૃદે થવા,
સ્વીકારે છે પ્રભુ કાજે જન્મે તે થકી ચેતના.

('કર્મગાથા' આ. ૧, પૃ. ૮૩, ૮૫, ૮૬, ૯૫)

પ્રાર્થના ભાવે પ્રવૃત્તિઓ

(અનુષ્ટુપ)

અન્ન કે સ્થૂળ એવું જે આવે તે ઉપયોગ સૌ,
ચેતના-શક્તિ પ્રેરાવા મળેલાં ધારીને ગ્રહો.

અન્નથી તો ટકે પ્રાણ અન્નમાં ચેતના ખરે,
શક્તિ જન્માવવા કેરી જીવને ધારવી ઘટે.

પાણી ઓગાળવાને છે આપણામાંની વક્રતા,
પાણીને લેતી વેળાએ રાખજો એવી ધારણા.
દુર્વૃત્તિરૂપ સૌ ત્યાગ મળ વાટે જતો દીસે,
થવાવા દૂર તેવું સૌ તે વેળા પ્રાર્થજો હૃદે.
સૂતી વેળા સૂઈ જાતું આપણામાંનું સ્થૂળ તે,
'જાગતાં સૂઈ તે રે'જો' પ્રાર્થજો એવું તે પળે.
પ્રાર્થના ભાવ હૈયામાં દૃઢાવી કર્મ સૌ કરો,
વિના ભાવ થતાં કામો નકામાં સર્વને ગણો.
પ્રાર્થના દિવ્યશક્તિની શુદ્ધ આધાર સૌ થવા,
જોઈને કરવી નિત્યે, ભાવે યત્ન કરી રહ્યાં.
ખાઓ, પીઓ, સૂઓ, બેસો, ઊઠો, જે સૌ કર્યાં કરો,
ધારી ત્યાં ધારણા એની તે તે સર્વ કર્યાં જજો.

('કર્મગાથા' આ. ૧, પૃ. ૧૧૮)

'આજ' ને 'કાલ'

(અનુષ્ટુપ)

'આજ'માં તો સમાયેલાં ભૂત ને ભાવિ બેઉયે,
ધરી ભવિષ્યનો ખ્યાલ ચેતે ભૂતથી તે જીતે.
'આજ'માં શક્યતા પૂરી જન્મ દેવા ભવિષ્યને,
'આજ' જે જીવી જાણે છે, તેવા જીવનને રળે.
સ્વતંત્ર કાલથી કોઈ માનવી ના જીવી શકે,
કાલને વાળવા કેરી શક્યતા આજમાં દીસે.
આવતી કાલનાં સ્વપ્નાં આજમાં જે ખડાં કરે,
એને ભવિષ્ય પોતાનું ભવિષ્ય ના પછી રહે.
ઓગાળી નાખતા ભૂત જેઓ આજથી જીવને,
ભવિષ્ય આજમાં તેનું ભળી સૌ જતું લાગશે.

આજમાં કાલનું રૂપ પ્રત્યક્ષ જે પિછાનતો,
આજમાં આવતી કાલ જન્માવી તે શકે ખરો.
વર્તમાને રહ્યું ભૂત, ભવિષ્ય, વર્તમાનમાં,
ત્રણે એવાં ભળેલાં કે કેમ કો' જાણી તે શકે?
આજનું મૂલ્ય જે આંકે પોતે જીવનથી ખરું,
મૂલ્યાંકનો બધાં તેનાં આજથી ફેરવાય શું!
આજ તે એકલી આજ સ્વતંત્ર કોઈ રીત ના,
છતાં સ્વતંત્રતા માટે પ્રેરણા પ્રેરતી સદા.
ભૂત ને આવતી કાલ બેનો સુમેળ આજમાં
કરે વિવેકશક્તિથી જીવને તે કરે રળ્યાં.

('જીવનપગલે' આ. ૩, પૃ. ૬૯ થી ૭૧)

ગૂઢતા

(અનુષ્ટુપ)

માનવીરૂપ છે ગૂઢ, ગૂઢ છે મન માનવી,
તેથીયે માનવી-શક્તિ ગૂઢમાં ગૂઢ શી ખરી!
ગૂઢતાની મહત્તા શી! ગૂઢતા મન ખેંચતું,
જેનામાં ગૂઢતા જાણી ત્યાં મેળે મન પ્રેરતું.
ગૂઢતાને શકે જાણી કેવી રીતે જગે જન!
ગૂઢને જાણવા જાતાં બને ગૂઢ વધુ ગૂઢ.
જાણવા ગૂઢને એવા રીત શી ગ્રહવી રહી!
અનાદિ કાળથી પૂરું ઉકેલી કો' શક્યું નહીં.
માનવી-દિલનું ગૂઢ એના સર્વ સ્વરૂપમાં
વિચારે, ભાવના, કર્મે, એથી તો ફેરવાય શાં!

('કર્મગાથા' આ. ૧, પૃ. ૧૯)

આત્મનિષ્ઠ

(અનુષ્ટુપ)

જોયા વિના જુએ પોતે, સાંભળ્યા વિણ સાંભળે,
ચાલ્યા વિના પગે ચાલે, સૂંઘ્યા વિના સૂંઘ્યા કરે.

ચાખે છે તે વિના ચાખ્યા, વિચારે બુદ્ધિના વિના,
પ્રવૃત્તિ માંહી પ્રેરાયા સંસ્કારો વિણ તે કરે.
પ્રેરણાથી જ પ્રવૃત્તિ આઠે પ્હોર પળે પળે,
કરે જે યોગ્ય, સંપૂર્ણ જાણવો આત્મનિષ્ઠ તે.

('જીવનપગલે' આ. ૩, પૃ. ૯૫)

ફનાગીરી

(ગઝલ)

જગત પરનું બધું ચોક્કસ અનામત રાખીને જે જે
પ્રભુમાં જે થવા ચાહે, બધાં તે વ્યર્થ ફાંફાં છે.
'અમારું સર્વ દુનિયાનું અમારું રે', અમારું હો'
પ્રભુ જો એમ મળતો હો અમોને તો મીઠો લાગે.

તમારા પાદ ને હાથ પૂરા બાંધેલ રાખીને,
પછી તરવાનું શીખવાની બધી ઈચ્છા નકામી છે;
તમારી આંખ પાટાથી તમે બાંધી પછી ઈચ્છો,
જવા પંથે અગાડી ત્યાં જશો કેવી રીતે બાપુ?

તમારી ઝંખના જેમાં તમારો પ્રેમ જેમાં છે,
બધું રાખી સલામત તે પ્રભુ ચહાવું નિરર્થક છે,
બધું જે તે કંઈ લો છો પૂરી કિંમત દઈ તેની,
પ્રભુને એકલો લેવા વિના કિંમત બધાં ઈચ્છે!

ફના કરવાની જો હિંમત ફના થવાનું જો સાહસ,
તમારામાં પૂરાં હો તો પ્રભુના આવશો પંથે.
જગતમાં પ્રેમને માટે ફના થાવું, ફના થાવું,
જીવન એવા ફના થાવા થકી નિશ્ચય પ્રકટવાનું.

ફના થાવા મહીં જેને હૃદય આનંદ પ્રકટે છે,
અને આનંદ એવાથી જીવનમાં પ્રાણ ફોરે છે;
સમર્પણ, ત્યાગ, બલિદાન, જીવન કેડે થવા જેને,
ઉમળકાભેર તૈયારી જીવનને મેળવે તે તે.

('જીવનપાથેય' આ. ૩, પૃ. ૮૦)

'સ્વજન-ભાવ'

(ગઝલ)

સ્વજનનો પ્રેમ હૈયાનો રહે હૈયા વિષે ન્યારો,
સ્વજન તે ખોળિયું ના છે, પરંતુ ભાવમૂર્તિ શો!
સ્વજનને દિલ મળવામાં શરીર તો સ્થૂળરૂપે છે,
પરંતુ તાર હૈયાના મિલવવા ભાવ રૂપે તે.
સ્વજન તો દિલનો ભાવ બઢવવાને દઢવવાને,
જીવનમાંના જીવન કાજે પ્રસાદીરૂપ મળિયું છે.

('જીવનસંદેશ' આ. ૨, પૃ. ૧૧૭)

(અનુષ્ટુપ)

ખોળિયાં બે જુદાં હોયે કિંતુ જ્યાં ભાવ એક રહે,
એ રીતે જે જીવે તેવાં સાચાં પ્રેમી બની શકે.

('જીવનસંદેશ' આ. ૪, પૃ. ૧૫)

'બુદ્ધિ'

(અનુષ્ટુપ)

આપણા ચિત્ત-સંસ્કારો બુદ્ધિ કર્માનુસારિણી,
ભજવે ભાગ હેતુને ફંટાવવા ઘડી ઘડી.
પૂર્વગ્રહો રહેલા છે સંસ્કાર બુદ્ધિમાં ઘણા,
એનાથી જે જણાયેલું હોવા ન સત્ય સંભવે.
એવું જે સત્ય-મિશ્રિત જણાયે, એથી જીવને
ભુલાવે નાંખનારું છે જાણજો કદી થૈ પડે.
સંસ્કાર-બુદ્ધિનું જોશ હેતુની શુદ્ધતા વિશે,
ઘટે વાપરવાં તેથી ત્યાં ઘડી ઘડી ચેતીને.
સત્યનું અંગ એકાદું બુદ્ધિથી જાણી કો શકે,
સમગ્ર સત્ય બુદ્ધિથી શકે જાણી ન કોઈયે.
બુદ્ધિનું સમજેલું જે તે તો ઉપરચોટિયું,
કશા પ્રાણ નથી એમાં જેથી આગળ કૈં ધપો.

તર્ક-વિતર્ક કે ચર્ચા શાસ્ત્રની સૌ પરંપરા,
એકલી બુદ્ધિના શુષ્ક સાધને તે મપાય ના.
કિન્તુ નિરુપયોગી ના એવુંયે બુદ્ધિનું કશું,
બુદ્ધિયે ના નકામી, જો એને પાંસરી રાખીશું.

('કર્મગાથા' આ. ૧, પૃ. ૨૭, ૮૨, ૧૨૨)

મોહ

(અનુષ્ટુપ)

યોગ્ય જીવનનું ભાન, જાગવા નવ મોહ દે,
કેવો તે જકડી રાખે! છૂટવા નવ દે, અરે!
મોહ જીવનનો ધર્મ સૂઝવા નવ દે ખરો,
એના એ જ વિચારોના કૂંડાળામાં ભમાવતો.
શુભ સંસ્કાર પામેલાં એવાં માનવી હો ભલે,
કિંતુ શાં મોહના પાશે જકડાયાં રહ્યાં કરે!
પોતે બંધાઈ રે'વું ને બીજાંને બાંધી રાખવો,
પ્રેમ તો નામ ના એનું એ તો મોહ ગણો ખરો.
પ્રેમ ને મોહની વચ્ચે ભેદ કેવો અનંત છે!
મોહ ને પ્રેમ ના એક જુદાં જુદાં સ્વરૂપ તે!
મોહના સ્પર્શજાદુથી માનવી ત્યાગ સૌ કરે,
એવા ત્યાગે ભલીવાર જીવને ના કશો વળે.
મોહથી ત્યાગ જે થાય ઊલટો જીવને ઘણો
બંધાવ્યાં તે કરે છે શો! ત્યાગ તે 'ત્યાગ' ના ગણો.
પ્રેમનો માટીનો દેહ મોહને જાણવો ખરે!
બનાવે આંધળું ભીંત એ તો જીવનને અરે!
મોહ તો માત્ર બાંધે છે પાટા આંખ પરે પૂરા,
તણાંયાં જાય શા લોક મોહના વ્હેણમાં ખરા!

એવાને કોઈ જો આવે સત્ય હૈયે સુઝાડવા,
એને તે સત્ય ના લાગે એવો મોહ-પ્રભાવ ત્યાં.
શક્તિ હોવા છતાં, મોહ શક્તિ શી હરી લે બધી!
હરી લે બુદ્ધિની સાન, અદ્‌ભુત મોહની ગતિ!

('પુનિત પ્રેમગાથા' આ. ૨, પૃ. ૪૦ થી ૪૨, ૧૬૦, ૧૬૨)

યુદ્ધ

(અનુષ્ટુપ)

યુદ્ધ તો છે અનિવાર્ય, યુદ્ધ જીવનમાં બધે,
યુદ્ધને જે નકારે છે, નકારે તત્ત્વ જીવને.
વિશ્વમાંયે જીવે છે જે યુદ્ધ આપ્યાં કરી મથે,
વિના યુદ્ધ કદી જીવ કશામાંય ન પાંગરે.
વસ્તુ મેળવવા કાજે મસ્તી ઉદ્‌ભવવી ઘટે,
યુદ્ધ-મસ્તી વિના કોઈ ના વસ્તુ મેળવી શકે.
ધ્યેયને પામવા કાજે ધરે જે આશ જીવવા,
જિંદગીને ઘડે તેવા, ઢેફાં તો માનવી બીજાં.
જીવન-ધ્યેયના માર્ગે યુદ્ધમાં જે ખપી જશે,
પોતાને ધન્ય માને તે એવા ભાવ ઝીલી શકે.

('પુનિત પ્રેમગાથા' આ. ૨, પૃ. ૭૭)

વિઘ્ન

(અનુષ્ટુપ)

વિઘ્ન ના સાંપડ્યું કોને? બતાવો એક તો જગે,
પામશે વિઘ્નથી લાભ વિઘ્નને જે વધાવશે.
વિઘ્નથી જીવને કો' દી દબાઈ ના જવું કશું,
પ્રેમથી સામનો એનો જે કરે, પામશે નવું.
જીવન-ધ્યેય પોતાનું દૃષ્ટે જે નિત્ય રાખીને,
ધ્યેય ફળાવવા, સામે ઝઝૂમે વિઘ્ન તે જીવે.

માનવદેહ

(અનુષ્ટુપ)

માળખું માનવીનું જે મળ્યું તે પ્રભુની કૃપા,
માનવીદેહને તો કો' ગુમાવો ના કદી વૃથા.

જીવન માનવી કેરું શ્રેષ્ઠ સૌ યોનિની મહીં,
જીવન માનવી વિના મુક્તિ કો' જીવને નથી.

મનખાદેહ સદ્‌ભાગ્યે મળેલો ચેતવા હૃદે,
કૃપા રાખી ઊંડો ખ્યાલ યાચું તે જીવજો હૃદે.

માનવી જિંદગી કેવી પ્રભુની ભેટ! જાણીને,
એને સર્જાવીને પૂરી સાર્થ તે કરજો પદે.

જીવન સાધવા કાજે કર્મ જેવું મહત્ત્વનું,
આત્માની સાધના કાજે જરૂરી તેવું ખોળિયું.

પ્રેમની સાધના દિવ્ય માનવી જ કરી શકે,
યોનિમાં બીજી કોઈયે થવી શક્ય ન તે દીસે.

દુર્લભ માનવી જન્મ તેથી તો જગમાં ગણ્યો,
કૃપાથી એવું પામેલાં, એને શું રોળી નાંખવો?

સર્વ પ્રતિકૃતિઓમાં માનવીની પ્રતિકૃતિ,
સર્વ રીતે પૂરી શ્રેષ્ઠ જાણવી પ્રભુની કૃતિ.

ઓળંગી સર્વ મર્યાદા અમર્યાદાપણા વિશે,
અમૂલ્ય મનખા-દેહ ધન્ય પ્રવેશતાં થશે.

પ્રભુનો પ્રેમ લેવાને જન્મેલાં આપણે છીએ,
તેના વિના કો' બીજો હેતુ છે ના જીવનનો ખરે.

નિષ્ઠા જેને પૂરેપૂરી એવી બેઠેલી છે હૃદે,
માનવી જન્મની શી તે યથાર્થતા પિછાનશે!

માનવી દેહથી માત્ર સૌ વિકાસ થવા તણી,
શક્યતાઓ ભરેલી છે ધન્યતા એથી એની શી!

સમર્પણ

(અનુષ્ટુપ)

જેને સમર્પતાં પ્રેમે આઠે કોઠે દીવા હૃદે,
ભાવ, આનંદ, એવાનું તે સમર્પવું યોગ્ય છે.

બેળે બેળે સમર્પેલું, સમર્પેલું ગણાય ના,
એવા સમર્પવામાંથી ફળે જીવન ના કદી.

કર્મયે કરવાનાં છે પ્રભુના ભાવ કાજ સૌ,
બીજો ખ્યાલ રખેને ત્યાં ના પેસી કો ઘટે જવો.

એવાં કર્મો કશાં બીજાં જે જે કૈં કરતાં જ હો,
એને કાજે કરીને સૌ સમર્પ્યા તે બધું કરો.

બુદ્ધિથી માત્ર કે'વું તે, કે તેવું મન બોલવું,
કામ ના આવશે યોગ્ય, એવું અર્પેલું આપણું.

જેના સમર્પણે પૂરી ભાવના ઉરની ઊંડી,
તદાકારપણે છે ત્યાં અર્પેલું યોગ્ય તે ચહી.

સમર્પ્યાની કસોટી કે આપ્યા કેડે કશું હૃદે,
—આગલા પાછલા એના વિચારો જન્મશે ન કૈં.

સાધના અનિવાર્ય

(અનુષ્ટુપ)

પ્રભુની દિવ્ય શક્તિ તે વિશ્વમાં સચરાચરે,
હજારો રીતથી વ્યક્ત પોતે કેવી થયાં કરે!

ઝાડમાં ઝાડ રૂપે તે, પાણીમાં પાણી રૂપ તે,
ચેતના-મર્મની રીતે, આવિર્ભાવ રૂપે ઠરે.

સર્વના મૂળમાં જોતાં ચૈતન્યશક્તિ વાસ છે,
વૈજ્ઞાનિકો કહે એવું પ્રયોગે, સિદ્ધ તે કરે.

'જો તે હો સત્ય તો કેમ એને જોઈ શકાય ના?'
પ્રશ્ન એ ઊઠતો સૌને; વચ્ચે વિક્ષેપ ક્યાંક ત્યાં.

ઇન્દ્રિયો, મન ને ચિત્ત, અહંકાર તણા રૂપે,
ભેળવાયેલી તે ભેગી જુદી કેમ કરી જુઓ!

ઇન્દ્રિયો, મન ને ચિત્ત, બુદ્ધિ, પ્રાણ વળી બીજાં,
અહંકારાદિથી નોખું થવાનું રહ્યું ત્યાં સદા.

તે બધાંથી થયા વિના પૂરેપૂરું જુદું હૃદે,
આત્માની દિવ્ય શક્તિ ના પમાયે અન્ય કો'રીતે.

પ્રચંડ સાધના ઉગ્ર તે કાજે કરવી પડે,
તે વિના એ નથી શક્ય ઉપાયે કોઈ રીતિએ.

લાખો વાર કંઈ બોધ સાંભળ્યા કરશો ભલે,
જશો કોટિય વારે છો સંતનાયે સમાગમે.

શાસ્ત્રનાં ચિંત્વનો ઊંડાં ને અભ્યાસ કરો કર્યાં,
તોયે ના પમાવાનું તે વિના કૈં સાધના કર્યાં.

સાધના માત્ર ઉપાય એકલો એક ત્યાં ખરો,
શક્તિને પામવા કેરો, ફાંફાં બીજાં બધાં ગણો.

('કર્મગાથા' આ. ૧, પૃ. ૪૩ થી ૪૫)

સ્વપ્નમાં સાધના

(અનુષ્ટુપ)

ઊંઘમાં જાતનું ભાન રહે આપણને ન ત્યાં,
છતાંયે કરતા રો'છો કર્મ ત્યાંયે અજાણતાં.

ભોગવો ભોગ સ્વપ્નામાં લીધાં ત્યાં રસ જે કરો,
જાગૃત સ્થિતિનો ભોગ એનાથી હળવો ખરો.

સ્થળ ને કાર્ય મર્યાદા સ્વપ્નની સૃષ્ટિમાં ઘટે,
દશા જાગ્રતમાં બન્ને રહે વિક્ષેપ ત્યાં નડે.

તેથી ઊંઘ મહીં હૈયે પૂરા જે ચેતતા રહે,
સાક્ષી-ભાવ હૃદે રાખી અલિપ્તપણું કેળવે.

('કર્મગાથા' આ. ૧, પૃ. ૧૪૯–૧૫૦)

સનમનું તત્ત્વ

(અનુષ્ટુપ)

સુભાગી કો' પળે એવી જીવનનો ખ્યાલ તે જાગ્યો,
સનમ દીદારને હૈયે; મૂંઝાવામાં મને નાંખ્યો.

કદી ઊભી રહી પાસે નયનના પ્રેમ ઈશારે,
મને નજદીક બોલાવી પછાડ્યો કેટલી વારે!

સનમ તું ક્રૂર આવી કાં? સનમનો પ્રેમ આવો શો?
મને રંજાડવામાં તે ભલા સુખ માણતી શાને?

સદા કુરબાની માગે છે, હૃદયનું સૌ સમર્પણ તે,
છતાં તે ભેટમાં સોંપે હૃદયનું દર્દ ઊંડું શેં?

બધુંયે આપતાં કરતાં ધરાતી ના દીસે પૂરી,
'ફના થઈ જીવવું એમાં' કહ્યાં કરતી હંમેશાં શી!

જીવનસંધ્યાતણી વેળા બધે અંધાર છાયે જ્યાં,
સનમ અસ્તિત્વ પોતાનું જણાવી લુપ્ત થાતી કાં?

તને આપ્યાં જ કરતો હું કદી ના થાકતો લાગું,
છતાંયે બેવફાઈ શી! સનમ-દીદાર કાં આવું?

સનમની કલ્પના જે જે હૃદય આદર્શ લાગી છે,
છતાં તુજ ભૂતમાં કાં તું મને જકડાવી મારે છે?

સનમના ભૂતમાં શાને સનમને દેખતો? મૂર્ખા!
સનમ તો જો પણે ઊભી તને બોલાવતી, જા ત્યાં.

અને હું સ્વપ્નથી જાગી વળી ત્યાં દોડતો જાઉં,
સનમ ત્યાંથીય ભાગીને થતી અદૃશ્ય લાગે છે.

સનમનાં રૂપ શાં નોંખાં! સનમના ભેદ જુદા છે,
સનમના કંઈ પ્રકારોમાં સનમનું તત્ત્વ નોંખું છે.

('જીવનપાથેય' આ. ૩, પૃ. ૯૭–૯૮)

પિયર

(ગઝલ)

પિયરનાં લાડ ને સુખ, પિયરનાં મોજ ને કોડ,
વહેતા સ્રોતના જેવું પિયરનું નિર્મળ જીવન.

પિયરમાં મા તણો ખોળો, પિયરના પ્રેમની છોળો,
જગતમાં ક્યાંય નહીં ભાળો, ભલે છો ને બધે ખોળો.

પિયર સ્વચ્છંદ નિર્દોષે રમત ગમ્મત ઘણી કરતાં,
વિના બોજા, વિના ચિંતા, ચહ્યું માંગ્યું મળે મેવા.

રિસાવાની, મનાવાની, ખિજાવાની, ચીડવવાની,
ગમે તે ગાંડી ને ઘેલી હઠો કરવા લહેજ્જત શી!

નથી ત્યાં શેઠ કે માલિક અમારા તો અમે રાજા,
ઈશારે સૌ બને રાજા અમારા ઠાઠ ન્યારા ત્યાં.

બધાંયે વ્હાલથી અમને ભીંજી, રાજી વળી રાખે;
કશાની ના પડી અમને પિયરની મોજ ન્યારી છે.

પિયરમાં સૌ લડાવે છે, પિયરમાં સૌ પટાવે છે,
પિયરમાં સૌ હસાવે છે, પિયરનો રંગ એવો છે.

પિયરમાં ખૂબ મસ્તાના થઈ ફરવા અને હરવા—
તણી મસ્તી અજાયબ જે મળે તે ક્યાંય બીજે ના.

પિયર તે સંપૂર્ણ અવલંબનની શૈયા તે અનોખી છે,
સૂવાનું સોડ તાણી જ્યાં મીઠું મીઠું શું લાગે છે!

જગત ક્ષુલ્લક બધું લાગે, પિયરની આગળે તો જે,
પિયર મારું સદા જીવજો સદા ખપજો પિયર મુજ તે.

અમોને સર્વ સંભાળે, અમોને સર્વ સંભારે,
અમોને સર્વ બહેલાવે, પિયર તોલે ન કો' આવે.

અમારો ભાવ સૌ પૂછે, અમોને સૌ રમાડે છે,
અમોને જોઈને રાજી પિયરમાં શાં બને પોતે!

('જીવનપ્રવેશ' આ. ૧, પૃ. ૧૨૭)

શું સાંભળશે નહિ કો'ક?

(ગઝલ)

સ્વજનને યાદ કરી કરીને જીરવવું શી રીતે જીવન!
અહા! શા આંચકા લાગે, સ્વજનને ના કંઈ સમજણ.

સ્વજનને યાદ કરતાં તે સમૂળગુંયે સ્મૃતિપટમાં,
ન જાગે, તે ખરે સૂચવે સ્વજનનો ભાવ ના અમમાં.

કદિક જો જાગતું દિલમાં, અરે! કહીં ભાગમાં ખટકે
—અને વિખરાયેલા વેષે, ન તે છે ઠામઠેકાણે.

કણી જયમ પગ વિશે ખટકે, સ્વજન જીવન હૃદય ખટકે,
અરે! તે સાંભળે કોણ? કયાને તે હૃદય ખટકે?

સ્વજનનું જોઈ કર્તવ્ય દિવસ શા કારમા સ્હેવા!
છતાં ફરિયાદ કરવાની અમારે ક્યાંય તે છે ના.

સ્વજન કલ્યાણ-વાંછાની જીવનના પ્રેમની ભૂખ,
—બરાડા શા પડાવે તે! શું સાંભળશે નહિ કો'ક?

અમોને છેહ દેવામાં સ્વજન-દિલ શી મજા પ્રકટે?
સ્વજન શેનાં! સ્વજન શેનાં! હૃદય કાં રંગ ના પ્રકટે?

('જીવનપોકાર', આ. ૫, પૃ. ૫૩, ૫૮-૫૯)

અમારે જીવવાનું છે

(ગઝલ)

અમારે જીવવાનું છે, હૃદયની ભાવના જોરે,
હૃદયની ભાવના જ્યાં છે, જીવનમાં ત્યાં જીવન પ્રેરે.

જગતમાં ભાવ જેનો છે, બધાં કિંમત પૂછે એની,
જરૂર પડતાં ખરીદી લૈ બનાવે વસ્તુ એ નિજની.

ન જેનો 'ભાવ' છે કાંઈ, ન એને કોઈ પૂછે છે,
જરૂરી હોય છો ભારે, છતાં ચગદાય તે ચરણે.

ઠરે છે ભાવ જેનો જ્યાં બધું અંકાય ત્યારે તે,
જગત વ્યવહાર શો ચાલે, બધે ગણના કરી 'ભાવે'.

નભે સૌ ભાવની તોલે જીવન સૌ ભાવ-સર્વસ્વ,
ગરીબની 'ભાવ' મૂડી છે, ગરીબનું સાચું તે સર્વ.

હૃદયના 'ભાવ' પર મારે ભૂમિકા ચાલવા કાજે,
જગતમાં ક્યાંય હો ઠરવા મને તો ઠામ ભાવ જ છે.

કૃપાથી 'ભાવ' તે દેજો, છૂટે હાથે દીધાં કરજો,
કરી બરાબર પ્રભુ પૂરો અતુલો આપશે પાછો.

('જીવનસંદેશ', આ. ૨, પૃ. ૩૦)

અમારો પ્રેમ

(ગઝલ)

અમારા પ્રેમની ઝોળી સદા ખાલી રહ્યાં કરતી,
ભિખારી ભીખ માંગે છે, છતાં ક્યાંયેથી ના મળતી.

ભીખ્યો તે પ્રેમ ના મળશે અરે! શીદ તું ચહ્યા કરતો?
ચહ્યા કરવા વિશે હૃદયે મૂક્યો રસ છે પ્રભુએ તો!

અમારે ચાહી ચાહીને રહેવાનું બધામાં છે,
અમારે ચાહવા કેરી બધાંને, રીત ન્યારી છે.

અમારો પ્રેમ ન્યારો છે, બધાં સાથે જુદો જુદો,
છતાંયે એક સરખો છે, જુદો લાગે છતાં ભેળો.

અમારે તો બધાંનેયે સમજી સમજી વળગવું છે,
ચહ્યાં કરીએ હૃદય વળગી—ન અમને કોઈ વળગે છે.

વળગવા તો જતાં કોને મૂકે તરછોડી આઘે તે,
જતાં કરવા હૃદય-પ્રેમ સ્વજન ગણના કરે ના તે.

અમે રાચી રહ્યા સહુમાં, સહુ રાચે જ નિજનિજમાં,
અમારે તો પડી સહુની, પડી અમ ના સ્વજન દિલમાં.

જતાં કરવા સ્વજન કેરું ભલું, અમને નકારે છે,
સ્વજન એવાં દીધાં પ્રભુએ કૃપા કરીને જ કસવાને.

કસી જોજો, કસી જોજો, જરા ના રાખશો બાકી,
નહીંતર તો ભૂમિકા સૌ જણાશે શી રીતે પાકી?

જીવન વિકસાવવા દૃઢ શાં સ્વજન દીધાં પ્રભુએ, તો
બધી રીતે હૃદય મુજને તમોમાં રાખજો પૂરો.

('જીવસંદેશ', આ. ૨, પૃ. ૬૩)

જીવન—ધંધો

(ગઝલ)

અરેરે! આમ તો શાને અમોને રગરગાઓ છો?
વિસારે પાડી કાં અમને ગળે ફાંસો લગાવો છો?

હૃદય-વ્હાલાં સ્વજનને તો ભુલાયે કેમ, શી રીતે?
ભુલાતાં તો હૃદય સમજો, 'સ્વજન' સાચું થયું ના તે.

હૃદયના ભાવની મુજને ભયંકર ભૂખ લાગી છે,
ન મળતાં શી બૂમો પાડી બધાંને સંભળાવે તે!

તમારી સાથ જીવનને પૂરેપૂરું જ રંગાવા,
હૃદયમાં ચાહના મુજને—સ્વજન કિંતુ મદદમાં ના!

'તમારામાં ભળી ભાવે, તમારાથી જીવન કેરું
કૃપાથી કામ લેવું છે!'—જીવન અમ એ જ દાવાનું.

'સ્વજન સંભારી જીવવાનું' જીવનયારી અમારી તે,
'વિચારે કોણ તે અમોને!' વખા એવા અમારા છે.

જીવન-લગની સ્વજન-હૃદયે ન ચેતે જ્યાં લગી પૂરી,
ઉદાસી ત્યાં લગી અમને છવાયેલી રહેવાની.

'સ્વજન-હૃદયે હૃદયની ધા, કૃપાથી કો'ક દિવસેયે,
પ્રભુ સંભળાવશે નિશ્ચે!' ભરોસો ઉર વસેલો તે.

સ્વજનનામાં રહેવાને અમારું દિલ તલસે છે,
હૃદયનો ભાવ હૈયાથી ઝિલાવાને હૃદય ઝંખે.

હૃદયની ઝંખના જેને કદરથી લાગતાં હૃદયે,
સ્વજનની ધારણા-મૂર્તિ થતાં સૌ કર્મમાં ઊગે.

'જગતને ચાહવા કેરો કૃપાથી તો દીધો અમને
જીવન-ધંધો' ફળાવવાનો અમારે શો રહ્યો છે તે!

કૃપા કરજો! કૃપા કરજો! સ્વજન વ્હાલાં! કૃપા કરજો,
પડેલું પાલવે એને કૃપાથી ઉર પાલવજો.

('જીવનસંદેશ', આ. ૨, પૃ. ૭૮)

જીવન સંભાળતાં રે'જો

(ગઝલ)

સ્વજન મીઠાં વચન બોલી મને શાં ફોસલાવે છે!
કહ્યું પાળી ન બતલાવે—હૃદયમાં ઘા પડાવે છે.

જીવનનું સુખ લેવાને, જીવનનું દુઃખ દેવાને
ઉમળકાભેર તૈયારી ન જોતાં દિલ ભાંગે છે.

અરે! કોઈ ન બુઝાવો હૃદયના પ્રેમ-દીપકને,
અમારી એક આશા તે જગતમાં જીવવા કાજે.

જીવનની સાથ ભળવામાં જીવન ઉપયોગ કરવાને
સ્વજનથી રાગયે કરવા અમારું દિલ ઝંખે છે.

જીવનથી એક બનવાને, જીવન કાજે ખરું રળવા
હૃદયનું પ્રાણપંખેરું તડપતું ને તલપતું હા!

અમારે ભાગ લેવો છે, સ્વજન કેરા જીવન માંહે,
પરંતુ કોઈ ના અમને હૃદયથી આવકારે છે.

'તમારામાં અમે છીએ' સ્વજન એવું મુખે વદતાં,
ન આવે તે હૃદય પાસે, નિરર્થક ખાલી શાં બકવાં!

હૃદય વિશ્વાસ પ્રેરવવા જીવન-વર્તન ન તેવું જો,
થતું કેવું હશે અમને! વિચારે કોણ એવું સૌ?

અમારી દુર્દશા કરવા સ્વજન જીવ્યા કરે, એવું
અમારે જોઈ જોઈને હૃદયમાં ભાંગતાં રે'વું.

જીવનનાં પ્રેમ ને રંગ બીજા જીવને ચઢવવાને
અમારો ભેખ ન્યારો છે, ચઢાવેલો પ્રભુએ છે.

પ્રભુ જોનાર બેઠો છે, પ્રભુ સંભાળનારો છે,
'જીવન સંભાળતાં રે'જો' સ્વજનને પ્રાર્થના મુજ તે.

('જીવસંદેશ', આ. ૨, પૃ. ૮૬)

વ્હાલાં સ્વજનો

હૃદય ચાહ્યાં અને ચાહ્યાં સદા કરવા મહીં ઊંડું,
મળે ના સુખ જો પૂરું, અહા! તે સુખ તો કેવું!

સદા ચાહ્યાં કરો તોયે વધુ ત્યાં ચાહવા દિલ
થયા કરતું સતત લાગે, હૃદય શો પ્રેમનો મર્મ!

હૃદયને ચાહવામાં શું હૃદયમાં દુઃખ લાગે છે!
છતાં તે દુઃખથી એને હૃદયમાં ભાવ જાગે છે!

અને એ ભાવથી હૈયું ટકી, હૈયા વિશે રે' છે,
સદા જોડાયલું રે'વા હૃદય પ્રેર્યા કરે છે તે.

ઊભી છે ભેદની ભીંતો ન તૂટે કે તોડાવે
અભેદાનંદની મસ્તી તણું શું ભાન ચુકાવે?

હૃદય આનંદ તૈયાર હૃદય કાજે ઊભો શો તે!
ઝુકાવો કાં ન, દિલબરને તપાવ્યાં ત્યાં કરો શાને?

તમારામાં શમાવું છે, તમારામાં પુરાવું છે,
તમારામાં થઈ મારું તમારામાંહી મરવું છે.

જીવે છે વિશ્વ આનંદે, હૃદય આનંદ તો કેમ
હૃદય ના ઝંખતું પૂરું? ઊભાં ખાલી રહ્યાં કેમ?

અરે! સંભાળતાં રો' છો તમે હદને બધી રીતે,
રહો છો ત્યાં જ અટવાઈ રમંતા હદ વિશે જે તે.

મળે આનંદ બેહદનો કદીયે હદ વિશે ના તે,
ન આવે કલ્પના-ખ્યાલે પૂરો આનંદ આવે તે.

છતાં હદમાં રહી બેહદ તણા આનંદ આદર્શો,
ઝુકાવ્યાં જે હૃદય રાખે જશે તે કો'ક દી પારે.

હૃદય હદના રિવાજોને જવા બેહદ તણા ભાવે,
વટાવે પ્રેમના જ્ઞાને, પ્રવેશે બે-હદે તે તે.

રહી હદમાં હૃદય બેહદ તણું જે ધ્યાન સેવે છે,
ભળે હદની અને બેહદ તણી સરહદ વિશે તે તે.

કૃપા કરજો, દયા કરજો, થતાં સૌ કર્મની અંદર,
પ્રભુભાવે ભીંજાયેલું નિરંતર રાખજો અંતર.

પનારે હું પડેલો છું, બુડવજો કે તરવજો, ને
તમોને જે ગમે સારું, ભલે એનું કરો તે તે.

('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૦૫–૧૦૬)

અનુકૂળતા માટે પ્રાર્થના

(ગઝલ)

તમારામાં થવા માટે અનુકૂળતા મને દેજો,
તમારા દિલનું સાચું સ્વજન મુજને તમે કરજો.

તમોને દુઃખ દેવાતાં તમે ના રોષ દિલ ધરજો,
કહેવાનો ઊંડો મર્મ સમજવા યત્ન ત્યાં કરજો.

તમારું સુખ ને મારું તમે સુખ તે થવા દેશો,
મને સુખ ત્યાં જણાતાં ના, કહેવા ત્યાં મને દેશો.

હૃદય-પથ મોકળા કરવા મને દાખલ થવા દેશો,
અને એમ ઉતરતાં ત્યાં થતાં કૈં સૌ સહી લેશો.

તમારે તો બધાંનેયે સહેવાનું હુંથી આવ્યે,
વળી રંજાડવાનું કૈં થતાં માફી મને દેજો.

તમારા રોષને સ્હેવા નથી ત્યાં સ્થાન મારામાં,
ભવાં ઊંચાં થતાં જ્યાં તો હૃદય પામું હૃદય ત્યાં ના.

તમારો પ્રેમ માગું છું, હૃદયની ભાવના માગું,
તમારી ઝંખના માગું તમન્ના ઈશની માગું.

તમારે દ્વાર આવીને ભિખારી થઈ હું તો ઊભો,
કરે ખાલી રખડતો ત્યાં ગરીબને શું મૂકી દેશો?

બધાંને કૈંક ને કૈંક તમોને આપતાં દેખું,
મને ત્યાં એકલાને કાં નહિ આપો, બને તે શું?

ભિખારી એટલું કહીને પડી મારે નથી રે'વું,
ચહું ત્યાં માગવા ધર્મ પ્રવેશાવા તમોમાં હું.

('જીવનપાથેય', આ. ૩, પૃ. ૧૩૪–૧૩૫)

ભિખારી ભીખ માગે છે

(ગઝલ)

તમારે બારણે આવી ભિખારી ભીખ માગે છે,
ભિખારીને જવા દેશો ન ખાલી, પ્રાર્થના તમને.

તમારે આંગણે આવી કશુંક કૈં માગતાં તેને,
મૂઠી ચપટી તમો દ્યો છો, નિહાળ્યું આંખથી મેં તે.

મને તો એકલાને શું ભલા! બાકી અરે! રાખી
ભિખારીને રખડતો ને રવડતો મેલશો ઠેલી?

તમારે પાલવે હું તો પડ્યો, એને નિભાવીને
ગરીબની ઠારી આંતરડી દુવાને પામજો હૈયે.

('જીવનપ્રેરણા', આ. ૩, પૃ. ૮૭)

ભિખારીની દયા જાણી ઘટે તો ટુકડો દેજો

(ગઝલ)

'થવા તે પ્રેમને કાજે ફના જીવન તણા ભાવે,
થયાં કરવાનું હૈયામાં' લગન એવી લગાડોને.

ભિખારી જે રખડતો'તો જીવનના બારણે તેને
તમે બોલાવીને શાને રહેવા દો ભૂખ્યો એને.

તમારી બૂમથી એ તો ખરે બોલાવિયો આવ્યો,
હવે ટટળાવતાં શાને? ઊભો કાં ખાલી રાખ્યો શો?

હજી ખપ્પર રહેલું છે પડેલું ખાલીખમ કેવું,
નજર એમાં રહેતી શી! સ્વજનને સાદ પાડ્યે શું?

ભિખારી કેમ પાછો તે હવે આંગણ થકી જાયે?
હવે તો આર કે પાર થવાનું જે ભલે થાયે.

તમારે આંગણે અડ્ડો જમાવીને પડ્યું રહેવું,
ભલે નાંખો, ન નાખો કે, અમારું એટલું કહેવું.

('પ્રણામ-પ્રલાપ', આ. ૨, પૃ. ૩૩)

ગૂઢ રીતિ

(શિખરિણી)

પડી રે'વા દેજો તમ હૃદયના કોઈ ન કોઈ ખૂણે,
તમારો જાણીને કંઈક મુજને ચાહ તમ દૈ,
ગમે તેવો તોયે સ્વજન તમ આ પાલવ પડ્યો;
નિભાવી લ્યો એને તમ ઉર કરી પાલન પૂરું.

તમે તો કૈં કૈં દો, કંઈ પણ દઈ હું નવ શકું,
ભિખારી હું તો છું પ્રભુપદપ્રભાવે જીવી શકું;
તમારી પાસેનું સઘળું લઈ લેવા પદ ચહું,
નથી સત્તા પાસે પ્રભુપદ પુકાર્યાં નિત કરું.

હજારો ગાઉનું અતિશય ભલે અંતર રહ્યું,
ભલેને છો એવા હજી કંઈ રહ્યા ભેદ મન શું?
વળી છોને જાળાં નયન પડળો ઉપર વળે,
તમે ચાહેલાંને મુજ કરીશ જંપીશ પછી હું.

થશે શી રીતે તે મુજ મન કહી તે નવ શકે,
થશે ક્યારે તેવી સમયગણના ના ધરું હૃદે;
કૃપાથી એની તે પ્રિય પ્રભુ તણા નામ રસનું
પથે ભાથું લાધ્યું, મુજ હૃદય તે સાધન વડું.

('પુનિત પ્રેમગાથા', આ. ૨, પૃ. ૭-૮)

તમે ક્યારે લઈ લેશો?

(ગઝલ)

ગણું હું મારું ધન જેને તમોને આપવાને સૌ,
હૃદયમાં ઝંખના ભારે તમે ક્યારે લઈ લેશો?
લઈ લો મારી પાસેથી બધી લક્ષ્મી જીવનની જે,
મને કાં લૂંટી ના લેતા કરું છું યાચના તમને.

જતાં સઘળુંય એમાંનું નથી ખાલી થવાનું તે,
ભર્યો ભંડાર એવો તે પ્રભુનો શો દીધેલો છે!
અધૂરો હું મુનીમ એનો હજી તોયે બડાશો શી!
તમારી આગળે ફેંકું! પ્રભુ સાચી ઠરવશે સૌ.
સમાઈશું જ પોતામાં પૂરેપૂરા હૃદય જ્યારે,
શકીશું સાચું સમજી શું સ્વરૂપ ત્યારે બધાનું તે.

('પુનિત પ્રેમગાથા', આ. ૨, પૃ. ૬૨)

ભાવથી વેપાર

(અનુષ્ટુપ)

તમારા ભાવથી મારે વેપાર ખેડવો રહ્યો,
મૂડી વિના ભિખારીથી થઈ વેપાર શેં શકે?
મૂડી માગ્યા કરું તેથી હૈયાના પ્રેમભાવની,
કરો આપ્યાં સ્મૃતિ જોડી જ્ઞાનપૂર્વક તે વળી.
એવી સ્મૃતિ તણા તાર સંધાતા ત્યાં અખંડ રે',
કર્મમાં જ્ઞાનનો હેતુ તો તો અર્થ સર્યા કરે.
એવી સ્મૃતિ તણા તાર સંધાતા ત્યાં અખંડ રે',
કર્મમાં જ્ઞાનનો હેતુ તો તે અર્થ સર્યા કરે.
ભાવસ્મૃતિ ન તે જો હો પ્રાણવાળી પૂરી હૃદે,
તાદાત્મ્યભાવ શી રીતે તે વિના જામશે હૃદે?
ચેતના-સ્ફૂર્તિ હૈયામાં પ્રકટાવ્યા સ્મૃતિ કરે,
ત્યારે સ્મૃતિતણું જોશ આવેલું જાણવું ઘટે.

('પુનિત પ્રેમગાથા', આ. ૨, પૃ. ૧૨૭-૧૨૮)

• • •

લૂલો કેવો હું છૂટો છું શકું ચાલી હું શી રીતે?
મને દૈ ચેતના-શક્તિ જીવતો રાખજો હૃદે.

વ્હાલાને સ્મરવાનું તો ચેતનાશક્તિ કાજ હો,
નકામી ચીજની જેમ વખારે નાંખી કાં મૂકો?
વિષપાન કરાવ્યું છે એવી પ્રસાદીયે પીધી,
હવે તિલાંજલિ આપી કૃપા રાખી ઠરો ચહી.
ફરિયાદ-રૂપે આવું કહેતો ના કશુંય હું,
કોઈ ઉપાયથી યે તે જાગે જો ખ્યાલ, તો રૂડું.
પ્રેમ અભેદમાર્ગી છે લીલા પ્રેમની અદ્‌ભુત,
પ્રેમનો તે ચમત્કાર ભાવ એ પ્રેમનું રૂપ.
તાદાત્મ્ય પ્રેમમાં તેથી હૈયે ઊંડું રહ્યાં કરી,
સાફલ્ય જીવવું એવું ધન્ય સૌ કરજો ભળી.
પનારે જે પડેલું છે તમારે તો કૃપા કરી,
ધન્ય પોતે બની, ધન્ય પેલાનું કરજો વળી.

('પુનિત પ્રેમગાથા', આ. ૨, પૃ. ૧૨૮, ૧૩૦–૧૩૧)

પશ્ચાત્તાપ થશે ત્યારે

(અનુષ્ટુપ)

તમારા પ્રેમથી મારે જીવવાનું હૃદે રહ્યું,
હૈયાનો ભાવ એ શક્તિ જોમ મારા ગરીબનું.
પ્રેમને કાજ ઝંખું છું પ્રેમ સૌ આપજો બધાં,
આપજો પ્રેમ યે જ્ઞાને હેતુએ કરી ત્યાં સદા.
વધારે શું કહેવું તે મને લાજમ ના કશું,
મૂર્ખ તોયે અરે! કેવા બખાણા ઉરના બકું.
ભલેને આજ વ્હાલાંને એની ના ગણના હશે,
કોઈ કાળે હૃદે સત્ય એનુંયે ઉર લાગશે.
પશ્ચાત્તાપ પૂરો ત્યારે એવાને લાગશે હૃદે,
'હતું કો'ક મળેલું જે જીવ્યું તે પ્રેમ કારણે'.

('પુનિત પ્રેમગાથા', આ. ૨, પૃ. ૧૪૦)

સ્વજનનું શ્રેય ચિંતન

(અનુષ્ટુપ)

તમારું લૂંટી લીધું શું કૃપાથી તે બતાવશો,
પાછું આપી દીધા જેવું હશે, તો તે દઈશ હું.

વારે વારે મને ગોદા માર્યા શું કરવા ઘટે?
તમારા ચિત્તની જોડે કાં ન લો સમજી હૃદે.

તમારું શું બગાડ્યું છે? જરા તો ખ્યાલ તે ધરો,
પ્રભુએ તો સુધાર્યો છે તમારો સ્વાર્થ તે ઘણો.

પાડ તે માનવો મૂકી અન્યથા કાં વિચારવું!
માનવીને ઘટે તે શું? હૈયે ઊંડું વિચારશો.

શાતા દેવી હૃદે ઇચ્છી પ્રભુએ જે બતાવિયું,
તે પ્રમાણે બતાવીને શાંતિ દેવા ચહ્યાં કર્યું.

તમારી પ્રકૃતિ ઊંડી ગુણે કેવી ભરેલી છે,
કરે જે શ્રેય પોતાનું એને કાં નિંદવો? ભલા!

તમારા શ્રેયનું એને ચિંત્વવું એકલું રહ્યું,
તમારી પ્રકૃતિ એને કેવું ધર્યાં* કરે શું શું?

('પુનિત પ્રેમગાથા', આ. ૨, પૃ. ૧૫૫)

એવા કૈંક વિચાર

(શાર્દૂલવિક્રીડિત)

હૈયા કેરી વરાળ કાઢી તમને હું સંભળાવ્યા કરું,
પ્હોંચી ના શકતી દીસે હૃદયમાં, વચ્ચે નડે છે કશું;
'તોડી કાટલું નાંખવું જરૂરનું તે કેમ પૂરું બને?'
એવા કૈંક વિચાર આ હૃદયમાં સ્ફુર્યા કરે છે હવે.

---

*ધાર્યાં

મહોબ્બતની મીઠી લહેજ્જત

(ગઝલ)

જિગર વિના જિગર ભીનું જિગરનો પ્રેમ ન્યારો છે,
જિગરનો પ્રેમ જો જુદો જિગરનોયે જુદો ત્યાં છે.

જિગરના પ્રેમ-જાદુથી સદા ભુરકાઈ રહેવાનું,
હૃદયના પ્રેમને ઐક્ય જિગર માંહી* સમાવાનું.

હૃદય અમ પ્રેમના રસથી સદા જોડાયેલાં રે'શે,
**જીવન તો એક છે છોને ***જીવનના દેહ જુદા છે.

ભલે મૃત્યુ, ભલે સ્વર્ગે ભલે જ્યાં હો જવાનું ત્યાં,
અમે તો સાથ રે'વાના, અમે સાથે જ ઊડવાના.

અમારા પંથમાં કંટક ફૂલોની જેમ લાગે છે,
અમારી સ્વર્ગની દુનિયા, અમારો રાહ ન્યારો છે.

સદાયે પ્રેમ-મસ્તીમાં અમારે બસ રહેવું છે,
શરાબે પ્રેમ-મહોબ્બતના વિશે બસ ડૂલ રે'વું છે.

ખુવારીના અમે પંથે વળેલાની ખુમારી તે,
મહોબ્બતની મીઠી લહેજ્જત જિગર સમજે જિગર જાણે.

('પુનિત પ્રેમગાથા', આ. ૨, પૃ. ૧૮૬-૧૮૭)

કહો, ત્યાં શું પછી કરું?

(અનુષ્ટુપ)

કોઈ વ્હાલું કહેતું કે 'અમોને પ્રભુ મેળવો,
સાક્ષાત્કાર કરાવો તો જાણીશું ઉર સાચું તો'.

હોત તે હાથ જો મારે વાત, તો ક્યારનુંય તે
પ્રત્યક્ષ તે કરાવીને દીધું હોત ઊંડું હૃદે.

---

*શમાવાનું, **જિગર, ***જિગરના

કોઈનું ત્યાં ન ચાલે છે પોતે તેવા થયા વિના,
પ્રભુએ પાંસરો ના છે, સીધો તે ક્યાંય ના ભલા!

એ તો શી આવવા કેરી માંગી લે ભૂમિકા હૃદે,
તે વિના તે ઠરે ત્યાં ના કાયદો સૂક્ષ્મ એહ છે.

એવું કરાવવા કેવો ઝંખ્યાં નિત્ય કરું ઊંડું
મને સાથ મળે ના ત્યાં કહો ત્યાં શું પછી કરું?

તમારો સાથ જો પૂરો હૈયામાં મળતો રહે
પ્રત્યક્ષ જો બધી વાતે રે'વાતું એમ હોય તે,
આપમેળે તમોને તો જણાયા કરતું બધું
માથાકૂટ પછીથી તો રે'શે ના કશી આપ શું.

કૃપાથી સૌ કરી જોવા આટલું યે મથ્યાં કરો,
સાચું કે ખોટું છે એની પરીક્ષાયે કરી જુઓ.

તમે યે રાહ ક્યાં સુધી આવી તે નિરખ્યાં જશો?
વેવલું જીવવું આવું નિભાવી કેમ રાખશો?

('પુનિત પ્રેમગાથા', આ. ૨, પૃ. ૧૩૮-૧૩૯)

પ્રેમભાવથી કૃતાર્થતા

(ગઝલ)

તમારા પ્રેમનો ભાવ પ્રભુએ જે ચખાડ્યો છે,
પ્રભુની ભાવના જીવતી તણાં દર્શન કરાવ્યાં છે.

અજાણ્યો હું હતો સૌથી છતાં પ્રભુ જે તમારામાં,
વસેલો સૂક્ષ્મ, એણે શો નવાજ્યો લઈ મને બથમાં★!

પ્રભુ વ્હાલો ઊકેલી દે પ્રભુમાં જીવ જે રાખે,
બધાંયે કામ એવાનાં બલિહારી કૃપાની તે.

★બાથમાં

તમે સદ્‌ભાવ ને પ્રેમ બતાવ્યાં કેટલાં, કેવાં!
ન લાયક કાંઈ એ કાજે, કરામત શી પ્રભુની ત્યાં!

પ્રભુ સચરાચરે કેવો બધે પ્રસરેલ જીવે તે!
તમારામાં મને એણે મહત્તા શી બતાવી છે!

અજાણ્યો હું ભલે તોયે તમારામાં છતો થઈને
કૃપાથી શી મદદ દીધી! ભુલાયે ના કદી એને.

પ્રભુ એવો કૃપાળુ છે પ્રભુ પર લક્ષ રાખે જે
બધું સંભાળી લે એનું બધાંમાંયે બધી રીતે.

તમારામાં વસેલા તે પ્રભુને ઉર ઉમળકેથી
કરું કોટિ પ્રણામો હું હૃદયથી વારી વારીને.

ગરીબ પૂરો બધી વાતે ન પાસે કાંઈ એવું છે,
ચરણકમળે તમારે જે ધરી કૃતાર્થ થાઉં કે.

કૃપા કરીને સદા મુજ પર તમારું કોક જાણીને,
હૃદયના કોક ખૂણામાં જરા સ્થળ આપજો મુજને.

ફરી ફરી પાડ માનું છું લળી લળી આપના પદમાં,
પ્રભુ ઉપકારથી હૈયું દ્રવ્યું શું આપની સ્મૃતિમાં!

પ્રભુને પ્રાર્થના મારી ''પ્રભુ જીવન વિશે તમને,
હૃદય ચેતાવજો લગની પ્રણય એનો લગાડીને!''

('પુનિત પ્રેમગાથા', આ. ૨, પૃ. ૨૧૫-૨૧૬)

આ સાધુડાની ટેવ

(વૈદરભી વનમાં વલવલે – એ ઢાળ)

એવી અમ સાધુડાને ટેવ છે.

જેનું લઈએ તેનું દઈએ અમે, રાખીએ સમતોલ;
ઘટતું કે વધુ નવ તોલીએ, દઈએ સરખાં જ મોલ. —એવી.

અમારો વેપાર શ્રીનામનો, એની સાથે જ કામ;
એ સાથ જેનો વ્યવહાર છે, અમ પિયર એ અમ ધામ. —એવી.

અમારે નાનપ, મોટપ નથી, નથી શરમ ને લાજ;
ઘર-બાર ને ખેતર નથી, અમે ફરીએ બે-તાજ. —એવી.

અમે તો રાજા અમ પિંડના, અમે અમારા શિર-તાજ;
કોઈના કહ્યામાં અમે નથી, અમારો પ્રેમ-રાજ. —એવી.

સારાયે વિશ્વમાં વર્તતી, અમ વહાલા કેરી આણ;
અમારે તો ઓછપ શી પછી? જ્યાં જઈએ ત્યાં એંધાણ. —એવી.

અમોને ભટકવાની ટેવ છે, રહીએ એક ના ગામ;
અમારાં ઠેકાણાં કશાં નથી, અમે તો બેઠામ. —એવી.

સ્વેચ્છાચારે ફરતા જુએ, અમને જગ બેલગામ;
અમે તો ધણી કેરાં ઘોડલાં, અમને એની લગામ. —એવી.

જગનાં તમે લોક રાખજો, જો રખાય તો હેત;
અમે તો આવીશું ભીખ માંગતા, પુકારી આહલેક. —એવી.

('જીવનપગથી', આ. ૫, પૃ. ૧૫૯)

॥ હરિઃૐ ॥

॥ હરિ:ૐ ॥

ખંડ 3

શ્રીમોટાનાં વિચારસ્ફુલિંગ

વિજ્ઞાનની શોધખોળોથી જ ગરીબી હટશે. માટે એવી શોધખોળોને પ્રોત્સાહન મળે એવી યોજના કરો.

— મોટા

» સાધના-કાળના શરૂ-શરૂના તબક્કે જે જુદું જુદું વાંચવામાં પડી જાય છે તે ગૂંચવાડામાં પડશે—એ રીતે એનો માર્ગ ખુલ્લો રહેવામાં અડચણો આવશે. એનું મન એને હજારો પરસ્પર વિરોધી દિશાઓમાં તાણી જશે. અનેક તર્ક-વિતર્ક જાગશે. સૌથી ઉત્તમ તો એ છે કે સાધના-માર્ગનું વાંચવાની તે વેળા જરૂર નથી. જે સૂચવાયું હોય તે જ પ્રેમભાવે, સમર્પણભાવે, શરણાગત રહીને ઉત્કટભાવે કર્યા કરીશું અને એમાં જ્યારે સ્થિત થતાં જઈશું ને ભગવાનનો ભાવ આપણામાં સ્થિર થવા માંડે, ત્યાર પછી જે કંઈ વાંચવું હોય તે વાંચવું જોઈએ.

('જીવનપગરણ', આ. ૩, પૃ. ૧૨૩)

» લાગણી આપણું અણમોલું ધન છે. ધૂળધોયો જેમ સોનું ભળેલી ધૂળમાંથી ધૂળધૂળ કાઢી નાંખી સોનું તારવી લે છે, તેમ લાગણીમાંથી આપણે તેવું તારવી લઈ શકીએ છીએ, તેનો ઉપયોગ કરી શકીએ છીએ. પરંતુ તેમાં લાગણી સાથે રમત કરવા જઈને એને નોંતરવી ન ઘટે કે આપણે સામે જઈને એને ખેંચી લાવવાની કે ઉતારવાની ન હોય, કારણ કે તેમાં ખોવાઈ જવાવાનો પૂરો સંભવ છે.

('જીવનપગરણ', આ. ૩, પૃ. ૧૩૨)

» ઊર્મિને, લાગણીને દબાવવી એ ઠીક નથી; પરંતુ તે સાથે, એ ઊર્મિવાળી લાગણીની સાથે વહ્યા જવું એ પણ ઇષ્ટ નથી. બંને વચ્ચેનો લાભપ્રદ રસ્તો આપણાથી ખોળી લેવાવો ઘટે.

('જીવનપગરણ', આ. ૩, પૃ. ૧૭૮)

» મનને તદ્દન ખાલી રાખ્યા કરવાનું છે. જે કંઈ વિચારો, ગડમથલો ઊપજે એનો તુરત ઉકેલ કરી દેવાનું આપણે રાખવું.

('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૬)

» સત્ત્વગુણના પણ ગુલામ થવાનું નથી.

('જીવનપગથી', આ. ૩, પૃ. ૧)

» પહેલાંનું ભણેલું ભૂલવું પડશે. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૨)**

» જે કંઈ કરતા રહીએ તેમાં દિલ હોય, પ્રેમ હોય, રસ હોય અથવા એ બધાં ન હોય તોયે એ બધાં જન્મવાનાં જ છે એવી શ્રદ્ધા, વિશ્વાસથી ને ધગશથી સર્વ કાંઈ કર્યાં કરીએ, એનો તંત પકડી રાખીએ, એટલી જાગૃતિ રાખવી જોઈએ. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૧૯**)

» આપણા આગ્રહો, વિચારો, મંતવ્યો, ખ્યાલ વગેરેને આપણે બીજાઓ પર ન લાદીએ ને કંઈ કહેવાનું હોય તે એક વખત પ્રેમપૂર્વક કહીએ, અને તે પણ જરાકે ભાર દીધા વિના ને પછીથી એનો સમૂળગો વિચાર પણ કાઢી નાંખીએ. સૌ કોઈને એમની એમની રીતે એમના જ વાતાવરણમાં સ્વતંત્રપણે વિકસવા દઈએ.

(**'જીવનપગથી', આ. ૩, પૃ. ૯૫**)

» આપણે બીજી સકળ વૃત્તિઓનું જોશ ને એનું સ્વચ્છંદીપણું મિટાવવું હોય તો આપણા કામની ભાવનામાં ખૂબ એકાગ્રપણે, ઉત્કટ ભાવથી વળગ્યા રહેવું જોઈએ; તે સિવાય આ વસ્તુ થવી શક્ય નથી, અને આવું કરીશું તો જ બીજી બધી વસ્તુઓને આપણે ગૌણપણે હાથમાં કે મનમાં લઈ શકીશું. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૧૦૧**)

» કોઈ પણ આપણું કશુંક પ્રેમથી કરે તો આપણે તેની ખૂબ કદર કરવી. એવી કદરભાવના આપણે સરળતાથી અને સહૃદયતાથી રાખવાની છે. એથી સામાના દિલ પર પણ અસર થાય છે ને તેને આપણી તરફ લાગણી રાખવાને ઉત્તેજન મળે છે. વળી આપણામાંનું અક્કડપણું પણ ઓછું થાય છે. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૧૧૩**)

» આપણાથી થતાં બધાં જ કામોમાં કંઈ લાભ મેળવવાની કે ગેરલાભ થવાની કશીયે ઇચ્છા કે ભય આપણે રાખવાનાં નથી. એનું સ્વાભાવિક પરિણામ લાભમાં કે ગેરલાભમાં ભલે આવતું હોય; પરંતુ આપણી માનસિક ભૂમિકામાં તેવી ઇચ્છાને ક્યાંય સ્થાન ન હોય એટલું આપણે સતત જોવું ઘટે. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૧૧૪**)

» કામ કદીયે આપણને વિઘ્નકર્તા થશે નહિ. તે તો એક રીતે આપણી ધારણામાં આપણને વધારે મક્કમ બનાવવાને, દૃઢ રહેવાને અને કસોટી કરવાને માટે મળેલી તક છે. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૧૧૪**)

» સાધકે પોતાની જાતનું, વિચારોનું, વૃત્તિઓનું, લાગણીઓનું, ભાવનાઓનું ને ચેતનાનું ઊંડું પૃથક્કરણ કરતા રહેવું પડશે. તે દરેકને તેના યથાર્થ સ્વરૂપમાં સમજીને આપણા વિકાસમાં તેમનો કેવી રીતે શ્રેષ્ઠ ઉપયોગ યોજી શકાય તે સમજી લેવું પડશે.

('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૬૬)

» કોઈપણ લાગણી કે ઊર્મિનો ઊભરો આવે, ત્યારે તેનો ઉપયોગ નામસ્મરણના વેગમાં કરી લેવાનું ચૂકવું નહિ.

('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૬૭)

» સમજણથી આગળ વધ્યા કરવાનું રાખવું; અંધશ્રદ્ધાથી નહિ.

('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૬૭)

» જાતીય વિષય-વાસનાનો ઉપભોગ તો સાધક માટે ઊંડી ખીણમાં ફેંકાઈ જવા જેવો છે. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૮૧)**

» આપણી ચેતનાની સાંકળ આપણા પ્રત્યેક પ્રિયજનમાં જોડાયેલી રાખવાનું કર્યા જઈશું તો એનું જોર વહેંચાઈને વેડફાઈ જવાનું છે. જ્યાં સુધી આપણામાં એટલી શક્તિ પ્રગટી નથી કે તે બધાં સાથે એકધારું સંધાણ રાખી શકીએ, ત્યાં સુધી તો એકમાં જ ચેતનાની સાંકળ રહ્યા કરે એ જરૂરનું છે. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૮૧)**

» સાધકનું મહત્ત્વનું એક લક્ષણ પ્રસન્નચિત્તતા છે.

» મનને તો હજી બુદ્ધિની મદદ વડે એના આડા-અવળાપણાને સમજીને કંઈક અંશે કાબૂમાં પણ લાવી શકાય. પરંતુ બુદ્ધિનું તેવું નથી હોતું. બુદ્ધિ એ પ્રકાશરૂપ સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે. બુદ્ધિની શુદ્ધિ પણ તેટલી જ જરૂરી છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૧૪૨)**

» સાધક જ્યારે એકાગ્રપણે, કેન્દ્રિતપણે, સમગ્રપણે શ્રીપ્રભુને અંતઃકરણથી સર્વ રીતે ને સર્વ ભાવે એકેએક કરણથી સંપૂર્ણ શરણાગતિને પામે છે, ત્યાર પછી શ્રીભગવાન એની સાધનાનો ભાર પોતાના હસ્તક લેતા હોય છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૧૭૨)**

» પ્રભુપ્રાપ્તિનો હેતુ કોઈ સ્થૂળ કે સૂક્ષ્મ લાભ મેળવવાનો ન હોવો ઘટે. પ્રભુને ખાતર જ પ્રભુને પ્રાપ્ત કરવાનો છે.

('જીવનસોપાન', આ. ૫, પૃ. ૧૭૮)

» સાધકનું હૃદય ને શ્રીસદ્‌ગુરુનું હૃદય, એ બંનેનો તદ્દન એકરાગ ને એકમેળ બને એ આ સાધનામાર્ગમાં ફતેહની એક સૂક્ષ્મ ચાવી છે.

('જીવનસોપાન', આ. ૫, પૃ. ૧૯૪)

» મનનાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ બહિર્‌મુખ થતાં એમને ટકોરવાં, સંકેલવાં ને સંકોરવાં. આ ત્રણ પ્રક્રિયા સાધકને કાજે ઘણી જરૂરની છે, પણ તે સચેતન જાગૃતિ પ્રકટ્યા વિના નહિ બની શકે. સદ્‌-વસ્તુની કેવળ વાતોથી, ચર્ચાઓથી કે તેવા કશાથી કાર્ય નહિ સાધી શકાય; તેને માટે તો જોઈશે પ્રખર અને પ્રચંડ સાધનાભર્યો પુરુષાર્થ.

('જીવનસોપાન', આ. ૫, પૃ. ૨૧૬)

» કેટલાક જીવ તો એમ માનતા હોય છે કે સાધકમાં આવશ્યક હૃદયની સાચી દાનત અથવા જીવનવિકાસ પરત્વેની ઉત્કટ જિજ્ઞાસા શ્રીભગવાન જ કરી દેશે. કારણ કે સઘળું શ્રીભગવાન કરે છે માટે આપણી સાધના પણ તે જ કરાવશે. આ સાવ અજ્ઞાન-ભરેલી માન્યતા છે ને સાધના-પંથે અવરોધકર્તા છે.

» સાધકે એકલા સાધનને પકડી રહેવાથી કશું વળવાનું નથી. તેમાં હૃદયનો ભાવ પ્રગટવો ઘટે અને તે ભાવ પાછો કર્મના હાર્દમાં જીવતો થવો જોઈએ. તેવું થાય તો સાધકના હૃદયનો વિકાસ આપમેળે થયા કરે.

» સાધકે સાધનાના ભાવમાં જ આગ્રહ રાખીને, બીજી બધી બાબતમાં પૂરતો યોગ્ય વિવેક રાખીને જ્ઞાનપૂર્વક નિરાગ્રહી રહ્યા કરવું ઘટે.

» સાધક જ્યારે જીવનને શ્રીભગવાનની ભાવનામાં પ્રવર્તાવવાની શરૂઆત કરતો હોય છે, તે વેળા એકદમ કંઈ એનું સંપૂર્ણપણે જ્ઞાનભક્તિયુક્ત સમર્પણ થઈ શકવું શક્ય હોતું નથી. જેમ જેમ શ્રીભગવાનના પ્રેમભાવથી જીવન રંગાતું જાય તેમ તેમ ક્રમશઃ તે થયે જતું હોય છે.

» સાધનાપથમાં આવતી કઠિનાઈઓ વેળા તેમાં તપની જીવંત ભાવના જો તે સમયે જ્ઞાનાત્મક ભાવે હૃદયમાં જગાડવાનું બની શકે તો તેવો શ્રમ, તેવી કઠિનાઈઓ પણ એક પ્રકારના તપ તરીકે જીવનવિકાસ યજ્ઞમાં ઉપયોગી નીવડી શકે છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૫૦)**

» પ્રકૃતિના સ્વભાવથી નિરાગ્રહપણું પ્રવર્તતું જણાય, તો તેવા નિરાગ્રહીપણાથી તો જીવનવિકાસની ભાવના જીવતી કરાવવાને, પ્રકટાવવાને કશો જ લાભ હોતો નથી. પ્રકૃતિના કે પરિસ્થિતિના પ્રેરાવ્યા નહિ, પરંતુ જ્ઞાનભાવે પ્રકૃતિને પલટાવવાના હેતુએ નિરાગ્રહીપણું કેળવવાનું હોય છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૫૭)**

» નમ્રતા પણ દાખવવાની છે ને સદ્‌ભાવના પણ રાખવાની છે, પરંતુ તેનો અર્થ એવો નથી કે પોતાના જીવનધ્યેયની ભાવનાને કચડી-કચડીને તેમ થયે જાય. એમાં તો જીવનનું મૃત્યુ છે.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૫૭)

» સાધનામાં બહુ ખેંચી પકડીએ ને બહુ ઢીલું મૂકીએ તે બંને દશા અયોગ્ય છે. બહુ ખેંચી પકડીએ એટલે પુરુષાર્થથી તંગ ને તંગ રહ્યા કરીએ તે, ને બહુ ઢીલું મૂકી દઈએ એટલે પ્રમાદ, આળસ ને તામસમાં જ પડ્યા રહીએ તેવી દશા. આપણે તે પણ નથી થવાનું ને આ પણ નથી થવાનું. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૧૮)**

» કશુંયે યંત્રવત્ નકારવાથી સાચો ઇન્કાર નહિ થઈ શકે, પરંતુ તે બધું ટાળવા કરવાની પાછળ તે તે પળે પ્રત્યક્ષ જીવનના ધ્યેય પરત્વેના હેતુનું જીવતુંજાગતું જ્ઞાન, તેની સમજણ ને તે કર્મના હાર્દમાં તેવા પ્રકારની તે તે આચરતી પળે સમજણની ભાવના પ્રગટવાં ઘટે; તે પ્રકારની ભાવનામાંથી જીવનની વર્તનકળા પ્રગટવી ઘટે ને તે રીતે તે બધું જો બહાર ફેંકાતું જાય તો યોગ્ય અર્થ સરે.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૩૨)

» સાધનાની ઉત્તરોત્તર કક્ષાઓમાં 'ગુણ'નો પણ વિલય થયા કરે છે. સત્ત્વગુણ જેવો આપણામાં જીવકોટિમાં હોય છે, તેવો ને તેવો કંઈ

તે ચેતનપણાની કક્ષામાં નથી હોતો. એની ભૂમિકા તે હોવા છતાં તેના પ્રકાર અને કક્ષા તો તદ્દન જુદી જ રીતનાં રહ્યાં કરે છે. રજસ તેવી કક્ષામાં જીવનમાં શક્તિના સ્વરૂપમાં પ્રકટતો રહ્યા કરે છે; ને તમસ—તે ગુણ કોઈ પરમ શાંતિમાં, કોઈ અવર્ણનીય શાંતિમાં, કોઈ પરમ વિમલ એવી સ્થિરતામાં પરિણામ પામતો જતો અનુભવાય છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૧૪)**

» નામસ્મરણનો હેતુ જ્ઞાનપૂર્વક હૃદયમાં હૃદયથી જીવતો રહ્યા કરે તો જ તેનો અર્થ સરી શકે. બાકી ખાલી નામ લીધા કર્યે ને ભજન, કીર્તન ગાયા કર્યે ખાસ કશો દહાડો ન વળે. મનમાં મનથી આપણે સંસારમાં રમ્યા કરતા હોઈએ ને સંસારના વિચારોમાં રસ પ્રકટાવતા રહીએ, તો તે નહિ ચાલી શકે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૨૨)**

» સાધકના જીવનમાં દૃઢ મક્કમતાની ધારણા સૂર્યના તાપની પેઠે પ્રગટી ગયેલી હોવી જોઈશે. મક્કમતા એટલે અડગપણું તથા ધારણા એટલે એની પાછળના જ્ઞાનની સમજ અને તે પણ સતત, એકધારી કાર્ય-સાધકતાયુક્ત સમજ. આવું જીવનસાધનાનું સ્વરૂપ થઈ જવું ઘટે. એ તો જ્ઞાનભક્તિયુક્ત વર્તન કર્યાં કરવાથી તેનામાં જીવનચેતન પ્રગટે છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૮૬)**

» સાધનામય જીવનમાં પ્રવેશ થતાં સાત્ત્વિક ગુણો કેળવાતા જતાં, વિકસતા જતા જણાય ત્યારે જાણવું કે સાધનાનું મુખ સાચી દિશામાં છે.

» જે જે વૃત્તિ, વિચાર, લાગણી, પરસ્પરના વર્તનથી પ્રગટતી વૃત્તિ, કર્મ-પ્રસંગ ને વર્તનમાં જાગતાં વલણો ને તેમાં પોતાની પ્રગટતી જતી સ્થિતિ—તે બધાંનો હૃદયનો ખુલ્લો એકરાર પૂરેપૂરો થયા વિના સાધકથી ખુલ્લું થઈ શકવાનું નથી.

» 'સાધકને કંઈ કશાનું બંધન ન હોય' તે સો એ સો ટકા અજ્ઞાનભરી સમજણ છે. ગમે તેમ વર્તવાથી કરીને કદી પણ જીવનમાં યોગ્ય વ્યવસ્થિતિ પ્રકટી શકતી નથી. જીવન પણ એક કળા છે અને તે

ઉત્તમમાં ઉત્તમ કળા છે. ગમે તેમ પીંછી ચલાવવાથી કંઈ કળા પ્રગટતી નથી. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૫૧)**

» સાધનાથી ઊપજતી જતી સમજણ માત્ર વાગોળ્યા કરવાથી કશું નહિ બને; આંધળું અનુકરણ કર્યે પણ નહિ ચાલે. એમાંથી દેખાતી કે અનુભવાતી પ્રતિભાથી અંજાઈ ગયે પણ કશું નહિ વળે; પરંતુ એમાંથી જે ચેતન જાગે, તેને નવા પ્રકારે સર્જન થવા ઈચ્છતા તત્ત્વને સ્વીકારીને કામે લગાડવું પડશે; તો જ નવું નવું જીવનમાં મળ્યાં કરવાનું છે. સાધનામાંથી રસજ્ઞ દૃષ્ટિ, શક્તિ ખીલતી જવી જોઈએ; જેથી પ્રત્યેક કર્મમાં એનો આગળપાછળનો હેતુ અને તેનું જ્ઞાન મળ્યા કરશે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૮૪)**

» એવું થતાં પોતે દૃઢ સ્થિતિવાળો સાધક થયો છે, એમ માનવાનું છે. પછી તો આકાશવૃત્તિ ઉત્પન્ન થયેલા એવા હૃદયમાં રાગદ્વેષવાળા વિચારો માઠાં ફળ નીપજાવે છે. ઉપલા દોષોવાળાં આંદોલનો ચિદાકાશમાં મળી, પોતાનાં સ્વજાતીય દોષવાળાં આંદોલનોને આકર્ષીને તે વિચારનાં આંદોલનોનું ફળ સમષ્ટિમાં ઉત્પન્ન કરાવે છે. આમ પોતે જગતમાં શાંતિને બદલે અશાંતિ જન્મવાનું કારણ બની જાય છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૪૩)**

» જીવનમાં પ્રાકટ્ય પામે અને જીવનના પ્રવાહને તેના ભાવના પ્રવાહમાં વહન કરાવે તે શ્રદ્ધા. શ્રીસદ્‌ગુરુ પરત્વે એક જાતનો અહોભાવ પ્રકટવો તે તો બહુ પ્રાથમિક પ્રકારની શ્રદ્ધા ગણાય. તેથી ઝાઝું નીપજી શકે નહિ, તેમજ તે છેક નકામું પણ નથી.

» સાધનામાં આગળ જતાં એક એવો તબક્કો પ્રકટે છે કે જ્યારે સાધના એક નિર્બંધ રીતે સર્વાન્તર્યામી અને સર્વજ્ઞ આપણને દોરે તેમ દોરવાની જ્ઞાન-ભક્તિપૂર્વકની જીવંત, ચેતનાત્મક મુલાયમતાવાળી આંતરિક અને સ્વાભાવિક પ્રક્રિયા માત્ર બની રહે છે.

» બ્રહ્મચર્યપાલન કરવાની આવશ્યકતા આ માર્ગ માટે કેટલી બધી જરૂરની છે એનું મહત્ત્વ ને જ્ઞાન હોવું જોઈએ એટલું જ નહિ, પરંતુ

સાથે સાથે સાધકનો પ્રાણ, સૂક્ષ્મપણે કે સૂક્ષ્મ રીતે પણ, જાતીય વિષયવાસનામાં મુદ્દલે રસ ન સેવે, ન લે ને જે જે કંઈ કામ-વાસનાને પોષક હોય, તેવી લાગણીઓને અને વૃત્તિઓને ઉશ્કેરે તેવું હોય, તે સકળમાંથી પોતાની જાતને સાધક પૂર્ણપણે પાછી ખેંચી લેશે તે બાબતની હંમેશાં ખૂબખૂબ જાગૃતિ ને ચોકસાઈ રાખશે.

» 'નમ્રતા' એટલે કાયરપણું નહિ. નમ્રતા એટલે આચારવિચારના નિયમોનું શુષ્ક પાલન નહિ. ઘરેડ પ્રકારનાં માન-આદર આપવાની નીતિ-રીતિ પણ નહિ. તે બધું નમ્રતાનું સ્વરૂપ નથી. નમ્રતા આત્માનો એક ગુણ ગણાય. સાધક જ્ઞાનપૂર્વક નમ્રતાના ગુણને જીવનમાં પ્રગટાવી શકે છે ને તેણે તે પ્રકટાવવો પણ જોઈએ.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૨૬)

» કેવળ સમાજનાં રૂઢિ બંધનો તોડી નાખવા ખાતર એટલે કે સમાજ-સુધારાના હેતુથી જ કશી કોઈ પ્રવૃત્તિ સાધકે ન કરવી ઘટે. આપમેળે તેવો પ્રસંગ માથે આવી પડે તો રૂઢિનાં બંધન તોડતાં અચકાવું પણ નહિ કે ગભરાવું પણ નહિ. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૬૨-૧૬૩)**

» સાધન તે સાધન છે, નહિ કે સાધ્ય. ધ્યેયની સિદ્ધિને માટે સાધન છે. સાધન જો ઘરેડરૂપ બની ગયું તો તે વ્યર્થ છે. સાધનને ભાવનાથી પરિપૂર્ણપણે તેવા યોગ્ય વર્તનમાં પ્રકટાવ્યા વિના ધ્યેયને પામી શકાતું નથી. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૯૯)**

» ધ્યાનમાં ત્રણ કે ચાર કલાક બેસાયું કે અમુક સાધન આમ થયું કે તેમ થયું અથવા અમુક રીતે દૃઢ રહેવાયું કે મક્કમપણે વર્તાયું, વ્યવસ્થા જળવાઈ, નિયમબદ્ધ ચલાયું—આ બધું ખાસ મહત્ત્વનું નથી. એ બધાના પરિણામે રોજિંદા કર્મવ્યવહારમાં ભાવના જીવતી-જાગતી કેટલી રહે છે, એકમાં જ રમમાણ કેટલી રહ્યાં કરે છે. ભાવનામાં ઉત્કટતાની માત્રા કેટલી વધે છે, સદ્‌ગુરુમાં કેટલી પ્રીત વધે છે, તે બધું સાચું પ્રમાણ છે અને એનું નામ સાચું ધ્યાન છે. ભલેને આપણે ધ્યાનમાં ન બેસી શકતાં હોઈએ, તોપણ ભાવના લક્ષ્યબિંદુ પરત્વે આપણી વૃત્તિ અવ્યભિચારિણી રહેતી હોય તો પેલું ધ્યાન કરવાની જરૂર ન પડે, પરંતુ તે સાથે સાથે એટલું ખ્યાલમાં રાખવાની

જરૂર છે કે ઉપર કહી તેવી સ્થિતિ આપણી થાય તેને માટે એકધારી આંતરિક તેમજ બહિર્ સાધનયુક્ત, ભાવપ્રેરક ચેતનવંતી સાધના કરવાની આપણા જેવા માટે ઘણી જરૂર છે.

('જીવનસંશોધન', આ. ૧, પૃ. ૨૦૯-૨૧૦)

» આપણા સ્વભાવના વિકૃત વળાંકો આપણને ઘણા ઘણા ડંખવા જોઈએ. તે આપણી નબળાઈ છે, દોષ છે અને આધ્યાત્મિક જીવનવિકાસની સાધનાને માટે તે ભારે અંતરાય રૂપ છે. આ બધું જ્યાં સુધી ડંખશે નહિ, ત્યાં સુધી તેમાંથી મુક્તિ મળી શકશે નહિ. માત્ર નામસ્મરણ કર્યાં કરીશું તો એની મેળે બધું રાગે પડી જશે એવી જે માન્યતા છે તે બરાબર નથી. જોકે નામસ્મરણ પણ પૂરેપૂરું સતત એકધારું કરી શકાવું સહેલું નથી અને સ્વભાવના પેલા વિકૃત વળાંકો તો એમ ને એમ કાયમ રહ્યા કરે છે. **('જીવનસંશોધન', આ. ૧, પૃ. ૨૪૮)**

» સાધકમાં જો ભાવના પ્રકટેલી ન રહ્યા કરતી હોય તો શ્રીસદ્‌ગુરુના ભાવનો સ્વીકાર અને પ્રાકટ્ય સાધકમાં થતાં વાર લાગવાની, કારણ કે તો તો શ્રીસદ્‌ગુરુના ભાવને પથ્થરનાં આવરણો કોરી કોરીને, ભેદીને ઊંડું ઊતરવાપણું રહેશે. કેટલીક વાર એ ભાવ ત્યાંનો ત્યાં સ્થિર પણ પડી રહે. એમ પણ બને કે એ ભાવ પોતાની અસરનો જોઈએ તેટલો ને તેવો ઉપયોગ કરાતો ન લાગતાં પાછો પણ વળી જાય.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૮૧)

» સાધક ભૂલો તો કરશે, પરંતુ જો એમાં પણ સાધનાની ભાવના એ સતત રાખ્યા કરતો હશે, તો એને એની ભૂલો સમજાઈ જવાની છે ને તેમાંથી પાછો વળી શકનાર છે. **('જીવનપાથેય', આ. ૩, પૃ. ૮૪)**

» જીવનમાં સાત્ત્વિક સંઘર્ષણ ઊભું થાય છે, ત્યારે હૃદય-મંથન થાય છે. એ મંથનમાંથી નવનીત તારવી લેવાની કળા જાણવી અનિવાર્ય છે. સાચી રીતે મથનારને એ આપોઆપ સૂઝે છે.

('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૬)

» કર્મના સંસ્કાર ચિત્તમાં સતત પડ્યા કરતા હોય છે ને પડેલા રહ્યા કરે છે. તે ક્યારે ઊગી નીકળશે તે ચોક્કસપણે કહી શકાય નહિ.

('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૭)

» જીવનના એકએક પ્રવર્તતા ક્ષેત્રની સર્વ પ્રકારે અને સર્વ ભાવે પૂરેપૂરી આંતર્‌બાહ્ય શુદ્ધિ થયા વિના ખરેખરી અને પૂરી સાધના થવી કદાપિ પણ શક્ય નથી. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૯)**

» બધો આધાર મનને રસ પડાવવા વિષે રહેલો છે. જેમાં મનને રસ છે, જે મનને ગમે છે, તેવું કામ કરવાને માનવી સર્વ કંઈ કરી ચૂકતો હોય છે. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૯)**

» આપણાથી તદ્દન વિરુદ્ધ વિચાર કે આચારવાળાઓ પ્રત્યે પણ સહિષ્ણુ રહીએ કે રહેવાનો સતત પ્રયત્ન કર્યા કરતા હોઈએ તો આપણી તટસ્થતા વધે છે. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૮)**

» જેવું શુદ્ધ પાણીમાં મેલું પાણી ભળતાં થાય છે, તેવું સદ્‌ભાવના સાથે જે જે બધું પોતામાંનું નિમ્ન ભળ્યા કરે છે, તેથી તેવું થાય છે ને પેલી સદ્‌ભાવનાની અસર કે મહત્ત્વ મોળાં પડતાં જાય છે.

('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૨૨)

» સાધનાના માર્ગમાં જીવનું જે તે કંઈ બીજી તરફનું (નિમ્ન પ્રકારનું) ગુમાવવાપણું બનતાં જો અકળામણ, ભાર કે એવું લાગે તો સાધના માટે તે જીવની યોગ્ય તૈયારી થયેલી નથી તેમ જાણવું.

('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૨૪)

» સંસારને મૂકી દેવાથી કાંઈ સંસારથી અલગ થઈ શકાતું નથી. સંસારનો હેતુ તો જીવનના ફલિતાર્થે છે. સંસારથી અલગ થયે સંસારી મન એના વિચાર કરતાં અટકી જઈ શકતું નથી.

સંસાર તો ભગવાનનો જ વ્યક્ત ભાવ છે; એટલે એમાં (સંસારમાં) મનના દૃષ્ટિકોણને બદલવાનું આપણે શક્ય બનાવવાનું છે. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૩૯)**

» સંતોને માત્ર જાણ્યાથી કે તેમની સાથે માત્ર રહેવાથી આપણું કશું દળદર ફીટી શકતું નથી. જ્યાં લગી આપણા જીવનનું અને મનના વલણનું પૂરેપૂરું 'ઉન્નયન' થતું ન અનુભવી શકીએ, ત્યાં લગી કશામાં સંતોષ માનવો નહિ.

ગુરુ કે સંતની કૃપા-મદદ ત્યારે જ મળે કે જ્યારે આપણામાં તેવાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ જીવતાં થયેલાં હોય. ખરી રીતે તો આપણા પોતા વિના બીજો કોઈ ગુરુ નથી. ગુરુ તો સર્વત્ર અને સર્વમાં વ્યાપેલો છે. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૫૩)**

» કસોટી અને મંથન જીવનવિકાસને કાજે ઘણાં મહત્ત્વનાં અંગો છે; તેના વિના જીવનનું હીર જાણી, પારખી કે પરખી શકાતું નથી.
('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૬૦)

» વિસંવાદ દેખાય છે ખરો, પરંતુ સુમેળ કે સંવાદ એ જ સારાયે સંસારનો ને જગતનો પાયો છે. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૬૧)**

» આપણું ક્ષેત્ર સંસાર છે, પરંતુ સંસારમાં સંસારની ભાવના રાખવાની નથી. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૬૨)**

» સંસારને છોડ્યો છોડી શકાતો નથી. સંસાર આપણને વળગેલો નથી; કિન્તુ આપણે સંસારને વળગેલા છીએ; અને તેથી કરીને મનની સ્થિતિને જ ત્યાં માત્ર પલટાવવાની રહે છે. મન એની મેળે પલટી જઈ શકતું નથી. એટલા કાજે જ સાધનાની જરૂર છે.
('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૭૦)

» જગતમાં સમજુને જ વધારે સહેવાનું આવે છે ને વધારે સહેવું પડતું હોય છે. એ જ મારે મન તો તપશ્ચર્યા છે. સંસારમાં જે સહેવાનું આવે છે, તે જીવનની કેળવણી કાજે છે, જીવનના વિકાસ કાજે છે.
('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૭૮)

» સાધક હંમેશાં પોતાનું જ જોવામાં ને પોતાને જ યોગ્ય રીતે મઠારવાને લક્ષવાન રહેતો હોય છે. એને બીજાની ઝાઝી પડી હોતી નથી. તે એકલો જેટલો પોતાનામાં કેન્દ્રિતપણે એકાગ્રતાથી વર્ત્યો જશે, તેટલા પ્રમાણમાં તે સમષ્ટિના મધ્યબિંદુને પણ સ્પર્શતો હોય છે. પોતાના જીવનની સર્વ પ્રકારે જે જીવ પૂરેપૂરી શુદ્ધિ જ કર્યા કરતો રહે છે, તે જીવ જગતની સાચી સેવા કરતો હોય છે.
('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૯૩)

» એ ઘેલછા અને ધૂન તો છે પણ એમાં આંધળાપણું ક્યાંય નથી. ઝંપલાવવા કાજે કે યાહોમ થવા કાજે ઊલટાં એ તો જરૂરનાં અંગ પણ છે. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૯૪)**

» કોઈનેયે જીવ-સ્વભાવે કરીને અન્યથાપણે મનમાં લવાઈ જવાતાં, ''અરેરે! આ તો આપણા વહાલા ભગવાનનો દ્રોહ થઈ રહેલો છે.'' એમ થાય અને તેથી કરીને પારાવાર પસ્તાવો ને દુઃખ થાય, તો જાણવું કે આપણે શ્રીભગવાનના ચરણકમળમાં શરણભાવ કેળવી શકવાને સમર્થ થઈ શકવાના છીએ. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૦૩)**

» ગુરુ એ કાંઈ સ્થૂળ નથી. પણ 'ગુરુડમ્' એ એક બંધિયાર ખાનું છે. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૦૫-૧૦૬)**

» જ્ઞાની અને અજ્ઞાની બંને ભોગવે તો છે, (ઉપભોગ પણ કરે છે;) જ્ઞાની ઉપયોગની દૃષ્ટિએ ભોગવે છે; ને તેવાં જ્ઞાન, ભાન સાથે ભોગવે છે અને અજ્ઞાની માત્ર ભોગવવાનું જ કરે છે. જ્ઞાનીને ભોગવવું ઉપાધિરૂપ નથી, જ્યારે અજ્ઞાનીએ ભોગવેલું તેને ઉપાધિરૂપ જ નીવડે છે. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૧૭)**

» જે જીવનું શ્રીભગવાનના નામનું રટણ ઘરેડની રીતે થાય અને એવા રટણની અખંડ ધારા સતત એકધારી—ગંગધારવત્ જો પ્રભુકૃપાથી બની શકી, તો એવી પ્રવૃત્તિમાં પણ ચેતન પ્રગટ્યા વિના રહી શકવાનું નથી. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૨૦)**

» જે જે કોઈ મળે તેનામાંથી જો જીવ તેના સદ્‌ગુણની ભાવના જોવાનું કેળવ્યાં કરે, તો તે જીવમાં સદ્‌ભાવના જીવતી બનવાની શક્યતા ઊભી થઈ શકતી હોય છે. સર્વ કોઈ જીવના સદ્‌ગુણ જોવાની અને મન કરવાની કેળવણી તે પણ સાધનાનું એક અંગ જ છે. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૨૮)**

» બુદ્ધિમાં શંકારૂપી વૃત્તિ કુદરતે મૂકેલી છે, તે એટલા માટે કે સત્યની શોધમાં પ્રવેશ કરાવવા આપણને તે સતત મથાવ્યા કરે. **('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૪૫)**

» માનવી સાધારણપણે મળેલું કે કમાયેલું ધન યદ્વાતદ્વાપણે વેડફી દેતો હોતો નથી. પરંતુ જીવને નૈસર્ગિકપણે મળેલી કામવૃત્તિ આદિની મૂડી કે શક્તિ તે બેફામપણે નશાના ઘેનથી ઘેરાઈને સ્વચ્છંદતાપૂર્વક ગમે તેમ ને ગમે તેટલી વેડફ્યા કરે છે. તેમ કરવાથી તે તે વૃત્તિ આદિનું સ્વરૂપ વિકૃત થતું જશે એવું ભાન પણ એને રહેતું નથી.

('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૫૫)

» જ્ઞાનપૂર્વકની જાગેલી મહત્તાનું સ્થાન ચિરંજીવી છે; જ્યારે મહત્તાથી અંજાઈ જવું એ તો જડ દશા પણ હોય; તેવી દશામાં વિકાસની ગતિ થવી શક્ય નથી. **('જીવનપ્રેરણા', આ. ૪, પૃ. ૧૪૮)**

» પ્રત્યેક માનવીમાં પ્રભુ પાસે જવાની શક્તિ છે એટલું જ નહિ, પણ શ્રીભગવાન તો સાદ પાડતા જ હોય છે. આપણે માનવી જ એની પાસે જતા નથી. **('જીવનપગરણ', આ. ૩, પૃ. ૧૫)**

» સાધના-પથે સર્વ રીતે અને સર્વ ભાવે ભિખારી થવું પડશે. ત્યાં નર્યું સુખ નથી. રાત-દિન જહેમત ઉઠાવ્યા કરવાની રહે છે.

('જીવનપગરણ', આ. ૩, પૃ. ૨૯)

» મનથી જેટલું અન્યથા આપણે ભટકવાનું રાખ્યું, તેટલું પારાવાર નુકસાન થવાનું છે. **('જીવનપગરણ', આ. ૩, પૃ. ૨૯)**

» કરકસર પણ સારી વાત છે, પરંતુ પાંચ, પચાસ, પાંચસો કે પાંચ હજાર ખર્ચી નાખવા પડે તો મનમાં ખૂંચ કે ખેંચ ન જાગવી જોઈએ.

('જીવનપગરણ', આ. ૩, પૃ. ૯૬)

» વ્યવસ્થા ઈચ્છનીય છે, પરંતુ ગેરવ્યવસ્થા થાય તોયે કદી આપણી વૃત્તિ ડહોળાઈ જવી ન ઘટે. **('જીવનપગરણ', આ. ૩, પૃ. ૭૭)**

» સ્વચ્છતા આવકાર્ય છે, પરંતુ સાથે સાથે એટલી જ ગંદકીવાળી જગામાં રહેવાનું આવે તો પણ ચિત્ત સ્થિર રહી શકે એવી તૈયારી હોવી જોઈએ. **('જીવનપગરણ', આ. ૨, પૃ. ૭૭)**

» આપણે માની લીધેલી રીતભાતો—રિવાજો, ટેવો વગેરેને છોડી દેવાને માટે આપણે મનને, પ્રાણને, શરીરને આઘાતો આપવા પડશે ને ટેવો વગેરેથી કેટલીક વાર ઊંધું પણ ચાલવાનું આવશે. આ બધાનો અર્થ પાછો એવો નથી કે આપણે સત્યને રસ્તે ન ચાલવું.

('જીવનપગરણ', આ. ૩, પૃ. ૧૦૩)

» બુદ્ધિથી સૂઝેલા સત્યની શ્રદ્ધાએ અનુભવથી નક્કર હકીકતનું સ્વરૂપ જ્યાં સુધી લીધું નથી, ત્યાં સુધી તે સત્ય પચ્યું છે એમ ન ગણાય. આખરે તો શ્રદ્ધા જ્યારે વાસ્તવિકતા બને, ત્યારે કામ કામ પાકવા માંડે. **('જીવનપગરણ', આ. ૩, પૃ. ૧૧૪-૧૧૫)**

» સંતોએ અને ભક્તોએ શ્રીભગવાનની આગળ પોતાની જાતને અત્યંત પાપી, નીચ, પામર વગેરે અનેક વિશેષણોથી નવાજી છે. તે વખતે એમનું માપ દુનિયાદારીના લોકોના જીવન સાથેની સરખામણીનું નથી હોતું. એમનું એ માપ તો એમની અને પ્રભુની વચ્ચે જે અંતર પડેલું છે, તેનું છે. ને જે દર્દ આર્દ્ર હૃદયથી પોકાર ઉઠાવ્યા, પાડ્યા કરે છે એ એમને એવું બોલાવે છે.

('જીવનપગરણ', આ. ૩, પૃ. ૧૨૯)

» પ્રત્યેક પળના કાર્યની ગતિ આપણી અંદરની આધ્યાત્મિક કે દૈવી ચેતનાને આપણાથી મદદ થતી રહે છે કે નહિ એ વિશે ખબરદારી રખાય એનું નામ જાગૃતિ. **('જીવનપગરણ', આ. ૩, પૃ. ૨૦૯)**

» અપરિગ્રહનો એક ઉત્તમ અર્થ મનમાં કોઈ પણ વાતને, જકડીને સંગ્રહી ના રાખવી એ પણ છે. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૪)**

» કરકસર એ સારી વસ્તુ છે, પરંતુ તે કરવાની વૃત્તિ શેમાંથી ઉદ્ભવે છે તે જોવું જોઈશે. તેવી વૃત્તિ કેટલીક વાર ધનસંપત્તિ ઉપર માલિકીની ને સંઘરો કરવાની વૃત્તિમાંથી પણ જન્મે છે. લાખો રૂપિયાનું ધર્માદા ટ્રસ્ટ કર્યું હોય એવા માણસો પણ પૈસાને જકડીને પકડી રાખતા જોયા છે. વળી કરકસરનાં આપણાં ધોરણો સેળભેળ-વાળાં હોય છે. આથી પ્રથમ તો એનાથી ઉપર જવાનું એક વાર કરવાનું છે. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૫)**

» આપણી મુક્તિ કંઈ જન્મમરણનો ફેરો ટાળવા માટે નથી. એ મુક્તિ એટલે પુરુષની પોતાની સાહજિક સ્વતંત્ર ચેતનાત્મક શક્તિ પોતાની પ્રકૃતિમાં સિદ્ધ કરવી તે. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૧૦**)

» વખત આવ્યે જે સાધના કર્યાં કરતાં હોઈશું, એને પણ છોડી દેવી પડશે. એટલે સાધના પણ એટલી વહાલી નથી, જેટલું ધ્યેય, સાધ્ય. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૧૪**)

» જન્મસિદ્ધો પણ પુરુષાર્થ કરે છે. મુક્તાવસ્થા પામતાં પહેલાં કે અવતાર સ્વરૂપે પ્રકટ થતાં પહેલાં એમને પણ પ્રબળ વેગ કરવો પડેલો હોય છે. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૨૨–૨૩**)

» આપણે પોતે આપણી જાતને જ આપણું પૂરું મનાવી શકતા નથી, તો બીજું કોઈ આપણું માને એવો ભ્રમ રાખવો એ બેહૂદું છે! (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૨૯**)

» આપણે જો વર્ષાઋતુ બેસતાં સાફસૂફી કરીને, ખેડીને જમીન પોચી કરીને ખાતર વગેરે નાંખીને તૈયાર રાખીશું તો ઈશ્વરકૃપાથી વરસાદ પડતાં એમાંથી બીજના (આપણામાં બીજ તો વવાયેલું પડેલું જ છે) ફણગા ફૂટી નીકળશે. માટે આપણું કામ તો ખેતરને ખેડીને, વાડો વગેરે મજબૂત કરીને, ખાતર નાંખીને તૈયાર કરવાનું છે ને તે પછી વરસાદની રાહ જોયા કરવાની છે. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૩૧**)

» સંકલ્પશુદ્ધિ એ પણ સાધનાનું એક મહત્ત્વનું અંગ છે. તે માત્ર વિચાર અટકાવ્યાથી શક્ય નથી. જ્યાં સુધી આપણામાં સંસ્કાર પડેલા છે, ત્યાં સુધી સંકલ્પશુદ્ધિ થવી શક્ય નથી. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૩૫**)

» સંસ્કાર પણ ત્યારે જ લય પામશે કે જ્યારે આપણે પ્રભુમાં એકરાગ–તલ્લીન થઈ ગયા હોઈશું. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૩૫**)

» સૂર્ય કરોડો માઈલ દૂર છે, છતાં એની ઉષ્મા આપણને લાગે છે જ; તો જે તત્ત્વ એનાથી તો ક્યાંય જબરું છે તે એનાથી નજીક પણ છે એની ઉષ્મા આપણને કાં ન લાગે? (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૩૮**)

» જેમ લોહચુંબક તો એની હદમાં આવી જતા બધા લોઢાને પોતાનાં સ્વભાવથી ખેંચતું જ રહેલું હોય છે, તેમ શ્રીભગવાન આપણને ખેંચવા તૈયાર છે, પરંતુ એ આપણને ખેંચે તેવી હદમાં આવી જવાનું આપણે શિર ચડે છે. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૪૫**)

» અંતરમાં બીજને અંકુરિત કરવા માટે દિલમાં સતત પ્રેમરૂપી પાણીનું સિંચન કર્યા જ કરવું પડશે. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૪૭**)

» કોઈનાય કામમાં મદદ કરવી એમાં કશું ખોટું નથી, પણ આપણે કોઈના મૂઢ હથિયાર બનીને તે કરવાનું નથી.
(**'જીવનપગથી', આ. ૩, પૃ. ૫૯**)

» આપણી જાતને સતત આપણે ટોક્યા કરીશું તો આપણે દીવાની દિવેટની જેમ બળ્યાં કરીશું ને આપણા પર મોગરા નહિ બાઝ્યા કરે. મોગરા બાઝશે તો આપણું તેજ ઘટવાનું છે ને એક વખત એવો આવે કે જ્યારે આપણે પૂરા હોલવાઈ પણ જઈએ.
(**'જીવનપગથી', આ. ૩, પૃ. ૬૪**)

» નિઃસંગ એટલે માણસોથી અલગ એમ નહિ; પણ વૃત્તિ, વિચાર, લાગણી, સુખ, દુઃખ આદિ કોઈપણ જાતની લાગણી ને આંતરિક મનાદિકરણોની પ્રવૃત્તિથી અલિપ્ત. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૬૭**)

» આપણે જે રીતે વિચાર કરીએ છીએ, તે જ રીતે તે ફરીને પાછા આપણામાં પેસતા હોય છે; એટલે નકારાત્મક વિચારો જેટલા ઓછા થાય તેટલું સારું ને આખરે તો તે સમૂચા બંધ થવા જોઈશે, નહિ તો પાછા એ વિચારો બેવડા જોરથી, બેવડી ગતિથી આપણામાં પેસવાના છે ને જીવનને નુકસાન કરવાના છે. વિચારમાત્ર અટકે તો તે સર્વથી ઉત્તમ. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૮૩**)

» બહિર્‌માં એક દૃષ્ટિ રહી શકે તે માટે ભક્તિની જરૂર છે ને અંતરમાં એક થવાને માટે ધ્યાનની જરૂર છે. (**'જીવનપગથી', આ. ૩, પૃ. ૮૪**)

» વડ મોટો થતાં તેમાંથી વડવાઈઓ ફૂટીને પાછી જમીનમાં મૂળરૂપે ચોંટે છે, પાકી જડ ઘાલે છે ને તેમાંથી બીજો વડ પાછો ઉત્પન્ન થાય છે.

એમ એક વડના અનેક વડ થઈ જાય છે. તેવી રીતે આપણી આંતરિક ભાવના ખીલીને હકીકતનાં રૂપમાં ખૂબ સઘન બને છે. ત્યારે બધી દિશાઓમાં તેના ફણગાઓ ફેલાઈને કામ કરવા માંડે છે, એવી રીતે તે પણ મહાન કબીરવડ જેવી ફાલે છે ને ફૂલે છે. તે પછી એ કેવી શીતળ છાયા આપે છે! **('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૦૭–૧૦૮)**

» કર્મના સંસ્કારોને લીધે જે જે કંઈ વિચાર ઊઠે, તે વિચારોના અંકોડા આપણે જોડવાના નથી. યોગની આ એક મોટી ક્રિયા છે, જેટલે અંશે જાગૃત રહીને આપણે આ વિચાર પરંપરાને લય પમાડવાની ક્રિયા કરતા જ રહીશું, તેટલે અંશે ચિત્તનાં દ્વંદ્વ ને ગુણના સંસ્કારોની અસર આપોઆપ વિલય થવાની છે. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૧૧)**

» આપણી દૃષ્ટિ આત્મલક્ષી હોવાની સાથે સાથે સર્વલક્ષી પણ હોવી ઘટે છે. કટ્ટરમાં કટ્ટર વિરોધી પ્રત્યે પણ પ્રેમ, સહાનુભૂતિ ને કદરની લાગણી હોવી ઘટે. એનું દૃષ્ટિબિંદુ પણ સમજવાને મથવું જોઈએ.

('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૧૮)

» આપણે જો શ્રીભગવાનના થવું હશે તો, તેની પાસે જવું હશે તો, એની શરતોએ જ તેમ થઈ શકશે. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૨૩)**

» 'વાડ વિના વેલો ચડે નહિ' એવી કહેવત છે, પરંતુ વેલાએ જો ચઢવું હોય તો વેલાએ ઊગવાપણું રહે છે અને ચઢવાનો આધાર વાડરૂપે નિર્માણ થઈ ચૂકેલો જ છે. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૫૫–૧૫૬)**

» સ્વપ્નમાં વાસનાનો કંઈ એક પ્રકાર નથી. તેનું જોર જ્યારે પ્રબળ હોય છે અને બાહ્યપણે બધી ઇન્દ્રિયો જ્યારે નિશ્ચેષ્ટ અને નિષ્ક્રિય બનેલી હોય છે, ત્યારે ઇન્દ્રિયોના મૂળમાં વાસના ઊંડી ઊતરે છે, અને બાહ્ય ઇન્દ્રિયો નિષ્ક્રિય હોવા છતાં તેમની પ્રકૃતિના સ્વભાવ પ્રમાણે તેમનો અનુભવ તે ત્યાં ત્યાં લે છે.

('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૧૭)

» પતિ-પત્નીનો સંબંધ વાસનાઓનું ઊર્ધ્વીકરણ કરવા માટે છે, એટલે કે તેને શુદ્ધ અને ઊંચા પ્રકારની કરવા માટે છે.

('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૮૦)

» પ્રત્યેક સંબંધ આપણી આંતરિક ચેતનાને જીવતી-જાગતી રાખવાને કાજે છે; પછી તે વ્યાવહારિક હોય, સાત્ત્વિક હોય કે આધ્યાત્મિક હોય; એવો જ્ઞાનપૂર્વકનો પૂરેપૂરો ખ્યાલ દરેક સાધકે અંતરમાં રાખવો ઘટે છે. સંબંધ ને સંપર્ક જીવને જીવદશામાં પ્રેરે છે કે આત્મદશામાં પ્રેરે છે, એ એણે પ્રત્યેક પ્રસંગમાં વિચારવું જોઈશે. જ્યાં સુધી જગત ને વ્યવહારમાં છીએ, ત્યાં સુધી સંબંધ હોવાના ને રહેવાના.

('જીવનપગથી', આ. ૩, પૃ. ....)

» આપણા વિચારો આપણને ઘડે છે, એટલે અંતર્મુખી અને એક જ ભાવનાના એકલીનતાયુક્ત વિચારો રહે તે જરૂરનું છે. વિચારોની સાંકળ કદી ન જોડ્યા કરવી. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૮૭)**

» જેમ શબ્દનાં—અવાજનાં—મોજાં વાતાવરણમાં ફેલાઈ જાય છે એ સિદ્ધ હકીકત છે, એમ વિચારનાં પણ મોજાં થાય છે ને તે વાતાવરણમાં ફેલાય છે. **('જીવનપગથી', આ. ૩, પૃ. ૧૮૮)**

» શ્રીભગવાનનાં ચરણકમળમાં જ્ઞાનભક્તિપૂર્વકની સંપૂર્ણ શરણાગતિ આપણા એકએક કરણની થઈ ગયા બાદ પ્રકૃતિનું દિવ્ય રૂપાંતર થયાં કરતું હોય છે; તે વિના નહિ. **('જીવનમંડાણ', આ. ૫, પૃ. ૧૯)**

» જીવનનો રસ સંસારમાં નથી, પણ અંતરમાં છે. વ્યક્તિનું જ વિસ્તાર-સ્વરૂપ સંસાર છે. **('જીવનમંડાણ', આ. ૫, પૃ. ૨૫)**

» અજ્ઞાનમૂલક દશામાં થતો ત્યાગ તે ત્યાગ નથી. તે તો ખાલી ઘસડાવાપણું છે. તણાવાપણું છે. તેમાં નાછૂટકાપણાની લાગણી હોય છે ને લાચારીની દશા હોય છે. તેમાંથી ક્લેશ, સંતાપ, ઉદ્વેગ આદિ વધે છે ને જીવનનું કચડાવાપણું વધે છે. **('જીવનમંડાણ', આ. ૫, પૃ. ૩૬)**

» આપણે આપણા કરતાં બીજાને વધારે મહત્ત્વ સમજપૂર્વક આપવું. આપણને કોઈ સાચી રીતે સમજે કે નહિ તેની લેશ પણ પરવા કર્યા વિના બીજાને આપણે સાચી રીતે સમજવાનો જાગ્રત પ્રયત્ન કરવાનો છે. **('જીવનમંડાણ', આ. ૫, પૃ. ૪૨)**

» જે જીવ જીવનવિકાસની ભાવનાને દૃઢાવી દૃઢાવીને, મનનાં બધાં વલણોને સમજી સમજીને ભાવનાનો વિકાસ કર્યે જાય છે; અને જ્યાં જ્યાં નકારાત્મક વલણ પ્રકટે, ત્યાં ત્યાં થંભી જઈને તેના વહેણમાં ન તણાતાં તટસ્થતાથી એવાં વલણને પ્રભુકૃપાથી નકારે છે, ઈન્કાર કરે છે, તેવો જીવ આજ નહિ તો કાલે જાગવાનો જ છે.

('જીવનમંડાણ', આ. ૫, પૃ. ૫૩)

» તપશ્ચર્યામાં નરી શુષ્કતા છે કે માત્ર કઠણાશ છે, એ ખ્યાલ ખોટો છે. આનંદપૂર્વક અને જ્ઞાનના હેતુથી, હૃદયના ઉમળકાથી જે તપ થાય છે, તેનાથી તો ફૂલની જેમ જીવનમાં પમરાટ પ્રકટે છે અને જીવન ભર્યું ભર્યું લાગે છે. તપમાંથી તો ગુણ, શક્તિ ને જ્ઞાન પ્રકટે છે. **('જીવનમંડાણ', આ. ૫, પૃ. ૬૮)**

» સર્વ કંઈ ચોક્કસ લક્ષણોથી માપો. લક્ષણો વડે સમજવાની ટેવ પાડવાથી કદી પણ ભ્રમણામાં પડી જવાનું બનતું નથી.

» જીવનમાં જ્યારે જ્યારે કોઈના તરફથી કંઈ સૂચન મળે, ત્યારે તેના બે ભાગ પાડી દેવા; ઉપયોગનું અને બિનઉપયોગનું. જે જે કંઈ કહેવા-કથવામાં આવે કે સૂચવવામાં આવે ને જે કરવામાં કંઈ કશો ગેરલાભ ન હોય, એટલે ભાવનામાં ક્ષતિ ન ઉપજતી હોય; જે કરવામાં કશો વાંધો ન હોય, તેવું તો એકદમ સ્વીકારીને તુરતોતરત જ કરી દેવું. **('જીવનમંડાણ', આ. ૫, પૃ. ૮૮)**

» સાધારણ રીતે નાની નાની બાબતોમાં કરવા કે ન કરવાપણામાં મનના આગ્રહ, મમતા, આસક્તિ વગેરેનું દર્શન કે વ્યક્તપણું થયાં કરતું હોય છે. **('જીવનમંડાણ', આ. ૫, પૃ. ૮૮)**

» વૃત્તિ એ શક્તિ સ્વરૂપ છે, જો જ્ઞાનભક્તિપૂર્વક એનો ઉપયોગ થતો હોય તો. **('જીવનમંડાણ', આ. ૫, પૃ. ૧૫૬)**

» વૃત્તિથી જ વૃત્તિ ઘડાતી હોય છે. વૃત્તિ જાગ્યા વિના કશું બનતું નથી કે થતું નથી. **('જીવનમંડાણ', આ. ૫, પૃ. ૧૫૬)**

» બીજાનો દોષ હૈયે વસે તો ત્યાં આપણે ચેતવું રહ્યું. મન જો પ્રેમભક્તિથી, ભાવનાના વેગથી પ્રભુસ્મરણમાં મસ્તપણે ગુલાતન રહ્યા કરે તો બીજા જીવોનું કશું અન્યથાપણે ટકોરેલું કે દુઃખદાયક કહેવું-કથવું આપણને તે રીતે લાગવાનું નથી. (**'જીવનમંડાણ', આ. ૫, પૃ. ૯૯**)

» ભાવના જો જીવનમાં ઘડતર ને યોગ્ય આકાર ન આપી શકે તો એવી ભાવનાની ઊર્મિ એ તો મોસમ વગરના માવઠા જેવી સમજવી.

» એકની એક બાબતના જેના જેના ને જે જે વિચારો વારંવાર આવ્યા કરે તો તેમાં તેમાં જીવ લપેટાયેલો છે તેમ પ્રમાણવું.

(**'જીવનમંડાણ', આ. ૫, પૃ. ૧૪૧**)

» જીવનવિકાસ કાજે કરીને કોઈ સંતાત્માામાં જ્ઞાન-ભાવ સાથે ખૂબ લાગણી જન્મતી હોય તો તેને આસક્તિ ન ગણાય.

(**'જીવનમંડાણ', આ. ૫, પૃ. ૧૪૨**)

» જેવા પ્રકારના વિષયમાં મન ચોંટે છે, તેવા પ્રકારનું મન છે.

(**'જીવનમંડાણ', આ. ૫, પૃ. ૧૪૨**)

» કોઈનીયે જોડે અથડામણ થાય એનો અર્થ એ થયો કે આપણું મન હજુ અથડામણને સ્પર્શ કરી શકે છે. (**'જીવનમંડાણ', આ. ૫, પૃ. ૧૫૫**)

» સાધનાનું પરિણામ પ્રકૃતિ ને સ્વભાવનું રૂપાંતર.

» જેને સર્વમાંથી, આડા ઊભા સર્વ પ્રસંગોમાંથી, રૂડું જ જોવા, અનુભવવાની કળા જીવનમાં સાંપડે છે એવા જીવો ધન્ય છે.

» સમર્પણ કર્યું હોય તેના વિશેના કશા પણ આગળપાછળના વિચારો સમર્પણ કર્યા કેડે આપણને ન થવા ઘટે; તો તે યોગ્ય પ્રકારનું ઉત્તમ સમર્પણ ગણાય.

» સર્વનું મૂળ બીજ પોતાની પ્રકૃતિ છે. બીજા કોઈને દોષ દેવો કે જોવો તે આપણી પામરતા ને નિર્બળતા છે. આપણે પોતે જ વિશેષ જાગૃત રહેવાનો પ્રયત્ન કરીએ ને આપણે પોતાને જ દોષ દેવાનો છે.

» આપણા જ ધાર્યા પ્રમાણે ને આપણી સમજણ પ્રમાણે બધું બન્યા કરવું જોઈએ અને તે જ બધું સારું છે, એવા પ્રકારનું માનસ હોય તો તે એક પ્રકારનું સ્વચ્છંદીપણું ને સંકુચિતપણું પણ છે.

» જે રાગ સ્થૂળમાં આપણને ચોંટાડી ન રાખે, પરંતુ તે રાગમાંથી વિવેકયુક્ત સમજણ પ્રગટાવીને તાટસ્થ્ય અને સમતા જન્માવીને ઉપર ખેંચી આણે તે રાગ ઉત્તમ છે.

» સંત પુરુષમાં રાગ થવો એટલે આપણાં નિમ્ન-પ્રકૃતિનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહંકારને તેની ચેતનાના હૃદયભાવ સાથે મેળ ખવડાવવો.

» સાચી શ્રદ્ધા સામાન્યતઃ એકદમ પ્રગટતી નથી. શ્રદ્ધા પણ કેળવાતાં કેળવાતાં કેળવી શકાય છે, તેમ છતાં મૂળ ગુણધર્મ તો સહજ છે.

» શ્રીભગવાન પરની શ્રદ્ધા એ તો નગદ નાણું છે. જેમ નગદ નાણાં વડે ખપની ચીજ ખરીદી શકાય છે, તેમ શ્રીભગવાન પરની શ્રદ્ધા પ્રસંગ પડ્યે આપણને જો ટટાર ન બનાવી શકે, તો એ શ્રદ્ધા એ શ્રદ્ધા નથી, પણ કોઈ પ્રકારની ખાલી આળપંપાળ છે.

('જીવનસોપાન', આ. ૫, પૃ. ૨)

» મળેલા જીવનની પરિસ્થિતિમાંથી નવચેતન અને નવજીવનની આશાના અંકુર ઉગાડવા એને એ પ્રકારનો પુરુષાર્થ જગાડવો એમાં સાચી માણસાઈ રહેલી છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૩)**

» ભાગતાં તો સૌ કોઈને આવડે, પરંતુ પરિસ્થિતિની સામે ઊભા રહી, પરિસ્થિતિમાં હળીમળી, તેમાંથી ઊંચે આવવું એ વિરલ વીર આત્માનું કામ છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૩)**

» કોઈની લાગણીને પંપાળવી એથી તો તેના જીવનને વધારે દુઃખી બનાવવાપણું પણ થઈ જાય. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૩)**

» કોઈના મનને વધારે આળું બનાવવામાં કદાપિ પણ મદદગાર ન થવું.

પરિસ્થિતિ આવી પડતાં તેનામાં જીવનમાં મર્દાનગી પ્રગટે, એવું કંઈક થઈ શકે તો તે ઉત્તમ સેવા છે. (**'જીવનસોપાન', આ. ૫, પૃ. ૪**)

» નકામી લૂલી લૂલી લાગણીઓ દર્શાવવામાં જીવતરને ફેંકી દેવાનું નથી. જીવનને તો નક્કર પાયા પર ચણવાનું છે. કોઈને પણ એવી રીતે આશ્વાસન દેવાનો કશો અર્થ નથી. (**'જીવનસોપાન', આ. ૫, પૃ. ૫**)

» આપણી આ ભવની પ્રકૃતિ, ગતિ ને દિશા જેવા પ્રકારની હોય, તેવા પ્રકારનો આપણો પુનર્જન્મ છે. (**'જીવનસોપાન', આ. ૫, પૃ. ૬**)

» જેટલા પ્રમાણમાં ઉત્કટ પ્રકારની ભાવના વધુ સાત્ત્વિક, તેટલા પ્રમાણમાં તેનો જન્મ વહેલો થાય તેવું કંઈક ખરું; અને આધ્યાત્મિક માર્ગની જેને લગની લાગેલી છે, એવા જીવનો જન્મ બીજા પ્રકારના જીવો કરતાં ઘણો વહેલો થાય છે, એવો અનુભવ છે.

(**'જીવનસોપાન', આ. ૫, પૃ. ૭**)

» બીજી કોઈપણ પ્રવૃત્તિ આપણે કરતાં હોઈએ, છતાં આપણું મન તો આપણા અસલના કામમાં જ લાગેલું રહેતું હોય, તેવી રીતે જીવવાની કળા સાધકે શીખવાની રહે છે. (**'જીવનસોપાન', આ. ૫, પૃ. ૭**)

» જ્યાં સુધી આપણા થતા જતા પુરુષાર્થમાં આપણું હૃદય રેડાયું નથી, ત્યાં સુધી આપણો તેવો પુરુષાર્થ પૂરેપૂરો ફળી શકતો પણ નથી.

(**'જીવનસોપાન', આ. ૫, પૃ. ૯**)

» જેટલો સમય ઉત્તમ પ્રકારની ભાવનાના વર્તનમાં ગળાયો તેટલો સમય આપણે સાચી રીતે જીવ્યા ગણાઈએ.

(**'જીવનસોપાન', આ. ૫, પૃ. ૧૦**)

» આમેય દુઃખ સહન તો કરવું પડે છે જ. એને બદલે જો જ્ઞાનપૂર્વક દુઃખને સ્વીકારીને, દુઃખ એ જીવનને ઘડાવા કાજે સોનેરી તક છે, એમ સમજીને, જે કોઈ જીવ તેને નિવેદે છે—એવા માટે દુઃખ એ તપશ્ચર્યા છે ને જે તપશ્ચર્યામાં હૃદય છે, તેવા પ્રકારની તપશ્ચર્યામાં તો આનંદ, ઉત્સવ રહેલો છે. (**'જીવનસોપાન', આ. ૫, પૃ. ૧૨**)

» દોષનું મનન-ચિંત્વન દોષનું બળ વધારે છે.

('જીવનસોપાન', આ. ૫, પૃ. ૧૫)

» 'સારા' પરત્વે સદ્‌ભાવ જાગે એમાં તેની કશી કિંમત નથી. પણ 'નઠારા' પરત્વે પણ સદ્‌ભાવ જગાડીને જીવતો કરવાનો છે. જેટલું 'સારું' પ્રેરણા આપી શકે, તેટલું 'નઠારું' પણ જરૂર આપી શકે.

('જીવનસોપાન', આ. ૫, પૃ. ૨૩)

» પ્રયત્નની સાથે સાથે આપણે શ્રીભગવાનની કૃપા-મદદ જ્યારે ને ત્યારે યાચતાં રહેવાની છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૨૧)**

» બુદ્ધિ એ જ્ઞાનનું કરણ છે અને લાગણી, સહાનુભૂતિ વગેરે ભાવનું કરણ છે. જીવનવિકાસના માર્ગમાં બુદ્ધિ અને ભાવ બંનેની જરૂર છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૨૨)**

» જો આપણામાં બુદ્ધિ સતેજ અને સૂક્ષ્મ ન બનતી જતી હોય તો તેમાં આપણું હૃદય નથી એમ નિશ્ચે પ્રમાણવું.

('જીવનસોપાન', આ. ૫, પૃ. ૨૨)

» સંસ્કાર કરતાં જીવનમાં પ્રેમનું મહત્ત્વ વિશેષ છે. પ્રેમ કરતાં ભાવનું મૂલ્યાંકન જીવનમાં શ્રેષ્ઠ છે. પ્રેમ જાગ્યા વિના ભાવ જાગી શકે નહિ. એવો ભાવ પ્રકટતાં આપણાં કરણો તેના રાગમાં રહે છે, પરંતુ એવો ભાવ સહજ મેળે જાગી જતો નથી. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૨૩)**

» જે તે કંઈ અભ્યાસથી આવડે છે. અભ્યાસ વિના સાધનામાં પ્રાણ ન પ્રકટે. અભ્યાસ દૃઢ થતાં તેમાં હૃદય પણ રેડાય ને સામેલ થાય. અભ્યાસથી એક જાતની લઢણ જાગે છે. એવી લઢણમાં એક પ્રકારની ઘરેડ થઈ જવાનો સંભવ પણ ખરો, તેથી અભ્યાસમાં વારંવાર બુદ્ધિ વડે, હૃદયની લાગણીઓ વડે ભાવનાનું ઉદ્દીપન વારંવાર કર્યાં કરવું.

('જીવનસોપાન', આ. ૫, પૃ. ૨૬)

» આપણું વિચારબળ એક જ પ્રકારની દિશામાં ને ગતિમાં સતત મનન-ચિંતનવાળું રહ્યાં કરે ને તે ભાવનું ઉદ્દીપન રહ્યા કરે તથા એના જેવાં જ વર્તનનો અમલ થયા કરે, તો નિમ્ન પ્રકારની બુદ્ધિ જરૂર હઠવા માંડે અને આપણા પુરુષાર્થમાં આપણને રસ જામવા માંડે.
('જીવનસોપાન', આ. ૫, પૃ. ૩૦)

» પ્રકૃતિમાં રહેલું ચેતન અનેક પ્રકારનું રૂપ—નવાં નવાં રૂપો પણ ધારે છે અને તે એક હોવા છતાં અનેક રૂપ બને છે. આપણે પણ એક હોવા છતાં અનેક પ્રકારના વારંવાર થયાં કરીએ છીએ અને બદલાયાં કરીએ છીએ. આકાર એક ભલે દેખાય પણ આકારમાં પ્રકાર જુદા જુદા થયા કરે છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૩૦)**

» આપણી પ્રાર્થનાનો સ્વર દિલમાં મધુર લાગે ત્યારે ભાવ સવિશેષપણે છે એમ સમજવું. અત્યંત કઠોર લાગે ત્યારે મનનું ઠેકાણું નથી અથવા તો કંઈક અકળાયેલું છે એમ જાણવું.**('જીવનસોપાન', આ. ૫, પૃ. ૩૧)**

» ઉચ્ચાત્માનો—ગુરુનો આશ્રય જીવનના ઊર્ધ્વીકરણ સારુ છે ને તે પણ સાધનરૂપ છે. સર્વશ્રેષ્ઠ અને સર્વોત્તમ તો એકલા શ્રીભગવાન જ છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૫૩)**

» આપણે જ્યાં સુધી જીવદશામાં છીએ, ત્યાં સુધી આપણામાં જે કંઈ ઉત્તમમાં ઉત્તમ હોય, તે પણ ચેતનની અપેક્ષાએ પૂરતું નથી.
('જીવનસોપાન', આ. ૫, પૃ. ૫૪)

» જીવદશામાં જે જે કંઈ વૃત્તિ, લાગણી હોય અને તે ઉત્તમ પ્રકારની હોય તેમ છતાં તે બંધનકારક છે. દા.ત. પુણ્ય હોય તો તે પણ બંધનકર્તા છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૫૪–૫૫)**

» થયેલા અનુભવમાંથી સમજણ તારવીને, તેનું નિરીક્ષણ કરીને તેનાથી આગળ પણ બુદ્ધિ જઈ શકે છે; પરંતુ બુદ્ધિને અનુભવના આધારની જરૂર રહે છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૫૭)**

» મનન-ચિંતવન જો થયા કરે તો બુદ્ધિ, અનુભવની નક્કર ભૂમિકા ઉપર ઠેકો મારીને આગળ જવાને આપણને પ્રેરાવે છે.

('જીવનસોપાન', આ. ૫, પૃ. ૫૭)

» સમજણ સમજણના પણ પ્રકાર હોય છે. જે સમજણ આપણને ઊંચી દિશા પ્રતિ લઈ જાય છે, તે સમજણ એકલી માત્ર બુદ્ધિની નથી હોતી. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૫૭–૫૮)**

» બુદ્ધિ ઊંચી દિશાનું વિચારી શકે છે, પણ ત્યાં ઠરી શકતી નથી. એનું ઉડ્ડયન ખાલી ખાલી હોય છે. બુદ્ધિ મદદ કરે છે ખરી, પણ તે અનુભવના જોર ઉપર. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૫૮)**

» સાધનાનો અર્થ ગળે ટૂંપો દઈને જીવનને ગૂંગળાવી દેવાનો નથી, પરંતુ સહજ સ્વાભાવિકપણે તેનો વિકાસ થાય અને તે જ રીતે વૃત્તિઓનો સુમેળ ઊપજે ને તેમાંથી શાંતિ, સમતા, તાટસ્થ્ય, ધીરજ, સહિષ્ણુતા, પ્રસન્નચિત્તતા આદિ ગુણોનો વિકાસ થતો અનુભવાય, તે તે ગુણોની શક્તિનો જીવનમાં સાંપડતા પ્રસંગોમાં જ્ઞાનપૂર્વકનો ઉપયોગ થયાં કરે, ને તેના વડે જીવન ભર્યું ભર્યું લાગે અને ધન્ય થતું અનુભવાય એનું નામ છે સાધના. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૬૬)**

» મૌન-એકાંત લેવાનો હેતુ લગની લગાડવાનો છે ને સાધનામાં વિશેષ એકાગ્રતા, કેન્દ્રિતતા પ્રાપ્ત થાય તે કાજેનો છે.

('જીવનસોપાન', આ. ૫, પૃ. ૭૧)

» આપણી અહંતાને જેમ બને તેમ સમજી સમજીને જ્ઞાનપૂર્વક આઘાત આપ્યા કરવાના છે. આપણું ધાર્યું કે કહ્યું ન થાય, ત્યારે મનમાં વિશેષ રાજી થવાનું છે; કારણ એ રીતે અહમ્‌ને ફટકો પડે છે.

('જીવનસોપાન', આ. ૫, પૃ. ૭૧–૭૨)

» વગર લેવેદેવે કોઈને કંઈ કશું સૂચન ન કરવું. સૂચન એ અહમ્‌ની પેદાશ છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૭૨)**

» શરીરની સંભાળ રાખવી જરૂરી છે. એની ચિંતા કરવી એ ગાંડપણ છે; તેમ તેને પંપાળવું એ ઘેલછા છે, પણ તેની યોગ્ય સારવાર કરવી એ આપણો ધર્મ છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૮૫)**

» ઊર્મિની ગતિમાંથી કર્મમાં ચેતન પ્રકટે તો તે ઊર્મિ ઉપયોગની.

('જીવનસોપાન', આ. ૫, પૃ. ૯૧)

» ચેતનનો અનુભવ કરવા સારુ વિસંવાદમાં સંવાદની દૃષ્ટિને હૃદયમાં જીવતી રાખીને આપણે વર્તવાનું રહે છે.

('જીવનસોપાન', આ. ૫, પૃ. ૯૬)

» આપણને જે જે વિચારો, વૃત્તિઓ, વલણ વગેરે ઊઠ્યા કરે ને તે ઉપરથી આપણને આપણી કક્ષાની સમજ પડી જવી જોઈએ.

('જીવનસોપાન', આ. ૫, પૃ. ૧૨૧)

» માનવીના દિલમાં એકબીજા પ્રતિનો અવિશ્વાસ જણાય, છતાં મૂળમાં તો, અંતર્ગતપણે વિશ્વાસ-શ્રદ્ધા રહેલાં છે. જેમ નદીના પટમાં ભલેને પાણી સુકાઈ ગયેલું જણાયાં કર્યું હોય, પરંતુ અંદર, અંતર્ગતપણે, તો પાણી હોય છે જ તેમ. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૧૨૭)**

» ઘૃણા, દયા, લજ્જા, ભય, શોક, નિંદા, કુળ-અભિમાન તથા શીલ, સ્વભાવ ને જાતિનું અભિમાન એ બધા પણ એક પ્રકારના સંકોચ છે. તેમાંથી મુક્ત થવું જ જોઈશે.**('જીવનસોપાન', આ. ૫, પૃ. ૧૨૯)**

» જીવથી બને તેટલો સકળ પુરુષાર્થ કરી કરીને છેવટના અંત સુધી મથ્યા કરે; ને તેમ સકળ ઉપાયો લીધેલા હોવા છતાં કંઈ કારી ન ફાવે, ત્યારે તે પ્રભુને મદદ માટે પોકારે. અંતે તો પુરુષાર્થ કરી કરીને એનામાં જ ગળી ને મળી જવાનું છે. એમ બનીને તેના સાચા અર્થમાં 'નિર્બળ' બનવાનું છે. ત્યારબાદ પ્રાર્થના કરવાની કળા **'નિર્બળ કે બળ રામ'** એમાંથી આપણને મળી રહે છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૧૮૨)**

» શરૂશરૂમાં ને ઠીક ઠીક લાંબા કાળ સુધી પણ સાધકને સ્વપ્રયત્ન અનિવાર્ય છે. મૂર્ખ ને અજ્ઞાની લોક 'બધું જ ગુરુ કરી દેશે' એમ

માની કશું પણ કર્યા વિના તમસ્‌ના પ્રેર્યા એમ ને એમ પડ્યા રહે છે. સ્વપ્રયત્નમાં અહંકાર ન રહે તેની પૂરી તકેદારી રાખવી.

('જીવનસોપાન', આ. ૫, પૃ. ૧૯૧)

» જેમાં ને તેમાં માથું મારવાનું દિલ થાય તો જાણવું કે તે અહંતા છે.

('જીવનસોપાન', આ. ૫, પૃ. ૨૦૧)

» (શરીરનું આરોગ્ય અને સુખાકારી પૂરેપૂરાં જળવાઈ રહે તેટલા પ્રમાણનો) અલ્પ આહાર, અલ્પ વિહાર, અલ્પ નિદ્રા, અલ્પ બોલવું, અલ્પ સંબંધ, અલ્પ સંપર્ક, અલ્પ વ્યવહાર, અલ્પ જવું–આવવું ને અલ્પ મેળાપો, એ બધું મનનો સંયમ કેળવવામાં ઘણાં ઘણાં મદદરૂપ છે. આવા બધા 'અલ્પતા'ના પ્રકારની પાછળનો હેતુ તો એ છે કે જીવે વધારે ને વધારે અંતર્મુખતા કેળવ્યાં કરવાની છે.

('જીવનસોપાન', આ. ૩, પૃ. ૧૯૯–૨૦૦)

» અહંતાથી મુક્ત માનવી કેવો હોય એનું નરી નજરે આવે એવું વ્યક્ત લક્ષણ એક તો એ છે કે તે સાધરણતઃ સાવ સંપૂર્ણ અજ્ઞાન, નિરાગ્રહી રહ્યા કરતો હોય છે.

» નમ્રતા એટલે પોતે કશું જ નથી, એકમાત્ર શ્રીભગવાન જ સર્વ કાંઈ છે એવી નિષ્ઠાપૂર્વકની જ્ઞાનયુક્ત ભાવના.

('જીવનસોપાન', આ. ૩, પૃ. ૨૦૦)

» જીવ અટવાઈ જાય, મૂંઝાઈ જાય, લેવાઈ જાય, અકળાઈ જાય, અશાંત થઈ જાય, દુઃખી દુઃખી થઈ જાય, તો હજી એનામાં અહંતા ભરી ભરી પડેલી છે તેમ જાણવું, કારણ કે તેની અહંતાને તેવા તેવા પ્રકારના આઘાત લાગે છે, તેથી કરીને તેને તેવી તેવી લાગણીઓ થાય છે. **('જીવનસોપાન', આ. ૫, પૃ. ૨૦૧)**

» મેલાં કપડાંને રંગ બરાબર ચઢી શકતો નથી. કપડાંને રંગવા માટે પ્રથમ તો એમાંનો બધો મેલ કાઢી નાંખવો પડે છે. તેવું જ અંતઃકરણને, આધારમાં બધાં કરણોને ને શુદ્ધિને વિશે છે.

('જીવનસોપાન', આ. ૫, પૃ. ૨૦૩)

» જીવનની સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિના નિર્ણય કરતાં હૃદયમાંથી મળ્યા કરે, તે માટે સાધકે અંતર્મુખતા વધુ ને વધુ કેળવ્યા કરવાની રહે છે.

('જીવનસોપાન', આ. ૩, પૃ. ૨૦૯)

» અંતર્મુખતા પૂરેપૂરી કેળવાયા વિના બુદ્ધિમાં સમતા પ્રકટી શકતી નથી.

('જીવનસોપાન', આ. ૩, પૃ. ૨૧૦)

» શ્રીસદ્‌ગુરુની ભાવનાને લાયક થવું ને એની પસંદગીમાં આવવું એટલે જીવનવિકાસની સમગ્રતામાં પણ પ્રકટતા રહેવું.

('જીવનસોપાન', આ. ૩, પૃ. ૨૨૩)

» જીવન જો જીવવું જ હોય તો જીવનવિકાસના યજ્ઞ કાજે, મરી-ફીટી સર્વ રીતે ફના થઈ જવું. જીવન એ તો આપણું સદ્‌ભાગ્ય છે. એવી જીવનની ફનાગીરીમાંથી જ જીવનની ફોરમ પ્રકટે છે.

('જીવનસોપાન', આ. ૩, પૃ. ૨૩૧)

» જે કંઈ જીવદશાના વલણનું ઉદ્‌ભવે ને તે બધું આપણા પોતાના અસલ સ્વરૂપનું નથી, એવું જીવતું-જાગતું પ્રત્યક્ષ જ્ઞાન-ભાન રચનાત્મકપણે તે તે વેળા આપણામાં જાગી જાય તો સમજવું કે સમતાની પ્રાપ્તિ થવા માંડી છે. ('જીવનસોપાન', આ. ૩, પૃ. ૨૩૫)

» જીવ-સ્વભાવનું કોઈ પણ પ્રકારનું નકારાત્મક વલણ એ પણ અશુદ્ધિ કહી શકાય. શુદ્ધિ એટલે માત્ર નીતિમત્તાની ગણતરીનું ધોરણ એટલું જ તે નથી.

નીતિમત્તાના ધોરણના એકમાત્ર તેવા વિચારથી અને અમલથી કરણોની શુદ્ધિ થાય છે, એમ માનવામાં ક્યાંય અતિશયોક્તિ ને તર્કદોષ લાગે છે. ('જીવનસોપાન', આ. ૫, પૃ. ૨૩૬)

» પુરુષાર્થ પણ એકલો નથી અને કૃપા પણ એકલી નથી.

('જીવનસોપાન', આ. ૫, પૃ. ૨૩૯)

» શ્રીસદ્‌ગુરુ તો જે જીવો પોતે મરી મરીને ફરી પુનર્જીવન પ્રાપ્ત કરતા રહે છે, એવા જીવો પર તે વારી જતો હોય છે.

જે જીવ શહાદત ભરેલી જીવનની કુરબાનીથી પોતાના શ્રીસદ્‌ગુરુની ભક્તિ કરે છે, જીવનને ન્યોછાવર કરી કરી શ્રીગુરુને ચરણકમળે આહુતિઓ પ્રેમથી આપ્યા કરે છે. એવા જીવ શ્રીસદ્‌ગુરુની કૃપા મેળવવાને પાત્ર થતા હોય છે. (**'જીવનસોપાન', આ. ૩, પૃ. ૨૭૮**)

» શ્રીસદ્‌ગુરુને આપણા હૃદયમાં જીવતો કરવાનો છે. શ્રીસદ્‌ગુરુ એટલે એની દેખીતી શરીરની આકૃતિ નહિ, પરંતુ એના હૃદયમાં પ્રકટી રહેલી ચેતન-ભાવના કે જેની મદદ લઈને ઊંચે આવી શકાય છે.
(**'જીવનસોપાન', આ. ૫, પૃ. ૩૦૬**)

» સાધક બને તેટલી શાંતિ, સમતા, તટસ્થતા, પ્રસન્નતા આદિ ગુણોને, એ બધાંને ખૂબ ખૂબ સાચવવાનાં છે. જીવનવિકાસની ભૂમિકા રચાવવાને કાજે તે ઘણાં ઘણાં મહત્ત્વનાં છે; પરંતુ તેને જ જો મહત્ત્વ આપ્યા કરીને માત્ર ગુણોને મેળવવામાં મથ્યા કરીએ તો તેનો અંત નહિ આવે. એના કરતાં તો હૃદયમાં એકનિષ્ઠાથી ચેતનસ્મરણની ભાવના જો આપણે કેળવી શકીએ તો તેવા ગુણો આપણામાં પ્રકટતા જતા આપણે અનુભવીશું. (**'જીવનસોપાન', આ. ૫, પૃ. ૩૧૨–૩૧૩**)

» સાચા હૃદયની નમ્રતા ઘેટાના જેવી નથી હોતી. એનામાં તો અગ્નિનું પ્રચંડ તેજ અને શક્તિ પણ રહેલાં છે. (**'જીવનસોપાન', આ. ૫, પૃ. ૩૩૪**)

» આદર્શના પડછાયાના અનુભવમાં કેટલાક જીવ પોતાના મૂળ આદર્શનો જ તે અનુભવ છે, એમ માની લઈ તેમાં સંતોષાઈ જતા હોય છે. (**'જીવનસોપાન', આ. ૫, પૃ. ૩૪૧**)

» આદર્શની સંપૂર્ણતાની ટોચે પહોંચતાં પહોંચતાં તો આદર્શનું સ્વરૂપ પણ વિસ્તાર ને વિશાળતા પામતું જતું હોય છે ને આદર્શની રૂપરેખા પણ બદલાતી જતી હોય છે. (**'જીવનસોપાન', આ. ૫, પૃ. ૩૪૦–૩૪૧**)

» આદર્શને પમાતાં પમાતાં આદર્શ પોતે જ એક પછી એક તેની ઉત્કૃષ્ટતામાં પ્રકટતો જતો હોય છે. (**'જીવનસોપાન', આ. ૫, પૃ. ૩૪૧**)

» જેના જીવનમાં કોઈ ઉચ્ચ આદર્શની આગ જલતી જ ન હોય તેવા જીવે બીજાંને કહેવાપણું કે સુધારવા જવાપણું હોઈ શકતું નથી.

('જીવનસોપાન', આ. ૫, પૃ. ૩૪૨)

» જગતમાં તો બધું છે ને એમનું એમ જ ચાલ્યા કરવાનું છે. કંઈક કંઈક સુધારકો થઈ ગયા, કંઈક કંઈક મહાત્માઓ થઈ ગયા, કંઈક કંઈક સંતો ને સદ્‌ગુરુઓ થઈ ગયા ને સાક્ષાત્ શ્રીભગવાનના અવતાર પણ થઈ ગયા, છતાં આપણે બધા જેમ હતા તેમના તેમ છીએ. માટે બધાંનો ને જગતનો વિચાર માંડી વાળીને આપણે જ જો ઠામઠેકાણે થવાને સાચી રીતે હૃદયની સચ્ચાઈથી મંડીશું તો કંઈક દહાડો વળવાનો છે, બાકી જગતમાં તો બધું દેખાશે.

('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૪)

» સાધકે પોતાની ટેવો, મંતવ્યો, સમજણો, આગ્રહો, મતમતાંતરો, દોષો, કુટેવો, આશા, ઇચ્છા, કામના, તૃષ્ણા, કામ, ક્રોધ, મદ, મોહ, મત્સર, ઇત્યાદિનો સ્વીકાર કરવાનો છે, પણ તે સ્વીકાર એમનાથી પર થવા કાજે છે. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૬)**

» મનમાં જે મનોમંથન થાય એમાંથી જીવનમાં યોગ્ય પરિવર્તન પ્રગટે એવી નક્કર ભાવના પ્રગટતી રહે તો તેવું મંથન યોગ્ય પ્રકારનું સમજવું, બાકી તો મન નકામા તરંગે ચઢીને જીવનને ઉથલાવી પણ નાંખે. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૯)**

» ચોર, ડાકુ આપણા પર ચાકુ ચલાવે છે ચોરવાને ને લૂંટવાને; સર્જન (શસ્ત્રવૈદ્ય) આપણા ઉપર ચાકુ ચલાવે છે, સાજા કરવાને ને જીવાડવાને. બંને કાર્યોમાં ક્રિયા એક પ્રકારની છે, પણ હેતુ અને ભાવમાં ધરમૂળનો ફરક છે. આથી ક્રિયા અને કર્મનું મહત્ત્વ નથી, પરંતુ તેની પાછળના અંતરમાંના ભાવનું જ મહત્ત્વ છે. ડાકુનું ચાકુ જીવની જીવ પ્રકારની ઇન્દ્રિયોનું સાધન છે, સર્જનનું ચાકુ જાગેલા આત્માનું સાધન છે. **('જીવનપ્રવેશ', આ. ૫, પૃ. ૨૧–૨૨)**

» જીવનમાં ઉચ્ચ ગતિમાં પ્રવર્તવું છે, એવી ભાવના પ્રગટવી એ દુર્લભ ઘટના છે ને તેમાંયે સત્પુરુષનો આશ્રય અંતરની પ્રેમ-ભક્તિ-જ્ઞાનભાવે જાગૃતિ સાથે પોતાના આંતરિક વિકાસની સમજણના ધોરણથી હૃદયમાં પ્રગટતો રહે તે તે વળી એનાથીયે દુર્લભ છે ને તેથીય વધુ દુર્ઘટ તો સત્પુરુષના હૃદયને સમજવું અને અનુભવવું તે છે.

('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૩૦)

» જીવનમાં પ્રસંગો બને છે તો તૂટક તૂટક પણ તે સર્વ પ્રસંગોને સાંકળી લેનારી એક જાતની સળંગતા ને સમગ્રતા, તે તે પ્રસંગના અંતરમાં રહેલી છે અને તે ભાવિ તરફ દોરી જતી હોય છે. જીવન છિન્નભિન્ન નથી, અવિચ્છિન્નપણે એક છે. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૩૩–૩૪)**

» હાલના આપણા દેખાતા જીવનની પાછળ ને આગળ પણ એક પરંપરા પણ છે. એ પરંપરા અનાદિ છે તેમ છતાં તેનામાં ચેતન હોવાથી ચેતનનું જ્ઞાન-ભાન પ્રકટી જાય તો તે અંતવાળી પણ બની શકે. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૩૪)**

» કેટલાકનું કથન કે લખાણ તેમના બહુશ્રુતપણામાંથી પ્રકટે છે, વાચનમાંથી પ્રકટે છે, સાંભળેલી વાતમાંથી પણ પ્રકટે છે; પરંતુ કો'ક જ વિરલા આત્માનું અનુભવમાંથી પ્રકટતું હોય છે. અનુભવના કથનની પાછળ આત્મવિશ્વાસનું થનગનતું ચેતન રહેલું છે.

('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૩૪)

» ચેતનનો અનુભવ તો માગી લે છે ભારે જ્ઞાનભક્તિપૂર્વક તપશ્ચર્યા અને કઠણ સાધના. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૪૮)**

» જે જીવાત્માનું અહમ્ ઓગળી ગયું છે, તેને ક્યાંય વિરોધ નથી થતો, બલ્કે વિરોધ હોતો જ નથી. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૫૪–૫૫)**

» ભાવનું તેના ઉત્કટપણામાં સઘન બનવું એ કર્મથી પ્રકટે છે. કર્મનું મહત્ત્વ ભાવને લીધે છે. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૫૯)**

» જ્ઞાન ક્રિયામાં પ્રત્યક્ષ થયા વિના મોક્ષ નથી.

('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૬૨)

» આત્મનિવેદન એટલે આપણને ચેતનના ભાવથી સંકળાવનાર કોઈ દિવ્ય સાંકળ. ('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૬૨)

» સાધક એટલે જીવનવિકાસપથે પળવાને સતત જ્ઞાનભક્તિયુક્ત જાગૃતિ સેવીને મથનાર જીવાત્મા. ('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૬૩)

» જો જીવે પોતાની નિમ્ન પ્રકૃતિને દાદ આપી તો તેનું જોર ચડી વાગશે. વિજય તો સામનો કરવામાં અને યુદ્ધ આપવામાં રહેલો છે—પરિણામ ગમે તે હોય. ('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૬૫)

» જેમાં ને તેમાંથી જીવનની નેમને વધારે પ્રોત્સાહન મળે એવી કોઈ અગમ્ય પ્રકારની આંતર્દૃષ્ટિ આપણામાં જાગી જવી જોઈશે.

('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૬૬)

» જીવ હારતો ભલે લાગે, પણ જો તે પોતાની આંતર્દૃષ્ટિ ખુલ્લી રાખ્યા કરે, તેમાંથી જીત મેળવવાપણું શીખવાની હૃદયમાં પાકી નેમ રાખ્યા કરે તો, તેવો જીવ હારતો હારતો પણ જીવતો રહી શકે છે, ટટાર ઊભો રહી શકે છે. ('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૬૭)

» સાધક સાચી રીતે સાધનામાં જીવ પરોવતો બની ગયો હશે તો પોતાની જ પ્રકૃતિના સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ હુમલાઓ એના પર થયા કરવાના. સામા જીવની પ્રકૃતિ દ્વારા એની પોતાની જ પ્રકૃતિ જાણે કે હુમલો કરવાને મથી રહી ન હોય એવા પણ સૂક્ષ્મ અનુભવો જો સાધક જાગ્રત રહેલો હશે તો થવાના છે.

('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૬૭)

» વિકાસનો મૂળભૂત સિદ્ધાંત ઘર્ષણમાં રહેલો છે. ઘર્ષણ વિના તો માનવી જેમનો તેમ પડ્યો રહ્યો છે. અંતર્મુખ વળેલા માટે ઘર્ષણ એ તો તેજસ્વિતાને જીવંત રાખવાને ખરું સાધન છે.

('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૭૦)

» કોઈએ અન્યાય કર્યો હોય તો તેનું સ્મરણ પણ ન રહે એટલું જ નહિ, પરંતુ તેના પર ઉપકાર કરવાની ભાવના પ્રત્યક્ષ જાગતી રહી શકે એવું સાધકે પોતા વિશે કરી દેવાનું રહેશે.

('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૭૩)

» વર્તમાનમાં રહ્યે રહ્યે ભૂતકાળમાં વારંવાર ડોકિયાં ન કરે તો તે સાધક કાજે ઘણું જરૂરનું છે. વર્તમાનને જ સંભાળીને, સાચવી લઈને તેના ઉજ્જવળ ભવિષ્યને ખડું કરી દેવું ઘટે. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૭૬)**

» સાધકે પ્રકૃતિ જીતવાની છે, એટલું જ નહિ પરંતુ પ્રકૃતિથી પર પણ થવાનું રહે છે. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૭૯)**

» ભૂલેચૂકે પણ કોઈનેય આપણે ભોંઠો ન પાડવો. એની ભોંઠપ આપણે પોતે જ્ઞાનપૂર્વક વહોરી લેવી. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૮૧)**

» કોઈ જાણી જોઈને આપણા પર દોષારોપણ કરે કે બીજી રીતે અન્યથાપણે કરે તો ઝટઝટ તેનો ખુલાસો આપવા મન તૈયાર થઈ જાય તો તે યોગ્ય નથી. સાધક જીવે એમ તો પોતાનો બચાવ કરવાની વૃત્તિ પણ મૂકી દેવી પડશે. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૮૧)**

» શીખવાને કાજે તો ઘણા ઘણા જ્ઞાનપૂર્વક નમ્ર થવાની જરૂર રહે છે. એવી નમ્રતા જીવનમાં પ્રગટતાં બીજા ગુણોની જાગૃતિ ને શક્તિ પણ છતી હોય છે, તેથી સાધનામાં તો શૂન્યથીયે શૂન્ય થયા વિના આપણામાં સાચું તત્ત્વજ્ઞાન ઊગી શકવાનું નથી.

('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૮૩)

» સંસાર-વ્યવહારમાં જે તે બધા જ જીવો એકબીજાને એકદમ સલાહ આપવા અને શિખામણ દેવા તૈયાર થઈ જતા હોય છે. તેવા પ્રસંગમાં આપણે મુકાઈ જવાનું થતાં આપણે શાંતિ ધારણ કરી તેમના તેમના કહેવાનો મર્મ સમજવો ને સૂલટો અર્થ ઘટાવવો; પરંતુ આપણે પોતે તો કોઈને સલાહ, સૂચન કે શિખામણ દેવા કદી પણ કૂદી ન પડવું. શક્ય હોય ત્યાં માગે તોય ના પાડવી. **('જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૯૯)**

» જે જીવ દુઃખમાં સુખ જુએ છે અને સુખમાં દુઃખ સંકળાયેલું જુએ છે તેવો જીવ જ તે બંનેમાંથી નોખો તરી આવવાનો.

(**'જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૧૦૨**)

» સારું અને નરસું એ પણ જીવપ્રકારનાં બે પાસાં છે, એ બંને પાસાંમાંથી જુદા પડવું રહ્યું. એવો જે જ્ઞાનપૂર્વકનો અભ્યાસ એ જ સાધના. (**'જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૧૦૩**)

» ખોટી રીતે અન્યાયના ભોગ ભલે આપણે બન્યા હોઈએ, તેમ છતાં અન્યાયને જરા પણ સ્પર્શવા ન દઈએ તો મન ત્રાસ, કંટાળો, સંતાપ કદાપિ પણ નહિ પામે. (**'જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૧૦૫–૧૦૬**)

» જે સત્ય હોય તે તેવું ને તેવું જ્યાં ને ત્યાં હંમેશાં કહી નાંખવામાં ડહાપણ નથી. તે તેમ ન કહેવાનું કરતાં કે ન કહેવા જતાં અસત્ય થાય છે એમ આપણને લાગે, પણ અચૂક હરેક પ્રસંગમાં તેમ માનવું યોગ્ય નથી. (**'જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૧૦૬**)

» સામાનો દોષ જાણવા છતાં પણ આપણે જ્ઞાનયુક્ત અણજાણમાં છીએ, તેવી રીતે વર્તવું એ જેવા તેવા જીવનું ગજું નથી.

(**'જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૧૦૬**)

» અન્યાયને સહી લેવાના વલણને સ્થાને જીવનવિકાસના ગુણોને પ્રેમપૂર્વક કેળવવા કાજે તેનો સ્વીકાર કરવાની કળા આપણે શીખવાની છે. અન્યાયનો સ્વીકાર એવી રીતે કરીએ કે જેથી આપણે પણ ચઢીએ ને અન્યાય કરનારના જીવનમાં તે અંગેનું સાચું જ્ઞાન પ્રકટે ને તે પણ સાચી સમજણની કક્ષામાં પ્રવેશે. અન્યાય સ્વીકારવાની કળામાંથી ત્યાગ, બલિદાન ને સમર્પણની કળા આપોઆપ જીવનમાં વ્યક્ત થાય છે. (**'જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૧૦૭**)

» કોઈ આપણો દોષ બતાવે તેને સાચો ગુરુ ગણવો. કોઈ ઊણપ બતાવે તો તેના પર વધારે રાજી થવું. તેવી વેળા હૈયાનો ઉમળકો પ્રકટે તો આપણે સાચા સાધક છીએ એમ માનવું. દોષ ચીંધનારના ઘણા ઘણા ગુણ ગાવા. (**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૩૭**)

» મનની દ્વિધાજનક સ્થિતિ વેળાએ મૌન સેવન જરૂરી ભલે હોય પરંતુ તે એકલું પૂરતું નથી. તેવી સ્થિતિ ટાળવાના ઉપાયો લેવામાં સતત જાગૃતિ સેવીએ તથા તે પૂરતું સ્થિતિનો ગાળો જેટલો ટૂંકાવી લઈ શકાય તેમ કરીએ તો ઘણું કમાઈએ. (**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૩૮–૧૩૯**)

» અભ્યાસના મૂળમાં જો સાચેસાચો વૈરાગ્ય પ્રગટી ગયેલો હોય તો તેવો અભ્યાસ જલદી ફળે; નહિતર અભ્યાસ એકલો એકલો થયા કરે ને તે દીર્ઘકાળ પર્યંત ને નિરંતર, તો તેમાંથી પણ વૈરાગ્ય પ્રકટી શકે છે. માટે આપણે તો ધીરજ ને હિંમત રાખીને જે કર્યાં કરવાનું છે, તે કર્યાં કરવું. (**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૪૧**)

» દોડીની વેલ ભરઉનાળામાં ખીલે છે, તેવી રીતે ખરેખરો સાધક તો જીવનસંગ્રામનો રસિયો બને છે. મુશ્કેલી, ઉપાધિ, દુઃખ, નિરાશા, આદિ જીવનમાં પ્રકટતાં તેનામાં કાંઈ ઑર પ્રકારનું શહૂર ને ઝનૂન પ્રકટે છે. (**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૪૨**)

» સમાજની ઘરેડથી ભિન્ન રીતે ચાલનારા જીવો સમાજનો અને કેટલીકવાર તો કુટુંબનો પણ પ્રેમ અને સહાનુભૂતિ ગુમાવી બેસે છે. તેઓ એકલા અને અટૂલા પડી જાય છે. એવાઓ પ્રત્યે આપણો ધર્મ તો હૃદયની પ્રેમપૂર્વકની ભાવનાથી પૂરેપૂરી માનસિક ઉદારતા દાખવીને તેમની સાથે સમભાવ દર્શાવવાનો હોય ને શક્ય હોય ત્યાં સક્રિયપણે પણ. (**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૪૬**)

» સમાજની સજ્જડ નિષ્પ્રાણ બની ગયેલી ઘરેડને તોડવાને કાજે એવા પ્રસંગો તો આપણી આંખ ખોલનારા નીવડે છે. સમાજ આવા જીવોને તુચ્છકાર કે અવગણના કરીને તે પોતાના સત્ત્વને જ હણતો હોય છે. (**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૪૮**)

» સ્વચ્છંદ અને ભૂલથી કરીને અથડાઈ પડેલા જીવની ઊલટી વધારે કાળજી અને સંભાળ લેવાની હોય છે. (**'જીવનપ્રવેશ', આ. ૩, પૃ. ૧૪૯**)

» ધર્મની સાચી ભાવનાના પ્રાકટ્યથી તો હૃદયની ઉદારતા અને વિશાળતા વધુ ને વધુ કેળવાય. (**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૪૭**)

» સહન કરી લેવું ને ગમ ખાઈ જવી તે સારું છે, પરંતુ મનમાં તે અંગે ચણચણાટી કરીને મન જો ગણગણતું રહે તો તે ઘણું ખરાબ.

» જીવનનો આનંદ તો સર્વ કોઈ સ્થિતિમાં જીવતો રહે, ને જીવતો રહે એનું જ નામ આનંદ. (**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૭૪**)

» આશા-નિરાશા એ તો માત્ર પ્રભુભાવની અતુલ અને અપાર સમુદ્ર પરની લહરીઓ છે. સમુદ્રની ગંભીરતા કે મહત્તા તેથી ઘવાતી નથી. (**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૮૧**)

» શ્રીભગવાનની ભાવનાનું અનુશીલન અને પરિશીલન રાખ્યાં કરે છે, તે જ જીવતું રહી શકે છે. પહેલાં પહેલાં તો નામનું નામનું જ બન્યાં કરે છે પણ તેમાંથીયે કામનું થઈ શકે છે. તે ભાવનાને જે સર્વ કર્મમાં જાગૃતિપૂર્વક વણી લેવાનો સહજમેળે અભ્યાસ કેળવતો રહે, એનું જ નામ સાચી સાધના છે. (**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૮૬**)

» મનનો સહજ સ્વભાવ તો સંકલ્પ-વિકલ્પ છે. એ એનું સહજ લક્ષણ છે. એને તપથી સ્થિર કરવાનું છે. (**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૮૭**)

» માનવજીવ અથડાતાં કુટાતાં પ્રકૃતિમાં પ્રકૃતિનો વિકાસ સાધે છે ખરો, પરંતુ એ વિકાસ અજ્ઞાનમૂલક રહે છે.(**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૮૮**)

» જીવનની આંતરિક ચેતનાશક્તિને માર્ગ દેવા જીવનમાં સર્વ સંજોગો મળે છે. એ સંજોગો ભલે કર્મના નિમિત્તે હોય, પણ તેનો આંતરિક હેતુ તો જીવનને ફળદાયી બનાવવાનો હોય છે. (**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૧૯૨**)

» જે કંઈ વૃત્તિ સામાન્યપણે ઊઠે છે, તે બંધિયાર બનીને પડી રહેતી નથી, એ તો ગતિ કરે છે જ. પરંતુ ઊર્ધ્વગામી જીવનની સદ્‌વૃત્તિમાં માનવીજીવે પ્રાણચેતના રેડ્યા વિના તે ગતિમાં આવી શકતી નથી. આથી જ પ્રભુકૃપાથી પ્રેરાઈને જીવે પ્રાર્થનાભાવે પુરુષાર્થ કરવાની જરૂર રહે છે. (**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૦૫**)

» ધ્યેય ગમે, રુચે તે એક વાત છે ને તેમાં પગરણ દૃઢાત્મકપણે મંડાયા કરવાનું થયે જાય તે વાત વળી જુદી છે.

('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૦૪)

» કોઈપણ સંત કે ગુરુ ચમત્કાર કે જાદુથી કોઈપણ જીવમાં ભગવાનનો ભાવ એકદમ તત્ક્ષણ પ્રકટાવી શકતો નથી, એવી શક્યતા પણ નથી.

('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૦૯)

» અમુક જ સંપૂર્ણ સનાતન સત્ય છે, તે વિનાનું બીજું કશું સત્ય નથી, એવી મડાગાંઠ કદી ન વાળી શકાય. જે જે કાળે સમાજને જેવી જેવી ને જેટલી જેટલી જરૂરિયાત પ્રકટે છે, તેવી તેવી રીતે તેવા તેવા મહાન આત્માઓ કાળપુરુષ તરીકે જ્ઞાનભાવે પ્રવર્તવાનું કર્યાં કરતા હોય છે, એટલે તે કામ તે કાળ પૂરતું તે પૂરું ને તે કાળે સત્ય હોય. કાળે કાળે સત્યનું સ્વરૂપ પણ બદલાતું રહેતું હોય છે.

('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૨૫–૨૨૬)

» જીવનવિકાસના ભાવસહ પ્રભુ-પ્રીત્યર્થે સતત કર્મમાં રોકાયેલા રહેવું અને મનને તેવી રીતે રોકાયેલું રાખવું, એના જેવી જીવનની બીજી કોઈ ઉત્તમ કેળવણી નથી. **('જીવનપ્રવેશ', આ. ૧, પૃ. ૧૮૨)**

» જેમ તરવાની ભૂમિકા રચવાને ને તે કળા હસ્તગત કરવાને માટે પાણીની જરૂરિયાત છે, તેમ આપણને આ જગતની ને સૌની જરૂર છે ને એ જ્ઞાન એમના એમના સંપર્કથી મેળવી શકાય એટલા પૂરતું જ એ બધું 'સત્ય' છે ને પછી નથી—આપણા પૂરતું જ. પણ તે પછી પણ એનું અસ્તિત્વ નાશ પામતું નથી, માત્ર એનો ઉપયોગ બીજી રીતે છે. **('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૫૭)**

» એકાન્તિક જીવનમાં મૌનને પ્રધાન સ્થાન છે, તેમાંય સમગ્ર આધારને પ્રભુને સમર્પણ કરવાની ભાવનાને ઉદ્દીપ્ત કરવાને માટે મૌનની ખાસ ને ઘણી જ જરૂર છે. **('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૫૭)**

» બધી ઇન્દ્રિયોને પોતપોતાના વિષયમાં રસ લેતી રોકી શકાય ત્યારે જ સાચું મૌન થયું ગણાય; અથવા બીજી રીતે કહીએ તો મૌન એટલે ઇન્દ્રિયોને પોતપોતાની પ્રાકૃતિક ક્રિયાઓમાંથી ઉપરામ પમાડવાની ક્રિયા. (**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૫૮**)

» સંયમ એટલે જીવનમાં આચરાઈ રહેલા ભાવોની સીમા. સંયમ એટલે પોતાના જીવનનું રક્ષણ કરવા યોજાયેલી જીવંત ભાવનાત્મક આચારની દીવાલ.

જે સંયમી જીવન જગતને કઠોર કરી મૂકે છે, તેવો સંયમ યથાર્થ નથી. જે સંયમને વારંવાર વ્યકત થવાપણું હોય છે, તે સંયમ જ નથી.

લાગણીઓને યથેચ્છપણે વ્યક્ત થવા દેવાથી શક્તિ ક્ષીણ થાય છે ને જીવનવિકાસના ક્રમમાં તે નિરર્થક નીવડે છે.

જીવનની કોઈપણ શક્તિને હેતુપૂર્વક સીમાબદ્ધ કર્યા સિવાય, તેને અમુક વિશેષ વસ્તુનો અભ્યાસ કરાવી ન જ શકાય.

અસંયમી લાગણી ને વૃત્તિના પ્રાગટ્યમાં નિર્બળતા પોષાય છે.

(**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૬૩ થી ૨૬૭**)

» માથે ઘણનો માર પડે એટલે કે ગમે તેવી વિકટ કે પ્રતિકૂળ સ્થિતિમાં મુકાઈએ, તો પણ જે ભાવના ઊગેલી હોય તે તેના યથાર્થપણામાં ઊલટી વધુ સતેજ અને શક્તિવંતી બને ને એવું પ્રત્યક્ષ અનુભવાય તો જ તે ભાવના સાચી એમ પ્રમાણવું. (**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૮૨**)

» ખાલી ગુરુમંત્ર લીધાથી કશું વળતું હોતું નથી. એ પણ એક અજ્ઞાન-મૂલક ભ્રમણા છે. જ્યાં સુધી જીવનનું મૂળ વહેણ બદલાઈ ન જાય, ત્યાં સુધી એવા હજારો ગુરુમંત્ર લીધેલા વ્યર્થ છે.

(**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૯૦–૨૯૧**)

આશા, તૃષ્ણા, કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, મત્સર, કામના, રાગદ્વેષ, અહંકાર વગેરે બધાંને કાઢવાનું કે મોળાં કરવાનું જ્યાં સુધી

ઝંખનાપૂર્વકનું ઊગી શકતું નથી, એવી તૈયારી જે જીવની ચાહીને થઈ શકતી નથી, એવા જીવને સાક્ષાત્ શ્રીભગવાન પણ ઊંચે ચડાવી શકવા સમર્થ નથી. **('જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૨૫)**

» વૃત્તિ એ તો શક્તિનું સ્વરૂપ છે. સંસારી જીવની વૃત્તિનું મૂળ તો અજ્ઞાનમાં છે, જ્યારે કોઈ દિવ્ય, ઉચ્ચ આત્માની વૃત્તિનું મૂળ તો જ્ઞાનમાં રહેલું છે. આથી બંનેની વૃત્તિના મૂળમાં—ભૂમિકામાં ફરક હોવાથી, બંનેને એક રીતે જોવાની, માપવાની, અનુભવવાની મનીષા રખે આપણે રાખીએ! **('જીવનપોકાર', આ. ૨, પૃ. ૨૯૭)**

» અજ્ઞાની, સંસારી જીવની વૃત્તિ વધારે બંધનકર્તા ને રાગદ્વેષને વધારનારી છે, જ્યારે જ્ઞાની જીવાત્માની ભાવના મુક્તિપ્રદેશે પ્રવર્તવનારી હોય છે. **('જીવનપોકાર', આ. ૨, પૃ. ૨૯૭)**

» ઉપયોગ એ જ જ્ઞાન છે. જેમાં ને તેમાં ઉપયોગના હેતુના જ્ઞાનને હૃદયસ્થ દૃઢાવીને વર્તીએ. ઉપયોગ એટલે માત્ર કંઈ સ્વાર્થ જ નહિ. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧)**

» ગુરુ જે જે કંઈ આપણને સૂચન કરતા હોય તો તે કંઈ અમથું અમથું હોતું નથી. તેમાં કંઈક રહસ્ય અને હેતુ હોય છે. તે સૂચનનો અમલ પ્રેમભક્તિ જ્ઞાનભાવે થયા કરતો હોવાથી એને સ્મરણભાવના પણ દિલમાં પ્રકટ્યા કરે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪)**

» जीवभावे दया એટલે અહંકાર। **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૭)**

» ભાવનાને ટકાવી રાખવાને માટે, તેને વધુ તેજસ્વિત અને શક્તિશાળી બનાવવાને માટે, વધારે એકાગ્ર, કેન્દ્રિત કરવાને માટે નામસ્મરણ એ જબરજસ્ત સાધન છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૯)**

» બીજા કશાનો અંતરાય નથી; જે કંઈ અંતરાય છે, તે સાચા પ્રકારનો દૃઢ, મક્કમ નિશ્ચય પ્રકટેલો હોતો નથી તે છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૦)**

» આપણને કંઈ કશાનો સામનો કરવાનો નથી, સામનો જે કરવાનો છે તે તો અંતરમાં આંતરિક વૃત્તિઓનો.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૦)

» જે જે રીતે જોયું, જેવું જેવું આપણે સાંભળ્યું, વિચાર્યું, વર્ત્યાં, બોલ્યાં ને જેવી જેવી વૃત્તિ તે તે પળે આપણી રહી, તે તે રીતનું તેવું તેવું, તેવી તેવી વૃત્તિનું જીવન આપણે નિર્માણ કરી ચૂક્યાં નિશ્ચે જાણવું, સમજવું ને માનવું. ('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૦–૨૧)

» જીવકક્ષાનું નકારાત્મક જે હોય, તેવું જીવનમાં નિર્માણ નથી જ થવા દેવું એવો મક્કમ નિર્ધાર જે જીવે કરેલો છે, તેવો તો કંઈ પણ કશો નકારાત્મકપણાનો અંતરમાં કે બહારથી અનુભવ થતાં અંતરથી પૂરો સાબદો બની પૂરો જાગ્રત બને છે. ('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૧)

» ગમે તે થાય તેમ થતાં જીવનનાં નકારાત્મક પાસાંને તો કાન, મોં, આંખ ન ધરવાં તે ન જ ધરવાં. ('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૧)

» મૌનનું આંતરિક વ્યાપક સૂક્ષ્મ સ્વરૂપ પ્રકટ્યા વિના મન નિઃસ્તબ્ધ—નીરવ દશાને કદી પણ પામી શકતું નથી. મન નિસ્તરંગ દશાને જ્યાં સુધી ન પામે, ત્યાં સુધી મનની મૂળ શક્તિ વ્યક્ત થતી અનુભવાઈ શકાતી નથી. ('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૪)

» મનાદિકરણો ભાવનાથી જ્યારે તરબોળ રહ્યાં કરે છે, ત્યારે બીજી કોઈ જાતના વિચારો પ્રવેશી શકતા નથી. તેવી દશામાં નામસ્મરણ આદિ સાધન, ભાવની એકતાનતાથી, એકાગ્રતાથી સારી રીતે થયાં કરે છે. ભાવની એકાગ્રતા જામતાં જામતાં તેમાંથી કેન્દ્રિતતા જન્મે છે. ભાવની કેન્દ્રિતતા થતાં, ને તેની સંપૂર્ણતાની ટોચે પહોંચતાં ને તે દશામાં લાંબા ગાળા સુધી સ્થિરપણે ટકતાં ને જીવતી રહ્યાં કરતાં તે પછી તેનો વિસ્તાર પણ થવા માંડે છે. શ્રીસદ્‌ગુરુનું ચેતનવંતુ પવિત્ર સ્મરણ હૃદયમાં હૃદયથી પ્રકટાવીને તેના હૃદય સાથે આપણા હૃદયનું ભાવભક્તિથી એકતાનતાભર્યું અનુસંધાન કર્યા કરીને તેવું જ્ઞાનયુક્ત

તાદાત્મ્ય સાધી સાધીને હૃદયની એકતા જ્યારે ઉદ્ભવે, તેવી વેળા જે જીવંત ચેતનયુક્ત કેન્દ્રિતતા પ્રકટે છે, તે સ્થિતિ જ્ઞાનદશાના અનુભવની ભૂમિકારૂપે હોય છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૭)**

» શ્રીસદ્‌ગુરુના હૃદયના ભાવને જ્યારે સાધક પ્રેમભક્તિ વડે હૃદયમાં હૃદયથી પકડતો બની શકે છે, તે વેળાથી સાધકના જીવનનો વિકાસ ઘણો ઝડપી બની જતો હોય છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૮)**

» સ્થૂળ પ્રાણ પોતાની અસર મનાદિ ઉપર પહોંચાડીને બુદ્ધિને ભમાવી દે છે, ચિત્તમાં દોષ ઉત્પન્ન કરે છે, મનને ચકડોળે ચઢાવે છે, એટલે વિચારની પૂરેપૂરી શુદ્ધતા આપણામાં રહી શકતી નથી.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૧)

» ખચકાતાં ખચકાતાં કંઈક કશું કોઈનેય આપવાનું બન્યું તો તેવા આપવાપણાથી કશું એની યોગ્યતામાં ફળી શકતું નથી. આપવામાં જો કંઈ કશી ગણતરી, માન્યતા, અપેક્ષા કે આડીઅવળી સમજણ પ્રકટેલી રહી તો તેવું અપાયેલું મિથ્યા નિવડી શકે છે. જે કંઈ આપવાનું હોય તે એક યજ્ઞભાવના તરીકે પોતાના વિકાસાર્થે ને શુદ્ધ નિર્મળ ભાવના પ્રકટાવવા કાજે તેમ કરવાનું હોય.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૯)

» જગત એટલે જ ફેરફાર. તો એવા ફેરફારને જીવનમાં જ્ઞાનપૂર્વક આપણે આવકારીએ અને સ્વેચ્છાએ આપણા જીવનનો સમૂળગો ફેરફાર પ્રભુકૃપાથી પમાડતાં રહીએ.**('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૯)**

» ઇન્દ્રિયોની લાલસાઓને જીતવાનો ઉપાય તે તે વેળા ગદ્‌ગદ ભાવે ને તેની વેદનાથી ડંખતા અને સાલતા હૃદયે, આર્ત અને આર્દ્ર ભાવે શ્રીહરિની પ્રાર્થનામાં રહેલો છે. સતત ભાવનાભર્યા નામસ્મરણનું એકધારું દિલમાં દિલથી રટણ તે વેળા થયે જવું ઘટે. એના જેવો બીજો કોઈ સરળ ઉપાય નથી. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૫૨)**

» જ્ઞાનભક્તિપૂર્વકનું આત્યંતિક પૂરેપૂરું આત્મસમર્પણ થયું ન હોય, ત્યાં સુધી આપણા પોતાના અંગત પુરુષાર્થની ઘણી ઘણી જરૂર રહે છે. ('જીવનપોકાર', આ. ૪, પૃ. ૬૨–૬૩)

» બીજાંને આગળ આણ્યાં કરવાનું પ્રેમભાવે જો આપણે કરીશું તો તેમાં આપણું કશું જ બગડી જવાનું નથી. ઊલટો લાભ જ છે. અહમ્ ટાળવાની એ તાલીમ બની શકે છે. ('જીવનપોકાર', આ. ૪, પૃ. ૭૪)

» કોઈનાયે પ્રત્યે નકારાત્મક વલણ ઊપજે એટલે કે જો આપણું મન તેનું નરસું વિચારવાનું કરે કે, તુરતાતુરત તે જીવના ઉત્તમ પાસાને યાદ કરવું. ('જીવનપોકાર', આ. ૪, પૃ. ૭૫)

» જગતમાં અને સંસાર-વ્યવહારમાં ન્યાય-અન્યાયનાં પાસાં રહેલાં હોવાથી આપણને ન્યાય પણ થાય અને અન્યાય પણ થાય, એવું તો બનતું જ રહ્યાં કરવાનું. વળી આપણને જે અન્યાય થતો દેખાય છે, તેવો સાચે-સાચ અન્યાય કરવાનો હેતુ સામાનો ન પણ હોય. આપણે તો હરકોઈ સ્થિતિમાં સદ્‌ભાવ જ સેવવાનો હોય.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૭૬)

» બીજી વ્યક્તિ તરફથી કોઈનીયે નકારાત્મક વાત નીકળતાં, તેવી વેળાએ આપણે કળા વાપરીને ચાલતી વાતને એવો તો પલટો અપાવીને કોઈ બીજા ઊંચા ભાવનાના પ્રસંગના વલણમાં તેને ફેરવી નંખાવવાનું કરવું જોઈએ. સામા જીવની ભાવનાને પણ તેજસ્વિત બનાવવાનું થાય, એવી રીતે વાતનો પ્રકાર ઉપજાવવાની કળા આપણામાં પ્રકટેલી હોવી જોઈશે.

દુન્યવી, સાંસારિક, ક્ષુલ્લક વાતો ન છૂટકે સાંભળવી જ પડે તેવી નાજુક પરિસ્થિતિની વેળાએ તે વાત સાંભળવા છતાં સાંભળવાનું ન બને એમ મનને, ત્યારે નામસ્મરણ ધારણામાં બુડાડી દેવાનું પ્રભુકૃપાથી ચેતીને, જાગીને થયાં કરતું હોય તેવી ટેવ આપણે પાડવી જોઈએ. ('જીવનપોકાર', આ. ૪, પૃ. ૮૨–૮૩)

» જેમ કાંટાથી કાંટો નીકળી શકે છે, જેમ ઝેર ઝેરની માત્રાથી ટળી શકે છે, તેમ જીવનું સંસારીપણું જીવનવિકાસની ભાવનાને સંસારમાં તેની યથાર્થતા વડે કરીને જીવવાથી ટળી શકે છે.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૮૫)

» ઘણા લોક 'એ (પ્રભુ યા ગુરુ) બધું જ જાણે છે; એ અંતર્યામી છે. એને શું કહેવાની જરૂર છે?' એવા જે ખ્યાલો રાખે છે, તે અજ્ઞાનમૂલક ને ભ્રમણાત્મક છે. અંતર્યામીત્વની હકીકત યથાર્થ હોવા છતાં સાધકે તો આત્મનિવેદનરૂપે જે તે બધું કહેવું કે લખવું ઘટે છે. પ્રાર્થનાનો આશ્રય લઈને ચેતનાની કૃપાશક્તિને પોકાર્યા કરવાની રહે છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૦૯–૧૧૦)**

» હૃદયમાં હૃદયથી જે પ્રાર્થના થતી તેમ છતાં તે ન ફળતી તો આ જીવ પોતાની જાત—મનને, પ્રાણને, ચિત્તને, બુદ્ધિને, અહમ્‌ને તેનાં અનેક પાસાંઓમાં વળી વળીને તપાસી લેતો. ક્યાંક કવાણું હોવું જ ઘટે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૧૧)**

» સંસાર, વહેવાર વર્તનમાં જ્યાં જ્યાં આપણને અન્યાય થતો લાગે, ત્યાં ત્યાં અન્યાયને અન્યાય તરીકે તો કદી પણ ન સ્વીકારવો. એની પાછળ આપણને ઘડવાનો પ્રભુનો હેતુ પ્રીછવો. અન્યાય થયો છે એવું લાગે છે તે આપણાં મન, બુદ્ધિ, પ્રાણ ને અહમ્‌ને તેઓ હજી પૂરી સમતામાં, તટસ્થતામાં, શાંતિયુક્ત દશામાં ક્યાં પ્રકટેલાં હોય છે કે તેમનો તેવો તોળેલો તે અંગેનો ન્યાય યોગ્યતાવાળો હોય? મનાદિએ જે વિચાર્યું હોય તે તદ્દન ખરું જ છે એમ કેમ કરીને જાણી શકાય? દરેક પ્રસંગને અનેક બાજુઓ હોય છે. એટલે તેને તેની સમગ્રતાથી આકલન કરવાનું આપણાથી કેવી રીતે બની શકે? માટે માનેલા અન્યાયને અન્યાય તરીકે ગણવાનું થતાં તો આપણે જ કદાચ બીજા કોઈને અન્યાય કરી બેસીશું.

આપણે ભલે કદાચ અન્યાયના ભોગ બની જતા હોઈએ, પણ આપણાથી કોઈને અન્યાય ન થઈ જાય તેમજ કોઈને અન્યાયી માની ન લેવાય તેની પૂરી કાળજી રાખવાની છે.

આપણું અહમ્ અમથું અમથું જરાપણ ઘવાતાં એની ક્રિયા શરૂ થઈ જતી હોય છે. અહમ્‌પણે પ્રકૃતિનું કાર્ય થતું હોય છે ને એની પાછળ પ્રકૃતિની પ્રેરણા છે. આપણી એવી અહંતા ઘટે એ સાધનામાર્ગ માટે ઘણું મોટું ને જીવ કાજે ભારેમાં ભારે મુશ્કેલ કાર્ય છે, પરંતુ તે કર્યા વિના છૂટકો નથી.

આશાઓ, ઈચ્છાઓ, કામનાઓ, તૃષ્ણાઓ આદિનું સ્ફુરણ થતું ભલે દેખાય, પણ ગતિમાન થતું ન અનુભવાય ત્યારે જાણવું કે આપણું અહમ્ નરમ પડેલું છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૨૧ થી ૧૨૩)**

» પ્રાર્થના કરવાની જે બાબતમાં પ્રાર્થના કરતા હોઈએ તે ફળે કે ન ફળે તે મહત્ત્વની બીના નથી, પરંતુ જેમ જેમ પ્રાર્થનાનો ભાવ આપણા હૃદયમાં પ્રત્યક્ષપણે જીવતો બન્યા કરતો હોય છે, તેમ તેમ શ્રીભગવાનના ભાવ સાથેનો આપણા અંતરનો સંબંધ બંધાતો જતો હોય છે તે એક મહત્ત્વની હકીકત છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૩૪)**

» કર્મની યોગ્યતા જોવા કરતાં ઇન્દ્રિયો ને મનાદિકરણોની પાત્રતા અને શ્રેષ્ઠતા યોગ્ય પ્રકારની થાય, તે પરત્વેનો આપણો જીવતો-જાગતો ઝોક હેતુપૂર્વકનો વધે તે ઘણું જરૂરનું છે.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૪૦)

» શ્રીસદ્‌ગુરુની ભક્તિ માત્ર તેમના શરીરની સેવામાં પર્યાપ્ત થઈ જતી નથી, પરંતુ ગુરુની ચેતનાત્મક ભાવનાની ધારણા આપણા હૃદયમાં પળેપળ જીવતી રહ્યાં કરે; એવી ધારણાથી આપણને જેમાં ને તેમાં ઊંચે તર્યાં કરવાનું પ્રત્યક્ષ તે તે વેળા જ્ઞાન પ્રકટ્યાં કરી તે તે કર્મ યજ્ઞભાવે થયાં કરે. તે તે કર્મ પાછાં પ્રભુ-ચરણકમળે સમર્પણ થયાં કરે ને તેવાં કર્મો પ્રભુપ્રીત્યર્થે થયાં કરે—એવું એવું જ્ઞાન તે તે કર્મ કરતી પળે આપણામાં જીવતું રહ્યાં કરે, તે જ શ્રીસદ્‌ગુરુની સાચી પ્રેમભક્તિ છે. જેના વડે આપણા જીવનનું યોગ્ય સાચું ઘડતર થયાં કરે, તે શ્રીસદ્‌ગુરુની પ્રેમભક્તિ છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૮૪)**

» શ્રીસદ્‌ગુરુની સાચી પિછાન તો કદી બાહ્ય રીતે થતી હોતી જ નથી. એ તો આગળ જતાં જતાં અંતરમાં અંતરથી થયાં કરતી હોય છે. એવો પ્રકટેલો અનુભવ તે જ સાચો અનુભવ છે.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૯૦)

» સકળ કંઈ મળી આવતાં કર્મ એ આપણા વહાલા પ્રભુની પ્રસાદી છે; એમ જ્ઞાનપૂર્વક સ્વીકારીને જ્યારે કંઈ અણગમતું, અજુગતું કરવાનું આવી પડે, તેવી વેળાએ પણ તેને પ્રભુકર્મ સમજીને, તેવા કર્મમાં તે કર્મનાં પાસાંને ન નિહાળતાં તેનાથી પ્રભુનો પ્રેમભાવ પ્રકટાવવાનું બન્યાં કરે તો તો એવા થયેલા અનુભવથી પ્રેરણાત્મક સમજણ આપણને પ્રકટ્યા કરે ખરી. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૯૪)**

» કુટુંબના વડીલો પણ આપણાં જેવાં જ માનવીઓ છે. જેમ આપણામાં અનેક પ્રકારની ઊણપો, કુટેવો, અવગુણો વગેરે ભર્યા પડ્યા છે, તેમ તેમનામાં પણ હોઈ શકે છે; પરંતુ તેથી કંઈ તેઓ પરત્વેના આપણા સદ્‌ભાવ, આદર, પ્રેમભાવ વગેરે ઘટી જવાં ન જોઈએ. સદ્‌ભાવથી સદ્‌ભાવ સાંપડે છે ને તેવી ભાવનામાં વધારો થાય છે. તેમના પ્રતિ જે ભાવ-આદર કેળવવાનાં છે, તે આપણા પોતાના વિકાસ માટે છે. આપણે કંઈ ગુણની પૂજા કરવા નથી નીકળ્યાં, પરંતુ તેઓ આપણા વડીલ છે, તે હકીકત જ માન-ભાવ-આદર દેવા માટે પૂરતી ગણાવી જોઈએ. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૧૯૬)**

» **'મન લાગો મેરો યાર ફકીરીમેં'** એટલે માત્ર ગરીબાઈ નહીં, માત્ર ત્યાગ નહીં. જેનામાં મન દિલ લગાડી દેવાનાં છે, તેના વિના બીજા કશામાં તે ચોંટી જ ન શકે તેવી મસ્ત દશા પ્રકટેલી હોય તે પણ 'ફકીરી'ના અર્થ માટે પૂરતું નથી. એનાથીય આગળ ફકીરીનો ભાવ તો જીવનવિકાસની ઉત્તમમાં ઉત્તમ જ્ઞાનમૂલક કક્ષાઓમાં પ્રકટતો રહ્યા કરે છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૦૦)**

» કર્મનું કર્તાપણું, એનું ઉત્તમપણું, એનું કૌશલ્ય, એની શક્તિ, એની કળા—એ બધું જીવનું નથી જ નથી. તે તો બધું વાતાવરણના ચેતનના વિસ્તારપણામાંથી પ્રકટેલું છે. ('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૦૪)

» ગરીબની કોઈ 'દયા' ખાશો નહિ. દયા ખાનાર આપણે કોણ? એ કોઈ કને દયા નથી માગતો, માગે છે ન્યાય. એ આપી શકાતો હોય તો આપજો. દયા ખાવાની ન હોય. સહાનુભૂતિ ધરાવી શકાય. દયાની લાગણીમાં સૂક્ષ્મ અહંકાર છૂપાયેલો છે.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૦૮)

» ગુરુના આંધળા અનુકરણથી કશો શુક્કરવાર વળી શકતો નથી. તે તો જીવનનું અજ્ઞાનતામાં મૃત્યુ છે. ગુરુ કરવા ખાતર ગુરુ કરવા એ તો મુદ્દલે ખપનું નથી. પરંતુ જીવનવિકાસની ભાવનાને જીવનમાં ઉપયોગમાં પ્રવર્તાવવા કાજે શ્રીસદ્‌ગુરુનું જ્ઞાનભક્તિપૂર્વક સેવન કરવાના ભાવે જીવનવિકાસની ભાવનાના આધારના સાધનરૂપે શ્રીસદ્‌ગુરુ કરેલા હોય તો તે ગુરુ ખપના છે. એવું જો સાચેસાચ એના યોગ્ય ભાવાર્થમાં આપણા જીવનમાં હૃદયથી પ્રકટેલું હોય, તો એનું માપ-લક્ષણ એ છે કે એની ગરજ આપણામાં જાગી ગયેલી જીવનમાં અનુભવાશે. જો એવી પૂરેપૂરી સાચી ગરજ જાગી ગયેલી હોય, તો મન ફરી ફરી, વળી વળી, એના તરફ વળ્યા કરે. એમ હોય તો એ વારંવાર યાદ આવ્યા કરે. ('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૧૦–૨૧૧)

» ગુરુને પારખી પારખીને, કસીને સ્વીકારો તેની ના નથી. સ્વીકારતા પહેલાં જે કંઈ અંતરમાં જાણવું હોય તે બુદ્ધિની, ભાવના આદિની મદદથી જાણી લેવાનું કરી શકાય; પણ એક વાર તેને હૃદયથી સ્વીકાર્યા બાદ તેની સાથે ખાલી ગતકડાં કરવાં, શંકા-કુશંકાઓમાં અટવાવું, તર્ક-વિતર્કો કરવા, વગેરે આપણા કાજે જરાકે યોગ્ય નથી. તેને આપણા જ જેવો (પ્રકૃતિથી પ્રેરાતા માનવી જેવો) સમજવામાં, માનવામાં, જાણવામાં આપણો પ્રકૃતિ-દોષ રહેલો છે તે નક્કી પ્રમાણવું.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૧૪)

» ગુરુના હૃદય-ભાવને સહજમેળે જો આપણાથી જીવનમાં સ્વીકારી શકાતો હોય તો તો તે સર્વથી ઉત્તમ છે.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૧૬)

» આપણે જે જે કંઈ કરીએ છીએ, તે આઘાત-પ્રત્યાઘાતથી પ્રેરાઈને કરતા હોઈએ છીએ અને આઘાત-પ્રત્યાઘાતની ભૂમિકા એટલે તો કોઈ ને કોઈ પ્રકારની ક્ષુબ્ધતાની દશા. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૪૩)**

» જે જે કંઈ જેને ઉત્કટપણે કઠે, તેમાંથી તે પરાઙ્મુખ પણ થઈ શકતો હોય છે. દુઃખ આપણને જગાડે ને ગતિમાં પ્રેરાવે તો તે દુઃખ સાચું.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૬૪)

» દુઃખ પોતાને જાણવા સમજવા કાજેનું યોગ્ય દર્પણ છે.

» જીવે શ્રીભગવાનના માર્ગે વળવાનું કર્યું કે લોક તેની કનેથી વધારે ને વધારે ઉત્તમપણાની આશાની ધારણા સેવતા હોય છે. તેમને એમ ખબર નથી રહેતી કે કોઈ કંઈ એકદમ પ્રકૃતિ કે સ્વભાવ થોડો જ સુધારી શકતું હોય છે? સાધક થતાંની સાથે થોડું જ સિદ્ધ થઈ જવાય છે? પરંતુ આમાંથી આપણે તો એ પાઠ લેવાનો છે કે હવે આપણાથી યદ્વાતદ્વા વર્ત્યે નભી શકાવાનું નથી. તેમ છતાં પાછું આપણે કંઈ લોકોને માટે જીવવાનું નથી. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૯૫)**

» લોકો તો બેઠક વિનાના ઢોળવા જેવા છે. આજે એક બોલે તો કાલે બીજું પણ બોલે. જેને વખાણે તેને નિંદે પણ ખરા. તેમ છતાં તેમની અવગણના તો કદી ભૂલેચૂકે પણ આપણાથી થઈ ન જ શકે. **લોકોમાં પણ આપણો વહાલો પ્રભુ રમી રહેલો છે.** તે દ્વારા આપણને તે ચેતવતો પણ હોય. એ રીતે આપણે તો લોકોના બોલવાપણામાંથી શીખવાનું પણ હોય. તેમ છતાં લોકો અને તે (શ્રીભગવાન) બન્ને એક નથી. **લોકોમાં ભગવાન છે, પણ લોકો ભગવાન નથી.**

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૯૫–૨૯૬)

» આપમેળે આનંદથી, સમજણના હેતુથી જે કર્યાં કરીએ, ને કરવું જ પડતું હોય ને કર્યાં વિના છૂટકો જ નથી. એવી રીતે તેનું તે જ કર્મ કર્યાં કરતાં હોઈએ, તો તે બંનેના પરિણામમાં પણ ભેદ હોય છે. આપણે તો જે તે આનંદથી, જીવનની કેળવણીના હેતુનો જીવતો ખ્યાલ ઉગાડી ઉગાડીને કર્યાં કરવાનું છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૨૯૯)**

» ભક્તિમય જીવન એટલે કલ્પનામય જીવન એમ નથી. ભક્તિ એટલે પોકળતા પણ નહિ. ભક્તિનો પાયો તો જ્ઞાનની વાસ્તવિકતાભરી હકીકતના નક્કર પાયા પર રચાયેલો હોય છે. ભક્તિ એટલે તો મનાદિ-કરણોને સતત એકધારા એના પ્રિય ચિંત્વનમાં ગુંદર કે સરેશની જેમ ચીટકાવીને રખાવે ત્યારે તેને ભક્તિ કહી શકાય. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૨૩)**

» શ્રીભગવાનની કૃપા રેઢી પડી નથી. તે તો એનાં થયેલાં હોય તેવી વેળાએ પણ તેની અગ્નિપરીક્ષામાં કેટલાંયે તેનાં ભક્તજનો આકરાં તવાયાં છે. એટલે તેની કૃપા, તેના થઈ જવાતાં પછી પણ, તેની કસોટીમાંથી પાર ઊતરતાં ઊતરતાં મળતી હોય છે. કૃપાનું સ્વતંત્ર અસ્તિત્વ છે ને બધું છે, પણ પહેલાં તો આપણું જ અસ્તિત્વ ક્યાં છે તેનું ભાન કોને છે? **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૨૮–૩૨૯)**

» અનેક વેળા આપણે વધસ્થંભે ચઢ્યાં જ કરવાનું રહે છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૩૨)**

» કસોટીમાંથી સહીસલામત પસાર થયા વિનાનો સદ્‌ભાવ પણ શા કામનો? જગતવ્યવહારમાં લોક પણ નાણું પારખીને લેતા હોય છે, ત્યારે શ્રીભગવાન કંઈ સામાન્ય લોક કરતાં ઊતરતો તો ન જ હોઈ શકે ને? **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૩૩)**

» જે જીવ સાચી રીતે મથતો હોય છે, તે કદી પણ માથે હાથ દઈને બેસી રહેતો નથી, અથવા તો કદી પણ પરિસ્થિતિનો વાંક કાઢતો નથી. પોતાની અશક્તિ હોય, નબળાઈ હોય કે ગમે તેવું હોય તોપણ

તેને તે રૂપે જ સ્વીકારી લે છે. તેમાં તે કોઈ જાતનાં ગલ્લાંતલ્લાં કરતો નથી. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૩૮)**

» 'અમુક થયું તેથી તેમ થયું ને આમ હતું તેથી તેમ બન્યું' તેવું તે કદી કહેતો નથી. તે તો ખચકાયા વિનાનો સ્પષ્ટ, ખુલ્લો, હૃદયનો એકરાર કરી દે છે. જે જીવ પરિસ્થિતિથી લાચાર બન્યો એમ ગણાવે છે, તેવો જીવ પોતાની લાચારીને, પરિસ્થિતિને નિમિત્તે સંતાડે છે. એટલે જે જીવ સાવ ખુલ્લો નથી, તે કશાક નિમિત્તને પાછળ ઊભું કરતો હોય છે. તેવો જીવ ક્યાંક ને ક્યાંક જરૂર અટવાઈ જવાનો. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૩૮)**

» જે જે આત્મનિષ્ઠ થયા છે, તેમનામાં કંઈક કંઈક અમુક પ્રકારની વિચિત્રતાઓ—ખાસિયતો જોવામાં આવેલી છે. તો તેવું શાથી? એમ લોકો પૂછે છે. તેનો જવાબ એ છે કે સામાન્ય માનવી પ્રકૃતિવશ હોઈ વિચિત્રતાઓનો દાસ છે; જ્યારે આત્મનિષ્ઠમાં તો તેની સવિશેષતા છે, તે તેની લાક્ષણિકતા પણ છે.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૪૮)

» પ્રકૃતિ એના અસલ સ્વરૂપમાં તો અશુદ્ધિવાળી નથી, તે તો દ્વંદ્વની રમતમાં પડેલી છે. દ્વંદ્વ એ એનું લક્ષણ છે. એના ચણતરમાં જ દ્વંદ્વ રહેલું છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૪૮)**

» વ્યક્તિગત જીવનમાં શું કે સમગ્ર જીવનમાં શું કે સારાય સમાજ કે સૃષ્ટિના જીવનમાં શું—મન, બુદ્ધિ વગેરેથી જીવનના બધા પ્રશ્નો ઉકેલાઈ જવાના છે એમ અનુભવ તો બતાવી આપતો નથી. મન-બુદ્ધિ કંઈ કશાનું સમગ્રપણું તોલવાને, માપવાને, સમજવાને, અનુભવવાને કદી પણ શક્તિમાન નથી.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૫૨)

» આપણી સંસ્કૃતિમાં જે અનેક પ્રકારના સાંપ્રદાયિક મતો પ્રસર્યા, તે ત્યાગ અને ભોગ એ બેની વચ્ચેના બધા ફાંટાઓ છે. ત્યાગ કે ભોગ

બંને પ્રેમ-ભક્તિ-જ્ઞાન યોગની ભૂમિકાવાળા જ હોવા ઘટે, તો જ તે શોભે. (**'જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૬૮**)

» સંયમ અને દમન એ બેમાં ઘણો તફાવત છે. દમનથી બુદ્ધિ, પ્રાણ આદિ કુંઠિત બની જાય છે. જેમ નપુંસક માનવીમાં વાસના નથી હોતી એવું નથી હોતું. એવી રીતે કરણોને કુંઠિત બનાવીને આગળ વધવાના માર્ગને આપણી સંસ્કૃતિના અનુભવીઓએ સામાન્યતઃ નકાર્યો છે.
(**'જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૬૯**)

» લાગણીઓને પંપાળતા શબ્દોથી કે એવા પ્રકારના કાગળના લખાણથી આશ્વાસન આપવાની રીત એ જીવનવિકાસની ભાવનાને સાચી રીતે પ્રેરનારી નથી; એથી તો ઊલટું જીવન કે લાગણી વધારે લૂલી લૂલી બને છે. ભાષા એ તો જીવનને આકાર પમાડવાને ઘણું લૂલું ને અધૂરું સાધન છે. સાચું સાધન તો પ્રેમભક્તિ-જ્ઞાનયોગપૂર્વકની જીવનની તપશ્ચર્યા છે. શબ્દમાં, શબ્દલાલિત્યમાં, વિચારમાં ને લાગણીમાં રાચનારો જીવ જીવનવિકાસને સાચી રીતે સાધી શકવાનો નથી. (**'જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૭૨**)

» કંઈ કશા પર તિરસ્કાર કરવાથી તેમાંથી નીકળી શકાતું નથી, પણ ઊલટું કળણમાં વધુ ખૂંપી જવાય છે. (**'જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૮૩**)

» જીવનવિકાસના માર્ગમાં તિરસ્કાર, ઘૃણા, વેર, નિંદા, અવમાનના, અવગણના વગેરે વૃત્તિને સ્થાન જ નથી. ઘણાંને એમ કહેતાં જાણ્યાં છે કે 'પાપને ધિક્કારતાં શીખો, પાપીને નહિ.' પરંતુ પાપ ને પાપી તે બન્નેને એકબીજાથી અલગ પાડીને જુદાં જુદાં સમજી, તેમ ગણી શકવાની ખપમાં લાગે એવી સૂક્ષ્મ વિવેકશક્તિ સામાન્ય જીવમાં હોતી નથી. એટલે પાપને ધિક્કારવાની સાથે સાથે આપણું મન પાપીને પણ તેમાં સમાવી દેતું હોય છે. આથી આપણે તો સર્વ પરત્વે, સારા કે નરસા પરત્વે એકમાત્ર જીવતો સદ્‌ભાવ જ રાખ્યા કરવાનો હોય. જો આપણા જીવનમાં જીવનવિકાસની ભાવનાનું મહત્ત્વ

પ્રકટેલું રહ્યાં કર્યું હશે, તો નરસાની પરત્વે આપણે વળગી શકવાના નથી અથવા વળતાં વળતાં જાગી જઈને બચી શકવાનાં છીએ તે નક્કી જાણવું. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૮૪)**

» સજાગ અને મથતા માનવીને તો ડગલે ને પગલે વિચારવાનું હોય છે. એને તો પળેપળ યુદ્ધની સ્થિતિમાં જતી હોય છે. આંતર-બાહ્ય બધે જ સંગ્રામ પ્રકટેલો રહ્યા કરે છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૯૫)**

» સાંસારિક જીવનની સાંકળથી મુક્ત થઈ જ શકાતું હોય ને બીજી બાજુથી માનવીની મહેચ્છા આધ્યાત્મિક જીવન પરત્વેની થોડીઘણી પણ હોય તો, તેવા જીવે પ્રાર્થના કરી શ્રીભગવાનની મદદ માગવી રહી. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૩૯૭)**

» જીવપ્રકૃતિને ચેતનપણામાં જ્ઞાનપૂર્વક લય પમાડી દેવી એનું નામ મરીને જન્મવું. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૦૫)**

» કેટલાય જીવો પોતાની અશક્તિનો, પ્રકૃતિનો, તામસનો અથવા ખાલી ખાલી પડી રહી એળે સમય ગુમાવવાપણાની નિષ્ક્રિયતાનો ઉપર ઉપરથી તો દોષ કાઢતા ને સ્વીકારતા જાણેલા છે. પરંતુ અંતરમાં, અંતરથી તેવી પોતાની દશા નિર્મૂળ કરવાને મુદ્દલે તેઓ સાચી રીતે ઉત્કટ તમન્નાથી હૃદયમાં ઝંખતા હોતા નથી. સાધકે પોતાના અંતર્યામી સાથેનો આંતરિક સંબંધ કોઈ ને કોઈ સાધનથી કરી, સતત પળેપળ એકધારો જીવતો થઈ શકે, તે તેવા ભાવમાં એની સાથે હૃદયથી હૃદયમાં એકરસ થઈ શકે એવા જ્ઞાનભક્તિપૂર્વકના પ્રયત્નમાં રહેવું જોઈએ.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૦૮)

» જીવનવિકાસ પરત્વેનો જે આશાવાદ છે, તે તો જ્યાં ને ત્યાં અને જેમાં અને તેમાં બાથોડિયાં મારતો હોતો નથી. એનો માર્ગ તો નિશ્ચલ હોય છે અને એની મતિ-ગતિ પણ નિશ્ચલ હોય છે. એનો નિર્ણય પણ નિશ્ચલ હોય છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૧૧)**

» ગુરુનાં ચરણસ્પર્શ કરવાં, સાષ્ટાંગ દંડવત્ પ્રણામો કરવા, ચરણામૃતો પીવાં, ફૂલો ચઢાવવાં, ધૂપ-દીવા કરવા, પૂજા-અર્ચન કરવાં, અગરબત્તાં સળગાવવાં, માળાઓ પહેરાવવી, ભેટસોગાદો ધરવી—એવું બધું ને એટલું જ માત્ર કરવું—એનાથી જીવનવિકાસની દિશામાં કશું જ ન વળી શકે. જે કામ કરવું છે તેની જાગૃતિ, ચીવટ, ખંત, કાળજી વગેરે હજી ક્યાં પ્રકટ્યાં છે? પોતાના કામનું જીવતું રટણ, રોજિંદા વ્યવહારવર્તનમાં ક્યાં રહે છે? ખાલી 'ગુરુ, ગુરુ' કર્યે શું વળી શકે? ખાલી ગુરુના નામના જયનાદો અને પોકારો કર્યે શું થઈ શકે? આ તો બધી છે બહિર્પૂજા. તેનુંયે સ્થાન છે, જો તેથી આંતરિકભાવ તેના યથાર્થપણામાં પ્રકટી શકતો હોય તો, નહિતર નહિ. તેથી તો બહુબહુ તો આ માર્ગની અભિરુચિ ઊપજે, તેથી વિશેષ કશું નહિ. માટે જે ખરું કરવાનું છે, તે કરવા દિલ લાગી જવું જોઈએ. ગુરુની સાથે આપણા હૃદયના તારનું જ્ઞાનપૂર્વકનું હૃદયમાં હૃદયથી અનુસંધાન પળેપળ સંપૂર્ણ ચેતનયુક્ત જાગૃતિમાં થઈ જવું ઘટે. એવું અનુસંધાન જ્યારે જીવની દશામાં હૃદયમાં પ્રકટે છે, ત્યારે જ સાધના સહજમેળે થયા કરે એવી કક્ષામાં પ્રવેશવાનું બની શકે છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૧૬–૪૧૭)**

» રાગદ્વેષમાંથી ઊગરવાને કાજે આપણે કંઈ ખાસ મથામણ નથી કરવાની પણ ખરી મથામણ તો કરવાની છે પ્રભુમય જીવન જીવવા કાજે. તેવું જીવન જીવવાની કળા જો પ્રભુકૃપાથી પ્રાપ્ત થઈ શકી તો રાગદ્વેષનો વંટોળિયો જીવનમાંથી આપમેળે અદૃશ્ય થઈ જવાનો છે. રાગદ્વેષ ને દ્વંદ્વાદિથી મુક્તિ મેળવવાને જે જીવ જહેમત ઉઠાવવાનું કરે છે, એવા પ્રયત્નમાં જીવનનું કલ્યાણ નથી એમ કહેવાનો તો આશય ન જ હોય, પરંતુ એ બધુંય પ્રભુમય જીવન થઈ જતાં આપોઆપ ફલિત થવાનું જ છે. એટલે જે ઝોક દેવાનો છે તે ગુણોની પ્રાપ્તિની સાધના પર નહિ, પરંતુ આંતરિક જાગૃતિ ને પ્રભુભાવ ઉપર ખરો ઝોક દેવાનો છે. **('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૨૦–૪૨૧)**

» ભાવનાને કર્મમાં પ્રવેશ કરાવવી ઘટે. કર્મનું પરિણામ ને તેની કક્ષા— ભાવના જો તે કર્મમાં હોય ને તે પણ તે હેતુના જ્ઞાનપૂર્વકની હોય તો બદલાતાં રહે છે. જ્યારે કર્મ અતિ ઉત્તમ કક્ષાની હોવા છતાં જો ભાવના જ્ઞાનપૂર્વકની ઉત્તમ કક્ષાની તેમાં જીવતી રહ્યા કરેલી ન હોય; તો તેવા ઉત્તમ કર્મનું પરિણામ ઉત્તમ પ્રકારનું ન પ્રકટી શકે.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૨૯)

» આપણે જે કામ હાથમાં લીધું હોય, ત્યાં જે કામ આવી મળ્યું હોય તેમાં ફત્તેહ ધારો કે ન મળે, તોપણ તે કામ પરત્વેનો ઉત્સાહ હૃદયમાં જીવતો રાખ્યા કરવો. આપણે તો કામ સાથે ને તેમાં રહેલાં અંતર્ગત ભાવ સાથે નિસ્બત છે, કામના પરિણામ સાથે નિસ્બત નથી. કામ કર્યેથી ને કામ કરતાં રહેવાથી પરિણામ તો નિશ્ચિત છે. સંકલ્પની શકિત ઘણી મોટી છે. આત્મવિશ્વાસ પ્રકટ્યા વિના સંકલ્પમાં શક્તિ જીવતી થઈ શકતી નથી. માટે જે કામ હાથમાં લઈએ તે સંપૂર્ણ આત્મવિશ્વાસ દૃઢાવીને લઈએ અને પૂરું કરીને જ જંપીએ.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૩૦)

» કામ કરતાં કરતાં તે કામથી ક્યાંય પણ રાગદ્વેષ ન પ્રકટે તેની તો પૂરેપૂરી જીવતી ચોકી રાખ્યાં કરીએ. સાધકનું પ્રત્યેક કર્મ રાગદ્વેષ ઘટાડનારું હોવું ઘટે, એવી જાગૃતિ રાખીને આપણે સંસારમાં વર્તવાનું છે.

અવગુણ કે દોષનો સ્વીકાર જેમ તેનાથી પર થવા કાજે છે, તેવી રીતે કર્મનો સ્વીકાર તેનાથી રાગદ્વેષાદિની મુક્તિ કાજે છે.

('જીવનપોકાર', આ. ૪, પૃ. ૪૩૦)

» જીવનમાં જીવનની ધ્યેયની ભાવના જ્વાળામુખીના જેવી ધગધગતી જ્યારે જ્વલંતપણે પ્રકટી ઊઠતી હોય છે, ત્યારે ધ્યેય પરત્વેની ભાવના પ્રમાણેનું વર્તન પ્રત્યેક થતા જતા કર્મમાં પ્રકટી શકે છે અને એવો માનવી સજાગ રહી શકે છે.

» સ્ફુટપણે કશું સમજવાની ઈચ્છા ન રાખવી. જેટલું વધારે સૂક્ષ્મપણે કહેવાયેલું આપણાથી સમજાય તેટલું વધારે સારું. એથી આપણી

બુદ્ધિ કસાય છે ને વધારે સૂક્ષ્મ થાય છે. વસ્તુનું યથાર્થપણું શું છે અને આપણી પરિસ્થિતિને અનુકૂળ શું છે, તે પણ એને લીધે આપણને સમજાવા માંડે છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨–૩)**

» પૈસાની ગણતરી કરવાની નથી. એ જેટલું આ માર્ગમાં સારું છે, તેટલું જ સારું એનો અયોગ્યપણે વ્યવહાર ન થાય તે જોવાનું કામ પણ છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૪)**

» ઇચ્છાશક્તિનું બળ, વૃત્તિ, વિચાર કે વાસના કરતાં ક્યાંય અનેકગણું વધારે છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૫)**

» આપણો ધર્મ તો નિર્બળ તરફ હમદર્દી રાખવાનો અને ખોટાં કામ કરનારને પણ ચાહવાનો છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૧૨)**

» જગત છે ત્યાં સુધી એમાં અનેક પ્રકારના પ્રવાહો અને સામા પ્રવાહો રહ્યા જ કરવાના. સત્ ને અસત્—સુખ ને દુઃખ, પ્રકાશ ને અંધકાર—એવાં દ્વંદ્વો દુનિયામાં તો રહ્યાં જ કરવાનાં. હા! એમ બને કે કોઈ વાર સત્ વધારે પ્રમાણમાં પ્રધાનપણે રહ્યા કરે ને તેને આપણે 'સત્યયુગ' કહીએ છીએ. આવી રીતે સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ ને કળિયુગ—એમ ચાર કાળની કલ્પના ઉદ્ભવેલી હશે. દરેક યુગમાં થોડા પ્રમાણમાં બાકીના ત્રણ યુગો હોય છે જ અને આપણામાં પણ ચારે યુગો છે. તેમાંથી બીજા યુગોને ઘટાડી ઘટાડીને ને પછી તો સત્યયુગની પણ ઉપર થઈને જીવવાનું આપણું તો ધ્યેય છે. સ્થળ અને કાળ તો આપણા શરીર તથા તેની અંદરનાં તત્ત્વોની રમતને અંગે છે ને એમને લીધે છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૧૫–૧૬)**

» જે કંઈ છે તે યથાયોગ્યપણે જ મળેલું છે એટલે કશુંય નકારવાનું નથી, પણ જે છે તે સાધનાની દૃષ્ટિએ અને રીતે ઉપયોગ કરવાનો છે—ને તે અંગેની સમજ વધાર્યા કરવાની છે.

આપણને મળેલું જગત, શરીર, માતાપિતા, સગાંવહાલાં, ભાઈભાંડુ, પતિ-પત્ની, માલ-મિલકત, સંજોગો, પરિસ્થિતિ

અને એ બધાં ઉપરાંત આ જીવન પણ માત્ર સાધનાના ઉપયોગ માટે મળેલું છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૦)**

» જગતમાં કે જીવનમાં જો લાંબી દૃષ્ટિ કરીને જોઈએ તો જણાશે કે કોઈપણ ક્યાંયે સ્વતંત્ર નથી. આપણી માનેલી સમજણ, આપણી માન્યતાઓ, જીવનનાં સુખનાં સાધનોની આપણી સમજૂત—એ પ્રમાણે જ એ બધું નિર્વિઘ્ને ચાલ્યાં કરે. એમાં સળંગપણું રહ્યાં કરે, ક્યાંયે જરાપણ અથડામણ ન થાય એવા સંજોગો ને એવી વૃત્તિને આપણે સ્વતંત્રતા માની લઈએ છીએ પણ ખરી રીતે એમાં સ્વતંત્રતા નથી. એ તો ઇન્દ્રિયોની વૃત્તિઓના ગુલામ થતા જવાનો રસ્તો છે. જગતમાં કોઈપણ સ્વતંત્ર નથી. જેણે શ્રીભગવાનને અનુભવ્યો છે તે જ એકમાત્ર સ્વતંત્ર થઈ શકે છે. બાકીનાં બધાં તો ઘટમાળાની ગુલામીમાં જ પડી રહેલાં છે ને ઘટમાળાની ઘરેડમાં તો કોણ નથી? **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૩)**

» જગત મિથ્યા નથી, અસત્ય નથી પણ જગતને જોવાની આપણી દૃષ્ટિ અસત્ય છે. જ્યારે આપણે ભાવનામય થઈ જઈએ છીએ, ત્યારે જગત 'જગત' તરીકે રહેતું નથી; શ્રીભગવાનના વ્યક્ત સ્વરૂપ તરીકે આપણને તે દેખાય છે.

વ્યવહારને આપણે નકારવાનો નથી, તેમજ વ્યવહારને તાબે પણ થઈ જવાનું નથી. આપણે શ્રીભગવાનના એક જીવંત સજ્ઞાન, સભાન ચેતના—વાહન તરીકે સંસાર-વ્યવહારમાં જીવવાનું છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૮)**

» સતત અભ્યાસ અને વૈરાગ્ય વિના આપણને સાચી દૃષ્ટિ, સાચું જ્ઞાન મળે નહિ. અભ્યાસ એટલે કે આપણે જે ધ્યેય ધાર્યું છે—શ્રીભગવાનને મેળવવાનું—તેનું જ સતત ચિંત્વન પ્રેમભક્તિ ભાવે, આપણામાં જાગ્રત રહ્યા કરે તે. તે આપણી જિજ્ઞાસા ને તમન્નાને વેગવંતી, પ્રાણવાણી, બળવાળી અને ચેતનવંતી બનાવ્યા કરશે. આ સઘળું થવા માટે આપણામાં વૈરાગ્યની ભાવના પણ ખૂબ જાગેલી

હોવી જોઈએ. વૈરાગ્ય એટલે 'સંસાર, જગત મિથ્યા છે' વગેરે વિચારો નહિ પણ કોઈપણ બાબતની આપણને આસક્તિ ન રહે, રાગ ન રહે એનું નામ વૈરાગ્ય. વૈરાગ્ય એટલે નિષ્કામ, નિર્મોહ, નિરાગ્રહ, નિરંહકાર, નિર્લોભ વગેરે વગેરેની સમગ્રતા.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૯–૩૦)

» પર્વતની મોટી મોટી શિલાઓની અંદર રહેલું પાણી તેનાં છિદ્રોમાંથી પણ વહેવાને જોર કરી રહેલું હોય છે. તેવી રીતે આપણી અંદર રહેલો ભગવાન પ્રકટ થવાને માટે હંમેશ તૈયાર હોય છે. માત્ર આપણી તૈયારી કે તમન્ના જાગેલી હોતી નથી. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૨–૩૩)**

» આપણે માટે કોઈક કશું કરે અથવા બીજાનું રાઈ જેટલું પણ જે સારું હોય, તે આપણને ભાવનાથી કરીને પહાડ જેવું લાગ્યાં કરે એવી સાધકની દૃષ્ટિ કેળવાવી ઘટે. આથી પરસ્પર હૃદય વધુ પાસે આવ્યા કરશે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૪૮)**

» પ્રેમને તો આપણે આપણી ભૂમિકાના માપથી માપવા મથ્યા કરીએ છીએ એટલે જ વાંધો આવે છે ને? લોકો જેને 'પ્રેમ' 'પ્રેમ' પોકાર્યા કરે છે તે પ્રેમ નથી, પણ પોતાના સ્વાર્થની સમજણ પ્રમાણેની માત્ર તેવા પ્રકારની લાગણી છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૫૪)**

» આપણું કોઈ કર્મ યોગ્ય હતું કે નહિ તે સમજવાની ઉત્કંઠા ને આતુરતા હોય તે સમજી શકાય, પરંતુ એક વખત કર્મ કરી દીધા પછી એ વિશે ઝાઝી ફીકર ચિન્તા સેવ્યા ન કરવી. જે તે બધો વિચાર કર્મના આરંભમાં કરવો. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૬૦)**

» શ્રીસદ્‌ગુરુ અંગેનો કે આપણા સાધના માર્ગ અંગેનો આપણી આજુબાજુઓમાં, સગાંસંબંધીઓમાં કે મિત્રોમાં વાણીથી યા લેખનથી ઝટ દઈને અધીરાઈભર્યો પ્રચાર કરવા ન મંડી પડવું. આપણા જીવનનો વિકાસ અને આપણા સ્વભાવનું રૂપાંતર જેમ જેમ થતાં જશે, જેમ જેમ એની સુંદર છાપ, અસર તેઓ ઉપર પડતી જશે, તેમ તેમ તેમને તેમને પણ આ માર્ગના મહત્ત્વ વિશે આપમેળે લાગ્યા

વિના રહેવાનું નથી અને એવું લાગવું બને તે વધારે તત્ત્વવાળું ને ઊંડી અસર કરનારું નીવડશે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૬૧)**

» જીવનવિકાસ કાજે રચનાત્મક બાજુનું વાચન આપણી સમજણ કેળવવાને માટે મદદરૂપ થઈ પડે ખરું. જે કંઈ કરીએ તે સાધનાના અંગ તરીકે ગણી લેવાનું છે. એવું વાચન તે પણ ભાવનાના વિકાસ કાજે છે એ દૃષ્ટિએ વાંચવાનું કરીએ તો ફાયદો થાય.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૬૨)

» દોષના વારંવાર વિચાર ન કરવા. એના કરતાં તો શ્રીભગવાની ભક્તિમાં મન પલળેલું રહે એ વધારે ઉત્તમ છે. માત્ર દોષો ખોળવાને જ મથવાનું નથી. એનો અર્થ એમ નથી કે દોષો પ્રતિ દુર્લક્ષ કરવાનું કર્મ તો કોરું કોરું કર્મ છે. એના કરતાં પ્રભુભાવથી ભીંજેલું હૈયું રાખવાનો પુરુષાર્થ થતો રહે તો સર્વ કાંઈ સુતરું સુતરું વહ્યા કરે.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૬૩–૬૪)

» જીવનમાં જ્યારે ઘણા co-incidents—યોગાનુયોગ-થાય ત્યારે તેમાં ક્યાંક દિવ્ય સાંકળ છે એવા અનુમાન ઉપર આવે ને એને એવા હકીકતપણામાં માને તો તે માત્ર કલ્પના છે એમ ન કહી શકાય. ને એવાને માટે પ્રત્યક્ષપણે શ્રદ્ધા-વિશ્વાસ જીવંત કરનારું પણ તે નીવડી શકે છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૬૪)**

» સદાચાર એ આધ્યાત્મિક જીવનનો મૂળ પાયો છે. તેમ છતાં સાધક પોતાના અંતરાત્માની સાધનામાં ઊંડો ને ઊંડો જેમ જેમ અનુભવે દૃઢ થતો જાય છે, તેમ તેમ ઉપર જણાવેલ પ્રદેશમાં પણ તે બદ્ધ રહી શકતો નથી. એક કાળે સદાચાર એ એના જીવનનો મૂળ પાયો હતો ને હકીકતપણે સત્ય હતું, ને તે જ સર્વસ્વ કંઈ હતું, પરંતુ આગળ જતાં, હવે તે પ્રદેશનું કાર્ય પૂરું થઈ જતાં, તે પ્રદેશ—ભૂમિકા—પર પહેલાં જેટલો જીવતો ઝોક તેનો રહેતો હતો, તે જીવંત ઝોકનો પ્રદેશ હવે કોઈ ઉચ્ચતર દશામાં વળી રહેલો હોય છે; એટલું જ અને ત્યાંયે પોતાની જ્ઞાનભક્તિપૂર્વકની જીવંત તટસ્થતા તો તે રાખ્યા જ કરતો હોય છે. **('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૨૪૬)**

» જે ગરીબ બકરીથીય વધારે ગરીબ છે, તે સાથે સાથે જેના અંતરમાં સિંહના જેવી શક્તિ ભરેલી છે, તે સાચા અર્થમાં નમ્ર છે.

શક્તિ પોતે જ નમ્રમાંયે નમ્ર અને ઉગ્રમાંય ઉગ્ર છે. જો તે સ્વભાવતઃ નમ્રથીયે નમ્ર ન હોત તો જડ જેવા દેખાતા પદાર્થમાં તે ક્યાંથી ભળી ગઈ હોત?

» શૂન્યતા એ નમ્રતાનું અંતિમ માપ છે. શૂન્યતા એટલે અહંતાનો સર્વાંશે લય.

જેનામાં લેશ પણ અહંતા કે અભિમાન નથી રહ્યું, તેને જ નમ્રતા વરે છે.

અહંતા કદી કદી તો નમ્રતાનો સ્વાંગ સજીને પોતાનો વેશપલટો છુપાવે છે. **('જીવનમંથન', આ. ૪, પૃ. ૨૪૭ થી ૨૪૯)**

» કોઈ આપણો વિરોધ કરે, ત્યારે આપણે ધીરજ ન ખોઈ બેસીએ, અને જેની સાથે આપણને વિરોધ થાય, તેના પ્રત્યે પણ આપણે નમ્રતાથી અને આધ્યાત્મિક સદ્‌વૃત્તિથી વર્તીએ.

સાધારણતઃ આપણો એ સ્વભાવ જ થઈ ગયો છે કે કોઈ આપણા મતને ન માનતો હોય, એને આપણે આપણો વિરોધી માની લઈએ છીએ. આ અસહિષ્ણુતાનું સ્વરૂપ છે.

('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૨૫૧)

» ઊંડા વેર હંમેશાં કોઈ ને કોઈ જાતનાં ઊંડા ઘાને લીધે જન્મે છે. પછી ભલે ઘા કરનાર વ્યક્તિ કોઈ બીજી જ હોય. ઘવાયેલો માનવી પછી જોઈ શકતો નથી કે, 'ઘા કરનાર કોઈક છે ને હવે હું જેને ઘા કરું છું તે તો બીજું જ કોઈક છે.' **('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૨૫૨)**

» ભયાનક અને અનિષ્ટ દેખાતી પ્રવૃત્તિમાં પણ, એટલે પ્રત્યેક પ્રકારની પ્રવૃત્તિમાં અને પ્રકૃતિમાં, ઇષ્ટ ને અનિષ્ટ એમ બંને પ્રકારો હોવાના.

કોઈપણ કામ કરવાની રીતમાં પણ આવી 'સાચી અને ખોટી' રીતનું સંમિશ્રણ હોવાનું.

સામાન્યપણે અનિષ્ટ ગણાતી વસ્તુનો કે પરિસ્થિતિનો સામનો કરવાનો આવે, ત્યારે એમાં પણ કશુંક તો ઇષ્ટ છે, એમ સમજીને તેનો સામનો જ ન કરવો એ જેમ એક પ્રકારની ભ્રમણા કે અયોગ્યતા છે, તેમ તેનો સામનો કરવામાં તાટસ્થ્ય ગુમાવી કડવાશ ધારણ કરવી એ બીજા પ્રકારની ભ્રમણા છે. (**'જીવનસંદેશ', આ. ૪, પૃ. ૨૫૨–૨૫૩**)

» સંપૂર્ણ સમભાવ અને પ્રેમજન્ય સમજણથી આપણે જગતનાં અનિષ્ટોનો સ્વીકાર કરવો જોઈએ અને તેનો જરૂર લાગે ત્યાં જરૂર પડે તેટલી જ માત્રામાં સામનો કરવાનો આવે તો તે કરવો જોઈએ.
(**'જીવનસંદેશ', આ. ૪, પૃ. ૨૫૩**)

» દિવ્ય ચેતનાશક્તિ તો માનવીને જેવો હોય તેવો ને તેવો જ સ્વીકારે છે; ને તે નિર્બળ હોય કે સબળ; જગતની દૃષ્ટિએ અનિષ્ટ હો કે ઇષ્ટ હો, તોયે તેના પર પ્રેમ રાખે છે, કેમકે જેઓમાં એ ચૈતન્યશક્તિએ વાસ કર્યો હોય છે, તેઓનો પ્રેમ તો સ્વયંભૂ ને નિરાલમ્બ હોય છે. આ પ્રેમશક્તિથી જ દુષ્ટમાં દુષ્ટ લૂંટારાને કે અધમાધમ પતિત માનવીને તેઓ સંત કોટિમાં પલટાવી શક્યા છે.
(**'જીવનસંદેશ', આ. ૪, પૃ. ૨૫૩**)

» સત્કર્મનો બદલો સત્કર્મ જ આપી શકે, તેમાં અપેક્ષાને સ્થાન નથી.

» વાસનાઓનો એમની એમની રીતે ઉપયોગ કરવા જતાં એમનો વેગ વધવાનો છે. એ રીતે તેમની શુદ્ધિ સાધી શકાય નહિ, પણ એમના વહેણના પરથી ભિન્ન રીતે તેનો જ્ઞાનભક્તિપૂર્વક ઉપયોગ કરવાનો છે. નથી એમને નકારવાની કે નથી એમને જડ બનાવી દેવાની. નકારી કે જડ બનાવી દીધે કંઈ એમનું અસ્તિત્વ નાશ પામી જવાનું નથી.

» જે ગતિમાંથી આપણામાં જીવંત શ્રદ્ધા જન્મે, જે ગતિમાંથી હૃદયમાં ભક્તિની પ્રેરણા જાગે, સચરાચરમાં વ્યાપી રહેલા ચૈતન્યને અંતરના ઉમળકાથી પ્રણામ કરવાની સહજ ઊર્મિ જાગે ને એવું જ્યાં જ્યાં ને જ્યારે જ્યારે થાય, ત્યાં ત્યાં પોતાનાં શ્રીગુરુચરણ છે એમ અનુભવવું. (**'જીવનપાથેય', આ. ૩, પૃ. ૧૩**)

» નમવું એટલે જેમને નમન કરવામાં આવે છે, તેનામાંથી ગ્રહણ કરવા લાયક જે કંઈ ઉત્તમ હોય, તે ગ્રહણ ને સ્વીકાર કરવાની હૃદયની ઉત્કટ ભાવનાથી નમીને તે લેવા જવાનો ભાવ રાખવો તે.

સ્થૂળ નમવામાં કશો લાભ નથી, બલ્કે દંભ વધવાનો સંભવ છે. સંતમહાત્માઓને માત્ર પગે લાગવાથી કશું વળે નહિ.

('જીવનપાથેય', આ. ૩, પૃ. ૧૩)

» જેને ચિંતા હોવાનાં પૂરતાં સબળ કારણો હોવા છતાં તેનો કશો ભાર જ્ઞાનપૂર્વક લાગતો નથી, એવી પ્રેમભક્તિપૂર્વકની સ્થિતિને પ્રસન્નતા કહી શકાય.

પ્રસન્નતા એ કંઈ ઊભરાની સ્થિતિ નથી કે કોઈ ઊર્મિનું વેવલાપણું પણ નથી. **('જીવનપાથેય', આ. ૩, પૃ. ૩૩)**

» માનસિક ને ઐહિક વિકાસ માટે જેમ અનેક પ્રકારનાં શિક્ષણો લઈએ છીએ, તેમ જીવનવિકાસ અર્થે શારીરિક ને માનસિક કષ્ટ ભોગવવાની ને ઉત્સાહપૂર્વક શારીરિક શ્રમ ઉઠાવવાની તાલીમ ઘણી જરૂરની છે.

» અત્યાર સુધી જેને આપણે ત્યાગ માનતા હતા, તે ત્યાગ ન હતો. સાચો ત્યાગ તો આનંદમાં પરિણમે. બેળેબેળે થયાં કરેલું હોય તેને ત્યાગ ન કહી શકાય. **('જીવનપાથેય', આ. ૩, પૃ. ૮૮)**

» સમર્પણયજ્ઞ આપણાં અંદરનાં કરણોને તેમના પ્રકૃતિ ધર્મમાંથી મુક્તિ અપાવે છે, જ્યારે જીવપ્રકારનું ઘસાવાપણું કે આપવાપણું આપણને વધારે જકડાવે છે.

» જોબનિયું તો ચાર દિવસનું ચાંદરણું છે. તેનો ઉત્તમ ઉપયોગ આત્માની પિછાણ કરવામાં થવો ઘટે. સંસારીને મન તે અમર છે. સાધકને મન તેમ નથી. તેને ગમે તેમ ખર્ચી નાંખ્યે પાલવે નહિ— જે કરી લેવાનું છે, તે ત્યારે જ કરી લેવાનું છે. યુવાની એ જીવનનો સર્વશ્રેષ્ઠ કાળ છે. સાધન માટે પણ આ જ સમય ઉત્તમોત્તમ છે. સાહસ અને અજાણમાં ભૂસકા મારવા એ તો માત્ર યુવાની જ કરી

શકે. સાધકનો પ્રથમ ધર્મ આ ગાળાને પ્રેમથી ઉત્સાહમાં—આદર્શની રણભૂમિમાં—જોડી દેવાનો છે. (**'જીવનમંથન', આ. ૨, પૃ. ૮૯–૯૦**)

» નબળાઈનો સ્વીકાર સબળ થવા માટે છે—નબળાઈમાં પડી રહેવા માટે નથી.

માનવી માનવીને ચાહે છે, તે માનવીને માટે નથી ચાહતો, પરંતુ કોઈ ને કોઈ જાતના તેના તરફથી સંતોષાવાપણા માટે ચાહે છે કે વળગે છે, એટલે કે પોતાને માટે જ ચાહે છે.

(**'જીવનમંથન', આ. ૨, પૃ. ૧૧૦–૧૧૨**)

» જે કાંઈ બોલવાનું હોય તે ઉપરછલ્લું ન હોય પણ અંતરને પ્રકટ કરનારું હોય. સ્વભાવથી, લાગણીથી પ્રેરાઈને તેના હથિયાર તરીકે જે બોલવાનું થાય ને બોલી દેવાય તે જુદું અને લાગણીને આપણે વાપરીએ છીએ તેવા સભાન જ્ઞાનપૂર્વકના ખ્યાલ સાથે એનો જે ઉપયોગ બોલવામાં થાય તે હકીકત જુદી છે. પહેલામાં બોલાયેલા બોલ આપણા માલિક બની બેસે છે, જ્યારે બીજામાં બોલાયેલા બોલના આપણે માલિક બનીએ છીએ.

(**'જીવનમંથન', આ. ૨, પૃ. ૧૨૬**)

» અમથું અમથું મનને અન્યથાપણામાં ભટકાઈ પડવાની ટેવ હોય, તો તેવી ટેવથી મુક્તિ પામ્યા વિના સામાના દિલને સાચી રીતે આપણાથી સમજાઈ શકાવાનું નથી. (**'જીવનમંથન', આ. ૨, પૃ. ૧૩૩**)

» ગુરુનું કાર્ય તો ડૉક્ટરનું છે. રોગ, ગુમડાં, ચાંદાં આદિ દૂર કરવાનું ને જરૂર પડ્યે નસ્તર—ઑપરેશન—કરવાનું કાર્ય છે. તેવી વેળા તે ક્રિયાને જે પ્રેમથી આવકારે છે, તેનો વિકાસ ઝડપી બને છે.

(**'જીવનમંથન', આ. ૨, પૃ. ૧૩૩**)

» તાલાવેલીમાં લાગણી—ભાવનાનું પૂર હોય છે ખરું, ને તે તેમાં જ—એકમાં જ—એકાગ્ર ને કેન્દ્રિત કરી મૂકે છે, પરંતુ સાથે સાથે તટસ્થતાનો ગુણ ત્યારે કેળવાયેલો હોય તો તાલાવેલીથી પણ તે

આગળ લઈ જશે. તાલાવેલી થવી તે ઉત્તમ છે, પણ તેમાં ગળાડૂબ ડૂબી જવાય તે ઠીક નથી. તાલાવેલી ડૂબી જવા માટે નથી, પરંતુ ઊર્ધ્વ થવા માટે છે. તેનો ઉપયોગ હોય, ઉપભોગ નહિ.

(**'જીવનમંથન', આ. ૨, પૃ. ૧૩૮**)

» ખુલ્લી આંખે જે જોયેલું હોય, કાનોકાન જે સાંભળેલું હોય, તોપણ તેવા જોવામાં અને તેવા સાંભળવામાં મનની સમજણ જે પ્રકારની હોય તે સમજણના પ્રકારના ઢાળમાં જ તે જોવાનો, સાંભળવાનો મર્મ આપણને સમજાય છે—તે ક્રિયાઓની પાછળ જોનાર અને સાંભળનાર ખરી રીતે મન છે અને મનની સમજણ સત્ય હોઈ શકતી નથી. નજરે જોયેલું અને કાનોકાન સાંભળેલું પણ કેટલીક વખત આપણો સમજ્યા હોઈએ છીએ, તે કરતાં જુદું હોવાનો સંભવ છે, એટલે કે ખોટું હોવાનો સંભવ છે. (**'જીવનમંથન', આ. ૨, પૃ. ૧૩૮**)

» બીજાના કહેવા પ્રમાણે હેતુપૂર્વક ને જ્ઞાનપૂર્વક આચરણ કરવાથી આપણે નિરાગ્રહી બનતા જઈએ છીએ, કારણ બીજાનું કહ્યું કરવામાં આપણી સમજણથી બીજી રીતે પણ વર્તવું પડે છે ને તે રીતે આપણા અહમ્‌ને ઓગાળવાનું બનતું રહે છે. બીજાનું કહ્યું આનંદથી ને હેતુપૂર્વક કરવા જતાં આપણે ગુલામ નથી બની જતા, ઊલટું આપણે સામાના કરતાંય આપણી જાતને ઊંચે પ્રકટાવતા જઈએ છીએ; જેમ વજનદાર વસ્તુ હલકી બની જતાં તે હવામાં પણ અદ્ધર તરી–રહી શકે છે તેમ. સ્વયંસ્ફૂર્તિ ને ઉત્સાહથી પોતાના વિકાસાર્થે સર્વસ્વપણે ને સર્વ ભાવે કોઈ યોગ્ય સમર્થને શરણે જવામાં જીવનનો અદ્‌ભુત વિકાસ સાધી શકાય છે. શરણ એટલે ગુલામી નથી. શરણાગતિનું રહસ્ય મહામૂલું છે. (**'જીવનમંથન', આ. ૨, પૃ. ૧૪૫**)

» માનવી સર્વ કંઈ કરવા સમર્થ છે. જો આ વિધાનને સ્વીકારીએ તો પછી પ્રારબ્ધવાદ કે નિયતિ જેવું કશું રહેતું નથી. પ્રારબ્ધ, પુરુષાર્થ એવા બધા વાદ જેને ખરી ધગધગતી તમન્ના પ્રકટે છે, તેને વળગી શકતા નથી. (**'જીવનમંથન', આ. ૨, પૃ. ૧૪૮**)

» જગતમાં, કુદરતમાં જ્યાં જુઓ ત્યાં સુસંવાદ, સુમેળ છે. વિસંવાદ લાગે છે પણ તે તો માત્ર સપાટી ઉપરનો. સમુદ્રમાં મોટાં મોટાં મોજાંઓ ઊછળે છે ખરાં, પણ એની ભીતરમાં તો ગંભીરતા ને સ્થિરતા છે. આટઆટલાં વિખવાદ, આટઆટલાં કારમાં વિશ્વયુદ્ધો, અનેક પ્રકારના દ્વેષો, અથડામણો—આ બધું હોવા છતાં સમાજ ટકી રહ્યો છે તે સુસંવાદના બળ ઉપર. એ સુસંવાદ માનવસમાજના હાર્દમાં ગૂઢપણે પડેલો છે. જેમ ચેતનને આપણે જોઈ શકતા નથી, પણ તે છે તે હકીકત છે, તેમ આ અંતર્ગત સુસંવાદનું પણ છે.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૧૬૫–૧૬૬)

» માનવી કેટલો બધો ભીરુ હોય છે, ક્યાંય યુદ્ધ આવ્યું, ક્યાંક મથામણ પ્રકટી, ક્યાંક અથડામણ થઈ કે જાણે ઊભી પૂંછડીએ ભાગે છે. જીવનનો સાધક તો સંગ્રામમાં પ્રેમથી, શૌર્યથી ઝઝૂમશે. એ તો જીવનમાં લડતાં લડતાં ખતમ થઈ જવાની ઉમળકાથી પૂરેપૂરી તૈયારી સેવતો હોય છે. એ તો કહે છે કે કદાચ હારીશું તો તે જીતવા માટે છે, તેવી તેની હારમાંથી પરાક્રમ અને મર્દાનગી પ્રકટે છે. શ્રીભગવાનને તે સમયે તે વધુ ને વધુ હૃદયથી વળગે છે. શ્રીભગવાન જ એનો સહારો છે, એમ તેને લાગી જાય છે. 'એક સહારો રામ' એ તે અનુભવે છે. શ્રીભગવાનને આર્તતા ને આર્દ્રતાપૂર્વક હૃદયથી કરેલા પોકાર અને તે સમયે એનાથી થતી ગદ્‌ગદ ભાવનાયુક્ત પ્રાર્થના એ જ એનો રામબાણ ઉપાય બની રહે છે.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૧૬૯)

» મૈત્રીની ભાવના જેમ જેમ વિસ્તારને પામે છે, તેમ તેમ સ્પર્ધાની લાગણી ઓસરવા માંડે છે, કરુણા જેમ જેમ જ્ઞાનપૂર્વક કેળવાતી જાય છે ને જેમ જેમ એનો વિસ્તાર વધે છે, તેમ તેમ અહંકારનો લય થતો જતો અનુભવાય છે. મુદિતાનો—સર્વ પ્રકારની પ્રસન્નતાનો—ઉદય થતાં અદેખાઈનો નાશ થતો જાય છે. નિઃસ્પૃહતાથી ક્ષોભ, ક્લેશ, મોહ, મમતા, આદિનો લય થવા માંડે છે. આથી સાધકે જીવપ્રકારની

પ્રકૃતિની લઢણોને—નકારાત્મક વસ્તુઓને—કાઢવા માટે તેના ઉપર જોશ ન દેતાં કે મહત્ત્વ ન દેતાં મૈત્રી, કરુણા, પ્રસન્નતા, નિઃસ્પૃહતા આદિ એવી સાત્ત્વિક ભાવનાઓને કેળવવામાં જાગૃતિ રાખી રાખીને જ્ઞાનપૂર્વક મથ્યાં કરવું જોઈએ. (**'જીવનમંથન', આ. ૨, પૃ. ૧૮૨–૧૮૩**)

» ભોગવવા જેવા તમામ પદાર્થોને વિશે ઉપયોગ પૂરતું તે લેવાનું રાખીએ. જેમ એરંડિયું પીવાની ગરજ—આવશ્યકતા—જ્યારે જાગે છે, ત્યારે તે ઉપયોગથી થોડુંય વધું લેવાનું કરતા નથી, તેમ વસ્તુઓને માત્ર નિર્વાહ પૂરતા યોગ્ય પ્રમાણમાં ઉપયોગ અર્થે વાપરવાની હોય.

જે કાંઈ સારુંનરસું, ઓછુંવધતું મળ્યા કરે એના વિશે સંતોષની લાગણી ધરાવવી. એમ કરવાથી સમતા કેળવવામાં મદદ મળશે.

ભૂખ, દુઃખ, અપમાન અને વિરોધી પ્રત્યે પણ પ્રીતિ રાખતા થઈ જઈ શકીએ તો બધે જ અનુકૂળતા પ્રાપ્ત થઈ જવાની છે. અપમાનને અમૃત કરી સેવનાર અને માનને ઝેર સમાન લેખનાર જીવને કદી પતન થવા પ્રસંગ આવતો નથી. માનથી દેહાભિમાન અને અહમ્ વધે છે. (**'જીવનમંથન', આ. ૨, પૃ. ૧૮૪–૧૮૭**)

» ગોઠે તો કામ ભોગવો, ગોઠે તો રામ ભોગવો.

» જીવનમાં સદ્ભાવનો સંપૂર્ણ પ્રભાવ પ્રકટ્યા વિના જે તે બધા જીવો સાથે આપણે ઉત્તમતાથી વર્તી શકવાના નથી.

» જ્યારે આપણે બોલીએ છીએ, ત્યારે શબ્દની ગતિનાં મોજાં આપણા અને બીજાનાં કાન પર પડે છે, તેવી રીતે તેજનાં કિરણોની ગતિને લીધે જોઈ શકીએ છીએ. શબ્દ અને તેજને ગ્રહી શકે એવું યંત્ર જો આપણા શરીરમાં યોગ્ય રીતનું ન હોય તો આપણે સાંભળી કે જોઈ શકતા નથી—જેમ કે બહેરો અને આંધળો. આ જ પ્રમાણે વિશ્વમાં જે સૂક્ષ્મ ક્રિયાઓ થઈ રહેલી હોય છે, તે પ્રત્યે આપણે બહેરા કે આંધળા છીએ. સ્થૂળ ઇન્દ્રિયો આ સૂક્ષ્મને ગ્રહવા અસમર્થ છે ને સૂક્ષ્મ ઇન્દ્રિયો જેની વિકસી નથી, તેને તે બધું કોયડારૂપ પણ ભાસે છે.

જ્યારે જેઓ શ્રીભગવાનની દિવ્ય સૃષ્ટિ સાથે ને તેના દિવ્ય હેતુ સાથે સંકળાઈ ચૂક્યા છે, જેમને દિવ્ય દૃષ્ટિ સાંપડી ચૂકી છે, તેઓ—એવા વિરલ આત્માઓ—માટીના દેહધારી હોવા છતાં પણ વિશ્વમાં વિલસી રહેલા સૂક્ષ્મ તત્ત્વોનાં આંદોલનો ઝીલી શકે છે—ગ્રહી શકે છે—તે સાથે તાર મિલાવી શકે છે, જોઈ શકે છે, સાંભળી શકે છે.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૨૭)

» સારુંયે વિશ્વ ગતિનું બનેલું છે, સચેતન અને અચેતન બધીયે વસ્તુઓમાં જેવી જેની પ્રકૃતિ તેવાં તેની ગતિનાં મોજાં. આપણાં પણ તેવાં ગતિનાં મોજાં છે. ક્રોધમાં હોઈએ, પ્રસન્નચિત્ત હોઈએ, વિકારી વૃત્તિમાં હોઈએ એમ ગમે તે વૃત્તિમાં હોતાં તેવાં પ્રકારનાં મોજાં પ્રકટેલાં રહે છે. વૃત્તિની જેવી ને જેટલી ઉત્કટતા એવાં એનાં મોજાં. જેને દિવ્ય દૃષ્ટિ સાંપડી ચૂકી છે, તે આવાં મોજાંઓને જોઈ શકે છે, પારખી શકે છે, આકલન કરી શકે છે.**('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૨૮)**

» જે બધામાંથી છૂટો થઈ ગયેલો છે, તેવો જ બધાનામાં એની રીતે જકડાયેલો પણ રહી શકે છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૩૧)**

» જે ભાવનાના ગુણો સ્ત્રીહૃદયમાં રહેલા છે, એને સ્ત્રીત્વ કહી શકાય. ભાવનાપૂર્વકનું એવું સ્ત્રીત્વ કેટલાક સમર્થ પુરુષોએ કેળવેલું જાણેલું છે. શ્રીરામકૃષ્ણ પરમહંસના જીવનમાં એવો ભાવ પ્રકટ્યાનું સુવિદિત છે, એટલે એવા સ્ત્રીત્વની ભાવના પુરુષપણામાં પ્રકટી શકે છે એની સંપૂર્ણ શક્યતા છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૩૨)**

» અતિ સ્થૂળ નિકટપણું પ્રેમને સમજવાને, અનુભવવાને આવરણરૂપ છે. જો આપણે સ્થૂળ રીતે નિકટવર્તી હોઈશું, તેમ છતાં હૃદયના પ્રેમને પારખવાની, સમજવાની ને અનુભવવાની કળા હૃદયથી જો નહિ સાંપડી હોય તો એવું નિકટપણું આપણને અંતરાયરૂપ પણ થઈ પડવાનું અને સ્થૂળપણે નિકટ હોવા છતાં અંતરમાં અંતરથી હજારો ગાઉ દૂર હોવાના.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૩૫)

» સામાન્યપણે તો કોઈપણ જીવને આપણે જે મદદ કરીશું તેનો ઉપયોગ તે પોતાની પ્રકૃતિ ને સ્વભાવ અનુસાર જ કરવાનો છે, તે નક્કી સમજી લેવું. તે મદદનો દુરુપયોગ થતાં પછી તે વિશે મનમાં કશા વિચાર થવા દેવા તે બરાબર નથી. ભવિષ્યમાં આપણે તેની સાથે વિચારીને વર્તવું ઘટે તો તેમ કરીએ; અથવા આપણી પોતાની ઉદારતા અને વિશાળતા કેળવવાને અર્થે પણ, તે જીવને ફરીથી મદદ થઈ શકે છે. આમાં માત્ર એક હકીકતનો ખ્યાલ રાખવાનો રહે છે કે આપણા તેવા વર્તનથી સામાની પ્રકૃતિની પકડને વધારવામાં અને તેના અયોગ્યપણાના વર્તનમાં આપણે મદદ કરતા થઈ રહીએ ને વ્યક્તિ-વ્યક્તિને અને આપણા આંતરિક વલણને સમજી સમજીને પરિસ્થિતિને યોગ્ય નિર્ણય કરવાનો રહે છે.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૪૯)

» કંઈપણ કશાથી કરી ઊંચાનીચા થવાપણું ન કરવું, તે યોગ્ય તો છે, પરંતુ તેવી દશા થતાં આપણે વિચારવું કે તેથી કરીને આપણી પ્રગતિ થવાની કે પીછેહઠ થવાની? આપણે જેમ જે કરવું છે, તે કરવાની નેમમાં આપણી વિશેષ ને વિશેષ એકાગ્રતા ને કેન્દ્રિતતા પ્રગટે ને તે માટેની ઝંખના ઉત્તરોત્તર વધતી જતી ને તેજસ્વિત થતી જો ન અનુભવી શકાઈ તો આપણે ઠેરના ઠેર રહેવાના છીએ યા કદાચ પીછેહઠ પણ થાય. જ્યારે આપણા ધ્યેય પરત્વેની હૃદયની ભાવના જ્ઞાનભક્તિપૂર્વક એકાગ્ર અને કેન્દ્રિત બની ચૂકી હશે, ત્યારે પછી કંઈ કશા પરત્વે ઊંચાનીચા થવાપણું બનવાનું નથી.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૫૩–૨૫૪)

» જીવનમાં—સાધનામાં—આપણું શરીર—આપણો દેહ—એક મોટામાં મોટો ભાગ ભજવે છે. તેના વિના મુક્તિ સાંપડવી શક્ય નથી. શરીર મા-બાપને લીધે મળે છે. તેમાંય જનનીએ, માએ તો આપણને નવનવ માસ પેટમાં રાખીને તેના લોહીમાંથી લોહી આપ્યું છે, તેના માંસમાંથી માંસ આપ્યું છે. તેના દેહના આધારે આપણો દેહ જન્મ્યો છે, પોષાયો છે, વૃદ્ધિ પામ્યો છે. એવી જનની પરત્વે ગંગાના પુનિત

પ્રવાહની જેમ આપણા હૃદયની ઉમળકાભેરની ભાવના અખંડપણે, નિરંતરપણે ને સમગ્રપણે જો ન અનુભવાય તો તેટલું આપણું કાચું સમજવું. મા એ સ્થૂળ મા નથી. એ તો જીવનની પ્રેરક અને દ્યોતક છે. મા પરત્વેનું આપણું વર્તન આપણા હૃદયસ્થ ભાવને વિશેષપણે પ્રકટાવવા માટે છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૫૬)**

» હેતુની શુદ્ધતાથી, જ્ઞાનપૂર્વકના નમ્રતાયુક્ત વર્તનથી ને તેવા વર્તનમાં પ્રકટતી જતી હૃદયની માર્દવતાથી આપણે વડીલોનાં મન-હૃદયને જીતી લેવાનાં છે. જીવનપથમાં આપણે કોઈનાથી નોખા થવાનું નથી. સર્વ પ્રકારના ભેદ ટાળવાનું આપણે તો ચહ્યું છે. આપણે તો હૃદય હૃદયને સાંધવાને મથવાનું છે ને જ્ઞાનપૂર્વકના વર્તનમાં અભેદભાવ પ્રગટે એવું જીવન પ્રભુકૃપાથી પ્રકટાવવું છે. એટલા માટે આ ભેદપણું જે છે, તે સાધન તરીકે લીધેલું છે. ભેદને અભેદમાં પ્રકટાવવાનો છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૬૦)**

» શાંતિ, સમતા, પ્રસન્નતા, તટસ્થતા વગેરે જે રીતે વધારેમાં વધારે સમય રોજિંદા વ્યવહાર વર્તનમાં પ્રકટેલાં રહ્યાં કરતાં હોય, તેવી રીતે વર્તીએ તો ભાવનાથી જીવનમાં પ્રવર્તાવું શક્ય બને છે. ભાવનામાં એકાગ્રતા અને કેન્દ્રિતતા પ્રકટ્યા વિના સાધનાનું હાર્દ પકડી શકાતું નથી. ભાવના એ જ્ઞાનપ્રેરક છે. ભાવ પ્રકટતાં જ્ઞાન પ્રકટે છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૬૮)**

» કોઈપણ જીવની મૃદુ લાગણીને ભૂલથી પણ અવજ્ઞાની નજરે જોવાનું ન બની જવું ઘટે. પ્રત્યેક સ્ત્રીનો સ્નેહ કહો, ભાવ કહો, પ્રીતિ કહો, લાગણી કહો, એ આપણા હૃદયમાં જીવનવિકાસની ભાવનાના એક પ્રતીક રૂપે સ્પર્શવી ઘટે. તેમને માટે જીવનમાં સંપૂર્ણ સદ્‌ભાવ, માન, આદર ને ભક્તિ આપણા જીવનમાં પ્રકટેલાં હોવાં જોઈએ.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૭૪–૨૭૫)

» જીવનવિકાસની સાધનાથી જે સર્વભૂતહિતરતપણું પ્રકટે છે, તે ઉત્તમ પ્રકારનું દાન છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૭૬)**

» માત્ર ધર્મશાસ્ત્રોના અભ્યાસ વડે કે બુદ્ધિના સૂક્ષ્મ ઊંડા ચિંતન દ્વારા દિવ્યશક્તિની દૃષ્ટિ ને શક્તિ ન સાંપડી શકે; કારણ કે દ્વંદ્વ પ્રકારની વૃત્તિ—વાસનાથી મુક્તિ પામ્યા વિના, રાગદ્વેષથી પર થયા વિના, અજ્ઞાનની દૃષ્ટિ લુપ્ત થયા વિના, કામનાઓ ઉપર વિજય મેળવ્યા વિના અને અહંકારથી સંપૂર્ણ નિર્મૂળ થવાયા વિના બુદ્ધિમાં બુદ્ધિની સંપૂર્ણ શુદ્ધિ ને સાત્ત્વિકતા પ્રકટી શકતાં નથી. યોગની સાધના દ્વારા એવી શુદ્ધિ પ્રકટી શકે છે. સાધનાના મૂળ હાર્દમાં કામનાની ને અહંતાની મુક્તિ રહેલી છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૭૭)**

» કોઈ મહાન, જ્ઞાની, અનુભવી આત્માની પ્રેરણાત્મક જીવંત સંસ્કૃતિથી તીર્થ પ્રકટે છે. તીર્થ એ જીવની ભાવનાનું ને સંસ્કૃતિનું પ્રતીક છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૭૭)**

» માનવી જેની પાસેથી પોતાના જીવનનો પ્રકાશ પામે છે, તેની વાતો કરવાને હૃદયની ઊર્મિ સ્વયંપણે જાગતી હોય છે. એવી હૃદયોર્મિને સંયમ ને વિવેકની મર્યાદામાં રાખવાની છે. એવી પ્રકટેલી ઊર્મિનો ઉપયોગ સાધનના ભાવમાં કરવાનો છે.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૮૦)

» જીવનના જે બધા આનંદો જીવનના નીચલા થરોની ભૂમિકાના છે ને જ્યાં સુધી તે અતિ મહત્ત્વના લાગ્યા કરે છે, એટલું જ નહિ પરંતુ તે જીવનમાં નિશ્ચિતતારૂપે મનમાં દૃઢ બનેલા હોય છે, ત્યાં સુધી આપણે તે બધાને છોડી દઈ શકીએ એમ નથી બનતું. નીચલા થરોના એવા સુખની વાસના માનવી ત્યારે જ છોડી દઈ શકે કે જ્યારે એ બધાનો ને એ બધામાંથી હૃદયના દૃઢ અનુભવે એનો પૂરેપૂરો ભ્રમ ભાંગી ગયો હોય. જ્યાં પાર્થિવ સુખનો પૂરો અંત પ્રકટે છે, ત્યાં ને ત્યાં તે ક્ષણથી જ પારમાર્થિક જીવન શરૂ થાય છે.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૮૦)

» કેટલીક વાર માનવીની ગણતરી પ્રમાણેના ભરપૂર સુખના આનંદમાં પણ કદીક કદીક અતૃપ્તિ કે અસંતોષની જ્વાળા પ્રકટતી હોય છે.

એવા એવા જીવનની ફાટમાં થઈને પણ કેટલીકવાર હૃદયના કોઈ ઉન્નતગામી જીવનની હાકલ પડતી સંભળાય છે; પરંતુ તેવી વેળાએ યોગ્ય તત્પરતા પ્રકટેલી ન હોવાથી એવી જાગેલી પ્રેરણા ઘણી વાર શમી જતી હોય છે ને ફરી પાછો અંધકાર છવાઈ રહે છે.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૮૦)

» જીવનની અને જગતની બધી સમસ્યાઓ અને પ્રશ્નોનો ઉકેલ આપણે અત્યારે ને અત્યારે જ પૂરેપૂરો લાવી દઈશું એવું માનવામાં કેવળ અજ્ઞાન છે. આવા બધા સમાજસુધારણાના પ્રયત્નમાં સાચી પ્રામાણિકતા, વફાદારી, નેકદિલી અને પૂરી સચ્ચાઈ હોવા છતાં 'આ એક જ સાધન એવું છે કે જેની પરિપૂર્ણતા થતાં સમાજનો પૂરેપૂરો સર્વાંગીણ ઉદ્ધાર થઈ જશે.' એવા પ્રચારની ઉગ્રતા જ્યારે પ્રકટે છે, ત્યારે તેમાંથી સત્યની શક્તિ મોળી પડી જાય છે. એટલે જ્યારે 'આ જ ખરું ને બીજું નહિ' એવી સમજણ જે જે પ્રયત્નમાં પ્રગટેલી રહે છે, ત્યાં ત્યાં ચેતનાનું સાચું પૂરું વ્યક્તિત્વ નથી એમ પ્રમાણવું.

(તેમ છતાં) આપણે તો જેમાં સત્યયત્ન છે, પ્રામાણિકતા છે, સચ્ચાઈ, વફાદારી તથા નિષ્ઠાપૂર્વકનું વર્તન છે, ત્યાં ત્યાં સવિશેષપણે સદ્‌ભાવ જ રાખવો ઘટે. આપણી રીત સંપૂર્ણ છે ને બીજાની નથી એમ માનવામાં પણ દોષ છે. સત્યનાં અનેક પાસાં છે, તેથી અમુક જ રીત સાચી એમ આગ્રહ ન રાખવો ઘટે.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૮૧–૨૮૨)

» જેમ જેમ જીવનો આંતરવિકાસ પ્રકટતો જાય છે, તેમ તેમ એની જીવનદૃષ્ટિ પણ બદલાતી જાય છે. કોઈ સાધક સાધનાના અમુક મર્યાદિત ઉદ્દેશથી જ—ધારો કે દેશના ઉદ્ધાર અર્થે શક્તિ પ્રાપ્ત કરવાની નેમથી—જોડાય પરંતુ તેમાં ઊંડું ઊતરતાં એણે ધારણ કરેલા હેતુની દૃષ્ટિની પાછળ તે વેળા અજ્ઞાન હતું એમ એને ત્યારે સમજાયા વિના રહેતું નથી. ને એમ એ ઉત્તરોત્તર ઉચ્ચ પ્રકારના જીવનમાં પ્રવેશતો પણ જતો હોય છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૮૩)**

» સુખ બાહ્ય પ્રકારનાં સાધનમાં નથી, સુખ તો છે અંતરમાંથી પ્રકટતી સાચી સમજણમાં ને તેને અનુરૂપ વર્તનમાં.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૯૦)

» સારાયે વિશ્વમાં જે દ્વૈત છે, એનું રહસ્ય પ્રેમમાં રહેલું છે. દ્વૈત હોવાને કારણે જ આકર્ષણ રહ્યાં કરે છે. તેમાં એક બાજુ અવતરણ છે ને બીજી બાજુ આરોહણ છે. સ્ત્રી-પુરુષનું દ્વૈત પણ ચેતનના અનુભવ કાજે છે. સર્જનને માટે દ્વૈત જરૂરનું છે, અનિવાર્ય છે.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૨૯૮)

» મનાદિકરણમાં જે ઉચ્ચ પ્રકારની સંસ્કૃતિ ને સમૃદ્ધિ પ્રકટેલી હોય છે તેને પણ રૂપ ગણી શકાય. જીવન-સંસ્કારની ખીલી ઊઠેલી ભાવનાને પણ રૂપ ગણાય. ('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૦૦)

» પુરુષ-પ્રકૃતિના વિકાસને અનુકૂળ નારીશક્તિ એટલે જગજ્જનની આદ્યશક્તિ.

જેમને અતિમનસ મેળવવાની સાધના કરવી હોય, તેઓ તે પ્રેમથી કરે. પરંતુ એને યોગ્ય ઠેરવવાને એ બીજી પ્રવૃત્તિનું પણ યોગ્ય મૂલ્યાંકન આંકવાની ને એમની યોગ્ય કદર કરવાની સાત્ત્વિક માનસિક તૈયારી તેવા સાધકની હોવી ઘટે.

ચર્ચા કરવી નહિ; ચર્ચા કરવાની જો આવે જ, તો તે માત્ર જાણવા સમજવા માટે હૃદયની નમ્રતાભરી જિજ્ઞાસુ ભાવનાથી તેમ કરવાનું રાખવું. ('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૦૧–૩૦૪)

» બરાબર સાંભળવાની પણ એક અનોખી કળા છે. જ્યારે આપણે કશુંક સાંભળવાના હોઈએ, ત્યારે કહેનારને પ્રતિ-કહેણ માટેની તૈયારીઓ માનસિકપણે રચ્યા વિના તથા પ્રત્યાઘાતી માનસિક આંદોલન ઊઠવા દીધા વિના કે તે વિષય અંગે આપણા મનમાં બીજા કોઈપણ વિચાર જાગવા દીધા સિવાય પૂર્ણ સ્વસ્થ ને નીરવ મનથી તથા એકાગ્ર ચિત્તથી સાંભળવાની ટેવ કેળવવા જેવી છે.

આમ કરી શકીએ તો કોઈપણ ચર્ચાનો લાભ—મળવાનો હોય તો—ન મળી શકે તથા સામાના દૃષ્ટિબિન્દુને યથાયોગ્ય સમજવામાં સરળતા પણ રહી શકે.

» બીજી વ્યક્તિને અમુક કામમાં રસ લેતી કરવી હોય તો જે જે કામમાં તે સંકળાયેલી હોય એની બધી હકીકતથી એને વાકેફ રાખવી ઘટે. આથી તેનો તે કામમાં રસ જળવાઈ શકે છે ને આપણી મુરાદ બર આવી શકે છે.

» જે જે માનતા હોઈએ, તેનાથી ઊંચા પ્રકારનું આગળ ને આગળ છે જ તે નક્કી જાણવું. માટે જે માનતા હોઈએ, તે નવાનો સ્વીકાર કરવાને માટે છોડતા જવાનું રહે છે. (**'જીવનમંથન', આ. ૨, પૃ. ૩૨૨**)

» જેઓ ઉચ્ચતમ પ્રકારના સંગીતશાસ્ત્રી, કવિ, શિલ્પી, ચિત્રકાર, સાહિત્યકાર અને કલાકાર છે, તે તે બધા એ ચૈતન્યશક્તિના અવતરણની સૂક્ષ્મ પૂર્વભૂમિકા સમા છે. તેમાંના કેટલાક તો તે ચૈતન્યશક્તિનો (તેઓ જ્યારે તેમના ક્ષેત્રનાં ભાવની ઉચ્ચ કક્ષામાં પ્રકટેલા હોય છે ત્યારે) સ્પર્શ પણ કરતા હોય છે અને તેવા સ્પર્શને પરિણામે ઉત્તમ કોટિનું સર્જન કરી શકતા હોય છે. એવા મહાન સાહિત્યકાર કે કલાકારનું ચારિત્ર્ય, સદાચાર કે નીતિની દૃષ્ટિએ ઉત્તમ પ્રકારનું કદાચિત્ ન જણાય તો તેથી આઘાત સેવવાની જરૂર નથી. ભાવનાની એકાગ્રતા પ્રકટે છે અને તેનું ઉડ્ડયન અમુક ઊંચાઈએ થાય છે, ત્યારે એક પ્રકારનો ચેતનાત્મક સ્પર્શ જીવનમાં અનુભવાય છે. મહાન કલાકાર કે સાહિત્યકારનું તેવા કાળનું સર્જન કે લખાણ તેવા સ્પર્શને કારણે નીપજતું હોય છે. એવું સર્જન કે સાહિત્ય શ્રીભગવાનની શક્તિનું સર્જન ગણી શકાય. તેની સાથે સર્જકના સ્થૂળ જીવનને સંકળાવી ન શકાય. આવા પ્રકારનો વિવેક યોગ્ય મૂલ્યાંકન માટે જરૂરી છે. (**'જીવનમંથન', આ. ૨, પૃ. ૩૨૪–૩૨૫**)

» એવા કેટલાક સંત-ભક્તો હોય છે, જેને તેમની હૃદયની નમ્રતાને લીધે કોઈ ઝટ પામી શકતું નથી. એવાના હૃદયની એવી નમ્રતા

તેમની દિવ્ય ચેતનાનું ઢાંકણ બની જતી હોય છે, ને તેમનું જ્યાં ત્યાં રક્ષણ કર્યા કરે છે. તેમ છતાં એવાની પ્રતિભા ઢાંકી ઢંકાઈ રહી શકતી નથી—જો આપણે હૃદયથી એવા ગુણની કદરભક્તિવાળા પ્રકટેલા હોઈએ તો. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૨૫)**

» ચેતન હંમેશાં ઇચ્છે છે કે અચેતન તેને જીતી ન જાય. ચેતનને અચેતનમાં પૂરેપૂરો પ્રવેશ પામીને ત્યાં સંપૂર્ણ અભિવ્યક્તિ કરવી છે. અચેતન એક તસુ પણ એમને એમ મૂકી દેતું નથી. અહીં ચેતનાનો અર્થ જેટલો વિસ્તારીએ એટલો ઓછો.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૩૦)

» આપણે ઝટઝટ ને હકીકત કરતાં વધારે પ્રમાણનું માની લેનારા ન થઈએ અને સાથે સાથે દિવ્યશક્તિની શક્યતાઓને અશક્ય પણ ન ગણી કાઢીએ.

ખુલ્લા થવું એટલે જીવપ્રકારની સમજણ, રીત, માન્યતા, ટેવ, આગ્રહ તથા મનાદિકરણના પ્રાકૃતિક ધર્મથી મુક્તિ. આવું ખુલ્લા થવું તે જ્ઞાનપૂર્વકનું ખુલ્લા થવાપણું ગણાય. એવું ખુલ્લા થવાપણું એટલે જ્ઞાનાત્મક શરણાગિત. એવું ખુલ્લા થવાપણું એટલે જીવનું જીવપણું ટાળવાની મંગળમય પ્રાથમિક ભૂમિકા. ખુલ્લા થવું એટલે જીવપ્રકૃતિએ જીવપ્રકૃતિમાંથી મુક્તિ મેળવીને ચેતનના પ્રદેશમાં પગલાં માંડવાનાં મંગળાચરણ.

શ્રીસદ્‌ગુરુના વચનના તાત્પર્યને—હાર્દને—તેની સંપૂર્ણ જ્ઞાનાત્મક દશાથી ગ્રહણ કરવું એ કંઈ જેવું તેવું કર્મ નથી. સૌ કોઈ પોત-પોતાની અધૂરી રીતે તે સમજતું હોય છે.

કોઈપણ સિદ્ધિ—અને મુક્તિ પણ—પ્રાપ્ત કરવી તે એક વસ્તુ છે અને તેને અમલી બનાવી કાર્યક્ષેત્રમાં સફળપણે ઉતારવી તે બીજી હકીકત છે. જેમ અમુક વૈજ્ઞાનિક શોધ અને તેનો વ્યવહારમાં ઉપયોગ અને અમલ તે બે ભિન્ન વસ્તુઓ છે તેમ.

પોતાની વૃત્તિઓનું રૂપાન્તર થતું જતું જો સાધક હૃદયથી અનુભવી શકતો હોય તો જ સાધના એ સાધના છે, નહીંતર એ તો બંધન છે, વળગાડ છે. એમ સમજીને એણે એવી સાધનાને ફગાવી દેતાં અટકાવું ન જોઈએ.

બીજાના સત્કર્તવ્યની કદરથી આપણું હૃદય આપોઆપ પ્રેમભાવથી ભીંજાઈ જવું જોઈએ, પરંતુ આપણે તેવું નહિ કરીએ તો બીજાને ઠીક નહિ લાગે અથવા બીજાં અમુક પ્રકારનું ધારશે એવું મનમાં ન થવું ઘટે. આપણો ખ્યાલ આપણા પૂરતો જ રહે તો તે ઉત્તમ. કદર જે કરવાની છે તે તો આપણો ગુણગ્રાહકતાનો ગુણ કેળવવા ને આપણા જીવનમાં પ્રકટાવવા માટે.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૩૫ થી ૩૪૦)

» કર્મનો જે રીતે ઉપયોગ થાય ને એવા ઉપયોગમાં જે પ્રકારનો રસ લેવાયા કરાય તે પ્રમાણે કર્મનું પરિણામ આવવાનું શક્ય બને છે. કર્મની સાથે ભાવનાનો સંબંધ રહે છે.

પ્રત્યેક કર્મમાં જાગૃતિપૂર્વકનો તેના હેતુનો ખ્યાલ તેને જન્મવો જોઈશે. એમ કરતાં કરતાં તે પ્રકારની અખંડ જાગૃતિ તેનામાં પ્રકટવી જોઈશે. તેવી સતત એકધારી પ્રકટેલી જાગૃતિ પછી તો તેના અનાયાસપણામાં પ્રકટી જશે.

આપણને કોઈ મોટું ગણે, સારા ગણી સન્માન ને આદર આપે, ઉત્તમ કદર કરે, ઉત્તમ મોટા આસને બેસાડે વગેરે રીતે બહુમાન કરે તો આપણે એના અધિકારી નથી એમ સમજવું, પરંતુ સર્વના કૃપાપાત્ર છીએ એમ લેખવું. ને બધાંએ કૃપા કરીને એવો અધિકાર પ્રેમથી આપ્યો છે એમ સમજી શ્રીભગવાનની ભક્તિને યોગ્યપણે પામવાને હજી આપણને ઘણી વાર છે એમ સમજીને જ્ઞાનપૂર્વક નમ્રતા સેવવી અને ઈશ્વરનો આભાર માની સર્વની કૃપા યાચ્યા કરવી.

સામાના ઉપકારનો બદલો વાળી ન શકાય એવી પરિસ્થિતિમાં હૃદયની ઘણી ઘણી કદર ને આદરભક્તિ બુદ્ધિથી પ્રકટાવીને જીવતી રાખ્યા કરવી. જો એમ નહિ કરીએ તો કૃતઘ્નતાનો દોષ આપણને લાગશે.

પરમતત્ત્વને મેળવવાના ઉપાયોના માત્ર જાણકાર કરતાં એની પ્રાપ્તિના માર્ગનાં વિઘ્નોને યથાર્થ રીતે જાણનાર ને હામ ભીડીને એને પ્રભુકૃપાથી હઠાવનાર—એને ઉત્તમ ગણેલા છે.

આપણને સ્વાર્થની જ્યારે ખૂબ તાલાવેલી પ્રકટેલી હોય છે, ત્યારે આપણે જેમ સર્વ કોઈનું ખરુંખોટું સહી લઈએ છીએ, તેમ પરમાર્થના વિષયમાં—પ્રભુપ્રાપ્ત કરવાના વિષયમાં—પણ પ્રતિકૂળતાઓ જે જે પ્રકટે, તેને પ્રેમપૂર્વક સ્વીકારીને, તપશ્ચર્યાભાવે સહી લઈને કોઈના પણ ગુણદોષ ન જોતાં સર્વને અનુકૂળતા કરી આપવી તે પ્રભુપ્રાપ્તિ થવામાં સાધનરૂપ છે.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૪૧ થી ૩૪૪)

» સંબંધી, સ્વજનના વિચાર તથા વર્તનને ન જોતાં, તેમનાં કલ્યાણ તરફ જ આપણે તો ધ્યાન રાખવાનું છે. જ્યારે તેઓને સમજાશે કે આપણે તો તેમના કલ્યાણમાં જ તત્પર રહીએ છીએ; ત્યારે તેઓ આપણા પરત્વે પોતાનું પ્રતિકૂળ વર્તન છોડી દઈને આપણને અનુસરવાના હશે તો અનુસરશે.

જેનું હૃદય સદાય અવિરત પ્રસન્ન છે, એવા ઉપર શુભ સંસ્કાર પડવાથી પ્રાપ્ત થનાર પ્રત્યેક પ્રસંગમાં આનંદને અનુભવવાની મનને સતત ટેવ પડે છે. પછી એને કોઈ વસ્તુ, પ્રસંગ, ઘટના અરુચિકર લાગતી નથી. જેમાં ને તેમાં આનંદ, રસજ્ઞતા ને માધુર્યને અનુભવવાનો જ્ઞાનભક્તિપૂર્વકનો અભ્યાસ પડવાથી મનને શાંતિ મળે છે, પ્રસન્નતા પ્રકટે છે તથા એની તેજસ્વિતા ને શક્તિ ઑર વધે છે.

વહેવાર વેળા વહેવાર ને સાધના વેળા સાધના, એમ બે જુદાં જુદાં ખાનાં પાડી નાખ્યે નહિ ચાલે. સાધનાનો ભાવ જો પ્રેમભક્તિ-પૂર્વકનો, સાફ દિલવાળો, પૂરેપૂરો હોય તો તેવી ભાવનાનો જ્ઞાનપૂર્વકનો ઉપયોગ સર્વ ક્ષેત્રમાં કર્યા કરવાનું રાખે તો સાધકના સ્વભાવનું રૂપાંતર થયા કરવાનું બને; બાકી નહીં.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૪૫–૩૪૬)

» જ્યારે આપણે સમતા–તટસ્થતાપૂર્વક પૃથક્કરણ કરતાં હોઈએ, તે વેળાએ હૃદયનું મહત્ત્વ તો નામસ્મરણમાં પ્રકટ્યા કરે અને પૃથક્કરણ કરવામાંથી આડે ફંટાયાનું મૂળ કારણ સમજી જવાય અને તેનું નિરાકરણ થાય એવી રીતનું ધોરણ જીવનમાં પ્રકટવું ઘટે.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૫૨–૩૫૩)

» જેમ વ્યવહારની બધી ચીજો ઇન્દ્રિયથી પરખાય છે. એમનું આકલન પણ થાય છે, તેવી રીતે શ્રીભગવાનનો જે ભાવ છે ને જે અનિર્વચનીય છે, તેને પામવા કે પારખવા માટે જે શક્તિ આપણને ખપ લાગે તેનું નામ શ્રદ્ધા. શ્રદ્ધા એટલે તો આંતર્દૃષ્ટિ પણ.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૫૩)

» શ્રીભગવાનનું દર્શન એટલે અમુક કાલ્પનિક ભાવ, મનની કોઈ કલ્પના નથી. સંસ્કારપરંપરાગત થયેલી આપણામાં જે એક પ્રકારની ભાવના છે તે પણ તે નથી. શ્રીભગવાનના ભાવનું આપણામાં સ્પષ્ટ થવું એનો અર્થ એ છે કે એના ભાવની અંદર રહેલાં તત્ત્વો જેમકે એનું સચરાચરપણું; એની અનંત, અમર્યાદ શક્તિ, અનેક પ્રકારના ગુણોની ને ગુણોથી પરની શક્તિ, એનું સવિકલ્પણું અને નિર્વિકલ્પપણું વગેરે આપણામાં પ્રત્યક્ષ અનુભવરૂપે પ્રકટ થાય, ત્યારે એનાં દર્શન થયાં ગણાય. શ્રીભગવાને જે આ સૃષ્ટિ રચી છે, તેની પાછળ કોઈ ગૂઢ હેતુ હશે જ—છે, એ હેતુને પાર પાડવામાં પ્રત્યેક જીવ સંકળાયેલો છે. આપણને આત્માની સ્થિતિનું ભાન થતાં, તે હેતુનું સ્પષ્ટ દર્શન થાય છે ને એમ આપણે એના યંત્ર બનીએ છીએ.

પળેપળ એવી ભાગવત સ્થિતિમાં નિરહંકારપણે ને અભેદભાવે રહેવાયાં કરાય અને પળેપળ તેવાં ભાગવતી કાર્ય થયાં કરે એનું નામ શ્રીભગવાનનું દર્શન. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૪)**

» શ્રીભગવાનના અનુભવ માટે અમુક શરતો પૂરી કરવી પડતી હોય છે. તેમાંથી કેટલીક નીચે પ્રમાણે હોઈ શકે છે.

શ્રીભગવાનના અસ્તિત્વનો હૃદયની જ્ઞાનભક્તિપૂર્વકનો નિશ્ચય, 'સર્વરૂપ શ્રીભગવાન એ મારો આત્મા છે' એવી ઊંડી અંતરની જ્ઞાનપૂર્વકની સમજ, સર્વરૂપ ભગવાન જ છે એવો હૃદયમાં હૃદયથી જ્ઞાનભક્તિપૂર્વકનો સ્વીકાર, પોતાની જાતની સંપૂર્ણપણે ઓળખ, એને સ્વકર્મથી સંતોષવા એ જ એની પાકી સમજ, આવું આપણે શ્રદ્ધાથી રોજ ને રોજ નિશ્ચયાત્મક બુદ્ધિથી, હૃદયથી હૃદયમાં તે બધું કેળવતા રહીએ, અને તે બધું ઊંડું ને ઊંડું સમજથી ઉતારીને તેનો અનુભવ કર્યા કરીએ તો આપણે શ્રીભગવાનના છીએ અને એ આપણો છે તેવા તત્ત્વનો અનુભવ થશે જ થશે.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૪૫)

» સારોય સમાજ ઉન્નતિના સર્વોત્કૃષ્ટ શિખરે પહોંચી જાય તેવું બનવું શક્ય લાગતું નથી. વ્યક્તિ ચઢી શકવાની છે અને ચઢશે. સમાજ પણ વ્યક્તિ તરફ મીટ માંડતો હોય છે, વ્યક્તિથી દોરવાતો હોય છે ને વ્યક્તિથી પોતાની પ્રાણશક્તિ બઢતી તે અનુભવતો હોય છે. સમાજ વ્યક્તિનો બનેલો છે. આમ વ્યક્તિ જેટલું ઊંચે ચઢવામાં મથશે અને વધુ ને વધુ વ્યક્તિઓ ઉચ્ચ જીવન પ્રકટાવવામાં રસ લઈને તે પરત્વે નિષ્ઠા જેટલી પ્રકટાવશે તેટલા પ્રમાણમાં સમાજનો પણ ઉદ્ધાર થવાનો છે તે નક્કી વાત છે.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૫૫)

» દરેક સમાજને પોતપોતાની આગવી વિશિષ્ટ પરંપરા ને સંસ્કૃતિ હોય છે, જેને આપણે વિશિષ્ટ ગુણશક્તિ પણ કહી શકીએ. તેની પ્રેરણા પામી પામીને તે ચાલે તો એનો વિકાસ થઈ શકે છે. દરેક સમાજને એવી સ્વતંત્ર સંસ્કૃતિ હોય છે જ. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૫૬)**

» માનવીના જીવનમાં જે અવ્યક્ત ઈશ્વરનું સ્વરૂપ છે, તેને એકાગ્ર ને કેન્દ્રિત સાધનાના ભાવ વડે છતું કરીને એને ક્રિયાના પ્રવાહ સ્વરૂપમાં એની કૃપાથી વહેતું મૂકવાનું કરવું તેનું જ નામ સાક્ષાત્કાર. આપણામાં જે અવ્યક્ત પ્રભુમય જીવન છે, તેને પ્રેમભક્તિજ્ઞાન-પૂર્વકની ચેતનયુક્ત જાગ્રતિમય સાધનાના પળેપળના અભ્યાસ વડે, જીવનમાં પ્રત્યક્ષ કામ કરતું અનુભવવું તે જ છે સાક્ષાત્કાર.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૪૨–૩૪૩)

» શ્રીસદ્‌ગુરુ સાધકની નબળાઈઓ પરત્વે કડકમાં કડક થઈને એનું તેને પૂરેપૂરું ભાન પ્રકટાવે છે, જ્યારે બીજાઓની નબળાઈઓ પરત્વે પૂરેપૂરાં જ્ઞાનપૂર્વક ક્ષમાશીલ રહ્યા કરવાને સાધકને પણ તે સૂચવે છે.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૫૭)

» બીજાઓની નબળાઈઓ પરત્વેનું જ્યારે જીવને ભાન પ્રકટે છે ને જો પૂરેપૂરી જ્ઞાનયુક્ત તટસ્થતા ન પ્રકટી હોય તો તે વેળા તે જીવ તે પરત્વે નરક પર માખી બણબણે છે, તેમ ગણગણવાનો.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૫૭)

» આપણા જીવનમાં ઊંડે ઊંડે જડ ઘાલીને બેઠેલા સર્વ સંસ્કાર, વિચાર, વૃત્તિ, સમજણ, માન્યતાઓ, વગેરે વગેરેનો વારસો ગુરુનો હુકમ થતાં એકદમ બદલાઈ જવાનો છે; એમ માનવું તે નર્યું અજ્ઞાન છે. શ્રીસદ્‌ગુરુ તો દૃષ્ટિ પ્રેરે. આપણને જુદી જુદી પરિસ્થિતિઓ પરત્વે યોગ્ય વિચાર કરવાને પ્રેરાવે. બાકી બીજું બધું તો આપણે જ કરવાનું રહે છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૫૮)**

» શ્રીભગવાનને ચરણકમળે તાજાં જ ફૂલો ચઢાવવાનાં હોય; તેવી રીતે જુવાનીમાં પ્રભુમય જીવન કરવાનું જેણે સ્વીકાર્યું છે, તે જ વધુ યોગ્ય છે. જોબન—યુવાની—એ તાજું ફૂલ છે. ઘડપણમાં મોટા ભાગે કોઈ ગોવિંદના ગુણ ગાઈ શકવાનું નથી. જીવનની સાધનામાં જોઈતાં સાહસ, હિંમત, અડગતા, પુરુષાર્થનું બળ, ઉત્સાહ, ખંત, ધીરજ વગેરે ગુણો જુવાનીમાં જ વધુ ખીલેલા રહે છે. તે વેળાએ જીવનની સાધનામાં જો ખૂંપી શકવાનું બન્યું તો એવા એના ગુણોનો ઉત્તરોત્તર

વિકાસ થતો રહેવાનો. એવા ગુણો એની શ્રેષ્ઠ કક્ષાએ પહોંચીને પરિપક્વપણે થઈ દિવ્યતાના અંશરૂપે પરિવર્તનને પામી શકવાના છે. ત્યારે તે ગુણ, ગુણ નથી રહેતા પણ શક્તિરૂપે પ્રકટેલા હોય છે. ત્યારે એવા માનવીને ઘડપણ હોવા છતાં ઘડપણ નહિ હોય.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૬૦)

» જીવનની સાધના એ હાંસીખેલ નથી, એ તો મર્દાનગીના ખેલ છે. એના મહત્ત્વનો, ગંભીરતાનો ખ્યાલ હજુ આપણને પૂરેપૂરો પ્રકટેલો નથી. સર્વ પ્રકારે, સર્વ ભાવે, જીવનને ન્યોછાવર કરી કરીને વારી વારી જઈને ત્યાગ, બલિદાન ને સમર્પણ કરવાની ઉત્કટ ભાવના પળેપળ જીવતી જાગતી રાખ્યા કરીને આપણે હોમાયે જવાનું છે.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૩૬૦)

» બીજાનામાં પ્રેમભક્તિ રાખવા છતાં આપણે તો આપણામાં જ મસ્ત રહેવાનું છે. બની શકે તેટલા નિઃસંગ રહેવું—સ્થૂળપણે અને સૂક્ષ્મપણે બંને રીતે, આપણામાં ભરાઈ રહેલાં મંતવ્યો, ગણતરીઓ, માપો, મૂલ્યાંકનો, મડાગાંઠો, ગમા-અણગમા, રાગ-દ્વેષ, સમજણો, સંસ્કારો—એ બધાં આપણાં સંગીઓ છે. એમાંથી હવે આપણે નિઃસંગ થવાનું છે. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૨)**

» પોતાને પસંદ પડતા વિચારો ને કાર્યો જેને અનુકૂળ ન આવતાં હોય તેના પ્રતિ અવગણનાની વૃત્તિ, એના સાત્ત્વિક કાર્ય પરત્વે બેદરકારવૃત્તિ વગેરે આપણામાં ન આવી જવું ઘટે. આવી અનુદારતા અને અસહિષ્ણુતા જવી જોઈએ. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૨–૧૩)**

» પ્રભુનું સંપૂર્ણ યંત્ર બની જનાર જીવ સકળ કંઈ કશાનું સંપૂર્ણ જ્ઞાન ધરાવી શકે છે, એવી હકીકત અને સમજણ યોગ્ય નથી. એના અનુભવના વિષયોમાં તો અપવાદ તરીકે તેવું જ્ઞાન નિમિત્તના કારણે તેને પ્રભુકૃપાથી કદીક કદીક ઊગી શકતું હોય છે.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૧)

» જેની કનેથી આપણે મેળવવું છે, તેના દિલમાં આપણું દિલ એક કરી દઈ શકીએ અને આપણે જો તેના જ પૂરેપૂરા થઈ શકીએ તો તેનું દિલ આપણા પર પ્રકટે છે. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૧)**

» જેની પાસેથી મેળવવાનું છે, તેના પરત્વે કૃતજ્ઞતાની ભાવના જાગવી ઘટે છે. જેના વડે કરીને આપણા દિલમાં ભાવ પ્રકટે છે, તે ભાવના પરિણામથી કૃતજ્ઞતાની ભાવનાનું પ્રાકટ્ય સહજ બને છે. ને જેમ જેમ પછી ભાવનું સ્વરૂપ લે છે, તેમ તેમ આપણે અનુભવીએ છીએ કે કૃતજ્ઞતાની ભાવના જ આ માર્ગના આગળના પ્રવાસનું પરિણામ છે ને એથી વધુ આગેકૂચનું કારણ પણ તે છે.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૧–૨૨)

» અશિષ્ટ અને મુફલિસ પોષાકના અંચળામાં સાધના કરનાર સાધકને ગુપ્તપણે નિરાંતે સાધના કરવાની સરળતા મળી રહેતી હોય છે. એથી કરી બીજી કોઈ રીતે ભાગ્યે જ શીખાય તેવા નમ્રતાના પાઠો સમાજના હાથે શીખવાના મળે છે. માન-અપમાનથી પર થવાના અભ્યાસની શક્યતા પણ તેમાંથી નીપજી શકે છે અને પરિણામે સર્વ પરત્વે સદ્‌ભાવ રાખવાની આવશ્યક તાલીમ તેમાંથી સાંપડે છે— જો સતત હેતુનું લક્ષ ને જાગૃતિ સેવી શકાઈ તો.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૧)

» 'વૃત્તિનો સંયમ કરો', 'સંયમ કરો', ને અમુક 'આ પાળો કે તે પાળો' એવા પોકારોથી કે એવા બોધ દેવાથી કંઈ કશું ઝાઝું વળનાર નથી. માનવીને જ્યારે પોતાના જીવનધ્યેયની દિલમાં ખરેખરી તમન્ના પ્રકટે છે, ત્યારે જ જીવનવિકાસના માર્ગનું ખરેખરી રીતનું કામ થતું અનુભવાય છે. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૮)**

» કોઈ કિંમતી વસ્તુ ખોવાઈ ગઈ હોય છે તો તે જડે નહિ, ત્યાં સુધી તેમાં જ આપણું લક્ષ આપમેળે બીજી પ્રવૃત્તિઓ કરાતી હોવા છતાં સતત જારી રહે છે, તેમ આપણા જીવન-લક્ષનો જીવતો ખ્યાલ ને શ્રીભગવાનનું સ્મરણ આપણી ઇતર સકળ પ્રવૃત્તિમાં રહેવાં ઘટે છે.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૪૧)

» અવળા અનુભવ થાય ત્યારે અકળાવું નહિ. તે પણ વાદળની જેમ વિખરાઈ જવાના જ છે.

જીવનધ્યેય પરત્વેની ભાવના કોઈપણ પ્રકારે રોજિંદા કર્મવ્યવહારમાં અખંડપણે વહ્યા કરે અને આંતરિક કરણોના જીવ-પ્રકારના પ્રવાહમાં ન તણાઈએ, તથા તેમાં તાટસ્થ્ય, સમતા, શાંતિ, પ્રસન્નતા, આદિ પ્રકટ્યાં કરે અને તેમ કરવાને હૃદયથી જાગૃતિપૂર્વક પ્રભુકૃપાથી મથાયા જવાય તેનું નામ સાચી સાધના.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૪૯–૫૦)

» જે જે કંઈ જીવદશાનું હોય કે પ્રકટે તેનો જો જાગૃતિપૂર્વક ઈન્કાર થયે જાય, અને જો તેની લાંબી પરંપરા ન ચાલે અને મનાદિકરણો ભાવનામાં એકાગ્રતાથી રમ્યાં કરતાં અનુભવાય તો સાચો ઈન્કાર થયેલો છે એમ ગણી શકાય. એવી કળામાં અખંડતા પ્રકટે તે વેળાથી સાચી સાધનાની શરૂઆત થાય છે. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૫૦)**

નિરંતરતાની ભાવાવસ્થામાંથી ચેતનનું વ્યક્ત થવાપણું આપમેળે પ્રકટે છે.

દિલમાં ને દિલથી પ્રકટેલા ભાવમાં કોઈ કશી ગણતરી રહેતી નથી કે તેના પ્રકાર ઊઠતા નથી. જ્યાં કશી ગણતરી છે, ત્યાં દિલ પૂરું પ્રકટેલું નથી એમ પ્રમાણવું.

માનવી શું કામ કરે છે, જગતના ધોરણે તેનું વર્તન કેવું છે, એના ઉપર એની જીવકક્ષા કે જીવનની ઉચ્ચતાનો આધાર મુદ્દલ નથી. ખરો આધાર તો એનું અંતરનું સત્ત્વ કેવું છે ને કેવું ઘડાયે જતું હોય છે, તેના પર છે. એટલે તે જ્યાં સુધી આપણે જાણતા નથી, ત્યાં સુધી આપણને કોઈનુંયે મૂલ્યાંકન કરવાનો સાચો અધિકાર નથી.

» બીજું, બીજી બાબતોમાં—જેમ કે રાજકારણ, સમાજસેવા, તત્ત્વજ્ઞાનના વાદ પણ—એ બધામાં આગ્રહ એટલે એક પ્રકારનું સૂક્ષ્મ હુંપણું, પછી ભલેને તે વિસ્તૃત સમજણના પ્રકારનું હોય!

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૫૧, ૫૩, ૭૩, ૧૦૦)

» ધર્મમાં પણ અહંભર્યા આગ્રહ હોય છે. અમારો જ ધર્મ સાચો અને તે પ્રમાણે બીજા જીવે તો જ તેમનું કલ્યાણ થાય, કે જલ્દી કે વધારે કલ્યાણ થાય, એવો મતાગ્રહ હોય છે. એવી જ રીતે આધ્યાત્મિક માર્ગમાં પણ જોવામાં આવે છે.

જગતમાં વાદોના, મતોના, પદ્ધતિઓ આદિનાં જે સંઘર્ષણો પ્રવર્તે છે, તેનું મૂળ આ અહમ્‌માં છે. (**'જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૦૦**)

» બીજાના દોષ તરફ નજર નાંખવાને બદલે તેના ગુણ તરફ નજર દિલમાં જો રહ્યા કરે, તો તેવા ગુણ આપણામાં પણ વિકસી શકે. સાધનામાં જ શું, જીવનના કોઈપણ ક્ષેત્રમાં, કદરભાવના અને ગુણગ્રાહકતાનો ગુણ અતિ ઉપયોગી ને જરૂરી છે. આપણું લક્ષ જેના પર રહેશે, તે તત્ત્વ વહેલુંમોડું આપણામાં ખેંચાશે.

(**'જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૦૩**)

» સમર્થ પુરુષ કાળને બનાવે છે કે કાળ સમર્થ પુરુષને ઉપજાવે છે એ તાત્ત્વિક ચર્ચા જવા દઈએ. એટલું તો નિર્વિવાદ છે કે સમર્થ પુરુષ કે મુક્તાત્મા કાળના ઘડવૈયા જરૂર હોય છે. તેઓ કાળની અસર પ્રમાણે વર્તે છે, તે હકીકત સાચી છે, પરંતુ તે તેનાથી તણાઈને નહિ, તેનાથી ઉપર તરતા રહીને; અવતાર પોતે તો કાળની અસરથી પર હોય છે, પણ જગતની તેમના તેમના અવતાર સમયની, બીજી કોઈ રીતે ન પુરાય એવી, ચેતનના આવિર્ભાવની માગણી તેઓ પૂરે છે ને તે તેમના દેહ-ધારણનો હેતુ હોય છે.

જે કોઈ પરમ પુરુષે જે કંઈ જગતમાં કર્યું, તે તેમના યુગકાળના ધર્મને અનુસાર કર્યું ને તે કાળના ધર્મના પ્રમાણમાં તે રીતે જગતમાં તેમનું વ્યક્તત્વ થયું. તેથી કંઈ તે તેટલામાં જ સમાયા હતા, તેટલાં જ તેમનાં શક્તિ-સામર્થ્ય હતાં, એમ માનવું એમાં વિચાર-દોષ દેખાય છે. (**'જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૧૧**)

» આપણે તો સર્વ ધર્મ પરત્વે, ધર્મોના મૂળ આચાર્યો પરત્વે તથા સર્વ સત્‌પુરુષ કે મુક્તાત્મા પરત્વે હૃદયનો પૂરેપૂરો ભક્તિભર્યો ઊછળતો સદ્‌ભાવ કેળવી કેળવીને દાખવવાનો છે.

સર્વ પરત્વે જ્ઞાનયુક્ત સદ્‌ભાવ પૂરેપૂરો દાખવ્યા વિના સર્વ પરત્વેની સમત્વની ભાવના પ્રકટી શકવાની નથી.

Exclusively–એકલો, અલગપણે, ભક્તિયોગ તે ભક્તિયોગ નથી, જ્ઞાનયોગ તે જ્ઞાનયોગ નથી, કર્મયોગ તે કર્મયોગ નથી, જીવન-સાધનામાં તે બધા એકબીજામાં ઓતપ્રોત થઈ ગયેલા હોય છે.

જ્યાં સુધી આપણામાં તટસ્થતા, સમતા, સાક્ષીભાવ પૂરેપૂરાં પ્રકટ્યાં નથી, ત્યાં સુધી આપણે કોઈને પણ યોગ્ય રીતે તોલી શકવાના નથી. તેથી બીજાનું આડું જોવું તે કરતાં આપણે તેમાંથી પરાઙ્મુખ થવું તે આપણા શ્રેય માટે ઉત્તમ છે.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૧૨, ૧૧૪)

» આપણા સાથીદારોને કેમ કરીને વધુમાં વધુ ઉપયોગી થઈ પડાય ને તેમને કેમ કરીને વધુ મહત્ત્વ દેવાયે જાય ને આપણે પોતે તો શૂન્યમાં શૂન્ય રહી શકીએ એમ વર્તવાથી શરણાગતિની ભાવના કેળવાતી આવે છે. જોકે આવા વર્તાવથી ઘણી વાર પ્રત્યક્ષ ગેરલાભ પણ થતો હોય છે, કિંતુ તેવા ગેરલાભમાંયે સાચો લાભ સમાયેલો હોય છે, એ અંતે જણાયા વિના નહિ રહે. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૧૬)**

» જીવનપથમાં આવતાં વિઘ્નો, મુશ્કેલીઓ, ગૂંચો તો ઊલટાં આધ્યાત્મિક, તંદુરસ્તી ને બળને પુષ્ટિ કરનાર ઔષધિ જેવાં નીવડે છે—જો આપણી તે પરત્વેની જીવંત, વેધક, સારગ્રાહી દૃષ્ટિ પ્રકટેલી હોય તો. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૧૬)**

» બીજાના સદ્‌ગુણ પરત્વેનું સહજ આકર્ષણ ને તેની કદર સાધકના જીવનમાં જો વ્યક્ત થતી ન અનુભવાય તો પોતાની દિશા ખોટી છે એમ સમજવું. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૧૯)**

» બીજા કોઈ જીવનાં ગુણગાન કે વખાણ સાંભળતાં જો મનમાં દ્વેષ-ઈર્ષ્યા કે એવી કોઈ વૃત્તિ ઉદ્‌ભવે ને તેના પ્રતિકારરૂપે તે જીવની આપણી સમજણની આડીઅવળી વાત હૈયે ચઢે યા વ્યક્ત થઈ જાય તો સમજવું કે બીજાના સદ્‌ગુણ પરત્વેનું સહજ આકર્ષણ હજુ

આપણામાં પ્રકટ્યું નથી ને એટલે અંશે સદ્‌ભાવની સાધના લૂલી યાને અધૂરી સમજવી.

» હૃદય એ શબ્દ સ્થળવાચક નથી, પરંતુ કક્ષાવાચક કે ભૂમિકાવાચક પણ છે. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૨૦)**

» જીવન માત્ર કંઈ ગુણોનો સમૂહ નથી. ગુણોમાં જીવન રહેલું છે એ વાત સાચી. સદ્‌ગુણથી જીવન શોભે છે એ પણ ખરું છે, પરંતુ જીવનની સાચી વાસ્તવિકતા ને તેની મર્યાદા એકલા ગુણના વર્તુળમાં પુરાઈ રહી શકતી નથી. એ એનાથી પાર પણ છે.

માટે ગુણ એ આપણું લક્ષ્ય નથી. ગુણને પ્રેરાવનારી જે શક્તિ ને ગુણમાં રહેલી જે શક્તિ, તે શક્તિનું આપણામાં પ્રાકટ્ય થાય અને તે આપણાં સકળ કર્મમાં, વ્યવહાર-વર્તનમાં કાર્યસાધક થઈ રહેલી અનુભવીએ એ આપણું ધ્યેય હોવું ઘટે.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૨૧)

» માનવીનો વિકાસ આમ તો પ્રકૃતિના પટમાં થયા જ કરતો હોય છે, પણ તે પ્રકૃતિમાં વિકાસ થયે જાય છે, ચેતનમાં નહિ. તે ચેતનતત્ત્વ પ્રત્યેકના જીવનનો જે પ્રકૃતિનો પટ પડેલો છે, તેના દ્વારા વ્યક્ત થાય છે. એટલે ચેતનને વ્યક્ત કરવા સારુ પ્રકૃતિના વલણને ચેતનાભિમુખ થવાનું રહે છે. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૨૭)**

» બહેનો અને માતાઓ સાથેનો નિર્મળ ભાવસંબધ, એ પતન કરનારું સાધન નથી, પરંતુ બળ અને પ્રેરણા આપનારું સાધન છે. તે સંબંધના અંતરના હાર્દમાં જીવનવિકાસના ધ્યેયનું જ્ઞાનભક્તિપૂર્વકનું ભાન પ્રકટેલું હોવું જોઈશે. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૪૧)**

» સંબંધ વધે તેમ તેમ નિઃસંગની ભાવના પણ સવિશેષ કેળવાયે જાય, તે તરફ લક્ષ દેવું ઘટે છે. સત્સંગની ભાવના રાખવાથી એટલે કે જે કંઈ મળે તેની તેની સાથે જીવનવિકાસના હેતુના જ્ઞાનની ભાવના ફળાવવાની એકમાત્ર એકાગ્ર ને કેન્દ્રિત દૃષ્ટિ, વૃત્તિ ને વલણ પ્રકટ્યાં હોય તો તેવા સત્સંગથી નિઃસંગની ભાવના એટલે કે આત્માની ભાવના કેળવાતી જતી હોય છે.

સકળ પ્રકારના સંબંધ અને કર્મ પણ ભાવના કેળવવાને અર્થે છે અને જીવનવિકાસના ઘડતર ને ચણતરને કાજે છે. તે વિના સંબંધ કે કર્મનો બીજો કોઈ અર્થ કે હેતુ નથી.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૪૦ થી ૧૪૨)

» ભાવમાં જ્યારે એકાગ્રતા ને કેન્દ્રિતતા પ્રકટે ને ટકે એટલે કે એમાં જ એટલી તો ગાઢ તન્મયતા જન્મે કે આગળ પાછળનાનું ભાન પણ ન રહે. એવી સ્થિતિ વારંવાર જ્યારે થઈ જતી હોય, ત્યારની સ્થિતિમાં સંપૂર્ણ એવી ભાવાવસ્થા થઈ જવાની તૈયારી હોય, ત્યારે જેવા થવાનું દિલ હોય તેની સદ્‌ભાવના સચેતનપણે જો આપણે હૃદયમાં રાખી શક્યા, તો આપણી પ્રગતિ ઘણી ઝડપી થાય.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૪૬)

» આપણને જેના પરત્વે અણગમો હોય કે થાય તેને જ્ઞાનભાનપૂર્વક ખાસ સવિશેષ પ્રેમથી ચાહવું અને તે પણ આપણા કલ્યાણને માટે તેમ કરવાનું છે.

» વ્યવહારની બહારની પ્રવૃત્તિઓમાંથી અલિપ્ત રહેવાનું છે, તે વાત સાચી, પરંતુ જે પ્રવૃત્તિ આવી મળેલી હોય, તે તરફ એક પ્રકારની અરુચિની વૃત્તિ, ત્રાસ કે કંટાળાની વૃત્તિ ઊપજતી હોય ને તેને લીધે તેમાંથી ભાગી છૂટવાની વૃત્તિ પેદા થતી હોય તો તે યોગ્ય નથી. તે પણ એક પ્રકારનો તમોગુણ છે.

» સત્સંગનો મહિમા ઘણો ગવાયો છે. તે એટલા માટે કે મુક્તાત્માની સાથેના પ્રેમજ્ઞાનભક્તિપૂર્વકના આંતરિક પરિચયથી જીવનમાં પ્રેરણાત્મક ભાવ પ્રકટે છે અને એવા ભાવનો સદુપયોગ અંતર્મુખતા કેળવ્યા કરવામાં રહેલો છે.

» શોક થતાં તે પણ એક પ્રકારની લાગણી જન્મે છે. તેનો પણ નામસ્મરણમાં ઉપયોગ થઈ શકે છે. તેમાંથી એકાગ્રતા જન્માવી શકાય છે. કોઈ પણ ઊર્મિને, લાગણીને સાધનાના રચનાત્મક ઉપયોગમાં લઈ શકાય એમ છે.

» જીવપ્રકારની કોઈપણ વૃત્તિના બળથી મુક્ત, એવો જે મુદ્દલે બળ વગરનો જીવ તે સાચી અબળા.

જ્યારે સંપૂર્ણ નિરાસક્તિ, નિર્મમત્વ, નિરાગ્રહ, નિરહંકારીપણું વગેરે જીવનમાં કામ કરતાં થઈ જાય, ત્યારે જ સાચી રીતે શ્રીભગવાન ઉપર આધાર રાખી શકાતો હોય છે.

અધ્યાત્મપથે 'નિર્ધન' થઈ જવાનું છે એટલે કે જીવપ્રકારનો—જીવપ્રકારની વૃત્તિઓનો—ખજાનો છે, તે ખપાવી દઈને એ અર્થમાં, પૂરેપૂરા ભિખારી બનવાનું છે.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૧૬૮–૭૨–૭૩–૭૫–૯૦–૯૭)

» ગુરુ-ભાવ એટલે ગુરુ પોતે નહિ કે તેનું શરીર નહિ, પરંતુ જીવનનો વિકાસ થવાને આપણને જે ઉત્કટ તમન્ના પ્રકટેલી હોય છે, તેને એકમાં એકાગ્ર ને કેન્દ્રિત કરીને તેનામાંથી પ્રેરક બળ અને ચેતનવંતા પ્રાણ પ્રાપ્ત કરવાને જે લક્ષ્ય, જે સાધન છે તે.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૦૩)

» હૃદયની અજ્ઞાત પ્રેમભક્તિથી ઋષિ-મુનિઓની સેવા કરવામાં ઇતિકર્તવ્યતા માનનારા પણ તરીને પાર ગયાના શબરી જેવા દાખલા પણ છે. એટલે જીવનવિકાસની સાધનામાં એકાગ્ર ને કેન્દ્રિત થવાતું જવાય તો વિવિધ ગુણશક્તિઓ સાથે વિકસે છે ને એમ કરતાં કરતાં પૂર્ણત્વની કક્ષામાં પણ પહોંચી શકાય છે.

» સાધનામાં કાળબદ્ધ યોજનાની જેમ એવા કોઈ કાળનું—અમુક સમયને અંતે અમુક સ્થિતિ કે ભાવના થાય એવી નિશ્ચિતતાનું—નિર્ણિતતાનું સ્થાન ન હોઈ શકે. જે કોઈ પોતાની 'આજ' યોગ્યપણે સંભાળે છે, તેની 'કાલ' યોગ્યપણે પ્રકટવાની જ છે.

» આપણા મનને અથવા ભાવને સ્થિર કરવાને માટે સાકાર આલંબનની જરૂર પ્રકટે છે. તેથી કોઈ ને કોઈ પ્રકારે માનવસમાજમાં મૂર્તિપૂજાનો સંસ્કાર જીવંત રહેવાનો છે. શ્રીસદ્‌ગુરુની પ્રથા પાછળનો અંતર્ગત હેતુ તો એક અવલંબનનો તરીકેનો છે.

» સેવાના પ્રેમથી તો ભેદ ઘટે અથવા ઘટવા માંડે, પરંતુ ભેદની માત્રા સેવાના ક્ષેત્રમાં વધેલી અનુભવાય છે. એટલે એને સાચા અર્થમાં તે 'સેવા' ગણાય કે કેમ તે વિચારવું રહ્યું.

» સાચો ને ઇચ્છવાજોગ ચમત્કાર તો પ્રકૃતિનું રૂપાંતર થાય તે છે. ભાવનામાં અખંડતા પ્રકટતાં પ્રકટતાં મનમાં નીરવતા, બુદ્ધિમાં પ્રજ્ઞાવસ્થા, ચિત્તમાં ચેતનાની ભાવના, પ્રાણમાં એકમાત્ર ભગવદ્-ભાવનાની ભાવના ને અહમ્‌માં પ્રભુપ્રેરિત શક્તિ, એવાં પરિણામમાં પ્રકટતાં પ્રકટતાં પ્રભુકૃપાથી શરણાગતિને પામીશું. આપણે તો આ પ્રકારની ભાવાત્મક-પરિણામજનક ચમત્કારની વાંછના રાખવી.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૧૩, ૨૧૫, ૨૨૫, ૨૬૯)

» અવ્યક્તમાં આસક્તિ થવી એ ઘણું દોહ્યલું છે. સાકારની ભક્તિ પ્રમાણમાં વધુ સુગમ છે. આથી સાધનાને માટે ભક્તિ વિશેષ સાનુકૂળ છે. ભક્તિમાંથી જ્ઞાન પ્રકટે છે અને જ્ઞાનમાંથી યોગ પ્રકટે છે ને તે બધાંમાંથી કર્મકૌશલ્ય પણ પ્રકટે છે.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૭૭)

સાધનના અભ્યાસમાં સાકારપણું એટલે તેનો ભાવ અને તેમાંથી પ્રકટતી એકાગ્રતા, કેન્દ્રિતતા ને સળંગતા ને તે પછી તેનો થતો વિસ્તાર.

જેમ શિક્ષણમાં આગળ ધપવાને માટે સાકારનું શરણું એ શિક્ષક; તેવી રીતે જીવનવિકાસના માર્ગે અવલંબન લેવાનું જે યોગ્ય સાકાર સાધન તે શ્રીસદ્‌ગુરુ.

કર્મ કરવા છતાં એ કર્મ પાછળની ઇચ્છા કોઈ લૌકિક પ્રકારની ન હોવી જોઈએ, કિન્તુ સાધનાના ભાવને પ્રેરક બળરૂપ પ્રકટ્યા કરે એવી રીતે ને એવા ભાવે પ્રભુ-પ્રીત્યર્થે મળેલાં કર્મો યજ્ઞભાવે આપણે કર્યાં કરવાનાં છે.

મૌન તો સારું જ પરંતુ પાછું એ મૌન ઘરેડ પ્રકારનું, શુષ્ક, કોરું કોરું ન હોવું ઘટે. મૌનમાં આંતરિક પ્રવાહ ભાવનામય પ્રકટેલો

રહે અને તેવું ન હોય, તે વેળાએ મનનચિંત્વનની પ્રક્રિયા ચાલતી રહે, એટલે કે કોઈ ને કોઈ પ્રકારે મૌન પાળતી વેળાએ સાધનાના રચનાત્મક સાધનમાં વળગેલા રહ્યા કરતા હોઈએ તો તે પ્રકારનું મૌન વિકાસાત્મક છે.

સંસારી માનવી અને સાધક બંને જણા સાંસારિક, વ્યાવહારિક કર્મો કરતાં હશે. એટલે બન્નેના કામનો પ્રકાર બાહ્ય રીતે તો એક જ હોવા છતાં કર્મની પાછળના ભાવમાં પાયાનો ફરક હોય છે. સંસારીનું લક્ષ તો સંસાર પરત્વે રહેવાનું ને એના ચિત્તમાં સંસાર જન્મવાનો; જ્યારે સાધક પોતાની તે ભાવનાને વિશેષ મહત્ત્વ આપતો હશે. જો તેમ ન કરી શકતો હોય તો તે તેની નબળાઈ છે. તેવી નબળાઈ તેનો દોષ છે. તેમાંથી તેણે નીકળી જવું ઘટે. એટલે સાધક જ્યારે ખરેખરી રીતે સકળ પ્રકારનાં કર્મ કરતાં કરતાં અંતરમાં એકમાત્ર સાધનાના જ ભાવની એકાગ્રયુક્ત જ્ઞાનાત્મક ધૂનમાં પ્રકટેલો રહ્યા કરતો હશે, ત્યારે તેવા તેવા કર્મના ક્ષેત્રપ્રકારના સંસ્કાર તેના ચિત્ત ઉપર પડી શકવાના નથી, પરંતુ તેના બળમાં તેથી તો ઉમેરો થવાનો છે.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૭૮, ૨૭૯, ૨૮૦, ૨૯૦)

» શ્રીસદ્‌ગુરુ સાથે એકતા એટલે શ્રીસદ્‌ગુરુના જેવા થવાનું છે એમ નહિ, પરંતુ એનો અર્થ તો એટલો કે હૃદય હૃદયની સાથે મળી, ભળી, ગળી ગયું હોય અને દિલ દિલનો જ્ઞાનભક્તિપૂર્વકનો તાદાત્મ્યભાવ પૂરેપૂરો પ્રકટી જાય, અને એક એકના દિલમાંની બીજા પરત્વેની ભાવના બીજાના દિલને પણ મળી શકે એવી દિલની તેવા પ્રકારની એકતા; અને તે થવાને આપણે મથવાનું છે. બાકી આપણે એકબીજાના જેવા થવાનું નથી, આપણે તો પ્રભુના જેવા થવાનું છે. પ્રભુની જે સગુણ ભાવના છે, તેની ધારણા અનુસાર આપણા જીવનનો વિકાસ કરવાનો છે.

કર્મ યોગ્ય પ્રકારનાં થયાં કરે અને તેમાં વ્યવસ્થા પ્રકટે તેના પર ઝોક ને મહત્ત્વ ન આપતાં કર્મ કરતાં કરતાં મનમાંનો ભાવ આપણી સાધનાને અનુકૂળ અંતર્ગતપણે વહ્યા કરે તેને મહત્ત્વ આપ્યાં

કરવાનું છે. ભાવને મહત્ત્વ આપી તે પ્રમાણે થતાં કર્મમાં યદ્વાતદ્વાપણું પ્રકટે છે, એવી માન્યતા એ એક ભ્રમ છે. કર્મકૌશલ્ય એકાગ્રતામાંથી પ્રકટે છે.

ભાવ કેળવાઈને એકાગ્ર ને કેન્દ્રિત થતો જાય છે. તેનું પ્રત્યક્ષ લક્ષણ વૃત્તિઓ શમતી અને ઠરતી હોય છે તે છે.

જેમ કોઈ નિપૂણ વગાડનારને કે પ્રવીણ ગાનારને જરાક પણ સૂર બેસૂરો થતાં સફાળી ખબર પડી જાય છે, તેમ આપણને ક્યાંક ભાવની ધૂનથી જરાક પણ ભિન્ન થવાતાં એકદમ આંચકો લાગી જવો જોઈશે. એ રીતનો અનુભવ થાય તો આપણે ભાવની ધૂનમાં રહ્યા હોવાનું પ્રમાણવું. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૨૯૫ થી ૨૯૯)**

» કોઈપણ જાતની અન્યથાવૃત્તિ કોઈના પર આવવા દેવી નહિ અને કરવી પણ નહિ. કારણ કે એમાં પોતાનું અહિત છે. ધારો કે આપણને તેમ થવાનું સાચું કારણ મળ્યું હોય તો પણ તેમ થવાથી તે અન્યથાવૃત્તિના તેવા સંસ્કાર આપણામાં પોતાનામાં પડવાના છે, એટલે આપણે પોતે થઈને આપણું જ અહિત કરીએ છીએ એવું સાધકને લાગી જવું જોઈએ. એટલે સાચી રીતે તો સાધનાપથે સર્વ પરત્વે કેમ કરીને કેવળ સદ્‌ભાવ કેળવાયા કરે તે તરફ લક્ષ રાખવું ઘટે છે. સાચી રીતે થતી જતી સાધનાના ભાવમાંથી તો તે સદ્‌ભાવ પ્રકટતો રહે છે. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૦૦)**

» જે ભાવ દૃઢાવવાનો આપણે નિશ્ચય કર્યો હોય તે નિર્ણયને મદદ કરે એવું જે વિચારવાનું બને એ તો જાણે ઉત્તમ, પરંતુ જે આડુંઅવળું પ્રકટે, ત્યારે તેના પ્રવાહમાં તણાઈ ન જવું ઘટે, એટલી જાગૃતિ હોવી, રાખવી જોઈએ.

» એકાગ્રતાનો પણ એક જાતનો આનંદ હોય છે. કંઈ પણ કશામાં પ્રકટેલી એકાગ્રતામાંથી ભાવ ને આનંદ જન્મે છે. જેમ જેમ એકાગ્રતા કેળવાતી જાય, તેમ તેમ ભાવ વધારે ને વધારે ખીલતો જાય છે.

» કરુણાથી બીજાને માટે પ્રેરાઈ જવાનું બનતું હોય તો આપણી જાત માટે જ પ્રથમ કરુણા કેમ નહિ? આપણે આપણા પોતા માટે તો હૃદયની યોગ્ય પ્રાર્થના કરવાને પૂરા સમર્થ થયા નથી, ત્યાં બીજાને માટે તેમ કરવાની વૃત્તિ કરવી એ આડફંટે જવા બરાબર છે.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૦૧ થી ૩૦૪, ૩૧૧)

» ગીતાજીમાં જે **'ભજતે'** શબ્દપ્રયોગ આવે છે, તેનો ઉપરછલ્લો વાણીમાં જ ભજન કરે છે એવો અર્થ કે ભાવ હોતો નથી, પણ આપણી આખી ચેતના પળેપળ પ્રભુના ભક્તિભાવની સતત ને સળંગ ધારાથી ઊભરાયા કરે તે **'ભજતે'**નો અર્થ છે. વળી મનસા, વાચા, કર્મણા ભજવા ઉપરાંત અથવા તેના વધુ સ્પષ્ટ અર્થ તરીકે **'સમ્યગ્ વ્યવસિતો હિ સઃ'** કહ્યું છે. એટલે કે એના જીવનના પ્રત્યેક આચારવિચાર યોગયોગ્ય ચેતનાત્મક પ્રકારના પ્રકટેલા હોવા જોઈશે, તેનાં અંદરનાં બધાં મનાદિકરણોમાં સુમેળ, સુસંવાદ હોવો જોઈશે, એટલે કે તેઓ સુવ્યવસ્થિત હોવાં જોઈશે તેમજ તેના જીવનમાં અને જીવનનાં સર્વ ક્ષેત્ર અને સર્વ પાસાંમાં તેનામાં ભાવપૂર્ણ યોગયોગ્ય વ્યવસ્થિતિ પ્રકટેલી હશે ને તેથી તેનો જીવનવ્યવસાય પણ એ પ્રકારનો હશે એવો ભક્ત **'ક્ષિપ્રમ્'** જલદી ધર્માત્મા થાય છે, ચિરશાંતિ પામે છે, અખંડ ધારાવત્ હૃદયનો આહ્લાદ પામે છે. એવા ભક્તને માટે શ્રીભગવાન વચન આપે છે કે તેની ભક્તિ મિથ્યા થતી નથી, તે નાશ પામતો નથી. **('જીવનસંશોધન', આ. ૧, પૃ. ૩૨૬)**

» **'નિર્બળ કે બળ રામ'**નો સાચો અર્થ તો એ છે કે જ્યારે જીવદશામાંથી સંપૂર્ણ અહમ્નો લય થઈ જાય અને છેક છેવટની ઘડી સુધીનો સકળ પુરુષાર્થ કરી કરીને **'હારે કો હરિનામ'** એવી સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે **'નિર્બળ કે બળ રામ'** એમ આપણે સાચા ભાવથી પોકારી શકીએ.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૨૩)

» ઘણાખરા ભાષ્યકારો અમુક સાંપ્રદાયિક મતને પોષણ આપનારા કે પોતાની રુચિ કે કક્ષા અનુસાર કે પોતાના Mission–પ્રભુપ્રેરિત એ

સ્થળકાળ માટેના તેમના કર્તવ્ય અનુસાર મૂળ શ્લોકનો અર્થ કરતા હોય છે ને તે તેમને માટે યોગ્ય પણ છે. પણ આપણે તો મૂળ શ્લોકનો જ આપણા પોતાના જીવનયોગને અનુકૂળ જે રીતે અર્થ સૂઝે તેમ તેમાંથી હાર્દ પકડવું. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૨૮)**

» જ્ઞાનનો ખરો અર્થ સમજણ નહિ પણ તેવું જીવન.

('જીવનસંશોધન', આ. ૪, પૃ. ૩૬૬)

» માનવીના સંજોગોથી, બુદ્ધિના પ્રભાવથી, મનના ફાંકાથી, વિદ્વત્તાના ઘમંડથી, જીવનવ્યવહારમાં મળેલા લાભો તથા જય ને જશથી, આગળપાછળના લોકોની બોલબાલાથી, વાતાવરણથી વગેરે એવાં અનેક કારણોથી જીવમાં એક પ્રકારની અહંપ્રેરિત personalityનું—વિશિષ્ટતાયુક્ત વ્યક્તિત્વનું—થર જામતું હોય છે અને એ જીવનમાં વિકાસપથે ભારે અંતરાયરૂપ બની રહે છે. અહંપ્રેરિત વિશિષ્ટ વ્યક્તિત્વના કે એવી બીજી વૃત્તિના કોઠામાં એટલે કે અભિમન્યુના ચક્રાવામાં આપણે પેઠા એટલે પછી તો ભુલભુલામણીમાં ભૂલા પડીને અટવાયા કરવાના. આવા ચક્રાવામાંથી બહાર ખેંચી કાઢનાર જો કોઈ હોય તો તે જીવનવિકાસની સાધના છે. એ સાધનાના જોરે આપણાથી સવેળા જાગ્રત થઈ જવાય છે ને આપણી થતી ચૂક દીવા જેવી સ્પષ્ટ દેખાઈને એવી ભુલભુલામણીમાંથી પ્રભુકૃપાથી બહાર નીકળી શકાય છે. **('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૩૬, ૩૩૮)**

» ચર્ચાનું મૂળ ઉત્પાદક કારણ અહંકાર છે. ચર્ચામાં સામા પરત્વે એક પ્રકારની સૂક્ષ્મ અનુદારતા પ્રકટેલી રહે છે. સામાને ઓળખી શકવાની શક્તિ હોયા વિના તેને વિશે જાણ્યે અજાણ્યે આપણને એમ માનવાનું મન થાય છે કે આપણે તેનાથી બુદ્ધિમાં અને સમજણમાં ને તેની યોગ્યતામાં ચઢિયાતા છીએ. વળી સૂક્ષ્મપણે એમાં દંભ પણ સેવાઈ જતો હોય છે, કારણ કે ચર્ચાના રસમાં તણાઈને સામી વ્યક્તિના કથનમાં જે કંઈ રહેલા સત્યને સ્વીકારવાનું અશક્ય બની જાય છે, અને કોઈક વાર તે ઊંડે ઊંડે સમજાતું હોય તોપણ તેના

પ્રતિ દુર્લક્ષ કરીને આપણો કક્કો ખરો કરાવવા મથીએ છીએ. ચર્ચામાં બુદ્ધિનો દુરુપયોગ પણ થયા કરે છે.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૪૦)

» 'અમુક કાર્યની સિદ્ધિ તેનો કાળ પાકે ત્યારે થાય' એમ જે કહેવામાં આવે છે તે 'કાળ પાકવાના' નિર્માણની હકીકત જેટલી સત્ય છે, તેટલી જ પાછી કાળ પાકવાની મુદતમાં ઓછાવત્તાપણું આપણી તમન્નાની ઉત્કટતા, જીવનવિકાસની પ્રેમભક્તિ, પ્રભુકૃપા, સાધનામય જીવન આદિમાંથી ફલિત થતાં આંતરિક પ્રયાસથી થઈ શકે છે એ હકીકત પણ સાચી છે.**('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૪૫)**

» સાધના એટલે જ કાળને જલદી ને છતાં યોગ્યપણે પકાવનારી જડીબુટ્ટી. પ્રતિકૂળ સંજોગોને અનુકૂળ કરવાની કળા એટલે સાધના એમ પણ કહી શકાય. પ્રકૃતિ દ્વારા જીવની થતી ઉત્ક્રાંતિમાં શક્તિ ને પ્રાણસંચાર પ્રકટાવી તેને વેગવાળી ને ભાવાત્મક બનાવનાર જે ચેતનની પ્રક્રિયા તે સાધના એમ પણ કહી શકાય.

('જીવનસંશોધન', આ. ૨, પૃ. ૩૪૫–૩૪૬)

» યુદ્ધ એટલે માત્ર સંહાર એ સમજણ ઘણી અધૂરી છે. યુદ્ધથી ખંડન અને મંડન બન્ને થાય છે. યુદ્ધ એટલે ખંડન અને મંડન બન્ને.

» બુદ્ધિના ક્ષેત્રે, મનના ક્ષેત્રે, પ્રાણના ક્ષેત્રે, શારીરિક ક્ષેત્રે એમ માનવી-ના આધારના પ્રત્યેક કરણની પ્રવૃત્તિમાં યુદ્ધ ખેલાયે જતું હોય છે.

જ્યાં દ્વંદ્વ છે ત્યાં યુદ્ધ છે. અનેક પ્રકારનાં દ્વંદ્વોનાં યુદ્ધ દ્વારા સૃષ્ટિમાં શ્રીભગવાનનો દિવ્ય સૂક્ષ્મ હેતુ સધાયે જતો હોય છે.

» જગતમાં બધું અભેદરૂપે જ તત્ત્વરૂપ છે, એટલે જે કંઈ બન્યાં કરે, તે આપણે લીધે જ છે. એનું મૂળ કારણ તો આપણામાંનું છે.

('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૯)

» કંઈપણ કશું (અણગમતું યા દુઃખદાયક પણ) ઉદ્ભવતાં કે થતાં એનું મૂળ પોતાનામાં જ જોવા મથવું ને જોવાનું કરવું એનું નામ અભેદ

ઉપાસના. એમ કરતાં કરતાં જગતનું મૂળ આપણે જ છીએ એમ અનુભવ થયા વિના રહી શકતો નથી. (**'જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૧**)

» સાધના એટલે ભક્તિ, જ્ઞાન, ધ્યાન અને કર્મમાર્ગનો સમન્વય. ભક્તિ એ ભાવનાનો ધોધ, જ્ઞાન એ હેતુ, ધ્યાન એટલે એકાગ્રતા અને કેન્દ્રિતતા, કર્મ એટલે એ બધાંને સુયોગ્યપણે, સુમેળ રીતે વહેવા માટેનો પટ—channel. (**'જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૦**)

» પ્રાર્થના પણ એક પ્રકારનું ધ્યાન જ છે. પ્રાર્થના સાકાર છે. ધ્યાન નિરાકાર છે. ધ્યાનમાં આપણે કશો આધાર લેતા નથી. ભાવની વૃદ્ધિ અર્થે પ્રાર્થનાનો સાધન તરીકે આધાર લઈએ છીએ, પણ બન્નેનું પરિણામ એક સરખું છે. ત્યારે આપણે ધ્યાનસ્થ રહ્યાં કરતાં હોવાં જોઈએ. ભાવનાનો ભાવમાં લય થઈ જાય એ જ પ્રાર્થનાનું રહસ્ય છે. (**'જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૩**)

» ગુરુ એટલે સાધકને એના જીવનવિકાસનાં પગથિયાં ઉત્તરોત્તર ચઢાવતી જનારી એક નિસરણી; તેની સમજને ઉચ્ચતર અને ઉચ્ચતમ ભૂમિકાઓ સાથે જોડનારી સાંકળ.

(**'જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૬**)

» સૂક્ષ્મભાવમાં કહીએ તો ગુરુની સમીપતા કે દૂરપણું કશું છે નહિ, કારણ કે ગુરુ એ તો ભાવરૂપે જ છે. (**'જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૭**)

» Trifles–ક્ષુલ્લકપણું પણ નકામું નથી, એમાં પણ શ્રીભગવાનની જ ચેતનાશક્તિ રમી રહેલી છે. એ પણ એનું જ સ્વરૂપ છે. પણ એમાં પણ આપણો ભાવ તો એ ચૈતન્યભાવનો જ રમ્યા કરે તો!

(**'જીવનસંદેશ', આ. ૪, પૃ. ૫૮**)

» જગતમાં કશું નકામું નથી. જેને માનવી તદ્દન ખરાબ ગણે છે, તે પણ નકામું નથી. એ ખરાબ દેખાય છે કે ગણાય છે, એનું કારણ આપણે એને એ રીતે ગણતા, દેખતા, સમજતા, માનતા, વાપરતા આવ્યા કર્યા છીએ, તે છે; બાકી ખરાબ કશું જ નથી. જે કંઈ બધું યથાસ્થાને યોગ્ય જ છે ને શ્રીભગવાનમય છે.

ખેતરમાંનું ખાતર ગમે તેટલું દુર્ગંધ ફેલાવતું હોય તો પણ એને સૃષ્ટિમાં સ્થાન છે જ અને ત્યાં એનો ઉપયોગ પણ છે જ.

('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૫૯, ૧૩૪)

» આત્મવિશ્વાસ એ મિથ્યાભિમાનની લાગણી નથી, પરંતુ એ તો ધ્યેય પ્રતિ પહોંચાડનારી આવશ્યક ભાવના છે.

('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૦૭)

» તટસ્થતા અને અનાસક્તિ લગભગ પર્યાયવાચક (સમાન અર્થવાહી) શબ્દો છે છતાં તેમાં ભેદ છે. તટસ્થતાને એક રીતે અનાસક્તિનું પરિણામ પણ ગણી શકાય. **('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૩૧)**

» બુદ્ધિ લાગણી કરતાંયે વધુ આગ્રહી અને દીર્ઘકાળપર્યંત પોતાનું જીવન ટકાવવાની શક્તિવાળી છે. **('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૩૪)**

» દુનિયામાં ખેલાતાં યુદ્ધોમાં પરોવાયેલાની તો જગતને જાણ પણ થાય છે. એના યશોગાન ગવાતાં હોય છે, પણ આ આધ્યાત્મિક યુદ્ધક્ષેત્રે યુદ્ધ ખેલનાર સાધકને તો કોઈ જોઈ કે જાણી નહિ શકે; કારણ કે જગતને—જગતમાં—તેવી દૃષ્ટિ ને વૃત્તિ તે પરત્વેની બહુ જૂજ હોય છે. એટલે એની કદર કે એની વાહવાહ બોલનારા ખાસ કોઈ નહિ હોય. એણે પોતાનામાંથી જ સંતોષ મેળવી લેવાનો રહેશે.

('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૪૫–૧૪૬)

» ધિક્કારવૃત્તિ એ પ્રેમની વિકૃત દશા છે યાને ઊલટું પાસું છે.

» સાચા અર્થમાં સ્વાનુભવમાં જેમ સર્વાનુભવ આવી જાય છે, તેમ સ્વકલ્યાણની પ્રવૃત્તિમાં સર્વકલ્યાણની પ્રવૃત્તિ આપોઆપ થયા કરે છે.

સમદૃષ્ટિ એટલે નિર્લિપ્ત સમન્વયાત્મક દૃષ્ટિ.

('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૧૬૮–૧૭૧)

» પ્રેમ એ આપણા દિલની ભાવનાનું ગતિવાહક યંત્ર છે.

» રામ-રાવણ યુદ્ધમાં રામ, લક્ષ્મણ, આદિને કદાચ સૌથી વધુ ત્રાસ ઇન્દ્રજિત્‌નો હતો; કેમ કે તે પોતાનું સાચું સ્વરૂપ માયાવી સ્વરૂપમાં ઢાંકી દઈને, વાદળાં પાછળ છુપાઈને, ન દેખાય એવા સ્થળેથી પોતાનાં બાણ ફેંકતો હતો. તેવી રીતે પ્રકૃતિના હુમલા સાધકના જીવનમાં વધુ ને વધુ ગુપ્ત વેશના થતા જવાના, એવા માયાવી સ્વરૂપથી રક્ષણ કરવાનું શસ્ત્ર સાધક માટે તટસ્થતા અને સમતાયુક્ત આંતરનિરીક્ષણ છે. **('જીવનસંદેશ', આ. ૨, પૃ. ૨૧૩)**

» સંતસમાગમથી તથા તેમના વસવાટના વાતાવરણની આપણાં કરણો ઉપર સારી અસર થાય છે તે ખરું છે—પણ જો એ સંત પ્રત્યે આપણને સદ્‌ભાવ, માન, આદર, વિશ્વાસ, શ્રદ્ધા યા પ્રેમભક્તિ આપણા હૃદયમાં પ્રકટ્યાં હશે તો જ. **('જીવનસંદેશ', આ. ૪, પૃ. ૨૧૭)**

» જે જીવ સાધનામાં ઓતપ્રોત થઈ જાય છે, તેનામાં તો જ્યાં જ્યાં જગતમાં સૌંદર્યની ભાવના કોઈપણ કળારૂપે વ્યક્ત થયેલી હોય તેના પ્રતિ તેના હૃદયની કદરવૃત્તિ ખીલતી જતી હોય છે. રમ્ય સૂર્યોદય કે સૂર્યાસ્તને સમયે, આકાશમાં પૂનમની શીતળ ચાંદની ખીલી હોય ત્યારે, જંગલની વનસ્પતિનું કુદરતી સૌંદર્ય ભરપૂર ભર્યું હોય ત્યારે, સાગરનાં ઘૂઘવતાં મોજાંઓમાં, માનવીના હૃદયના સદ્‌ભાવમાં, નૃત્ય-સંગીત-ચિત્ર-શિલ્પકળા આદિ લલિતકળાનાં તેજસ્વિત દર્શનમાં, કલ્પનાના ઉડ્ડયનશીલ પ્રભાવમાં યા કોઈ આકાશી ઊર્મિના સાહિત્ય-સર્જનમાં—આવા બધામાં શ્રીભગવાનની ચેતનાશક્તિનો દિવ્ય સ્પર્શ થયેલો છે એમ હૃદયની ધારણા ધરાવાઈને ત્યાં ત્યાં એવા સાધકનું પ્રાર્થનાભક્તિભાવે શિર નમે છે.

('જીવનપાથેય', આ. ૩, પૃ. ૧૮૩)

» જે મંથનમાંથી, વલોપાતમાંથી, રુદનમાંથી કશું શુભ જન્મતું નથી તે મંથન, વલોપાત ને રુદન વ્યર્થ છે. માનવી રિસાય, અકળાય, રૂંધાય, આઘાત લાગે ત્યારે રડવાનું બને; પરંતુ એના પ્રત્યાઘાતોએ કરીને એના પરિણામજનક અનુભવને હૃદયમાં સ્વીકારવાને

તૈયારીવાળું જો માનવી બની શકે નહિ તો એવું દુઃખ, રુદન આદિ એ તો એની મૂઢતાને કારણે છે. મૂઢતા ન હઠે ત્યાં સુધી કશી યોગ્ય સમજણ પ્રવેશી ન શકે. મૂઢતા એ એક જ્ઞાનની આડેનો મોટો પડદો છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૧૬૨)**

» જીવનવિકાસના માર્ગે સાચી રીતે, સાચી ભાવનાથી, મર્દાનગીથી હૃદયના ઉમળકાથી, પ્રેમભક્તિથી જે જીવ એક પણ ડગલું આગળ ને આગળ માંડતો રહે તેનું તે કાર્ય સાચી ગુરુદક્ષિણા છે.

('જીવનમંથન', આ. ૨, પૃ. ૧૭૧)

» સાધનાના ક્ષેત્રમાં જો પડ્યા, તો તેમાં સંપૂર્ણપણે હોમાઈ જવાનું રહે છે. જુદી જુદી દિશામાં વહેંચાયેલા દિલને સંકેલી સંકેલીને, સંકોરી સંકોરીને સતત યજ્ઞમાં હોમ્યાં કરવાનું રહે છે. એવો પળેપળનો જીવંત યજ્ઞ જીવનમાં પ્રકટ્યા વિના સાધનાનું કામ પાકવાનું નથી. જીવનમાં જીવનનો એવો સતત એકધારો ચાલતો યજ્ઞ એ જ સાચી ગુરુદક્ષિણા છે. એની કિંમત ગુરુચરણે લાખો રૂપિયાની ભેટ કરતાં ઘણી વધારે છે. **('જીવનમંથન', આ. ૨, પૃ. ૧૯૪)**

» પ્રત્યેક જીવની જન્મોજન્મની સમગ્ર ને સળંગ સંસ્કારશક્તિ કેવા પ્રકારની છે અને મૃત્યુટાણે તે તે જીવની કેવી ગતિ રહે છે, (ઉપલી સમગ્ર ને સળંગ સંસ્કારશક્તિ લખી છે તેના આધારે) તેના પર તુરત કે મોડો તે જીવનો જન્મ થવાનો આધાર રહે છે.

('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૧૦–૧૧૧)

» પુરુષ-શરીરી જીવ બીજા જન્મમાં સ્ત્રી પણ જન્મે અને સ્ત્રી-શરીરી જીવ પુરુષ પણ જન્મે. પુરુષ હોય તે પુરુષ જ જન્મે અને સ્ત્રી હોય તે સ્ત્રી જ જન્મે એવો નિયમ નથી.

('જીવનપ્રેરણા', આ. ૧, પૃ. ૧૧૧)

» મૌન એટલે માત્ર વાચાનું મૌન નહિ. એ તો એક એના સ્થૂળ પાસાનો અર્થ. સાચું મૌન તો પાંચેય ઇન્દ્રિયોનું હોવું જોઈએ. બધી ઇન્દ્રિયોને

પોતપોતાના વિષયમાં રસ લેતી રોકી શકાય, ત્યારે જ સાચું મૌન ગણાય. એવી દશા પ્રકટતાં સારાયે જીવનની દૃષ્ટિમાં ને સૃષ્ટિમાં પલટો થાય છે. (**'જીવનપ્રવેશ', આ. ૨, પૃ. ૨૫૮**)

॥ હરિઃૐ ॥

॥ હરિ:ૐ ॥

ખંડ ૪

શ્રીમોટાનાં બહુવિધ સ્વરૂપ

પરમાર્થ એવો કરો કે તે સમાજની સમગ્રતાને સ્પર્શે.

— મોટા

॥ હરિઃૐ ॥

૧. સંકડામણોની વચ્ચે

શ્રીમોટાનાં જીવનનાં જુદાં જુદાં અનેક પાસાં અને લક્ષણો વિશે ચોક્કસપણે સ્પષ્ટતાથી લખવું એ એક પ્રકારનું ઘણી મુશ્કેલીવાળું કાર્ય છે. કારણ કે આવા લોકોનું જીવન એકધારું, એકસરખું, એક જ પ્રકારનું, એક જ જાતની ગતિવાળું હોતું નથી. અનેક પ્રસંગોએ તેઓશ્રી જુદી જુદી રીતે વર્તતા હોય છે. તેમના વર્તનની રીતો નિરાળી નિરાળી હોય છે. એટલે કાંઈ ચોક્કસપણે લખવું એ મારા જેવાને માટે અઘરું તો છે જ. જેટલું જેટલું ખ્યાલમાં છે ને જે કાળે જે જે થયું છે અને જે જે રીતે તેઓશ્રી વર્ત્યા છે તેને સંપૂર્ણપણે ન્યાય આપી શકું એમ નથી. એ પ્રસંગોના જાણકાર કેટલાક આજે પણ છે. છતાં લખી શકાય એવી બધી સામગ્રી ઉપલબ્ધ નથી, તેથી એમને પૂછી પૂછીને ઉતારી લીધી છે :

શ્રીમોટાએ કોઈ એવી પરંપરાયુક્ત જાણીતી એવી પદ્ધતિથી સાધના કરી નથી. શરૂશરૂમાં એમનો નામસ્મરણ ઉપર મહત્ત્વનો ઝોક હતો. જેમ જેમ એમાં એ આગળ વધતા ગયા તેમ તેમ તેમના હૈયામાંથી બધું સૂઝતું ગયું. સ્મરણ, પ્રાર્થના, આત્મનિવેદન, અભય, નમ્રતા અને મૌન એકાંત આપણા બહિર્મુખપણાને ઘટાડે છે. અભય અને નમ્રતા અંતર્મુખતા પ્રકટાવે છે—આંતરબાહ્ય બધી રીતે.

જો કે એમણે ગુરુ કરેલા ને ગુરુની મદદ પણ મળેલી, પણ ગુરુ પાસે વારંવાર જઈ શકે એટલા એમની પાસે પૈસા નહોતા. એમના ગુરુ મહારાજ મધ્યપ્રદેશમાં સાંઈખેડા ગામથી દૂર એકાંતમાં દિગંબર અવસ્થામાં રહેતા અને શ્રીમોટા મળેલું કર્મ છોડીને જવામાં માનતા પણ નહોતા. એઓ હંમેશાં માનતા આવેલા કે મળેલું કર્મ, સ્થિતિ, સંજોગો, ફરજ ને તે પરત્વેનો આપણો જે ધર્મ તેને પ્રેમભક્તિથી અદા કરવો તે જ સાચો ધર્મ છે. પોતાના જીવનમાં મળેલા ધર્મને ઉવેખીને બહાર જવાની વાત તેમને ગળે કદી ઊતરી નહોતી.

૨. જીવનવિકાસની પારાશીશી

શ્રીભગવાનને માર્ગે પળનારા લોકો જ્યારે શ્રીમોટાને ધ્યાન વગેરે વિશે પૂછે છે તેમને કહે છે કે, ''ભાઈ, તમારાથી ધ્યાન એકદમ નહિ થઈ શકે. ધ્યાન કેળવવા માટે સાચોસાચ એક પ્રકારની ખાસ ભાવના જાગેલી હોવી જોઈએ. વળી, ધ્યાન તો આપમેળે જ થાય તે ઉત્તમ અને તે ત્યારે થશે જ્યારે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહંકાર, ઝંખનાઓ, અનેક પ્રકારની લોલુપતાઓ મોળાં પડશે ત્યારે. એ એનો મુખ્ય હેતુ. રાગદ્વેષ મોળા પાડવા સાધકના જીવનનું એક લક્ષ હોવું ઘટે.''

ઘણીવાર શ્રીમોટા આ સાધનાપંથે વળેલાઓને કહેતા હોય છે કે જે કોઈને જીવનવિકાસના માર્ગે વળવું છે અને જેનામાં એની સાચી દાનત હોય, એવા માણસો કદી કાળે તામસમાં પરોવાયેલા હોતા નથી. એવા લોકોએ સતત એકધારા કર્મમાં એકરસ થઈને પરોવાયેલા રહેવું જોઈએ. કંઈપણ કામ કર્યા વિના પડી રહે તેવા માણસો પરત્વે તેમને (શ્રીમોટાને) નફરત છે; એમ તો નહિ કહી શકું, પણ માણસો દાવો કરે કે પોતે શ્રીભગવાનના પંથે પડેલા છે, એવા દાવાનો શ્રીમોટા કદી સ્વીકાર કરી શકતા નથી. રજસ પ્રવૃત્તિવાળાએ એકાંતવાસ કરવો ને અંતર્મુખ બનવું જોઈએ અને તમસ પ્રકૃતિવાળાઓએ કર્મમાં પ્રવૃત્ત બનવું જોઈએ, જેથી એનું તામસ ઘટશે અને કર્મની સાથે સ્મરણ, જપ વગેરેમાં પ્રવૃત્ત બનવું જોઈએ.

૩. ભગવાનને માર્ગે જવા કર્મ

શ્રીમોટા વારંવાર કહેતા હોય છે કે કર્મમાત્ર ભાવનાને સાકાર કરવા માટે છે. કર્મના આધાર વિના ભાવનાનું ગાઢ સ્વરૂપ એના ચેતનપણામાં પ્રકટી શકવાનું નથી.

શ્રીમોટાએ સાધના અંગેનું કોઈ સાહિત્ય વાંચ્યું નથી. એવું વાંચવાનો મહાવરો ને સમય પણ નહોતાં. વાંચવાનું દિલ પણ થતું નહિ.

છતાં તેઓશ્રી એકધારા સાધનાના પંથમાં ધક્કેલાતા રહ્યા કરેલા. એટલે એમને જે સમજણ ઊગેલી છે, તે એમના પોતાના હૈયાના મથામણ કરેલા અને મથામણ થયેલા માર્ગમાંથી જ મળેલી છે. એમણે કેટલા બધા પત્રો લખ્યા છે! પ્રત્યેક સાધકને લખેલા કાગળો સને ૧૯૪૦-'૪૩ દરમિયાન લખાયેલા છે અને શ્રીઅરવિંદના પત્રો ૧૯૪૪ પછી બહાર પડ્યા છે. એ કાગળો અને શ્રીમોટાના પત્રોમાં ઘણું સામ્ય છે. અમદાવાદના પ્રોફેસર રા. બ. આથવલે સાહેબે શ્રીમોટાના એક પુસ્તકની પ્રસ્તાવનામાં આ હકીકતનો બહુ સ્પષ્ટપણે ઉલ્લેખ કરેલો છે.

શ્રીમોટાના જીવનની બીજી ખૂબી એ છે કે પ્રત્યેક કર્મને માટે તેમણે સમય મુકરર કરેલા છે. શ્રીમોટા કશું યદ્વાતદ્વા થવા નહિ દે. એમની સાથે સાધનાના ભાવે સંયુક્ત થયેલા જીવોને પણ તે પ્રમાણે વર્તવા નહિ દે. યદ્વાતદ્વાપણું, ગમેતેમ સ્વચ્છંદતાથી વર્તવું એ સાધકના જીવનનું બહેતર લક્ષણ નથી. બહાર જવું હોય તો તેઓશ્રી યોગ્ય સમયે જ વાહન મંગાવે. યોગ્ય સમયે વાહન આવે તેની ખાંખત પણ રાખે છે અને સમય પાળવાની એમની રીત અને તે પ્રત્યેક કર્મ તે તે કાળે તે તે રીતે કરવું અને તે સમયે જ કરવું જોઈએ એવી એમના જીવનમાં વર્તવાની રીત, એ પણ અનોખી પદ્ધતિ છે.

પોતાના સ્વભાવને જેવો ને તેવો જ રાખીને શ્રીભગવાનને માર્ગે કદી પણ વિકાસ થઈ શકે નહિ અને સાધુ-મહાત્માઓના કેવળ આશીર્વાદથી કોઈ આગળ વધી શકે તેવી માન્યતામાં ભ્રમણા છે, એમ શ્રીમોટા કહે છે. સાધુ-મહાત્માના આશીર્વાદ ને કૃપામાં શક્તિ નથી એવું નથી. શક્તિ તો છે એમ શ્રીમોટા માને છે, પણ આપણામાં આપણે પક્ષે એ માટેની પાત્રતા, યોગ્યતા કેળવવાની રહે છે. એવી યોગ્યતા ને પાત્રતા આપણામાં પ્રકટેલી હોય તો જ આપણામાં એવું સંગ્રાહકપણું—'રીસેપ્ટિવિટી'—પ્રકટે.

૪. દીક્ષા

શ્રીબાળયોગીએ શ્રીમોટાને દીક્ષા આપેલી અને એ દીક્ષામાં શું શું થયું તેનું વર્ણન કોઈ પુસ્તકમાં નથી. શ્રીમોટાને કદીક કદીક તે પ્રસંગ વિશે બોલતા સાંભળેલા છે.

શ્રીબાળયોગી મહારાજે શરૂ શરૂમાં શ્રીમોટાને ધ્યાન કરવાનું કહેલું, પણ એ ધ્યાન તો તેમનાથી થાય જ નહિ. શ્રીમોટા કહે કે, ''પ્રભુ! મને જાતજાતના વિચારો આવે છે. મન એકાગ્ર થતું નથી. એકદમ શાંત રહેતું નથી.'' મન શાંત થાય ત્યારે વિચાર, વૃત્તિ વગેરે ન ઊઠે ને તદાકાર નિર્વિકલ્પ પ્રમાણે મન રહે, ત્યારે જ ધ્યાન થયેલું ગણાય, એવી સમજણ શ્રીમોટાની હતી. પરંતુ કોણ જાણે શ્રીબાળયોગી મહારાજે તો એમના સામાનમાંથી એક મોટો ખીલો કાઢ્યો. પાંચ-છ ઈંચ લાંબો લોઢાનો જબરદસ્ત ખીલો હશે અને એ ખીલાનો આગળનો જે ડટ્ટો જોરથી ભ્રૂકુટીના ભાગમાં ઠોક્યો. ત્યાર પછી એ ધ્યાનાવસ્થામાં ચાલ્યા ગયા અને ત્રણ દિવસ સુધી એની એ સ્થિતિમાં એમને રહેવાનું થયું હતું. જ્યારે શરીરની સભાનતામાં શ્રીમોટા આવ્યા ત્યારે જ આટલો બધો સમય પસાર થઈ ગયો છે, એવી એમને ખબર પડી. તો ચેતનામાં નિષ્ઠા પામેલા શરીરધારી આત્માની સાથે મહાત્માના હૃદયની જીવંત ચેતનાત્મક ભાવનાથી પેલા બીજા અજ્ઞાની માણસના હૃદયની સાથે જીવનના હેતુવિકાસની જ્ઞાનભાવનાની પ્રેરણાએ સંધાણ કરવું તે દીક્ષા.

૫. ગુરુએ મને પકડ્યો

કેટલીક વાર શ્રીમોટાને ભક્તો તરફથી એમ પણ પુછાતું સાંભળ્યું છે કે, ''તમે તમારા ગુરુની મદદ મેળવ્યા કરવાની વાતો કરતા હતા તે બધી વાત તો કરો.''ત્યારે તેઓ ઘણીવાર કહેતા હતા કે, ''ગુરુએ મને પકડ્યો હતો. મેં કાંઈ ગુરુને પકડ્યા નહોતા અને ગુરુની મદદ અને તેની કળાનું મને કાંઈ ભાન નહોતું. મને તો તેણે સાધન માત્ર

બતાવ્યું : સ્મરણ, પ્રાર્થના, ભજન, આત્મનિવેદન કરવાનું. અભય, નમ્રતા, મૌન, એકાંતવાસ વગેરે પ્રકટાવવાનું.'' તે ખૂબ ધૂનથી, ઝનૂનથી કરે અને તેમ કરીને જ દિવસમાં વધારે ને વધારે સમય સાધનામાં જ વીતે તેવો શ્રીમોટાનો સખત પ્રયત્ન રહ્યા કરતો.

તેઓ રોજ રાત્રે સ્મશાનમાં સૂવા જતા, ત્યારે એકવાર તેમના ગુરુ મહારાજનું સ્વપ્નમાં દર્શન થયું ને તેમને તેમણે સાધન કરવાનું બતાવ્યું. જ્યારે તેઓ જાગ્યા ત્યારે સ્વપ્નાની વાત યાદ આવી. સ્વપ્નું એ મિથ્યા છે એમ ગણીને તેને કાંઈ મહત્ત્વ આપ્યું નહિ. બીજા દિવસે પણ એ જ સ્વપ્નું આવ્યું. છતાં એમણે ગણકાર્યું નહિ. ત્રીજે દિવસે પણ એ જ પ્રકારનું સ્વપ્નું આવ્યું તોપણ મહત્ત્વ આપ્યું નહિ. ચોથે દિવસે પણ એ આવ્યું તોયે એ પરત્વે લક્ષ દીધું નહિ. પાંચમે દિવસે જ્યારે ફરીથી એમ જ થયું, ત્યારે શ્રીમોટાને એમ થયું કે, 'અરે! રોજનું રોજ એક પ્રકારનું બરાબર એક જ જાતનું તે ને તે હકીકતવાળું સ્વપ્ન આવે છે તો તેનો કોઈ હેતુ હોવો જોઈએ! તો આપણે એ કરી જોવામાં જાય છે શું?' એમ વિચારીને તે સ્વપ્નની હકીકત મુજબ સાધન કરવા લાગ્યા. ઘણી વખત શ્રીમોટા બોલતા કે, ''પાંચમે દિવસે જ્યારે મારામાં એ સ્વીકારવાની બુદ્ધિ આવી તેથી મને બહુ ડંખ્યું.'' આમ તેમનામાં રીસેપ્ટિવિટી—સ્વીકારશક્તિ—મોડી આવી તેનું તેમને ઘણું દુઃખ થયેલું. તે પછી તો સ્વપ્નો દ્વારા શ્રીમોટાને એમના ગુરુમહારાજે કેટકેટલાં સાધનો બતાવ્યાં હતાં. ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે, ''અરે! ગુરુ એ એક કેવી આધ્યાત્મિક શક્તિ છે!''

શ્રીમોટાની ગુરુ વિશેની સમજણ કેટલી બધી સ્પષ્ટ છે અને ગુરુ શરીર હોવા છતાં, વ્યક્તિ હોવા છતાં વ્યક્તિ નથી—એ એક જ વાક્યમાં એમણે ઘણું બધું કહી દીધું છે. શ્રીભગવાનને માર્ગે પળનારા સાધકોએ શ્રીમોટાની આ ગુરુ પરની સમજણ વાંચવા જેવી ખરી. એમને લાગ્યું છે કે આ ગુરુની મદદ એ વાસ્તવિકતાની હકીકત છે અને તે મળી શકે એમ છે ને એમને આપણે આપણા આધારમાં જીવતા કરી શકીએ તો.

આ સમજણ ખરી રીતે તો તેમના સદ્‌ગુરુએ જ આપેલી, ત્યારે એમને લાગ્યું કે આવી સમજણ મારામાં ઊગી છે તો આ ગુરુને પોતાના આધારમાં કેમ કરીને જીવતા કરી શકાય એ પર એમણે બહુ વિચાર કર્યો. શરૂઆતમાં તો ગુરુમહારાજનું જે સ્વરૂપ હતું, તેને જ પોતાની આંખ સમક્ષ રાખી રાખીને વાતો કરવા લાગ્યા. નિવેદન કરવા લાગ્યા અને તેવી રીતે તે સ્વરૂપને દિવસમાં વારંવાર, સેંકડો વાર પોતાની મનની આંખ આગળ પ્રત્યક્ષ કરતા. ત્યાર પછી આગળ વધતાં તેમના ગુરુમહારાજના સ્વરૂપનો સૂક્ષ્મ ભાવ તેમના પોતાના આધારમાં પ્રકટવા લાગ્યો. આ તો તેમણે કરેલી વાતો કરું છું. હું તો માત્ર લહિયો જ છું. આમાંથી કોઈ વાંચકોને કંઈક મળે ને હેતુની સમજણ પડે તો પડે.

૬. મગરમચ્છ બતાવ

એકવાર પૂ. શ્રીમોટાએ કહેલી એક સુંદર વાત યાદ આવે છે ને તેમના જ શબ્દોમાં હું રજૂ કરું છું.

શ્રીબાળયોગીએ એક વખત મને કહ્યું કે, 'મુઝે એક મગરચ્છ દેખનેકુ લે ચલ.' મેં પૂછ્યું, ''પ્રભુ! આપને લઈ તો જાઉં, પણ મગરમચ્છ કયે ઠેકાણે છે, ક્યાં છે, એ મને કહો તો આપને ત્યાં લઈ જાઉં....'' પણ એ સ્થળનું નામ બોલે તે બીજા. હું તો ઘણી વાર એમને પૂછ્યા કરું પણ એ તો 'મગરમચ્છ, મગરમચ્છ' એ સિવાય બીજી વાત જ ન કરે. એટલે મેં વિચાર્યું કે આપણે આણંદ સુધી એમને લઈ જવા ને આણંદથી વડોદરા, ખંભાત ને ડાકોર એ ત્રણ જુદી જુદી દિશામાં લાઈનો જાય છે, એટલે આણંદ જઈને પછી તેમને પૂછીશું. એટલે અમે ટિકિટ લઈને ગાડીમાં બેઠા ને આણંદ ઊતર્યા. પછી શ્રીબાળયોગી મહારાજને પગે લાગ્યો ને પૂછ્યું કે, ''અહીંથી ત્રણ જગ્યાએ જવાય છે. એક તો વડોદરે જવાય છે. ત્યાં બાગમાં બહુ મોટા મોટા મગરમચ્છ છે.'' તો એમણે કહ્યું કે, ''ઈસ લાઈન ઉપર જાનેકા નહિ હૈ.'' ''અચ્છા, તો પછી ખંભાત એક લાઈન જાતી હૈ. વહાં પર ભી સમુદ્ર હૈ. વહાં કભી

મગરમચ્છ હો.''પણ તે પોતે તો કાંઈ બોલે નહિ! મારે શી રીતે જવું? ક્યાંની ટિકિટ લેવી એ મહામોટી મુંઝવણ! એ ન કાંઈ જવાબ આપે અને 'મગરમચ્છ, મગરમચ્છ'—બસ એટલું જ બોલે. પછી તો મને થયું ચાલોને ડાકોરમાં. ત્યાં ગોમતીજીમાં એવા મોટા મોટા કાચબાઓ છે. તે મમરા નાંખીને મહારાજને બતાવીશું. એમ વિચારીને મેં તો લીધી ડાકોરની બે ટિકિટો. ડાકોર ઊતર્યા. મારી પાસે ત્યારે પૈસા ના મળે કે જેથી મહારાજને ગોમતીજી સુધી ઘોડાગાડીમાં બેસાડીને લઈ જઈએ. એટલે અમે તો ચાલતા ચાલતા ગયા અને રસ્તામાંથી બે પૈસાના મમરા લીધા અને ગોમતીજી પાસે પહોંચી પાણીમાં મમરા નાંખ્યા ને એટલા બધા મોટા મોટા કાચબા આવ્યા! એટલે મેં તો મહારાજને કહ્યું કે, ''મહારાજ! પ્રભુ! જુઓ આ મગરમચ્છ!'' ''અરે! સાલા! કૈસા ગદ્ધા જૈસા હૈ બેવકૂફ! તેરેમેં અક્કલ નહીં!'' એમ કહીને બેચાર ગાળો ચોપડી દીધી. ''આ મગરમચ્છ ન હોય તો તો બાપજી કયા મગરમચ્છ ને કેવા મગરમચ્છની તમે વાત કરો છો?! મને કાંઈ સમજણ પડતી નથી ને હું તો મૂંઝાઉં છું. તો મારે મગરમચ્છ બતાવવા તમને ક્યાં લઈ જવા?!''

એટલામાં તો શ્રીબાળયોગી મહારાજ ચાલવા માંડ્યા. તે ગોમતીના કિનારા પાસે હાલ જ્યાં તુલા છે, શ્રીભગવાનને જ્યાં જોખેલા તે તુલા છે, તેનાથી આગળ જતાં ડાબે હાથે એક જગ્યાએ જતાં એક ગાંડો મેલાઘેલા જેવો દેખાતો એક માણસ પડી રહ્યો હતો. તેની પાસે જઈને મહારાજ તો બેઠા! ને પછી બેઉ જણ જે વાતો કરવા લાગ્યા ને ઉરાંગઉટાંગ શું બોલે છે તે મને તો કશું સમજાયું નહિ! પેલો પૂછે, ''તમે ક્યાં સૂઓ છો?'' ને પેલો કહે, ''હું તો આકાશમાં સૂઈ રહું છું.'' ''તમે શું કરો છો?'' એવી આડીઅવળી વાતો કરે. જેને મોઢું માથું—હેડ એન્ડ ટેઈલ—કાંઈ આપણને સમજાય નહિ. પછી તો બધી વાતો કરી રહ્યા પછી શ્રીબાળયોગી મહારાજે મારી ભલામણ કરી કે, ''ભઈ! આ છોકરો છે તે કો'ક વાર એને સાધના કરતાં કરતાં કંઈ મુશ્કેલી આવી પડે ને તમારી પાસે આવે ત્યારે એને સમજાય એવી ભાષામાં વાત કરજો.''

પછી મેં ડાકોરમાં પણ તપાસ કરી. એ લોકો તેમને મસ્તરામ કહેતા ને વળી વર્તણૂંક ગાંડા જેવી. વાજાં વગડાવે ને કોઈ મળવા આવે ત્યારે કહે, ''એય! ચા લાવ, ભજિયાં લાવ.'' એવો બધો ખેલ કર્યા કરતા અને બહુ ઓછા માણસો આવી આધ્યાત્મિક કક્ષાએ, ઊંચા શિખર ઉપર ગયેલા હશે, એવું સમજતા હશે. મને પણ ત્યારે તો સમજણ નહોતી, પણ ત્રણચાર વાર તેમની પાસે મારા પોતાના સાધનાના પ્રશ્નો લઈને જવાનું બનેલું. ત્યારે એમણે મને તેના જે ઉત્તરો આપ્યા તે પરથી બધું સમજાયું ને ભાન આવ્યું કે, ''ઓહો! આ તો બહુ આગળ વધેલા એવા નિષ્ઠા પામેલા પુરુષ છે!'' પછી એમની પાસે હું જતો, ત્યારે તો હું બહુ ભક્તિપૂર્વક નમસ્કાર કરતો. મને કંઈક સ્થૂળ સેવા કરવાનું સૂચવે તો હું રાજી પણ થાઉં, એમ મારી મરજી પણ મેં પ્રદર્શિત કરેલી. માત્ર એક જ વાર મને પાશેર ભજિયાં લઈ આવવાનું કહેલું. તે મેં આણી આપેલાં. તે પોતે ખાઈ ગયા. મને તે કહે કે, ''તને એક પણ નહિ આપું.'' મેં કહ્યું, ''પ્રભુ! જેવી આપની મરજી. મારી ઇચ્છા નથી કે પ્રભુ, આપ મને આપો.'' અને જ્યારે જ્યારે હું ગયો ત્યારે ત્યારે તેઓ વાજાંવાળાને બોલાવીને વાજાં વગડાવતાં. આવા એક મસ્તરામ તે જ મગરમચ્છ! પણ તેની મને શી ખબર કે આવો એક માણસ આધ્યાત્મિક કક્ષાએ ઉચ્ચમાં ઉચ્ચ શિખર જેણે સર કર્યું હોય, તેને આ બાળયોગી મહારાજ મગરમચ્છ કહેતા હશે? એની મને શી ખબર પડે?

૭. બ્રહ્મચર્ય માટેની સાધના

એમને કોઈક અનુભવીએ કહ્યું કે બ્રહ્મચર્યને પરિપક્વ થવાને માટે કે બહ્મચર્યનું યથાયોગ્યપણે પાલન થાય, સ્વાભાવિક થઈ જાય, એને માટે અમુક પ્રકારની સાધનાની જરૂર છે. હૃદયમાં હૃદયથી ભાવ જ્યારે પ્રકટે છે, ત્યારે બધી જ પ્રાકૃતિક હકીકતો ગૌણ બની જાય છે. આપણા દિલમાં ભાવ જ્યારે ચેતનવંતો પ્રકટે છે, ત્યારે પ્રાણની, પ્રકૃતિની નિમ્ન હકીકતો, વિષયો બધા ગૌણ બની જાય છે, એ હકીકત હોવા છતાં એક

એવા સાધનાના અનુભવી મહાપુરુષે સૂચવ્યું કે, ''જો તું ચૈત્ર માસમાં કોઈ ખરેખરા એકાંત સ્થળે જઈને, પર્વતની એકાંત જગ્યાએ જ્યાં જળાશય હોય ત્યાં શિલા ઉપર ખરેખરા તડકામાં બેસીને આ સાધના તું કર, અને તારા દિલમાં ભાવના તો છે એટલે તને તે સાધનાથી જે લાભ મળશે તે તો અનોખો હશે. એ તને અનુભવથી સમજાશે.''

એટલે શ્રીમોટાએ તે સૂચન સ્વીકારી લીધું અને કોઈક જગ્યાએ, ખાસ કરીને એમને યાદ છે ત્યાં સુધી નર્મદા માતાનો જ પ્રદેશ હતો. ત્યાં ભર-બપોરે અગિયાર વાગ્યાથી એક તપેલી શિલા ઉપર તેઓ બેસી જતા અને એમની બેસવાની જગ્યાથી ત્રણ ફૂટ આગળ દોઢ ફૂટ ઊંચી ને બે ફૂટ પહોળી એવી ૨૧ છાણાંની ધૂણી. તે પછીથી બીજા ત્રણ ફૂટ દૂર એવી બીજી ૨૧ ધૂણીઓ અને તે પછીના બીજા ત્રણ ફૂટના અંતરે ત્રીજી ૨૧ છાણાંની ૨૧ ધૂણીઓ ગોળાકારે બનાવેલી. એવી ૬૩ ધૂણીઓ ધિકાવીને તેઓ બેસતા. ઉનાળાનો ચૈત્ર માસનો પ્રખર તાપ અને શિલા ઉપર નગ્ન શરીરે બેસવાનું અને તે લગભગ પાંચ-સાડાપાંચ કલાક સુધી સાંજે પાંચ વાગતાં સુધી બેસી રહેતા. એ કાળ દરમિયાન તેઓ ભાવાવસ્થા, ધ્યાનાવસ્થામાં આપમેળે જતા. ભજન-કીર્તન કરતા ત્યારે ભાવાવસ્થા થઈ જતી.

તેઓ એમ કહેતા કે આ શરીરમાં પણ જે અનેક પ્રકારનો મળ છે, જેમ મળશુદ્ધિ સાધના માટે અનિવાર્ય છે, તેમ શરીરનાં અનેક કરણોની શુદ્ધિ—ચિત્તની શુદ્ધિ, પ્રાણની શુદ્ધિ, સંકલ્પની શુદ્ધિ—આ બધી શુદ્ધિઓની સાધનામાં જેમ અનિવાર્યતા છે એવી રીતે આ શરીરના રોમેરોમની મળશુદ્ધિ થવી જરૂરી છે અને એ મળ આ પરસેવાની વાટે જ નીકળી શકે. શરીરમાંથી પરસેવો નીકળે છે એ કુદરતે આપણા શરીરમાં મૂકેલી પ્રક્રિયા આપણા શરીરની યથાયોગ્યતા જાળવવાને માટે જ મૂકેલી છે. એનું ભાન આપણા લોકોને બહુ ઓછામાં ઓછું છે. આજે એક એવા પ્રકારનો કાળ પ્રકટ્યો છે કે જ્યારે પવન વગર માણસોને ચેન પડતું નથી. ખાસ કરીને શહેરોની અંદર વાતાનુકૂલિત જગ્યાઓ, પંખાઓ ફરતા અને શરીરને અનેક પ્રકારની વાયુની લહેરોથી એવી રીતે રહેવાનું

જે જે લોકોને પસંદ પડી ગયું છે, એ શરીરના આરોગ્ય માટે ઉત્તમ પ્રકારની હકીકત નથી. ભલે આજે એ સાચી હકકીતો લોકો માનતા ન હોય, તેમને ગળે આ હકીકત કદાપિ પણ ઊતરી નહિ શકે, પણ શરીરમાંથી પરસેવો નીકળે અથવા તો શરીરનો પરસેવો જેટલો વધારેમાં વધારે નીકળે એ શરીરના આરોગ્ય માટે ઉત્તમ પ્રકારની હકીકત છે.

શ્રીમોટાએ આવી રીતે નગ્નાસ્થામાં તપેલી શિલા ઉપર, આગળ-પાછળ ૬૩ ધૂણીઓ ધીકતી હોય એની વચ્ચે, ૫-૫૩ કલાક સુધી બેસી રહેવાનું થતું તેમાંથી તેમના શરીરમાંથી પરસેવો ઘણો બધો નીકળતો. તેને તેઓ એમ માનતા કે આ પણ એક પ્રકારનો મળ શરીરમાંથી નીકળી જાય છે, એવી એમની દૃઢ સમજણ હતી ને એ ગાળાની અંદર પણ સખત તાપની વચ્ચે એમના ચિત્તની અવસ્થા તો ભાવનામાં જ રમ્યા કરતી. સતત પ્રાર્થના, ભજન, સ્મરણ, ધ્યાનમાં એ બધામાં તેઓ લીન રહેતા અને ભજન ગાતાં ગાતાં એમને જે ભાવાવસ્થા થઈ જતી એ કેટલાય વખત સુધી ચાલ્યા કરતી.

એ પૂરી થયા પછી એમણે એવી વ્યવસ્થા કરેલી કે બે માણસો લીમડાનાં કૂણાં કૂણાં જે પાન હોય તે બધાં વાટીને એક માણસ એક વાટકામાં રસ કાઢી લાવે અને બીજો માણસ બીજા વાટકામાં રસ કાઢી લાવે અને એમને એ માટે પૈસા આપતા અને પછી એ ધૂણીમાંથી તે બહાર નીકળીને બે રૂમાલોથી આખું શરીર લૂછતા. ત્યારે તે દિવસોમાં તે સ્નાન કરતા નહિ અને પેલો લીમડાનો રસ તેઓ ધીરે ધીરે, 'સીપ' કરતાં, જરા જરા પીતા, જાણે કે ખાતા હોય એમ વારાફરતી એ પીતા ને પૂરો કરતા. એ જ એમનો ખોરાક ને એ જ એમનું પાણી. એ ૨૮ દિવસની સાધનામાં એમણે કદી બીજો ખોરાક લીધો નથી. પાણી પણ પીધું નથી. એમણે પોતે કહેલી સાધનાની આ હકીકત છે ને બ્રહ્મચર્યના પાલન અર્થે બહુ ઉત્તમમાં ઉત્તમ સાધનાની રીત છે એમ તેઓએ અમે પ્રશ્ન પૂછેલો ત્યારે કહેલું.

સાધના આમ જ થઈ શકે, એમાં વિધિનિષેધ છે નહિ. શ્રીભગવાન પરત્વેનો એકધારો ચેતનવંતો જીવતો જાગતો એકનિષ્ઠભાવ પ્રકટે એ

જ મોટામાં મોટી હકીકત છે. એ ભાવ કેવી રીતે આપણા દિલમાં પ્રકટેલો જીવતો રહ્યા કરે તો બીજા કોઈ સાધનની જરૂર પણ નથી, ને એ ભાવ કેળવવાને માટે અથવા તો ચેતનવંતો આપમેળે સતત વહ્યા જ કરે એ માટે એમણે અનેક જુદા જુદા પ્રકારની સાધનાનો આશરો લીધેલો છે, પણ એ હકીકત મારાથી જાણી શકાઈ નથી. કેમ કે તેઓ પોતાની હકીકત પોતાની મેળે કદી કહે તેવા નથી જ. કંઈક પણ પૂછીએ તોય તે કહે નહિ જ. આ પણ તેઓ કહેતા નહોતા કેમ કે એમના જીવનમાં એક એવા પ્રકારની નિષ્ઠા પ્રકટેલી છે કે જે કોઈ સાધન શ્રીમોટાએ કર્યું હોય તેનો કોઈ પ્રત્યક્ષ સાક્ષી ન હોય તો તેવી હકીકત તેઓ કદી કહેતા નથી. પણ આ મેં એમને ખાસ પૂછ્યું કે, ''**મોટા** આ બધી હકીકત તમે ના કહો તે બરાબર નહિ. ખાસ કહેવી જ જોઈએ. કારણ કે એવા બધા સાક્ષીઓ આપણા જીવનમાં ક્યાંથી હોય? ને તમે એ હકીકતો કહો તો અમે બધા તો સાચી જ માનીએ છીએ. બીજા કોઈ એ માને કે ન માને તે બાબત અમને કોઈ સ્પૃહા ન હોવી જોઈએ.'' ત્યારે તેમણે મને જણાવ્યું કે, ''તમે કહો છો એ સાચું હોય પણ જ્યારે આપણે આપણા જીવનની હકીકત કહેવા બેસીએ ત્યારે એ એટલી બધી સત્યની નિષ્ઠાવાળી હોવી જોઈએ, એટલું જ નહિ પણ એ સત્યનું આચરણ કરતી વેળાએ કોઈપણ આપણું આગળપાછળનું સ્વજન હાજર હોય અને જાણતું હોય એ આ કાળમાં બહુ જરૂરી છે. આજે આ કાળ એવો ચાલે છે કે જ્યારે આપણે આપણા જીવનની હકીકત ખુલ્લી કરવા બેઠા હોઈએ ત્યારે એ હકીકતને આપણે કોઈપણ રીતે પુરવાર કરી શકીએ એવી સ્થિતિમાં હોઈએ તે આપણા માટે ઉત્તમ પ્રકારનું છે.''

૮. આહાર

આધ્યાત્મિક માર્ગે વિકાસ સાધવા માટે કેવા પ્રકારનો આહાર લેવો તેને તેઓ બહુ મહત્ત્વ આપતા નથી. ખરું મહત્ત્વ તો આપણા દિલમાં શ્રીભગવાનને માર્ગે પળવાની જે તમન્ના, જિજ્ઞાસા છે તે જિજ્ઞાસામાં કેટલો જીવ છે અને જિજ્ઞાસા કેવા પ્રકારની છે તેના પર બધો મદાર છે.

જેને ધગધગતી જ્વાળામુખી જેવી તમન્ના, જિજ્ઞાસા પ્રકટે, ફુવારાની પેઠે સતત ગતિશીલ, ક્રિયાશીલ અને સર્જનશીલ રહે તેવાને માટે એમણે ઘણું ઘણું લખ્યું છે.

શ્રીમોટા તો ઘણીવાર કહે છે કે ગામડામાં કેટલાયે સંત-ભક્તો થઈ ગયા છે. ગામડાનો ગરીબ માનવી સત્ત્વગુણનો ખોરાક, સાત્ત્વિક ગણાતો ખોરાક કેવી રીતે લઈ શકે? ડુંગળી, લસણ ને મરચાં ખાનારા ગામડાંના માનવી પણ મહાન ભક્તો થઈ ગયેલા છે. આપણે માંસાહારને નકારીએ છીએ, પણ એવા કેટલાયે ભક્તો ને જ્ઞાનીઓ દેશપરદેશમાં થઈ ગયા છે કે જેઓ દારુ પણ પીતા અને માંસ ખાતા. એટલે શ્રીમોટાની સમજણમાં તો એ જ છે કે શ્રીભગવાનને પંથ પળનારને જો ઉત્કટમાં ઉત્કટ દશાવાળી જિજ્ઞાસા હોય તો આવી જાતના ખોરાકનું કંઈ પણ વિધિનિષેધપણું એને વળગી શકતું નથી.

શ્રીમોટાએ નાનપણમાં ગરીબીમાં ઘણી મજૂરી કરેલી છે, ત્યારે ડુંગળી-લસણ ખાધેલાં છે. રોટલાની સાથે શાક ખાઈ શકે એવી સ્થિતિ નહોતી. લસણ, મીઠું ને લાલ મરચું વાટીવાટીને ચટણી બનાવી નાંખે, પછી રોટલાની સાથે તે ખાતા. ડુંગળી પણ ખાતા. આજે તેઓ ડુંગળી ને લસણ નથી ખાતા એનું કારણ તો એમના શરીરને દાહ લાગે છે તે છે. બાકી એમને એ ખાવાનો કોઈ જાતનો વાંધો નથી.

૯. પૂર્વગ્રહો તોડવા

શ્રીમોટો એમના જીવનમાં, વ્યવહારમાં અને કુટુંબમાં કેટલીયે વાર રૂઢિભંજક કર્મ કર્યાં છે, પણ એમાં એમની સુધારાની દૃષ્ટિ નહોતી પણ પૂર્વગ્રહો તોડવાની દૃષ્ટિ હતી. જ્યારે તેમના વડીલ બંધુનું અવસાન થયું, ત્યારે તેમણે કોઈને રડવા કૂટવા દીધાં નહોતાં. બીજી કોઈપણ વિધિ કરવા દીધી નહોતી. ત્યારે તેમની આર્થિક સ્થિતિ નબળી હતી, પણ એવાં કર્મ કરવાં જોઈતી સહનશક્તિ, તાકાત તેમનામાં હતાં. એમાં એમની આધ્યાત્મિક પંથની પણ થોડી અસર હતી એમ કહી શકાય.

પહેલાં એવું ગણાતું કે મુસલમાનના ઘરનું ખાવાથી મુસલમાન થઈ જવાય છે. એમને એક મુસ્લિમ મિત્ર હતો. તેની સાથે તેઓ ચા પીએ. એ મિત્રને એવું થઈ આવ્યું કે એક વાર શ્રીમોટા તેના ઘરે માંસ ખાય તો વટલાવી શકાય. શ્રીમોટાને આ વાતની ખબર પડી. ત્યારે તેમણે તે મિત્રની સાથે તેના ઘરે જ માંસ ખાધું, પણ તેથી તેઓ વટલાઈ નહોતા ગયા અને તેમણે બેધડક કહેલું કે, આવી રીતે જ્યાં જ્યાં એમને સમજની મડાગાંઠો દેખાતી, ત્યાં ત્યાં તેવી મડાગાંઠો તોડવા માટે તેઓ મથતા. એટલે માંસ ખાવા સામેનો પૂર્વગ્રહ તોડવા માટે જ તેમણે આમ એક વાર કર્યું હતું.

૧૦. માંદગીઓ

શ્રીમોટાના શરીરમાં આજે કેટલાક એવા રોગો છે કે જે ઘર ઘાલીને બેઠા છે, છતાં એમની પ્રવૃત્તિઓ જોતાં બહારથી કોઈને એમ ન લાગે કે તેમના શરીરમાં આવા આવા રોગો હશે! એટલે તેને વિશે ઘણાના મનમાં વિવિધ પ્રકારના પ્રત્યાઘાતો જન્મે છે, જે કુદરતી છે.

(૧) કેટલાક અધ્યાત્મ વિજ્ઞાનમાં રસ નહિ ધરાવતા એવા એમના મિત્રો છે, જે સમાજસુધારક તરીકે પ્રતિષ્ઠાનું સ્થાન ધરાવે છે, તેઓ એવી ટીકા કરતા હોય છે કે ''શ્રીમોટા તેમના રોગ પર જરૂરી શસ્ત્રક્રિયા જેવા ઇલાજો કેમ કરાવતા નહિ હોય?'' (૨) કેટલાક પ્રસંશકો એવો પ્રશ્ન કરતા હોય છે કે, ''રામનામથી રોગ મટી જતા હોય છે એમ કહે છે તો આપના જેવા સંતને એ કેમ મટતા નથી?'' (૩) ત્યારે કો'ક ભોળો ભક્ત એટલે સુધી આવેશમાં આવીને બોલી જતો હોય છે કે, ''મોટા! તમને શેના રોગ થાય? તમે ઢોંગ કરો છો!'' (૪) તો કોઈ સ્વજન અર્ધીપર્ધી સમજમાં એમ પૂછતો હોય છે કે, ''મોટા, તમારા શરીરમાં કોઈના રોગો જેમ આવે તેમ તેને વિદાય કેમ કરતા નથી?''

''મુક્તોને રોગ કેમ થતા હશે?'' એ વિશે સમાજમાં ઘણી ગેરસમજ પ્રવર્તે છે, પરંતુ પ્રથમ ઉપર્યુક્ત ચાર પ્રકારના વર્ગોના પ્રશ્નો વિશે પ્રભુકૃપાએ ખુલાસો કરી લઈને પછી બીજી વાત કરીએ :

(૧) એક જાણીતા સમાજસુધારક મુંબઈમાં જ્યારે જ્યારે શ્રીમોટા પધારે ત્યારે તેમને મળવા આવે અને તેમની તબિયતની, ખાસ કરીને 'પ્રોસ્ટેટ ગ્લેન્ડ' (મૂત્રપિંડની બીમારીની)ની ખબર પૂછે. આવા દરદ ઉપર શસ્ત્રક્રિયા કરાવવી જોઈએ એમ ભારપૂર્વક તેઓ સલાહ આપે. ત્યારે શ્રીમોટા એવો જવાબ આપે કે, ''આપનું કહેવું સાચું, પણ આ રોગ કેટલે સુધી સહી શકાય છે, તેની હું કસોટી કરવા માગું છું. આમાં આપણા ખમીર ને ખુમારીની કસોટી થાય છે.'' એવો રોગ શ્રીમોટાને શાથી થયો એની સાચી સમજ કોઈ મેળવવા ઇચ્છતું હોતું નથી અને બુદ્ધિમાનોને શ્રીમોટાનું આવું વલણ તર્કશુદ્ધ લાગતું નથી. ''ચેતનામાં નિષ્ઠા પામેલાનાં કર્મ અને પ્રારબ્ધ તો ક્યારનાં બળીને ભસ્મ થઈ ગયાં હોવા છતાં તેમને આવા રોગો શાથી?''—એવો પ્રશ્ન સહેજે ઊભો થવો જોઈએ ને તેના ઉપર વિચાર થવો ઘટે. જ્યારે ઉપર્યુક્ત મહાશયને એક બીજા ભાઈએ એમ સૂચવ્યું કે, ''મુક્તાત્માઓને થતા આવા રોગો વિકેરીયસ સફરીંગ હોય છે, એટલે કે બીજાના વતી ભોગવતા હોય છે.'' ત્યારે તેમણે અસંમતિ સૂચક માથું ધૂણાવ્યું! અમદાવાદમાં તો બીજા એક જાણીતા સદ્‌ગત સમાજસુધારકે શ્રીમોટાને એમ સંભળાવી દીધેલું કે, ''જંતરમંતરથી રોગ મટે નહિ!''

(૨) બીજા વર્ગવાળા એક ભાઈના જાહેરસભામાં પુછાએલા પ્રશ્નના ઉત્તરમાં શ્રીમોટાએ એ મતલબનું જણાવેલું કે, આ ભાઈને આ ક્ષેત્ર વિશે કંઈ જ્ઞાન હોય એમ લાગતું નથી. વિચાર તો કરો કે શ્રીરામકૃષ્ણ પરમહંસ, શ્રીઅરવિંદ, શ્રીરમણ મહર્ષિ, સ્વામી વિવેકાનંદ, સ્વામી રામદાસ જેવા મુક્તોને જીવલેણ રોગો કેમ થયા હશે?... પણ એટલું સમજી લો કે મોટાના શરીરમાં પ્રવર્તેલા રોગોને આ શરીર સાથે કાંઈ સંબંધ નથી. રામનામથી રોગ મટે એ સાચું. મારા ફેફરાનો રોગ એ રીતે મટેલો. પણ ત્યારની (યુવાની કાળ દરમ્યાન) મારા દેહની અવસ્થા અને આજની અવસ્થા વચ્ચે આભ જમીનનો ફરક છે એ સમજી લો.''

(૩) ભોળા ભક્તોનો ત્રીજો વર્ગ તો એમ જ માને કે પોતાના આરાધ્ય દેવને એવા રોગ થાય જ કેમ? એટલે એમને ઝાઝું સમજાવવા-પણું રહેતું નથી.

(૪) છેલ્લા જે ચોથા વર્ગના પ્રશ્નકારને શ્રીમોટાએ એમ સમજાવતાં કહ્યું કે, ''ભઈલા! જે હેતુથી આ રોગ આવ્યો, તે હેતુ જ્યાં સુધી સરે નહિ, ત્યાં સુધી તે જાય શી રીતે?'' ઈત અલમ્.

૧૯૩૯માં તેઓશ્રી ચેતનામાં નિષ્ઠા પામ્યા એટલે ચેતનનાં લક્ષણો તેમનામાં પ્રકટ થવાં લાગ્યાં. જેવાં કે (૧) તાદાત્મ્યભાવ (૨) સાક્ષીપણું (૩) ભાવાતીત, ગુણાતીત ને કાળાતીત થવું (૪) ચેતનશક્તિનો પ્રાદુર્ભાવ વગેરે. એટલે તેમને જેમ જેમ સ્વજનો મળતાં ગયાં તેમ તેમ સ્વજનોનાં દુઃખદર્દો તાદાત્મ્યભાવને કારણે તેમના શરીરમાં સહજપણે પ્રકટ થવાં લાગ્યાં. એમાં પ્રયત્નથી રોગ લેવાનું બનતું હોતું નથી. જો પ્રયત્ન થાય તો તાદાત્મ્યભાવ ના ગણાય ને તે જીવદશાનું લક્ષણ ગણાય. આ વિશેની વધુ વિગત અન્યત્ર આવે છે એટલે એની પુનરુક્તિ નથી કરવી. પરંતુ એટલું જણાવી લઈએ કે તેમના શરીરમાં દેખાતા કરોડના મણકાનો રોગ ('સ્પોન્ડીલાઈટીસ'), મૂત્રપિંડની બીમારી, અનિદ્રા, હરસમસા, મીઠી પેશાબ★, માથાનો ઝામર, દમ વગેરે રોગો કયા કારણે થયા હશે તે હવે સમજી શકશો.

આજથી આશરે ૨૫-૨૭ વર્ષ ઉપર તેઓશ્રી દક્ષિણ હિન્દમાં હતા, ત્યારે તેમના શરીરને રોજ રોજ તપાસીને રોગની ચિકિત્સા કરનાર અને દવા લખી આપનાર દાક્તરને જ્યારે એમ માલૂમ પડ્યું કે આ શરીરમાં રોજ જુદા જુદા રોગ થતા દેખાય છે—આજનો રોગ આવતી કાલે ન હોય ને કોઈ બીજો જ દેખાય!—ત્યારે તે મૂંઝાઈ ગયા ને પગે પડીને તેમણે કહ્યું, ''સ્વામી! આપની દવા હું કરી શકું એમ નથી!''

આજની વાત લઈએ. વચ્ચે તેમને મીઠી પેશાબનો રોગ થયો હતો. સૂરતના પ્રખ્યાત દાક્તર શ્રી આર. કે. દેસાઈએ ૧૯૬૯ની સાલમાં શ્રીમોટાની ડાયાબીટીસ રોગની દવા કરેલી. દાક્તરની તેઓશ્રી દવા કરાવતા, ભોજન પર પણ નિયંત્રણ રાખતા ને પંદર શેર જેટલું વજન ઘટાડી નાંખ્યું. ને ખૂબીની વાત એ છે કે અસાધ્ય ગણાતો આ રોગ તેમને મટી ગયો! પ્રસ્તુત ડૉક્ટર દેસાઈએ તા. ૭-૧૦-૬૯ના શ્રીમોટા પરના

★હવે મટી ગયો છે.

પત્રમાં લખતાં જણાવ્યું હતું કે ''આપની લોહીની ખાંડ હવે સદંતર તંદુરસ્ત માણસની હોય એટલી થઈ ગઈ છે. એટલે હવે ચિંતા નથી અગર ખોરાકમાં—ખાંડને કારણે મર્યાદા જાળવવાની આવશ્યકતા નથી. હું હંમેશાં માનતો આવ્યો છું અને હવે મક્કમપણે માનું છું કે આપને મીઠી પેશાબની બીમારી થઈ જ નથી!'' આ શું સૂચવે છે? શ્રીમોટાનું શરીર, તેમના શબ્દોમાં ''ગતકડાં કર્યાં કરે છે.'' પણ તેની તેમને પરવા નથી ને તંદુરસ્ત માણસની જેમ જરૂર પડતાં કલાકો સુધી પલાંઠી વાળીને બેસી રહી કાર્યમગ્ન રહે છે અને બાળકની જેમ માગીને બરફીયે ખાય (જમવાના સમયે) અને મઠીઆં તથા સેવ-મમરા ને ધાણી કે શેકેલો 'મકાઈ' (ડોડો) ખાઈને રહે. કોઈવાર કમળો-કમળી, કોઈ વાર બેઉ હાથે બગલ-બામલી થઈ હોય, ક્ષયની લોહીની ઊલટી થતી હોય, ત્રણ-ચાર ડિગ્રી તાવ ચડેલો હોય છતાં પ્રવૃત્તિમાં રહે, લાંબા અંતરનો પ્રવાસ ખેડે; હંમેશાં પ્રસન્નતા સાથે વિનોદમિશ્રિત ચર્ચાઓ કરે ને જાહેર કાર્યક્રમોમાં ખૂબ જ નિયમિતપણે ભાગ લે, એ તેમની આધ્યાત્મશક્તિનું વ્યક્તવ્ય નહિ તો બીજું શું?

૧૧. તાદાત્મ્યભાવને કારણે

સામાન્ય રીતે તો બધા કહેતા હોય છે કે, ''શ્રીમોટા રોગો લઈ લે છે.'' તે વાત બરાબર નથી. 'લઈ લેવાની' વાત ખોટી છે. કારણ કે 'લેવું' એટલે તો પ્રયત્ન થયો કહેવાય. પ્રયત્ન જ્યાં હોય ત્યાં પ્રકૃતિનો પ્રદેશ. આ તો સહજમેળે, આપમેળે નિમિત્તને કારણે તેવું તેવું ને કો'ક કો'ક વાર બનતું હોય છે. આધ્યાત્મિક જીવનના ભાવનાના પ્રદેશમાં ને જેઓ ભક્તિમાં સંપૂર્ણ નિષ્ઠા પામેલાં હોય છે તેવામાં આવા પ્રસંગો બનતા હોય છે. અમે કેટલીયે વાર આવા પ્રસંગો જોયેલા છે.

એક બહેન જે હાલ જીવે* છે ને રાજકોટમાં કન્યાશાળામાં શિક્ષિકા છે. તેમનું નામ જયાબેન વ્રજલાલ જાની. એમને પ્રસૂતિ થવાની હતી, અને એ જ ગાળામાં તે જ દિવસમાં શ્રીમોટાને પેટમાં એટલી ભારે ચૂંક

*હાલ સ્વર્ગસ્થ.

ઊપડેલી. અમે એ જોયેલું અને ત્રણ દિવસ પેલાં બહેન જે મરણતોલ સ્થિતિમાં હતાં ને પેટની પીડા ભોગવતાં હતાં તે વેળાએ શ્રીમોટા ટ્રિચીનાપલ્લીમાં હતા. એ મારી નજરે જોયેલી અનુભવેલી વાત છે.

ગાંધીજીએ એક વાર (૧૯૪૩માં) ૨૭ દિવસના ઉપવાસ કરેલા. એક વખતે એમના પેશાબમાં ઘણાં ઝેરી જંતુઓ જણાયેલાં. ત્યારે તેમને ઘણાંએ વિનંતી કરેલી કે કંઈક લ્યો તો સારું. આ તો ભયંકર સ્થિતિ કહેવાય! ત્યારે ગાંધીજીએ કહેલું કે, ''ભાઈ! કાલે સવારે જુઓ શી સ્થિતિ થાય છે.'' બરાબર તે જ દિવસે શ્રીમોટાના શરીરનો પેશાબ, એમણે પોતે ચાહીને મારા ભાઈ હસમુખલાલને (કુંભકોણમ્‌માં) આપ્યો અને કહ્યું, ''આ પેશાબનું પૃથક્કરણ કરાવી લાવો—પેથોલોજીકલ પૃથક્કરણ કરાવો.'' અને ત્યારે એ જ જાતનાં જંતુઓ શ્રીમોટાના પેશાબમાં નીકળેલાં. તે જાણીતી હકીકત છે અને તે વાસ્તવિક છે. તે બાદ ગાંધીજીના પેશાબમાં ઝેરી જંતુઓ નહિ હોવાનું જાહેર થયેલું. (તા. ૨૪-૨-૧૯૪૩). આ પરથી સિદ્ધ થાય છે કે ગાંધીજીનો એ રોગ શ્રીમોટામાં તાદાત્મ્યભાવને કારણે પ્રવેશેલો. શ્રીમોટા ગાંધીજી માટે કેટલો ભક્તિભાવ ધરાવે છે તે જાણીતી વાત છે.

મારા દીકરા સિદ્ધાર્થને હિમાલયની યાત્રા પ્રસંગે ઝાડા થયેલા. ત્યારે શ્રીમોટાએ કહેલું કે આપણે જાત્રાએ જઈએ છીએ પણ મઝા નહિ આવે. આ સિદ્ધાર્થને ઝાડા થયેલા છે. મેં એમને કહ્યું કે, ''તમે મટાડી દો ને!'' મેં તે વખતે આમ કહેલું જે હવે આવે વખતે હું કદાચ ન બોલું. પરંતુ સાચે જ સિદ્ધાર્થને ઝાડા મટી ગયા ને શ્રીમોટાને થયા. તે મારી પત્નીએ, મારી મોટીબાએ બધાંએ જોયું છે અને યાત્રાને અંતે તે મટી ગયા. આ હકીકત છે.

એવા કેટલાક બીજા જીવોની સાથે પણ એવો તાદાત્મ્યભાવ શ્રીમોટાનો છે તે અમારી જાણમાં છે. મારા શરીરની સાથેના એક-બે અનુભવોની મને ખબર છે. આ હકીકત કોઈ ઘેલછાને કારણે લખતો નથી, પણ નજરોનજર પ્રત્યક્ષ વાસ્તવિકપણે જેમ જે હકીકત બનેલી છે

તે જ મેં લખેલી છે. આવા માણસોમાં આવું બનવું એ માત્ર શક્યતાની હકીકત નથી, પણ વાસ્તવિકતાની હકીકત છે. તેમનામાં આવી તાદાત્મ્યતા પ્રકટેલી હોવા છતાં, તેવી તેવી સ્થિતિમાં તે હોવા છતાં, તે પાછા જીવતા-જાગતા ચેતનાત્મકપણે સંપૂર્ણ સાક્ષીભાવમાં પ્રવર્તતા હોય છે. તે તાદાત્મ્યભાવ તેમનામાં પ્રકટેલો હોવાથી જ્યાં જ્યાં નિમિત્ત હોય ત્યાં ત્યાં તે લોકોના શરીરમાં આવો ગુણધર્મ પ્રકટે છે. આ હકીકત છે.

જેને અમે ચાચાજી કહીએ છીએ એ ચાચાજીનું આખું નામ શ્રી ગુરુદયાળ મલ્લિકજી. શાંતિનિકેતનમાં ગુરુદેવ ટાગોરની સાથે એમનો નિકટનો પરિચય અને શ્રી એન્ડ્રુઝના મિત્ર. શ્રી એન્ડ્રુઝ સાહેબે એક પુસ્તક લખેલું છે, તે ચાચાજીને અર્પણ થયેલું છે. તે પરથી તેમની વચ્ચેના ગાઢ સંબંધનો આપણને ખ્યાલ આવશે. એવા ચાચાજી સાથેના તાદાત્મ્યભાવને લઈને તેમને ગૂમડું થયું ને બેસી પણ ગયું.

બીજો એક પ્રસંગ યાદ આવે છે : શ્રીમોટાની ભત્રીજી જેને શ્રીમોટાએ જ ઉછેરેલી ને મોટી કરેલી ને શિક્ષિકાની નોકરીમાં હતી. તેને નારમાં પરણાવેલી. તેને ક્ષય થયો. શ્રીમોટાની પાસે તો પૈસા મળે નહિ એટલે તેમનાં બા તેમને વારંવાર કહે કે, દીકરીને તું આપણે ઘેર લાવ. પણ શ્રીમોટા 'ના' કહે, કેમકે તેમની પાસે પૈસા નહિ. તેને ઘેર લાવે તો દવાદારૂ કરવાં પડે. એટલે બાએ કહ્યું કે બીજું કંઈ નહિ તો દીકરીને જોવાને તો મને લઈ ચાલ. શ્રીમોટાની પાસે એટલાયે પૈસા ના મળે, પણ એટલા પૈસા ઉછીના લઈને બે જણ નાર ગયાં. શ્રીમોટાની ભત્રીજીએ શ્રીમોટાને કહ્યું કે, ''ચૂનીકાકા, તમે ભગવાનની ભક્તિ કરો છો. તમે મને જીવાડો એવી તમારી પાસે મારી માગણી નથી, પણ મને જે ઉધરસનું ને બીજું બધું દર્દ થાય છે તે સહેવાતું નથી અને લોહી મહીં મહીંથી પડે છે તે મારાથી સહન થતું નથી. માટે મને હળવાશ પ્રકટે એટલું કરી આપો તો બહુ સારું!'' શ્રીમોટાએ દીકરીને આશ્વાસન આપતાં કહ્યું કે, ''બેટા, હું ભગવાનને પ્રાર્થના કરીશ.'' અને સાચે જ એમણે સાબરમતી આશ્રમે આવી પ્રાર્થના કરી. અને પહેલવહેલો આ તાદાત્મ્યનો કિસ્સો એમના જીવનમાં એમની ભત્રીજીના શરીરને જે

ક્ષયરોગ થયેલો તેનાથી શ્રીમોટાના શરીરને એ અનુભવ પ્રત્યક્ષ થયો. શ્રીમોટાને પણ લોહીની ઊલટી થવા લાગી, ઉધરસ આવવા લાગી. એટલે તે કાળે આશ્રમના મુખ્ય વ્યવસ્થાપક શ્રી નરહરિભાઈ પરીખ હતા. તેમને શ્રીમોટા માટે ઘણો ભાવ એટલે તેમણે કહ્યું કે, ''ચૂનીભાઈ, આ રોગ તમને થયો છે તે બરાબર નથી.'' એટલે તેમના સ્નેહી ડૉ. મણિભાઈ ભગત હતા તેમને બોલાવ્યા ને તેમની પાસે શ્રીમોટાને તપાસડાવ્યા ને એમની દવા શરૂ કરાવી. એમને ઉધરસ ને લોહીની ઊલટી થતી તે અમે જોયેલી.

ત્યારે ભાઈ હેમન્તકુમાર નીલકંઠ તેમની પાસે રહેતા. તેમનો અનુભવ છે કે એક બહેન રજસ્વલા થયેલાં. તેમના નિમિત્તે તેમને પણ એવો અનુભવ થયેલો તે પણ અનુભવની હકીકત છે.

મારા મામાની જળંદરની માંદગી શ્રીમોટામાં સહજમેળે પ્રકટેલી તે હકીકત છે. આવા વિકારો ને રોગો તેમના શરીરમાં તાદાત્મ્યભાવને લઈને જે પ્રકટેલા એ ચેતનનો ગુણધર્મ ગણાય.

એક બહેનને ડાયાબીટીસ—મીઠી પેશાબનો રોગ થયેલો, તેવો રોગ શ્રીમોટાના શરીરમાં પણ થયેલો. સ્પોન્ડીલાઈટીસ—કમરના મણકાનો રોગ—પણ થયેલો છે તે પણ આવા જ કોઈ કારણને લીધે છે.

એક વખત અમે હિમાલયની યાત્રામાં મારી બા ને મારાં પત્ની સાથે ગયેલાં. ત્યારે મારી મોટી બાની દંડીનું ગબડી જવાનું બનેલું ને તે જ સમયે—સાયમલટેનીયસલી—શ્રીમોટાનું બીજે સ્થળે ગબડવું અને ત્યારે પોતે બોલેલા કે આજે મોટી બા ઊગરી ગયાં, ને તે પ્રસંગે જ્યારે તે બોલ્યા હતા, ત્યારે મારાં પત્ની તેમની સાથે હાજર હતાં. તેમણે તેવું વચન સાંભળેલું પણ ખરું.

આવા બીજા કેટલાયે વધુ દાખલાઓ આપી શકાય. આપી શકાય એમ નહિ પણ એવા કેટલાય પ્રસંગો પ્રત્યક્ષ જાણું છું, પણ આવા આવા પ્રસંગોનું વર્ણન કરવું તે યોગ્ય નથી. શ્રીમોટાએ તો કેટલાયે એમના સાધનાકાળના પ્રસંગો અમને જણાવ્યા પણ નથી અને હજુ પણ જણાવતા નથી. તેવું બહાર પડવાથી કે લખવાથી કશું કાંઈ વળતું હોતું

નથી અને સમાજની કુતૂહલતા વધારવામાં એ મોટો ભાગ ભજવે છે, કારણ કે ગૌરીશંકરના શિખર ઉપર કેવી સ્થિતિ છે તે જાણવાને કોઈ સમર્થ નથી. તે વાત સામાન્ય સંસારી માણસોના મગજમાં ઊતરી શકે એવી નથી. પણ અમે તો જે પ્રત્યક્ષ સાચેસાચા શ્રીમોટાના શરીરમાં કેટલાય એવા પ્રસંગો અનુભવ્યા છે એટલે શ્રીમોટાના જીવન વિશે લખાય છે, ત્યારે આ હકીકત જણાવવી તે મારો પોતાનો ધર્મ સમજાય છે માટે મેં ટૂંકામાં જ લખ્યું છે.

૧૨. સ્થિતપ્રજ્ઞ

સને ૧૯૩૮ની સાલથી હું શ્રીમોટાના પ્રત્યક્ષ જીવતા-જાગતા પરિચયમાં છું અને મેં કેટલીયે વેળા જોયેલું છે કે સામાન્ય માણસને જ્યાં અગવડ લાગે તેવી જ પરિસ્થિતિમાં, સંજોગોમાં પણ શ્રીમોટા પ્રેમથી, મસ્તીથી ને ભાવનાથી રહી શકતા હતા. તાજો જ દાખલો આપું : નડિયાદ આશ્રમનો તેમનો રહેવાનો ઓરડો બહુ નાનો. ભાગ્યે ૧૦' લાંબો ને ૮' પહોળો. એક ખાટલો પાથરેલો છે. એક નાનકડું ગોળી મૂકવાનું પાણીઆરા જેવું સાધન, બે અભરાઈઓ; તેના પર શ્રીમોટાનાં કપડાં વગેરે. એટલા જ ઓરડામાં તે રહે છે. કેટલાય માણસોએ તેમને સારો મોટો ઓરડો કરી આપવાનું કહ્યું છે. એરકન્ડીશન્ડ કરી આપવાનું કહેલું છે, પણ શ્રીમોટા એ સ્વીકારતા નથી એટલું જ નહિ, પણ આશ્રમમાં વીજળીનો પંખો હોવા છતાં પણ એ કેટલાંય વર્ષો સુધી એમ ને એમ વાપર્યા વિના પડી રહ્યો હતો. પરંતુ જ્યારે હવે એમના શરીરનું ઘડપણ થવા લાગ્યું અને શરીરને ઘણી ગરમી થવા લાગી, ત્યારે હવે એમને વાપરવાનો સંકોચ નથી. શ્રીમોટા ત્રણ ત્રણ પંખા વાપરે છે તોયે શરીરથી ગરમી ઓછી થતી નથી. એ ગરમી એટલી બધી એમને લાગે છે કે જો પાંચ પંખા હોય તો પણ એમને ઓછા પડે. કેટલાક માણસોએ કહ્યું કે, ''અમે એરકન્ડીશન્ડ કરી આપીએ. વીજળીનાં બીલ પણ અમે ભરીશું.'' પણ તેનો તેમણે સ્વીકાર કર્યો નથી. તે ઉપરાંત પ્રત્યેક વર્ષે સમાજના કામ માટે જે સંકલ્પ થાય છે એને માટે, પૈસાને માટે, જે જે

લોકો રોટલા ખાવાનું આમંત્રણ આપે, કેટલા માઈલોની મુસાફરી થાય એ મોટરમાં. એથી કેટલાયે ધક્કા લાગે અને એમના શરીરના કરોડરજ્જુના ત્રણ મણકાઓ વચ્ચેની બે ગાદી ખસી ગયેલી છે એથી એમના શરીરને સખત દરદ તો થયા જ કરે અને એવા દરદમાં હવે આવી મોટરની મુસાફરીથી વધારો થાય છે, પણ એમણે એ દરદની કશી ગણના રાખી જ નથી.

નડિયાદ આશ્રમની સ્થાપના થઈ, શરૂઆત થઈ ત્યારે તેઓશ્રી માથે પોટલાં મૂકીને સ્ટેશનથી ચાલીને કેટલીય વાર ચાર માઈલ દૂર ત્યાં ગયા છે. તે પછી બસમાં બેસીને જતા. તે પછી નડિયાદના જ ભાઈ કુબેરદાસભાઈ ભાવસારે એમને સાઈકલ આપેલી તે પર બેસીને જતા. ઘણી વાર આવી રીતે શ્રીમોટા માથે સામાન લઈને જતા, એ જાણ્યું ત્યારે મને થયું કે શ્રીમોટા આવી હાલાકી ભોગવે તે અમારે માટે તો ઠીક નહિ. એટલે મેં ભાઈ નગીનદાસને લખ્યું કે શ્રીમોટાને આવી રીતે મુસાફરી કરવા દેશો નહિ અને મારે ખર્ચે અને હિસાબે એમને ઘોડાગાડીમાં મોકલશો. ત્યારથી શ્રીમોટા ઘોડાગાડીમાં જવા લાગ્યા.

ત્યારપછી સુરત આશ્રમ થયો. સુરત આવવાનું થાય ત્યારે ગાડીમાં એટલી બધી ગિરદી હોય પણ તે બધી હાલાકીમાં જતા આવતા. એક વખત અમારે નડિયાદથી સુરત જવાનું હતું. ત્યારે ગાડીમાં 'રીઝર્વેશન' કરાવેલું, પણ નડિયાદ સ્ટેશને અમારા અનામત ડબ્બામાં, અમાનત—રીઝર્વ્ડ—કરાવેલું તોયે જગ્યા મળી નહિ અને અમારે સામાન વગેરે મૂકવામાં ઘણી હાલાકી ભોગવવી પડેલી. ત્યારે અમદાવાદના મહાજન બુક ડીપોવાળા શ્રી ચીમનભાઈ મહાજનને થયું કે આમ શ્રીમોટાને તો બહુ હાલાકી ભોગવવી પડે છે, માટે આપણે એમને એક મોટર લાવી આપીએ. એમણે મોટર લાવી આપી પરંતુ એ મોટરનું દુરસ્તી-ખર્ચ થતું તે શ્રીમોટાને રુચે નહિ. આટલો ખર્ચ આપણને પાલવે નહિ. તેમણે મોટરગાડી પાછી આપી દીધી. અત્યારે ભાઈ ચીમનભાઈ તે મોટરની કિંમતનું વ્યાજ પ્રત્યેક બેસતા વર્ષના દિવસે શ્રીમોટાને આપે છે. તે પછી ડભાણવાળા રાવજીભાઈની મોટર મળી. તેમાં તેઓ જતા-આવતા.

અને હવે વૈકુંઠભાઈ પટેલ તરફથી સુંદર મરસીડીઝ મોટરગાડી મળ્યા કરે છે. આ હકીકત છે તે છતાં શરીરની અગવડને શ્રીમોટાએ કોઈ દિવસ ગણી નથી.

૧૯૭૧*માં તેમણે લગભગ તેર લાખનાં કામ હાથ પર લીધાં હતાં. એથી જેમ જેમ શ્રીમોટાને કોઈનું આમંત્રણ મળે ત્યારે ત્યારે શ્રીમોટાને જવાનું. ઉનાળાની પ્રખર ગરમીમાં ને તેય તાપની ગરમી તેમનાથી સહન થતી નથી તે અમારે મન તદ્દન સાચી હકીકત છે. એવા તાપમાં પણ ૨૦૦-૨૫૦ માઈલની રોજની મુસાફરી મોટરમાં કરવી અને શરીરની હાલાકી એમને પડે છતાં એની કોઈપણ પ્રકારની ગણના ન હોવી એ કેટલી મોટી હકીકત છે; એટલી જ હકીકત એમની આધ્યાત્મિક સ્થિતિ પુરવાર કરવા માટે પૂરતી છે.

શરીરના અનેક પ્રસંગો લખી શકાય પણ આટલું જ બસ છે. આવી અગવડોને તેઓશ્રી તદ્દન ગૌણ કરી શકે છે. એમની સામે તો હંમેશાં પ્રાપ્ત થયેલાં કર્મના સાફલ્યની જ માત્ર વિશેષતા મોખરે રહ્યા કરેલી હોય છે. એ જ એમના જીવનમાંથી અમારા જેવા માટે શીખવા જેવી વાત છે.

વળી, સુરત આશ્રમમાં પહેલાં તેઓ એક નાનકડા ઓરડામાં જ રહેતા. નવા નવા ઘણા માણસો આવતા રહેતા અને નાના ઓરડામાં પણ શ્રીમોટાને તકલીફ પડતી, પણ એમણે પોતાને માટે મોટો ઓરડો બંધાવવાનું કદી પણ અમને કોઈને સૂચવ્યું જ નથી. ભીખુકાકાને પણ કહ્યું નથી. સુરત આશ્રમના વ્યવસ્થાપક ભીખુકાકા છે. તેમના પત્ની શ્રીમતી વિદ્યાબહેન ગુરુકૂળમાં ભણેલાં. સ્વભાવે ઘણાં જ તેજ. તેમને શ્રીમોટા માટે ઘણો જ ભાવ. તેઓ સુરતના આશ્રમમાં જ માંદગી ભોગવી મરણ પામ્યાં, ત્યારે તેમની જે કંઈપણ મિલકત હતી તે આશ્રમને આપતાં ગયેલાં. તે બધી રકમ ભીખુકાકાએ શ્રીમોટાને આપવા માંડી. પણ તેઓ કહે, ''મારે તેની શી જરૂર છે? મારે તે જોઈએ નહિ.'' એમ થોડો વખત વીતી ગયો. પછી ભીખુકાકાએ કહ્યું કે, ''તમને નાના ઓરડામાં અગવડ પડે છે, માટે તમારા માટે એક મોટો ઓરડો

*૧૯૭૩માં તેઓશ્રીએ સર્વક્ષેત્રે સંશોધન કરીને પિસ્તાળીસ લાખ રૂપિયાની ટહેલ નાંખી છે.

બનાવીએ.'' ત્યારે શ્રીમોટાએ સ્વીકાર્યું નહિ, પરંતુ જ્યારે એમ વાત થઈ કે નીચે એક ભોંયરું બનાવીએ. ત્યારે શ્રીમોટાએ કહ્યું કે, ''ભોંયરું બનાવો ત્યારે ત્યાં એક મૌનમંદિર જેવું જ થાય. તેમાં માણસ સાધના માટે પણ બેસી શકે. તે મને મંજૂર છે. બનાવો.'' ત્યારે વિદ્યાબહેનના પૈસાથી આ એક ઓરડો થયો. નીચે એક ભોંયરું છે. આજે પણ માણસો એમાં મૌન એકાંત માટે બેસે છે. જો કોઈ શ્રીમોટાનો સુરતનો ઓરડો અને નડિયાદનો ઓરડો, બેઉનો તફાવત જુએ તો બન્ને વચ્ચે આસમાન-જમીનનો તફાવત જોશે. પરંતુ અગવડ કે સુખ-સગવડ, સાહ્યબી ભોગવવાનું એ બે વચ્ચે શ્રીમોટાના મનમાં કશો તફાવત નથી. છેક રાજાથી માંડીને ભંગીનાં ઘર સુધી, સમાજના અનેક પ્રકારના થર સુધી, અનેક પ્રકારના લોકોના ઘરે તેઓ રહેલા છે. ભંગીને ઘરે પણ રહેલા છે અને ત્યાં વાસણ માંજીને પોતે જાતે રાંધેલું છે. આજે ગમે તેવી અગવડને તેઓ પ્રેમથી સહન કરી લે છે અને એનાથી વિશેષ પ્રકારની સગવડ માટે ઝંખના એમના મનમાં કદી જાગી નથી. તપસ્વી કે સાધુપુરુષ હંમેશાં અગવડ ભોગવે એવું કાંઈ નહિ. સુખસાહ્યબીમાં રહેતો હોવા છતાં પણ તે આધ્યાત્મિક નિષ્ઠામાં પ્રકટેલો હોય તેવું પણ બને. આ તો શ્રીમોટાના જીવન વિશે તેમની કેવા પ્રકારની એક રહેણીકરણી છે તે જણાવવા પૂરતું જ લખ્યું છે.

અમુક મિત્રોએ શ્રીમોટાને પ્રથમ પુષ્પોના હાર પણ ચડાવ્યા છે ને પછી ગાળો પણ ભાંડી—ભાંડી શકાય એટલી ને પછી પાછા પ્રસંશકો પણ થયા. છતાં તેમની ચડતી પડતી દરમિયાન પણ શ્રીમોટાનો ભાવ એક સરખો રહેલો અને તેમનું કલ્યાણ જ વાંચ્છ્યું. એ શ્રીમોટાના જીવનની ખાસ વિશેષતા છે, ખાસિયત છે. કેટલાકે તેમના પર વારી જઈને માસિક દક્ષિણા જીવનભર આપવાનો નિર્ણય કરી થોડો સમય તેમ આપીને પછી બંધ પણ કરી દીધેલી. છતાં તેવાઓ પરત્વે પણ શ્રીમોટા હંમેશાં તટસ્થ રહ્યા છે, એટલું જ નહિ પણ પ્રેમ સેવ્યો છે.

શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક સાથે શ્રીમોટા કામમાં પરોવાયા હતા અને શ્રી ઈન્દુલાલ પોતાની જવાબદારી ફગાવી દઈને અધવચ્ચેથી સંસ્થા

છોડીને ભાગ્યા, ત્યારે શ્રીમોટાને આઠ-નવ મહિનાનો પગાર ચઢેલો મળેલો નહિ અને ગરીબાઈ તે વખતે પણ જાણીતી હતી, છતાં ભાઈ ઇન્દુલાલ પ્રત્યેનો આદર એમના દિલમાં કદી ઘટ્યો નથી. તેમના ગુણોના અને તેમની શક્તિના તેઓ હંમેશાં ચાહક રહ્યા છે, એટલું જ નહિ પણ તેમના હાલના નેનપુરના આશ્રમને રૂપિયા એક હજારની મદદ પણ તેમણે કરેલી છે.

૧૩. જીવનકાર્ય

શ્રીમોટાની ખૂબી એ છે કે કોઈની સાથે તેઓ કદી પણ સંબંધ બાંધવા જતા નથી. કેટલાંયે વર્ષોથી હું એમના સમાગમમાં છું. તેથી મેં જોયું છે કે કોઈની સાથે આગવી રીતે સંબંધ બાંધવા તેઓ ગયા નથી. પણ એક વાર કોઈપણ કોઈ નિમિત્ત કારણે તેમની સાથે એવી રીતે સંકળાઈને રહે છે કે શ્રીમોટાના કામને તેઓ ઘણી મદદ ને સાથ આપતા રહે છે. કેટલાક ભાઈઓ ને બહેનોએ એટલો બધો સાથ આપ્યો છે કે આપણને તે જાણીને નવાઈ પણ લાગે.

શ્રીમોટાએ ઉત્તર જીવનમાં જ્યારે મોટામાં મોટાં કામ હાથમાં લીધાં ત્યારે તો એમને કેવા કેવા સંબંધો જીવનમાં પ્રકટતા ગયા અને તે સંબંધોએ કરીને તેવા માણસોએ, મહાનુભાવોએ, શ્રીમોટાને જે મસ્તીથી મદદ કરી છે તેને માટે એક પ્રકરણ લખીએ તોયે બસ ન થાય. આ પણ એમની એક વિશેષતા છે કે કોઈની સાથે તેઓ આગવી રીતે, પોતાની રીતે, આગળ પડીને સંબંધ બાંધવા જતા નથી અને એ સંબંધ બંધાય છે—તેમની સાથે હૃદયના ભાવથી—તો તેઓ પ્રેમ-વહાલ કર્યા જ કરે છે.

એવા પણ માણસો છે કે શ્રીમોટા તેમની સાથે હંમેશાં પ્રેમ ને ભાવથી વર્તતા હોવા છતાં, એમને સ્વજન ગણતા હોવા છતાં એમની સાથે અવારનાવર એટલા બધા પ્રેમ-ભાવથી સાનુકૂળપણે વર્તતા હોવા છતાં એવા માણસોએ એમનો અનેક વાર દ્રોહ કર્યો છે. એટલું જ

નહિ પણ એમની પીઠ પાછળ એમની બદબોઈ કરી છે, તેમનું ભૂંડું બોલ્યા છે. એ બધું એમની પ્રત્યક્ષ જાણમાં આવ્યું હોવા છતાં તે સાચે જ ઘણા ભાવથી ને પ્રેમથી એમને મદદ થાય, તેમના જીવનમાં તેમને પ્રેરણા-ઉત્સાહ મળ્યા કરે, તેમની કટોકટીની વેળાએ પાસે ઊભા રહીને તેમને જે સૂક્ષ્મ મદદ પ્રેર્યા કરી છે, તે તો તેમના જીવનની એક ભવ્ય હકીકત છે.

આ ઉપરાંત શ્રીમોટા પ્રત્યેક પતિ-પત્નીના જીવનમાં, અનેક ભાઈ-બહેનોના જીવનમાં અનેક રીતે ભાગ ભજવી રહેલા છે. કેટલેક ઠેકાણે તો પતિ-પત્ની હોય કે કોઈક ત્રીજું પણ હોય. આમ ત્રિકોણ સંબંધ બંધાઈ ગયેલા હોય તેવી પરિસ્થિતિમાં, પ્રત્યેક ત્રિકોણની વ્યક્તિઓ માટે, એકબીજાને માટે સદ્‌ભાવ, સુમેળ, સહાનુભૂતિ, શાંતિ, પ્રેમ, એકબીજાને માટે પ્રેમથી કરી ચૂકવું, ઘસાવું—આવા પ્રકારની જે સમજણનો જીવનના વહેવારમાં ખૂબ ઉપયોગી થઈ પડે તેટલું જ નહિ પણ પ્રત્યેકના જીવનમાં એ પ્રકારની હળવાશ, શાંતિ અને પરસ્પર પરત્વે જે સુમેળભર્યો હૈયાનો ભાવ પ્રકટે તેવી સમજણ પ્રેરેલી છે. તે તો ખરેખર જીવનના વિકાસમાં તે તે જીવને પ્રેરનારી અને તેમના જીવનમાં સુખ જ પ્રેરનારી છે એવા કેટલાય દાખલાઓ પ્રત્યક્ષ જાતોજાત મેં જાણેલા છે.

આવા જીવનમાંના તેવા દાખલાઓના કાંઈ જુદા જુદા પ્રકારનાં પ્રકરણો છે. આવાં કાંઈ કાંઈ પ્રકરણોમાં શ્રીમોટાએ જે ભાગ ભજવ્યો છે—પ્રત્યક્ષ રીતે ને પરોક્ષ રીતે પણ એ ભાવ તેમના જીવનમાં તેમને ઉપયોગી નીવડે છે એટલું જ નહિ, પણ એમના જીવનને કલુષિત કરતા ક્લેશ, કંકાસ અને અનેક પ્રકારના સંઘર્ષોમાંથી શ્રીમોટાએ આવા કેટલાયે ત્રિકોણોને ઉગારી લીધા છે તે તો સમાજની મોટામાં મોટી સેવા છે. આ સેવા કોઈ જાણતું પણ નથી અને એમણે એ કોઈને જણાવવાની દરકાર પણ કરી નથી, એ મોટામાં મોટી હકીકત છે.

૧૪. ઊંધિયા—ભોજનનો તૃપ્તિવિસ્તાર

૧૯૫૯ની સાલમાં બનેલી આ ઘટના છે. સુરતના હરિઃૐ આશ્રમમાં ઊંધિયું બનાવરાવેલું. આશ્રમના નિયમાનુસાર આશ્રમમાં હાજર હોય અને જમવાના હોય તેના પ્રમાણમાં જ રસોઈ થાય. એટલે આઠ-દસ માણસ ખાઈ રહે એટલું ઊંધિયું તૈયાર હતું. શ્રીમોટાએ સૌ પ્રથમ ઊંધિયાનો સ્વાદ નાણી લીધેલો.

ઊંધિયું જમવાને ટાણે શ્રીમોટાને મળવા કેટલાક લોકો આવ્યા. શ્રીમોટાએ એમને ઊંધિયું આપવા કહ્યું. એ દિવસે સહજપણે જ આવનાર માણસોની સંખ્યા ક્રમે ક્રમે વધવા લાગી. શ્રીમોટા તો સૌને આગ્રહ કરીને બેસાડે અને ઊંધિયું ખાવા આપે અને કહેતા જાય, ''ભાઈઓ, ઊંધિયું સ્વાદિષ્ટ થયું છે માટે સૌ કોઈ ધરાઈ ધરાઈને ખાજો.'' શ્રીમોટા સૌને આનંદવિભોર કરાવતા જાય અને જમાડતા જાય.

નડિયાદ આશ્રમના ટ્રસ્ટીઓ પૈકી શ્રી સોમાભાઈ ભાવસાર તથા શ્રી ચંદુભાઈ ભાવસાર આ પ્રસંગે હાજર હતા. ઊંધિયું રંધાયેલું એનું પ્રમાણ એ જાણતા હતા. એથી એમના વિસ્મયનો પાર નહોતો. એમને મન ભારે ચમત્કાર હતો.

સ્થૂળ વસ્તુનું પ્રમાણ હોય તેના કરતાં વધે જ કઈ રીતે? એવો પ્રશ્ન થાય. શ્રીમોટાએ આ ઘટનાને સમજાવવાનો પ્રયત્ન કરેલો.

આવા બનાવમાં વસ્તુનું પ્રમાણ વધતું નથી હોતું, પરંતુ જે મુક્તપુરુષ આવી વસ્તુનો સ્વાદ કરે છે અને પદાર્થને અલ્પ પ્રમાણમાં લેવા છતાં ધરવ અનુભવે છે. એ ધરવ મુક્તપુરુષને થયો હોવાથી એ વિસ્તારદશાને પામે છે. કેમ કે મુક્તની સઘળી ક્રિયાઓ સહજ હોવા ઉપરાંત પ્રાર્થનાભાવથી વિસ્તારી પણ બનનારી હોઈ શકે છે. આત્મ-નિષ્ઠનું પ્રધાન-લક્ષણ જ વિસ્તરવામાં વ્યક્ત થાય છે. આથી આવા પુરુષનો ધરવ વિસ્તાર પામતો હોવાથી જે કોઈ વ્યક્તિને એ જમાડે કે આપે તો તે વસ્તુ અલ્પ પ્રમાણમાં લે છતાં પણ એ વ્યક્તિ તૃપ્તિ અનુભવે. આથી ઊલટો પણ અનુભવ મુક્તપુરુષ કરાવી શકે. પુષ્કળ

પ્રમાણમાં ખવડાવવા છતાં પણ ન ખાધું હોય અથવા તો અલ્પ જ ખાધું હોય એવી હળવાશ અનુભવાય. આવો અનુભવ આંતરિક હોય છે.

આવું બધું 'નિમિત્તે કરીને' બનતું હોય છે. મુક્તપુરુષ હાજર હોય, ત્યારે દરેક વખતે 'આમ જ બને' એવું કંઈ હોઈ શકે નહિ, એમ શ્રીમોટાએ સ્પષ્ટ જણાવેલું.

૧૫. લાક્ષણિકતાઓ

શ્રીમોટાના જીવનનું ખાસ દેખાઈ આવતું એક લક્ષણ એ અનાગ્રહ છે. કોઈ કશા પ્રત્યે આગ્રહ નહિ. કોઈ આમ કહે તો આમ કરે અને તેમ કહે તો તેમ કરે. કોઈના મનમાં તો એમ થાય કે આમ તો વળી હોતું હશે? પણ અમે એમના જીવનમાં જોયેલી બનેલી પ્રત્યક્ષ હકીકત છે.

કુંભકોણમ્‌માં મારા મામા જેમ કરે તેમ તેઓશ્રી કરવા દે અને શ્રીમોટાની ત્યારે પ્રત્યક્ષ પળેપળની હાજરી હોવા છતાં અને યોજના પ્રમાણે બાંધકામ નહોતું થતું એ જાણતા હોવા છતાં તેમણે તદ્દન ચૂપકીદી સેવેલી અને કોઈ સામાન્ય માણસ કોઈ કારણને અંગે કે બેળેબેળે ચૂપકીદી સેવે ત્યારે બળાપો થાય, પણ અમે તો શ્રીમોટાને હંમેશાં આનંદમાં ને પ્રસન્નતામાં જોયેલા છે અને એમણે મારા મામાને જેમ કરે તેમ કરવા દીધેલું. એમણે કોઈ પ્રકારની સલાહ પણ આપી નથી. આશ્રમ પોતાનો થવાનો હતો. એની યોજના પણ પોતાની પાસે હતી, પણ જેમ જે થયા કરે તેમ તેમ થવા દીધું કરવું, તેમ જ થયે જાય એમાં જ એમના અનાગ્રહની ભાવના રહેલી છે અને મનમાં તે અંગેનો બળાપો કદી થયેલો એવું કદી અમે જાણ્યું પણ નથી. એ તો જાણીબૂઝીને એક અદનામાં અદના પોતે કારકુન હોય એવી જ રીતે વર્તતા.

સદ્‌ગત પરીક્ષિતલાલે એમને કોઈ દિવસ એમની સલાહ પૂછી પણ નથી, કારણ કે પરીક્ષિતભાઈના મનમાં શ્રીમોટાને વહીવટની, વ્યવસ્થાની, કુનેહની, એવા પ્રકારની યોગ્ય સમજણ નથી, એવી એ કાળે પણ સમજણ હોય ખરી. કામ તેઓશ્રી જ બધું કરતા અને બધા જ

પ્રકારનું અને તે યોગ્ય પ્રકારનું વ્યસ્થિતિવાળું, વ્યવસ્થાપૂર્વક. તેમ છતાં કોઈને પણ ભાન થતું નહોતું કે શ્રીમોટાનામાં કાંઈ બુદ્ધિ છે. આજે પણ સાબરમતી આશ્રમમાં તે કાળના માણસો જીવે છે. તે પણ કહે છે કે શ્રીમોટામાં આટલી બધી શક્તિ-સમજણ હશે, એનું અમને ભાન નહોતું. તેઓશ્રી સંપૂર્ણપણે અનાસક્તિપૂર્વક વર્તતા. ત્યારે કેટલાક એમને ભોટ પણ કહેતા. મને પોતાને જ ત્યારે એમ લાગેલું કે, ''ઓહો! **મોટા** ટાઈપ કરે છે! અંગ્રેજી પણ જાણે છે!'' એની મને પણ નવાઈ લાગેલી. કારણ કે ત્યારે શ્રીમોટાનું વર્તન વ્યવહાર એવા પ્રકારનું હતું કે, કોઈને એમનામાં ચાલાકીનું ભાન જ થાય નહિ! એમણે પોતાના જીવનને જ્ઞાનભક્તિપૂર્વકનું, હેતુની સભાનતાની સાથે વર્તી વર્તીને એવા પ્રકારનું બનાવી દીધલું કે બધું હોવા છતાં કંઈ કશું ન હોય એમ બધાંને ત્યારે આશ્રમમાં પણ લાગતું. અનાગ્રહ એમનો એટલો બધો જબરો કે કંઈ કશું બગડતું હોય તો પણ કશાની સલાહ આપવાને એ પ્રવર્તી શક્યા નહોતા. આશ્રમમાં અમારા પોતાના કુટુંબમાં એ ઘણાં વર્ષ રહ્યા, પણ પૂછ્યા સિવાય કોઈ દિવસ કોઈને કશી સલાહ આપી હોય, કહ્યું હોય એવું મારી જાણમાં નથી.

હરિઃૐ આશ્રમજીવનને કારણે શ્રીમોટા ઘણાના સંબંધમાં આવ્યા કરે છે, પણ કોઈની સાથે એમણે પોતાનો આગ્રહ વ્યક્ત કર્યો હોય કે પોતાના મંતવ્યની પકડનું કોઈને પણ ભાન કરાવ્યું હોય તેમ આજ સુધી બન્યું નથી. હા, સાધનાની સભાનતા પ્રકટાવવાને માટે કહ્યું છે ખરું, પણ તે હકીકત જુદા પ્રદેશની છે.

કડિયાને અમુક ચણવું હોય ત્યારે અમુક રીતે જ તે કામ થવું જોઈએ અથવા તો સુથારને અમુક લાકડું અમુક કામને માટે ઘડવું હોય તો તે કામની યોગ્યતા પ્રમાણે જ તે ઘડાવું જોઈએ. તેની સમજણ શ્રીમોટામાં સાધના પરત્વે પ્રકટેલી હોવાથી સાધનાના વિકાસ કાજે જેઓ શ્રીપ્રભુકૃપાએ મળેલાં હોય તે તે માટે કહ્યાં કરેલું હોય ખરું. બાકી જીવનમાં અનેક પ્રકારનાં ક્ષેત્રોમાં શ્રીમોટાએ અનાગ્રહ જ સેવ્યો છે એ મારો પોતાનો અનુભવ છે.

અનેકની સાથે તેઓ આ પ્રમાણે વર્ત્યા છે. કેટલીક વાર શ્રીમોટા આખું કોળું ને કોળું શાકમાં જવા દે અને કદીક એક કણીને પણ સરકવા ન દે. **આગ્રહ ક્યાં રાખવો અને ક્યાં ન રાખવો એવી સૂક્ષ્મ સૂઝ એમના જીવનમાં પ્રકટેલી છે.** તેમને સૂક્ષ્મ પ્રકારનો ભાવનાત્મક, જ્ઞાનપૂર્વકનો, ભક્તિપૂર્વકનો વિવેક એમના જીવનમાં જાગેલો છે એ એમના જીવનની વિશેષતા છે. અરે! એ વિવેકને પણ પકડી તેઓશ્રી છોડી દેનારા છે અને વિવેકને પણ પકડી રાખતા નથી. કેટલી બધી અવધૂતી મસ્તી કે જે શબ્દ બોલતાં આપણી જીભ અચકાઈ જાય તેવો શબ્દ પણ સમાજમાં આગળ પડતી પ્રતિષ્ઠા ભોગવતા લોકોની આગળ બોલતાં મેં શ્રીમોટાને સાંભળેલા છે. એટલે આવું બોલવું એ તો સભ્યતાને તિલાંજલી આપી દીધી ગણાય. એવું પણ કદી કદી બોલતાં એમને સંકોચ નથી. અવધૂતી છંદમાં—આનંદમાં હોય તો પણ એમને આમ જ બોલવું, આમ જ રહેવું ને કરવું, એવા બધા ચોકઠામાં એ કદી પ્રવર્તી શકતા નથી એ પણ અમારો રોજ-બ-રોજનો અનુભવ છે. કશામાં જકડાએલા હોતા નથી. ક્યારે, કેમ તેઓ વર્તશે એ કહી શકાય નહિ. એ 'મુક્ત' છે.

એમને કશાનો શોખ નથી. પહેરવા-ઓઢવાનો પણ કંઈ શોખ નથી. તે ઘરેણાં પહેરે છે ખરા ઉત્સવ નિમિત્તે મળેલાં, પણ એ એમના પોતાના શરીરના ઉત્સવ પ્રસંગ વેળાએ જ. કો'ક વાર તે ઘરેણાં માગે છે અને ઘરેણાં એમને મળ્યાં પણ છે. સારાં કપડાં પણ મળ્યાં છે, પરંતુ પહેરવાનો તેમને આગ્રહ નથી. સારાં સારાં કપડાં ને ઘરેણાંને વેચીને તેના પૈસા મેળવી તેનો સારાં કામોમાં ઉપયોગ કરે છે. પોતાની પાસે કોરવાળાં ધોતિયાં વધી ગયેલાં. એને વેચીને પણ પૈસા ભેગા કર્યા છે. એમને એકલા લંગોટ પર રહેવું હોય તો લંગોટ પહેરીને પણ નિરાંતે રહી શકે છે. કપડાં પહેરવાનો પણ એમને આગ્રહ છે એવું કશું નથી. કરાંચી શહેરમાં કપડાં કાઢીને કેટલાક કલાકો સુધી ફર્યા એ પણ હકીકત છે પણ પારકા દેશમાં અજાણ્યા ને અજાણી વસ્તીમાં જ્યાં કોઈ ઓળખતું ન હોય ત્યાં ફરી શકાય, પણ ગાંધી આશ્રમમાં જ મારા ઘર આગળ જ નાથાકાકા કરીને સોજીત્રાના એક પટેલ ભાઈ હતા. તે ઘણીવાર મારે

ત્યાં આવે ને શ્રીમોટાને ઘણી વાર ''નાગી, નાગી'' એમ એ બોલ્યા કરે. જેમ શ્રીકૃષ્ણ ભગવાને શિશુપાલની અનેક પ્રકારની ગાળો અમુક સુધી સાંભળ્યા કરી તેવી રીતે શ્રીમોટાએ પણ તેમને કહ્યું કે, ''નાથાકાકા, જો હવે તમે 'નાગી નાગી' બોલ્યા છો તો મારું આ ધોતિયું કાઢીને તમને એવા પકડી રાખીશ કે તમે 'ભાઈસા'બ' કહેશો તોપણ... પછી હું તમારો છેડો નહિ છોડું.'' ''હવે બેસ બેસ, તું મોટી કપડાં કાઢી નાંખનારી ના જોઈ હોય તો, અમસ્તી!'' આમ શ્રીમોટાને નાથાકાકાએ કહ્યું કે તરત જ તેમણે તેમનાં કપડાં કાઢી નાખ્યાં, ત્યારે કેટલીય બહેનો અમારા ઓટલા ઉપર ઊભી હતી. તોયે તેમને બિલકુલ સંકોચ થયો નહિ અને નાથાકાકાને તો એવા ઝોડની માફક વળગી પડ્યા કે નાથાકાકા તો દોડ્યા જાય; શ્રીમોટાય પાછળ દોડ્યા જાય અને નાથાકાકાએ માફી માંગી ત્યારે તેમને છોડ્યા. એટલે આમાં પણ એમનો સામાજિક ક્ષોભ કે સંકોચ નહોતો.

આજે પણ શ્રીમોટાને જોઈને કોઈને એમ ન થાય કે આ **મોટા**માં આટલી બધી આવડત હશે, શક્તિ હશે, સમજણ હશે. એમણે આશ્રમો કાઢ્યા અને એનો વહીવટ ચલાવ્યો એ વહીવટ ને એની વ્યસ્થા એ જ શ્રીમોટામાં કેટલી સમજશક્તિ છે તે પુરવાર કરી આપવાને પૂરતાં છે. એટલું જ નહિ, પણ આશ્રમમાં કેટલાય જુદા જુદા સ્વભાવના માણસો આવે છે, બહેનો આવે છે, બાળકો આવે છે, વૃદ્ધો આવે છે—એ બધાંની સાથેનો શ્રીમોટાનો વર્તાવ ને એમની સાથે હળી-ભળી-ગળી જવાની એમની રીત તો કોઈ અનોખી છે.

શ્રીમોટાની વિશેષતા એક બીજી છે : માનો કે શ્રીમોટા માટે મને લાગણી છે, એમ કોઈ કહે તો તેઓશ્રી ઝટ માની લે એવા નથી. તેવી લાગણી શ્રીમોટા પરત્વેની તે તે લોકોના મનની હોય તો કર્મમાં સાકાર થવી જોઈએ. લાગણી થાય અને જો સાચી હોય તો એ કોઈ રીતે એના સાકારપણામાં પ્રકટવી જોઈએ. જેમ કે આપણને મોહ થાય, લોભ થાય, કામ થાય કે વાસના થાય તો તે સાકાર થયા વિના રહેતાં નથી. તેવી

રીતે જો ખરેખરો ભાવ જાગ્યો હોય તો તે સાકાર થયા વિના રહે નહિ એમ શ્રીમોટાનું કહેવું છે.

શ્રીમોટાએ કોઈ દિવસ કોઈને પોતાના શિષ્ય થવા સીધું કે આડકતરું સૂચન કર્યું નથી. એ બાબત તેમના જૂના સાથી ને સ્વજન શ્રી હેમંતભાઈ નીલકંઠે જે જણાવ્યું છે તેનો અત્રે ઉલ્લેખ કરવો જરૂરી લાગે છે.

''કરાંચીમાં જ્યારે ઓમ મંડળીમાંથી પણ એક પ્રકારની નિરાશા સાંપડી અને કોઈ મને ધ્યાન શીખવાડે તે માટે ઝંખના થતી. એમણે (શ્રીમોટાએ) જોઈ ત્યારે છેવટે એમણે કહ્યું હતું કે, ''તમને બહુ ઇચ્છા છે તો અમદાવાદ આવીશ, ત્યારે આપણે ભેગા ગડમથલ કરીશું.'' મારું અહમ્ મને એમ કહેતું કે એ પહેલી ચોપડીમાં છે ને હું બાલમંદિરમાં છું. 'ભેગા ગડમથલ'નો અર્થ આ પ્રમાણે કર્યો હતો. પછી એમની સાથેનો આધ્યાત્મિક સંબંધ શરૂ થયો. અનુષ્ઠાન થયું, પછી જે અનુભવો થયા તે ઉપરથી મને જ થયું કે એમને જ ગુરુ તરીકે સ્વીકારું... શ્રી નંદુભાઈ પણ એમના બોલાવ્યાથી નથી આવ્યા. **નંદુભાઈને મેં જ સલાહ આપી હતી કે તમે શ્રીમોટાની દોરવણી સ્વીકારશો તો તેમાં તમને બધાંને ફાયદો જ છે.''***

શ્રી હેમંતભાઈએ શ્રીમોટાને સ્વીકાર્યા પછી દક્ષિણની યાત્રાએ જતાં શ્રીરમણ મહર્ષિનાં દર્શન કરવા જવાની રજા શ્રીમોટા કને માગી. ત્યારે તેમણે હા જ કહી હતી અને જ્યારે શ્રી હેમંતભાઈને સ્ટેશને વિદાય આપવા તેઓશ્રી ગયા ત્યારે શ્રીમોટાએ તેમને કહ્યું કે, ''હવે હાલમાં—હમણાં—આપણો સંબંધ બંધ થાય છે. તમે મને કાગળ ન લખશો.'' તેનું રહસ્ય શ્રી હેમંતભાઈ પાછળથી સમજેલા. શ્રી હેમંતભાઈ દક્ષિણનાં ત્રણ મોટા આશ્રમો જુએ ને ત્યાં તેમાંથી ગમે તે એકાદનું આકર્ષણ તેમને

*શ્રી હેમંતભાઈએ એ પણ જણાવેલું છે કે જ્યારે શ્રી નંદુભાઈ અને શ્રીમોટા વચ્ચે બિલકુલ સંબંધ નહોતો અને શ્રીમોટા સાબરમતી આશ્રમ છોડી જતા હતા ત્યારે –'હું કોની સાથે હવે વાત કરીશ?' એવા શ્રી હેમંતભાઈના પ્રશ્નના ઉત્તરમાં શ્રીમોટાએ શ્રી નંદુભાઈને બતાવીને સૂચવેલું કે 'એમની સાથે સંબંધ બાંધજો.' આમ શ્રીમોટાએ વગર સંબંધે શ્રી નંદુભાઈને જોઈ લીધા હતા.

થઈ જાય તો તેઓ ત્યાં ભલે રોકાઈ જાય એવી તેમને છૂટ આપવાનો શ્રીમોટાનો હેતુ હતો. તેવી જ રીતે શ્રીમોટાએ શ્રી નંદુભાઈને પણ એમને પસંદ પડે તે આશ્રમે જઈ રહેવા સલાહ આપી હતી. આમ તેઓશ્રી તદ્દન નિઃસ્પૃહ હતા—સર્વ વાતે ને સર્વ રીતે.

૧૬. અઘોરી બાબા – મોતનો સામનો

શ્રીમોટા જ્યારે ગુજરાત હરિજન સેવક સંઘમાં હતા, ત્યારે ચેતનામાં નિષ્ઠા પામેલા મહાત્માના અનુભવને માટે હિમાલય ગયેલા. એમનો મુખ્ય હેતુ જમ્નોત્રી, ગંગોત્રી, કેદારનાથ, બદ્રીનાથ, તુંગનાથ અને બીજે જવાનો હતો. ગંગોત્રીમાં માતાજીનું મંદિર છે. ગંગામાતાના મંદિરની સામેની બાજુના કિનારે રહેતા કોઈ મહાત્માની વાતો કદીક કદીક એ કરતા ખરા. ઉપરાંત ગંગોત્રીથી આગળ કેદારનાથ જતાં કોઈ ચટ્ટી પાસેથી ઊતરેલા, ત્યારે તેમની ખાસિયત પ્રમાણે બધાંને પૂછેલું ત્યારે તેમને ખબર પડી કે એક અઘોરી બાવા અમુક ઠેકાણે રહે છે. તે ઠેકાણાની ચોક્કસ માહિતી તેમને અહીંથી મળી હતી. એ ચટ્ટીમાં દુકાનવાળો હતો. તે કહે, ''અમુક ઠેકાણેથી અમુક ટેકરી પર ચડીને જવાનો રસ્તો નથી. ઝાડ કે બુટ્ટી એવું કંઈ ઉગ્યું હોય એ પકડી પકડીને બેબેબેળે ચડીને જઈએ, ત્યારે પાછું બીજું આરોહણ આવે છે. ત્યાંથી ત્રીજું પશ્ચિમ દિશામાં જઈને પૂર્વ દિશામાં વળી ઉત્તર દિશાએ જવાનું છે. તે બધું ચઢાણ બહું આકરું છે. બધું થઈને લગભગ દશ-બાર માઈલ થાય. ત્યાં એક અઘોરી બાવા ઉચ્ચ પ્રકારના અનુભવી પુરુષ છે.

એમની સાથે એક બોજીવાળો હતો. તેને તેમણે પોતાની પાસેની રકમ વગેરે આપતાં કહ્યું, ''જો ભાઈ, પાંચ દિવસ સુધી તું અહીં રહેજે. મારો બધો સામાન, રૂપિયાની આ રકમ વગેરે તું તારી પાસે રાખજે. એમાંથી ખાવાપીવાનું બધું ખર્ચ કરજે. પાંચ દિવસ થઈ જાય ત્યાં સુધીમાં હું ના આવું તો તું તારે ઘેર લઈ જજે.'' તે ઉપરાંત તેમણે પરીક્ષિતલાલ

તથા એમની બા વગેરેને કાગળ લખીને સરનામું કરીને આપી દીધા અને સૂચવ્યું, ''આ કાગળો તું ઘરે જાય, ત્યારે ટપાલમાં નાંખતો જજે.''

એમ કરીને એ તો ઊપડ્યા. સાથે લીધો એક માત્ર કામળો. થોડું ખાવાનું ને લશ્કરના સિપાહીઓ પાણી પીવાને રાખે છે તેવી વોટર-બેગ. એમના કહેવા મુજબ રસ્તો ઘણો ચઢાણવાળો, અઘરો અને આપણી હિંમત, પરાક્રમ ને શૌર્યને પડકાર દે તેવો હતો. એક બે વખત તો એમના પગ લપસ્યા હતા ને પડેલા પણ ખરા, છતાં વચ્ચે ઝાડ પકડી રાખવાને લીધે બચી પણ ગયેલા. હંમેશાં એમને શ્રીભગવાનમાં એટલો બધો વિશ્વાસ છે કે એનાથી એમને મદદ મળ્યા જ કરે છે. કેવા કેવા માણસોએ એમને હાથ દીધા છે, સહાય કરી છે, ઓથ દીધી છે એ જોયેલી હકીકત છે. એ તો મથામણ કરતા કરતા ચડ્યા ને બતાવેલા સ્થળે પહોંચ્યા.

ત્યાં દુર્ગંધ બહુ આવતી હતી એટલે એમને લાગ્યું કે આ જ તે જગ્યા હશે. ત્યાં એક મોટું ઝાડ આવતું હતું, તેની આગળ હાડકાં ને મળ બધું પડેલું હતું. ત્યાં જઈને એ બેઠા. એમ કરતાં કરતાં તો રાત પડવા આવી. શ્રીમોટાએ પોતાની પાસે પાણી હતું તેમાંથી થોડું પીધું. ખાવાનું સાથે હતું તે પણ ખાધું. એથી એક દિવસમાં બધું ખાવાનું પૂરું થઈ ગયું, કેમ કે સાથે મોટો જાડો ધાબળો ઊંચકવાનો હતો એટલે વધારે ભાર લઈને ચડી શકાય એમ નહોતું. રાતના એક-બે વાગ્યા. શ્રીમોટા પોતાની મસ્તીમાં ને પોતાના ભજનમાં, ભાવમાં મશગૂલ રહેતા ત્યારે પેલા અઘોરી બાવા આવ્યા. એ છાનામાના બોલ્યા-ચાલ્યા વિના બેસી રહ્યા.

તેમ ત્રણ દિવસ પસાર થઈ ગયા. શ્રીમોટાને તરસ અને ભૂખ કકડીને લાગેલી પણ એમને એની નવાઈ નહોતી. પેલા અઘોરી બાવા કાંઈ બોલે ચાલે નહિ ને આ કાંઈ પૂછે કરે નહિ. ચોથા દિવસની વાત. પેલા બાવા બોલ્યા, ''બચ્ચા, ભૂખ-તરસ લગી હૈ?'' ત્યારે એમણે કહ્યું કે ભૂખ લાગી છે. એટલે તે એક કાચલીમાં રાબ જેવું આપીને બોલ્યા, ''બચ્ચા પી જા. ઈસસે તેરી ભૂખ-તરસ મીટ જાયેગી. ઈસસે ભૂખ ભી નહિ લગેગી, તૃષા ભી નહિ લગેગી.'' શ્રીમોટાએ લીધું. એમાંથી ઘણી

દુર્ગંધ આવતી હતી. તેમને આવી બાબતનો પરિચય એટલે એ ધીરે ધીરે પીવા લાગ્યા. ખાતાં ખાતાં એમને કંઈ બીજો સ્વાદ આવ્યો નહિ, પણ બધું સાફ કરી ગયા. કાચલી પણ ચાટીને સાફ કરી દીધી. પણ એની એક વાત અદ્‌ભુત હતી કે તેનાથી ભૂખ ગઈ ને તરસ પણ ગઈ. ને ભાવ એવો પ્રકટ્યો કે ભાવની સ્થિતિમાં, ભાવાવસ્થામાં કેટલા વખત સુધી એ તદ્રુપ થઈ ગયા!

તે પછી જ્યારે શરીરની સભાનતામાં એ આવ્યા ત્યારે અઘોરી બાવાએ કહ્યું, ''અરે બચ્ચા! તું મેરી સાથ રહ જા ઈધર. તેરેકુ જો કુછ દિલમેં કરનેકે મહત્ત્વાકાંક્ષા હય, વો સબ ઈધર તેરેકુ સંતોષપૂર્ણ મીલ જાયેગા.''

શ્રીમોટાએ કહ્યું, ''હું ગરીબ આપનાં દર્શન માટે આવ્યો છું. કેટકેટલાયે અનુભવી મહાત્માઓ છે. એમની શુભાશિષો મને જો મળી શકે તો તેની પ્રાર્થના કરું છું. કોઈની પાસે કશું માગતો નથી. એમની સાથે એવો ભાવ રાખું છું કે પ્રેમભક્તિના કારણે મારા હૃદયમાં એક એવા પ્રકારની સ્વીકારશક્તિ (રીસેપ્ટિવિટી)થી ભાવની તદ્રુપતા મારા જીવનમાં પ્રકટે અને જીવંત વહ્યા કરે.''

અઘોરી બાવાએ કહ્યું, ''તારે તે માટે અહીં રહી જવું પડશે. અહીંથી જઈ શકીશ નહિ. હું કેટલાયે વખતથી અહીં આવા એક સમર્થ શિષ્યની શોધમાં છું, પરંતુ બહાર શોધવા હું ગયો નથી. મારી પણ એક એવા પ્રકારની પ્રચંડ ભાવના છે કે તને આકર્ષણ લાગ્યા વિના રહેવાનું નથી. તું આપમેળે આવ્યો છે. મેં તને કંઈ બોલાવ્યો નથી. તું શોધતો શોધતો આવ્યો છે તો તું રહી પડ. તારી ધારેલી બધી જ ઇચ્છા પૂરી થશે એમાં કોઈ જાતની શંકા નથી.''

શ્રીમોટાએ એમને કહ્યું, ''પ્રભુ, મળેલી પરિસ્થિતિ, મળેલા સંજોગો અને એના પરત્વેનો ધર્મ અને એના પરત્વેના ધર્મનું પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક, એના હેતુની સભાનતા સાથે આટલું કર્યું એ જ ધર્મ છે. બીજા કોઈ ધર્મને હું જાણતો નથી. અત્યારે મારો ધર્મ હિમાલયમાં આપના જેવા મહાત્મા અને મહાનુભાવોના ચેતનાત્મક ભાવને સ્વીકારવો, અનુભવવો—દિલમાં દિલથી અનુભવવો એ જ મારી આ

યાત્રાનો હેતુ છે. મારે હજુ ઘણે ઠેકાણે જવાનું છે. મારો હેતુ હજી ફલિત થયો નથી. મારે હાલમાં પ્રાપ્ત થયેલું જે કર્મ છે, સંજોગો છે, પરિસ્થિતિ છે તેના પરત્વેની મારી ફરજમાંથી હું મુક્ત થઈ શકું નહિ. મને કોઈ બેબેબેળે રાખી શકે એવી કોઈ તાકાત નથી.''

તે બાવા બોલ્યા, ''હું જોઉં છું કે તું કેવી રીતે જાય છે? તું મારી સાથે રહે તો સારી વાત છે. તને બધું મળી શકશે. આ હઠ તું નહિ છોડે તો તારું શરીર ટકી શકવું મુશ્કેલ બની જશે. હું જોઈશ કે તું કેવી રીતે જાય છે?''

શ્રીમોટાએ કહ્યું, ''આ જીવ કોઈપણ પ્રકારના ભયને ગાંઠે એવો નથી. ભયને જીવનમાંથી ભગાડી મૂક્યો છે. શ્રીભગવાનની કૃપાથી અભય મારા ગુરુમહારાજના આશીર્વાદથી પ્રાપ્ત કરેલો છે. તે મારા જીવનનો મોટામાં મોટો શૃંગાર છે, ગૌરવ છે. જીવનની એક નક્કરતા અને ચેતન અનુભવવા માટેની જીવંત વાસ્તવિક આવશ્યકતા છે.''

એ ભજન ગાતા ગાતા મસ્તીમાં નીચે ઊતરી ગયા. ઊતરતાં એમને વાર પણ ન લાગી. નીચે આવ્યા, નાહ્યા-ધોયા, પછી રસોઈ બનાવી અને જમ્યા પછી સૂતા. સવારે ઊઠ્યા, ત્યારે એમનું શરીર નીરોગી, પણ પછી એમને ઝાડા થવા લાગ્યા. ઘણા ઝાડા થયા. ઘણા ઝાડા થાય, ત્યારે ચટ્ટીમાં રિવાજ કે ત્યાં રહેવા ન દેવાય. શ્રીમોટાએ એક ઝરણા પાસે ઝાડની નીચે પથારી કરી મીણિયું પાથર્યું અને ઉપર સૂતા. શરીરથી ચાલી શકાય એવી સ્થિતિ રહી ત્યાં સુધી વેગળે જઈને ટટ્ટી જઈ આવતા, સાફ કરતા, ધોતા પછી હાથપગમોઢું ધોઈને સૂઈ જતા. પછી તેઓ બેભાન થઈ જવાની તૈયારીમાં હતા, ત્યારે કોઈ બંગાળી સાધુ જેવા એમની પાસે આવ્યા એટલું એમને યાદ છે.

આશરે ૧૮ કે ૨૦ દિવસ બેભાનમાં પસાર થયા હશે. પેલા બંગાળી સાધુ તેમની સેવા કરતા હતા. તે કહેતા હતા કે ઉપરથી શ્રીમોટાએ જાણેલું કે પોતે બેભાન અવસ્થામાં પણ શ્રીભગવાનની એકધારી એકાગ્રતાથી અને એકાગ્રતાની કેન્દ્રિતતાથી એવો પોકાર એમના હૃદયમાંથી નીકળતો કે શ્રીભગવાન એમને સાંભળે. એમના ગુરુમહારાજ પર એમને એવો અટલ વિશ્વાસ હતો.

શ્રીમોટાને તેમના સમર્થ ગુરુએ બચાવ્યા. તે પછી ધીરે ધીરે એમના શરીરમાં ચેતન આવવા લાગ્યું અને ઊઠતા-બેસતા થયા. બંગાળી સાધુએ એમની ઘણી સેવા કરેલી. એમની પાસે એવું કંઈ ન હતું કે એ સેવાનો, ઋણનો બદલો વાળી શકે. ઓઢવા-પહેરવા માટે જે થોડું હતું, એમાંથી એમણે એક પાતળો કામળો અને પચ્ચીસ રૂપિયા સાધુને પગે લાગી, નમસ્કાર કરીને આપ્યાં. સાધુએ કહ્યું, ''ભાઈ, આ બધું તું શું કરે છે? તારી પાસે કંઈ નથી ને મને આપે છે તે બરાબર નથી.'' સાધુએ કશું લીધું નહિ. ''મને તારી સેવા કરવાનો હુકમ મળેલો એટલે હું આવેલો. તું કેટલે દૂર હતો ત્યાં મને કો'કે કહ્યું કે, તું જા. ફલાણે ઠેકાણે મારો ભક્ત છે, તેની તું સેવા કર. તારી સેવા મેં કરી છે ખરી પણ હું નિમિત્તમાત્ર છું.''

પછી શ્રીમોટામાં ચાલવા જેટલી તાકાત આવતાં ત્યાંથી ઉપડવાનો દિવસ નક્કી કર્યો. બંને જણ વાતો કરતાં કરતાં ચાલતા હતા, તે પછી પેલા સાધુ દેખાયા નહિ. શ્રીમોટાને થયું કે તેઓ લઘુશંકા કરવા ગયા હશે, હમણાં આવશે. જ્યારે પાછળ ફરીને જોયું તો ક્યાંયે સાધુ મળે નહિ, દેખાયા જ નહિ, ગયા તે ગયા!

૧૭. વારાંગનાઓનો ફાળો

સને ૧૯૪૨માં ગુજરાત માથે એવી પરિસ્થિતિ પ્રકટેલી કે ગુજરાત હરિજન સેવક સંઘની બધી સંસ્થાઓ, શાળાઓ, છાત્રાલયો, સહકારી મંડળીઓ, કન્યાશાળાઓ વગેરેમાં પૈસાની ઘણી તૂટ પડેલી. તે કેવી રીતે બધું ચલાવવું તે મોટામાં મોટી મુશ્કેલી હતી. શ્રીમોટા તો તે કાળે સંઘની સેવામાંથી નિવૃત્ત થઈ ગયા હતા. એમને કંઈ કશું લાગતુંવળગતું ન હતું.

૧૯૪૨ના ઓગસ્ટની એક રાતે તેમને એકાએક થયું કે, ''હવે મારે ગુજરાત કે મુંબઈમાં જઈને આ બધી સંસ્થાઓ નભી શકે એ રીતે તેની તંગી દૂર કરવી એ મારો હાલનો ધર્મ છે.'' એ રીતે એમના દિલમાં હુકમ

થયો, ત્યારે તેઓ ટ્રિચીથી નીકળી ચૂક્યા. તેમણે મુંબઈ જોયું પણ નહોતું. તેના રસ્તાઓની ખબર પણ નહોતી. મુંબઈમાં એવું તેમને કોઈ ઓળખતું પણ નહોતું. પૈસા મેળવવા, ફંડફાળા એકઠા કરવા એક મુશ્કેલ કામ છે. તેને માટે જે આવડત જોઈએ તેવી આવડત શ્રીમોટામાં નહોતી. એવા પ્રતિષ્ઠાવાળા માણસો સાથે તેમને કોઈ સંબંધો નહોતા. જેને પ્રતિષ્ઠાવાળા સાથે સંબંધ હોય, લાગવગ હોય તો જ ફંડફાળા મળી શકે પણ શ્રીમોટાને એવું કોઈ જ સાધન નહોતું. તેમ છતાં તેઓશ્રી મુંબઈ આવ્યા.

મુંબઈમાં શ્રી હેમંતભાઈની બહેનને ત્યાં તેઓ રહેતા. સવારના પહોરમાં તેઓ જમીને નીકળી પડીને લોકલ ગાડીમાં બેસી જતા. ત્યારે સ્વજનોના આવેલા પત્રો તે વાંચતા ને જવાબ લખતા. કોઈની સાથે ગાડીમાં તેઓ વાતચીત કરતા નહિ. પણ કોઈ તેમને આમ કરતા જોઈને પૂછતા કે, ''આ તમે શું કરો છો?'' ત્યારે તેઓશ્રી તેમના જીવનની બધી હકીકત કહેતા, પત્રોની હકીકત તે કહેતા, તેઓ શા માટે પરિભ્રમણ કરી રહ્યા છે તે કહેતા ને એમને શ્રીભગવાનની કૃપાથી, ગુરુમહારાજની કૃપાથી કોઈ ને કોઈ માણસનો ભેટો થઈ જતો કે તે માણસ તેમને ફંડફાળો ઉઘરાવવામાં મદદ કરતા.

એકવાર ખાર સ્ટેશન પર તેઓ મોડા આવ્યા. લોકલ આવી ગઈ હતી ને ઊપડતી હતી. એટલે દોડતા દોડતા જે ડબ્બો હાથમાં આવ્યો, તેમાં તે ચડી ગયા. તે પહેલા વર્ગનો ડબ્બો હતો. તેમાં પ્રવેશ કરતાં જ તેમને કેટલીક બહેનો બેઠેલી જોવામાં આવી કે જે જુદા પ્રકારની હતી એમ જણાયું. એમ કરતાં કરતાં તેમની સાથે સત્સંગ થયો ને તેમના હેતુની, પ્રવાસની ને ફાળાની બધી વાત કરી ત્યારે તે બહેનોએ કહ્યું, ''તમે અમારે ત્યાં આવશો? અમે તમને જરૂર મદદ કરીશું.'' ''જરૂર આવીશ, મને જરાય વાંધો નથી.'' એમ શ્રીમોટાએ કહ્યું. એટલે તેઓશ્રી તેમના ઘરે ગયા. તે બહેનો કહે, ''અમારે ત્યાં તમે કંઈક લેશો—ચા-પાણી?'' ''હા, જરૂર.'' ને તેમણે ચા-પાણી પીધાં. બીજી બધી બહેનો એકઠી થઈ એટલે શ્રીમોટાએ તેમના પ્રવાસ ને ભ્રમણનો હેતુ સમજાવ્યો. આ સાંભળીને તે બહેનોએ સારી એવી રકમ ભેગી કરીને શ્રીમોટાને ભેટ ધરી જે તેમણે પ્રેમથી સ્વીકારી.

ઘણાને આ હકીકત જાણીને એમ થતું કે, ''આવી રકમ લઈને કેમ ખર્ચાય? એમનાથી સ્વીકારી શકાય નહિ.'' પરંતુ શ્રીમોટા તો ઘણીવાર કહે છે કે, મનુષ્યમાં તો ગુણ ને અવગુણ બંને રહેલા છે. **અવગુણ દેખીને આપણે જો એ માણસની અવગણના કરીએ તો શ્રીભગવાનની અવગણના કરવા બરાબર છે.** એનામાં પણ ગુણ અને સદ્‌ભાવના રહેલાં છે. એ સદ્‌ભાવનાથી જીવનમાં કદીક એવો જીવ પ્રેરાય પણ ખરો. એ સદ્‌ભાવી પ્રેરાયેલો એવો જીવ નિમ્નમાં નિમ્ન કોટિમાં પ્રવર્તતો હોય તોપણ એવાનામાં પણ સદ્‌ભાવના મરી પરવારેલી હોતી નથી. એવા માણસે સદ્‌ભાવનાથી પ્રેરાઈને કરેલું કર્મ તે ઉત્તમ કર્મ છે. એવે વખતે એવા કર્મની કે એવી વ્યક્તિની કદી પણ અવગણના થઈ શકે નહિ. અવગણના કરવી એટલે આપણે એનાથી કોઈ ચડતી દશામાં છીએ, ઉન્નત દશામાં છીએ એવા પ્રકારની આપણામાં પ્રકટેલા અહમ્‌ની સભાનતા છે. એ તો સાધકના જીવનમાં કદી પ્રકટેલી હોવી ન ઘટે અને આપણે સાધક ના હોઈએ તોપણ **આપણે બીજાથી ચડિયાતા છીએ ને બીજા નિમ્ન પ્રકારના છે એમ માનવાથી આપણે આપણું પોતાનું હલકાપણું પ્રદર્શિત કરીએ છીએ.**

૧૮. આશ્રમોની પ્રણાલિકા

બને તેટલું બધું જ, આશ્રમમાં જે જે જોઈતું હોય તે એમ ને એમ મળે, ડેબીટ–ઉધાર-વાઉચર વિના મળે તેવો તેમનો રિવાજ. ઘી-દૂધનો અભાવ, મિષ્ટાન્ન નહિ, તળવાનું પણ નહિ જ અને એનાથી કરીને એવા ખોરાકને લઈને જીવનમાં જોઈતું યોગ્ય પોષણ મળી રહે એવી શ્રીમોટાની સમજણ છે.

શ્રીમોટા ઘણીવાર કહે છે કે અમારા આશ્રમમાં એવું લખ્યું છે કે જેને આવવું હોય તેણે જણાવીને જ આવવું અને એમ ને એમ આવવું હોય તો પોતાનું ભોજન સાથે લઈને આવવું. આવું સ્પષ્ટ કહેતાં શ્રીમોટાને કોઈ સંકોચ થતો નથી. સુરતના આશ્રમમાં સુરતના કેટલાય

ભાઈઓ પોતાની સાથે જમવાનું લઈને આવે અને શ્રીમોટાની સાથે જમે. આવી હકીકત એક પ્રકારની આધ્યાત્મિક જીવનની ભાવના કેટલી સ્પષ્ટતાથી વર્તે છે તેનો આ પ્રત્યક્ષ નમૂનો છે.

આશ્રમમાં આશ્રમના મકાનોનો સુંદર કલાત્મક રીતે વિકાસ કર્યા કરવો અને એના વડે કરીને બીજા પર આશ્રમનો પ્રભાવ પાડવો અને એ રીતે જાહેર નાણાંનો ઉપયોગ કરવો એ શ્રીમોટાને મંજૂર નથી. નડિયાદમાં આશ્રમની જમીનની હદમાં દીવાલ કરવાને માટે આશ્રમને ચોપડે રૂા. ૧૫,૦૦૦ની રકમ જમા હતી, પણ એવી દીવાલ કરવાને બદલે તે રકમ કોઈ સારા ઉપયોગમાં આવે અને યોગ્ય રીતે ખર્ચાય તો ઉત્તમ એમ વિચારીને ખેડા જિલ્લામાં અસ્પૃશ્યતા નિવારણના કામને માટે એ રકમ એમણે ખર્ચી નાખી. આશ્રમમાં બાંધકામ કરવું હોય તો જ તે કરવું અથવા તો મેળવીને પણ કરવું, પણ સમાજની પાસેથી મળેલી રકમમાંથી તેનો ઉપયોગ જ ન થાય તેવો તેમનો પાકો નિયમ હતો.

આશ્રમનાં મૌનમંદિરો પણ તેમણે તે જ રીતે બંધાવ્યાં છે અને એ મંદિરો બંધાવતી વખતે એમણે જાતે કેટલી મહેનત કરેલી છે એ તો તે કાળમાં શ્રી હેમંતભાઈ ને મણિકાકા હતા એ જાણે છે અને મૌનમંદિરને માટે રકમો મળી ચૂકી હોય તોપણ એ મૌનમંદિરો ચાલી શકશે અને એમાં બેસનારાં મળી શકશે એવી એમને અનુભવની ખાતરી થાય તો જ એ નવાં મકાનો બંધાવતા. પૈસા મળી ચૂક્યા છે માટે મકાન બંધાવો એવું કદી એમણે કર્યું નથી.

ટ્રસ્ટી હોય તે રસોઈ પણ કરે, વાસણોય માંજે ને વાસીદુંયે વાળે અને એવું તે તે ટ્રસ્ટીઓએ* કર્યું પણ છે. શ્રીમોટાને પોતાને પણ કોઈ પ્રકારનું કાર્ય કરવાનો સંકોચ હોતો નથી. જોકે અત્યારે તેઓશ્રી કોઈપણ શારીરિક કામ કરવાને માટે તદ્દન અશક્ત છે. એ પડી રહેતા જ જણાય છે એટલે એમના પૂર્વ જીવનનો કદી પણ ખ્યાલ બીજાને ના આવી શકે એ સમજાય એવું છે. પણ એમણે પહેલાં જ્યારે તેમનાથી બેસી શકાતું હતું ત્યારે ભક્તોની વચ્ચે બેસીને શાક સુધારતા ને સત્સંગ કરતા હતા. જરૂર પડ્યે રસોડામાં જઈને પોતે જાતે રસોઈ બનાવવામાં મદદ કરતા,

*પૂ. શ્રીમોટાની હયાતિ દરમિયાન સમર્પિત થઈને આશ્રમમાં રહેલા ટ્રસ્ટીઓએ.

સાફસૂફી પર નજર રાખતા, હિસાબકિતાબ ચોક્કસ અને નિયમિત રહે તે પર હજુયે બારીક નજર રાખે છે અને વહેલી સવારે હંમેશાં ચાર વાગ્યે તો પહેલેથી જ ઊઠવાનો નિયમ તે આજે પણ એટલી જ ચોકસાઈથી પાળે છે. એમને જમવું ન હોય તોયે સવારે દશ વાગ્યે અને સાંજે પાંચ વાગ્યે રસોડામાં આવીને બધાંની સાથે બેસે ને પ્રેમથી બધાને પ્રાર્થના કરીને જમાડે. દરમ્યાન હળવી મજાકો, રમૂજો, મહેમાનો હોય તો તેમની સાથે આનંદથી વાતો કરતા જાય ને જમાડતા જાય.

એમના પ્રત્યેક વ્યવહારમાં કરકસરને સ્થાન છે. જે કામ પાંચ પૈસાથી થતું હોય ને ત્યાં ભૂલેચૂકે દસ પૈસા ખર્ચે તો તેઓ કહ્યા વિના રહે નહિ. તેઓશ્રી ઘણીવાર કહે છે કે, ''ભાઈ, આપણે તો ભગવાનના વાણોતર છીએ, મુનીમ છીએ, કારકુન છીએ. ભગવાનની લક્ષ્મીનો, ગમે તેમ ઉપયોગ કરવાની આપણી તાકાત બહારની વાત છે.''

૧૯. વિલક્ષણ કાર્ય-રીતિ

શ્રીમોટા કને પહેલીવાર આવનાર ધનાઢ્ય ભાઈ પૈસાની ભેટ ધરે તો તેનો અસ્વીકાર કરે. એમની ગુણભાવના વિકાસક યોજનાઓ માટે ઘણાં નાણાંની જરૂર હોય છે છતાં પૈસા જોઈને લલચાઈ જતા નથી.

શ્રીમોટા ઘણીવાર એમ કહેતા હોય છે કે મારો હજાર હાથવાળો ભગવાન છે તે મારાં કામ પૂરાં કરે છે. એ વાત તદ્દન સાચી છે. શ્રીમોટાની યોજનાઓ વર્ષોવર્ષ-૧૯૬૨ પછી વિસ્તરતી ગઈ છે. એક લાખથી શરૂ કરતાં તે બે લાખ, પાંચ લાખ, છ લાખ ને ૧૯૭૪માં તો લગભગ સાઠ લાખ સુધીની યોજનાઓ થઈ છે. આ સાચી પ્રયોગાત્મક બાબત છે. શ્રીમોટાને પૈસા આપનારા ભાઈઓ આપમેળે મળી આવે છે એ હકીકત છે.

એક બીજી વાત. ચેતનામાં નિષ્ઠા પામેલા શરીરધારી આત્માની ધારણા કો'ક કો'ક જીવને સ્પર્શી જતી હોય છે અને ત્યારે એ પોતાની શરીરની શક્તિની મર્યાદાને પણ વટાવી જઈને કામ કરતા હોય છે.

એવા જીવોના જીવનની હકીકત જાણીતી છે. એમનાં નામ તો નહિ આપી શકાય, પણ એ હકીકતો અમારી જાણમાં છે પણ એવા જીવોમાં 'રીસેપ્ટિવ'—સ્વીકારાત્મક—આધ્યાત્મિક જીવનનું ધ્યેય તેમના જીવનમાં ધગધગતું નહિ પ્રવર્તેલું હોવાથી એવી ચેતનાની ધારણા તેમના જીવનમાં ટકી શકી નહિ ને ચાલી ગઈ. જોકે તેના સંસ્કાર ચાલ્યા નહિ જાય પણ જેના જીવનમાં ભક્તિ પ્રકટી નહિ હોય તેમના જીવનમાં પેલી ચેતનાની ધારણાના સંસ્કાર પ્રવર્તેલા નથી. છતાંય એવા જે કંઈ સંસ્કારો પડ્યા હશે એ કોઈ ને કોઈ કાળે ઉદય-વર્તમાન થશે ત્યારે આધ્યાત્મિક વિકાસને માર્ગે લઈ જશે. સત્સંગનો મહિમા આ કારણે ગાયો છે.

૨૦. અનેકવિધ લક્ષણો

શ્રીમોટાને પોતાનું કામ હોય તો નાનામાં નાના માણસને ઘેર જતા તેમને સંકોચ નથી. કેટલીય વાર તે ગયા છે અને પોતાનું કામ હોય ત્યારે પોતે જ જવું જોઈએ, એવી પાકી સમજણ એમનામાં છે. નાનામાં નાના માણસને પણ એના વર્તુળમાં તેને મહત્ત્વ આપવું અને તેની વિશિષ્ટતાઓને તેની આગળ પ્રકટાવવી, આ શ્રીમોટાના જીવનની એક ખાસ વિશિષ્ટતા છે.

બીજું એ કે નાનામાં નાના માણસો પોતે મોકળાશ અનુભવે તેવી જાતનું વર્તન તેઓશ્રી તેઓની સાથે રાખતા હોય છે. શ્રીમોટા શેઠીઆની સાથે ગયા હોય તો પણ એના ડ્રાઈવર સાથે એના શેઠના દેખતાંય વાતચીત કરતાં એમને સંકોચ થતો નથી. એટલું જ નહિ પણ મોટરગાડીમાં તે સારથિની સાથે જ બેસવાનું રાખે છે. શ્રીમોટાને સમાજમાં આજે ઘણું મોભાભર્યું સ્થાન છે, પ્રતિષ્ઠા છે, તેમ છતાં એ હંમેશાં પેલા ડ્રાઈવર સાથે જ બેસતા હોય છે. એનું કારણ તો પોતે અદનામાં અદનો સેવક છે, એટલું જ નહિ પણ આવા લોકોને પણ જીવનમાં આપણે મહત્ત્વ જો જ્ઞાનભક્તિપૂર્વક આપીએ તો આપણું જ કામ સારું થતું રહે છે, એવી એમની સમાનતા છે.

શ્રીમોટાએ હંમેશાં બાળકોને મહત્ત્વ આપ્યાં કરેલું છે. બાળકોમાં ઓતપ્રોત થતાં વાર લાગતી નથી. બાળકોમાં સાહસ, હિંમત, પરાક્રમ, અભય કેળવાય એને માટે તેઓ શિક્ષક હતા, ત્યારથી વર્ત્યા છે અને અમારાં બાળકોની સાથે પણ એ રીતે વર્ત્યા છે. અંધારી રાત્રે બાળકોને પાણી ભરવા મોકલવાનું એ કરે. મારો પુત્ર છેક નાનો હતો—સાત વર્ષનો ભાગ્યે થયો હશે, ત્યારે સાયલા ગામમાં કાળી ચૌદશની રાત્રે, દૂર એક તળાવ છે. એ તળાવમાંથી લોટો પાણી ભરી લાવવાને શ્રીમોટાએ એને મોકલ્યો. અને મને કહ્યું કે, ''ભાઈ નન્દુ, તું પણ એની પાછળ પાછળ જા. એ જાણે નહિ એવી રીતે એની પાછળ જા.'' છેક તળાવ સુધી ભાઈ સિદ્ધાર્થ ગયો તો ખરો, પણ તળાવ કિનારે ઘણાં કૂતરાં હતાં, તે ભસવાં લાગ્યાં, એટલે તે થોડો પાછો પડ્યો તો ખરો. ત્યારે જ હું છતો થયો. એવી રીતે એમણે બાળકોમાં અભય કેળવવાનું કર્યા કર્યું છે.

આમ એમની સાથેનાઓના જીવનમાંથી ભય ટળે એવું એઓ હંમેશાં વિચારતા જ રહે છે અને બહેનોના જીવનને આગળ લાવવાને માટે તેમની શક્તિનો વિકાસ કરવાને માટે તેમણે હંમેશાં પ્રયત્ન કર્યા કર્યો છે. જ્યાં જ્યાં જે જે કુટુંબોની સાથે સંબંધો હોય તે તે કુટુંબોની બહેનોને મહત્ત્વ મળ્યા કરે તેવી રીતે તે કુટુંબોના પુરુષોની સાથે વાતચીતો કરેલી છે. એટલું જ નહિ પણ સમગ્ર ગુજરાતની બહેનોના જીવનમાં આવા ગુણ અને ભાવ પ્રકટે એટલા માટે ટ્રસ્ટો પણ ઊભાં કરેલાં છે.

કોઈને કશું કામ સોંપ્યા બાદ વહીવટી ડખલગીરી ન કરવી એ એમની હંમેશની નેમ રહેલી છે.

પ્રાણીઓની સાથેની એમની મૈત્રી અદ્‌ભુત પ્રકારની છે. એ અમે જોયેલું છે. ટ્રિચીનાપલ્લીમાં કેરાપટ્ટીમાં જ્યાં અમે રહેતા, ત્યાં એક કૂતરો હતો. તે કૂતરાને એક ભાઈએ બંદૂકની ગોળીથી મારી નાંખ્યો, ત્યારે એમણે એની અંત્યેષ્ટિ વિધિસર કરેલી અને એની ભસ્મને કાવેરી નદીમાં તેમણે પધરાવેલી. આમ તો એ કૂતરાં પાળવાની વિરુદ્ધમાં છે, પણ પાળે તો એને આપણાં છોકરાંની જેમ ઉછેરવાની દાનત-ખાંખત હોય તો જ પાળવાં બાકી નહિ એવી એમની સમજણ છે. પણ એ કૂતરો રોજ અમારે

ત્યાં રહેતો, ખાઈ આવે કો'કને ત્યાં પણ આખી રાત તે શ્રીમોટાની પાસે જ બેસતો. શ્રીમોટાને પ્રાણીઓ પરત્વે વહાલ છે, પ્રેમ છે. તેમને જે જે કુટુંબો સાથે સંબંધો થયા છે, તે કુટુંબની પ્રત્યેક વ્યક્તિઓમાં સુમેળ પ્રકટે, ભાવ પ્રકટે, સંપ થાય અને સંપનો સેતુ બંધાય તેવા પ્રકારની સમજણ તે તે કુટુંબની પ્રત્યેક વ્યક્તિઓને તેઓ આપતા હોય છે. ઘણાં કુટુંબની વ્યક્તિઓ પરસ્પરની વિરુદ્ધમાં વર્તતી હોય છે તો પણ તે તે પ્રત્યેક વ્યક્તિને સલાહ, સુમેળ અને સહકારનો જ ઉપદેશ આપતા હોય છે.

શ્રીમોટામાં બાંધકામની કુશળ કારીગરની શક્તિ છે. સુરતના આશ્રમમાં એક નાનકડી ખાડી છે. તેમાંથી કેટલાંય ગામોનું ધોધબંધ પાણી વહ્યું જાય છે. એ ખાડીનો બંધ શ્રીમોટાએ જે રીતે બંધાવ્યો છે અને કુંભકોણમ્‌ની કાવેરી નદીમાં જે રીતની અટારી કરી છે—આ બે હકીકતો જ ઉપરનું કથન પુરવાર કરવાને પૂરતી છે.

બાંધકામ જેમ ખેતીની આવડત પણ તેમને ખરી. આશ્રમોની અંદર અમુક અમુક પ્રકારનાં શાકભાજી થયાં જ કરે, એ માટેનો એમનો હંમેશનો આગ્રહ. એ તો આખરે એમને જ્યાં જ્યાં જે પ્રકારના માણસો મળ્યા તે પ્રકારનું કામકાજ તેમની પાસેથી તેમણે લીધું છે.

બીજી એક હકીકત મેં એ જોઈ છે કે શ્રીમોટાએ કોઈને શિષ્ય કર્યા નથી. કોઈ સાધનામાં આગળ વિકાસ કરવાના ભાવને લઈને આવે તો તેને ના ન પાડે, પણ સાધના કરવાને માટે કુટુંબથી વિખૂટા થવું કે મળેલા કર્મથી અલગ થવું એમ તેઓશ્રીએ કદી કોઈને કહ્યું નથી. એટલું જ નહિ પણ મળેલાં કર્મને આચરતાં આચરતાં સાધનાના ગુણભાવ કેળવવા એવી જ શ્રીમોટાની સમજણ છે. કોઈ સાધક પરણેલો હોય તો તેવા સાધકને એની પત્નીથી, બાળકોથી વિખૂટા પડવાનું કદી તેમણે કહ્યું નથી. ઊલટું સાધક સાચા પ્રયત્નથી મથનાર હોય તો તેવો સાધક તેના કુટુંબનોય સહકાર કેળવવા મદદકર્તા થઈ શકે. એવી રીતે અનાસક્ત થાય; પોતાના કુટુંબ પ્રત્યેનો મોહ, રાગ, લોભ, ઈત્યાદિ ઘટે ને નિષ્કામ ભાવ કેળવાય, નિર્મમત્વ પ્રકટે તેના પરત્વે ઝોક રાખવો એવું એવું શ્રીમોટા તે સાધકને સમજાવતા હોય છે. જો કોઈ અપરિણીત હોય તો,

તેને પરણવાની સલાહ નહિ આપે. જો તેને સાધનાના માર્ગમાં યાહોમ કરીને ઝંપલાવવું હોય તો તેને તેમ કરવાની પણ સલાહ આપે. પરંતુ આ સાધનાનો પંથ કેટલો વિકટ છે ને તે ધારીએ છીએ તેટલો સરળ નથી, એમ પણ તેઓ વારંવાર કહેતા હોય છે.

નિકટમાં નિકટના સાથીને કે શિષ્યને કે શ્રીમોટાની સાથે રહેનારને પોતાને ત્યજી દેવાની પૂરેપૂરી સ્વતંત્રતા હંમેશાં તેઓ આપતા હોય છે. એમના મનમાં કદીએ એમ નથી હોતું કે આ માણસ મારી સાથે સતત વળગેલો જ રહે, રહ્યા કરે. પણ જો આશ્રમની વ્યવસ્થામાં આડુંઅવળું થાય તો તેને કહેવામાં તેમને કંઈ સંકોચ પણ થતો નથી. આશ્રમની વ્યવસ્થા યોગ્ય પ્રકારે કેમ જળવાઈ રહે અને જે જે માણસની જે જે પ્રવૃત્તિ અને સ્વભાવ હોય તે જાણતા હોવા છતાં માણસ માત્ર પોતાના સ્વભાવ વડે કરીને આશ્રમનું કામ યોગ્યપણે ન કરે તો તેમને કહેતાં સંકોચ પણ થતો નથી.

આવી રીતે અમે કેટલી વાર જોયું છે કે આશ્રમમાં નોકર કે સેવકને એક વાર સેવામાં લીધા પછી એના અનેક દોષો હોય—ધારો કે એણે ચોરી કરી હોય કે એવો બીજો દોષ કર્યો હોય—તો પણ શ્રીમોટાએ કદી એને છૂટો કર્યો નથી, ઊલટું વિશેષ પ્રેમ કરીને એને પ્રેમથી રાખ્યો છે અને એણે પછી આશ્રમમાં ચોરી કરી નથી એમ પણ બન્યું છે.

શ્રીમોટાનું બીજું લક્ષણ કે તેમણે હંમેશાં કલાકારોને ઉત્તેજન આપ્યું છે, તેવા કલાકારોની એમણે કદર કરી છે, કલાકારોને તેમનામાં રસ પણ ઉત્પન્ન કર્યો છે. એટલું જ નહિ પણ જ્યાં જ્યાં જેણે જેણે સાહસ કર્યાં હોય એના પરત્વે તો શ્રીમોટા હંમેશાં કંઈ ને કંઈ પ્રથમ ભેટ કરવાનું કર્યું છે.

બીજી એક ખાસ વિશેષતા એ છે કે એમના સંબંધમાં કોઈ માંદું હોય તો તેઓ જાતે તેને જોવા ગયા સિવાય રહેતા નથી ને ઘણુંયે કામ હોય તો કામને બાજુએ રાખી શકે છે.

ઘણા યુવાનો દીક્ષા લઈને આશ્રમમાં રહેવા આવવાનું કહેતા હોય છે, પણ તેમને શ્રીમોટાએ હંમેશાં ના પાડી છે. વિચ્છિન્ન થયેલાં જોડાંને

હંમેશાં ફરીથી સંબંધ બંધાવી આપવામાં, સાધનાપંથે વાળવામાં તેમણે હંમેશાં પ્રેમથી મદદ કરી છે. કોઈ કોઈ બાબતમાં તેમને ફત્તેહ પણ મળી છે. પત્ની જો સાધનાપંથે હોય તો પતિને સાધનાપંથે વાળવામાં જહેમત ઉઠાવી છે. પતિ જો સાધનાપંથે હોય તો પત્નીને વિકાસપંથે વાળવામાં પ્રયત્ન કરેલા છે.

અન્યાયની સામે ન્યાય આચરવાની તેમની ભાવના હંમેશાં હોય છે. ઉપેક્ષા થઈ હોય તો પણ સ્વધર્મ પૂરી રીતે પ્રેમથી બજાવવાની તેમની ખરેખરી નેમ છે, દાનત છે. હરિજન સેવક સંઘ માટે ૧૯૪૨ અને ૧૯૪૫ દરમિયાન ફાળો ઉઘરાવી આપેલો છે તે હકીકત અન્યત્ર આવે છે, પણ આ લખવાનું એટલા માટે બન્યું છે કે તેમની આવી ભાવનાની કદર થઈ નહોતી છતાં તેઓશ્રી તો તદ્દન સાક્ષીભાવે વર્તતા અને ઉપરથી કુંભકોણમ્‌માં ઠક્કરબાપાના સ્મરણમાં એક હરિજન વસાહત બંધાવી છે એ નોંધપાત્ર ઘટના છે.

તેમની બીજી એક ખાસ વિશેષતા છે. કુંભકોણમ્‌માં તેમણે હરિઃૐ આશ્રમ સ્થાપ્યો. કુંભકોણમ્ તો દક્ષિણનું કાશી છે; બનારસ છે. એ કાવેરી નદીને કિનારે ઘણા મોટા મોટા ઓવારા છે. ઓવારાને કોઈ દુરસ્ત કરાવતું નહોતું. એ ઓવારાનાં કેટલાંક પગથિયાં તૂટી ગયેલાં, ત્યારે એક-બે માણસ ડૂબી ગયેલા એની શ્રીમોટાને ખબર પડી, ત્યારે એમને લાગ્યું કે ઓવારાને આપણે દુરસ્ત કરાવવા જોઈએ. એટલે આશ્રમની સિલકમાં જેટલા રૂપિયા હતા તે બધા જ આપી દઈને એના વ્યાજમાંથી અથવા એ રકમમાંથી આ ઓવારાની દુરસ્તી પ્રત્યેક વર્ષે થાય એવી વ્યવસ્થા ગોઠવી.

સુરત આશ્રમની પાસે કુરુક્ષેત્રમાં એક મોટામાં મોટો ઓવારો બંધાવ્યો છે. એ ઓવારાથી જ જહાંગીરપરાને આજે રક્ષણ મળે છે. એ ઓવારો એટલો મોટો ને ઊંચો છે કે પૂરના જોશને એ ખાળી રાખે છે. એટલે એ ઓવારાને લીધે આ આશ્રમનું અસ્તિત્વ ટકી રહેલું છે. એ ઓવારો નદીની ભયંકર રેલના કારણે ૧૯૫૯ની સાલમાં તૂટી પડ્યો. એની દુરસ્તી કરવાને માટે એક પૈસા પણ મળ્યો નથી. માત્ર રાંદેરના

એક વૈદકાકાએ શ્રીમોટાને પાંચસો રૂપિયા આપેલા. એ ઓવારાને શ્રીમોટાએ સુંદર રીતે દુરસ્ત કરાવ્યો. પૈસા માગી માગીને પણ એ દુરસ્ત કરાવેલો—દશ હજાર ખર્ચીને.

૨૧. સંકોચથી મુક્ત

એક વાર અમદાવાદમાં એક મોટી લગ્નની પાર્ટીમાં જવાનું થયું. ત્યારે એવી પાર્ટીમાં જોયું હતું કે કોઈ બાળકને સાથે લઈને ન જવાય. શ્રીમોટાને તો એવો સંકોચ નહોતો. તેઓ તો બાળકના આગ્રહના લઈને બાળકને લઈને જ ગયા ને એમાં ભાગ લીધો. ત્યારે દેશના એક અગ્રગણ્ય નેતા ત્યાં આવેલા. તેમણે પેલા શેઠને પૂછેલું કે, ''ભાઈ, આ કોણ છે ઉઘાડા શરીરવાળા ને માથે ફાળિયાવાળા?'' ત્યારે તેમણે શ્રીમોટાની ઓળખાણ આપેલી. હરિજન સેવક સંઘના મંત્રી તરીકે ઘણાં વર્ષો સુધી ભાઈ પરીક્ષિતલાલ મજમુદાર સાથે કામ કરેલું હોવાથી તેઓ તેમને નામથી જાણતા હતા.

મારા ભાઈને ત્યાં કુંભકોણમ્ ખાતે તેઓશ્રી એક વાર હતા ત્યારે મારા ભાભીએ પોતાની બંગડી કાઢીને શ્રીમોટાને આપતાં કહ્યું કે, ''લ્યો, પહેરો'' એમને એમ થયું કે શ્રીમોટા બંગડી પહેરે છે કે નહિ તે જોઈએ. તેઓશ્રી કહે, ''પહેરું તો ખરો પણ તને તે પાછી ના આપું. બોલ, 'હા' કહે તો પહેરું.'' પછી તો એણે 'હા' પાડી એટલે શ્રીમોટાએ તે પહેરી. પછી મારા એક બીજા મિત્રનાં પત્ની હતાં. તેમણે કહ્યું કે, ''આ બંગડી બીજા હાથે પહેરો.'' એટલે તેમણે તે પણ પહેરી. પછી એ લોકોને થયું કે આપણી બંગડી ગઈ એટલે તેમણે એવી બીજી શરત કરી કે 'અમે આ બંગડી આપી દઈશું પણ તમે અહીં જ માત્ર નહિ, પણ અહીંથી તમે ટ્રિચી જાવ, મદ્રાસ જાવ, મુંબઈ જાવ ને પછી અમદાવાદમાં અમારે પિયર જઈને ત્યાં આગળ એ બંગડી કાઢો તો એ બંગડી તમારી!' શ્રીમોટાએ તેમ કર્યું. બંને હાથે બંગડી પહેરીને તેઓશ્રી ટ્રિચી, મદ્રાસ, મુંબઈ અને અમદાવાદ ફર્યા ને ગાંધી

આશ્રમમાં પણ ફર્યા. (૧૯૪૫) એ દરમ્યાન ગાંધીજી દક્ષિણ ભારતની મુસાફરીએ નીકળેલા ત્યારે તેમની સ્પેશ્યલ ટ્રેન ટ્રિચી ખાતે એક ઠેકાણે પડેલી. ત્યારે તેમની સાથે શ્રી છગનલાલભાઈ જોષી ને સ્વ. નરહરિભાઈ પરીખ હતા. તેઓ અમારી પેઢીએ આવેલા, ત્યારે શ્રીમોટાને હાથે બંગડી પહેરેલી જોઈને બહુ નવાઈ લાગેલી. તે જોઈને પૂછ્યું કે, ''અરે ચૂનીભાઈ, આ તમે શું કર્યું છે?'' તો કહે કે, ''બંગડી પહેરી છે.'' 'શા માટે?'' ''એ લોકોએ કહ્યું કે, 'આ બંગડી પહેરીને અમારે ઘેર અમદાવાદ સુધી જાવ તો બંગડી તમારી.' એટલે બંગડી પહેરી, પહેરવામાં તો હરકત નથી. પહેરીને ત્યાં જઈને સાબરમતી આશ્રમને સમાજસેવાના કામ માટે દાનમાં આપી દઈશ.'' ત્યારે શ્રીમોટાના આશ્રમો હતા નહિ. કન્યાકુમારીમાં સ્ત્રીનાં કપડાં પહેરીને મંદિરમાં દર્શન કરવા સારુ ગયેલા. આવું કરવાનું કારણ પૂછતાં તેમણે જણાવેલું, 'તેથી સ્ત્રીની લાગણી—ભાવના જન્મે અને માતાજીનાં દર્શનમાં વધુ તન્મયતા પ્રકટે.'

એક બીજો પ્રસંગ : ૧૯૨૯-૩૦ દરમ્યાન નવસારી ખાતેના હરિજન આશ્રમે એ બનેલો. એક વખત દૂધપાક થયેલો. બધા છોકરાઓ અને શિક્ષકોએ તે સારી પેઠે ખાધો. શિક્ષકોમાં શ્રીમોટા, શ્રી હરિવદન-ભાઈ, શ્રી હેમંતભાઈ અને બીજા એક-બે હતા. તોપણ પા તપેલા જેટલો દૂધપાક વધ્યો હતો. હવે એ કોણ પી જાય? બધાએ ગળા સુધી ખાધું હતું એટલે નાની વાડકી જેટલો પણ વધુ દૂધપાક કોઈ લઈ શકે એમ નહોતું. એટલે સહુમાં વધુ ટીખળી હરિવદનભાઈ—તેમણે સૂચન કર્યું કે, ''હં! ચૂનીભાઈ, તમે જ ઉડાવી જાવ!'' શ્રીમોટા સિવાય બધાએ એ સૂચનાને વધાવી લીધી ને આગ્રહ કર્યો કે, ''હા, હા, ચૂનીભાઈ, તમે જ પી જાવ!'' શ્રીમોટાએ તો જાણે કે શ્રીભગવાનનો હુકમ હોય એમ કહ્યું, ''એમ? ત્યારે હું જ પી જાઉં?'' ''હા, હા, વળી.''—ચારે બાજુથી જવાબ મળ્યો. એટલે શ્રીમોટાએ તો તપેલું જ ઉઠાવીને માંડ્યો દૂધપાક મોંમા રેડવા. શ્રીમોટાને આટલો બધો દૂધપાક પીવા છતાં કશી પણ વિક્રિયા થઈ નહોતી! શ્રીમોટા કંઈ એવા પહેલવાન નહોતા કે જે

તે કંઈ ગમે તેટલું ખાઈ શકે અથવા ગ્લટન—ખાઉધરા નહોતા. પણ જ્યારે મિત્રોએ તેમને થોડી મજાક ખાતર, 'ઉડાવવા' ખાતર, વધારાનો દૂધપાક પી જવા આગ્રહ કર્યો, ત્યારે તેમના આશ્ચર્ય વચ્ચે શ્રીમોટાના શરીરને કોઈ તકલીફ થઈ નહિ. આ સમય તેમના સાધનાકાળનો હતો અને તેમાં તેઓ ઘણા આગળ વધી ગયા હતા.

૨૨. લેખન—પ્રકાશન

અનેક છંદોમાં તેમણે બહુ સહજપણે લખ્યું છે. અનુષ્ટુપ અને ગઝલ પરનો એમનો કાબૂ ગજબનો છે. રસ્તામાં જતાં જતાં પણ એ છંદમાં કાવ્ય લખી શકે છે. તેમણે ૧૯૭૦ના મે-જૂન માસમાં 'જિજ્ઞાસા' પર લખ્યું છે. તે પર લગાતાર ૨૦૦ શ્લોકો—ટૂંકો લખી છે. એ પણ કેટલાય માણસોની સાથે વાતચીતમાં પરોવાયેલા હોય ત્યારે ભાઈ રમેશભાઈ ભટ્ટને લખાવતા જાય અને મોટરગાડીમાં મુસાફરી કરતા હોય તોયે લખતા જાય. આ એમના જીવનની એક વિશિષ્ટતા છે, પણ શ્રીમોટા તો એને જોડકણાં જ કહે છે.

એમણે સેંકડો ભજનો-પ્રાર્થનાઓ સાધનાકાળ દરમ્યાન લખેલી—કેવળ ભાવનાના વિકાસ અર્થે, ગુરુની મદદ માટે તે દ્વારા પોકાર અર્થે. એમાંથી ઘણી નોટબુકો ચળવળ દરમ્યાન પોલીસ-જપ્તીઓમાં ઝડપાઈ ગયેલી ને એમાંની કેટલીક પ્રગટ થયેલી છે. જોકે એ કૃતિઓ એમણે પોતે પ્રસિદ્ધ નથી કરી. પોતાની કૃતિઓને પોતે પ્રકટ ન કરવી અને બીજાઓને તે જરૂરી અને યોગ્ય લાગે તો તે છપાવે એવી શ્રીમોટાની સમજણ છે. આશ્રમ પાસે પૈસા થયા હોવા છતાં આશ્રમને પૈસે એટલે કે સમાજને પૈસે, સમાજે જે હેતુ માટે નાણાં આપ્યાં છે, એમાંથી શ્રીમોટાએ એક પણ પુસ્તક છપાવ્યું નથી—અત્યાર સુધીનાં બધાં જ પુસ્તકો. બીજાને જ્યારે તેમ કરવું યોગ્ય લાગ્યું ત્યારે ત્યારે તેમણે તે ખર્ચ મેળવી આપવાનો પ્રયાસ કર્યો છે અને એમાંથી બધાં પુસ્તકો છપાયાં છે અને એ પુસ્તકોની આવેલી બધી જ રકમ અને એનું વ્યાજ પણ તેમના

અંગત ખર્ચમાં વાપર્યું નથી અને બધું જ સમાજને બેઠો કરવાની પ્રવૃત્તિમાં આપી દીધું છે. એ પુસ્તકો જે છપાયેલાં છે તેમાં એમનું પોતાનું નામ ક્યાંય આવ્યું નહોતું, જો કે એ નામ પ્રસિદ્ધ થતાં તેનો સંકોચ પણ નથી.

પહેલાં તો શ્રીમોટા છાપામાં કશુંયે પ્રસિદ્ધ કરવાની મનાઈ જ કરતા, પરંતુ વ્યવહારમાં એમને જ્યારે સમજાયું કે સમાજને માટે કામો લીધાં હોય તે અંગે જો કંઈ કશું છાપાંમાં આવે તો શ્રીમોટાને રકમ મળવામાં સરળતા થાય છે. ત્યારપછી છાપામાં છપાય તો તેમને વાંધો પણ નથી હોતો. પણ તેમાં અતિશયોક્તિ થઈ ન જાય તે પરત્વેની તેમની કાળજી એટલી ને એટલી આજે પણ છે.

આશ્રમો સ્થાપ્યા ખરા, આશ્રમની પ્રવૃત્તિઓ થઈ—બધું થયું પણ અત્યાર સુધી કંઈ કશે ઠેકાણે તેનો ઉલ્લેખ નહોતો થયો. શ્રીજયભિખ્ખુએ 'ગુજરાત સમાચાર'માં એક લેખ લખેલો. જ્યારે શ્રીજયભિખ્ખુ નડિયાદ આશ્રમમાં પધારેલા ત્યારે શ્રીમોટા હાજર નહોતા, પણ 'ગુજરાત સમાચાર'માં લેખ આવ્યો ત્યારે શ્રીમોટાએ જયભિખ્ખુને કાગળ લખ્યો કે, ''ભાઈ, તમે આ કર્યું તે બરાબર નથી. આથી કરીને ઘણા માણસો જાણશે ને આશ્રમમાં આવશે, પત્રવ્યવહાર કરશે એથી અમોને નકામી પંચાત પડશે. આશ્રમમાં આવીને લોકો જીવનના વિકાસ માટે જીવન જીવતા હોત તો આનંદ છે, પણ લોકોને તો નર્યા સ્વાર્થના જીવનમાં રચ્યાપચ્યા રહેવું છે અને પછી શ્રીભગવાનની વાતો કરવી છે, તે વદતો-વ્યાઘાત છે. એટલા માટે આ બરાબર નથી. એવા માણસો કુતૂહલ ખાતર આશ્રમમાં આવે એનો કશો અર્થ નથી.''

૨૩. માતા અને શિક્ષક

શ્રીમોટાના જીવનમાં એક પાસું બાળકોનો ઉછેર કરવાનું બાકી રહેલું તે તેમણે પૂરું કર્યું છે. કુંભકોણમ્‌માં મારા ભાઈ શ્રી હસમુખભાઈ મહેતાના દીકરા હરિને તેમણે જન્મથી જ જાતે જ ઉછેર્યો છે. માથે ફાળિયું બાંધે, ડિલ ખુલ્લું રાખે, પગમાં જોડા, એવા વેષે ફર્યા કરે—હાથમાં ને

ખભે બાળકને બેસાડીને લઈ એ બાળક હરિ જેમ કહે તેમ તે વર્તે! બધાંનાં દેખતાં 'ઘોડો' થવાનું કહે તો 'ઘોડો' થાય! શ્રીમોટા બધાંને સંબોધતા હોય ત્યારે એ હરિ કહે, ''**મોટા**, હવે ના બોલશો.'' ત્યારે તેઓ બોલવાનું બંધ કરે. એ હરિને બજાર વચ્ચે, એક નાનકડી બાબાગાડી હતી, તેમાં બેસાડીને તે બાબાગાડીને પોતે ખેંચી જાય. એ બાબાગાડી હાલ જેવી ફેશનેબલ લોકો વાપરે છે તેવી નહોતી. તદ્દન ગામઠી પ્રકારની હતી. એવી ગાડીને દોરડું બંધાવેલું તે ભરબજાર વચ્ચેથી ખેંચીને કુંભકોણમ્‌માં અમારી પેઢી છે ત્યાં લઈ જતા. અમારા ગુરુ તરીકેની તેમની પ્રતિષ્ઠા હતી તો પણ એમને આવી કોઈ બાબતનો કોઈ સંકોચ નહિ. બાળકનાં મળમૂત્ર પણ જાતે સાફ કરે અને નવડાવે પણ પોતે. સૂવડાવે પણ પોતાની સાથે તે એટલે સુધી કે નાનો બાળક પોતાની માતા સાથે રહેવાને ઇચ્છતો ન હતો. એ બાળક ચાર વર્ષ ને છ માસનો થયો ત્યાં સુધી એમણે પોતે તેને ઉછેર્યો અને બાળકમાં યોગ્ય ભાવ કેળવવા માટે પ્રેરવવાને માટે તેમણે પ્રત્યક્ષ આચરણ કરીને બતાવ્યું છે. ક્યારેક એ બાળકના દાદા (ગોપાલદાસ) એટલે કે મારા મામા ઘણીવાર શ્રીમોટાને કહેતા હતા કે, ''**મોટા**, તમે આ છોકરાને લાડ કરીને એનું જીવન બગાડી નાંખશો.'' પણ એ છોકરો આજે મોટો થયો છે. એનામાં જે ભાવના છે, એની ઉંમરના પ્રમાણમાં જે સમજણ છે, જે વિવેક છે એ આશ્ચર્યકારક છે! શ્રીમોટા ત્યારે પાન ખાતા. તે પાન પહેલાં બાળકને પણ ખવડાવે. ત્યારે મારા મામા ક્યારેક કહે, ''**મોટા**, આને વળી ક્યાં લપ વળગાડો છો?'' પણ આજે એ છોકરો પાન ખાતો નથી.

એક પ્રસંગ યાદ આવે છે કે અમદાવાદમાં પ્રખ્યાત જ્યોતિષાચાર્ય શ્રી ગિરિજાશંકર જોશીને પણ અવગણીને બાળકોને ફરવા લઈ જવાના વચનનું તેમણે પાલન કર્યું હતું. બાળકોને પાસે બેસાડીને જમવા માટે મોખરાનું સ્થાન દેવું, તેમની નિર્દોષ અભિલાષાઓને પોષવી, તેમને ઉત્તેજન દેવું વગેરે શ્રીમોટાએ જ્યાં જ્યાં સંસર્ગમાં આવ્યા તેમના જીવનમાં તે તે રીતે વર્ત્યા છે.

શિક્ષક હતા ત્યારે કોઈક વેળા બાળકને શિક્ષા કરવાની બની જાય ત્યારે તેનાથી બમણી શિક્ષા પોતે પોતાના શરીર પર કરતા અને તેમના

બરડા પર એવા સોળ પડેલા પણ જોયેલા છે. બાળકોને તેથી શ્રીમોટા પ્રત્યે ઘણી સહાનુભૂતિ થતી, અને જે હેતુને માટે તે શિક્ષા સહન કરતા અને વિદ્યાર્થીને પણ શિક્ષા થતી એનો હેતુ સરતો શ્રીમોટાએ ઘણી વાર અનુભવેલો છે.

બાળકોની કેળવણી વિશેની સભાનતાયુક્ત યોગ્ય સમજણ તેમને છે. પ્રવાસ કરાવવો અને એક બાળકને જન્મથી માંડીને ઉછેરવું અને બાળક સમજણની સ્થિતિમાં આવી શકે ત્યાં સુધી એને કેવી રીતે ઉછેરવું એ બધી કળા પણ અમે શ્રીમોટામાં જોઈ છે. પ્રસૂતિ કરાવવાનો અનુભવ ન હોવા છતાં સફળતાપૂર્વક તે કામ પણ તેમણે પાર પાડ્યું છે.

બાળકો અમુક ઉંમરનાં હોય ત્યાં સુધી તેમની માંગણીઓ પ્રેમથી પૂરી પાડવી, એ બાળકના જીવનમાં અમુક પ્રકારનો વિકાસ થવા માટે જરૂરની હકીકત છે એમ શ્રીમોટા માને છે અને તે પ્રમાણે વર્ત્યા છે ને બીજાને કહે છે પણ ખરા. બાળકોને નીડર બનાવવા જુદા જુદા ઉપાયો અને રીતો તેમણે અજમાવ્યા કરી છે. ખાલી મોઢાનો ઉપદેશ તેઓ આપતા નથી. પોતે જેમ વર્ત્યા હોય છે એ રીતે અને એ જ જાતની સમજણથી બીજાને કહેતા હોય છે.

૨૪. શૌર્ય સીંચતા શિક્ષક

નવસારી હરિજન આશ્રમમાં તેઓશ્રી હતા, ત્યારની એક વાત છે. ત્યારે પાસે દૂધિયું તળાવ હતું. એ તળાવ ચોમાસામાં સંપૂર્ણ ભરાઈ જાય ત્યારે તેના પર સહેલગાહ કરવા માટે વગર પૈસે શ્રીમોટાએ તરાપો બનાવરાવ્યો. તરાપાની અંદર બેસવાની બહુ સુંદર સગવડ પણ કરાવેલી. એની અંદર પાણી ભરાઈ ન જાય એવી કરામત કરાવેલી અને વારાફરતી બધા છોકરાઓને બેસાડીને આખા દૂધિયા તળાવની આસપાસ ફરતા અને સહેલગાહની મજા અનુભવતા. શ્રીમોટાએ એમને કહેલું કે, ''જો ભાઈ, હું ના હોઉં ત્યારે આ તરાપો લઈને તમારે કોઈએ તળાવે જવું નહિ.'' પણ આ તો છોકરાઓ છે. શ્રીમોટા એકવાર બેન્કમાં રૂપિયા

લેવા ગયેલા, ત્યારે વિદ્યાર્થીઓ તળાવમાં તરાપો લઈને પડેલા. એટલામાં શ્રીમોટા સાઇકલ પર રૂપિયા લઈને આવે ને દૂરથી તેમણે તરાપાને ડૂબતો જોયો. બધા છોકરાઓ પાણીમાં પડેલા જોવામાં આવ્યાં. શ્રીમોટા તો ભગવાનને પ્રાર્થના કરતા ત્યાં આવી ચડ્યા, સાઇકલને ફેંકીને ગજવામાં રૂપિયા હતા, તે સાથે જ તેમણે પાણીમાં ભૂસકો માર્યો. જે પાંચ-સાત વિદ્યાર્થીઓને તરતાં આવડતું હતું તેમને કહ્યું કે તમે તળાવમાં પડો ને જે છોકરા હાથમાં આવે તેમને પકડી પકડીને બહાર ફેંકો. ભલે તેના હાથ-પગ ભાંગે, પણ તેમને ડૂબકી મારી-મારીને બહાર કાઢો ને ફેંકો. એવા પાંચ-સાત છોકરાઓને ખેંચીને બહાર ફેંક્યા અને બધા છોકરા ડૂબતા હતા, ત્યારે શ્રીમોટા બધો વખત પ્રાર્થનાભાવમાં હતા ને ભગવાનને પોકાર પાડતા હતા, અને ભગવાનની કૃપાનો પહેલાવહેલો અનુભવ તેમને આ પ્રસંગે થયો. કેટલા નાના નાના છોકરાઓ હતા ને કેટલાને તરતાં આવડતું નહોતું. ત્યાં આગળ વાંસપૂર પાણી હતું અને એકાદ છોકરો પણ તેમાં ડૂબી ગયો હોત તો શ્રીમોટાની આકરી વલે થાત. ને આ જગતમાં તો ફાવ્યો તે ડાહ્યો અને જો કંઈક આડુંઅવળું થયું હોત તો ઠક્કરબાપાથી માંડીને તે સ્વ. પરીક્ષિતલાલ સુધીના બધા જ શ્રીમોટાની આ પ્રવૃત્તિ ઉપર, આ ગાંડપણ ઉપર કૂદી જ પડ્યા હોત, પણ શ્રીભગવાને તેમના પર કૃપા કરી. મતલબ કે વિદ્યાર્થીઓમાં પણ આવા સાહસ અને ગુણ પ્રકટે એટલા માટે તેઓ મથતા.

મારા પોતાના જ દીકરાનો અનુભવ છે કે સિદ્ધાર્થ જ્યારે સાત વર્ષની ઉપરનો હશે, ત્યારે તેને ઘોડેસ્વારી શીખવાડેલી. એ એક વાર ઘોડા પરથી પડી પણ ગયેલો તોપણ તેને ઘોડેસ્વારી શીખવવાનું ચાલુ રખાવેલું અને હજી સાત વરસ ભાગ્યે જ પૂરાં થયાં હશે, ત્યારે તેને સાઇકલ શીખવવાનું કરેલું. એટલું જ નહિ પણ આઠમે વર્ષે એને અમદાવાદમાં ત્રણ માઈલ દૂર શાળાએ સાઇકલ ઉપર જ મોકલવાનું નક્કી થયેલું. એકવાર તો એવી સાઇકલને બસ સાથે ટકરાવાનું થયેલું, છતાં શ્રીમોટાએ તેને ઉત્સાહ દીધા જ કર્યો અને તે તેર વર્ષનો થયો ત્યારે તેને, મારા ભાઈના દીકરાને અને અમારા આશ્રમના હરિજન વિદ્યાર્થી

એ ત્રણેને (૧૩, ૧૫ અને ૧૬ વર્ષની વયના છોકરાઓને) ૧૪૦૦ માઈલની મુસાફરી કરવા માટે તેમણે પ્રેર્યા. આવી રીતે તે સાહસ, હિંમત, ધીરજ, સહનશક્તિ વગેરે ગુણો કેળવવા માટે હંમેશાં મથ્યા કરે છે. એટલું જ નહિ પણ અંધારી રાત્રે નાનાં બાળકોને અને બહેનોને પાણી ભરવા મોકલતા.

કેરાપટ્ટીમાં (ટ્રિચીથી દૂર) અમે બધાં રહેતાં હતાં ત્યારે કેરાપટ્ટીના મેદાનમાં ગોરું લશ્કર પડેલું. બીજા વિશ્વવિગ્રહની હકીકત છે. તે વખતે રાત્રે મારાં પત્ની કાન્તાને શ્રીમોટાએ કહ્યું કે, ''કાન્તાબેન, મેદાનની આગળ નળ છે. ત્યાં આગળથી પાણી ભરી લાવ, મેદાન ક્રોસ કરીને.'' કાન્તાય તૈયાર થઈ ગઈ. પછી તેઓશ્રી મને કહે છે કે ભગવાનની કૃપાથી વાંધો તો નહિ આવે, પણ આગળ ત્યાં ગોરું લશ્કર પડેલું છે, એટલે તમે કાન્તાની પાછળ પાછળ જાવ, એને ખબર પડે નહિ એવી રીતે. ત્યાંથી તે પાણી ભરીને લાવે ત્યાં સુધી સંતાઈ રહેજો. પાછી આવે ત્યારે એની પાછળ પાછળ આવવું. કાન્તા પાણીનો લોટો ભરીને કેરાપટ્ટી આવી ત્યાં સુધી હું એની પાછળ આવું છું એની ખબર એને નહોતી પડી. એવી રીતે શ્રીમોટાએ અનેકના જીવનમાં સાહસ અને હિંમતના ગુણ કેળવ્યા છે, કેળવવા મથ્યા છે.

તેનસિંગે હિમાલયના ગૌરીશંકરનું શિખર સર કર્યું ત્યારે તેને પણ અમુક રકમ ભેટ આપીને તેની કદર કરી છે. મિહિર સેન સાત સમુદ્ર તરી ગયા. તેમને તારથી પૈસા મોકલ્યાં છે. સાઇકલોના પ્રયોગવીરોને પણ તેમણે પારિતોષિકો આપ્યાં છે.

બીજો એક એવો પ્રસંગ છે જે અમે જાણતા ન હતા. તે કોઈને એમણે કહેલો પણ નહિ, પણ એકાદ વાર આ હકીકત કહેલી કેમકે તેમણે શ્રીમોટાને પૂછેલું કે, ''**મોટા**, તમે કોઈ રાની પશુઓની સાથે રહેલા ખરા?'' ત્યારે એમણે કહ્યું કે મારા એક એમ. એ. થયેલા મિત્ર વજુભાઈ જાની કરીને હતા અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાના અધિકારી હતા. એમની સાથે અમે એક વાર ગિરનાર ગયેલા. સિંહની સાથે સાત દિવસ સુધી રહેલા. મેં વજુને કહ્યું કે તારે ગમે તે થાય પણ કોઈને આ

વાત કરવી નહિ ને હું પણ કોઈને આ વાત કહેવાનો નથી. તે વખતે ભાઈ વજુએ મને કહ્યું કે, ''**મોટા**, મને અભય થઈ ગયો છે.'' ત્યારે મેં કહ્યું કે, ''ભાઈ, અભય એમ થવો સહેલો નથી. ગિરનારના જંગલમાં જઈને સિંહ હશે, ત્યાં જઈશું ને એમની સાથે રહીશું.'' આમ અમે સિંહ સાથે રહેવા ગયા. શ્રીમોટા સાત દિવસ ત્યાં ગિરના જંગલમાં સિંહની વચ્ચે રહ્યા.

નડિયાદના હરિઃૐ આશ્રમે કેટલીયે બહેનો આવે ત્યારે તેમને તેઓશ્રી ઘણીવાર મોડી રાત્રે એકલી સ્ટેશનથી આશ્રમ સુધી ચાલીને આવવાનું કહે. હાથમાં બેટરી ને લાકડી સાથે રાખવા દે. નદીએથી રાત્રે બે વાગ્યે તેમને પાણી ભરી લાવવાનું કહે. આશ્રમની પ્રદક્ષિણા કરવા કહે. આ આશ્રમમાં એક વડલો છે. જેમાં બબ્બે સાપ પણ ઘણી વાર ફરતા જોયા છે. એવે ઠેકાણે સૂવાને માટે વડલા ઉપર માંચડો તૈયાર કરાવ્યો છે. એવા માંચડા પર સાધકોને મૌન લેવરાવે. દિવસ ને રાત જેટલા દિવસનું મૌન હોય તેટલા દિવસ માંચડા ઉપર રહેવાનું. સ્નાન, શૌચ, પેશાબ અને ભોજન માટે નીચે ઊતરવાનું. આથી બીક જાય અને કેટલીય બહેનોના જીવનમાં આવા બધા ગુણો કેળવાય.

૨૫. જ્યાં ત્યાં અભય

હિમાલયમાં શ્રીમોટા મારા કુટુંબ તથા મારી બાને જાત્રા કરવાને લઈ ગયેલા. ત્યારે તેમણે એમ નહિ વિચાર્યું કે આ ઘરડાં મા છે, જુવાન પત્ની છે, નાનો છોકરો છે પણ વિકટમાં વિકટ માર્ગે એમને લઈ ગયેલા. જ્યાં નર્યો બરફ; એટલું જ નહિ પણ મારા ૬૦ વર્ષથી ઉપરની ઉંમરનાં બા. એમને હિમપ્રદેશમાં ઊંચકીને લઈ જવા માટે માણસો સાથે આવેલા એમને શ્રીમોટાએ ગુસ્સે થઈને, ગાળો ભાંડીને ભગાડી મૂકેલા! ત્યારે અમારા મનમાં થયેલું પણ ખરું કે, ''શ્રીમોટા આ શું કરે છે? ગુસ્સે થઈને માણસોને કાઢી મૂકે છે?'' પણ તેમના હેતુની અમને સમજણ નહિ, પણ તે પ્રદેશ જ્યારે આવ્યો, ત્યારે પેલી ડોળીવાળા માણસ કહે, ''બાને આ

ડોળીમાં તો નહિ લઈ જઈ શકાય. કંડીમાં લઈ જવાશે.'' કંડીવાળાને તો તેમણે કાઢી મૂક્યા હતા એટલે હવે તો બાએ ચાલવું જ પડે. બાને ચલાવવાં હતાં એ શ્રીમોટાનો હેતુ હતો. પારકાની ખાંધ પર બેસી બેસીને જાત્રા કરવાથી જાત્રા ફળે નહિ. પગે થોડુંઘણું તો ચાલવું જ જોઈએ જ ને બાને તેમણે બેળેબેળે પણ ચલાવેલાં અને એટલું જ નહિ પણ એ એટલો બધો વિકટ માર્ગ હતો ને લપસણો હતો. નર્યો બરફ કે ચડાય જ નહિ. પવાલી એ માર્ગનું નામ. કાન્તા (મારી પત્ની) તો એક વાર ગબડી પડેલી ને વચ્ચે જો ઝાડ ન આવ્યું હોત તો તે છેક નીચે પડી હોત. એનું શરીર હાથ ન આવ્યું હોત, પણ શ્રીભગવાનની કૃપા કહો કે વચ્ચે ઝાડ આવવાથી કાન્તા બચી ગઈ. માણસ એને પકડીને લઈ આવ્યો, પણ એ પછી એને ચાલવાની બિલકુલ હિંમત ન રહી, પણ શ્રીમોટાએ એને પોતાની સાથે ચલાવવા માંડ્યું. આમ તે આવા વિકટ માર્ગે લઈ ગયા હતા. શ્રીમોટામાં અભયના આવા ગુણો પહેલેથી પ્રકટેલા હતા.

બિલોદરા ગામમાં (નડિયાદ પાસે) જ્યાં શ્રીમોટાએ આશ્રમ કરેલ છે, તે આશ્રમ પહેલાં કબીર આશ્રમ હતો અને એ બિલોદરા ગામના માણસો એવા હતા કે પેલા સાધુઓને થોડા થોડા દિવસે આવીને મારઝૂડ કરે, તેમનાં કપડાં લઈ જાય, વાસણ-કૂસણ, અનાજ બધું જ લઈ જાય અને એમના પૈસા દાટેલા હશે એમ ધારીને તે લોકો એમને મારે, કૂવામાં પણ લટકાવે. એટલે પેલા સાધુઓ ત્રાસ્યા ને આશ્રમ મૂકીને ચાલ્યા ગયેલા. આશ્રમ માટીનો બનાવેલો હતો.

આ હકીકત શ્રીમોટાએ જાણેલી ને ત્યાં વસતા લોકો આ પ્રકારના છે છતાં શ્રીમોટાએ ત્યાં આગળ આશ્રમ કર્યો અને પોતે છ મહિના ત્યાં આગળ હર્યાફર્યા છે. તેઓ રાત્રે આશ્રમની પ્રદક્ષિણા કરતા, ભગવાનનું નામ લેતા. લાઠી લઈને ફરતા અને બિલકુલ ડરતા નહીં. આશ્રમની શરૂઆત થઈ ત્યારે શ્રીમોટા ત્યાં નહોતા, કુંભકોણમ્ ખાતે હતા. આ આશ્રમને મોટો કરવામાં શ્રી કુબેરદાસ ભાવસાર મુખ્ય હતા. આ કુબેરદાસ ભાવસારે મહિને રૂપિયા ચાલીસનો પગાર આપીને એક ચોકિયાત રાખેલો. જ્યારે શ્રીમોટાએ આ જાણ્યું ત્યારે એમને લાગ્યું કે

આ તો અમારા અસ્તિત્વનું છેદન કરી નાંખે એવી હકીકત છે. શ્રીભગવાનનો આશ્રમ ને એ આશ્રમ સાચવવા ચોકિયાત રાખીએ તે તો ભાવનાનું ખંડન છે. એ રાખી શકાય જ નહિ. શ્રી કુબેરદાસ તો માને જ નહિ. બેળેબેળે સમજાવી સમજાવીને ચોકિયાતને કાઢવાનું શ્રીમોટાએ ઠરાવેલું પણ એ કહે કે, ''આ જ ચોકિયાત તમને હેરાન કરશે, પજવશે ને ચોરી કરશે.'' પણ શ્રીભગવાનની કૃપાથી એમ બન્યું નહિ. પેલા માણસે શ્રીમોટાને બિલકુલ હેરાન કર્યા નહિ. ગામના લોકોએ પણ એવું હેરાન કરવાનું છોડી દીધું અને આજે તો એટલો બધો સારો સંબંધ છે કે, પહેલાં તો કોઈ પણ ચીજવસ્તુ આશ્રમમાં બહાર રાખી શકાતી નહિ, તાળાંકૂંચીમાં રાખવું પડે, પણ આજે બધું બહાર રહે છે તોયે કશું કંઈ જતું નથી. તો એવા કામ અંગે પણ શ્રીમોટાએ હિંમત રાખીને જે અભય બતાવ્યો છે તે વિશિષ્ટતા છે.

બીજાના અસામાજિક દોષનો ટોપલો પોતાના પ્રતિષ્ઠિત જીવનનો અંત આણીને પોતાને માથે વહોરી લઈને આત્મવિલોપન કરવાની તૈયારી દર્શાવવાનો પ્રસંગ તેમના જીવનમાં બનેલો જોયો છે, જે કામ બહુ ઓછા જણ કરી શકશે. પોતાને માથે તેવું કલંક સંપૂર્ણપણે પ્રેમથી વહોરી લેવું ને તેવી કલંકિત દશામાં જીવવું તે નાનીસૂની વાત નથી. એ તો અભય કેળવાયો હોય તો જ બની શકે અને એની પાછળનો હેતુ હરિજન સેવક સંઘ જેવી સામાજિક સંસ્થામાં શુદ્ધિ જાળવવાનો હતો, એવી એમની ભાવનાની સમજણ.

૨૬. પુરોહિત

તેમના પ્રશંસક મંડળનો વિસ્તાર થતાં ઘણા લોકો તેમને લગ્ન, ખાતમુહૂર્ત, વાસ્તુ, જનોઈ વગેરે ધાર્મિક પ્રસંગો માટે તેમની ઉપસ્થિતિને-તેમના પુરોહિતપદને પસંદ કરવા લાગ્યા છે. કેટલાંક તેમના આશ્રમમાં લગ્ન માટે પણ આવવાં લાગ્યાં. એક વાર બે જણાંએ શ્રીમોટાના શુભહસ્તે તેમનું લગ્ન કરાવી આપવા વિનંતી કરી, ત્યારે તેમણે તે કરવાની સંમતિ

દર્શાવી ને લગ્ન કરાવી પણ આપ્યું. બહુ સાદાઈથી, ઓછા ખર્ચે અને પ્રસંગની ગંભીરતા, પવિત્રતા જળાઈ રહે એ રીતે તેમણે વિધિ અપનાવી. જાનૈયાંઓ ને અન્ય તે પ્રસંગે હાજર રહેનારાં બધાં આ પ્રસંગમાં સક્રિય ભાગ લે છે, તેનું મહત્ત્વ સમજે ને પ્રસંગને છાજે તેવી રીતે ત્યારે વર્તે એટલા સારુ શ્રીમોટાએ ગુજરાતીમાં સપ્તપદી રચી. ખાતમુહૂર્ત, વાસ્તુ ને જનોઈ ગુજરાતીમાં રચ્યાં છે.* જે પ્રસંગે હાજર રહેનાર દરેક વ્યક્તિને વિધિ વગેરેનાં છાપેલાં સ્તોત્રો ને પ્રાર્થનાઓની નકલો વહેંચવામાં આવે. શ્રીમોટા પોતે વિધિ કરતાં કરતાં તે બોલે ને પછી બધાંની પાસે તે બોલાવે, ગવરાવે. આમ સમૂહ તેમાં ભાગ લે તેથી પ્રસંગની ગંભીરતા જળવાઈ રહેતી લાગે. બાકી ચાલુ રિવાજ મુજબ એક બાજુ ગોર મહારાજ લગ્ન કરાવતા હોય તો બીજી બાજુ ઉપસ્થિત માણસો કાં તો બીડી-સિગરેટ પીતા હોય કે અર્થહીન વાતોમાં મશગૂલ રહેતા હોય એ રોજનાં દૃશ્યો હોય છે. શ્રીમોટા તેનાથી વિરુદ્ધ દૃશ્ય ઉપજાવવા હંમેશાં પ્રયાસ કરતા હોય છે એ એમની વિશિષ્ટતા.

પહેલીવાર એક લગ્ન તેમણે તેમના સુરતના આશ્રમે કરાવી આપેલું ત્યારે તેમાં સપ્તપદી નહોતી. પછી કોઈ અમલદારે તેમનું ધ્યાન દોરીને કહ્યું કે, ''ઉચ્ચતમ કોર્ટના કાયદા મુજબ કાયદેસર લગ્ન માટે ત્રણ વસ્તુની જરૂર હોય છે : (૧) અગ્નિ (૨) સપ્તપદી અને (૩) ગોર. એટલે શ્રીમોટાએ સપ્તપદી ગુજરાતીમાં રચી તેવી જ રીતે જનોઈના પ્રસંગનું પણ સુંદર સ્તોત્ર રચ્યું છે.

શ્રીમોટાના પુરોહિતપદને કે તેમની ઉપસ્થિતિને પસંદ કરવા પાછળ ઘણા લોકોની બીજી એક ગણતરી હોય છે. શ્રીમોટા જેવા મુક્તના હાથે લગ્ન થાય, વાસ્તુ થાય કે બીજો કોઈપણ શુભપ્રસંગ પૂર્ણ થાય તો પોતાનું લગ્નજીવન કે નવા ઘરમાં વાસ સુખમય થશે, ઘરમાં 'પગલાં' પાડશે તો લાભદાયી થશે, દુકાનનું ઉદ્‌ઘાટન તેમના શુભહસ્તે થાય તો વેપાર-રોજગાર ધમધોકાર ચાલશે—એવી એવી ગણતરીઓ તે તે માણસોની વ્યક્ત નહિ તો અવ્યક્ત પણ હોય છે. શ્રીમોટાને એની ખબર છે અને

*આ ગ્રંથમાં અન્યત્ર આ વિધિવિધાન પ્રકટ કરવામાં આવ્યાં છે.

તેઓશ્રી તે સબંધે કહેતા પણ હોય છે કે, ''મારા હાથે લગ્ન કરાવવાથી કે બીજું કાંઈ પણ કામ કરાવવાથી બધું સીધું પાંસરું નીવડશે એની ગેરન્ટી આપતો નથી. મારા હાથે લગ્ન થવા છતાં કોઈનાં લગ્નજીવન નિષ્ફળ પણ ગયાં છે.'' આમ છતાં તેમનું એવું પણ કહેવું છે કે, ''જેઓ આવા ચેતનામાં નિષ્ઠા પામેલાંઓમાં હળી, મળી, ભળી, ગળી ગયાં હોય છે અથવા જેમણે એવા મહાત્માઓની દીર્ઘકાળપર્યંત સાચી સેવા કરી છે, તેમના જીવનમાં આવા મુક્તાત્મા સાચા આશીર્વાદરૂપ ફળતા હોય છે.''

અને શ્રીમોટા વિશેષમાં કહે છે કે, ''આમ છતાં જેઓ મને બોલાવશે તેમને ત્યાં આવાં કામ પ્રસંગે જરૂર હું ખચકાયા વિના જઈશ, કેમકે ત્યાં જવાથી મને પૈસા પણ મળે છે ને મારે પૈસાની ખૂબ જરૂર છે—મારી સમાજોપયોગી યોજનાઓ માટે અને ક્યાંય પણ ભેટ લીધા વિના કોઈનું આમંત્રણ સ્વીકારતો નથી. એ મારું વ્રત છે.''

૨૭. વૃક્ષપ્રેમી

શ્રીમોટાનો વૃક્ષો ઉપરનો પ્રેમ પણ એટલો જ જાણીતો છે. જુવાનીમાં જ્યારે તેઓ નડિયાદમાં હતા ત્યારે એમણે જાતે મહેનત કરીને વૃક્ષો વાવીને પાણી પાઈને તે ઉછેર્યાં છે. હરિજન સેવક સંઘમાં હતા ને જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં તેમણે વૃક્ષો ઉછેરેલાં છે. સાબરમતી આશ્રમમાં તેમણે એક પીપળો વાવેલો અને ઉછેરેલો અને પછી અમને તેને પાણી પાવાનું કહેલું. તે પીપળો હજી પણ ત્યાં ઊગેલો હયાત છે, હરિજન આશ્રમની સામે. એ પીપળો, ત્યાં સડક થઈ ત્યારે જતો ન રહે, એનું નિકંદન ના નીકળે તે માટે એટલી બધી કાળજી તેમણે સેવેલી તે અમારી જાણની હકીકત છે. ૧૯૩૮માં એ ત્યાં વાવેલો અને ૧૯૩૯-૪૦માં મેં એને જાતે પાણી પાયેલું છે.

ખેડા જિલ્લામાં ફળાઉ વૃક્ષોનું વાવેતર કરવાને માટે ખેડા જિલ્લા પંચાયતને ત્રણેક હજારનું ટ્રસ્ટ કરીને તે રકમ સોંપી છે.

આશ્રમનાં વૃક્ષોને બનતાં સુધી કદી ન કાપવાં દે. તેથી જો ખાસ મુશ્કેલી પડતી હોય તો તે સહી લેવી ને વૃક્ષોને કાપવાં નહિ એવી એમની ખાસિયત છે ને હુકમ પણ ખરો.

વૃક્ષો આશ્રમમાં ઘણાં હોય તો પણ ઇંચે ઇંચ જગ્યાનો ઉપયોગ કરવો એવી એમની ખાસિયત છે અને એમાં ઘણા લોકો સંમત ન પણ થાય, તોયે શ્રીમોટા કહે છે કે જગ્યાનો ઇંચે ઇંચનો ઉપયોગ કરવો જોઈએ.

ગુજરાતમાં જૂનામાં જૂનું ને મોટામાં મોટું કબીરવડનું વૃક્ષ છે. તે ભાવનાનું પ્રતીક સ્થળ છે ને આપણા દેશમાં કબીરસાહેબ પધારેલા તે ઐતિહાસિક હકીકત છે. એ ઝાડની મરામત કરવાને, પુનરુદ્ધાર કરવાને શ્રીમોટાએ મહેનત કરી છે. ભરુચ જિલ્લા પંચાયતને તે વાસ્તે તેમણે રૂા. ૨૫૦૦/-ની રકમ પણ સોંપી છે. એની વડવાઈઓને જમીનમાં ઉતારી દેવાથી એ વડ વધારે વર્ષ જીવે, એટલું જ નહિ પણ ગુજરાત રાજયના એક ઉચ્ચ કક્ષાના અમલદાર પાસે તે માટેની સમજણ પ્રકટાવીને તે માટે વિશેષ રકમ મેળવી રૂપિયા પાંચ હજારની બીજી રકમ ભરુચ જિલ્લા પંચાયત મંડળને સુપ્રત કરાવી છે.

નડિયાદ આશ્રમ તેમણે કરેલો ત્યારે ત્યાં જે વડ હતો તેની વડવાઈઓને પણ પહેલેથી જ જસતનાં દસ ભૂંગળાં કરાવીને કેટલી બધી વડવાઈઓ જમીનમાં ઊતરાવી દીધી છે.

તેમણે બીજાઓને પણ વૃક્ષો ઉગાડવાને પ્રેર્યા છે. કુદરતની સાથે એમને ઘણી મહોબત છે. સાધનાકાળમાં પણ દરેક વરસે એક મહિનો રજા લઈને તેઓ ગાઢ જંગલમાં જળાશય પાસે હોય તેવી જગ્યાએ બેસી જતા.

કુંભકોણમ્ આશ્રમમાં પણ શરૂઆતમાં તેમણે જ પાંચ-સાત આંબા વાવ્યા હતા ને પાણી સીંચ્યાં કર્યું હતું. એ પછી તેમણે લગભગ પચાસ-સાઠ આંબા રોપાવ્યા છે. એનું લાલનપાલન તો બીજાઓએ કર્યું છે. સુરત આશ્રમમાં પણ એવા આંબા ને બીજાં ફળાઉ વૃક્ષો રોપાવ્યાં છે. મહેનત કરી છે—ભીખુકાકાએ અને ઝીણાકાકાએ. સૌથી વધારે કુદરતી સૌંદર્યવાળો આશ્રમ હોય તો તે કુંભકોણમ્નો આશ્રમ છે. નડિયાદ આશ્રમે બીજાં વૃક્ષો થતાં ન હતાં છતાં ત્યાં પણ તેમણે આંબા રોપાવ્યા છે.

૨૮. નાનાંની પણ કદર

ડૉ. મંગળદાસ નામે એક ડૉકટર હતા. તે મંગળદાસભાઈ બધાને માટે વિનોદનું સાધન જાણે કેમ ન હોય તેવી રીતે તેમના પરત્વે બધાંની વર્તણૂક હતી. પણ તેવા મંગળદાસને માટે પણ શ્રીમોટાએ તે કાળમાં એટલે કે ઘણે ભાગે ૧૯૪૪ની સાલમાં એક થેલી ઉઘરાવવાનું નક્કી કરેલું ને સરદાર વલ્લભભાઈ પટેલના એકસો, માવલંકરદાદાના પણ એકસો ને એવા કેટલાયે નામાંકિત માણસો પાસેથી પણ શ્રી હેમંતભાઈ દ્વારા રકમો એકઠી કરાવેલી ને ત્રણ હજાર ઉપરાંતનો ફાળો મંગળદાસભાઈ માટે ભેગો કરાવેલો.

શ્રીમોટાનો ઘરના નોકરો સાથેનો વર્તાવ અને ચાહ, તેમની આ જાતની ખાસિયત ખાસ લક્ષમાં લેવા જેવી છે. નોકર સાથે સંપૂર્ણ ભાઈચારાની લાગણી છે. એક્કી સાથે બધાએ એક જ પંગતમાં ભોજન લેવું, જેથી કરીને તેમની સાથેની આપણા દિલની એકતાનો કંઈક ખ્યાલ તેમનામાં જાગે તો જાગે. પણ સહુથી વિશેષ તો આપણને પોતાને જ એ આપણું અંગ છે, એવી જીવતી જાગતી સમજણ થાય એ આપણા પોતાને માટે ઉત્તમ છે.

તંદુરસ્ત ને સશક્ત સેવકો એક મિનિટ પણ નવરા પડીને નકામી રીતે સમય ન ગાળે અને બપોરે સૂઈ ન રહે એવો તેમનો નિયમ છે. એટલે નોકર-વર્ગ નિયમ તરીકે બપોરે સૂઈ રહેતો નથી. બપોરે સૂઈ રહેવાથી તમસ્ જામે એટલે આવા નિયમનું પાલન થાય છે. મૌનમંદિરમાં પણ સાધકોને બપોરે કદી સૂઈ નહિ જવાની ખાસ સલાહ આપવામાં આવે છે. નહિ તો ભાવ બદલાઈ જાય, આળસ પેદા થાય ને અંદર રહેવું ગમે નહિ.

નોકર-વર્ગ પ્રત્યે તેમને એટલી બધી હમદર્દી ને માનવતાભર્યું વર્તન હોય છે કે તે જોઈને આપણને ખૂબ આનંદ થાય. કોઈ ભક્તને ત્યાં એમને ત્રણ-ચાર દિવસ સુધી રહેવાનું થાય તો ત્યાંના નોકર-વર્ગને તથા લીફટમેનને અચૂક કંઈક ને કંઈક બક્ષિસ આપતા જાય. કોઈ ભક્તને

ત્યાં ભોજન માટે જવાનું હોય તો એમની સાથેના મોટર ડ્રાઈવરને બધાંની હરોળમાં જ ભોજન માટે બેસાડવાનો હોય. એમનાં દર્શને આવનાર ભક્તવૃંદ ઉપરાંત કોઈ હરિજન ઘરના ઓરડાની બહાર દરવાજા આગળથી તેમને પ્રણામ કરે તો તેને અંદર બોલાવવામાં આવે અને પ્રસાદ અપાવે. આવું તેમનું કરુણાસભર વલણ હોય છે.

૨૯. ભાવોદ્રેક

શ્રીમોટા કોઈને જોતાં ગળગળા થઈ જાય, આંખમાં આંસુ આવી જાય ને કંપતા હાથે વિદાય લેતા જોયેલા છે. ભાઈ રતિલાલ મહેતાએ આ અંગે સમજ આપવા તેમને વિનંતી કરી. તેના જવાબમાં તેમણે આમ સમજાવેલું.

''એક તો આપણા માટે ભાવ છે, પ્રેમ છે, લાગણી છે. એ સામા માણસને જ્યારે ખરેખરી સમજણ પડે ત્યારે સામાને આપણા માટે કંઈક ને કંઈક દિલમાં થયા વિના રહે જ નહિ ને એના દિલમાં ભાવ પેદા કરવા માટે એ કંઈ નાટકીઆ ખેલ છે નહિ, તે નાટકીવેડા નથી. એથી કાંઈ ભાવ આવી શકે નહીં. નાટકીવેડાથી આંસુ આવી શકે છે, પણ જો નાટકીચાલથી જ આંસુ આવતાં હોય તો તે મિથ્યાચાર ગણાય અને એ મિથ્યાચાર જીવનમાં વર્તાયા વિના તો કેમ રહી શકે?''

''જો એક ઠેકાણે એવો નકલી ભાવ હોય તો જીવનના બીજા પ્રસંગોમાં પણ એ નકલી ભાવનું વ્યક્ત થવાપણું રહી શકે નહિ. એટલે આ રીતે પણ આ પ્રસંગોએ વિચારી જોતાં એમ લાગે છે કે શ્રીમોટા સહજપણે બીજાના દિલમાં, સામાના દિલમાં ભાવ પેદા થાય અને એ ભાવ, એનું મૂલ્ય તો ચિરંજીવી છે અને એ ભાવનું ચિરંજીવી મૂલ્ય જો સામાના દિલમાં શ્રીભગવાનની કૃપાથી જાગી શક્યું તો સામાના દિલનો સંબંધ એ પણ ચિરંજીવી રહી શકે. ભાવ ન હોય તો સંબંધનો કશો અર્થ નથી. સંબંધ જીવતો-જાગતો બને છે એ ભાવને કારણે. સંબંધનો ઉપયોગ ભાવ જગાડવાને, ભાવ કેળવવાને, ભાવને તેજસ્વિત કરવાને અને

ભાવમાં ચેતન પ્રકટાવવા માટે છે. આવો ભાવ સામાના દિલમાં જાગે તો એ ભાવ દ્વારા આવા અનુભવી પુરુષો તેના દિલમાં પેસી શકે છે. પ્રવેશ કરવા માટે ભાવ એ મોટામાં મોટું સાધન છે. પણ એ બુદ્ધિથી સમજાય ત્યારે ખરું. પણ જ્યારે મને સવાલ પૂછવામાં આવ્યો, ત્યારે બુદ્ધિ સ્વીકારી શકે તેમ કહ્યું.''

૩૦. સેવાચાકરી

શ્રીમોટા સ્વભાવે સેવાભાવી ને અહેતુકી સેવા કરનારા છે. એવા કેટલાક પ્રસંગો તેઓ 'મોટા' થયા પહેલાં ને તે પછીથી જાણવા મળે છે. સ્વ. સાક્ષરશ્રી રમણલાલ વસંતલાલ દેસાઈનાં માસીને મોતિયાના 'ઑપરેશન' પછી રાતની સેવામાં શ્રીમોટા હાજર રહેતા. ત્યારે નવસારીના હરિજન આશ્રમમાં તેમની પ્રવૃત્તિ હતી. આનો ઉલ્લેખ કરતાં સાક્ષરશ્રીએ એક સ્થળે* જણાવ્યું છે કે, ''એમણે મારાં માસીની સારવાર હાથમાં લીધી અને રાતોના ઉજાગરા કરી ધન્યવાદની જરાયે અપેક્ષા રાખ્યા વગર અમારા ઉજાગરાને નિરુદ્દેશ્ય બનાવી દઈ અમને સહુને આરામ અપ્યો. દર્દીની આવી એકનિષ્ઠ સારવાર કરતી બહુ જ થોડી વ્યક્તિઓ મારા જોવામાં આવી છે.''

બોદાલ આશ્રમમાં શ્રીમોટાની સાથે તેમના મિત્ર શ્રી હેમંતભાઈ નીલકંઠ હતા. ૧૯૩૧ની સાલ હતી. ત્યારે તેમણે એક દવાખાનું કાઢ્યું હતું. હરિજનોને મફત અને બીજાઓ પાસેથી પૈસા લેવાનો રિવાજ પાડેલો. શ્રી હેમંતભાઈ આ સંબંધે નોંધે છે કે, ''અમારું દવાખાનું ઘણું સારું ચાલતું હતું. જે ગામમાં દાક્તર-વૈદ્ય હોય ત્યાંથી પણ લોકો દવા લેવા આવતા. શ્રીભગવાનની કૃપાથી એવી છાપ પડેલી કે બોદાલમાં સારી દવા મળે છે ને આરામ થાય છે.'' શ્રીમોટાની આ બાબતમાં કેવી હોશિયારી ને ભાવના હતી તેના બે પ્રસંગો જોવા મળે છે.

એક બાઈને ઝાડો બંધ થઈ ગયો હતો ને તેને છેલ્લા દિવસો જતા હતા, તેથી તે ઘણી જ હેરાન થતી હતી. એટલે તેના ઘેરથી તેડું આવતાં

*શ્રીમોટા કૃત 'પ્રણામ-પ્રલાપ'ની પ્રસ્તાવનામાં.

શ્રીમોટા એનીમા લઈને તેને ઘરે ગયા ને એનીમા કેમ લેવી એની સૂચના તે બહેને બીજા સગાંઓને આપી, પણ તે બાઈનાં સગાંને તે કામ ફાવ્યું નહિ. તે વાત શ્રીમોટાને કહી એટલે તેમણે કહ્યું કે, ''બહેનને કહે કે કશો સંકોચ ન રાખે. મને દીકરો (કે ભાઈ) ગણે.'' બહેને તે કબૂલ રાખ્યું. શ્રીમોટાએ તેને એનીમા આપી. નવ દિવસથી અટકી ગયેલો ઝાડો નીકળતાં બહેનને ઘણો આરામ થઈ ગયો.

એક વિદ્યાર્થીને કાનમાંથી પરુ નીકળતું. તેની દવા કરતાં એકવાર શ્રી હેમંતભાઈએ કાનની દવાને બદલે ભૂલથી આયોડિનનાં થોડાં ટીપાં તેના કાનમાં નાંખ્યાં. છોકરો તેના વાસમાં પહોંચતાં જ રડવા લાગ્યો. કાનમાં ખૂબ ચચરે ને પછાડા મારે. લોકો ભેગા થઈને આશ્રમના દવાખાને આવ્યા. જાણે હુમલો લઈને, બૂમબરાડા પાડી શ્રી હેમંતભાઈની સાથે લડવા લાગ્યા. એટલામાં શ્રીમોટા ત્યાં આવી પહોંચ્યાં. પહેલાં તો બધાંને દબડાવીને તેમને શાંત કર્યા ને ''ઊભા રહો, હમણાં બીજી દવા નાખું છું તેથી મટી જશે.'' એમ કહ્યું ને બીજી દવા નાંખી. દરદ મટી ગયું પછી શ્રી હેમંતભાઈએ શ્રીમોટાને પૂછ્યું કે, ''કઈ દવા નાંખી તમે?'' ''સાબુનું પાણી!'' એની એક-બે પિચકારીથી આયોડિન ધોવાઈ ગયું. આવી તેમની સમયસૂચકતા ને સૂઝ હતી.

પછી તેમણે બન્નેએ હોસ્પિટલ કાઢવાની પણ તૈયારી કરેલી, પરંતુ ૧૯૩૨ની લડત શરૂ થતાં એ કામ અટવાઈ ગયું.

જ્યારે શ્રીમોટા સાબરમતી આશ્રમે રહેતા, ત્યારે તેમના એક પાડોશી શ્રી ભગવાનજીભાઈ પંડ્યાના પુત્ર (બલરામભાઈ)ને તેની માંદગીને લીધે વા. સા. હોસ્પિટલમાં રાખવામાં આવેલો. શ્રીમોટા દિવસના સંઘનું કામ કરે ને રાતે હોસ્પિટલમાં સૂવા જાય. શ્રીમોટાની આવી સારવાર ને સંભાળથી શ્રી ભગવાનજીભાઈ ઘણા ખુશ થઈ ગયા હતા ને ઘણી ઉપકારક વૃત્તિથી શ્રીમોટા સામું જોતા હતા.

આવી સેવા શ્રીમોટાએ તેમનાં સ્વજનોની કરી છે ને હરિઃૐ આશ્રમો સ્થપાતાં આશ્રમના સેવકોની સુખાકારીની ખાસ તકેદારી

રાખતા હોય છે. માંદા સેવકોની માવજત તેમની નજર હેઠળ થતી હોય છે. એટલું જ નહિ પણ બહારગામ રહેતા મિત્રો ને સ્વજનો માંદા હોય તો તેમને પત્ર, તાર કે ટેલિફોનથી ખબર પૂછે ને એક જ શહેરમાં તેવાં હોય તો તેમની તેમના ઘરે કે હોસ્પિટલે જઈને ખબર કાઢી આવે અથવા ખબર કાઢવા તેમના કોઈ અંતેવાસીને મોકલે.

તા. ૬-૫-૧૯૪૫ના રોજ મહાત્મા ગાંધીજીને સરકારે છોડી મૂક્યા. તે સમાચાર મુંબઈથી અમદાવાદ રેલવે ગાડીમાં જતાં રસ્તામાં શ્રીમોટા અને શ્રી હેમંતભાઈ નીલકંઠના વાંચવામાં આવ્યા. આવા શુભપ્રસંગે કોઈ સત્કર્મ કરવું જોઈએ એમ મનાય છે. શ્રી હેમંતભાઈને તેવી ઇચ્છા થઈ ખરી, પણ એનો વિચાર કરતાં કરતાં તે નિદ્રામાં પડી ગયા. દરમ્યાન તેમની સાથના બે ઉતારુઓ કંઈક ગંભીર વાતો અંદર અંદર કરતા હતા. તે જોઈને શ્રીમોટાએ શ્રી હેમંતભાઈને જગાડીને સૂચવ્યું કે, ''આ બે ભાઈઓ જે વાત કરે છે, તેમની સાથે વાત કરીને એ જે કહે તે પ્રમાણે આપણે કરીએ.'' એ બે ભાઈઓમાંથી એક ભાઈ એક ગામમાં શિક્ષક હતા. તેમની ઓળખાણવાળી કોઈ કુમારિકા બહેન તેની નૈતિક ભૂલને કારણે સંકટમાં મુકાઈ ગઈ હતી. તેની સગાઈ પણ થઈ ગયેલી એટલે વધારે જોખમ હતું. તેનું હવે શું કરવું તેની વિસામણમાં બધા હતા. તે ભાઈઓએ આ વાત કહી તે સાંભળીને શ્રીમોટાએ હેમંતભાઈને કહ્યું કે આ ભાઈને શ્રી ગટુભાઈ પાસે લઈ જાવ અને પેલી બહેન માટે અનાથાશ્રમમાં તે 'મુક્ત' થાય, ત્યાં સુધી રહેવાની વ્યવસ્થા કરો. (શ્રી ગટુભાઈ મ. રૂ. અનાથાશ્રમના મંત્રી હતા.) અને શ્રી હેમંતભાઈએ તે સૂચનાનું પાલન કર્યું. આ રીતે એક મોટું સત્કાર્ય શ્રી હેમંતભાઈની ઇચ્છા મુજબ થયું—શ્રીમોટાની દોરવણી હેઠળ.

કેટલાક સાથીઓને વ્યક્તિગત રીતે પણ તનથી, મનથી કે ધનથી (બીજેથી ફાળો ઉઘરાવી લાવીને) મદદ કરી છે. એવા એક આજીવન કાર્યકર્તા શ્રી ખંડેરીઆના પુત્રને 'લેપ્રસી'નો રોગ થયેલો. ફક્ત ૧૦ વર્ષની ઉંમરનો તે છોકરો હતો અને આ રોગની દવા કરાવાનો ખર્ચ ઘણો જ હોય. શ્રીમોટાને આ વાતની ખબર પડતાં તેમણે તે વાસ્તે રૂા. ૧૯૦૦/- મેળવી આપ્યા. એવી રીતે હરિજનોના પ્રતિનિધિ તરીકે

ત્યારની ધારાસભાના સભ્ય શ્રી પરસોત્તમભાઈને પણ લગભગ રૂા. ૫૦૦/-ની મદદ મેળવી આપેલી. આવા બીજા નાના-મોટા તો કેટલાય દાખલાઓ છે જેની અમને જાણ નથી. તેમની પોતાની પાસે પૈસા ન હોવા છતાં બીજેથી ઉઘરાવી લાવી માણસોને મદદ કર્યા કરવી એ એમની વિશેષતા છે. એમની હાલની પ્રખ્યાત થયેલી વિશાળ ગુણભાવ વિકાસક યોજનાઓનું બીજ આ રીતે તેમના સાધનાકાળ દરમ્યાન વવાઈ ચૂક્યું હતું. જે જે જગ્યાએ જે જે પ્રકારની સેવા આપવી જરૂરી જણાઈ હોય—શારીરિક, માનસિક, આધ્યાત્મિક કે આર્થિક—ત્યાં ત્યાં તેઓ ખૂબ ઉદ્યમ કરી સેવા આપતા કે અપાવતા. એમણે પોતાની ગરીબીને કારણે એવી સેવાઓ બીજા કનેથી સ્વીકારેલી છે ને તેનું ઋણ તેઓ કદાચ આ રીતે ફેડતા હશે. જોકે નાનપણમાં ને યુવાનીકાળમાં પણ તેઓ જેમની કનેથી કોઈપણ પ્રકારની સેવા-મદદ પ્રાપ્ત કરતા તેનો બદલો કોઈપણ પ્રકારે આપ્યા વિના રહેતા નહિ. (ભણાવીને કે એવી રીતે) અને આજે પણ તેમ કર્યા વિના રહેતા નથી એ એમના સ્વભાવની વિશેષતા છે.

શ્રીમોટાએ એકથી વધુ વ્યક્તિઓને તેમની દિવ્યશક્તિ વડે કરીને આપઘાત કરતાં બચાવ્યાના પ્રસંગો જાણીતા છે. અને આવી વ્યક્તિઓ કોઈ વાર તેમને પહેલી જ વાર સ્થૂળ રીતે મળેલી હોય. એક જુવાન ભાઈ પ્રેમમાં નિરાશ થતાં ને આઘાત અસહ્ય લાગતાં ઉત્તર હિંદ પહોંચી ગયો અને ઝેર ખાઈને જીવનનો અંત આણવા તેણે નક્કી કર્યું. તેનાં માતા-પિતા નાની વયમાં ગુજરી ગયેલાં. તેથી તેમનાં એક જાણકાર મિત્ર દંપતીએ મિત્રભાવે તેને પુત્રસમ રાખીને મોટો કર્યો. તેમને તે કાકા-કાકી કહે છે. તેઓ ત્યારે ઉત્તર હિન્દમાં રહે. તેમને છેલ્લા પ્રણામ કરવાને હિસાબે તે યુવાન તેમને ત્યાં ગયો. ત્યારે શ્રીમોટા ત્યાં હતા. દરમ્યાન શ્રીમોટાને તેની માનસિક સ્થિતિની ખબર પડી ગઈ, એટલે તેમણે તેમનાં કાકા-કાકીને એના મનની સ્થિતિથી ચેતવ્યા. એટલે કાકા-કાકીએ તે જુવાનને આપઘાત કરતાં બચાવી લીધો. યુવાને પાછળથી ઝેરનું પડીકું શ્રીમોટાને સોંપી દીધેલું. આ વાત ઘણાં વર્ષો પૂર્વેની છે. પછી તો તે યુવાન શ્રીમોટાના નિકટ સંસર્ગમાં આવ્યો ને આજે તે તેમનો સ્વજન બનેલો છે ને આશ્રમની, શ્રીમોટાની બનતી સેવા કરે છે.

૩૧. ઉપયોગ કે ઉપભોગ?

એકલી ગુણભાવની ભૂમિકા વિનાની મેળવાયેલી લક્ષ્મી આપણામાં અસૂરો પેદા કરે છે. ગુણભાવની ભૂમિકા વિના મેળવાયેલી લક્ષ્મી કદી ગૌરવ નહિ અપાવી શકે, સંસ્કૃતિને જન્માવી નહિ શકે, સંસ્કૃતિનો નાશ કરશે એવી એમની અનુભવની ખાતરી થયેલી છે. લક્ષ્મીને શ્રીમોટા કદી અવગણતા નથી. લક્ષ્મી એ શક્તિ છે એમ તેઓશ્રી માને છે. પણ જેના જીવનમાં ગુણ અને ભાવ પ્રકટેલાં નથી તેવાને મળેલી લક્ષ્મી એના જીવનનો કદી ઉત્કર્ષ કરી શકતી નથી.

જીવદશાની સુખસગવડો ભલે એ ભોગવે, પણ જીવનના વિકાસની સમજણ એવી એ લક્ષ્મીથી ઊગી શકતી નથી. લક્ષ્મીનો ઉપયોગ પરમાર્થમાં જ થવો જોઈએ અને પોતાને માટે તો માત્ર જેટલી જરૂરિયાતો હોય તેટલું જ ભોગવવું જોઈએ. એનાથી વિશેષ તલભાર નહિ, એવી પણ શ્રીમોટાની અનુભવની સમજણ છે. એથી પણ શ્રીમોટાને અગવડ ભોગવતા જોઈ શકાય છે. આશ્રમમાં એમણે કદી મિષ્ટાન્ન કરવા-કરાવવાની મનાઈ કરેલી છે. ભજિયાં પણ તળી ન શકાય. એ પોતે ગરીબાઈમાં રહેલા છે એ કારણે આ બનતું નથી. કેટલાયે એમ માને છે કે શ્રીમાટાએ ઘણી કઠણાઈઓ ને ગરીબીમાં જીવન વિતાવેલું હોવાથી તેમણે આ પ્રકારનો રિવાજ અને ધોરણ નીપજાવેલું છે, પરંતુ હકીકતમાં તો એમ નથી. આપણે સમાજની પાસેથી મેળવીએ છીએ અને સમાજને બોધ લેવાને માટે નહિ પણ આપણું જીવન એટલું બધું સ્પષ્ટતાવાળું પારદર્શક હોવું જોઈએ કે જેથી કરીને સમાજને અને આપણે પોતે જે કહેતા હોઈએ તેને સાનુકૂળ એ જ પ્રકારનું જીવનવાળું વાસ્તવિકતાવાળું આપણું જીવન હોય તો જ આપણા કહેવાનું તાત્પર્ય કો'કને ગળે ઊતરવાનું હોય તો ઊતરી શકે. વળી પ્રત્યેક શક્તિ આપણા પોતાના વૈભવ-વિલાસ, મોજશોખ કે ભોગને માટે નથી. પ્રત્યેક શક્તિનો ઉપયોગ છે.

ઉપયોગ અને ઉપભોગમાં ઘણો ફરક છે. ઉપયોગમાં શ્રીમોટા હંમેશાં માને છે એટલે આપણને જે કાંઈ મળ્યું છે તે ઉપયોગને માટે છે. ઉપયોગને માટે એમ સજાય છે કે દશ હજાર, વીસ હજાર કે પચાસ હજાર ખર્ચવાની જરૂર છે તો તેમને તે ખર્ચવાનો સંકોચ હોતો નથી એ પણ સાચી હકીકત છે.

શ્રીમોટા કંઈ કશાનો ઉપભોગ કરવાનું સમજ્યા નથી. આ એક એમના જીવનની વિશેષ ખાસિયત છે, જે બહુ ઓછા લોકો સમજતા હશે. બાકી ઉપરછલ્લી દૃષ્ટિએ એમને જોનારા માણસોને તો દૂધમાં પોરા કાઢે એવું બની શકે ખરું. શ્રીમોટાનું જીવન એમણે આધ્યાત્મિક સાધનામાં કેવા કેવા પ્રસંગોએ કેવું કેવું ગાળ્યું છે તે બધાંની હકીકત તો તમારી ને અમારી જાણમાં નથી. એ વિશે શ્રીમોટા કદી કંઈ કહેતા પણ નથી, કારણ કે એવા બધા પ્રસંગો જાણવાથી અને એવું લખવાથી પ્રતિષ્ઠા વધારવાનું એમને બિલકુલ ગમતું નથી.

૩૨. સાધકનું હૃદય

શ્રીમોટા વારંવાર કહેતા આવ્યા છે કે, ''ભાઈ, ગુણ અને ભાવ જીવનમાં વિકસાવો. ગુણની કેળવણી એટલા માટે બહુ જરૂરની છે. એટલું જ નહિ પણ પ્રત્યેક જીવ જ્યારે સાધના તરફ વળે છે, ત્યારે એને એના પોતાના દોષનું ભાન થવું જોઈએ. પોતાની કુટેવોનું ભાન થવું જોઈએ એટલું જ નહિ પરંતુ જે સાધનામાં ખરેખરો દિલની ભાવનાથી વળેલો હોય, એવા સાધકને પોતાના દોષ, પોતાની કુટેવો વગેરે એને ઘણાં ઘણાં ડંખવા જોઈએ અને જો એ ડંખે તો જ એ સ્થિતિમાંથી ચસી શકે. પોતાનો જે સ્વભાવ છે એવો ને એવો જ જો રાખીને સાધનામાં વિકાસ કરવાને ઇચ્છતો હશે તો તે ભ્રમણાની હકીકત છે.

ગુણ અને ભાવ જીવનમાં પ્રત્યક્ષપણે કર્મ કરતાં કરતાં જેનામાં વિકસેલાં અને વિકસતાં જાય છે એવા જ જીવના જીવનમાં આધ્યાત્મિક સાધનાની ભાવનાનો વિકાસ થાય છે, બાકી નહિ. એ તો ઘણી વાર

કહે છે કે સાધુસંતોની પાસે દોડી જઈ આશીર્વાદ ને કૃપાની લોકો માગણી કરે છે. એ તો મૂર્ખામી જ છે અને એવી રીતે કંઈ કશું કર્યા વિના આશીર્વાદ ને કૃપાની માગણી કર્યા કરવાથી આ સમાજ લૂલો થઈ ગયો છે. આશીર્વાદ આપ્યા અપાતા નથી, પણ આપમેળે વહ્યા કરતા હોય છે. સૂર્યનો પ્રકાશ નીકળ્યા કરે છે, તેમ એને માટે આપણે પાત્ર થાઓ. યોગ્યતા કેળવો, એટલે આપોઆપ એ પ્રકટશે એવી એમની સમજણ છે અને સમાજમાં ગુણ અને ભાવ પ્રકટે એને માટે શ્રીમોટા ઘણા ઉત્સુક છે. એને માટે એમના દિલમાં ઘણી તાલાવેલી છે. એ તાલાવેલી આમ તો એ વ્યક્ત કરતા હોતા નથી, પણ પ્રત્યેક વર્ષે એ લીધેલાં કામને ફળાવવાને માટે મથ્યાં કરે છે અને શરીરની પરવા કર્યા વિના એ દોડાદોડ કરે છે ને ઉપરથી બધું પરખાય છે. આ કાંઈ તારવી તારવીને અનુમાન કરેલી હકીકત નથી.

સને ૧૯૭૦થી એમના શરીરનું વજન ઘણું બધું ઘટી જવા માંડ્યું છે. પણ એ શરીરની હાલાકીને અને એમના સંકલ્પને ફળાવવાના મુકાબલામાં કંઈ પણ કશી ગણતરી નથી એ મારે મન પ્રત્યક્ષપણે તાદૃશ્યપણે અનુભવેલી હકીકત છે.

એમના દિલમાં જેમ એમના સાધનાકાળમાં ગુણ અને ભાવ પ્રકટાવવાને માટે જેટલું એ મથ્યા છે અને એનાથી કરીને એમના જીવનવિકાસની સાધનાના વિકાસમાં જે છલાંગો એમણે મારી અથવા છલાંગો મારી શકાઈ તેનો એમને પ્રત્યક્ષ અનુભવ છે. એટલે તો એ કહે છે કે આ સાધનાના માર્ગમાં જે જે કોઈને વિકાસ્યા વિના તે કોઈ સાધનાનો વિકાસ ઇચ્છશે તો એ એમનું અજ્ઞાન છે. ગુણ ને ભાવ વિકસાવવાની અથવા તો સંપૂર્ણપણે એ વિકસે, એ જ સ્થિતિમાં આધ્યાત્મિક જીવનની સાધનાની શક્યતા છે, બાકી નહિ.

શ્રીમોટા પહેલા બહુ ભૂલકણા હતા. વ્યવસ્થા, વ્યવસ્થિતિ, આ બધા ગુણો એમનામાં નહોતા, પણ સાધનાના માર્ગે જતાં જતાં એ ગુણો વિકસાવવાનું એમને સૂઝ્યા કરેલું ને એમણે એ પ્રમાણે કર્યું છે. એટલા બધા ગુણો એમનામાં વિકસેલા હતા અને નમ્રતાના ગુણને એમણે એટલો

બધો વિકસાવેલો કે એમનામાં ઘણા પ્રકારનું જ્ઞાન હોવા છતાં એમનામાં કંઈ જ સમજણ નથી એવી રીતે એમનાથી વર્તવાનું બનતું.

શરીરની, મનની, સંજોગોની અને એવી બીજી અનેક પ્રકારની સગવડોને બદલે જે હેતુને ફળાવવાનો છે એ હેતુને જ એમણે હંમેશાં પ્રાધાન્ય આપ્યું છે. એથી કરીને અમને પણ જીવનમાં આ એક મુખ્ય વસ્તુ શીખવાની રહે છે કે આપણે જે કરવું છે એનું એકધાર્યું સતત મનન ચિંત્વન જો આપણા જીવનમાં જાગશે ને જીવતું જાગતું ચેતનાત્મકપણે એકધાર્યું જીવંત પ્રકટેલું નહિ રહે, ત્યાં સુધી એ સાધનાનો વિકાસ કદી કાળ થઈ શકવાનો નથી, એ પણ હકીકત છે. જે કાંઈ પ્રાપ્ત થયેલું કર્મ, સંજોગો એને ફળીભૂત થવા પોતે હંમેશાં તત્પરતા સેવવી, તાલાવેલી સેવવી, એ સહજમેળે સેવવી, એ એમના જીવનનો અભ્યાસક્રમ આજે પણ છે.

૩૩. પ્રાર્થના

શ્રીમોટાએ એમના સાધનાકાળથી પ્રાર્થના ઉપર હંમેશાં ઝોક દીધો છે. પ્રાર્થના એમના સાધનાકાળનું મોટામાં મોટું જીવંત હથિયાર હતું. પ્રાર્થના એક એવી સહચરી હતી અને એ પ્રાર્થનાએ એમને જીવનમાં એટલી બધી સફળતા પ્રેરી છે કે આજે પણ કેટલાય માણસો પોતપોતાના પ્રશ્નો, મૂંઝવણો વગેરે માટે આવતા હોય છે, ત્યારે શ્રીમોટા કહેતા હોય છે કે, ''તમારા માટે ભગવાનને હું પ્રાર્થના કરીશ.'' તેઓ તેમના તેવા સ્વજનોના ફોટા લઈ લે છે ને કરવાનું હોય તે તેઓશ્રી કરે છે. આજે અનુભવની સ્થિતિમાં પણ તેઓશ્રી કહે છે કે, ''હું તો ભગવાનનો નોકર છું, ચાકર છું, મુનીમ છું. હું મારા શેઠને પ્રાર્થના દ્વારા તમારી બધી હકીકત કહીશ, તેમનાં ચરણકમળમાં મૂકીશ.'' એમ અનેક વાર શ્રીમોટાને બોલતા મેં સાંભળ્યા છે.

એટલું જ નહિ પણ જ્યારે તેઓ સાધનાકાળમાં હતા, ત્યારે તેમને જે જે વૃત્તિઓ ઊઠતી હતી, તેને મઠારવા કાજે એમણે કેટલીય એવી

પ્રાર્થનાઓ કરી છે કે જે એમનાં પુસ્તકોમાં છપાયેલી છે ને ઘણી એવી છપાયા વિનાની પડી છે. પણ એમણે ત્યારે કેટલીયે વાર પ્રાર્થનાનો સહારો લીધો છે ને પ્રાર્થના એક એવું બળ આપણા અંતરમાં, આધારમાં જગાડે છે કે જે બળ વડે આપણે જેવા થવું હોય તેવા આપણી જાતને ઘડી શકીએ; પ્રાર્થના એક એવું સાધન છે, એક એવી શક્તિ પ્રાર્થનાના ભાવમાં પ્રકટે છે કે જે પ્રાર્થના શ્રીમોટા માટે સજીવન, જીવતી જાગતી હકીકત છે.

પણ એ પ્રાર્થનાનું મહત્ત્વ ત્યારે પ્રકટે કે જ્યારે ફુવારાની જેમ હૃદયમાં એવો ભાવ પ્રકટ્યો હોય અને એવા એકાગ્ર ભાવથી પ્રેરાઈને એ ગદ્‌ગદ ભાવથી શ્રીભગવાનને આપણે કહીએ. જેમ મિત્ર મિત્રને કહે, પત્ની પતિને કહે, પતિ પત્નીને કહે, બાળક માતાને કહે, એવી રીતે એવા એક સગપણના ભાવે જ્યારે શ્રીભગવાનના ચરણકમળમાં મૂકવામાં આવે ત્યારે તે પ્રાર્થનાથી જીવન કેવું બદલાયા કરે છે, જીવન જે એક નિમ્ન પ્રકારનું હતું તેનું કેવું ઊર્ધ્વીકરણ કેવા પ્રકારનું થાય છે, એ શ્રીમોટાનું જીવન પ્રત્યક્ષ ઉદાહરણરૂપ છે. કંઈક કશુંક થાય ત્યારે શ્રીમોટા પ્રાર્થના દ્વારા શ્રીભગવાનને આત્મનિવેદન કરતા. જેલમાં ગયેલા ત્યારે તેઓ પ્રાર્થનાઓ કર્યા કરતા. એવું એક પુસ્તક નમૂનારૂપે છપાયું છે, ''હૃદય-પોકાર'' અને જેલમાં લખવાની સુવિધા ન હોઈને મોઢે રાખેલું બહાર આવીને પૂનામાં રોકાઈને તેમણે તે કાગળ ઉપર ઉતારી લીધું હતું. શ્રીમોટાએ આવી કેટલીયે પ્રાર્થનાઓ સાધનાકાળમાં, જીવદશાકાળમાં પોતાના જીવનના ઊર્ધ્વીકરણને માટે કરેલી તે છપાયેલી છે.

એટલે પ્રાર્થના એક એવા પ્રકારનું બળ છે કે જો હૃદયમાં ખરેખરો ભાવ જાગેલો હોય તો એ હૃદયના ધક્કેલાથી જે પ્રાર્થના થાય, એ પ્રાર્થનામાં પ્રાણ પ્રકટે છે, ચેતન પ્રકટે છે અને એમાંથી એવું બળ પ્રકટે છે કે જેના વડે જીવન ઘડી શકાય છે. પ્રાર્થના એ શ્રીભગવાનનું સ્વરૂપ છે, એમ શ્રીમોટા કહે છે. પ્રાર્થનાથી પર્વતને હલાવી શકાય, જોકે એ વધારે પડતી, બહુ મોટી વાત કહેવાય. પણ જો એને એક ઉપમારૂપે કહેવાય તો તે સમજી શકાય એમ છે, કારણ કે આપણે અનેક નિમ્ન પ્રકારનાં વૃત્તિ-વલણવાળાં, જીવદશાનાં વલણોવાળાં, કામ, ક્રોધ,

લોભ, મોહ ને અહમ્‌માં ફસાયેલા એવા અનેક પ્રકારોનાં વલણોમાંથી પ્રાર્થના વડે કરીને જીવનના ઉત્તમ, દિવ્ય પ્રકારના જીવનના તબક્કાઓમાં પ્રવેશી શકીએ છીએ ને તે પ્રતાપ છે પ્રાર્થનાનો.

● 'મોટા' થયા પહેલાં– ●

૧. કિશોરાવસ્થા : શ્રીમોટાના શબ્દોમાં

» હું નાનો હતો લગભગ ૧૨-૧૩ વર્ષની વયનો. બાપાને અફીણ સાથે ઠૂંગાર મીઠાઈ જોઈએ, ત્યારે અફીણનો અમલ ચડે. હું અભ્યાસમાં પ્રથમ વર્ગનો વિદ્યાર્થી એટલે બધા વિદ્યાર્થીઓ મને ઓળખે, તેથી કંદોઈના છોકરાઓને ત્યાંથી મીઠાઈ લાવું. સાથ માટે બાપા મને પણ ખવરાવતા. અફીણ ખાવાથી પ્રમાદ લાગે એટલે મેં તે ખાવાનું બંધ કર્યું પણ આ બધું તેમની સેવાના ભાન તરીકે કરતો.

» નાની ઉમરે ખેતરમાં મજૂરી કરતો. મજૂરી તરીકે બે આના ને એક રોટલો રોજ મળે. મને બે રોટલા જોઈએ. ત્યારે મારા શેઠ કહે, ''તારી ઉમર નાની છે એટલે એક જ રોટલો મળશે.'' ઈંટવાડામાં પણ કામ કર્યું હતું. પછી અનાજના વેપારીને ત્યાં પણ નોકરી કરી. એમ કરતાં કરતાં વર્નાક્યુલર ફાઈનલ પાસ થયો.

» મારા મોટાભાઈ જમનાદાસ ખાસ કંઈ કરે નહિ. પાછળથી હરિજન સેવામાં તે જોડાયેલા. બીજા ભાઈઓ મારાથી નાના. અમારે ત્યાં ગાય પણ હતી. ગાયને માટે ઘાસ કાપી લાવવાનું કામ હું કરતો કેમકે વેચાતું ઘાસ લાવવું પોષાય તેમ નહોતું. સાફસૂફીનું કામ પણ હું કરતો. ગાયને પાણી પીવા હું લઈ જતો.

» હું જરાયે તોફાની નહોતો. તોફાન કરવાના સંજોગો પણ ક્યાં હતા? સાવ શાંત હતો. વડોદરે કોલેજ★માં ભણતો, ત્યારે એક વાર માંડવી

★અહીં પ્રથમ આવૃત્તિમાં 'શાળા' હતું તે સુધારીને 'કોલેજ' કર્યું છે.

આગળ એક સાધુએ મને બોલાવ્યો, ''બચ્ચા ઈધર આવ!'' હું તેની પાસે ગયો ને મને તેણે કંઈક ખાવાનું આપ્યું. પછી હું ભાન ભૂલી ગયો ને તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો. કેટલુંયે ચાલ્યા બાદ પેશાબ કરવા જવાની વૃત્તિ થઈ. એકી કરવા બેસતાં એકદમ ભાન આવ્યું કે, અરે! હું અહીં ક્યાં આવ્યો? એની પાછળ પાછળ કેમ જાઉં છું? ને પછી ઘરભણી પૂરપાટ દોડવા માંડ્યું. સાધુ જોતો રહ્યો!

» કાલોલમાં અમે રહેતાં હતાં, ત્યારે મારા બાપાને માટે કાલોલથી મલાવ ખાવાનું લઈને હું જતો હતો. ત્યારે રસ્તામાં આલવા ગામની નજીક એક વહેળા પાસે ભૂખ લાગતાં ખાવા બેઠો. એટલામાં ચોર આવ્યા ને કહે, ''લાવ જે હોય તે.'' મેં કહ્યું કે, ''આ ઢેબરાં છે. જોઈએ તો લઈ જાવ, બીજું કશું નથી. પહેરેલું ખમીશ છે તે જોઈએ તો લઈ જાવ, પણ થોડું ખાવા તો દો!'' પણ ચોર માર્યા કર્યા વગર ઢેબરાં પડાવી લઈ ગયા. ત્યારે મને કશી બીક લાગેલી નહિ.

» અમારા કાલોલ ગામમાં ન્યાત થતી અને ન્યાતોમાં લાડુ થાય. અમારે નસીબે લાડુ તો શેના જોવાના હોય? એટલે યુક્તિ કરી. જ્યારે કોઈ એક જણની ન્યાતમાં લાડુનું જમણ હશે, ત્યારે લોકોની પંગતમાં છેડે કોઈ દેખે નહિ એવા ઠેકાણે હું સંતાઈ રહેલો. ને ગોઠવણ મુજબ મારા એક મિત્રે લાડુ ભરીને એક તપેલું છાનુંમાનું મને આપી દીધું. હાથમાં આવતાં લાડુ ખાવાનું મન થઈ ગયું ને આરોગવાની તૈયારી કરું છું, ત્યાં બા ને બીજાં ઘરનાં યાદ આવ્યાં, એટલે ખાધા વિના તપેલું લઈને ઘેર ગયો ને લાડુ બાને આપ્યા. બાએ પૂછ્યું, ''મારા રડ્યા! ક્યાંથી લઈ આવ્યો?'' મેં માંડીને બધી વાત કરી. ત્યારે બાએ કહ્યું, ''આપણાથી આમ ન ખવાય.'' અને તેણે બીજાંઓને તે વહેંચી દીધા.

» મારી બા દેવમંદિર જાય ખરાં પણ મોટાભાઈ આર્યસમાજી. એટલે એક વાર તેમણે મારી બા કને એવું વ્રત માંગ્યું કે, ''તું દેવમંદિરે જઈશ નહિ.'' મેં વચ્ચે પડીને કહ્યું કે, ''ભાઈ, આવું વચન બા પાસેથી લેવાય ખરું? મંદિરે શું કામ ના જાય?'' પણ મારું કોણ

સાંભળે? ને મારી બાએ એવું વચન આપ્યું પણ ખરું ને છેક સુધી પાળ્યું. હા.... આ એક ગુણ કહેવાય.

» કાલોલની એ. વી. સ્કૂલના હેડમાસ્તરની હું સેવા કરતો ને ભણતો હતો, ત્યારે તેમનાં માસીબા ત્યાં આવતાં. તેમની નજરે હું ચડી ગયો. મારી સેવા-ભાવનાથકી. તેઓ પેટલાદ રહે. મારે હાઈસ્કૂલમાં ભણવા જવાનું ઉપસ્થિત થતાં તેઓ મને કૃપા કરીને પેટલાદ લઈ ગયાં ને તેમના ઘરે સ્વજનની જેમ મને રાખ્યો. હું ઘરનું બધું કામ કરતો. ઘણીવાર રસોઈ થવાને વાર હોય અને શાળાએ જવાનો ટાઈમ થઈ જાય એટલે હું દાળ તૈયાર હોય તો દાળ એકલી પીને ચાલ્યો જતો. આની ખબર બધાંને પડી ત્યારે હું કહેતો કે મને દાળ બહુ ભાવે છે એટલે એકલી દાળ પીને જાઉં છું. આથી મારું નામ 'દાળિયો' પાડેલું!

» એ જ ઘરનાં ઘરેણાં વગેરે સાચવવાનું કામ પણ મને સોંપેલું. એક વાર વીંટી પહેરવાનું મન થઈ ગયું. કોઈ દહાડો વીંટી પહેરેલી નહિ એટલે આપણે તો વીંટી ચડાવી દીધી ને બહાર નીકળી પડ્યા. રસ્તામાં કોઈ ઓળખાણવાળા ભેટી ગયા. તેમણે મારા હાથે વીંટી જોઈ. હું પકડાઈ ગયો એટલે ઝટઝટ બીજા ટૂંકા રસ્તેથી ઘરે પહોંચી ગયો અને માસીબાને સાચી વાત કહી દીધી. મારે વીંટી ચોરવી નહોતી, ખાલી પહેરવી હતી એમ જણાવ્યું અને કાંઈ કહ્યું નહિ ને વીંટી પાછી ઠેકાણે મૂકી દીધી. વડોદરે પણ આ જ માસીબાએ મને તેમને ત્યાં રાખેલો. એ મારાં આધ્યાત્મિક 'મા' હતાં.

૨. શ્રીમોટાનો જન્મ અને તે પછી

» શ્રીમોટાના શરીરના જન્મ સંબંધે તેમનાં મોટાં ભાભી પૂ. કાશીબાએ જણાવેલું કે, હું **મોટા**થી છ-સાત વર્ષે મોટી હોઈશ. મારું લગ્ન નાની ઉમરે થયેલું, ત્યારે મારાં સાસુ ઘણીવાર કહે કે, ચૂનીયાના

જન્મદવિસે મારાં દેરાણીનું તેરમું હતું. તે દિને કેટલાંકને જમવાને નોંતરેલાં. સાંજ થવા આવી હતી ને ઘણાંખરાં જમવાને આવી ગયેલાં, પણ એક વિદ્યાર્થીને નિમંત્રેલો તે કેમે કરી આવ્યો નહિ. મારાં સાસુ તેની ચિંતા કરે ને જીવ બાળે કે એ વિદ્યાર્થી આવી જાય તો કેવું સારું! પછી નિરાંતે 'છૂટકો' થાય. ત્યારે તેમની તબિયત સારી નહોતી લાગતી અને પ્રસવપીડાની શરૂઆત કળાતી હતી. એટલામાં પેલો વિદ્યાર્થી આવ્યો ને સાસુને નિરાંત વળી. એ ક્ષણે રામજી મંદિરે આરતી પણ શરૂ થઈ અને બીજી બાજુએ 'મોટા'નો જન્મ થયો.... ને પછીની સ્થિતિ વિશે કાશીબા કહે છે :

'અમારી ગરીબીની શી વાત કરું? શ્રીમોટાના જન્મ પછી સવા મહિના સુધી મારાં સાસુએ રોટલો ને કોદરી ખાધેલાં એમ તે કહેતાં. દર દિવાળીએ બધાંને એક ડગલી ને પોતડી કરાવે. શ્રીમોટા જાડો ઝભ્ભો ને પોતડી ને ધોળી ટોપી પહેરતાં. સ્મશાને સૂવા જાય ત્યારે હાથમાં એક લાકડી, ધાબળી ને એકાદ ચોપડી કે નોટબુક કોઈવાર સાથે રાખે.

» પરણ્યા પછી એમની વહુ ગુજરી ગઈ ને બધાં રોવા કૂટવા લાગ્યાં ત્યારે તે કહે કે, એમાં રડવાનું શું? છતાં બધાં છાનાં ન રહે તો એ કહેતા કે, આવું કરશો તો હું બાવો બની ચાલ્યો જઈશ. આમ છતાં તેમનાં સાસુ-સસરાને મળવા તે ગયા હતા—આશ્વાસન આપવા! પછી તો તેમની સાથે કોઈ સંબંધ રહ્યો નથી.

૩. સેવા અને સાધના

» શ્રીમોટાનાં બામાં સહિષ્ણુતાનો સારો ગુણ હતો. મોટા દીકરા આર્યસમાજી અને પોતે ચુસ્ત વૈષ્ણવ છતાં તેમનું બધું કહ્યું તે કરતાં. ૧૯૩૨-૩૩માં શ્રીમોટા તેમનાં બાની સાથે નવસારી આશ્રમે રહે. ત્યાં શ્રી હેમંતકુમાર નીલકંઠ સાથે સંબંધ થયો. શ્રી હેમંતકુમાર સુરત

તેમના પિતાજી કને ગયા. તેમની સાથે શ્રીમોટાનાં બા પણ ગયાં હતાં. શ્રી હેમંતકુમારના પિતાજી પ્રાર્થનાસમાજી એટલે રોજ 'ઈશ્વરપ્રાર્થનામાળા' વાંચવાની. શ્રી હેમંતકુમાર મોટેથી વાંચી સંભળાવે. બા પણ તે સાંભળે. તે પુસ્તકમાં એવું આવે કે 'મૂર્તિપૂજાને માને મૂઢજનો.' છતાં બા શાંતિથી એ સાંભળ્યા કરે. એકવાર શ્રી હેમંતકુમારે તેમને પૂછ્યું કે, ''આ પુસ્તકમાં તો આવું આવે છે તોય કેમ શાંતિથી સાંભળો છો?'' ત્યારે તેમણે એમ કહ્યું કે, ''હશે, ભઈ, કંઈ નહિ. ભગવાનનું નામ તો લેવાય છે ને?'' આવી તેમની ઉદારતા હતી. આ ઉદારતા અને સહિષ્ણુતાના ગુણો શ્રીમોટામાં સારી પેઠે ઊતર્યા છે.

» નવજીવનના નિવૃત્ત વ્યવસ્થાપક શ્રી જીવણજી દેસાઈના મોટાભાઈ શ્રી લાલભાઈ પણ શ્રીમોટાને 'ચૂનીયા' કહીને બોલાવે. શ્રી લાલભાઈ છાપરા ગામે રહે ને નવસારી જતાં રસ્તા ઉપર જ આવેલા હરિજન આશ્રમમાં વિસામો લઈને જતા. આપણા 'ચૂનીયા'ભાઈ લાલભાઈને પ્રેમથી આવકારે, વાતો કરે, ત્યારે શ્રીમોટાની ઉંમર ૩૪-૩૫ની તો ખરી જ. લાલભાઈ એમને 'ઓળખે' નહિ. એમનું અવસાન થયું એ પહેલાં શ્રીમોટા તેમને જોવા ગયા ત્યારે શ્રીમોટાને જોતાં જ શ્રી લાલભાઈ તેમને ભેટી પડ્યા!

» વિદ્યાર્થી તરીકેની છાપ વિશે શ્રી રમણલાલ દેસાઈ લખે છે કે, વર્ગમાં તેઓ પ્રથમ સ્થાને જ રહેતા.... નાનાલાલના 'ઈન્દુકુમાર'નો એક પ્રવેશ મેં વાંચ્યો ને વિદ્યાર્થીઓ ઉપર પડેલી તેની છાપ નિહાળવા મેં વિદ્યાર્થીઓ પાસે તેની લેખી અસર માગી. મને હજુ યાદ છે કે એ સર્વ લખાણોમાં ભગતનું લખાણ મને પ્રસન્ન કરી શક્યું હતું.

» સાબરમતી આશ્રમે એક પાડોશીનો દીકરો માંદો હતો. તેને વા. સા. હૉસ્પિટલમાં રાખવામાં આવેલો, ત્યારે પણ તેની સેવા તેમણે નિરપેક્ષ ભાવે રાતોની રાતો કરેલી છે. (જુઓ પાન નં. ૬૫૫).

» ૧૯૩૭માં શ્રી હેમંતકુમાર નીલકંઠ ગુજરાત વિદ્યાપીઠમાં શિક્ષક હતા. સામાન્ય રસોડાનું ખાવાનું તેમને પચતું નહિ, ભાવતું નહિ. એટલે એક દિવસ શ્રી ચૂનીભાઈ તેમના ઘેર લઈ ગયા—સાબરમતી હરિજન આશ્રમે. ત્યારે તેમનાં બા સૂરજબા અને કાશીબા (મોટાનાં વિધવા ભાભી) તેમની સાથે રહેતાં હતાં. ત્યારે ઘરની આવક ઘણી ઓછી છતાં શ્રીમોટા તેમને દૂધ પીવા આપતા.

» શ્રીમોટા આમ તો હરિજન સેવક સંઘના જોડિયા મંત્રી હતા. સ્વ. પરીક્ષિતભાઈની તદ્દન સમાન કક્ષાના, છતાં તેઓ તેમના મદદનીશ હોય એવો દેખાવ કરતા. ત્યારે એમનાથી મોટી ઉંમરના આશ્રમના એક ભાઈએ કશાક કારણે ચિડાઈને એમને કહ્યું કે, ''તમે તો ગધેડા છો.'' ''હા, હું ગધેડો છું, કેમ કે ભગવાનને ભૂલ્યો છું.'' કહીને એ વાતનું નિરાકરણ કર્યું હતું. પાછળથી તેમણે એ જ વાત પર કાવ્ય લખીને તે ભાઈને આપ્યું હતું.

» એક વાર શ્રી મોટાને બગલબામલી થયેલી—બંને બગલોમાં. તેને ધોવાનું તેઓ જાતે જ કરે. તેનું ઘણું દરદ થાય છતાં એક પણ દિવસ તેઓ ઓફિસે મોડા નથી ગયા કે કચરાની સાફસૂફી ન કરી હોય એવું બન્યું નથી.

૪. સદાનો ઋણી હરિજન સેવક સંઘ

*સવારથી સાંજ કામમાં તન્મય અને ગુજરાત હરિજન સેવક સંઘના જોડિયા મંત્રી હોવા છતાં વર્ષો સુધી તેમણે કારકુની કામ કર્યાં કર્યું. આ બધી બાબતોની કદર મને તે વખતે હતી કે નહિ તે યાદ નથી, પણ હવે (૧૯૫૦)માં યાદ કરું છું, ત્યારે એ દિવસો બહુ યાદ આવે છે. સતત રોજિંદા કામના પ્રસંગો છતાં 'ઘર્ષણ' જેવી ગંધ કદી આવી નથી અને ગુજરાત હરિજન સેવક સંઘના મારા કામના નિર્ણયો અંગે

*(શ્રી પરીક્ષિતલાલ મજમુદારના લેખ ઉપરથી)

તેમણે કદી વાંધો કે મતભેદ ઉઠાવ્યો જાણ્યો નથી. આ દિવસોમાં રોજ લાંબાં લાંબાં ભજનોનાં કાવ્યો લખવાં એ તેમને માટે સ્વાભાવિક થઈ ગયું હતું. ઘણીવાર આશ્રમની સાયં-પ્રાર્થનામાં અમે તેમને ભજન ગાવાનું સૂચવતા અને તેઓ ભજનમાં તન્મય બની જતાં. એમનાં ભજનોમાં તે દિવસોમાં ઈશ્વરની મહત્તાનાં વખાણ અને વર્ણન તથા મનુષ્ય સ્વભાવ અને જીવનની પામરતાનું વર્ણન તરી આવતું. એ દિવસોમાં રાત્રે તેમને ઊંઘ ન આવતી એવી એમની ફરિયાદ રહેતી. રાત્રે જ્યારે જાગીએ ત્યારે શ્રી ચૂનીભાઈ પથારીમાં કંઈ ગણગણતા હોય. ક્યારે ઊંઘ આવે તે સમજણ નહિ, છતાં સવારે કામ પર હાજર હોય. કોઈ કોઈવારે મોડી અંધારી રાત્રે તેઓ સ્મશાન-વાસ કરતા એવું પાછળથી તેમના તરફથી જાણવા મળતું ત્યારે અમને આશ્ચર્ય પણ થતું.

સંજોગવશાત્ હરિજન સેવક સંઘને આર્થિક ભીડ જણાવા લાગી અને અમારું કામ તો વધતું જતું હતું.... આ પ્રશ્ન તેમને મૂંઝવતો. એટલે આશ્રમની પડોશમાં એક શ્રીમંત મિત્રને ત્યાં ટ્યૂશન લીધું અને આખા દિવસના કામ ઉપરાંત બપોરે કે સાંજે ટ્યૂશન કરી તેમાંથી મળતા માસિક રૂા.૩૨/- સંઘમાંના પોતાના વેતન પેટે જમા આપવા માંડ્યા. ત્યાગની આ એક જાતની પરાકાષ્ટા હતી. જો કે તેની કિંમત આંકવાની સૂઝ મને તે વખતે નહોતી એમ મારે સ્વીકારવું જોઈએ. આ વખત દરમ્યાન તેમના મિત્રો-પ્રશંસકોનું જૂથ વધવા લાગ્યું—આ દિવસોમાં તેમના જીવનને ધન્ય કરે તેવા ભવિષ્યના સૂચક પ્રસંગો જે સામાન્ય ભાષામાં ચમત્કાર કહેવાય તે બનતા ગયા—પણ તેઓ જ્યાં હોય ત્યાં હરિજન સેવક સંઘનું ઉઘરાણું ચૂકતા નહિ. એટલું જ નહિ પણ સંઘને કાયમી મદદ આપે તેવાં કેટલાંક નામો મળી ગયાં.

હરિજન સેવક સંઘમાંથી રોજિંદા કાર્યકર્તા તરીકે તેઓ ૧૯૩૯માં છૂટા થયા. પણ સને ૧૯૪૨ની લડત વખતે... સંઘની આર્થિક બાજુ પર તેમણે ધ્યાન આપ્યું અને મુંબઈથી અપરિચિત હોવા છતાં ત્યાં દોડી ગયા.... અને ૧૯૪૪માં હું જેલમાંથી બહાર આવ્યો, ત્યારે સંઘની આર્થિક જમા બાજુ તરતી હતી અને સંઘની પ્રવૃત્તિ ચાલુ હતી. તેનો યશ શ્રી ચૂનીભાઈને અને શ્રી હેમંતભાઈને છે. ત્યારથી આજ સુધી શ્રી

ચૂનીભાઈએ સંઘમાં પ્રત્યક્ષ ન હોવા છતાં પ્રત્યક્ષની જેમ રહીને સંઘને નાણાંકીય મદદ આપવામાં ભારે મહેનત કરી છે.

... આ બધી તાકાત મેળવવા પાછળ શી શી સાધના, ત્યાગ કે તિતિક્ષા હશે, શાં શાં પ્રેરક બળો હશે એ તો કોઈ વીરલો જ કહી શકશે, પણ તદ્દન ગરીબીમાં ઊછરેલો, અજાણ્યો અને સાધન વિનાનો માનવી, માત્ર સ્વપ્રયત્નથી અને પ્રભુમાં વિશ્વાસ રાખી તેનાથી ડરીને ચાલનારો માણસ કયું સ્થાન પ્રાપ્ત કરી શકે તે જોવાને માટે શ્રી ચૂનીભાઈનું જીવન એક સુંદર દાખલો પૂરો પાડે છે.

ગુજરાત હરિજન સેવક સંઘ તો તેમનો સદાનો ઋણી છે જ. સંઘ બાહ્ય દૃષ્ટિએ છોડ્યા પછી પણ તેમણે સંઘની અણમોલ સેવા કરી છે અને સંઘના ચાલુ કામ ઉપરાંત દુષ્કાળ, રેલસંકટ વગેરે પ્રસંગે તેમના મિત્રો અને શુભેચ્છકો પાસેથી તેમણે મદદો અપાવી છે.....

અધિકારનો લાભ નહિ, નામનાની પરવા નહિ, છતાં સેવામાં મોખરે રહેવાનો અલૌકિક ગુણ કેળવવા માટે તેમને ધન્યવાદ ઘટે છે અને ઈશ્વરે આ સદ્‌ગુણનું ભાજન તેમને બનાવવા માટે તેમને અભિનંદન ઘટે છે.

૫. શ્રીમોટાની સાધનામાં સાંઈબાબા

સન ૧૯૩૮નો સમય. સ્થળ કરાંચી. કાળી ચૌદશની મધરાત. શ્રીમોટા દરિયામાંના એક ખડક પર બેઠેલા. બાજુમાં સાગર ઘૂઘવી રહ્યો છે. જ્યારે તેઓ ધ્યાનમાં ઊતરવાની તૈયારીમાં હતા, ત્યારે એક ફકીર જેવો પુરુષ તેમની આગળ પ્રકટ થાય છે ને નીચે પ્રમાણે તતડાવે છે :

''ઈધર ક્યોં બૈઠા હૈ?''

''ભગવાન કે ધ્યાનમેં.'' શ્રીમોટાએ ઉત્તર વાળ્યો.

''ક્યોં?''

''યહ મસ્ત લોગોંકી જગા હૈ.''

''મુઝે ભી મસ્ત બનના હૈ.''

''લેકિન ઈધરસે તુમ ચલે જાવ.''

''નહિ જા સકતા.''

''તો મારેગા.''

''બહોત અચ્છા.'' શ્રીમોટાએ એટલી જ નિર્ભયતા ને મક્કમતાથી જવાબ આપ્યો.

એટલે પેલા ઑલિયાએ એક મોટો પથ્થર ઉપાડીને શ્રીમોટા ઉપર ફેંક્યો. પથ્થર તેમના માથાને ન વાગ્યો પણ માથાના વાળને સ્પર્શ કરીને આબાદ રીતે પસાર થઈ ગયો. એ સ્પર્શ થતાં જ શ્રીમોટાને અંતરમાં અંતરથી લાગી જ ગયું કે આવો મોટો પથ્થર આવી આબાદ કળાથી ફેંકનાર માનવી કોઈ સામાન્ય ન હોવો જોઈએ, પરંતુ કોઈ દેવાંશી આત્મા જ હોવો જોઈએ. એટલે તેમણે નીચા નમીને ફકીરનાં ચરણો પકડી લીધાં ને તુરત જ ઊંડા ધ્યાનમાં ઊતરી ગયા. કેટલીક વાર પછી પગની પકડ છૂટી ગઈ અથવા તે મહાત્માએ વછોડાવી અને વહેલી સવારે પોતાના ઉતારે પાછા ગયા.

તે વખતે કરાંચીમાંથી 'કરાંચી ડેઈલી' નામનું દૈનિક પ્રકટ થતું, જેના તંત્રી તરીકે શ્રી શર્મા હતા. તેમને ત્યાં શ્રીમોટા ગયેલા. તેમની આંગળી પર એક વીંટી હતી, જેની પર એક છબી જડેલી હતી. તે જોઈને શ્રીમોટાએ પૂછ્યું, ''આ છબી કોની છે?'' ''સાંઈબાબાની.'' ''એમ?! મેં ગઈકાલે રાત્રે એનાં દર્શન કર્યાં.'' અને રાત્રે બનેલી બધી વાત તેમણે કહી. ત્યારે શ્રી શર્મા પૂછે, ''એ કેવી રીતે બને? સાંઈબાબાનો દેહ ૧૯૧૮માં પડ્યો. આજે ૨૦ વર્ષ થયાં! એ ક્યાંથી હોય?'' વળી તેમને યાદ આવ્યું એટલે કહે, ''એમની મોટી છબી જોવી છે?'' એમ કહીને ગળામાં પહેરેલ સાંકળીમાંના લોકેટમાં જડેલી સાંઈબાબાની મોટી છબી બતાવી. એ જોઈને શ્રીમોટાએ કહ્યું, ''બરાબર આમનું જ મને પ્રત્યક્ષ દર્શન થયું.'' આ રીતે સાંઈબાબાએ શ્રીમોટાની સાધનામાં પ્રવેશ કર્યો. ''મારી સાધનામાં ફાઈનલ ટચ—છેલ્લો સ્પર્શ—સાંઈબાબાનો હતો.'' એમ તેમણે ઘણીવાર કહ્યું છે.

જોકે તેમના શ્રીસદ્‌ગુરુ તો જબલપુર પાસેના સાંઈખેડા ગામથી દૂર જંગલમાં રહેતા શ્રીકેશવાનંદજી—શ્રીધૂણીવાળાદાદા નામે જાણીતા અવધૂત હતા. જેઓ દિગંબર અવસ્થામાં ધૂણી ધિકાવીને બેસી રહેતા ને આકડાના ફૂલની માળા ગ્રહણ કરતા—હનુમાનજીની જેમ થોકબંધ આકડાની માળાઓ પહેરી રાખતા.

શ્રીધૂણીવાળાદાદાએ એક વાર શ્રીમોટાને તેમના સાધનાકાળ દરમ્યાન જણાવેલું કે, ''હું સાંઈબાબા છું, ઉપાસની મહારાજ છું, હું તાજુદ્દીનબાબા છું, હું અક્કલકોટનો સ્વામી છું.'' એટલું જ નહિ પણ જ્યારે શ્રીમોટા આવું સાંભળીને સમજી નહિ શકવાથી વિચારમાં પડી ગયા, ત્યારે ગુરુમહારાજે પોતાના હૃદયપ્રદેશ આગળ આંગળી મૂકીને તેમને કહ્યું, ''અહીં જો.'' ને શ્રીમોટાએ શું જોયું? એ ચારે મહાત્માઓ ત્યાં બિરાજેલા! આની પ્રતીતિ શ્રીમોટાને સાધનામાં આગળ વધતાં પ્રત્યક્ષપણે થયેલી. એ બધાય મહાત્માઓ તરફથી તેમના પર કૃપાદૃષ્ટિ થયેલી. અજ્ઞાતદશામાં તેમણે શ્રીઉપાસની મહારાજની નડિયાદમાં સેવા કરેલી અને પછી ૧૦-૧૨ દિન સુધી તેમના આશ્રમે (સાકોરીમાં) રહીને કૃપા-પ્રસાદી મેળવેલી. સાંઈબાબા તેમને કરાંચીમાં મળેલા. જ્યારે તેઓ સાબરમતી આશ્રમમાં હતા, ત્યારે તેમના સ્વપ્નમાં આવીને સાંઈબાબાએ કરાંચી જવા હુકમ કરેલો ત્યારે, ''પૈસા આપો તો જાઉં.'' એવો ઉત્તર તેમણે આપેલો. ને તે પછી અજાણી વ્યક્તિ તરફથી સાંઈબાબાની સૂચનાનુસાર રૂા. ૬૦ની રકમ રજિસ્ટર્ડ પોસ્ટથી તેમને મળી હતી.

પરંતુ બાકીના બે મહાત્માઓ વિશે તેમણે ક્યાંય લખ્યું નથી કે કોઈને કશું જણાવ્યું પણ નથી, કેમકે તેના કોઈ સાક્ષી નહોતા. જોકે એ બંને સત્‌પુરુષો તરફથી પ્રસાદી મળી હતી એમ તેમણે જણાવ્યું છે.

એટલે સાંઈબાબાનું શ્રીમોટા સમક્ષ પ્રકટ થવાનું નિમિત્ત પણ તેમના પોતાના ગુરુમહારાજ જ હતા. એ બધા સંતો સ્થૂળપણે અલગ છતાં એક જ ચેતનના આવિર્ભાવ હતા અને શ્રીમોટા તે સઘળા સત્‌પુરુષો પરત્વે પોતાના જ ગુરુમહારાજની ભાવના દૃઢાવતા એટલું જ નહિ પણ તેમનામાં પોતાના ગુરુમહારાજનું જ દર્શન કરતા.

કરાંચીમાં ૧૯૩૮ દરમ્યાન રમજાન મહિનામાં શ્રીમોટાએ રોજા કરેલા અને ઈદના દિવસે ઈદગાહના મેદાનમાં નમાઝ પઢવા ગયેલા. ત્યાંથી પાછા ફરતાં 'શ્રીસદ્‌ગુરુ' (સાંઈબાબા)ની આજ્ઞાથી તેમણે કરાંચી શહેરનો છ-સાત માઈલનો વિસ્તાર તદ્દન નગ્નાવસ્થામાં ચાલી-દોડી ગયેલા. પણ એટલું ફરીથી સમજી લઈએ કે સાંઈબાબાનો હુકમ એ પોતાના સદ્‌ગુરુનો હુકમ છે એમ ગણીને તેનું પ્રેમભક્તિપૂર્વક પાલન કરવામાં તેમને જરાયે આનાકાની કે વિલંબ લાગતો નહિ, તેથી તેમણે આ પ્રસંગના ઉલ્લેખમાં 'સાંઈબાબા' ને બદલે 'સદ્‌ગુરુ' શબ્દ વાપર્યો છે. આવો બીજો અનુભવ આવે છે દરિયામાં ચાલ્યા જવાની આજ્ઞા અને તેનું પ્રેમપૂર્વક પાલન.

સાંઈબાબાએ કરાંચીમાં એકવાર શ્રીમોટાને કહ્યું કે, ''મારા સ્થાને (શિરડી) જા.'' પરંતુ શ્રીમોટાને ત્યારે ત્યાં જવાની જરૂર નહિ લાગેલી. મળેલું કર્મ ને મળેલી પરિસ્થિતિ એ છોડીને તેઓ ક્યાંય જતા નથી. આ દરમિયાન શ્રીમોટા જેમને 'બાપુ' તરીકે ગણતા હતા તેમને અગમ્ય રીતે સ્ફુરણા થઈ કે શિરડી જવું ને શિરડીમાં મૌન એકાંત લેવું. શ્રીમોટાને સ્વાનુભવમાંથી મૌન-એકાન્તની સાધના હાથ લાગી ગઈ હતી એટલે જિજ્ઞાસુઓને તે માર્ગે વાળવા લાગ્યા હતા. તેમના 'બાપુ'એ કહ્યું કે, ''મને શિરડીમાં મૌન આપ.'' શ્રીમોટા કહે કે, ''પારકા પ્રદેશમાં જ્યાં આપણને કોઈ ઓળખે નહિ, ત્યાંની ભાષા આપણે જાણીએ નહિ તેવા સ્થળે મૌન કેમ લેવાય?'' ત્યારે બાપુ કહે કે, ''અરે! પૈસા ખર્ચીએ તો બધું શક્ય બને છે.'' અને શ્રીમોટાને લઈને તેઓ શિરડી ઊપડી ગયા. શ્રીમોટાની સમજમાં આવી ગયું કે, ''આ તો સાંઈબાબાની કરામત છે! એમની ઈચ્છા એવી કે મારે તેમના સ્થાને જવું. એટલે તેમણે જ આ પ્રસંગ ગોઠવ્યો!'' અને એક માસ સુધી શિરડીમાં સાંઈબાબાના સમાધિમંદિરની સામે ઉપરનો બધો ભાગ ભાડે રાખીને ''બાપુ''ને મૌન આપ્યું. શિરડીમાં તેઓ બંનેને સાંઈબાબાના એક પ્રખ્યાત ભક્ત અબ્દુલબાબાની મુલાકાત થઈ. વાતવાતમાં અબ્દુલબાબા શ્રીમોટાને સંબોધીને કહે કે ''તમે તો અમારા કુટુંબના છો.'' આવી રીતે એક ભક્તે બીજા ભક્તને ઓળખી કાઢ્યા.

● શ્રીમોટાઃ મુક્તાત્મા ●

૧. કેવા મહાત્મા

શ્રી નંદુભાઈ લિખિત 'આશ્રમની અટારીએથી'માં એક પ્રસંગ આવે છે. ૧૯૬૧માં સુરત આશ્રમ પાસેના શિવાલયના જીર્ણોદ્ધાર માટે એક મહારુદ્ર યજ્ઞ યોજાયેલો. એમાં શ્રીમોટાને મુખ્યપદે બેસાડીને મુખ્ય ઋત્વિજે વિધિસર પૂજા કરી અને યજ્ઞમાં બેસનાર દંપતીએ એમને હારતોરા પહેરાવી ચાંદલા કર્યા. જાણે યજ્ઞના અધિષ્ઠાતા દેવ શ્રીમોટા હોય તેમ તેમનું સન્માન કર્યું. એટલે યજ્ઞમાં આવનાર લોકો તેમનાં દર્શને જવા લાગ્યાં. એટલામાં શ્રીમોટા ત્યાંથી વિદાય થઈ ગયા એટલે ભક્તો પૂછવા લાગ્યા કે 'શ્રીમોટા ક્યાં?' સેવકો પરબ તરફ આંગળી ચીંધી કહે, 'જુઓ પેલા પાણી પાય તે.' માથે ફાળિયું ને નીચે લુંગી પહેરેલા શ્રીમોટા બધાંને પાણી પાતા જાય અને બોલતા જાય, ''મને અડશો નહીં.... અહીં પૈ-પૈસો મૂકતાં જાવ.... મારો પગાર કેમ નીકળશે!'' લોકો મનમાં વિચારતા જાય કે કેવા મહાત્મા! ઘડીમાં યજ્ઞમાં પૂજા સ્વીકારતા હતા ને ઘડીકમાં પાણી પાવા બેઠા!? શ્રીમોટાને કશી મોટપ કે નાનમ કે સંકોચ નથી.

આ જ શિવાલય પાસેના તાપી નદીના ઓવારાનો જીર્ણોદ્ધાર શ્રીમોટાએ રૂા. ૧૦,૦૦૦ના ખર્ચે કરાવ્યો હતો, જેમાં ૫-૬ હજાર તો તેમણે પોતાના આપેલા—એટલે કે આશ્રમના. જ્યારે આ જીર્ણોદ્ધારના ખાતમુહૂર્તની ક્રિયા શ્રીમોટાને હસ્તે કરાવવાની ઇચ્છા તેના સંચાલકોએ વ્યક્ત કરી ત્યારે તેમને બહારગામ જવાનું હતું, એટલે પોતે તો તે કરી નહિ શકેલા ને બીજાને તેમની સલાહ અનુસાર તે વિધિ માટે બોલાવવા પડેલા.

૨. ડૉક્ટરનો અદ્‌ભુત બચાવ

બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન લશ્કરમાં આંખના એક ગુજરાતી ડૉક્ટર નોકરી કરે. (તેઓ અત્યારે હયાત હોઈને નામ આપવું ઠીક નથી.)

અમેરિકા, યુરોપ અને આખરે જાપાન ગયેલા અને જાપાની લશ્કરના હાથમાં ઝડપાઈ ગયેલા. તેમના હાથમાંથી ગમે તેમ છૂટીને ભારે યાતનાઓ વેઠીને ભારતમાં નાસી આવેલા. સુરતના તેમના એવા જ એક દાક્તર-મિત્ર જે આશ્રમને અને શ્રીમોટાને જાણે તેમની મારફત ડૉક્ટર સાત દિન માટે મૌનમાં બેઠા. બહાર નીકળવાના બે-ત્રણ દિવસ અગાઉથી તેમની અસ્વસ્થતાની નિશાનીઓ મળી હતી. બહાર નીકળ્યા બાદ આશ્રમના નિયમ મુજબ, વરસાદની મોસમને લઈને બધાં પડાળીમાં પ્રાર્થના માટે ભેગાં થયાં ત્યારે શ્રીમોટા ત્યાં જ હતા. પણ પેલા દાક્તર બહાર ચોકમાં આંખો મીંચીને બેસી રહ્યા. ઘણાને એમ લાગ્યું કે ધ્યાનમાં કે ભાવાવેશમાં છે એટલે તેમને જગાડ્યા નહિ. પ્રાર્થના પૂરી થયા બાદ બહાર આવતાં દાક્તર અદૃશ્ય! ઘણે ઠેકાણે તપાસ કરી પણ નિરાશા. ત્યારે તાપી બે કાંઠે હતી. બગીચાનો ઝાંપો ઉઘાડો જોવામાં આવ્યો. ત્યાંથી પસાર થયેલ માણસનાં પગલાં તાજાં પડેલાં જોવામાં આવ્યાં ને તે નદીમાં પૂરાં થતાં હતાં, એટલે નદીમાં જ તે પડ્યા હશે એવું અનુમાન થયું.

એમના (સુરત ખાતેના) ડૉક્ટર મિત્રે શ્રીમોટાને જણાવ્યું કે આ પહેલાં બે-ત્રણ વાર ગાંડપણના હુમલા આવેલા એટલે તે વખતે તેઓ ભાંગફોડ કરે, મારામારી કરે. ડૉક્ટરને તરતાં આવડતું હતું કે કેમ તેની કોઈને ખબર નહિ. લોકો ચારે તરફ તપાસ કરવા નીકળી પડ્યા. શ્રીમોટા ત્યારે નદી કિનારે બેઠા.

થોડીવારે તેઓ જડ્યા. આશ્રમથી દોઢેક માઈલ દૂર રાંદેર નામે ગામ છે. ત્યાં ખલાસીઓ ને ગામના છોકરાઓ નદીમાં નહાવા પડેલા ને માછલીઓ પકડતા હતા. તેઓએ ઊભા તારામાં કોઈક તણાઈ આવતા માનવીને જોયો. તેને પેલા લોકોએ પકડ્યો ને હડસેલો મારીને દોરડા નાંખીને કિનારે ખેંચી આણ્યો હતો. મંદિરમાં થાંભલાની સાથે તેમને બાંધી દીધા, કેમકે નાગા થઈને તોફાન કરતા હતા. દરમ્યાન આશ્રમેથી પેલા ડૉક્ટર મિત્ર ને બીજાઓ તે જગ્યાએ જઈ પહોંચ્યા. જેમ તેમ કરીને તેમને ગાડીમાં ઘાલીને આશ્રમે લાવ્યા ને સુરતના ડૉક્ટર

મિત્રને ઘરે બધાં ગયાં. એમણે ઘરમાં પણ ઘણું તોફાન કર્યું. ધોતિયું ફેંકી દીધું. કાચની બરણીઓ ફોડી નાંખી. રેડીયો ઊંચકીને દૂર ફેંકી દીધો, પણ સદ્‌ભાગ્યે રેડીયાને કશું નુકસાન થયું નહિ. માંડ માંડ કાબૂમાં રાખી તેમને જમાડ્યા ને દોઢ વાગ્યાની ફાસ્ટમાં અમદાવાદ તેમના ઘરે લઈ જવાનું નક્કી કર્યું.

તેમના બે મિત્રો સાથે તે સુરત સ્ટેશને આવી પહોંચ્યા. શ્રીમોટા પણ આ જ ગાડીમાં નડિયાદ જવાના હતા, એટલે તેઓ અને તેમના મિત્રો શ્રીમોટાની સાથે પહેલા વર્ગના ડબ્બામાં બેઠા. શ્રીમોટાની સાથે બેસાડ્યા એ આશાએ કે તે શાંત રહે. અત્યાર સુધી એમણે શ્રીમોટાને જોયા નહોતા. આ વખતે પહેલીવાર જોતાં તેઓ શ્રીમોટાને ભેટ્યા ને શ્રીમોટાએ પણ તેમને વહાલ કર્યું. તેઓ શાંત રહ્યા. ઘડીકમાં હસે, ઘડીકમાં ગંભીર થઈ જાય, પણ કાંઈ તોફાન કર્યું નહિ. અમદાવાદ પહોંચ્યા પછી પણ શાંત રહ્યા.

પેલો પ્રસંગ બન્યો તે બાદ બે દિવસ પછી પેલા ડૉક્ટર અને તેમનાં પત્ની નડિયાદ આશ્રમે શ્રીમોટાને પગે પડવા ગયાં. તેમણે બંનેએ શ્રીમોટાને હારતોરા પહેરાવ્યા બાદ પાસે ઊભેલા શ્રી નંદુભાઈએ કહ્યું કે, ''પ્રભુનો પાડ માનો કે તમને તરતાં આવડતું હતું. તેથી બચી ગયા.'' ત્યારે ડૉક્ટર તુરત જ બોલી ઊઠ્યા, ''ના, મને તરતાં બિલકુલ નથી આવડતું. હું નદીમાં નહાવા ગયો હતો. તેમાં આગળ વધતાં વધતાં પાણીનો એક હિલોળો આવતાં હું તેમાં ઘસડાયો. છેલ્લી વાર જમીન ઉપર પગ ટકેલા એટલું યાદ છે. પછી શું થયું તેની ખબર નથી. હું પાણીમાં ડૂબી કેમ ના ગયો તે જ મોટું આશ્ચર્ય છે! બહારથી મને કશું ભાન નહોતું!''

આશ્રમમાંથી જતાં પહેલાં એમણે અને એમનાં પત્નીએ દરેકે શ્રીમોટાને પગે પડીને ૧૦૮ રૂપિયાની ભેટ મૂકી. શ્રીમોટાને એમણે લખેલા એક પત્રમાં આમ જણાવ્યું હતું.

''શ્રીતાપી માતાનાં પાણી આ શરીર ઉપર ફરી
વળ્યાં ને માથા પર પાણી આવી ગયાં ત્યારે

'તવ ઇચ્છા પ્રભુ સદાય મારી' એ સ્વામી રામતીર્થની પ્રાર્થના મારાથી બોલાઈ ગઈ અને જીવ સહીસલામત બહાર કોઈ અલૌકિક રીતે આવી શક્યો તે પ્રસંગમાં હરિઃૐ આશ્રમ અને તેના પ્રણેતાનું ગૌરવ પ્રકટાવવાની એની ઇચ્છા હતી તે સિદ્ધ થાય છે.''

૩. ૧૫મી ઓગસ્ટની ઉજવણી★

તા. ૧૫-૮-'૬૭ના રોજ કુંભકોણમ્‌માં તેઓ સવારે ૮-૩૦ વાગ્યે શ્રી નંદુભાઈના ભાઈ શ્રી હસમુખભાઈની રાહ જોતા આશ્રમે બેઠા હતા. તેઓ તેમની સાથે મોટરગાડીમાં એક સ્થળે જવાના હતા. ૮-૩૦ વાગતાં ગાડી દેખાઈ નહિ એટલે તેઓ નીકળ્યા ગાંધી ટોપી, લંગોટ અને ચંપલ પહેરીને—બસ આટલું જ! કદાચ સામે રસ્તામાં શ્રી હસમુખભાઈ મળી જશે એવી આશામાં તેમણે ચાલવા માંડ્યું. એમ ચાલતાં ચાલતાં તેઓ ઠેઠ પેઢીના મકાન સુધી પહોંચી ગયા. ત્યારે ખબર પડી કે શ્રી હસમુખભાઈ બીજા ઘણા અગત્યના કામમાં રોકાઈ ગયા ગયા એટલે નીકળી શકાયું નહિ. તેમનો આવો વેશ જોઈને કોઈને ખાસ આશ્ચર્ય તો ના થયું, કેમકે તેમની વર્તનરીતિથી પરિચિત હતા.

૪. સૂક્ષ્મ વિવેકના જ્ઞાતા★★

૧૯૬૧માં શ્રીમોટાના નાના ભાઈની પુત્રીનાં લગ્ન હતાં. એટલે તેઓશ્રી તથા તેમની મંડળી વહેલી સવારે ગણેશ-સ્થાપના વેળા ગયા. કન્યાના મામા શ્રીમોટાના પ્રસંશક અને સ્થિતિએ સામાન્ય. શ્રીમોટાને ગાદીતકિયે બેસાડવાની વ્યવસ્થા થયેલી. તેઓ ત્યાં બેઠા. કન્યાના મામા પાથરણા પર બેઠેલા જોવામાં આવ્યા. એટલે તેઓએ ઊભા થઈને

★ 'આશ્રમની અટારીએ' માંથી

★★'આશ્રમની અટારીએ' માંથી

મામાને તેમનાવાળી જગ્યાએ, ગાદીતકિયે અતિ આગ્રહ કરીને બેસાડ્યા. આમ, કન્યાના મામા આશ્રમે આવે ત્યારે શ્રીમોટાને પગે પડે અને સામે નીચે બેસે, પણ આજનો પ્રસંગ જુદો હતો. શ્રીમોટા ત્યાં ગુરુ કે મહાત્મા તરીકે નહોતા ગયા પણ કન્યાના કાકા તરીકે ગયેલા અને મામાનું સ્થાન વિશિષ્ટ એટલે તેમને ઊંચા આસને જ બેસાડવા ઘટે. શ્રીમોટાની આ વિવેક-ભાવના. દરમિયાન બીજા ન્યાતીલાઓ આવ્યા તેમને પણ ગાદી પર બાજુમાં બેસાડ્યા અને તેઓ ખસતાં ખસતાં ગાદીની કિનાર પર બહુ સિફતથી આવી ગયા.

આ ઘટના બહુ સામાન્ય લાગે, પણ શ્રીમોટા એમ શીખવે છે કે યોગ્ય સમયે યોગ્ય સ્થાને યોગ્ય વ્યક્તિને માન મળવું જ ઘટે. તેમના આવા સૂક્ષ્મ વિવેકના ઘણા પ્રસંગો જોવા મળે છે.

સુરત આશ્રમમાં સરકારી નોકરી કરતો નીચલા થરનો એક યુવક શ્રીમોટા પાસે લગભગ રોજ આવે અને ખૂબ સેવા કરે. જ્યારે તેના પિતા શ્રીમોટાનાં દર્શનાર્થે આવે, ત્યારે ખુદ શ્રીમોટા તેમને બાપાજી કહીને બોલાવે ને, ''કેમ બાપાજી મઝામાં છોને?'' એમ પૂછે. એવી રીતે બધાં સ્વજનોના સંબંધે. ઘરે પાછાં જતાં સ્વજનને તેઓશ્રી અચૂક કહે, ''બાને મારા પ્રમાણ કહેજો.'' ''ભાઈને મારા વતી વ્હાલ કરજે.'' જ્યારે સ્વજનો તેમને સ્ટેશન પર લેવાં ગયાં હોય, ત્યારે તેઓશ્રી તેનાં ઘરનાં બધાં સગાં-સંબંધીઓની બહુ ભાવથી ખબર પૂછે, ''કેમ, દાદાજીની તબિયત સારી છે ને?'' ''ભાઈનો અમેરિકાથી કાગળ આવે છે?'' વગેરે. શ્રીમોટાનું આ પાસું વિવેક કરતાં તેમનો હૃદયનો પ્રેમભાવ વધુ સૂચવે છે. શ્રીમોટાના બે-ત્રણ શબ્દો હોય છતાં કેવા અમૃતમય, હૃદયના ઊંડાણમાંથી આવતા હોય તેની ખબર પડી જાય છે. તેમનાં સ્વજનોનું એક અતિ વિશાળ વર્તુળ થયું છે તેનું કારણ તેમનો આ પ્રેમ છે. શ્રીમોટાના જીવનના આ પાસાને કવિ શ્રી કનૈયાલાલ દવેએ ''મોટા તારો ડાયરો!'' એ ગીતમાં હૂબહૂ સ્પષ્ટ કર્યું છે, એ અમને યાદ આવે છે.

એક દીઠો અવધૂત—સંત, મીઠો—
મોટા, —તારો છાંયડો રે લોલ.

જાણે વડલો ઘેઘૂર હો અદીઠો,
મોટા, તારો ડાયરો રે લોલ.

• • •

એની ચેતનાએ અમને જગાડ્યા,
ઊઘાડ્યાં ઉર - બારણાં રે લોલ.
જાણે માતાએ બાળને રમાડ્યાં
કરાવ્યાં ખોળે પારણાં રે લોલ.★

૧૯૬૦માં ડાકોરથી એક 'કિસાન સ્પેશ્યલ' શ્રીમોટાના શુભહસ્તે ઉપાડવાનું નક્કી થયેલું. ત્યારે તેમણે ઓચિંતા સ્પેશ્યલના એન્જીન ડ્રાઈવરને ફૂલ-હારતોરા પહેરાવીને તેનું બહુમાન કર્યું હતું. જ્યારે ખુદ શ્રીમોટાએ પોતે એ ડ્રાઈવરને સન્માન્યા, ત્યારે આખો રેલવે સ્ટાફ આશ્ચર્યચકિત થઈ ગયેલો.

અને આવો જ સૂક્ષ્મ વિવેક ૧૯૭૦માં મુંબઈ ખાતે જોયો. મહારાષ્ટ્ર સરકારને અખિલ હિન્દ ધોરણે ખુલ્લા સમુદ્રની તરણસ્પર્ધા દર વર્ષે યોજવા માટે શ્રીમોટાએ રૂા. એક લાખ આપવાનું નક્કી કર્યું. તે માટે મુંબઈનાં તેમના સ્વજન શ્રી ચંદ્રકાન્ત ર. મહેતા અને બીજાઓએ જાહેરખબરોનું સુવેનીયર બહાર પાડીને એક નૃત્યનાટિકા યોજેલી. ત્યારે બિરલા માતૃશ્રી સભાગારમાં તે અંગેના સમારંભ વેળા, શ્રીમોટાની સૂચનાથી આશ્રમવતી શ્રી રાવજીભાઈ પટેલે શ્રી ચંદ્રકાન્તભાઈનાં વયોવૃદ્ધ માતૃશ્રીને ફૂલહાર અર્પણ કર્યા હતાં. માતૃશ્રીએ એના સ્વીકાર સામે ઘણી આનાકાની કરી ત્યારે શ્રીમોટાએ કહેલું કે, ''મા વગર અમે આવું ક્યાંથી કરી શકવાના હતા?''

આવો વિવેક વ્યવહાર આચરતા આપણે શ્રીમોટાને જોઈએ છીએ ત્યારે બીજી ક્ષણે વિસ્મય થાય છે કે, ''આ તે કેવા મુક્તાત્મા?'' ભક્તોની સાથે વ્યાવહારિક વાતો કરતાં હોય અને વાતવાતમાં એમનાં માતૃશ્રી અને ગુરુમહારાજને યાદ કરતાં રડી પડતા હોય, તો કોઈ અગમ્ય કારણે ગુસ્સો કરતા હોય! આવી વિરોધી ખાસિયતો, લાક્ષણિકતાઓ જોતાં એમ લાગે કે આ સામાન્ય સાધુ નથી. સાત-આઠ

★'પૂજ્ય શ્રીમોટા હીરક મહોત્સવ સ્મૃતિગ્રંથ'માંથી

તીવ્ર શારીરિક રોગોના સપાટામાં હોવા છતાં પીડાને ''આનંદની લહરી''માં ફેરવી દઈ, સદાય હસતા, પ્રસન્નતા પાથરતા, થાક્યા વિના સતત કામ કરતા જોઈએ છીએ!

તેમને વ્યક્તિ-પૂજા જોઈતી નથી. તેઓશ્રી જેવા ભક્ત છે તેવા વેદાંતી, જ્ઞાની છે. જ્યારે બધા 'ગુરુ'ની વાતો કરતા હોય છે; ફોટાની ને કાન ફૂંકવાની વાતો કરતા હોય છે, ત્યારે તેઓ કહેતા હોય છે કે ''ગુરુ, ગુરુ શું કરો છો? ગુરુ એ દેહ નથી. ગુરુ તો ભાવના છે. અને 'મોટા' કહીને તમે જેને પૂજો છો, તે હાડચામનો માનવી નથી. પણ એનામાં જાગેલી ચેતના છે. એ ચેતના સાથે પ્રેમ બાંધો.''

• • •

ઘણીવાર કેટલાકને એમ લાગે છે કે, ''**મોટા** વારંવાર એકનું એક કહેતા હોય છે—'' ગુણ અને ભાવના વિના સમાજ બેઠો નહિ થાય. સમાજને બેઠો કરવો એ સાચો ધર્મ છે. માત્ર કથા, સપ્તાહો ને સેમિનારોથી કશું નહિ વળે—બધા સવાલોનો એક જ જવાબ—'માસ્ટર કી' Master Keyની જેમ છે. 'ગમે તે સાધન કરો; સંયમ, વ્રત, જપ, તપ કરો પણ જ્યાં સુધી આપણાં રાગદ્વેષ મોળાં પડતાં ન અનુભવીએ ત્યાં સુધી બધું જ બાકી છે.' એ નામની ગઝલમાં તેઓ સીધો ટંકાર આ પ્રમાણે કરે છે :

બધી એકાદશી પાળી, બધાં વ્રત આચર્યાં કીધાં,
બધા આચાર વિચાર પૂરી સંભાળથી પાળ્યા;
જઈ દેવાલયે દર્શન કર્યાં કીધાં સમે સમયે,
છતાં લગની ન લાગી જો, ગણો સર્વસ્વ બાકી છે.

('પ્રણામ-પ્રલાપ', આ. ૨, પૃ. ૧૪૨)

• • •

કથાઓ સંભળાવી છે, પ્રવચનો કૈંક કીધાં છે,
બધાં શાસ્ત્રો ઉકેલીને જગતને બોધ દીધો છે;
પરંતુ જો જગતનાં સૌ કૂંડાળાથી ન છૂટ્યા છે,
ધૂરંધર છો ગણાતા હો, —છતાં સૌ એનું બાકી છે.

('પ્રણામ-પ્રલાપ', આ. ૨, પૃ. ૧૪૨)

૫. અનોખો આહુતિ-યજ્ઞ★

શ્રીમોટાએ કંઈ કંઈ મૌલિક કાર્યો કરી બતાવ્યાં છે. ૧૯૬૨ની સાલમાં નરોડા ગામમાં તેમણે એક આહુતિ-યજ્ઞ માંડેલો, જેમાં સતત ત્રણ દિન ને રાત ચોવીસે કલાક આહુતિ (થોડા જવ અને તલની) શ્લોકને અંતે આપવાની. તેમાં દરેક સ્ત્રી, પુરુષ ને બાળક ભાગ લઈ શકે, કોઈપણ જાત-ભાત ને ધર્મના. આહુતિ આપવાની પોતાની નિમ્ન વૃત્તિઓની. જીવનવિકાસને માર્ગે આગળ વધવા માટે પ્રભુને પ્રાર્થના કરવાની. આવો અપૂર્વ એ યજ્ઞ હતો. એમાં ઘી, જવ, પંડિત કશાયનો ખર્ચ નહિ. કેવળ બેસવા માટે મંડપ અને પ્રકાશને માટે દીવા.

જે શ્લોક બોલવાનો તે સંસ્કૃતમાં નહિ. બધાં સમજી શકે એટલે શ્રીમોટાએ ખાસ ગુજરાતીમાં શ્લોક નીચે પ્રમાણે રચ્યો હતો :

''પામવા વિઘ્નથી મુક્તિ, શાંતિ કલ્યાણ ઝંખવા,
આહુતિ આપીએ પ્રાર્થી, ઉન્મુખી દિલ પ્રેરવા.''

અહીં વિઘ્ન શબ્દનો અર્થ જે ઘટાવવો હોય તે ઘટાવી શકાય— સંસારનાં વિઘ્નો, સાધનાનાં વિઘ્નો, ગમે તે વિઘ્નો. જે ઝંખનામાં બીજી બધી તૃષ્ણાઓનો વિલય થઈ ગયો હોય એવી જ એકમાત્ર ઝંખના જીવતી રહે તો જ શાંતિ ને કલ્યાણ પામી શકાય અને આવી આહુતિ અંગે 'દિલ ઉન્મુખી બને' એ જ એનો પરમ લાભ.

આ જ સમયે નરોડામાં પોણો માઈલ દૂરના સ્થળે લક્ષચંડી યજ્ઞ થઈ રહેલો, જેમાં ૧૨૫૦ જેટલા બ્રાહ્મણો આહુતિ આપનાર ભેગા કરવામાં આવેલા. ૧૦૧થી વધુ યજ્ઞની વેદિઓ અને પાર વિનાના સ્વયંસેવકો અને બીજો લાખો રૂપિયાનો ધુમાડો થતો હતો. ચીલાચાલુ યજ્ઞો વિશે પ્રજાની આંધળી શ્રદ્ધા, તેથી તેમને શું મળે છે એ તો એ જાણે.

શ્રીમોટાના યજ્ઞમાં તો બધાં ગમે તે ભાગ લઈ શકે. સમાજ આગળ શ્રીમોટાએ સાંકેતિક પ્રતીકરૂપે આ યજ્ઞ રજૂ કર્યો છે. એમાં મૌલિકતા છે, વિશેષતા છે ને જનસમાજને ઊર્ધ્વમાર્ગ પ્રતિ દોરવાને સંકેત છે.

★'આશ્રમની અટારીએથી'માંથી

આ યજ્ઞ દરમિયાન જરા રમૂજ પણ થઈ. પેલા યજ્ઞના કેટલાક બ્રાહ્મણોને શ્રીમોટાના યજ્ઞની ખબર થઈ અને બહેનો પણ એમાં ભાગ લે છે એવી જાણ થઈ એટલે તેઓ શ્રીમોટાને કહેવા લાગ્યા, ''તમે અધર્મ કરી રહ્યા છો, મહારાજ.'' શ્રીમોટાએ જવાબ આપ્યો, ''આનું પાપ અને સજા હું ભોગવી લઈશ.'' બ્રાહ્મણો ખિન્ન હૃદયે વિદાય થયા.

આ શું દર્શાવે છે? જીવનમુક્તો કને અનુકરણ નથી હોતું પણ મૌલિકતા હોય છે. આજે પણ શ્રીમોટાને જ્યાં જ્યાં ઉચિત સમયે યજ્ઞ કરવાનો આવે છે, ત્યારે ઉપર જણાવેલી રીતે તેઓ યજ્ઞ યોજે છે, જેમાં સર્વજનો સામૂહિક રીતે ભાગ લઈ સાચી આહુતિ આપી શકે છે અને તેનો આનંદ માણે. આવી વિધિઓ—બારમા તેરમાની પણ—તેઓશ્રી જાતે કરવા બધાંને સલાહ આપે છે, કેમકે સ્વયં કરવામાં ભાવ રહેતો હોય છે. બીજાં કરે તે તો ભાડૂતી હોય. એવી રીતે થતી વિધિ કોને પહોંચે? એમનાં માતુશ્રીના દેહના અવસાન પછી પિંડ વહેરવાની ને એવી અંતિમ ક્રિયા એમણે પોતે કરેલી.

૬. ''જીવન-મુક્તિ''

શ્રીમોટાએ મુક્તાત્માઓ અંગે ઘણીવાર તેમના ઉત્સવો દરમ્યાન, તેમના પત્રોમાં ને વાર્તાલાપોમાં સમજ આપી છે. જે વિશે ટૂંકમાં તેનો સાર તેઓશ્રીના શબ્દોમાં નીચે ઉતારીએ છીએ :

'મુક્ત' એ પ્રભુનો પ્રતિનિધિ છે એમ મનાય છે. પ્રભુને પિછાનવો જેટલો મુશ્કેલ તેટલો મક્તને પિછાનવો મુશ્કેલ.

બધા મહાત્માઓ વ્યક્તવ્યમાં એક સરખા ના હોઈ શકે. દરેકની પ્રકૃતિ સ્થળ, કાળ ઉપર આધાર રાખે છે. પણ તેથી એકમાં શક્તિ ઓછી ને બીજામાં વધારે એમ ના ગણાય—સમય ને સ્થળની માગ મુજબ, જરૂરિયાત મુજબ તેમનું વર્તવું કે વ્યક્ત થવાનું બને છે.

જીવદશાવાળા અને મુક્ત વચ્ચે ફરક શો હોઈ શકે? જીવદશાવાળો એટલે સંસારી જીવડો તેની પ્રકૃતિનો દાસ હોય છે, ત્યારે મુક્તપ્રકૃતિનો તેનો સ્વામી હોય છે. પ્રકૃતિ દ્વારા તે વ્યક્ત થાય છે. જેમ નદીને વહેવા

પટ જોઈએ તે મુજબ, પણ તે તેનાથી (પ્રકૃતિથી) પર રહેતો હોય છે. આ પાયાનો તફાવત.

આમ છતાં તે શુદ્ધ ચેતનની તોલે નહિ આવી શકે. ચેતનને પ્રારબ્ધ હોતું નથી; ત્યારે મુક્તને આછુંપાતળું પણ હોય છે, પણ બળેલી દોરડીના વળ જેવું—દેખાવમાં વળ જણાય પણ હાથમાં લેતાં ખલાસ—એવી રીતે મુક્ત વિશે. ચેતનના ગુણધર્મ મુક્તમાં અવતરે છે. પણ ચેતન જેટલું અનંત શક્તિશાળી, અંતર્યામી સચરાચરમાં ભરેલું તેટલો મુક્ત નહીં હોઈ શકે. સાગર અને કુલડીમાંનું સાગરનું પાણી—એ બેની સમજ ઉપરથી ચેતન અને ચેતન-નિષ્ઠ અથવા મુક્ત વચ્ચેનો તફાવત સમજી શકાશે. સાગરના પાણી અને કુલડીમાંના સાગરના પાણીના ગુણધર્મ એક સરખા છતાં વિસ્તાર, ઊંડાણ વગેરેની દૃષ્ટિએ બંને વચ્ચે અગાધ ફરક.

જો ઈશ્વરને તમે હલાવો તો હાલે ને ચાલે તેમ મુક્તોને પણ તમે નિમિત્ત આપો તો તે હાલે ને ચાલે. નહિ તો જેમ ચાલતું હોય તેમ તે ચાલવા દે. આ વિશે વધુ સમજ આપતાં શ્રીમોટાએ એક દાખલો આપેલોઃ

''સુરત આશ્રમે એક ભાઈ ને બહેન સત્સંગ કરવા આવે. બંને સુશિક્ષિત અને આગળ વધેલાં, ઊંચા કુટુંબનાં. એક ઈલેક્ટ્રીકલ એન્જિનિયર ને બીજાં બહેન બી. એડ. થયેલાં. એ લોકો મારી સલાહ લેવા આવ્યાં કે ''અમે લગ્ન કરીએ?'' શ્રીમોટા કહે, ''કરો તમારે કરવાં હોય તો.'' તેમનાં માબાપની પણ મંજૂરી મળી. આશ્રમે લગ્ન થયાં, પણ બે-ત્રણ વર્ષ બાદ બંને વચ્ચે એવો અંટસ પડ્યો કે છૂટાં રહેવાં લાગ્યાં. તો કોઈએ પૂછ્યું કે, ''**મોટા,** તમે લગ્ન કરાવી આપેલાં તોયે તેમને કેમ ના બન્યું ને તેમનો સંસાર બગડ્યો.'' ''તો ભાઈ હું શું કરું? ... મારે મોઢે એમ હોય તો મેશ ચોપડો!'' ''ત્યારે કોઈ અથડાતું હોય, ટિચાતું હો તોયે તેમને રસ્તો ન બતાવો?'' ''શું કામ બતાવે? હા, એ ક્યારે બને? જ્યારે એવા મુક્તની સાથે તે હળી, મળી, ભળી ને ગળી ગયો હોય અને તેને લોકો નિમિત્ત આપતા હોય ત્યારે પેલો કંઈક કરવાનું હોય તો કરે. બાકી નહિ!''

આવા મુક્તાત્માને કોઈ આગ્રહ હોય નહિ. સર્વની સાથે એકરૂપ થઈ શકે છે—પાપીની સાથે ને પુણ્યશાળીની સાથે પણ. એને કશામાંય રાગ કે આસક્તિ હોતી નથી. એ સતમાંય વર્તે ને અસતમાંય વર્તે.

આવા અનુભવી આત્માઓ ચાર પ્રકારના હોય છે—જડવત્, પિશાચવત્, બાલવત્ ને હંસવત્. (૧) લાકડાની જેમ પડી રહે તે જડવત્. (૨) કાંઈ માગે નહિ કે કરે નહિ તે પિશાચવત્ પણ હોય પણ બહુ જવલ્લે જોવા મળે. તેવો આત્મા નાગો ફરે, બિભત્સ બોલે, મારે પણ ખરો; કાયદા-વિધિ તોડે પણ ખરો—છતાં તે મુક્ત! (૩) બાલવત્ બાળકની જેમ વર્તે, આ માગે, તે માગે, હસે, રડે. શ્રીમોટા કહે, ''મને ઘણી વખત કંઈ કંઈ ભાવ આવી જાય છે. પણ મારા ગુરુમહારાજે ચેતવણી આપેલી કે, જોજે ગાંડાવેડા કાઢતો નહિ! દુનિયા ખરાબ છે. સમજશે નહિ ને તું મુશ્કેલીમાં મુકાઈ જશે! એટલે હું ભાવોને દબાવી દઉં છું. વળી મારો ધર્મ રહ્યો ગૃહસ્થનો. સમાજ વચ્ચે રહેવાનું. એટલે શું થાય? તમે મને કોઈ સંઘરો નહિ જો બાળકવેડા કરું તો! પણ એવો બાળક જેવોય મુક્તાત્મા હોય છે—અનુભવી હોય છે.

અને હંસવત્ નીર-ક્ષીર ન્યાય જે કરી શકતો હોય એટલે જ્ઞાની. આ પણ અનુભવી હોય જેમ કે શંકરાચાર્ય. આ રીતે ચાર પ્રકારના મુક્તાત્મા વિશે શ્રીમોટા ઘણીવાર સમજાવે છે.

ચેતનામાં નિષ્ઠા પામેલા આવા આત્માઓને આપણે સંસારીઓ શી રીતે ઓળખી શકવાના? માટે હંમેશાં શીખ આપવામાં આવે છે કે, ''ગુરુ કરે તેમ ના કરો, પણ કહે તેમ કરો. અને એને ઓળખવાની ખટપટમાં ના પડો.''

શ્રીમોટા વળી કહેતા હોય છે કે, ''આવો આત્મા પણ ઓળખી શકાય, કેમ ના ઓળખાય? જો દીર્ઘકાળપર્યંત, પ્રેમભક્તિપૂર્વક, સદ્-ભાવભર્યો તેનો પરિચય કેળવ્યો હોય તો તે સમજી શકાય.''

૭. રામ ઝરૂખે બૈઠકર★

રામ ઝરૂખે બૈઠકર સબકા મુજરા લેત,
જીસકી જીતની ચાકરી, ઈતના તનખા દેત.

અહીં તુલસીદાસ શ્રીરામને ન્યાય તોળનારના સ્થાને બેસાડે છે. જેની જેટલી ચાકરી તેટલો જ પગાર દેવાની વાત કરે છે—વધતોઓછો નહિ. ''જેવી જેની કરણી તેવી તેની ભરણી.'' ''વાવો તેવું લણો.''—વગેરે કહેવતોને અનુસરવાનો ઉલ્લેખ કરે છે. જેવું આપીશું તેવું પામીશું અને મુક્ત સાથેના સંપર્કમાં આપણે આ પ્રમાણે અનુભવીએ છીએ.

લોકો કહે છે કે મુક્ત બધાંને એક સરખી રીતે કેમ નથી ચાહતા? કો'કને વ્હાલથી બોલાવે છે, તો કો'કને આવકાર આપે તો વળી કો'કને અવગણના પણ જણાય. આવા ભેદભાવ શાને? આવી આવી પ્રશ્નમાળા લગભગ કેટલાયનાં મનમાં ઊઠતી હોય છે અને ગૂંચવણમાં પડી જતાં મુક્તને એક સામાન્ય માનવી ગણવા તેનું મન પ્રેરે છે.

મુક્તના હૃદયમાં સર્વ-પ્રતિ એકસરખો ને એકધારો કરુણાનો ભાવ વહેતો હોય છે. કોઈ પ્રતિ તેને નકારાત્મક વૃત્તિ નહિ ઊઠે. પરંતુ વ્યક્તવ્યમાં તો જરૂર સામાન્ય દૃષ્ટિએ ફેરફાર જણાવાનો. ''Human in Front, divine in Back.'' બહિર્પણે સામાન્ય માનવીનો દેખાવ જરૂર લાગવાનો, પરંતુ તેની પાછળની ભૂમિકા ઉપર સ્થિર રહીને હંમેશાં અલિપ્ત રહે. ''જિસકી જિતની ચાકરી ઈતના તનખા દેત.'' પ્રમાણે તે વર્તતા હોય છે. જેવો આપણો ભાવ તે પ્રમાણેનું તેનું પ્રત્યાઘાતી વ્યક્તવ્ય અનુભવીશું. આમ તો એ છે આઘાત-પ્રત્યાઘાતથી તદ્દન પર અને છતાંય સાથે સાથે આઘાત-પ્રત્યાઘાત નિયમને આચરનાર, પણ છતાં તે એક્કી સાથે સર્વ કાંઈ છે એ એની વિશેષતા.

★'આશ્રમની અટારીએથી'માંથી.

૮. માથે પેટી મૂકીને....

શ્રીમોટાની નમ્રતા કેટલી બધી હતી અને તેમને મોટાઈનો જરાયે ખ્યાલ નહોતો તેનો એક પ્રસંગ તેમના મિત્ર શ્રી હેમંતભાઈ નીલકંઠે નોંધ્યો છે, તે તેમના જ શબ્દોમાં અત્રે ઉતારીએ છીએ :

''કંઈ કામ સારુ મારે બહારગામ જવાનું હતું ને પૂજ્ય શ્રીમોટા મને મૂકવા મારી સાથે સાબરમતીના નાના સ્ટેશને આવતા હતા. એ નાના સ્ટેશને પહોંચતાં પહેલાં અમારે કેટલાક રેલવેના પાટા ઓળંગવા પડે છે. ને એક ઠેકાણે મોટી (Broad Guage) ગાડીના ગુડ્ઝ (ભાર-ખાના)નો સામાન ચડાવવા-ઉતારવા પ્લેટફોર્મ જેવું કરેલું છે, તેના ઉપર ચડીને ને ઊતરીને જવાનું આવે છે. પૂજ્ય શ્રીમોટાએ માથા પર ટુવાલનું ઊઢણ કરીને મારી ટ્રંક મૂકી હતી. મારી પાસે તો સામાન હતો જ નહિ, કે નહિ જેવો. પેલા પ્લેટફોર્મ ઉપર ચડીને-ઊતરીને આગળ ગયા છતાં મને ભાન ન રહ્યું. પાછળ પૂજ્ય શ્રીમોટા મારી પેટી માથે મૂકીને આવે છે. તેમને એ પ્લેટફોર્મ ચડતાં-ઊતરતાં મુશ્કેલી પડશે એટલે હું તો આગળ ને આગળ જરા ઝડપથી ચાલું ને મારી ભૂલનું ભાન થાય છે; ત્યાં પાછું વાળીને જોઉં છું તો પૂ. શ્રીમોટા ''ડૂંટીમાંથી શ્વાસ કાઢીને''—એટલે કે જોર કરીને માથે પેટી સાથે જ પ્લેટફોર્મની ધાર ઉપર એક પગ ને નીચેની જમીન પર એક પગ મૂકી—ધારવાળા પર ભાર દઈને પેટી સાથે જ ચડી જાય છે. ને એ પ્લેટફોર્મ પર ઊતરવામાં એમને મદદ કરી શકું તે પહેલાં તો ઊતરી પણ જાય છે. આમ શ્રીમોટા કરે છે પણ મને બૂમ નથી પાડતા કે હેમંતભાઈ જરા મદદે લાગો, ને પેટી તો પાછી મારી જ છે! પછી મને પસ્તાવો એવો થયો કે એ જગ્યાએથી પસાર થતાં કેટલાય વખત સુધી એ પ્રસંગ યાદ આવતો.''

૯. પરમહંસનું લક્ષણ

૧૯૪૭ની સાલમાં શ્રીમોટાને ટ્રિચીથી અમદાવાદ જવાનું થયેલું. ત્યારે તેમનો વેશ અવધૂતને મળતો કેવો હતો તેનું વર્ણન શ્રી નંદુભાઈએ કર્યું છે. તે જ અત્રે ઉતારીએ છીએ :

ઉઘાડા શરીરે માત્ર લુંગી માફક મદ્રાસી ઢબનું ખાદીનું ધોતિયું લપેટીને ટ્રિચીથી મદ્રાસ સેકન્ડ ક્લાસમાં ને મદ્રાસથી પ્લેનમાં મુંબઈ અને મુંબઈથી અમદાવાદ સેકન્ડ ક્લાસમાં આવેલા—૧૯૪૭માં ને વળી ડૉક્ટરે શરીરની ખંજવાળ માટે સફેદ પાવડર માથે ને શરીરે લગાડવાનો કહેલો તે લગાડેલો, એટલે જાણે ભભૂત લગાવેલ બાવા જેવા દેખાય. હજામત-દાઢી પણ વધ્યાં હોય.....

આ વખતે એરોપ્લેનમાં આવ્યા.... બરાબર બાવા જ લાગે. મો—ટેથી ચંદુભાઈને બૂમ પાડી અને છલાંગ મારીને બધાંના દેખતાં ભેટ્યા..... 'એર'માં મુસાફરી કરનારો 'એલાઈટ'—સુપ્રતિષ્ઠિત સંમાન્ય સ્ત્રી-પુરુષ વર્ગ હોય. તેઓની વચ્ચે આવો એક બાવો બેસે ને ઊતરતી વખતે પણ આવો 'સીન' કરે એટલે એમને લેવા આવનારના પણ કોઈ ઓળખીતા હોય તેથી તે પણ શરમાય...

આ વખતે તો એમણે કહ્યું હતું કે 'સ્વરાજ્ય મળ્યા પછી તો વિમાનમાં ટિકિટ મળી એટલે કે ગમે તે પોષાકવાળાને માન આપવાની ટેવ ઉતારુઓ અને વિમાનના નોકરોને પાડવી જોઈએ. ગમે તે ખરેખરો બાવો જ કાલે તો વિમાનમાં બેસશે.

'૪૨-'૪૩-'૪૪માં આશ્રમમાં પણ, બીજે પણ રેશમી કપડાં પહેરતાં. તેનું શું કારણ? કોઈને કહે, ''ખંજવાળ બહુ થઈ છે તે સહેવાતી નથી.'' કોઈને કહે, ''શોખ થયો છે.'' કદાચ આશ્રમવાસીઓની આવી સૂગ નીકળી જાય એ હેતુથી કશુંક નિમિત્ત-કારણ મળતાં કર્યું હોય. કારણ જે કારણો તે આપે છે તે પાછા હકીકતે સાચાં હોય છે. પહેલામાં 'ચામડીનું દર્દ' ને દાક્તરે પાવડર આપ્યો તે શું પ્લેનમાં મુસાફરી કરવાની આવે તેથી સમાજની બીકે ન ચોળવો? એવી દલીલ કરી શકે વાજબી રીતે.

● વીણેલાં મોતી ●

૧. સ્પર્શ

સત્પુરુષના સ્પર્શથી ગમે તેવી જીવદશાવાળી વ્યક્તિ કેવી રીતે તરી જાય છે, એની એક હકીકત શ્રીમોટાએ કહેલી :

હું જ્યારે પહેલવહેલો મારા ગુરુમહારાજ પાસે ગયો, ત્યારે મને તેમનાં બાહ્ય વર્તાવ, વેશ, ભાષા વગેરેથી કંટાળો આવતાં ત્યાંથી પાછા ઘર તરફ નીકળી આવવા બિસ્તરો બાંધી દીધો. કેમ કે તેઓશ્રી સાંઈખેડા ગામે લગભગ દિગંબર અવસ્થામાં રહેતા. ચોવીસે કલાક ધૂણી ધિકાવેલી રાખતા. હું નવોસવો શિષ્ય બનેલો ને આ ક્ષેત્રે ઘણો કાચો એટલે આવા મહાત્માઓની ઓળખ વિશે તથા તેમના પરત્વે આપણું કેવું વલણ હોવું ઘટે તેનો મને ખ્યાલ નહોતો. એટલે તેમને છોડીને ચાલી જવાનું મેં નક્કી કર્યું. પરંતુ જતાં પહેલાં 'ચાલોને, પગે પડતાં જઈએ' એવો વિચાર આવતાં તેમની પાસે ગયો.

મને જોઈને તેઓ બોલવા લાગ્યા કે, 'જે માણસને કોઈ અનુભવી ચેતનનિષ્ઠ મહાત્મા સાથે હૃદયનો સંબંધ થઈ ગયો હોય તો તેનો ઉદ્ધાર થઈ જાય છે.' આવું સાંભળીને મને વિચાર આવ્યો કે, ગુરુમહારાજ પોતાનું મહત્ત્વ દર્શાવવા આવું બોલી રહ્યા છે! ને તુરત જ તેઓ મને ઉદ્દેશીને બોલ્યા, ''અલ્યા, અહીંથી લગભગ પંદર માઈલ દૂર અમુક ગામ આવેલું છે. (ગામનું નામ તેઓ બોલેલા) ત્યાં જા. ત્યાં એક માણસ મરવા પડ્યો છે ને તે કેવું કેવું બોલે છે તે સાંભળ. એ બધું જોઈ વિચારીને પાછો આવ!'' મારા અપ્રકટ વિચારને પકડી પાડી જવાબ આપ્યો એટલે હું પ્રભાવિત થઈ ગયો ને તેમના સૂચવ્યા મુજબ પેલા મરવા પડેલા માણસને જોવા ઊપડ્યો. જઈને જોઉં છું તો પેલો માણસ ખરેખર મરણકાંઠે હતો ને બેભાનપણે તેનાં કુકર્મો યાદ કરતો જાય. ગમે તેવું ગંદુ ગંદુ બોલતો જાય, પરંતુ થોડીવાર પછી તેના અવાજ અને વ્યક્તવ્યમાં ફેરફાર થયો. અમારા ગુરુમહારાજને તેણે યાદ કર્યા ને પ્રાર્થના કરી કે ''હે ધૂણીવાળા દાદા! હે

ગુરુમહારાજ! હું ગમે તેવો પાપી છું છતાં પ્રભુકૃપાથી મને તમારો સત્સંગ થયો ને તમે મને પ્રેમથી તમારા હૃદય સાથે બાંધી લીધો એ મારું કેટલું અહોભાગ્ય! હવે મારો ઉદ્ધાર કરો! તમારા વિના મારું કોઈ નથી. હું તમારે શરણે આવ્યો છું!'' એમ બોલીને તેણે શાંતિથી જાણે ગુરુમહારાજનો હાથ તેના માથા પર હોય એવા સંતોષથી ને આરામથી દેહ છોડ્યો. આ જોઈને મને ગુરુમહારાજના બોલ વિશે ખાતરી થઈ ગઈ અને મનોમન પ્રેમથી તેમને માથું નમાવ્યું.

પછી તે ગામમાં તપાસ કરતાં ખબર પડી કે મરનાર ઘણો દુરાચારી હતો. પણ સારા નસીબે તેને ધૂણીવાળા કેશવાનંદ મહારાજનો સત્સંગ થઈ ગયો હતો ને છેલ્લી પળે તેની સદ્‌ગતિ થઈ ગઈ.

ત્યારે મને ઇતિહાસની વાતો યાદ આવી ગઈ. સૂરદાસ ને બિલ્વમંગળ જેવી વ્યક્તિઓ ઓછી દુરાચારી હતી? છતાં સત્‌સંગરૂપી પારસમણિના સ્પર્શથી તેઓ મહાન ભક્ત બની ગયા હતા ને?

૨. મરણિયો પ્રયાસ

મરણિયો નિર્ધાર કેવો હોય તેનો ખ્યાલ આપતો એક બનાવ શ્રીમોટાએ ટાંક્યો છે :

પાલનપુર પાસે બાલારામ કરીને એક બહુ કુદરતી સૌંદર્યથી ભરપૂર જગ્યા છે, ત્યાં એક વાર મારે રહેવાનું બન્યું હતું. અલબત્ત, સાધનાના અભ્યાસ માટે જ. મારે ત્યાં એક બ્રાહ્મણભાઈ રોજ મહાદેવની પૂજા કર્યા કરતા. તેઓ માત્ર ધનપ્રાપ્તિને અર્થે જ આ સ્થળે મહાદેવજીની ઉપાસના કરવા આવ્યા હતા. તેમણે તો એવો મરણિયો નિર્ધાર કર્યો હતો કે, ''કાં તો ભગવાન મને ધન આપે, કાં તો હું અહીં જ કમળપૂજા કરીશ.'' કમળપૂજા એટલે શું તે સમજાવવા મેં તેમને કહ્યું, ''મહાદેવજી ધનની પ્રાપ્તિ ન કરાવે તો તેમના લિંગ ઉપર પોતાના હાથે જ એક ઝાટકે પોતાનું માથું વધેરીને મહાદેવજી ઉપર ચડાવવું તેનું નામ કમળપૂજા.''

મને ત્યારે પણ એટલું બધું લાગી આવેલું કે, ''આ માણસનો કેવો દૃઢ સંકલ્પ છે!'' આપણને પણ સાધનામાં ભાવ પ્રકટાવવા માટે આવો

મરણિયો નિશ્ચય પ્રકટવો જોઈએ અને મને શીખવવાને માટે ભગવાને કૃપા કરીને આવું દર્શન કરાવ્યું તેથી મને સાધનામાં વેગ પણ પ્રકટ્યો હતો.

૩. વિનમ્રતા

હરિજન સેવક સંઘનું મુખ્ય કાર્યાલય સાબરમતી આશ્રમે થયું, ત્યારે તેના મુખ્ય કાર્યકર્તા તરીકે પરીક્ષિતલાલ મજમુદાર અને શ્રીમોટા હતા. બંને જોડીઆ મંત્રી હતા, પરંતુ શ્રીમોટાનો વેશ, વર્તાવ, ભાષા બીજાને 'અણઘડ', 'અડબૂથ', 'મજૂર' જેવો લાગતો. વળી તેઓ બીજાનું ગમે તેવું નાનામાં નામું કામ પણ વિના સંકોચે કરતા. એમના ગાંડીયા જેવા દેખાવને લઈને ઘણાખરા તેમની મજાક ઉડાવે.

એકવાર શ્રીમોટાના શરીરનો વર્ષગાંઠનો દિવસ હતો, ત્યારે આશ્રમના એક રહેવાસી સ્વ. નરહરિભાઈ પરીખના દીકરા શ્રી મોહન-ભાઈ પરીખને એમ થયું કે, ''શ્રી ચૂનીભાઈને કંઈક ભેટ આપવી જોઈએ.'' એટલે તેઓ તેમની કને પહોંચીને નીચેથી ચપટી ધૂળ લઈ બોલ્યા, ''લ્યો, આ ભેટ!'' ને શ્રીમોટાએ તુરત જ હાથ ધરી તેનો સ્વીકાર કર્યો ને ફાકી ગયા! મોહનભાઈને ખબર નહિ કે શ્રી ચૂનીભાઈ (શ્રીમોટા) આ રીતે ધૂળની ફાકી કરી જશે, ને તેથી તે ઝંખવાણા પડી ગયા, પણ શ્રીમોટાએ વાતને તુરત જ હળવી બનાવી દીધી!

૪. સત્પુરુષ

શ્રીમોટા એમના અંતેવાસી શ્રી નંદુભાઈ શાહને ત્યાં ઘણા વખત સુધી તેમને સાધનાક્ષેત્રે માર્ગદર્શન આપવા રહેલા. ત્યારે શ્રી નંદુભાઈનાં પત્ની કાન્તાબહેનને ૨૧ દિનના ઉજાગરા કરી રાત ને દિન નામસ્મરણ કરવાનો પ્રયોગ કરવા સલાહ આપી અને શ્રી કાન્તાબહેને તેનો આરંભ પણ કર્યો. દિવસના બધું રોજનું કામ તો કરવાનું. બપોરે થોડો આરામ કરવાનો ને આખી રાત જાગતાં રહીને અંધારા ઓરડામાં આંટા મારતાં મારતાં મોટેથી, ધીમેથી હરિઃૐનો જાપ કરવાનો. શ્રીમોટા ને બીજા

કોઈ સભ્યો ત્યાં ન સૂઈ રહે. જોકે શ્રીમોટા કાન્તાબહેનને નામસ્મરણમાં સાથ આપતા રહે—જાગ્રત રહીને, મૌન પાળીને કે એવી રીતે સૂક્ષ્મપણે.

એક રાતે તે બહેન હરિઃૐ રટતાં રટતાં આંટા મારી રહ્યાં હતાં, રાતનો સમય ઠીક ઠીક એવો પસાર થઈ ગયો હતો. સર્વત્ર શાંતિ પથરાયેલી હતી. શ્રીમોટા એક બાજુએ આડા પડેલા. તેઓ નિદ્રાધીન હોય તેમ તેમનાં નસ્કોરાંનો અવાજ આવવા લાગ્યો. તેથી તે બહેનને થયું કે, ''શ્રીમોટા સૂઈ ગયા છે. લાવ જરા નીચે બેસીને થોડો આરામ કરી લઉં!'' જેવાં એ નીચે બેઠાં કે શ્રીમોટાનો મૃદુ અવાજ આવ્યો, ''કાન્તા, ચાલુ રાખો બા.''

''કેમ તમે તો ઊંઘી ગયા હતા ને ક્યાંથી જાગ્યા?'' કાન્તાબહેને સાશ્ચર્ય પૂછ્યું.

''અરે કાન્તા! તને જાગતી રાખીને હું ઊંઘતો હોઈશ?'' શ્રીમોટાના પ્રેમ અને વાત્સલ્યપૂર્ણ બોલે તે બહેન સ્ફૂર્તિમાં આવી ગયાં ને નામસ્મરણ ચાલુ રાખ્યું. આ રીતે તેમણે તે અનુષ્ઠાન પૂરું કર્યું.

''પણ'' કાન્તાબહેન કહે છે, ''મારી પોતાની શક્તિને કારણે જો હું એટલા બધાં દિવસ જાગી શકી હોત; તો તો જીવનનો પલટો ક્યારનોય થઈ ગયો હોત, પરંતુ તેમ તો નથી થયું. આ તો પૂજ્ય શ્રીમોટાની ચેતનાશક્તિને કારણે તેમ થયું હતું.''

૫. —ખુમારી—

૧૯૨૨-૨૩ દરમ્યાન નડિયાદમાં એક અમેરિકન મિશનરી પાદરી રહે. તેમની સાથે શ્રીમોટાને સત્સંગ થતો. પાદરીને ગુજરાતી ભાષા આવડે અને હિંદુ ધર્મ વિશે વાંચેલું ને મનમાં તે વિશે કંઈક ગરબડ એટલે તે કહે કે, ''તમારા ધર્મમાં ઘણાં દેવ-દેવીઓ અને અગમ્ય એવી વિધિઓ, ત્યારે ખ્રિસ્તી ધર્મમાં એક જ જિસસ અને બાઈબલ.'' શ્રીમોટાએ તેમને સમજાવતાં કહ્યું કે, ''હિંદુધર્મ પણ એક જ ઈશ્વરને માને છે. તે નિરાકાર ને સાકાર બંને છે. જુદી જુદી પ્રકૃતિ ને ભાવવાળાં, જુદાં જુદાં સ્ત્રીપુરુષોને દેશકાળ પ્રમાણે જેમ રુચિકર લાગ્યું તેમ

મહાત્માઓએ ઈશ્વરને જુદાં જુદાં નામ ને રૂપ આપ્યાં ને તેને પ્રાપ્ત કરવા વિવિધ માર્ગો બતાવ્યા.''

ત્યારે પાદરીએ પૂછ્યું, ''એવું પુરવાર કરતું કોઈ પુસ્તક કે આધાર બતાવશો?'' શ્રીમોટાએ રાતોરાત બેસીને ૧૦૮ શ્લોકવાળું સુંદર કાવ્ય લખ્યું, ''ઈશ્વર કેવો છે?'' ''ઈશ્વર સચરાચરમાં વ્યાપ્ત છે.'' ''ઈશ્વર સત અને અસત બંનેમાં વસેલો છે.'' વગેરે સમજાવતું ભાવવાહી વર્ણન કરવામાં આવ્યું ને એ લઈને બીજી સવારે તેમણે પાદરી મહાશયને તે બતાવ્યું. લેખકનું નામ દર્શાવ્યું નહિ. એ વાંચીને પાદરી ખુશ થઈ ગયા ને હિન્દુધર્મની ઈશ્વર વિશેની ઉત્તમ વ્યાખ્યાની કદર કરવા લાગ્યા. એ કાવ્ય ૧૯૨૩માં 'તુજ ચરણે' એ નામથી પ્રસિદ્ધ થયું ને આજ સુધીમાં તેની લગભગ ૧૪,૬૦૦ પ્રતો વેચાઈ હશે. સત્ય અને ધર્મ માટેની ખુમારીનો આ એક દાખલો છે.

૬. નંગજડિત સોનાનો મુગટ★

એક વાર મેં કહ્યું, ''**મોટા**, બીજા બધા ભલે કહે, **મોટા**ને આ રોગ થયો છે; ને આ બીજો થયો છે, ને આ ત્રીજો; પણ હું તો માનતો જ નથી કે તમને રોગ થયો છે. આ બધું દેખાડવા પૂરતું જ!''

''અરે! ભઈ! કોઈ આને સમજાવો કે મને શું થયું છે?'' એમ પૂજ્ય શ્રીમોટાએ બીજાઓને કહ્યું.

વળી પછી એકવાર બોલાઈ ગયું, ''**મોટા**! તમે આ બધો ઢોંગ કરો છો.'' **મોટા** ગુસ્સે ન થયા પણ એ વાક્ય પકડી લીધું. ''તું એક મુગટ બનાવ ને એના ઉપર 'ઢોંગી સંત' એમ લખાવ; કે જેથી મારાથી બધા ચેતે અને સમજે કે આ તો આવો માણસ છે—ઢોંગી છે.'' એમ વારંવાર કહ્યા કરે. મને તો પસ્તાવો થવા લાગ્યો કે, ''આ મેં શું બોલી નાંખ્યું! મોટી ભૂલ થઈ ગઈ. હવે તે વાત પડતી મૂકો.'' એમ બહુ વાર

★પૂ. શ્રીમોટાને એક ઉત્સવમાં ''ઢોંગી સંત''ના લખાણવાળો સોનાનો મુગટ કરાવીને પહેરાવનાર સ્વજનમિત્ર શ્રી દિલીપ મણિયારનું નિવેદન.

કહ્યું, પણ એમણે તો ભારપૂર્વક કહ્યું કે, ''લખી લાવ માથે લગાવું.'' મેં કહ્યું કે, ''ટોપી પર લખાવીને લાવું.'' ત્યારે તેમણે કહ્યું કે ''એમ સસ્તી જાહેરખબર શક્ય ના બને. જો માથે લગાવવું જ છે તો સાચા સોનાનો મુગટ બનાવી લાવ ને ઉપર આ સંત ઢોંગી છે તેમ લખાવ.''

આખરે મેં આ વાત સ્વીકારીને પતરું કરાવ્યું તે કરાવ્યું જ. ત્યારે એમ થયું કે, હવે તો **મોટા** કહે છે જ ત્યારે વગર સંકોચે બરાબર આંખે ઊડીને વળગે એવી રીતે એ શબ્દો લખાવવા એટલે આ મુગટ કરાવ્યો. ને વળી તેના ઉપર તરત જ નજરે ચઢે એવા મોટા અક્ષર પતરા પર કોતરાવ્યા 'ઢોંગી સંત'. આ છે સોનાના મુગટનો પ્રસંગ.

લોકો મારા વિશે શું ધારશે તેનો વિચાર, તેની ચિંતા નહોતી થઈ એમ તો નહિ જ—એને પણ છેવટે છોડી દીધી.

આ લખાણને વાચક યથાર્થ રીતે સમજશે ને તેવા ભાવથી આ મુગટની હકીકતને સ્વીકારશે એવી મારા અંતરની ઉમેદ છે.

૭. હૃદય-પરિવર્તન

હરિઃૐ આશ્રમના પ્રણેતા શ્રીમોટા પાસે એક લાલઘૂમ આંખો-વાળો, ગુસ્સાથી ધ્રૂજતો કોઈ પછાત કોમનો ભાઈ આવ્યો. તે અવાર-નવાર તેમની પાસે આવતો. પગે પડીને તે બોલવા લાગ્યો, ''મોટા, આજે મારી બાયડીને મારી નાખ્યા વિના નહિ રહું. એનું હવે મારે કામ નહિ.''

''શું થયું ભઈલા? વાત તો કર.'' શ્રીમોટાએ બહુ શાંતિથી ને પ્રેમથી પૂછ્યું.

''શું વાત કરું, **મોટા!** શરમની વાત છે! એના રાઈ રાઈ જેવડા કટકા કરી નાંખ્યા હોય તોયે પાપ ન લાગે, મારો ભવ બગાડ્યો એણે!''

''ભલે, મારી નાંખજે, પણ એક વાત પૂછું તે કહીશ?'

''હા, પૂસો.''

''તારે છોકરાં છે.''

''હાજી.''

''કેટલાં છે?''

''ચાર''

''તારી ઘરવાળી તને ખાવાનું કરીને ખવરાવે છે?''

''હા, ખવરાવે. તેથી શું થયું?''

''તારાં છોકરાંને બરાબર હાચવે છે?''

'એ તો હાચવે જ ને **મોટા.** એમાં હું નવાઈ કરી?''

''તો જો, તને આટલાં છોકરાં છે; તને ને તારાં છોકરાંને તે ખવરાવે-કરે છે; ઘર હાચવે છે; પછી બીજું શું જોઈએ?'' શ્રીમોટાએ પ્રેમથી કહ્યું.

''પણ **મોટા** એ મને વફાદાર ન રહે એ કેમ ખમાય?'' હવે એનો પિત્તો જરા ઊતરતો જતો હતો.

''તારી વાત સાચી, ભઈલા.'' શ્રીમોટાએ તે વિચાર કરતો થઈ જાય તે માટે બહુ ભારપૂર્વક બોલવા માંડ્યું, ''પણ શાંતિથી વિચાર કર. ખોટું ન લાગડે તો તને એક વાત પૂછું?''

''પૂસો **મોટા,** ખુશીથી.''

''હાચું કહેજે ભાઈ, તેં આજ સુધીમાં કશું ખરાબ કામ નહિ કર્યું હોય? તનથી, મનથી કે વાણીથી કંઈ ખોટું કર્મ નહિ કર્યું હોય?''

''હા, પ્રભુ કર્યું સે.'' નરમ પડેલા અવાજે તેણે કહ્યું.

''છતાં તારી ઘરવાળીએ તને કાંઈ કહેલું નહિ ને માફ કરેલો, ખરુંને?''

''હા.'' એ ભાઈને હવે શરમાવા જેવું લાગવા માંડ્યું.

''તો હવે તું એને માફ કરી દે એટલે ભગવાન સહુને માફ કરી દેશે.'' શ્રીમોટાએ હૃદય સોંસરવી અપીલ કરી.

એ ભાઈ બોલ્યા વિના નીચી નજરે બેસી રહ્યા. થોડીવારમાં તેની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. શ્રીમોટાએ તેને પલળવા દીધો. શાંત પડ્યા પછી તેમણે એ ભાઈને સફરજનની ચીરીઓ આપતાં કહ્યું કે, ''એક ચીરી તારી ઘરવાળીને આપજે ને એક તું ખાજે. **મોટા**એ આપેલો

પ્રસાદ છે એમ તારી ઘરવાળીને કહેજે ને બંને સાથે ખાજો અને પાછો તારી વહુની ભૂલોને તેં માફ કરી દીધી છે એ વાત એને કહેવાની જરૂર નથી. જાવ, ભગવાનનું નામ લો.'' કહેવાની જરૂર નથી કે ગુસ્સાથી રાતો-પીળો થઈને આવેલો આદમી નરમ થઈને આંખો લૂછતો શ્રીમોટાને પગે પડીને ચાલતો થયો. શ્રીમોટાએ તેની પીઠ થાબડી પ્રેમ દર્શાવ્યો.

૮. યોગીજનો

પોતાના ગુરુમહારાજ પૂજ્ય ધૂણીવાળા દાદાની અગમ્ય રીતોનો દાખલો આપતાં તેમણે એકવાર નીચેની વાત કહી સંભળાવી :

મારા ગુરુમહારાજે મને એકવાર એક માણસ રસ્તેથી જઈ રહ્યો હતો તેને બતાવીને કહ્યું કે, 'પેલા માણસને પથરો માર... માર... માર... સા... ને (કેટલીક વધુ ગાળો) લોહીલુહાણ થઈ જાય એવી રીતે માર.''

ગુરુનો હુકમ કેમ તોડાય? એટલે પેલા જનારને મેં પથરો માર્યો ભગવાનનું નામ લઈને. હું શું કરું? મેં તો હુકમ પાળ્યો.

પછી પેલો માણસ આવીને મને પૂછે, ''અલ્યા, પથ્થર કેમ માર્યો? મેં તારું શું બગાડ્યું'તું?''

મેં કહ્યું, ''જો મારી ઇચ્છાથી નથી માર્યો, પ—ણે પેલા ગુરુ-મહારાજ બેઠા છે ને તેમણે તમને પથરો મારવાનું કહ્યું એટલે મેં તમને પથરો માર્યો.''

તે ભાઈ ગુરુમહારાજ પાસે ગયો ને પૃચ્છા કરી, ત્યારે ગુરુજીએ તેનો ઊધડો તો એવો લીધો કે ન પૂછો વાત અને તે કેવાં ખરાબ કામ કરવા જઈ રહ્યો હતો તે કહી સંભળાવ્યું. વાત સત્ય નીકળી એટલે પેલો શું બોલે? શરમાઈ ગયો ને મહારાજને પગે પડીને રડીને પશ્ચાત્તાપ જાહેર કર્યો.... આ રીતે ગુરુમહારાજે તેને વિઘ્ન કામ કરતાં રોક્યો.

યોગીજનોની કામ કરવાની રીતો ને વાતો ઘણીવાર સહેલાઈથી સમજી શકાય તેવી હોતી નથી.

૯. પ્રેમ

પૂજ્ય શ્રીમોટા એકવાર સુરત શહેરની શેરીમાં પગપાળા પસાર થઈ રહ્યા હતા, ત્યારે કોઈ મકાનની મેડી ઉપરથી એંઠવાડ ઢોળાયો ને શ્રીમોટાના આખા શરીર પર પડ્યો. શ્રીમોટા જરાપણ ચિડાયા વિના જે મેડીએથી એંઠવાડ ઢોળાયો હતો, તે મેડીએ પહોંચી ગયા ને તેમની વિશિષ્ટ નમ્રતા મુજબ એંઠવાડ ઢોળનાર બહેનને દંડવત્ પ્રણામ કરતાં કહ્યું, ''આ તેં પ્રેમનો છંટકાવ કરીને મારી એંઠવાડ માટેની સૂગ નાબૂદ કરી દીધી.''

પેલી બહેન તો આ દૃશ્ય જોઈને અવાક્ થઈ ગઈ. એંઠવાડથી લેપાઈ જનાર તરફથી ક્રોધ અને ગાળો કુદરતી રીતે મળે એને બદલે પ્રેમ અને નમ્રતાનાં દર્શન તેણે કર્યાં. એટલે તેની આંખોમાંથી આંસુ સરી પડ્યાં ને શ્રીમોટાની માફી માગી તથા તેણે પોતાનો નિર્ધાર જાહેર કર્યો કે, ''હવેથી આ રીતે એંઠવાડ નહિ ફેંકું.''

૧૦. સેવક

એક વાર શ્રીમોટા તેમના સાધના-કાળ દરમ્યાન જબલપુર ખાતે હતા, ત્યારે તેમની કને પૈસા ખૂટી પડેલા. એટલે તેમણે એક વેપારી ગૃહસ્થને ત્યાં ઘરઘાટી તરીકે કામ કરવા માંડ્યું. એમનો વેષ એક તો એવો હતો ને પોતાનું હીર કોઈને એમ ને એમ જાણવા ન દે.

ઘરકામ કરતાં કરતાં તેઓ શેઠના છોકરાંને ભણાવવા પણ લાગ્યા. એમની એ શક્તિ જોઈને વેપારી ખુશ થઈ ગયા અને કાયમને માટે પોતાની પાસે રહીને તેઓ શિક્ષક તરીકે કામ કરે એવી દરખાસ્ત રજૂ કરી. ત્યારે શ્રીમોટાએ તેમની સાચી ઓળખાણ આપી અને ગુજરાત હરિજન સેવક સંઘના તેઓ સેવક છે અને તેમની ફરજ ત્યાં જ રહેવાની છે, વગેરે પરિસ્થિતિથી વાકેફ કર્યા અને ઉપરથી હરિજન સેવક સંઘને કંઈક મદદ કરવા તેમણે વિનંતી કરી. આથી તે વેપારીભાઈ ખુશ થયા અને ઘણા સમય સુધી દર મહિને સંઘને રૂપિયા પાંચની મદદ આપતા રહ્યા.

૧૧. શ્રદ્ધા

એક દિવસ એક બહેને શ્રીમોટાને પૂછ્યું, ''એક બહેન છે. તે એક મઠાધીશને થાળ ધરાવ્યા વિના જમે નહિ, એમને સંભાર્યા વિના ખાય નહિ, આવી શ્રદ્ધા સારી કે ખોટી?''

શ્રીમોટાએ જવાબ આપ્યો, ''ગુરુર્બ્રહ્મા, ગુરુર્વિષ્ણુ, એ કાંઈ ગપ નથી. એવી શ્રદ્ધા એના સાચા સ્વરૂપમાં હોય ત્યારે શિષ્યનો વિકાસ ઝટ થાય છે. તમે જે જાતની શ્રદ્ધા કહી—થાળી ધરાવીને ખાવું વગેરે—એ અંધશ્રદ્ધા કહેવાય, કારણ કે એ શ્રદ્ધાની પાછળ આપણે કેવા થવું છે, એનું ભાન સતત ને જાગૃત ઘણુંખરું તો નથી હોતું. પરિણામે શું થાય છે કે શ્રદ્ધાળુ માણસ જેના ઉપર આટલી બધી શ્રદ્ધા રાખે છે, તેના જેવો થાય છે. એટલે ગુરુની બધી વાસનાઓ, ઇચ્છાઓ, ઊણપો—સારી-ખોટી તમામ—એ બધું પેલામાં આવે છે.''

તેથી પેલાં બહેને ટાપસી પૂરી, ''હા, તેથી પેલા આચાર્યશ્રીની પૂજા કરવાથી અને એમના બહુ સ્પષ્ટ દેખાતા દોષોની આગળ આંખ આડા કાન કરવાથી, એ બહેનમાં ક્ષુદ્ર ચોરી કરવાની ટેવ છે. શાકવાળી જરા આમતેમ હોય તો આમતેમ જોઈને એના ટોપલામાંથી થોડુંક શાક લઈ લે એવી ટેવ એમને છે.''

''બરાબર છે.'' શ્રીમોટા કહે, ''એટલે સવાલ એ થાય છે કે તો સાધકે શું કરવું? કેવી રીતે જાણવું કે એને સાચા ગુરુ મળ્યા છે?'' એનો જવાબ આ છે : ''જો સાધક ઉત્કટ ને સાચી જિજ્ઞાસાવાળો હશે તો આપોઆપ એને સૂઝશે કે મેં આ ગુરુ તો કર્યા પણ મારામાં એથી થવો જોઈતો વિકાસ થતો નથી, મારામાં શુદ્ધ સાત્ત્વિક આનંદ આવતો નથી, નથી મારા ચિત્તમાં શુદ્ધિ થતી, એમ જો પહેલેથી એને ઝંખના હશે અને તે જ કારણસર એણે ગુરુ કર્યા હશે—નહિ કે બીજાનું જોઈને અથવા શાસ્ત્ર કે રૂઢિ માનીને—તો પેલો સાધક આવી શ્રદ્ધા થોડો વખત રાખશે, પણ પછી તેને સત્ય સૂઝશે જ સૂઝશે.... પોતાની અવનતિ થાય છે. આની પાસે રહેવાથી ને એનું માનવાથી, એમ તેને પ્રતીતિ થતાં તે તેને પ્રણામ કરીને વિદાય લેશે... આ ઉપરથી અંધશ્રદ્ધા ને અતિશ્રદ્ધા કે સાચી શ્રદ્ધામાં કેટલો ભેદ છે તે સમજાય છે.

• શ્રીમોટાની વર્તનલીલા •

૧. જાદુ

'મારાં ધર્મપરાયણ માતા-પિતાના ઘરમાં આઠ સંતાનોમાં મારો છેલ્લો અને ચોથા પુત્ર તરીકે જન્મ થયો. મારા પિતાજી સ્વામીનારાયણ પંથના હતા અને માતા વૈષ્ણવ.... અભ્યાસમાં ચાર ધોરણથી આગળ ન વધી શકાયું. તોફાનો માટે જાણીતા એવા શહેરમાં હું મોટો થતો રહ્યો તેમ તેમ તોફાની તત્ત્વોનો સંચાર મારામાં પણ પ્રવેશતો રહ્યો. એટલે મારાં સગાંવહાલાંએ મને જામનગર કામધંધા માટે મોકલી આપ્યો. ત્યારે હું ૧૭ વર્ષનો થયો હતો.. મને મશીનરીના કામકાજમાં રસ પડતો હતો અને સ્વતંત્રપણે કામ કરતો થઈ ગયો. ધીમે ધીમે એ કામમાં કમાણી સારી થતી ગઈ, તેમ તેમ કુસંગ પણ વધવા લાગ્યો. બીડી, સિગારેટ અને દારૂની લત વધતી ગઈ. તેની સાથે માંસાહારી પણ બની ગયો, તેથી ઘણો સંતાપ થયો. દારૂ અને માંસાહારના અતિ સેવનથી મારા જ્ઞાનતંતુઓ પર અવળી અસર થઈ ગઈ ને બીજી પણ બીમારીઓએ ઘર ઘાલ્યું. એ બધાંને લઈને શરીરમાં એટલી બધી નબળાઈ વધી ગઈ કે ઘણીવાર શરીર ધ્રૂજી ઊઠતું અને એક સામટા ઘણા ચેકો પર સહી કરવાની હોય તો તે કામ થઈ શકતું નહિ..... આમાંથી છૂટવા ઘણી ઈચ્છા થતી પણ વ્યસનની પકડ જડબેસલાક હતી. હું લાચાર બની ગયો.

સ્વાશ્રયથી આગળ વધેલા ગુજરાતના એક ધનાઢ્ય વેપારીભાઈએ પોતાની જિંદગીની કિતાબ ખુલ્લી કરતાં ઉપર પ્રમાણે જણાવેલું, કેટલાક સમય બાદ તેમને એક કર્મયોગી મહાત્મા પાસે જવાનું થયું. સાધુ મહારાજ તે ભાઈની ધંધા-વ્યવહારની વાતો પૂછે, કુટુંબ-કબીલાની તબિયત વિશે પૂછે ને એ રીતે તેના જીવનમાં રસ લે. એટલે વેપારીને સાધુ પ્રતિ ભાવ જાગવા લાગ્યો. સાધુ તો એને મિત્ર ગણે ને મિત્રના જેવો જ વ્યવહાર રાખે, જાણે બંને દોસ્તો બની ગયા!

એકવાર તે ભાઈ દારૂના નશામાં પોતાની મોટરગાડી જાતે હાંકીને સ્વજનો સાથે જઈ રહ્યા હતા, ત્યારે અકસ્માત નડ્યો, પણ કુટુંબીજનોને કાંઈ વાગ્યું નહિ. પોતાને વાગ્યું. પથારીમાં થોડા દહાડા પડી રહેવું પડ્યું. તેવી સ્થિતિમાં એક વાર પેલા સાધુ મહારાજનું 'દર્શન' પણ થયેલું. એમની કૃપાથી પોતે બચી ગયો એમ તેને લાગવા માડ્યું.

સાધુ મહારાજ એક દિવસ પથારીવશ 'મિત્ર'ની ખબર કાઢવા ગયા. સાધુ પૂછે, ''ભાઈ, કેમ છો?''

''પ્રભુ! પથારીમાં પડી રહેવાનું મળતાં દારૂ પીવાની સારી સગવડ રહે છે!'' બહુ ખુલ્લી રીતે તેણે સાચી વાત કહી દીધી, કેમકે મહાત્માએ તેમની સાથે ગુરુ-શિષ્યના સંબંધને બદલે મૈત્રીનો સંબંધ જાળવ્યો હતો. આ એકરારથી ખુશ થઈ જઈને બહુ સમજ અને પ્રેમભાવે મહાત્માએ પૂછ્યું, ''તો હવે દારૂ ક્યારે છોડશો?''

''એ તો બને એમ લાગતું નથી, પણ આપ કંઈ કરો તો થાય.'' બે હાથ જોડીને વેપારી દીન ભાવે કહે.

સાધુએ વિદાય લેતાં પહેલાં કોઈ દવાની ગોળીઓ તે ભાઈને આપતાં કહ્યું કે, ''આ ખાજો. એક ભાઈ તે બનાવે છે. તેમની પાસેથી મને પણ મળી છે. તેના સેવનથી દારૂ પરત્વે કભાવ જાગશે.''

વેપારી ખુશ થઈ ગયો. ને તે લેવા માંડી. ધીમે ધીમે તેને ખરેખર દારૂ પરત્વે જુગુપ્સા જાગવા માંડી. એ મનમાં વિચારે કે, ''આ તો અદ્‌ભુત કહેવાય. જો આવી ગોળીઓથી જ ખરેખર આવી અસર થતી હોય તો તેનો ઉપયોગ આખી દુનિયા કેમ ન કરે? પછી દારૂબંધીના કાયદાની જરૂર ન રહે!''... એને હસવું આવ્યું—પોતાની જાત ઉપર! ..... ખરેખર આ ગોળીઓની કરામત છે કે પેલા સાધુ મહારાજની શક્તિ?.... અરે જીવ! આ જીત કોની?... તેને પ્રકાશ લાધ્યો ને દોડ્યો સાધુ મહારાજ કને અને દંડની જેમ તેમનાં ચરણોમાં પડ્યો. આ સાધુ તે હરિઃૐ આશ્રમના શ્રીમોટા.

ત્યારથી તેનું જીવન તેમનાં ચરણોમાં સમર્પિત થઈ ગયું છે અને સત્સંગરૂપી સુધાના પાનથી અને 'હરિઃૐ' આશ્રમમાં મૌન એકાંતના

અનુષ્ઠાનથી તેના શેષ જીવનને તે શુદ્ધ કરી રહ્યો છે. હરિઃૐ આશ્રમના પૂજ્ય શ્રીમોટાની આ 'મૈત્રીનો જાદુ' છે એમ તે ગાઈ રહ્યો છે.

(સ્વામીશ્રી કૃષ્ણાનંદ કૃત 'પર્લ્સ એન્ડ પેબલ્સ'માંથી સાભાર)

૨. હનુમાન કૂદકો

શ્રીમોટાને એકવાર દક્ષિણમાં એક દાક્તરને ત્યાં પોતાની સારવાર કરાવવા માટે જતાં ઠીક ઠીક સમય સુધી રાહ જોવી પડી. એટલે તેઓએ તુરત જ દાક્તરની કેબીનમાં ઘૂસી જઈને વિરોધ નોંધાવ્યો કે, "I do not believe in waiting like this.–આવી રીતે રાહ જોયા કરવામાં હું માનતો નથી." આમ તેમને પ્રત્યેક કર્મમાં ઝડપ પ્રિય છે. જરૂર પડે ત્યાં અપાર ધીરજ પણ તેઓશ્રી ધરી શકે છે. બાકી ચાલવામાં, કામ કરવામાં, વાંચવામાં, લખવામાં વગેરે કર્મોમાં તેઓશ્રી સમયની સાથે દોડવામાં માને છે ને દોડે પણ છે. જો કોઈ મોટર ગાડીમાં લાંબા અંતરે જવાનું હોય તો શક્ય એટલી ઝડપે જવામાં તેમને ઑર આનંદ આવતો હોય છે. ગુજરાત વિદ્યુત બોર્ડના સલાહકાર સભ્ય શ્રી પી. ટી. પટેલ આ બાબતમાં સાક્ષી પૂરી છે. એક દિવસ શ્રી પી. ટી. પટેલ, તેમનાં ધર્મપત્ની અને મધુરીબહેન ખરેને લઈને શ્રીમોટા ગળતેશ્વર ગયા. તે દિન ૧૯૫૮ની સાલનો રામનવમીનો હતો. શ્રીમોટા કહે કે, "રામનવમી માટે હનુમાન કૂદકાનો દિવસ છે, એટલે આપણે ગળતેશ્વર જઈ એક દિવસ રહીએ." અને તે બધાં મોટરગાડીમાં ઊપડ્યાં. શ્રી પી. ટી. પટેલ ગાડી ચલાવે. તેમની બાજુમાં શ્રીમોટા.

શ્રીમોટા તેમને પૂછે : "આ મોટર કંપનીવાળાએ સ્પીડોમીટર ૧૪૦નું બનાવ્યું છે, તો એટલી ઝડપે ગાડી ચલાવી શકાય ખરી?"

શ્રી પટેલભાઈએ ના પાડી, પણ છતાં શ્રીમોટાએ તેમને તેટલી જ ઝડપે ગાડી ચલાવવા આગ્રહ કર્યો અને તેમણે ગાડી દબાવી. ગાડી ૧૦૦-૧૧૦-૧૨૦-૧૩૦ ક્યાં સુધી જાય છે તેની તેમને ખબર પડી નહિ! વધુમાં તેઓ કહે છે : "તે વખતે મધુરીબહેનનું ભજન ચાલતું હતું. ગાડી

જમીનથી દોઢ ફૂટ ઊંચે ચાલતી હોય તેમ લાગ્યું! પૂજ્ય શ્રીમોટા મારી પીઠ થાબડી રહ્યા હતા! સૌથી અદ્‌ભુત વાત તો એ કે મને આ દિવસે શ્રીરામનાં દર્શન થયેલાં!'' અને રામનવમી શ્રીમોટા માટે હનુમાન કૂદકાનો દિવસ હતો, કેમકે તે દિને તેમને નિર્ગુણનો સાક્ષાત્કાર થયેલો.

૩. પતિતપાવની ગંગામા જેવા

શ્રીમોટા કાદવમાં પડેલા જીવને બહાર કાઢવા કેવાં પ્રેમભર્યાં પગલાં ભરતાં હોય છે તેનો એક ખૂબ રસપ્રદ ને રોમાંચક કિસ્સો જોવા મળે છે. એક યુવાન ભાઈ એક પ્રેમ-ત્રિકોણમાં ફસાઈ ગયેલો અને છેવટ સુધી એને બધી બાજુથી નિરાશા સાંપડી. તે શ્રીમોટાની સેવા કરે, મૌનમાં દર વર્ષે બેસે અને શ્રીમોટા એના પર માતા જેવી પ્રેમભરી નજર રાખે અને હૂંફ આપે. સાધારણ રીતે આવા જીવો પરત્વે સમાજ ઘૃણા દર્શાવતો હોય, ત્યારે તેવા જીવને ઉષ્મા અને પ્રેમની કેટલી બધી જરૂર હોય છે, તે આવા ચેતનામાં નિષ્ઠા પામેલા શરીરધારી આત્માઓ જ સમજતા હોય છે. ને તેઓ જ તેવા જીવનું જીવન ચીમળાઈ ન જાય તે જોવા માટે ઘણા આતુર હોય છે ને જુદી જુદી રીતે તેઓ તેમના (ચેતનનિષ્ઠો) પ્રતિ વાળવા પ્રયત્ન કરતા હોય છે. જેમ રામકૃષ્ણ પરમહંસદેવે ગિરીશ ઘોષના જીવનમાં, ગિરીશનાં અપમાનો સહન કરીને પણ કેવી આશ્ચર્યજનક રીતે રસ લીધો હતો તેમ શ્રીમોટાએ આ જીવમાં રસ લીધો છે.

એટલે તેઓશ્રી તે ભાઈની કક્ષાએ ઊતરીને તેને જેમાં, નિર્દોષ ઘટનાઓમાં અને વ્યવસાયોમાં રસ હોય તેમાં રસ દાખવે. તેને તેવી પ્રવૃત્તિઓમાં નિર્દોષ પ્રોત્સાહન આપે. આ રીતે તેના જીવનમાં ઊંડો રસ લેનાર છે તેમ તેને અનુભવ લેવા દે. આથી તે ભાઈને પોતાના જીવનમાં રસ જાગ્યો અને જીવન જીવવા જેવું છે તેવું તેને સ્ફુરતું થયું. માનવીમાત્ર દોષથી ભરેલો છે. કોઈ પૂર્ણ નથી. દોષ થવો સહજ છે, પણ તેમાંથી ઉપરામ થઈ જઈને ઊર્ધ્વપણે પ્રકટવું તે મોટી વાત છે. દોષ થવો અને પછી તેને કબૂલ કરવો તે મોટી વાત છે. ને તેવા દોષમાંથી

ઊગરવાનું મથી મથીને કરવું તે ઘણી મોટી વાત છે. આ ભાઈએ મથી મથીને ઊગરવાના પ્રયાસો શ્રીમોટાના પ્રયત્નથી કર્યા. સમાજ દોષિત વ્યક્તિનો તિરસ્કાર કરીને તેને ઊંચે પ્રકટવાની દિશા તેને માટે બંધ કરી દે છે, ત્યારે આવા મુક્તાત્માઓ દોષિતોને પણ પાંખમાં લઈને ઊંચે, ઊર્ધ્વમાં પ્રકટવાને તકો પૂરી પાડે છે. પતિતપાવની ગંગામા જેવા મુક્તાત્માઓ હોય છે. ગમે તેવો કચરો ગંગામૈયામાં ઠલવાય છે પણ મહાનદ ગંગામાતામાં ભળતાં તે વિશુદ્ધ બની જાય છે તેમ આ ભાઈનું થવા લાગ્યું. સીધી શીખ દેવાને બદલે તેને ચાહવામાં તેઓ સાર્થકતા અનુભવે છે. પ્રથમ ચાહીને તેનો પ્રેમ સંપાદન કરવો ને પછી તેને જરૂર પડ્યે ટકોરવો. આ રીતે પેલો જીવ વિકાસના માર્ગે પાંગરે છે. આવી છે આવા મુક્તાત્માઓની વિશિષ્ટતા.

૪. જય જલારામ

શ્રીમોટા ૧૯૬૭ના જૂન માસ દરમ્યાન વીરપુર જલારામ બાપાના સ્થાને ગયેલા. તેમણે તેમનો અનુભવ નીચે મુજબ વર્ણવ્યો હતો :

શ્રી ગિરધરબાપા આપણા આશ્રમે બે વાર પધારેલા એટલે થયું કે આટલે (જૂનાગઢ) હું આવ્યો છું તો એમને મળતો જાઉં. એટલે અમે ત્યાં ગયા. બપોરે પહોંચ્યા પણ પહેરેગીર અમને શ્રી ગિરધરબાપા પાસે જવા ન દે. એ કહે કે અત્યારે એમને મળવાની સખત મનાઈ છે, મળવાનો આ ટાઈમ નથી. મેં કહ્યું કે, ''મારું નામ દેજે, કહે કે હરિઃૐ આશ્રમના **મોટા** આવ્યા છે.'' પણ એ સમજે નહિ, માને નહિ. એટલે ઈન્દ્રવદન શેરદલાલને કહ્યું કે, ''ચડી જા મેડી ઉપર.'' એ ઉપર ગયો. પણ એની પાછળ બે પહેરગીર પડ્યા ને તેને પકડીને નીચે ઊતાર્યો. એટલે મેં પહેરેગીરને કહ્યું કે, ''તને ગિરધરબાપા વઢે કરે તો જા, હું જવાબદાર, પણ તને વઢશે જ નહિ ઊલટા ખુશ થશે.'' ત્યારે એ ઉપર ગયો! પછી અમને ઉપર બોલાવ્યા. નવા ગાલીચા ને ચાદરો પથરાવીને મને બેસાડ્યો. પછી જમવા માટે કહ્યું એટલે સાંજે પાંચ વાગ્યે જમ્યા ને

પેટીમાં જેટલા રૂપિયા આવેલા તે બધાંય મારી આગળ ધરી દીધા. પણ મેં ના પાડી—''આટલા બધા ન લેવાય.'' પણ તેમના અતિ આગ્રહને વશ થવું પડ્યું ને સ્વીકાર્યા. અગિયારસેં રૂપિયા હતા!

૫. પૈસાની સગાઈ?

એક ઉત્સાહી યુવાન વેપારીભાઈ શ્રીમોટા પાસે પહેલી જ વાર તેમના આશ્રમે ગયા ને મીઠી મીઠી બાનીમાં ઘણી ઘણી વાતો કરી : ''**મોટા!** અમને માટીની મૂર્તિ જેવા બનાવી દો.''

''ભાઈ, પહેલાં આપણે માટી જેવા બનવું પડે.''—શ્રીમોટા કહે. પછી તે ભાઈએ પોતાનું પૈસાનું પાકીટ કાઢી તેમાંથી પાંચ હજારની રકમ શ્રીમોટાનાં ચરણોમાં ધરી. ત્યારે તેઓશ્રી કહે, ''જો ભાઈ, આપણી આ પહેલી મુલાકાત છે. પૈસા સાથે સંબંધ ના હોય. લોક શું કહેશે? **મોટા** પૈસાના સગા છે.''

આમ ઘણી મીઠી વાતો થઈ. યુવાનના દિલમાંની કંઈક સચ્ચાઈની તેમને ખાતરી થઈ. એટલે તેમણે આશ્રમનો એક હજારની રકમનો ચેક તે ભાઈને આપતાં કહ્યું, ''લ્યો, આ રાખજો તમારી પેઢીમાં.''

પછી તો એવો ગાઢ પ્રેમ એ ભાઈને શ્રીમોટા સાથે થયો કે તે તેમનાં ચરણોમાં આંખો મીંચીને નાણાં ઠાલવે. તેમના માટે ખર્ચ માટે પણ સામે ન જુએ. અન્ય બાબતોમાં પણ એવું. જ્યાં એક રૂપિયો આપવો ઘટે ત્યાં અગિયાર આપી દે. શ્રીમોટાએ એકવાર તેમને 'નવલશા હીરજી'થી સંબોધેલા.

દિવસો, મહિના અને વર્ષો વીતતાં એ જેટલું કમાય તેમાંથી થોડો ભાગ આશ્રમને આપે છે. શ્રીમોટા ઘણીવાર તેમ કરતાં તેમને વારે પણ ખરા.

૬. શ્રેષ્ઠ કળા

એકવાર હસ્તરેખાશાસ્ત્રના એક રસિયા સાથે વાતવાતમાં પોતાનો ડાબો હાથ બતાવીને કહ્યું, ''જો આમાં ત્રિશૂળ છે.'' એક જણ કહે, ''**મોટા!** તમારા નસીબમાં હાથીઘોડાનું સુખ છે.'' ત્યારે તેઓ હસીને કહે, ''અરે શું કહ્યું! ગધેડાનુંય વાહન નથી!'' (બધાં હસી પડ્યાં.)

પેલા હસ્તરેખાના રસિયા ભાઈએ શ્રીમોટા સાથેના થોડા સંબંધ દરમ્યાન શ્રીમોટાના હાથની છાપો માટે વિનંતી કરી. તો તેમણે તુરત જ હાથ લંબાવ્યો ને પછી ખૂબ આતુરતાપૂર્વક કહે કે, ''મને આમાં શું આવે છે તે જણાવજે, ભઈ. જાણીએ તો ખરાં, કેવું નસીબ છે!'' પેલા ભાઈએ હોંશમાં ને હોંશમાં ભવિષ્યકથન લખી આપ્યું પણ ખરું. પણ શ્રીમોટાએ તો તેની વાત જ કાઢી નહિ અને એમના હાથની છાપોવાળા કાગળ ઉપર સહી કરતાં તેમણે લખ્યું : ''સર્વ કળાઓમાં જીવન-વિકાસની કળા શ્રેષ્ઠ છે.''

વ્યક્તિઓનાં દિલ જીતવાની શ્રીમોટાની આવી કળા છે!.

૭. ખૂબી

અમદાવાદના એક જાણીતા પુસ્તકવિક્રેતા ૧૯૪૭ની સાલમાં શ્રી નંદુભાઈ સાથેના વ્યવહારને લઈને સાબરમતી આશ્રમે ગયેલા. ત્યારે શ્રીમોટા ત્યાં બિરાજે. આ ભાઈ ચાના પ્રેમી એટલે આશ્રમમાં ચા મળશે કે કેમ તેના વિચારમાં હતા. શ્રીમોટાએ તેમને કહ્યું, ''આવો, અહીં ચા મળશે. હુંય ચા પીઉં છું.'' પણ એમને શ્રીમોટા વિશે કંઈ માહિતી નહોતી.

તેઓ બીજીવાર શ્રી નંદુભાઈને મળવા ગયા, ત્યારે શ્રી નંદુભાઈ મૌનમાં હતા—સાબરમતી આશ્રમે જ. એટલે શ્રીમોટા તેમને વળાવવા છેક વાડજથી પણ આગળ ગયેલા ને તેય ઉઘાડા પગે! પણ તેમના વિશે એ ભાઈને કંઈ સમજાયું નહોતું.

પછી તો ૧૯૪૮માં એ ભાઈનું લગ્ન શ્રીમોટાની હાજરીમાં થયું. ગોર-મહારાજ કહે 'શનિ-મંગળ' છે; જપ કરાવવા પડશે ને આટલી રકમ પડશે. શ્રીમોટા કહે, 'જપ અમે કરી લઈશું.'

એમ કરતાં શ્રીમોટા સાથે એમને સ્વજનનો સંબંધ થઈ ગયો. એ ભાઈને સિનેમાનો શોખ એટલે એકવાર શ્રીમોટા તેમની સાથે સિનેમા જોવા પણ ગયેલા. આખરે તેમના સત્સંગથી સિનેમા જોવાનું બંધ થઈ ગયું. આ ભાઈ દર વરસે ૩-૪ સપ્તાહ મૌન-એકાંતમાં ગાળે છે.

૮. બાળ-પ્રેમ

શ્રીમોટા મુંબઈમાં સહકારનિવાસમાં એકવાર હતા. બહાર જઈને રાત્રે મોડા પધારેલા ને થાકી ગયા હતા. એટલે ઘરમાં જતાં અગાઉ યજમાનને કહી રાખ્યું, ''હું તુરત જ સૂઈ જઈશ, હોં.'' પરંતુ સૂવાની તૈયારી કરતા હતા એટલામાં એક સ્વજનભાઈ આવીને શ્રીમોટાને કહે, ''મોટા, થોડાં બાળકો આપને પગે પડવા આવે છે.''

''આવવા દો.'' તેમણે રજા આપી.

આશરે પચાસેક નાનાં-મોટાં બાળકો લાઈનબંધ આવવા લાગ્યાં. બાળકો પગે પડે ને તેઓશ્રી કોઈના માથે હાથ મૂકે, કોઈનો બરડો પંપાળે, તો કોઈની છાતી પર હાથ મૂકે ને ખબર પૂછે : ''શું ભણો છો?''

ઉ. : ''ત્રીજું; પાંચમું, નવમું, દશમું....''

પ્ર. : ''શેમાં નાપાસ થાવ છો?''

ઉ. : ''ગણિત, અંગ્રેજી, ગુજરાતી.... ''

પ્ર. : ''માસ્તર રાખો છો?''

ઉ. : ''હાજી—નાજી....''

પ્ર. : ''કેટલો પગાર આપો છો?''

ઉ. : ''ચાલીસ, પચાસ...''

પ્ર. : ''છ માસિકમાં પાસ થયાં હતાં?''

ઉ. : ''નાજી—હાજી....''

પ્ર. : ''બાને કામમાં મદદ કરો છો?''
(કોઈ 'ના' કહેતાં શરમાઈ જાય.)
પ્ર. : ''ફિલ્મ જોવા જાવ છો?'' .. 'હા...હા' (તેમણે સ્મિત કર્યું)
''કસરત કરો છો?'' 'ના—ના—' (ફરી સ્મિત કર્યું)
''બા મારે છે?'' ... 'હા...ના.'
''બા નાસ્તો કરી આપે છે?'' ''હાજી—નાજી''.
''બાને મારી પાસે લઈ આવજો, કે'જો કે ઉપર **મોટા** બોલાવે છે. પરસાદ આપવાનો છે... જાવ હવે ભણજો, પરીક્ષાને એક મહિનો બાકી છે.''

પછી બીજા ભક્તો સામે જોઈને તેઓશ્રી કહે કે : ''નવ્વાણું ટકા છોકરાં ગણિતમાં કાચાં છે.'' એક શરીરે નબળી દેખાતી બાળાને જોઈને કહે : ''આ છોકરીનાં બાપને કહેજો કે એની દવા કરે, એનું શરીર સારું નથી.''

અન્ય સ્થળે તેઓશ્રી એક બાળાના પિતાશ્રીને કહે, ''આ તમારી દીકરીની આંખો પીળી ને ફીક્કી છે. એની દવા કરો છો?... ચશ્માં કાઢી નાંખો ન દેખાતું હોય તો! આમ કેમ ચાલે? આપણાં લોકોની આવી વિચિત્ર રીતો છે! છોકરાંનું કોઈ ધ્યાન જ નથી આપતું?''

૯. માનસ-ચિકિત્સક

એક ભાઈ શિરડીવાળા સાંઈબાબાના ભક્ત. તેમની કૃપાથી પોતે શ્રીમોટાના સંપર્કમાં આવી શક્યા ને તેમના સ્વજન બની શક્યા એમ તેમનું માનવું છે. તેમનો દીકરો પણ એકવાર સાત દિન માટે મૌનમાં બેઠેલો ને સત્સંગી. કાળક્રમે તે પૂજ્ય શ્રીસત્યસાંઈબાબા સાથે જોડાયો. એ જુવાનની બા પણ પૂજ્ય શ્રીમોટા અને સાંઈબાબા માટે ભાવ ધરાવે છે. આથી આ કુટુંબના સભ્યો એકબીજાની લાગણીઓને જ્ઞાનભક્તિ-પૂર્વક માન આપે અને એકબીજાની શ્રદ્ધાને તોડવાનું કોઈ ન કરે તે પર શ્રીમોટા ખાસ ધ્યાન આપે અને એકાશ્રયનું મહત્ત્વ સમજાવવા આમ

કહે, 'ભઈલા, **મોટા** પાસે જઈએ કે બાપજી રંગ અવધૂત મહારાજ પાસે જઈએ ને તેમને પગે પડીએ તો તેમને સાંઈબાબા દઢાવીને પગે પડવું.'' છોકરાના પિતાને તેઓશ્રી એવી સલાહ આપે કે, ''તમારે તમારા દીકરા આગળ શ્રીસત્યસાંઈબાબાની જ વાતો કરવી. ભાઈ, ચેતન તો સર્વત્ર એક જ વિલસી રહ્યું છે, છતાં આપણા જેવા જીવો સ્થૂળથી જ વધુ આકર્ષાતા હોય છે. માટે જેને તેને તેની આસ્થા, શ્રદ્ધા વધે એ મુજબ વાતો કરવી.''

એકવાર શ્રીમોટા તે ભાઈને ત્યાં પ્રસાદ લેવા પધારેલા. કેવળ ખીચડી-શાકની પ્રસાદી તેમણે માગેલી ને ઘણા પ્રેમથી આરોગી. પછી વિદાય લેતાં પેલાં બહેનને તેઓશ્રી જણાવે, ''બહેન, આ ઘર સાંઈબાબાનું છે.'' એવા સહજભાવે મધુર પ્રેમ-નીતરતી ને ગંભીર મુખ-મુદ્રાએ તેઓશ્રી આમ બોલ્યા! આમ બોલવાનું કારણ શું હશે તે તો એ જાણે! પણ આ સાંભળીને કુટુંબના સભ્યોને કેટલો હર્ષ થયો હશે એ કહેવાની જરૂર છે? શ્રીમોટા એક નિષ્ણાત માનસ-ચિકિત્સક છે, કરુણા ભરપૂર માતા છે, અને તે રીતે તેઓ યથાસ્થાને વર્તે છે એ એમની અનોખી કળા છે!

૧૦. રસ્તામાં પંક્ચર પડે?

એકવાર એક સરકારી અધિકારી શ્રીમોટાને મળવા આવતા હતા. તેઓ નિશ્ચિત સમય કરતાં મોડા પડ્યા. આવતાંની સાથે રમૂજમાં બોલ્યા, ''**મોટા,** આપને મળવા આવતો હતો અને રસ્તામાં મારી ગાડીમાં પંક્ચર પડ્યું. આપની પાસે આવતાં પંક્ચર પડે એ તો કેવું!!''

શ્રીમોટાએ ખડખડાટ હસતાં કહ્યું, ''સાહેબ, આ મારગે જતાં તો ઘણી ઘણી વાર ઘણી જાતનાં પંક્ચર પડ્યાં જ કરે, પણ પંક્ચરને ગણકારાય નહિ!''

૧૧. લીધેલું પાછું નથી આપતા

શ્રીમોટા એક ભાઈને ત્યાં મુંબઈમાં પહેલી વાર પધાર્યા. તેમનું પૂજન-અર્ચન થયા બાદ એ ઘરનાં બહેને દક્ષિણામાં લાલ ઝીણા કાગળમાં ને ઉપર રુમાલથી બાંધેલ પડીકું અર્પણ કર્યું, ''શું છે બહેન?'' એમ કહીને પડીકું તેમણે ખોલી જોયું. તેમાંથી એક ગીની નીકળી. ''ક્યાં છે તારી સેવા-પૂજા?'' એમ પૂછતાં તેઓશ્રી ઊભા થઈ ગયા અને પૂજા-મંદિરમાં તે ગીની તેમણે પધરાવી દીધી. અક્ષત્ અને પુષ્પથી તેની પૂજા કરી. બે હાથ જોડી પોતાનું માથું નમાવ્યા બાદ તેમણે સૂચવ્યું કે આની રોજ આ રીતે પૂજા કરીને પ્રાર્થના કરજો ને આમ બોલજો :

''જે લક્ષ્મી સુખ, નિત્ય, વૈભવ અને ઐશ્વર્ય દે સર્વદા,
તે લક્ષ્મી અજવાળજો જીવનમાં, તે લક્ષ રે'જો સદા.''

શ્રીમોટા ત્યાંથી વિદાય લઈ રહ્યાં ત્યારે તે ભાઈએ તેમને નાનકડી રકમ ભેટ તરીકે આપવા માંડી. તે જોઈને તેઓશ્રી બોલ્યા, ''કેમ વળી ફરીથી?'' ત્યારે પેલા ભાઈ કહે, ''આપે તો કાંઈ સ્વીકાર્યું નહિ. પેલી દક્ષિણા પાછી મૂકી દીધી.'' એટલે શ્રીમોટા ખડખડાટ હસતાં બોલ્યા, ''અરે! ભઈલા! અમે લીધેલું કંઈ પાછું આપતા નથી!''

૧૨. ફૂલહાર

મુંબઈમાં એક ભાઈને ત્યાં તેઓશ્રી પહેલી વાર પધારેલા, એટલે તેમણે તેમના ઘરને ફૂલહારોથી સારી-પેઠે શણગારેલું. શ્રીમોટા તે જોઈ રહ્યા. પછી બીજી વાર ત્યાં આવેલા ત્યારે પણ એવો મોટો ખર્ચ ફૂલહાર પાછળ કરેલો જોવામાં આવ્યો. તે ભાઈ શ્રીમોટાની નિકટ આવીગયેલા. એથી તેમણે બહુ પ્રેમથી એ ભાઈને કહ્યું, ''ભઈલા, ફૂલો પાછળ શું કામ આટલો બધો ખર્ચ? હવેથી આવું ના કરતો.'' એનો અર્થ એ નથી કે તેમને ફૂલોની સુગંધ કે તેનું સૌંદર્ય પસંદ નથી કે તે માણી શકતા નથી, પણ ખાલી બિનઉપયોગી ખર્ચ તેમને પસંદ નથી. તેમની

ઉપયોગની દૃષ્ટિ બહુ મોખરે હોય છે, એટલે ફૂલોની પાછળના ખર્ચને તેઓ પ્રોત્સાહન નથી આપતા. એટલે જ એના સંદર્ભમાં તેઓશ્રી એમ પણ કહેતા હોય છે કે, ''એને બદલે અમને બે પૈસા આપો તો અમારા ચણા-મમરા નીકળે.'' તેમના ઉત્સવોમાં પણ ફૂલહારને બદલે સૂતરની આંટી અર્પણ કરવા વિનંતિ કરવામાં આવે છે ને તેવા મળતા સૂતરમાંથી પાછી ખાદી તૈયાર કરવામાં આવે છે.

૧૩. મરચાં

શ્રીમોટાને જરા તીખું અને ફરસાણ વધુ ભાવે. એક વખત જમતાં જમતાં વાત નીકળી : ''**મોટા**, બધા સંતોને તીખું ભાવતું હશે? કહે છે કે, તેમને દેશ દેશનાં પાણી પીવાનાં એટલે તીખટથી વાંધો ના આવે. સ્વામી વિવેકાનંદને પણ અતિશય તીખું જોઈતું, એટલે અમેરિકામાં પણ મસાલાનાં પડીકાં મદ્રાસથી મોકલવામાં આવતાં ને પોતાના મોટા ડગલાના ખિસ્સામાં તે રાખતા!'' શ્રીમોટા કહે, ''ના, એમ નહિ. મારું નાનપણ બહુ ગરીબીમાં ગયેલું, એટલે રાતું મરચું તેમાં તેલ ભેળવીને શાકની જગ્યાએ ખાઈએ. ત્યારથી મરચાંની ટેવ પડી અને પ્રમાણસર મરચાં પાચનશક્તિ માટે સારાં અને જરૂરી ગણાય.''

૧૪. પ્રેમ-શસ્ત્ર

એક હકીકતની વાત એ છે કે શ્રીમોટાની પ્રેમ કરવાની અનોખી કળાથી દારૂડિયા અને વ્યસનીઓ સીધા કોઈપણ જાતના ઉપદેશ વિના 'પાટા' ઉપર આવી ગયેલા જોયા છે. તેમનું તે અંગેનું મોટામાં મોટું શાસ્ત્ર અને શસ્ત્ર—પ્રેમ છે. આવી કેટલીક વ્યક્તિઓ શ્રીમોટાના એવા 'જાદુ'થી પછી એવી અંજાઈ જાય છે કે તેઓ તેમને પોતાની મોટર-ગાડી ભેટ આપી દેવા તૈયાર હોય છે. પરંતુ તેઓશ્રી એવી રીતે ગાડીઓ લઈને બંધાઈ જતા નથી. બહુ આગ્રહ અને ભાવ જુએ તો બહાર આવવા-જવા તે તે સ્વજનોની ગાડી મંગાવે.

૧૫. રામનવમી

એમના રામનવમીના ઉત્સવમાં એક સ્વજનથી જવાનું ન બનતાં તે શ્રીમોટાને કહે કે, ''આ વખતે ઉત્સવમાં નહિ અવાય. અહીં (મુંબઈમાં) ફાળાનું કામ ચાલે છે તેથી.'' ત્યારે તેઓશ્રી કહે, ''અહીંયાં પણ રામનવમી છે. જે મારું જ્યાં જ્યાં કામ કરે, ત્યાં ત્યાં રામનવમી સમજવી. લોકો ખાલી ખાલી પગે પડવા આવે છે. તેમને હું ના જ કહી દઉં છું કે નકામા પગે પડવા આવશો નહિ.''

એક ભાઈ કહે, ''**મોટા**, રામનવમીએ મારી સેવામાં આપનો ફોટો પધરાવવાનો છે. ત્યારે આપ તો અત્રે નહિ હો છતાં માનસિક રીતે આમંત્રણ આપીશ પધારવાનું!'' શ્રીમોટા કહે, ''મને જ્યાં યાદ કરો ત્યાં હું હાજર છું.''

એકવાર રામનવમીના ઉત્સવ દરમ્યાન શ્રીમોટા વ્યાખ્યાન આપી રહ્યા હતા, ત્યારે વાક્યપ્રયોગમાં 'પ્રકાશ' શબ્દ આવ્યો. જેના સંદર્ભમાં તેઓશ્રી બહુ ગંભીરતાથી, સ્નિગ્ધપણે અને સહજપણે એમના એક સ્વજનને ઉદ્દેશીને બોલ્યા, ''ભાઈ, પ્રકાશ દેખાય છે?'' એ સાંભળીને એમનો એ નામનો દીકરો ઊભો થઈને શ્રીમોટા કને આવવા લાગ્યો. એને એમ કે એને પોતાને શ્રીમોટા બોલાવતા હશે. 'પ્રકાશ' શબ્દ ઉપર એમ શ્લેષ કર્યો હતો તે સાથે સ્વજનને પોતાની આંખ ખોલવા પણ ઇશારો કર્યો. તેઓશ્રી કોઈને સીધી શીખામણ ભાગ્યે આપતા હોય છે. પ્રસંગ મળ્યે લગાવી દે!

૧૯૬૫માં ડભાણ ગામે રામનવમીનો ઉત્સવ ઉજવાયો, ત્યારે એક સ્વજનનાં માતુશ્રી મુંબઈથી પહેલી વાર શ્રીમોટાનાં દર્શને આવ્યાં. તેમને જોઈને શ્રીમોટા એકદમ ઊભા થઈ ગયા ને આંસુ સાથે વૃદ્ધ માનો હાથ પકડીને બોલી ઊઠ્યા, ''મારા માથે હાથ મૂક, મારે મા નથી.'' આમ પ્રથમ દર્શને જ માને હેતથી ભીંજવી દીધાં. ઉત્સવ પૂરો થયા બાદ તે માતુશ્રી વિદાય લેવા શ્રીમોટા કને આવ્યાં ત્યારે તેઓશ્રી કહે, ''મા, મને દત્તક લઈ લે. મારા પર ભાવ રાખજે.'' અને બાને તેઓ ભેટ્યા દીકરાની જેમ. ભાવની આવી રેલમછેલ કરવાની તેમની કેવી કળા!

૧૬. હૃદયપ્રવેશ

ડભાણ ગામના એક મોટા વેપારીને બીજા એક મિત્રની સાથે શ્રીમોટા કને આવવાનું પહેલી વાર થયું. શ્રીમોટાના દેખાવ પરથી ને બોલી પરથી એ ભાઈને થયું કે, શું કામ લોકો આવા માણસને પગે લાગતા હશે?! કાંઈ ખબર પડી નહિ. ત્રણ વર્ષ વીતી ગયાં. તે બાદ બીજી એક વાર તેમને શ્રીમોટા કને નડિયાદ આશ્રમે આવવાનું થયું. ઘરની ગાડી એટલે અવારનવાર આવે. શ્રીમોટા તેમના ધંધા ને ઇતર પ્રવૃત્તિઓની જ વાત કાઢે. પ્રેમથી વાર્તાલાપ કરે. ઇતર કોઈ ઉપદેશ નહિ. 'ધીમે ધીમે વેપારી ગૃહસ્થને શ્રીમોટાની લગની લાગવા માંડી. તેમના ઘરનાં બધાં માણસો શ્રીમોટા કને આવવા લાગ્યાં. ઘરની સાહ્યબી ઘણી ઘણી છતાં આશ્રમનું નાનામાં નાનું કામ પણ તેઓ કરવા લાગ્યા. વર્ષો વીતતાં તેઓ શ્રીમોટાના સ્વજન બની ગયા છે ને આશ્રમની પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લે છે.

એક બહેન શ્રીમોટાને સાબરમતી આશ્રમે દર્શન સારુ ગયેલાં, ત્યારે અન્ય માણસો પણ હતાં. વાતો ચાલતી હતી. તે દરમ્યાન તે બહેનને મનમાં એક જણના વિશે અન્યથા ભાવના વિચારો ચાલી રહ્યા હતા. શ્રીમોટાએ તેમને પકડી પાડતાં કહ્યું, ''બહેન! આપણે આવા વિચારો ન કરવા જોઈએ. આપણે માટે તે શોભાસ્પદ નથી.'' બહેન ચમકી ગયાં.

એ જ બહેન એક વાર સુરતથી વડોદરા જતાં હતાં, તે જ ટ્રેઈનમાં શ્રીમોટા અને ભીખુભાઈ નવસારી જાય. બધાં એક જ ટ્રેઈનમાં પણ એકબીજાંને દેખી શકે નહિ, એટલા દૂર દૂરના ડબ્બામાં બેઠેલાં. આ બહેને ગાડીની બહાર ડોકું કાઢીને મનોમન ઇચ્છ્યું, ''**મોટા**, એક વાર દર્શન આપો!'' થોડી જ મિનિટમાં તેઓ એકદમ દોડતા આવ્યા ને પૂછ્યું, ''મને કેમ બોલાવતી હતી?'' ''દર્શન માટે!''

૧૭. સંવાદ

દંપતીમાંથી એક જ જણ શ્રીમોટાને વરેલું હોય અને તેને લઈને ઘરમાં ટંટો થતો હોય તો તેઓશ્રી એવી કળા કરતા હોય છે કે બંનેને તેમના પ્રત્યે ધીમે ધીમે રાગ થાય ને બંનેનું સુખ અંતે વધે. એક દંપતી. પતિ શ્રીમોટાના ભક્ત. મૌનમાં બેસવા જાય, પણ પત્નીને તે ગમે નહિ એટલે કજિયા થાય. એટલે શ્રીમોટાએ ભાઈને તેમ કરવા મના કરી છતાં ભાઈ તો બધું બીજું કામ કરે એટલો ભાવવાળો. તેમના ઉત્સવોમાં પણ હરવખત ભાગ લે. ધીમે ધીમે પત્નીનું વલણ બદલાયું અને પતિ ફરીથી મૌનમાં જતા શરૂ થયા છે.

ભાવવાળા ભક્તને અને ભક્તમાં વધુ ભક્તિ જગાડવા તેઓશ્રી કહે, ''મારી સાથે લગ્ન કર.''

કોઈ નામે હોય 'કંચનલાલ', 'ધીરજલાલ', 'પ્રકાશવીર', 'હસમુખ' વગેરે પણ હકીકતમાં તેનામાં તેથી ઊલટા ગુણ હોય, તો તેઓશ્રી કહે, ''ભાઈ, નામ બદલવું પડશે! આટલા રહ્યા પણ તમને કોઈ દિન હસતા ન જોયાં.'' એમ હસમુખરાયને કહે!

કોઈ બરાબર ધ્યાન આપીને અભ્યાસ ન કરતો હોય તો— ''ભઈલા, ધ્યાન દઈને ભણજો. નહિ તો મારા જેવું બોડું કરાવવું પડશે.'' માથા પરનું પોતાનું ફાળિયું ઊંચું કરીને કહે.

કોઈ અન્યથા પ્રવૃત્તિ કે એવી વલણવૃત્તિવાળો હોય તો કહે, ''કેમ ચાલે છે? જો જે ભાઈ! મારી આબરૂ ના જાય!''

સગાંવહાલાં જીવતે તેઓ ઉંદર-બિલાડીની જેમ લડતાં હોય ને એમનામાંથી એકાદ જણનું મૃત્યુ થતાં બંને શ્રીમોટાની આગળ જઈ રડવા લાગે. ત્યારે તેઓશ્રી કહે, ''જીવતાં તો ઘણું એને હેરાન કરતો હતો. હવે શેના વેવલાવેડા કરે છે? જા, જઈને એના માટે પ્રાર્થના કર્યા કર.''

ગુજરાત રાજ્યના એક નિવૃત્ત ઉચ્ચ કક્ષાના અમલદાર શ્રીમોટાના સ્મરણો યાદ કરતાં કહે, ''પૂજ્ય શ્રીમોટા જ્યારે મારે ઘેર પધારેલા, ત્યારે મારા પુત્ર સામું જોયું અને એમની આંખોમાં આંસુ છલકાયાં. આખું

વાતાવરણ ભાવમય બની ગયું. એ અવસ્થામાં એમણે મારા પુત્રને કહ્યું, ''તું તો મારો નાનો ભાઈ છે!'' આવા આત્મીય ભાવોની શ્રીમોટાએ હેલી કરી. ત્યારથી શ્રીમોટા એવી પ્રક્રિયા મારામાં કરી રહ્યા છે કે 'હરિઃૐ'નો જાપ થયા જ કરે છે. ભાવનું ઉદ્દીપન થયા કરે છે. મને તેમની યોજનાઓ, તેમનું કાર્ય એટલું બધું ગમે છે કે હું મારી મર્યાદાઓમાં રહીને તેમને સાથ આપી શકું છું. એક વ્યાપક પ્રેમસાગરમાંથી જાણે મોજાં આવ્યાં જ કરતાં હોય એમ લાગે છે. એમની આવી લાક્ષણિક રીત છે.''

કોઈ સ્વજન પરીક્ષામાં વારંવાર નાપાસ થતો હોય તો તેને ઘણો ઉત્સાહ આપે ને પ્રયાસ છોડી નહિ દેવાનું જણાવે. પરીક્ષા શરૂ થતાં પહેલાં તુરત પોતાને પરીક્ષાની તારીખો લખી જણાવવાનું તેઓ કહે, જેથી તેમને તેની યાદ રહે ને લખી જણાવનારને પ્રેરણા રહ્યા કરે.

પોતા પ્રત્યે નવાસવાનો ભાવ જાગે એટલા માટે તેની બધી સંસારી કથા, સગાંવહાલાં, ધંધો, વેપાર, ભણતર-ગણતર વગેરે સંબંધે પૃચ્છા કરે. કોઈવાર જમવાનું પોતાની મેળે આમંત્રણ પણ લઈ લે.

૧૮. પ્રોત્સાહન

કોઈ ભાવિક બહેનને શ્રીમોટાની પધરામણી વખતે ઘણાં માણસોનું રાંધતાં ગભરામણ થતી હોય, 'નરવસ' થઈ જતી હોય એટલે સર્વ રીતે તેમના માટે ભાવ છતાં 'પ્રસાદ' લેવા બોલાવી ના શકે. તો બે-ત્રણ વર્ષે પોતે જ તેને કહે કે, ''તારે ત્યાં ખીચડી ખાવા આવીશ. બીજું કાંઈ બનાવીશ નહિ. માત્ર ખીચડી ને શાક.'' અને અક્ષરશઃ તે જ કરવાનું હોય. પછી જમવા ટાણે અર્ધા કલાક અગાઉ જાય ને અંદર પ્રવેશતાં જ પૂછે, ''ઓ... બહેન, શું બનાવ્યું છે?... થઈ ગયું બા?... શાબાશ... લાવ જોઉં શાક ચાખું.'' ચાખીને કહે, ''સરસ થયું છે હોં, બરાબર.'' ને બીજી બહેનને કહે, ''જો આવું જ તું બનાવજે.'' આવું કહે એટલે તેમને જમવા બોલાવવા કોને પોરો ના ચડે? અને આ બધાનો હેતુ શો?

પ્રેમમૂર્તિને તે તે ભક્ત પ્રકૃતિ તેનો દિવ્યપ્રેમ—ચેતનભાવ અર્પવાનો જ, જેથી તેના સ્વભાવનું રૂપાંતર થાય.

કોઈ નિકટનો ભાઈ પ્રકૃતિવશ થઈ જતો હોય તો તેને એકાએક ઘાંટો પાડી સંભળાવે, ''સંસાર સામે શું જોયા કરે છે? સ્થૂળને ક્યાં સુધી પકડી રાખીશ? ગમે ત્યારે સંસારને છોડવો તો પડશે ને?''

૧૯. આત્મીયતા

એમના ઉત્સવ દરમ્યાન સ્વજનના ઘરમાંથી એકલાં મા-બાપ આવ્યાં હોય—ઘરે છોકરા-છોકરીને મૂકીને—ત્યારે તેઓશ્રી કહે, ''ફલાણા કે ફલાણીને કેમ નથી લાવ્યા? એને **મોટા** પર આટલો ભાવ છતાં આજે નથી લાવ્યાં? આ મને ના ગમે હોં?''

૨૦. ગમ્મત

નાનાં છોકરાં મા-બાપની સાથે આવ્યાં હોય તો તેઓશ્રી છોકરાંને પહેલાં બોલાવે ને મોટીબહેનને પૂછે, ''બાને કામ કરવા લાગે છે?'' નાનાભાઈને પૂછે, ''મોટીબહેનને વિતાડે છે ખરો? બા નાસ્તો રોજ કરી આપે છે? ના કરી આપતી હોય તો રોજ માગવો.'' એક વાર મારી બાએ પુડલા બનાવ્યા તો કહું, ''બા, આ તો મોળો છે.'' બીજી વાર ખાઈને કહું, ''આ તો બહુ જાડો છે.'' ને એ રીતે સાત વાર જુદા જુદા પુડલા કરાવીને ખાધેલા!

૨૧. ખરી દક્ષિણા

કોઈ માબાપ તેના દીકરાને પૂરતું વહાલ કરતું ન હોય તેવામાંથી કોઈ તેમને દક્ષિણા આપે તો કહે, ''પેલાને વહાલ કરજે—તે જ મારી દક્ષિણા.''

નોંધ: હવે પછીના પ્રસંગ નં. ૨૨ થી ૩૭ સ્વ. શ્રી ઇંદુકુમાર દેસાઈ દ્વારા આલેખિત અને શ્રી રજનીભાઈ બર્માવાળા દ્વારા સંપાદિત કરવામાં આવ્યા છે.

૨૨. ભગવાનના માર્ગે જવામાં નિયમિતતા

પૂજ્ય શ્રીમોટા એક લોકસંત હતા. 'સમાજ મારે બેઠો કરવો છે' એવી એમની ઘોષણા હતી અને એ માટે એમણે સમાજ પાસેથી લાખો રૂપિયા મેળવી ફરીથી સમાજને ચરણે ધરી દીધા. સમાજ પાસેથી પૈસા મેળવવા માટે જ તેઓ પોતાના ઉત્સવો ઊજવવા દેતા. ભાદરવા વદ-૪ એમનો જન્મદિવસ, વસંતપંચમી એમનો દીક્ષા દિન અને રામનવમી એમનો સાક્ષાત્કાર દિન. આમ ત્રણ ઉત્સવો એમના ભક્તો ઊજવતા.

આવો જ એક ઉત્સવ રાજકોટમાં હતો. એ ઉત્સવના પ્રમુખસ્થાને અખિલ ભારતીય કોંગ્રેસના માજી પ્રમુખ શ્રી ઢેબરભાઈ હતા. ઉત્સવનો સમય સવારે ૮-૦૦ નો જાહેર થયેલો. આઠ વાગ્યા પરંતુ શ્રી ઢેબરભાઈ આવ્યા નહિ. પૂજ્ય શ્રીમોટા પોતાના જાહેર કરેલા કાર્યક્રમોને ઘડિયાળના કાંટે પાર પાડવાનો આગ્રહ રાખે. એટલે એમણે તો બરાબર ૮-૦૦ વાગે સમારંભની શરૂઆત કરી દેવડાવી. કેટલાકે શ્રી ઢેબરભાઈ આવે ત્યાં સુધી રાહ જોવાનું સૂચવ્યું. પરંતુ પૂજ્ય શ્રીમોટાએ સમયસર કાર્યક્રમ શરૂ કરી દેવાની સૂચના આપી અને કહ્યું, 'આપણે કોઈની રાહ જોઈને બેસી રહીએ એ યોગ્ય નથી.'

લગભગ ૮-૩૦ વાગે શ્રી ઢેબરભાઈ આવ્યા. મંચ ઉપર શ્રીમોટાની બાજુમાં જ એમની ખુરસી હતી. એમની સાથે કોઈ વિચારોની આપ-લે થઈ. શ્રોતાગણમાં બેઠેલા અમે સૌએ આ જોયું. પરંતુ શું વાત થઈ એ દૂરથી કેવી રીતે સાંભળી શકાય?

પૂજ્ય શ્રીમોટાનું પ્રવચન થયું ત્યારે જ એ સમજાયું. **મોટા**એ તો પોતાના જાહેર પ્રવચનમાં ઢેબરભાઈને મોડા આવવા વિષે જોરદાર ટીકા કરી. ઢેબરભાઈને જાહેરમાં પ્રશ્ન પૂછ્યો, 'શું ગાંધીબાપુએ આપણને આ શીખવ્યું છે?'

એ બાબત પર આગળ બોલતાં તેમણે પોતાનું દૃષ્ટિબિંદુ રજૂ કરી સાધકને માટે જીવનમાં નિયમિતતા કેટલી આવશ્યક છે તે સમજાવ્યું. તેઓએ જણાવ્યું :

'પૂજ્ય ગાંધીબાપુએ આપણને ગરીબોની સેવા કરવા માટે ગરીબોના જીવનધોરણ પર જીવવા કહ્યું છે. આપણે એમના જેવા જીવનધોરણથી જીવીએ તો જ તેમનું આપણી સાથેનું તાદાત્મ્ય જન્મે. જો આપણે આપણું જીવનધોરણ ઊંચું રાખીએ તો તાદાત્મ્ય જન્મી શકે નહિ. તેમ હું કહું છું કે જો તમારે ભગવાનને માર્ગે જવું હોય તો તેની સાથે પૂરેપૂરું તાદાત્મ્ય કેળવવું પડશે. ભગવાનની મોટામાં મોટી કૃતિ આ કુદરત. એને જુઓ. મુકરર સમયે સૂર્યોદય અને સૂર્યાસ્ત થાય છે. ચંદ્રનો પણ ક્ષય અને વૃદ્ધિ અતિશય નિમયિતતાથી થાય છે. સમયે સમયે ઋતુ બદલાય છે. કેવું બધું નિયમિત ચાલે છે! તો જો તમારે ભગવાનને માર્ગે જવું હશે તો ભગવાને પેદા કરેલી આ કુદરત જોડે તાદાત્મ્ય કેળવવું પડશે. અને તે ત્યારે જ જન્મશે કે જ્યારે તમે કુદરતના ચક્ર જેવી નિયમિતતા કેળવો.'

સમગ્ર શ્રોતાગણ સ્તબ્ધ થઈ ગયો. શ્રી ઢેબરભાઈ જેવી વ્યક્તિની આવી જાહેર ઝાટકણી અને તે પણ તેમની હાજરીમાં! શું થશે? ઢેબરભાઈને માઠું નહિ લાગે?

પરંતું બધાંના આશ્ચર્ય વચ્ચે ઢેબરભાઈએ ભારે ખેલદિલી દાખવી. પોતાના પ્રમુખ તરીકે ભાષણમાં પૂજ્ય શ્રીમોટાની ટકોરને સ્વીકારી માફી માગી. પરંતુ ખુલાસો કરતાં જણાવ્યું : 'મારા પગે વા છે. મારી તબિયત સારી રહેતી નથી. એટલે સવારે જલદી તૈયાર થઈ શકાતું નથી.'

વચ્ચે જ અટકાવીને શ્રીમોટાએ કહ્યું, 'એવું હોય સાહેબ, તો પ્રમુખપદ સ્વીકારવાની ના પાડી દેવી. અને સ્વીકારો તો નિયમિતતા જાળવવી જોઈએ.'

શ્રી ઢેબરભાઈએ પોતાની ભૂલનો તરત સ્વીકાર કર્યો.

આ પ્રસંગની એક આડ અસર એ જન્મી કે શ્રી ઢેબરભાઈએ પૂજ્ય શ્રીમોટા પાસે પોતાને જે કંઈ ગૂંચવણો હશે તેના માર્ગદર્શન માટે ખાસ સમય ફાળવવા વિનંતી કરી. બપોર પછી એમની ખાસ બેઠકમાં એની બધી ચર્ચાવિચારણા થઈ પણ ખરી.

આવી હોય છે સંતોની નિર્ભયતા.

૨૩. કશાનો પણ સંકોચ નહિ

પૂ. શ્રીમોટા શ્રીસાંઈબાબાના હુકમથી કરાંચી શહેરમાં નગ્નાવસ્થામાં ફરેલા એ પ્રસંગ તો સૌનો જાણીતો છે. પરંતુ આવા બીજા કેટલાક પ્રસંગો જાણીતા નથી.

હરિજન સેવક સંઘમાં પૂજ્ય શ્રીમોટાના ઉપરી અધિકારી અને પાછલી જિંદગીમાં **મોટા**ના શિષ્ય બનેલા શ્રી હેમંતકુમાર નીલકંઠ પ્રત્યે પૂજ્ય શ્રીમોટાને ખૂબ વહાલ. એક વાર હેમંતભાઈ નવસારી હરિજન આશ્રમમાં હતા. પૂજ્ય **મોટા**ને એમની તીવ્ર યાદ આવી, દિલમાં ખૂબ ઉમળકો પેદા થયો. એમને મળવાનો તલસાટ પેદા થયો. અને જે સ્થિતિમાં હતા તે જ સ્થિતિમાં ચાલી નીકળ્યા. એમણે માત્ર નાડાવાળી એક ચડ્ડી પહેરેલી. શરીર તદ્દન ઉઘાડું. પગમાં કોઈ પગરખાં નહિ. અને **મોટા** તો અમદાવાદથી ટ્રેનમાં ચડી બેઠા અને આવી પહોંચ્યા નવસારી! એ જે વેશમાં આવ્યા તે જોઈને નવસારીમાં તો બધા આશ્ચર્યચકિત થઈ ગયા.

પૂજ્ય મોટાને સાક્ષાત્કાર થયા બાદ એમણે હરિજન સેવક સંઘમાંથી રાજીનામું આપ્યું. નિમિત્ત સ્વરૂપે જે લોકો એમના સંપર્કમાં આવ્યા અને આધ્યાત્મિક માર્ગદર્શન સ્વીકારવા લાગ્યા તેમને તેવું માર્ગદર્શન આપતા. પહેલા હતા શ્રી હેમંતકુમાર નીલકંઠ. બીજા હતા શ્રી નંદુભાઈ. એવાને માર્ગદર્શન આપવા એમને ઘરે પણ રહે. શ્રી નંદુભાઈની ત્રિચી અને કુંભકોણમ્‌માં સોના ચાંદી અને હીરાના વેપારની પેઢી. **મોટા** ત્યાં પણ જાય. એમના કુટુંબમાં રહે. શ્રી નંદુભાઈના ભાગીદાર સ્વ. શ્રી ગોપાળદાસ મામા. બન્નેની ભાગીદારીની એન. ગોપાલદાસ એન્ડ કું. ચાલે. (એન. નંદુભાઈનો અંગ્રેજી પ્રથમાક્ષર) ગોપાલદાસ મામાના વડા પુત્ર શ્રી હસુખભાઈ કુંભકોણમ્‌ની પેઢી સાચવે. પૂજ્ય **મોટા**ની એમના પર ખૂબ અમીદૃષ્ટિ. કુંભકોણમ્‌માં **મોટા**એ ૧૯૫૦માં આશ્રમ પણ સ્થાપેલો.

એક વાર **મોટા**એ શ્રી હસમુખભાઈ જોડે સવારે ૮॥ વાગે મોટરમાં બહાર જવાનું ગોઠવેલું. **મોટા** એમની રાહ જુએ. હસમુખભાઈ કોઈ અગત્યના કામમાં રોકાઈ ગયેલા એટલે આશ્રમે સમયસર જઈ શક્યા નહિ. **મોટા** તો સામે જ કાર મળશે એમ માની કુંભકોણમ્‌ના આશ્રમમાંથી નીકળી પડ્યા. પણ કેવા? લગભગ અર્ધનગ્ન દશામાં! અને જે કંઈ શરીર પર પહેરેલું એ પણ ચિત્રવિચિત્ર! માથે ગાંધી ટોપી, કમ્મરે એકમાત્ર લંગોટ અને પગમાં ચંપલો! ચાલતાં ચાલતાં ભરબજારે ૧॥ માઈલ જેટલા રસ્તામાંથી પસાર થઈ એ વેશે જ તેઓ તો પેઢી પર આવ્યા! આવી હતી એમની નફિકરાઈ! ખરેખર સંતોને કોઈ વિધિનિષેધ હોતાં નથી. આમ કરે કે આમ ન કરે એવાં કોઈ ધોરણ એમને લાગુ પડી શકે નહિ.

૨૪. કોઈ કામ નીચું નહિ

સુરત હરિઃૐ આશ્રમની બાજુમાં કુરુક્ષેત્રનું મહાદેવનું મંદિર આવેલું છે. ત્યાં એક વાર મહારુદ્ર યજ્ઞ થયો હતો. ૧૯૬૧ની સાલની એ વાત. સાત દિવસમાં રૂા. ૧૦ હજાર જેટલો ખર્ચ થયો હતો. ૨૫ બ્રાહ્મણો એક સાથે બુલંદ અવાજે લાઉડસ્પીકર સાથે વેદની ઋચાઓનું ગાન કરે. વાતાવરણ દિવ્ય હતું. સેંકડો લોકો દરરોજ જોવા આવે.

એ યજ્ઞની શરૂઆતના દિને બ્રાહ્મણોએ પૂજ્ય શ્રીમોટાને માનવંતુ સ્થાન આપી પૂજા કરી. યજમાન દંપતીએ પૂજ્ય શ્રીમોટાને ચાંલ્લો કરી હાર પહેરાવ્યા. આખા યજ્ઞના અધિષ્ઠાતા દેવ જાણે પૂજ્ય શ્રીમોટા હોય એવું વાતાવરણ હતું. એ દૃશ્ય વિરલ હતું.

એક રીતે આ એક અનોખી ઘટના હતી. બ્રાહ્મણો સમસ્ત બ્રાહ્મણ સમાજની વચ્ચે આવી આવી બ્રાહ્મણેતર વ્યક્તિને આવું સન્માન આપે એ પ્રસંગ અકલ્પ્ય હતો. હજારો વર્ષથી બ્રાહ્મણ ન હોય એવાને આ સ્થાન ન જ અપાય તેવું સનાતની બ્રાહ્મણો માનતા આવ્યા છે. પૂજ્ય શ્રીમોટા જ્ઞાતિએ ભાવસાર એટલે એ કારીગરોની જ્ઞાતિના ગણાય.

છતાં એમણે કરેલા સાક્ષાત્કારથી બ્રાહ્મણોએ એમનું આવું અદ્વિતીય સ્થાન આપ્યું હોય એવો સંભવ ખરો. બ્રહ્મજ્ઞાનીને કોઈ કશો બાધ ન હોય એવું પણ સ્વીકારવામાં આવે છે.

આવું સન્માન હોવા છતાં એક દિવસ ૨॥ કલાક માટે પૂજ્ય શ્રીમોટાએ જે કામ સ્વીકાર્યું એ તો સામા છેડાનું હતું.

આશ્રમના દરવાજે આ ઉત્સવ દરમિયાન પાણીની એક મોટી પરબ શરૂ કરેલી. અહીં પાણી પાનાર તરીકે પૂજ્ય શ્રીમોટા બેઠેલા! પાંડવોના રાજસૂય યજ્ઞમાં શ્રીકૃષ્ણે અજિઠાં પતરાળાં ઉઠાવવાનું કામ કરેલું તે પ્રસંગ એમને જોઈને ઘણાના મનમાં તાજો થયો હશે. માથે ફાળિયું, ડિલ ઉઘાડું, અને કમ્મરે મદ્રાસી ફેંટિયું. એકલા અટૂલા બેઠેલા. પાણી આપતા જાય અને બૂમો પાડતા જાય : 'મને કોઈ અડશો નહિ. અહીં પાઈ પૈસો મૂકો. મારો પગાર કેમ નીકળશે?'

આમ **મોટા**એ પોતાનું અનોખું વ્યક્તિત્વ પ્રગટ કર્યું. આશ્રમને બારણે પાણી પીનારામાં સ્વાભાવિક જ આશ્રમ જોવાની જિજ્ઞાસા પણ જાગે. એટલે એ લોકો અંદર આવે ને બધે ફરે. 'આ આશ્રમના મહારાજ ક્યાં?' એમ બધા શોધે પણ ખરા. પાણી પીતી વખતે એમને ક્યાંથી ખ્યાલ હોય કે આશ્રમના જે અધિષ્ઠાતા દેવનાં દર્શન કરવા તેઓ ઝંખે છે તે જ એમને પાણી આપે છે! એમણે માત્ર પોતાની સ્થૂળ તરસ છિપાવી. પરંતુ કોઈક મહાન ઠાઠમાઠવાળા વૈરાગ્ય અને સંન્યસ્તથી દેદીપ્યમાન એવા ગાદીપતિ મઠાધિકારી મહારાજનાં દર્શન કરવાની સૂક્ષ્મ તૃષા તેઓ છિપાવી શક્યાં નહિ.

પૂજ્ય શ્રીમોટાને કશાની નાનમ ન હતી. કશાનો સંકોચ નહિ. ક્ષોભ પણ નહિ. સાચું ઊર્ધ્વ પ્રકારનું લોકોત્તરપણું એમનામાં હતું.

૨૫. શ્રીમોટાની રૂઢિભંજકતા

સંતોના બાહ્યવર્તનથી આપણે તેમનું મૂલ્યાંકન ન કરી શકીએ. એવું જ **મોટા** અંગે પણ ખરું. કોઈ વ્યક્તિ ઉદ્ઘાટન કરાવવા, લગ્ન

કરાવવા, જનોઈ દેવડાવવા, ખાતમુહૂર્ત કઢાવવા માટે પૂજ્ય શ્રીમોટાને આમંત્રણ આપે ત્યારે **મોટા** આમંત્રણ આપનાર ભાઈની રૂખ જોઈને મુહૂર્ત શોધવા પંચાંગ વગેરે લઈને બેસી જાય.

પણ આંતરિક રીતે એ કેવા રૂઢિભંજક હતા તેનો એક સુંદર પ્રસંગ છે. **મોટા**ના સ્નેહીજનની એક દીકરીનાં લગ્ન ગોઠવાયાં હતાં. વડીલોની ઇચ્છા પૂજ્ય શ્રીમોટાના હાથે લગ્નવિધિ કરાવવાની હતી. બધું જ નક્કી થઈ ગયું. આમંત્રણો પણ દેવાઈ ગયાં. બધી જ પૂર્વતૈયારી થઈ ચૂકી હતી.

લગ્નના એકાદ-બે દિવસ અગાઉ પરણનાર કન્યા આશ્રમે આવી. પૂજ્ય મોટાની સાથે એ વાત કરવા આવી હતી. તે કંઈક મૂંઝવણમાં હતી. તેણે પૂજ્ય શ્રીમોટાને કહ્યું, '**મોટા**, આપણે તો પરમ દિવસે લગ્નનું બધું નક્કી કરી દીધું છે. અને હું તો આજે માસિકધર્મમાં છું. તો શું થશે?'

'કેમ બહેન! તને આટલી બધી ચિંતા થાય છે?' પૂજ્ય શ્રીમોટાએ પૂછ્યું.

તે બહેને જવાબ આવ્યો, '**મોટા**, હું તો કંઈ આ બધામાં બહુ માનતી નથી. પરંતુ આપ જેવા સંતપુરુષના હાથે આ સ્થિતિમાં લગ્ન કરાવવામાં કંઈ દોષ તો નહિ લાગે?'

પૂજ્ય શ્રીમોટાએ પૂછ્યું, 'તને કંઈ વાંધો છે? મને કોઈ વાંધો નથી. પણ જો તને વાંધો હોય તો આપણે લગ્ન મોકૂફ રાખીએ.'

પેલાં બહેનના મન પરથી જાણે ભાર ઊતરી ગયો હોય એમ સહસા જ બોલી ઊઠ્યાં : '**મોટા**, તમને વાંધો ન હોય તો મને તો કોઈ વાંધો નથી.' પૂ. શ્રીમોટાએ વધુમાં ઉમેર્યું, 'તારે કોઈને કહેવું નહિ. આપણે બે જ જાણીએ!'

મુકરર દિવસે અને સમયે જ લગ્ન થયાં. તે દિવસે બહેન માસિકધર્મમાં હતાં. આવી હતી **મોટા**ની રૂઢિભંજકતા.

૨૬. સદ્‌ગુરુનો ક્રોધ તો કૃપાપ્રસાદી

એક વાર સ્વ. શ્રી કાંટાવાળા સાહેબને ઘરે બપોર પછી સત્સંગ શરૂ થયો. તે દિવસે પૂજ્ય **મોટા**ની તબિયત સારી ન હતી. દમ ખૂબ ચડેલો. પણ જ્યારે શારીરિક વેદના વધે ત્યારે ત્યારે તેઓ સત્સંગ કરે કે ભજનો લખે. સાધનાના ત્રણ જુદા જુદા રસ્તા વિષે વાતો ચાલી. વચ્ચે વચ્ચે ગીતાના કેટલાક શ્લોકો અને તેના અર્થઘટનની પણ વાતો ચાલી. ૧॥ કલાક સુધી સત્સંગ ચાલ્યો.

આ સત્સંગમાં પૂજ્ય મોટા એમના અવાજની ખૂબ ઊંચી પિચ ઉપરથી ગર્જના કરી કરીને બોલતા હતા. ખૂબ જ રંગમાં હતા. એટલે ૧॥ કલાકને અંતે જ્યારે કંઈક બોલતા બંધ થયા ત્યારે મને પ્રશ્ન પૂછવાનું મન થયું. એ મન થવાનું કારણ તો ગીતાના કેટલાક શ્લોકોનું **મોટા**એ જે અર્થઘટન કર્યું તે ખૂબ જ મૌલિક અને અનોખું હતું. એથી બીજા એક શ્લોક વિષે એમનું અર્થઘટન જાણવાની ઇચ્છા જાગી.

હું પ્રશ્ન આમ પૂછવા માગતો હતો, '**મોટા**, સ્વધર્મમાં શ્રેય છે અને પરધર્મ ભયાવહ, એમ ગીતામાં કહ્યું છે તે અંગે પ્રાચીન ભાષ્યકારો સ્વધર્મ એટલે ચતુર્વર્ણનો ધર્મ એવો કંઈક અર્થ ઘટાવે છે. આધુનિક યુનિવર્સિટી શિક્ષણ પામેલા વિદ્વાનો એને વ્યક્તિના પોતાના વ્યવસાય સાથે સાંકળે છે. તો તમારી દૃષ્ટિએ સ્વધર્મ એટલે શું?'

આવો પ્રશ્ન મનમાં ગોઠવી હું બોલવા જતો હતો. હજુ તો માંડ શરૂ કરું ત્યાં પૂજ્ય શ્રીમોટાનો ક્રોધાગ્નિ જવાળામુખીની જેમ ભભૂકી ઊઠ્યો.

'મૂરખ છે. પ્રોફેસર થયો છે! ગધેડો! ભાન નથી? આ મરવા પડ્યો છું. બોલાતું નથી. ત્યારે પૂછ પૂછ કરે છે. તમને મારા શરીરની ક્યાં પડી છે? અક્કલ હોવી જોઈએ.' આવા તો બીજા કેટલાય શબ્દો નીકળ્યા હશે. પરંતુ તે બધા યાદ રહ્યા નથી. કારણ કે એકદમ હુમલાથી મન બહેર મારી ગયું હતું.

ચાલીસથી પચાસ માણસની વચ્ચે આમ તૂટી પડવું એ કંઈ નાનીસૂની વાત ન હતી. પણ કોણ જાણે મને અંદરથી 'સદ્‌ગુરુ હોય તે તો આમ વર્તે પણ ખરા. આપણે ખોટું લગાડવાનું ન હોય.' આવું કંઈક ઊગી ગયું. એટલે મેં તો બે હાથ જોડી ધીમેથી નમ્ર અવાજે કહ્યું, '**મોટા**, મારી ભૂલ થઈ, માફ કરો.'

હાજર રહેલાં સૌમાં સોપો પડી ગયો હતો. સૌ અવાક્ બની ગયાં હતાં. વાતાવરણ સ્તબ્ધ થઈ ગયું.

પાંચ, દસ મિનિટ બાદ સુરતથી છાપરાભાઠા ગામેથી આવેલા એવા પૂજ્ય **મોટા**ના એક સ્વજન ઊભા થયા. એમણે **મોટા**ની રજા માગી. **મોટા**એ આનંદથી એમને વિદાય આપી. એમની પાછળ એક બહેન ઊભાં થયાં. એ પેલા ભાઈના મિત્રનાં પત્ની હતાં. યજમાન પત્ની પણ ખરાં. એમણે **મોટા**ને નમસ્કાર કરી કહ્યું. 'ઇન્દુભાઈ, આવજો.' **મોટા** આ બધું જોયા કરે. હું એમની તદ્દન નજીક પાટ પાસે બેઠેલો. એટલે વાંકા વળી મારા કાન પાસે મોઢું રાખી ખૂબ ધીમેથી **મોટા**એ મને પૂછ્યું, 'એ બહેન તને ક્યાંથી ઓળખે?' મેં કહ્યું, 'મારા દૂરનાં સંબંધી થાય!'

બેઠેલાં સહુ જોઈ રહ્યાં. એમના મનમાં પ્રશ્ન ઉદ્‌ભવ્યો હશે : 'હાલ તો આ ભાઈનું અપમાન કરી એમના હાલહવાલ કરી નાંખ્યા. અને હવે પાંચ જ મિનિટમાં ખાનગી વાત કરવા મંડી પડ્યા?' બહાર નીકળ્યા બાદ કેટલાકે આવા ઉદ્‌ગાર વ્યક્ત પણ કર્યા હતા.

પૂજ્ય **મોટા**ના આવા વર્તનથી ખરેખર મારા દિલને **મોટા** પ્રત્યે ખોટું લાગ્યું ન હતું. પરંતુ દિલને એક ભારે ચોટ લાગેલી. એને કારણે તે દિવસે રાત્રે બહાર ખુલ્લામાં સૂતો હતો ત્યારે ૧૨ વાગે જાગી ગયો. હું ઊઠ્યો. ઘરની ચાવી મારા ઓશિકાની નીચે જ હંમેશ રહે. એટલે એ લઈને ઘર ખોલ્યું અને મારી દરરોજની ઉપાસનાની જગાએ બેઠો.

દિલમાં લાગેલી ચણચણાટીને નામસ્મરણમાં વાળવા પ્રયત્ન કર્યો. પૂજ્ય **મોટા**ની મૂર્તિ પ્રત્યે અનિમેષ નયને જોતાં જોતાં દિલમાંથી આત્મનિવેદન પ્રગટ્યું 'પ્રભુ, તમે જે કાંઈ કર્યું છે તે યોગ્ય જ છે. મારી

અંદર રહેલા કોઈ તત્ત્વને મઠારવા માટે આપે એ રીત અજમાવી હશે. મારી કસોટી કરવા પણ કર્યું હોય. તમે જે કંઈ કર્યું છે તે માટે મારે કશી ફરિયાદ નથી. પરંતુ પ્રભુ, એટલું તો આપનાં ચરણોમાં નિવેદું કે આપના શરીરને ત્રાસ આપવાનો મારો કોઈ ઇરાદો ન હતો. આપને સહેજ પણ દુઃખ દેવાનું મનમાં સ્વપ્નેય ન હતું. મને માફ કરશો. પ્રભુ, તમારે શરણે છું. મારવાનું કે તારવાનું એ તમારા હાથની વાત છે.'

આવા પ્રકારનું નિવેદન દોઢ બે કલાક સુધી વારંવાર કર્યું. દિલના ઊંડાણમાંથી જન્મેલા આત્મનિવેદન દ્વારા કંઈક હળવાશ અનુભવી, ૩ા વાગે તૈયાર થઈ મારા નિયમ મુજબ ચાર વાગે મારાં પત્ની સાથે **મોટા** પાસે હાજર થયો.

હું સદ્‌ગત શ્રી કાંટાવાળાના ઘરનાં પગથિયાં ચડતો હતો. એટલામાં **મોટા**નો અવાજ સંભળાયો, 'આવ, ભઈલા આવ!' મારાં પત્ની પ્રથમ પગે પડ્યાં અને પછી હું પગે પડી નીચે બેઠો. મને એક વાતનું ભારે આશ્ચર્ય થતું. અમારા પ્રવેશદ્વાર તરફ પૂજ્ય **મોટા**નું માથું હતું. વિરુદ્ધ દિશાએ સામી દિશાએ એમના પગ હતા. અમને **મોટા** જોઈ શકે એમ ન હતા. તે વેળા લાઈટ બંધ હતી. તો **મોટા**એ અમને આવેલા જોયા કેવી રીતે? હું બેઠો કે તરત **મોટા** બોલ્યા, 'બોલ ભાઈ, કાલે સાંજે તું શું પૂછતો હતો?' આ પ્રશ્ન કરતાં જ મને મનમાં સહસા ઊગી ગયું કે, 'જરૂર **મોટા**એ મારું આત્મનિવેદન સાંભળ્યું.'

પછી તો મેં આગલે દિવસે પૂછવા ધારેલા પ્રશ્નનો જવાબ એમણે આપ્યો. જવાબથી મારા મનનું સમાધાન થયું. 'સ્વધર્મ એટલે આત્માનો ધર્મ અને પરધર્મ એટલે પ્રકૃતિનો ધર્મ. મનુષ્ય પોતાની પ્રકૃતિનાં જોરદાર વલણોથી વર્ત્યાં કરે ત્યારે હંમેશાં દુઃખી થાય પરંતુ પ્રકૃતિના કારણોને મઠારીને એમને ઊર્ધ્વગામી બનાવીને સંસારવહેવારમાં વર્તે તો તેને દુઃખી થવાનું હોય નહિ. કારણ કે એ આત્માનો ધર્મ છે.'

૨૭. શબ્દાર્થની અનુભૂતિ

આપણે સૌ ભાષાનો ઉપયોગ અતિશય શિથિલતાથી કરીએ છીએ. શબ્દનો અર્થ ખરેખર આપણા જીવનમાં સાકાર થયો છે કે નહિ તેની લવલેશ ચિંતા કર્યા વિના આડેધડ એના પ્રયોગો કરીએ છીએ. સંતોનું એવું નથી. જીવનની અનુભૂતિ સાથે કંઈ પણ સંબંધ ન હોય એવો શબ્દપ્રયોગ તેઓ ભાગ્યે જ કરે છે.

પૂજ્ય શ્રીમોટામાં પણ આ લાક્ષણિકતા દૃષ્ટિગોચર થતી. એક લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર એમને મળવા આવ્યા. ગુજરાત સાહિત્ય પરિષદ સાથે તેઓ ઘનિષ્ઠ રીતે સંકળાયેલા. પૂજ્ય શ્રીમોટાએ સાહિત્ય પરિષદને એક-બે દાન આપેલાં. એ દાનની રકમ એના મૂળભૂત હેતુ માટે યથાર્થરૂપે વપરાય એ માટે **મોટા** અતિશય ખાંખત રાખે. અવાર-નવાર સાહિત્ય પરિષદ પાસે માહિતી મંગાવે. આ સાહિત્યકાર મિત્રને એ કંઈક કઠે.

વાતવાતમાં એમણે પૂજ્ય શ્રીમોટાને કહ્યું, '**મોટા**, તમારે તો દાન આપી નિઃસ્પૃહતા રાખવી જોઈએ.' **મોટા** કહે, 'સાહેબ, 'નિઃસ્પૃહતા' શબ્દ તમારા ક્ષેત્રનો નથી. તમે તો ઠાલો શબ્દપ્રયોગ કરો. આપે નિઃસ્પૃહતા કેળવી છે ખરી? એ કેળવ્યા વિના તમારાથી બીજાને શી રીતે કહી શકાય? તમારા સાહિત્યના ક્ષેત્રમાં અમે કંઈ ચંચુપાત કરીએ છીએ? તો તમને આધ્યાત્મિક ક્ષેત્રમાં ચંચુપાત કરવાનો અધિકાર શી રીતે મળે? 'નિઃસ્પૃહતા' એ આધ્યાત્મિક ક્ષેત્રનો વિષય છે—અમારો વિષય છે. એ અમારામાં છે કે નહિ તે જોવાનું અમારા પર જ છોડો.'

આવા સણસણતા જવાબથી પેલા સાહિત્યકાર મિત્ર મૌન થઈ ગયા. એમને એ વાતની ઊંડી પ્રતીતિ થઈ હોય એમ લાગ્યું.

આમ સંતોને આપણે ઘણીવાર આપણાં જ ધારાધોરણ અનુસાર માપીએ છીએ. એમનાં વર્તનનાં ધારાધોરણ અને આપણાં ધારાધોરણ જુદાં છે એ વાતનો ખ્યાલ આપણને રહેતો નથી.

૨૮. ભગવાન માટે રૂદન કેમ નહિ?

પૂજ્ય શ્રીમોટાની જ્યાં જ્યાં પધરામણી થતી ત્યાં ત્યાં સવાર-સાંજ સત્સંગ ચાલતો જ હોય. અમદાવાદ કોર્પોરેશનના કમિશ્નર અને પાછળથી ગુજરાત રાજ્યના ચીફ એન્જિનીયર અને હોદ્દાની રૂએ નાયબ સચિવ તથા હાઉસિંગ બોર્ડના ચેરમેન સદ્‌ગત શ્રી કે. એમ. કાંટાવાળા સાહેબને ત્યાં આવા ઘણા પ્રસંગો અનેક વખત પેદા થતા.

મોટા સાથે ઘણાં વર્ષોથી સંબંધમાં એવું એક ડૉક્ટરનું કુટુંબ પણ દર્શનાર્થે વારંવાર આવતું. ડૉક્ટરનો નાનો પુત્ર એમ.બી.બી.એસ.ના છેલ્લા વર્ષમાં હતો. એ દરમિયાન હળવા પ્રકારની માનસિક માંદગીનો એ ભોગ બન્યો. પરીક્ષાની તૈયારી ન કરી શકે. આરે આવેલું વહાણ ડૂબે એવી પરિસ્થિતિ પેદા થયેલી. આથી ડૉક્ટરસાહેબનું આખું કુટુંબ ચિંતિત રહેતું. વારંવાર માનસિક માંદગીનો ભોગ બનેલા પુત્રને લઈને સમગ્ર કુટુંબ પૂજ્ય શ્રીમોટા પાસે આવતું.

પૂજ્ય શ્રીમોટાની કળા પણ અનોખી. એ છોકરા પાસે જ બ્લડપ્રેશર મપાવે, એની પાસે ઇન્જેકશન લે. એની નાની બહેનને કહે, 'ભાઈને ખૂબ વહાલ કરવું. એને પ્રેમ આપો. તમારા પ્રેમથી જ એ સારો થશે.'

ડૉક્ટરને સહેજ સખત રીતે કહે, 'તમે વારંવાર છોકરાને ટોક ટોક કરો છો એટલે જ એમ થયું છે. એને ટોકવાનું બંધ કરી દો. એને વહાલ કરો. તમારા વિચારોનું દબાણ પણ એના પર ન કરો.'

આવા જ એક પ્રસંગે ડૉક્ટરસાહેબનું કુટુંબ આવેલું. ઘણી અલક-મલકની વાતો થઈ. એ કુટુંબના સભ્યોએ એક પછી એક વિદાય લીધી. એક માત્ર છોકરાની મા પાછળ રહ્યાં. **મોટા**ને પગે પડતાં તે ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં. પુત્રનું શું થશે એની ચિંતા એમને સતાવતી હતી.

પૂજ્ય **મોટા** એમને હિંમત આપતાં બોલ્યા, 'તું શક્તિ સ્વરૂપ છું. શક્તિશાળી છું. હિંમત રાખ. તું જ એને સારો કરી શકીશ.'

આ શબ્દોથી એ બહેનને દિલાસો પ્રાપ્ત થયો અને કંઈક સ્વસ્થ થઈને ગયાં.

હું દૂર બેઠો હતો. એ બહેનના ગયા પછી પૂજ્યશ્રીએ આંગળીનો ઇશારો કરી મને પાસે બોલાવ્યો અને બોલ્યા : 'લોકો આટલું ભગવાન માટે રડતા હોય તો!'

આ શબ્દમાં પૂજ્ય શ્રીમોટાનું દિલનું દર્દ વ્યક્ત થતું હતું. પૂજ્ય શ્રીમોટાની આ અંગેની જાગૃત સભાનતાથી હું એમને મનોમન વંદી રહ્યો.

૨૯. અધ્યાપક પાસે રસોઈ કરાવડાવી

એક વાર અમદાવાદમાં પધરામણી થયેલી. ત્યારે ઘણાં સ્વજનો બેઠાં હતાં. તે વખતે એક સ્વજનસમા અધ્યાપકનાં પત્નીને **મોટા** પૂછે, 'પ્રોફેસર કોઈ વાર રસોઈ કરે કે?'

શિક્ષિકા બહેને ના પાડી. **મોટા** બોલ્યા, 'તો શું આપણે કંઈ ગુલામી લખી આપી છે? તું નોકરી કરે છે તો એ પણ ભલે ને રવિવારે રસોઈ કરે!'

પેલા પ્રોફેસર આશ્રમના કોઈક કામમાં પૂ. નંદુભાઈને મદદ કરતા હતા. ત્યાં દૂર બેઠા બેઠા સાંભળે. એ દિવસે શનિવાર હતો. બીજા દિવસે રવિવારે સત્સંગ ચાલતો હતો. **મોટા**એ અધ્યાપકનાં શિક્ષિકા-પત્નીને પૂછ્યું, 'આજે પેલાએ રસોઈ કરેલી કે?'

'ના, **મોટા**! એમને તો આજે કોલેજમાં સવારના ખાસ વર્ગો હતા.' પેલાં બહેન બોલ્યાં.

મોટા બધાંના હાસ્યની છોળો વચ્ચે બોલી ઊઠ્યા, 'આમને આમ ભાયડાઓ બૈરાંને છેતરી ખાય છે!'

અધ્યાપકભાઈએ જ્યારે આ સાંભળ્યું ત્યારે એમને મનમાં થયું, '**મોટા** કંઈક મશ્કરી કરતા નથી લાગતા. તેઓ ખરેખર કંઈક ગંભીર રીતે સૂચવે છે.' શા માટે એમ સૂચવે છે એ એમને સમજાયું નહિ. પણ એમને **મોટા** જે કંઈ કહે તે કરવા માટે ભક્તિભાવે ઉમળકો ખરો.

મોટાએ પેલાં બહેનને સૂચના આપી, 'આવતા રવિવારે એ કેવી રસોઈ બનાવે છે તેની મને પત્ર લખીને જાણ કરજે.'

બીજા રવિવારે પ્રોફેસરસાહેબે તો ગંભીરતાથી પૂજ્ય શ્રીમોટાના સૂચનનો અમલ કરવાની શરૂઆત કરી.

આમ થોડી દરરોજની જીવન જરૂરિયાત પૂરતી રસોઈ બનાવતાં તો અધ્યાપકને આવડતું હતું, પરંતુ એમને કોઈ મિષ્ટાન્ન બનાવવાનો મહાવરો નહિ. છતાં એમણે તો વેઢમી બનાવવાનો નિર્ણય કર્યો. જીવનમાં પહેલી વાર!

પોતાનાં પત્નીને કહ્યું, 'તારે રસોડાની અંદર આવવું નહિ. મને સમજણ ન પડે ત્યાં હું પૂછીશ.'

એમણે વેઢમી, કઢી, મોળી દાળ, ભાત અને શાક બનાવ્યાં. બધાંએ ઉમંગથી ખાધું. અધ્યાપકને ખબર ન પડે એ રીતે એમની પત્નીએ બધું વર્ણન પૂજ્ય શ્રીમોટાને લખ્યું. એ રવિવારે **મોટા** અમદાવાદમાં ન હતા.

થોડા દિવસ પછી ફરીથી અમદાવાદમાં **મોટા**ને આવવાનું થયું.

બપોરના સમયે સત્સંગ ચાલુ થયો. અધ્યાપક મિત્રનાં પત્નીને **મોટા**એ પૂછ્યું, 'કેમ? કેવી વેઢમી બનાવી હતી પ્રોફેસરે?'

'ઘણી સરસ!'

'ઘણી સરસ એટલે કેવી?' **મોટા**એ પૂછ્યું. જવાબ મળ્યોઃ '**મોટા**, પૂરણ ઘણું અને ઉપર લોટનું ખૂબ જ પાતળું ન દેખાય એવું પડ.'

બધાંના ખડખડાટ હાસ્ય વચ્ચે **મોટા**એ કહ્યું, 'અસલની કહેવત છે કે વરને કોણ વખાણે? તો વરની મા! હવે નવા જમાનાની કહેવત બનવાની છે. વરને કોણ વખાણે? તો વરની વહુ!'

પછી **મોટા** કહે, 'હું કેમ જાણું કે કેવી વેઢમી બનાવે છે? મારા માટે એક વાર બનાવીને લાવે ત્યારે ખરું!'

એક વાર મણિનગરમાં શ્રી સી. ડી. શાહ સાહેબની વર્ષગાંઠે પૂજ્ય શ્રીમોટાની પધરામણી થયેલી. તે દિવસે રવિવાર હતો. એટલે અધ્યાપક મિત્રે પોતાને હાથે વેઢમી તૈયાર કરી અને પૂજ્ય **મોટા** માટે છ વેઢમી લઈ ગયા. જમવાના ટેબલ પર પોતે એક લઈને **મોટા**એ બધાંને એક એક વહેંચી.

બપોરે સત્સંગ શરૂ થયો. **મોટા**એ બધાંને ઉદ્દેશીને કહ્યું, 'ભાઈઓ, રવિવારે પ્રોફેસર રસોઈ બનાવે છે. જજો!' પછી અધ્યાપકનાં પત્નીને ઉદ્દેશીને તેમના તરફ ફરીને કહે, 'છોને સાલો ઊંચોનીચો થતો! ખબર તો પડે કે ગમે તેને રસ્તેથી જમવા તેડતો આવે છે તે! બૈરાંની શી હાલત થાય તેનું ભાન તો થાય!'

આમ આઠ દસ મહિના ચાલ્યું. પછી એક દિવસ અધ્યાપક મિત્રને કહે, 'હવે તારે સાથે રાખીને આપણી બેબલીને શીખવવાનું. પારકે ઘેર મોકલવાની છેને!'

આવી હતી સ્વજનોનાં હૃદયમાં પ્રવેશ કરવાની **મોટા**ની અનોખી રીત. સંતો કેવાં ગતકડાં કરે છે તેનું આ એક ઉત્તમ ઉદાહરણ છે.

સંતોનાં વર્તનને કોણ પામી શક્યું છે?

૩૦. ઝીણવટભરી ચીકાશ

અમદાવાદમાં સ્વજનને ત્યાં પૂજ્ય શ્રીમોટાની પધરામણી થયેલી. તે દિવસે કોઈ ભાઈ પૂજ્ય મોટાને 'ૐ નમઃ શિવાય' લખેલાં લાંબાં મોટાં પોસ્ટરો આપી ગયા. પૂજ્ય મોટા પોતાની પાસે કશું સંગ્રહી ન રાખે. તેઓ ઉપભોગમાં ન માને. ઉપયોગમાં માને. દરેક વસ્તુનો ઉપયોગ કરી લેવો. પાઈએ પાઈઓનો ઉપયોગ કરી લેવો એવું એમનું સતત વલણ.

મોટાએ તો પેલાં પોસ્ટરો ચાર ચાર આને વેચવા માંડ્યાં. ઘણાંએ લીધાં. એવામાં યજમાનના એક વકીલ મિત્ર આવ્યા. એમને સંતો અને ભક્તિમાં ભારે અનુરાગ.

મોટાની જ્યાં જ્યાં પધરામણી થાય ત્યાં ત્યાં એમની આગળ એક ટેબલ પર મોટી થાળી મૂકી જ હોય. સૌ પગે પડે અને પૂજ્ય **મોટા**ને ચરણે કંઈક ધરે ને તે થાળીમાં મૂકે.

પેલા વકીલ મિત્ર પૂજ્ય **મોટા**ને પગે લાગ્યા અને થાળીમાં રૂપિયા અગિયાર મૂક્યા. **મોટા**એ તેમને 'ૐ નમઃ શિવાય' લખેલું પોસ્ટર આપ્યું. એમણે તો લીધું અને મારા પરિચિત હોવાથી મારા ખભા પર

હાથ રાખી મારી પાછળ બેસવા જતા હતા ત્યાં તો **મોટા** બોલી ઊઠ્યાઃ 'ચાર આના આપો!' વકીલ મિત્ર કહે, 'શેના?' તો કહે, 'આ પોસ્ટરના.' વકીલે જવાબ આપ્યો,'**મોટા**, થાળીમાં અગિયાર રૂપિયા તો મૂક્યા.' **મોટા** કહે, 'એ તો પગે પડવાના. તે વખતે થોડી જ ખબર હતી કે આ પોસ્ટર મળવાનું છે? એ ભલે મૂક્યા. આના જુદા ચાર આના આપો!'

આવી ઝીણવટભરી ચીકાશ અને વેચાણકુશળતા જોઈને હાજર રહેલા સૌ ખડખડાટ હસી પડ્યાં. પેલા વકીલ મિત્રને ચાર આના આપવા પડ્યા. એ લીધા ત્યારે જ **મોટા** જંપ્યા.

આવી હતી પૂ. મોટાની હેતુસભાનતા.

૩૧. વર્તમાનપત્ર વિના ચાલે

અમદાવાદના એક કલાકારના ઘરે પૂજ્ય શ્રીમોટાને જવાનું થયું. શહેરથી ખૂબ દૂર એક ગામની ભાગોળે તળાવની પેલે પાળ ખેતરમાં એમનો સ્ટુડિયો અને મકાન. પૂજ્ય મોટા આવ્યા. બધે ફરીને સ્ટુડિયો જોયો. ખૂબ એકાંત સ્થળ એમને ઘણું ગમ્યું. એમણે ખૂબ સંતોષ વ્યક્ત કર્યો. આરામ કરતાં કરતાં એમને અચાનક એક વિચાર આવ્યો. ★કલાકારભાઈને બોલાવ્યા અને પૂછ્યું, 'તમે પેપર વાંચવાનું શું કરો છો? આટલે દૂર તમને પેપર કેવી રીતે મળે? ટપાલમાં મંગાવો છો?'

પેલા કલાકાર મિત્રે જવાબ આપ્યો, '**મોટા**, હું વર્તમાનપત્ર વાંચતો જ નથી. મને એની કંઈ જરૂર લાગતી નથી.'

આથી **મોટા**એ એકદમ મોટેથી શ્રી નંદુભાઈને હાક મારી, 'નંદુભાઈ, નંદુભાઈ! જુઓ હું નહોતો કહેતો કે વર્તમાનપત્ર વાંચ્યા વિના ચાલે!'

નંદુભાઈ અન્યત્ર સ્ટુડિયોનું નિરીક્ષણ કરતા હતા. તેઓ નજીક આવ્યા. એટલે **મોટા**એ તેમને ઉપર મુજબનું કહ્યું.

★શ્રી કાંતિભાઈ પટેલ (શિલ્પકાર, ચાંદલોડીયા, અમદાવાદ)

જગતના પદાર્થો અને ઘટનાઓમાં જ જો આપણું મન રમ્યાં કરે તો તે મન ઇન્દ્રિય અનુભવોથી આગળ વધી દિવ્યતા તરફ જતું નથી. એમ થવામાં એને અવરોધ પેદા થાય છે. એટલે જ આધ્યાત્મિક માર્ગે જનારે વર્તમાનપત્ર બહુ વાંચવાં નહિ એવું કંઈક સ્વીકારાયું છે.

૩૨. ચમત્કાર કે કૃપાદૃષ્ટિ !

પૂ. **મોટા**એ પોતાનાં સ્વજનોનાં કેટલાંક બાળકોનાં નામ 'હરિ' પાડેલાં. એવા પાંચેક છોકરા છે કે જેનાં નામ 'હરિ' છે. મારા મનમાં એવી એક સમજ ખરી કે પૂજ્ય **મોટા**ને પૂર્વજન્મમાં જેની સાથે કોઈ ઘનિષ્ઠ નિમિત્ત હશે તેમનાં નામ તેમણે 'હરિ' પાડ્યાં હોવાં જોઈએ.

મોટાની સેવામાં રહેતા એક દંપતીના પુત્રનું નામ પણ હરિ. એના સંદર્ભમાં આ વાત છે.

ગુજરાત રાજ્યના ઔદ્યોગિક ખાતાના ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રી સોનીસાહેબને ઘરે શાહપુર દરવાજા બહાર સર્વોદયનગરમાં પૂજ્ય શ્રીમોટાનું પધરામણી થયેલી. આજે તો સોનીસાહેબનું કુટુંબ પૂ. **મોટા**ના સ્વજન પરિવારને જાણીતું. પણ જે પ્રસંગની વાત લખું છું તે દિવસોમાં સ્વજનોમાંથી ઘણાને એમનો પરિચય નહિ. તે દિવસે બપોર પછી પૂજ્ય **મોટા** પાસે કોઈ મળવા આવનાર નહિ. તે દિવસે હું અને મારી પત્ની ત્યાં જઈ ચડ્યાં.

પૂજ્ય **મોટા** તકિયે અઢેલીને ભજનો લખ્યાં કરે. સેવામાં રહેલાં ★બહેન આવ્યાં. **મોટા** તેમને બોલાવીને કહે, 'જો, તારા હરિ પર ભજનો લખું છું.'

પેલાં બહેન કહે, 'હોય વળી? મારો હરિ તે કંઈ ભગવાન છે કે તમે તેને માટે ભજનો લખો?'

મોટા કહે, 'મા જશોદાને થોડી ખબર હતી કે એનો કૃષ્ણ ભગવાન હતો? માને મન તો પોતાનું બાળક.'

★શ્રીમતી જયશ્રીબહેન શેરદલાલ, અમદાવાદ.

બહેને જવાબ આપ્યો, '**મોટા**, મારો હરિ તો એવો તોફાની છે કે મને તો એણે પરેશાન કરી નાખી છે. એ વળી શું ભગવાન થતો તો?'

મોટા કહે, 'તું નહિ માને?' પેલાં બહેન કહે, 'મને કંઈ ચમત્કાર બતાવો તો હું માનું.'

આમ બોલતાં તો એ બોલ્યાં પણ **મોટા**ની આંખમાં આંસુ ધસી આવ્યાં. હું સામે બેઠેલો આશ્ચર્યચકિત થઈ જોઈ રહ્યો. ભાવાશ્રુ સાથે **મોટા** બોલ્યા, 'શું મેં તમને માનવાતીત શક્તિનાં દર્શન નથી કરાવ્યાં?'

આમ કહી **મોટા** ફરીથી ભજન લખવામાં પરોવાયા. એટલે હું ઊઠીને રસોડામાં ગયો. ત્યાં પેલાં બહેન, મારાં પત્ની અને હું એમ ત્રણ જણાં બેઠાં. મેં કર્ણોપકર્ણ સાંભળેલું ખરું છતાં જાતે ખાત્રી કરવા પૂછ્યું, 'તમને **મોટા**એ શું માનવાતીત શક્તિનાં દર્શન કરાવેલાં?'

ત્યારે તેમણે **મોટા**ની પોતે અદ્‌ભુત રીતે અનુભવેલી એક કૃપાદૃષ્ટિની વાત કરી. એમની પ્રથમ પ્રસૂતિ વેળા ('હરિ'ના જન્મ સમયે) એમને કોઈ પણ પ્રકારની પ્રસૂતિની પીડા થઈ ન હતી. એટલું જ નહિ પણ એ વેળા પૂજ્ય **મોટા** ડભાણ હતા. ત્યાં તેમણે પોતે એ પીડા ભોગવી હતી.

કેવી કેવી અદ્‌ભુત કૃપાદૃષ્ટિ સંતોની હોય છે! તેના કોઈ નિયમો કે કારણો શોધવા જઈએ તો ન જડે.

33. શ્રદ્ધાનું બળ

સંસ્કૃતમાં એક ભારે વિદ્વાન પ્રાધ્યાપક (અનુપરામ ભટ્ટ). વેદ, ઉપનિષદો, ગીતા અને અન્ય ઘણાં બધાં શાસ્ત્રોનાં વચનો એમને કંઠાગ્રે. નમ્ર પણ ઘણા. સજ્જન અને સંસ્કારી પુરુષ. ઋજુ પણ ખૂબ જ.

પૂજ્ય શ્રીમોટા ભાગ્યે જ શાસ્ત્રોના આધારે કોઈની સાથે સત્સંગ કરે. ખાલી ખાલી શાસ્ત્રોની કોરી કોરી સમજને આધારે થતા વિતંડાવાદ તરફ એમને ભારે અણગમો. છતાં આ પ્રાધ્યાપક સાથે ખૂબ ખીલી

ખીલીને સત્સંગ કરે. એ પ્રાધ્યાપકને પણ સંતોમાં ભારે દિલચસ્પી અને સંતોની કૃપાદૃષ્ટિ પર ઘણી જ શ્રદ્ધા.

એક વાર પૂજ્ય શ્રીમોટાની પધરામણી એમને ઘેર થઈ. સવારના પૂજ્ય શ્રીમોટાના આગમન બાદ આરતી વગેરે કરી પૂજન કર્યું. પછી કુટુંબના એક પછી એક સભ્યની ઓળખાણ કરાવવાનું શરૂ કર્યું.

દરેકનો પરિચય આપતાં પ્રાધ્યાપક સાહેબે એ દરેકને સહેવા પડતા કોઈક શારીરિક દર્દ કે દુઃખને વિષે પણ નિર્દેશ કર્યો. આ બાબતમાંથી કોઈ બાકાત ન રહ્યું. આથી **મોટા** કંઈક અકળાતા હોય એમ બોલી ઊઠ્યા, 'સાહેબ, મેં તે કંઈ હોસ્પિટલ ખોલી છે કે મને આવું બધું કહો છો? દરેકને કોઈ સારા ડૉક્ટરને બતાવો.'

આમ વાત ત્યાં અટકી. સાંજે ચાર વાગે અચાનક પૂજ્ય શ્રીમોટાને શું સ્ફુર્યું તે સમજાયું નહિ અને એકદમ પ્રાધ્યાપક સાહેબને મોટેથી બૂમ પાડી બોલાવ્યા અને પૂછ્યું, 'સવારે તમે કોકને વાઈ આવે છે એવું કંઈક કહેતા હતા?' એમ બધાંમાંથી માત્ર એક વાઈવાળાને **મોટા**એ પકડ્યા.

પ્રાધ્યાપકે જવાબ આપ્યો, '**મોટા**, મારા સૌથી નાના જમાઈને માટે કહેતો હતો. એમને ઘણા વખતથી ફેફરુંનો રોગ છે.'

'એમ? તો એમને જરા બોલાવોને!' **મોટા**એ કહ્યું. તરત એ ભાઈને બોલાવવામાં આવ્યા. એ ભાઈ સાથે વાત કરતાં કરતાં **મોટા** કહે, 'હું કહું એ થશે તારાથી?' પેલા ભાઈએ હા પાડી. **મોટા**એ કહ્યું, 'અત્યારે ને અત્યારે તું જા અને તારો એક ફોટો પડાવી હું છ વાગે નીકળું તે પહેલાં મને આપી જા.' અને બીજી નામસ્મરણ વગેરેની સૂચના આપી.

સામાન્ય રીતે આવી જે કોઈની કંઈક સમસ્યા હલ કરવાનું નિમિત્ત પૂજ્ય મોટાને ઊભું થાય, ત્યારે તેવી વ્યક્તિઓના ફોટા પોતાના ઓશિકા નીચે રાખીને **મોટા** હંમેશાં સૂએ.

પ્રધ્યાપકના જમાઈએ પોતાનો ફોટો પૂજ્ય શ્રીમોટાને આપ્યો. પૂ. **મોટા**ના બતાવ્યા પ્રમાણે સવારે નિયમિત ઊઠીને એમણે નામસ્મરણ

કરવાનું શરૂ કર્યું. પોતાનાં સ્વજનો મારફતે પૂજ્ય શ્રીમોટા અવારનવાર એમની ખબરઅંતર પણ કઢાવે. આ રીતે લાંબો સમય ચાલ્યું.

આમ દોઢ વર્ષ વીતી ગયું. આશ્ચર્ય કહો તો આશ્ચર્ય અને ચમત્કાર કહો તો ચમત્કાર. દોઢ વર્ષ સુધી ફેફરુંનો એક પણ હુમલો એમને ન આવ્યો. અગાઉ દર અઠવાડિયે પંદર દિવસે સખત હુમલો થતો. સાઈકલ ઉપરથી પણ પડી જતા. આમ એ બધું બંધ થયેલું જોઈ સગાંવહાલાં ખૂબ રાજી થયાં. એમની શ્રદ્ધા પૂ. મોટા પ્રત્યે વૃદ્ધિ પામતી ગઈ.

ઓચિંતાના એક દિવસ પ્રાધ્યાપક વડિલ મિત્રે મારી આગળ ખૂબ વિષાદમય ચહેરે ચિંતા વ્યક્ત કરી કે એમના જમાઈને દોઢ વર્ષ બાદ ફરીને હુમલો શરૂ થયો છે.

મેં પોતે ભારે ગડમથલ અનુભવી. શાથી આમ બન્યું હશે? ખૂબ ચર્ચાવિચારણા અને ઉલટ તપાસને અંતે જાણવા મળ્યું કે તાજેતરમાં એમને કોકે મનમાં એવું ઠસાવ્યું કે, 'તમને તમારા વડવાઓનો વળગાડ છે. એટલે સિદ્ધપુરમાં જઈને શ્રાદ્ધ કરાવી બ્રાહ્મણોને બ્રહ્મભોજન કરાવો તો એમાંથી કંઈક મુક્તિ મળે.'

એક દિવસ અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલની બાજુમાં રહેતા એક એન્જિનિયર સાહેબની વર્ષગાંઠને દિવસે પૂજ્ય મોટાની પધરામણી એમને ત્યાં થયેલી. હું સવારે ચાર વાગ્યે મારાં પત્ની સાથે પૂજ્ય શ્રીમોટા સમક્ષ હંમેશ મુજબ હાજર થઈ ગયો. અમે સાવ એકલાં જ હતાં. એકાદ બીજી વ્યક્તિ હશે. પૂજ્ય મોટાએ મને પ્રાધ્યાપક મિત્રની ખબર પૂછી. મેં તક ઝડપી લીધી અને કહ્યું, '**મોટા**, હાલ તેઓ થોડા ઉદ્વિગ્ન રહે છે. પેલા એમના જમાઈ જેમનો ફોટો તમે મંગાવેલો તેમને દોઢ વર્ષ પછી પાછા ફેફરુંના હુમલા શરૂ થયા છે. એ માટે દુઃખી પણ રહે છે.'

પૂજ્ય મોટા સહસા જ બોલી ઊઠ્યા, 'હું શું કરું, ભાઈ? તું જ કહે. એક સંગીતકાર સુંદર શાસ્ત્રીય રાગરાગિણી ગાતો હોય પણ તેને હુંકારો દેનારો કોઈ શ્રોતાજન ન હોય તો તે કેટલા કલાક ગાશે? એક કલાક, બે કલાક, ચાર કલાક પછી તો બંધ કરે જ ને? મારાં મોકલેલાં

આંદોલનો પાછાં આવે. જે કંઈ તે ભાઈને કરવા કહેલું તે કશું કરે નહિ. યદ્વાતદ્વા બધું ચાલે. પછી હું શું કરું?'

આ પ્રસંગ ઉપરથી સંતોની કૃપાનો અનુભવ કરવો હોય તો આપણામાં પણ તેવા પ્રકારની સ્વીકારાત્મક ભૂમિકા તૈયાર થયેલી હોવી જોઈએ એ વાતની મને પ્રતીતિ થઈ.

૩૪. પરસ્પર વિરોધી વિધાન

અમદાવાદના અમે ત્રણ અધ્યાપકો પૂજ્ય શ્રીમોટાના આધ્યાત્મિક સાહિત્યમાં સારો રસ લઈએ. પ્રો. શ્રી રમેશ ભટ્ટને એક દિવસ પૂજ્ય શ્રીમોટા તરફથી સંદેશો મળ્યો, 'આ રવિવારે ત્રણે જણા આશ્રમે સત્સંગ કરવા આવો. પ્રશ્ન તૈયાર કરીને લઈ આવશો.'

પ્રો. રમેશ ભટ્ટે શ્રી અનુપરામ ભટ્ટસાહેબને સંદેશો મોકલ્યો. શ્રી ભટ્ટસાહેબે મને કહ્યો. શુક્રવારનો એ દિવસ હતો. બુધવારે તો હું પૂજ્ય શ્રીમોટાનાં દર્શને નડિયાદ આશ્રમે જઈ આવ્યો હતો. તે દિવસે મેં પ્રત્યક્ષ જોયેલું કે **મોટા**ની તબિયત ઘણી જ ખરાબ હતી. શરીરમાં પાણીનો ભરાવો-water logging રહે. ગળા ઉપર અને શરીરના અન્ય ભાગ પર સોજો. બોલી પણ શકાય નહિ.

વિવિધ વિષયો પર સત્સંગ થયો. સત્સંગ દરમિયાન પૂજ્ય શ્રીમોટા એમ પણ બોલ્યા, 'મેં તમને સંદેશો મોકલ્યો કે નડિયાદ આશ્રમે આવો. પ્રશ્નો કાઢીને આવજો. મને એમ કે મારું ગળું બંધ થઈ જાય તે પહેલાં ધરાઈને સત્સંગ કરી લઉં.' આ પૂ. મોટાના બોલ અમારી ટેપમાં પણ આવ્યા છે.

અમે તો સત્સંગ કરીને અમદાવાદ પહોંચ્યા. બીજે દિવસે સવારે પૂજ્ય મોટાના નિકટનાં એવાં સ્વજનો આશ્રમે આવ્યાં. તે વેળા **મોટા** જે બોલ્યા તે સાંભળીને મુક્ત પુરુષના વર્તનવહેવારની જેને થોડી ઘણી પણ સમજ ન હોય તે તો ભારે દ્વિધા અનુભવે.

એ સ્વજનો આવ્યાં ત્યારે મોટાના થૂંકમાં થોડું લોહી જતું હતું. ગળે સોજો હતો. એ જોઈને એક વડીલ સ્વજને પૂછ્યું, 'આમ કેમ?' ત્યારે **મોટા** બોલ્યા, 'જુઓને પેલા પ્રોફેસરો! નવરા ભૂત જેવા! નકામા નકામા પ્રશ્નો કાઢી લાવી મારું ગળું દુઃખવી નાંખ્યું.'

મોટાના આ ઉદ્‌ગારોને કારણે પેલાં સ્વજનોનાં મનમાં અધ્યાપકોએ ખોટું કર્યું, **મોટા**ને પજવ્યા, એમના શરીરની ભાળ ન રાખી, અર્થહીન ચર્ચા ઊભી કરી, એવા એવા ભાવો જન્મ્યા. એટલું જ નહીં પણ અમદાવાદમાં જ્યારે હું એમાંથી એક સ્વજનને બીજે કે ત્રીજે દિવસે મળ્યો ત્યારે ખૂબ જ ગંભીરતાથી, અમારા પ્રત્યેની ચીડથી કંઈક કડક શબ્દોમાં એ બોલ્યા પણ ખરા, 'તમને કંઈ ભાન છે કે નહિ? **મોટા**ના આવા શરીરે તમે એમની સાથે ચર્ચા કરવા ગયા?'

હું બોલ્યો જ નહિ. પરંતુ એકલાં પડતાં એમનાં પત્નીને કહ્યું, 'અમને તો **મોટા**એ બોલાવ્યા હતા એટલે ગયેલા. તમને ખાત્રી ન થતી હોય તો હું ટેપ સંભળાવું.'

આ મારી રજૂઆત એ બહેને ધીરે રહીને પોતાના પતિને કરી. એ ભાઈ **મોટા**ની ખૂબ નજીક એટલે **મોટા**ના રહસ્યમય વર્તનની સૂઝ એમને ખરી. આથી એ થોડા વિચારમાં પડી ગયા કે કંઈક રહસ્ય છે.

આઠેક દિવસ પછી બીજા એક વડીલ મિત્ર મળ્યા. તેમણે પણ એ પ્રસંગને યાદ કરીને મારી ઝાટકણી જ કાઢી નાંખી.

મેં નમ્રતાપૂર્વક એમને કહ્યું, 'શું સાહેબ, **મોટા**ના શરીરની સુખાકારીનો ઈજારો એક માત્ર આપ સૌને જ છે? શું અમે અધ્યાપકો એટલા બધા મૂર્ખ છીએ કે એ વિષે વિચાર પણ ન કરીએ? પરંતુ અમે તો **મોટા**ના સંદેશાથી ગયા હતા. અને એ વાત **મોટા** સત્સંગમાં બોલ્યા પણ છે. આપ કહો તો હું ટેપ સંભળાવવા તૈયાર છું.'

'તો પછી **મોટા** અમારી સમક્ષ આવું કેમ બોલ્યા?' સહસા જ સાહેબે પ્રશ્ન કર્યો.

મેં જવાબ આપ્યો, 'મને સૂઝે તેવો ખુલાસો કરું. આપ **મોટા**ના ગુરુની પ્રણાલિકાઓ તો જાણતા જ હશો. આજુબાજુ એકત્રિત થયેલી

વ્યક્તિઓના મનમાં જે વિચાર આવે તે શ્રી કેશવાનંદજી મહારાજ (ધૂણીવાળાદાદા) બોલ્યા કરતા. કદાચ આશ્રમમાં હાજર રહેલી વ્યક્તિઓના મનમાં પ્રોફેસરો વિષે આવો વિચાર આવ્યો હોય અને તે પ્રમાણે કદાચ **મોટા** બોલ્યા હોય એવું ના બને?'

એ સાહેબ વિચારમાં પડી ગયા. આવાં છે સંતપુરુષનાં અગમ વર્તન.

૩૫. જીવનમુક્તિથી વિદેહમુક્તિ સુધીનો ગાળો

આપણે જેને સંત કહીએ છીએ એને માટે આત્મસાક્ષાત્કારી, મુક્ત, અનુભવી, બ્રહ્મનિષ્ઠ એવા વિવિધ શબ્દપ્રયોગો યોજાય છે. આવા પુરુષોમાં ત્રણ લક્ષણ જન્મે છેઃ આનંદ, સામર્થ્ય (શક્તિ) અને જ્ઞાન. આનંદ એમનામાં સદાકાળ હોય. જ્યારે સામર્થ્ય અને જ્ઞાનનો ઉપયોગ નિમિત્ત પ્રગટતાં તેઓ કરે છે.

અહીં આપણે માત્ર જ્ઞાનના પાસાનો પ્રસંગ લઈશું. ઉપનિષદોમાં પણ કહ્યું છે કે જે એકને જાણે છે તે અનેકને જાણે છે. એટલે કે જેણે આત્માને ઓળખ્યો તેણે બધું જ જાણ્યું.

એક વાર અમને ત્રણેય અધ્યાપકોને પૂજ્ય શ્રીમોટાએ પોતાની નાદુરસ્ત તબિયત હોવા છતાં નડિયાદ આશ્રમે સત્સંગ માટે આમંત્ર્યા.

વિવિધ વિષયો પર વાત ચાલી. તેમાંથી એક પ્રશ્ન શ્રી અનુપરામ ભટ્ટસાહેબે પૂછ્યો, '**મોટા**, સંતો માટે જીવનમુક્ત થયા પછી વિદેહ મુક્તિ સુધી જીવવાનું કયાં કર્મોને પરિણામે હોય છે?'

મોટાએ જવાબ આપ્યો, 'નિમિત્ત સ્વરૂપે એને વળગેલા જીવોને આધારે.'

ભટ્ટસાહેબને આ પ્રતીતિજનક લાગ્યું નહિ. પૂજ્ય મોટા એ પામી ગયા. **મોટા**એ પૂછ્યું, 'શાસ્ત્રો શું કહે છે?' ભટ્ટસાહેબે જવાબ આપ્યો, 'પ્રારબ્ધ-કર્મને આધારે.'

મોટાએ પૂછ્યું, 'જીવનમુક્ત સ્થળાતીત અને કાળાતીત ખરો ને!' એટલે કે જેને જીવનમાં જ આત્મસાક્ષાત્કાર થયો એ કાળના કે સ્થળના બંધનમાં નથી. એકી સમયે અનેક સ્થળે એ દેખા દે એવું બને. અને ભૂત, વર્તમાન અને ભવિષ્યમાં પણ એ વિહરી શકે.

ભટ્ટસાહેબે તરત હા પાડી. **મોટા** કહે, 'તો પછી પ્રારબ્ધ તો સ્થળ અને કાળમાં રહેલું છે. એટલે એ મુક્તને પ્રારબ્ધ-કર્મ હોય જ ક્યાંથી? એનાં પ્રારબ્ધ-કર્મ તો દગ્ધબીજ થઈ ગયેલાં છે.'

મેં કહ્યું, '**મોટા**, હું પણ એમ.એ.માં તત્ત્વજ્ઞાનના વિષયમાં વેદાંતમાં શીખેલો કે જીવનમુક્તિ અને વિદેહમુક્તિ વચ્ચેનો ગાળો પ્રારબ્ધ-કર્મને આધારે છે.'

મોટા કહે, 'ભાઈ, મારા ગુરુમહારાજનો હુકમ છે કે જ્યારે શાસ્ત્રમાં એક વાત કહી હોય અને અનુભવમાં બીજી વાત આવી હોય તો એ બેની વચ્ચે ક્યાંક સમન્વય હોવો જોઈએ.' આટલું બોલી **મોટા** કહે, 'મને અત્યારે સ્ફુટ થાય છે કે એ જે કંઈ જીવે છે તે પોતાનાં પ્રારબ્ધ-કર્મને આધારે નહિ પણ એની સાથે નિમિત્તરૂપે સંકળાયેલાં જીવોનાં પ્રારબ્ધ-કર્મને આધારે.'

આમ છતાં ભટ્ટસાહેબને હજુ એ પ્રતીતિજનક લાગતું હોય એમ ન લાગ્યું.

પૂજ્ય મોટાને સ્નાન કરવાનો સમય થતાં એ બાથરૂમમાં નાહવા ગયા.

એ દરમિયાન ભટ્ટસાહેબના હાથમાં શ્રીશંકરાચાર્યકૃત 'વિવેક-ચૂડામણિ'નો ગ્રંથ હતો. એમણે માત્ર કુતૂહલ ખાતર એ ખોલ્યો. વચ્ચેથી જે પાના પર દૃષ્ટિ પડી તેના પર જ પૂજ્ય **મોટા**ના કથનને ટેકો આપતો શ્લોક ભટ્ટસાહેબે વાંચ્યો અને હર્ષથી રોમાંચિત થઈ ઊઠ્યા.

પૂજ્ય મોટા કંઈ શાસ્ત્રો ભણ્યા ન હતા. છતાં એમના જવાબો કેવા શાસ્ત્રોક્ત હતાં તેનું આ એક અનોખું ઉદાહરણ છે. આને જ સંતોની સર્વજ્ઞતા કહેતા હશે ને!

૩૬. પ્રેમથી પલાળ્યાં અને પલટ્યાં

અમદાવાદના એક પટેલ ★ગૃહસ્થ. **મોટા** વેપારી. નાના નાના ઉદ્યોગો પણ ખરા. સ્વબળે ઉપર આવેલા. પોતે પટેલ હોવા છતાં જૈન સ્ત્રી સાથે લગ્ન કરેલાં. એમનાં ★★પત્નીને જૈનધર્મ પ્રત્યે ઠીક ઠીક અનુરાગ પણ ખરો.

પૂ. **મોટા**ના એક સ્વજન એ પટેલ ગૃહસ્થના મિત્ર અને પડોશી. એમના સંપર્કને કારણે એમને પૂજ્ય શ્રીમોટાને ત્યાં પધરામણી કરવાની ઇચ્છા થઈ. એ અમલમાં મુકાઈ પણ ખરી. પરંતુ ઘરમાં એ બહેનને ન ગમે. એમનો વિરોધ પણ ખરો.

દર્શનાર્થે આવનાર સ્વજનોને વ્યવસ્થાપકો તરફથી સૂચનાઓ મળી ગયેલી. 'ભાઈ, સંભાળીને ચાલજો. આ ઘરમાં ગૃહિણી જૈન છે અને એમને **મોટા**નો વિરોધ છે.'

અધૂરામાં પૂરું **મોટા** એમને ઘેર પધરામણીના દિવસે સવારે છ વાગે આવવાના હતા, તેને બદલે નરોડામાં એમને શરીરે અસુખ રહેવાથી આગલી સાંજે જ આવી પહોંચ્યા. **મોટા**ની તબિયત વધુ બગડી અને ડૉક્ટરોને બોલાવવા પડ્યા. ઓક્સિજન લેવો પડ્યો. આવી બધી ધમાલ મચી રહી.

પરંતુ **મોટા**ની ચાહવાની એક આગવી કળા છે. સામાના દિલમાં કેવી રીતે પ્રવેશવું એની કોઈ અજબ સૂઝ એમને ખરી.

મોટાને સૂવા માટે એમના ઓરડામાં લઈ ગયા. ત્યાં યજમાનનું નાનું બાળક સૂતું હતું. એને લઈ જવા બે-ચાર જણે પ્રયત્ન કર્યો.

પૂ. મોટાએ સ્પષ્ટ ના પાડી કહ્યું, 'છો સૂતો. એ નાના બાળકને ઊંઘમાં ખલેલ ન કરો.' એ રૂમ એરકન્ડિશન્ડ હતો. એટલે માની ઇચ્છા પણ ખરી કે બાળક એમાં સૂઈ રહે તો સારું. પૂ. મોટાનું સૂચન તો એમને તો 'ભાવતું હતું અને વૈદે કહ્યા' જેવું થયું. પોતે અગવડ વેઠીને પણ બાળકને સૂવા દે એ મહારાજ એમને દિલમાં વસી ગયા!

★શ્રી જયંતીભાઈ ડી. પટેલ (માર્બલવાળા) ★★શ્રીમતિ ઇન્દુબેન પટેલ, અમદાવાદ

બીજે દિવસે વહેલી સવારથી અનેક વાતો શરૂ થઈ. બહેન બાજુમાં બેઠેલાં. એમણે પણ વાતોમાં સૂર પુરાવ્યો. **મોટા**એ એમની વાત સાંભળી અને એમને કહ્યું, 'બહેન, તારે નવકારમંત્ર ભણ્યા કરવો.' ને આ વાત બહેનને પોતાના જૈન સંસ્કારને કારણે ગમી ગઈ.

બપોર પછી પૂજ્ય મોટાએ મને બોલાવ્યો અને કહ્યું કે, 'ભાઈ, ભટ્ટસાહેબને ચિઠ્ઠી લખ કે બપોરે આવે. આપણે સત્સંગ કરીએ. ભગવાનની વાત થાય તો મારા શરીરની વેદના સહ્ય બને.'

બપોરે ૨-૨૫ વાગે ભટ્ટસાહેબ આવ્યા. અમે સવાલો પૂછ્યા. **મોટા** જવાબ આપતા જાય. સત્સંગ પૂરો થવાનો હતો એટલે બહેને પણ પોતાના પ્રશ્નો રજૂ કર્યા. **મોટા**એ એમને ખૂબ હેત કરતા હોય એ રીતે એમની ઘણી બધી શંકાઓનું સમાધાન કર્યું.

સત્સંગ પૂરો થયો. **મોટા**એ યજમાનપત્નીનું હૃદય કઈ ક્ષણે જીતી લીધું તે ન સમજાયું. એમનામાં આવેલો આ હૃદયપલટો એમને પણ આશ્ચર્યચકિત કરી ગયો. એમના પતિએ ક્રિકેટની ભાષામાં માર્મિક રીતે પત્નીનું નામ દઈ કહ્યું, '....ની વિકેટ પડી ગઈ.' આજુબાજુ ઊભેલાં સૌ હસી પડ્યાં.

આજે પણ એ બહેનને જ્યારે જ્યારે મળવાનું થાય છે ત્યારે **મોટા** જેવા સંતોનો અમે યથાર્થ લાભ ન ઉઠાવી શક્યા એવો અફસોસ તેમનાથી વ્યક્ત થઈ જાય છે.

૩૭. હાથ ઝાલ્યો તે ન છોડે

અમદાવાદના એક યુવાન ભાઈ. ૧૯૪૬થી પૂજ્ય શ્રીમોટાના સાથેનો એમને સંબંધ.

એક વાર સાબરમતી આશ્રમની મીરાંકુટીર પાસેના શ્રી નંદુભાઈના મકાનના હીંચકા પર **મોટા** બેઠા હતા. નિર્ભયતા કેળવવાની વાત ચાલતી હતી. તેમણે કહ્યું, 'શિયાળાની કડકડતી ઠંડી હોય, અંધારી રાત હોય ત્યારે પણ સ્મશાનમાં આ જીવ રહેતો હતો. તમારું ગજું

નહિ. એક જરાક જેટલા અંધારાથી બીઓ છો અને એકલા જવાની હિંમત કરતા નથી....' વગેરે વગેરે **મોટા** બોલ્યા.

પેલા યુવાન મિત્ર જાતે પ્રયોગશીલ. કંઈક કરી બતાવવું એવી તમન્ના પણ ખરી. તેમણે સ્મશાનમાં સૂવા જવાનું નક્કી કર્યું. એ તો પહોંચ્યા દૂધેશ્વરના સ્મશાનમાં. ઘોર ભેંકાર રાત્રિ, નિઃશબ્દ રાત્રિ. ત્યાં રેતીના એક ઢગલા પર બેસી આખી રાત એમણે જપ કર્યા. ક્યાંય બીક ન અનુભવી.

વહેલી સવારે આશ્રમ પહોંચી ગયા. **મોટા**ને પ્રણામ કર્યા. **મોટા**એ પૂછ્યું, 'અત્યારે ક્યાંથી?' એમણે પોતાના પ્રયોગની વાત શરૂથી અંત સુધી કરી. **મોટા** બોલ્યા, 'પૂછ્યા વગર ફરી આવું ગાંડું સાહસ ન કરવું.' **મોટા**ની ઇચ્છા એટલી કે જો આવો કંઈક પ્રયોગ કરે તો એમને જાણ કરવી.

પરંતુ આ પ્રસંગથી પૂજ્ય **મોટા**એ એમને સ્મશાનમાં સૂવાની છૂટ આપી. લાંબા સમય સુધી એમણે એ કર્યું. જાણે એમણે નિયમ જ કરી લીધો. અને એ નિયમ સારી રીતે પળાતો પણ હતો.

એક વાર ચોમાસાના દિવસો હતા. અવારનવાર વરસાદ પડ્યા કરતો. એમને તાવની અસર વર્તાવા લાગી. પરંતુ ગોળી વગેરે લઈને આખો દિવસ ઠેલ્યું.

રાતના આઠ વાગ્યા. સ્મશાન જવાનું યાદ આવ્યું. શરીર તાવથી ધીખતું હતું. બીજી બાજુ નિયમ તૂટી જવાની દહેશત ઊભી થઈ. ચાલી પણ શકાય નહિ. લથડિયાં આવે. છતાં સ્મશાન જવાનું મક્કમપણે નક્કી કર્યું અને રોજની જગાએ જઈને સૂતા.

તે દિવસે એક અવનવો અનુભવ એમને થયો. જો કે એમને બપોરના તાવ ચડ્યો, ત્યારે જ મનમાં ઊગી ગયું હતું કે આજે કંઈક અવનવું થશે. આખી રાત સ્મશાનમાં રહ્યા. તે દરમિયાન ચારેક વાર વરસાદ આવ્યો. એમનું ઓઢવાનું પલળી ગયું. એમણે બે-ચાર વાર નીચોવ્યું પણ ખરું. પરંતુ એમના આશ્ચર્ય વચ્ચે એમણે જોયું કે એ પોતે અને એમનાં કપડાં તદ્દન કોરાં હતાં! એમણે ઘરે જઈ નાની બહેનને

બતાવ્યું કે, 'જો ભગવાન તેના ભક્તની કેવી કાળજી રાખે છે! નિયમનું પાલન કર્યું તો આ અનુભવ જોવા મળ્યો.'

પછી તો તાવ ઊતરી ગયો. રોજિંદી નોકરી પર પણ ચડી ગયા. એમણે પૂજ્ય મોટાને પોતાના આ અનુભવની વાત કરી. ત્યારથી મોટાએ એમને તાર કરીને સ્મશાનમાં સૂવા જવાનું બંધ કરાવ્યું.

પૂજ્ય મોટાની અદ્‌ભુત ચેતનાશક્તિનો તેમને આવો અપૂર્વ અનુભવ થયો. પૂ. મોટા પાછળથી અમદાવાદ આવ્યા ત્યારે કહ્યું, 'તે દિવસે મને બહુ ખેંચ રહેતી હતી. પણ તને કહેવું કેવી રીતે કે તું સ્મશાનમાં સૂવા ન જા? ન ગયો હોત તો ચાલી શકત. પણ ગયો તેય યોગ્ય જ થયું. આ માર્ગમાં મરણિયો નિર્ધાર કરવાની વેળા અવારનવાર આવે છે ત્યારે આ અનુભવનું જ્ઞાન, તેની સ્મૃતિ તેવી વેળાએ નવાં જોમ, સાહસ અને હિંમત આપશે.'

૩૮. સંકલ્પ કરાવી દેહમુક્તિ અપાવી

પૂજ્ય શ્રીમોટાના દેહત્યાગની વાત બધાને ખબર છે. એમણે સ્વેચ્છાથી પોતાનું મૃત્યુ ઠેલ્યું હતું. આખરે નડિયાદ આશ્રમે અગાઉથી પત્ર લખીને પોતાની ઇચ્છા પ્રમાણે ફાજલપુર મુકામે દેહ છોડ્યો.

આમ કેટલાક સંતો ઇચ્છામૃત્યુને વરે એ હકીકત ભારતીય પરંપરાએ સ્વીકારેલી છે, પરંતુ સંત અન્યની ઇચ્છા પ્રમાણે એમને નિર્ધારિત દેહત્યાગ કરાવે એવા એવા કિસ્સા બહુ ઓછા જાણવામાં-સાંભળવામાં આવ્યા છે. એવો એક કિસ્સો અત્રે રજૂ કરું છું.

નડિયાદના એક ખાનદાન પટેલ કુટુંબની એ વાત છે. પૂજ્ય શ્રીમોટાએ સત્સંગ દરમિયાન સ્વમુખે એ કહેલી છે. એ કુટુંબમાં વડા મા હતાં. **મોટા** પણ એમની સાથે ખૂબ જ પ્રેમભાવે હળેમળે. નડિયાદથી બહારગામ જવાના હોય તો માને પાયવંદના કરીને જાય.

મામાં પણ અસલ ખાનદાનનું ખમીર. ખૂબ જ જાજવલ્યમાન ધીર-ગંભીર પ્રકૃતિનાં. સમગ્ર કુટુંબની ઉપર એમનું એકચક્રી રાજ.

કોઈ એમને પૂછ્યા વિના અગર પરવાનગી વિના કશું ન કરે. બહાર લાખો કમાતા દીકરાઓ પણ માનું ખૂબ માન સાચવે.

એક વાર પૂજ્ય મોટા બહારગામથી આવ્યા. હંમેશના રિવાજ મુજબ માને મળીને આશ્રમ જવાનું હતું. માને મળ્યા. માએ કહ્યું, '**મોટા**, હવે તો ભગવાન ઉઠાવી લે તો સારું.' **મોટા** હસ્યા.

બહાર આવતાં આવતાં **મોટા**એ માના વડિલ પુત્રને કહ્યું, 'મા ખરેખર જવા ઇચ્છે છે કે પછી ઠાલું ઠાલું બોલ્યા કરે છે?'

વડિલ પુત્રે માને અંદર જઈ **મોટા** જે બોલ્યા હતા તે કહ્યું. માએ જવાબ આપ્યો કે, 'ખરેખર, મને હવે આ સંસારમાં કોઈ રસ નથી. શ્રી ભગવાનના ધામમાં પહોંચું એ જ માત્ર એક ઇચ્છા છે.'

આ સાંભળીને **મોટા**એ હીરો મંગાવ્યો. અને હીરા વડે માના માથા પર એક આકૃતિ કરતા હોય એવું કર્યું. પછી માને કહે, 'મા, સંકલ્પ કરો કે આવતાં નોરતામાં જવું છે કે માગસરમાં?' માએ સંકલ્પ કર્યો. અને સંકલ્પ અનુસાર મા વૈકુંઠવાસી થયાં.

બુદ્ધિમાં ન ઊતરે, તર્કને ન ગોઠે એવી આ વાત સાંભળી બધા સ્તબ્ધ થઈ જાય પણ આમાં ચમત્કારને નિરૂપવાનો પ્રયાસ નથી. ચમત્કારથી દળદર ન ફીટે એમ **મોટા** પોકારી પોકારીને કહેતા. વળી ચમત્કાર પર આધાર રાખતી પ્રજા પુરુષાર્થમાં પાંગળી બને એટલે પૂ. મોટા ચમત્કારને બિલકુલ પ્રાધાન્ય આપતા નહિ.

॥ હરિઃૐ ॥

॥ હરિ:ૐ ॥

ખંડ ૫

શ્રીમોટાનાં કાર્યો

ક્રાંતિ પ્રેરે તે જ સાચો ધર્મ.

— મોટા

॥ હરિઃૐ ॥

• હરિઃૐ આશ્રમો •

શ્રીમોટાએ ૧૯૨૨ થી ૧૯૩૯ સુધી હરિજન સેવક સંઘને ઈશ્વર-પ્રાપ્તિનું સાધન બનાવ્યું. સાધ્યની પ્રાપ્તિ પછી સ્થૂળપણે સંઘને ''રામ-રામ'' કર્યા. પોતાનાં બાની રજા લઈને તેઓ આમંત્રણ આપતા સ્નેહીઓને ત્યાં રહેતા. સ્વજનોને સાધના અંગે પ્રત્યક્ષ માર્ગદર્શન આપતા. ૧૯૪૧માં તેઓશ્રી ટ્રિચી ગયેલા. ત્યાં તેમને શ્રી નંદલાલ ભોગીલાલ શાહની મુલાકાત થઈ. શ્રી નંદુભાઈ કુંભકોણમ્‌માં ઝવેરાતનો ધંધો કરતી એક જાણીતી પેઢી (એન. ગોપાલદાસની કું.)ના ભાગીદાર હતા અને અત્યારે તેના સુષુપ્ત ભાગીદાર તરીકે ચાલુ છે.

શ્રી નંદુભાઈ અને તેમના મામા શ્રી ગોપાલદાસ મહેતા તથા અન્ય ભાઈઓએ ભેગા મળીને શ્રીમોટાને ૧૯૪૮ની સાલમાં કુંભકોણમ્‌માં એક આશ્રમ સ્થાપવા રૂ. અઠ્યાસી હજાર રોકડા અને રૂપિયા ત્રીસ હજારના મકાનની ગોઠવણ કરી આપી. પણ ''તે લઈને હું શું બદલો આપીશ?'' એવા વિચારથી શ્રીમોટાએ બધી જ રકમ પરત કરીને કહ્યું કે ગુરુ-મહારાજનો હુકમ નથી. બે વર્ષ બાદ કાવેરી નદીને કાંઠે પ્રથમ ''હરિઃૐ આશ્રમ''ની સ્થાપના થઈ. તે પહેલાં મૌન-એકાન્તની સાધના પદ્ધતિના શ્રીગણેશ સાબરમતી આશ્રમથી શરૂ કરી દીધેલા—૧૯૪૬ના જૂનથી તે ૧૯૫૦ સુધી અમદાવાદના હરિજન આશ્રમમાં વિનોબાજીની કુટિર મીરાકુટિરમાં એક પડદો રાખીને સાધક મૌન લે. તેમાં ભોજન, શૌચ, પાણી-પેશાબ વગેરેની દેખભાળ શ્રીમોટા જાતે કરે. તે પછી તા. ૨૮-૫-૧૯૫૫ના રોજ નડિયાદમાં આશ્રમ સ્થપાયો. ૧૯૫૪માં સુરત જિલ્લાના રાંદેરથી દોઢ માઈલ દૂર જહાંગીરપુરામાં કુરુક્ષેત્રના સ્મશાનમાં તાપી નદીના ઓવારા પરના એક મંદિરના ઓરડામાં પરદો રાખીને શ્રી ભીખુભાઈ હ. પટેલને ૫૧ દિવસનું મૌન આપેલું. ૧૯૫૬થી ત્યાં

આશ્રમનું પાકું બાંધકામ થયું. એ ઉપરાંત અમદાવાદ નજીક નરોડા★ અને પંજાબમાં ફિરોજપુર★ ખાતે વ્યક્તિગત માલિકીની જગા પર શ્રીમોટાની પ્રેરણા અનુસાર ''મૌન-એકાંત'' મંદિરોમાં સાધનાનું કાર્ય ચાલે છે.

ઉપરના ત્રણ મુખ્ય આશ્રમો અનુક્રમે કાવેરી, શેઢી અને તાપી નદીને કિનારે આવેલા છે, જે સહેતુક છે. પહેલાના સમયમાં આવા આશ્રમો નદીકિનારે જ વસાવવામાં આવતા, કારણ કે એક તો પાણીની સુવિધા રહે. વળી બીજું જળતત્ત્વ વિચારોનાં ઉગ્ર મોજાંઓને મોળાં પાડે છે. આશ્રમો વસતીથી દૂર એકાંતમાં હોય છે, કારણ કે લોકોનાં વિચારોનાં આડાંઅવળા આંદોલનો સાધકને નડે નહીં. વસતીમાં ચેતનનાં આંદોલન આપણને સહેલાઈથી ન મળે એટલે શ્રીમોટાએ આશ્રમો શહેરથી ઘણે દૂર સ્થાપ્યા છે.

૧. કુંભકોણમ્ આશ્રમ

કુંભકોણમ્નો આશ્રમ જે સ્થાને છે, ત્યાં એક જૂના સમયના મહાત્માની સમાધિ છે ને તેમની ચેતના (કોનશ્યશનેસ)નો શ્રીમોટાને અનુભવ થયેલો. તેમણે તે સંબંધે વિશેષમાં જણાવેલું કે જ્યારે કુંભકોણમ્ અને તેની આસપાસ રાજાઓનાં રાજ્ય હતાં, તે સમયની એક વાત છે. આશ્રમની જગ્યા પર એક સાધુ-મહાત્મા આવીને રહેલા. તે યોગી પુરુષ હતા. એ સ્થળે તાંજોરનાં રાજા ચિદંબરમ્થી પાછા ફરતાં આવ્યા. તેમને એકાએક પેટમાં દુઃખાવો થઈ આવ્યો ને મટે નહિ. કોઈકે કહ્યું કે, ''પેલા સાધુ મહારાજને બતાવીએ.'' એટલે રાજાએ તેમને બોલાવી લાવવા હુકમ કર્યો. સાધુ કહે કે, ''ગરજ હોય તો અહીં આવે.'' ને રાજા સાધુ પાસે ગયા. સાધુએ પોતાનો જમણો પગ લાંબો કરીને કહ્યું કે, ''પગ ધોઈને તેનું પાણી પી જા, મટી જશે.'' અને એ પ્રમાણે કરવાથી રાજાનું દરદ મટી ગયું. સમય વીતતાં એ મહાત્માએ ત્યાં જ સમાધિ લીધી ને આજે વિદ્યમાન છે. તે સ્થળે જ 'હરિઃૐ આશ્રમ' સ્થપાયો છે.

★હાલ આ બન્ને ઠેકાણે મૌનમંદિરોનું વિસર્જન થઈ ગયું છે.

હરિઃૐ આશ્રમની શરૂઆત કરતાં પહેલાં ત્યાંના કેટલાક અધિકારીઓએ ઘણી અડચણો અને વાંધા ઊભા કર્યા, કેમકે લોકો અંધારા ઓરડામાં પુરાઈ રહે તે તંદુરસ્તીની દૃષ્ટિએ હિતકર નથી એમ તેઓને લાગતું હતું. છેવટે તેમણે નમતું જોખ્યું ને સમયે તથા અનુભવે સાબિત કરી બતાવ્યું કે અંધારા ઓરડામાં મૌનમાં બેસનાર કોઈની પણ તબિયતને કશી અવળી અસર પહોંચી નથી. આ આશ્રમમાં એક કેનેડિયન યુવાન રૉબીન ૩૮૮ દિવસ સુધી સતત બિલકુલ બહાર નીકળ્યા વિના બેઠેલો ને પૂર્ણ આરોગ્ય સાથે તે બહાર આવેલો.

૨. કુંભકોણમ્ આશ્રમ વિશે 'હિંદુ' 'Hindu' Daily

નદીના કાંઠે શ્રીમોટાએ કુંભકોણમ્માં આશ્રમ સ્થાપ્યો એટલું જ નહિ પણ કાવેરી નદીના ઘાટ—ઓવારાની દુરસ્તી માટે સને ૧૯૬૩ પહેલાં દાન પણ આપ્યાં છે. તેનું મૂલ્યાંકન મદ્રાસના જાણીતા દૈનિક 'હિંદુ'એ તેના તા. ૫-૩-૬૩ના અંકમાં કર્યું હતું. કાવેરી નદી તેની રમણીયતા પવિત્રતા વર્ણવીને તીર્થક્ષેત્ર તરીકે કુંભકોણમ્ કેટલું જાણીતું બન્યું છે તથા ત્યાં આગળ કેવી સુંદર પ્રવૃત્તિઓ ચાલી રહી છે તેની એ સમાચારપત્રમાં વિસ્તૃત માહિતી આપી છે. આ નાના શહેર આગળથી પસાર થતી કાવેરી નદી પર આવેલા આઠ ઘાટોનું વર્ણન કરવામાં આવ્યું છે. ત્યાં સાધુઓ આવે છે. કેટલીક આધ્યાત્મિક અને ઇતર પ્રવૃત્તિઓ ચાલે છે. કલામય મંદિરો કેવાં પ્રેક્ષણીય છે, વગેરેનું વર્ણન કરીને તે સમાચારપત્રે (હિંદુએ) જણાવ્યું છે કે ''કાવેરીના ઉત્તર દિશાના કિનારા પર તાજેતરમાં એક આધુનિક આશ્રમ વસતીથી તદ્દન અલગ અસ્તિત્વમાં આવ્યો છે. એની સ્થાપના એક ગુજરાતી સાધુએ કરી છે. એ એક સુંદર બગીચાની વચ્ચે તદ્દન શાંત એકાંત જગ્યાએ આવ્યો છે. આ સાધુ ગુજરાત બાજુથી આવીને દર વરસે એક-બે માસ ગાળે છે. અત્રેની ગુજરાતી વસતી તે સંતને બહુ ભક્તિભાવ અને આદરપ્રેમની

નજરે જુએ છે. આ જ સાધુએ થોડા વખત પર ૧૨ વર્ષ સુધી એ ઘાટોને સારી સ્થિતિમાં રાખવા માટે રૂા. ૧૦,૦૦૦નું દાન સ્થાનિક સુધરાઈને આપ્યું છે. પહેલાંના વખતમાં રાજા-મહારાજાઓ આવા નદીઘાટ બંધાવતા ને સારી સ્થિતિમાં રખાવતા, પણ આજે કોઈ તેનું ધ્યાન રાખતું નથી. આ ઘાટ, મંડપો વગેરેની જે સુંદરતા દેખાય છે તે પુરાણકાળના રાજાઓ અને તેમના પ્રધાનોને આભારી છે. આજે દાનવીરોનું ધ્યાન બીજી પ્રવૃત્તિઓ પર પડ્યું છે. જ્યારે નદી પરના આ ઘાટ અને તેના સુંદર મંડપો જર્જરિત હાલતમાં પડ્યા છે, ત્યારે એક ગુજરાતી મહાત્માનું આ પગલું સમયોચિત અને પ્રશંસનીય છે.''

૩. નડિયાદ આશ્રમ વિષે ભવિષ્યવાણી

નડિયાદમાં શેઢી નદી ઉપર જે જગ્યાએ આશ્રમ સ્થાપ્યો છે ત્યાં જ પહેલાં કબીરપંથી સાધુ વસતા ને તેમના ઉપયોગમાં આવેલો એક ચોતરો આજે પણ ત્યાં મોજૂદ છે. એ ચોતરા પર મૌનમાંનો સાધક આરામ કરી શકે છે. જેનો ઉલ્લેખ કર્યો તે કબીરપંથી પૂ. પહેલદાસજી મહારાજ ત્યાં રહેતા ને તેમણે નાનકડો આશ્રમ કરેલો. તેમણે તેમના દેહ-વિલય પહેલાં ભવિષ્યવાણી ઉચ્ચારેલી. તેની મૂળ નોંધ વડોદરાના શ્રી વિષ્ણુપ્રસાદ ઈશ્વરલાલ પંડ્યાએ તેમની પંદર વર્ષની ઉંમરે કરેલી. તા. ૩૦-૯-૪૫ના રોજ નોંધાયેલ તે નોંધ હરિઃૐ આશ્રમને સોંપેલી છે. તે નોંધ નીચે મુજબ છે :

> ''આ જગ્યા ઉપર કોઈ તપસ્વી થશે. દશ વરસ સુધી આ જગ્યાએ કોઈ રહેશે નહિ. ત્યારબાદ અહીં રળિયામણી જગ્યા થશે. અહીં રહે તેને કોઈ દિવસ કોઈની પાસે માગવા જવું પડશે નહિ. શ્રીગુરુ બાળકદાસની મહીંના રૂમની ગાદી કોઈએ ભવિષ્યમાં તોડવી નહિ ને આ જગા ઉપર ભજનભાવ કરનાર દુઃખી થાય તેમ નથી.''

૧૯૨૨ કે ૧૯૨૩માં શ્રીબાળયોગી મહારાજ શ્રીમોટાને સાધનાર્થે આ જગ્યા પર લઈ આવેલા ને એક રાત ત્યાં ઝાડ પર બેસાડી નામસ્મરણ કરાવેલું. ત્યારે તેમણે પણ એવી ભવિષ્યવાણી ઉચ્ચારતાં કહેલું કે, ''આ જગ્યા પર તારો આશ્રમ થશે.'' શ્રીમોટા તો આ વાત વિસરી ગયેલા, પણ સને ૧૯૫૪ની સાલમાં એકવાર તેમને આ જગ્યા પર આવવાનું થયું ને રાત રોકાયા ત્યારે ગુરુમહારાજની ભવિષ્યવાણી યાદ આવી. એટલે તેઓ બીજી સવારે નડિયાદની ભારત ભુવન હિન્દુ હોટલના માલિક શ્રી કુબેરદાસ ભાવસાર પાસે તેમની હોટલમાં ચા પીવા ગયા. તેઓ તેમના શરીરની જ્ઞાતિના હતા. આશ્રમ સ્થાપવા માટે તેમને વાત કરી અને પંદરવીસ હજારની જરૂર પડે એમ જણાવ્યું. એ રકમ તેમને મળી ગઈ ને બારેક માસમાં પરત પણ કરી દીધી. સર સી. વી. મહેતાએ પણ પ્રથમ જ રૂા. ૧૫,૦૦૦ આપેલા.

૪. સુરત આશ્રમને ગેબી મદદ

સને ૧૯૫૫માં શ્રીમોટાને ટ્રિચી જતાં સુરત આવવાનું થયું, ત્યારે કામચલાઉ મૌન આપવાનું કામ શરૂ થઈ ગયું હતું. સુરતના આશ્રમની જગ્યા મળી તે તો ઈશ્વરની અનહદ કૃપાનું પ્રત્યક્ષ ચિહ્ન છે એમ શ્રીમોટા કહે છે, કેમકે તે જમીન અલભ્ય જેવી હતી. તે જગ્યા મૂળ એક જૈન ભાઈની હતી. તેણે વેચાણ માટે સુરતના કલેક્ટરને પણ 'ના' કહી દીધી હતી. છેવટે ચોર્યાસી તાલુકાના એક મામલતદાર શ્રીમોટાના સત્સંગી હતા. તેમની મદદથી જમીન પ્રાપ્ત થઈ, પણ જમીનનો ભાવ ત્યારે વીઘા દીઠ રૂા. ૧૫૦૦ થી ૧૬૦૦ સુધી હતો. શ્રીમોટા એવી ભારે કિંમત ચૂકવવા તૈયાર નહોતા. બે વીઘાં જમીન રૂા. ૩૭૫ થી ૪૦૦ સુધીમાં જ મળે તો લેવી એવી એમની તૈયારી હતી. છેવટે તેટલી રકમમાં તે જમીન મળી ગઈ. જેમાંથી પહેલા બે ઓરડા ને પડાળીવાળી જગ્યા છે. સર સી. વી. મહેતાએ આ આશ્રમ માટે પણ બે થી ત્રણ હજાર રૂપિયાનો ફાળો આપ્યો હશે.

આ જગ્યા તેમને એટલા માટે પસંદ પડી ગયેલી કે તે રાંદેર ગામથી દોઢ માઈલ દૂર તદ્દન એકાંતમાં હતી. પાસે સ્મશાન અને મહાદેવનું મંદિર હતું. તે સ્થાન કુરુક્ષેત્ર તરીકે પવિત્ર ગણાતું ને વળી તાપી પાસેથી જ વહી જાય છે. એવી એ કુદરતી રળિયામણી જગ્યા છે.

આશ્રમના બાંધકામ માટે સિમેન્ટ જોઈએ, પણ તેની ઘણી અછત હતી. બજારમાં 'બ્લેક'માંથી ઊંચા ભાવે બીજા ખરીદતા પણ શ્રીમોટા તેવી ખરીદીને મંજૂરી આપે નહિ. જ્યારે કામ અટકી પડવાની તૈયારીમાં હોય કે તે ક્યાંયથી આવી પડે!

તે વખતે સુરત જિલ્લા લોકલ બોર્ડના એક પ્રમુખ સાહેબ હતા તે અને શ્રીમોટા મુદ્દલે એકબીજાને ઓળખે નહિ, પણ તેઓ પરસ્પર નામથી જાણે એટલું જ. એકવાર તેઓશ્રી અને શ્રી ભીખુભાઈ પટેલ વાત કરવા માટે તેમની ઓફિસે ગયા પણ મુલાકાત થઈ નહિ. કારણ કે પ્રમુખ સાહેબ બહાર ગયા હતા. પરંતુ શ્રીમોટા કહે કે હવે રાહ જોવાની જરૂર નથી—સિમેન્ટ તો મળ્યે જ જશે ને બન્યું પણ તેમ જ. તેમની મારફત છૂટક છૂટક થઈને ૩૦૦ થી ૩૫૦ કોથળીઓ ઊછીની મળેલી. એક વખત તો એક કેળવણીની સંસ્થામાં સિમેન્ટ વધુ હશે પણ તેઓ આશ્રમને આપી શકે એવી સ્થિતિમાં ન હતા, છતાં તે પ્રમુખ સાહેબે પોતે એ સંસ્થા પાસેથી ઊછીની લઈને આશ્રમને આપી.

તા. ૨૩-૪-૫૬ના રોજ જહાંગીરપુરા, સુરતના આશ્રમમાં કુંભ મૂકવાની વિધિ પુષ્પાબહેન દલાલ અને ચંપાબહેન નામનાં વિધવા બહેનોનાં હસ્તે કરવામાં આવેલી. જ્યારે સમાજ વિધવા બહેનોને આવાં કાર્યો માટે અપશુકનિયાળ ગણતો હોય છે, ત્યારે શ્રીમોટાએ તે બહેનોનાં હાથે સહુ પ્રથમ કુંભ મુકાવ્યો ને ગૌરવ આપ્યું! એમની કાર્યપદ્ધતિની સવિશેષતાનું આ ઉદાહરણ છે.

સને ૧૯૬૧માં નડિયાદ અને સુરતના આશ્રમો સરકારી રાહે—ચેરિટેબલ ટ્રસ્ટના એક્ટ અન્વયે નોંધવામાં આવ્યા તેમાં શ્રીમોટાનું નામ ટ્રસ્ટી તરીકે ક્યાંય નથી.

૫. ફિરોજપુરનું મૌનમંદિર★

ઉત્તર ભારતના પંજાબમાં પાકિસ્તાનની સરહદ પર આવેલા ફિરોઝપુરમાં ૧૯૬૫ની સાલથી ચાલતા એક મૌનમંદિરનો ઉલ્લેખ કરવો તદ્દન યોગ્ય લાગે છે. એના માલિક છે અંગ્રેજીના એક પ્રો. શ્યામસુંદર ગુપ્તા. તેઓ ઘણાં વર્ષોથી નડિયાદમાં મૌન-એકાંતની સાધના કરવા જતા હતા. તેમને હિમાલયમાં ચાલ્યા જવાની ઇચ્છા હતી, પણ સદ્‌ગત શ્રી ગુરુદયાળ મલ્લિકજીની સૂચનાનુસાર તેઓ શ્રીમોટા પાસે આવી પહોંચ્યા. સને ૧૯૬૪ની સાલમાં ૨૧ દિવસના મૌન દરમ્યાન તેમના અંતરમાંથી એવો વિચાર સ્ફુર્યો કે, ''ફિરોઝપુરમાં જ આવી સાધના માટે મૌન-એકાંત મંદિરની સ્થાપના કર.'' અને એ વિચારને શ્રીમોટાએ ટેકો આપ્યો. એને જણાવ્યું કે, ''પ્રેમભર્યું દિલ જો તમે **'મોટા'**ને આપશો તો તમે તેની હાજરી અનુભવી શકશો. ક્યારેય તમને મૌનમંદિરની કાર્યવાહી સંબંધે કોઈપણ પ્રકારની મુશ્કેલી લાગે, ત્યારે તમારે **'મોટા'**ને કંઈ પણ લખીને જાણ કરવી નહિ, પરંતુ એવે વખતે તમારા (મૌનના) ખંડમાં ચાલ્યા જવું અને શાંત બનીને **'મોટા'**ને પ્રાર્થના કરવી. તમને તમારી મૂંઝવણમાંથી મુક્તિ મળી રહેશે.''

આ રીતે ફિરોઝપુરમાં 'હરિઃૐ મૌનમંદિર'ની સ્થાપના થઈ. સંખ્યાબંધ પરદેશીઓ અને ઇતર સાધકો એનો લાભ લઈ રહ્યા છે. તેઓએ મૌનમંદિરમાં શ્રીમોટાની પ્રેરક સૂક્ષ્મ હાજરી અને ગૂઢ શક્તિ અનુભવ્યાં છે.

૬. રોજ-બ-રોજનો કાર્યક્રમ

આશ્રમનો રોજ-બ-રોજનો કાર્યક્રમ આવો છે : સવારે મોડામાં મોડા ચાર વાગ્યે બધાંએ ઊઠી જવાનું. પાંચ વાગતામાં મૌનમાંના સાધકોને ચા-કૉફી, સ્નાન માટે ગરમ પાણી, ધૂપ માટે ધૂપદાનીમાં દેવતા, ગળાને હૂંફ આપવા કોગળા કરવા માટે ગરમ પાણી તાંબાના લોટામાં પહોંચાડવામાં

★હાલ આ મૌનમંદિર બંધ કરી દેવામાં આવ્યું છે.

આવે. એ ગરમ પાણીમાં મીઠું નાંખીને કોગળા કરવાના. મૌનરૂમમાંનો કચરો સાધકોએ પોતે કાઢવાનો. પાંચેક વાગતામાં મૌનમાંના સાધકોએ નાહીધોઈને પોતાનાં વપરાયેલાં કપડાં તથા આશ્રમનાં—પથારી પરની ચાદર, ઓશીકાનો ગલેફ, આરામ-ખુરશી, બાજઠ અને પાટલા પરની ગાદી પરનો કટકો—આટલું રોજ રોજ એક યાદી સાથે ધોવાને માટે મૂકી દેવાનાં. સાત વાગતામાં આખો આશ્રમ વળાઈ-ઝુંડાઈને સાફ થઈ જાય. બગીચામાંનાં પુષ્પો રકાબીમાં ગોઠવીને મૌનરૂમમાં મોકલવામાં આવે અને સવારે દસ વાગતાં ભોજન પછી બપોરે બે વાગે ચા કે કૉફી અને સાંજે પાંચ વાગ્યે વાળુ.

સુરત આશ્રમે★ મંગળવારે સવારે છ વાગ્યે અને નડિયાદ આશ્રમે રવિવારે સવારે છ વાગ્યે સવારે મૌનમાંથી નીકળનારા અને તેમાં બેસવા જનારા સાધકો ભેગી બેસી પ્રાર્થના કરે છે.

મૌન લેનારા સંબંધે મુખ્યત્વે શ્રીમોટા એક વાતનું પુનરુચ્ચારણ કર્યા જ કરે કે આ પ્રકારની સાધનાથી જીવને કાંઈ એકદમ ભગવાન મળી જવાના નથી. પણ એનામાં ચેતનાના સંસ્કાર પડવાથી જીવને શિવ થવાની શક્યતાઓ પેદા થાય છે, કેમ કે એ સંસ્કારો કાળ પાકતાં ઉદય-વર્તમાન થયા વિના રહેશે નહિ. રાગદ્વેષ જેટલાં મોળા પાડવા તરફ સાધક પ્રયત્નશીલ અને જાગ્રત હશે, તેટલી વધુ ઝડપી પ્રગતિ થશે અને વારંવાર આવાં મૌન-એકાંતનાં અનુષ્ઠાનોને પરિણામે રાગદ્વેષ મોળા પડે છે એવો ઘણાંનો અનુભવ છે.

૭. શ્રીમોટા અને આશ્રમ

શ્રીમોટાની અંગત જરૂરિયાતો ઘણી ઓછી છે. પહેરવેશ તદ્દન સાદો. સ્વજનો તરફથી જે મળે તે પહેરે, પણ જે પરિધાન કરે તે તદ્દન સ્વચ્છ હોય. તેવી જ સ્વચ્છતા ને સાદાઈ તેમના આશ્રમોના રોજ-બ-રોજના સંચાલનમાં જોવા મળે છે. જો તેઓશ્રી આશ્રમમાં હોય કે પ્રવાસમાં, રાત પસાર કરવાની હોય તો તેમની મદ્રાસી ખાદીની લુંગી

★ હાલમાં રવિવારે.

એક કટકા જેવી ને કદાચ થીગડાંવાળી જોવા મળશે. કિન્તુ સમારંભોમાં જવાનું હશે તો 'ગૃહસ્થી'ને શોભે તેમ ને સામા પક્ષની શોભામાં અભિવૃદ્ધિ થાય તેમ શુભ-સ્વચ્છ સાડીની લાલ ભૂરી યા લીલી આકર્ષક કિનારવાળી મદ્રાસી ખાદીની લુંગી. માથે એવો જ સુંદર ફેંટો અને ખભા ઉપર મદ્રાસી ઢબનું ઉપરણું હશે. બીજું કાંઈ નહિ. પરસેવો લૂછવા રૂમાલ જોઈએ તો લીલા યા લાલ દોરાથી ભરેલો ૐની છાપવાળો એક ખાદીનો કટકો કેડ પાસે લુંગી ઉપર ખોસેલો રાખશે.

આશ્રમની ખાણીપીણીમાં કદી તેલ-ઘીનો પેણો ચડે નહિ. ભાખરી (તેલના મોણવાળી), રોટલા-શાક, દાળ ને ભાત, બગાડની તો શક્યતા જ નહિ અને સદ્‌ભાગ્યે એમના સેવકોમાં વ્યવસ્થાપક ને રસોઈયા પણ સેવાભાવી મળી આવેલા છે. રસોઈ કરનાર આશ્રમના ટ્રસ્ટી પણ હોય! ખોરાકી ચીજો—ખાંડ, તેલ, કઠોળ, ગોળ, ઘઉં, ચોખા, દીવાસળીથી માંડીને સાવરણી સુધીની બધી જરૂરિયાતો પ્રભુકૃપાથી પ્રસંશકો ને ભક્તો તરફથી મળ્યા કરે છે. ઊંચી જાતના ચોખા ભેટમાં મળતા હોય તો આશ્રમના ઉપયોગમાં આવે નહિ. એવા મોંઘા ચોખા ખપે નહિ, માટે એ વેચી નાંખે અને જાડા ચોખા વપરાશમાં લેવાય. નાતજાતના ભેદ વિના નોકર-ચાકર, વ્યવસ્થાપક વગેરે એક પંગતે સાથે બેસીને ભોજન કરે. શ્રીમોટા જમવાના સમયે આશ્રમમાં હોય ને તેમને જમવું ન હોય તોપણ રસોડામાં આવીને બેસે ને બધાંને પ્રેમથી જમાડે. જમતાં પહેલાં ૐ સહનાવવતુ—ની પ્રાર્થના થાય. શ્રીમોટા ભોજન દરમ્યાન સઘળાંની ખબરઅંતર પૂછે. હળવી મજાકો કરે ને આનંદભર્યા વાતાવરણમાં બધાંને જમાડે. શ્રીમોટા આશ્રમમાં હોય ને બહાર કોઈને ત્યાં તેમને જમવા જવાનું આમંત્રણ હોય તો ઘણીવાર તેઓ પ્રબંધ કરે કે આશ્રમનાં અને મૌનમાંનાં બધાં ભાઈ-બહેનો માટે નિમંત્રક તરફથી રોજના જમવાના સમયે ભોજન મોકલવામાં આવે. આવી શ્રીમોટાની વાત્સલ્યભાવના છે.

અને ઉત્સવો દરમ્યાન અથવા અન્ય પ્રંસગોએ તેઓશ્રી હંમેશાં પુષ્પમાળાને બદલે સૂતરની આંટી વધુ પસંદ કરતા હોય છે, કેમકે એમાંથી આશ્રમને ઉપયોગી કાપડ વણાવી શકે છે. એનો અર્થ એ નથી કે તેઓ પુષ્પસૌંદર્ય અને તેની સુગંધની કદર કરી શકતા નથી, પણ માત્ર

બગાડની વિરુદ્ધમાં છે. 'ઉપયોગિતા'—એમની તાત્ત્વિક દૃષ્ટિ છે. આમ તો જહાંગીરપુરા, સુરતના આશ્રમમાં ગુલાબ અને મોગરાનો બગીચો છે.

૮. હરતુંફરતું કાર્યાલય

શ્રીમોટાના અંતેવાસી શ્રી નંદુભાઈ નડિયાદ અને સુરત બન્ને આશ્રમોનો પત્રવ્યવહાર જાતે ઇતર કામોની વચ્ચે કરતા હોય છે. તેમનું કામ તનતોડ હોય છે. શ્રીમોટાની જાહેર પ્રવૃત્તિઓ વધતાં સરકારી, અર્ધ સરકારી સંસ્થાઓ, જ્ઞાત-અજ્ઞાત વ્યક્તિઓ, તેમનાં સ્વજનો અને પ્રશંસકો સાથે પત્રવ્યવહાર ઘણી મોટી સખ્યામાં વધી ગયો છે; છતાં સાદો પહોંચ-પત્ર છાપેલો નહિ પણ હસ્તલિખિત મોકલવાની પ્રથા ચાલુ રહી છે, કેમ કે એવા લખાયેલા પત્રમાં હૃદયનો ભાવ રેલાતો હોય છે અને એકેએક પત્રનો ઉત્તર તુરત જ વિના વિલંબે જવો જ જોઈએ એવો શ્રીમોટાનો આગ્રહ પણ છે. તેઓશ્રી આવતી-જતી બધી ટપાલ ચોકસાઈથી જોતા હોય છે અને પ્રત્યુત્તરો વિષે જરૂરી સૂચનાઓ આપતા હોય છે.

વળી શ્રીમોટા ૩૦ દિવસમાંથી ૧૫ દિવસ પ્રવાસમાં જ કાઢતા હોય છે. એટલે તેમની સાથે અંગત મદદનીશ, ખજાનચી, મંત્રી, વડા વ્યવસ્થાપક વગેરેનું કાર્ય શ્રી નંદુભાઈ કરતા હોય છે. એટલે તેમનું કામ તો સવારના ત્રણ વાગ્યાથી શરૂ થાય તે રાત્રે ઘણીવાર પ્રવાસ દરમ્યાન ૧૦-૧૧ વાગતાં સુધી ચાલતું હોય છે. આ બધાં કાર્ય ઉપરાંત શ્રીમોટાનાં પુસ્તકોનું પ્રકાશન-કાર્ય ચાલુ જ હોય છે. તેનું પણ તેમણે ધ્યાન રાખવાનું હોય છે. આ રીતે પ્રવાસમાંય આ હરતુંફરતું કાર્યાલય પણ હોય છે.

આ ઉપરાંત શ્રીમોટા 'ગૃહસ્થ' કર્મયોગીના વેશમાં હોઈને તેમનાં સ્વજનોની સાથે વ્યવહારોચિત સંબંધ પણ સાચવતા હોય છે. બધા સાધુ-સંતો ભેટ-સોગાદો લઈને બેસી રહેતા હોતા નથી. શ્રીમોટા તેમનાં 'સ્વજનો'ને કંઈક ને કંઈક સ્વજનના ભાવ મુજબ પ્રતિભાવ સ્થૂળ રીતે પણ વ્યક્ત કરતા હોય છે. એટલે તેઓ સંત હોવા ઉપરાંત કેટલાંકને

પોતાનાં માતા-પિતાથીય અધિક એવા કરુણાસભર લાગતા હોય છે, એ એક હકીકત છે. આમ તેઓશ્રી લેણદેણની પ્રથા સ્થૂળ રીતે પણ જાળવી બતાવે છે. આ એક આદર્શ ગૃહસ્થનું દૃષ્ટાંત પૂરું પાડે છે. ને વળી સૂક્ષ્મપણે ભક્તની લાયકાત, અભિગમ ને સ્વીકાર-શક્તિ મુજબ તેમની ચેતના કેવી અદૃશ્યપણે કાર્ય કરતી હોય છે એ તો વ્યક્તિગત અનુભવની વાત છે અને એવા અનુભવો ઘણાંને થાય છે. એમનું આ પાસું બહુ અનોખું ને પ્રેરક છે.

આવી સ્થૂળ લેવડદેવડ અને તેના હિસાબની ઝીણામાં ઝીણી વિગત તથા ઉત્સવો દરમ્યાન ભેટ મળેલી ને પુનઃ વેચાતી તે ભેટ વસ્તુઓનો હિસાબ કાર્યાલય રાખે છે અને આજનું કામ કાલ પર મુલતવી રાખવાનું તો શ્રીમોટા કદી જાણતા જ નથી! જ્યારે એવાં હિસાબી ને ઇતર કામ તે જ દિવસે પતાવી શકાતાં ન હોય તો તે જ દિવસની મોડી રાત સુધી કામ ચાલુ રહે છે. આનું કારણ શ્રીમોટાની શિસ્ત, ઝીણવટ ને વ્યવસ્થા છે.

૯. વ્યવસ્થાપકો

સુરત આશ્રમના વ્યવસ્થાપક શ્રી ભીખુભાઈ હરિભાઈ પટેલ★ અગાઉ દૂધના વેપારી, કતારગામના રહીશ અને દેશભક્ત. એમણે જેલવાસ પણ કરેલો. શ્રીમોટા પ્રત્યે ભાવ જાગતાં સને ૧૯૫૪થી તેમની સાથે જોડાયા ને સુરત આશ્રમનો ભાર પોતાને માથે લઈ લીધો. એમની પાસે જે કંઈ બચત હતી તે બધી શ્રીમોટાને અર્પણ કરી દીધી એટલે કે આશ્રમને. જન્મે ને ધંધે ખેડૂત એટલે શ્રીમોટાની પ્રેરણાથી અને તેમની પોતાની અને ઝીણાભાઈની મહેનતથી સુરતનો આશ્રમ ફળ-ફૂલની વાડીઓથી લચ્યો રહે છે.

★ સને ૧૯૬૮થી શ્રી ભીખુભાઈનું શારીરિક સ્વાસ્થ્ય લથડતાં પૂ. શ્રીમોટાની અપીલથી શ્રી રજનીભાઈ બર્માવાળા સને ૧૯૬૯થી સમર્પિત થઈને આશ્રમમાં રહેતા થયા ને મૌનાર્થીઓની તેમજ કાર્યાલયની વ્યવસ્થાની જવાબદારી પૂ. શ્રીમોટાએ તેમને સોંપી અને સપ્ટેમ્બર ૧૯૭૧માં તેમની ટ્રસ્ટી તરીકે નિમણૂંક કરાવી હતી. ત્યારથી હાલ સુધી ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે. અગાઉના સંપાદકોની સરતચુકથી આ ઉલ્લેખ થયો ન હતો.

અને આ આશ્રમનું રસોડું સંભાળનાર શ્રી ઝીણાભાઈ. તેમને નીરાની એક સોસાયટીમાં કામ કરતાં કરતાં શ્રીમોટાનું એવું દિવ્ય દર્શન લાધ્યું કે તેઓ તેમના ભક્ત-સેવક બનીને રહ્યા. મૂળે તેમણે પણ શ્રીમોટા સાથે જોડાતાં પહેલાં મૌન લીધેલું. નડિયાદ આશ્રમની વહીવટી જવાબદારીમાં સહાયરૂપ બનનાર શ્રી મણિભાઈ પટેલ પણ શ્રીમોટા પ્રત્યે અનોખી રીતે આકર્ષાઈ સેવા આપી રહેલા છે. નડિયાદ આશ્રમનું રસોડાનું કામકાજ શ્રી મણિભાઈનાં ધર્મપત્ની સૌ. શાંતાબહેન સંભાળે છે.

૧૦. 'મોટા'

કોઈને સહેજે પ્રશ્ન એ થશે કે ચૂનીભાઈ ભગત 'મોટા' તરીકે કેવી રીતે સંબોધન પામ્યા? તેઓશ્રીની સને ૧૯૪૦ થી ૧૯૪૬ સુધીની દ.ભારતની અવરજવર દરમિયાન શ્રી નંદુભાઈના ઘરે દક્ષિણના ટ્રિચી તથા કુંભકોણમ્‌માં રહેતા અને ગુરુ ઉપરાંત ઘરના વડીલની જેમ બધાં પ્રત્યે પ્રેમ તથા માન દર્શાવતા. શ્રી નંદુભાઈના મામાના દીકરા શ્રી હસમુખભાઈ મહેતાનું સૂચન તેમને 'મોટાભાઈ' કહેવાનું હતું, પણ સાબરમતી આશ્રમે પરીક્ષિતભાઈ મઝમુદારને બધા મોટાભાઈ કહેતા એટલે શ્રીમોટાએ કહ્યું કે 'મોટાભાઈ' બેઉ જણને કહેવું ઠીક નહિ એટલે તેમને 'મોટા' તરીકે સંબોધવાનું શરૂ થયું.

૧૧. શ્રીમોટાની નિષ્કિંચનતા

શ્રીમોટાએ પોતાના નિવાસ માટે કદીએ આગવી પસંદગી કરી નથી કે આર્થિક રીતે સ્વતંત્ર કહેવાય એવું વલણ કદી દર્શાવ્યું નથી. જ્યારે ૧૯૪૬માં શ્રી નંદુભાઈને સોળ કલાકની 'ટ્રાન્સ' આવેલી, તે વેળા તેમણે તેમની પોતાની બધી રૂા. બે લાખથી વધુ કિંમતની થતી હતી, તે મિલકત કાયદેસર રીતે શ્રીમોટાના નામે ચડાવી દેવાનો આગ્રહ રાખેલો, પણ તેમણે ઘણી કુનેહથી તે પ્રસંગને ટાળી દીધો.* જો શ્રીમોટામાં સહેજ પણ

*આ પ્રસંગનું વર્ણન પૃ. ૭૬૪ થી ૭૬૭ પર છે.

લોભની વૃત્તિ હોત તો તે રકમ તેમને મળી ગઈ હોત. તે જ પ્રમાણે તેમના મિત્ર શ્રી હેમંતકુમાર નીલકંઠે તેમનું પોતાનું બધું તેમના નામ પર ચડાવી દેવા આગ્રહ કર્યો, પણ તેમણે તેનો પણ અસ્વીકાર કર્યો હતો.

કુંભકોણમ્‌માં તેમના માટે અલગ ઓરડો બાંધવાનું કર્યું. નડિયાદ અને સુરતમાં પણ તેમ જ હતું. સુરત આશ્રમના વ્યવસ્થાપક શ્રી ભીખુભાઈ પટેલે તેમની લગભગ બધી મિલકત આશ્રમને સમર્પિત કરી છે ને તેમનાં પત્ની શ્રીમતિ વિદ્યાબહેન રૂા. ૭૦૦૦/- તેમનાં મૃત્યુ વેળાએ શ્રીમોટાને ભેટ આપતાં ગયાં હતાં. જોકે તેમણે તે રકમ લીધી તો નહિ ને એમ ને એમ પડી રહી, એટલે ભીખુભાઈએ તે રકમમાંથી શ્રીમોટા માટે એક ઓરડો બાંધવા પાકો નિશ્ચય કર્યો. શ્રીમોટાની સ્પષ્ટ ના હતી છતાંય તેમણે તેમના નિશ્ચય મુજબ કામ શરૂ કર્યું એટલે શ્રીમોટાએ તે સ્વીકારી લીધું. જોકે સાચી હકીકત એ છે કે ઓરડા નીચે ભોંયરું પણ બનાવવાનું વિચારાયેલું, એટલે એનો ઉપયોગ મૌન-એકાંત ખંડ માટે થાય. ઉપરનો ઓરડો પણ જ્યારે શ્રીમોટા સુરતમાં હોય ત્યારે વાપરે એમ નક્કી થયું. જ્યારે શ્રીમોટા આશ્રમમાં હાજર ન હોય ત્યારે એ ઓરડાનો પણ મૌન-એકાંત ખંડ તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

૧૨. ઈશ્વરદત્ત મિલકત

શ્રીમોટા કાયદેસર રીતે આશ્રમોની મિલકત ઉપર કોઈ-હક્ક દાવો ધરાવતા નથી. તેમની સલાહ પ્રમાણે બધો વહીવટ ચાલે છે. તે ધારે એમ કરી શકે એમ છે, છતાં આશ્રમનો પૈસો કે મિલકત જે ઈશ્વરદત્ત છે, તેનો દુરુપયોગ ન થાય, પોતાને માટે પણ કોઈ ખર્ચ ન થાય, પોતાનાં સગાંવહાલાંને આશ્રમમાં જમાડી કે રાખી ન શકાય. આવી મર્યાદાઓ, અંકુશો બહુ કાળજીપૂર્વક તેઓ આચરી બતાવે છે. તેમના શરીરને, કરોડના મણકાઓ તૂટી જવાને લીધે લગભગ બધો વખત સુવાડી રાખવું પડે છે, એથી બરડો અને પાસાં કેવાં શેકાતાં હશે તેની કલ્પના કરવી રહી. એક વખત આ વિશે વાત નીકળતાં તેઓશ્રી કહે કે, ''દાક્તરો કોલન-વોટર, પાવડર વગેરે લગાડવાનું સૂચવે છે પણ

એનો ખર્ચ આપણને કેમ પોષાય?'' તેમના શરીરના ભાઈઓ, વિધવા ભાભી, ભત્રીજી વગેરે હયાત છે. મધ્યમ વર્ગનાય ન ગણાવાય એવી ગરીબ સ્થિતિ હોવા છતાં તેમને આશ્રમની કોઈ વસ્તુ અપાય નહિ. મફતમાં અપાય નહિ એવો કડક કાયદો તેઓશ્રી પાળી બતાવે છે.

૧૩. દક્ષિણા લેવાની શરતે

શ્રીમોટા ભાષણો, વ્યાખ્યાનોના બહુ વિરોધી છે. વારંવાર તેમને કહેતા સાંભળ્યા હશે કે આ ભાષણિયો યુગ છે. જો થોડાં વર્ષો ભાષણો બંધ થઈ જાય તો ઘણું સારું. ભાષણોથી લોકો સુધરી જશે એમ હું માનતો નથી. તેઓશ્રી બહુ બહુ તો—પોતાના અર્થના હેતુસર—કોઈ વાર્તાલાપ જેવું ગોઠવે તો છૂટ આપે. પણ પોતાનાં સ્વજનોને તેવું કાંઈ યોજવાની સખ્ત મનાઈ, કેમ કે તે પ્રચારમાં ખપી જાય એવો તેમનો મત છે. જો કોઈ તેમને આમંત્રણ આપે—સમૂહમિલન કે વાર્તાલાપ અંગે—તો તેનો તેમને વાંધો હોતો નથી ને તેય કાંઈ ખાલી હાથે પાછા આવવા માટે નહિ; પણ તેમની સમાજોપયોગી યોજનાઓને પુષ્ટ કરવા અર્થે ભેટ લેવા! જમવા બોલાવો તોપણ દક્ષિણા અર્પણ કરવી ઘટે. ''ભઈલા, દુનિયામાં કશું મફતમાં મળતું નથી. તો આવા માર્ગનું શિક્ષણ અને સાધુ-સંતોની પધારમણી કાંઈ મફતમાં મળે?'' શ્રીમોટા એ બધું માગે છે તે કાંઈ મંદિરો બાંધવા કે પોતાની પ્રતિષ્ઠામાં વધારો કરવા કે આશ્રમોના વિસ્તાર કરવા માટે જરાયે માગતા નથી. સમાજ પાસેથી લઈને સમાજને વિશિષ્ટ રીતે ઉપયોગી થઈ પડે તે રીતે સમાજને ચરણે તે ધરી દેતા હોય છે.

૧૪. વાણીમાં કંજૂસાઈ

જેમ તેમણે સાધના ગુપ્ત રીતે કરેલી તેવી રીતે આશ્રમનું સંચાલન પણ અપ્રસિદ્ધ રાખેલું. આધ્યાત્મિક સાધનાનો માર્ગ તો વાચન કરતાં વધુ તો અભ્યાસ (પ્રેક્ટીસ)નો, મહાવરાનો, સતત, નિયમિત ઉત્કટ

પ્રેમભક્તિ-જ્ઞાનપૂર્વક તેને વળગી રહેવાનો માર્ગ છે. આ વાત ગમે તેવા મોટા માણસોને પણ તેઓ જાહેરમાં કહી શકે છે. સુરતમાં એક વાર ગીતા-જ્ઞાન યજ્ઞનો પ્રારંભ કરવા તેના યોજકો શ્રીમોટાને પ્રમુખસ્થાને બિરાજવા અતિ આગ્રહ કરીને લઈ ગયા. ત્યારે પ્રમુખસ્થાનેથી બોલતાં તેમણે કહ્યું કે, ''ગીતા એ આચારનું શાસ્ત્ર છે. એના કેવળ પારાયણથી કશું વિશેષ લાધશે નહિ. એના સૂચવ્યા મુજબ આપણે ચાલવું પડશે માટે અભ્યાસની—સાધનાની ટેવ પાડવી ઘટે.''

આનો અર્થ એ નથી કે તેઓ વાચનના તદ્દન વિરોધી છે. તેઓ એટલું જ બતાવવા માગતા હોય છે કે કેવળ વાંચવાથી કશું વળે નહિ. તેનાથી બહુ બહુ તો બુદ્ધિના સંસ્કાર પડે પણ હૃદયના નહિ. પાકશાસ્ત્ર શીખનારે કડછો હાથમાં લઈને પ્રયોગ કરતા થઈ જવું ઘટે. એ તેમનો બોધ છે. બાકી આચાર વિનાનાં વાચન અને શ્રવણ આપણને ઝાઝે દૂર લઈ જઈ નહિ શકે. એમના આશ્રમમાં પુસ્તકાલય પણ નથી; આથી જ તેમના આશ્રમોમાં કોઈ વ્યાખ્યાનો, જ્ઞાનસત્રો કે પૂજાપાઠ થતા નથી તેમણે તો કેવળ 'પ્રયોગ કરવા' એકદમ 'પ્રયોગશાળા'માં ઘૂસી જાવનો રસ્તો બતાવ્યો છે કેમ કે તેમણે તે અનુભવેલો છે. એટલે જ તેમણે લખ્યું છે કે, ''વચનમાં તો દરિદ્રતા જ શોભે. વાણીમાં—બોલવામાં જ્ઞાનપૂર્વક કંજૂસ બનવાનું છે અને નામ-સ્મરણમાં જેટલી વાણી ખર્ચાય એટલું ઉત્તમ છે.''

● 'મૌન-એકાંત' મંદિરો ●

૧. 'મૌન-એકાંત'ના શ્રીગણેશ

આ જીવનમાં રહીને સાધના કરવી હોય તો સારું એવું એકાંત મળે ને સોઈ સગવડ મળી જાય એવી એક યોજના શ્રીમોટાના મગજમાં જીવતી-જાગતી ચોક્કસપણે થઈ ચૂકેલી હતી, પણ એવું સાધન એમને ક્યાંયે મળતું નહોતું. તેઓ ગુજરાત હરિજન સેવક સંઘમાંથી મુક્ત થયા હતા અને સાબરમતી હરિજન આશ્રમમાં શ્રી નંદલાલભાઈને ત્યાં રહેતા

હતા. ત્યારે ત્યાં જ શ્રી નંદુભાઈના આવાસ પાસે 'વિનોબા–મીરા' કુટિર તરીકે ઓળખાતી એક ઓરડી હતી. એક કંતાનના પડદાથી તેના બે ભાગ પાડતા. એક ભાગની અંદર કોઈ સાધકને બેસવાની વ્યવસ્થા હતી ને બીજા ભાગમાં મળ-મૂત્ર કરી શકે એવી જાતની વ્યવસ્થા તેમણે ઉપજાવી હતી. ને આ રીતે મૌન-એકાંતની સાધના કરવાની રીત શરૂ થઈ હતી.

શ્રીમોટા એમ પણ માનતા હતા કે કોઈને કશું મફતમાં ના આપવું, એટલે જે કોઈ આ સાધના અર્થે આવતા તેનું મૂલ્ય જે કાંઈ મળતું તે હરિજન આશ્રમને ચોપડે શ્રી નંદુભાઈ જમા કરાવી દેતા. બે વાર જમવાનું, ચા-કૉફી તેમના ઘરેથી આપતા.

અને તેમની એક બીજી રીત છે કે બધું સમયસર જ થવું જોઈએ અને કુદરતની સાથે સમયનો તાલ મેળવવો, લય મેળવવો એ આપણા માટે બહુ અગત્યની વાત છે. આ કુદરતની અંદર પણ કાળનું એક લયબદ્ધપણું છે એની બહુ થોડા માણસોને જાણ છે. કાળના એ લય અને તાલની સાથે આપણે પણ લય ને તાલ મેળવવાનું જો કરીએ તો એથી કરીને આપણા જીવનમાં એક એવા પ્રકારની સરળતા, સુગમતા, વ્યવસ્થા ને સુમેળપણું પ્રકટે છે ને તેમાંથી એક લય પ્રકટે છે. ને તે લયમાં પણ કેટલા બધા પ્રકાર છે જેની આપણા જેવા સામાન્ય માણસને કંઈ ગતાગમ પડી જ નહિ શકે, પણ જે આ સાધનાના ભાવમાં ઊંડા ઊતરેલા છે એ લોકોને આ લયનું ભાન છે. એ લય ભલે જુદા જુદા તબક્કામાં જુદા પ્રકારનો રહ્યા કરે પણ એ લયમાં એકરસ થવાનું અને એની સાથે આપણા લયને મિલાવવાનું જેઓ સમજ્યા છે, તેમના માટે ચેતનમાં રસ પ્રકટાવવાનું, કેળવવાનું બહુ સુલભ બની જાય. આવી સ્પષ્ટ સમજને લીધે શ્રીમોટા જે તે સમય જાળવવાનું કરે છે. હજી પણ કરે છે ને સાધનામાં બેઠેલાં ભાઈ-બહેનોને આશ્રમોમાં સમયસર ચા-કૉફી, ખોરાક વગેરે બધું મળ્યાં કરે, એ ત્યારથી તેમના મનમાં કોતરાઈ ગયેલી યોજનાબદ્ધ હકીકત હતી. સાબરમતી આશ્રમે જેઓ મૌન લેવાને આવતા ત્યાં પણ આવી જ રીતે સાધના કરાવતા.

૨. મૌન-એકાંત મંદિર

''મારા ગુરુમહારાજે મને કહેલું કે, ''તેં દેશસેવા ઘણી કરી. હવે માનવમાં ગુણ-ભાવ વિકસાવનારી સેવા કર.'' તેઓ મને દંડો આપવાનું ઇચ્છતા હતા ત્યારે મેં કહ્યું કે, ''હું તો સંસારમાં રહેનારો એટલે દંડો વાપરીને લોકોને સાચે માર્ગે દોરી નહિ શકું. પ્રેમથી જ તેમને તેવા રસ્તે ચડાવી શકું.'' ગુરુમહારાજે તે માન્ય રાખ્યું ને સાધના માટેનો આ માર્ગ મને બતાવ્યો. પછી મેં તેમને કહ્યું કે, ''લોકો પાસેથી લઈને તેમને હું શું આપીશ?'' ત્યારે તેમણે ઉત્તર આપ્યો કે, ''રોટલા માટે ચિંતા ન કરીશ. તેં પ્રજાની સેવા ઘણી કરી છે એટલે રોટલો એ તારું પેન્શન છે, એમ સમજજે અને લોકો પાસેથી લઈને તારા માથે એમનું ચડેલું દેવું રહેવા નહિ દઉં.'' એટલે મૌનમંદિરો સ્થાપવાનો વિચાર આવ્યો.

મૌનમંદિરનો સમય મારે મન તો આ 'જીવ' સાથે તે તે જીવોને સંકળાઈ રહેવાની ક્રિયા છે. જો તેવું ન થયું હોત તો તમારામાંનું કોઈ પણ મારી સાથે રહી શક્યું ન હોત... પ્રત્યેક જીવના મૌન-એકાંતનો કાળ મારે મન એક મોંઘો અમૂલ્ય કાળ છે.''

ઉપર્યુક્ત શબ્દોમાં શ્રીમોટાએ મૌન-એકાંત મંદિરની સ્થાપના પાછળનો હેતુ અને તેની અગત્ય વિશે સૂચવ્યું છે.

મૌન-એકાંતની સાધના માટે જિજ્ઞાસુએ અગાઉથી નામ નોંધાવવું પડે છે; કેમ કે શ્રીમોટાના માર્ગદર્શન નીચે એમની આ અનેરી કાર્યશૈલીથી સાધના કરવા ઇચ્છનારાઓ ઠીક ઠીક સંખ્યામાં હોય છે. જ્યારે એ યાદીમાં જિજ્ઞાસુનો વારો આવે છે ત્યારે એ સાધક ઓછામાં ઓછા સાત દિવસ એક અંધારા* ઓરડામાં તદ્દન એકાંતમાં ગાળવા

---

*શરૂઆતમાં આ ઓરડાઓમાં વીજળીનો દીવો રાખવામાં આવતો નહોતો. ટોર્ચથી સાધકને ચલાવી લેવું પડતું, કેમકે અંધારુ એકાગ્રતાનું પોષક છે; પરંતુ હવે ઓરડામાં વીજળીના દીવા છે, જેનો ઉપયોગ બને એટલો ઓછો કરવાની સલાહ છે. બીજું અંદર બેસનારને બહારનો અવાજ થોડો-ઘણોય આવતો હોય છે એથી શ્રીમોટાની ઇચ્છા આ ઓરડાને તદ્દન અવાજમુક્ત (સાઉન્ડ-પ્રૂફ) રાખવાની છે.

માટે પ્રવેશ કરે છે. નક્કી કરેલા દિવસની અવધિ પૂરી થાય નહિ, ત્યાં સુધી સાધક એ ઓરડામાંથી બિલકુલ બહાર આવતા નથી. સ્નાન, શૌચ વ. ક્રિયાઓ માટે એના ઓરડાનો એ એકલા જ ઉપયોગ કરી શકે એવી રીતે ખાસ વ્યવસ્થા કરી છે, એટલે એ માટે પણ એ બહાર આવતા નથી. જમવાની થાળી પણ આગળની ભીંતમાં આરપાર બાકોરું પાડી ભીંતની બન્ને બાજુએ બારી રાખી એવી રીતની યોજના કરી છે, કે લેનાર ને આપનાર એકબીજાને જોઈ શકે નહિ.

આવી સાધનામાં માનવીને પોતાનું મૂલ્યાંકન સાચી રીતે કરતાં આવડે છે. તેના અર્ધ જાગ્રત અને અજાગ્રત માનસમાં ઊંડા પડી રહેલા સામસામી દિશાના પ્રવાહોની અને તેની પ્રકૃતિ તથા સ્વભાવની જીવનમાં પહેલી વાર કંઈક સ્પષ્ટ ઝાંખી તેને થાય છે. અત્યાર સુધી સૂઈને પડી રહેલાં એનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્‌ના અંતરનાં કરણોમાં ભારે ઊથલપાથલ મચાવે છે. જેમ યમુનાના ધરામાં સૂઈ રહેલા કાલીનાગને શ્રીબાલકૃષ્ણે જગાડ્યો હતો તેમ. પણ આમાં નોંધપાત્ર ને ખાસ ધ્યાન ખેંચે એવી હકીકત એ છે કે આવી અંતરમાં થતી ભારે ગડમથલ દરમ્યાન પણ એનો મોટેથી જપ ચાલુ રહે છે. તેમાં તો નથી ભંગ પડતો પેલા અંતરમાંના ઘમસાણના રોકાણથી કે નથી પડતો સતત મોટેથી ૧૫-૧૬ કલાક રોજ દિવસોના દિવસો સુધી બોલવામાં કરવામાં થતા શારીરિક શ્રમથી. એનાં ઘાંટો, છાતી, માથું—ટૂંકમાં મોટેથી ઉચ્ચારણ થવામાં જે જે અંગોને ઘસારો થાય તે બધાંમાંથી કોઈને પણ એવો શ્રમ નથી પડતો કે મોટેથી થતો જપ અટકી પડે, એ તો આપમેળે ચાલુ રહે છે.

આવો લાંબા કાળનો ને આટલો એકાગ્રપણે થયેલો જપયજ્ઞ સાધકના સત્ત્વ-જીવકોષ—'આધાર' ઉપર એવા ઊંડા સંસ્કાર પાડે છે કે જાણે શિલાલેખ. એટલે તે લાંબા કાળને પરિણામે ભૂંસાતા નથી. તેથી જ્યારે એનો કાળ પાકે છે, ત્યારે તે સંસ્કારો ઉદયવર્તમાન થઈ સાધકને સહાયરૂપ થઈ એને અનિવાર્યપણે આધ્યાત્મિક પંથે આગળ લઈ જાય છે, તેમ જ તેની ગતિમાં ઘણો વેગ આપે છે. આમ પ્રભુમય જીવન

જન્માવવાને તથા વિકસાવવાને માટેની આ સાધનાશૈલી, પદ્ધતિની દૃષ્ટિએ તેમજ પરિણામની સફળતા તથા તત્કાળતાની દૃષ્ટિએ મૌલિક ને અનેરી છે.

અદ્‌ભુત આધ્યાત્મિક અનુભવો જેવાં કે દિવ્ય-દર્શનો ('વીઝન્સ'), દિવ્ય ધ્વનિનું શ્રવણ, પ્રકાશનાં દર્શન, ભવિષ્યમાં બનનારા પ્રસંગોની આગાહીનાં ચિત્રો, આશ્રમના અધિષ્ઠાતા શ્રીમોટા શરીરે હાજર ન હોવા છતાં તેમની સૂક્ષ્મ પ્રત્યક્ષ હાજરીના અનુભવો વગેરે જુદી જુદી જાતના અનુભવ આ મૌન-એકાંત જપયજ્ઞમાં બેસનારમાંથી કેટલાક જીવોને થાય છે. આવા અનુભવો ઉપરાંત પણ ગમે તેવા આધિદૈવિક, આધ્યાત્મિક અનુભવો થાય તેનું સંસ્કાર પડવાની દૃષ્ટિએ મૂલ્યાંકન ખરું પણ સૌથી ઉત્તમમાં ઉત્તમ તો એ જ કે એથી કરીને આપણાં રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર તથા અહંકાર આદિ મોળાં પડે તે જીવન-વિકાસનું ઉત્તમ માપ અને શ્રેયાર્થીએ એને જ વિશેષ મહત્ત્વ આપ્યાં કરવું એમ શ્રીમોટા સ્પષ્ટ રીતે જણાવે છે.

કેટલાકને વળી તેમના ભૂતકાળના પ્રસંગો, વિચારો, લાગણીના આઘાતો મૂર્ત સ્વરૂપ લઈને સિનેમાની રીલ આપણે જોતાં હોઈએ તેમ એમની આગળ પ્રત્યક્ષ થાય છે. આ દૃશ્યો પણ એટલાં બધાં તાદૃશ્યપણે સ્પષ્ટ ને જીવંત દેખાય છે કે મૌન લેનાર જીવ એ બધું જોઈને સ્તબ્ધ થઈ જાય છે. એનામાં પશ્ચાત્તાપનું પુનિત ઝરણું પ્રકટે છે અને ફરીથી એવું વર્તન ન કરવાની તથા જીવન-નાવના વહેણની દિશા જ બદલી નાખવાની પ્રેરણા એકાંત અને મૌનમાં થયેલાં દિવ્ય-દર્શન દ્વારા સાધક મેળવે છે.

મૌનમંદિરોની હયાતિ જીવનવિકાસના હેતુ કાજે જ એટલે કે શ્રીભગવાનના અનુભવ તથા ભગવાનમય જીવન કાજે જ છે. જે જીવને જીવન વિશે મનન, ચિંતન ને નિદિધ્યાસન કરવાનું અને તે જીવનમાં પ્રત્યક્ષ આકાર લે તેવા મંથનમાં રહેવાનું દિલ હોય, પોતાના જીવન વિશે ઊંડું પૃથક્કરણ કરીને પોતાને ખોજવાની જેને તમન્ના હોય તેને માટે આ સ્થળ છે. ખાલી ખાલી પડી રહેવા કાજે આ સ્થળ નથી. મકાન હવડ

રહેશે તેનો કશો જ વાંધો નથી, પણ જીવો જો હવડ પડી રહે તો શ્રીમોટાને ઘણો ઘણો વાંધો છે.

સર્વ ધર્મ અને સર્વ જાતિના નરનારી અત્રે પ્રભુભજન માટે મૌનમંદિરમાં રહી શકે છે અને પોતાનું ઈષ્ટ સાધન કરી શકે છે.

મૌનમંદિરમાંની સાધનાને અંતે મરજિયાત નિવેદન લખી દેવાની વૃત્તિ થાય છે. ત્યાં સાધકે એટલો સમય કેવી રીતે પસાર કર્યો, કેવા અનુભવો થયા, કેવું લાગ્યું વગેરે પ્રામાણિકતાથી લખવા કહેવામાં આવે છે જે વાંચીને બીજાંને માર્ગદર્શન અને પ્રેરણા મળે.

૩. લાક્ષણિક અનુભવ

હરિઃૐ આશ્રમો—મૌનમંદિરોની સ્થાપનાનો વિચાર અમલમાં મૂક્યો તે પહેલાંની આ ઘટના છે. સને ૧૯૪૬માં એક સાધકે ૨૧ દિવસનું મૌન લીધું. મૌન અનુષ્ઠાનમાં ૧૪ દિવસ પછી તે ભાઈને હરસની પીડા ઊપડી. એમણે એનિમા લેવાની સંમતિ માગી પણ પૂજ્ય શ્રીમોટાએ એમ કરવાની સંમતિ ન આપી, અને ન ગોઠે તો મૌન-એકાંતમાંથી નીકળી જવાનો વિકલ્પ બતાવ્યો. તે ભાઈને આ વાત ન રુચિ. એમણે તે જ દિવસે ખોરાક ન લેવાનો સંકલ્પ કર્યો જેથી હરસની પીડા વ્યગ્ર ન કરી મૂકે. આથી મૌન-એકાંતનું છેલ્લું સપ્તાહ કેવળ પાણી લઈને જ ઉપવાસમાં પસાર થયું.

મૌન-પૂર્ણાહૂતિની સાંજે તે ભાઈ બહાર નીકળ્યા અને રાતના અગિયાર વાગ્યા સુધી બહાર ખુલ્લામાં સૂઈ રહ્યા. રાતના ૧૨ વાગ્યે સાત દિવસના ઉપવાસ પછી શાક અને મગનું જાડું પાણી લીધું. બીજે દિવસે દુન્યવી કામકાજમાં તેઓ પરોવાયા. પછી શ્રીમોટા સાથે થોડીક વાત કરવા બેઠા. ત્યારે પવનનો સૂસવાટો થતો હતો એમ લાગ્યા કરતું હતું. આ બાબત તેમણે શ્રીમોટાને જણાવી. એ ભાઈને ગળાની તકલીફ પહેલેથી ખરી, તે બહુ લાંબો સમય બોલી શકે નહિ. એમને માટે ''બે માઈલ ચાલ્યા જેટલો થાક લાગે એથી વધુ થાક એક કલાક બોલતાં'' લાગે.

હવે, આગલા સાત દિવસના ઉપવાસ, આગલી રાતની માત્ર બે જ કલાકની ઊંઘ—આમ હોવા છતાં આ દિવસની રાતે એમનામાં કો'ક દિવ્યશક્તિનો સંચાર થયો હોય એમણે રાતના દસ વાગ્યે હિન્દીમાં અને અંગ્રેજીમાં બોલવાનું શરૂ કર્યું. એમનું આ બોલવાનું ઘણા જ ઊંચા છતાં પણ મધુર અવાજે થતું હતું. એમણે પોતાના સ્વભાવનું, વલણનું, વૃત્તિઓનું પૃથક્કરણ વેગથી હિન્દી બોલીમાં કર્યે જ રાખ્યું. હિન્દીમાં બોલવાનો એમને લેશ પણ અભ્યાસ ન હોવા છતાં આમ બન્યું એ ભારે આશ્ચર્ય હતું. પોતાને એમ થયું કે આટઆટલી સાધના કરવા છતાં ગુરુની ચાકરી અને પ્રેમ પામવા છતાં, કશું પણ સમર્પણ થયું નથી અને થઈ શકતું નથી. આથી પોતાનું સર્વ સમર્પણ કરવું જોઈએ.

એમનાં પત્ની અને બીજાં સ્નેહીઓને આ ભાઈની આ રીતની વાત સાંભળીને—અને એમની વાણીમાં અને અવાજમાં થયેલા પરિવર્તનને જોઈને ભારે આશ્ચર્ય થયું. આ ભાઈને માનસિક અસ્થિરતા તો નહિ પ્રકટે એવી દહેશત પણ થઈ. એથી ચિંતિત પણ થયાં. પોતે જે કંઈ સતત બોલ્યે જતા હતા છતાં પોતે લેશ પણ બેભાન નથી એવી ખાતરી કરાવવા ઘર તથા દુકાનની ઝીણી ઝીણી વિગતો જણાવી. પોતાના સ્વભાવ અને પોતાનાં પત્નીના સ્વભાવનું પૃથક્કરણ કરતી આ હિન્દી-અંગ્રેજી વાણીનો પ્રવાહ છેક સવાર સુધી ચાલુ જ રહેલ. રાતભર આમ બોલાયે જતું હતું. ત્યારે પડોશીઓને એથી ખલેલ પહોંચશે એમ જણાવેલું છતાં અત્યંત જુસ્સાથી પણ ભાવપૂર્વક આ રીતનો વાણી-પ્રવાહ ચાલુ જ રહ્યો. વચ્ચે પાણી પીવાની પણ જરૂર જણાઈ નહોતી.

આ ભાઈ જ્યારે મૌન-ખંડમાં હતા, ત્યારે બહારની બાજુ એક નાજુક છતાં વિલક્ષણ ઘટના બની ગઈ હતી. પડોશમાં રહેતી એક વ્યક્તિને ત્યાં રહેતો જેકી નામનો એક કૂતરો હડકાયો થયો છે એવો વહેમ આવેલો. આ કૂતરો શ્રીમોટા પાસે આવતો. ઘણીવાર એને ધમકાવીને કાઢી મૂકવામાં આવે તો પણ જમીન ચાટતો એ આવે. એ કૂતરાને પેલા સજ્જને બંદૂકથી ઠાર માર્યો. શ્રીમોટાએ કૂતરાનો અગ્નિસંસ્કાર કર્યો અને એનાં અસ્થિ નદીમાં પધરાવ્યાં. આ હકીકત તે ભાઈએ જાણેલી.

આ જેકીની વફાદારી આગળ પોતાની જાતને એ તૃણવત્ ગણાવવા લાગ્યા. એના સમર્પણથી અને અંતિમકાળે થયેલા એના ઉદ્ધારથી પોતાની ગુરુભક્તિમાં રહેલી પોતાની ઊણપ એમને કણાની જેમ સાલવા લાગી. એમણે જે જે જુસ્સામાં બોલવાનું ચાલુ રાખેલું, એમાં એમણે પોતાનો નિર્ણય જાહેર કર્યો કે પોતાની તમામ મિલકત શ્રીમોટાને અર્પણ કરી દેવી. એ અંગે જે ચાર-પાંચ હજારનો સ્ટેમ્પનો ખર્ચ થાય તેનો વિચાર પણ ન કરવો. આ કામ પાર પાડવા રજિસ્ટ્રારને, વકીલને અને ડૉક્ટરને બોલાવવા એમણે પોતાનાં સગાંઓને કહ્યું. શ્રીમોટા આ વખતે હાજર હતા એટલે એમણે કહ્યું, ''હમણાં રહેવા દો.'' પણ તે ભાઈએ સ્પષ્ટ કહ્યું કે, ''આ પળ જ સમર્પણની પળ છે, નહિતર આવતી કાલે કે હવે પછીની પળે આ રીતે સમર્પણ કરવા તૈયાર ન પણ થાય.'' અને જ્યાં સુધી પોતાનો આ સમર્પણ સંકલ્પ પાર ન પડે, ત્યાં સુધી પાણી પણ ન પીવાનો સંકલ્પ એમણે જાહેર કર્યો.

આ કહેવા સાથે પૃથક્કરણ કર્યા કરતી વાણી તો વહેતી જ રહી. પોતે જે કાંઈ બોલે છે એ પોતે સાંભળે છે, સમજે છે અને પૂરી સભાનતાથી બોલે છે એમ એ જ પળે તટસ્થપણે અનુભવાયા કરાતું હતું. મનના બંને સ્તરો જુદા પડ્યા હોય એમ લાગતું હતું.

વકીલ, ડૉક્ટર અને રજિસ્ટ્રારની રાહ જોવાતી હતી. બપોરના બે વાગ્યા પણ પૂજ્ય શ્રીમોટાએ અગાઉથી બોલાવા જનાર વ્યક્તિને સમજાવેલું એટલે તેણે આવીને કહ્યું કે, ''આજે રવિવાર હોવાથી રજિસ્ટ્રાર બહારગામ ગયા છે, એટલે હવે કાલે જ કોર્ટમાં રજિસ્ટ્રેશન થઈ શકશે. આજે શક્ય નથી.''

તે ભાઈ જે સંપત્તિ અર્પણ કરી દેવાના હતા એની કિંમત એ કાળમાં પણ ઘણી જ હતી. પૂજ્ય શ્રીમોટા એ ભાઈના સમર્પણભાવને પામ્યા હતા એમ છતાં વ્યવહારની દેખીતી સપાટી પરનો એમનો સૂક્ષ્મ વિવેક ઘણી ઘણી બાબતો સૂચવી જાય છે.

આ ઘટના કેટલાંક તત્ત્વોને પ્રકાશિત કરે છે :

(૧) સાધકની આચાર-શુદ્ધિ જેટલા પ્રમાણમાં થતી હોય છે, એટલા પ્રમાણમાં દિવ્ય અનુભવોની શક્યતા વધતી જતી હોય છે. સાધક પોતે એવી પળોએ પ્રભુનું 'યંત્ર' હોય એમ વર્તતો હોય છે.

(૨) આમ હોવાથી મુક્તાત્માની વર્તન રીત કળી શકાય તેવી હોય નહિ, કેમકે મુક્તાત્મા સંસારી ધોરણે વર્તતા નથી, કેમકે એમના આધારોમાં એ દિવ્યતત્ત્વ હંમેશ સક્રિય જ હોય છે.

પૂજ્ય શ્રીમોટાની ચેતનાશક્તિનું ગૂઢ દિવ્ય-કાર્ય તેમ જ એ સાથે સાથે એમનું વિલક્ષણ તાટસ્થ્ય આ ઘટનામાં દર્શનીય બન્યાં છે.

વળી શ્રીમોટાએ ધાર્યું હોત તો તે આખી મિલકત પોતાના નામ પર ચઢાવી લઈ શક્યા હોત, પણ તેઓએ Sex, Power and Wealth—એ પ્રાકૃત જીવનના મુખ્ય પ્રશ્નોને હલ કર્યા હોઈ ધનની માલિકીનો મોહ ન હતો. તેમણે તો તે ભાઈને તે વેળા એમ પણ સમજાવ્યું કે, ''આ રીતે તમારું સઘળું ધન આપી દેવાથી પણ તમારી ધનની આસક્તિ જવાની નથી. અત્યારે આ ક્ષણે ભલે વિરક્તિ જાગી છે, પણ મૂળમાંથી તો 'परं दृष्ट्वा'—જ તે જાય. એટલે એમ સ્થૂળનું માત્ર સમર્પણ કર્યેથી આધારનું સમર્પણ થઈ શકતું નથી એ તો ચિત્તની શુદ્ધિ થયા બાદ અને અહમ્ ઓગળ્યા પછી જ શક્ય બને. એટલે સ્થૂળનો ઉપયોગ જ્ઞાનપૂર્વક સમજી સમજીને એને પામવાના હેતુ અર્થે કરો. એક આંચકે શિર કાપી દેવાને સ્થાને કટકે કટકે ધીમે ધીમે પોતાની જાતને કરવત તળે વહેરાવા દો ને તે કામ કપરું છે છતાં તે જ કરવા જેવું છે.''★

૪. પાથેય પૂરું પાડતાં મંદિરો

શ્રી વિષ્ણુકુમાર દવેએ સાધકોનાં નિવેદનોને આધારે લખેલા એક લેખમાં લખ્યું છે :

આ 'મૌનમંદિરો'માં સને ૧૯૭૦ સુધીમાં ૪૫૦૦ જેટલી વ્યક્તિઓએ મૌન-ઉપાસના કરી છે. મૌન-ઉપાસનાનો સમય ઉપાસકની શક્તિ ઉપર આધારિત હોય છે. કુંભકોણમ્ અને સુરત

★ આ અનુભવ શ્રી નંદુભાઈનો છે.

આશ્રમોમાં મળીને એક ૨૩ વર્ષના કેનેડિયન ભાઈ શ્રી રોબીને સવા વર્ષની મૌન-ઉપાસના કરી છે. ઉપાસકો ઘણું મોટું જીવન-પાથેય લઈને બહાર નીકળતા હોય છે.

'મૌન-મંદિર એટલે એટમ યુગની પ્રયોગશાળા' એવું આધુનિક યુગને અનુરૂપ પણ એક ઉપાસકે વર્ણન કર્યું છે.

મનાદિકરણની દરેક પ્રવૃત્તિ મોળી પડે અને સ્વભાવ-પ્રકૃતિમાં ફેરફાર થયા જાય, તે માટે આ મૌન-એકાંત મંદિર નામ-સ્મરણ માટે ઉત્તમ સ્થાન ગણાય. એમાં મારાં આંતરિક રોગોને નિદાનાયા અને પ્રેમપૂર્વક સારવાર કરવામાં આવી.

એક સાહિત્ય-ઉપાસક આ મૌનમંદિરની અસર વર્ણવતાં લખે છે કે ''કાલિદાસના શબ્દોમાં કહું તો शान्तमिदमाश्रमपदम् એવી મન ઉપર અસર થઈ.''

''વળી મનનો ગંદવાડ હરિસ્મરણથી બહાર ફેંકાય છે.'' એવો એકરાર કરી હરિ સાથે એકતાર ભૂમિકા બાંધી આપે છે.

અને ''મૌન અને નામ-સ્મરણના અભ્યાસથી મન સામે સંગ્રામ કરવાની તાકાત વધશે'' એમ બીજા ઉપાસક કહે છે.

અહીં પૂજ્ય શ્રીમોટા (સૂક્ષ્મ રીતે) હાજર હોવાને કારણે ઓરડામાં—કોટડીમાં પુરાવાની સજા થતી નથી પણ ખૂબ આનંદ થાય છે. આથી જ એક ઉપાસક બહેન બોલી ઊઠે છે કે, ''શ્રીમોટા! મારી મા! એમ હું હૃદયથી વાંચ્છતી, કારણ કે આવો પ્રેમ મા અને પ્રભુ સિવાય કોઈ આપી શકે નહિ.''

પૂ. શ્રીમોટાએ માનવીના આધ્યાત્મિક વિકાસ માટે આયોજેલાં મૌનમંદિરો 'મૌન અને એકાંત દ્વારા સાધના કરવાની તક ઝંખતા સાધકોને સત્ય તીર્થસ્થાન છે.'

આથી જ એક ઉપાસક જણાવે છે કે, ''આધ્યાત્મિક પંથના વટેમાર્ગુને થોડું ભાથું મળી ગયું છે. તે ખૂટતાં વધુ પાથેય માટે અહીં આવી દ્વાર ખખડાવશે.''

૫. નામ-સ્મરણનો પ્રયોગાત્મક પુરાવો

(કેનેડિયન યુવાન રોબિનનો પૂજ્ય શ્રીમોટા પરનો પત્ર)

» મિ. રોબિનનો અલ્પ પરિચય :

આ પત્ર લખનાર ભાઈનું નામ મિ. રોબિન છે. તેઓ આમ તો મૂળ કેનેડાના, પરંતુ અમેરિકામાં રહેતા. અત્યારે (૧૯૭૦માં) એમના શરીરની ઉંમર માંડ પચ્ચીસની હશે. યુવાનીમાં અમેરિકાના યુવાનોમાં પ્રસરેલી ટેવોમાં ફસાઈ ગયેલા હતા. (એલ. એસ. ડી., ગાંજો, ભાંગ, ચરસ વગેરે 'નારકોટિક ડ્રગ્સ'માં ફસાયેલા હતા.) તેવામાં અમેરિકામાં કોઈ પાસેથી આપણે ત્યાં બોલાતી ધૂન એમણે સાંભળી ને તેવી ધૂન તે બોલવા લાગ્યા. અમેરિકાના જે બધા યોગના આશ્રમો હતા ત્યાં તે ફર્યા, પરંતુ તેમને ત્યાં પૂરો સંતોષ ન મળ્યો; એટલે યોગભક્તિના મૂળ ધામ ભારત આવવા નીકળ્યા. પાસે પૈસા ન મળે એટલે જ્યાં ત્યાં મહેનત મજૂરી કરતા કરતા છેવટે ભારત આવ્યા ને ભારતમાં પંજાબના ફિરોજપુર શહેરમાં તે આવ્યા. ત્યાં એક મૌનીબાબા (શ્રી રાજ કે. મૌની)ને તેઓ મળ્યા. ત્યાં ફિરોજપુરમાં એક ભાઈ સુરત—નડિયાદ આશ્રમના જેવું હરિઃૐ મૌનમંદિર ચલાવે છે તે જગ્યા તેમણે બતાવી. ત્યાંથી તે ખોળતા ખોળતા સુરત આવી પહોંચ્યા. સને ૧૯૬૮માં ૯૮ દિવસ હરિઃૐ આશ્રમ, સુરતમાં એકધારા મૌન-એકાંતમાં બેઠા. એમને તો જ્ઞાન થાય ત્યાં સુધી ઘણા લાંબા ગાળા સુધી મૌન-એકાંતમાં બેસવું હતું, તેથી દક્ષિણ ભારતમાં કુંભકોણમ્ હરિઃૐ આશ્રમમાં તેઓને મોકલ્યા. ત્યાં એકધારા તેર માસ ૩૮૮ દિવસ મૌન-એકાંતમાં રહ્યા.

તેમણે આપણાં શાસ્ત્ર કે એવું બીજું કશું જ વાંચ્યું નથી. માત્ર 'હરિઃૐ'ના જપ જ કર્યા હતા. તેમાંથી આ ભાઈને અંતરની—હૈયાની સમજણ અંતરમાં અંતરથી જ ખૂલી ગયેલી લાગે છે. માત્ર નામ-સ્મરણના પ્રયોગથી અંદરનું પણ નવું સ્વરૂપ કેવું પ્રકટે છે, તેનો આ ભાઈ રોબિન તે પ્રયોગાત્મક પુરાવો છે.

—મોટા

હરિઃૐ

રોબિન આર્મસ્ટ્રોંગ
૧૬૦, હ્યુરોન સ્ટ્રીટ, APP-38
ટોરેન્ટો, ઓન્ટેરીઓ (કૅનેડા)

વહાલા **મોટા**,

આપને હું ખૂબ વહાલ કરું છું. મને કશી જ વાતની બીક નથી, કેમ કે બધું જ પ્રભુની ઇચ્છા મુજબ બરાબર જ બની રહ્યું છે.

કુદરતમાં કંઈપણ નિત્ય રહેતું નથી. જે પૂર્ણ છે તે શૂન્ય છે, જે શૂન્ય હોય છે તે પૂર્ણ બને છે.

જ્યાં અંધારઘેરી રાત્રી જેવો અંધકાર હોય છે ત્યાં દિવસ જેવો પ્રકાશ ઝળહળવાનો છે. જે રિક્ત (શૂન્ય) છે એ પૂર્ણ બને છે. જે ભરેલું પડ્યું છે તે ખાલી થાય છે.

શેષ માત્ર ૐ જ રહે છે.

મોટા, હરિઃૐ આશ્રમોને આપના માર્ગદર્શનની જરૂર હતી, માટે જ આપનું જીવન સર્વભાવે પ્રભુમય બન્યું.

પ્રભુને ચરણે જીવન સમર્પણ કરવું એ જ માત્ર ઉદ્દેશ છે. હું મારું જીવન પ્રભુને સમર્પું છું.

અહીં ઉત્તર અમેરિકામાં ઘણા લોકોએ, આધુનિક જગતે સર્જેલા યંત્રો અને કારખાનાંઓમાં આત્મચૈતન્યને ગુમાવ્યું છે. ઘણાં લોકો ગંદા હવામાનવાળાં શહેરોના અંધકારમાં જીવન વિતાવે છે. ઘણાં લોકો તો ઇન્દ્રિયોના વિષયોને માણતા વિલાસી જીવનના આત્યંતિક અસંયમમાં ડૂબી ગયા છે. ઘણાં લોકો ભૌતિક સમૃદ્ધિમાં ગળાડૂબ રહ્યા કરે છે. ન્યૂયોર્ક જેવા શહેરમાં વસતા લોકોએ તો ગામડાં પણ જોયાં નથી. હજીય ઘણાં લોકો એમ વિચારે છે કે દૂધ ફેક્ટરીમાં જ તૈયાર થાય છે અને બાટલીમાંથી જ નીકળે છે. પ્રાકૃતિ સૌંદર્યવાળા ઘણાં વિસ્તારો હોવા છતાં એક ચોરસ માઈલ જેટલો પ્રાકૃતિ સૌંદર્યનો પ્રદેશ કેટલાય લોકોએ જોયો નથી.

પૂર્વના લોકો તેમજ દુનિયાભરના લોકો પશ્ચિમના શિક્ષિત, સુઘડ અને પ્રગતિશીલ લોકોને પ્રસંશે છે, પણ તેઓ તો આકરી કટોકટીથી ભયભીત બનેલા છે.

ગરીબી, શહેરોમાંની ગીચ વસ્તી, બેકારી, ભૂખમરો—હા, યંત્રો ઘણું કામ કરે છે. લોકોને જાતે કરવા જેવું કામ જૂજ હોય છે, તેથી યુનાઈટેડ સ્ટેટ્સમાં તેઓને યુદ્ધમાં મોકલવા પડે છે.

કેટલાક લોકો ઈશ્વરમાં માને છે, કેટલાક નથી પણ માનતા. જ્યારે ઘણા લોકોને ઈશ્વર બાબતમાં વિચાર કરવાનો સમય સુદ્ધાં હોતો નથી.

મોટા ભાગના લોકો આ અમેરિકન સ્વપ્ન(!) અથવા તો વાસ્તવિકતાના તીવ્ર અણગમામાં રાચે છે! વ્યક્તિ નિરપેક્ષ યંત્રો મનુષ્યની લાગણીને અને વિચારશક્તિને ભરડો લઈ રહ્યા છે.

'માનવજીવનનો ઉદ્દેશ શો?' એ પ્રશ્ન તો ભ્રમણા અને ભયનું ભંડારિયું બની જાય છે. બહુ જ થોડા લોકો—પોતાના જીવનનો કોઈ સ્પષ્ટ ઉદ્દેશ હોય તો એ જાણે છે.

થોડાક લોકો પ્રભુથી પ્રેરાય છે. પછી એ ઈશ્વરને કોઈપણ નામ હોઈ શકે. મારે માટે 'ૐ' એ ઈશ્વર છે.

જીવનદેવનાં આ સંતાનોએ—અમેરિકાના આ લોકોએ મને બોલાવ્યો છે. આ લોકોના આર્દ્રતાભર્યા આર્તનાદે મને મારી મૌન-સાધનામાંથી બહાર આવવા માટે પ્રેર્યો છે.

મેં તેમના આ ચિત્કારોને, એમના આર્તનાદોને કાવેરી નદીના નીરમાં સાંભળ્યા છે. એ અવાજો મને વાયુના સૂસવાટાની જેમ સંભળાયેલા.

આપની ભારતભૂમિ દેવોની ને સંતોની ભોમકા છે. ત્યાં મેં દિવ્યશક્તિનો અનુભવ કર્યો. મારા દેશબાંધવોનું જે દારિદ્રય મારા હૃદયમાં રુદન પ્રેરતું હતું તેવું દારિદ્રય મેં ભારતમાં ક્યાંય નિહાળ્યું નથી. મતલબ કે અમેરિકાના લોકો આધ્યાત્મિક અભીપ્સાના અભાવથી જેટલા ત્રસ્ત અને દુઃખી છે એવા ભારતના નિવાસીઓ નથી.

આધુનિક જગતમાં આ અમેરિકન સંતાનો એમના પૂર્વજોએ સર્જેલ ભુલભુલામણીમાં અટવાઈ ગયા છે. કેટલાક તો હિપ્પીઓ જેવા બળવાખોર બની ગયા છે અને કેટલાક તો વળી (જીવનનો ઉદ્દેશ અને ભગવાનની શોધમાં) એલ. એસ. ડી. વગેરે જેવા કેફી ઔષધના સેવનથી ભાગેડુ બની ગયા છે. ઘણુંખરું તો આમાંના મોટાભાગના લોકો

ભૌતિકતા અને ઇન્દ્રિય-સુખની લાલસાથી નષ્ટ થઈ ગયા છે. વિનાશના માર્ગે લઈ જતા નશાના આ કમનસીબ માર્ગેથી કો'ક જ ઊગરી શક્યા છે. પ્રભુની કૃપાથી એના જ હેતુને પાર પાડવા માટે જેને પ્રેરણા જાગી છે, એવાં જ થોડાક ભાગ્યશાળીઓ આ ઝંઝાવાતમાંથી ઊગરી જાય છે.

બધાં જ પ્રભુનાં સંતાનો છે. આ સૌથી વધુ ગંદા હિપ્પીઓ સુદ્ધાં. જે અનિષ્ટોની વચ્ચેની જે પ્રકારની સમર્પણયુક્ત કરુણા અને પ્રેમનો સંસ્પર્શ ભારતમાં મેં અનુભવ્યાં છે, એ જ વિશિષ્ટ પ્રકારનાં પ્રેમ અને કરુણા દરેકનાં અંતરમાં ઊંડે ઊંડે પહોંચશે અને આ જગતને સર્વનાશમાંથી ઉગારશે.

લોકો પોતે જે માને તે પ્રભુના સ્વરૂપમાં—પછી તે 'ૐ' હોય કે પછી પ્રભુનું બીજું કોઈપણ સ્વરૂપ હોય—પણ પોતાની જાતને શોધે, એ માટે હું ઘણો જ પરિશ્રમ કરું છું. અલબત્ત, ઈશ્વર સર્વત્ર એક જ છે. એથી કોઈ ગમે તે એક ઈશ્વરને માને એમાં કશો ફેર પડતો નથી, કેમ કે એ બધું જ એક છે.

અંધકારગ્રસ્ત ભૂમિમાં પ્રભુ ખાતર પ્રેમ એ જ માત્ર પ્રકાશ છે.

મોટા, તમારા ભક્તો 'હરિઃૐ'નો જપ કરવા માટે મૌન-મંદિરોનો ઉપયોગ કરવાનું બંધ કરી દે એવી દહેશત—ચિંતા મને રહ્યા કરે છે. તેઓને કદાચ એમ લાગે કે આ રોબિન આટલો બધો લાંબો સમય મૌન-એકાંતમાં રહ્યો એટલે આવો અસ્થિર, ચંચળ, ગાંડા જેવો બની ગયો છે! આવું થાય તો પછી મૌન-એકાંતમાં જવાનું સાહસ કોણ કરશે?

જીવનને સમજવા માટે અને પ્રભુના અંશ બનવા માટે જે સૌથી વધુ પવિત્ર અને ઝડપી માર્ગો છે, એમાંનો એક માર્ગ આ પ્રકારનું મૌન—એકાંત છે. આ મારી સ્પષ્ટ માન્યતા છે. મૌન-મંદિર આ જગત પરની એક પવિત્ર શાળા છે. ત્યાં ગુરુના કોઈપણ પ્રકારના આગ્રહ-પૂર્વગ્રહોથી મુક્ત તેમજ કોઈપણ પ્રકારની કાલ્પનિક માન્યતાઓથી મુક્ત શિક્ષણ પ્રાપ્ત થાય છે.

સત્ય, શાંતિ અને પ્રભુ માટેના સાચા પ્રેમની તીવ્ર અભીપ્સા—લગનીની મૌનમંદિરમાં અપૂર્વ તક પ્રાપ્ત થાય છે. આટલા માટે જ

હરિઃૐ આશ્રમો ચાલુ રાખવા જોઈએ. મૌન-એકાંતની સાધનામાંથી બહાર નીકળ્યા પછી જીવન માટે, જીવનના હેતુ માટે સુદ્ધાંનું—આશાનું પ્રકાશ-કિરણ લાધે છે. જ્યાં સુધી અંતરતર સક્રિયપણે અંતરમાં વ્યક્ત ન થાય, ત્યાં સુધી પ્રત્યેક જીવના અંતરમાં સાધનાપથનું માર્ગદર્શન આપમેળે જ સ્ફુટ થતું રહે છે.

હરિઃૐ આશ્રમો ચાલુ રહેવા જોઈએ. જેમને જીવનમાં પુરુષાર્થ કરી અધ્યાત્મમાર્ગે મથવાની હિંમત અને શ્રદ્ધા છે એમને સૌને માટે આ મૌન-એકાંત મંદિરો ભવિષ્યમાં ખુલ્લાં રહે એવી હું આશા રાખું છું. આથી કેટલાક પોતાના અંતરમાં વસેલા પ્રભુની વાસ્તવિકતાની ખોજ કરવાનું 'સિંહ-હૃદય' ધરાવતા શુદ્રોને માટે પણ શક્યતા રહે.* એથી તેઓ જીવનમાં એક અનોખી આશાનો તેજ-સ્ફુલિંગ, દિવ્ય હેતુપૂર્ણ ભક્તિભર્યું જીવન અને પ્રભુનો પ્રેમ-પ્રકાશ જગતને ચરણે ધરવા શક્તિમાન બની શકે.

પ્રેમભર્યું મારું આ નિવેદન હું પ્રભુના પ્રેમના બળે જ આપની સમક્ષ કરું છું.

સપ્રેમ પ્રણામ,
નારાયણ
(રોબિન)

» શ્રી હેમંતકુમાર નીલકંઠે ૧૯૪૭માં કરેલી નોંધ :

'પૂજ્ય શ્રીમોટાએ સતત જાપ કરવાનું આ વખતે પહેલી વાર કહ્યું હતું, પણ ત્રીજે દિવસે લાગ્યું કે હદ થઈ ગઈ. **મોટા**ને કહી દઉં કે સતત જાપ ૨૮ દિવસ સુધી તો શું કાલ સુધી જ નહિ ટકાય. ઘાંટો તદ્દન બેસી

---

*મી. રોબિનને માહિતી નથી કે આ મૌનમંદિરો તમામ જ્ઞાતિ અને જાતિ તથા સ્ત્રીઓ અને પુરષો માટે જીવનની સાધના કાજે ખુલ્લાં જ છે. એટલું જ નહિ પણ મુસલમાનો, ખ્રિસ્તીઓ, હરિજનો, પારસીઓ અને બીજા કેટલાય ધર્મપંથના જિજ્ઞાસુઓએ આ મૌન-એકાંત મંદિરોનો લાભ લીધેલો છે.

વ્યવસ્થાપક ટ્રસ્ટી, હરિઃૐ આશ્રમ.

ગયો હતો, રાત્રે ઉજાગરા ને વાયુ અને બપોરે ઊંઘવાનું તો શરૂ થઈ જ ગયું હતું અને બીજી ઘણી મુશ્કેલીઓ નડી, પણ પૂજ્ય મોટાએ હંમેશની જેમ સાથ આપ્યો હતો.''

શ્રીમોટાએ તેમને લખ્યું કે, ''ચાર દિવસ બાકી રહ્યા છે. બસ એક ધ્યાને મસ્ત થઈને બોલ્યા કરો! પ્રભુકૃપાથી અધવચ તૂટી પડવાની દહેશત ટળી જાય, તો આનંદ થાય. તમારા ગેસે તો મારા પ્રાણ લેવા જ બાકી રાખ્યા છે ને શરીરે ખંજવાળ ઊપડી છે..... તોબા! મને તો તમે સાબરમતીમાં ને બનારસમાં હું હતો તેની પુનરાવૃત્તિ અહીં જામી છે ને એના કરતાં વિશેષ. એક બાજુ શરીરે અત્યંત લાહ્ય લાહ્ય, બીજી બાજુ ખંજવાળ, ત્રીજું ગેસ (ગોળો) સખ્ત, ચોથું પેટમાં દુઃખાવો, પાંચમું વચ્ચે કેટલાક દિવસ ચાર ચાર વખત ઝાડા થવા—વળી બે ખભાએ સખ્ત વા થવો. ત્રણેક દિવસ આંખે અંધારાં રહ્યા કર્યાં. આમ ચાલતે ચાલતે રોજ હેરા-ફેરા તો કરવાના રહ્યા જ.''

શ્રીમોટાએ એક વાર લખેલું કે, ''અમે તો (મૌનમાં બેસનારાનું) ભંગીનું કામ કરીએ છીએ!'' આ કેટલું સચોટ છે એ અંદર મૌનમાં બેસનારાં પ્રીછી શકશે.

મૌન-એકાંતમાં ઘણા જણ કલાકો સુધી જાપ કર્યા કરે—મોટેથી કે ધીમેથી—તેનો યશ શ્રીમોટાને આપતાં શ્રી હેમંતકુમાર લખે છે કે, ''આપણા મૌન દરમિયાન અને પછી પણ આપણી સાધનામાં જે કંઈ થોડીક પ્રગતિ થતી હશે તેમાં આપણી મહેનતનો ફાળો ૧૦ ટકા હશે (અને મારી નજરે તો એ પણ 'આપણી' નથી હોતી.) મુખ્ય બધું પૂજ્ય શ્રીમોટા જ કરે છે.

૬. અહમ્‌ની પ્રતીતિ

શ્રી રમણભાઈ અમીન (એલેમ્બિક, વડોદરા) લખે છે કે :

વિચારો, પહેલાં જેટલું હવે પજવતા નથી. ઉદ્‌ભવે છે પણ પાછા શાંત થઈ જાય છે. **મોટા**માં એકાગ્રતા પણ સારો વખત રહી શકે છે.

પહેલાં મને સ્વપ્ન યાદ રહેતાં નહોતાં. હવે જ્યારે ઊઠું છું ત્યારે અથવા ઊંઘમાં પણ સ્વપ્ન વિષેની એક જાતની જાગૃતિ રહે છે અને સ્વપ્નમાં મારી વર્તણૂક કેવી રહે છે તેનો સાક્ષીભાવ કોઈ કોઈ વખત રહે છે. સ્વપ્નમાં અહમ્‌નો પણ કેટલીક વખત ખ્યાલ રહે છે અને પછી જાતને સુધારવા માટે વિચાર આવે છે.

૭. લગની

લેફ્‌ટનન્ટ કર્નલ શ્રી બલવંત ભટ્ટ લખે છે કેઃ

પ્રાર્થના કોની? પરમેશ્વરની? ઈશ્વર બહાર કોઈ સ્થળે વસે છે કે આપણા હૃદયમાં જ વિરાજે છે? આવા પ્રશ્નો જેમને સતત સતાવતા હોય અને તેની ખોજમાં પડવાની જેમનામાં અભિલાષા જન્મી હોય તેવાને માટે 'મૌનમંદિર' અનુપમ સ્થાન છે.

મૌનમંદિરમાં અવિરત સાધના માટે સંપૂર્ણ અનુકૂળતા, અદ્વિતીય વાતાવરણ અને ચૈતન્યરૂપ પ્રેરણા છે. ત્યાં જઈ રહેનાર જ એનો સુખાસ્વાદ સમજી અને માણી શકે.

સતત પ્રભુસ્મરણ સાથે આધ્યાત્મિક વાંચન અને ચિંતનમાં દિવસો અને અઠવાડિયાં ક્યાં વીતી જાય છે એનું ભાન રહેતું નથી. હજી ગઈ કાલે જ સવારે આવ્યો અને આવતી કાલે સવારે આ છોડી જવું પડશે એમ લાગે છે. (પાંચ અઠવાડિયાં પછી પણ) તેમાંય આનંદ છે.

અનુભવ શું કહું? આ લગની લાગે એ શું નાનોસૂનો અનુભવ છે?

૮. પ્રચંડ સૂર્ય

શ્રી હેમંતકુમાર મિસ્ત્રી (માજી કલેકટર—ખેડા) લખે છે :

જોગીડા! ચાંદની જેવી સૌમ્ય અને શીતલ તારી પ્રતિભાથી આકર્ષાઈને નજીક આવ્યો ત્યારે ખબર પડી કે યથાર્થ સ્વરૂપે તો તું અમારા હૃદયમાં વહેતી સ્મૃતિઓ રૂપી ખુલ્લી ગટરોની બદબો હરીને તેને સૂકવી નાખનાર પ્રચંડ સૂર્ય છે.

૯. ક્લેશ હરનાર

શ્રી ધીરુભાઈ મોદી (આર. આર. શેઠની કું., મુંબઈ શાખાના મેનેજર) લખે છે :

મારા નાના કુટુંબમાં ભારે અશાંતિ. મારાં પત્ની અને મારાં બાની વચ્ચે ભારે ઝઘડા થાય. બાએ મૌનમાં જવાનું નક્કી કર્યું. મૌનમાંથી આવ્યા પછી મને કહ્યા કરે કે મારે તને વાત કરવી છે. નિરાંતે કરાય તો સારું.

જ્યારે પ્રસંગ આવ્યો ત્યારે સાઠી વટાવી ચૂકેલાં મારાં બા પાંચ વરસના નાનાં બાળકની જેમ મારા ખોળામાં સૂઈને ધ્રુસકે ધ્રુસકે રડે. 'મેં મારા એકના એક દીકરાને અને વહુને ખૂબ દુ:ખ દીધું. આટલાં વર્ષ જરાય ચેનથી રહેવા દીધાં નથી. મેં ભયંકર ગુનો કર્યો છે.'

પ્રકૃતિ ફેરવવી અશક્ય હશે, પણ પૂ. મોટાની કૃપાથી તે પણ શક્ય બને એની મને ખાતરી થઈ. જોકે અનુભવે મને સમજાયું કે એ કાજે ભક્તિ અને મૌનનો સતત સંપર્ક જરૂરી છે.

૧૦. મારા જીવનના શ્રેષ્ઠ દિવસો

શ્રી ગોપાળજી ડાહ્યાભાઈ દેસાઈ, માજી ધારાસભ્ય, એમ.એ., એલ.એલ.બી. અને પબ્લિક રેવન્યુ સર્વિસ કમિશનના સભ્ય ઓક્ટોબર ૧૯૭૦માં સાત દિવસ હરિ:ૐ આશ્રમ, સુરતના મૌન એકાંત ઓરડામાં કેવી રીતે ગાળ્યા તેનું લંબાણથી નિવેદન કરતાં જણાવે છે કે, મૌનમાં બેસતાં વિચારેલું કે જો અખંડ નામ-સ્મરણ ન કરી શકાય તો પુસ્તકો વાંચીને સમય પૂરો કરી શકાશે એવા વિચારથી હિંમત રાખી આવેલો. પરંતુ પ્રભુઇચ્છા કાંઈ જુદી હોવાથી ચશ્માની દાંડી તૂટી ગઈ અને આમ વાંચીને ચલાવવાનો આધાર તૂટી ગયો.

અનેક પુસ્તકોનાં વાચન, સંતો-મહંતોનાં દર્શન, સમાગમ વગેરેથી ૭૨ વર્ષની ઉંમરમાં જે પ્રાપ્ત કરવા શક્તિમાન ન થયેલો તે આ સાત

દિવસના મૌનમાં પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થયો. આ જીવને કૃતકૃત્ય કરવા બદલ, પૂજ્યશ્રીનો કાયમનો ઋણી બન્યો છું. આમતેમ બે-અઢી વર્ષના ગાળામાં ભટક્યા પછી એકાએક અંતઃસ્ફુરણા યા પ્રેરણા થઈ કે, ''જા, જઈને હરિઃૐ આશ્રમમાં એક સપ્તાહ બેસી આવ.''

મેં કદી જીવનભરમાં કરતાલ સાથે ભજન ગાયાં નહોતાં. તેમ જ પ્રભાતિયાં કે ભજન ગાતો ન હતો. કે કદી નાચ્યો કે કૂદ્યો નથી, પરંતુ આ સપ્તાહમાં ભારે તાનમાં આવી મસ્ત બની નગ્ન અવસ્થામાં નાચ્યો છું, કૂદ્યો છું. એ કેમ થયું તે વિષે કશી સમજ પડી નહિ. તેમજ તે ઉપરાંત પૂજ્યશ્રીના સ્થૂળ સ્વરૂપનું સૂક્ષ્મરૂપ દર્શન અવારનવાર થતું રહ્યું. મૌન ઓરડામાં તો આંખ મીંચું કે તરત જ નિર્વિચાર સ્થિતિ પ્રાપ્ત થતી. આનંદમસ્તીમાં અને ઝળહળતી પ્રકાશમય સ્થિતિમાં કેટલો સમય વીતી જતો તેની ખબર સુદ્ધાં પડતી નહિ. આ સાત દિવસો મારા જીવનના શ્રેષ્ઠ દિવસો તરીકે માનું તો તે અતિશયોક્તિ ન ગણાય.

૧૧. પથ્થરનો ચોતરો હાલે છે

ભાઈ રમાકાંત પી. જોષીએ (B.Sc., L. S. G. D. S. S. Dip. વેલ્યુએશન ઓફિસર, ઓકટ્રોય અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન) ચાર-ચાર અઠવાડિયાંથી વધુ સમયના મૌન તેમણે લીધેલાં ને હજુ પણ લે છે. એક વાર તેઓ નડિયાદ આશ્રમે મૌન માટે જતાં તેમણે શ્રીમોટા સમક્ષ મૌનમાં તેમની સ્થૂળ હાજરીનાં દર્શન માટે ઈચ્છા વ્યક્ત કરી. ત્યારે શ્રીમોટા તેમના કુંભકોણમ્ આશ્રમે જતા હતા. શ્રીમોટાએ જણાવ્યું કે, ''મારી સ્થૂળ નહિ પણ સૂક્ષ્મ હાજરીનો અનુભવ તને થશે.'' મૌનમાં ગયા પછી થયેલા અનુભવ વિશે તેઓ આમ જણાવે છે :

એક રાતે ચોતરા (કબીરપંથી સાધુ વાપરતા તે) પર સૂઈ રહેલો. ત્યારે એકાએક મારા માથાવાળો ચોતરાનો ભાગ ઊંચો-નીચો થતો લાગ્યો. તેથી મને લગ્યું કે ધરતીકંપને લઈને તે હાલ્યો હશે. પણ ના, દીવાલ પરનાં કપડાં અને અન્ય વસ્તુઓ યથાસ્થાને બરાબર હતાં એટલે

પાછો સૂઈ ગયો. થોડીવારે પગ બાજુનો ચોતરાનો ભાગ ઊંચો-નીચો થતો અનુભવ્યો ને પછી પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ એમ બધી બાજુએથી વારાફરતી ચોતરો હાલતો, ઊંચો-નીચો થતો લાગ્યો. શાથી આમ થયું હશે તેની કલ્પના કરતાં કરતાં એકાએક પૂજ્ય શ્રીમોટાનું કથન યાદ આવ્યું કે, ''મારી સૂક્ષ્મ હાજરીનો અનુભવ તને થશે.'' એટલે લાગી ગયું કે ખરેખર પૂજ્ય શ્રીમોટાની ચેતના આ કામ કરી રહી છે. જ્ઞાનેશ્વર મહારાજે ઓટલો ચલાવેલો તે વાત યાદ આવી. જડમાં પ્રાણ પૂરી શકાય છે. ચેતન શું નથી કરી શકતું, એની આ પ્રતીતિ થઈ ને મનોમન પૂજ્યશ્રીને નમસ્કાર કર્યા. પ્રકાશમાં એ ઓટલાની પાછળથી તપાસ કરતાં જણાયેલું કે એ સ્થળે તીરાડ પડી હતી.

૧૨. અંધકારનો આનંદ

એક ભાઈને આ મૌનમંદિરનો અંધકાર કોઈ અજબ જ આનંદ આપે છે. ધ્યાન અને ભજનમાં ખૂબ જ આનંદ આવે છે. ધૂપસળીનો પ્રકાશ પણ એ આનંદમાં વિઘ્નરૂપ લાગે છે. પ્રકાશ કરતાં આ ઘોર અંધકારમાં કેટલો આનંદ છે તે અહીંનો સાધક જ અનુભવ કરી શકે છે અને ઘરનાં આપ્તજનો કરતાં પણ વધારે હેત અને કાળજીભરી સંભાળથી સમયસર સાધકને દૈનિક જરૂરિયાતો પૂરી પાડવામાં આવે છે અને તે પણ પ્રભુનું સ્વરૂપ સમજીને!

અહીં (મૌનમાં) જે છે તે કશે નથી એવું જણાયું, અને વધુમાં— જિંદગીની એક નવીન કિતાબ અહીં ખૂલી. જેના પાને પાને મને નવી પ્રેરણા મળી છે. જિંદગી જીવવા માટેનું એક નવીન ધ્યેય પ્રાપ્ત થયું છે.

૧૩. અદૃશ્ય અવાજ

સૂરતના એક ભાઈને આધ્યાત્મિક ફાયદા શું થયા તે સમજાતું નથી, પણ ભૌતિક ફાયદા જરૂર થયા છે એમ જણાવાયું છે. તે કહે છે કે,

ખાવાની કળા તો હું જાણે અહીં જ શીખ્યો. આટલું સંતોષથી ખાઈ શકાય, તંદુરસ્તી પણ સારી રીતે જાળવી શકાય, એ અહીં જ બન્યું છે. અને અનુભવો કેવા થયા? કરતાલનો અવાજ બે-ત્રણ દિવસ સિવાય રોજ રાત્રે ૮-૩૦ થી ૨-૩૦ સુધી આવ્યો છે. એકવાર બોલાતું બંધ થઈ ગયું હતું, ત્યારે બહારથી અવાજ આવ્યો, ''અલ્યા, જાગે છે કે ઊંઘે છે?'' એક રાત્રે સ્વપ્નમાં ઘેરાયો ત્યાં એકદમ મારા નામનો અવાજ આવ્યો ને તુરત જોરથી સ્મરણ ચાલું થયું. તે જ દિવસે પહેલી રાત્રે બારણામાંથી આછા ભૂરા પ્રકાશનો પૂંજ જાણે મારી સામે આવ્યો.

૧૪. ચારે ખૂણે મોટા

ડભોલીના એક હરિજનભાઈએ સૂરત આશ્રમમાં નિવેદનમાં લખ્યું છે કે, આ બધું વાંચીને કો'ક મને ગાંડામાં ગણી કાઢશે માટે તમો **મોટા**ને બતાવજો. શનિવારે ૧૦-૦૦ વાગે જમીને હું હીંચકાની ચારે બાજુ જપ-સ્મરણ કરતો કરતો ફરતો હતો, તો **મોટા** આવીને એક ખૂણામાં ઊભેલા હતા. હું પાસે ગયો તો ત્યાં કોઈ મળે નહિ. મેં મારા મન સાથે વિચાર કીધો કે મને ઝાંઝવાના જળ જેવું લાગે છે. **મોટા** કોણ જાણે કયા ગામ હશે અને અહીં ક્યાંથી? હું સ્મરણ ચાલુ રાખતો હતો અને ફરીથી જોયું તો **મોટા**એ ધોતિયું પહેરેલું, મુગટ બાંધેલો અને ખૂણામાં ઊભેલા હતા. હું દોડીને તેમને ચરણમાં નમસ્કાર કરવા ગયો કે બીજે ખૂણે. દોડીને બીજે ખૂણે જાઉં તો ત્રીજે ખૂણે. ત્રીજે ખૂણે જાઉં તો ચોથે ખૂણે. એ પ્રમાણે **મોટા**એ મને ચરણમાં નમસ્કાર કરવા દીધા નથી પણ દર્શન આપેલાં. સોમવારે સવારના પણ મને દર્શન આપ્યાં.

૧૫. કાવ્યની સ્ફુરણા

ઘણામાં સુષુપ્ત શક્તિઓ પડેલી હોય છે, પણ એને કોઈ સ્પર્શ કરનારો મળી જાય તો તે જાગી ઊઠે. એવો બનાવ એક ગ્રેજ્યુએટ થયેલા

ને બીજાં પાંચ ચોપડીઓ સુધી પહોંચલ બહેનોના પ્રસંગમાં બન્યો. બંનેએ મૌનમંદિરમાં બેસવાનું શરૂ કર્યું. તે પછી તેમણે સુંદર ભજનો લખ્યાં. એમાંના એક બહેને પ્રાચીન રાગો અને શાસ્ત્રીય ઢાળોનાં બે પુસ્તકો જેટલાં ભજનો લખ્યાં છે જે પ્રસિદ્ધ થયેલાં છે. તે પહેલાં તેમણે કદી આવું લખ્યું નહોતું.

૧૬. નંદનવન સમું

એક ભાઈ ૧૯૬૬ દરમ્યાન મૌનમાં બેઠેલા. ત્યારે તેમને 'હર્નીઆ'ની તકલીફ હતી. મૌનમાં કેમ થયું તે સંબંધે તેઓ આમ લખે છે : મારાથી સીધું ટટ્ટાર ઘેર તો ભાગ્યે જ બેસી શકાય છે. જ્યારે બાજઠ પર સાતે દિવસ કાંઈપણ તકલીફ વગર કલાકોના કલાકો સુધી પ્રભુ-ભજનમાં બેસી શકાયું એ મારી દૃષ્ટિથી એક પ્રકારનો ચમત્કાર જ લાગે છે. અને એ સાતે દિવસ મારા તો બહુ જ આનંદમાં ગયા છે અને ઘણી જ શાંતિ અનુભવી છે.

૧૭. જીર્ણ-જ્વર ગયો

એક બહેન લખે છે : બે વર્ષથી જ્વરનો રોગ મને લાગુ પડ્યો હતો. દવા, આરામ, હવાફેરની અસર થતી ન હતી. નામ-સ્મરણથી કોઈપણ રોગ નાબૂદ થાય છે એ સત્યના આધારે મેં આ તક (મૌનમાં બેસવાની) ઝડપી લીધી ને મારો જીર્ણ-જ્વર બે દિવસમાં જતો રહ્યો. આ હકીકત મારે મન નાનીસૂની નથી. વળી ચોથે દિવસે ગેસનો સખ્ત હુમલો અને છાતીમાં ગભરામણ થવા લાગી. જોરથી નામસ્મરણ કરવા લાગી અને પૂજ્ય મોટાને પ્રાર્થના કરવા લાગી. તુરત જ બધું શાંત થઈ ગયું.

૧૮. મનમાં શાંતિ

બીજાં એક બહેન મૌનમાં પ્રાર્થે કે, મને અનુભવ ન કરાવતા. હું બીકની મારી બહાર આવવા દોડીશ. તેથી મને અનુભવ તો ખાસ થયા

નથી, પણ એની કૃપાથી મનમાં ખૂબ જ શાંતિ મળી. ત્રીજા દિવસથી વિચારો બંધ થઈ ગયા. દર વરસે પ્રભુકૃપાથી એકાંતવાસમાં બેસવાનું થાય. ઘરે પ્રયત્ન કરીએ તો પણ આટલા સરસ જપ થતા નથી. સવારના બેઠા બેઠા એક વાર સૂઈ ગઈ. જાણે તુરત જ કોઈ આપણને જગાડે છે, બોલાવે છે! ને પાછા જપ શરૂ થયા! પૂજ્ય મોટાનું સાંનિધ્ય ખૂબ જ લાગતું હતું!

૧૯. આટલું મીરાંય નાચી નહિ હોય!

એક સુશિક્ષિત સંસ્કારી ભાવનાવાળાં બહેન ગાતાં ગાતાં ખોવાઈ જાય, 'મસ્ત' બની જાય. આવું ઉચ્ચ કક્ષાવાળું વાતાવરણ અનુભવ્યું. પરંતુ એ શાંતિ, ધ્યાન, સ્વસ્થતા ખરા અર્થમાં રોજિંદા જીવનમાં વણાઈ જાય એ ઘણું મહત્ત્વનું લાગ્યું. આ જ બહેનને આશ્રમના બગીચામાંના મોગરા જોઈને કેવા ભાવ ઊભરાય છે! જાણે ત્યાગ, સ્વચ્છતા અને સાદાઈનું મૂર્ત સ્વરૂપ. અને કાર્યકર્તાઓ સાથે 'હરિઃૐ'ની ભાષાનો ઉપયોગ વગેરે બધું ખરેખર મનને અને વાતાવરણને સત્યમ્, શિવમ્ અને સુંદરમ્ ભરી દેતું હતું. એ બહેન એવાં નાચતાં કે અમને શંકા પડી કે શાયદ મીરાં પણ આટલી મસ્તીથી નહીં જ નાચી હોય. તન્મય બનીને આટલાં ભજનો નહિ ગાયાં હોય અને નવાઈ તો એ કે કદી પણ રાગમાં, તાલમાં ગાઈ ન શકનાર અત્રે રાગ અને લયબદ્ધ કેવી રીતે ગાઈ શકે?

૨૦. સ્વીસ સન્નારીનો અનુભવ

તા. ૧૯-૬-'૬૯ના નિવેદનમાં એલિઝાબેથ સ્ટેડલર નામનાં સ્વીસ બહેન આમ જણાવે છે :

આખરે મનની શાંતિ મળી શકી. હું ભારતમાં ઘણાં આશ્રમોમાં રહી આવી છું, પણ મને ક્યાંય ઊંડા ધ્યાનનો અનુભવ મળ્યો નહોતો. કેમ કે ત્યાં બધી જાતની અડચણો નડતી હતી. હરિઃૐ નો જાપ આંતરિક શાંતિ અને પ્રકાશ પ્રાપ્ત કરવા માટે ઘણો મદદરૂપ થાય છે. હવે મને

સમજાય છે કે પૂજ્ય શ્રીસત્યસાંઈબાબાએ મને શા માટે અહીં મોકલી આપી! મને ખાતરી છે કે ગુરુજી મોટા કે જેમને હું ઓળખતી નથી તોપણ તેમણે મને મદદ કરી છે.

૨૧. અમેરિકન પ્રોફેસરનો અનુભવ

યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના વતની તેમજ હાવર્ડ યુનિવર્સિટીના માનસશાસ્ત્રના નિવૃત્ત પ્રોફેસર ડૉ. રિચાર્ડ એલપર્ટ ઉરફે બાબા રામદાસ તા. ૩-૪-૭૧ના પત્રમાં પોતાના એક સપ્તાહના મૌનમંદિરના અનુભવ આલેખતાં લખે છે કે : મૌનમંદિરમાં પ્રવેશીને જે ક્ષણથી હું ગોઠવાયો, ત્યારથી જ આખા ખંડને ભરી રહેલા અનોખાં આંદોલનો મને સ્પર્શવાં લાગ્યાં. આ બંધ ઓરડામાં આવાં આંદોલન મારા સમગ્ર અંગને અને મારી આંતરિક ક્રિયાને સ્પર્શી રહ્યાં હતાં.

પહેલા જ દિવસે હું જપ કરતો હતો, ત્યાં જ મારી શારીરિક ચેતનામાંથી હું બહારી નીકળી ગયો અને મારા સિદ્ધ ગુરુની સમક્ષ હું બેસી ગયો. એમણે એમનું માથું નમાવ્યું અને ત્રણ ઊંડા શ્વાસ લીધા, એથી મારું શરીર જાણે કે દિવ્ય શક્તિથી સભર થયું. ધીમે ધીમે હું સ્થૂળ ચેતનામાં આવતો ગયો તેમ તેમ માનવીય લાગણીઓ, આનંદ અને અભીપ્સાના મિશ્ર ભાવો જાગ્યા.

બીજા દિવસો દરમ્યાન મારામાં રહેલા આસક્તિના અસુરોનું દર્શન થયું અને એની સામે મારે સંગ્રામ ખેલવો જ રહ્યો એવી મક્કમતા પ્રકટી.

મારા રોજના દોઢ કલાકના વાચનમાં પૂજ્ય શ્રીમોટાના ‘To the mind, ‘At thy lotus feet’ અને ‘Life struggle’ પુસ્તકોએ ધારણા ધરવા ખૂબ સહાય કરી છે.

૨૨. ડેનિઅલનું નિવેદન

કેલિફોર્નિયા (U.S.A.)ના વતની ડેનિઅલ ગોલમેન તા. ૨૭-૩-’૭૧ના નિવેદનમાં લખે છે કે :

હું જીવનવિકાસક મારી સાધના માટે કેટલોક સમય એકાંતમાં ગાળું એવી ઇચ્છા વર્ષોથી હતી. એ અહીં (હરિઃૐ આશ્રમ–સૂરત) પૂરી થઈ.

મૌનખંડમાં હું પ્રવેશ્યો કે તરત જ મારામાં છુપાઈને રહેલાં ભય અને બીજી અજાગ્રત મનમાં પડેલી વિચારસૃષ્ટિ એકદમ મારી નજર સમક્ષ ખડાં થયાં. જે આંતરિક સંઘર્ષ અને મથામણ હું ટાળતો હતો, એ મારે માટે અહીં અનિવાર્ય બન્યાં. પણ આશ્રમના આ ઓરડાની શાંત અને પ્રેમાળ ભૂમિકામાં હું મારા ભયને શાંત કરી શકતો અને વિચારસૃષ્ટિને એકાગ્ર કરી શકતો.

૨૩. અન્ય અનુભવોનો સારાંશ

એક સરકારી અધિકારી પ્રથમ વાર મૌનમાં બેઠા. સારું લાગ્યું. બીજી વાર બેસતાં લાંચ લેવાની વૃત્તિ અને કૃતિ માટે ખૂબ પશ્ચાત્તાપ થયો અને એવી ઝાળ લાગી કે બહાર આવીને તેમણે શ્રીમોટાની સલાહ માગી કે શું કરવું? શ્રીમોટાએ સલાહ આપી કે લાંચની રકમ બિનનામી તરીકે સરકારને પાછી આપવી અને તેમણે તેમ કર્યું.

ઘણાને બહાર ઝીણો તાવ આવતો હોય તે અંદર મટી ગયો હતો અને બીજાને અંદર ગયા પછી ૨૧ દિન સુધી તાવ રહ્યો ને બહાર ગયા પછી મટી ગયો છે.

કેટલાકને ખૂબ જ પેશાબ અને ઝાડો થાય અને મૌનખંડમાંથી બહાર આવતાં વગર દવાએ બંધ થઈ જાય અથવા ત્રણ દિવસના મૌન દરમ્યાન નિયમિત આહાર લેનારા એક ભાઈ બિલકુલ પાણી, ચા કે કૉફી પીએ નહિ—ભર ઊનાળો હતો ત્યારે.

કેટલાંક મૌનમાં બેઠા પછી વજનમાં વધી જાય અને બીજા ઘટી જાય. વિષય અને કો'કને કામવાસનાના હુમલા બહુ તીવ્રતાવાળા આવે, જ્યારે બીજાને એથી ઊલટો અનુભવ થાય.

એક શિક્ષકભાઈને પ્રભુની પ્રાર્થના કરતાં કેવો જવાબ મળ્યો તેનો તે દાખલો આપે છે. તે મૌનમાં બેઠા તે જ દિવસે અમુક પરીક્ષાના

ઉત્તરપત્રોનું બંડલ શાળાવાળાને નથી મળ્યું એ મતલબનો પત્ર મળ્યો અને વડોદરે મળી જવા જણાવ્યું. ભાઈ બહુ દ્વિધામાં પડી ગયા. મૌન બગડે અને ફજેતી થાય. પૂજ્ય મોટાને 'લાભ રહે તેવું કરવા' કરગરીને પ્રાર્થના કરી. બીજા દિવસે ફરી એક્સપ્રેસ ડિલિવરીથી પત્ર આવ્યો. એમાં ઉત્તરપત્રો મળી ગયાં હતાં તેમ જણાવાયું હતું. ભાઈની ખુશાલીનો પાર ન રહ્યો. આને તેઓ ચમત્કાર લેખે છે.

એક શિક્ષત યુવાન ઘણા મોટા મહાત્માઓના આશ્રમોમાં ફરી આવ્યા પછી મૌનમાં ૨૧ દિવસ બેઠા પછી કહે છે કે, મારી ખામીઓને અને વૃત્તિઓને હું બરાબર જ ઓળખી શક્યો છું.

એક બહેનનો એવો અનુભવ છે કે મોટેથી નામસ્મરણ કરવાથી ગળાને જરા તકલીફ થઈ પણ પછી આપોઆપ સારું થઈ ગયું. પછી આંખ અને માથું દુઃખવા માંડ્યાં, પણ ગુરુદેવ અને હરિઃૐના જાપ કરવાથી બધો દુઃખાવો ચાલ્યો ગયો.

એક ભાઈને અનંત શાંતિ લાગી. કોઈપણ પ્રકારની ઉતાવળ કે ધમાલ નથી. અંતર્મુખતા સરળતાથી થાય છે. આત્મનિરીક્ષણ કરવાનો પૂરતો અવકાશ મળે છે અને સાથે સાથે જપયજ્ઞનો વિરલ વ્યાપાર અવિરત ચાલ્યા જ કરે છે આનું કારણ શું? પ્રકટ પુરુષની દિવ્ય ચેતના આ સ્થળ પર કામ કરી રહી છે, પણ આપણે તે જીવતા જાગતા સમર્થ પુરુષને ઓળખી શકતા નથી.

આયુર્વેદિક કૉલેજના એક પ્રોફેસર તેમની દાક્તરી ભાષામાં જણાવે છે કે, મૌનમંદિરમાં અંધારાં-અજવાળાંની અજબ દુનિયા વસેલી છે. મારી પ્રયોગશાળા તરીકે તેનો મેં ઉપયોગ કર્યો છે. મારી જાતને—જંતુડાને અહીં મેં તપાવ્યું છે, ચકાસ્યું છે અને જરૂર પડ્યે ચીરફાડ પણ કરી છે. જંતુય હું પોતે અને તેને ચકાસનાર વૈજ્ઞાનિક પણ હું જ. આ નવી જાતનું જંતુશાસ્ત્ર—બેકટેરીઓલોજી છે. પણ એ શીખવા જેવું છે—ઘણો સમય ચાલે તેટલું ભાથું અહીંથી હું બાંધી લઈ જાઉં છું.

એક વયોવૃદ્ધ ભાઈને પોતાનાં જીવનકિતાબનાં પાનાં ખોલવાનું પણ મન થઈ જાય છે ને નિવેદનમાં ઉતારે છે પણ ખરા. પ્રકાશથી મેલ

ધોવાતો હોય એવો અનુભવ થાય છે. કંઈ કંઈ મહાપુરુષોનાં દર્શન થયાં. પૂજ્ય મોટાની છબીમાં, ગજેન્દ્રમોક્ષનું સ્તવન કરવાનું સૂચન થયું. આ તીર્થભૂમિને ધર્મક્ષેત્ર, કર્મક્ષેત્ર અને હવે કુરુક્ષેત્ર જ માનું છું.

ઘણાંને પૂજ્ય શ્રીમોટાનાં સાક્ષાત્ દર્શન થાય છે. ઘણાંને અંધારામાં ભૂરા પ્રકાશનો પૂંજ નજરે પડે છે. બપોરે ઊંઘતા હોય ત્યારે બૂમ પાડી ઉઠાડે-નામસ્મરણ કરવા. પૂજ્ય શ્રીમોટાની છબીની અંદર જુદા જુદા મહાત્માઓ ને દેવ-દેવીઓનાં દર્શન થાય.

સંતને સાચી રીતે પ્રેમથી વળગવાથી સંસારના કોયડા પણ ઉકલી જતા હોય છે એમ એક ઉપાસકભાઈનું કહેવું છે. તેમના કુટુંબમાં એકતા, શાંતિ અને સુમેળ શ્રીમોટા જેવા ગુરુમહારાજના પ્રતાપે પ્રવર્ત્યા એમ જણાવે છે. એ જ ભાઈને શ્રીમોટાના સત્સંગથી પૂજ્ય શ્રીઅરવિંદના 'લાઈફ ડીવાઈન'નું ગુજરાતી રૂપાંતર વાંચવામાં રસ પડ્યો અને સમજી શકાયું.

૮૨ વર્ષનાં માજી (સુરત આશ્રમના વ્યવસ્થાપક ટ્રસ્ટી શ્રી ભીખુભાઈનાં માતુશ્રી) અવારનવાર મૌનમાં બેસે છે ૧૪ દિવસ, ૨૧ દિવસ. એમને દિવસનાં ઊંઘતાં અટકાવવા જાણે કોઈ પગે બટકું ભરતું હોય, 'ઊંઘશો નહિ' એમ કહી જગાડે. ૨૧ દિવસ સુધી થાક વરતાય નહિ. રાત્રે પણ 'બા બા' કરીને શ્રીમોટાની બૂમો સંભળાતી, તેથી તેમને ખૂબ શાંતિ અને આનંદ રહેતાં.

એક ઉપાસકભાઈ ઘોડિયામાં સૂતેલા ધાવણા બાળક જેટલા જ નિશ્ચિંત બની જાય છે. પેટમાં દુખતું હોય કે માથું દુખતું હોય તો મોટેથી જપ કરવાથી બધું એ ભાઈને મટી ગયું.

મૌનમાં કેટલાકને તેજરેખા સામે આવતી જણાતી હોય છે. કેટલાક તેનાથી કરીને લાઈટ કરી દે છે. કેટલાક માથે ઓઢી લે છે તો કેટલાક ટોર્ચનો ઉપયોગ કરે છે. એક ભાઈએ તેવી તેજરેખાની સામે ટોર્ચનો પ્રકાશ ફેંક્યો. શ્રીમોટાએ એ ભાઈને જણાવેલું કે ટોર્ચના ઉપયોગથી તમારી તરફ આવતી શક્તિ તમે ગુમાવી હતી. જો એ શક્તિ શરીરમાં પ્રવેશ કરત તો આધ્યાત્મિક શક્તિમાં વધારો થાત.

એક બહેનને એવો રસ કે તે એક વાર પોતાના પાંચ માસના દીકરાને લઈને ૧૪ દિન માટે મૌનમાં બેઠેલાં ને પછી ત્રણ મહિના બાદ ફરીથી એ જ દીકરા સાથે મૌનમાં બેઠેલાં. બહેનને વિચાર થતો હતો કે છોકરાને એપ્રિલ માસની ગરમીને લઈને ફાવશે કે કેમ, પણ કોઈ તકલીફ પડી નહિ ને બહુ શાંતિ તથા આનંદમાં મૌન માણ્યું.

એક બીજાં સુશિક્ષિત બહેનને મનના મોટા ભાગના સંશયોના ખુલાસા પૂજ્ય શ્રીમોટાનું પુસ્તક 'જીવન-સોપાન'માંથી મળ્યા. વધુ નોંધપાત્ર એ લખે છે કે પહેલા દિવસે જપ કરતાં કરતાં હસવું આવે. ક્યાં સતયુગનાં તપ અને ક્યાં અમારી બાદશાહી સાધના! મકાન તો જાણે પેરિસની ડીલક્સ હોટલ, એટેચ્ડ બાથ અને ઝૂલો તો અમેરિકાની પ્રેસિડેન્ટની પત્ની માટે ના બનાવ્યો હોય! ભગવાનની કૃપા છે ને!

● પ્રાર્થના ●

૧. મૌન-એકાંત મંદિરનો સાધક

શ્રીમોટાની ચેતના મૌન-એકાંત મંદિરના સાધકની પરોક્ષ રીતે સંભાળ તો લે છે જ. એટલું જ નહિ પણ સાધકની આંતરિક મથામણ વેળાએ એને જો શ્રીમોટાનું પ્રત્યક્ષ માર્ગદર્શન જરૂરી હોય તો એ પણ જો શ્રીમોટા આશ્રમમાં હાજર હોય તો મોકલાવી આપે.

શ્રીમોટાના સાધનામય તેમજ જ્ઞાનમય જીવનનું એક પ્રબળ સાધન પ્રાર્થના છે. જો કોઈ સાધક કે જિજ્ઞાસુ અંતરમાંના ચોક્કસ પ્રકારના ભાવને શબ્દબદ્ધ કરીને પ્રાર્થના કરવા ઈચ્છતો હોય અને જો શ્રીમોટા પાસે માગણી કરે તો તે લખી આપે પણ ખરા.

આવી રીતે જો સાધક નિમિત્ત પૂરું પાડે તો શ્રીમોટા સાધકનાં પ્રાકૃતિક વલણ અને એના ચિત્તના સંસ્કારોને ઊર્ધ્વ કરવા માટેની પ્રાર્થના લખી આપે. એવી ઘણી પ્રાર્થનાઓ શ્રીમોટાએ લખી આપી છે. એ સર્વ પ્રાર્થનાઓનો હેતુ તો અંતરમાં ભાવના દૃઢાવવાનો તથા ઈશ્વર સાથે આંતરિક સંબંધ સ્થાપિત કરવાનો હોય છે એમ શ્રીમોટા કહે છે.

જીવનના સર્વાંગી વિકાસ કાજેની પ્રાર્થનાઓ તેઓશ્રીએ મૌન-એકાંતમાં બેઠેલા સાધકો માટે લખેલી. આરતીના ગેય ઢાળમાં રચાયેલી એક પ્રાર્થના નોંધપાત્ર છે.

૨. નિત્ય કર્મ કરતાં કરતાં...

સંસારનાં સઘળાં પ્રાપ્ત કર્મ કરતાં કરતાં જીવનના હેતુ પરત્વેની સભાનતા જીવતીજાગતી રહ્યા કરે એટલા માટે પણ પ્રાર્થના એક ઉત્તમ સાધન છે. આથી માગણી થતાં શ્રીમોટાએ કેટલાક જિજ્ઞાસુઓને આવી પ્રાર્થનાઓ લખી આપી છે.

ઊઠતાં-સૂતાં, ખાતાં-પીતા, હરતાં-ફરતાં, કસરત કરતાં કે કામ કરતાં, દવા પીતાં કે શૌચાદિ કર્મ કરતાં, અંતરમાં કેવા પ્રકારની ઊર્ધ્વભાવના કેળવવી એ અંગેની પ્રાર્થનાઓ શ્રીમોટાએ લખી આપી છે. આ પ્રકારની પ્રાર્થનાઓમાં જાતને મઠારવાની જાગૃતિ રહી શકે એવી ભાવના પણ છે. ઉપરાંત બધાં જ કર્મ કરતી પળે શ્રીપ્રભુ સાથે દિલનું અનુસંધાન રહી શકે એવી ભાવના વ્યક્ત થાય છે. શ્રીમોટાનો કર્મસિદ્ધાંત નોંધપાત્ર છે. તેઓશ્રી કહે છે કે કર્મ અનિવાર્ય છે, પણ કરતાં કરતાં કર્મનું મહત્ત્વ નથી; પણ એ કર્મ કરતી વેળાએ આપણે કેવા પ્રકારનો ભાવ ધારણ કરીએ છીએ તે મહત્ત્વનું છે. કર્મ દેખીતી રીતે ઘણું જ તુચ્છ હોઈ શકે તોપણ એ આચરાતાં અંતરમાં ધારેલી ભાવના વધારે મહત્ત્વની છે. આથી નદીમાં સ્નાન કરતાં કે પ્રણામ કરતાંય કેવી ભાવના પ્રકટાવવી એ પણ આવી પ્રાર્થનાઓમાં વ્યક્ત થયું છે.*

૩. ઉત્સવ-પ્રાર્થના

જેમ વ્યક્તિગત જીવનમાં રોજિંદાં કર્મો પાછળ પણ ભાવના રાખવાની જાગૃતિ કેળવવાની છે તેમ કેટલાક સામાજિક-ધાર્મિક તહેવારોની ઉજવણી પણ જીવનવિકાસક હેતુ પરત્વેની સભાનતાથી

*આ પ્રકારની પ્રાર્થનાઓ શ્રીમોટા રચિત 'ગુણવિમર્શ' પુસ્તકમાં સંપાદિત થયેલી છે.

જાગૃતિપૂર્વક ઊજવવાના છે. શ્રીમોટાએ આવાં ઉત્સવો પ્રસંગે કેવા પ્રકારનો ભાવ ધારણ કરવો અને એ કાર્ય કરતી વેળા કેવા પ્રકારની ભાવના રાખવી એની સમજૂતી પદ્યમાં આપી છે. એ સમજૂતી સાથે સાથે શ્રીપ્રભુને પ્રાર્થના પણ થાય એવા પ્રકારની એ રચનાઓ છે.

લક્ષ્મીપૂજન, ચોપડાપૂજન તેમજ જ્ઞાનપંચમીની ઉજવણી વેળાની પ્રાર્થનાઓ તેઓશ્રીએ અનુષ્ટુપ છંદમાં રચી છે. ઊર્ધ્વ જીવન કાજેની અભીપ્સા જાગૃત કરવા શ્રીમોટાએ પ્રાર્થનાના સાધનને સર્વગમ્ય અને સર્વલભ્ય બનાવી આપ્યું છે.

મોટા ભાગની ધાર્મિક વિધિ વેળાએ યજ્ઞકુંડમાં આહુતિ આપવાની પ્રાર્થના પણ છે.

૪. સંસ્કાર-વિધાન

હિન્દુ વ્યવહાર-જીવનમાં કેટલીક સંસ્કારવિધિઓ પ્રચલિત છે. એ બધી જ સંસ્કારવિધિ પાછળ એના સર્જકોની ભાવાત્મક દૃષ્ટિ ઘણી જ ઊર્ધ્વ હતી. શ્રીમોટાનું કાર્ય સર્વ કોઈ કર્મોને ગુણ અને ભાવની દિશામાં વાળીને માનવજીવનને—માનવસમાજને જાગૃત કરવાનું છે. એથી કોઈ પણ સ્વજન આવા કોઈ પણ પ્રકારના વિધિ-વિધાન માટે શ્રીમોટાને નિમંત્રે તો એ સમગ્ર વિધિની ભાવનાને શ્રીમોટા પ્રકટ કરીને ગુણવિકાસક પ્રાર્થનાનો ભાવ વ્યક્ત કરે. એટલે એ સમગ્ર વિધિકાર્ય પાછળનું હાર્દ એ કર્મ કરનાર વ્યક્તિના અંતરમાં પ્રકટી શકે.

બાળકના જન્મ પછી એના વાળ ઊતરાવવા કે એને નિશાળે બેસાડવો એ ક્રિયા પણ કેવી ભાવાત્મક છે એ એમણે રચેલી પ્રાર્થનાઓમાં છે.

યજ્ઞોપવીત ધારણ કરવાનો વિધિ માત્ર બ્રાહ્મણો પૂરતો જ મર્યાદિત મનાય છે, પરંતુ શ્રીમોટાએ આ સમગ્ર વિધિ ઉદ્‌બોધન અને પ્રાર્થનારૂપે લખી છે. એમાં માતા-પિતા યજ્ઞોપવીત ધારણ કરતા બાળકને ઉદ્‌બોધન કરે છે. બટુક યજ્ઞોપવીત ધારણ કરતાં પ્રતિજ્ઞા ઉચ્ચારે અને પછી યજ્ઞોપવીત ધારણ કરાવનાર પુરોહિતના આશીર્વચન ઉચ્ચારાય—આ

પ્રક્રિયામાં શ્રીમોટા ઊર્ધ્વ જીવન માટેની આવશ્યકતા અને સંકલ્પને સ્પષ્ટ કરે છે.

શ્રીમોટાની દૃષ્ટિએ આ યજ્ઞોપવીત ધારણ કરવું એ જન્મે જ બ્રાહ્મણ હોય એટલા જ જીવો પૂરતું મર્યાદિત નથી. પણ જેઓમાં ઊર્ધ્વ જીવન માટેની તમન્નાની સહેજ પણ ભૂમિકા હોય એવી બધી વ્યક્તિને પણ યજ્ઞોપવીત ધારણ કરાવે છે. એમના આશ્રમોમાં તેઓશ્રીએ કેટલાય બટુકોને યજ્ઞોપવીત સંસ્કાર આપેલા છે અને એ બટુકોમાં બધા જ બ્રાહ્મણના બાળકો નહોતા

શ્રીમોટાની દૃષ્ટિએ યજ્ઞોપવીત તો,

'સૂતર-તાંતણો તે ના, એ તો પ્રતીક તત્ત્વનું,
ત્રણના જોડલાંથી આ સંકળાયેલ વિશ્વ છે,
પ્રેરાવા ભાન તેનું ને થવા મુક્ત બધાથી છે.'

૫. લગ્નવિધિ

શ્રીમોટા પુરોહિતપદે બેસીને લગ્નવિધિ પણ કરાવે છે. એ માટે એમણે ગુજરાતી પદ્યમાં એ વિધિ પાછળની ભાવના આલેખી છે.

એમાં એમણે માંડવા-મુહૂર્ત, ગ્રહશાંતિ, સપ્તપદી વગેરે ક્રિયાઓને ભાવાત્મક પ્રાર્થનાનું રૂપ આપ્યું છે. કન્યાદાન દેતી વેળાએ કન્યાના માતા-પિતાએ ધારવાની ભાવના, વરકન્યાએ સપ્તપદી વેળાએ લેવાની પ્રતિજ્ઞા તેમજ જીવનભર આચરવા માટેનું 'જીવનવ્રત' અનુષ્ટુપ છંદમાં ગાવાનું હોય છે. શ્રીમોટા રચિત આ 'લગ્નભાવના'નું લગ્નવિધિ પ્રસંગે હાજર રહેલા સૌ કોઈએ સામૂહિક ગાન કરવાનું હોય છે. પરિણામે લગ્નવિધિ પ્રસંગે એક પ્રકારનું ભાવનાત્મક વાતાવરણ સર્જાય છે.

આ પ્રકારનાં વિધિ-વિધાનનું સર્જન અને એ વિધિ કરાવવાનું કાર્ય શ્રીમોટાની આપણા જનસમાજને એક મૌલિક દેણગી છે. આ વિવિધ વિધિ-વિધાન છાપેલાં સ્વરૂપમાં આશ્રમ પાસે સુરક્ષિત હોય છે.

૬. ખાતમુહૂર્ત-વાસ્તુપૂજન-ગૃહપ્રવેશ

શ્રીમોટાએ ખાતમુહૂર્ત તથા વાસ્તુપૂજનનો વિધિ પણ કરાવ્યો છે. આ નિમિત્તે તેઓશ્રીએ તે પ્રાર્થનાઓ રચેલી છે. એમાં તે તે ક્રિયા પાછળનો હેતુ અને એનું હાર્દ વ્યક્ત કર્યા છે અને ગૃહપ્રવેશ વેળાની પ્રાર્થનામાં રહેનાર જીવ કૃતજ્ઞતાની લાગણી અનુભવી જીવનમાં નમ્ર બને તેમજ એ નિવાસને પોતાના ઊર્ધ્વજીવનની સાધનાનું એક સ્થાન બનાવે એવી ભાવના વ્યક્ત થયેલી છે.

૭. મરણોત્તર ક્રિયા

શ્રીમોટા એમ માને છે કે કોઈપણ કર્મ ઘરેડયુક્ત કે યદ્વાતદ્વા ન થવું જોઈએ. તેઓશ્રીએ એક વખત કહેલું કે, ''મૃત્યુ બાદ મરનારના નામે થતાં દાનથી ગત જીવને કશો લાભ થાય નહિ પણ એ જીવના ગયા પછી તેર દિવસ દરમિયાન મરનારની સ્મૃતિને સતેજ રાખીને પ્રાર્થના થાય તો સારું, કેમ કે તે જીવની કોન્શ્યસનેસ તેર દિવસ લગી તે વાતાવરણમાં રહે છે. બાકી ઘરેડની રીતે કે દેખાદેખીથી કે વ્યવહાર ખાતર કરેલું દાન કે દેખીતું સત્કર્મ તે જીવને કે આપણને કશું જ વિકાસક લાભદાયક નથી.'' બારમા-તેરમાની વિધિ અંગે તેઓશ્રીએ કહેલું કે, ''આવી વિધિ જીવે જાતે ભાવનાત્મક દૃષ્ટિ, વૃત્તિ અને વલણથી જ્ઞાન-યુક્ત પ્રાર્થનાભાવથી કરવી જોઈએ. બ્રાહ્મણ કે વિદ્વાન પાસે કરાવ્યાનો ખાસ કશો અર્થ નથી. ખરું તો બાર દિવસ લગી અખંડ નામસ્મરણ કરવું જોઈએ, તો જીવને શાંતિ મળે ખરી.''

શ્રીમોટાએ પોતાનાં બાની મરણોત્તર વિધિ કોઈ પણ કર્મકાંડી બ્રાહ્મણના આશ્રય વિના જ કરેલી. મરણોત્તર વિધિ પાછળનું રહસ્ય ગૂઢ છે, છતાં એનું ભાવાત્મક તાત્પર્ય છે. હજી સુધી કોઈ એવું નિમિત્ત ઊભું થયું નથી માટે આ અંગેની કોઈ વિધિ-પ્રાર્થના તેઓશ્રીએ લખી નથી.

પણ સ્નેહી-સ્વજનના મૃત્યુ પછી સતત પ્રાર્થના કરાય એ માટે તેઓશ્રીએ પ્રાર્થના લખેલી છે.

શ્રીમોટાનું આ વિધિ-વિધાન એમના વ્યાપક કાર્યનો એક મહત્ત્વનો ભાગ છે. એનું મૂલ્યાંકન એની પાછળની ભાવના દ્વારા થઈ શકે છે.

• પ્રવચનો અને પ્રશ્નોત્તરી •

શ્રીમોટા સામાન્ય રીતે પ્રવચનો કરતા નથી. હરિઃૐ આશ્રમની સ્થાપના પછી મૌન-એકાંત મંદિરના સાધકો રવિવારે જ્યારે એકત્ર થાય ત્યારે સર્વ સાધકોને તેઓ સંબોધતા. મૌન-એકાંત મંદિરમાંથી બહાર આવેલા તેમજ મૌન-એકાંત મંદિરમાં પ્રવેશતા સાધકો 'હરિને ભજતાં હજુ કોઈની લાજ જતાં નથી જાણી રે....' એ ભજન ગાય પછી શ્રીમોટા બે શબ્દો કહે પણ હવે તેઓશ્રી ત્યાં પ્રવચન કરતા નથી.

જ્યારથી ગુણ-ભાવ વિકાસક યોજનાઓ કરીને એ માટે મોટી રકમનાં દાનો આપવાની તેઓશ્રીએ જાહેરાતો કરી, ત્યારથી તેઓશ્રીએ પોતાનાં સ્વજનો પાસે એ માટે રકમ માગવા માંડી. એ રકમો એક સામટી મળી શકે એ માટે તેઓશ્રીએ પોતાના ઉત્સવો ઊજવવાની સંમતિ આપી. પરિણામે એક વર્ષમાં ચાર ઉત્સવો ઉજવાય એવી વ્યવસ્થા ઉપજાવાઈ છે.

(૧) ભાદરવા વદ ચોથ : શ્રીમોટાનો જન્મદિવસ.

(૨) વસંતપંચમી : શ્રીમોટાનો દીક્ષાદિન.

(૩) રામનવમી : શ્રીમોટાનો સાક્ષાત્કારદિન.

(૪) ગુરુપૂર્ણિમા.

ગુરુપૂર્ણિમાનો ઉત્સવ દરેક વર્ષે ટ્રિચીનાપલ્લી(દક્ષિણ ભારત)માં એન. ગોપાલદાસની પેઢીમાં ઉજવાય. એ ઉત્સવમાં મદ્રાસમાં રહેતા કેટલાંક સ્વજનો, કુંભકોણમ્‌માં વસતા શ્રી હસમુખભાઈ મહેતાનો પરિવાર તથા પોંડિચેરી શ્રીઅરવિંદ આશ્રમમાં રહેતા અને શ્રીમોટાના પરિચયમાં આવેલા મિત્રો ભાગ લે છે.

બીજા ત્રણ ઉત્સવો માટે કોઈ પણ સ્વજન કે સ્વજન-સમૂહ યજમાન બનીને ઉત્સવ ઊજવે. એમાં હરિઃૐ આશ્રમ તથા શ્રીમોટાના સંપર્કમાં આવેલ સૌ કોઈને નિમંત્રણ મોકલાય છે. આ ઉત્સવનો પ્રારંભ શ્રી મધુરીબહેન ખરેનાં ભજનોથી થાય છે. એ પછી શ્રીમોટા સ્વજનોને સંબોધીને પ્રવચન કરે. શ્રીમોટાનું એ ઉદ્‌બોધન સ્વજનોની બાહ્યાંતર 'ખબર' લેનારું બની રહે છે. પછી શ્રીમોટા સ્વજનો પાસે દાનની માગણી કરે છે.

એ પછી સ્વજનો યથાશક્તિ ભેટ શ્રીમોટાને ચરણે ધરે છે. શ્રીમોટાને સોનાનાં ઘરેણાં પણ અર્પણ થાય છે. એ ઘરેણાંને વેચીને શ્રીમોટા રૂપિયા મેળવી લે છે. ફૂલમાળાને બદલે સૂતરની આંટી અર્પણ થાય છે. એમાંથી ખાદી વણાવાય છે.

સૌ સ્વજનોને યજમાન તરફથી ભોજન અપાય છે. શ્રીમોટાએ સમયને અનુસરીને ભોજનમાં ઘણી જ સાદાઈ આણી છે. માત્ર ખીચડી, કઢી અને શાક જ પીરસાય એવી પ્રથા તેઓશ્રીએ ઉપજાવી છે.

શ્રીમોટા સાંજના 'પ્રશ્નોત્તરી'ના કાર્યક્રમમાં પ્રશ્નોના ઉત્તર આપે છે અને અલ્પાહાર પછી વિસર્જન થાય છે.

શ્રીમોટા આ ઉત્સવો દરમિયાન જે પ્રવચનો કરે છે તથા પ્રશ્નોના જે ઉત્તર આપે છે એ પણ એમના જીવનકાર્યનો એક જાહેર અંશ છે. પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ તેઓશ્રીએ પાછળથી બંધ કરાવી દીધો. શ્રીમોટા કોઈપણ પ્રકારની કૌતુકપોષક ચર્ચાને પ્રોત્સાહન આપતા નથી. જિજ્ઞાસુની અભીપ્સાનું તત્ત્વ જ પ્રોત્સાહિત કરાય છે. આથી તેઓશ્રી પાસે કોઈ જિજ્ઞાસુ પ્રશ્નો લઈને જાય તો એને પ્રેમથી જવાબો આપે છે. એ સમય તેઓશ્રીનું શરીર ગમે તેટલું વેદનાગ્રસ્ત હોય તોપણ એવો સત્સંગ ખૂબ દર્શનીય બની રહે છે.

આ ઉપરાંત શ્રીમોટા દક્ષિણા મેળવવાની શરતે ઉદ્‌ઘાટન કરવાનું કે કોઈ સભાનું પ્રમુખસ્થાન લેવાનું સ્વીકારે છે. આવે પ્રસંગે પણ શ્રોતાઓ પાસેથી દક્ષિણામાં યથાશક્તિ મેળવવાનું ચૂકતા નથી.

● પત્રો ●

૧૯૩૯થી શ્રીમોટાએ શ્રી હેમંતકુમાર નીલકંઠને તથા શ્રી નંદુભાઈ શાહને જીવનવિકાસની સાધના અંગેનું વ્યવહારુ માર્ગદર્શન આપતા ઘણા જ પત્રો લખેલા. એ ઉપરાંત અન્ય જિજ્ઞાસુ સાધકોને આધ્યાત્મિક જીવન વિકસાવવા પત્રો લખેલા. એ પત્રોમાંથી ઘણા પત્રો સંપાદિત થઈને ઘણાં પુસ્તકોમાં સંગ્રાહાયા છે, છતાં હજી પણ ઘણા પત્રો અપ્રકટ છે.

આ ઉપરાંત શ્રીમોટાએ સાંસારિક તથા સામાજિક કોયડામાં અટવાયેલી વ્યક્તિઓને પણ પત્રો દ્વારા માર્ગદર્શન આપ્યું છે. પતિ-પત્ની વચ્ચે કોઈ કારણસર વિખવાદ થયો હોય, ત્યારે શ્રીમોટાએ બન્ને વચ્ચે સમાધાન કરાવી આપ્યું છે. બન્નેએ એકબીજા પ્રત્યે કેવો દૃષ્ટિકોણ અપનાવવો એ પ્રેમપૂર્વક સમજાવીને એમને બન્નેને સ્નેહમય જીવનના માર્ગે પ્રેર્યા છે. એક પ્રણયત્રિકોણની પરિસ્થિતિમાં ત્રણેય વ્યક્તિઓને સંયમની અને ઉદારતાની ભાવનાથી કેવી રીતે જીવતાં શિખાય તેનું માર્ગદર્શન આપ્યું છે. આ ઉપરાંત સગર્ભાવસ્થામાં સ્ત્રીએ કેવી રીતે વર્તવું; નાના બાળકને કેવી રીતે ઉછેરવું; (ઉદાહરણ તરીકે સ્તનપાન કરાવતાં તથા બાળકનું મેલું સાફ કરતાં કેવા પ્રકારની ભાવના રાખવી) તેમજ મોટા થઈ રહેલા બાળકમાં ઉદારતા, સહિષ્ણુતા, હિંમત, પ્રેમ વગેરે ગુણો કેવી રીતે કેળવાય તેનું અને યૌવન પ્રવેશ પહેલાં કિશોરાવસ્થામાં જે ભયસ્થાનો ઊભાં થાય, તેનું સ્પષ્ટ શબ્દોમાં નિરૂપણ કર્યું છે તથા નિરાકરણ દર્શાવ્યાં છે.

શ્રીમોટાના પત્રો દરેક કક્ષાની વ્યક્તિઓને લખાયેલાં છે. તેઓશ્રીના પત્રોમાંથી માર્ગદર્શન મેળવનાર વિદ્વાનો, પંડિતો, સ્ત્રીઓ તથા બાળકો પણ છે. શ્રીમોટાનું આ વ્યક્તિગત સંપર્કનું કાર્ય ઘણું જ નિયમિત અને સતત થતું જ રહ્યું છે.

'શબ્દની શક્તિ'ની સૂક્ષ્મચર્ચા તેમજ છમાસિક પરીક્ષામાં નાપાસ થનાર બાળકે નિરાશ ન થતાં કેમ ઉદ્યમશીલ બનવું તેનું માર્ગદર્શન શ્રીમોટાના આ પ્રકારના પત્રોમાંથી મળે છે.

આ પ્રકારના શ્રીમોટાના પત્રો વિપુલ પ્રમાણમાં છે, જેમાંના મોટા ભાગના હજી અપ્રકટ છે.

• ગુણ-ભાવ વિકાસક યોજનાઓ •

શ્રીમોટાએ હરિઃૐ આશ્રમ દ્વારા ગુણભાવ વિકાસક યોજનાઓ રજૂ કરી. વિશાળ જનસમાજને સ્પર્શ કરી એક અરૂઢ શૈલીના કાર્યનો આરંભ કર્યો. 'મારે સમાજને બેઠો કરવો છે'—એવા વિલક્ષણ અંતર-આદેશથી તેઓશ્રીનું આ કાર્ય પરિણત થયું છે.

હરિઃૐ આશ્રમ નડિયાદ પાસે વહેતી શેઢી નદીમાં ડૉક્ટરી અભ્યાસ કરતા બે યુવાનોને તરતાં આવડતું નહિ હોવાથી ડૂબી ગયા. આથી શ્રીમોટાને નડિયાદમાં સ્નાનાગર બનાવરાવવાની પ્રેરણા થઈ. નડિયાદ સુધરાઈને તેઓશ્રીએ પંચાવન હજાર રૂપિયા સ્નાનાગાર માટે આપ્યા. ૧૯૬૯માં એ સ્નાનાગાર ખુલ્લો મુકાયો.

એમણે જોયું કે દેશનું યૌવનધન વેડફાઈ રહ્યું છે. ત્યારે યુવાનોમાં સાહસ, હિંમત, પરાક્રમ, ખમીર, સહિષ્ણુતા જેવા ગુણો વિકસે અને એ ગુણો ઊર્ધ્વભાવથી જીવનને ઉન્નત બનાવે એવી પ્રવૃત્તિઓનો તેઓશ્રીએ આરંભ કર્યો.

૧. ધનનો સદુપયોગ

શ્રીમોટાએ કદી પણ ધનસંચયની સ્પૃહા સેવેલી નહિ. ૧૯૪૦માં એક ભાઈએ શ્રીમોટાને એક હજાર રૂપિયા ભેટ આપ્યા. એ રકમ તેઓશ્રીએ રાહતફાળામાં આપી દીધેલી. પોતાનાં પુસ્તકોનાં પ્રકાશન વેચાણમાંથી મળેલા એક લાખ ઉપરાંત રૂપિયા તેઓશ્રીએ સમાજ-કલ્યાણની પ્રવૃત્તિ ખાતે સમર્પિત કર્યા.

પ્રજામાં ત્યાગની ભાવના વિકસે અને સમાજ પ્રત્યેની ઋણની સભાનતા સક્રિય થાય એટલા ખાતર તેઓશ્રીએ પોતાનાં સ્વજનો તેમજ પ્રસંશકો પાસેથી ધન લઈને સમાજના ચરણે ધરવાં માંડ્યું છે.

જનકલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓ માટે શ્રીમોટાની નાણાં એકત્રિત કરવાની રીત લાક્ષણિક છે. જે કોઈ સ્વજન શ્રીમોટાને પોતાને ત્યાં નિમંત્રે તો એણે દક્ષિણા રૂપે કંઈક રકમ આપવી પડે અને પોતાના સ્નેહીઓ પાસેથી ઉઘરાવીને પણ આપવી પડે. શ્રીમોટાને કોઈ કાંઈ પણ કામ માટે નિમંત્રે તો એણે તેઓશ્રીના કાર્ય માટે ફાળો આપવાનો રહે. શ્રીમોટાની આ પ્રકારની દાન યોજનાનો આરંભ થયા પછી અવનવી રીતે તેઓશ્રીને નાણાં મળી રહે છે. ૧૯૭૦માં ભરૂચ જિલ્લાના શંકર-૪ કપાસના ઉત્પાદકો તરફથી આમોદ ગામમાં શ્રીમોટાને રૂા. ૨૫ હજાર અર્પણ કરાયા હતા. શ્રીમોટાએ એ રકમના વ્યાજમાંથી જે ખેડૂતો ડાંગર, જુવાર, કપાસ, ઘઉં એકર દીઠ સૌથી વધુ ઉત્પન્ન કરે તેને સુવર્ણચંદ્રક આપવા માટે પાછા આપ્યા. ખેડૂતોનો ફાળો ખેડૂતોને જ પ્રોત્સાહિત કરવા સમર્પિત કર્યો.

તેઓશ્રી પોતાને ભેટ મળેલી ચીજવસ્તુઓનું જાહેર વેચાણ કરીને રૂપિયા એકત્રિત કરે છે. ખાતમુહૂર્ત વેળાએ પ્રાપ્ત થયેલા ચાંદીનાં તાળાકૂંચી તથા લેલાનું લીલામ કરેલું અને રૂા. ૨૨૬૦ મેળવેલા. પોતાને મળતાં સોનાનાં ઘરેણાંને વેચીને પણ એ રકમ જનકલ્યાણની યોજનામાં આપી દે છે.

૨. ગુણની કદર

શ્રીમોટા વ્યક્તિમાં પ્રકટ થતાં સત્ત્વગુણની કદર કરીને એ ગુણ પ્રત્યે પ્રજાનું ધ્યાન દોરે છે.

વિખ્યાત સાગર તરવૈયા બેરિસ્ટર શ્રી મિહિર સેનને સૌ પ્રથમ રૂા. ૧૦૧નું કદર-પારિતોષિક શ્રીમોટાએ હરિઃૐ આશ્રમ તરફથી આપેલું. શ્રી મિહિર સેને પરદેશમાં જઈને જુદા જુદા સમુદ્રો તરવાની યોજના બહાર પાડી, ત્યારે તેમની સાહસિક વૃત્તિની કદર લેખે

રૂા. ૨૫૦૦ની ભેટ તારથી મોકલાવી હતી. શ્રી મિહિર સેને આ રકમ લેવાની અનિચ્છા દર્શાવી હતી, પણ શ્રીમોટાના પ્રેમાગ્રહને વશ થઈને તેમણે એ રકમ સ્વીકારી લીધી હતી.

શ્રી નંદુભાઈ પરના તા. ૧૯-૧૦-૧૯૬૬ના એક પત્રમાં શ્રી મિહિર સેને લખ્યું છે :

'મુસાફરીને લીધે, તૈયારીને કારણે ને તરવાના પ્રયાસોને કારણે આપને હું ઘણીવાર લખી શકતો નથી. આપે મારાં પરિણામો વિષે તો જાણ્યું જ હશે. ગુરુદેવના આશીર્વાદ અને પ્રાર્થનાઓ બદલ મારો હાર્દિક આભાર દર્શાવશોજી.'

૧૯૬૮માં જ્યારે ભાડભૂતથી ભરૂચ સુધીની નર્મદા નદીમાં યોજાયેલી અખિલ ભારત તરણ-સ્પર્ધાના વિજેતાઓને શ્રી મિહિર સેને ઇનામ વહેંચેલાં, ત્યારે એમણે શ્રીમોટાની પ્રેરણાનો ઉલ્લેખ કરીને કહેલું કે, ''શ્રીમોટા સંપૂર્ણ વ્યક્તિ છે. તેઓ આ પ્રસંગે હાજર નથી, છતાં હરીફ યુવાનોને આશીર્વાદ આપતા હોય તેમ મને લાગે છે. મને મારા દરેક સાહસોમાં પૂજ્ય શ્રીમોટાની પ્રેરણા, અદૃશ્ય માર્ગદર્શન અને સહાય મળતાં રહ્યાં છે. કોઈ અદૃશ્ય શક્તિ મને સહાય કરતી હોય તેવો મને હરહંમેશ અનુભવ થાય છે.''

૧૯૬૯માં ધ્રાંગધ્રાથી હળવદ જતી રાત્રીની ગાડીમાં કેટલાક હુમલાખોરોએ સ્ત્રીઓના ડબામાં પ્રવેશીને સ્ત્રીઓ પર હુમલો કરેલો. એમાં પ્રવાસ કરતાં જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં પ્રમુખ શ્રીમતી હેમાબહેન આચાર્યે એ હુમલાખોરોનો બહાદુરીપૂર્વક સામનો કરેલો અને પોતે ઘાયલ થયાં છતાં પણ સાંકળ ખેંચીને ગાડી થંભાવી હતી. શ્રીમોટાએ અમદાવાદની જુદી જુદી અઠ્ઠાવીસ મહિલા સંસ્થાઓના ઉપક્રમે યોજાયેલા એક સમારંભમાં શ્રીમતી આચાર્યને સુવર્ણચંદ્રક એનાયત કર્યો હતો. આ જ સમારંભમાં અમદાવાદમાં ઘરકામ કરતી જતનબહેન નામની એક રબારી બહેનને, ચોરને પડકારીને પકડાવી દઈને હિંમત દાખવવા બદલ રૂા. ૧૦૧ ઇનામરૂપે આપ્યા હતા.

ઊંઝામાં રસ્તો વાળનાર એક બાઈને રૂા. ૨૫૦૦ની નોટોનું બાંધેલું બંડલ જડેલું. એણે એના માલિકને પરત કર્યું. છાપામાં આ સમાચાર વાંચીને શ્રીમોટાએ રૂા. ૫૦ પ્રમાણિક્તાની કદર રૂપે મોકલાવી આપ્યા હતા.

વ્યક્તિઓમાં સક્રિય થતા સાહસ, હિંમત, પરાક્રમ, પ્રમાણિક્તા આદિ ગુણોની શ્રીમોટા સતત કદર કરતા જ રહ્યા છે.

શ્રીમોટાએ દાનયોજના દ્વારા પોતાની યોજનાઓ વિસ્તારી છે. હવે તો એ ગુણ-ભાવ વિકાસક યોજનાઓ અખિલ ભારતીય ધોરણ સુધી વિસ્તરી છે. શ્રીમોટાએ પારિતોષિકો એનાયત કરવાની જે યોજના કરી છે, એમાં એ જે તે ક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાન અર્પણ કરનાર વ્યક્તિનું નામ તે પારિતોષિકો સાથે જોડીને એમની જે તે ક્ષેત્રની સેવાની કદર કરી છે. ઉદાહરણ તરીકે શ્રીઅરવિંદ, ભગિની નિવેદિતા, સર સી. વી. રામન, ડૉ. ભાભા, આચાર્ય આનંદશંકર ધ્રુવ, શ્રી ઠક્કરબાપા, શ્રી અંબુભાઈ પુરાણી, શ્રી રવિશંકર મહારાજ, પંડિત રવિશંકર વગેરે....

૩. સદ્પ્રવૃત્તિના પ્રથમ પ્રેરક અને પ્રોત્સાહક

શ્રીમોટા ગુણ અને શક્તિની જાહેર કદરની પ્રવૃત્તિ શરૂ કરનાર સૌ પ્રથમ સંત-પુરુષ છે.

શ્રીમોટાએ દાનના પ્રવાહની એક નૂતન, મૌલિક તથા રચનાત્મક દિશા પ્રજાને દેખાડી છે. ગુજરાતમાં અને દેશભરમાં સમુદ્રતરણ સ્પર્ધા યોજવાનું કામ તેઓશ્રીની પ્રવૃત્તિને આભારી છે. જ્ઞાનગંગોત્રી, કિશોરભારતી, બાલભારતી, સાહિત્ય સંદર્ભકોષ, વ્યાકરણ તથા વ્યુત્પત્તિશાસ્ત્ર, તેમજ સર્વજ્ઞાનસંગ્રહ (એન્સાઇક્લોપીડિયા)ના પ્રકાશનની પ્રવૃત્તિનો પ્રારંભ તેઓશ્રીની દાન યોજનાથી જ થયો છે. લલિત અને ઇતર લલિતકળાઓ તેમજ વિજ્ઞાન, તબીબી તથા કૃષિક્ષેત્રની તમામ શાખાઓમાં સંશોધનને પ્રેરણા અને પ્રોત્સાહન આપનાર પણ શ્રીમોટાની પ્રવૃત્તિ સર્વ પ્રથમ છે.

તેઓશ્રીએ પોતાની આ યોજનાઓ દ્વારા આખા દેશના જન-સમુદાયના કલ્યાણ માટે વિરાટ પગલું ભર્યું છે. છતાં શ્રીમોટા કહે છે કે, 'આ કામ તો તલના કરોડમા ભાગ જેટલું છે.'

૪. અન્ય કાર્યો

આવી અપૂર્વ યોજના ઉપરાંત પરબ, ચકલાંને ચણ, વૃક્ષોનો ઉછેર, સંવર્ધન અને રક્ષણ, નદીના ઓવારાઓનું સમારકામ તથા સંરક્ષણ જેવાં કાર્યો પણ શ્રીમોટાની યોજના દ્વારા થાય છે.

૫. અજોડ કાર્યપદ્ધતિ

શ્રીમોટા આ બધી સમાજોત્થાનની પ્રવૃત્તિ માટે જે દાનો કરે છે એની પદ્ધતિ લાક્ષણિક છે.

હરિઃૐ આશ્રમોની વ્યવસ્થા કે નિભાવ ખર્ચ પેટે એક પૈસો પણ આ દાનમાંથી લેવાતો નથી. જરૂરિયાતની ચીજવસ્તુઓનાં સીધાં જ દાન દ્વારા આશ્રમનો નિભાવ થાય છે.

શ્રીમોટા સૌ પ્રથમ દાનની રકમની જાહેરાત કરે છે અને એ પછી એ રકમ એકત્ર કરવા સમાજને—સ્વજનોને પ્રેરે છે.

પ્રજા પાસેથી મળેલાં નાણાં અકબંધ રહે અને એના વ્યાજમાંથી પ્રવૃત્તિઓ ચાલે એવી શરતી યોજનાઓ થાય છે અને આ પ્રવૃત્તિઓનો વહીવટીખર્ચ પણ આ રીતે અપાયેલી રકમના વ્યાજમાંથી થતો નથી.

માનવસમાજની કાર્ય કરવાની પદ્ધતિની મર્યાદાને સ્વીકારીએ તોપણ નાણાંનો સંપૂર્ણ સદુપયોગ જ થાય એવું દૃષ્ટિબિન્દુ આ યોજનાઓ પાછળ જણાય છે.

૬. રોગગ્રસ્ત શરીરની અપૂર્વ ચર્યા

લાખો રૂપિયાની દાન-યોજના માટે નાણાં એકત્રિત કરવાના હેતુથી શ્રીમોટા શુભેચ્છકોનું નિમંત્રણ સ્વીકારે છે. શ્રીમોટા ફાળો ઉઘરાવવા માટે કદી પણ ફરતા નથી. શ્રીમોટાની પ્રવૃત્તિથી પ્રેરાઈને જે કોઈ તેઓશ્રીને નિમંત્રણ આપે તો તેઓ એને ત્યાં જાય છે.

શ્રીમોટાનું શરીર ૧૯૬૦થી જુદા જુદા પ્રકારના ભારે પીડાકારી રોગનો ભોગ બની રહ્યું છે. એમને માથામાં ઝામરને લીધે સતત સણકા માર્યા જ કરે છે. આંખોમાં સતત ખીલ છે. બોચીથી કમર લગીના વિસ્તારમાં અમુક મણકા ખસી ગયા છે, એથી બેસી રહેવું ઘણું જ પીડાકારક બને છે. પથારીમાં રહેવાને લીધે થાપા પર બળતરા થાય છે. પ્રોસ્ટેટ ગ્લેન્ડનું દર્દ તથા હરસ-મસાની પીડા પણ ભારે છે. ડાયાબિટીસ, ટી.બી., દમ (અસ્થમા) અને હમણાં છેલ્લે શરીરમાં વધી ગયેલું પાણી—આ બધા રોગો હોવા છતાં શ્રીમોટા મોટરમાં સૂતા સૂતા ઘણા જ લાંબા પ્રવાસો કરે છે. સખત ઠંડી હોય કે આગ વરસાવતો તડકો હોય કે મૂશળધાર વરસાદ વરસતો હોય તોપણ શ્રીમોટાની ચર્યા નિયમિત ચાલે છે.

શ્રીમોટા તો માત્ર એક જ વાત કરે છે, 'મારે સમાજને બેઠો કરવો છે'. શ્રીમોટાને મન 'સમાજ' એ 'ભગવાન'નો પર્યાય છે. ઈશ્વરની ગુણશક્તિ જો પ્રજામાં ન જાગે તો ધર્મ ટકી શકે જ નહિ. એથી શ્રીમોટા કહે છે, 'સૌ કોઈ સમાજ પ્રત્યેનો ધર્મ ચૂક્યા છીએ. ધર્માચાર્યો અને સાધુઓએ સમાજને સાચી વાત કહી નથી. એની સમાજ પર માઠી અસર થઈ છે. માત્ર આશીર્વાદથી કામ સરી જવાની ભાવનાથી સમાજ લૂલો થઈ ગયો છે.'

'આજે ભલે લોકો ક્રાન્તિની વાતો કરે, પણ હમણાં સમાજ સુધરે એમ નથી. ભવિષ્યમાં ભારે અંધાધૂંધી આવવાની હોય એવું વાતાવરણ જણાય છે, પણ અંધાધૂંધી બાદ ભારતનો વિકાસ જરૂર થવાનો છે. કેમ કે આજે પણ ઉચ્ચ વિચારનાં મોજાં ચાલે છે પણ રેડિયોની માફક એને

પકડનાર કોણ છે? આ મોજાંને પકડવા માટે આપણે ઈશ્વરાભિમુખ થવું જોઈએ, પણ જ્યારે સમાજ જાગશે ત્યારે જ આ કાર્ય થશે.'

● આંખ મીચાય ત્યારે ●

શ્રીમોટાએ છેલ્લાં કેટલાંક વર્ષોથી લોકસંગ્રહની પ્રવૃત્તિને આકાર આપ્યો છે. એ પ્રવૃત્તિ કરનાર અને પ્રેરનાર શ્રીમોટા હોવા છતાં પ્રત્યક્ષપણે તો 'હરિઃૐ' આશ્રમનું જ નામ જાહેર થાય છે. એથી એમના શરીરના અંત પછી એને મહત્ત્વ આપવામાં લોકો ન પ્રેરાય એ માટે એમણે પોતાનું નીચે પ્રમાણેનું મંતવ્ય જણાવી દીધું છે :

''**મોટા**ના શરીરની હસ્તી ના હોય ત્યારે **મોટા**ના સ્મરણમાં—આ શરીર સાથે સંકળાયેલ બધાં મિત્રોને-પ્રસંશકોને આ શરીર પડે કે તરત કંઈક ને કંઈક રકમ પ્રેમભાવે મોકલી આપવાનું લખવું. આ રીતે જે રકમ મળે, તે બધી '**મોટા** સ્મારક ફાળા ખાતું' શરૂ કરીને તે ખાતે જમા કરવી. તે રકમનો વહીવટ શ્રી નંદલાલ ભોગીલાલ શાહ કરશે. તે અંગેનો ઠરાવ ટ્રસ્ટ મંડળ કરી લઈ શકે છે.

વળી, મારી એવી પણ સલાહ છે કે હરિઃૐ આશ્રમમાં કે ક્યાંયે ઈંટ-ચૂનામાં, તુલસી-ક્યારામાં, બાવલાં-પૂતળાંમાં કે એ રીતે કંઈ પણ સ્થૂળ સ્મારક ના કરવું. તેમાં નાણાંનો વ્યય ના કરવો. પણ જે રકમ ઉપરના ખાતામાં ભેગી થઈ હોય તેનું કોઈ સારું રચનાત્મક કાર્ય કરવાનું રાખવું. સાચું સ્મારક કરવું જ હોય તો સમાજમાં ગુણ ને ભાવ પ્રકટે તેવું કરવું, તે સાચું સ્મારક છે.

અને આ શરીર પડે કે તરત જ તેનો કે શરીરની આંખોનો ઉપયોગ કોઈક ડૉક્ટરી કામ શીખવાના કે કોઈ ઉપકારક કામોમાં થઈ શકતો હોય તો આ શરીરનો ઉપયોગ તે રીતે થાય તેમ કરવો. શરીરને બાળવામાં આવે તો આ શરીરનાં અસ્થિને

તુરત પાસેમાં પાસે જે નદી હોય તેમાં પધરાવી દેવાં. બીજાં દૂરનાં સ્થળોએ કે મનાતાં પવિત્ર ધામોમાં તેને લઈ જવાનો વિચાર સરખો ન કરવો.''

॥ હરિઃૐ ॥

• પૂજ્ય શ્રીમોટાનો અપૂર્વ દેહત્યાગ •

પૂ. શ્રીમોટાએ સમાજોત્થાનનાં કાર્યો માટે અત્યંત પીડાકારક રોગો સાથે સન ૧૯૬૨ થી ૧૯૭૫ સુધી અવિરત શ્રમ લીધો. તેઓશ્રીને કરોડરજ્જુ તથા ગળાના મણકાઓના ઘસારાનું તીવ્રતમ દુખાવાનું દર્દ, ઝામરને કારણે માથામાં સતત સણકા, એસીડીટી, પ્રોસ્ટેટ ગ્લેન્ડ, હરસ-મસા, આંખોમાં ખીલ, લોહીનું વત્તું-ઓછું દબાણ, ચામડીની એલર્જી સાથે ખંજવાળ, શરીરમાં પાણીનો ભરાવો ઉપરાંત ભારે હુમલાકારક વર્ષો જૂનો દમ વગેરે રોગો હતા. દમને કારણે છેલ્લે છેલ્લે તો ઓક્સિજન ગેસ સતત સાથે રાખવો પડતો. આમાંનો એકાદ પણ રોગ સામાન્ય જનને હોય તો પથારીવશ જ રહે. જ્યારે પૂજ્ય શ્રીમોટા તો વ્હીલચેરમાં હરતાં-ફરતાં રહી મોટરકાર અને ટ્રેઈનમાં સેંકડો માઈલોની મુસાફરી પણ કરતા. આવી નાદુરસ્ત તબિયતે પણ સવારથી સાંજ સુધી સ્વજનોનાં ઘરે પોતાની લોકકલ્યાણની યોજનાઓ પૂર્ણ કરવા પધરામણી કરતા હતા.

આવી પ્રવૃત્તિ ધમધમતી હતી ત્યાં જ ૧૯૭૫ના રામનવીના અમદાવાદના ટાઉનહૉલના ઉત્સવમાં એમણે જાહેર કર્યું, ''હવે મારે કોઈ ઉત્સવ ઊજવવા દેવો નથી. હું હવે અમદાવાદ આવવાનો નથી. હવે કોઈ મને મળવા કરવા આશ્રમે આવશો નહિ.'' આમ પોતે પૈસા માગવાનું તો બંધ કર્યું, પરંતુ અન્ય સ્વજનો પણ જે ઉઘરાણું કરતા તે બંધ કરાવ્યું. આ હતી એમના નિઃસંગીપણાના પાસાને વ્યક્ત કરવાની

શરૂઆત. પોતે તમામ પ્રવૃત્તિઓને ખેંચી લીધી. આશ્રમના મુલાકાતીઓને પણ નિશ્ચિત સમય (સવારે ૬ થી ૯) સિવાય મળતા નહિ. જ્યારે એમને લાગ્યું કે હવે એમનું શરીર 'લોકકલ્યાણના ખપમાં' આવી શકે એવું નથી, ત્યારે શરીરનો 'આનંદપૂર્વક' ત્યાગ કરવાનું નક્કી કર્યું, પરંતુ ચોક્કસ દેહત્યાગ પહેલાંનો થોડો પૂર્વ ઇતિહાસ જાણવો રસપ્રદ છે.

સામાન્ય રીતે એકાદ અપવાદ સિવાય પૂજ્યશ્રી વર્ષોથી ગુરુપૂર્ણિમા સમયે દક્ષિણ ભારતમાં કુંભકોણમ્ આશ્રમે રહેતા. ત્યાંનાં સ્વજનો ગુરુપૂર્ણિમા ત્યાં જ ત્રિચી કે કુંભકોણમ્માં એમની હાજરીમાં ઊજવતાં. પરંતુ ૧૯૭૬ની જુલાઈ માસની ગુરુપૂર્ણિમા પર પૂજ્યશ્રીએ કુંભકોણમ્ જવાનું બંધ રાખ્યું. ઘણા લાંબા સમયે ગુરુપૂર્ણિમાએ પૂજ્યશ્રી સુરત આશ્રમે હોય એવો પ્રસંગ આવ્યો. એમણે તો ગુરુપૂર્ણિમાને દિને કોક અજ્ઞાત સ્થળે જવાનું વિચારી રાખેલું. આથી ગુરુપૂર્ણિમા પર આવવા ઉત્સુક એવાં અનેક મુંબઈ-અમદાવાદનાં સ્વજનોને એમણે ના કહેવડાવેલી કે, ''આવશો નહિ. હું મળી શકીશ નહિ.'' પરંતુ સુરતનાં સ્વજનોએ પૂજ્યશ્રીને વિનંતી કરી, ''ગુરુપૂર્ણિમાના શુભ દિને ઘણાં વર્ષો પછી આપ અહીં છો તો તમે તે દિવસે આશ્રમમાં જ રહો તો સારું.'' પૂજ્યશ્રીએ તેમના સમાજોત્થાનના કાર્ય માટે સારી એવી રકમ મળતી હોય તો પોતે સવારના ૭-૩૦ વાગ્યા સુધી રોકાવાની સંમતિ આપી. સુરતનાં સ્વજનોએ રૂપિયા બાવન હજાર એમના ચરણે ધરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. નાણાં એકત્રિત થવાં લાગ્યાં. ધીરે ધીરે લક્ષ્યાંક બદલાતું ગયું અને ૭૭ હજારનું થયું. ગુરુપૂર્ણિમાના દિવસ સુધી ૬૭ હજાર એકત્રિત થયાં. પરંતુ ગુરુપૂર્ણિમાની સવારની પ્રાર્થના બાદ એક સ્વજને ઊભા થઈ ૧૦ હજાર આપ્યાનું જાહેર કરી લક્ષ્યાંકની ઉપર રકમ ચાલી ગઈ. પછીથી એ જે નિમિત્તે આવેલાં નાણાંની રકમ ઉમેરતાં આંકડો ૮૫ હજારનો થયો.

તે દિવસે ધોધમાર વરસાદ હતો. સુરત શહેરનો બધો જ વાહન-વ્યવહાર ખોરવાઈ ગયો હતો. અમદાવાદથી આવનાર ભક્તોએ સુરત

સ્ટેશને રાત્રે ૧૧ા વાગ્યે ઊતરતાં જ જાહેરાત સાંભળી કે, ''હવે પછીની અમદાવાદથી આવતી ટ્રેનો બંધ છે, કારણ કે કોસંબા સ્ટેશન પર પાણી ભરાઈ ગયાં છે.'' આખું સુરત સ્ટેશન ફૂટપાથવાસીઓ અને ઝૂંપડાં-વાસીઓના આશ્રયસ્થાન તરીકે ભરચક ભરેલું હતું. સુરત શહેરમાં પણ ઠેર ઠેર પાણી ભરેલાં હતાં. રાત્રે રીક્ષાઓ બંધ હતી. સુરતથી રાંદેરને રસ્તે પણ અનેક મોટરગાડીઓ ફસાયેલી હતી. આવી પરિસ્થિતિમાં પણ અઢીસો ત્રણસો માણસો સવારના ૬ વાગ્યે સુરત આશ્રમે પૂજ્યશ્રીનાં દર્શનાર્થે અને ગુરુવંદના માટે હાજર હતાં. પ્રાર્થના થઈ. ગુરુવંદના માટે બધાં લાઈનમાં ઊભાં હતાં. કેટલાંક વિચારતાં હતાં કે આવા ધોધમાર વરસાદમાં પૂજ્યશ્રીનું જવાનું હવે બંધ રહેશે. પરંતુ ૭ા વાગતાં જ પૂજ્યશ્રીને મોટરમાં બેઠેલા જોતાં બધાં આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં. ઘણાં ઓછાંને ખબર હતી કે મોટર ઠંડી ન પડી જાય એ માટે એમણે મોટરનું મશીન ચાલુ રખાવીને ગરમ કરી રાખેલું. એમણે તો નિશ્ચિત સમયે આશ્રમ છોડ્યો. સને ૧૯૭૬ તા. ૧૧મી જુલાઈનો એ ગુરુપૂર્ણિમાનો દિવસ. એમની ઈચ્છા વિદ્યાનગર શ્રી રામભાઈ અને ડૉ. કાન્તાબહેનને ત્યાં જઈને તે જ રાત્રે દેહ છોડવાની હતી. 'અમે આવીશું' એવી મતલબનું શ્રી રામભાઈને કદાચ કહી પણ રાખેલું. પરંતુ 'તમારે કાન્તાને કહેવું નહિ' એવી પણ સૂચના આપેલી. શ્રી રામભાઈએ એ હુકમનું યથાર્થ પાલન કર્યું હતું. તેમના ઘરે દેહ છોડવો છે એ અંગેનો ઈશારો તો રામને પણ કરેલો નહિ. પૂજ્યશ્રી અને શ્રી નંદુભાઈ, બે જ જણા એ જાણે.

સુરત આશ્રમેથી નીકળ્યા બાદ વડોદરાને રસ્તે કોસંબાનો પુલ તૂટેલો હોવાથી તેમને પાછા ફરવું પડ્યું. પાછા ફરતાં કડોદરાને બદલે ભૂલથી વરાછા રોડ પર આવી ગયા. વરાછા રોડ અને સુરત વચ્ચેના ગરનાળાથી આગળ એક ગલીમાં થઈ શહેરમાં પ્રવેશ કરવા જતાં કાદવ કીચડવાળા પાણી ભરેલા ખેતરમાં ગાડી ફસાઈ ગઈ. શ્રી નંદુભાઈની ફરતી ઑફિસનું કેટલુંક સાહિત્ય મોટરમાં પાણી ભરાવાથી પલળીને

બગડી ગયું. આજુબાજુની સોસાયટીનાં કેટલાંક માણસોએ પૂજ્ય શ્રીમોટાને ઓળખી લીધા અને ફસાયેલી ગાડીને બહાર કાઢવાની વિનંતી કરવા છતાં, તેમણે મદદ કરવાની તત્પરતા દાખવી નહિ, કારણ કે ઊંડે ઊંડે ગુરુપૂર્ણિમાના દિવસે અનાયાસે આવેલા **મોટા**ને પોતાના ઘરમાં પધરામણી કરાવવાની ઇચ્છા રહેલી હતી. પેલા માછીમારે પગ ધોયા વિના હોડીમાં બેસાડવાની શ્રીરામને ના પાડેલી, જેથી પગ ધોવાની તક મળે. કંઈક તેવો જ આ પ્રસંગ હતો. પરંતુ મક્કમ નિર્ધાર સાથે પૂજ્યશ્રી તો કારમાં જ સૂઈ રહ્યાં. ''હવે કંઈ દાળ ગળે એમ નથી'' એવું વિચારીને પછી બધાંએ મદદ કરી અને મોટર ખેંચી કાઢી. આખરે ચારેક કલાક બાદ સુરત આશ્રમે ૧૨ વાગ્યે પાછા આવ્યા. સુરત આશ્રમના પ્રમુખ શ્રી હસમુખભાઈ રેશમવાળાને પૂજ્યશ્રીએ કહી રાખ્યું હતું કે વડોદરાથી જો કોઈ પહેલી ટ્રક આવે, તો રોડ ચાલુ થયાની જાણ અમને તરત કરજો. એવી ખબર મળ્યાથી બીજે દિવસે તા. ૧૨મી જુલાઈએ સવારે ૬ વાગે સુરત આશ્રમેથી નીકળ્યા. વડોદરા પહોંચતાં પહેલાં દસબાર માઈલ પહેલાંનું ગામ પોર આગળ પાણી ભરાયેલાં હોવાથી ત્યાં થોડો વખત થોભવું પડ્યું. વડોદરા પાસે આવ્યા, ત્યારે વિશ્વામિત્રી ઉપરનો વાહન-વ્યવહાર બંધ હોવાથી પૂજ્યશ્રીએ પોતાના વડોદરાના કાયમી યજમાન શ્રી જયરામભાઈ દેસાઈને ત્યાં પ્રતાપનગર ગાડી લેવડાવી. ત્યાં ત્રણેક કલાક આરામ કરી નીકળ્યા. પણ વડોદરા શહેરમાંથી પાણી હજુ ઓસર્યાં ન હતાં. પોલીસ કોઈ પણ વાહનને આગળ જવા દેતી ન હતી. પરંતુ વડોદરાના માજી મેયર શ્રી લલિતભાઈએ **મોટા**ને ગાડીમાં જોયા અને આગળ જવા દેવાની વ્યવસ્થા કરી. પરંતુ છાણી આગળ ખૂબ પાણી ભરાયેલાં હોઈ એ રસ્તો બંધ હોવાથી, પૂજ્યશ્રીએ ગાડી પોતાના સ્વજન એલેમ્બિકવાળા શ્રી રમણભાઈ અમીનને ત્યાં લેવડાવી. શ્રી રમણભાઈ અમીનને ત્યાં અર્ધો કલાક રોકાઈને એમના પુત્ર શ્રી ચિરાયુભાઈને રસ્તો બતાવવા પાઈલટ કાર તરીકે આગળ રાખ્યા અને પાછળના રિફાઈનરીવાળા રસ્તે ફર્ટિલાઈઝર પાસે હાઈવે ઉપર નીકળ્યા. આગલે

દિવસે શ્રી રામને આવવાનું કહેલું એટલે વિદ્યાનગરથી ડૉ. કાન્તાબહેન તથા શ્રી રામભાઈને આશ્રમે સેવામાં રાખવા સાથે લઈને સાંજે સાત વાગ્યે નડિયાદ આશ્રમે આવ્યા. સુરતથી સવારના છના નીકળેલા સાંજે સાતે નડિયાદ આશ્રમે પહોંચવાથી આખા દિવસના પ્રવાસનો ભારે શ્રમ પૂજ્યશ્રીને અનુભવવો પડ્યો અને પછીના બે-ત્રણ દિવસ સુધી એમની સુખાકારીને એ બાધક નીવડ્યો.

આવી નાદુરસ્ત તબિયત હોવા છતાં તા. ૧૩-૧૪-૧૫મી જુલાઈએ તો પૂજ્ય શ્રીમોટાએ આશ્રમમાં નિયમિત આવનાર સ્વજનોને મળવા પણ દીધાં. તા. ૧૬મી જુલાઈએ પ્રોસ્ટેટનું દર્દ વધુ ઉગ્ર બન્યું. ૩૬ કલાક સુધી પેશાબ ન થયો. આથી પૂજ્યશ્રીની 'ના' હોવા છતાં ડૉ. કાન્તાબહેને પોતે ડૉક્ટર હોવાથી પોતાની જવાબદારી સમજી નડિયાદના પ્રખ્યાત યુરૉલોજિસ્ટ ડૉ. વીરેન્દ્રભાઈ દેસાઈને બોલાવવાનું નક્કી કર્યું. કામ વસમું હતું. તે દિવસે શેઢી નદીમાં ભારે પૂર હતું. મુખ્ય રસ્તાને જોડતા આશ્રમના રસ્તા પર પણ એક માથોડું પાણી હતું. આખરે આશ્રમના પાછળના રસ્તે ઢીંચણ સમા પાણીમાં કાદવ ખૂંદતા કેટલીય વારે કાન્તાબહેન મુખ્ય રસ્તા પર પહોંચ્યાં. ત્યાં પ્રભુકૃપાથી આશ્રમના દરરોજના મુલાકાતી સ્વજન શ્રી વિષ્ણુભાઈની મોટરમાં ડૉ. વીરેન્દ્રભાઈ પાસે પહોંચ્યાં. ડૉ. વીરેન્દ્રભાઈએ તો જો દોરડા સાથે લાકડું બાંધી આશ્રમની બાજુથી મુખ્ય રસ્તા પર ફેંકવામાં આવે, તો તે લાકડું પકડીને દોરડાથી ખેંચાઈ તરતા તરતા આવવાની પણ તત્પરતા બતાવી. જો કે એમ કરવાની જરૂર ન પડી. પાછળને રસ્તે ઢીંચણ સમા કાદવ, કીચડ અને પાણી ખૂંદતા ડૉ. વીરેન્દ્રભાઈ આશ્રમમાં આવ્યા. એમણે કૅથેટર મૂક્યું અને થોડોક પેશાબ કરાવ્યો. બીજે દિવસે તા. ૧૮મી એ પણ ડૉ. વીરેન્દ્રભાઈ આવ્યા. ત્યાં સુધીમાં કેથેટર દ્વારા ૨॥-૩ લીટર જેટલો પેશાબ એકત્રિત થયો હતો. ત્યાર બાદ પૂજ્યશ્રી હળવા થયા. એમના શરીર પરના સોજા ઓછા થઈ ગયા.

૧૯મી જુલાઈએ પૂજ્યશ્રીએ આશ્રમનું લેટરપેડ માગ્યું અને શ્રી નંદુભાઈને બોલાવ્યા અને તેમની હાજરીમાં સવારે ૧૦-૩૦ વાગ્યે એક પત્ર લખ્યો અને પોતાના ચશ્માઘરમાં મૂક્યો. તા. ૨૦-૨૧મી એ સવારે આશ્રમે આવનાર તમામને ૧૦-૧૦ મિનિટ મળવાની છૂટ અપાઈ. તા. ૨૧મીએ સાંજે પૂજ્ય શ્રીમોટાએ નડિયાદ આશ્રમમાં પૈડાંખુરશીમાં પોતાને ફેરવવા માટે રાજુભાઈને કહ્યું. આશ્રમની વનસ્પતિની જાણે આખરી વિદાય લેતા હોય એમ દરેક વનસ્પતિને બે હાથ જોડી પ્રણામ કર્યા. પરંતુ રાજુભાઈના ધ્યાનમાં એ ન આવ્યું. ન તો એમને કશું સાંકેતિક લાગ્યું. પૂ. શ્રીમોટાએ ફરતાં ફરતાં સૂચના આપી કે આ નાહવાનું ટબ જેનું છે, તેને તું પહોંચાડી દેજે. ત્યારે રાજુભાઈએ કહ્યું, ''**મોટા!** આપણે પાછા આવીએ ત્યારે જોઈશે ને?'' ત્યારે વાતને વાળી લેતાં પૂજ્યશ્રીએ જવાબ આપ્યો, ''ત્યારે પાછું મંગાવી લઈશું.''

તા. ૨૨મી જુલાઈએ સમયપત્રક મુજબ ફાઝલપુર જવાનું હતું. વહેલી સવારના ૨-૨૫ વાગ્યાથી મોટાએ ડૉ. કાન્તાબહેનને ઉઠાડવા માંડ્યાં. પોતે ઉતાવળ કરાવીને તૈયાર થઈ ગયા અને બીજાં બધાંને ઉતાવળ કરાવીને પાંચ વાગ્યે નીકળ્યા. તે સમયે ધોધમાર વરસાદ વરસતો હતો. એટલે ચાર ખૂણે ચાર જણે તાડપત્રી ધરીને એમને ગાડીમાં બેસાડ્યા. પૂજ્યશ્રી તો એમની મર્સીડીઝ ગાડીમાં હતા. સાથે શ્રી રામભાઈ અને શ્રી નંદુભાઈ હતા. ડૉ. કાન્તાબહેન અને રાજુભાઈ કાન્તાબહેનની ફીયાટ ગાડીમાં હતાં. કાન્તાબહેનની ગાડી પાઈલટ કાર તરીકે આગળ જતી હતી. રોડ ઉપર જેવા ચડ્યા કે આશ્રમની તમામ લાઈટો બંધ થઈ ગઈ. ગ્રીડમાંથી સીધી મળેલી લાઈન હોવાથી આવું બંધ થઈ જવું શક્ય ન હતું. આથી આશ્રમવાસીઓને કશાક અઘટિતનાં એંધાણ વર્તાયાં. મહાગુજરાત હૉસ્પિટલ આગળ અને કૉલેજ રોડ પર પાણી હોવાને કારણે સંતરામ-વિઠ્ઠલ કન્યા વિદ્યાલયને રસ્તે જે ફાટક આવે છે, ત્યાંથી બહાર જતાં હાઈવે ઉપર નીકળ્યાં. કેટલીક જગાએ ઘણાં પાણી હતાં. ડૉ. કાન્તાબહેનની ફીયાટ ગાડી એ પાણીમાંથી કેવી

રીતે હેમખેમ નીકળી તેનું આશ્ચર્ય હજી પણ કાન્તાબહેન અનુભવે છે. શ્રી નંદુભાઈને રસ્તે કારમાં પૂજ્ય શ્રીમોટાએ દેહ છોડવા અંગે શ્રી રમણભાઈની સંમતિ જઈને તરત જ મેળવી લેવા કહ્યું. ફાઝલપુર શ્રી રમણભાઈ તથા શ્રીમતી ધીરજબહેન સવારે ૬ વાગે સ્વાગત માટે હાજર હતાં. શ્રી નંદુભાઈએ રમણભાઈને વાત કરી. ''તમે રજા આપો તો પૂજ્યશ્રીને અહીં દેહ છોડવો છે. તમારી રજા ન હોય તો પછી સુરત આશ્રમે જઈ દેહ છોડશે.'' શ્રી રમણભાઈએ કહ્યું, ''આ ઘર પૂજ્યશ્રીનું છે. એમની જેમ ઇચ્છા હોય તેમ.'' તે વખતે શ્રી રમણભાઈને ખ્યાલ નહિ કે આજે જ દેહ છોડશે. હંમેશની માફક તે દિવસે પૂજ્યશ્રી બધાં સાથે જમવા બેઠા નહિ. કાન્તાબહેનને કંઈક બનાવી લાવવાનું કહ્યું. ડૉ. કાન્તાબહેન સૂરણ બાફીને લઈ આવ્યાં. તે એમણે માંડ એકાદ ફોડવો ખાધું હશે.

આઠેક વાગે પૂજ્યશ્રીએ શ્રી નંદુભાઈને પોતાના ગળાની કંઠી અને કાંડાનું ઘડિયાળ આપીને નક્કી કરી દીધું કે આજે દેહ છોડવો છે. શ્રી નંદુભાઈએ રજૂઆત કરી, ''આજે આવી વરસાદની હેલી છે તો ચિતા વગેરે સળગાવવામાં મુશ્કેલી પડશે. મહી નદીમાં પણ ભારે પૂર છે. બે-ત્રણ દિવસ રોકાઈ જાવ તો?'' પૂજ્યશ્રીએ મક્કમ અવાજે જવાબ આપ્યો, ''અગ્નિસંસ્કાર કરવાનું ન ફાવે તો દેહને નદીમાં પધરાવી દેજો. મેં નક્કી કરી દીધું છે.'' ''This is not a matter of discussion.''

સવારે ૧૧ વાગ્યે એમણે બીજા ત્રણેક પત્રો લખ્યા. તેમાં એકમાં આ પ્રમાણે લખ્યું, ''ગુરુમહારાજ જીવતા પ્રાણી છે એમ નથી. એ તો એમને કે આપણને ખપ પડે, માણસ જેવા થઈ આપણા આગળ થઈને જે તે આપણું ઉકેલી આપે છે.'' બીજા કાગળમાં એમણે પોતાને મદદ કરનારાઓનો આભાર માની ''ભગવાન તેમનું યશકલ્યાણ કરો'' એવી પ્રાર્થના કરી છે અને ત્રીજામાં પોતે જે પુસ્તકો લખેલાં તેની પાછળની પોતાની ભાવના અને પદ્ધતિને ડોલનશૈલીમાં રજૂ કરી છે.

તે દિવસે જ યોગાનુયોગે શ્રી રમણભાઈના એ ફાર્મના દરવાજા માટે આરસની તકતી ''હરિસ્મૃતિ'' આવી અને તે દરવાજાના સ્તંભ પર લગાડાઈ. બપોરે ૩-૦૦ વાગ્યે હંમેશાં આવતાં હતાં, એ મુજબ શ્રી રમણભાઈના પરિવારનાં સભ્યો, બાળકો વગેરે પૂજ્યશ્રીને મળવા આવ્યાં. તે બધાંને પ્રેમથી મળ્યા તો ખરા પણ ઉતાવળ કરાવીને તેમને બધાંને વિદાય કરાવડાવ્યાં. સાંજે ૪-૦૦ વાગે તેમણે પોતાને વરંડામાંથી અંદર ઓરડામાં લેવડાવ્યા. પછી શ્રી નંદુભાઈને એકલા બોલાવી સાતેક મિનિટ વાત કરી. તે વખતે શ્રી નંદુભાઈએ અંદરથી કોઈ સાહજિક પ્રેરણા દ્વારા પૂજ્ય શ્રીમોટાને કહ્યું, ''હું તમારા પછી આશ્રમોમાં જ રહીશ અને આશ્રમો સંભાળીશ.'' પૂજ્યશ્રીએ આંખો દ્વારા સંતોષ પ્રગટ કર્યો. આ એક સૂચક પ્રસંગ છે, કારણ કે નંદુભાઈ પૂજ્યશ્રીને ઘણીવાર કહેતા, ''My loyalty is primarily towards you, and secondarily towards the Ashrams as I do not identify myself with the Ashrams.'' તે વખતે પૂજ્યશ્રી એ વાત સાંભળી લેતા. નંદુભાઈએ તો અગાઉ વિચારી પણ રાખેલું કે પૂજ્યશ્રીના દેહની હયાતી બાદ એક-બે વર્ષમાં આ આશ્રમોનો સમગ્ર કારભાર વ્યવસ્થિત કરી લઈ કુંભકોણમ્ આશ્રમે કાયમ માટે રહેવા જતા રહેવું. આ વાતના સંદર્ભમાં પૂજ્યશ્રી સાથેના આખરી મિલનમાં એ ધન્ય પળે નંદુભાઈનો નિર્ણય કેવી રીતે બદલાયો અને ઓચિંતો કેમ વ્યક્ત થયો એનો સભાન ખ્યાલ નંદુભાઈને બિલકુલ ન આવ્યો. તદ્દન સાહજિક રીતે એ બની ગયું. એમાં પૂજ્યશ્રીની કોઈ અકળ લીલા કેમ ના હોય!

નંદુભાઈએ વાત પૂરી કર્યા બાદ અન્ય પાંચેય જણને અંદર બોલાવ્યાં. પૂજ્યશ્રીએ સૂચના આપી, ''તમારે અંદર બેસવું હોય તો અંદર બેસો, બહાર બેસવું હોય તો બહાર બેસો. હવે મને કોઈ બોલાવશો નહિ અને કોઈ અડશો નહિ. આ કૅથેટરને મારા શરીર પરથી દૂર કરશો નહિ. એ મારી જીવનસંગિની છે.'' છએ જણે પૂજ્યશ્રીની રૂમમાં બેસવાનું પસંદ કર્યું. રૂમ બંધ કર્યો અને બધાંએ પોતપોતાની રીતે હરિઃૐના જપ શરૂ કર્યા. રાત્રે લગભગ ૧૨ વાગ્યે સહજપણે

નંદુભાઈના મનમાં વિચારી સ્ફુરી ગયો કે **મોટા** કદાચ ૧-૩૦ વાગ્યે પ્રાણ છોડશે, કારણ કે પૂજ્ય શ્રીઅરવિંદે પણ શુક્રવારે સવારે ૧-૩૦ વાગ્યે દેહ છોડ્યો હતો. રાત્રે સાડા બાર વાગ્યે ડૉ. કાન્તાબહેને પૂજ્ય શ્રીમોટાની નાડીના ધબકારા ગણ્યા. ૩૦ થી ૩૫ હતા. ૧-૧૫ વાગ્યે શ્રી રામભાઈએ સહેજ શરીરનું સ્પંદન થતું જોયું. ૧-૨૫ વાગ્યે દેહ છૂટી ગયો. શરીર ઉપર કોઈ ઉગ્ર ચિહ્ન વરતાયું નહિ. ભીષ્મ પિતામહના ઇચ્છામૃત્યુની વાત વાંચેલી પણ રોગોની બાણશય્યા પર પોઢેલા પૂજ્ય શ્રીમોટાના ઇચ્છામૃત્યુનો પ્રસંગ આપણી હયાતીમાં બન્યો, આ એક અનોખી ઘટના છે.

શ્રી રમણભાઈ અને ફાર્મ મેનેજર શ્રી છગનભાઈ સવારે ૪ વાગ્યે જઈને ચિતાની જગા નક્કી કરી આવ્યા હતા. પાણીની સપાટી પાસે જગા નક્કી કરી હતી.

નંદુભાઈ પ્રેસ માટે સંદેશો વગેરે લખવામાં ગૂંથાયા. અંતિમ ક્રિયા કરવામાં પૂજ્યશ્રીના આદેશને માન આપવાનું હતું. તા. ૧૯મીએ નડિયાદ આશ્રમે લખેલા પત્રમાં એ આદેશ હતો. તે એક વસિયતનામા જેવો છે અને લાક્ષણિક ઢબે લખાયેલો છે.

જે કોઈને આ અંગે લાગેવળગે છે તેઓ જોગ :-

હું ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે મોટા રહેવાસી હરિઃૐ આશ્રમ, નડિયાદ આથી જણાવું છું કે મારી રાજીખુશીથી મારી પોતાની મેળે મારા જડ દેહને છોડવા ઇચ્છું છું. આ દેહ ઘણા રોગોથી ઘેરાયેલો છે અને હવે લોકકલ્યાણના કામમાં આવે તેમ નથી. રોગ મટવાની આશા પણ નથી. એટલે આનંદપૂર્વક શરીર છોડવું ઉત્તમ છે અને તે માટે યોગ્ય પળ લાગશે ત્યારે હું એમ કરી લઈશ.

મારા શરીરનો અગ્નિસંસ્કાર એકાંતમાં શાંત જગ્યાએ મૃત્યુસ્થળની નજીકમાં કરવો અને તે પણ આપ છ★ જણની હાજરીમાં જ કરવો.

★ એ છ જણ : (૧) શ્રી નંદુભાઈ, (૨) શ્રી રમણભાઈ અમીન, (૩) શ્રીમતી ધીરજબહેન અમીન, (૪) શ્રી રામભાઈ પટેલ, (૫) ડૉ. કાન્તાબહેન પટેલ અને (૬) શ્રી રાજુભાઈ પટેલ.

ઘણા ભેગા કરવા નહિ, તેમ મારા સેવકોને હું ફરમાવું છું. મારાં અસ્થિને પણ નદીમાં પૂરેપૂરાં પધરાવી દેવાં.

મારા નામનું ઈંટ-ચૂનાનું સ્મારક કરવું નહિ. મારા મૃત્યુ નિમિત્તે જે કંઈ નાણાંભંડોળ ભેગું થાય તેનો ઉપયોગ ગામડાંમાં શાળાના ઓરડા બાંધવામાં કરવો.

– ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે મોટા,

તા. ૧૯-૭-૭૬.

મહી નદીના પશ્ચિમ કાંઠાની ભેખડ ઉપર શ્રી રમણભાઈનો બંગલો અને તેની આગળનો બગીચો આવેલાં છે, ત્યાંથી ઊતરવાની એક કેડી હતી. કોક દિવ્ય સંકેતાનુસાર બે-ત્રણ મહિના પહેલાં જ ૧૧૧ ફૂટની એ સાંકડી કેડી ૩ ફૂટ પહોળી કરી બે માણસ જોડાજોડ સહેલાઈથી જઈ શકે એવા રસ્તારૂપે શ્રી રમણભાઈ અમીને બનાવરાવી હતી, એટલે ફાર્મના કંપાઉન્ડની બહાર ગયા વિના જ સીધા નદીતટે ઊતરી શકાય એવું હતું. મૃત્યુસ્થળની તદ્દન નજીક અગ્નિસંસ્કાર કરવાના પૂજ્યશ્રીના આદેશનું આ રીતે સહજપણે સુલભ રીતે પાલન કરવાના પૂજ્યશ્રીના આદેશનું આ રીતે સહજપણે સુલભ રીતે પાલન થયું. સૂવાના ઍલ્યુમીનિયમના વજનમાં હલકા ખાટલામાં પૂજ્યશ્રીના દેહને નીચે લઈ જવામાં આવ્યો. મહી નદીનું પાણી ઝડપથી ચઢતું હોવાથી મૂળ નક્કી કરેલી જગા બદલીને થોડા ઉપરના ભાગમાં ચિતા ખડકવામાં આવી હતી. દેહને નીચે લઈ જતી વેળા ન તો કોઈ અગરબત્તી સળગાવવામાં આવી હતી, ન તો સુખડનું લાકડું રાખવામાં આવ્યું હતું. ગંગાજળનો છાંટો પણ નાખવામાં આવ્યો ન હતો. કોઈ કેમેરો ન હતો. પ્રણાલિકાગત વિચારોને કેવી તિલાંજલિ! ગતાનુગતિક વિધિનો કેવો ત્યાગ! સૂક્ષ્મને મહત્ત્વ, સ્થૂળને નહિ. એ બાબત આનાથી સ્પષ્ટ થાય છે.

ચિતા પર દેહને સુવડાવતાં શ્રી રામભાઈ બોલી ઊઠ્યા, ''**મોટા** તો નાગાબાવાની જમાતના ગણાય. આ વસ્ત્રની પણ શી જરૂર!'' એટલે દેહ પર રહેલું એકમાત્ર વસ્ત્ર પણ લઈ લીધું. શ્રી રમણભાઈના હસ્તે

અગ્નિદાહ દેવાયો. બે કલાકમાં તો દેહ પંચભૂતમાં ભળી ગયો. એનાં છેલ્લાં અવશેષો અસ્થિ અને રાખને ફાર્મ મેનેજર શ્રી છગનભાઈ અને શ્રી રાજુભાઈએ મહી નદીના પાણીથી ડોલો ભરી ભરી ઉલેચીને પૂજ્યશ્રીના આદેશ અનુસાર મહી નદી ભેગાં કર્યાં. બે બહેનોએ સ્ત્રીસહજ ઋજુતાથી ડૂસકાં ભર્યાં ત્યારે અન્ય વ્યક્તિઓ થોડી ગંભીર બની. નહિતર મૃત્યુ ને જન્મ બન્ને એક જ સિક્કાની બે બાજુ એમણે ગણી લીધી હતી.

તા. ૨૩ જુલાઈ, સવારે ૯-૪૫ વાગ્યે ફાઝલપુરમાં બધાં જમ્યાં. શ્રી રમણભાઈ અને શ્રીમતી ધીરજબહેન વડોદરા ગયાં. શ્રી નંદુભાઈ એકલા આશ્રમે આવ્યા. થોડીક વારમાં વાત વહેતી થઈ અને આશ્રમમાં લોકપ્રવાહ વહેવા માંડ્યો.

પૂજ્યશ્રીના આ દેહવિલય પછી એમના આખરી આદેશને માન આપી જે કંઈ રકમ એમનાં મૃત્યુ નિમિત્તે એકત્રિત થાય તે તદ્દન નાનાં ગામડાંની પ્રાથમિક શાળાના ઓરડા બાંધવામાં જ વાપરવાનો નિર્ણય હરિઃૐ આશ્રમે કર્યો. શરૂઆતમાં તો એમ વિચારાયું હતું કે ૧૨-૧૩ દિવસમાં જે કંઈ રકમ આવશે તે આ રીતે ફાળવી દઈશું. પરંતુ શ્રી ઇન્દ્રવદન શેરદલાલને સ્વયંસ્ફુરિત પ્રેરણા થઈ કે પૂજ્ય શ્રીમોટાની ઇચ્છા આયોજનપૂર્વક પાર પાડવી. અમદાવાદના હરિઃૐ સત્સંગ મંડળનાં સ્વજનોએ શ્રી ઇન્દ્રવદન શેરદલાલની એ પ્રેરણાને મૂર્તસ્વરૂપ આપવા તેમની તથા શ્રી લક્ષ્મીકાંત અમીનની દોરવણી હેઠળ આયોજનપૂર્વક એક વિશિષ્ટ આંદોલન ઉપાડ્યું, અને ઘણી સારી રકમ એકત્રિત કરી. એમાંથી જે પ્રેરણા-સ્ફુલિંગો જન્મ્યાં તેને કારણે આણંદમાં, ખેડા જિલ્લાનાં એક-બે ગામોમાં, વડોદરા, સુરત અને મુંબઈ વગેરે સ્થળોએ સ્વજનોએ એ કામ ઉપાડી લીધું. આ પ્રવૃત્તિ આઠેક મહિના ખૂબ વેગથી ચાલી. યોજનાપૂર્વક રકમ એકત્રિત કરવાનું કામ હાલમાં બંધ છે. પરંતુ આપમેળે દાનનો પ્રવાહ તો હજુ પણ એકધારો આશ્રમમાં વહ્યા જ કરે છે. કેટલીક વાર તો આશ્રમ સાથે કોઈ પણ જાતનો પરિચય

ન હોય એવી વ્યક્તિઓ તરફથી મોટી મોટી રકમનાં દાનો મળ્યે જાય છે. તેને પરિણામે સમગ્ર ગુજરાતમાં કચ્છથી માંડીને વલસાડ સુધીના અને ઉત્તર ગુજરાતના પણ તમામ જિલ્લાઓને આવરી લઈને ૧૮૫ તાલુકાઓમાંથી ૧૮૩ તાલુકાને આજ સુધીની ફાળવેલી રકમ બે કરોડ ઉપર થવા જાય છે. આ એક વિસ્મયકારક અનોખી ઘટના બની છે. ત્યારે પૂજ્યશ્રીના અનેક વાર ઉચ્ચારાયેલા શબ્દો કર્ણપટ પર ગુંજારવ કરતા સંભળાય છે. ''જો જો ને! મારું શરીર ગયા બાદ આશ્રમને દરવાજે પૈસાનો ઢગ થઈ જશે.'' કેટલું યથાર્થ ભવિષ્યકથન!

– પૂજ્ય શ્રીમોટા–જીવનવૃત્તાંત (સાક્ષાત્કાર પશ્ચાત્-એક સંક્ષેપ)
આલેખન (પાના નં. ૮૦૧ થી ૮૧૨) શ્રી ઈંદુકુમાર દેસાઈ
('જીવનદર્શન' આ. ૮, પૃ. ૪૭૬,૪૭૮થી ૪૮૯)

પૂ. શ્રીમોટાના કાર્યની આ પૂર્ણાહુતિ નથી પણ આરંભ છે.

॥ હરિઃૐ ॥

શ્રીમોટાની આ જ્ઞાનયુક્ત પ્રવૃત્તિની વિગતથી એનો વિસ્તાર અને વૈવિધ્ય સમજી શકાશે.

• જનકલ્યાણની પ્રવૃત્તિઓ •

મૌનમંદિરની સાધના ઉપરાંત શ્રીમોટા તરફથી હરિઃૐ આશ્રમો દ્વારા નીચે મુજબની વિવિધ પ્રકારની લોક-કલ્યાણની પ્રવૃત્તિઓ પણ થાય છે.

૧. ભક્તિ પરત્વેનાં અને ભાવનાત્મક સાહિત્યનાં મૌલિક સર્જનો.

૨. બાળકોમાં ગુણ અને ભાવના પ્રકટે એવાં મૌલિક વાર્તાનાં સર્જનો.

૩. બહેનો અને માતાઓના જીવન પરત્વે સમાજના માનસમાં સદ્‌ભાવ, આદર અને માન પ્રકટે એવા સાહિત્યનું સર્જન.

૪. ''જ્ઞાન-ગંગોત્રી'' સંદર્ભ ગ્રંથો (Book of Knowledge)નું સર્જન. 'બાલભારતી', 'કિશોરભારતી', વિજ્ઞાનશ્રેણીનાં ગ્રંથો તથા સર્વધર્મી તત્ત્વજ્ઞાનદર્શન–શ્રેણીના ગ્રંથો વગેરે.

૫. માનવસમાજનાં સાહસ, હિંમત, પરાક્રમ, પ્રામાણિક્તા, ત્યાગ, સહનશક્તિ વગેરે ગુણની કદરભાવના-પ્રતીકરૂપે ચંદ્રકો આપવા.

૬. સ્ત્રીઓનાં શરીર સુદૃઢ બને ને તેમનામાં ગુણ અને ભાવનાના સંસ્કાર પ્રકટે તેવી સક્રિય યોજનાઓ.

૭. વિદ્યાર્થીઓમાં ગુણ અને ભાવના પ્રકટે તેવા નિબંધની હરીફાઈઓ.

૮. નાનાં નાનાં ગામડાંની નિશાળોમાં ગુણ અને ભાવના પ્રકટે એવાં પુસ્તકોની વહેંચણી.

૯. જૂના જર્જરિત થઈ ગયેલા ઓવારાઓનું દુરસ્તી કાર્ય અને જુદી જુદી સામાજિક સંસ્થાઓને સહાય.

૧૦. પછાતવર્ગની બહેનોમાં એસ. એસ. સી. ઇત્યાદિમાં પ્રથમ આવનારને શિષ્યવૃત્તિઓ.

૧૧. ખેડા જિલ્લામાં અસ્પૃશ્યતા નિવારણનું સારામાં સારું કામ કરે તેને પ્રત્યેક વર્ષે ચાંદીનો મોટો શિલ્ડ.

૧૨. નડિયાદમાં, સુરતમાં, વડોદરામાં અને રાજપીપળામાં સ્નાનાગારો, તાપી નદીમાં અને નર્મદા નદીમાં તરણ-હરીફાઈઓ; તથા અખિલ હિંદ ધોરણે સમુદ્ર-તરણ સ્પર્ધા યોજનાઓ તથા રાજ્ય કક્ષાએ હોડી હરીફાઈઓ તથા મેરેથોન દોડ-રેઈસ યોજના.

૧૩. યુનિવર્સિટી દ્વારા શ્રીઅરવિંદ તત્ત્વજ્ઞાન વ્યાખ્યાનમાળા અને બીજી વ્યાખ્યાનમાળાઓ.

૧૪. ફળાઉ વૃક્ષારોપણ, પાણીની પરબ, તિતિક્ષા-હરીફાઈ. વિદ્યાર્થીને મદદ, નાનાં ગામોમાં નિશાળોનાં બાંધકામોમાં મદદ, પક્ષીને ચણ, દવા-મદદ વગેરે વગેરે.

૧૫. વેદની ઋચાઓના અર્થો આમજનતાને સુલભ બને એ માટેનાં પ્રકાશનો.

૧૬. વિજ્ઞાન, ખેતી, મેડીસીન, સર્જરી, ઇલેક્ટ્રોનિક્સ, પ્લેનેટરી એન્ડ સ્પેસ સાયન્સીસ, ગામડાંમાં અને શહેરોમાં સસ્તાં અને મજબૂત મકાનોનાં બાંધકામ આદિ ક્ષેત્રોએ એન્ડાઉમેન્ટના વ્યાજમાંથી પ્રતિવર્ષે મોટી રકમોનાં અખિલ હિંદ કક્ષાએ માતબર પારિતોષિકોની યોજનાઓ.

૧૭. વિદ્યાર્થીઓમાં શ્રમનું મહત્ત્વ પ્રકટે તેનાં ટ્રસ્ટો અને કન્યા-વ્યાયામશાળાઓને ઉત્તેજન.

૧૮. હાઈસ્કૂલ કક્ષાનાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે સાઇકલ અને દોડ સ્પર્ધા પારિતોષિક ટ્રસ્ટો.

૧૯. પર્યટનો, પર્વતારોહણો, બોટિંગ, પગપાળા પ્રવાસો અને રમતગમતો દ્વારા ગુજરાતની બધી યુનિવર્સિટીઓના

વિદ્યાર્થીઓમાં સાહસ, હિંમત, નીડરતા આદિ ગુણોના વિકાસાર્થે જુદાં જુદાં ટ્રસ્ટો અને યોજનાઓ.

૨૦. સંગીત-વાદ્ય-નૃત્ય અને ચિત્ર જેવી લલિતકળાઓની સ્પર્ધાઓની યોજના અને વાર્ષિક પારિતોષિકો.

૨૧. બ્રિટિશ એન્સાઇક્લોપીડિયાની ઢબની કક્કાવારી કોશની ગ્રંથશ્રેણીઓ તથા ગુજરાતી સાહિત્યકોશ.

૨૨. ગુજરાત સ્ટેટ કક્ષાએ બધી યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ માટે જુદા જુદા વિષયોની પ્રતિભા શોધ અને ઉત્કર્ષ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા પારિતોષિકોની યોજના.

૨૩. રામાયણ, મહાભારત, ભાગવત આદિ ગ્રંથોની ત્રિરંગી સચિત્ર સરળ શૈલીમાં વાર્તાઓના પ્રકાશન ટ્રસ્ટોની યોજનાઓ.

૨૪. ગુજરાત કક્ષાએ લીલીસૂકી ખેતી, બાગાયત, રેશમ અને તેના રેસા, સમુદ્રશાસ્ત્ર, પુરાતત્ત્વવિદ્યા, બાયો-જીઓ-સોઈલ કેમિસ્ટ્રી, બોટની પ્લાન્ટસ અને પ્લાન્ટ પેથોલોજી, ટ્રોપીકલ ડીસીસીઝ, એન્જિનીયરીંગ અને ટેકનીકલ વિષયો, રંગ અને રંગની બનાવટો, પ્રાણીવિજ્ઞાનશાસ્ત્ર આદિ જુદા જુદા વિષયોની ગુજરાતની જુદી જુદી યુનિવર્સિટીઓ દ્વારા સ્પર્ધાત્મક પારિતોષિકોની યોજનાઓ.

હરિઃૐ આશ્રમ દ્વારા લોકકલ્યાણાર્થે ઈ.સ. ૧૯૬૨ થી ૧૯૭૪ સુધીમાં અપાયેલાં કુલ્લે રૂપિયા ૮૫,૩૭,૩૨૫-૦૦નાં દાનોની યાદી

I **રૂા. ૨૮,૦૫,૦૦૦** જુદાં જુદાં ક્ષેત્રોએ ઉત્કૃષ્ટ શોધખોળો માટે મુદ્દલ રકમ કાયમ રહે ને તેના વાર્ષિક વ્યાજમાંથી પ્રતિવર્ષે એવોર્ડસ્-પારિતોષિકો માટે.

II **રૂા. ૩૨,૫૬,૩૦૦** સંસ્કારપોષક ગુણભાવ, વિકાસક સાહિત્ય, કેળવણીનાં વિવિધ ક્ષેત્રે સહાયક પ્રકાશનો, જીવનચરિત્રોનાં

		પ્રકાશનો તથા વિજ્ઞાન-તત્ત્વજ્ઞાન આદિ પ્રવૃત્તિઓ માટે.
III	રૂા. ૮,૫૭,૬૨૫	સમુદ્ર અને નદીતરણ સ્પર્ધાનાં પ્રતિવર્ષે વ્યાજમાંથી હિન્દ કક્ષાએ અને ગુજરાત સ્ટેટ કક્ષાએ પારિતોષિકો, હોડીસ્પર્ધા પારિતોષિકો, સ્વીમીંગ પુલો કરવા આદિ તરણ ક્ષેત્રે.
IV	રૂા. ૬,૯૮,૭૫૦	વિદ્યાર્થીઓ માટે પર્યટનો, પગપાળા પ્રવાસો, સાઇકલિંગ, દોડ સ્પર્ધાઓ, વ્યાયામ, બોટિંગ પર્વતારોહણ, મર્દાનગીની રમતો આદિ વિદ્યાર્થીજીવન વિકાસ કેળવણી માટે.
I	રૂા. ૫,૯૦,૨૫૦	વિદ્યાર્થીઓની સર્વાંગી કેળવણી માટે.
I	રૂા. ૩,૨૯,૪૦૦	વિધવિધ ક્ષેત્રે સમાજ ઉપયોગી કાર્યો માટે.
	કુલ રૂા. ૮૫,૩૭,૩૨૫	

I

જુદાં જુદાં ક્ષેત્રોએ ઉત્કૃષ્ટ શોધખોળોના એવોર્ડઝ માટે

(મુદ્દલ રકમ અકબંધ રહે—પ્રતિવર્ષે પૂરા વ્યાજમાંથી એવોર્ડઝ)

રૂા. ૩,૦૦,૦૦૦	મેડિકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા (દિલ્હી)ને દર્દ અને દવાના ઉત્કૃષ્ટ સંશોધન એવોર્ડઝ માટે (હિન્દ કક્ષાએ).
રૂા. ૪,૫૦,૦૦૦	યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન (U.G.C. દિલ્હી) ને પદાર્થ વિજ્ઞાન-ફીઝીક્સની ઉત્કૃષ્ટ શોધખોળો એવોર્ડઝ માટે (હિન્દ કક્ષાએ).

રૂા. ૩,૦૦,૦૦૦ હાઉસીંગ એન્ડ અરબન ડેવલપમેન્ટ કોર્પોરેશન (દિલ્હી)ને (હુડકોને) આર્થિકપણે ગરીબ વ્યક્તિઓ માટે સસ્તી કિંમતનાં ઘરો બાંધવાનું આયોજન કરવા માટેના સંશોધન એવોર્ડઝ માટે (હિન્દ કક્ષાએ).

રૂા. ૨,૦૦,૦૦૦ એસોસીએશન ઓફ સર્જન્સ (ઓલ ઈન્ડીયા) મદ્રાસને સર્જરી ક્ષેત્રે ઉત્કૃષ્ટ સંશોધન એવોર્ડ માટે (હિન્દ કક્ષાએ).

રૂા. ૨,૦૦,૦૦૦ ફીઝીકલ રીસર્ચ લેબોરેટરી (P.R.L.) અમદાવાદને હિન્દ કક્ષાએ ઈલેક્ટ્રોનીક્સ, ટેલિકોમ્યુનિકેશન્સ, પ્લેનેટરી એન્ડ સ્પેસ સાયન્સીઝ, એટ્મોસ્ફિયરિક ફીઝીક્સ એન્ડ હાઈડ્રોલોજી, સીસ્ટમ્સ ઓફ એનાલીસીસ એન્ડ મેનેજમેન્ટ પ્રોબ્લેમ્સ ક્ષેત્રોએ શ્રેષ્ઠ સંશોધન એવોર્ડઝ માટે.

રૂા. ૧,૦૦,૦૦૦ ગુજરાત યુનિવર્સિટી (અમદાવાદ)ને બોટની પ્લાન્ટસ એન્ડ પ્લાન્ટ પેથોલોજી—વનસ્પતિ સંરક્ષણ સંવર્ધન તેમજ જીવ-શાસ્ત્રના ક્ષેત્રે શ્રેષ્ઠ સંશોધનને એવોર્ડ માટે (ગુજરાત રાજ્ય કક્ષાએ) પ્રતિવર્ષે વ્યાજમાંથી.

રૂા. ૧,૫૦,૦૦૦ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન (દિલ્હી), સંસ્થાને—લાઈફ સાયન્સીઝ (પ્રાણી-વિજ્ઞાન) ક્ષેત્રે હિન્દ કક્ષાએ શ્રેષ્ઠ સંશોધન એવોર્ડ માટે—પ્રતિવર્ષે વ્યાજમાંથી.

રૂા. ૫૦,૦૦૦ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (સુરત)ને માનવ સર્જિત રેષા-રસાયણશાસ્ત્ર, સમુદ્રશાસ્ત્ર, પુરા-તત્ત્વવિદ્યા અને સમાજ-શાસ્ત્ર ક્ષેત્રોએ વારા-

ફરતી પ્રતિવર્ષે શ્રેષ્ઠ સંશોધન માટે ગુજરાત રાજ્ય કક્ષાએ વ્યાજમાંથી એવોર્ડ માટે.

રૂા. ૫૦,૦૦૦ સરદાર પટેલ યુનિવર્સિટીને ફીઝીક્સ ક્ષેત્રે ગુજરાત કક્ષાએ શ્રેષ્ઠ સંશોધન સારુ વ્યાજમાંથી પ્રતિવર્ષે એવોર્ડ માટે.

રૂા. ૫૦,૦૦૦ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને બાયોકેમિસ્ટ્રી (સેન્દ્રિય પદાર્થ રસાયણશાસ્ત્ર), જીઓ કેમિસ્ટ્રી (ભૂસ્તર રસાયણશાસ્ત્ર) અને સોઈલ કેમિસ્ટ્રી (માટી રસાયણશાસ્ત્ર)ના શ્રેત્રે શ્રેષ્ઠ સંશોધન માટે ગુજરાત કક્ષાએ વ્યાજમાંથી પ્રતિવર્ષે એવોર્ડ માટે.

રૂા. ૫૦,૦૦૦ ટ્રોપીકલ ડીસીઝ (ઉષ્ણ કટિબંધના રોગો) અને તેના ઈલાજોના ક્ષેત્રે પ્રતિવર્ષે શ્રેષ્ઠ સંશોધન સારુ ગુજરાત કક્ષાએ વ્યાજમાંથી એવોર્ડ માટે ગુજરાત યુનિવર્સિટી (અમદાવાદ)ને.

રૂા. ૫૦,૦૦૦ એન્જિનીયરીંગ એન્ડ ટેકનિકલ વિષય ક્ષેત્રે પ્રતિવર્ષે શ્રેષ્ઠ સંશોધન સારુ, ગુજરાત કક્ષાએ, વ્યાજમાંથી એક એવોર્ડ માટે ગુજરાત યુનિવર્સિટીને.

રૂા. ૫૦,૦૦૦ રંગ, રંગની બનાવટો અને ટેક્સ-ટાઈલ્સનાં ક્ષેત્રે પ્રતિવર્ષે શ્રેષ્ઠ સંશોધન સારુ, ગુજરાત કક્ષાએ, વ્યાજમાંથી એક એવોર્ડ માટે અટીરા (અમદાવાદ)ની સંસ્થાને.

રૂા. ૫૦,૦૦૦ જુદા જુદા વિષયોમાં આંતર યુનિવર્સિટી સ્તરે ગુજરાત કક્ષાએ પ્રતિવર્ષે શ્રેષ્ઠ સંશોધનાર્થે પારિતોષિકો વ્યાજમાંથી આપવા સારુ સરદાર પટેલ યુનિવર્સિટી (વિદ્યાનગર)ને.

રૂા. ૫૦,૦૦૦ ડીસેલીનેશન (ખારા પાણીમાંથી મીઠું પાણી બનાવવા)ના ક્ષેત્રે, સોલર એનર્જી ફોર પાવર (સૂર્યશક્તિમાંથી સંચાલક બળ)ના ક્ષેત્રે તથા પ્રીવેન્શન ઓફ વોટર પોલ્યુશન (જળદૂષણ અટકાવવા)ના ક્ષેત્રે શ્રેષ્ઠ સંશોધન સારુ એવાર્ડ હિન્દ કક્ષાએ પ્રતિવર્ષે વ્યાજમાંથી આપવા સારુ સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મેરીન કેમિકલ્સ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (ભાવનગર)ને.

રૂા. ૫૦,૦૦૦ આયુર્વેદિક સંશોધન સારુ આયુર્વેદિક ઔષધિઓના શ્રેષ્ઠ સંશોધન સારુ પ્રતિવર્ષે ગુજરાત રાજ્યકક્ષાએ વ્યાજમાંથી એવોર્ડ આપવા માટે આયુર્વેદિક યુનિવર્સિટી (જામનગર)ને.

રૂા. ૫૦,૦૦૦ નેચરલ સાયન્સીઝ (કુદરતી વિજ્ઞાન) ક્ષેત્રે પ્રતિવર્ષે શ્રેષ્ઠ સંશોધન સારુ, ગુજરાત કક્ષાએ, વ્યાજમાંથી એવોર્ડ સારુ ગુજરાત યુનિવર્સિટીને.

રૂા. ૩,૦૦,૦૦૦ (ખેતીવાડી સંશોધનાર્થે) અનાજ, કઠોળ અને પશુસંવર્ધન ક્ષેત્રે ઈન્ડીયન કાઉન્સીલ ઓફ એગ્રીકલ્ચરલ રીસર્ચ (દિલ્હી)ને હિન્દ કક્ષાએ શ્રેષ્ઠ સંશોધન સારું વ્યાજમાંથી પ્રતિવર્ષે એવોર્ડઝ માટે.

રૂા. ૨,૦૦,૦૦૦ સુક્કી ખેતી-કઠોળ-દરિયાઈ વનસ્પતિ માટે હોર્ટિકલ્ચર (બાગાયત) ક્ષેત્રે, ગુજરાત રાજ્ય કક્ષાએ, શ્રેષ્ઠ સંશોધન સારુ વ્યાજમાંથી પ્રતિ-વર્ષે એવોર્ડઝ માટે ગુજરાત એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીને.

રૂા. ૩૦,૦૦૦ એગ્રીકલ્ચરલ સાયન્સીઝ (ખેતીવાડી વિજ્ઞાન) ક્ષેત્રે, ગુજરાત કક્ષાએ, શ્રેષ્ઠ સંશોધન સારુ વ્યાજમાંથી, પ્રતિવર્ષે એવોર્ડ માટે ગુજરાત એસોસીએશન ઓફ એગ્રીકલ્ચરલ સાયન્સીઝ (અમદાવાદ)ને.

રૂા. ૨૫,૦૦૦ કપાસ આદિ ખેતીવાડી કેળવણી ઉત્તેજના દ્વારા શ્રેષ્ઠ પાક લેનારને પારિતોષિક સારુ પ્રતિવર્ષે વ્યાજમાંથી—ભરૂચ જિલ્લા કક્ષાએ પ્રોત્સાહન માટે ભરૂચ જિલ્લા લોકલ બોર્ડને.

રૂા. ૨૫,૦૦૦ ડાંગર-બાજરી આદિ ખેતીવાડી કેળવણી ઉત્તેજના દ્વારા શ્રેષ્ઠ પાક લેનારને વ્યાજમાંથી પ્રતિવર્ષે ખેડા જિલ્લા કક્ષાએ પારિતોષિકો માટે પ્રોત્સાહનાર્થે ખેડા જિલ્લા લોકલ બોર્ડને.

રૂા. ૨૫,૦૦૦ જુવાર-ડાંગર-કપાસ આદિ ખેતીવાડી કેળવણી ઉત્તેજના દ્વારા શ્રેષ્ઠ પાક લેનારને, પ્રતિવર્ષે વ્યાજમાંથી સુરત જિલ્લા કક્ષાએ પારિતોષિકો માટે શ્રી દક્ષિણ ગુજરાત સહકારી કોટન માર્કેટિંગ એસોસીએશન (સુરત)ને.

કુલ રૂા. ૨૮,૦૫,૦૦૦

II

સમુદ્ર અને નદી તરણસ્પર્ધાઓ, તરણકુંડ સ્પર્ધાઓ, સ્વીમીંગ પુલો કરવા, નદી અને સમુદ્રમાં હોડીઓની સ્પર્ધાઓ આદિ તરણક્ષેત્રે દાનો

રૂા. ૧,૨૫,૦૦૦ અખિલ હિન્દ કક્ષાએ સમુદ્રતરણ સ્પર્ધાના પ્રતિવર્ષે વ્યાજમાંથી પારિતોષિકો માટે ગુજરાત રાજ્ય સરકારને.

રૂા. ૨,૫૦૦ ઉપરની સ્પર્ધાનાં પારિતોષિકો માટે (૧૯૬૮ માટે).

રૂા. ૪૦,૦૦૦	ગુજરાત રાજ્ય કક્ષાએ સમુદ્ર હોડી-સ્પર્ધાના પ્રતિવર્ષે વ્યાજમાંથી પારિતોષિકો માટે ગુજરાત સરકારને.
રૂા. ૩,૦૦૦	સમુદ્ર હોડી-સ્પર્ધા (૧૯૭૧) પારિતોષિકો માટે ગુજરાત રાજ્ય સરકારને.
રૂા. ૧,૦૦,૦૦૦	અખિલ હિન્દ કક્ષાએ સમુદ્ર તરણસ્પર્ધાના પ્રતિવર્ષે વ્યાજમાંથી પારિતોષિકો માટે મહારાષ્ટ્ર રાજ્ય સરકારને.
રૂા. ૧,૨૫,૦૦૦	સાર્વજનિક સ્વીમીંગ પુલ બાંધવા માટે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને (૧૯૬૭માં).
રૂા. ૧,૦૦,૦૦૦	માત્ર બહેનો માટેનો સ્વીમીંગ પુલ બાંધવા માટે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને (૧૯૭૪માં).
રૂા. ૫૫,૦૦૦	સ્વીમીંગ પુલ (સ્નાનાગાર) બાંધવા માટે નડિયાદ મ્યુનિસિપાલિટીને.
રૂા. ૧,૦૦,૦૦૦	સ્વીમીંગ પુલ બાંધવા માટે, ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ (રાજપીપળા)ને.
રૂા. ૪૦,૦૦૦	બાળકો માટે તરણકુંડ (સ્વીમીંગ પુલ) કરવા સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને.
રૂા. ૪૦,૦૦૦	બાળકો માટે તરણકુંડ (સ્વીમીંગ પુલ) કરવા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને.
રૂા. ૩૦,૦૦૦	નર્મદા નદીમાં ગુજરાત રાજ્ય કક્ષાએ તરણ-સ્પર્ધા માટે વ્યાજમાંથી પારિતોષિકો માટે ભરૂચ જિલ્લા લોકલ બોર્ડને.
રૂા. ૨,૫૦૦	૧૯૭૦ની સાલ માટે નર્મદામાં ગુજરાત રાજ્ય કક્ષાએ તરણ-સ્પર્ધા પારિતોષિકો માટે ભરૂચ જિલ્લા લોકલ બોર્ડને.

રૂા. ૧૮,૦૦૦ તાપી નદીમાં ગુજરાત રાજ્ય કક્ષાએ ભાઈઓની ને બહેનોની તરણસ્પર્ધા પારિતોષિકો પ્રતિવર્ષે વ્યાજમાંથી દેવા માટે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને.

રૂા. ૩,૦૦૦ તાપી નદીમાં સુરત જિલ્લા કક્ષાએ હોડીઓની સ્પર્ધામાં પ્રતિવર્ષે વ્યાજમાંથી પારિતોષિકો માટે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને.

રૂા. ૧,૨૨૫ તાપી નદીમાં તરણસ્પર્ધા અને હોડી સ્પર્ધાનાં પારિતોષિકો દેવા માટે (૧૯૬૨ની સાલ માટે) સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને.

રૂા. ૨,૫૦૦ શ્રી મિહિર સેન (બંગાળી તરવૈયા ભાઈ)ને સાત સમુદ્રતરણ સાહસના પ્રોત્સાહનાર્થે (૧૯૬૫)માં.

રૂા. ૪,૯૦૦ તરણ કેળવણીના પ્રોત્સાહનાર્થે સુરત બોટિંગ ક્લબ, સુરતને (જુદા જુદા વર્ષોના થઈને.)

રૂા. ૧૦,૦૦૦ પ્રતિવર્ષે તરણસ્પર્ધા પારિતોષિકો માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને.

રૂા. ૧૦,૦૦૦ વડોદરા હાઈસ્કૂલોના બધા વિદ્યાર્થીઓની પ્રતિવર્ષે તરણસ્પર્ધા પારિતોષિકો માટે શ્રી શ્રેયસ વિદ્યાલય (વડોદરા)ને.

રૂા. ૧૦,૦૦૦ સુરત સ્વીમિંગ એન્ડ બોટિંગ ક્લબ (સુરત)ને લાંબા અંતરની તરવાની તાલીમી પ્રયોગની કેળવણી આપવા માટે, પ્રોત્સાહનાર્થે ક્લબને પ્રતિવર્ષે વ્યાજમાંથી તે અંગેનો ખર્ચ કરવા માટે.

રૂા. ૧૦,૦૦૦ સુરત શહેરના બાલ વિદ્યાર્થીઓની તરણ-સ્પર્ધામાં પારિતોષિકો પ્રતિવર્ષે વ્યાજની રકમમાંથી આપવા માટે સુરત મહાનગર-પાલિકાને.

રૂા. ૨૫,૦૦૦ ગુજરાત કક્ષાએ લાંબા અંતરના સમુદ્ર તરણ-સ્પર્ધાના પારિતોષિકો માટે (પ્રતિવર્ષે વ્યાજ-માંથી) સુરત મહાનગરપાલિકાને.

કુલ રૂા. ૮,૫૭,૬૨૫

III

સંસ્કારપોષક, ગુણભાવવિકાસક સાહિત્ય, કેળવણીનાં વિવિધ ક્ષેત્રે સહાયક પ્રકાશનો, જીવનચરિત્રલેખનનાં પ્રકાશનો તથા વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન આદિ પ્રવૃત્તિઓ માટે અપાયેલાં દાનોની યાદી :

રૂા. ૧૦,૦૦,૦૦૦ ગુજરાતી ભાષામાં કક્કાવારી 'જ્ઞાનકોશ' (એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા ઢબની) ગ્રંથશ્રેણી પ્રકાશનાર્થે ગુજરાત યુનિવર્સિટીને.

રૂા. ૨,૦૦,૦૦૦ 'જ્ઞાનગંગોત્રી' ગ્રંથશ્રેણીના પ્રકાશનાર્થે વિષયવાર જ્ઞાનકોશ માટે સરદાર પટેલ યુનિવર્સિટીને.

રૂા. ૩૫,૦૦૦ 'જ્ઞાનગંગોત્રી' ગ્રંથશ્રેણી (હિન્દી) પ્રકાશનાર્થે સરદાર પટેલ યુનિવર્સિટીને.

રૂા. ૨,૦૦,૦૦૦ 'કિશોરભારતી' ગ્રંથશ્રેણીનાં પ્રકાશનાર્થે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ (અમદાવાદ)ને.

રૂા. ૨,૦૦,૦૦૦ 'બાલભારતી' ગ્રંથશ્રેણીનાં પ્રકાશનાર્થે ચરોતર એજ્યુકેશન સોસાયટી (આણંદ)ને.

રૂા. ૨૫,૦૦૦	'શિશુભારતી' ગ્રંથશ્રેણીનાં પ્રકાશનાર્થે ચરોતર એજ્યુકેશન સોસાયટી (આણંદ)ને.
રૂા. ૨,૦૦,૦૦૦	સર્વધર્મતત્ત્વજ્ઞાનદર્શન ગ્રંથશ્રેણીના પ્રકાશનાર્થે સરદાર પટેલ યુનિવર્સિટીને.
રૂા. ૨,૦૦,૦૦૦	'ગુજરાતી સાહિત્યકોશ' (કવિ નરસિંહ મહેતાથી શરૂ કરીને વર્તમાન લેખકો, સાક્ષરો, કવિઓનાં સર્જનોની અને તેમનાં જીવનની માહિતી આપતી (ગ્રંથશ્રેણી) માટે ચરોતર એજ્યુકેશન સોસાયટી (આણંદ)ને.
રૂા. ૫,૦૦,૦૦૦	વિજ્ઞાન અને ટેકનોલોજી અંગેના સંદર્ભ સાહિત્ય માટે, વિજ્ઞાન અને યંત્રવિદ્યાકોશ ગ્રંથશ્રેણી પ્રકાશન માટે ગુજરાત યુનિવર્સિટીને.
રૂા. ૩૦,૦૦૦	વિજ્ઞાન ગ્રંથશ્રેણીના પ્રકાશનાર્થે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ (અમદાવાદ)ને.
રૂા. ૨૫,૦૦૦	ઉત્કૃષ્ટ જીવનચરિત્ર ગ્રંથશ્રેણીના પ્રકાશનાર્થે ચરોતર એજ્યુકેશન સોસાયટી (આણંદ)ને.
રૂા. ૨,૦૦,૦૦૦	રામાયણ, મહાભારત, ભાગવત આદિની ત્રિરંગી સચિત્ર કથાઓ વગેરે ૧૨ ગ્રંથશ્રેણીના પ્રકાશનાર્થે ચરોતર એજ્યુકેશન સોસાયટી (આણંદ)ને.
રૂા. ૯,૦૦૦	સંસ્કાર પોષક વાર્તાઓ, શૌર્ય સાહસકથાઓ, ભક્તિ વિષયક કથાનકો આદિ ગ્રંથોના પ્રકાશનાર્થે ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. (વડોદરા)ને.
રૂા. ૨૦,૦૦૦	વ્યુત્પત્તિશાસ્ત્ર ગ્રંથ પ્રકાશનાર્થે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ (અમદાવાદ)ને.

રૂા. ૧૨,૦૦૦ ગુજરાતી વ્યાકરણ ગ્રંથ (અદ્યતન વ્યાકરણ, નવેસરથી સંશોધન કરાવવા) માટે ગુજરાત યુનિવર્સિટીને.

રૂા. ૨૫,૦૦૦ બાળવાર્તા ગ્રંથશ્રેણી માટે ચરોતર એજ્યુકેશન સોસાયટી (આણંદ)ને.

રૂા. ૨૦,૦૦૦ વેદઋચાઓ આમજનતાને સુલભ બને તેવી ગ્રંથશ્રેણીના પ્રકાશનાર્થે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડને.

રૂા. ૨૫,૦૦૦ ગુજરાતી સાહિત્યના વિકાસાર્થે કવિ-સાક્ષર મેઘાણી સ્મારક ગ્રંથમાળા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને.

રૂા. ૨૫,૦૦૦ ગુજરાતી સાહિત્યના વિકાસાર્થે કવિ નર્મદ સ્મારક ગ્રંથમાળા માટે સુરત સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન (સુરત)ને.

રૂા. ૨૫,૦૦૦ શ્રીઅરવિંદ તત્ત્વજ્ઞાન ગ્રંથશ્રેણી પ્રકાશનાર્થે સરદાર પટેલ યુનિવર્સિટીને.

રૂા. ૨૫,૦૦૦ શ્રી પ્રેમરાય બાપુ સ્મારક, મણિભાઈ નભુભાઈ, શ્રી બાલાશંકર, શ્રી ગોવર્ધનરામ વ્યાખ્યાનમાળા માટે સરદાર પટેલ યુનિવર્સિટીને.

રૂા. ૫૦,૦૦૦ શિષ્ટ ગુજરાતી સાહિત્ય, સસ્તી કિંમતે, પ્રસારણ અર્થે લોકમિલાપ ટ્રસ્ટ (ભાવનગર)ને.

રૂા. ૨૫,૦૦૦ સ્ત્રી-સાક્ષરોની મૌલિક ઉત્કૃષ્ટ સાહિત્ય કૃતિઓને પ્રતિવર્ષે વ્યાજમાંથી પારિતોષિકો માટે ગુજરાતી સાહિત્ય પરિષદ(અમદાવાદ)ને.

રૂા. ૧૫,૦૦૦	ગુજરાતી સાહિત્યમાં ભક્તિવિષયક મૌલિક સર્જનના સાક્ષરને પ્રતિવર્ષે વ્યાજમાંથી સુવર્ણ-ચંદ્રક યા પારિતોષિક આપવા માટે ગુજરાતી સાહિત્ય પરિષદ (અમદાવાદ)ને.
રૂા. ૧૨,૦૦૦	બાળવાર્તાઓની ગ્રંથશ્રેણી પ્રકાશનાર્થે ગુજરાતી સાહિત્ય પરિષદ (અમદાવાદ)ને.
રૂા. ૩,૩૦૦	ભાવનાત્મક અને ગુણ વિકાસક સાહિત્ય પ્રકાશનાર્થે અન્ય લેખકોને (કુમાર કાર્યાલય દ્વારા).
રૂા. ૧,૫૦,૦૦૦	અંગ્રેજીમાંથી ગુજરાતી શબ્દકોશ લગભગ સવા લાખ શબ્દોનો બૃહદ્‌કોશ હજુ સુધી ગુજરાતીમાં નથી તેવો પ્રકાશન કરવા માટે ગુજરાત યુનિવર્સિટીને.

કુલ રૂા. ૩૨,૫૬,૩૦૦

IV

વિદ્યાર્થીઓ માટે પર્યટનો, પગપાળા પ્રવાસો, સાઈકલિંગ સ્પર્ધા, દોડકૂદ, પર્વતારોહણ—વ્યાયામ, બોટિંગ, મર્દાનગીની રમતો આદિ વિદ્યાર્થીજીવન વિકાસ કેળવણી અર્થે :

રૂા. ૪,૦૦,૦૦૦	ગુજરાતની બધી યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ માટે સરદાર પટેલ યુનિવર્સિટીને.
રૂા. ૬૦,૦૦૦	સરદાર પટેલ યુનિવર્સિટીને વિદ્યાર્થીઓ માટે તે સંસ્થાને.
રૂા. ૧,૦૦,૦૦૦	મહાજન શક્તિદળ ટ્રસ્ટ, ગુજરાત કક્ષાએ ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ (રાજપીપળા)ને.

રૂા. ૨૫,૦૦૦	વ્યાયામ શાળાઓને પોષક એવી કુસ્તી, વેઈટ લીફટિંગ, જુડો તથા જીમ્નેસ્ટિક વગેરે રાજ્ય કક્ષાની રમત સ્પર્ધાઓમાં વિવિધ વિભાગોમાં નીવડેલા વિજેતાઓને વ્યાજમાંથી દર વર્ષે ચંદ્રકો આપવા માટે ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ (રાજપીપળા)ને.
રૂા. ૨૫,૦૦૦	પ્રતિવર્ષે વ્યાજમાંથી મેરેથોન રેઈસ દોડ પારિતોષિકો માટે ગુજરાત રાજ્ય વ્યાયામ પ્રચારક મંડળ (રાજપીપળા)ને.
રૂા. ૧૩,૭૫૦	રમતગમતના શિલ્ડો આપવા માટે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (સુરત)ને.
રૂા. ૨૫,૦૦૦	વૉલીબોલ, ખોખો, કબડ્ડી, આદિ રમતોની સ્પર્ધા માટે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને પ્રતિવર્ષે વ્યાજમાંથી વિજેતાઓને પારિતોષિકો આપવા માટે.
રૂા ૧૪,૦૦૦	શાળાના વિદ્યાર્થીઓની સાઇકલ અને દોડ-સ્પર્ધા પારિતોષિકો પ્રતિવર્ષે વ્યાજમાંથી આપવા માટે ખંભાત મ્યુનિસિપાલિટીને.
રૂા. ૧૪,૦૦૦	શાળાના વિદ્યાર્થીઓની સાઇકલ અને દોડ-સ્પર્ધા પારિતોષિકો પ્રતિવર્ષે વ્યાજમાંથી આપવા માટે નડિયાદ મ્યુનિસિપાલિટીને.
રૂા. ૧૫,૦૦૦	શાળાના વિદ્યાર્થીઓની સાઇકલ અને દોડ-સ્પર્ધા પારિતોષિકો પ્રતિવર્ષે વ્યાજમાંથી આપવા માટે વડોદરા મ્યુનિસિપાલિટીને.
રૂા. ૫,૦૦૦	કન્યા વ્યાયામશાળાને મકાન કરવા માટે નડિયાદ.
રૂા. ૨,૦૦૦	પર્વતારોહણ માટે (વડોદરાની સંસ્થાઓને).

કુલ રૂા. ૬,૯૮,૭૫૦

V

વિદ્યાર્થીઓની કેળવણી માટે

રૂા. ૫૦,૦૦૦	'લોકભારતી' (સણોસરા)ને વિદ્યાર્થીઓને શ્રમયજ્ઞ દ્વારા સહાય માટે (વ્યાજમાંથી, પ્રતિવર્ષે)
રૂા. ૨૫,૦૦૦	'સરસ્વતી ગ્રામ વિદ્યાપીઠ' સમોડાને સ્વાવલંબી વિદ્યાર્થીઓને શ્રમયજ્ઞ દ્વારા સહાય માટે (વ્યાજમાંથી, પ્રતિવર્ષે)
રૂા. ૧૫,૭૫૦	બારડોલી કન્યાશાળાને વિદ્યાર્થિનીઓને સહાય માટે (વ્યાજમાંથી, પ્રતિવર્ષે)
રૂા. ૧૧,૨૫૦	શ્રેયસ વિદ્યાલય (વડોદરા)ને પારિતોષિકો માટે.
રૂા. ૧૦,૦૦૦	ભાદરણ, શાળા-કૉલેજને (પ્રતિવર્ષે, વ્યાજમાંથી)
રૂા. ૫,૦૦૦	એસ.એસ.સી. પરીક્ષામાં પ્રથમ આવનાર હરિજન બાળા માટે હરિજન આશ્રમ, અમદાવાદને (પ્રતિવર્ષે, વ્યાજમાંથી)
રૂા. ૬,૭૫૦	એસ.એસ.સી. પરીક્ષામાં પછાત વર્ગના વિદ્યાર્થીઓમાં પ્રથમ નંબરે આવનારને (પ્રતિવર્ષે વ્યાજમાંથી)
રૂા. ૮,૦૦૦	એમ.એ. સંસ્કૃત વિભાગમાં વેદાંત અધ્યયન પરીક્ષા સ્પર્ધા પારિતોષિક માટે (પ્રતિવર્ષે, વ્યાજમાંથી) (મ. સ. યુનિવર્સિટી, વડોદરાને)
રૂા. ૨૦,૦૦૦	એમ.એસ. અને એમ.ડી.ની ફાઈનલ પરીક્ષાઓમાં પ્રતિવર્ષે પ્રથમ નંબરે આવનાર વિદ્યાર્થીને (દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતને) સુવર્ણચંદ્રકો આપવા માટે.

રૂા. ૭,૫૦૦	એમ.કોમ.ની ફાઈનલ પરીક્ષામાં પ્રથમ નંબરે આવનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષે સુવર્ણચંદ્રક આપવા માટે (દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતને)
રૂા. ૩,૦૦૦	સુરત સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીને.
રૂા. ૧,૦૦૦	હરિજનોમાં કેળવણી માટે ગુજરાત હરિજન સેવક સંઘને.
રૂા. ૨,૩૦૦	ગામડાંઓમાં ત્રણ શાળાનાં મકાનો માટે.
રૂા. ૩,૭૦૦	વિદ્યાર્થીઓને મદદ-પરચૂરણ મદદ.
રૂા. ૨,૦૦૦	વિદ્યાર્થીઓને પુસ્તક મદદ માટે.
રૂા. ૪,૦૦૦	પ્રથમ નંબરે આવનાર વિદ્યાર્થીઓને ઈનામો માટે.
રૂા. ૧૦,૦૦૦	ગ્રામશાળા વિદ્યાર્થીઓને માટે પુસ્તકાલયોને પુસ્તકો માટે (ખેડા જિલ્લામાં)
રૂા. ૧૫,૦૦૦	ગ્રામશાળા વિદ્યાર્થીઓને માટે પુસ્તકાલયોને પુસ્તકો માટે (ડાંગ જિલ્લામાં)
રૂા. ૧૦,૦૦૦	ગ્રામશાળા વિદ્યાર્થીઓને માટે પુસ્તકાલયોને પુસ્તકો માટે (સુરત જિલ્લામાં)
રૂા. ૧૦,૦૦૦	નિબંધ હરીફાઈનાં પ્રતિવર્ષે પારિતોષિકો માટે (ખેડા જિલ્લા શાળાઓમાં)
રૂા. ૧૦,૦૦૦	નિબંધ હરીફાઈનાં પ્રતિવર્ષે પારિતોષિકો માટે (સુરત જિલ્લા પંચાયતને શાળાઓમાં)
રૂા. ૫,૦૦૦	નિબંધ હરીફાઈનાં પ્રતિવર્ષે પારિતોષિકો માટે (સૂરત નગરપાલિકાને)
રૂા. ૫,૦૦૦	નાનાં ભલાઈનાં કાર્યો માટે (સુરત નગરપાલિકાને)

રૂા. ૫૦,૦૦૦	ગુજરાત રાજ્ય કક્ષાએ ઉચ્ચ ગણિતશાસ્ત્ર પ્રતિભા શોધ ક્ષેત્રે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પ્રતિવર્ષે વ્યાજમાંથી, પારિતોષિકો માટે ગુજરાત યુનિવર્સિટીને.
રૂા. ૫૦,૦૦૦	ગુજરાત રાજ્ય કક્ષાએ વિજ્ઞાનશાસ્ત્ર સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પ્રતિવર્ષે વ્યાજમાંથી, પારિતોષિકો માટે ગુજરાત યુનિવર્સિટીને.
રૂા. ૫૦,૦૦૦	ગુજરાત રાજ્ય કક્ષાએ ગુજરાતી ભાષા પ્રતિભા શોધ ક્ષેત્રે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પ્રતિવર્ષે વ્યાજમાંથી, પારિતોષિકો માટે ગુજરાત યુનિવર્સિટીને.
રૂા. ૫૦,૦૦૦	ગુજરાત રાજ્ય કક્ષાએ હિન્દી ભાષા પ્રતિભા શોધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પ્રતિવર્ષે વ્યાજમાંથી, પારિતોષિકો માટે ગુજરાત વિદ્યાપીઠ (અમદાવાદ)ને.
રૂા. ૫૦,૦૦૦	ગુજરાત રાજ્ય કક્ષાએ અંગ્રેજી ભાષા પ્રતિભા શોધ ક્ષેત્રે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પ્રતિવર્ષે વ્યાજમાંથી, પારિતોષિકો માટે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (સુરત)ને.
રૂા. ૧,૦૦,૦૦૦	લલિતકળાઓના પ્રોત્સાહનાર્થે ગુજરાત રાજ્ય કક્ષાએ કંઠ્યસંગીત, વાદ્યસંગીત, નૃત્યકળા, ચિત્રકળાની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં, પ્રતિવર્ષે વ્યાજમાંથી, પારિતોષિકો માટે વડોદરા મ.સ. યુનિવર્સિટીને.

કુલ રૂા. ૫,૯૦,૨૫૦

VI

જુદાં જુદાં ક્ષેત્રોએ કરાયેલાં દાનોની વિગત :

રૂા. ૨૫,૦૦૦ ગુણભાવ-મર્દાનગી-સાહસ-પરોપકાર-નીડરતા-શૌર્ય આદિનાં કાર્યો માટેનાં પારિતોષિકો માટે પ્રતિવર્ષે વ્યાજમાંથી, ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ (રાજપીપળા) દ્વારા.

રૂા. ૧૭,૦૦૦ અસ્પૃશ્યતા નિવારણ કાર્ય પ્રોત્સહનાર્થે, પ્રતિવર્ષે, વ્યાજમાંથી, પારિતોષિકો આપવા માટે ગુજરાત હરિજન સેવક સંઘ દ્વારા.

રૂા. ૫,૦૦૦ હરિજન કાર્યોના સહાયાર્થે સદ્‌ગત પરીક્ષિતલાલ મજમુદાર ફાળામાં ગુજરાત હરિજન સેવક સંઘ દ્વારા.

રૂા. ૭,૦૦૦ હરિજન કુટુંબોના મકાનો બાંધવામાં સદ્‌ગત ઠક્કરબાપા સ્મરણાર્થે (તામિલનાડુ, કુંભકોણમ્‌માં).

રૂા. ૧૭,૮૦૦ તાપી નદી અને કાવેરી નદીના ઓવારાઓની દુરસ્તી માટે.

રૂા. ૧૪,૦૦૦ ગ્રામ વિસ્તારની સડક કરવા માટે ખેડા જિલ્લા લોકલ બોર્ડને.

રૂા. ૨૨,૦૦૦ પાણીની પરબો માટે (ગ્રામ્ય વિસ્તારોમાં).

રૂા. ૧૧,૦૦૦ દેશ-સંરક્ષણ ફાળા માટે ભારત સરકારને.

રૂા. ૪૩,૦૦૦ દુષ્કાળ, અતિવૃષ્ટિ, રેલસંકટો સામે.

રૂા. ૭૬,૦૦૦ દવા મદદ (હૉસ્પિટલોને) વગેરે માટે.

રૂા. ૨૧,૫૦૦ પક્ષીઓના ચણ માટે.

રૂા. ૫,૦૦૦	કૃષિ ઓજારો સુધારણા સહાયાર્થે બારડોલી સ્વરાજ્ય આશ્રમને હસ્તે મોહનભાઈ નરહરિભાઈ પરીખ.
રૂા. ૨,૫૦૦	કબીરવડ (ભરૂચ જિલ્લો) સંરક્ષણ માટે ભરૂચ જિલ્લા પંચાયતને.
રૂા. ૯,૨૦૦	સુવર્ણચંદ્રકો જુદાં જુદાં ક્ષેત્રોની વિશિષ્ટ વ્યક્તિઓને કુલ્લે ૧૪ વ્યક્તિઓને (જાહેર સમારંભો દ્વારા).
રૂા. ૫,૦૦૦	અંધ (પ્રજ્ઞાચક્ષુ) વિદ્યાર્થીઓને અભ્યાસ સહાય અર્થે કેસેટો માટે ગુજરાત યુનિવર્સિટી દ્વારા.
રૂા. ૧,૦૦૦	પ્રજ્ઞાચક્ષુ—અંધ કન્યાગૃહને.
રૂા. ૨,૦૦૦	શ્રી અંબુભાઈ પુરાણી સ્મારક માટે.
રૂા. ૮,૭૦૦	આધ્યાત્મિક પથયાત્રીઓને સહાય માટે.
રૂા. ૧,૦૦૦	ફ્લાઈંગ ક્લબ વડોદરાને.
રૂા. ૯,૭૦૦	વિવિધ ક્ષેત્રે નાની નાની સંસ્થાઓને પરચૂરણ સહાય.
રૂા. ૩,૦૦૦	આધ્યાત્મિક કૃતિઓનાં પ્રકાશનાર્થે અન્ય લેખકોને.
રૂા. ૨૨,૦૦૦	મૌન-એકાંત મંદિરની સાધનાર્થે, પદ્ધતિ પ્રસારણાર્થે શ્રી ભાગવત વિદ્યાપીઠ, સોલા (અમદાવાદ)ને.
રૂા. ૧,૦૦૦	ટેલિવિઝન બુસ્ટર શોધખોળ પ્રયત્નોના પ્રોત્સાહનાર્થે.

કુલ રૂા. ૩,૨૯,૪૦૦

નંબર I થી VI વિભાગોનો કુલ સરવાળો રૂા. ૮૫,૩૭,૩૨૫.

VII

હરિઃૐ આશ્રમ, સુરતમાં કુલ ૯ મૌન-મંદિરો છે. જે પૈકી ૮ મૌન-મંદિરો ૭, ૧૪ કે ૨૧ દિવસ માટે ફાળવવામાં આવે છે. હાલના બદલાતા સામાજિક/આર્થિક સંજોગોમાં વ્યક્તિ માત્ર થોડા સમય માટે પણ મૌન-એકાંત યજ્ઞનો અનુભવ લઈ શકે તે માટે એક મૌન-મંદિરમાં એક રાત્રી, બે રાત્રી કે ત્રણ રાત્રી પૂરતો ઓરડો ફાળવવામાં આવે છે. રસોડાની બાજુમાં સદ્‌ગત શ્રી ઝીણાકાકા રહેતા હતા, તે જ ઓરડાને મૌન-મંદિરના હેતુસર ફાળવવામાં આવે છે. આ ઓરડામાં સાધકોને પ્રાથમિક અનુભવ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. અન્ય ઓરડાઓ માટે અગાઉથી નોંધણી કરવામાં આવે છે. પરંતુ આ ઓરડામાં રહેવા માટે ફક્ત આગામી ૧૫ દિવસ (મહત્તમ બે અઠવાડિયા) સુધીનાં જ નામ નોંધવામાં આવે છે. આ ઉપરાંત ફક્ત દિવસ દરમ્યાન જ મૌન રાખવા ઇચ્છુક ભક્તોને માટે આ મૌન-મંદિરની ઉપર પહેલે માળે અલાયદો 'આત્મ-નિવેદન કક્ષ' બનાવવામાં આવ્યો છે, જેમાં આશ્રમના નિયમ મુજબ સમયે સવારે ૬-૦૦ થી સાંજે ૬-૦૦ કલાક સુધી જે-તે વ્યક્તિ મૌન પાળી શકે, પ્રાર્થના—પુસ્તક વાંચન કરી શકે એવી વ્યવસ્થા કરવામાં આવી છે.

» તા. ૩૧-૩-૨૦૦૮ સુધીની આંકડાકીય માહિતી :

(૧)	શાળાના ઓરડાઓ/ છાત્રાલયો/અન્ય માળખાકીય સુવિધાઓ માટે	રૂા.૧૩,૬૨,૫૭,૫૦૧/-
(૨)	દુકાળ/રેલ-રાહત, કુદરતી આપત્તિ વેળા સમાજને મદદ	રૂા. ૬૧,૩૫,૪૧૧/-
(૩)	વૈજ્ઞાનિક સંશોધન એવોર્ડ તથા રમત-ગમત-કલા-વીરતા એવોર્ડ	રૂા. ૫૧,૮૧,૧૧૫/-

કુલ રૂા. ૧૪,૭૫,૭૪,૦૨૭/-

પૂજ્ય શ્રીમોટાના નિમિત્તે આ જ્ઞાનગંગા વડે ગુજરાતના ઊંડાણના ગામડાંઓમાં અત્યાર સુધી ૯૦૫૧ શાળાના ઓરડાઓ તથા ભણતરની અન્ય જરૂરી સુવિધાઓનું નિર્માણ થઈ શક્યું છે. જેમાં ત્રણ લાખથી વધુ બાળકોને શિક્ષણ ક્ષેત્રે શ્રીગણેશ કરાવવામાં આવ્યા છે. આ પ્રવાહ આજપર્યંત અવિરત ચાલુ છે. વિજ્ઞાનક્ષેત્રે 'PRL'(ફિઝીકલ રીસર્ચ લેબોરેટરી, ISRO(ઈસરો)ની સંશોધન શાખા)ને અપાયેલ દાન વડે ભારતના નામાંકિત વૈજ્ઞાનિકોને એવોર્ડ અને સન્માન એનાયત થયા છે.

● નામસૂચિ ●

અક્કલકોટના સ્વામી—૯૨, ૬૭૨
અનુપરામ ભટ્ટ (ભટ્ટ સાહેબ)—૭૩૧, ૭૩૪, ૭૩૭
અબદુલ્લાબાબા—૬૭૩
અમૃતલાલ પઢિયાર—૧૩૧
અંબુભાઈ પુરાણી—૭૯૭
અંબાલાલ વ્યાસ—૧૦૬
અરવિંદ (ઘોષ)—૫૯૫, ૬૦૬, ૭૯૭, ૮૦૯
આથવલે રા. બ.—૫૯૫
આર. કે. દેસાઈ (ડૉ.)—૬૦૭
આનંદમયીમૈયા—૧૬૬
આનંદશંકર ધ્રુવ—૭૨, ૭૯૭
આશારામ ભગત (શ્રીમોટાના પિતાજી)—૩
એન. ગોપાલદાસ એન્ડ કું.—૭૧૮
ઇન્દ્રજિત્—૫૮૮
ઇન્દ્રવદન શેરદલાલ—૭૦૨, ૮૧૧
ઇંદુકુમાર દેસાઈ—૭૨૨, ૭૪૨, ૮૧૨
ઇન્દુલાલ યાજ્ઞિક—૧૫, ૧૮, ૨૧, ૭૬, ૬૧૫, ૬૧૬
ઇન્દોરના યુવરાજ—૭૮, ૭૯
ઇર્વિન—૧૭
ઈશ્વરભાઈ પટેલ (સોજિત્રા)—૩૫
ઉપાસનીબાબા—૮૮, ૮૯, ૯૧, ૯૨
એન્ડ્રુઝ—૬૧૦
એલિઝાબેથ સ્ટેડલર—૭૮૧
કનૈયાલાલ દવે—૬૭૮
કબીરસાહેબ—૬૫૧
કબીરવડ—૬૫૧
કરસનદાસ માણેક—૧૦૭
કલ્યાણપુર—૯૭
કાંટાવાળા સાહેબ (કે. એમ.)—૭૨૧, ૭૨૩, ૭૨૫
કાંતાબા—૧૨૮, ૬૪૭
કાંતાબહેન પટેલ (ડૉ.)—૮૦૩, ૮૦૬, ૮૦૭, ૮૦૯
કાલિદાસ—૭૬૮
કાસમમિયાંસાહેબ—૭૫
કાશીબા—૬૬૫, ૬૬૮
કાળી કામળીવાળા બાબા—૧૨૯
કુબેરદાસ ભાવસાર—૬૧૩, ૬૪૭, ૬૪૮, ૭૪૯
કુમારભાઈ—૧૩૭
કુરેશીસાહેબ—૩૩
કુસુમ—૪૯
કૂક (ડૉ.)—૧૮
કૃષ્ણ (શ્રી)—૧૦૦, ૬૨૨
કૃષ્ણાનંદ સ્વામી—૭૦૦
કેશવ (જુઓ ધૂણીવાળા દાદા)
ખંડેરીઆ—૬૫૬
ગટુભાઈ—૬૫૬
ગંગામાતા—૧૨૦
ગાંધીજી (ગાંધીબાપુ)—૧૩, ૧૪, ૧૬, ૧૭, ૩૧, ૩૭, ૧૦૨, ૧૨૪, ૬૦૯, ૬૩૯, ૬૫૬, ૭૧૫, ૭૧૬
ગિડવાણી—૧૪, ૧૫
ગિરધરબાપા—૭૦૨
ગિરિજાશંકર જોષી—૬૪૨
ગિરીશ ઘોષ—૭૦૧
ગુરુદયાલ મલ્લિકજી (ચાચાજી)—૪૬, ૬૧૦, ૭૫૧
ગોકુળદાસ તલાટી—૩૭
ગુલાબ—૪૯
ગોદડિયા મહારાજ—૩૮, ૪૪, ૬૩
ગોદાવરીમાતા (સાકોરી)—૯૧
ગોપાળજી ડાહ્યાભાઈ દેસાઈ—૭૭૬
ગોપાળદાસ મહેતા (જુઓ મામા)—૧૧૧, ૧૩૬, ૬૪૨, ૭૧૭, ૭૧૮
ઘનશ્યામ નટવરરાય મહેતા—૮
ઘનુભાઈ—૩૫, ૧૧૭
ચંદુભાઈ—૬૮૭

ચંદુભાઈ ભાવસાર—૬૧૮
ચંદ્રકાંત ર. મહેતા—૬૭૯
ચંપાબહેન—૭૫૦
ચાગલાસાહેબ—૩૨
ચિરાયુભાઈ—૮૦૪
ચીમનભાઈ મહાજન—૬૧૩
ચૂનીલાલ આશારામ ભગત (શ્રીમોટા)—૩, ૮૦૯, ૮૧૦
ચૂનીલાલ વ્યાસ—૩૬, ૭૮
છગનભાઈ (ફાર્મ મેનેજર)—૮૦૯, ૮૧૧
છગનભાઈ જોષી—૬૩૯
જતનબહેન—૭૯૬
જમનાદાસ—૬૬૩
જયશ્રીબહેન શેરદલાલ—૭૩૧
જયાબહેન જાની—૬૦૯
જયરામભાઈ દેસાઈ—૮૦૪
જલારામબાપા—૭૦૨
જાનકીદાસ મહારાજ—૩૪, ૩૫, ૩૬
જિસસ—૬૯૧
જીવણજી દેસાઈ—૬૬૭
જીવણલાલ મોતીચંદ એલ્યુમીનિયમવાળા—૧૦૭, ૧૦૮, ૧૩૧
જેકી (કૂતરો)—૭૬૫
જ્ઞાનસિંગ—૧૨૯
ઝીણાભાઈ (ઝીણાકાકા)—૬૫૧, ૭૫૫
ટાગોર (કવિવર)—૪૬, ૧૨૪, ૬૧૦
ઠક્કરબાપા—૨૫, ૩૧, ૩૨, ૪૯, ૫૮, ૭૯, ૮૦, ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૧૬, ૧૧૭, ૧૩૧, ૬૩૭, ૬૪૪, ૭૯૭
ડાહ્યાભાઈ ઈજતરામ—૧૨
ડાહ્યાભાઈ નાયક—૧૦૬
ડેનિઅલ ગોલમેન—૭૮૨
ઢેબરભાઈ—૭૧૫, ૭૧૬
તાજુદ્દીનબાબા—૯૨, ૬૭૨
તુલસીદાસ—૬૮૫
તેનસિંગ—૬૪૫
દયારામભાઈ—૮૮
દિલીપ મણિયાર—૬૯૨
દેવાણ ગામના ઠાકોર—૩૯
દેવેન્દ્રનાથ (મહર્ષિ)—૪૫, ૪૬
ધીરજબહેન અમીન—૮૦૭, ૮૦૯, ૮૧૧
ધીરુભાઈ મોદી—૭૭૬
ધૂણીવાળા દાદાજી—૫૭, ૭૨, ૭૬, ૭૭, ૬૭૨, ૬૮૮, ૬૯૫
ધૂંવાંધાર—૪૨
નગીનદાસ—૬૧૩
નર્મદામૈયા—૨૩
નરસિંહકાકા—૧૫, ૧૬, ૧૭
નરસિંહ મહેતા—૩૦
નરસિંહરાવ ભોળાનાથ દિવેટીયા—૩૨, ૧૦૨, ૧૧૯
નરહરિભાઈ પરીખ—૬૧૧, ૬૩૯, ૬૯૦
નંદલાલ ભોગીલાલ શાહ—૭૪૫, ૮૦૦
નંદુભાઈ—૫૦, ૧૦૫, ૧૧૩, ૧૧૬, ૧૨૫, ૧૨૭, ૧૨૮, ૧૨૯, ૧૩૨, ૧૩૮, ૬૨૩, ૬૨૪, ૬૩૪, ૬૭૪, ૬૭૬, ૬૭૭, ૬૮૭, ૬૯૦, ૭૦૪, ૭૧૭, ૭૩૦, ૭૪૫, ૭૫૪, ૭૫૬, ૭૬૦, ૭૬૭, ૭૯૩, ૭૯૬, ૮૦૩, ૮૦૬ થી ૮૦૯, ૮૧૧
નાથાકાકા—૬૨૧, ૬૨૨
નાનચંદ્રજી મહારાજ—૧૩૪
નાનુભાઈ કંથારિયા—૭૩
નાનુભાઈ ભટ્ટ—૩૩
પરસદભાઈ ઊર્ફે પ્રિયંવદભાઈ નટવરલાલ મહેતા—૩૨
પરસોત્તમભાઈ—૬૫૭
પહેલદાસજી મહારાજ—૭૪૮
પરીક્ષિતલાલ મજમુદાર—૨૧, ૪૦, ૪૯, ૫૯, ૮૦, ૧૧૬, ૧૧૭, ૬૧૯, ૬૨૪, ૬૩૮, ૬૪૪, ૬૬૮, ૬૯૦, ૭૫૬
પાંડુરંગ વળામે (પૂ. રંગ અવધૂત)—૧૧

પુષ્પાબહેન દલાલ–૭૫૦
પી. ટી. પટેલ–૭૦૦
પ્રભાવતીબહેન (શ્રીમોટાના આધ્યાત્મિક મા)–૮, ૨૪, ૫૧, ૫૪, ૫૭
ફૂલચંદ બાપુજી–૩૭
બલરામભાઈ–૬૫૫
બલવંતભાઈ ભટ્ટ (લેફ્ટનન્ટ કર્નલ)–૭૭૫
બા (શ્રીમોટાના)–૫૭, ૬૧ થી ૭૦, ૬૧૦, ૬૬૪, ૬૬૬, ૬૬૮,
બાપુ (શ્રીમોટાના એક મુરબ્બી સ્નેહી)–૪૯, ૬૬, ૯૭, ૯૯, ૧૩૦, ૬૭૩
બાળકૃષ્ણ અમરજી પાઠક (ડૉ.)–૧૦૫
બાળયોગી–૫૬, ૫૭, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૫૯૬, ૫૯૮ થી ૬૦૦, ૭૪૯
બાળકદાસજી–૭૪૮
બિલ્વમંગળ–૬૮૯
બ્રાહ્મણ પંડિત (ચિત્રકૂટ)–૪૩
ભગત (આશારામ)–૩
ભગવતપ્રસાદ પંડ્યા–૭૯, ૮૦
ભગવાનજીભાઈ પંડ્યા–૬૫૫
ભગિની નિવેદિતા–૭૯૭
ભત્રીજી (શ્રીમોટાની)–૬૧૦
ભાભા (ડૉ.)–૭૯૭
ભાનુપ્રસાદ પંડ્યા–૨૨
ભીખુભાઈ પટેલ–૬૧૪, ૬૫૧, ૭૧૧, ૭૪૫, ૭૫૦, ૭૫૫, ૭૮૫
ભીમજીભાઈ ડ્રાઈવર–૯૭
ભીષ્મ પિતામહ–૮૦૯
ભૂલાભાઈ–૧૩
મકનભાઈ–૨૯
મગરમચ્છ–૫૯૮ થી ૬૦૦
મણિભાઈ પટેલ–૭૫૬
મણિભાઈ ભગત (ડૉ.)–૬૧૧
મધુરીબહેન ખરે–૭૦૦, ૭૯૨
મનુભાઈ રાવસાહેબ–૪
મસ્તરામ–૧૨૨, ૬૦૦
મહેશભાઈ મહેતા–૨૨
મા (શ્રીમોટાના)–૬૧ થી ૭૦
મામા (શ્રી ગોપાળદાસ મહેતા)–૧૧૧, ૧૩૬, ૧૩૭, ૬૧૧, ૬૧૯
માલવિયાજી (મદનમોહન)–૩૦
માવલંકરદાદા–૬૫૨
મિહિર સેન–૬૪૫, ૭૯૫, ૭૯૬
મીરા–૭૬૦, ૭૮૧
મૂળજીભાઈ (ભાવસાર)–૬૫, ૬૬, ૭૦, ૧૧૬
મોખડીઘાટ–૨૨
મોટીબા–૧૨૮, ૬૦૯, ૬૧૧, ૬૪૬, ૬૪૭
મોટાભાઈ (શ્રી વાડીલાલ ભોગીલાલ શાહ)–૧૧૧, ૧૩૬-૧૩૭
મોરારભાઈ–૨૯
મોહનભાઈ પરીખ–૬૯૦
મૌનીબાબા (ફિરોજપુરવાળા)–૭૬૯
મંગળદાસ (ડૉ.)–૬૫૨
રજનીભાઈ બર્માવાળા–૭૫૫
રણછોડજી–૨૨
રતિલાલ મહેતા–૬૫૩
રવિશંકર મહારાજ–૭૯૭
રવિશંકર પંડિત (સિતારવાદક)–૭૯૭
રથીન્દ્રનાથ ટાગોર–૪૬
રમણ મહર્ષિ–૬૦૬, ૬૨૩
રમણભાઈ અમીન–૭૭૪, ૮૦૪, ૮૦૭ થી ૮૧૧
રમણલાલ વસંતલાલ દેસાઈ–૬૫૪, ૬૬૭
રમાકાંત જોષી–૭૭૭
રમેશભાઈ ભટ્ટ–૬૪૦, ૭૩૪
રાજારામ–૧૨૨
રાજુભાઈ પટેલ–૮૦૬, ૮૦૯, ૮૧૧
રામ (શ્રી)–૬૮૫,૮૦૪
રામભાઈ (પટેલ, વ. વિદ્યાનગરવાળા) ૮૦૩, ૮૦૯, ૮૧૦
રામકૃષ્ણ પરમહંસ–૫૫૯, ૬૦૬
રામદાસ સ્વામી–૬૦૬

રાવજીભાઈ પટેલ (ડભાણ)—૬૧૪, ૬૭૯
રાવણ—૫૮૮
રિચાર્ડ એલપર્ટ ઉર્ફે બાબા રામદાસ—૭૮૨
રોબિન—૭૪૭, ૭૬૮ થી ૭૭૦, ૭૭૩
રંગવાળા શેઠ—૩૪
રંગ અવધૂત—૧૧, ૭૦૭
લતા—૧૭૨
લક્ષ્મણ—૫૮૮
લક્ષ્મીકાંત અમીન—૮૧૧
લલિતભાઈ (માજી મેયર, વડોદરા)—૮૦૪
લાલભાઈ દેસાઈ—૬૬૭
વજુભાઈ જાની—૬૪૫
વલ્લભભાઈ (સરદાર) પટેલ—૧૪, ૨૫, ૬૫૨
વાડીભાઈ (જુઓ મોટાભાઈ)—૧૩૬
વાડીલાલ સારાભાઈ—૩૧
વિષ્ણુભાઈ (એફર્ટસ પ્રા. લિ. વાળા)—૮૦૫
વિષ્ણુકુમાર દવે—૭૬૭
વિષ્ણુપ્રસાદ ઈશ્વરલાલ પંડ્યા—૭૪૮
વિદ્યાબહેન—૬૧૪, ૬૧૫
વિનોબા—૭૪૫, ૭૬૦
વિલિયમ પીટ—૧૮
વિવેકાનંદ—૬૦૬
વીરેન્દ્રભાઈ દેસાઈ (ડૉ.)—૮૦૫
વૈકુંઠભાઈ પટેલ—૬૧૪
વૈદકાકા (રાંદેર)—૬૩૮
શર્મા—૬૭૧
શંકરાચાર્ય—૬૮૪
શ્યામસુંદર ગુપ્તા—૭૫૧
શાહ (વેપારી-દાતા)—૧૦૬
શાંતાબહેન—૭૫૬
શાંતિનિકેતન—૪૫, ૪૬, ૬૧૦
શાંતિભાઈ (શ્રીમોટાના ભત્રીજા)—૬૫
શિશુપાલ—૬૨૨
શ્રીકાંત શેઠ—૨૫
સરયુદાસજી મહારાજ—૩૬
સંતરામ મહારાજ—૩૬, ૮૪, ૮૦૬
સત્યસાંઈબાબા—૭૦૬, ૭૦૭, ૭૮૨
સાગર કવિ—૫૫, ૫૬
સાંઈબાબા—૭૨, ૯૨, ૯૮, ૬૭૦ થી ૬૭૩, ૭૦૬, ૭૦૭, ૭૧૭
સાધુ-મહાત્મા (નર્મદા નદીવાળા)—૨૨ થી ૨૪
સિદ્ધાર્થ (નંદલાલ શાહ)—૧૨૯, ૬૦૯, ૬૩૪, ૬૪૪
સી. ડી. શાહ—૭૨૮
સી. વી. મહેતા—૭૪૯
સી. વી. રામન—૭૯૭
સીમુભાઈ—૨૯
સૂરજબા (શ્રીમોટાના બા) જુઓ બા
સૂરદાસ—૬૮૯
સોમાભાઈ ભાવસાર—૬૫, ૬૧૮
સોનીસાહેબ—૭૩૦
હકીમસાહેબ—૮૩ થી ૮૮
હનુમાન—૧૦૫
હરખચંદભાઈ—૧૩૧
હરિ—૧૪૧, ૬૪૨, ૭૩૦, ૭૩૧
હરિવદનભાઈ—૪૦, ૪૯, ૬૩૯
હસમુખભાઈ (મહેતા)—૩૩, ૧૨૪, ૬૦૯, ૬૪૧, ૬૭૭, ૭૧૮, ૭૫૬, ૭૯૧
હસમુખભાઈ રેશમવાળા—૮૦૪
હર્ષદાબહેન—૧૦૮
હેમાબહેન આચાર્ય—૭૯૬
હેમંતકુમાર (હેમંતભાઈ) નીલકંઠ—૧૬, ૪૦, ૪૨, ૪૭ થી ૫૦, ૧૧૬, ૧૨૪ થી ૧૨૬, ૧૩૧, ૧૩૪, ૧૩૫, ૬૧૧, ૬૨૩, ૬૨૯, ૬૩૯, ૬૫૨, ૬૫૪ થી ૬૫૬, ૬૬૬ થી ૬૬૮, ૬૭૦, ૬૮૬, ૭૧૭, ૭૪૫, ૭૭૪, ૭૯૩
હેમંતકુમાર મિસ્ત્રી—૭૭૫

● વિષયસૂચિ ●

અક્કડપણું ઓછું કરવું—૪૯૬
'અનુભવ' ક્યારે?—૧૮૯, ૩૦૦
અનુભવી આત્માઓના પ્રકાર—૬૮૪
અભ્યાસ—૫૪૯
અહં—૫૨૧, ૫૭૪, ૫૮૪
આત્મનિવેદન—૩૦૦, ૫૨૬
આત્માનો અવાજ—૨૨૫
આદર્શ—૫૨૩
આસક્તિનું પરિણામ—૨૮૫, ૨૮૬
ઈશ્વર કર્તાહર્તા છે?—૩૩૮
ઉદારતા—૨૧૬ થી ૨૧૮
કસોટીનું મહત્ત્વ—૨૦૨
કર્મસાધના—૩૦૭ થી ૩૧૧
કરકસર—૫૦૭, ૫૦૮
કામવૃત્તિ—૩૧૩ થી ૩૧૮
કાળ પાકવો—૫૮૫
કૃપા—૫૪૨
'ખુલ્લાં થવું'—૫૬૬
ખંત—૨૧૩
ગુરુ—૨૬૪, ૫૩૮, ૫૩૯, ૫૪૦
—નું કાર્ય—૨૬૭, ૫૫૫
—ની કૃપા—૫૦૪
—નું શાસન—૨૨૫, ૨૨૬
ચમત્કાર—૩૪૦, ૫૮૦
ચરણ—૨૫૮
ચરણરજ—૨૬૦
ચેતન—૫૬૬
જનમદિવસનું મહત્ત્વ—૧૯૪ થી ૧૯૬
જપ—૨૪૬ થી ૨૪૯
જીવની સ્વતંત્રતા—૩૮૭
જીવન—૧૮૪, ૫૭૭
—નું કર્મ—૧૯૨
—નો હેતુ—૧૮૫
જીવનમુક્ત—૩૨૪
જીવનસારથિનો સ્વીકાર—૩૯૪
તમસ-રજસ-સત્ત્વ—૨૧૯ થી ૨૨૨
તપશ્ચર્યા—૫૧૩, ૫૨૫
તાલીમની જરૂર—૨૨૪
તીર્થ—૫૬૨
त्वमेव शरणं (અર્થ)—૩૪૧
ત્રાટક—૨૮૦ થી ૨૮૩
દિવ્યચેતનાશક્તિનું કાર્ય—૨૧૬
ધર્મની અપેક્ષા—૨૦૯, ૫૪૮
—ની ભાવના—૫૩૦
धर्मक्षेत्रे कुरुक्षेत्रे (અર્થ)—૩૪૨
'ધાર્યું ધણીનું થાય'—૩૩૬
ધ્યેયની ભાવના—૧૮૯
ધ્યાન—૨૪૦, ૫૦૨
નકારાત્મક—૫૧૦, ૫૨૨, ૫૩૪, ૫૩૬
'નમવું'—૫૫૪
न मे भक्तः—૩૪૬
નમ્રતા—૨૧૮, ૨૧૯, ૫૦૨, ૫૨૧, ૫૨૩, ૫૫૨
નામસ્મરણ—૨૪૦ થી ૨૪૩, ૫૦૦
'નિર્ધન' થવું—૫૭૯
'નિર્બળ' થવું—૫૨૦, ૫૮૩
નિઃસંગ—૫૧૦
'પાપને ધીક્કારતાં શીખો'—૫૪૪
પારમાર્થિક જીવનનો આરંભ—૫૬૨
પૂર્ણપુરુષ—૩૩૦
પ્રભુમય જીવન—૫૪૬
પ્રસન્નતા—૫૫૪, ૫૬૮
પ્રાર્થના—૨૬૨, ૫૮૬
—ભાવે પ્રવૃત્તિઓ—૨૬૩, ૨૬૪
પ્રેમ—૨૧૦, ૨૯૪, ૨૯૫, ૫૫૦
બુદ્ધિ—૪૯૪, ૫૬૨
—નું સત્ય—૫૦૮
બ્રહ્મચર્યપાલન—૫૦૧
ભક્તિ—૫૩૮
ભક્તિમય જીવન—૫૪૨
ભગવાનનું દર્શન—૩૧૯, ૫૬૯
—ના ભાવનું કાર્ય—૩૨૧

—ની શક્તિનું સર્જન–૫૬૬
'ભજતે'નો અર્થ–૫૮૩
ભાવ–૨૦૭
ભાવના–૨૦૩, ૨૦૪, ૨૫૭, ૫૦૨, ૫૧૬, ૫૩૩, ૫૩૪, ૫૪૭, ૫૫૭
મન–૨૪૪, ૪૯૮, ૫૩૦
—ની વૃત્તિ–૨૯૦
'મરીને જન્મવું'–૫૪૫
मय्यावेश्य–૩૪૫
મુક્તાત્મા–૩૨૨
મુક્તાવસ્થા–૩૨૬
મૌન–૫૩૧, ૫૩૨, ૫૩૪, ૫૮૦, ૫૮૯, ૫૯૩
મૌન-એકાંત–૨૩૦, ૫૧૯
મૃત્યુ–૧૮૫
રાગ–૫૧૫
લાગણી–૨૧૨, ૪૯૫, ૫૧૫, ૫૩૨, ૫૪૪, ૫૬૧
વર્તનરીત–૨૦૦
વાતાવરણ–૨૮૭
વિવેકશક્તિ–૩૦૧ થી ૩૦૭
વૈરાગ્ય–૨૮૩, ૫૪૯
વૃત્તિ–૨૨૬,૩૧૨, ૫૧૩, ૫૩૦, ૫૩૩
—નું જોશ–૪૯૬
—નો સદુપયોગ–૩૧૩
શરીર–૫૬૦
—નો હેતુ–૧૯૬
—ની સંભાળ–૫૨૦, ૫૨૧
શબ્દ–૨૫૦ થી ૨૫૩, ૫૧૨, ૫૫૮
સદ્‌ગુરુ–૫૨૨, ૫૨૩
સમર્પણ–૫૧૪
સમાજ–૫૨૯
—ની ઉન્નતિ–૫૭૦
સમાજસુધારણા–૫૬૩
समोऽहं सर्वभूतेषु–૩૪૮
सर्वधर्मान् परित्यज्य–૩૪૩
સલામત સ્થિતિ–૨૮૯
સહિષ્ણુતા–૨૧૪
સાધક–૪૯૮
—અને જીવનસાથી (પદ્ય)–૨૩૨
—અને નોકર–૨૩૩
—અને બહેનો–૨૩૮
—અને સાધક–૨૩૬
—અને સંસારી–૫૮૧
—અને સ્વજન–૨૩૦
—કાજે જરૂરી–૫૨૬
સાધના–૨૨૭, ૨૩૦, ૫૧૯, ૫૮૫, ૫૮૬
—નો આરંભ–૨૨૮
—ની ઉત્તરોત્તર કક્ષા–૪૯૯, ૫૦૧
—નું પરિણામ–૫૧૪
—નો પ્રચાર–૫૫૦
—માં રસ ક્યારે?–૨૨૭
—માં વાચન–૪૯૫
—માં વિવેક–૪૯૯
સાધનાપથ–૪૯૯, ૫૦૭
સાક્ષીભાવ–૨૯૨, ૨૯૩
સુસંવાદ–૫૫૭
સંકલ્પશક્તિ–૧૮૮
સંકલ્પશુદ્ધિ–૫૦૯
સંતકૃપા–૫૦૪
સંતોના પ્રકાર–
સંબંધો–૪૯
સંસાર–૧૯૯, ૫૦૪
—વ્યવહારની રીત–૫૨૭, ૫૩૭, ૫૪૯
—યજ્ઞની વેદી–૧૯૭
સંયમ–૫૪૪
સંસ્કારો (કર્મના)–૫૧૧
સ્થળ-કાળ–૫૪૮
સ્મરણશક્તિનું કાર્ય–૨૧૦, ૨૧૧
સ્વચ્છતા–૫૦૭
क्षुद्रं हृदय-दौर्बल्यम् (અર્થ)–૩૪૩
શ્રદ્ધા–૨૦૫, ૫૦૧
—ના પ્રકાર–૨૦૬
શ્રેયાર્થી–૧૯૩
જ્ઞાન–૫૮૪